
# નિષ્કુળાનંદ કાવ્ય



:: પ્રકાશક ::

શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા

# નિષ્કુળાનંદ કાવ્ય


**ગ્રંથકર્તા** : વૈરાગ્યમૂર્તિ સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી

**પ્રસિદ્ધ કર્તા** : શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા.

**પ્રેરક** : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ)

**પ્રકાશન તિથિ** : સં.૨૦૬૪, કારતક સુદ-૫, તા.૧૫/૧૧/૨૦૦૭

**પ્રથમ આવૃત્તિ** : નવેમ્બર, ૨૦૦૭ (લાભપાંચમ)

**પ્રત** : ૩૦૦૦

**પડતર કિંમત** : રૂા.૧૧૦/-

**ઘટાડેલ કિંમત** : રૂા.૫૦/-





**પ્રાપ્તિ સ્થાન :**

- શ્રીસ્વામિનારાયણ મંદિર
  મંદિર માર્ગ, કારેલીબાગ-વડોદરા, ૩૯૦૦૧૮
  ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮
  ફેક્સ : ૨૪૬૧૬૮૦
- શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ
  તા.બરવાળા, જી.અમદાવાદ-૩૮૨૪૫૦
  ટેલી.ફેક્સ : (૦૨૭૧૧) ૨૩૭૧૦૧

સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામિરચિત

# નિષ્કુળાનંદ કાવ્ય

(કઠિન શબ્દાર્થ સહિત)

# પ્રસ્તાવના

ભરતખંડની આ ભાગ્યવતી ભૂમિમાં ભગવાન કાં ભગવાનના સાચા સંતો સદૈવ અવતરતા રહ્યા છે. અત્યાર સુધીમાં થયેલા તે તમામ અવતારો તથા મહાપુરુષોએ જીવના કલ્યાણને માટે અનેક ઉપાયો પ્રવર્તાવ્યા છે.

તેમાં પણ આજથી ૨૦૦ વર્ષ પહેલા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન આ પૃથ્વી પર પ્રથમવાર પ્રગટ થયા. તેમની સાથે અનંત મુક્તો પણ પધાર્યા. શ્રીહરિ તથા આ સંતોએ તેમના સર્વોત્કૃષ્ટ સામર્થ્ય વડે જીવના આત્યંતિક કલ્યાણનો ધૂધૂબાજ માર્ગ પ્રવર્તાવ્યો. આ બ્રહ્માંડમાંથી અક્ષરધામમાં જવાનો હજારો ટ્રેકનો હાઈવે ચાલુ કરી આપ્યો છે. તેને કારણે આજે ત્યાગી-ગૃહી, બાઈ-ભાઈ એમ અનંત આત્માઓ અક્ષરધામના અધિકારી બની રહ્યા છે.

સર્વોપરી શ્રીહરિના આ ઉદાત્ત કાર્યમાં સ.ગુ.શ્રીનિષ્કુળાનંદ સ્વામીનો પણ બહુ મોટો ફાળો છે. પૂ.સ્વામીશ્રીના જીવનકાળ દરમ્યાન તેમની સારધાર સાધુતા તથા મુક્તસ્થિતિના પ્રભાવે અનેક આત્માઓ પુરુષોત્તમને પામ્યા છે. પરંતુ તેમની સૌથી મોટી સેવા છે - તેમનું **અજોડ સાહિત્ય સર્જન.**

લૌકિક શિક્ષણની દષ્ટિએ બિલકુલ અભણ એવા મુક્તરાજ શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આધ્યાત્મિક માર્ગના અનેક વિષયો ઉપર એવી સફળ કલમ ચલાવી છે કે, ગુજરાતી વિશ્વમાં તેનો જોટો જડવો મુશ્કેલ છે. પૂ.સ્વામીશ્રીએ તેમના જીવન દરમ્યાન ૨૩ જેટલા કલ્યાણકારી ગ્રંથોની રચના કરી છે. તેમાંથી એક 'ભક્તચિંતામણિ' સિવાયના ૨૨ ગ્રંથોનો સંગ્રહ આજે 'નિષ્કુળાનંદકાવ્ય' તરીકે પ્રસિદ્ધિ પામ્યો છે.

આ બાવીસેય ગ્રંથોનું સમન્વયાત્મક અન્વેક્ષણ કરીએ તો આપણને એવું ચોક્કસ જણાય કે, પૂ.સ્વામીશ્રી આત્યંતિક કલ્યાણના એક કસબી કૃષિકાર છે. તેઓ જીવની મુમુક્ષુતારૂપી ભૂમિમાં મોક્ષરૂપી મબલખ પાક નિપજાવી જાણે છે.

તેઓ 'યમદંડ' તથા 'હૃદયપ્રકાશ' દ્વારા મુમુક્ષુતાને બરાબર કેળવે છે. પછી તેમાં ભગવાનના નિશ્ચયરૂપી બીજ રોપે છે. ત્યાર બાદ 'ભક્તિનિધિ' અને 'સ્નેહગીતા' દ્વારા સ્નેહનું સિંચન કરતા રહે છે. 'પુરુષોત્તમપ્રકાશ' જેવા ગ્રંથો વડે મહિમારૂપી ખાતરથી પાકને પોષણ આપતા રહે છે. 'વચનવિધિ' વડે ભગવદ્ વચનોની મજબૂત વાડ ઊભી કરી આપે છે. તદ્ઉપરાંત 'સારસિદ્ધિ' જેવા ગ્રંથોથી તીવ્ર વૈરાગ્યરૂપી હથિયારધારી વળાવિયો પાકના રક્ષણ માટે મૂક્યો છે. વળી વારંવાર નિષ્કામતારૂપી નિંદામણ કરતા રહે છે. આ બધા કાર્યો માટે 'ધીરજાખ્યાન'થી ધીરજ તથા 'હરિબળગીતા' વડે બળ પૂરું પાડતા રહે છે. આટલું કર્યા પછી પણ છેલ્લે પાકની પ્રાપ્તિમાં છેતરાઈ ન જઈએ તે માટે તેમણે 'કલ્યાણનિર્ણય' ગ્રંથ બનાવી છેક સુધીનું માર્ગદર્શન આપી દીધું છે.

આમ, આ નિષ્કુળાનંદકાવ્યના ગ્રંથો દ્વારા પૂ.સ્વામીશ્રીએ મોક્ષ માટેની તમામ બાબતો ઉપર પ્રકાશ પાડ્યો છે. આ નિષ્કુળાનંદકાવ્યમાં રહેલા તે-તે ગ્રંથ વિષે જે કાંઈ વિશેષ વક્તવ્ય છે તે, તે-તે ગ્રંથના પ્રારંભમાં 'ભૂમિકા'રૂપે આપ્યું છે. જિજ્ઞાસુ વાચકોએ તેમાંથી જાણી લેવું.

પૂ.સ્વામીજીની લેખનશૈલી એટલી ચોટદાર છે કે વાચકના હૃદયમાં આરપાર ઊતરી જાય છે. તેઓ જે વાતને વર્ણવતા હોય છે તેને દૃષ્ટાંત, ઉપમા કે રૂપકાદિ અલંકારોથી એવી સજાવી દે છે કે, સાકરના શીરાની જેમ ગળે ઊતરી જાય છે.

## પ્રસ્તાવના

જેમ મનુષ્ય માટે દૂધ એ પૂર્ણ પૌષ્ટિક ખોરાક છે; તેમ મુમુક્ષુઓ માટે નિષ્કુળાનંદકાવ્ય સર્વપ્રકારનું પોષણ કરનારું શાસ્ત્ર છે. તેમાં પૂ.સ્વામીજીએ ઘણી જગ્યાએ કચ્છી, કાઠિયાવાડી કે સોરઠી જેવા પ્રાદેશિક શબ્દો પણ પ્રયોજ્યા છે. તેનો અર્થ સમજવામાં સાનુકૂળતા રહે તે માટે તે તે સ્થાને ગ્રંથના અભિપ્રાયને અનુસરનારી ટિપ્પણી પણ મૂકવામાં આવી છે.

અમને આશા છે કે, શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ વડોદરા દ્વારા થતા નિષ્કુળાનંદકાવ્યના આ પ્રકાશનથી આજના અનેક મુમુક્ષુ આત્માઓને અતિ ફાયદો થશે. અને અ.નિ.પ.પૂ. શ્રીભજનપ્રકાશદાસજીસ્વામીની પુણ્યસ્મૃતિમાં પ્રકાશિત થતા આ ગ્રંથથી સર્વોપરી શ્રીહરિ, સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી અને હાલના અનેક સંતો-ભક્તો અમારા ઉપર રાજી થશો; એ જ અભ્યર્થના સહ...

*સ્વામી જ્ઞાનજીવનદાસના*
*અતિ ભાવથી જય સ્વામિનારાયણ.*

# સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામીનું જીવનચરિત્ર

વાસનાના વહેણમાં વહી રહેલા આ વિશ્વમાં માત્ર ભગવાન શ્રીસ્વામિનારાયણના અનુરાગી અને જગતના ભોગ પ્રત્યે દૃઢ વૈરાગી એટલે વૈરાગ્યમૂર્તિ સદ્‌ગુરુ શ્રીનિષ્કુળાનંદસ્વામી. જેમના 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના' જેવાં અનેક પદોએ ભારતના રાષ્ટ્રપિતા ગાંધીજીને ડોલાવ્યા હતા. જેના 'જનની જીવો રે ગોપીચંદની' જેવાં પદોએ અનેક રાજાઓનાં હૈયાંને હચમચાવ્યાં હતાં. આજે પણ આવા વૈરાગ્યપ્રેરક અને ભક્તિપ્રધાન અનેક ગ્રંથો દ્વારા સૌના હૈયામાં ચિરંજીવી બનીને રહેલા મહામુક્તરાજ સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામીનો જન્મ વિ.સં.૧૮૨૨, મહા સુદ વસંતપંચમીને દિવસે જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના શેખપાટ ગામે થયો હતો. પિતાનું નામ રામજીભાઈ, માતાનું નામ અમૃતબા અને તેમનું પૂર્વાશ્રમનું નામ લાલજી સુથાર હતું. પિતા રામજીભાઈના ગુરુ વચનસિદ્ધ સમાધિનિષ્ઠ આત્માનંદસ્વામી હતા. ગુરુભક્ત રામજીભાઈ પ્રથમ લતિપુરા ગામે રહેતા. તે ગામના આસુરી લોકો ગુરુ ઉપર દ્વેષ રાખતા અને ટીકા-નિંદા કરતા. તેથી મૂળગામનો ત્યાગ કરી શેખપાટમાં આવીને રહ્યા હતા. આવી તેમની ભક્તિનિષ્ઠા જોઈને ગુરુદેવે પ્રસન્ન થઈને વર આપ્યો કે, 'જાઓ, તમારે ત્યાં એક મહામુક્ત અવતાર લેશે અને તે તમારા કુળને ઉજાળશે.' આ મહાપુરુષના આશીર્વાદથી અવતરેલા મહામુક્ત એટલે લાલજી સુથાર.

'પુત્રના લક્ષણ પારણે' એ ન્યાયે લાલજીમાં બાળપણથી જ તપ, ત્યાગ અને જ્ઞાન-વૈરાગ્યની ઝલક જણાતી હતી. લાલજીની ઇચ્છા ન હોવા છતાં પિતાએ તેમના લગ્ન નાની વયમાં જ કંકુબાઈ સાથે કર્યા હતા. લગ્ન બાદ તેમણે બાર વર્ષ સુધી બ્રહ્મચર્ય પાળ્યું હતું. પછી માત-પિતા અને કુટુંબીના આગ્રહથી સંસાર માંડ્યો. તેમને બે પુત્રો હતા. તેમાં મોટા પુત્રનું

નામ માધવજી અને નાના પુત્રનું નામ કાનજી હતું.

સં.૧૮૪૩માં લાલજીભાઈને પ્રથમવાર રામાનંદ સ્વામીનો મેળાપ થયો અને ત્યાં જ તેમને ગુરુ તરીકે સ્વીકારી વર્તમાન ધારણ કર્યાં. પછીથી સ્વામીને જ ભગવાનનો અવતાર માની સેવા-સમાગમ કરતા. એકવાર ગુરુદેવ રામાનંદસ્વામીને સંસાર છોડી ત્યાગી થવા માટે પ્રાર્થના કરી. સ્વામીશ્રીએ કહ્યું, 'હમણા ઘેર રહો, જરૂર પડ્યે તમને બોલાવી લેશું.' પછી પિતાના અવસાન બાદ કુટુંબનો સઘળો ભાર લાલજી ભગત ઉપર આવ્યો. તે જવાબદારીમાં પણ જનક રાજાની જેમ સદા અલિપ્ત રહ્યા.

**લાલજી-મૂળજીની જોડી :** જેવા લાલજી તેવા જ ગામ ભાદરામાં મૂળજી શર્મા મહામુક્ત હતા. તેથી બંનેને પરસ્પર ખૂબ પ્રીતિ તથા મહિમા હતા. દિવસભર બંને વ્યવહારનું કામ કરે અને રાત્રે શેખપાટથી ત્રણ ગાઉ દૂર ખીરી ગામને સીમાડે શીવ મંદિરે પહોંચે. બંને આખી રાત ત્યાં બેસી ભજન-સ્મરણ, કથા-વાર્તા અને સત્સંગ કરી જ્ઞાન-વૈરાગ્યની દઢતા કરતા.

સમય જતા સર્વાવતારી શ્રીહરિ લોજ પધાર્યા. મુક્તાનંદસ્વામીએ ભૂજ રામાનંદસ્વામીને પત્ર લખ્યો. પત્ર વાંચતા જ સ્વામીશ્રીની આંખમાંથી અશ્રુ વહેવાં લાગ્યાં. સાશ્ચર્યથી ભક્તોએ કારણ પૂછ્યું. ત્યારે સ્વામીએ આનંદ સાથે કહ્યું, 'હું ઘણીવાર કહેતો કે, હું તો માત્ર ડુગડુગી વગાડનારો છું, વેશ ભજવનાર આવે છે. તે સર્વોપરી ભગવાન લોજમાં આવી પહોંચ્યા છે.' આમ શ્રીહરિનો અપાર મહિમા કહી પોતાના તમામ શિષ્યો ઉપર પત્ર લખી જણાવ્યું કે, હવે અમારાં દર્શને નહિ આવતા સહુ લોજમાં તપસ્વીનાં દર્શને જજો. આમ સ્વામીએ કહ્યું હતું છતાં લાલજી સુથાર ભૂજમાં રામાનંદસ્વામીનાં દર્શને ગયા. ત્યારે સ્વામીશ્રી મુખ ફેરવી ગયા. લાલજી ભગતે કારણ પૂછ્યું. ત્યારે સ્વામી કહે, 'લોજ તપસ્વીનાં દર્શને કેમ ન ગયા ?' લાલજી ભક્ત કહે, 'તે તપસ્વી કાંઈ તમારા જેવા તો

નહિ હોય ને ?' ત્યારે સ્વામી કહે, 'તમે બહુ મોટી ખોટ ખાધી. તે તપસ્વીના ચરણની રજ તો અમારી જેવા લાખો ભક્તો માથે ચડાવે છે. એ તો ઈશ્વરોના ઈશ્વર અને સર્વ અવતારના અવતારી છે.'

**જેમ કૃષ્ણ મોટા સરવેથી, તેમ આ છે મોટા વળી એથી;**
**આ છે અવતારના અવતારી, ઘણું શું કહીએ વિસ્તારી.**

હ.લી.૪/૩/૪૨

સ્વામીનાં આ વચન સાંભળી ભૂજથી સીધા લોજ વર્ણીરાજનાં દર્શને આવ્યા. દર્શન કરી દંડવત કરી માફી માંગી. ત્યારે વર્ણીરાજે વરદાન આપતાં કહ્યું, 'તમો શુકજી જેવા વૈરાગ્યવાન થશો.' પછી ગુરુદેવ રામાનંદસ્વામીએ શ્રીસહજાનંદસ્વામીને ધર્મધુરા સોંપી ગાદીએ બેસાડ્યા. ત્યારે લાલજીભાઈ જેતપુર આવ્યા અને પોતે જ તૈયાર કરેલ ડામચિયો શ્રીહરિને સમર્પણ કરી શ્રીહરિને પોતાને ગામ પધારવા પ્રાર્થના કરી.

ગુરુદેવ ધામમાં ગયા પછી શ્રીહરિનો દૃઢ નિશ્ચય થયો. પછી પ્રગટ પ્રભુની અનન્ય ભાવે ભક્તિ કરવા લાગ્યા. લાલજીભાઈને સત્સંગ કથા-વાર્તામાં એટલી તીવ્ર શ્રદ્ધા હતી કે, મહારાજ ભાદરા પધાર્યા ત્યારે પોતાના ગામથી ૨૧ કી.મી. દૂર હોવા છતાં રોજ રાતે ભાદરા પહોંચી જાય. રાત્રે કથા-વાર્તા સાંભળી ત્યાં સૂઈ રહે, ને સવારે વહેલા ઊઠી ચાલી નીકળે. આવા સત્સંગ-ભજનના આગ્રહી હતા.

**લાલજી ભક્તની રક્ષા :** એક વખત લાલજીભાઈ પોતાને ઘરે સુથારીકામ કરી રહ્યા હતા અને એકાએક હાથામાંથી વાંસલો છટક્યો ને બરાબર લાલજીભાઈના માથા પર પડ્યો. તીક્ષ્ણ ધારવાળા એ સાધને માથામાં ઊંડો ચીરો પાડી દીધો. લોહીની ધારા વહી. તુર્ત જ બેભાન થઈ લાલજીભાઈ ઢળી પડ્યા. તેમની માતા અને પત્ની પણ રડવા લાગ્યા. એ જ વખતે સ્વામિનારાયણ ભગવાન સાક્ષાત્ પધાર્યા અને તુર્ત જ

લાલજીભાઈનું મસ્તક ખોળામાં લઈને ઘા ઉપર પોતાનો અભયપ્રદ હસ્ત દબાવી લોહી બંધ કરી દીધું. પછી અમૃતબાને કહ્યું : "રડો છો શા માટે ? જાઓ જલ્દી શીરો બનાવી લાવો." શીરો આવ્યો એટલે મહારાજ કહે, "લાલજીભાઈ ! જાગો, આ શીરો જમો." ઊંઘમાંથી જાગે તેમ લાલજીભાઈ ભાનમાં આવીને શીરો જમવા લાગ્યા, જાણે કે કાંઈ બન્યું જ ન હોય ! મહારાજે માડીને કહ્યું : "મા, માથામાં જુઓ, હવે કેવું છે ?" જોયું તો માથામાં પડેલો કાપો સંપૂર્ણ મટી ગયો હતો.

**ભૂજ જતાં ભોમિયા તરીકે સાથે :** લાલજીભાઈની લગની સત્સંગમાં તીવ્ર વેગે વધવા લાગી. હવે તેઓ આ જીવતર એકમાત્ર જગદીશને ખાતર ખર્ચી નાંખવા તલપાપડ બન્યા. રાત-દિવસ તે માટે પ્રગટ પ્રભુને પ્રાર્થના કરવા લાગ્યા. એક દિવસ તેમની પ્રાર્થનાને પૂર્ણ કરવા જ સ્વયં શ્રીહરિ શેખપાટ પધાર્યા. લાલજી ભક્ત કોડમાં સુથારી કામ કરે ને શ્રીહરિ સામે બેસી વાતો કરે. એમ કરતાં સં.૧૮૬૦નો વસંત પંચમીનો ઉત્સવ કર્યો. પછી શ્રીહરિએ ત્યાંથી કચ્છની વાટે જતાં લાલજીભક્તને ભોમિયા તરીકે સાથે લીધા. રસ્તામાં ચોર મળ્યા. મહારાજે સામેથી સાન કરી લાલજી ભક્તનું ધન લૂંટાવી દીધું. આગળ જતાં એક ભિખારી મળ્યો, તેને અન્ન અપાવી લાલજીને વિરક્ત કર્યા. ત્યાર પછી એક મહાપુરુષ મળ્યા તેને સાથેનું પાણી પાઈ દીધું. ત્યારે લાલજી ભક્ત કહે, 'હે નાથ ! આ પૈસા, પાણી અને અન્ન અપાવી દીધાં, તે હવે તમે શું જમશો ?' શ્રીહરિ કહે, 'તમારે માથે મોટું વિઘ્ન આવનારું હતું તે અમે ટાળ્યું.' એમ કહી આગળ ચાલ્યા. રસ્તામાં જતાં કચ્છના એ સૂકા રણમાં લાલજીને અત્યંત તરસ લાગી. કંઠે પ્રાણ આવી ગયા. ત્યારે પ્રગટ પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીએ સમુદ્રનું પાણી મીઠું કરી પાયું ને ફરી યાત્રા આગળ વધી. લાલજીના જીવતર માટે શ્રીહરિએ આ ખારો સાગર મીઠો કર્યો અને સત્સંગની સેવા માટે તેનો સંસારસાગર ખારો કર્યો. તે માટે જ આ યાત્રા

હતી, તેની લાલજીને ખબર ન હતી.

આગળ જતાં મોટું રૂપ ધરી સંતદાસજી દર્શને આવ્યા. થોડીવારે દિવ્યરૂપે રામાનંદસ્વામી દર્શને આવ્યા. તે પણ પગે લાગીને ગયા. ત્યાંથી આગળ ચાલતાં થાકને કારણે પ્રભુ બેસી ગયા. લાલજી ભક્ત ચરણચંપી કરવા બેઠા. પછી પ્રભુના પગમાંથી ચીપિયા વડે કાંટા કાઢ્યા. તે જ વખતે શ્રીહરિના ચરણમાં લાલજી ભક્તે ૧૬ ચિહ્નો જોયાં, તેથી પુરુષોત્તમપણાનો દઢ નિશ્ચય થયો. આગળ ચાલતાં આધોઈ ગામ આવ્યું. ત્યાં શિવ મંદિરમાં ઉતારો કર્યો.

**કુળ તજી નિષ્કુળ થયા :** શ્રીહરિએ લાલજીને કહ્યું, ‘ભૂખ લાગી છે, માટે ગામમાંથી ભિક્ષા લઈ આવો.’ લાલજી કહે, ‘આ તો મારા સસરાનું ગામ છે, વળી ઘરનું માણસ પણ અહીં છે. જો માગવા જાઉં તો લોકો મશ્કરી કરે.’ મહારાજે પૂછ્યું, ‘તમે સંસારમાં રહીને શું કમાણી કરો છો ?’ ત્યારે લાલજી ભક્ત કહે, ‘હે મહારાજ ! સુથારી કામમાં ખાતાં-પીતાં વર્ષે ૨૦૦-૫૦૦ રૂપિયા વધે.’ ત્યારે મહારાજ કહે, ‘આજથી તમારા રોજના લાખ રૂપિયાના મૂલ.’ એમ કહીને મૂછ તથા ચોટી કાતરી નાંખ્યા. એક કોપીન અને અલફી પહેરાવી દીધી. પછી દીક્ષા આપી ‘નિષ્કુળાનંદસ્વામી’ નામ પાડ્યું. પછી કહ્યું, ‘અમારે વાસ્તે ભિક્ષા માગતાં તમને કુળની લાજ નડતી હતી ને ! તેથી આજે તમોને નિષ્કુળ કરી દીધા. આજથી અમો અને અમારા સંતો-ભક્તો એ જ તમારું કુળ. લ્યો ઝોળી અને તમારી પત્ની પાસેથી ભિક્ષા લઈ આવો.’

પછી સ્વામીએ તેના સસરાના ઘરે જઈ ‘નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો’ કહી ભિક્ષા માંગી. તેમના પત્ની અવાજ ઓળખી ગયા. તરત તેની માતાને કહ્યું, ‘તમારાં જમાઈને જોવા હોય તો બહાર આવો.’ સાસુએ તેમની સામું જોઈ કહ્યું, ‘લાલજી ! તમે આ શું કર્યું ?’ ત્યારે તેમણે કહ્યું,

"પ્રગટ પુરુષોત્તમની સેવા માટે સારા સંસારનો ત્યાગ કરી હવે હું નિષ્કુળ બન્યો છું. મને જલ્દી ભિક્ષા આપો." ત્યારે તેમના સાસુએ દીકરીને કહ્યું, 'બંને પુત્રોને સાથે લઈને સામી ઊભી રહે, તે દીકરા ઉપર તો દયા આવશે ને ! કંકુબાઈએ તેમ કર્યું. ત્યારે નીચું જોઈ સ્વામી કહે, 'અગ્નિને ઉધઈ ન લાગે; માટે હવે એ વાત મૂકી દ્યો અને પ્રગટ પ્રભુને જમવાની ઈચ્છા છે તો તમારા હાથની ભિક્ષા આપો.' પછી કંકુબાઈએ બાજરાના ગરમ ગરમ રોટલા કરી ઘી ચોપડી અથાણા સાથે આપ્યા. સ્વામી ભિક્ષા લઈ શ્રીહરિ પાસે આવ્યા.

**યમદંડ ગ્રંથની રચના :** પછી શ્રીહરિએ સ્વામીને કહ્યું, 'તમે તો મૂર્તિમાન વૈરાગ્ય છો. ભરતજીનો અવતાર છો. માટે ગરૂડપુરાણનો સાર કાઢીને 'યમદંડ' ગ્રંથ રચો. ત્યારે સ્વામી કહે : "અરે મહારાજ ! કાળા અક્ષર કુહાડે માર્યા, હું કાંઈ ભણ્યો નથી." હૈયાના હેતથી આશીર્વાદ આપતાં શ્રીહરિએ કહ્યું, "જાઓ આજથી તમે લખો તે કવિતા થશે અને બોલો તે છંદ છપ્પયમાં ગોઠવાઈ જશે." એટલે મહાવિશ્વાસુ આ મુક્તાત્માએ તરત જ સાહિત્ય સર્જનની સેવા સ્વીકારી લીધી. પછી તો સદ્.નિષ્કુળાનંદસ્વામીની બુદ્ધિમાં સ્વયં સહજાનંદસ્વામી બેસી ગયા. સ્વામીની વાણી એટલે ગંગાજીનાં પાણી. મુમુક્ષુનાં અંતર સાફ કરવાની સાવરણી. પછી તો ભગવાનને ભેટાડવા માટે જ પ્રગટેલી આ ભાગીરથી પૂરપાટ વહેતી થઈ. શ્રીહરિ બે દિવસ ત્યાં કચરા ભક્તને ઘેર રહી કચ્છ જતાં કહ્યું, 'અમો વળતાં આવશું ત્યારે સાથે લેતા જશું. તમે અહીં જ રહી ગ્રંથનું કામ ચાલુ રાખો.' એમ કહી સમાધિમાં યમપુરીનાં દર્શન કરાવ્યા. પછી નજરે જોયેલું તે નરકનું દુઃખ યમદંડમાં લખવા લાગ્યા.

શ્રીહરિ કચ્છ ગયા બાદ સંત બનેલા સદ્.નિષ્કુળાનંદસ્વામીને તેમનાં ધર્મપત્ની કંકુબાઈ, સાસુ-સસરા તથા ગામના રાજાએ ખૂબ મનાવ્યા,

પરંતુ 'મને સ્વપ્ને ન ગમે રે સંસાર', 'મૈ હું આદિ અનાદિ આ તો સર્વે ઉપાધિ' જેવાં મર્મભેદક સ્વરચિત કીર્તનો બોલી મનાવવા આવનારનાં બંધનો પણ ઢીલા કરવા લાગ્યા. છેવટે તેમના વૈરાગ્યની જીત થઈ.

શ્રીહરિ ભૂજથી પાછા આધોઈ આવ્યા. સ્વામીને સાથે લઈ જોડિયા થઈ મોડા પધાર્યા. ત્યાં સ્વામીને આજ્ઞા કરી કે, 'હવે તમે તમારી જન્મ-ભૂમિમાં જઈ તમારા માતૃશ્રી પાસેથી ભિક્ષા લઈ આવો.' સ્વામી શેખપાટ ગયા. ઘરનો દરવાજો ખોલી 'નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો' કહી ભિક્ષા માંગી. દીકરાને દેખતાં જ અમૃતબા પોક મૂકી રડવા લાગ્યાં. પછી કહ્યું : 'છોકરાઓ નાના છે, તમારા બાપ છે નહિ તો અમે બંને સાસુ-વહુ કેમ ગુજરાન કરીશું ? માટે ભગવાં ઉતારી અહીં જ રોકાઈ જાવ.' ત્યારે સ્વામી કહે, "ચડ્યો રંગ હવે ન ઊતરે. તમારા નિભાવ અર્થે પટારા નીચે પાંચ હજાર કોરી છે તેમાંથી વ્યવહાર ચલાવજો." ત્યાર પછી પણ માતાએ રડવાનું ચાલુ રાખ્યું, ત્યારે તેમને ઉદ્દેશી ઊંચે સાદે આ પદ લલકાર્યું –

***જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી.***

એ આખું પદ સંભળાવી કહ્યું, 'હે મા ! ગોપીચંદ અને ધ્રુવની માતાને ધન્ય છે કે, તેમણે પોતાના પુત્રને વૈરાગ્ય પ્રેર્યો અને તમો ભેખ ઉતારવાનું કહો છો ? તમારી આજીવિકામાં વાંધો નહિ આવે, ભગવાન ઉપર ભરોસો રાખો અને મારા વૈરાગ્યમાં વિઘ્ન ન કરો.' આ સાંભળી માતાજી શાંત થયાં. પછી તેમના હાથની ભિક્ષા લઈ શ્રીહરિ પાસે મોડા ગામ આવ્યા. પછી પ્રભુને સઘળી વાત કહી. તે સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા ને બાથમાં ઘાલીને ભેટ્યા. ત્યાંથી ગામડાંઓ ફરતાં ફરતાં જૂનાગઢ આવ્યા. ત્યાં સ્વામી પાસે સ્વરચિત 'યમદંડ' ગ્રંથ વંચાવ્યો. તે સાંભળી શ્રીહરિએ વર આપ્યો કે, 'આ ગ્રંથ જે કોઈ વાંચશે કે સાંભળશે તેને જમનું તેડું નહિ આવે.' એમ કહી સ્વામીને કહ્યું, "આવા ગ્રંથોની

અત્યારે ખૂબ જરૂર છે, માટે બીજા ગ્રંથ પણ રચો.”

**સાહિત્ય સર્જન :** પૂ.સ્વામીએ પ્રભુની પ્રસન્નતાર્થે જીવનભર કલમ ચાલુ જ રાખી. તાક્યાં તીર ફેંકનારા અને ભક્તહૃદયમાં વૈરાગ્ય તથા ભક્તિની ખુમારી ચડાવનારા પૂ.સ્વામીએ એકથી એક ચડે એવા કુલ ત્રેવીસ ગ્રંથો લખ્યા છે. એમાં તેમનું પ્રથમ સર્જન યમદંડે તો અનેકને સંસારની બેડી તોડાવી ભગવદ્ સન્મુખ કર્યા છે. પુરુષોત્તમ પ્રકાશ, સારસિદ્ધિ, વચનવિધિ, હરિબળગીતા, ધીરજાખ્યાન, સ્નેહગીતા, ભક્તિનિધિ, કલ્યાણનિર્ણય અને હરિસ્મૃતિ જેવા ૨૨ ગ્રંથોનો સંગ્રહ આજે સંપ્રદાયમાં નિષ્કુળાનંદ કાવ્ય તરીકે પ્રસિદ્ધ થયો છે. તેનાથી મુમુક્ષુઓને ખૂબ જ બળ મળી રહ્યું છે. એમાં પૂ.સ્વામીની સૌથી મોટી રચના ભક્ત ચિંતામણિ તો સંપ્રદાયમાં સહુ કોઈનો અતિ પ્રિય ગ્રંથ છે. આ ઉપરાંત હજારો કીર્તનોની રચના કરી સદ્.નિષ્કુળાનંદસ્વામીએ માત્ર સંપ્રદાયમાં જ નહિ, પણ ગરવી ગુજરાતના સાહિત્ય ક્ષેત્રે અણમોલ ફાળો આપ્યો છે. સ્વામીશ્રીની વાણી વેધક, હૃદયસ્પર્શી અને સુગમ છે. તેમનું જ્ઞાન અનુભવ સિદ્ધ છે. સ્વામીની દૃષ્ટાંત આપવાની શૈલી હૃદયંગમ છે. ટૂંકમાં સ્વામીનાં કાવ્યો એ પુરુષોત્તમની કૃપાની નીપજ છે, તેથી જ એમાં કરોડોના કલ્યાણની ક્ષમતા સમાયેલી છે.

**નિર્બંધતા અને સજાગતા :** એકવાર પૂ.સ્વામી લાકડિયા ગામની સીમમાંથી શ્રીહરિ સાથે જઈ રહ્યા હતા. ત્યારે અચાનક રસ્તામાં પડેલ ઘણું બધું ધન જોવા મળ્યું. નિષ્કુળાનંદસ્વામીની પરીક્ષા ખાતર મહારાજે તેમને તે ધન ઉપર ઝાડા-પેશાબ કરવા કહ્યું. પૂ.સ્વામીએ તરત જ તેમ કર્યું. આ પ્રસંગ ચોસઠપદીમાં ટાંકતાં પોતે જ કહે છે –

***લોભ ઉપર મહામુનિ રાજ, આવિયા ઝાડે ફરી.***

અમુક સમય પછી એક દિવસ ગઢપુરમાં સભા ભરાણી. તેમાં શ્રીહરિએ હાથની મૂઠીવાળી સ્વામીને કહ્યું, 'મુખ ખોલો, તમને પ્રસાદી આપવી છે.' સ્વામી કહે, 'પ્રથમ બતાવો તો મોઢું ખોલું.' પછી તેની ઘણી રકઝક થઈ. બ્રહ્માનંદસ્વામી વગેરે સંતોએ પણ આગ્રહ કર્યો, પરંતુ સ્વામીએ મુખ ન ખોલ્યું. છેવટે મહારાજે મૂઠી ખોલી તો તેમાં રૂપિયો હતો. પછી સ્વામીની પ્રશંસા કરતાં શ્રીહરિ બોલ્યા કે, 'અમારા પાડ્યા પણ ન પડ્યા તો માયાના પાડ્યા તો પડે જ કેમ ?' વચનામૃતમાં પણ આ વાતની નોંધ લેતાં શ્રીહરિ કહે છે કે, "આ મુળજી બ્રહ્મચારી છે તથા નિષ્કુળાનંદસ્વામી છે તેને સ્ત્રી-ધનાદિક પદાર્થનો જોગ થાય તોપણ એ ડગે નહીં." (વ.ગ.અં.૨૬)

એકવાર ગઢપુરની મહંતાઈ મહારાજે નિષ્કુળાનંદસ્વામીને આપવાનું નક્કી કર્યું. આ વાતની જાણ થતાં જ સ્વામી વહેલા ઊઠી ગઢાળી ચાલ્યા ગયા. તે સમયે ધોલેરામાં અન્ન-જળ જેવી જીવન જરૂરિયાતની બહુ અગવડતા હતી. ત્યાં રહેવું સહેજે કોઈને ગમે નહિ એવું હતું. છતાં શ્રીહરિના વચને નિષ્કુળાનંદસ્વામી વર્ષો સુધી ત્યાં રહ્યા હતા. આ પ્રસંગો તેમની નિર્બંધતા, સજાગતા અને દૃઢ વૈરાગ્યના સાક્ષી છે.

**પ્રેમની પરાકાષ્ઠા :** બ્રહ્માનંદસ્વામી અતિ બિમાર છે તેવા સમાચાર સદ્‌ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીને મળ્યા. પરંતુ સ્વામી પોતે જઈ શકે તેમ નહિ હોવાથી બ્રહ્માનંદસ્વામીની ખબર કાઢવા માટે દસ સંતો સાથે નિષ્કુળાનંદસ્વામીને મૂળી જવા કહ્યું. રસ્તામાં સ્વામી પોતાનાં કરેલાં 'સખી કારતક માસે કંથ, પીયુ ગયા પરહરી' આ વિરહનાં કીર્તન બોલવા લાગ્યા. તેમાં હેતથી હૈયું ભરાઈ ગયું ને પૂ.સ્વામી પૃથ્વી પર પડી ગયા ને જેમ ગાય વાછરડા માટે હિંહોરા કરે તેમ હરિ માટે હિંહોરા કરવા માંડ્યા. આવી તેમની પ્રેમ પરાકાષ્ઠા જોઈ શ્રીહરિ સાક્ષાત્ પ્રગટ થયા.

પછી શ્રીહરિ કહે, "આટલા બધા દિલગીર કેમ થાવ છો ?" ત્યારે સ્વામી કહે, "હે મહારાજ ! તમ વિના કેમ કરીને રહેવાય ?" ત્યારે મહારાજ બોલ્યા જે, **"અમે ક્યાં તમારાથી નોખા છીએ ? તમારી ભેગા ને ભેગા જ છીએ માટે રોવું નહિ.** હવે તમે ઝટપટ મૂળીએ જાઓ. કેમ જે, બ્રહ્માનંદસ્વામીનો દેહ રહે એમ નથી." પછી સ્વામીને મહારાજ મળ્યા ને સ્વામી પણ બહુ રાજી થયા. આમ પૂ.સ્વામી મહાપ્રેમી પણ હતા. તેમના વિવિધ ગુણોના આવા તો અનેક પ્રસંગો છે.

સંવત્ ૧૯૦૩ અષાઢ વદ-૯ના દિવસે ધોલેરામાં પૂ.સ્વામીએ સહુને કહ્યું, 'આજે વહેલા જમી લેજો, બપોરે મારે દેહ મેલવો છે.' સંતો જમીને આવ્યા ને બાર વાગ્યા ત્યાં આખા મંદિરમાં તેજ છાઈ ગયું. અનંત સંતો સાથે સહુને શ્રીહરિનાં દર્શન થયાં. પછી શ્રીહરિએ સ્વામીને પૂછ્યું : 'શ્વેતદ્વીપની ગાદી ખાલી છે, તે જોઈએ છે ?' સ્વામી કહે, 'હે મહારાજ ! ત્યાં તો હું પ્રથમ હતો જ, હવે તો હું અખંડ આપની સાથે રહીશ.' એમ કહી દિવ્ય દેહ ધરી ધોલેરામાંથી શ્રીહરિની સેવામાં સિધાવ્યા. આ વિરલ વિભૂતિનું જીવન અનેક મુમુક્ષુઓને પ્રેરણાનાં પીયૂષ પાય છે. તેમનું આ દિવ્ય જીવન આપણા જીવનને ઉજાળે એ જ અભ્યર્થના સાથે તેમના પાવનકારી ચરણોમાં કોટિ કોટિ વંદન.

◆

વહાલા ભક્તજનો ! નિષ્કુળાનંદ કાવ્યના મર્મજ્ઞ પ્રભુપ્રેમી સંત પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી-કુંડળવાળાએ **નિષ્કુળાનંદ કાવ્ય**ના તમામ ગ્રંથોનું તથા સંપૂર્ણ **ભક્તચિંતામણિ** ગ્રંથનું વિવરણ તે તે ગ્રંથોની કથામાં સંગીત સાથે ચોટદાર શૈલીમાં કર્યું છે. તે સર્વે ગ્રંથો CD-VCD-MP3ના રૂપમાં અનેક મુમુક્ષુઓને ભગવદ્ભક્તિ અને પ્રભુપ્રાપ્તિનું અજોડ બળ પૂરું પાડે છે.

# અનુક્રમણિકા


| ક્રમ | ગ્રંથ | પેજ નં. |
|---|---|---|
| ૧. | પુરુષોત્તમ પ્રકાશ | ૧ |
| ૨. | સ્નેહગીતા | ૧૧૫ |
| ૩. | વચનવિધિ | ૧૭૦ |
| ૪. | સારસિદ્ધિ | ૨૨૪ |
| ૫. | ભક્તિનિધિ | ૨૮૩ |
| ૬. | હરિબળગીતા | ૩૪૧ |
| ૭. | હૃદયપ્રકાશ | ૩૮૯ |
| ૮. | ધીરજાખ્યાન | ૪૪૩ |
| ૯. | હરિસ્મૃતિ | ૫૨૦ |
| ૧૦. | ચોસઠપદી | ૫૫૭ |
| ૧૧. | મનગંજન | ૫૮૮ |
| ૧૨. | ગુણગ્રાહક | ૬૦૮ |
| ૧૩. | હરિવિચરણ | ૬૨૦ |
| ૧૪. | અરજીવિનય | ૬૫૫ |
| ૧૫. | કલ્યાણનિર્ણય | ૬૬૯ |
| ૧૬. | અવતાર ચિંતામણિ | ૭૨૫ |
| ૧૭. | ચિહ્ન ચિંતામણિ | ૭૩૦ |
| ૧૮. | પુષ્પ ચિંતામણિ | ૭૩૪ |
| ૧૯. | લગ્નશકુનાવલિ | ૭૩૯ |
| ૨૦. | યમદંડ | ૭૪૩ |
| ૨૧. | વૃત્તિ વિવાહ | ૮૪૯ |
| ૨૨. | શિક્ષાપત્રીભાષા | ૮૭૦ |

# પુરુષોત્તમ પ્રકાશ

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ સ્વરચિત અનેક કૃતિઓ ઉપર જાણે કળશ ચઢાવ્યો હોય તેવો આ ગ્રંથ છે.

આ ગ્રંથમાં પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનના મહિમાનો પૂર્ણ પ્રકાશ પાડવામાં આવ્યો છે. તેથી આ ગ્રંથનું **'પુરુષોત્તમપ્રકાશ'** આવું સાર્થક નામ રાખવામાં આવ્યું છે. આ બ્રહ્માંડમાં સર્વોપરી શ્રીહરિ પ્રથમવાર પ્રગટ થયા, ત્યાર પછી અનંત જીવોના મોક્ષ માટે તેમણે જે જે કાર્યો કર્યાં તથા તેમાં અમાપ ઐશ્વર્ય વાપર્યું તેનું આ ગ્રંથમાં આબેહૂબ વર્ણન કરવામાં આવ્યું છે.

કોટિ જીવોના કલ્યાણ માટે સર્વાવતારી શ્રીહરિએ કરેલા આટલા ઉપાયો આ ગ્રંથમાં વર્ણવ્યા છે : (૧) પોતે વનવિચરણ કર્યું. (૨) પોતાનો નિશ્ચય કરાવ્યો. (૩) અલૌકિક સંતો બનાવ્યા ને તેમના ઉપદેશ વડે અનેક જીવના મોક્ષનો માર્ગ ચાલુ કર્યો. (૪) સમાધિ કરાવી તથા પરચા પૂર્યા. (૫) સદાવ્રત બંધાવ્યા. (૬) યજ્ઞયાગ કરાવ્યા. (૭) ભક્તોની પૂજા સ્વીકારી. (૮) પોતે દેશોદેશમાં દર્શન દીધાં. (૯) પ્રસાદીની વસ્તુઓ દ્વારા કલ્યાણ કર્યાં. (૧૦) સંતનાં દર્શન - સ્પર્શ કરે, અન્ન-વસ્ત્રાદિકથી સેવા કરે, પક્ષ રાખે કે ગુણ ગ્રહણ કરે તેનું કલ્યાણ કર્યું. (૧૧) પોતાનો સર્વોપરી સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો. (૧૨) મોટા મોટા ઉત્સવો કર્યા. (૧૩) મોટા મંદિરો કરાવી મૂર્તિઓ પધરાવી. (૧૪) આચાર્યની સ્થાપના કરી. (૧૫) પોતાની ચલપ્રતિમાઓ તથા ચરણારવિંદ દ્વારા કલ્યાણ કર્યાં. (૧૬) શિક્ષાપત્રી, વચનામૃત જેવાં શાસ્ત્રો રચ્યાં તથા રચાવ્યાં. (૧૭) પંચવર્તમાન પ્રવર્તાવ્યાં.

એક વાર કારિયાણીમાં શ્રીહરિએ સ.ગુ.શ્રીગોપાળાનંદસ્વામીને પોતાના અવતરણના ૭ હેતુ સંબંધી વાત કરી. તે વાતને સાંભળ્યા પછી

પૂ.નિષ્કુળાનંદસ્વામીને જે જોમ ચડ્યું, તે આ ગ્રંથમાં આલેખાયું છે. પૂ.સ્વામીએ શ્રીહરિનો જે મહિમા વર્ણવ્યો છે, તેમાં તેમનો ઉત્સાહ તથા આત્મવિશ્વાસ અદમ્ય રીતે ઝળકી રહ્યા છે. તેથી જ તેઓ શ્રીહરિની સર્વોપરીતા સ્પષ્ટ શબ્દોમાં લખ્યા વિના રહી શકતા નથી.

***આ વારનો જે અવતાર રે, એવો ન થાયે વારંવાર રે ।***
***નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે ॥*** (૩૨/૨૦)

આ ગ્રંથમાં સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ શ્રીહરિના જે જે સામર્થ્યનું છૂટા હાથે વર્ણન કર્યું છે, તે ઘણી વાર આપણી બુદ્ધિમાં આવે નહિ તેવું છે. પરંતુ પૂ.સ્વામીએ જ તેની શક્યતાનું પ્રમાણ સચોટ રીતે આપ્યું છે –

***એનું આશ્ચર્ય માનો ન કોય રે, સમર્થથી શું શું ન હોય રે ।***
***સમર્થ સરવ પરકારે રે, કરે તે તે જે જે મન ધારે રે ॥*** (૨૨/૧૧)
***તેની કોણ આડી કરનાર રે, ના હોય ધણીનો ધણી નિરધાર રે ।***
***માટે સહુ માની લેજો સઈ રે, આજ એમ ઉદ્ધાર્યા છે કંઈ રે ॥*** (૨૨/૧૨)

કર્તુમ્, અકર્તુમ્ અને અન્યથાકર્તું સમર્થ એવા શ્રીહરિ માટે કશું જ અશક્ય નથી. સર્વોપરી રાજાધિરાજ આ વખતે દીન જીવ ઉપર રીઝી ગયા. તેમણે જ આત્યંતિક મોક્ષ આપવાનો સંકલ્પ કર્યો, એટલે અનંત જીવો અક્ષરધામને પામી ગયા.

**‘આવા મોટા સર્વોપરી પુરુષોત્તમ આપણને મળ્યા છે, તેનો એટલો બધો મહિમા ને કેફ રાખવો કે એક પ્રભુ સિવાય બીજું કાંઈ જ વહાલું ન રહે. અખંડ તેની મૂર્તિમય થઈ જઈએ.’** આટલો આ ગ્રંથ બનાવવાનો અભિપ્રાય જણાય છે.

આ ગ્રંથમાં કુલ ૫૫ પ્રકાર (અધ્યાય) છે. દરેકમાં ૪ દોહા અને ૨૦ કડીઓ છે. છેલ્લા પ્રકારમાં ૧ કડી વધુ છે. કુલ મળી ૨૨૦ દોહા તથા ૧૧૦૧ કડીઓ છે. ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન નિશ્ચિત નથી.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### સ.ગુ.શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# પુરુષોત્તમ પ્રકાશ

**દોહા :**

ભક્તિધર્મ સુત શ્રીહરિ, સહજાનંદ સુખરૂપ ॥
વિનય સહિત વંદન કરું, પાવન પરમ અનુપ ॥ ૧ ॥

ચિંતવી ચરણ નખચંદ છટા, લખી[1] ઉર અમિત[2] પ્રતાપ ॥
વંદુ વિઘ્ન વિનાશકર, હરણ વિપત અણમાપ ॥ ૨ ॥

સ્વામિનારાયણ સુખદ, પ્રગટ વિદિત[3] જગસૂર[4] ॥
ત્રિવિધ તાપ અજ્ઞાન તમ,[5] કળિમળ મત[6] કર ચૂર[7] ॥ ૩ ॥

આપો વાણી રસભરી, વિમળ મતિ અવિનાશ ॥
ચરણ વંદી આદર કરું, પુરુષોત્તમ પ્રકાશ ॥ ૪ ॥

---

**૧.**ધારી **૨.**અમાપ **૩.**જાણી શકાય તેવા **૪.**આખા જગતના સૂર્ય સમાન **૫.**અજ્ઞાનરૂપ અંધકાર **૬.**કળિયુગના પાપરૂપી પંથ **૭.**નાશ કરનાર

**ચોપાઈ :**

રચું ગ્રંથ પ્રગટ ગુણ જુક્ત રે, કૃપા કરો હરિજન મુક્ત રે ॥
આ ગ્રંથ પ્રગટ પર જાણી રે, લેજ્યો પ્રગટ મહિમા ઉર આણી રે ॥ ૫ ॥

**નામ પુરુષોત્તમ પ્રકાશ રે, પુરુષોત્તમ મહિમા નિવાસ રે ॥**
**પુરુષોત્તમ પરમ દયાળ રે, તે જ ભક્તિ ધર્મના બાળ રે ॥ ૬ ॥**

એ છે દિવ્ય સદા સાકાર રે, એના મહિમાનો વાર[૧] ન પાર રે ॥
નવ પોં'ચે મન વાણી વિચાર રે, એવા અગમ શ્રીધર્મકુમાર રે ॥ ૭ ॥

જેને નિગમ નેતિ નેતિ કહે રે, અલ્પ બુદ્ધિ પાર કેમ લહે રે ॥
એના ચરણકમળ પરતાપ રે, કરું કંઈક અમાપનો માપ રે ॥ ૮ ॥

લખું દિશમાત્ર[૨] તે વિચારી રે, કૃપા કરજ્યો સંત સુખકારી રે ॥
જ્યાં રે'છે સદા સુખકારી રે, વર્ણવું ધામ તે મૂર્તિ સંભારી રે ॥ ૯ ॥

શ્રીગોલોક ધામ મોઝાર રે, અક્ષર ધામ છે હરિનું સાર રે ॥
કોટિ રવિ શશી તડિત[૩] અનળ[૪] રે, તેમના તેજથી અતિ નિર્મળ રે ॥૧૦॥

એ છે પરમ દિવ્ય અતિ શ્વેત રે, સચ્ચિદાનંદ રૂપનિકેત[૫] રે ॥
જેને બ્રહ્મપુર કહે અમૃતધામ રે, પરમપદ આદિ અનંત નામ રે ॥૧૧॥

જેને કે'છે બ્રહ્મ ચિદાકાશ રે, એમા સદાય શ્રીહરિનો વાસ રે ॥
એ શ્રીકૃષ્ણનું અક્ષરધામ રે, પરમ પાવન પૂરણકામ રે ॥૧૨॥

એમાં સદાય શ્રીહરિ વિરાજે રે, નીરખી કોટિ કામછબી લાજે રે ॥
એ છે પુરુષોત્તમ અધિરાય રે, વાસુદેવ નારાયણ કે'વાય રે ॥૧૩॥

પરમાત્મા પરબ્રહ્મ નામ રે, બ્રહ્મ ઈશ્વર પરમેશ્વર શ્યામ રે ॥
કહે વિષ્ણુ વૈકુંઠપતિ સ્વામી રે, એ છે અનંત નામના નામી રે ॥૧૪॥

એ છે અક્ષરપર અવિનાશ રે, સર્વકર્તા નિયંતા નિવાસ રે ॥

**૧.**આવે **૨.**નમૂના પૂરતું **૩.**વીજળી **૪.**અગ્નિ **૫.**રૂપનું ધામ

કારણકારણ કળા વિકાશ[1] રે, અંતરજામી નિર્ગુણ સ્વયંપ્રકાશ રે ॥૧૫॥
એ છે સ્વતંત્ર સર્વાધાર રે, એવા ભક્તિધર્મના કુમાર રે ॥
અનંત કોટિ મુક્ત બ્રહ્મરૂપ રે, તેમને ઉપાસ્યા યોગ્ય અનુપ રે ॥૧૬॥
**અનંત કોટિ બ્રહ્માંડની જેહ રે, ઉત્પત્તિ સ્થિતિ લય કહિયે તેહ રે ॥**
**એવી લીલા જેની અતિ સાર રે, એવા ધર્મકુંવર કિરતાર[2] રે ॥૧૭॥**
માયા પુરુષ કૃતાંત[3] અનાદિ રે, પ્રધાનપુરુષ મહત્તત્ત્વ આદિ રે ॥
એ આદિ અનંત શક્તિધાર રે, એના પ્રેરક ધર્મકુમાર રે ॥૧૮॥
અનંત કોટી બ્રહ્માંડના જેહ રે, સ્વામી રાજાધિરાજ છે તેહ રે ॥
સદા કિશોર મૂર્તિ શોભાધામ રે, પરમ પાવન પૂરણકામ રે ॥૧૯॥
દેખી કોટી રતિપતિ[4] લાજે રે, મેઘ નવીન શ્યામ છબી છાજે રે ॥
ભક્તવત્સલ મહા ભયહારી રે, એવા ધર્મકુંવર સુખકારી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલસેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પ્રથમઃ પ્રકારઃ ॥૧॥***

---

**દોહા:** સુંદર મૂર્તિ શ્રીહરિ, લાવણ્યતાનું ધામ ॥
દયા સુધા[5] પૂરિત નયન, નટવર છબી ઘનશ્યામ ॥ ૧ ॥
શોભા કીરતિ ઉદારતા, અનંત ભુવનની આય[6] ॥
ઉમંગ ભરી ઉદે થઈ, નવ નીરદ[7] તનમાંય ॥ ૨ ॥
નવ રસ નવ મૂર્તિ ધરી, આણી અનુપમ હેત ॥
સજળ જલદ[7] શ્યામ તનુ, મન કર્મ કર્યું નિકેત[8] ॥ ૩ ॥
વસ્યા વાસ જુક્તે કરી, નવ રસ નવે પ્રકાર ॥
ભ્રકુટિ નેત્ર મુખહાસ ગતિ, ઉર તન બાહુ ઉદાર ॥ ૪ ॥

---

**૧**.કળાનો વિકાસ કરનાર **૨**.સર્વ કર્તા પ્રભુ **૩**.કાળ **૪**.કામદેવ **૫**.દયારૂપી અમૃત **૬**.આવીને **૭**.નવા વાદળ જેવા **૮**.સ્થાન

**ચોપાઈ :**

નવરસને જાણી નિજ દાસ રે, આપ્યો નિજ તન[1] માંહી નિવાસ રે ॥
રુદ્ર વીર ભયાનક તીન રે, વસે ભ્રકુટિ માંહી પ્રવીન રે ॥ ૫ ॥
રસ શૃંગાર વસે તનમાંઈ રે, કરુણા શાંતિ નેણે સુખદાઈ રે ॥
રસ હાસ્ય ને અદ્‌ભુત કા’વે રે, હરે ચિત્ત હરિ હેતે બોલાવે રે ॥ ૬ ॥
રસ વિષે અસુર રહ્યા મોઈ રે, હરિના દિવ્ય ચરિત્રને જોઈ રે ॥
એમ રસ ને અમિત અલંકાર રે, ધર્યા નિજ ઈચ્છાએ અપાર રે ॥ ૭ ॥
રસ અલંકાર તે વિનાય રે, હરિનું રમણીય રૂપ સદાય રે ॥
દિવ્ય અમાયિક અભિરામ[2] રે, હરિનું રૂપ સદા છબીધામ[3] રે ॥ ૮ ॥
કરે ગ્રહણ જ્યારે કિરતાર રે, શોભા પામે રસ ને અલંકાર રે ॥
વસ્ત્ર ભૂષણ વાહન જેહ રે, કરે ગ્રહણ શોભે ત્યારે તેહ રે ॥ ૯ ॥
સદા પૂરણકામ મોરાર[4] રે, કરે ભક્ત ભાવે અંગીકાર રે ॥
ઉપમા અલંકાર દેવાની રીત રે, ભક્તભાવ જણાયે પ્રીત રે ॥૧૦॥
કોટી કામતણી છબી છાજે રે, હરિનું હસવું જરા જોઈ લાજે રે ॥
હરિનાં દિવ્ય વસ્ત્રને જોઈ રે, લાજે તડિત ચામીકર[5] દોઈ રે ॥૧૧॥
હરિનાં અમૂલ્ય આભૂષણ જોઈ રે, રહ્યા સુરનર મુનિમન મોઈ રે ॥
કરણે કુંડળ મકરાકાર[6] રે, મહા તેજ તણો અંબાર રે ॥૧૨॥
નીરખી લાજ પામ્યા વારમવાર રે, વસ્યા રવિ શશી ગગન મોઝાર રે ॥
શોભાસાગર શોભાના ધામ રે, ભક્તવત્સલ દીનબંધુ નામ રે ॥૧૩॥
રસરૂપ ગુણાકર[7] દેવ રે,મહામુક્ત કરે જેની સેવ રે ॥
સર્વ સુખમય મૂર્તિને જાણી રે, મહામુક્ત ધારે ઉર આણી રે ॥૧૪॥

**૧**.મૂર્તિ **૨**.આનંદદાયક **૩**.શોભાનું ધામ **૪**.પરમાત્મા **૫**.સોનું **૬**.માછલીના આકારવાળા **૭**.ગુણોની ખાણ

જોઈ રૂપછટા સુખદાઈ રે, રમા રાધા કરે સેવકાઈ રે ॥
તજી ચંચળતા રમા પ્યારી રે, સેવે સ્થિર થઈને સુકુમારી રે ॥૧૫॥

શું હું વર્ણવું રસના[૧] એક રે, અલ્પ બુદ્ધિ વિચાર વિવેક રે ॥
સહસવદન[૨] પાર નહિ પાવે રે, શુક નારદ નિગમ નિત્ય ગાવે રે ॥૧૬॥

એવા કૃષ્ણ કમળદલ[૩] નેણ રે, મુખ મધુર મનોહર વેણ રે ॥
અઘમોચન[૪] લોચન વિશાળ રે, કૃપાસિંધુ શ્રીકૃષ્ણ કૃપાળ રે ॥૧૭॥

ચાલે સુંદર ગજગતિ ચાલ રે, લાજે નીરખીને રાજમરાલ[૫] રે ॥
કર લટકાં જોઈને જન રે, પામે આનંદ સ્થિર થાય મન રે ॥૧૮॥

એવા દિવ્ય વિગ્રહ[૬] દીનાનાથ રે, ભેટે મુક્ત મુનિને ભરી બાથ રે ॥
સદા પ્રસન્ન પ્રપન્ન[૭] પ્રતિપાળ રે, કરે ચરિત્ર તે દીન દયાળ રે ॥૧૯॥

વા'લો અક્ષરધામના ધામી રે, અસંખ્ય મુક્તતણા એક સ્વામી રે ॥
સદા સ્વતંત્ર સ્વરાટ વિરાજે રે, સર્વોપરી શ્રીહરિ છાજે[૮] રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વિતીયઃ પ્રકારઃ ॥૨॥***

---

**દોહા :** શોભા સાગર સુખ સદન[૯], રમા રમણ ઘનશ્યામ ॥
કંદર્પદર્પ[૧૦] વિમોચન, પરમ પુરુષ અભિરામ ॥૧॥

રાજત મસ્તક દિવ્ય અતિ, કિરીટ[૧૧] મુગટ કમનીય[૧૨] ॥
અતિ ચતુરાઈએ જુક્ત છે, શોભા સરસ બનીય ॥૨॥

નાના રત્ન વૈદૂર્ય[૧૩] મણિ, કૌસ્તુભ[૧૪] સ્ફટિક[૧૫] પીત[૧૬] ॥

---

**૧**.જીભ **૨**.શેષજી **૩**.કમળના પત્ર જેવા **૪**.પાપથી છોડાવનારા **૫**.રાજહંસ **૬**.મૂર્તિ **૭**.શરણાગત **૮**.શોભે **૯**.ઘર **૧૦**.કામનો ગર્વ **૧૧**.પાન આકારનો મુગટ **૧૨**.મનમોહક **૧૩ થી ૧૬**.મુગટમાં જડેલ વિવિધ મણિઓ-રત્નોનાં નામ છે.

ઈન્દ્રનીલ[૧] મરકતમણિ[૨], મણિગણ કણ અગણિત ॥ ૩ ॥
ગજમોતી ગણ છીપસુત[૩], પન્ના[૪] પિરોજા[૫] લાલ[૬] ॥
વર પોખર[૭] માણિક[૮] મધ્ય, કંચન જડિત પ્રવાલ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એવી શોભા મુગટની જોઈ રે, રહ્યા મુક્ત તણાં મન મોઈ રે ॥
એવો મુગટ ધર્યો છે માથે રે, રૂડા શોભે છે મુક્તોના નાથે રે ॥ ૫ ॥
કર્યું કેસર તિલક ભાલ રે, વચ્ચે કુંકુમ ચંદ્રક લાલ રે ॥
શોભે અધર[૯] અરુણ[૧૦] પ્રવાલ[૧૧] રે, મૃગમદની[૧૨] ટીબકડી છે ગાલ રે ॥ ૬ ॥
શરદ ઋતુતણું જે કમળ રે, પરમ પુનિત અરુણ અમળ રે ॥
તેની પાંખડી સરખાં શોભિત રે, અણિયાળાં લોચન ચોરે ચિત્ત રે ॥ ૭ ॥
નેણે વરષે અમૃત અવિનાશ રે, કરે પાન નિત્ય નિજદાસ રે ॥
નીરખી નેણા તૃપ્ત ન થાય રે, તેમને કલ્પ[૧૩] પલક સમ જાય રે ॥ ૮ ॥
શોભે ગલબંધ કૌસ્તુભ મણિ રે, શોભા સરસ જોયા જેવી બણી રે ॥
રૂડું સરસ સુગંધિમાન રે, એવું શીતળ ચંદન ગુણવાન રે ॥ ૯ ॥
તેણે ચરચ્યાં છે સર્વે અંગ રે, નીરખી લાજે કોટી અનંગ[૧૪] રે ॥
એવી શોભાને ધરતા શ્યામ રે, પુરુષોત્તમ પૂરણકામ રે ॥૧૦॥
આજાનુ ભુજા[૧૫] અભિરામ રે, બાંધ્યા બાજુ શોભે સુખધામ રે ॥
મણિ નંગ જડિત બાજુ રાજે રે, જોઈ કોટી રવિ શશી લાજે રે ॥૧૧॥
કર પોંચી કનક કડાં શોભે રે, વેઢ વીંટી જોઈ મન લોભે રે ॥
ઉર ઊતરી મોતીની માળા રે, શોભે રાજીવનેણ[૧૬] રૂપાળા રે ॥૧૨॥
જોઈ શોભા અંગોઅંગ તણી રે, થયો મૂર્છિત રતિનો ધણી[૧૪] રે ॥

**૧** થી **૮**.મુગટમાં જડેલ વિવિધ મણિઓ-રત્નોનાં નામ છે. **૯**.હોઠ **૧૦**.લાલ **૧૧**.રતાંજળીના ફળ જેવા ગુલાબી **૧૨**.કસ્તૂરીની **૧૩**.બ્રહ્માનો દિવસ **૧૪**.કામદેવ **૧૫**.ઢીંચણ સુધી લાંબા હાથ **૧૬**.કમળ જેવા નેત્રવાળા

મલ્લિકા માલતી રાય વેલી રે, જાઈ જૂઈ ને ચંપા ચમેલી રે ॥૧૩॥
કુંદ કેતકી બકુલ ને નૂત રે, પોપ[૧] પારિજાત પ્રસુત રે ॥
નવ કંજ કેસર સેવતી રે, ગુલછવી ગુલદાવદી અતિ રે ॥૧૪॥
એવાં પુષ્પ સુગંધી સાર રે, ગણતાં ન આવે વાર ને પાર રે ॥
એનાં ભૂષણ રચી અતિ ભારી રે, પૂજે રાધા રમા[૨] સુકુમારી રે ॥૧૫॥
એવી શોભાને ધરતા દયાળ રે, શોભે ભક્તતણા પ્રતિપાળ રે ॥
ગ્રહી કર વર વેણુ[૩] મુરારી રે, ધરી અધર મધુર સ્વરકારી રે ॥૧૬॥
કરે મધુરે મધુરે સ્વર ગાન રે, સુણી શ્રવણે છૂટ્યાં મુનિધ્યાન રે ॥
સપ્ત સ્વર સરસ ત્રણ ગ્રામ રે, એકવીશ મૂર્છના વિશ્રામ રે ॥૧૭॥
તાલ કાળ માન ગતિ જાણી રે, બાવીશ સુરતિના ભેદ આણી રે ॥
આરોહી અવરોહી લે છે રે, અસ્તાઈ સચાઈ કે'છે રે ॥૧૮॥
છો રાગ ને બત્રીશ રાગણી રે, છતરીશ કે'છે કવિ ભણી રે ॥
તેના નામ રીતુ સ્વર તાલ રે, વસ્ત્ર ભૂષણ રૂપ રસાલ રે ॥૧૯॥
એમ વેણુમાં ગાયે વિહારી રે, સુખ આપે છે શ્રી ગિરધારી રે ॥
એમ ગોપ ગોપીના નાથ રે, શ્રીદામાદિ સખા છે સાથ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે તૃતીયઃ પ્રકારઃ ॥૩॥***

---

**દોહા:** ચક્ર સુદરશન આદિ જે, આયુધ મૂર્તિમાન ॥
દિવ્ય દેહે સેવે સદા, પ્રભુપદ પરમ સુજાન ॥૧॥
નંદ સુનંદ શ્રીદામવર, શક્રભાનુ શશીભાન ॥
એ આદિક અસંખ્ય ગણ,[૪] રૂપ ગુણ શીલવાન ॥૨॥

**૧.**પુષ્પ **૨.**લક્ષ્મી **૩.**વાંસળી **૪.**મુક્તોના સમૂહ

સેવત પ્રભુપદ પ્રીત કરી, પાર્ષદ પરમ પ્રવીર[૧] ॥
રાજત[૨] સદા સમીપમાં, મહા સુભટ[૩] રણધીર ॥૩॥
કોટી ચંદ્ર રવિ સમ દ્યુતિ,[૪] નવ નીરદ તનમાંય[૫] ॥
નીરખી નાથ શોભાનિધિ, આનંદ ઉર ન સમાય ॥૪॥

**ચોપાઈ :**

અનંતકોટી કલ્યાણકારી ગુણ રે, તેણે જુક્ત છે મૂર્તિ તરુણ રે ॥
ધર્મ જ્ઞાન ને વૈરાગ્ય આદિ રે, નવ નિધિ સિદ્ધિ અણિમાદિ રે ॥૫॥
એ આદિક ઐશ્વર્ય અપાર રે, સેવે પ્રભુપદ કરી બહુ પ્યાર રે ॥
મૂર્તિમાન વેદ ચ્યારે ગાય રે, હરિના ચરિત્ર કીર્તિ મહિમાય રે ॥૬॥
વાસુદેવાદિ વ્યૂહ અનુપ રે, કેશવાદિક ચોવીશ રૂપ રે ॥
વારાહાદિક બહુ અવતાર રે, એ સર્વના હરિ ધરનાર રે ॥૭॥
એવા શ્રીહરિકૃષ્ણ ભગવાન રે, પુરુષોત્તમ કૃપાનિધાન રે ॥
આ જે ઐશ્વર્ય સર્વ કે'વાય રે, તેણે જુક્ત થકા હરિરાય રે ॥૮॥
ભૂવિ પર એકાંતિક ધર્મ રે, તેને પ્રવર્તાવવો એ છે મર્મ[૬] રે ॥
બદરિકાશ્રમને માંઈ રે, થયો શાપ અતિ દુઃખદાઈ રે ॥૯॥
ૠષિ દુર્વાસાને શાપે કરી રે, ભૂવિ પ્રગટ્યા મનુષ્ય તનુ ધરી રે ॥
નિજ એકાંતિક ભક્ત જાણી રે, ભક્તિ ધર્મ ઉપર હેત આણી રે ॥૧૦॥
વળી મરીચ્યાદિક ૠષિરાજ રે, હરિના એકાંતિક ભક્ત સમાજ રે ॥
અસુરગુરુ નૃપથકી ભારી રે, તેમની રક્ષા કરવાને મુરારી રે ॥૧૧॥
ભક્તિ ધર્માદિકને દયાળ રે, સુખ આપવા પરમ કૃપાળ રે ॥
નિજ પ્રબળ પ્રતાપે કરી રે, અસુર ગુરુ નૃપનો મદ હરી રે ॥૧૨॥
એમનો નાશ કરવાને કાજ રે, શસ્ત્ર ધાર્યા વિના મહારાજ રે ॥

**૧.**શૂરવીર **૨.**શોભતાં **૩.**શ્રેષ્ઠ યોદ્ધા **૪.**કાંતિ; તેજસ્વિતા **૫.**મેઘ સમ મૂર્તિમાં **૬.**મુખ્ય હેતુ

કરવા નાશ તે સર્વ ઉપાય રે, નિજબુદ્ધિ બળે મુક્તરાય રે ॥૧૩॥
ગ્રહી કળિબળને વારંવાર રે, પામ્યો અધર્મ વૃદ્ધિ અપાર રે ॥
તેનો કરવા અતિશે નાશ રે, કરવા સુખિયા સર્વે નિજદાસ રે ॥૧૪॥
નિજ દર્શ સ્પર્શાદિકે કરી રે, વળી રચી વચનરૂપ પતરી[1] રે ॥
કરવા અનેક જીવનો ઉદ્ધાર રે, ઈચ્છા કરી ધરવા અવતાર રે ॥૧૫॥
નિજધામ પમાડવા સારુ રે, દેવા અખંડ સુખ ઉદારું રે ॥
ઉર ધારી અચળ એવી ટેક રે, એવા પરમ દયાળ છે એક રે ॥૧૬॥
કરવા કરુણા કળિમધ્યે ભારી રે, દીનબંધુ દયા દિલ ધારી રે ॥
મોટો અર્થ વિચાર્યો છે એહ રે, કરવા અભય નારી નર તેહ રે ॥૧૭॥
એમ પૂર્ણ પુરુષોત્તમરાય રે, દીધો કોલ વૃંદાવનમાંય રે ॥
ભક્તિ ધર્મને આપ્યું વચન રે, સત્ય કીધું તે જગજીવન રે ॥૧૮॥
કોશલ દેશ અયોધ્યા પ્રાંત રે, પ્રભુ પ્રગટ થયા કરી ખાંત[2] રે ॥
ધર્યો નર વિગ્રહ[3] સ્વછંદ[4] રે, પરમ પાવન પરમાનંદ રે ॥૧૯॥
શ્રીનારાયણ ઋષિરૂપ રે, થયા પ્રગટ તે પરમ અનુપ રે ॥
થયા ભક્તિધર્મના બાળ રે, શ્રીકૃષ્ણ ભક્તપ્રતિપાળ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે ચતુર્થઃ પ્રકારઃ ॥૪॥***

---

**દોહા:** ભક્તિ ધર્મને ભુવને, થયા પ્રકટ પૂરણ બ્રહ્મ ॥
આપ ઈચ્છાએ આવિયા, જેને નેતિ કહે નિગમ ॥ ૧ ॥
સુંદર દેશ સરવારમાં, છપૈયા છબીનું ધામ ॥
તિયાં પ્રભુજી પ્રગટ્યા, પુરુષોત્તમ પૂરણકામ ॥ ૨ ॥

**૧.**શિક્ષાપત્રી **૨.**ઉત્સાહ **૩.**દેહ **૪.**સ્વતંત્રપણે

સંવત અઢાર સાડત્રીશનાં, ચૈત્ર શુદિ નવમીને દિન ॥
તે દિન જીવન જનમ્યા, ભક્ત ભયહારી ભગવન ॥ ૩ ॥

વસંતઋતુ વિરોધી સંવત્સર, ઉત્તરાયણ અર્ક[૧] અનુપ ॥
શુક્લ પક્ષ પુષ્ય નક્ષત્રે, સોમવાર તે સુખરૂપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

વૃશ્ચિકલગ્ન ને કૌલવકરણ રે, યોગ શુક્રમા દુઃખહરણ રે ॥
દશ ઘડી રૂડી રાત્ય જાતાં રે, સુખ સેજમાં સુતાંતાં માતા રે ॥ ૫ ॥

તે સમે પ્રગટ્યા મહારાજ રે, કરવા અનેક જીવનાં કાજ રે ॥
વ્યોમે[૨] વિબુધ[૩] વાજા બજાવી રે, કરે દર્શન વિમાન લાવી રે ॥ ૬ ॥

સુરવનિતા[૪] ગાય વધાઈ રે, અતિ મોદ ભરી મનમાંઈ રે ॥
મંદ સુગંધ શીતળ વાય રે, વાયુ સુંદર જન સુખદાય રે ॥ ૭ ॥

સ્વર્ગ શોભી રહ્યું છે અપાર રે, થાય જય જય શબ્દ ઉચ્ચાર રે ॥
કરે પુષ્પ વૃષ્ટિ પુરંદર[૫] રે, વર્ષે સુગંધી સુમન[૬] સુંદર રે ॥ ૮ ॥

તાંડવ નૃત્યે ત્રોડે શિવ તાન રે, ગાયે ગાંધર્વ અપ્સરા ગાન રે ॥
થયા નિર્ધૂમ[૭] યજ્ઞ હુતાશન[૮] રે, હવાં નિર્મળ જનનાં મન રે ॥ ૯ ॥

એમ અમર પામ્યા આનંદ રે, તેમ ભૂમિ મગન જનવૃંદ રે ॥
ગાય ઘરઘર મંગલ વધાઈ રે, હરષ ભરી માનિની[૯] મનમાંઈ રે ॥૧૦॥

રહ્યો ચૌદિશે આનંદ છાઈ રે, પ્રભુ પધારિયા ભૂમિમાંઈ રે ॥
કરવા કોટીકોટીના કલ્યાણ રે, પોતે પધાર્યા પરમ સુજાણ રે ॥૧૧॥

માત તાત પામ્યાં છે આનંદ રે, જોઈ પુત્ર તે પૂરણ ચંદ રે ॥
મનોહર મૂર્તિ મરમાળી રે, થાયે મન મગન જન ભાળી રે ॥૧૨॥

જે જે જુવે છે નયણાં ભરીને રે, તેનાં મન ચિત્ત લે છે હરીને રે ॥

**૧.**સૂર્ય **૨.**આકાશમાં **૩.**દેવતાઓ **૪.**દેવતાની પત્નીઓ **૫.**ઈન્દ્ર **૬.**પુષ્પ **૭.**ધુમાડા રહિત **૮.**અગ્નિ **૯.**સ્ત્રીઓ

મુખ મૃગાંક સમ[1] સુખ દેણ રે, શોભે કર ચરણ ચારુ[2] નેણ રે ॥૧૩॥
અંગોઅંગ શોભા છે અનુપ રે, નખ શિખ છબી સુખરૂપ રે ॥
જોઈ સફળ કરે જન જન્મ રે, એવી રૂપાળી મૂર્તિ છે રમ્ય રે ॥૧૪॥
જુવે હેતે જે જન હુલસી[3] રે, તેના અંતરમાં જાયે વસી રે ॥
પછી વિસાર્યા પણ ન વિસરે રે, સુતાં બેઠાં સદાયે સાંભરે રે ॥૧૫॥
એવી મૂર્તિ આજ અલૌકિક રે, ધરી બહુની ટાળવા બીક રે ॥
સહુ ભક્તજનને સુખ દેવા રે, આપે અક્ષરપતિ થયા એવા રે ॥૧૬॥
દિન દિન પ્રત્યે જો દયાળ રે, વધે નિત્ય ચંદ્ર જેમ બાળ રે ॥
મુખહાસે જુક્ત છે હમેશ રે, બહુ શોભે છે બાલુડે વેષ રે ॥૧૭॥
રુવે નહિ રાજી રહે ઘણું રે, તેણે મન હરે છે સહુતણું રે ॥
સુખમય મૂર્તિ મહારાજ રે, આવ્યા સૌને સુખ દેવા કાજ રે ॥૧૮॥
મોટે ભાગ્યે આવ્યા ભગવાન રે, દેવા સૌ જનને અભેદાન[4] રે ॥
જેમ આવ્યા છે ધામથી ધારી રે, તેમ તારશે નર ને નારી રે ॥૧૯॥
**સહુ જનને કરવા છે સુખી રે, નથી રાખવા કોઈને દુઃખી રે ॥**
**સહુ જીવની લેવી છે સંભાળ રે, એહ અર્થે આવ્યા છે દયાળ રે ॥૨૦॥**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચમઃ પ્રકારઃ ॥૫॥***

---

**દોહા :** જનમી જનક[5] જનની[6] ઘરે, રહ્યા દયા કરી કાંઈક દન ॥
રમ્યા જમ્યા રૂડી રીત્યશું, ભક્તિ ધર્મને ભુવન ॥૧॥
ત્યાં બાળચરિત્ર બહુ કર્યાં, પછી આઠમે વર્ષે આપ ॥
પિતા થકી તે પામિયા, ઉપવીત અતિ નિષ્પાપ ॥૨॥

---

**૧.**ચંદ્ર સમાન **૨.** સુંદર **૩.**આનંદ વિભોર થઈ **૪.**નિર્ભય પદ-મોક્ષ **૫.**પિતા **૬.**માતાના

ત્રણ વર્ષ તપાસીને રહ્યા, તાત ભુવન શ્રી અવિનાશ ॥
પછી પ્રભુજી પધારિયા, જઈ કર્યો વનમાંહી વાસ ॥ ૩ ॥

સાત વરષ વન વેઠિયું[૧], વળતો વાલમે કર્યો વિચાર ॥
જે અર્થે આ અવતાર છે, તે કરું હવે નિરધાર ॥ ૪ ॥

**ચોપાઈ :**

પછી જોગી ગોપાળને મળી રે, કરી એની ઈચ્છા પૂરી વળી રે ॥
મળ્યા પ્રભુજી પૂરણકામ રે, તજી તન ગયા અક્ષરધામ રે ॥ ૫ ॥

પછી નવલખે પર્વત પધાર્યા રે, બહુ જોગીને મુદ[૨] વધાર્યા રે ॥
જોગી નવ લાખ જોઈ જીવન રે, થયા નાથ નીરખીને મગન રે ॥ ૬ ॥

તે પણ તન તજી નિરધાર રે, અવધે[૩] ગયા અક્ષર મોઝાર રે ॥
એમ જીવ ઉદ્ધારવા કાજ રે, ફરે હદ્ય બેહદ્ય[૪] મહારાજ રે ॥ ૭ ॥

જે જે જીવ આવે છે નજરે રે, તેને ધામના નિવાસી કરે રે ॥
દરશે સ્પરશે કોઈ દેહધારી રે, થાય અક્ષરના અધિકારી રે ॥ ૮ ॥

નર અમર[૫] ને જે આસુર રે, પામે પ્રભુ પેખે બ્રહ્મપુર રે ॥
એમ જીવ જક્તના જેહ રે, પામે અક્ષરધામને તેહ રે ॥ ૯ ॥

તીર્થ શહેર પુર નગ્ર ગ્રામ રે, ફર્યા જે જે ધરણી પર ધામ રે ॥
ત્યાં ત્યાં જેણે નીરખ્યા ઘનશ્યામ રે,તે તે પામિયા અક્ષરધામ રે ॥૧૦॥

ગિરિ ગુફામાં જે ગેબ[૬] હતા રે, કંઈ સમુદ્ર તટ સેવતા રે ॥
તેનું કર્યું છે પરમ કલ્યાણ રે, પોતે મળી પ્રગટ પ્રમાણ રે ॥૧૧॥

નિજમૂર્તિ પ્રતાપે મહારાજ રે, કર્યાં અનેક જીવનાં કાજ રે ॥
એમ ઉદ્ધારતા બહુ જન રે, આવ્યા સોરઠમાં ભગવન રે ॥૧૨॥

**૧.**વનનું કષ્ટ સહન કર્યું **૨.**આનંદ **૩.**અંતકાળે **૪.**મર્યાદાથી વધુ; અત્યંત **૫.**દેવો **૬.**સિદ્ધ પુરુષો - ગુપ્ત ઋષિઓ

સોરઠ દેશે સોયામણું ગામ રે, મન લોભે શોભે લોજ નામ રે ॥
તિયાં અલબેલો આવી રહ્યા રે, કરી બહુ જીવ પર દયા રે ॥૧૩॥

એમ પધારિયા પ્રાણનાથ રે, પછી સંભારિયો મુક્તસાથ રે ॥
કરી સૂરત્ય[૧] ને જોયા સંભાળી રે, મુનિ મુક્તની મંડળી રૂપાળી રે ॥૧૪॥

જ્યારે નાથે કર્યું ચિંતવન રે, આવ્યા જ્યાં હતા ત્યાંથી જન રે ॥
આવી મળ્યા મહારાજ સંગ રે, મુક્તમંડળ અતિ ઉછરંગ[૨] રે ॥૧૫॥

લાગ્યા પાયે જોડી જુગ પાણ[૩] રે,બોલ્યા વિનતિ કરી મુખ વાણ રે ॥
આવ્યાં હરષનાં નયણે નીર રે, જોઈ બોલિયા શ્યામ સુધીર રે ॥૧૬॥

મુનિ સર્વે સુખી છો તમે રે, તમે મળે રાજી થયા અમે રે ॥
પછી મરીચ્યાદિ મુનિ સાથ રે, રહ્યા પ્રભુ પાસે જોડી હાથ રે ॥૧૭॥

પછી મુનિ કહે મહારાજ રે, જેમ કો' તેમ કરીએ આજ રે ॥
ત્યારે નાથ કે' તારવા જંત[૪] રે, દેશોદેશ ફરો બુદ્ધિવંત રે ॥૧૮॥

અહિંસાદિક નિયમ પળાવો રે, જન્મ મર્ણનાં ખાતાં વળાવો[૫] રે ॥
વળી અન્ન જળ દેશે જે તમને રે, તે સહુ પ્રાણી પામશે અમને રે ॥૧૯॥

દરશ સ્પરશ કરી પડશે પાય રે,તેની જરૂર કરીશ હું સા'ય રે ॥
તમારા ને મારા જે મળેલ રે, તેને થાશે કહું બહુ સે'લ[૬] રે ॥૨૦॥

***ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે ષષ્ઠઃ પ્રકારઃ ॥૬॥***

---

**દોહા :** વળતાં મુનિ બોલિયા, શું શું ધરાવીએ વ્રતમાન[૭] ॥
કયી પેર્યે ભજન કરાવીએ, કયી પેર્યે ધરાવીએ ધ્યાન ॥ ૧ ॥

કેવી રીતે અમે વરતીએ, કેવો રાખિયે વળી વેષ ॥

---

**૧.**અંતર્દષ્ટિ **૨.**ઉમંગથી **૩.**હાથ **૪.**જીવ **૫.**ટળાવો **૬.**સહેલું **૭.**ધર્મ સંબંધી નિયમો

કેવી રીતે વાત કરીએ, કેવો આપીએ ઉપદેશ ॥ ૨ ॥
જગમાં જે જિજ્ઞાસુ જન, નર નારી હશે અપાર ॥
કે'શું નરને કલ્યાણનું, નહિ કહીએ નારીને નિરધાર ॥ ૩ ॥
**મુક્ત ને માનિની[૧] મળી, વળી કરે પરસ્પર વાત ॥**
**દર્શ સ્પર્શ દારા[૧] હાસ્યથી, થાય નરને જ્ઞાનની ઘાત** ॥ ૪ ॥

**ચોપાઈ :**

માટે નર આગે નિરધાર રે, કે'શું વાત કરી અતિ પ્યાર રે ॥
પુરુષ પ્રમોદશું[૨] બહુ પેર રે, ફરી દેશદેશ ગ્રામ શહેર રે ॥ ૫ ॥
રૂડો રહસ્ય પુરુષને કે'શું રે, દારા સંગ થકી દૂર રે'શું રે ॥
આજ મોર્યની અમે સાંભળી રે, ખાધી મોટે મોટે ખોટ વળી રે ॥ ૬ ॥
બ્રહ્મા ભૂલ્યા તનયાતન[૩] જોઈ રે, તેણે ખરી લાજ વળી ખોઈ રે ॥
શિવ મોહિની જોઈ મન મોહ્યું રે, તેણે જોગકળા બળ ખોયું રે ॥ ૭ ॥
ઈન્દ્ર અહલ્યા રૂપ નિહાળી રે, થયો ભ્રષ્ટ હતો ભાગ્યશાળી રે ॥
જોઈ મોહિની રૂપને અસુર રે, નેણે વેણે થયા ચકચૂર રે ॥ ૮ ॥
પરાશર ઋષિ તપોધન[૪] રે, મોહ્યા મત્સ્યગંધા જોઈ મન રે ॥
એકલશ્રૃંગી વસે વનમાંઈ રે, જેને ભામિની[૫] ભાન ન કાંઈ રે ॥ ૯ ॥
દેખી સુંદરીને દિલે ડૂલ્યા રે, તેણે જ્ઞાન ધ્યાન નિ'મ ભૂલ્યા રે ॥
ઋષિ સૌભરી સફરી[૬] સંગ રે, જોઈ તર્ત વ્રત કર્યું ભંગ રે ॥૧૦॥
નારદ પર્વતે નીરખી સુંદરી રે, ઈચ્છા બેઉએ વરવા કરી રે ॥
દેવગુરુ ભૂલ્યા દિશ પોતે રે, નિજ અનુજવધૂ[૭] રૂપ જોતે રે ॥૧૧॥
યયાતિ સુંદરી સુખ આશ રે, માગ્યું જોબન[૮] પુત્રને પાસ રે ॥
આગ્નિધ્ર ને દીર્ઘતમા જેવા રે, એહ આદિ બીજા કંઈ એવા રે ॥૧૨॥

---

**૧.**સ્ત્રી **૨.**ઉપદેશ દેશું **૩.**પુત્રીનું શરીર **૪.**તપને જ જેણે પોતાનું ધન માન્યું હતું તેવા તપસ્વી
**૫.**સ્ત્રીનું **૬.**માછલી **૭.**નાના ભાઈની પત્ની **૮.**યુવાની

નર અમર નારીને સંગે રે, કોઈ રહ્યા નહિ શુદ્ધ અંગે રે ॥
જોગી જતિ તપસી સંન્યાસી રે, વનવાસી નિરાશી ઉદાસી રે ॥૧૩॥

ડાહ્યા શાણા ચતુર સુજાણ રે, કવિ કોવિદ[1] નારીના વેચાણ રે ॥
ભટ પંડિત પ્રવીણ પુરાણી રે, જેની સુધા સમાન છે વાણી રે ॥૧૪॥

હોય જશ જગતમાં જેનો રે, નારી ન મળી ત્યાં લગી તેનો રે ॥
ઋષીશ્વર મુનીશ્વર મને રે, ડરી વનિતાથી વસે વને રે ॥૧૫॥

જાણે એનો સંગ છે એવો રે, ભારે હેડ્યબેડી[2] બંધ જેવો રે ॥
માટે એથી ઉગારી લેજો રે, બીજું કે'વું ઘટે તે સુખે કે'જો રે ॥૧૬॥

**નથી એવું કઠણ કાંઈ કામ રે, તમે કો'ને ન થાયે ઘનશ્યામ રે** ॥
**જે જે કહો તે તે અમે કરિયે રે, સર્વે વચન શીશપર ધરિયે રે** ॥૧૭॥

તન મનનાં સુખને ત્યાગી રે, રે'શું વચનમાં અનુરાગી રે ॥
જેહ અર્થે મોકલ્યા છે આંઈ રે, તેમાં કસર ન રાખીએ કાંઈ રે ॥૧૮॥

પણ અરજી કરી તમને અમે રે, દિલ ધારજો દીનબંધુ તમે રે ॥
અમે કહ્યો તે અમારો આશે[3] રે, મારા પ્રાણપતિ તમ પાસે રે ॥૧૯॥

એમ બોલ્યા મુનિ સહુ મળી રે, લીધું સર્વે પ્રભુએ સાંભળી રે ॥
પછી હસી બોલ્યા અવિનાશ રે, ધન્ય નિરમોહી મારા દાસ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તમઃ પ્રકારઃ ॥૭॥***

---

**દોહા :** શ્રીહરિ કે' સંત સાંભળો, એવો કરવો નથી ઉપાય ॥
જેણે કરીને જક્તનું, બંધન તમને થાય ॥૧॥
એવી રીતને રાખશું, જેહ રહ્યા ન રે'શે કોય ॥

**૧.**જ્ઞાની **૨.**બંને હાથ અથવા પગને બાંધવાનું સાધન **૩.**આશય; અભિપ્રાય

શાસ્ત્રમાં પણ શોધતાં, કિયાં હોય કે વળી નો'ય ॥ ૨ ॥
જેમ અલૌકિક અવતાર છે, તેમ કાઢું અલૌકિક રીત ॥
સહુ ઉપર શિરોમણિ, વળી ઘણી પરમ પુનિત ॥ ૩ ॥
તે રીત કહું તે હૃદે ધરી, સહુ રહો થઈ સાવધાન ॥
એમ મુનિ મંડળને આગળે, શ્રીમુખે કહે ભગવાન ॥ ૪ ॥

**ચોપાઈ :**

રે'જો પંચવ્રત[૧] પ્રમાણ રે, ધારી વિચારી સહુ સુજાણ રે ॥
પંચ વ્રત છે સહુને પાર[૨] રે, નથી એથી બીજું કાંઈ બા'ર રે ॥ ૫ ॥
જોશો વિધવિધે જો વિચારી રે, ભર્યા અર્થે[૩] છે એ અતિ ભારી રે ॥
તેમાં ધન ને ત્રિયાનો ત્યાગ રે, ઘણો કહ્યો છે કરી વિભાગ રે ॥ ૬ ॥
અષ્ટ પ્રકારે[૪] તજવી નારી રે, તેમ ધન તજવું વિચારી રે ॥
કોઈ દેશ કાળ ક્રિયા સંગે રે, એથી અળગું રે'વું અષ્ટ અંગે રે ॥ ૭ ॥
**સહુ જાણજો જન એમ પંડ્યે રે, ધન ત્રિયા બે નથી બ્રહ્માંડે રે** ॥
**એમ નક્કી કરી નિરધાર રે, ફરો પરહિતે[૫] પૃથ્વી મોઝાર રે** ॥ ૮ ॥
અંગે રાખજો અંબર[૬] એટલાં રે, શીત ઉષ્ણ ન પીડે તેટલાં રે ॥
કંથા[૭] કૌપીન ને કટીપટ[૮] રે, એટલાં તો રાખજો અમટ[૯] રે ॥ ૯ ॥
તે પણ જાચીને[૧૦] જીરણ[૧૧] લેજો રે, એવી રીત્યે સહુ મુનિ રે'જો રે ॥
અન્ન માગીને જમજો મધ્યાહ્ને રે, રસે રહિત સહિત જળપાને રે ॥૧૦॥
સર્વે મેળવી ભેળું તે કરી રે, જમજો એકવાર ભાવ ભરી રે ॥

---

**૧.**નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ, નિર્માન **૨.**શ્રેષ્ઠ **૩.**હેતુ/ફાયદાઓથી **૪.**સ્ત્રીનું ચિંતન તથા તેના ગુણોનું વર્ણન કરવું,તેની સામે જોવું, તેની મસ્તી કે મશ્કરી કરવી, તેની સાથે ખાનગી રીતે વાત કરવી, તેને મેળવવાનો સંકલ્પ તથા નિશ્ચય કરવો અને સાક્ષાત્ અંગસંગ કરવો **૫.**જીવોના મોક્ષ માટે **૬.**વસ્ત્ર **૭.**ગોદડી **૮.**ધોતિયું **૯.**અવશ્ય **૧૦.**ભિક્ષાની જેમ માગીને **૧૧.**જૂના

એમ રહી સહુ મુનિરાય રે, ફરજો દેશ પરદેશને માંય રે ॥૧૧॥
કરજો પુરુષ આગળે વાત રે, જેમ છે તેમ વળી સાક્ષાત રે ॥
જ્યારે નિ'મ ધારે જાણો જન રે, કે'જો કરે પ્રગટ ભજન રે ॥૧૨॥
ધરે પ્રગટ પ્રભુનું ધ્યાન રે, જેવા ભૂમિએ છે ભગવાન રે ॥
ધરતાં ધ્યાન થાશે પ્રકાશ રે, તેણે મગન થાશે મને[૧] દાસ રે ॥૧૩॥
આપે દેખશે અક્ષર ધામ રે, દેખી માનશે પૂરણકામ રે ॥
એમ અનંત જીવ આશરી રે, જાશે અખંડધામે[૨] કામ કરી રે ॥૧૪॥
તેના સંગી બીજા જે જન રે, કરશે ભાવ કરીને ભજન રે ॥
તે તો પામશે એ ધામ આપ રે, એવો મોટો છે આજ પ્રતાપ રે ॥૧૫॥
વળી અન્ન જળ તમને જે દેશે રે, આપી અંબર અક્ષર ઘર લેશે રે ॥
જેહ ધામના અમે રે'નાર રે, લઈ જાશું તે ધામ મોજાર રે ॥૧૬॥
નથી જોવી જીવની કરણી રે, રીત આ વારની દોષ હરણી રે ॥
જ્યારે ભરવું હોય મોટું વા'ણ રે, વો'રે[૩] શાલ[૪] દાળ્ય લોહ પાષાણ રે ॥૧૭॥
જેવો માલ મળે તેવો વો'રે રે, તોયે ઠાલું છે કહી બકોરે[૫] રે ॥
એવો આજ મોટો છે અવતાર રે, બહુ જીવ કરવા ભવપાર રે ॥૧૮॥
તે તો સર્વે જાણો છો તમે જન રે, સમજી રહો મનમાં મગન રે ॥
નિર્ભય નિઃશંક થૈ સહુ રે'જો રે, વાતો પ્રગલ્ભ[૬] મન કરી કે'જો રે ॥૧૯॥
એમ મુનિને કહ્યું મહારાજે રે, સુખસાગર ગરીબનિવાજે[૭] રે ॥
આવ્યા લેર્ય[૮] મેર્યમાં[૯] આ વાર રે, પરમ સ્નેહી પ્રાણઆધાર રે ॥૨૦॥

***ઈતિ શ્રી સહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે અષ્ટમઃ પ્રકારઃ ॥૮॥***

**૧**.મનમાં **૨**.અવિનાશી અક્ષરધામમાં **૩**.ખરીદે **૪**.ડાંગર **૫**.ઊંચેથી બૂમ પાડે **૬**.હિંમતવાળું; નિધડક **૭**.ગરીબ પર કૃપા કરનારે **૮**.મોજમાં; ઉમંગમાં **૯**.મહેર-કૃપામાં

**દોહા :** પછી મુક્તને આપી આગન્યા, તમે ફરો દેશપ્રદેશ ॥
જેમ કહ્યું તેમ વર્તજો, રાખજો સાધુનો વેષ ॥૧॥
પછી મુનિ પરવર્યા,[1] જેમ હાલ્યાં હુડિયાં વા'ણ ॥
ભારે વા'ણને ભરવા સહુ, સજ્જ થયા છે સુજાણ ॥૨॥
પછી પોતે પ્રભુજીએ, ઉર વિચારિયું એમ ॥
બહુ જીવ જેમ ઉદ્ધરે, મારે કરવું તર્ત તેમ ॥૩॥
બંધાવું બહુ પેરે કરી, સુંદર સદાવરત[2] ॥
જે જમે અન્ન અમ તણું, તે પામે પરમ ગતિ તરત ॥૪॥

**ચોપાઈ :**

એમ કૈ' બંધાવ્યાં અન્નક્ષેત્ર રે, જમે જન અન્ન પવિત્ર રે ॥
ઝાઝે હેતે જનને જમાડે રે, કરી વાત આનંદ પમાડે રે ॥૫॥
સુણી વાત રળિયાત થાય રે, પછી સમજી રહે સત્સંગ માંય રે ॥
એમ સદાવ્રત બાંધ્યાં બહુ રે, તેહ ગામ તણાં નામ કહુ રે ॥૬॥
લોજ માંગરોળ અગત્રાઈ રે, સદાવ્રત માણાવદ્ર માંઈ રે ॥
મેઘપુર ઘોરાજી સાંકળી રે, અન્ન આપે ભાડેરમાં વળી રે ॥૭॥
જામવાળી ને નવેનગરે[3] રે, બ્રાહ્મણ ભેખ ત્યાં ભોજન કરે રે ॥
ફણેણી ને જાણો જેતપર રે, જમે જન સરધાર સુંદર રે ॥૮॥
કોટડું ગઢડું કારિયાણી રે, જમી બોલે જે જે જન વાણી રે ॥
માણેકવાડે ને મેથાણ માંઈ રે, જેતલપુર શ્રીનગર ત્યાંઈ રે ॥૯॥
એહ આદિ ગામે આપે અન્ન રે, જેહ જમે તે થાય પાવન રે ॥
તેણે તજે બીજું ભજે શ્યામ રે, તન મૂકે પામે પર્મ ધામ રે ॥૧૦॥
એમ અનેક જીવ ઉદ્ધાર્યા રે, ભય ટાળી ભવજળ તાર્યા રે ॥

**૧.**ચાલ્યા **૨.**અન્નાર્થીને ભોજન આપવાનું સ્થાન **૩.**જામનગરમાં

તોયે ન માન્યું નાથનું મન રે, કર્યા જન તારવા જગન[1] રે ॥૧૧॥
જાણ્યું જગ્નમાં[1] જમશે જે અન્ન રે, જાશે ધામે તે થાશે પાવન રે ॥
એમ જગ્ન કર્યા બહુ જાગે રે, જમ્યા દ્વિજ અતિ અનુરાગે રે ॥૧૨॥
ક્ષત્રી વૈશ્ય ને શુદ્ર વળી રે, જમ્યા બહુ જન એ આદિ મળી રે ॥
લેખું[2] ન થાય લાખ હજારે રે, એમ જમાડ્યા જગ આધારે રે ॥૧૩॥
જે જે જમ્યા એ જગનનું અન્ન રે, પામ્યા પરમ પ્રાપ્તિ પાવન રે ॥
એમ વે'તી કીધી છે જો વાટ[3] રે, બ્રહ્મમોહોલ માંહી જાવા માટ રે ॥૧૪॥
જે જે જીવ પામિયા સંબંધ રે, તેના છોડાવિયા ભવબંધ રે ॥
આપ પ્રતાપે અક્ષરધામે રે, સહુને પોં'ચાડિયા ઘનશ્યામે રે ॥૧૫॥
કેના જોયા નહિ ગુન્હા વાંક રે, એવો આજ વાળ્યો[4] આડો આંક[4] રે ॥
આ સમામાં જેનો અવતાર રે, તેના ભાગ્યતણો નહિ પાર રે ॥૧૬॥
**ત્યાગે કરી તપી ખપી જાય રે, તોયે પણ એ ધામે ન જવાય રે ॥**
**સર્વે પાર છે સુખની સીમા રે, જન સે'જે સે'જે જાય તેમાં રે** ॥૧૭॥
સે'જે સે'જે આપે છે આનંદ રે, સમરથ સ્વામી સહજાનંદ રે ॥
સિંધુ પર્યંત ભૂમિના વાસી રે, સહુ થયા એ ધામના નિવાસી રે ॥૧૮॥
એવો પ્રગટાવ્યો પોતે પ્રતાપ રે, તેણે ઉદ્ધારિયા જન આપ રે ॥
એવાં કર્યાં અલૌકિક કાજ રે, તોયે રીઝ્યા નહિ મહારાજ રે ॥૧૯॥
જાણે હજીયે કાંયે ન કીધું રે, મને સેવીને સુખ ન લીધું રે ॥
પામે સુખ મારી પૂજા કરી રે, અશન વસન ભૂષણે ભાવ ભરી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદમુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે નવમઃ પ્રકારઃ ॥૯॥***

**૧.**યજ્ઞ **૨.**ગણતરી **૩.**મોટો માર્ગ=ઉપાય **૪.**કૃપા કરવામાં હદ વટાવી દીધી.

**દોહા :** પ્રેમે કરીને પૂજા તણી, હરિજને ન પૂરી હોંશ ॥
સેવી ન શક્યા સ્વામીને,[1] અતિ રહી ગયો અપશોષ ॥ ૧ ॥
મત્સ્યાદિક મોર્યે ધર્યા, અસંખ્યાત અવતાર ॥
કારજ[2] નિમિત્ત નવાં નવાં, તન ધર્યાં નિરધાર ॥ ૨ ॥
જળ સ્થળમાં જાણજો, અવતાર ધર્યા છે અનેક ॥
સર્વે જીવને સુખ આપવા, હોયે ન હોયે એ એક ॥ ૩ ॥
સેવકને સેવી સુખ લેવું, કેવું થયા પૂરણકામ ॥
એમ ન માન્યું જન[3] મન, ત્યારે પ્રગટિયા ઘનશ્યામ ॥ ૪ ॥

**ચોપાઈ :**
મહા મોટા મત્સ્ય અવતાર રે, પણ રહ્યા તે જળ મોજાર રે ॥
માનવીએ તેને ન મળાય રે, વણ મળે અજ્ઞાન ન જાય રે ॥ ૫ ॥
અન્નજળ અંબર આભૂષણ રે, તેલ ફુલેલ સુગંધી પણ રે ॥
અત્તર ચંદન પુષ્પની માળા રે, તેણે પૂજી શું થયા સુખાળા રે ॥ ૬ ॥
કર્યાં કાંયેક જીવનાં કાજ રે, પછી પધાર્યા ધામ મહારાજ રે ॥
કચ્છ પ્રભુ પણ કૃપા કરી રે, આવ્યા જન અર્થે તન ધરી રે ॥ ૭ ॥
જે અર્થે આવ્યા અવિનાશ રે, કર્યો તે તને તેવો સમાસ[4] રે ॥
બહુ જીવને અર્થ ન આવ્યા રે, આવી દેવ દાનવ સમજાવ્યા રે ॥ ૮ ॥
વપુ વારાહ વાલમે લીધું રે, પૃથવીનું તે કાર્ય કીધું રે ॥
તેને પણ બીજા બહુ મળી રે, સુખ ન લીધું સેવીને વળી રે ॥ ૯ ॥
નૃસિંહ રૂપ ન ઉત્તમ તન રે, ધારી ઉદ્ધારિયા નિજજન રે ॥
પણ ક્રોધે ભર્યા ભયંકાર રે, કેમ સેવી શકે નરનાર રે ॥૧૦॥
વામનજીએ વપુને ધારી રે, લીધી પૃથ્વી પિંડ વધારી રે ॥

૧.અવતારરૂપ પ્રભુને ૨.કાર્ય ૩.ભક્તોનું ૪.ફાયદો; પોષણ

બલિ બોલે બાંધ્યો બહુ પેર રે, પછી વર દઈ વસિયા ઘેર રે ॥૧૧॥
પરશુરામ રૂપે પ્રગટ થઈ રે, કરી નક્ષત્રી પૃથવી લઈ રે ॥
તેમાં સહુને ન થયો સમાસ રે, સેવી સુખ ન પામિયા દાસ રે ॥૧૨॥
રામરૂપ ધરી થયા રાજ રે, કર્યાં મોટાં મોટાં બહુ કાજ રે ॥
તે તો લખાણાં લાખો ઠેકાણે રે, દેવ દાનવ માનવ જાણે રે ॥૧૩॥
પણ દીન દાસ રહી પાસ રે, પૂજી પૂરી કરી નહિ આશ રે ॥
શું આપીને ઓશિંગલ[1] થાય રે, રાંકે રાજાને કેમ પૂજાય રે ॥૧૪॥
કૃષ્ણાવતારમાં ક્રીડા કરી રે, બહુ તાર્યા એ અવતાર ધરી રે ॥
તે છે વાત પુરાણે પ્રસિદ્ધ રે, લખી વ્યાસજીએ બહુ વિધ રે ॥૧૫॥
દીધા સેવકને સુખ ભારી રે, સેવી સુખ પામ્યાં નર નારી રે ॥
પણ એમના એમ ન રહ્યા રે, પછી રાજઅધિરાજ થયા રે ॥૧૬॥
ત્યારે સહુને મળ્યાનું સુખ રે, ન રહ્યું થયું દાસને દુઃખ રે ॥
બુદ્ધ કલકી બે અવતાર રે, પ્રયોજને પૃથવી મોજાર રે ॥૧૭॥
તે તો કરી લિયે જ્યારે કામ રે, પાછા પધારે પોતાને ધામ રે ॥
એહ આદિ બહુ અવતાર રે, તે તો અવતારીના નિરધાર રે ॥૧૮॥
**પણ સર્વે રીતે સુખકારી રે, તે તો પુરુષોત્તમ અવતારી રે ॥**
**તેહ પોતે પધાર્યા છે આજ રે, અક્ષરધામના ધામી મહારાજ રે ॥૧૯॥**
માટે સર્વે રીતે સેવ્યા જેવા રે, આજ અલબેલો થયા છે એવા રે ॥
સહુ જનની પૂરવા હામ રે, આવ્યા આપે કહું ઘનશ્યામ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે દશમઃ પ્રકારઃ ॥૧૦॥***

**૧.**તેમની કૃપાના આભારી / ગરજું **૨.**સંભાળ

**દોહા:** **પુરુષોત્તમ પધારિયા, સર્વે અવતારના આધાર ॥**
**અગણિત જીવ આ જગતના, તે સહુની લેવા સાર[2] ॥ ૧ ॥**
સ્થૂળ સૂક્ષ્મ જે જળે સ્થળે, જિયાં જિયાં રહ્યા'તા જન ॥
તિયાં તિયાંથી તારિયા, આવી ભૂમિ પર ભગવન ॥ ૨ ॥
કોઈ પ્રકારનો પ્રાણધારી, પામિયા જે પ્રસંગ ॥
તે સહુ સુખિયા થયા, ગયા અક્ષરે થૈ શુદ્ધ અંગ ॥ ૩ ॥
જેમ અર્કને ઊગવે કરી, રહે નહીં અણુએ અંધાર ॥
તેમ સહજાનંદ સૂર્યથી, જન પામ્યા સુખ અપાર ॥ ૪ ॥

**ચોપાઈ :**

બહુ અવતારના જે દાસ રે, તેની પૂરી કરવાને આશ રે ॥
ધર્યું રૂપ અલૌકિક એવું રે, સહુને પૂજવા સેવવા જેવું રે ॥ ૫ ॥
સહુ લોકને આવિયો લાગ[1] રે,મળ્યો મહાસુખ લેવાનો માગ[2] રે ॥
મત્સ્યાદિકના રહ્યા'તા મુંઝાઈ રે, સેવી સુખ લેવા મનમાંઈ રે ॥ ૬ ॥
તે સહુનું ઊઘડિયું બાર[3] રે, નાના મોટાનું એક જ વાર[4] રે ॥
લિયો લાવો દાવો ભલો આવ્યો રે, આવ્યો અવસર આજ મન ભાવ્યો રે ॥ ૭ ॥
જેવી સમૃદ્ધિ જેવી સામગરી રે, તેવે પૂજો પ્રસન્ન થાશે હરિ રે ॥
અશન[5] વસન ભૂષણે ભાવ ભરી રે, પૂજો ફળ ફૂલ મૂળ કંદે કરી રે ॥ ૮ ॥
જળ દળ[6] જે જે કાંઈ મળે રે, પૂજો પૂજાશે આજ સઘળે રે ॥
કુંકુમ કસ્તુરી કપૂર કેસર રે, અર્ઘ્ય[7] અગર ચંદન અત્તર રે ॥ ૯ ॥
ધન ધાન્ય વૃક્ષ ને વાહને રે, ગાયે ગવા[8] મહિષી[9] સદને[10] રે ॥
વાડી ખેત્ર વસુંધરા વળી રે, સેજ પલંગ પાથરણાં મળી રે ॥૧૦॥
ગાદી તકિયા ઓછાડ ઓસીસે રે, જે જે આપશો તે આજ લેશે રે ॥

**૧**.મોકો, અવસર **૨**.સમય-વારો **૩**.દ્વાર **૪**.સમયે **૫**.અન્ન **૬**.પાંદડું **૭**.પૂજન માટે વાપરવા યોગ્ય **૮**.બળદ **૯**.ભેંસ **૧૦**.મકાનથી

કમળનાળ ડોડા ડોડી પાન રે, લઈ રાજી થાશે ભગવાન રે ॥૧૧॥
દૂધ મધ દહીં મહી વળી રે, ઘી ગોળ શર્કરા[૧] ગળી રે ॥
ઈક્ષુદંડ[૨] ખાંડ ને ખારેક રે, એહ આદિ વસ્તુ જે અનેક રે ॥૧૨॥
પાન બીડી લવિંગ સોપારી રે, જાયફળ એલા[૩] તજ સારી રે ॥
એહ આદિ જમવાનાં જેહ રે, આવે ઉત્તમ પૂજવામાં તેહ રે ॥૧૩॥
જે જે શુદ્ધ વસ્તુ સુખદાઈ રે, તે તે આવે સર્વે સેવામાંઈ રે ॥
એવો આજનો છે અવતાર રે, સહુ જીવને સુખ દેનાર રે ॥૧૪॥
હળી મળી પાસે રહિયે રે, પગ પૂજી સ્પર્શી સુખ લૈયે રે ॥
એમ સહુને બહુ સુગમ રે, થયા પોતે તે પૂરણ બ્રહ્મ રે ॥૧૫॥
સર્વે અવતારનો જે સંકોચ રે, ભાંગ્યો ભક્તનો ન રાખી પોચ[૪] રે ॥
મત્સ્ય કચ્છ વરાહ નરસિંગ રે, તે તો મનુષ્યથી વિજાતિ અંગ રે ॥૧૬॥
સજાતિ વિના સુખ ન આવે રે, માટે નરપ્રભુ[૫] ભક્તને ભાવે રે ॥
ધરે નર તન હોય નરેશ[૬] રે, તોયે બહુને ન હોયે ઉપદેશ રે ॥૧૭॥
વિપ્ર ક્ષત્રી ન સાંભળે વાત રે, વૈશ્ય શુદ્ર કરે વાત ઘાત રે ॥
માટે આ જે લીધો અવતાર રે, શોધી સારતણું ઘણું સાર રે ॥૧૮॥
સૌને સુગમ અગમ નહિ અણું રે, સર્વે આગમે[૭] નિગમે[૮] ઘણું રે ॥
થયા એવા પોતે પૂર્ણકામ રે, પૂરી સર્વે જીવની હામ રે ॥૧૯॥
તોયે વળતું વિચાર્યું છે એમ રે, બહુ જીવ તે ઉદ્ધરે કેમ રે ॥
દઈ દર્શન દોષ નિવારું રે, તેણે પામે પરમ ધામ મારું રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકાદશઃ પ્રકારઃ ॥૧૧॥***

**૧**.સાકર **૨**.શેરડીનો સાંઠો **૩**.એલચી **૪**.ઓછપ; ખામી **૫**.મનુષ્યરૂપ હરિ **૬**.રાજારૂપે **૭**.શાસ્ત્રોમાં **૮**.વેદોમાં

**દોહા :** મોટી મે'ર કરી હરિ, પધારિયા પૂરણકામ ॥
અનેક જીવને આપવા, પોતાનું પરમ ધામ ॥ ૧ ॥
દયાનિધિ દયા કરી, જીવ જક્તના ઉપર જોર ॥
તાન એક જીવ તારવા, ધારી વપુ[૧] ધર્મકિશોર ॥ ૨ ॥
અહોનિશ એ ઉપાયમાં, રહ્યા છે રાજ અધિરાજ ॥
અમિતને[૨] અભય[૩] કરવા, સોંપવા સુખ સમાજ ॥ ૩ ॥
પડતું મેલ્યું[૪] પૂજા સ્પર્શનું, દરશનનું રાખ્યું દાન ॥
જે જન નીરખે નાથને, તે પામે સુખ નિદાન[૫] ॥ ૪ ॥

**ચોપાઈ :**

એહ અર્થે કરે છે ઉપાય રે, નિત્ય નવા નવા મનમાંય રે ॥
જાણે સૌ જન દરશન કરે રે, ભાવે અભાવે નામ ઓચરે રે ॥ ૫ ॥
**લેતા સ્વામિનારાયણ નામ રે, થાયે પ્રાણી તે પૂરણકામ રે ॥**
**લેશે નામ નીરખશે નેણે રે, પરમ પ્રાપ્તિ પામશે તેણે રે** ॥ ૬ ॥
માટે મોટા ઉત્સવ સમૈયા રે, કરું જાયે નહિ કેણે કૈ'યા રે ॥
પછી ફૂલદોલ રામનૌમી રે, પ્રબોધની એકાદશી સૌમી[૬] રે ॥ ૭ ॥
તે દી આવે લાખો લેખે જન રે, કરે મહાપ્રભુનાં દરશન રે ॥
જુવે સભા સામું સુખકંદ રે, અમૃતદષ્ટિએ આપે આનંદ રે ॥ ૮ ॥
સહુ જન તણા તાપ હરે રે, સુખ શાંતિ અંતરમાં કરે રે ॥
સહુ સુખિયા થઈ જન મને રે, જાયે પોત પોતાને ભુવને રે ॥ ૯ ॥
રાત્યદી સાંભરે સ્વામી સંત રે, તેણે રાજી રહે છે અત્યંત રે ॥
કરતાં એ લીલાનું ચિંતવન રે, તેણે પામે પરમ ધામ જન રે ॥૧૦॥
એવા સમૈયા વરસો વરસ રે, કરે એક બીજાથી સરસ રે ॥

**૧.**નરદેહ **૨.**અનંતને **૩.**મુક્ત **૪.**બંધ કર્યું **૫.**નક્કી **૬.**ચંદ્ર-સુદ પક્ષની

તેમાં કૈક પૂજે કૈક સ્પરશે રે, સૌને આનંદના ઘન[1] વરસે રે ॥૧૧॥
નિત્ય નવી કરે નાથ લીળા રે, ત્યાગી ગૃહી કરી બહુ ભેળા રે ॥
સંત બટુ[2] સંન્યાસી સમોહ[3] રે, જેને કામ લોભ નહિ મોહ રે ॥૧૨॥
જોઈ એવાને જક્તના જન રે, સહુ કે'છે કરી ધન્ય ધન્ય રે ॥
સંત શ્રીહરિને દરશને રે, પામે મહા મોટો આનંદ મને રે ॥૧૩॥
એવા જન જગતમાં જેહ રે, પામ્યા અક્ષરધામને તેહ રે ॥
એવો કર્યો મોટો ઉપકાર રે, બહુ જીવ કરવા ભવપાર રે ॥૧૪॥
બંધ થઈ ગયા બીજા બાર રે, પરમ પદ પામ્યાં નરનાર રે ॥
જીવ સંયમનીએ[4] શીદ જાય રે, પ્રગટ પ્રભુ છે પ્રથવી માંય રે ॥૧૫॥
આજ શક્કો[5] સહજાનંદ તણો રે, બેઠો બળવંત બળિયાનો ઘણો રે ॥
જ્યારે પ્રગટિયા પ્રભુ પોતે રે, જોયા નજરે આવ્યા જીવ જોતે રે ॥૧૬॥
સ્વર્ગ મર્ત્યલોક ને પાતાળ રે, દીઠા તેને દુઃખિયા દયાળ રે ॥
તેને છોડાવ્યા બંધથી છેક રે, ગયા એ પણ ધામે અનેક રે ॥૧૭॥
બેસે રાજા ગાદી પર કોય રે, છોડે બંધિવાનના[6] બંધ સોય રે ॥
તેમ બંધથી છોડ્યા બહુ જન રે, પોતે પ્રગટી શ્રી ભગવન રે ॥૧૮॥
**મહા મોટો પ્રતાપ પ્રગટાવી રે, રીત નૌતમ ન્યારી ચલાવી રે ॥**
**જેને ઉપર નહિ બીજો કોય રે, તે તો જેમ કરે તેમ હોય રે ॥૧૯॥**
સૌના નાથ નિયંતા સ્વામી રે, સૌ ધામતણા પણ ધામી રે ॥
તે તો અઢળક આજ ઢળિયા રે, થયા સુખી જન જેને મળિયા રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વાદશઃ પ્રકારઃ ॥૧૨॥***

**૧.**વરસાદ **૨.**બ્રહ્મચારી **૩.**સમૂહ – મંડળ **૪.**જમપુરીમાં **૫.**મોટો પ્રભાવ; પડઘો **૬.**કેદીઓના

**દોહા :** દેશોદેશથી આવે દરશને, નિ'મધારી સહુ નરનાર ॥
આવીને નીરખે નાથને, તેણે લિયે સુખ અપાર ॥ ૧ ॥
સમૈયે સમૈયે સુખ દેવા, ઉત્સવ કર્યા અનેક ॥
દયા કરી દીનબંધુએ, જીવ નિર્ભય કરવા નેક ॥ ૨ ॥
તેહ જ અર્થે તાન છે, જીવ મોકલવા નિજધામ ॥
આવ્યા કારજ એ કરવા, ઘણે હેતે કરી ઘનશ્યામ ॥ ૩ ॥
એટલા માટે અનેક રીતે, કરે ઉપાય આઠું જામ[1] ॥
જ્યાં જ્યાં ઉત્સવ સમૈયા કર્યા, કહું તે તે ગામનાં નામ ॥ ૪ ॥

**ચોપાઈ :**

સહુથી મોર્યે ઉત્સવ માંગરોલ રે, થયા જન ત્યાં ભેળા અતોલ[2] રે ॥
પછી લોજે કરી બહુ લીળા રે, ત્યાં પણ થયા'તા જન બહુ ભેળા રે ॥ ૫ ॥
અગત્રાયે આઠમ[3] ઉત્સવ રે, કરી તાર્યા જીવ કૈ ભવ[4] રે ॥
ભલી ભાડેરે આઠમ ભજાવી રે, કરી લીલા માણાવદ્ર આવી રે ॥ ૬ ॥
મેઘપુરના ઉત્સવ માંઈ રે, દ્વિજ જમાડી કરી ભલાઈ રે ॥
પંચાળાનો સમૈયો પ્રસિદ્ધ રે, આપ્યાં સુખ સહુને બહુવિધ રે ॥ ૭ ॥
જૂનેગઢ જઈ મહારાજ રે, કરી ઉત્સવ કર્યાં બહુ કાજ રે ॥
ધોરાજીની લીલા ધન્યધન્ય રે, જોઈ જન થયા છે મગન રે ॥ ૮ ॥
કરિયાણામાં ઉત્સવ કીધો રે, બહુ જનને આનંદ દીધો રે ॥
ગઢડાની તો નહિ આવે ગણતી રે, યાં તો ઉત્સવ કર્યા છે અતિ રે ॥ ૯ ॥
કારિયાણીના કેટલાક કહું રે, યાં તો લીલા કરી બહુ બહુ રે ॥
સારંગપુર છે સારું ગામ રે, કરી ઉત્સવ સાર્યું સૌનું કામ રે ॥૧૦॥
બોટાદમાં લીલા બહુ બની રે, ભલી ભજાવી[5] છે હુતાશની રે ॥

**૧.**આઠેય પહોર=૨૪ કલાક **૨.**અપાર **૩.**જન્માષ્ટમી **૪.**સંસાર-સાગર **૫.**ઊજવી-મનાવી

લોયે લીધો સહુ જને લાવ રે, પૂરા કર્યા છે ભક્તના ભાવ રે ॥૧૧॥
નાગડકાની લીલા જન જાણે રે, સારો સમૈયો સુંદરિયાણે રે ॥
કરમડની વાત શું કહું રે, નાથ નીરખી સુખી થયાં સહુ રે ॥૧૨॥
કાળુતલાવ માંડવી તેરા રે, કર્યા ભૂજે ઉત્સવ કઈ વેરા[૧] રે ॥
મછિયાવ્યમાં મહારાજ આવી રે, ભલી હુતાશની ત્યાં ભજાવી રે ॥૧૩॥
જેતલપુરમાં જગન કીધા રે, કંઈ જનને શરણે લીધા રે ॥
અમદાવાદની ચોરાશી કીધી રે, કર્યું ખોખરે કામ પરસિધિ[૨] રે ॥૧૪॥
આદરોજનો અન્નકૂટ કીધો રે, કર્જીસણે જને લાવો લીધો રે ॥
સિદ્ધપુરનો સમૈયો સુંદર રે, કર્યો અલબેલે આનંદભર રે ॥૧૫॥
વડથલ પીપળી તવરા કાવ્યા રે, થયા સમૈયા પોતે ન આવ્યા રે ॥
ડભાણની લીલા કહી દાખું રે, જિયાં જન મળ્યા હતા લાખું રે ॥૧૬॥
વડતાલની લીલા વખાણી રે, લખે લખતાં મેં ન લખાણી રે ॥
વડોદરામાં વાલ્યમ જઈ રે, તાર્યા જન દરશન દઈ રે ॥૧૭॥
સુરત પધારી શ્યામ સુંદર રે, તાર્યાં દરશને કઈ નારી નર રે ॥
ધર્મપુરમાં ધરિયો મુગટ રે, કર્યો વાંસદે ઉત્સવ અમટ[૩] રે ॥૧૮॥
એહ રીત્યે બીજે ઘણે ગામ રે, સંગે સંત લઈ ફર્યા શ્યામ રે ॥
એમ પવિત્ર કરી પૃથવી રે, તાર્યા જીવ કાઢી રીત નવી રે ॥૧૯॥
અતિ આનંદ જનને પમાડ્યું રે, બ્રહ્મમો'લનું બાર ઉઘાડ્યું રે ॥
સહુ જાઓ ધામમાં આ સમે રે, સ્વામી સહજાનંદને હુકમે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે ત્રયોદશઃ પ્રકારઃ ॥૧૩॥***

**૧**.ઘણી વખત **૨**.પ્રખ્યાત **૩**.ભુલાય નહિ તેવો

**દોહા :** એમ અનેક ઉત્સવ કર્યા, ફર્યા વળી ગામોગામ ॥
આપી દરશન આપનું, જન કર્યા પૂરણ કામ ॥ ૧ ॥
દેશ પ્રદેશે પધારિયા, જન હેતે જીવન પ્રાણ ॥
પરમારથ અર્થે કરી, પ્રગટ્યા શ્યામ સુજાણ ॥ ૨ ॥
દયાળે દયા કરી, ધરી મૂરતિ મંગળરૂપ ॥
જે જે પ્રસંગ જન પામિયા, તે થયા શુદ્ધ સ્વરૂપ ॥ ૩ ॥
નખશિખ રૂપ નાથનું, જાણો કલ્યાણના છે કોટ ॥
જેણે નીર્ખ્યા નયણે ભરી, તેને ના રહી કંઈ ખોટ ॥ ૪ ॥

**ચોપાઈ :**

જેણે જોયાં ચરણ રૂપાળાં રે, સોળે ચિહ્ન સહિત શોભાળાં રે ॥
પગ જમણા અંગોઠામાં રેખ રે, જોઈ મીટે તે મેષોનમેષ[1] રે ॥ ૫ ॥
જેણે પગ આંગળી વળી પેખી રે, પામ્યા ધામ ધન્ય કમાઈ લેખી રે ॥
નખ જોયા છે જેણે નિહાળી રે, જોઈ ફણાની[2] શોભા રૂપાળી રે ॥ ૬ ॥
ઘૂંટી પેની પીંડી પેખી હામે[3] રે, તે તો પો'તા[4] છે અક્ષર ધામે રે ॥
જાનુ ઉરુ જોયા જેણે ઝાંખી રે, દૂંદ[5] ફાંદ જોઈ રુદે રાખી રે ॥ ૭ ॥
કટિ જોઈ મોહ્યું મન જેનું રે, થયું અક્ષરમાં ઘર તેનું રે ॥
જોઈ નાભિને નયણાં ભરી રે, વળી પેટ જોયું પ્રેમે કરી રે ॥ ૮ ॥
નલ સ્તન નીરખિયા જેણે રે, કર્યો વાસ અક્ષરમાં તેણે રે ॥
છાતી હૈયું જોયું જેણે હેરી[6] રે, પામ્યા પ્રાપ્તિ તે ધામ કેરી રે ॥ ૯ ॥
કુખ પડખાં બે જે બગલું રે, તે જોઈ કરી લીધું છે ભલું રે ॥
ખભા ભુજા જોઈ જેણે દગે રે, તેહ પામ્યા ધામ ઉછરંગે રે ॥૧૦॥
બેઉ ડેડરિયો[7] બહુ રૂપાળી રે, કોણી કળાઈ[8] જેણે નિહાળી રે ॥

**૧**.મટકા રહિત **૨**.પગના આંગળીવાળા આગળના ભાગની **૩**.હોંશે **૪**.પહોંચ્યા **૫**.ઊપડતી **૬**.પ્રીતિથી નીરખીને **૭**.હાથનો ઉપલો ભાગ **૮**.કોણીથી કાંડા સુધીનો ભાગ

કાંડાં કરભ જોઈ મન મોહ્યું રે, હાથ હથેળિયે ચિત્ત પ્રોયું રે ॥૧૧॥
જોઈ જે જને રેખા રૂપાળી રે, પામ્યા બ્રહ્મમો'લ ભાગ્યશાળી રે ॥
પોંચે પાંચ આંગળી પ્રવર[૧] રે, નીરખી તસુ[૨] ટેરવાં[૩] સુંદર રે ॥૧૨॥
નખ નીરખી હરખશે ઉર રે, જાશે બ્રહ્મમો'લે તે જરૂર રે ॥
કર સુંદર જોશે બે સાર રે, નીરખે પરમ સુખના દેનાર રે ॥૧૩॥
કંઠ ખાડા વચ્ચે એક તિલ રે, દાઢી હોઠ દાંત જે અવલ[૪] રે ॥
જિહ્વા નાસિકા કપોળ[૫] સારા રે, જોયે પરમ સુખના દેનારા રે ॥૧૪॥
ડાબા કાનમાં બિંદુ જે શ્યામ રે, જે જુવે તે પામે સુખધામ રે ॥
વાંસે તિલ મોટો જોયો જેણે રે, ખરું કર્યું ધામે જાવા તેણે રે ॥૧૫॥
આંખ્યો પાંપણો ભ્રકુટિ ભાળી રે, ભાલ વચ્ચે રેખા જે રૂપાળી રે ॥
નલવટ[૬] તાળું[૭] છે રૂપાળું રે, જેણે જોયું મુખ મરમાળું રે ॥૧૬॥
વળી કેશ જોયા શ્વેત શ્યામ રે, તે સહુ પામિયા પરમ ધામ રે ॥
જેણે નખશિખ નીરખ્યા નાથ રે, તે તો સૌ જન થયા સનાથ રે ॥૧૭॥
એવા સર્વે અંગે સુખકારી રે, જેણે જોયા તેનાં ભાગ્ય ભારી રે ॥
એવી મૂરતિ મંગળરૂપ રે, નખશિખા લગી સુખ સ્વરૂપ રે ॥૧૮॥
નથી એમાં અમંગળ અણું રે, શું હું કહી દેખાડું ઘણું ઘણું રે ॥
મૂર્તિ મનોહર છે મરમાળી રે, બ્રહ્મમો'લ જવાય એને ભાળી રે ॥૧૯॥
અતિ અનુપમ છે જો અકળ રે, બહુ સહુથી છે જો સબળ[૮] રે ॥
એ તો સર્વના કારણ આવ્યા રે, જે કોઈ સ્વામી સહજાનંદ કાવ્યા રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુર્દશઃ પ્રકારઃ ॥૧૪॥***

**૧**.શ્રેષ્ઠ; સુંદર **૨**.આંગળીના વેઢા **૩**.આંગળીઓના છેડા **૪**.અનુપમ **૫**.ગાલ **૬**.કપાળ **૭**.માથાનો છેક ઉપરનો ભાગ; તાળવું **૮**.બળિયા; મહાપ્રતાપી

**દોહા :** જગજીવન જગ કારણે, પોતે પ્રગટિયા પરબ્રહ્મ ॥
સુખદાયક જન સહુના, પૂરણ પુરુષોત્તમ ॥ ૧ ॥
**સુંદર મૂર્તિ સોયામણી, અતિ રૂપાળી રંગરેલ ॥**
**મનભાવન મહારાજની, છબી શોભાએ ભરેલ ॥ ૨ ॥**
એવી મૂર્તિ અવલોકીને, કહો કોણ ન કરે પ્રીત ॥
જન જુવે જે ઝાંખી કરી, તેનું ચોરાઈ જાયે ચિત્ત ॥ ૩ ॥
જે જે ક્રિયા જગદીશ કરે, જન ધરે તેનું ધ્યાન ॥
તે તે જાયે હરિધામમાં, નકી વાત નિદાન ॥ ૪ ॥

**ચોપાઈ :**

જે જે રીતે જોયા જગપતિ રે, તે તે પામિયા પરમ પ્રાપતિ રે ॥
સુતાં જાગતાં દાતણ કરતાં રે, તેલ ફુલેલ અત્તર ચોળતાં રે ॥ ૫ ॥
ના'તાં અંગે અંબર[૧] પે'રતાં રે, વળી ચાખડી પર ચડતાં રે ॥
શ્વેત પછેડી અંગે ઓઢતાં રે, દીઠા જીવન જેણે જમતાં રે ॥ ૬ ॥
જમ્યા જે જાયગા જેને ઘેર રે, શાક પાક સુંદર સારી પેર રે ॥
લેહ્ય[૨] ચોષ્ય ભક્ષ્ય ભોજન[૨] રે, દીઠા જમતાં જેણે જીવન રે ॥ ૭ ॥
એવી મૂર્તિ જે જને જોઈ રે, પામ્યા પરમ ધામને સોઈ રે ॥
જોયા જીવનને પૂજ્યા જને રે, કુંકુમ કસ્તુરી સુગંધી ચંદને રે ॥ ૮ ॥
અંગે દિગંબર વાઘાંબર રે, મૃગાજિન[૩] ને દીઠાં ટાટાંબર[૪] રે ॥
ગોદડી ને ચાદર ચોફાળ રે, દીઠાં ઓઢેલે દીનદયાળ રે ॥ ૯ ॥
ધોતી ગૂડકી[૫] ગૂઢે રંગ રેટે[૬] રે, કસી[૭] કમર દુશાલ[૮] ફેંટે રે ॥
અંગરખી સુરવાળ જામે રે, જોઈ કૈક ગયા હરિધામે રે ॥૧૦॥

---

**૧**.વસ્ત્ર **૨**.લેહ્ય : ચાટીને ખાવા યોગ્ય, ચોષ્ય : ચૂસીને ખાવા યોગ્ય, ભક્ષ્ય : રાંધ્યા વિના જ બટકા ભરીને ખાવા યોગ્ય, ભોજ્ય : રાંધીને તૈયાર કરેલું ખાદ્ય. **૩**.મૃગચર્મ **૪**.કંતાનનું કાપડ **૫**.ચોરણી **૬**.કમરે બાંધવાનું કાપડ **૭**.બાંધી **૮**.કાશ્મીરી શાલ

ડગલી સોનેરી રૂપેરિયે રે, કિનખાપની હૈયે ધારિયે રે ॥
ડગલી જરીની બોર કસુંબાવાળી રે, ચકમો[1] પટુપાંમરી[2] રૂપાળી રે ॥૧૧॥

બોરી ચોફાળ શાલ દુશાલે રે, ડગલી ગર્મ પોસની રૂમાલે રે ॥
પાઘ કસુંબી સોનેરી સારી રે, બાંધી બોકાની લિયે ઉર ધારી રે ॥૧૨॥

મુગટ કુંડળ મનમાં ધારે રે, ટોપી કેવડા ફૂલની સંભારે રે ॥
ગુંજાહાર[3] જોયા કરી હામે રે, તે તો જન ગયા હરિધામે રે ॥૧૩॥

તોરા ગજરા ને કંકણ[4] રે, હાર ફૂલના જોયા અનગણ[5] રે ॥
મોતી પરવાળાં ને કપૂર રે, તેના અતિ શોભે હાર ઉર રે ॥૧૪॥

વેઢ વીંટીને કડાં સોનાને રે, ખોશ્યાં ફૂલ સોનાનાં બે કાને રે ॥
એહ આદિ આભૂષણ ભારી રે, ધર્યાં અંગે એવી છબી ધારી રે ॥૧૫॥

જેહ જન કરે છે ચિંતવન રે, તે થાય છે પરમપાવન રે ॥
બેઠા ખાટ પાટ ને પલંગે રે, જોયા ખુર્સી ઢોલિયે ઉમંગે રે ॥૧૬॥

સાંગામાંચી[6] ગાદી ચાકળે રે, મેડે મંચે[7] આસન સઘળે રે ॥
ગોખવાણ વંડી દેવોલે રે, કુબા ઘર મેડી આદિ બોલે રે ॥૧૭॥

મંદિર મંડપ દલિચા ચાદરે રે, તંબુ રાવટિયે બહુ વેરે રે ॥
અટારી અગાશી ઓટે આંગણે રે, દીઠા તિયાં બેઠા ભાવ ઘણે રે ॥૧૮॥

ગાડી વે'લ્ય આદિ જે વાહન રે, ગજ બાજે બેઠા જોયા જન રે ॥
તે જન જાશે બ્રહ્મમો'લ માંઈ રે, તેમાં સંશય કરશો મા કાંઈ રે ॥૧૯॥

એમ શ્રીમુખે કહ્યું તે સંભારી રે, વાત લખી છે સારી વિચારી રે ॥
તે તો જૂઠી નથી જરાભાર રે, સહુ નિશ્ચે જાણો નિરધાર રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચદશઃ પ્રકારઃ ॥૧૫॥***

**૧.**ઊનનો જાડો કામળો **૨.**ગરમ પછેડી **૩.**ચણોઠીના હાર **૪.**હાથનાં કડાં **૫.** અગણિત **૬.**નાની ખાટલી **૭.**ઊંચા સ્ટેજ ઉપર

**દોહા :** એમ કહ્યું'તું કૃપા કરી, હરિજન પર કરી હિત ॥
જે જે મેં લીલા કરી, તે જન ચિંતવજો નિત ॥ ૧ ॥
જનમ કરમ[૧] જે માહેરાં[૨], ગાયે સાંભળે સંભારે સોય ॥
તે જન જરૂર જાણજો, મારા ધામના વાસી હોય ॥ ૨ ॥
એમાં કાઈ અટપટું નથી, જાણી લેજો જન જરૂર ॥
અન્ય ઉપાય અળગા કરી, ધારી લિયો એટલું ઉર ॥ ૩ ॥
**ભવજળ પાર ઊતરવા, જાણો મારાં ચરિત્ર છે ઝાજ[૩] ॥**
**માટે સૌને સંભારવાં, એમ શ્રીમુખે કહે મહારાજ ॥ ૪ ॥**

**ચોપાઈ :**

એ છે વાત ધારવા જેવી રે, ધારી વિચારી સહુને લેવી રે ॥
જોવા મુક્તને મધ્યે મહારાજ રે, સહુ લઈ પોતાનો સમાજ રે ॥ ૫ ॥
પૂજ્યા મુનિએ બહુ પરકારે રે, સુંદર લઈ ષોડશ ઉપચારે રે ॥
કરે સ્તુતિ મુનિ જોડી હાથ રે, એવી રીત્યે સંભારે જે નાથ રે ॥ ૬ ॥
એ તો ચિંતવન છે જો એવું રે, બ્રહ્મમો'લે લઈ જાવા જેવું રે ॥
વળી મળતા[૪] મુનિને મહારાજ રે, લેતા ચરણ છાતિયે મુનિરાજ રે ॥ ૭ ॥
વળી જમાડતા મુનિજન રે, ભાત્ય ભાત્યનાં લઈ ભોજન રે ॥
પ્રેમે પિરસતા પોતે નાથ રે, લઈ લાડવા જલેબી હાથ રે ॥ ૮ ॥
ના ના કરતા જમાડતા જોરે રે, એવી મૂર્તિ સંભારો નિશભોરે[૫] રે ॥
આપે મુખમાં લાડુ જલેબી રે, આવે સુખ સંભારે એ છબી રે ॥ ૯ ॥
દેતા દહીં દૂધ દોવટ[૬] રે, ઢોળી માથે હસી ચાલે ચટ રે ॥
ખાંડ સાકર દેતા પોશ[૭] ભરી રે, એવી મૂર્તિ રાખો રુદે ધરી રે ॥૧૦॥

**૧**.કાર્યો; ચરિત્રો **૨**.મારાં **૩**.મોટું વહાણ **૪**.ભેટતા **૫**.રાત-દિવસ **૬**.બમણું **૭**.બે હાથનો ખોબો

એમ સંભારતાં ઘનશ્યામ રે, નિશ્ચે પામશો પરમ ધામ રે ॥
વળી ચિંતવો ચટકતી ચાલ રે, જોતાં લટકાં થાશો નિહાલ રે ॥૧૧॥

હસવું બોલવું રમવું સંભારી રે, ત્રોડે તાન તાળી સુખકારી રે ॥
અંગ દબાવતાં અવિનાશ રે, બહુ બળે દાબતા તે દાસ રે ॥૧૨॥

શીત ઋતુમાંહિ સંભારતા રે, જોયા છાતી કાઢીને તાપતા રે ॥
ચકમો ચોફાળ ને રજાયે રે, એવા સંભારી રાખો ઉરમાંયે રે ॥૧૩॥

ઉષ્ણ ઋતુમાંહિ અવિનાશી રે, સંભારતા મૂર્તિ સુખરાશી રે ॥
નાંખે પંખે શું દાસ પવન રે, શીતળ છાયાયે બેસી જીવન રે ॥૧૪॥

પીતા નીર નિર્મળ નાથ રે, પેટ ઉપર ફેરવતા હાથ રે ॥
પીતાં પય શરકરા[૧] સારી રે, એવી મૂર્તિ રાખો ઉર ધારી રે ॥૧૫॥

ચોમાસામાં ઓઢેલ કામળી રે, ધરી છતરી શિરપર વળી રે ॥
એમ સંભારી શ્યામ સુખકારી રે, થાયે અક્ષરધામ અધિકારી રે ॥૧૬॥

હૈયે હાર અપાર સહિતે રે, રાખે હરિમૂર્તિ હેતે પ્રીતે રે ॥
સુંદર ચાંદલા સહિત લલાટ રે, જોવું બ્રહ્મમોહોલ જાવા માટ રે ॥૧૭॥

જે જે રીત્યે જોયા જન જેણે રે, કરી લીધું નિજ કાજ તેણે રે ॥
જે જે એમ ચિંતવે છે જન રે, તે તે પામે અક્ષર પત્તન[૨] રે ॥૧૮॥

એવો મોટો છે આ અવતાર રે, સર્વે રીતે છે સહુને પાર[૩] રે ॥
ઘનશ્યામ નામનો એ અર્થ રે, કરવા હરિ સહુને સમર્થ રે ॥૧૯॥

તેમ સહુ જનને સુખ દેવા રે, પ્રભુ પ્રગટ્યા આ સમે એવા રે ॥
આપ્યો બહુ જનને આનંદ રે, સુખદાયક શ્રીસહજાનંદ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ષોડશઃ પ્રકારઃ ॥૧૬॥***

**૧.**દૂધ-સાકર **૨.**ધામ. **૩.**સર્વપ્રકારે સર્વોપરી

## પ્રકાર : ૧૭

**દોહા:** વળી સંભારવા શ્રીહરિ, જેવી રીતે જોયા હોય ॥
સુખ થાવાની સંપત્તિ, એહ જેવી બીજી નહિ કોય ॥ ૧ ॥
અન્ન વિના જેમ ભૂખ ન ભાંગે, તૃષા જાયે નહિ વણ તોય[1] ॥
શીત ન વીતે વહ્નિ વિના, તેમ નાથ વિના સુખ નોય ॥ ૨ ॥
ઇચ્છે સુખ કોઈ અંતરે, તે સંભારે સુંદર શ્યામ ॥
જે સંભારે સુખ ઊપજે, વળી પામિયે પરમ ધામ ॥ ૩ ॥
જેમ રવિ મંડળે રજની[2] નહિ, શશીમંડળે નહીં તલ[3] તાપ ॥
તેમ મૂર્તિ મહારાજની, હરણ સર્વે સંતાપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એવી મૂર્તિ અતિ સુખકારી રે, સહુને રાખવી હૃદે સંભારી રે ॥
બેઠા દીઠા દીવી અજવાળે રે, હાંડી[4] મેતાબ[5] રૂડે રૂપાળે રે ॥ ૫ ॥
જોયા શશી સૂર્યને તેજે રે, એહ વિના પ્રકાશ બીજે રે ॥
જળમળતી[6] મૂરતિ જોવી રે, જોઈ ચિત્તમાંહિ પરોવી રે ॥ ૬ ॥
વસંત ઋતુએ વસન[7] વસંતિ રે, પે'ર્યાં હોય અનુપમ અતિ રે ॥
રમતાં દીઠા હોયે સખા સંગે રે, રંગભીનો ભર્યા અતિ રંગે રે ॥ ૭ ॥
નાંખે પિચકારી વારિ[8] ભરી રે, નિજજન પર હેતે હરિ રે ॥
વળી નાખે ગુલાલ લાલ ઘણો રે, સંભારે એ સમો સોયામણો રે ॥ ૮ ॥
એહ મૂર્તિ ધારતાં ઉર રે, બ્રહ્મમો'લે જાવાનું જરૂર રે ॥
વળી રંગભીનો ભર્યા રંગે રે, જેવા જોયા હતા સખા સંગે રે ॥ ૯ ॥
ના'તા નદી નદ ને તળાવે રે, કુંડ કૂવા ને સાગર વાવ્યે રે ॥
તે તો થયાં સરવે તીરથ રે, જેમાં ના'યા શ્રીહરિ સમરથ રે ॥૧૦॥
એવી મૂર્તિ મળી છે જેને રે, કાંઈ બીક ન રાખવી તેને રે ॥

---

**૧.**પાણી **૨.**રાત્રિ **૩.**લેશ **૪.**પારદર્શક રંગીન કાચવાળો લટકતો દીવો **૫.**મશાલ **૬.**ચમકતી; તેજાયમાન **૭.**વસ્ત્રો **૮.**પાણી

કરી લીધું છે સર્વે કામ રે, તન છૂટે જાશે નિજધામ રે ॥૧૧॥
વળી સંભારવા સખા સાથે રે, ચડ્યા ઘણા મૂલા[૧] ઘોડા માથે રે ॥
ધરી ઢાલ અલૌકિક અસિ[૨] રે, છડી લાકડી ને વળી બંસી રે ॥૧૨॥
ખેલે સાંગ્ય[૩] કમાન ને તીરે રે, બાંધ્યો કટાર તે મહાવીરે[૪] રે ॥
છતર ચમર અબદાગરિયે રે, એવી મૂર્તિ અંતરમાં ધરિયે રે ॥૧૩॥
બેઠા આંબા આંબલી છાંયડે રે, આસોપાલવ પીંપર વડે રે ॥
પીપલ બકોલ ને બોરસડિયે રે, બીજાં બહુ તરુ[૫] બોરડિયે રે ॥૧૪॥
જે જે વૃક્ષે બેઠા દીઠા નાથ રે, ત્યાં ત્યાં સંભારવા સખા સાથ રે ॥
એહ સંભારતાં અહોનિશ રે, થાય બ્રહ્મમો'લે પરવેશ રે ॥૧૫॥
એમ અનેક વિધે આ વાર રે, ઉઘાડ્યું છે કલ્યાણનું બાર રે ॥
વળી બેઠા હોય જે તે જાગે[૬] રે, ફૂલવાડી ઝાડી બહુ બાગે રે ॥૧૬॥
વન ઉપવન[૭] એહ આદિ રે, દીઠી મૂર્તિ રૂપાળી રાયજાદી[૮] રે ॥
વળી રાજા રંકને ભવને રે, શેઠ શાહુકારને સદને રે ॥૧૭॥
જોયા લોક પટેલને[૯] ઘેર રે, વળી બ્રહ્મસભામાં[૧૦] બહુ વેર[૧૧] રે ॥
એમ જ્યાં જ્યાં જોયા જગપતિ રે, મહામનોહર મૂરતિ રે ॥૧૮॥
ત્યાં ત્યાં સંભારતાં ઘનશ્યામ રે, સરે જાણજો સઘળાં કામ રે ॥
એમ સોંઘું કર્યું છે કલ્યાણ રે, સહુ જાણજો જન સુજાણ રે ॥૧૯॥
જે જે આ સમે પામ્યા જનમ રે, નથી કોય કે'વાતું તેને સમ રે ॥
જેમ પારસને[૧૨] કોઈ પામે રે, તેનાં સર્વે સંકટ વામે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તદશઃ પ્રકારઃ ॥૧૭॥***

**૧.**અતિ કીમતી **૨.**તલવાર **૩.**ભાલા જેવું હથિયાર **૪.**અતિ શૂરવીર - મહારાજે **૫.**વૃક્ષ **૬.**સ્થાને **૭.**બગીચો **૮.**શ્રેષ્ઠતમ **૯.**ગામના આગેવાનને **૧૦.**બ્રાહ્મણોની સભામાં **૧૧.**વખત **૧૨.**લોખંડનું સોનું બનાવે તેવા મણિને

**દોહા :** એમ અનેક રીત્યે વળી ઉરમાં, જે સંભારે સુંદર શ્યામ ॥
તે તન છૂટે પામશે, અખંડ અક્ષર ધામ ॥ ૧ ॥
મંગળકારી સારી મૂરતિ, ધરી આજ દેવા આનંદ ॥
એહ મૂર્તિની સ્મૃતિયે, તર્યા કંઈક જનનાં વૃંદ ॥ ૨ ॥
સુખનિધિ આ સંસારમાં, સહુ જન જાણો જરૂર ॥
મૂરતિ શ્રી મહારાજની, દઢ ધારવા જેવી ઉર ॥ ૩ ॥
જેમ જેમ જોયા જગદીશને, તેમ તેમ સંભારે સંત ॥
સર્વે આચરણને સંભારતાં, પામે સુખ અત્યંત ॥ ૪ ॥

**ચોપાઈ :**

વળી સંભારવા ઘનશ્યામ રે, પુરુષોત્તમ પૂરણકામ રે ॥
કેને દેતા ફૂલડાંની માળ રે, કેને દેતા પ્રસાદીના થાળ રે ॥ ૫ ॥
કેને દેતા વસ્ત્ર ને ઘરેણાં રે, કેને ફળ દલ સુખદેણાં[1] રે ॥
કેને અન્નકણ કોરી[2] રૂપૈયા રે, દિયે નાથ દેખીને દુઃખિયા રે ॥ ૬ ॥
કેને આપે છે ઘોડા ઘરેણાં ભારી રે, કેને આપે છે પાઘ ઉતારી રે ॥
એવા દીનબંધુ છે દયાળુ રે, સંભારતાં થાયે જો સુખાળુ રે ॥ ૭ ॥
કેને મળે છે બાથમાં ઘાલી રે, કેને મગન કરે ચરણ આલી રે ॥
કેને મીઠી વાણ્યે બોલાવે રે, કહે એવું જેવું એને ભાવે[3] રે ॥ ૮ ॥
કેને અમૃત દષ્ટે નિહાળે રે, જોઈ જનતણા તાપ ટાળે રે ॥
કેને બેસારે પ્રભુજી પાસ રે, કેને સાથે કરે હરિ હાસ રે ॥ ૯ ॥
એવી મૂરતિ અંતર ધારી રે, સૂતાં બેઠાં રાખે જે સંભારી રે ॥
તે સૌ અક્ષરના અધિકારી રે, થાશે નિશ્ચે કરી નર નારી રે ॥૧૦॥
જાણો આદ્ય અંત ને મધ્યે રે, સુખી થયા શ્યામ સંબંધે રે ॥

**૧.**સુખ દેતા **૨.**ચાંદીના સિક્કા **૩.**ગમે

જેણે જોયા જગનો આધાર રે, તેનો બેડો થયો ભવપાર રે ॥૧૧॥
હસતા રમતા ભમતા ભોમે રે, દીઠા જોઈ રે'તા વાલો વ્યોમે[૧] રે ॥
વળી ગાતા વાતા ને ફરતા રે, કાજુ[૨] કરનાં[૩] લટકાં કરતા રે ॥૧૨॥
નીર ક્ષીર[૪] સમીર પીતા[૫] રે, આસન કરતા ને મૌન ગ્રહેતા રે ॥
એમ જે જે રીત્યે જને જોયા રે, નીરખી નાથને નયણે મોહ્યા રે ॥૧૩॥
તે તો પામિયા પરમ પ્રાપતિ રે, કરી અક્ષરધામમાં ગતિ રે ॥
આજ અનેક રીત્યે અવિનાશ રે, જોઈ સુખ પામ્યા બહુ દાસ રે ॥૧૪॥
એવો મોટો મહિમા મૂર્તિનો રે, નવીન સુખ પામવા નગીનો[૬] રે ॥
કહી કહી ને કહ્યું જે ઘણું રે, મોટું માહાત્મ્ય મૂર્તિ તણું રે ॥૧૫॥
તોયે જથારથ છે જેમ રે, કે'તાં કે'તાં ન કે'વાય તેમ રે ॥
આજ પ્રગટાવી પ્રતાપ રે, તાર્યા અનેક જીવને આપ રે ॥૧૬॥
સામર્થી સહુથી છે ન્યારી રે, વાવરી[૭] છે સમર્થ સુખકારી રે ॥
અનંત પોં'ચાડ્યા અક્ષરધામે રે, સુખદાયક શ્રી ઘનશ્યામે રે ॥૧૭॥
ધર્મ એકાંતિક તે સ્થાપિયો રે, નિજ આશ્રિતમાં તે વ્યાપિયો રે ॥
અસુર ગુરુ નૃપનો કીધો નાશ રે, નિજ સામર્થીએ અવિનાશ રે ॥૧૮॥
**પુરુષોત્તમ પોતે પધારી રે, લીધા અનેક જીવ ઉદ્ધારી રે ॥**
**આપ સામર્થી વાવરી ઘણી રે, જોઈ નહિ કરણી[૮] જીવતણી રે ॥૧૯॥**
આજ બહુ જન તારવા આવ્યા રે, આવી સ્વામી સહજાનંદ કા'વ્યા રે ॥
જે જન સમરશે સહજાનંદ રે, તે જન પામશે પરમ આનંદ રે ॥૨૦॥

***ઇતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે અષ્ટાદશઃ પ્રકારઃ ॥૧૮॥***

**૧.**આકાશમાં **૨.**સુંદર **૩.**હાથનાં **૪.**દૂધ **૫.**વાયુપાન-ઉપવાસ કરતા **૬.**અતિ શ્રેષ્ઠ **૭.**વાપરી **૮.**કર્મો, પાત્રતા

**પ્રકાર : ૧૯**

**દોહા :** દરશનનું કહી દાખિયું, કહું સ્પરશનું જે પુનિત ॥
સ્પર્શ કરી જન પામિયા, અતિ સુખ અમિત[1] ॥ ૧ ॥
સ્પર્શ પુરુષોત્તમનો, કહો જીવને થાશે કેમ ॥
એ વાત નથી વાત સરખી, સહુ ઉર વિચારજો એમ ॥ ૨ ॥
અમાયિક માયિકનો, જાણો મોંઘો થાવો મેળાપ ॥
ભાનુ[2] રજની[3] ભેળાં મળે, એવો કર્યો નથી કેણે થાપ ॥ ૩ ॥
તે અમળતી વાત મળી, વળી સ્પર્શ્યા પુરુષોત્તમ ॥
ત્રિલોકમાં વળી તેહની, શોધતાં ન મળે સમ ॥ ૪ ॥

**ચોપાઈ :**

પુરુષોત્તમ જે પરબ્રહ્મ રે, જેને નેતિ નેતિ કે' નિગમ રે ॥
અતિ દુર્લભ દર્શન જેનાં રે, ભવ બ્રહ્માને ન થાય તેનાં રે ॥ ૫ ॥
જ્યારે અજ[4] ઈશને[5] અગમ રે, ત્યારે મનુષ્યને ક્યાંથી સુગમ રે ॥
જેનાં દરશન પણ ન થાય રે, ત્યારે તેને કેમ સ્પર્શાય રે ॥ ૬ ॥
અતિ દરશ સ્પરશ જેનાં દૂર રે, તે તો કર્યા હરિયે હજૂર[6] રે ॥
માટે જે પ્રાણી પામિયા સ્પર્શ રે, તે તો થયા સહુથી સરસ રે ॥ ૭ ॥
જેને મળિયા હૈયામાં ઘાલી રે, તેને બેઠા છે અક્ષર આલી રે ॥
જેની છાપી છે ચરણે છાતી રે, તેની પ્રાપતિ નથી કે'વાતી રે ॥ ૮ ॥
જેને માથે હાથ મૂક્યો નાથે રે, તે તો મળી બેઠા મુક્ત સાથે રે ॥
જેને ચાંપવા આપ્યા છે ચરણ રે, તેને રહ્યું નહિ જન્મ મરણ રે ॥ ૯ ॥
જેણે અત્તર ચોળ્યાં છે અંગે રે, થયો સ્પર્શ એહ પ્રસંગે રે ॥
જેણે ચોળ્યું છે તેલ ફૂલેલ રે, અતિ સારી સુગંધી ભરેલ રે ॥૧૦॥
અંગે ચોળ્યું તેલ મીણતણું રે, એમ સ્પર્શાણું અંગ આપણું રે ॥

**૧.**અમાપ **૨.**સૂર્ય; દિવસ **૩.**રાત **૪.**બ્રહ્મા **૫.**શંકરને **૬.**હાજર; પ્રત્યક્ષ

એહ સ્પર્શનું ફળ જે પામે રે, જાયે તે જન અક્ષર ધામે રે ॥૧૧॥
વળી નવરાવતાં નાથને રે, થયો સ્પર્શ તેનો[1] હાથને રે ॥
અંગ ચોળી નવરાવ્યા નીરે રે, સ્પર્શ્યા હાથ તે નાથ શરીરે રે ॥૧૨॥
વસ્ત્ર પે'રાવતાં થયો સ્પર્શ રે, તે આપનાર સુખનો સરસ રે ॥
ચરચ્યાં ચંદન મળિયાગર[2] રે, સારી સુખડ્ય કાજુ કેસર રે ॥૧૩॥
કર્યો કુંકુમનો ચાંદલો રે, ભાવે કરી હરિભક્તે ભલો રે ॥
માળા પે'રાવતાં સ્પર્શ થયો રે, કુંડળ ધરતાં કર અડી ગયો રે ॥૧૪॥
બાજુ બેરખા બાંધતાં બાંયે[3] રે, પૂજા કરીને લાગતાં પાયે રે ॥
પૂજા કરતાં સ્પર્શાણું પંડ[4] રે, તે તો પામશે ધામ અખંડ રે ॥૧૫॥
લેતાં હાથોહાથ વળી તાળી રે, સ્પર્શી સુંદર મૂર્તિ રૂપાળી રે ॥
નખશિખા સ્પર્શતાં નાથ રે, ગયા સ્વધામે થઈ સનાથ[5] રે ॥૧૬॥
એવો સ્પર્શ પુરુષોત્તમ તણો રે, નથી કે'વાતો છે અતિ ઘણો રે ॥
સ્પર્શ્યા ચરણારવિંદ પાવન રે, સહુ જતને પૂજે છે જન રે ॥૧૭॥
સ્પર્શ્યા વસ્ત્ર છે પૂજવા જેવા રે, પૂજ્યાં ચંદન અંગધારી લેવા રે ॥
પૂજ્યા હાર તે પે'રવા હૈયે રે, જેથી અક્ષરધામમાં જૈયે રે ॥૧૮॥
જે જે વસ્તુ સ્પર્શી હરિ અંગ રે, તે તો કલ્યાણકારી જેમ ગંગ[6] રે ॥
સ્થાવર જંગમ જળ સ્થળ જેહ રે, થયાં હરિ સંબધે શુદ્ધ તેહ રે ॥૧૯॥
સ્પર્શી વસ્તુએ મંગળકારી રે, ત્યારે પુરુષોત્તમની રીત્ય ન્યારી રે ॥
માટે જેને સ્પર્શા પરબ્રહ્મ રે, તેને પરમ ધામ છે સુગમ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનવિંશઃ પ્રકારઃ ॥૧૯॥***

**૧.**પ્રગટ પ્રભુનો **૨.**મલય પર્વતમાં થતું સુગંધીદાર **૩.**હાથે **૪.**શરીર **૫.**ધન્ય **૬.**ગંગા નદી

**દોહા :** અશન વસન ભૂષન, વાહન વાસન જેહ ॥
પુરુષોત્તમને સ્પર્શતાં, થયાં શુદ્ધ સહુ એ તેહ ॥ ૧ ॥
માયિક તે અમાયિક થયાં, થયાં ગુણમય ગુણાતીત ॥
સ્પર્શતાં પરબ્રહ્મને, સહુ થયાં પરમ પુનીત[1] ॥ ૨ ॥
એવી રીત્યે અવિનાશિયે, કર્યો અનેક જીવનો ઉદ્ધાર ॥
પરમ ધામે પોં'ચાડિયા, અલબેલે આ વાર ॥ ૩ ॥
દરશ સ્પર્શ દયાળ દઈ, કર્યું કોટિ કોટિનું કલ્યાણ ॥
તેમ પરમ પરસાદી થકી, પમાડ્યા પદ નિર્વાણ[2] ॥ ૪ ॥

**ચોપાઈ :**

દીધા પરસાદીના બહુ થાળ રે, દયા કરીને દીનદયાળ રે ॥
ભોજન બહુ ભાત્ય ભાત્યનાં રે, આપ્યાં જેને જૂજવી જાત્યનાં રે ॥ ૫ ॥
મૂકી માથે હાથ નાથ દિયે રે, જન મગન મન કરી લિયે રે ॥
વળી આપે મુખમાંહી પાક રે, સુંદર ભોજન ને વળી શાક રે ॥ ૬ ॥
**જે જે જન પ્રસાદી એ પામ્યા રે, તે તો સર્વે સંતાપને વામ્યા[3] રે ॥**
**થયા નિર્ભય ભય બેઠા ટાળી રે, પામ્યા બ્રહ્મમોહોલ ભાગ્યશાળી રે ॥ ૭ ॥**
વળી પય[4] પાણી પીધેલ રે, તેહ જે જનને દીધેલ રે ॥
તેહ જન જાશે બ્રહ્મમો'લ રે, તિયાં પામશે સુખ અતોલ રે ॥ ૮ ॥
દહીં મહી દૂધ ને જે ઘૃત[5] રે, આપ્યાં પોતાના જમેલ તર્ત રે ॥
જે જે જમેલ પ્રસાદી આલી રે, લાગી જમતાં પોતાને જે વા'લી રે ॥ ૯ ॥
તે પ્રસાદીને પરતાપે રે, જાશે અક્ષરે જમતલ[6] આપે રે ॥
વળી ફળ મૂળ દળ[7] દીધાં રે, જે જે જને હાથોહાથ[8] લીધાં રે ॥૧૦॥

**૧.**પાવન કરનાર **૨.**મોક્ષ **૩.**રહિત થયા **૪.**દૂધ **૫.**ઘી **૬.**પ્રસાદી જમનાર **૭.**પાંદડાં **૮.**ડાયરેક્ટ-સાક્ષાત્

ગોળ ખાંડ સાકર શેલડી રે, જમેલ નાથની જેહને જડી[1] રે ॥
ચણેચી ને વળી ચોળાફળી રે, મેથી મૂળા ને મોગરી વળી રે ॥૧૧॥

જે જે વસ્તુ પોતાની જમેલ રે, અર્ધી જમીને અરધી આપેલ રે ॥
એવી પોતાની છે પરસાદી રે, અનેક રીતની જે એહ આદિ રે ॥૧૨॥

જે જે પામિયા છે એહ જન રે, તે તો પો'ત્યા છે બ્રહ્મસદન રે ॥
ચણા ચણોલી મગ પરદેશી રે, રૂડાં શિંગોડાં જમ્યા જ્યાં બેશી રે ॥૧૩॥

પોંક ઘઉં ચણા બાજરીનો રે, ગળી ગુંદલી વળી મકાઈનો રે ॥
પોતે જમી આપી જે જીવને રે, તેહ લીધી હેતે કરી જને રે ॥૧૪॥

તેનાં ભાગ્ય નથી કે'વાં લાગ્ય રે, થઈ બ્રહ્મમો'લમાંઈ જાગ્ય રે ॥
વળી હરિ જમેલ મુખવાસ રે, આપ્યો નાથે જાણી નિજદાસ રે ॥૧૫॥

તે મુખવાસની વાત શી કહું રે, જે પામી સુખ પામિયા સહુ રે ॥
એમ બહુ રીતના મુખવાસ રે, પામી પામિયા બ્રહ્મમો'લે વાસ રે ॥૧૬॥

પ્રીતે પોતાની પ્રસાદી દઈ રે, જગે જીવ ઉદ્ધારિયા કંઈ રે ॥
દરશ સ્પરશ ને પ્રસાદી રે, જે જે જન પામ્યા રાયજાદી રે ॥૧૭॥

તે તો થયા અક્ષરના વાસી રે, એમ ઉદ્ધાર્યા આવી અવિનાશી રે ॥
વે'તી કીધી છે અક્ષરવાટ રે, જાવા જીવ સહુને એ માટ રે ॥૧૮॥

એમ અનેકને જો ઉદ્ધાર્યા રે, આપ પ્રતાપે પાર ઉતાર્યા રે ॥
છોટા મોટાને થઈ છે છૂટી રે, સૌને મળે છે પ્રાપ્તિ મોટી રે ॥૧૯॥

એમાં કૃપાનું કામ ન રહ્યું રે, સૌને એ ધામ સુગમ થયું રે ॥
મેલ્યા મોક્ષના છોડી વાવટા[2] રે, તાર્યા જગના જીવ સામટા[3] રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે વિંશતિતમઃ પ્રકારઃ ॥૨૦॥***

---

**૧.**મળી **૨.**વિજય ધ્વજ **૩.**બહુ બધા

**દોહા :** એહ રીતે અગણિતને, તાર્યા પોતાને પ્રસંગ ॥
તે પોં'ચાડ્યા પરમ ધામમાં, સહુને કરી શુદ્ધ અંગ ॥ ૧ ॥
જે જે જનને જાણજો, થયો શ્રી હરિનો સંબંધ ॥
તરત તેહ પ્રાણી તણા, છૂટી ગયા ભવ બંધ ॥ ૨ ॥
અતિશે સામર્થી આ સમે, વાવરતાં[1] ન કર્યો વિચાર ॥
ઉદાર મને આવિયા, જન તારવા જગ આધાર ॥ ૩ ॥
સુખનિધિ સહજાનંદજી, કીધી ઈચ્છા આણી ઉમંગ ॥
અનંત જીવ ઉદ્ધારિયા, એમ પોતાને પ્રસંગ ॥ ૪ ॥

**ચોપાઈ :**

મોટો પરતાપ મૂર્તિ તણો રે, કહ્યો થોડો ને રહી ગયો ઘણો રે ॥
હવે પોતાને સંગાથે સંત રે, આવ્યા છે જે મુક્ત અનંત રે ॥ ૫ ॥
તેહ દ્વારે ઉદ્ધાર્યા જે જન રે, તે પણ થયા પરમ પાવન રે ॥
જ્યાં જ્યાં ફરી મુક્તની મંડળી રે, કરી વાત જે જને સાંભળી રે ॥ ૬ ॥
સુણી વાત લાગી અતિ સારી રે, તે તો હેતે લીધી હૈયે ધારી રે ॥
પછી નિ'મ[2] ધારી નકી મને રે, રહ્યા જે જે જન વચને રે ॥ ૭ ॥
તે તો તન તજે જેહ વારે રે, આવે નાથ તેડવાને ત્યારે રે ॥
તેડી જાયે તે પોતાને ધામ રે, થાય તે જન પૂરણકામ રે ॥ ૮ ॥
વળી જેણે આપ્યું અન્ન જળ રે, કંદ મૂળ પાન ફૂલ ફળ રે ॥
એહ આપનાર જેહ જન રે, જાય ધામમાં થાય પાવન રે ॥ ૯ ॥
વળી હાથ જોડી પાયે લાગે રે, શીશ નમાવીને બેસે આગે રે ॥
સુણે શ્રદ્ધાયે વાત સંતની રે, બહુ પેરે સુબુદ્ધિવંતની[3] રે ॥૧૦॥
સુણી વાત લિયે ગુણ હૈયે રે, તે પણ ધામના નિવાસી કહિયે રે ॥

**૧.**વાપરતાં **૨.**વર્તમાનધર્મ **૩.**પરમ જ્ઞાની સંતની

વળી સંતને કોઈ સંતાપે રે, નિરમાની જાણી દુઃખ આપે રે ॥૧૧॥
તેની ભીડ્ય માંહિ[1] પોતે ભળી રે, કરે સંત તણી સા'ય વળી રે ॥
એવી રક્ષાના જે કરનાર રે, એવા જન ઉદ્ધાર્યા અપાર રે ॥૧૨॥
વળી સંત જાણી શીલવંત રે, નાખે માથે આળ[2] અત્યંત રે ॥
ખોટાં કલંક ધરે સંત શિર રે, પાપી આળ ચડાવી અચિર[3] રે ॥૧૩॥
તેનો પક્ષ લઈ પોતા માથે રે, કરે લડાઈ લબાડ[4] સાથે રે ॥
એહ પક્ષના જે લેનાર રે, જાય તે જન ધામ મોઝાર રે ॥૧૪॥
વળી ખાતાં પીતાં સંત જોઈ રે, લીધો ગુણ કે આવા ન કોઈ રે ॥
જોઈ વર્તવું[5] ને વળી વેશ રે, સુણી સારો લાગ્યો ઉપદેશ રે ॥૧૫॥
જેને વા'લી લાગી સંત વાત રે, રાખ્યાં નિ'મ થઈ રળિયાત[6] રે ॥
તેને તન છૂટે તતકાળ રે, આવે તેડવા દીનદયાળ રે ॥૧૬॥
તેને આપે અક્ષરમાં વાસ રે, મહાસુખ પામે છે તે દાસ રે ॥
કર્યો સંતનો દરશ સ્પરશ રે, ગાયા જિહ્વાએ સંતના જશ[7] રે ॥૧૭॥
તે પણ ધામના છે અધિકારી રે, ખરી વાત લખી છે વિચારી રે ॥
વાત શ્રીમુખથી સાંભળેલ રે, નથી બીજે તે ક્યાંયે લખેલ રે ॥૧૮॥
કહ્યું શ્રીમુખે શ્રી ભગવાને રે, તે મેં સાંભળ્યું છે મારે કાને રે ॥
આજ જીવ અનેક પરકારે રે, લઈ જાવા છે જો ધામ મારે રે ॥૧૯॥
એમ મને કહ્યું'તું મહારાજે રે, રાજી થઈને રાજ અધિરાજે રે ॥
તે પ્રમાણે લખ્યું છે લઈ રે, નથી મારા હૈયાની મેં કઈ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકવિંશતિતમઃ પ્રકારઃ ॥૨૧॥***

**૧**.મુશ્કેલીમાં **૨**.મિથ્યા આરોપ **૩**.તત્કાળ **૪**.સંતને હેરાન કરનાર એવા દુષ્ટજન **૫**.વર્તન **૬**.રાજી ૭.ગુણ; કીર્તિ

## પ્રકાર : ૨૨

**દોહા :** શ્રીમુખથી સુણી સામ્રથી, નથી કે'વાતી તે કોએ રીત ॥
કહિયે હૈયે સમાય નહિ, છે એવી આજની અગણિત ॥ ૧ ॥
એક સૂર પ્રકાશે સહુને, એક શશી કરે શીતળ ॥
એક મેઘ પલાળે પૃથવી, વરસાવી સુંદર જળ ॥ ૨ ॥
એહ એક પણ કરે એટલું, સહુને સરખો સમાસ ॥
આ તો અનેક રીતશું, આવ્યા ઉદ્ધારવા અવિનાશ ॥ ૩ ॥
જેમ જ્વાળા બાળે શુદ્ધાશુદ્ધને,[૧] શુદ્ધાશુદ્ધ પલાળે મેઘ ॥
શુદ્ધાશુદ્ધ સમઝે નહિ, જ્યારે વાયુ વાય કરી વેગ ॥૪॥

**ચોપાઈ :**

એમ આજ તાર્યા છે અપાર રે, ગુણાગુણ[૨] ન જોયા લગાર રે ॥
જેમ મોટો સદાવ્રતી હોય રે, તે તો ભૂખ્યાનું મુખ ન જોય રે ॥ ૫ ॥
તેમ આજ સદાવ્રત મોટું રે, બાંધ્યું છે તારવા જીવ કોટ્યું[૩] રે ॥
પશુ પંખી પન્નગ[૪] નરનારી રે, લીધાં આપ સામર્થિયે તારી રે ॥ ૬ ॥
દેવ દાનવ ભૂત ભૈરવ રે, એહ આદિ ઉદ્ધારિયા સરવ રે ॥
કીટ પતંગ પરજંત[૫] પ્રાણી રે, તાર્યા અગણિત લિયો જાણી રે ॥ ૭ ॥
જે જે આ સમે જગમાંય જીવ રે, થયા સત્સંગ સંબંધે શિવ[૬] રે ॥
જેમ એક હોય ચિંતામણિ રે, ટાળે પીડા તે ત્રિલોકતણી રે ॥ ૮ ॥
તેમ બહુ ચિંતામણિ હોય રે, ત્યારે દુઃખી રહે નહિ કોય રે ॥
સંત સંન્યાસી સતસંગી બટુ રે, એને સંબંધે પામે છે સુખ મોટું રે ॥ ૯ ॥
ચિંતામણિ ઘણી ઘણી હરિ રે, તેની વાત જાતી નથી કરી રે ॥
માટે હરિ હરિના જે દાસ રે, તેથી પામ્યાં કૈંક બ્રહ્મમો'લે વાસ રે ॥૧૦॥
**એનું આશ્ચર્ય માનો ન કોય રે, સમર્થથી શું શું ન હોય રે ॥**

**૧.**પાત્ર-અપાત્રને **૨.**ગુણ-અવગુણ **૩.**કરોડો **૪.**નાગ **૫.**પર્યંત; સુધી **૬.**શુદ્ધ; મુક્ત

**સમર્થ સરવ પરકારે રે, કરે તે તે જે જે મન ધારે રે ॥૧૧॥**
**તેની કોણ આડી કરનાર[1] રે, ના હોય ધણીનો ધણી નિરધાર રે ॥**
**માટે સહુ માની લેજો સઈ રે, આજ એમ ઉદ્ધાર્યા છે કંઈ રે ॥૧૨॥**
જેમ દરશ સ્પરશ પરસાદી રે, આપી તાર્યા નર નારી આદિ રે ॥
તેમ હરિજન ત્યાગી ગૃહી રે, તેથી પણ ઉદ્ધારિયા કહી રે ॥૧૩॥
વળી આ સમે ધરિયું જે નામ રે, તેને જપતાં જાયે અક્ષરધામ રે ॥
નીલકંઠ નામ ઘનશ્યામ રે, સર્વદા સર્વ સુખનું ધામ રે ॥૧૪॥
જેહ નામે પામે સુખ સહુ રે, એવું નામ અનુપમ કહું રે ॥
સહજાનંદ આનંદ સુખકારી રે, એહ નામ જપે છે નરનારી રે ॥૧૫॥
સ્વામિનારાયણ નારાયણ રે, ભજી કૈ થયા ધામ પરાયણ રે ॥
લેતાં નારાયણમુનિ નામ રે, પામ્યા કંઈ સુખ વિશ્રામ રે ॥૧૬॥
હરિ હરિકૃષ્ણ કૃષ્ણ કે'તાં રે, તર્યા અપાર એ નામ લેતાં રે ॥
એવાં નામનાં નામી જે સ્વામી રે, તે છે અક્ષરધામના ધામી રે ॥૧૭॥
સહુના નિયંતા સહુના નાથ રે, સહુના સ્વામી સુખની મીરાંથ[2] રે ॥
એવું નામ જપે જન જેહ રે, પામે પૂરણ સુખને તેહ રે ॥૧૮॥
હાલે હુકમ એ નામ તણો રે, આજ અમલ[3] એહનો ઘણો રે ॥
શક્કો[4] સર્વે પ્રકારે છે એનો રે, નથી અમલ આજ બીજા કેનો રે ॥૧૯॥
કોઈ મા લિયો બીજાની ઓટ[5] રે, જેમાં જાયે જાણો જન ખોટ રે ॥
ખરાખરી એ વાત ખોટી નથી રે, વારેવારે શું કહિયે જો કથી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વાવિંશઃ પ્રકારઃ ॥૨૨॥***

**૧.**રોકનાર **૨.**મૂડી; મિલ્કત **૩.**અધિકાર **૪.**પ્રભાવ; સત્તા **૫.**ઓથ; આશરો

**દોહા:** પુરુષોત્તમ પધારિયા, બહુ જીવનાં કરવા કાજ ॥
સર્વે સામર્થી સહિત પોતે, આજ આવિયા મહારાજ ॥ ૧ ॥
અનેક ઉપાયે કરી હરિ, ખરી આદરી છે વળી ખેપ[1] ॥
આ સમે જેનો જન્મ છે, તેને આવી ગયું ઘણું ઠેપ[2] ॥ ૨ ॥
દાસના દરશ સ્પરશથી, કર્યાં છે બહુના કલ્યાણ ॥
ત્રિલોકના જીવ તારવા, વડું[3] મંડાણું છે વહાણ ॥ ૩ ॥
પાર ઉતાર્યા પરિશ્રમ વિના, બેસી નામ રૂપી એ નાવ ॥
જે જને જપ્યા જીભથી, તે તરી ગયા ભવ દરિયાવ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એવો નામનો છે પરતાપ રે, ધન્ય જે જન જપે આપ રે ॥
પૂર્ણ પુરુષોત્તમ સુખધામ રે, તેણે ધર્યું સહજાનંદ નામ રે ॥ ૫ ॥
સહજાનંદ સહજાનંદ ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે ॥
સહજાનંદ નામ જેને મુખે રે, તે તો બ્રહ્મપુર જાશે સુખે રે ॥ ૬ ॥
જેહ મુખે એ નામ ઉચ્ચાર રે, તે તો પામી ગયા ભવપાર રે ॥
સહજાનંદ નામ સમરતાં રે, નથી પરિશ્રમ પાર ઊતરતાં રે ॥ ૭ ॥
સહજાનંદ નામ જે વદને રે, તે તો પહોંત્યા બ્રહ્મસદને રે ॥
સહજાનંદ સહજાનંદ ગાતાં રે, નથી કઠણ એને ધામ જાતાં રે ॥ ૮ ॥
સહજાનંદ સહજાનંદ કહિયે રે, જાણે એથી પરમપદ લહિયે રે ॥
જેને અખંડ એ છે રટન રે, તેને ન રહે ભવ અટન[4] રે ॥ ૯ ॥
સ્વામિનારાયણ શબદે રે, પ્રાણી વાસ કરે છે બેહદે[5] રે ॥
સહજાનંદ નામ સુણ્યું કાને રે, તેને આવ્યું છે એ ધામ પાને[6] રે ॥૧૦॥

**૧**.ધામમાં લઈ જવાની સફર તથા મહેનત **૨**.અનુકૂળ **૩**.મોટું **૪**.ભટકણ **૫**.માયાપાર ધામમાં **૬**.ભાગ્યમાં

સહજાનંદ એ નામ સાંભળી રે, જાયે પાપ પૂરવનાં બળી રે ॥
સુણી સ્વામિનારાયણ નામ રે, સર્યાં કંઈક જીવનાં કામ રે ॥૧૧॥

કાને એ નામની ભણક પડી રે, તેને અક્ષરપોળ ઊઘડી રે ॥
સ્વામિનારાયણની કીરતિ રે, સુણી રહે નહિ પાપ રતી રે ॥૧૨॥

**સ્વામિનારાયણની જે કથા રે, સુણે જાયે નહિ જન્મ વૃથા રે ॥**
**સ્વામિનારાયણ નામ પદ રે, સાંભળતાં આવે સુખ સદ[1] રે ॥૧૩॥**

છંદ અષ્ટક ને વળી શ્લોક રે, સુણે ભણે પોં'ચે બ્રહ્મલોક રે ॥
સાખી શબ્દ સ્વામી નામે જેહ રે, સર્વે કલ્યાણકારી છે તેહ રે ॥૧૪॥

શ્વાસ ઉશ્વાસે સમરે સ્વામી રે, તેની વ્યાધિ જાયે સર્વે વામી રે ॥
રહે રસનાએ રવ[2] એનો રે, ધારા અખંડ ઉચ્ચાર તેનો રે ॥૧૫॥

તે તો પામે છે પરમ પ્રાપતિ રે, નથી ફેર તેમાં એક રતિ રે ॥
એવો નામતણો પરતાપ રે, કહ્યો સહુથી અધિક અમાપ રે ॥૧૬॥

જાણે અજાણે જપશે જેહ રે, પરમ ધામને પામશે તેહ રે ॥
એવું આજ ઉઘાડ્યું છે બાર રે, કરવા બહુ જીવને ભવપાર રે ॥૧૭॥

**સકાર કે'તાં સર્વે દુઃખ વામે રે, હકાર કે'તાં હરિધામ પામે રે ॥**
**જકાર કે'તાં જય જય જાણો રે, નકાર કે'તાં નિર્ભય પ્રમાણો રે ॥૧૮॥**

**દકાર કે'તા દદામા[3] દઈને[4] રે, પામે ધામ સહજાનંદ કહીને રે ॥**
**સ્વામિનારાયણ નામ સાર રે, જેથી જીવ તર્યા છે અપાર રે ॥૧૯॥**

કલિજુગમાં કર્યું છે વાણ[5] રે, રેવું નારાયણ પરાયણ રે ॥
નથી એથી વાત કાંઈ મોટી રે, મર કરે ઉપાય કોઈ કોટિ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ત્રયોવિંશતિતમઃ પ્રકારઃ ॥૨૩॥***

**૧.**તરત જ **૨.**શબ્દ **૩.**ડંકો **૪.**વગાડીને **૫.**સહેલું; સસ્તું

**દોહા :** એમ આજ અવિનાશીએ, કર્યું સોંઘું કલ્યાણ ॥
જે જડે નહિ મોટા જોગીને, તે વણ[1] શ્રમે કર્યું વાણ ॥૧॥
દેહ દમ્યા વિના દાસને, આપ્યું ધામ અવિનાશ ॥
તોયે મન માન્યું નહિ, થયું નહિ હૈયું હુલ્લાસ ॥૨॥
પછી ઉત્સવ આદર્યા, વરસોવરસ વરતાલ ॥
દેઈ દરશન દાસને, કરવા કોટિક નિહાલ[2] ॥૩॥
રામનવમી પ્રબોધની, ઉત્સવના દિન એહ ॥
અણ તેડ્યે સહુ આવજો, કહ્યું શ્રીમુખે કરી સનેહ ॥૪॥

**ચોપાઈ :**

અમે પણ આવશું જરૂર રે, થાશે દરશને દુઃખ દૂર રે ॥
સંત સહિત નીરખશો નેણે રે, અતિ સુખી થાશો સૌ તેણે રે ॥૫॥
એમ કહ્યું આપે અવિનાશ રે, સુણી રાજી થયાં સહુ દાસ રે ॥
પછી ઉત્સવ ઉપર એહ રે, થયાં સાબદા સૌ મળી તેહ રે ॥૬॥
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ રે, ચાલ્યાં ઉત્સવ પર તતક્ષણ રે ॥
સુણ્યો સમૈયો શ્રવણે જેણે રે, કરી તરત તૈયારી તેણે રે ॥૭॥
આવ્યાં વાયદે[3] વરતાલ ગામ રે, ત્યાગી ગૃહી પુરુષ ને વામ[4] રે ॥
પછી વાલમ[5] પણ વરતાલ રે, આવ્યા કરવા સહુને નિહાલ રે ॥૮॥
આવ્યાં હતાં જે જન અપાર રે, દરશન કરવાને નર નાર રે ॥
તે સહુને દરશન દીધાં રે, જને નેણે નીરખી સુખ લીધાં રે ॥૯॥
બેઠા મોટે મેડે[6] મહારાજ રે, સૌને દરશન દેવાને કાજ રે ॥
ઊભા થઈને આપે દયાળ રે, લિયે સહુ જનની સંભાળ રે ॥૧૦॥
પે'રી સુંદર વસ્ત્ર સોનેરી રે, જોયા જેવી શોભા જામા કેરી રે ॥

**૧.**વિના **૨.**માલામાલ **૩.**નક્કી કરેલા સમયે **૪.**સ્ત્રી **૫.**અતિ વહાલા શ્રીહરિ **૬.**ઊંચા સ્ટેજે

પે'રી પાયજામો જરીનો રે, નૌતમ નાડીનો રંગ નવીનો રે ॥૧૧॥
કસી કમર સોનેરી શાલે રે, બાંધ્યો સોનેરી રેંટો વા'લે રે ॥
ધર્યાં છોગાં તેમાં ફૂલનાં રે, લટકે તોરા મોંઘા મૂલનાં રે ॥૧૨॥
કંઠે કનક કુસુમના[1] હાર રે, ઓપે પરવાળાં[2] તે અપાર રે ॥
બાજુ કાજુ કુંડળ કાને રે, શોભે સારાં ઘરેણાં સોનાને રે ॥૧૩॥
વેઢ વીંટી કર કડાં શોભે રે, જોઈ જનતણાં મન લોભે રે ॥
હૈયે હારને હીરા સાંકળી રે, મોતી માળા શોભે વળી વળી રે ॥૧૪॥
એવાં વસ્ત્ર ઘરેણાંને પહેરી રે, જુવે સહુ જનને વાલો હેરી રે ॥
જન જોઈ એવી મૂરતિ રે, હૈયે હેત વાધે છે જો અતિ રે ॥૧૫॥
નીર્ખી હર્ખી અંતર ઉતારે રે, જેવા જોયા તેવા ઉર ધારે રે ॥
જેણે જેણે જોયાં જગદીશ રે, નીર્ખી જેણે નમાવિયાં શીશ રે ॥૧૬॥
તે તો અક્ષરનાં અધિકારી રે, થયાં બહુ સહુ નર નારી રે ॥
એવી મૂર્તિ ઉર જેને રહી રે, તેને સર્વે કમાણી જો થઈ રે ॥૧૭॥
ભાગે આવ્યો તેને બ્રહ્મમો'લ રે, જિયાં અતિ સુખ છે અતોલ[3] રે ॥
એહ સુખને આપવા કાજ રે, આપે આવિયા છે જો મહારાજ રે ॥૧૮॥
માટે કરે છે મોટા જો મેળા[4] રે, બહુ જન કરવાને ભેળા રે ॥
માટે જેણે જોયા એ સમૈયા રે, તે તો બ્રહ્મમો'લવાસી થયા રે ॥૧૯॥
ઘણી રીતે હેતે ઘનશ્યામ રે, લઈ જાવા છે પોતાને ધામ રે ॥
જીવ અર્થે આવ્યા છે આપે રે, તાર્યા જીવ આપ પ્રતાપે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુર્વિંશઃ પ્રકારઃ ॥૨૪॥***

---

**૧**. પુષ્પના **૨**.લાલ રંગના ચળકતા મણિઓ **૩**.અમાપ **૪**.મહોત્સવ

**દોહા:** વળતું વાલમે વિચારિયું, ઉત્સવ કરવા અનેક ॥
સહુ જન મળે સામટા,[૧] સમઝાય સહુને વિવેક ॥ ૧ ॥
વરસો વરસ વેગે કરી, આવે દરશને દોય[૨] વાર ॥
એવી કરું હવે આગન્યા, મારા જનને નિરધાર ॥ ૨ ॥
અખંડ રહેશે ઉત્સવ એહ, નથી એક બે વરસની વાત ॥
માટે ઉપાય બીજો કરું, જેથી થાશે સહુ રળિયાત[૩] ॥ ૩ ॥
મંદિર કરાવું મોટાં અતિ, મૂર્તિયો બેસારું માંય ॥
સુગમ સહુ નરનારને, પૂજે સ્પરશે લાગે પાય ॥ ૪ ॥

**ચોપાઈ :**

જિયાં લગી દર્શન અમે દૈયે રે, વળી સમૈયે અમે આવિયે રે ॥
પણ અવાય નહિ સમૈયે રે, દરશન વિના દાઝે જન હૈયે રે ॥ ૫ ॥
માટે મૂર્તિયો અતિ સારી રે, કરી મંદિર દિયો બેસારી રે ॥
તેને પૂજે પ્રેમ વધારી રે, ત્યાગી ગૃહી વળી નરનારી રે ॥ ૬ ॥
એમ વાલમે કર્યો વિચાર રે, માંડ્યાં મંદિર કરાવા તે વાર રે ॥
અમદાવાદમાં કરાવી મંદિર રે, તિયાં બેસારિયા બેહુ વીર[૪] રે ॥ ૭ ॥
નર નારાયણ સુખરાશી રે, પધરાવી કરાવી ચોરાશી[૫] રે ॥
જે જે દર્શન કરશે એનાં રે, મોટાં ભાગ્ય માનવાં જો તેનાં રે ॥ ૮ ॥
વરતાલ મંદિર આદર્યું રે, તેતો સહુથી સરસ કર્યું રે ॥
નવ મંદિર[૬] સુંદર સારાં રે, કર્યાં નૌતમ તે ન્યારાં ન્યારાં રે ॥ ૯ ॥
પૂરવ દિશનાં મંદિર ત્રણ રે, માંય મૂર્તિયો મન હરણ રે ॥
લક્ષ્મીનારાયણ જાણો જોડ્ય રે, એ તો બેસાર્યા શ્રીરણછોડ રે ॥૧૦॥
ઉત્તર મંદિરે ધર્મ ભગતિ રે, પાસે પોતાની મૂરતિ[૭] રે ॥

**૧.**એક સાથે બહુ ઝાઝાં **૨.**બે **૩.**રાજી **૪.**ભાઈ **૫.**બ્રાહ્મણોને ભોજન **૬.**શિખર **૭.**વાસુદેવરૂપે

દક્ષિણ દેરામાંહિ રાધાકૃષ્ણ રે, જોઈ જન મન થાય પ્રશ્ન[1] રે ॥૧૧॥
વળી પોતાની મૂર્તિ[2] બેસારી રે, તે તો સહુથી છે બહુ સારી રે ॥
એહ મૂર્તિ મંગળ રૂપ રે, સહુ જનને સુખ સ્વરૂપ રે ॥૧૨॥
વસ્યા આવી વરતાલ ગામ રે, ધર્મનંદને કર્યું નિજધામ રે ॥
તિયાં વર્ષોવરષ આવે જન રે, આવે ઉત્સવે કરે દરશન રે ॥૧૩॥
ઉત્સવ વિના પણ આડે દિને રે, આવે અનેક જન દરશને રે ॥
જે જે દરશન કરે કોય દાસ રે, તે તો પામે બ્રહ્મમો'લે વાસ રે ॥૧૪॥
એવું ધાર્યું છે ધર્મનંદને રે, તેની કોણ કરે કહો મને[3] રે ॥
જેનો હુકમ પાછો ન ફરે રે, તે તો જેમ ધારે તેમ કરે રે ॥૧૫॥
આજ મહારાજે ધાર્યું છે એમ રે, કેનું ફેરવ્યું ફરશે કેમ રે ॥
માટે એ વાટે કલ્યાણ જાણો રે, કહ્યું શ્રીમુખે સત્ય પ્રમાણો રે ॥૧૬॥
નથી વાત આ વડાઈ સારુ રે, સાચી લખતાં શીદ શંકા ધારું રે ॥
માટે બહુ રીતે તારવા કાજ રે, આજ આવ્યા છે પોતે મહારાજ રે ॥૧૭॥
તાર્યા આવીને જીવ અનેક રે, વરતાલે તો વાળ્યો વશેક[4] રે ॥
જોયા ઉત્સવ સમૈયા જેણે રે, કરી લીધું છે કારજ[5] તેણે રે. ॥૧૮॥
જેણે કરી મંદિરની સેવા રે, વળી પૂજ્યા સંત મુક્ત જેવા રે ॥
કરી ભક્તિ અતિ ભલે ભાવે રે, તેને તુલ્ય કહો કોણ આવે રે ॥૧૯॥
એનું ફળ છે અક્ષરધામ રે, પામી થાશે તે પૂરણકામ રે ॥
એ તો વાત છે સાચી સઘળી રે, શ્રીમુખથી મેં જો સાંભળી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચવિંશઃ પ્રકારઃ ॥૨૫॥***

**૧.**પ્રસન્ન **૨.**શ્રીહરિકૃષ્ણ મહારાજ **૩.**મનાઈ **૪.**વિશેષ-આંક વટાવી દીધો **૫.**મોક્ષરૂપી કાર્ય

**દોહા :** ચલ ઉત્સવ ચડોતરે, વરતાલે વારમવાર ॥
ઠીક પોતે ઠરાવિયા,[૧] જગ તારવા જીવ અપાર ॥ ૧ ॥
રામનૌમી એકાદશી, પ્રબોધની જે પાવન ॥
આવે અગણિત એ સમે, સહુ જન કરે દરશન ॥ ૨ ॥
સંત અનંત સૌ મળે, વળી ભેળા હોય ભગવંત ॥
તેનાં દરશન કરતાં, પામે પરમ પદ અનંત ॥ ૩ ॥
વળી મનોહર મૂર્તિયો, મંદિરમાં સુંદર સાર ॥
જે નીરખે નયણાં ભરી, તે પામી જાય ભવપાર ॥ ૪ ॥

**ચોપાઈ :**

ધન્ય ધન્ય ધામ વરતાલ રે, સારો આવ્યો છે સર્વે તાલ[૨] રે ॥
જેમ મંદિર સારું સુંદર રે, તેમ મૂર્તિયો મનહર રે ॥ ૫ ॥
નીર્ખી જન મગન થાય રે, હર્ખી હર્ખી હરિગુણ ગાય રે ॥
જળ અમળ[૩] નાયે ગોમતી રે, જીયાં નાહ્યા પોતે જગપતિ રે ॥ ૬ ॥
કરે ઓટા દેરીનાં દર્શન રે, લિયે છાપ[૪] તે થાય પાવન રે ॥
અતિ અમૂલ્ય આંબલા છાય રે, બેઠા હરિ કરી જ્યાં સભાય રે ॥ ૭ ॥
સુંદર સારું શોભે છે તળાવ રે, જીયાં જોયા મનોહર માવ રે ॥
તીયાં આંબલી એક રૂપાળી રે, બેઠા સંતપતિ પાટ ઢાળી રે ॥ ૮ ॥
આંબા ઉભે[૫] શોભે છે અતોલે[૬] રે, જીયાં હરિ બેઠા હિંડોળે રે ॥
પ્રેમે પે'ર્યાંતાં સોનેરી પટ રે, વળી માથે ધર્યો'તો મુગટ રે ॥ ૯ ॥
એવી જુવે છે જે સર્વે જાગ્ય[૭] રે, તેનાં કહ્યાં ન જાયે ભાગ્ય રે ॥
ધન્ય કૂપ અનુપ એ બેહુ રે, નાહ્યા નાથ સાથે સંત સહુ રે ॥૧૦॥

**૧.**નક્કી કર્યા **૨.**બંદોબસ્ત - વ્યવસ્થા **૩.**ચોખ્ખું **૪.**શંખ, ચક્ર, ગદા અને પદ્મનાં ચિહ્નો
**૫.**બન્ને **૬.**અત્યન્ત **૭.**સ્થાનો

ધન્ય ભૂમિકા ભાગ્ય અમિત રે, થઈ હરિચરણે અંકિત[1] રે ॥
ધન્ય ધન્ય એ શેરી બજાર રે, જીયાં હરિ ફર્યા બહુવાર રે ॥૧૧॥

ધન્ય ઘર ઓસરી આંગણાં રે, જીયાં પગલાં થયાં પ્રભુતણાં રે ॥
ધન્ય રાણ્ય વાડી ધર્મશાળા રે, જીયાં જમ્યા છે સંત સઘળા રે ॥૧૨॥

એહ આદિ બીજાં બહુ સ્થાન રે, જીયાં જમ્યા રમ્યા ભગવાન રે ॥
જુવે સર્વે સ્થળ એ સંભારી રે, એક એકથી કલ્યાણકારી રે ॥૧૩॥

ભારે ભાગ્ય છે એ ભૂમિતણાં રે, રમ્યા રાજ[2] રાખી નહિ મણા રે ॥
જે જે જન જાયગા એ જોશે રે, તે તો અતિ મોટી ખોટ ખોશે[3] રે ॥૧૪॥

લેશે અલભ્ય લાભ અપાર રે, તે તો નિશ્ચે જાણો નિર્ધાર રે ॥
બ્રહ્મમો'લ જાવાને નિસરણી રે, એવી ઘનશ્યામે કરી ઘણી રે ॥૧૫॥

બહુ પેરે ઉઘાડ્યાં છે બાર રે, અક્ષરધામે જાવા આ વાર રે ॥
બહુ રીત કરી બહુનામી રે, આપ્યાં સુખ રાખી નથી ખામી રે ॥૧૬॥

જે અર્થે અક્ષરથી આવ્યા રે, સંગે મુગત[4] સરવે લાવ્યા રે ॥
તતપર છે તેહ કરવા રે, કર્યું એ ધામ બહુ જન તરવા રે ॥૧૭॥

કૈંક કરશે દર્શન આવી રે, કૈંક પૂજશે પૂજા લાવી રે ॥
કૈંક જોડશે આવીને હાથ રે, તે તો થઈ ચૂક્યા છે સનાથ રે ॥૧૮॥

બેઠા માથેથી મટાડી બીક રે, ઠરી બેસશે ધામમાં ઠીક રે ॥
અવશ્ય કરવાનું હતું તે થયું રે, પામ્યા ધામ કામ સરી ગયું રે ॥૧૯॥

તે તો પુરુષોત્તમ પ્રતાપે રે, બહુ ઉદ્ધારિયા જન આપે રે ॥
હરિ ધારે તે શું શું ન થાય રે, તેનું આશ્ચર્ય ન માનો કાંય રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ષડ્વિંશઃ પ્રકારઃ ॥૨૬॥***

**૧.**પ્રસાદીની થયેલી **૨.**રાજાધિરાજ શ્રીહરિ **૩.**ટાળશે **૪.**મુક્તો

**દોહા :** વરણવી વાત વરતાલની, કોટિ ઘણી માંથી કિંચિત ॥
ગાઉં રીતિ ગઢડાતણી, જિયાં ઉદ્ધારિયા અગણિત ॥ ૧ ॥
ઘણુંઘણું ઘનશ્યામ જિયાં, રહી કર્યાં માંગલિક કાજ ॥
અનંત જીવ ઉદ્ધારિયા, મહા નિજબળે મહારાજ ॥ ૨ ॥
પાપી સુરાપી[1] પલલભક્ષી,[2] લખી ન જાયે અવળાઈ લેશ ॥
એવા જન ઉદ્ધારિયા, આપી આપે ઉપદેશ ॥ ૩ ॥
વળી ઉત્સવ સમૈયા અતિ કર્યા, તેમાં આવિયા જે જે જન ॥
તે જનને પણ તારિયા, દઈ પોતે દરશન ॥ ૪ ॥

**ચોપાઈ :**

કર્યા ઉત્સવ અતિ અપાર રે, જગ જીવન જગ આધાર રે ॥
અષ્ટમી અન્નકોટ ઉત્સવ રે, કર્યા ભવજન[3] તારવા ભવ[4] રે ॥ ૫ ॥
વસંતપંચમી ને ફૂલદોલ રે, તે દી રંગ ઉડાડ્યો અતોલ રે ॥
રામનૌમી એકાદશી આદિ રે, તે દી લીળા કરી રાયજાદી રે ॥ ૬ ॥
અષ્ટમી ઉત્સવે આવ્યા દાસ રે, રાખ્યા ચોમાસાના ચાર માસ રે ॥
નિત્ય ના'વા જાતા સંત સાથ રે, જન જોઈને થાતા સનાથ રે ॥ ૭ ॥
ના'તા નૌતમ કરતા લીળા રે, ભળી વળી પોતે સંત ભેળા રે ॥
ગાતા વાતા આવતા ઉતારે રે, જન જમાડતા તેહ વારે રે ॥ ૮ ॥
જમી આપે જમાડતા જન રે, ભાત્યભાત્યનાં અન્ન વ્યંજન[5] રે ॥
દેતા દહીં દૂધ તે દોવટે રે, સારા શોભતા સોનેરી પટે[6] રે ॥ ૯ ॥
બહુવાર પંગત્યમાં ફરતા રે, એમ અષ્ટમી ઉત્સવ કરતા રે ॥
અન્નકોટ ઉપર આવે દાસ રે, તેને ઊઠી મળે અવિનાશ રે ॥૧૦॥
હાર ઉતારી હૈયેથી દિયે રે, જન નમાવી મસ્તક લિયે રે ॥

**૧**.દારૂ પીનારા **૨**.માંસ ખાનારા **૩**.સંસારી જીવોને **૪**.સંસાર સાગર **૫**.શાક **૬**.વસ્ત્રે

પછી પૂછે સુખ સમાચાર રે, એમ આપે સુખ અપાર રે ॥૧૧॥
પછી અનેક ભાત્યનાં અન્ન રે, કરી રાખ્યાં જે ભરી ભાજન[૧] રે ॥
તે તો પંક્તિ કરી પીરસ્યાં રે, જમી જન મનમાં હૂલસ્યા રે ॥૧૨॥
નિજ હાથે જમાડે છે નાથ રે, મૂકી જન માથે હરિ હાથ રે ॥
એમ આપે છે સુખ અલેખે[૨] રે, તે તો નર અમર સૌ દેખે રે ॥૧૩॥
એહ ઉત્સવમાં હતા જન રે, તેનાં ભાગ્ય માનો ધન્યધન્ય રે ॥
પણ એમાં તો ન હોય ભેળા રે, કેડે સાંભળી જેણે એ લીળા રે ॥૧૪॥
તે તો બ્રહ્મમો'લે ભલી ભાત્ય રે, જાશે બીજાને લઈ સંગાત્ય રે ॥
તેમાં સંશે કરશો મા કાંઈ રે, હરિએ ઈચ્છા કરી ઉરમાંઈ રે ॥૧૫॥
વળી વસંત પંચમીએ વાલે રે, બહુ સખા રંગ્યા'તા ગુલાલે રે ॥
પોતે ભરી ગુલાલની ઝોળી રે, નાંખી રંગ્યા હતા સંત ટોળી રે ॥૧૬॥
એહ સમો સંભારે જે જન રે, વળી સાંભળી કરે ચિંતવન રે ॥
તેને અક્ષરધામનું બાર રે, જાણો ઉઘાડિયું છે આ વાર રે ॥૧૭॥
શીદ શંકા રાખે જન મન રે, મળ્યે સહજાનંદ ભગવન રે ॥
આજ બહુ જીવ તારવા સારુ રે, કર્યા અલબેલે ઉપાય હજારું રે ॥૧૮॥
જીવ જોરેશું જાવા છે લઈ રે, સુખી કરવા છે સુખ દઈ રે ॥
હશે જીવને જાવાનું બીજે રે, પણ જાવું પડશે રીઝે ખીજે રે ॥૧૯॥
એમાં નહિ પડે કેણે ફેર રે, શીદ કહેવરાવો વેરવેર[૩] રે ॥
હરિ પ્રતાપે બ્રહ્મમો'લમાં રે, જાવા આવી ગયા છે તોલમાં[૪] રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તવિંશઃ પ્રકારઃ ॥૨૭॥***

**૧.**વાસણ **૨.**અપાર **૩.**વારંવાર **૪.**ખરેખરા લાગમાં, યોગમાં - એવો ભાવ છે.

**દોહા :** ગણિયે વળી ગઢપુરથી, જીવ ઉદ્ધારિયા અપાર ॥
તે લેખે[1] ન આવે લેખતાં, વળી થાય નહિ નિરધાર ॥ ૧ ॥
નિત્ય પ્રત્યે નવા નવા, ઉત્સવ થાયે અહોનિશ ॥
જોઈ જન મગન મને, વળી ન્યૂન ન માને લેશ ॥ ૨ ॥
અનેક ભાત્યને ભોજને, જન જમાડે જીવન પ્રાણ ॥
પછી જમાડે જગપતિ, જમે સંત સહુ સુજાણ ॥ ૩ ॥
**સંત મંડળ વળી શ્રીહરિ, ભરી નયણે નીરખે જન ॥**
**તેને તરત તૈયાર છે, હરિધામ માંહી સદન[2] ॥ ૪ ॥**

**ચોપાઈ :**

એમ અનેક રીત્યે મહારાજ રે, કર્યાં બહુબહુ જીવનાં કાજ રે ॥
વળી કરવા બહુનાં કલ્યાણ રે, શું શું કરિયું શ્યામ સુજાણ રે ॥ ૫ ॥
કર્યો હુતાશનીનો સમૈયો રે, તે તો કોયથી ન જાય કૈ'યો રે ॥
મળ્યા સંત હરિભક્ત સહુ રે, આવ્યા બીજા પણ જન બહુ રે ॥ ૬ ॥
પોતે પે'રી અંબર અમૂલ રે, શોભે પાઘના પેચમાં ફૂલ રે ॥
હૈયે હાર અપાર ગુલાબી રે, શોભે અતિ સુંદર અજાબી[3] રે ॥ ૭ ॥
એવી મૂરતિ મન ભાવન રે, રમે જનને સાથે જીવન[4] રે ॥
હાથે લઈ પોતે પિચકારી રે, નાખે રંગ સોરંગના વારિ રે ॥ ૮ ॥
વળી ઉપર નાખે ગુલાલ રે, તેણે સખા થાય રંગ લાલ રે ॥
નાખે સખા તે રંગ સોરંગ રે, તેણે રંગાય વાલાનું અંગ રે ॥ ૯ ॥
લાલ ગુલાલની ભરી ઝોળી રે, નાખે જન પર રમે હોળી રે ॥
એવા દીઠાં જેણે દગ ભરી રે, તે તો ગયા ભવજળ તરી રે ॥૧૦॥
એવી લીલા કરે છે મહારાજ રે, તે તો સહુ જનનાં સુખ કાજ રે ॥

---

**૧.**ગણતરીમાં **૨.**ઘર; રહેવાની જગ્યા **૩.**આશ્ચર્યકારી **૪.**આત્માના આત્મા શ્રીહરિ

કે'શે સુણશે જે સંભારશે રે, તેણે સંસારસિંધુ તરશે રે ॥૧૧॥
એમ સહુ જનને સુખ થાવા રે, ચાલ્યા રંગે રમી નાથ ના'વા રે ॥
નાહ્યા નાથ સાથે સખા સહુ રે, એહ સમાની શી વાત કહું રે ॥૧૨॥
શોભે સખા મધ્યે ઘનશ્યામ રે, જોયા જેણે તેણે કર્યું કામ રે ॥
શોભા બહુ પ્રકારની બની રે, એવી રીતે રમ્યા હુતાશની રે ॥૧૩॥
પછી આવી રામનૌમી રૂડી રે, સંભારતાં સહુને સુખમૂડી રે ॥
મળ્યા જન હજારો હજાર રે, સતસંગી કુસંગી અપાર રે ॥૧૪॥
તે તો સહુને દરશન થયાં રે, દર્શન વિના તો કોઈ ન રહ્યાં રે ॥
જોયા જેણે જેણે નયણે નાથ રે, તે તો સર્વે થયા છે સનાથ રે ॥૧૫॥
તે તો ભવમાંહિ નહિ ભમે રે, એમ શ્યામે ધાર્યું છે આ સમે રે ॥
જન જક્તના[1] તારવા કાજ રે, એવું પણ[2] લીધું છે મહારાજ રે ॥૧૬॥
માટે દરશ સ્પરશ દેઈને રે, બ્રહ્મમો'લે જાવા છે લઈને રે ॥
વળી એકાદશી કપિલા છઠે રે, દીધાં દર્શન પોતે રૂડી પેઠે[3] રે ॥૧૭॥
લાખો લેખે લોકે[4] લીધો લા'વ રે, નીર્ખી નયણે મનોહર માવ રે ॥
એહ દર્શનને પરતાપે રે, જાય અક્ષરધામમાં આપે રે ॥૧૮॥
એમ સોંઘું કીધું છે સહુને રે, આજ તારવા જન બહુને રે ॥
નથી જોતા નરસા ને સારા રે, અક્ષરમાં જાય છે એક ધારા રે ॥૧૯॥
કર્યો ચાલતો મોક્ષ મારગ રે, ભૂમિ થકી બ્રહ્મમોલ લગ રે ॥
આવે અંતકાળે નાથ આપે રે, તેડી જાય છે નિજ પ્રતાપે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે અષ્ટાવિંશ: પ્રકાર: ॥૨૮॥***

**૧.**આખા વિશ્વના **૨.**પ્રતિજ્ઞા **૩.**રીતે **૪.**લાખોની સંખ્યામાં લોકોએ

**દોહા :** એમ ઉત્સવ કરી હરિ, ફરી ફરી દિયે દરશન ॥
અનેકને સુખ આપવા, અતિ પોતે છે પરસન ॥ ૧ ॥
મહા મનોહર મૂરતિ, અતિ સુખદ સહજાનંદ ॥
સહુ જનને સામટું,[1] જાણે આપું મારો આનંદ ॥ ૨ ॥
**લે'રી[2] આવ્યા બહુ લે'રમાં, અતિ મે'ર કરી મે'રવાન** ॥
**દુઃખિયા જીવ સુખિયા કર્યા, વળી પાપી કર્યા પુણ્યવાન** ॥ ૩ ॥
ભાગ્ય મોટા એ ભૂમિનાં, જિયાં હર્યા ફર્યા હરિ આપ ॥
પાવન થઈ એ પૃથ્વી, હરિ ચરણને પ્રતાપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

ધન્ય ધન્ય ઉત્તમ દરબાર રે, જિયાં પોતે રહ્યા કરી પ્યાર રે ॥
રમ્યા ભમ્યા જમ્યા જીયાં નાથ રે, જમ્યો મહામુક્તનો જ્યાં સાથ રે ॥ ૫ ॥
ધન્ય ઓરડા ધન્ય ઓસરી રે, જિયાં હરિ બેઠા સભા કરી રે ॥
દિયે દર્શન પોતે પરબ્રહ્મ રે, જેને નેતિ નેતિ કે' નિગમ રે ॥ ૬ ॥
એહ ભૂમિકાનાં મોટાં ભાગ્ય રે, નથી જાણજો એ કહ્યાં લાગ્ય રે ॥
ફળી ચોક વળી શું વખાણું રે, શ્વેત વૈકુંઠ સમ સહુ જાણું રે ॥ ૭ ॥
ચરણરજે ભર્યા ભરપૂર રે, સ્પરશે રજ કરે દુઃખ દૂર રે ॥
તીયાં પાપી તજે કોઈ પ્રાણ રે, તે પણ પામે પદ નિર્વાણ રે ॥ ૮ ॥
સોય અગ્ર[3] સમાન અવની[4] રે, નથી વણ સ્પરશ્યે પાવની રે ॥
ધન્ય શેરી બજાર ને હાટ[5] રે, ધન્ય ઉન્મત્ત ગંગાનો ઘાટ રે ॥ ૯ ॥
ધન્ય ગઢપુરનાં ઘર ફળી રે, ચરણ અંકિત ભૂમિ છે સઘળી રે ॥
ધન્ય વાડી વૃક્ષની છાંય રે, હરિ સ્પર્શ વિના નથી કાંય રે ॥૧૦॥
ધન્ય ધન્ય નારાયણ હ્રદ[6] રે, સહુ પ્રાણધારી સુખપ્રદ રે ॥

**૧.**એક સાથે **૨.**હોંશિલા; ઉત્સાહી **૩.**અણી; પોઈન્ટ **૪.**પૃથ્વી **૫.**દુકાન **૬.**ધરો; નાનું સરોવર

ધન્ય સીમ ક્ષેત્ર વાવ્ય ખળાં રે, કર્યાં હરિએ પવિત્ર સઘળાં રે ॥૧૧॥
ધન્ય ઘેલા નદીના ઘાટ રે, કર્યા પંચ પવિત્ર ના'વા માટ રે ॥
તિયાં જે જે જન આવી ના'શે રે, તે તો અંતર બાહ્ય શુદ્ધ થાશે રે ॥૧૨॥
ના'શે નિરમળ જળ જેહ રે, પરમ ધામને પામશે તેહ રે ॥
જિયાં ના'યા છે જગ જીવન રે, એથી નથી નીર કોય પાવન રે ॥૧૩॥
પુરુષોત્તમ સ્પરશની જે વસ્તુ રે, ન મળે જ્યાં લગી ઉદે ને અસ્તુ[૧] રે ॥
બહુ દેશ બહુ ગામ ઘર રે, કર્યાં સ્પરશી પવિત્ર સુંદર રે ॥૧૪॥
જિયાં જિયાં વિચર્યા વાલમ રે, કર્યાં ઘર તે વૈકુંઠ સમ રે ॥
સ્પરશી જાગ્યે[૨] ત્યાગે કોઈ તન રે, જાય બ્રહ્મમો'લે તેહ જન રે ॥૧૫॥
એમ ધારી આવ્યા છે અવિનાશી રે, કરવા બહુને ધામના વાસી રે ॥
નિજબળને પ્રતાપે કરી રે, બહુ જીવને તારે છે હરિ રે ॥૧૬॥
તેહ સારુ વિચરે વસુધાય[૩] રે, બીજો અર્થ[૪] નથી એને કાંય રે ॥
અર્થ એ જ ઉદ્ધારવા પ્રાણી રે, આવ્યા શ્યામ એ કામે લિયો જાણી રે ॥૧૭॥
માટે જિયાં જિયાં હરિ રહ્યા રે, જે જે સ્થાનકે પોતે હરિ ગયા રે ॥
તે તો સ્થાનક કલ્યાણકારી રે, જે જે જોયાં તે રાખવાં સંભારી રે ॥૧૮॥
એ છે દોયલા[૫] દનની દોલત્ય[૬] રે, સહુ માની લેજો વાત સત્ય રે ॥
હરિને આગ્રહ છે આજ અતિ રે, કરાવવા પોતાની પ્રાપતિ રે ॥૧૯॥
એ જ અર્થ કરવો છે સિદ્ધ રે, જીવ તારવા છે બહુ વિદ્ધ[૭] રે ॥
એહ સારુ આવ્યા છે આ વાર રે, તે તો નિશ્ચે જાણો નિરધાર રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનત્રિંશઃ પ્રકારઃ ॥૨૯॥***

**૧**.સૂર્ય ઊગીને આથમે છે તેટલી પૃથ્વીમાં **૨**.પ્રસાદીના સ્થાનમાં **૩**.પૃથ્વી પર **૪**.હેતુ **૫**.મુશ્કેલીવાળા **૬**.સંપત્તિ **૭**.રીતે

**દોહા :** વળતું વાલમે વિચારિયું, આંહિ મંદિર કરીએ એક ॥
માંહિ બેસાડિયે મૂરતિ, અતિ સારી સહુથી વિશેક ॥ ૧ ॥
ગઢડે મહારાજ ઘણું રહ્યા, એમ જાણે છે સહુ જન ॥
માટે મંદિર કરાવિયે, મર[1] આવી કરે દરશન ॥ ૨ ॥
મૂરતિ દ્વારે મનુષ્યનું, થાશે કોટિનું કલ્યાણ ॥
એહ ઉત્તમ ઉપાય છે, એમ બોલિયા શ્યામ સુજાણ ॥ ૩ ॥
સુણી સંત રાજી થયા, રાજી થયા સહુ હરિજન ॥
પછી મોટું મંદિર કરાવવા, અતિ ઉતાવળું ભગવન ॥ ૪ ॥

**ચોપાઈ :**

કર્યું ખાત મુહૂર્ત હરિ હાથે રે, તીયાં હું[2] પણ હતો સંગાથે રે ॥
નાખી નાથે પાયો નક્કી કર્યું રે, એમ આપે મંદિર આદર્યું રે ॥ ૫ ॥
હાં હાં કરતા થયું તૈયાર રે, વળી ઘણી લાગી નહિ વાર રે ॥
કર્યું મોટું મંદિર બે માળ રે, કરાવિયું હેતે શું દયાળ રે ॥ ૬ ॥
થયું મંદિર પૂરું જે વાર રે, માંહી મૂરતિ પધરાવી તે વાર રે ॥
ગુણસાગર જે ગોપીનાથ રે, તે તો પધરાવ્યા પોતાને હાથ રે ॥ ૭ ॥
રાધા સહિત શોભે અતિ સારા રે, જે જુવે તેને લાગે છે પ્યારા રે ॥
એ તો વાસુદેવ ભગવાન રે, જે જુવે તે થાયે ગુલતાન[3] રે ॥ ૮ ॥
એ જે ગોપીનાથની મૂરતિ રે, એ તો સુંદર શોભે છે અતિ રે ॥
એવી મૂરતિ એમ પધરાવી રે, સુંદર મંદિર સારું બનાવી રે ॥ ૯ ॥
બાંધ્યું ધામ[4] શ્યામે સહુ કાજ રે, મે'ર કરીને પોતે મહારાજ રે ॥
કંક[5] દેશનું કરવા કલ્યાણ રે, કર્યું કામ એ શ્યામ સુજાણ રે ॥૧૦॥
જે જે જન કરે દરશન રે, મૂરતિ જોઈ થાયે મગન રે ॥

**૧.**ભલે **૨.**સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી **૩.**આનંદી **૪.**તીર્થસ્થાન **૫.**કાઠિયાવાડ

કરે દંડવત પરણામ રે, તે તો પો'ત્યા છે પરમ ધામ રે ॥૧૧॥
વળી મન કર્મ ને વચને રે, નીરખ્યા ગોપીનાથ જે જને રે ॥
તે તો પામશે અક્ષરધામ રે, થાશે જન તે પૂરણકામ રે ॥૧૨॥
એમ દયા કરીને દયાળે રે, કર્યાં કલ્યાણ બહુનાં આ કાળે રે ॥
કોઈ ભાવે અભાવે આજ ભજે રે, આવે હરિ તેડવા તન તજે[૧] રે ॥૧૩॥
ભાવે કરી કરે જે ભગતિ રે, તે તો પામે પરમ પ્રાપતિ[૨] રે ॥
અન્ન ધન વાહન વસને રે, વાસણ ભૂષણાદિ પૂજ્યા જને રે ॥૧૪॥
ફળ ફૂલ આદિક જેહ રે, હેતે કરી આપે જન તેહ રે ॥
કુસુમ હાર તોરા ને ગજરા રે, બાજુ કાજુ કુંડળ ગુછ ખરા રે ॥૧૫॥
આપી નાથને જોડિયા હાથ રે, તે તો થઈ ચૂક્યા છે સનાથ રે ॥
થાય સેવા તે સર્વે જો રીતે રે, કર્યું જન હેતે પોતે પ્રીતે રે ॥૧૬॥
કર્યું કામ એ મોટું મહારાજે રે, સહુ જીવનાં કલ્યાણ કાજે રે ॥
એમ બહુ બહુ કર્યા ઉપાય રે, જીવ લઈ જાવા ધામ માંય રે ॥૧૭॥
તેનો આગ્રહ છે આઠુ જામ રે, નથી પામતા પળ વિશરામ[૩] રે ॥
જાણે બાંધી ધામ[૪] ઘણાં ઘણાં રે, કરું બાર અપાર મોક્ષતણાં રે ॥૧૮॥
ચાર વર્ણ ને આશ્રમ ચાર રે, સહુ પામે ભવજળ પાર રે ॥
મારો આવવાનો અર્થ શિયો[૫] રે, જ્યારે જીવને સંકટ રિયો[૬] રે ॥૧૯॥
ગઢપુર મંદિરથી અપાર રે, કૈક જીવનો કર્યો ઉદ્ધાર રે ॥
ખાયે પિયે રહે ખુશી રમે રે, આવે નાથ તેડવા અંત સમે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ત્રિંશત્તમઃ પ્રકારઃ ॥૩૦॥***

**૧.**શરીર છોડે ત્યારે **૨.**આત્યંતિક મોક્ષ **૩.**આરામ **૪.**મંદિર **૫.**કયો, શું સર્યો ? **૬.**રહ્યા

**દોહા :** ગણ્યો ન જાય ગઢપુરનો, માનો મા'ત્મ્ય ને મહિમાય ॥
જીયાં સંત હરિજન સહુ મળી, વળી નીરખે નાથ સદાય ॥ ૧ ॥
સતસંગી બાઈ ભાઈને, થયાં દર્શન ગઢડે ગામ ॥
દર્શન વિના કોય દેશનાં, નથી રહ્યાં પુરુષ ને વામ ॥ ૨ ॥
અઢળક ઢળ્યા મળ્યા જીયાં, વળી આપ્યાં છાતીમાં ચર્ણ ॥
તે ચરણ ચિત્તે ચિંતવતાં, જાણો જાયે જન્મ ને મર્ણ ॥ ૩ ॥
બહુ પેર[1] પરસાદીઓ, વળી ઈયાં મળી છે જરૂર ॥
તેનું ઘસાતું બોલવું, એથી બીજો કોણ અસુર ॥૪॥

**ચોપાઈ :**

એ તો ભોગવશે એનું પાપ રે, તેનો આપણે શો સંતાપ રે ॥
વળી જે જે કર્યું જગતાત[2] રે, કહું સાંભળજો તેની વાત રે ॥ ૫ ॥
સોરઠ દેશવાસી જન કાજે રે, કરાવિયું મંદિર મહારાજે રે ॥
જોઈ જીરણગઢ[3] માંઈ જાગ્ય રે, દીઠી દેવળ[4] કરવા લાગ્ય રે ॥ ૬ ॥
જાણ્યું આ જાગ્યે મંદિર થાય રે, તેનો મોટો વધે મહિમાય રે ॥
મોટું શહેર તીરથ વળી મોટું રે, જિયાં આવે મનુષ્ય કોટાનકોટું રે ॥ ૭ ॥
તેહ સહુને થાયે દરશન રે, તેણે કરી તરે બહુ જન રે ॥
વળી દેશમાં સારા સતસંગી રે, જેની પ્રીત પ્રભુમાં અભંગી રે ॥ ૮ ॥
સ્વામી રામાનંદજીના શિષ્ય રે, હેતે હરિ ભજે છે હમેશ રે ॥
સહુ સિદ્ધ સમાધિ સંપન્ન રે, અતિ અનઘ[5] જાણો એ જન રે ॥ ૯ ॥
વળી આવી અમે એહ દેશ રે, રહી ગયા વરણીને વેશ રે ॥
જોઈ પવિત્ર દેશ પાવન રે, ઘણું ઘણું માની ગયું મન રે ॥૧૦॥
પછી લોભી રહ્યા લોજ ગામ રે, કરવા અનેક જીવનાં કામ રે ॥

**૧.**પ્રકારે **૨.**જગતના પિતા પ્રભુએ **૩.**જૂનાગઢ **૪.**મંદિર **૫.**પાપ રહિત

કરતા બહુ બહુ અમે વાત રે, સુણી સહુ થાતા રળિયાત રે ॥૧૧॥
વળી દેખાડતા પરતાપ રે, થાય સમાધિ ટળે સંતાપ રે ॥
સમાધિયે સુખી નર નાર રે, ના'વે સમાધિથી કોઈ બા'ર રે ॥૧૨॥
કોઈ સુરપુર અવલોકે[1] રે, કોઈ રહી જાય સત્યલોકે રે ॥
દેખે કૈલાસ ને બદ્રીવન રે, કોઈ દેખે છે મુક્ત નિરન્ન રે ॥૧૩॥
દેખે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ રે, એવું દેખાડતા તતકાળ રે ॥
કોઈ દેખે છે ગોલોક ધામ રે, જોઈ માને છે પૂરણકામ રે ॥૧૪॥
કોઈ અક્ષરધામ અવલોકે રે, જોઈ મીટ થકી[2] તે ન મૂકે રે ॥
દેખે પર ને પોતાનું મન રે, દેખે ઘાટ પરસ્પર જન રે ॥૧૫॥
એવો પ્રગટ કર્યો'તો પ્રતાપ રે, સૌ જન કરવા નિષ્પાપ રે ॥
રહ્યા એ દેશમાં અમે ઘણું રે, સહુને દર્શન થયું અમ તણું રે ॥૧૬॥
તેહ દેશ માંહી હવે દાસ રે, અમ વિના થયા છે ઉદાસ રે ॥
માટે મંદિર થાય એક સારું રે, એમાં બહુ છે ગમતું અમારું રે ॥૧૭॥
માટે જીરણગઢમાં જઈ રે, કરાવું મંદિર સુંદર સઈ રે ॥
પછી મંદિર કરવા કાજ રે, મોકલ્યા છે મોટા મુનિરાજ[3] રે ॥૧૮॥
કર્યો આદર થાવા દેવળ રે, અતિ સરસ અનુપ અકળ રે ॥
થયું થોડાક દિનમાં તૈયાર રે, ત્યાં તો પધાર્યા પ્રાણ આધાર રે ॥૧૯॥
સંતો મૂર્તિયો સારી સારી રે, મારે હાથે હું દિયું બેસારી રે ॥
એહ મૂર્તિનો મહિમાય રે, કે'તાં કેડ્યે કેણે ન કે'વાય રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકત્રિંશઃ પ્રકારઃ ॥૩૧॥***

**૧**.દેખે **૨**.દષ્ટિ થકી **૩**.સ.ગુ.શ્રીબ્રહ્માનંદસ્વામી

**દોહા :** પછી મંદિર માંહી મૂરતિયો, પધરાવી કરી બહુ પ્રીત ॥
સુખકારી તે મૂરતિ, અતિ સારી સુંદર શોભિત ॥ ૧ ॥
મધ્યનાં મંદિરમાં મનોહર, જોયા જેવી જે જોડ ॥
પ્રેમે કરી પધરાવિયા, ત્રિકમરાય રણછોડ ॥ ૨ ॥
પૂર્વ દેરે પધરાવિયા, રાધારમણ કૃષ્ણ કૃપાળ ॥
આવી બેઠા ગરુડાસન, અતિ દયા કરીને દયાળ ॥ ૩ ॥
પશ્ચિમ દેરે પધરાવિયાં, શિવ પારવતી સુખરૂપ ॥
ગણપતિ વૃષભ[૧] વળી, મળી શોભે છે અતિ અનૂપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

સુંદર મૂરતિયો સરખી સારી રે, તે તો મંદિરમાંય બેસારી રે ॥
જોયા જેવી મૂર્તિ જૂનેગઢ રે, જે જે જુવે તેને લાગે રઢ[૨] રે ॥ ૫ ॥
એવી પોતે મૂર્તિ પધરાવી રે, ગઢડેથી જૂનેગઢ આવી રે ॥
કરવા અનેક જીવનું કલ્યાણ રે, કર્યું કામ શ્યામ સુજાણ રે ॥ ૬ ॥
કર્યો ઉત્સવ અતિ ત્યાં ભારી રે, આવ્યાં દર્શને સૌ નરનારી રે ॥
તેને ભોજન કરાવ્યાં ભાવતાં રે, પછી નાહી નાથ જમ્યા હતા રે ॥ ૭ ॥
જમી પોતે જમાડિયા જન રે, ભાવે પીરસિયું ભગવન રે ॥
ફરી ફરી ફેરવે મોદક[૩] રે, દિયે દોય માગે કોઈ એક રે ॥ ૮ ॥
અતિ હેત છે હરિજન માથે રે, માટે જમાડે છે જન હાથે રે ॥
એમ જમાડી રહ્યા જન જ્યારે રે, મળ્યા સહુ સંતને તે વારે રે ॥ ૯ ॥
મળી વળી સંત પાયે પડ્યા રે, વળતા નાથ રૈવતાચળ[૪] ચડ્યા રે ॥
એમ હરે ફરે કરે કાંઈ રે, સહુ જનને છે સુખદાઈ રે ॥૧૦॥
મંદિર કરાવ્યું જે મહારાજે રે, સહુ જીવના કલ્યાણ કાજે રે ॥

**૧.**નંદી; પોઠિયો **૨.**લગની **૩.**લાડુ **૪.**ગિરનાર પર્વત

કોઈ આવી દર્શન કરશે રે, તે તો અપાર સંસાર તરશે રે ॥૧૧॥
એહ મોટો કર્યો ઉપકાર રે, બહુ જીવ તારવા આ વાર રે ॥
પશ્ચિમ દેશ કરવા પુનિત રે, કર્યું મંદિર સારું શોભિત રે ॥૧૨॥
વળી સંતને[૧] આપી આગન્યા રે, રે'વું નહિ આંહિ આવ્યા વિના રે ॥
વરષોવરષ એક માસ રે, કરવો આ મંદિર માંહિ વાસ રે ॥૧૩॥
એવી આગન્યા આપી દયાળે રે, તે તો માની લીધી છે મરાળે રે ॥
વળી કરી છે હેતની વાત રે, તેણે સહુ થયા રળિયાત રે ॥૧૪॥
કહે આ દેશ છે બહુ સારો રે, સહુ જન મનમાં વિચારો રે ॥
ઈયાં રામાનંદસ્વામી રે'તા રે, જીવ બહુને અભયદાન દેતા રે ॥૧૫॥
સોરઠ દેશનાં સર્વે ગામ રે, તેમાં વસે છે પુરુષ ને વામ રે ॥
તે સહુને દરશન થયાં રે, કોઈ દરશન વિના ન રહ્યાં રે ॥૧૬॥
વળી અમે પણ જો સોરઠે રે, સરવે ફર્યા છીએ સારી પેઠે રે ॥
સહુ જાણે છે અમને જન રે, વળી થયાં છે સહુને દર્શન રે ॥૧૭॥
જે જે જપે છે અમારું નામ રે, તે તો પામશે પરમ ધામ રે ॥
વળી આ મૂરતિ જે બેસારી રે, તે નીરખશે જે નરનારી રે ॥૧૮॥
તેને શીદ રાખી જોઈએ શંકા રે, જાશે બ્રહ્મમો'લે દઈ ડંકા રે ॥
એમ ધારીને આવ્યા છીએ અમે રે, સત્ય માનજ્યો સૌ જન તમે રે ॥૧૯॥
**આ વારનો જે[૨] અવતાર રે, એવો ન થાયે વારમવાર રે ॥**
**નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે ॥૨૦॥**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વાત્રિંશઃ પ્રકારઃ ॥૩૨॥***

**૧**. સ.ગુ.શ્રીગુણાતીતાનંદસ્વામીને સત્સંગનો લાભ આપવા માટે અ.મુ.શ્રીગોપાળાનંદસ્વામીને
**૨**.સ્વામિનારાયણ નામે પ્રસિદ્ધ

**દોહા :** એવી વાત વાલમે કરી, ધરી હરિ હૈયે ઘણું હેત ॥
સુણી મગન મુનિ થયા, વળી સત્સંગી સમેત ॥૧॥

આશ્ચર્ય પામ્યા સહુ અંતરે, એવાં સુણી વા'લાનાં વેણ ॥
જાણું જીવ ઉદ્ધારવા, આવ્યા આપે[1] શ્યામ સુખદેણ ॥૨॥

પ્રાણધારી જે પ્રથવિયે,[2] તે સહુને લેવા સ્વધામ ॥
એહ આગ્રહ ઉરમાં, ઘણો ઘણો કરે ઘનશ્યામ ॥૩॥

જોઈ મહારાજની મરજી, હાથ જોડી કહે મુનિરાજ ॥
જેમ કહો તેમ કરિયે, કે'જો કૃપા કરી હરિ આજ ॥૪॥

**ચોપાઈ :**

તારે નાથ કહે સુણો સંત રે, આજ તારવા જીવ અનંત રે ॥
માટે જેમ જેમ જીવ તરે રે, એમ કરવું છે સહુને સરે[3] રે ॥૫॥

માટે દેશોદેશમાં દેવળે રે, માંડો સારી મૂર્તિયો સઘળે રે ॥
એહ મૂર્તિનાં દર્શન કરશે રે, તે તો અપાર પ્રાણી ઉદ્ધરશે રે ॥૬॥

જાણો એહ ઉપાય છે ભારી રે, સહુ જુવો મનમાં વિચારી રે ॥
માટે કચ્છમાં મંદિર કરવું રે, થાય પ્રાણીને પાર ઊતરવું રે ॥૭॥

એવું સુણી સંત સજ્જ થઈ રે, કર્યું ભૂજમાં મંદિર જઈ રે ॥
માંહી બેસાર્યા નરનારાયણ રે, કચ્છદેશ તારવા કારણ રે ॥૮॥

વળી ધોળકે મંદિર કરાવી રે, તેમાં મૂર્તિ સારી પધરાવી રે ॥
એવો કરિયો એહ ઉપાય રે, જેણે કરી જન સુખી થાય રે ॥૯॥

કરાવિયું એ કાજ સંતરાજે[4] રે, બહુ જીવને તારવા કાજે રે ॥
વળી નાથ કે'કહું છું અમે રે, કરજો થાય તો મંદિર તમે રે ॥૧૦॥

**૧.**સર્વાવતારી પુરુષોત્તમ પોતે જ **૨.**પૃથ્વી ઉપર **૩.**સર્વથી શ્રેષ્ઠ રીતે **૪.**સંતોના સ્વામી શ્રીહરિએ

પછી સંત જોઈ જોઈ જાગ્યા[1] રે, દેશોદેશ દેરાં કરવા લાગ્યા રે ॥
જે જે દેશમાં દેવળ થયાં રે, તે તે દેશમાં જન જે રહ્યા રે ॥૧૧॥
તે તો ઉત્સવ સમૈયા માથે રે, આવે સહુ દરશને સાથે રે ॥
કરી દર્શન પ્રસન્ન થાય રે, મુખે સ્વામિનારાયણ ગાય રે ॥૧૨॥
લેતાં સ્વામિનારાયણ નામ રે, થાય શુદ્ધ સહુ નર વામ[2] રે ॥
સ્વામિનારાયણ નામ જેવું રે, નથી બીજું નામ કોઈ એવું રે ॥૧૩॥
માટે જે જપશે એ નામ રે, તે તો પામશે અક્ષરધામ રે ॥
એવો એ નામનો પરતાપ રે, પ્રગટાવ્યો પૃથવી પર આપ રે ॥૧૪॥
બહુ પ્રકારે કરવા કલ્યાણ રે, નાથે ધારિયું છે નિરવાણ[3] રે ॥
માટે જે જે ક્રિયાઓ કરે છે રે, તેમાં અનંત જીવ તરે છે રે ॥૧૫॥
એમ જીવ જગતના સહુ રે, કર્યા તારવા ઉપાય બહુ રે ॥
એહ ઉપાયમાં જે આવી ગયા રે, તે સહુ ભવપાર થયા રે ॥૧૬॥
એહ અર્થે આપે આવિયા રે, કરી બહુ જીવ પર દયા રે ॥
આજ જક્તના જીવ છે જેહ રે, તર્યા પ્રભુ પ્રતાપથી તેહ રે ॥૧૭॥
અતિ સામર્થી વાવરી છે આજ રે, આવી પુરુષોત્તમ મહારાજ રે ॥
સહુ પાર[4] સહુને સરે[4] રે, આજ એવી સામર્થી વાવરે રે ॥૧૮॥
જે જે જાણશે તે તે વખાણશે રે, બીજા જન તેહ શું જાણશે રે ॥
નથી વાત જેવડી એ વાત રે, એમ જાણે છે સંત સાક્ષાત રે ॥૧૯॥
તે તો કહે છે કર વજાડી રે, ચોખા ચોખી જો વિગતિ પાડી રે ॥
તેની પ્રતીતિ ન પડે જેને રે, ના'વે અલૌકિક સુખ તેને રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે ત્રયસ્ત્રિંશઃ પ્રકારઃ ॥૩૩॥***

**૧**.સ્થળ; જમીન **૨**.નારી **૩**.નક્કી **૪**.સર્વથી પર = વિલક્ષણ તથા શ્રેષ્ઠ

**દોહા :** વળી શ્રીહરિ કે' સંત સાંભળો, મોટાં કરાવિયાં મંદિર ॥
તેમાં બેસારી મૂરતિયો, અતિ સારી સુંદિર ॥૧॥
જે જે દેશે મંદિર કર્યાં, તે તે દેશને આવ્યાં કામ ॥
હવે સરવે દેશને અરથે, એક બંધાવીએ સારું ધામ ॥૨॥
દેશી પ્રદેશી દર્શન કરે, તેનાં પ્રજાળવાં વળી પાપ ॥
એવું મંદિર એક કરવું, એમ બોલ્યા શ્રીહરિ આપ ॥૩॥
ભાગ્ય જગાડવાં ભાલનાં, ધોલેરે બાંધીએ ધામ ॥
તેમાં બેસારિયે મૂરતિ, અતિ શોભિત સુંદર શ્યામ ॥૪॥

**ચોપાઈ :**

એહ બંદર સુંદર સારું રે, જિયાં આવે છે લોક હજારું રે ॥
તિયાં મંદિર કરવું એક રે, સારું સહુથી વળી વશેક[૧] રે ॥૫॥
એમ નાથે કરી નિરધાર રે, પૂછ્યું પુંજાભાઈને[૨] તે વાર રે ॥
સુણો પુણ્યવાન પુંજાભાઈ રે, કરીએ મંદિર ધોલેરા માંઈ રે ॥૬॥
વળી સતસંગીને કહે શ્યામ રે, કો'તો ધોલેરે બાંધિયે ધામ રે ॥
સહુ બોલો શુદ્ધ ભાવે કરી રે, એમ હરિજનને કહે હરિ રે ॥૭॥
ત્યારે હરિજને જોડ્યા હાથ રે, ધન્ય ધન્ય કહે સહુ સાથ રે ॥
જાગે ભાગ્ય મોટું જો અમારું રે, કરો મંદિર તો બહુ સારું રે ॥૮॥
મંદિરના જોગે મહારાજ રે, રહે સંતનો સહુ સમાજ રે ॥
હરતાં ફરતાં દર્શન થાય રે, અતિ મોટો એ લાભ કે'વાય રે ॥૯॥
નથી એથી બીજું કાંઈ સારું રે, એમાં અતિ રૂડું છે અમારું રે ॥
એમ બોલ્યા સત્સંગી સહુ રે, સુણી નાથ રાજી થયા બહુ રે ॥૧૦॥
પછી આપ્યા છાતીમાં ચરણ રે, જેહ ચરણ ભવભયહરણ રે ॥

**૧.**વિશેષ **૨.**ધોલેરાના ગામધણીને

કર્યા નિરભય છાપી છાતી રે, કહ્યે વાત એ નથી કે'વાતી રે ॥૧૧॥
કર્યા બ્રહ્મમો'લના નિવાસી રે, રાજી થઈ આપે અવિનાશી રે ॥
પછી કહ્યું સહુ બાઈ ભાઈ રે, રે'જો મંદિરની સેવામાંઈ રે ॥૧૨॥
પછી પુંજોભાઈ જે પવિત્ર રે, અતિ ડાહ્યા છે સહુના મિત્ર રે ॥
જેને જક્તસુખ લાગ્યું ઝેર રે, પંચ વિષય સાથે રાખ્યું વેર રે ॥૧૩॥
અન્ન ધન ને આયુષ જેહ રે, કર્યું હરિપરાયણ તેહ રે ॥
એવા અતિ ઉદાર દંપતિ રે, કરી હરિને અર્પણ સંપતિ રે ॥૧૪॥
ધન્ય ધન્ય ભક્તિ ભાઈઓની રે, તેથી અતિ અધિક બાઈઓની રે ॥
એવા જન જોઈ શ્રદ્ધાવાન રે, બહુ રાજી થયા ભગવાન રે ॥૧૫॥
દીઠા હરિજન ઠાઉકા ઠીક[1] રે, એક એક થકી જો અધિક રે ॥
પછી બોલ્યા શ્યામ સુખદાઈ રે, કરશું મંદિર જરૂર આંઈ રે ॥૧૬॥
સહુ સેવામાંઈ તમે રે'જો રે, આ તો મોટો પરમાર્થ છે જો રે ॥
યાંથી ઉદ્ધરશે લાખું ક્રોડી[2] રે, એ તો નથી કમાણી કાંઈ થોડી રે ॥૧૭॥
બીજાં કોટિ કોટિ કરે દાન રે, ના'વે જીવ ઉદ્ધાર્યા સમાન રે ॥
જેથી જનમ મરણ દુઃખ જાય રે, પામે અભયપદ[3] સુખી થાય રે ॥૧૮॥
એ તો પરમારથ મોટો ભારી રે, સહુ જુવો મનમાં વિચારી રે ॥
એમ પોતે બોલ્યા પરબ્રહ્મ રે, પૂર્ણકામ જે પુરુષોત્તમ રે ॥૧૯॥
તમે સાંભળો સૌ નર નાર રે, અમે કર્યો છે જે આ વિચાર રે ॥
એવું સુણી હરખ્યાં સહુ જન રે, સુખદાયક સ્વામી ધન્ય ધન્ય રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુસ્ત્રિંશઃ પ્રકારઃ ॥૩૪॥***

**૧.**અતિ સારા નિષ્ઠાવાન **૨.**કરોડો જીવો **૩.**મોક્ષ

**દોહા :** પછી અલબેલે આગન્યા કરી, મંદિર કરવા માટ ॥
ઈયાં મંદિર કરવું, જીયાં અમે ઢાળી છે પાટ ॥ ૧ ॥
અતિ ઉત્તમ છે આ ભૂમિકા, મોટા ભાગ્યવાળી ભરપૂર ॥
ઓછું માહાત્મ્ય આનું નથી, જન મને જાણજો જરૂર ॥ ૨ ॥
જિયાં બેસી અમે જમિયા, વળી ઢાળ્યો ઢોલિયો અમૂલ્ય ॥
જુવો વિચારી જીવમાં, કોણ આવે આ ભૂમિને તુલ્ય ॥ ૩ ॥
માટે મંદિર આંહિ આરંભો, અતિ ઉરે આણી આનંદ ॥
થાશે સરસ સહુથી, એમ બોલિયા સહજાનંદ ॥ ૪ ॥

**ચોપાઈ :**

પછી આદરિયું છે મંદિર રે, અતિ ઉતાવળું તે અચિર રે ॥
ખાત મુહૂર્ત ખાંત્યેશું કીધું રે, પછી મંદિરનું કામ લીધું રે ॥ ૫ ॥
થાય અહોનિશ કામ એહ રે, કરે જન કરીને સનેહ રે ॥
થયું તૈયાર વાર ન લાગી રે, ત્યાં તો પધાર્યા શ્યામ સુહાગી રે ॥ ૬ ॥
જોઈ મંદિર મગન થયા રે, સારું સારું કર્યું કે'છે રહ્યા રે ॥
હવે બેસારિયે જો મૂરતિ રે, રાધાકૃષ્ણની સારી શોભતી રે ॥ ૭ ॥
પછી સમે સિંહાસન માથે રે, મદનમોહન પધરાવ્યા હાથે રે ॥
કરી પૂજા આરતી ઉતારી રે, થયો જય જય શબ્દ ભારી રે ॥ ૮ ॥
મદનમોહનની જે મૂરતિ રે, તે તો સુંદર શોભે છે અતિ રે ॥
જે જે નીરખે નયણાં ભરી રે, તેનું મન ચિત્ત લિયે હરી રે ॥ ૯ ॥
એવી મૂરતિયો છે અતિ સારી રે, પ્રતિપક્ષીને[૧] પણ લાગે પ્યારી રે ॥
મદનનું[૨] પણ મોહે મન રે, ત્યારે બીજા ન મોહે કેમ જન રે ॥૧૦॥
શોભાસાગર સુખની ખાણી રે, છબી જાતી નથી જો વખાણી રે ॥

૧.વિરોધીને  ૨.કામદેવનું

જોઈ જોઈ જન મન લોભે રે, એવા મદનમોહન શોભે રે ॥૧૧॥

મહા મનોહર જે મૂરતિ રે, તે તો બેસારી કરી હેત અતિ રે ॥
કર્યો મોટો ઉત્સવ એહ દન રે, સહુને કરાવ્યાં ભોજન રે ॥૧૨॥

કર્યો સમૈયો બહુ સારો રે, લાગ્યો પ્રેમી જનને પ્યારો રે ॥
જમ્યા રમ્યા સંત રૂડી રીતે રે, પરિપૂરણ થયા સહુ પ્રીતે રે ॥૧૩॥

જાણો જમ્યા તે હરિને હાથે રે, સંત સર્વે સતસંગી સાથે રે ॥
જે કોઈ ઉત્સવ પર આવિયું રે, તે તો જમ્યા વિના નહિ રહ્યું રે ॥૧૪॥

જમ્યા સહુ ઉત્સવનું અન્ન રે, એવો સમૈયો કર્યો ભગવન રે ॥
જે જે જમિયા જન અન્ન એહ રે, થયા મોક્ષભાગી સહુ તેહ રે ॥૧૫॥

વળી કર્યાં જેણે દરશન રે, તે તો થયા પરમ પાવન રે ॥
એવો કર્યો મોટો ઉપકાર રે, જગ જીવ તારવા આ વાર રે ॥૧૬॥

મૂરતિ બેસારી સારી સુંદર રે, અતિ શોભિત મહા મનોહર રે ॥
નિજભક્તની પૂરવા આશ રે, મૂર્તિ બેસારી ધોલેરે વાસ[1] રે ॥૧૭॥

કરવા અનેક જીવનું કલ્યાણ રે, આપે ઉઘાડી મોક્ષની ખાણ રે ॥
આવે દેશી પરદેશી દર્શને રે, નીરખે હરખી હરખી મને રે ॥૧૮॥

જેણે જેણે જોયા નયણે નાથ રે, વળી પાયે લાગ્યા જોડી હાથ રે ॥
તેનાં સરી ગયાં સર્વે કામ રે, વળી પામશે પરમ ધામ રે ॥૧૯॥

એમ ઈચ્છા કરી છે હરિ આપ રે, જીવ તારવા આપ પ્રતાપ રે ॥
બહુ જનની કરવી છે સાર રે, એવો કરી આવ્યા છે નિરધાર રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમ પ્રકાશ મધ્યે પંચત્રિંશઃ પ્રકારઃ ॥૩૫॥***

**૧**.ધામમાં; મંદિરમાં

**દોહા :** વળી શ્રીહરિ કે' સહુ સાંભળો, બહુ બહુ બનાવ્યાં મંદિર ॥
અનેક જીવ ઉદ્ધારવા, કર્યું કામ અનામ[1] અચિર[2] ॥ ૧ ॥
સુંદર મંદિર સારાં થયાં, સ્થાપી મૂરતિયો મનોહર ॥
પણ મદનમોહન મારા મનમાં, અતિ સારા લાગે છે સુંદર ॥ ૨ ॥
નાનો દેશ નિરસ અતિ, દેહાભિમાનીને દુઃખરૂપ ॥
તિયાં ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ ॥ ૩ ॥
માટે મારે એ મંદિર પર, ઘણું ઘણું રહે છે હેત ॥
ધન્ય ધન્ય એહ સંતને, જે ઈયાં રહે કરી પ્રીત ॥ ૪ ॥

**ચોપાઈ :**

મારે વચને જે ઈયાં રહે છે રે, સુખ દુઃખ શરીરે સહે છે રે ॥
એક મને કરવાને રાજી રે, નથી રાખી શરીરશું સાજી[3] રે ॥ ૫ ॥
એહ સંત બીજા સંત જેહ રે, બરોબર માનું કેમ તેહ રે ॥
હોય બરોબર બેહુ જ્યારે રે, ત્યારે તમ[4] ઘણું ઘેર મારે રે ॥ ૬ ॥
પણ એમ જાણશો મા કોય રે, જેહ ત્યાગ વા'લો મને નોય રે ॥
માટે સે'જે સે'જે તપ થાય રે, એવું છે જો એ મંદિર માંય રે ॥ ૭ ॥
એહ સંતને જમાડશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ॥
બીજા જક્તના જમાડે ક્રોડ્ય રે, તોયે આવે નહીં એની જોડ્ય રે ॥ ૮ ॥
એને પૂજી ઓઢાડે અંબર રે, વળી પાયે લાગે જોડી કર રે ॥
તે તો જન જાયે બ્રહ્મમો'લ રે, સત્ય માનજો છે મારો કોલ[5] રે ॥ ૯ ॥
જેહ જન મારા રાજીપામાં રે, રહે હાથ જોડી ઊભા સામા રે ॥
એથી સંત બીજા કોણ સારા રે, એવા સંત લાગે મુને પ્યારા રે ॥૧૦॥
દેહાભિમાની તો દીઠા ન ગમે રે, જે કોઈ ભક્તિથી ભાગતા ભમે રે ॥

**૧**.અજોડ; અતિ ઉત્તમ **૨**.ટૂંક સમયમાં **૩**.પ્રીતિ **૪**.અંધારું; અન્યાય **૫**.વરદાન

એમ શ્રીમુખે કહે વળી વળી રે, સત્ય લખ્યું જાણજો સાંભળી રે ॥૧૧॥
જેવો સંતનો કર્યો સતકાર રે, તેવો મૂરતિમાં છે ચમત્કાર રે ॥
જેહ દિનથી બેઠી એ મૂરતિ રે, તેહ દિનથી થયું સુખ અતિ રે ॥૧૨॥
શે'રમાં પણ થયો સમાસ[1] રે, દેશી પ્રદેશી વસ્યા કરી વાસ રે ॥
જિયાં હતાં વાંસડાનાં ઘર રે, તિયાં થઈ હવેલિયો સુંદર રે ॥૧૩॥
તે તો મદનમોહન પ્રતાપ રે, સહુ સુખિયા થયા છે આપ રે ॥
તે તો જાણે છે પોતાના જન રે, બીજાને તો મનાયે નહિ મન રે ॥૧૪॥
પણ જાણે અજાણે જે જન રે, કરશે મદનમોહનનાં દર્શન રે ॥
તે તો આ લોક પરલોક માંઈ રે, મોટા સુખને પામે સદાઈ રે ॥૧૫॥
જાણે અજાણે લેશે જે નામ રે, તે તો જન છે પૂરણકામ રે ॥
ભાવ સહિત કરશે ભજન રે, તેનું બ્રહ્મમો'લે છે સદન[2] રે ॥૧૬॥
તેહ સારુ છે ધોલેરે ધામ રે, બહુ જીવનું કરવા કામ રે ॥
દેશી પ્રદેશી આવી ત્યાં બહુ રે, કરે હરિનાં દર્શન સહુ રે ॥૧૭॥
પૂર્વ પશ્ચિમ ઉત્તર દક્ષિણ રે, આવે ત્યાંથી તણાઈ તતક્ષણ રે ॥
સો સો જોજનથી[3] આવે જન રે, કરે મદનમોહનનાં દર્શન રે ॥૧૮॥
તે તો અવિચળ ધામમાં આપે રે, જાશે પ્રગટ પ્રભુ પ્રતાપે રે ॥
તેમાં સંશય કરશો મા કોય રે, હરિ ધારે તે શું શું ન હોય રે ॥૧૯॥
માટે એ મૂરતિ દ્વારે કરી રે, જાશે બહુ જીવ ભવ તરી રે ॥
તેહ સારુ કર્યું છે મહારાજે રે, અમૃત[4] પદ પમાડવા કાજે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ષટ્ત્રિંશઃ પ્રકારઃ ॥૩૬॥***

**૧.**ફાયદો **૨.**રહેઠાણ **૩.**લગભગ ૧૨૦૦ કિ.મી. જેટલે દૂરથી **૪.**મોક્ષ

**દોહા :** એમ અનેક પ્રકારનાં, બહુ બહુ ઉઘાડચાં બાર ॥
કલ્યાણ કરવા કારણે, અલબેલે જાણો આ વાર ॥ ૧ ॥
આપ સંબંધે સંત સંબંધે, વર્ણી સન્યાસી સંબંધે સોય ॥
સાંખ્યજોગી[1] સત્સંગી સંબંધે, શ્રેય પામ્યા સહુ કોય ॥ ૨ ॥
મંદિર મૂર્તિ સંબંધે, કર્યા કલ્યાણના ઉપાય ॥
એ માંહેલો પ્રસંગ પ્રાણીને, થાય તો ભવદુઃખ જાય ॥ ૩ ॥
જેમ અન્ન ધન આપી આપણું, કરે કંગાલને કોટિધ્વજ[2] ॥
એમ સમાજ[3] દૈ તારે જીવને, એની સઈ આશ્ચરજ[4] ॥ ૪ ॥

**ચોપાઈ :**

એમ બહુ બહુ પરકાર રે, વાલે જીવ તાર્યા આ વાર રે ॥
બહુ હરિ કરી પરમાર્થ રે, તાર્યા જીવ વાવરી સામર્થ્ય રે ॥ ૫ ॥
વળતો વિચાર કર્યો છે વા'લે રે, આવું આવું ઘણું કેમ ચાલે રે ॥
મોટાં મોટાં કરાવ્યાં મંદિર રે, તેમાં રાખિયા સંત સુધીર રે ॥ ૬ ॥
પણ તે તો સંત છે જો ત્યાગી રે, વસી કેમ શકશે વિતરાગી રે ॥
મમત વિના મંદિર કેમ રે'શે રે, વાત બંધ એ કેમ બેસશે રે ॥ ૭ ॥
જેહ ત્યાગી છે ત્રિયા ધન તણા રે, દેહ સુખથી નિરાશી ઘણા રે ॥
તેણે નહિ જળવાય જાગ્ય[5] રે, નથી વાત એ બનવા લાગ્ય રે ॥ ૮ ॥
માટે એના કરું એક ધણી રે, તો રાખે ખબર એની ઘણી રે ॥
પછી સરવાર દેશથી[6] સંબંધી રે, તેને તેડાવી જાયગા દીધી રે ॥ ૯ ॥
સ્થાપ્યા દત્તપુત્ર પોતે સ્થિર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે ॥
તેને આપે કર્યા આચારજ રે, કરવા બહુ જીવનાં કારજ રે ॥૧૦॥

---

**૧.**સંસારી હોવા છતાં ત્યાગી જેવા નિયમો પાળી શ્રીહરિ તથા સંતોની સેવા પરાયણ રહેનાર. **૨.**કરોડપતિ **૩.**મોક્ષની સામગ્રી **૪.**એમાં શું આશ્ચર્ય ! **૫.**સ્થાન-મંદિરો **૬.**અયોધ્યા પ્રાંતમાંથી

આપ્યાં વેં'ચી મંદિર ને દેશ રે, જેમાં કોઈને ન થાય ક્લેશ રે ॥
સાધુ સત્સંગીના ગુરુ કીધા રે, દેશ ઉત્તર દક્ષિણ વેં'ચી દીધા રે ॥૧૧॥

કહે સહુ સહુને દેશે રે'જો રે, સારો સહુને ઉપદેશ દેજો રે ॥
તમને માનશે પૂજશે જેહ રે, મોટા સુખને પામશે તેહ રે ॥૧૨॥

અન્ન ધન આપશે અંબર રે, પશુ વાહન ને વળી ઘર રે ॥
ફળ ફૂલ દળ જળ દેશે રે, તે તો અખંડ ધામને લેશે રે ॥૧૩॥

એહ આદિ જે આપશે વસ્ત[1] રે, એવા ઘરધારી જે ગૃહસ્થ રે ॥
વળી પધરાવશે પોતાને ઘેર રે, કરશે સેવા વળી સારી પેર રે ॥૧૪॥

વળી કરશે સનમાન એનું રે, મારે કરવું છે કલ્યાણ તેનું રે ॥
એમ આચારજથી કલ્યાણ રે, થાશે સહુ જીવનું સુજાણ રે ॥૧૫॥

માનો મોક્ષનો છેલ્લો ઉપાય રે, એહ ઉપરાંત નથી કાંય રે ॥
મૂર્તિ આચારજ ધર્મપાળ રે, રે'શે કલ્યાણ તે બહુ કાળ રે ॥૧૬॥

જે જે એને કોઈ આશરશે[2] રે, તે તો જરૂર ભવજળ તરશે રે ॥
કરશે દર્શન ને ગુણ લેશે રે, વળી પોં'ચ્ય[3] પ્રમાણે કાંઈ દેશે રે ॥૧૭॥

શ્રદ્ધા સહિત સેવા કરે સોઈ રે, વળી રાજી થાશે એને જોઈ રે ॥
એવા જન જે જે જગમાંય રે, તેની કરવી મારે સહાય રે ॥૧૮॥

મારી ઈચ્છા છે હમણાં એવી રે, પરમ પ્રાપતી સહુને દેવી રે ॥
માટે મોક્ષનું મોટું દ્વાર રે, અમે ઉઘાડિયું છે આ વાર રે ॥૧૯॥

આચારજથી બહુ ઉદ્ધરશે રે, જાણો બ્રહ્મનગર વાસ કરશે રે ॥
એમ શ્રીમુખે કહ્યું શ્રીજીયે રે, જન સૌ સત્ય માની લીજિયે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તત્રિંશઃ પ્રકારઃ ॥૩૭॥***

**૧.**ઉપયોગી ચીજ-વસ્તુઓ **૨.**શરણે આવશે **૩.**કેપેસિટી; ક્ષમતા

**દોહા :** એમ મોટપ્ય આચારજની, ઘણી ઘણી કહી ઘનશ્યામ ॥
એહ દ્વારે અનેકને, આપવું છે આજ નિજ ધામ ॥૧॥

ધામધણીએ એમ ધારિયું, જન ઉદ્ધારવા છે અપાર ॥
પાર પમાડવા પ્રાણીને, એહ કર્યા આપે ઉપકાર ॥૨॥

આચરજથી અનેક જનનો, અવશ્ય સરશે અર્થ[1] ॥
એમ આપે આ સમે, વાવરી અતિ સામર્થ ॥૩॥

ધર્મકુળને જે અનુસરે, ત્યાગી ગૃહી નર કોઈ નાર ॥
પરિશ્રમ વિના તે પામશે, અપાર ભવનો પાર ॥૪॥

**ચોપાઈ :**

આચારજ કર્યા છે જે અમે રે, તેની રીત સુણી લિયો તમે રે ॥
નથી અન્ય આચારજ જેવા રે, જાય શ્રદ્ધા કરતા સેવા રે ॥૫॥

લાવો લાવો એમ વળી કરે રે, ધન લેવા ધરણીએ ફરે રે ॥
લિયે ધન ને તાકે[2] ત્રિયને[2] રે, તે કેમ કરે જીવના પ્રિયને રે ॥૬॥

**માટે એવા આચારજ આ નહિ રે, એ પણ વાત સમજવી સહિ રે ॥**
**આ તો ત્રિયા ધનના તાકુ નથી રે, તેની વાત કહિએ છીએ કથી રે ॥૭॥**

અમે બાંધી દીધી છે જે રીત રે, તેમાં રે'છે કરી અતિ પ્રીત રે ॥
શિષ્ય શ્રદ્ધાએ કરશે સેવા રે, ધન ધાન્યાદિ આવશે દેવા રે ॥૮॥

તે તો સંતોષ સહિત લેશે રે, પણ કોઈને દુઃખ ન દેશે રે ॥
એમ વરતશે એહ આપ રે, પણ નહિ કરે કોઈને સંતાપ રે ॥૯॥

નિજ સંબંધી વિના બાઈયો સંગે રે, કે દી ન બોલે ન અડે અંગે રે ॥
કોઈ ઉપર રોષ[3] ન રાખે રે, વળી કોઈને કલંક નહિ નાખે રે ॥૧૦॥

કેની જમાની[4] પણ નહિ કરે રે, જૂઠી સાખ્ય[5] પણ નહિ ભરે રે ॥

**૧.**હેતુ સિદ્ધ થશે **૨.**સ્ત્રી સામે જુએ **૩.**દ્વેષ **૪.**જામીનગીરી **૫.**સાક્ષીપણું

પડશે આપત તો માગી ખાશે રે, કરજ કેનું ન કાઢવા જાશે રે ॥૧૧॥
નહિ રાખે કોઈની થાપણ રે, નહિ વેચે ધર્માદાના કણ રે ॥
સહુ ઉપર રાખશે દયા રે, રે'શે એ ગુણે જે ગુણ કહ્યા રે ॥૧૨॥
કળ છળ કપટ દગાઈ રે, તે તો રાખશે નહિ ઉર માંઈ રે ॥
ઈરષા અદેખાઈને અમર્ષ[1] રે, રાખી નહિ ખુવે પોતાનો જશ રે ॥૧૩॥
નહિ રાખે કોઈ પર રોષ રે, એમ વર્તશે સદા અદોષ રે ॥
એવા શુભ ગુણ જે અપાર રે, આપ્યો એવાને અમે અધિકાર રે ॥૧૪॥
સહુના ગુરુ કરી સોંપી ગાદી રે, રીત રાખશે એ રાયજાદી[2] રે ॥
ધર્મવંશી ધર્મ થાપશે રે, સારો ઉપદેશ સૌને આપશે રે ॥૧૫॥
એ તો કર્યું છે કલ્યાણ સારું રે, એમાં બહુ ગમતું છે અમારું રે ॥
કાં જે કરવું છે બહુનું કારજ[3] રે, નથી રાખવો ફેર એક રજ રે ॥૧૬॥
એહ આચારજથી અપાર રે, બહુ જીવનો થાશે ઉદ્ધાર રે ॥
એમાં નહિ પડે કાંઈ ફેર રે, શીદ કે'વરાવો વેર વેર[4] રે ॥૧૭॥
એમ જનપર હેત કરી રે, આપ ઈચ્છાએ આવ્યા છે હરિ રે ॥
ગમે ત્યાંથી તારશે પ્રાણી રે, તેની ગતિ લેશે કોણ જાણી રે ॥૧૮॥
ધાર્યું ધર્મસુતે ધામ દેવા રે, સહુ જનને શરણે લેવા રે ॥
અતિ અસમર્થ જીવ અંગે રે, પોં'ચી ન શકે સુરપુર લગે[5] રે ॥૧૯॥
**તેને તેડી જાવા અક્ષરધામ રે, એવું ધાર્યું છે જો ઘનશ્યામ રે ॥**
**તેહ સારુ આવ્યા છે આપે રે, જીવ તારવા નિજ પ્રતાપે રે ॥૨૦॥**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે અષ્ટત્રિંશઃ પ્રકાર ॥૩૮॥***

**૧.**ક્રોધ **૨.**સર્વોત્તમ **૩.**કલ્યાણરૂપી કાર્ય **૪.**વારંવાર **૫.**સ્વર્ગ સુધી

**દોહા :** એમ કહી રીત કલ્યાણની, આ સમાની અગણિત ॥
તે સૌએ શ્રવણે સાંભળી, અતિ ઉત્તમ પરમ પુનિત ॥ ૧ ॥
એહ રીતમાં જે આવી ગયા, તે થયા પૂરણકામ ॥
તે તો તન જ્યારે તજશે, ત્યારે પામશે પ્રભુનું ધામ ॥ ૨ ॥
**જેહ ધામને પામીને, પાછો ન પડે જન કોય ॥**
**એવું અખંડ એ ધામ છે, ત્યાં સુખે વસે જન સોય** ॥ ૩ ॥
**તે ધામના ધામીએ ધારિયું, દેવા સ્વધામનું જો સુખ** ॥
**જીવ જગતના જોઈને, દયા આણી ટાળવા દુઃખ** ॥ ૪ ॥

**ચોપાઈ :**

મારા ધામમાં આવવા સહુ રે, એવા કર્યા ઉપાય મેં બહુ રે ॥
સર્વે ઉપાય કીધા છે સારા રે, તેમાં તરશે જીવ અપારા રે ॥ ૫ ॥
પણ છેલો છે આ જે ઉપાય રે, બહુ જીવ તરશે આ માંય રે ॥
ધર્મવંશી આચારજ ધાર્યા રે, ગુરુ કરી ગાદીએ બેસાર્યા રે ॥ ૬ ॥
કામ કર્યું છે એહ સારું રે, મન માન્યું છે બહુ અમારું રે ॥
કાં જે એ છે ધર્મનું કુળ રે, માટે એ વાતનું ઊંડું મૂળ રે ॥ ૭ ॥
જેવું અમારું કુળ મનાશે રે, તેને તુલ્ય બીજું કેમ થાશે રે ॥
માટે વિચારીને વાત કીધી રે, ઘણું સમજીને ગાદી દીધી રે ॥ ૮ ॥
ધર્મવંશી તે ધર્મમાં રે'શે રે, અધર્મ વાતમાં પગ ન દેશે રે ॥
ધર્મ પાળશે ને પળાવશે રે, અધર્મની રીત ટળાવશે રે ॥ ૯ ॥
આપ આપણે ધર્મ રાખશે રે, નરનારીના નિ'મ કૈ' દાખશે[1] રે ॥
ત્યાગી ગૃહીના ધર્મ સૂચવી રે, કે'શે જૂજવા જૂજવા ચવી[2] રે ॥૧૦॥
કાં જે બેઠા છે ધર્મની ગાદી રે, કે'શે ધર્મની રીતિ જે અનાદિ રે ॥

**૧.**કહી બતાવશે **૨.**વર્ણવી

તેણે સૌ રહેશે ધર્મધારી રે, ત્યાગી ગૃહી નર ને જે નારી રે ॥૧૧॥

**ધર્મ અમને છે બહુ વા'લો રે, એમ કહે છે ધર્મનો લાલો રે ॥**
**ધર્મવાળા સાથે હેત મારે રે, એમ વાલો કહે વારે વારે રે ॥૧૨॥**

અધર્મી સાથે મારે અદેખાઈ[1] રે, રે' છે રાત દિવસ મન માંઈ રે ॥
અધર્મી જનની જેહ ભગતિ રે, નથી ગમતી મુને જો રતિ રે ॥૧૩॥

એના હાથનું અન્ન ન ભાવે રે, મર બહુ સારું કરી લાવે રે ॥
અધર્મીના હાથનું જે પાણી રે, નથી પીતા તે અશુદ્ધ જાણી રે ॥૧૪॥

એનું ચંદન પૂજા ને હાર રે, નથી લેતા અમે કરી પ્યાર રે ॥
લાવે અઘવંત[2] સેવા સાજ[3] રે, તેનો તર્ત કરું છું હું ત્યાજ[4] રે ॥૧૫॥

ધર્મવાળા આપે અન્ન જળ રે, બહુ સ્વાદુ લાગે એ સકળ રે ॥
ધર્મવાનનું ફળ દળ ફૂલ રે, જે દિયે તે જાણું છું અમૂલ[5] રે ॥૧૬॥

માટે ધર્મવાળાની જે ભક્તિ રે, તે તો મને ગમે છે જો અતિ રે ॥
માટે ધર્મવાળા જીવ જોઈ રે, કર્યા છે મેં આચારજ દોઈ રે ॥૧૭॥

એહ અધર્મ નહિ આચરશે રે, ઘણું અધર્મસર્ગથી[6] ડરશે રે ॥
ધર્મવંશીની ગાદિયે બેશી રે, વળી કા'વશે ધર્મ ઉપદેશી રે ॥૧૮॥

માટે એથી તરશે અપાર રે, નિશ્ચે જાણજો એ નિરધાર રે ॥
બહુ કાળ લગી કલ્યાણ રે, થાશે નિશ્ચે જાણો નિરવાણ રે ॥૧૯॥

એવી ઈચ્છા છે જો અમારી રે, એવું ધામથી આવ્યા અમે ધારી રે ॥
એમ બોલ્યા શ્રી હરિ હરખી રે, સુણી વાત લીધી છે જો લખી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનચત્વારિંશઃ પ્રકારઃ ॥૩૯॥***

**૧.**અણગમો **૨.**પાપી **૩.**સામગ્રી **૪.**ત્યાગ **૫.**કીમતી **૬.**દોષ-દુર્ગુણોના સમૂહથી.

**દોહા :** માટે સહુ ધર્મકુળ માનજો, સહુ કરજો એની સેવ ॥
અન્ય જન જેવા એહ નહિ, એ છે જાણજો મોટા દેવ ॥ ૧ ॥
**એક બ્રાહ્મણ ને જાણો ભક્ત અતિ, વળી કા'વે અમારું કુળ ॥**
**એને સેવતાં સૌ જન તમો, પામશો સુખ અતુલ ॥ ૨ ॥**
મનવાંછિત વાત મળશે, વળી સેવતાં એનાં ચરણ ॥
એ છે અમારી આગન્યા, સર્વે કાળમાં સુખકરણ ॥ ૩ ॥
મન કર્મ વચને માનજો, એમાં નથી સંશય લગાર ॥
એહ દ્વારે મારે અનેકનો, આજ કરવો છે ઉદ્ધાર ॥ ૪ ॥

**ચોપાઈ :**

માટે સૌ રે'જો એને વચને રે, ત્યાગી ગૃહી સહુ એક મને રે ॥
રે'જો ધર્મવંશીને ગમતે રે, વર્તશો મા કોયે મન મતે[1] રે ॥ ૫ ॥
એહ કહે તેમ સહુ કરજો રે, પૂછ્યા વિના તો પગ ન ભરજો રે ॥
હાથ જોડીને રે'જો હજૂર રે, કરી ડા'પણ પોતાનું દૂર રે ॥ ૬ ॥
વિદ્યા ગુણ બુદ્ધિ ને બળે રે, એને દબાવવા નહિ કોઈ પળે રે ॥
ત્યાગી રાગી[2] ને કવિ કોય હોય રે, તોય એને માનજો સહુ કોય રે ॥ ૭ ॥
વાદ વિવાદ કરી વદને રે, એશું બોલશો મા કોય દને રે ॥
એની વાત ઉપર વાત આણી રે, કે દી વદશો મા મુખે વાણી રે ॥ ૮ ॥
એને હોડ્યે[3] હઠાવી હરવી રે, પોતાની સરસાઈ[4] ન કરવી રે ॥
પોતે સમઝી પોતાને પ્રવીણ રે, એને સમઝશો મા ગુણે હીણ[5] રે ॥ ૯ ॥
જેમ એ વાળે તેમ વળજો રે, એના કામ કાજમાં ભળજો રે ॥
એની માનજો સહુ આગન્યા રે, વર્તશો મા કોયે વચન વિના રે ॥૧૦॥
એને રાજી રાખશો જો તમે રે, તો તમ પર રાજી છીએ અમે રે ॥

**૧.**મનના ગમતા પ્રમાણે **૨.**ગૃહસ્થ **૩.**હરીફાઈમાં **૪.**શ્રેષ્ઠતા **૫.**રહિત કે ઉતરતા

એને રાજી રાખશે જે જન રે, તેણે અમને કર્યા પરસન રે ॥૧૧॥

કાં જે અમારે ઠેકાણે એ છે રે, તે તો પ્રવીણ હોય તે પ્રીછે[1] રે ॥
બીજા જન એ મર્મ ન લહે રે, ભોળા મનુષ્યને ભોળાઈ રહે રે ॥૧૨॥

પણ સમઝવી વાત સુધી રે, અતિ મતિ ન રાખવી ઊંધી રે ॥
વચન દ્વારે વસ્યા અમે એમાં રે, તમે ફેર જાણશો મા તેમાં રે ॥૧૩॥

અમે એમાં એ છે અમ માંઈ રે, એમ સમજો સહુ બાઈ ભાઈ રે ॥
એથી અમે અળગા ન રૈ'યે રે, એમાં રહિને દર્શન દૈયે રે ॥૧૪॥

જે જે જનને થાય સમાસ રે, તે તો અમે કરી રહ્યા વાસ રે ॥
શે'ર પાટણે સનમાન જડે રે, તે તો અમારી સામર્થિ વડે રે ॥૧૫॥

**દેશ પરદેશે પૂજાયે આપ રે, તે તો જાણો અમારો પ્રતાપ રે ॥**
**જિયાં જાય તિયાં જય જીત રે, તે તો અમે રહ્યા રૂડી રીત રે ॥૧૬॥**

એમ સમજો સહુ સુજાણ રે, અમ વિના ન હોય કલ્યાણ રે ॥
ધર્મવંશી આચારજ માંય રે, સદા રહ્યો છું મારી ઇચ્છાય રે ॥૧૭॥

અતિ ધર્મવાળા જોઈ જન રે, રે'વા માની ગયું મારું મન રે ॥
માટે એને પૂજે હું પૂજાણો રે, તે તો જરૂર જન મન જાણો રે ॥૧૮॥

એનું જેણે કર્યું સનમાન રે, તેણે મારું કર્યું છે નિદાન રે ॥
એમ જાણી લેજો સહુ જન રે, એમ બોલિયા શ્રી ભગવન રે ॥૧૯॥

સુણી જન મન મગન થયા રે, ધન્ય ધન્ય સ્વામી કે'વા રહ્યા[2] રે ॥
પછી સહુએ આચારજ સેવ્યા રે, તે તો મોટા સુખને લેવા રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૦॥***

**૧.**જાણે **૨.**કહેવા લાગ્યા

**દોહા :** એમ આચારજનું અધિકપણું, શ્રીમુખે કહ્યું ઘનશ્યામ ॥
એહ દ્વારથી અનેકને, કરવા છે પૂરણ કામ ॥૧॥
ઘણા જીવ એહ ગૃહસ્થથી,[1] ઉદ્ધારવા છે આ વાર ॥
નરનારી જે જક્તમાં, તે સહુના એ તારનાર ॥૨॥
એહ વિના વળી ત્યાગીથી, આજ ઉદ્ધારવા છે અનેક ॥
એમાં પણ અમે રહી, ભવપાર કરવાં છે છેક ॥૩॥
ત્યાગી તે સમજો સંતને, એમાં અમે કરી પરવેશ ॥
બહુ જીવને તારશું, આપી ઉજજવળ ઉપદેશ ॥૪॥

**ચોપાઈ :**

ધર્મકુળમાં કરી રહ્યા ધામ રે, તેમ સંતમાં છઉં કહે શ્યામ રે ॥
સર્વે રીતે સંતમાં રહું છું રે, એમાં રહી ઉપદેશ દઉં છું રે ॥૫॥
**સંત બોલે તે ભેળો હું બોલું રે, સંત ન ભૂલે હુંયે ન ભૂલું રે ॥**
**સંત વાત ભે'ળી કરું વાત રે, એમ સંતમાં છઉં સાક્ષાત રે** ॥૬॥
સંત જુવે તે ભેળો હું જોઉં રે, સંત સૂતા પછી હું સોઉં રે ॥
સંત જાગે તે ભેળો હું જાગું રે, સંત જોઈ અતિ અનુરાગું[2] રે ॥૭॥
સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે[3] તે કેડ્યે[4] હું ભમું રે ॥
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે ॥૮॥
**સંત હું ને હું તે વળી સંત રે, એમ શ્રીમુખે કહે ભગવંત રે ॥**
**સંત માનજો મારી મૂરતિ રે, એમાં ફેર નથી એક રતી રે** ॥૯॥
અંતરજામીપણે રહું એમાં રે, માટે નથી બંધાતા એ કેમાં રે ॥
સંકલ્પ સ્વપ્ન ઉપવાસ રે, તે તો કરે છે જાણી મને પાસ રે ॥૧૦॥
માટે અખંડ એમાં રહું છું રે, સારી સત્ય સુબુદ્ધિ દઉં છું રે ॥

**૧.**ગૃહસ્થી એવા આચાર્યશ્રી દ્વારા **૨.**પ્રીતિવાળો-પ્રસન્ન થાઉં છું **૩.**ચાલે **૪.**પાછળ-પાછળ

વળી જે જે મેં નિ'મ રખાવ્યા રે, તેમાં રહી એણે તન તાવ્યાં[1] રે ॥૧૧॥
માટે સંત વા'લા મને બહુ રે, ઘણી ઘણી વાત શું કહું રે ॥
એને અન્ન જળ અંબર[2] આપે રે, તે તો તપશે નહિ ત્રય તાપે રે ॥૧૨॥
લાગી પાયે ને જોડિયા હાથ રે, તે તો સહુ થાય છે સનાથ રે ॥
જોઈ રીત ને રાજી જે થાશે રે, વળી ગુણ તે સંતના ગાશે રે ॥૧૩॥
કે'શે સંત તો એ બહુ સારા રે, ખરા કલ્યાણના કરનારા રે ॥
એટલો જ ગુણ કોઈ ગ્રે'શે[3] રે, તે તો બ્રહ્મમો'લે વાસ લેશે રે ॥૧૪॥
એવા સંતની કરે પ્રસંશા રે, નીરખી હરખી હૈયામાં હૂલસ્યા રે ॥
વળી વિનતિ વારમવાર રે, કરે સ્તુતિ તેહ અપાર રે ॥૧૫॥
તે તો પામશે પરમ ધામ રે, વળી થાશે તે પૂરણકામ રે ॥
કાં જે એ સંતમાં અમે છીએ રે, સાચા સંતથી દૂર ન રહીએ રે ॥૧૬॥
માટે સંત એ કલ્યાણકારી રે, યાંથી[4] બહુને લેવા છે ઉદ્ધારી રે ॥
મોટો માર્ગ જે મોક્ષતણો રે, આજ કર્યો છે ચાલતો ઘણો રે ॥૧૭॥
એમ માંડ્યો છે મોટો અખાડો રે, બ્રહ્મમો'લ જાવા રાત્ય દા'ડો રે ॥
એવો અભાગી કોઈ ન કે'વાય રે, જે કોઈ આ સમામાં રહી જાય રે ॥૧૮॥
સંત દેશ પરદેશ ફરે છે રે, સહુ જીવનાં અઘ[5] હરે છે રે ॥
એના દર્શન સ્પર્શ જે કરશે રે, તે તો ભવજળ પાર ઊતરશે રે ॥૧૯॥
એ તો વીશ વસાની[6] છે વાત રે, સહુ સમજજો સાક્ષાત રે ॥
કહ્યું શ્રીમુખે એમ મહારાજ રે, સાકટમ[7] નોતરું[8] છે આજ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૧॥***

**૧.**શરીરનાં સંકટ સહ્યાં **૨.**વસ્ત્ર **૩.**ગ્રહણ કરશે **૪.**સંત દ્વારા **૫.**પાપ **૬.**સો ટકા સાચી **૭.**સાગમટું; કુટુંબ સહિત **૮.**આમંત્રણ

## પ્રકાર : ૪૨

**દોહા :** વળી કહું કોયે સંતને, સેવશે શ્રદ્ધાવાન ॥
તેના અંતરથી ઊછળી, વળી જાશે જાણો અજ્ઞાન ॥ ૧ ॥
સંત સેવ્યાથી સુખ મળે, વળી ટળે તન મન તાપ ॥
પરમ ધામને પામિયે, તે પણ સંત પ્રતાપ ॥ ૨ ॥
તે સંત શ્રી હરિતણા, પ્રભુ પ્રગટના મળેલ ॥
શૂરા સત્ય ધર્મ પાળવા, પંચ વિષયથી પાછા વળેલ ॥ ૩ ॥
પરમાર્થ અર્થે આવિયા, નિજ સ્વાર્થ નહિ લવલેશ ॥
એવા થકા ભમે[1] ભૂમિમાં, આપે સહુને સારો ઉપદેશ ॥ ૪ ॥

**ચોપાઈ :**

આપે જ્ઞાનદાન જનને રે, કહી વા'લપનાં વચનને રે ॥
હિતકારી છે સહુના સનેહી રે, જાણો પર ઉપકારી એહી રે ॥ ૫ ॥
સાચા સંત સગાં સૌ જનના રે, ઉદાર છે અપાર મનના રે ॥
જેને શત્રુ મિત્ર સમતોલે રે, સુખે દુઃખે દિલમાં ન ડોલે રે ॥ ૬ ॥
હાની વૃદ્ધિ ને સમ[2] વિષમ[2] રે, નથી આપ અરથે[3] ઉદ્યમ[4] રે ॥
હર્ષ શોક ને નૈ હાર્ય જીત રે, માન અપમાને સમ ચિત્ત રે ॥ ૭ ॥
અહં મમત ને મારું તારું રે, એહ નથી લાગતું જેને સારું રે ॥
જક્ત દોષ નથી જેમાં જરા રે, એવા સંત તે સંત મારા ખરા રે ॥ ૮ ॥
એમાં રહું છું હું રાત્ય દિન રે, સત્ય માનજો મારું વચન રે ॥
અતિ પવિત્ર અંતર પેખી[5] રે, સદા રહ્યો છું શુદ્ધ લેખી[6] રે ॥ ૯ ॥
એવા સંતને હૃદિયે રઈ રે, કરું જીવના કલ્યાણ કંઈ રે ॥
એહ સંત મળે જે જનને રે, કરે પળમાંહિ પાવન તેને રે ॥૧૦॥
એવા સંત છે સગાં સહુના રે, સુખદાયક જન બહુના રે ॥

**૧.**વિચરે **૨.**ઊંચ-નીચની ભાવના અથવા અનુકૂળતા-પ્રતિકૂળતા **૩.**પોતાના માટે **૪.**દાખડો
**૫.**દેખી **૬.**જાણી

જેવી એ સંત કરે છે સા'ય રે, તેવી કોઈ થકી કેમ થાય રે ॥૧૧॥
માત તાત ને સગાં સંબંધી રે, કરે હિત એહ બહુ વિધિ રે ॥
એનું હિત રહે યાનું યાંહિ[૧] રે, ના'વે કલ્યાણના કામ માંહિ રે ॥૧૨॥
દેવ ગુરુ કુળ ને કુટુંબ રે, એહ નહિ સાચા સંત સમ રે ॥
સાચા સંત તેમાં અમે રૈ'યે રે, મળી જીવને અભયદાન દૈયે રે ॥૧૩॥
અભયદાન તો એવું કે'વાય રે, કાળ માયાથી નાશ ન થાય રે ॥
એવું કોઈ વિઘન ન કા'વે રે, જે કોઈ નિર્ભયને ભય ઉપજાવે રે ॥૧૪॥
એવું નિર્ભય પદ નિર્વાણ રે, તેના દેનારા સંત સુજાણ રે ॥
એવા સંતનો જેને આશરો રે, તે તો સંશે[૨] પરો[૩] પરહરો[૪] રે ॥૧૫॥
જાણો જનમ મરણ ભય ટાળી રે, જાશું ધામે વજાડતાં તાળી રે ॥
સંત સમાગમ પરતાપે રે, જાશું બ્રહ્મમો'લ માંહિ આપે રે ॥૧૬॥
એમ સહુને કહે શ્રીહરિ રે, સત્સંગ મહિમા ભાવ ભરી રે ॥
મોટું દ્વાર છે એ મોક્ષતણું રે, આજ ઉઘાડ્યું છે અતિ ઘણું રે ॥૧૭॥
કહ્યું બહુ પ્રકારે કલ્યાણ રે, અતિ અગણિત અપ્રમાણ રે ॥
પણ સહુથી સરસ સંતમાં રે, રાખ્યું વાલમે એની વાતમાં રે ॥૧૮॥
એમ ઉઘાડ્યાં અનંત બાર રે, વા'લે કલ્યાણનાં આ વાર રે ॥
જે જે ધારી આવ્યા હતા વાત રે, તે તો પૂરી થઈ સાક્ષાત રે ॥૧૯॥
જ્યારે થયું છે પૂરું એ કામ રે, ત્યારે રાજી થયા ઘનશ્યામ રે ॥
કર્યો જેજેકાર જીવ તારી રે, વળતી વાલમે વાત વિચારી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વિચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૨॥***

**૧.**અહીંનું અહીં - આલોકમાં જ **૨.**મારો મોક્ષ થાશે કે નહિ થાય ? તેવો સંશય **૩.**દૂર અથવા સંપૂર્ણ **૪.**છોડી દો

## પ્રકાર : ૪૩

**દોહા :** વળતું વાલમે વિચારિયું, થઈ રહ્યું સર્વે કામ ॥
કેડ્યે કાંયે રહ્યું નહિ, થયું સારું કહે ઘનશ્યામ ॥ ૧ ॥
જે અરથે આંહિ આવિયા, તે સરિયો સરવે અર્થ ॥
અગણિત જીવ ઉદ્ધારિયા, વાવરી પોતાની સામર્થ ॥ ૨ ॥
કેડ્યે વળી કલ્યાણના, બહુ બહુ કર્યા ઉપાય ॥
કસર ન રાખી કોઈ વાતની, એમ નાથે માન્યું મનમાંય ॥ ૩ ॥
જણ જણ પ્રત્યે જૂજવું, કર્યું ચાલતું મોક્ષનું કામ ॥
પરિશ્રમ વિના પામવા, અખંડ અક્ષર ધામ ॥ ૪ ॥

**ચોપાઈ :**

કર્યા કોટિ કોટિ ઉપાય રે, અમે આવી અવનિ માંય રે ॥
અમારી મૂરતિને પ્રસંગે રે, કર્યું કલ્યાણ જીવનું જગે રે ॥ ૫ ॥
સંત સંબંધે કલ્યાણ કીધું રે, તેને પણ અખંડ ધામ દીધું રે ॥
વળી બાંધ્યાં સદાવ્રત ઘણાં રે, તે પણ બારણાં કલ્યાણ તણાં રે ॥ ૬ ॥
વળી ધ્યાન ધારણા સમાધિ રે, કરાવી વીસરાવી ઉપાધિ[1] રે ॥
વળી પ્રગટ કરી પંચ વ્રત રે, આપ્યું પળાવી પદ અમૃત રે ॥ ૭ ॥
બહુ દેશ તીર્થ ગામ શે'ર રે, તાર્યા ફરી હરિ કરી મે'ર રે ॥
કરી ઉત્સવ બહુ સમૈયા રે, તાર્યા જીવ જાયે નહિ કહ્યા રે ॥ ૮ ॥
કર્યા જગન[2] ને બહુ જાગ[3] રે, તે પણ જીવ ઉદ્ધારવા કાજ રે ॥
વરષોવરષ કર્યા વળી મેળા[4] રે, કરવા જીવ બ્રહ્મમો'લે ભેળા રે ॥ ૯ ॥
બાંધ્યાં કલ્યાણ સારુ બહુ ધામ[5] રે, શ્રી ઠાકોરજીનાં ઠામોઠામ રે ॥
તેમાં બેસારી સારી મૂરતિ રે, તે પણ જીવનાં કલ્યાણ વતી રે ॥૧૦॥
કર્યા આચારજ મહારાજે રે, તે પણ જીવને તારવા કાજે રે ॥

**૧.**અહં-મમત્વ વગેરે બંધન **૨.**યજ્ઞ **૩.**હોમ; હવન **૪.**મહોત્સવો **૫.**મંદિરો

બહુ બાંધી કલ્યાણની સડક[1] રે, જાય ધામે જીવ થૈ નિધડક રે ॥૧૧॥
થઈ વાત સરવે એ મોટી રે, તરશે જીવ કોટાન જો કોટી રે ॥
એ તો બહુ કહ્યું થયું સારું રે, હવે માનિયું મન અમારું રે ॥૧૨॥
સારા સારા કર્યા છે સમાજ[2] રે, કેડ્યે કલ્યાણ કરવા કાજ રે ॥
કર્યાં બંધ અમંગળ બાર રે, આવી ભૂમિએ અમે આ વાર રે ॥૧૩॥
કેને લેવા ન આવે કૃતાંત[3] રે, એમ જાણજો આજ વૃતાંત રે ॥
તરણિ[4] ઊગે રહિ જાય તમ[5] રે, ત્યારે માર્તંડનું[4] શું મા'તમ રે ॥૧૪॥
તેમ અમે આવ્યે અઘ રહે રે, ત્યારે પતિતપાવન કોણ કહે રે ॥
દીનબંધુ કહે છે દયાળ રે, તે તો કૂડું[6] ન પડે કોઈ કાળ રે ॥૧૫॥
માટે સર્વે એ નામ સત્ય કીધાં રે, જન અપાર ઉદ્ધારી લીધાં રે ॥
સારો ફેરો ફાવ્યો છે આ વાર રે, બહુ જીવ કર્યા ભવ પાર રે ॥૧૬॥
વળી કલ્યાણકારી જે વસ્ત[7] રે, તે પણ પૃથ્વી પર છે સમસ્ત રે ॥
બહુ તે વડે થાશે કલ્યાણ રે, સ્પર્શી પામશે પદ નિરવાણ રે ॥૧૭॥
અમે હૈયે[8] ન હૈયે જો આંઈ રે, નથી રાખ્યું કેડ્યે કામ કાંઈ રે ॥
સર્વે કરીને લીધું છે કાજ રે, એમ કહે છે શ્રી મહારાજ રે ॥૧૮॥
જે જે કર્યા છે અમે ઉપાય રે, જે કોઈ આવી જાશે એ માંય રે ॥
તેને અંતકાળે અમે આવી રે, તેડી જાવું છે તન તજાવી રે ॥૧૯॥
અશ્વ રથ વિમાન વે'લ સારી રે, લૈ જાવા સુખપાલે બેસારી રે ॥
એ તો અવશ્ય બિરુદ છે અમારું રે, ધાર્યું છે સહુ જીવને સારુ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ત્રિચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૩॥***

**૧.**પાકો રસ્તો **૨.**મોક્ષ ઉપયોગી કાર્યો, ઉપાય **૩.**યમદૂત **૪.**સૂર્ય **૫.**અંધારું **૬.**ખોટું **૭.**પ્રભુ પ્રસાદીની વસ્તુ **૮.**હોઈએ

**દોહા :** વળી શ્રી હરિ હેતે કરી, મોટી કહી માહાત્મ્યની વાત ॥
પવિત્ર છે સ્પર્શે કરી, આ પૃથવી સાક્ષાત ॥ ૧ ॥
જિયાં જિયાં અમે વિચર્યા, વળી રહ્યા જે જે ગામ ॥
તે જરૂર જન જાણજો, સરવે થયાં છે સ્વધામ ॥ ૨ ॥
તિયાં પ્રાણી કોઈ તન તજે, જાણ્યા વિના એહ જાગ્ય ॥
કહ્યાં ન જાય વળી કોઈથી, એવા ઉઘાડિયાં એનાં ભાગ્ય ॥ ૩ ॥
ચરણે અંકિત[૧] જે અવનિ, વળી પદની સ્પર્શેલ રજ ॥
તે જોતાં ન જડે જાણજો, જેને ઈચ્છે છે ઈશ્વર અજ[૨] ॥ ૪ ॥

**ચોપાઈ :**

પદરજના સ્પર્શ પ્રતાપે રે, જન અભય થાય છે આપે રે ॥
ભવભય હરણી એ રજ રે, થાય નિર્ભય એમાં શું આશ્ચરજ રે ॥ ૫ ॥
જન ભુવનમાં[૩] જ્યાં જ્યાં ગયા રે, તિયાં દિનરજની[૪] જે રહ્યા રે ॥
એહ ભૂમિકાનાં ભાગ્ય ભારી રે, થઈ ધામરૂપ સુખકારી રે ॥ ૬ ॥
એહ પૃથવી પર તજે પ્રાણ રે, તે તો પામે પદ નિરવાણ રે ॥
વળી નદી નદ[૫] ને તળાવ રે, સિંધુ[૬] કુંડ કૂવા વળી વાવ રે ॥ ૭ ॥
તિયાં જિયાં જિયાં અમે ના'યા રે, સ્પરશું પાણી જે અમારી કાયા રે ॥
તેહ સ્પર્શનું જેહ પાણી રે, જન ઉદ્ધારણ લિયો જાણી રે ॥ ૮ ॥
તેહ તટે તજે કોઈ તન રે, પામે અમૃત ધામે[૭] સદન[૮] રે ॥
એમ કલ્યાણના જે ઉપાય રે, બહુ કર્યા છે આ જગમાંય રે ॥ ૯ ॥
બાગ બગીચા ને ફૂલવાડી રે, વૃક્ષ વેલી વન વળી ઝાડી રે ॥
એહ આદિ જાયગા અપાર રે, જિયાં રહ્યા અમે કરી પ્યાર રે ॥૧૦॥

**૧.**પ્રસાદીની થયેલી **૨.**બ્રહ્મા **૩.**ભક્તોના ઘરમાં **૪.**દિવસ-રાત **૫.**મોટી નદી **૬.**સાગર **૭.**અવિનાશી ધામમાં **૮.**રહેઠાણ; ઘર

એ તો સ્થાનક છે તીર્થરૂપ રે, અતિ પવિત્ર જાણો અનુપ રે ॥
એહ સ્થાને મૂકે કોઈ દેહ રે, પામે અક્ષરધામને તેહ રે ॥૧૧॥

એમ અનેક પ્રકારે આજ રે, કર્યાં ઉપાય કલ્યાણ કાજ રે ॥
સર્વે તીર્થનાં તીર્થ કહીએ રે, જિયાં સંત અમે ના'યા છીએ રે ॥૧૨॥

તિયાં જન કોઈ જઈ ના'શે રે, થઈ પાવન ધામમાં જાશે રે ॥
એહ જળમાં જંતુ જે રે'છે રે, ધન્ય ભાગ્ય સંત તેનાં કે'છે રે ॥૧૩॥

એહ પર અંડજ[1] ઊડી જાશે રે, તેહ પરમ પાવન થાશે રે ॥
અવધિ આવ્યા સમે તન ત્યાગી રે, જાશે સ્વધામમાંઈ સુભાગી રે ॥૧૪॥

સર્વે ધામનાં ધામ એ થિયાં રે, રહ્યા સંત સહિત અમે જિયાં રે ॥
બીજાં તીર્થ ધામ બહુ કા'વે રે, પણ અમે રહ્યા તે તુલ્ય નાવે રે ॥૧૫॥

**કાં જે પામ્યા અમારો પ્રસંગ રે, તેને તુલ્ય આવે કેમ ગંગ રે ॥**
**એને સ્પર્શ્યા'તા વામન પાવે[2] રે, તે તો હરિઅવતાર કા'વે રે ॥૧૬॥**

**પણ અવતારના જે અવતારી[3] રે, વાત તેની તો જાણજો ન્યારી રે ॥**
**જાણો પુરુષોત્તમનો સ્પરશ રે, તે તો સહુ થકી છે જો સરસ રે ॥૧૭॥**

**સર્વે ધામના જે કોઈ ધામી રે, તે તો અમે નારાયણ સ્વામી રે ॥**
**વાત આજની છે અતિ મોટી રે, જેથી જીવ તર્યા કોટિ કોટિ રે ॥૧૮॥**

ચરાચર[4] સ્થાવર ને જંગમ રે, તે સહુને થયું છે સુગમ રે ॥
સહુ ચાલ્યા જાય છે સ્વધામ રે, નથી પડતું કોઈનું કામ રે ॥૧૯॥

એમ વે'તી કરી છે અમે વાટ રે, બ્રહ્મમો'લમાં જાવાને માટ રે ॥
શ્રીમુખે કહે એમ શ્રી હરિ રે, સહુ વાત માનજો એ ખરી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુશ્ચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૪॥***

**૧.**પક્ષી **૨.**ચરણથી **૩.**આ સહજાનંદસ્વામી **૪.**જડ-ચેતન

**દોહા :** વળી વળી શું વર્ણવું, વળી આ સમાની વાત ॥
જીવ જગતના ઉપરે, આજ અમે છીએ રળિયાત ॥ ૧ ॥

**જાણિયે આખા જક્તને, લઈ જાયે અમારે ધામ ॥**
**કેડે ન રાખિયે કોઈને, એમ હૈયે છે ઘણી હામ ॥ ૨ ॥**

તે સારુ ભૂમિ ઉપરે, કંઈ રાખ્યા સુખના સમાજ ॥
અમારા અંગસંગની વસ્તુ, રાખી જીવનાં કલ્યાણ કાજ ॥ ૩ ॥

ફરી ફરી ફેરો[1] પડે, એવું કરવું નથી આ વાર ॥
સહુ જીવનો સામટો[2], આજ કરવો છે ઉદ્ધાર ॥૪॥

**ચોપાઈ :**

તેહ સારુ છાપી દીધાં ચરણ[3] રે, જે છે મોટા સુખનાં કરણ રે ॥
ચરણ ચિંતવે ચિહ્ને સહિત રે, વળી પૂજે કોઈ કરી પ્રીત રે ॥ ૫ ॥

પાન ફૂલે પૂજશે જે જન રે, એકાગ્ર રાખી શુદ્ધ મન રે ॥
તેને અંતરે થાશે પ્રકાશ રે, લેશે સુખ અલૌકિક દાસ રે ॥ ૬ ॥

તેણે માનશે પૂરણકામ રે, વળી પામશે અખંડ ધામ રે ॥
એવો ચરણતણો છે પ્રતાપ રે, શ્રીમુખે કહે શ્રીહરિ આપ રે ॥ ૭ ॥

સત્ય માનજો સૌ તમે જન રે, આ છે અતિ હિતનાં વચન રે ॥
આથી આપશું સુખ અંતર રે, રાખો ભારે ભરુંસો ભીતર રે ॥ ૮ ॥

વળી પૂજવા પટ[4] મૂરતિ રે, આપી સહુને કરી હેતે અતિ રે ॥
તેને પૂજશે પ્રેમ વધારી રે, પૂજા વિધિ સુંદર લઈ સારી રે ॥ ૯ ॥

કરી પૂજા ઉતારશે આરતી રે, કરશે ધૂન્ય ને વળી વિનંતી રે ॥
તેહ મૂરતિમાં અમે રહી રે, સર્વે પૂજાને માનશું સહી રે ॥૧૦॥

લેશું પૂજા એની કરી પ્રીત રે, પછી દેશું સુખ રૂડી રીત રે ॥

**૧.**આવવું-જવું; ધક્કો **૨.**આ વખતે એક સાથે જ **૩.**ચરણારવિંદ **૪.**ચિત્રામણની

નિર્મળ અંતરવાળા જે જન રે, તેની પૂજા લેતાં હું પ્રસન્ન રે ॥૧૧॥
એમ પ્રગટ પટ મૂરતિમાં રે, પૂજી પામશે સુખની સીમા રે ॥
બીજી મૂરતિયો બહુ જગે રે, મર[૧] સેવે પૂજે સરા[૨] લગે રે ॥૧૨॥
તોય એવો પરિચય[૩] ન પામે રે, જેથી સરવે સંકટ વામે રે ॥
બીજી મૂરતિ ને આ જે મૂરતિ રે, તેમાં ફેર જાણજો છે અતિ રે ॥૧૩॥
કાં જે આ મૂરતિને સ્પરશ રે, થયો અમારો માટે સરસ રે ॥
જાણો આ મૂરતિને સેવતાં રે, દુષ્ટ શમી જાશે દુઃખ દેતાં રે ॥૧૪॥
કામ ક્રોધ લોભ ને જે મોહ રે, એવો અધર્મ સર્ગનો સમોહ રે ॥
એહ અંતરે રહ્યો છે છાઈ રે, તેણે ભીતર રહ્યું છે ભરાઈ રે ॥૧૫॥
તે તો પટ મૂરતિ પૂજવે રે, પાપ નાસે કે'[૪] નૈ[૪] રૈયે[૪] હવે રે ॥
એવો પટ મૂરતિ પ્રતાપ રે, જાણો સહુ હરણ સંતાપ રે ॥૧૬॥
એ પણ માનો મોક્ષની નિસરણી રે, કરી છે જો ધામ જાવા તણી રે ॥
એહ વિના અનેક જે ઉપાય રે, કર્યા જાવા બ્રહ્મમો'લ માંય રે ॥૧૭॥
સર્વે ઉપાય થયા છે સારા રે, નથી એ વિના બીજા કરનારા રે ॥
એ તો કર્યા છે અમે વિચારી રે, સહુને કરવા અક્ષર અધિકારી રે ॥૧૮॥
એમ જાણો જન નિરધાર રે, આજ તરે છે જીવ અપાર રે ॥
જે જે અમે કર્યા છે ઉપાય રે, નથી એકે તે અર્થ વિનાય[૫] રે ॥૧૯॥
સર્વે સમજી વિચારી કર્યા છે રે, એને આશરી કંઈક તર્યા છે રે ॥
તે તો સહુ જાણે છે સાક્ષાત રે, નથી મુખના કહ્યાની વાત રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૫॥***

**૧.**ભલે **૨.**અંતકાળ **૩.**પ્રેમ; ફળ **૪.**કહે નહિ રહીએ **૫.**પ્રયોજન રહિત

**દોહા :** વળી એક કહું ઉપાયને, તમે સાંભળજો સહુ જન ॥
કર્યો કલ્યાણને કારણે, અતિ અમે થઈ પ્રસન્ન ॥ ૧ ॥
જેહ ઉપાયે આ જીવનું, સર્વે પ્રકારે શ્રેય થાય ॥
મોટા સુખને ભોગવે, આ લોક પરલોક માંય ॥ ૨ ॥
લાજ ન જાયે આ લોકમાં, પરલોકે પરમ આનંદ ॥
કર્યો ઉપાય એવો અમે, સહુ જાણજો જનવૃંદ ॥ ૩ ॥
સત્ય શાસ્ત્ર સારાં કર્યાં, ભર્યાં અર્થે અતિ અનુપ ॥
તેમાં બાંધી રૂડી રીતને, ત્યાગી ગૃહીને સુખરૂપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

ત્યાગી ગૃહીને તારવા અર્થ[1] રે, બાંધ્યા ઘણા સુખદાયી ગ્રંથ રે ॥
તેમાં બહુ પ્રકારની વાત રે, સૂચવી છે અમે સાક્ષાત રે ॥ ૫ ॥
કહ્યા ત્યાગી ગૃહીના વળી ધર્મ રે, સહુને પાળવા સારુ પર્મ[2] રે ॥
રીત જૂજવી કહી જણાવી રે, વર્ણાશ્રમ ધર્મની કહી સંભળાવી રે ॥ ૬ ॥
સહુ સહુના ધર્મમાં રે'વા રે, અમે ગ્રંથ કર્યા કહું એવા રે ॥
દ્વિજ ક્ષત્રિય વૈશ્ય ને શુદ્ર રે, તેને તરવા સંસાર સમુદ્ર રે ॥ ૭ ॥
વળી બટુ ગૃહી વાનપ્રસ્થ રે, સંન્યાસી આશ્રમ સુજશ[3] રે ॥
દ્વિજ વર્ણના ધર્મ વિચારી રે, સર્વે અમે કહ્યા સુખકારી રે ॥ ૮ ॥
શમ દમ ક્ષમા ને સંતોષ રે, અધર્મ સર્ગથી રે'વું અદોષ રે ॥
એહ આદિ ધર્મ અપાર રે, કહ્યા વાડવના[4] નિરધાર રે ॥ ૯ ॥
ક્ષત્રી વર્ણના ધર્મ વર્ણવી રે, કહ્યા સર્વે રીતના સૂચવી રે ॥
કરવી સહુ જનની રખવાળ રે, અતિ દિલમાં થઈ દયાળ રે ॥૧૦॥
ધારી વિચારી ધરવી ધીર રે, કામ પડે થાવું શૂરવીર રે ॥

**૧.**માટે **૨.**શ્રેષ્ઠ **૩.**પ્રખ્યાત **૪.**બ્રાહ્મણના

એહ આદિ જે ક્ષત્રીના ધર્મ રે, રાખે જરૂર રાખવા શ્રમ રે ॥૧૧॥
વૈશ્ય વર્ણના ધર્મ છે જેહ રે, રાખે ગૌધન વે'પાર તેહ રે ॥
ખેતી વ્યાજ વોરા[1] પણ કરે રે, દગા કપટ પાપ પરહરે રે ॥૧૨॥
એવી રીતે વરતે વૈશ્ય વળી રે, એવી રીત લખી છે સઘળી રે ॥
શુદ્ર સેવા કરે તે સહુની રે, ત્રણ વર્ણ કહ્યા તેહુની રે ॥૧૩॥
એમ ચારે વર્ણની જો રીત રે, અમે લખાવી ગ્રંથ પુનિત[2] રે ॥
વર્ણિધર્મ[3] કહ્યા જે વખાણી રે, તે પણ ગ્રંથમાં છે લિયો જાણી રે ॥૧૪॥
અષ્ટ પ્રકારે ત્રિયા ધન ત્યાગ રે, વિષય સુખ સાથે છે વૈરાગ રે ॥
ભારે બ્રહ્મચર્ય વ્રત ધારી રે, રાખે ભાવે કરી બ્રહ્મચારી રે ॥૧૫॥
ગૃહસ્થાશ્રમના ધર્મ છે ઘણા રે, તે પણ સર્વ લખ્યા તેહ તણા રે ॥
વાનપ્રસ્થના વિવિધ પ્રકારે રે, લખ્યા એહ આશ્રમ અનુસારે રે ॥૧૬॥
એને સરે[4] સંન્યાસી આશ્રમ રે, તેના પણ લખાવ્યા છે ધર્મ રે ॥
ચારે વર્ણ ને આશ્રમ ચાર રે, તે પણ લખ્યા છે કરી વિચાર રે ॥૧૭॥
સહુનાં કલ્યાણ કરવાં સારુ રે, અતિ તાન માનો છે અમારું રે ॥
વળી અતિ ત્યાગીના જે ધર્મ રે, તે પણ લખ્યા છે કરી શ્રમ રે ॥૧૮॥
તેહ શાસ્ત્રનાં સાંભળો નામ રે, સહુને સુણતાં છે સુખધામ રે ॥
ધર્મામૃત નિષ્કામ શુદ્ધિ રે, વળી શિક્ષાપત્રી લખી દીધી રે ॥૧૯॥
એહ વિના બીજા છે જે ગ્રંથ રે, કર્યા અમે કલ્યાણને અર્થ રે ॥
એમ કહ્યું શ્રીજીએ શ્રીમુખે રે, સહુ જનને તારવા સુખે રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ષટ્ચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૬॥***

**૧.**વહોરા = લેવું-દેવું; વ્યાપાર **૨.**પવિત્ર **૩.**બ્રહ્મચારીના ધર્મો **૪.**છેડે; છેલ્લે

**દોહા :** વળી અમારે જે આશરે, બાયું[૧] આવિયું બહુ બહુ ॥
તેને કહ્યા ધર્મ તેહના, તેણે પામી પરા ગતિ[૨] સહુ ॥ ૧ ॥
સતીગીતામાં જે સૂચવ્યા, સધવા વિધવાના ધર્મ ॥
તેમ જ રહી ત્રિયા સહુ, પામી છે ધામ જે પર્મ ॥ ૨ ॥
જે ધર્મ નો'તા ધરા ઉપરે, નરનારીના નિરધાર ॥
તે અમે પ્રગટ કરી, બહુ તારિયાં નર નાર ॥ ૩ ॥
એમ અનેક રીતશું, અતિ કર્યો છે ઉપકાર ॥
જીવ આખા જક્તના જેહ, તેહ કરવા ભવપાર ॥ ૪ ॥

**ચોપાઈ :**

અતિ અતિ કર્યા મેં ઉપાય રે, તે તો કે'તાં કે'તાં ન કે'વાય રે ॥
જે જે કર્યું અમે આ જગમાં રે, તે તો ચલાવા મોક્ષ મગમાં[૩] રે ॥ ૫ ॥
જે જે અમે કરાવિયા ગ્રંથ રે, નર નારીને તારવાં અર્થ રે ॥
વળી પદ છંદ કીરતન રે, અષ્ટક[૪] ને સ્તુતિ જે પાવન રે ॥ ૬ ॥
તેને શીખે સુણે ભણે ગાય રે, તે તો અક્ષરધામમાં જાય રે ॥
કાં જે અંકિત[૫] અમારે નામે રે, માટે પોં'ચાડે એ પરમ ધામે રે ॥ ૭ ॥
જેમાં સ્વામિનારાયણ નામ રે, એવી કથા સુણે નર વામ રે ॥
એવી કીર્તિ સાંભળતાં જન રે, થાય અતિ પરમ પાવન રે ॥ ૮ ॥
વળી પદ જે નામે અંકિત રે, તેને ગાયે સુણે કરી પ્રીત રે ॥
જેમાં સહજાનંદસ્વામી નામ રે, આવે જે કાવ્યમાં ઠામોઠામ રે ॥ ૯ ॥
એવી કાવ્ય કે'તાં ને સાંભળતાં રે, વાર ન લાગે મહા સુખ મળતાં રે ॥
મહા મંત્રરૂપ એહ કા'વે રે, તેને તુલ્ય બીજું કેમ આવે રે ॥૧૦॥
**નામ પ્રભુનાં અનંત અપાર રે, સહુ ભાવે ભજે નરનાર રે ॥**

**૧.**સ્ત્રીઓ **૨.**પ્રાપ્તિ **૩.**માર્ગમાં **૪.**સ્તોત્ર **૫.**યુક્ત

**પણ સ્વામિનારાયણ કે'તાં રે, નથી વાર ભવપાર લેતાં રે ॥૧૧॥**
**આજ એ નામનો છે અમલ[૧] રે, તે ન વિસારવું એક પલ રે ॥**
**લેતાં નામ નારાયણ સ્વામી રે, જાણો તે બેઠા ધામને પામી રે ॥૧૨॥**
જેહ મુખે એનો ઉચ્ચાર રે, તે તો જાણો પામ્યા ભવપાર રે ॥
માટે એ નામની કાવ્ય કા'વે રે, તેને શીખવી સુણવી ભાવે રે ॥૧૩॥
વળી અમારા અંગનું અંબર[૨] રે, બહુ સ્પરશેલ સારું સુંદર રે ॥
એહ પ્રસાદિનું જેહ પટ[૨] રે, મળે ટળે સર્વે સંકટ રે ॥૧૪॥
એહ વસ્ત્ર અનુપમ અતિ રે, થાય પૂજતાં પરમ પ્રાપતિ રે ॥
અતિ માહાત્મ્ય એનું અતુલ્યે[૩] રે, કહો ક્યાંથી મળે એહ મૂલ્યે[૪] રે ॥૧૫॥
જે જે અમારા સંબંધની વસ્ત રે, ન મળે ગોતતાં ઉદે[૫] ને અસ્ત[૫] રે ॥
જણસ અમ સંબંધની જે જે રે, છે એ કલ્યાણકારી માની લીજે રે ॥૧૬॥
તે તો રાખી છે અમે અપાર રે, સહુ જન અરથે આ વાર રે ॥
નખ શિખા લગી નિરધાર રે, રાખી સ્પરશી વસ્તુ કરી પ્યાર રે ॥૧૭॥
સ્પરશી ચીજ જે બહુ પરકારે રે, અડી હોય જે અંગે અમારે રે ॥
તે તો સર્વે છે કલ્યાણકારી રે, માટે રાખી છે અમે વિચારી રે ॥૧૮॥
એમ અનેક પ્રકારે આજ રે, બહુ જીવનાં કરવાં છે કાજ રે ॥
આવ્યા છીએ અમે એમ ધારી રે, સર્વે જીવને લેવા ઉદ્ધારી રે ॥૧૯॥
એમ કહ્યું આપે અવિનાશે રે, તે તો સાંભળિયું સહુ દાસે રે ॥
સુણી સહુ થયાં પરસન રે, કહે સ્વામી શ્રીજી ધન્ય ધન્ય રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે સપ્તચત્વારિંશ: પ્રકાર: ॥૪૭॥***

**૧.**હુકમ; સત્તા **૨.**વસ્ત્ર **૩.**અજોડ **૪.**ધન દેવા છતાં **૫.**આખી પૃથ્વી ઉપર

**દોહા :** પછી જોયું વિચારી જીવને, કરી રહ્યાં સર્વે કામ ॥
સહુ જનને સુગમ થયું, સે'જે પામશે સ્વધામ ॥ ૧ ॥
જે અરથે અમે આવિયા, તે અરથ સરિયો આજ ॥
ધારી આવ્યા'તા જે ધામથી, તે કરી લીધું છે કાજ ॥ ૨ ॥
બાંધી બળવંત પીઠિકા[1], કેડે તારવા કોટાન કોટ ॥
કર્યું હિત અતિ આ સમે, અમે રાખી નથી કાંઈ ખોટ ॥ ૩ ॥
ફેરો[2] અમારો સુફળ થયો, ગયા સહુ જનના સંતાપ ॥
અનેક જીવ ઉદ્ધર્યા, આજ અમારે પરતાપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

કરી લીધું છે સર્વે જો કામ રે, એમ વિચારિયું ઘનશ્યામ રે ॥
કે'વા રાખ્યું નથી કેડે કાંઈ રે, જાવા મોક્ષના મારગ માંઈ રે ॥ ૫ ॥
બહુવિધ ઉઘાડિયાં બાર રે, કરવા કલ્યાણને આ વાર રે ॥
હવે પધારું હું મારે ધામ રે, જે સારુ આવ્યા'તા તે થયું કામ રે ॥ ૬ ॥
પછી જે જે પાસે હતા જન રે, તેને કે'છે એમ ભગવન રે ॥
સહુ ધારજો અંતરે ધીર રે, હવે નહીં રહે આ શરીર રે ॥ ૭ ॥
થોડે ઘણે દિને ધામ જાશું રે, અમ કેડ્યે ભરશો[3] મા આંસુ રે ॥
જો રાજી કરવા હોય અમને રે, રે'જો એમ જેમ કહ્યું તમને રે ॥ ૮ ॥
ત્યાગી ગૃહી વળી નર નારી રે, રે'જો સહુ સહુના ધર્મ ધારી રે ॥
ધર્મવાળા જન મુને વા'લા રે, બીજાં જાણું છું નરસાં નમાલાં રે ॥ ૯ ॥
છેલી વાત એ છે માની લેજો રે, શિક્ષાપત્રી પ્રમાણે સહુ રે'જ્યો રે ॥
શિક્ષાપત્રી માંહિ અમે રે'શું રે, રહી એમાં સહુને સુખ દેશું રે ॥૧૦॥
રે'શું સતસંગ માંહિ સદા રે, હરવા સત્સંગની આપદા રે ॥

૧.પ્લિન્થ; પાયો ૨.ધક્કો ૩.લાવશો

પણ હમણે જેમ દેખો છો રે, દેખી જન્મ સુફળ લેખો[1] છો રે ॥૧૧॥
એમ નહિ દેખો હવે અમને રે, સાચી વાત કહું છું તમને રે ॥
એવી રીત્યે કહ્યું અવિનાશે રે, તે તો સાંભળિયું સહુ દાસે રે ॥૧૨॥
આપી ભલામણ ભલી વિધિ રે, પછી કરવાની હતી તે[2] કીધી રે ॥
ગયા અક્ષર ધામમાં આપે રે, જન બહુ તપ્યા એહ તાપે[3] રે ॥૧૩॥
નવ રહી શરીરની સાધ[4] રે, પામ્યાં અંતરે દુઃખ અગાધ રે ॥
રહે ધારતાં કેમ કરી ધીર રે, નથી સુકાતાં નયણે નીર રે ॥૧૪॥
પછી વાલાનાં વચન સંભારી રે, ઘણી વારે ધીરજ પછી ધારી રે ॥
જે જે કહ્યાં છે જેને વચન રે, તે તે રીતે રહ્યાં સહુ જન રે ॥૧૫॥
પોતે પધાર્યા પોતાને ધામ રે, કરી જીવ અનેકના કામ રે ॥
જે જે ધારી આવ્યા'તા ધામથી રે, કર્યું કામ તે હૈયે હામથી[5] રે ॥૧૬॥
મુનિ મંડળ સહિત આવ્યા'તા રે, સંગે સમાજ સારો લાવ્યા'તા રે ॥
જેહ અર્થે આવ્યા'તા આંઈ રે, સર્યો અર્થ ન રહ્યું કેડે[6] કાંઈ રે ॥૧૭॥
એવો અલૌકિક અવતાર રે, બહુ જીવ કર્યા ભવપાર રે ॥
એહ મૂરતિ મળી છે જેને રે, કાંઈ ખામી રહી નહિ તેને રે ॥૧૮॥
એવી એ મૂરતિ મંગળકારી રે, તેહ જેહ રહ્યા છે ઉર ધારી રે ॥
એવા[7] જન મળે જેને જેને રે, અક્ષરધામે આપે વાસ તેને રે ॥૧૯॥
તે તો શ્રીમુખે કહ્યું'તું સો વાર રે, નિશ્ચે કરાવ્યું'તું નિરધાર રે ॥
વળી[8] રહ્યા છે સતસંગ માંય રે, અંત સમે કરે આપે સા'ય રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે અષ્ટચત્વારિંશઃ પ્રકારઃ ॥૪૮॥***

---

**૧.**સમજો **૨.**અંતર્ધાન લીલા **૩.**વિયોગરૂપી અગ્નિથી **૪.**ભાન; જ્ઞાન **૫.**અતિ ઉત્સાહથી **૬.**પાછળ; બાકી **૭.**અખંડમૂર્તિધારી **૮.**અંતર્ધાન થયા પછી પણ

**દોહા :** એહ રીતે અલબેલડે, કર્યાં કંઈ કંઈક કામ ॥
આપી આનંદ આશ્રિતને, વળી પૂરી હૈયાની હામ[૧] ॥ ૧ ॥
અમાયિક સુખ આપિયાં, માયિક દેહની માંય ॥
તે પ્રસિદ્ધ જાણે છે પૃથવી, નથી છાની છપાડી કાંય ॥ ૨ ॥
દેશ દેશમાં ડંકો દઈ, વળી બેહદ[૨] ચલાવી વાત[૩] ॥
જે નાવે બુદ્ધિની બાથમાં, તે સોંઘી કરી સાક્ષાત ॥ ૩ ॥
અભર તે સભર ભર્યા,[૪] અતર[૫] તાર્યા કંઈ જન ॥
અગમ તે સુગમ કર્યા, પ્રભુ થઈ પોતે પરસન ॥ ૪ ॥

**ચોપાઈ :**

આવી કર્યા અલૌકિક કામ રે, પછી પધારિયા નિજધામ રે ॥
કર્યાં કારજ આશ્ચર્યકારી રે, જેવા આવ્યા'તા ધામેથી ધારી રે ॥ ૫ ॥
એવો માંડ્યો'તો આવી અખાડો રે, જીવ તારવાને રાત્યદા'ડો રે ॥
બહુ આખેપ[૬] આગ્રહ કરી રે, ભવે[૭] જીવ તાર્યા ભાવ ભરી રે ॥ ૬ ॥
કરી ગયા મોટાં મોટાં કાજ રે, આવી આ ફેરે આપે મહારાજ રે ॥
ખૂબ ખેલી ગયા એક ખ્યાલ રે, જોઈ અનંત જન થયા ન્યા'લ રે ॥ ૭ ॥
ખરાખરો મચાવીને ખેલ[૮] રે, રૂડી રમત્ય[૮] રમ્યા અલબેલ રે ॥
એવા ખોળે[૯] ન મળે ખેલારું[૧૦] રે, જેને જુવે હજારે હજારું રે ॥ ૮ ॥
બીજા બહુ વેષ[૧૧] બનાવ્યા રે, તે તો સહુને અર્થ ન આવ્યા રે ॥
કોઈ રિજ્યા ને કોઈ ન રિજ્યા રે, એહ વેષે અરથ ન સિજ્યા રે ॥ ૯ ॥
**આ તો સર્વે વેષના[૧૧] વેશી[૧૨] રે, જાણે નરાકૃતિની[૧૩] દેશી[૧૪] રે ॥**
**ખોટ્ય ન રાખી ખેલની માંય રે, ભલો ભજાવ્યો આપ ઈચ્છાય રે ॥૧૦॥**

**૧.**હોંશ; ઈચ્છા **૨.**અલૌકિક અથવા સીમાપારની **૩.**રીત **૪.**પૂર્ણકામ કર્યા **૫.**ન તરી શકે તેવા **૬.**આ વખતે **૭.**આ સંસારમાં **૮.**દાવ; મનુષ્યભાવની લીલા **૯.**શોધે **૧૦.**ખેલાડી **૧૧.**અવતારોના **૧૨.**અવતારી; ભજવનારા **૧૩.**મનુષ્યસ્વરૂપની **૧૪.**કોપી; લીલા

રૂડી રમત્ય રમી રૂપાળી રે, લીધાં જનને નિજધામ વાળી રે ॥
એવા રમ્યા ન રમશે કોયે રે, જેહ ખેલને જોઈ જન મોયે રે ॥૧૧॥

એવો અકળ ખેલને ખેલી રે, ગયા સહુને વિલખતાં મેલી રે ॥
ઘણું સાંભરે છે સમાસમે રે, તેણે બીજી વાત નવ ગમે રે ॥૧૨॥

જેમ બાજીગરની[1] બાજી રે, જોઈ જોઈ જન થાય રાજી રે ॥
જાણે આવી ન દીઠી ન સાંભળી રે, તેને કેમ શકે કોયે કળી રે ॥૧૩॥

અતિ અકળ ખેલને ખેલી રે, ગયા સમેટી બાજી સંકેલી રે ॥
નટ રીત નાથની ન જાણી રે, જાણ્યું અમટ[2] રાખશે દયા આણી રે ॥૧૪॥

ત્યાં તો સંકેલી ગયા સ્વધામ રે, કરી જનનાં જીવિત હરામ રે ॥
આંખ્યો થઈ ગઈ અભાગણી રે, ક્યાંથી નીરખે મૂરતિ નાથ તણી રે ॥૧૫॥

મુખ અભાગિયું થયું અતિ રે, ક્યાંથી પામે પ્રસાદી એ રતિ[3] રે ॥
જિહ્વા અભાગણી ને અનાથ રે, ક્યાંથી બોલે હવે હરિ સાથ રે ॥૧૬॥

કાન અભાગિયા લીધા જાણી રે, ક્યાંથી સુણે ગે'રે[4] સ્વરે વાણી રે ॥
હાથ રહ્યા અભાગિયા એવા રે, ક્યાંથી કરે હરિની હવે સેવા રે ॥૧૭॥

દરશ સ્પરશ ને જે પ્રસાદિ રે, કે'વું સુણવું સંબંધ એ આદિ રે ॥
થયો સંબંધ પણ રહ્યો અધૂરો રે, તે તો કેમ થાય હવે પૂરો રે ॥૧૮॥

ગઈ હાથથી વાત વેગળી રે, હાર્યા મહા ચિંતામણિ મળી રે ॥
પારસ પામ્યા'તા પરિશ્રમ પખી[5] રે, પણ પૂરી ભાગ્યમાં ન લખી રે ॥૧૯॥

થયા નિરધન ધનને હારી રે, ગયું સુખ રહ્યું દુઃખ ભારી રે ॥
એમ થયું સૌ જનને આ વાર રે, પધારતાં[6] તે પ્રાણ આધાર રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકોનપંચાશત્તમઃ પ્રકારઃ ॥૪૯॥***

**૧.**નટ; ખેલાડીની **૨.**કાયમી **૩.**લેશ **૪.**ગહેરા; ઘેરા **૫.**વિના **૬.**ધામમાં જતાં

**દોહા :** પુરુષોત્તમ પધારિયા, કરી કામ અલૌકિક આપ ॥
અનેક જીવ ઉદ્ધારિયા, પ્રગટાવી પ્રબળ પ્રતાપ ॥ ૧ ॥
થોડાક દનમાં સ્થાવર[1] જંગમ,[2] તારિયા જીવ તતકાળ ॥
કળ[3] ન પડી કોઈને, એવું કરિયું દીન દયાળ ॥ ૨ ॥
અનેક જીવને ઉપરે, અઢળ ઢળ્યા અવિનાશ ॥
જગજાળ કાપી આપી પદવી, બ્રહ્મમો'લે કરાવ્યો નિવાસ ॥ ૩ ॥
અણ ચિંતવે આવી ગયા, અતિ અચાનક અલબેલ[4] ॥
ખબર ન પડી ષટ મતને,[5] એવો ખેલી ગયા એક ખેલ ॥ ૪ ॥

**ચોપાઈ :**
સૌ શાણા[6] રહ્યા છે વિચારી રે, આ તો વાત થઈ વણધારી[7] રે ॥
એણે[8] ઠીક કર્યું'તું[9] ઠરાવી રે, એ તો સમજણ અર્થ ન આવી રે ॥ ૫ ॥
જોઈ રહ્યા'તા જૂજવી વાટ રે, તે તો વાત ન બેઠી કોઈ ઘાટ રે ॥
કોઈ કે'તા હરિ થઈ ગયા રે, થાશે હવે કે'છે બીજા રહ્યા રે ॥ ૬ ॥
કોઈ કે'તા છે કળિનું રાજ રે, પ્રભુ ન હોય પ્રગટ આજ રે ॥
જોગી કે'તા જોગકળા પખી[10] રે, નથી કલ્યાણ રાખ્યું છે લખી રે ॥ ૭ ॥
જૈન કે'તા પાંચમો છે આરો[11] રે, આજ નોય કલ્યાણનો વારો રે ॥
કે'તા તપી તપ્યા વિના તન રે, ક્યાંથી કલ્યાણ જાણજો જન રે ॥ ૮ ॥
કે'તા સંન્યાસી સર્વે નાશ થાય રે, તારે જનમ મરણ તાપ જાય રે ॥
કે'તા પંડિત એમ પુરાણી રે, પ્રભુ પ્રગટ હશે તો લેશું જાણી રે ॥ ૯ ॥
જંગમ[12] કે'તા છે અગમ વાત રે, આજ નોયે પ્રભુ સાક્ષાત રે ॥
શેખ કે'તા છે તેરમી સિદ્ધિ રે, આજ પામે મુકામ[13] કોણ વિદ્ધિ[14] રે ॥૧૦॥

**૧.**વૃક્ષ, વેલ વગેરે સ્થિર **૨.**મનુષ્ય,પક્ષી વગેરે ગતિશીલ **૩.**ખબર **૪.**સર્વોપરી શ્રીહરિ **૫.**સાંખ્ય, યોગ વગેરે છ દર્શનને માનનારાઓને **૬.**હોંશિયાર **૭.**કલ્પનામાં ન આવે તેવી **૮.**તે તે મતવાદીઓને **૯.**મનમાં જે માની રાખ્યું હતું **૧૦.**વિના **૧૧.**કળિયુગનો સમય **૧૨.**શિવપંથી સાધુ **૧૩.**ધામ **૧૪.**કઈ રીતે

ભક્ત કે'તા ભક્તિ કર્યા વોણું રે, શીદ કરો કલ્યાણનું વગોણું રે ॥
કે'તા વેદાંતી વણ જાણે બ્રહ્મ રે, શાને કરો છો ઠાલો પરિશ્રમ રે ॥૧૧॥

કે'તા મારગી નકલંક થાશે રે, કુડિયા કપટી ઘાણે ઘલાશે રે ॥
કે'તા પ્રણામી રાજ્ય સખી પખી રે, નહિ પામે ધામ નવી સખી રે ॥૧૨॥

કે'તા ગોસ્વામીના[1] સહુ એમ રે, સમાશ્રય વિના તરે કેમ રે ॥
રામાનુજના કે'તા એહ રીત રે, જીવ તરશે ચકરાંકિત[2] રે ॥૧૩॥

વામી કે'તા કલ્યાણ છે તારે રે, માનો મળવે[3] પંચ મકારે[3] રે ॥
ભેખધારી કે'તા વણ ભેખે રે, તર્યા ના'વ્યા નજરે કોઈ દેખે રે ॥૧૪॥

તુરક[4] કે'તા આવશે આખરી[5] રે, તેદી ઉદ્ધારશે કજા[6] કરી રે ॥
એમ બહુ પ્રકારે બહુ બહુ રે, વાટ જોઈ રહ્યા'તા સહુ રે ॥૧૫॥

પણ કોઈનું ધાર્યું ન રહ્યું રે, વણ ધારે વચ્ચે બીજું થયું રે ॥
એવો લીધો અલૌકિક અવતાર રે, સહુના ધાર્યા વિચાર્યાથી બા'ર રે ॥૧૬॥

બહુ રહ્યા સહુ વાટ જોતા રે, પીર મુરીદ[7] ગુરુ શિષ્ય સોતા રે ॥
અણચિંતવી આનંદ એ'લી રે, થઈ અમૃતરસ ચાલ્યો રેલી રે ॥૧૭॥

તેમાં પડ્યા સાકરના કરા રે, વરસ્યા મોતીડાંના મેઘ ખરા રે ॥
ભાંગી સરવે ભૂખ્યાની ભૂખ રે, કર્યું દૂર દારિદ્રય દુઃખ રે ॥૧૮॥

આપે આવી ગયા અણધાર રે, જન ઉદ્ધારવા આણી વાર રે ॥
અકળ કળા એની ન કળાણી રે, ડાહ્યા શ્યાણાને રહી અજાણી રે ॥૧૯॥

ન પડી ગમ રહ્યા ગમ ખાઈ રે, ના'વી વાત મતિના મત માંઈ રે ॥
અગમ અપાર કા'વે અકળ રે, કહો કેને પડે એની કળ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૦॥***

**૧.**વિઠ્ઠલનાથજીના- વૈષ્ણવો **૨.**ચક્રની છાપ લેનારા **૩.**મદ્ય,માંસ,મત્સ્ય,મુદ્રા અને મૈથુનના સેવનથી **૪.**મુસલમાન **૫.**કયામત દિન **૬.**હિસાબ **૭.**ધર્મગુરુ

**દોહા:** અવતારી અકળ અમાપને, વંદુ હું વારમવાર ॥
અજર[૧] અમર અવિનાશીને, જાઉં વારણે વાર હજાર ॥ ૧ ॥
અગોચર[૨] અતોલ અમાયિક, અખંડ અક્ષરાતીત ॥
અગમ અપાર અખિલાધાર, અછેદ્ય અભેદ્ય અજીત ॥ ૨ ॥
પુરુષોત્તમ પરબ્રહ્મ પૂરણ, પરાત્પર પરમ આનંદ ॥
પરમેશ્વર પરમાતમા, પૂરણ પૂરણાનંદ ॥ ૩ ॥
સુખદ સરવેશ્વર સ્વામી, સરવાધાર સદા સુખકંદ ॥
સત ચિત્ત આનંદમય, શ્રીહરિ સહજાનંદ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એવા અનેક નામના નામી રે, વળી અનંત ધામના ધામી રે ॥
એવા સ્વામી જે સહજાનંદ રે, જગજીવન જે જગવંદ રે ॥ ૫ ॥
તે તો આવ્યા હતા આપે આંહિ રે, અતિ મે'ર[૩] આણી મન માંહિ રે ॥
આવી કરિયાં અલૌકિક કાજ રે, ધન્ય ધન્ય હો શ્રીમહારાજ રે ॥ ૬ ॥
ધન્ય ધન્ય પરમ કૃપાળુ રે, ધન્ય દીનના બંધુ દયાળુ રે ॥
ધન્ય પ્રભુ પતિતપાવન રે, ધન્ય ભવતારણ[૪] ભગવન રે ॥ ૭ ॥
ધન્ય દાસના દોષ નિવારણ રે, ધન્ય ભૂધર ભવ તારણ રે ॥
ધન્ય આશ્રિતના અભય કરતા રે, ધન્ય સર્વેના સંતાપ હરતા રે ॥ ૮ ॥
ધન્ય અખિલ બ્રહ્માંડના ઈશ રે, ધન્ય કર્યા ગુના બકશિશ[૫] રે ॥
ધન્ય નોધારાંના આધાર રે, આવી ઉદ્ધાર્યા જીવ અપાર રે ॥ ૯ ॥
ધન્ય ભક્તવત્સલ ભગવાન રે, આવ્યા હતા દેવા અભય દાન રે ॥
ધન્ય દુર્બળના દુ:ખહારી રે, ધન્ય સંતતણા સુખકારી રે ॥૧૦॥
શરણાગત જે સર્વે જનના રે, મોટા મે'રવાન[૬] જે મનના રે ॥

**૧.**વૃદ્ધાવસ્થા રહિત **૨.**જાણી ન શકાય તેવા **૩.**દયા **૪.**જન્મ-મરણ છોડાવનાર **૫.**માફ **૬.**કૃપાળુ; દયાળુ

સર્વે જીવની લેવા સંભાળ રે, આવ્યા હતા જો આપે દયાળ રે ॥૧૧॥
કરી બહુ જીવનાં જો કાજ રે, પછી પધારિયા મહારાજ રે ॥
એવા પૂરણ પરમારથી રે, ધર્મ એકાંતિક સ્થાપ્યો અતિ રે ॥૧૨॥
તેનો જેને થયો છે સંબંધ રે, તેના છૂટિયા છે ભવબંધ રે ॥
થઈ રહ્યાં તેનાં સર્વે કામ રે, તન છૂટે પામશે પર્મ ધામ રે ॥૧૩॥
એવો મોટો પ્રતાપ પ્રગટાવી રે, ગયા મોક્ષનો માર્ગ ચલાવી રે ॥
પૂરણ પ્રગટાવી પ્રતાપ રે, પછી પધારિયા પ્રભુ આપ રે ॥૧૪॥
સહુ જનની કરવા સાર રે, હરિ આવ્યા હતા આણીવાર[૧] રે ॥
પામર પ્રાણી પામ્યા ભવપાર રે, જન સ્પરશતાં પ્રાણઆધાર રે ॥૧૫॥
ધન્ય ધન્ય પ્રભુ પરતાપ રે, જન મન હરણ[૨] સંતાપ રે ॥
દેશો દેશ રહ્યો જશ છાઈ રે, પ્રબળ પ્રતાપ પ્રથવી માંઈ રે ॥૧૬॥
ધન્ય ધન્ય ધર્મના બાળ રે, ધન્ય ધન્ય જન પ્રતિપાળ રે ॥
ધન્ય ધન્ય ધર્મ ધુરંધર રે, ધન્ય ધર્મવર્મ[૩] દુઃખહર રે ॥૧૭॥
ધન્ય ધરણી પર ધર્યું તન રે, ધન્ય આપ સંબંધે તાર્યા જન રે ॥
ધન્ય ધન્ય ધામના ધામી રે, ધન્ય ધન્ય સહજાનંદ સ્વામી રે ॥૧૮॥
કર્યો પરિપૂરણ પરમાર્થ રે, તેમાં કૈ જીવનો સર્યો અર્થ રે ॥
ધન્ય રાખી ગયા રૂડી રીત રે, તેમાં ઉદ્ધાર્યા જીવ અમિત[૪] રે ॥૧૯॥
ધન્ય ધન્ય સર્વેના ધણી રે, મહિમા મોટપ્ય ન જાય ગણી રે ॥
ધન્ય ધન્ય બિરુદને ધારી રે, ગયા અનેક જીવ ઉદ્ધારી રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે એકપંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૧॥***

**૧.**આ વખતે **૨.**હરનારા **૩.**ધર્મના કવચ -રક્ષક **૪.**અપાર

## પ્રકાર : ૫૨

**દોહા :** જય જય જગજીવનને,[૧] જય જય જગપતિરાય ॥
જય જય જગદીશને, જય જય કહી જન ગાય ॥ ૧ ॥
જય કૃપાળુ જય દયાળુ, જય દીનબંધુ દુઃખહર ॥
જય જય સમર્થ શ્રીહરિ, જય સુખદ શ્યામ સુંદર ॥ ૨ ॥
જય પ્રતાપ પ્રગટ પ્રબળ, જય પરાત્પર પરબ્રહ્મ ॥
જય જય જગકારણ, જય જય કહે નિગમ[૨] ॥ ૩ ॥
જયકારી પ્રગટ્યા પૃથ્વી પર, જયકારી કીધાં કૈક કામ ॥
જયકારી ધારી મૂરતિ, પૂરી સહુના હૈયાની હામ ॥ ૪ ॥

**ચોપાઈ :**

જય જય જગના જીવન રે, જય જય પ્રભુજી પાવન રે ॥
જય જય જનહિતકારી રે, જય જન્મ મરણ દુઃખહારી રે ॥ ૫ ॥
જય જય જનક[૩] જીવના રે, સુખદાયક છો સદૈવના રે ॥
જય જનના જનની[૪] જેવા રે, જય સદા ઈચ્છો છો સુખ દેવા રે ॥ ૬ ॥
જય જય જીવન[૫] જગવંદ રે, જય જય સ્વામી સહજાનંદ રે ॥
જય જય સુખદ ઘનશ્યામ રે, જય જય કર્યાં બહુ કામ રે ॥ ૭ ॥
જય જે કર્યાં આવી કારજ રે, જોઈ જન પામ્યા છે આચરજ રે ॥
અતિ અલૌકિક કામ કીધાં રે, આશ્રિતને અભયદાન[૬] દીધાં રે ॥ ૮ ॥
બહુ ઉપાય કલ્યાણ કેરા રે, કર્યા આવી આ જગે ઘણેરા રે ॥
તે તો લખ્યા જેટલા લખાણા રે, કૈક રહ્યા ને કૈક કે'વાણા રે ॥ ૯ ॥
બહુ પ્રકારે ઉદ્ધાર્યા પ્રાણી રે, તેની લેશ લખી છે એંધાણી[૭] રે ॥
સાંગોપાંગ[૮] અથ ઈતિ[૯] કે'વા રે, નથી વાલમિક વ્યાસ જેવા રે ॥૧૦॥
જે જે દીઠી આવી જાણ્યા માંઈ રે, તે તે લખી થોડી ઘણી કાંઈ રે ॥

---

**૧.**આખા જગતના પ્રાણ આધારને **૨.**વેદો **૩.**પિતા **૪.**માતા **૫.**આત્માના આત્મા **૬.**મોક્ષ **૭.**નમૂના રૂપ થોડી વાતો **૮.**પૂરે પૂરું **૯.**આદિથી અંત સુધીનું

એક દિવસની વાત વળી રે, લખતાં ન લખાયે સઘળી રે ॥૧૧॥
તેવાં વરષ ઓગણપચાસ રે, તે પર એક દિન દોય માસ રે ॥
એટલામાં કર્યાં જે જે કાજ રે, તેને કોણ લખે કવિરાજ રે ॥૧૨॥
થોડા માંયે લેજો ઘણું જાણી રે, સર્વે વાત કેથી[1] ન કે'વાણી રે ॥
આ છે ગ્રંથ માહાત્મ્યનો ઘણો રે, તેમાં કહ્યો પ્રતાપ પ્રભુ તણો રે ॥૧૩॥
તે તો સર્વે જાણજો સત્ય રે, નથી અક્ષર એકે અસત્ય રે ॥
પણ પૂરી પ્રતીતિ[2] જેને નોય રે, તેની આગળ્ય કે'શોમાં કોય રે ॥૧૪॥
એને લખી લખાવી મા દેશો રે, જેને હોય હરિમાં અંદેશો[3] રે ॥
તેને અર્થે આ વાત નહિ આવે રે, જેનું મન માન્યું કાવે દાવે[4] રે ॥૧૫॥
જે નો'ય પૂરી પ્રતીતિવાળા રે, તે તો ક્યાંથી થાય સુખાળા રે ॥
સુખ લેશે સાચા સતસંગી રે, સુણશે કે'શે આ ગ્રંથ ઉમંગી રે ॥૧૬॥
ગાશે કે'શે સુણશે આ ગ્રંથ રે, તેના સર્વે સરશે અર્થ[5] રે ॥
આ લોકમાં આનંદ રે'શે રે, પરલોકે મોટું સુખ લેશે રે ॥૧૭॥
માહાત્મ્ય કહ્યું છે અતિશે મોટું રે, ખરાખરું જાણો નથી ખોટું રે ॥
રખે અપોચિયાની[6] લઈ ઓટ[7] રે, પરિપૂરણમાં ખોળો ખોટ રે ॥૧૮॥
સમર્થથી શું શું ન થાય રે, એમ સહુ સમજો મન માંય રે ॥
એમ સમજી સરવે સુજાણ રે, વાત પકી કરી છે પ્રમાણ રે ॥૧૯॥
તેને તક પાકી ગઈ પૂરી રે, કોઈ વાત ન રહી અધૂરી રે ॥
પામ્યા પૂરણ પરમાનંદ રે, થયા ન્યાલ કે' નિષ્કુળાનંદ રે ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે દ્વિપંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૨॥***

**૧.**કોઈથી **૨.**વિશ્વાસ **૩.**સંદેહ **૪.**યુક્તિ-પ્રયુક્તિ કરવામાં; બીજાની ભૂલ શોધવામાં **૫.**હેતુ; મનોરથ **૬.**અધૂરિયા-અજ્ઞાનીની **૭.**ઓથ

**દોહા :** ધન્ય ધન્ય આ અવતારને, ઉદ્ધાર્યા જીવ અપાર ॥
દયા આણી દીનબંધુએ, સર્વેની લીધી સાર ॥ ૧ ॥
અક્ષરધામથી આવિયા, કાવિયા ધર્મના લાલ ॥
પ્રીતે કરીને પધારિયા, કૈકને કર્યા નિયાલ ॥ ૨ ॥
અક્ષરાતીત અગમ જે, સુગમ થયા ઘનશ્યામ ॥
અનંત અચ્યુત અવિનાશી જે, ધર્યું સહજાનંદ નામ ॥ ૩ ॥
અખંડ અકળ અપાર જે, તે થયા મનુષ્યાકાર ॥
અજર અમર અમાપ જે, તેણે લીધી સૌની સાર ॥ ૪ ॥

**રાગ : સામેરી**

અછેદ્ય અભેદ્ય અક્ષરાતમા,[૧] અગોચર થયા ગોચર ॥
અરૂપ[૨] અનુપમ અતિ ઘણા, તે થયા શ્યામ સુંદર ॥ ૫ ॥
અતોલ અમોલ[૩] આગમે કહ્યા, તે થયા ધર્મના બાળ ॥
નેતિ નેતિ નિગમ કહે, તેણે લીધી છે સંભાળ ॥ ૬ ॥
બાળા ભક્તિ જે પ્રેમવતી, તેના થયા છે તન[૪] ॥
ધર્મવૃષના ધામમાં,[૫] રમ્યા જમ્યા જીવન ॥ ૭ ॥
અલૌકિક આપે આવી કરી, આપ્યાં અલૌકિક સુખ ॥
માત તાતના મનનાં, દૂર કર્યાં છે દુઃખ ॥ ૮ ॥
સુખી કરી જન સહુને, પછી પધારિયા ભગવન ॥
સઘન વન વસમા વળી, તે જોયાં સર્વે જીવન ॥ ૯ ॥
કૈં કૈં[૬] કારજ કરિયાં, વાલે વળી વન માંય ॥
ત્યાગી ગૃહી તેમાં મળ્યા, તેની કરી પોતે સા'ય ॥૧૦॥

**૧.**અક્ષરબ્રહ્મના આધાર તથા નિયંતા **૨.**દેખી ન શકાય તેવા **૩.**અમૂલ્ય; અતિ દુર્લભ **૪.**પુત્ર **૫.**ઘરમાં **૬.**કેટકેટલા

અનેક જીવ ઉદ્ધારવા, ફરિયા દેશ વિદેશ ॥
નિર્ભય કર્યાં નારી નરને, આપી ઉત્તમ ઉપદેશ ॥૧૧॥

ધામ[1] તીરથ ધરા ઉપરે, જોયા તે જીવન પ્રાણ ॥
દૈવી આસુરી જીવનાં, કર્યાં છે કોટ કલ્યાણ ॥૧૨॥

કલિજુગનું રાજ્ય કાઢિયું, સતજુગ વરતાવ્યો સોય ॥
શુદ્ધ ધર્મમાં સહુ રહે, અશુદ્ધ ન આચરે કોય ॥૧૩॥

મનુષ્ય પશુધર્મ પાળતાં, તે શુદ્ધ કર્યાં નર નાર ॥
સત અસત ઓળખાવિયું, સમજાવ્યું સાર અસાર ॥૧૪॥

પંચ વ્રત પ્રગટ કરી, પ્રવર્તાવ્યાં પૃથવી માંય ॥
નિ'મ ધાર્યા નર નારિયે, કળિમળ[2] ન રહ્યું ક્યાંય ॥૧૫॥

પવિત્ર પ્રાણધારી[3] કર્યા, તે તો પોતાને પ્રતાપ ॥
જે અરથે આપે આવિયા, તે અર્થ સારિયો આપ ॥૧૬॥

કૈં કૈં કારજ કરિયાં, જીવના કલ્યાણ કાજ ॥
ધ્યાન ધારણા સમાધિયે, સુખી કર્યા જન આજ ॥૧૭॥

રીત અલૌકિક લોકમાં, દેખાડી દીન દયાળ ॥
સુખી અંતરે સૌને કર્યા, ધન્ય ધન્ય ધર્મના બાળ ॥૧૮॥

ઉત્સવ સમૈયે ભેળા કર્યા, સતસંગી વળી સંત ॥
દરશ સ્પરશ દઈ આપનું, આપિયાં સુખ અત્યંત ॥૧૯॥

જુગત્યે[4] જન જમાડિયા, પોતે લઈ પકવાન ॥
મગન કર્યા સંત સહુને, દઈને દરશન દાન ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ત્રિપંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૩॥***

**૧.**મોટા-મોટા મંદિરો **૨.**પાપ, કૂડ-કપટ વગેરે અધર્મ **૩.**જીવોને **૪.**ચતુરાઈથી

**દોહા :** આજ લે'રી આવિયા છે લે'રમાં, મે'ર કરી છે મહારાજ ॥
અઢળ ઢળ્યા અલબેલડો, કર્યાં કઈકનાં કાજ ॥૧॥
દુ:ખ કાપ્યાં દુ:ખી દાસનાં, સુખી કર્યા સહુ જન ॥
બ્રહ્મમો'લે તેને મોકલ્યા, પોતે થઈ પરસન ॥૨॥
પૂરણ બ્રહ્મ પધારીને, ભાંગી છે સર્વની ભૂખ ॥
આ સમામાં જે આવિયા, ટાળિયાં તેહનાં દુ:ખ ॥૩॥
ધન્ય ધન્ય પાવન પૃથવી, જે પર વિચર્યા નાથ ॥
ચરણ અંકિત જે અવનિ, સદા માને છે સનાથ ॥૪॥

**રાગ : સામેરી**

ધન્ય દેશ સોઈ શે'રને, જીયાં રહ્યા અવિનાશ ॥
ધન્ય ધન્ય ગામ નગરને, જીયાં કર્યો વાલે વાસ ॥૫॥
ધન્ય ધન્ય વારિ વહનિ,[૧] ના'યા તાપ્યા પ્રભુ પંડ ॥
ધન્ય ધન્ય શૂન્ય[૨] સમીરને,[૩] ભાગ્યશાળી આ બ્રહ્માંડ ॥૬॥
ધન્ય ધન્ય બ્રહ્મા ભવને,[૪] જેણે જોયા જીવન ॥
ધન્ય ધન્ય મઘવા[૫] મેઘને, ભીંજ્યા ભાળ્યા ભગવન ॥૭॥
ધન્ય ધન્ય શશી સૂરને, ઉડુ[૬] પામિયા આનંદ ॥
દેવ દાનવ મુનિ માનવી, સુખી કર્યા સહુ વૃંદ ॥૮॥
સ્થાવર જંગમ ચરાચર, સહુની લીધી છે સાર ॥
સ્થૂળ સૂક્ષ્મ જીવ જગમાં, ઉતારિયા ભવપાર ॥૯॥
ભોગી કર્યા બ્રહ્મમો'લના, આપિયું અક્ષર ધામ ॥
આપ પ્રતાપે ઉદ્ધારિયા, કરિયા પૂરણ કામ ॥૧૦॥
વેરો[૭] ન કર્યો વર્ષતાં, ઘન પેઠચે[૮] ઘનશ્યામ ॥

૧.અગ્નિ ૨.આકાશ ૩.વાયુ ૪.શંકરને ૫.ઈન્દ્ર ૬.તારા ૭.કર; ભાડું અથવા પક્ષપાત ૮.વરસાદની જેમ

શુદ્ધ કરી સહુ જીવને, આપિયું ધામ ઈનામ ॥૧૧॥
કોટ[1] ઉઘાડ્યા કલ્યાણના, ભાગ્યના ખોલ્યા ભંડાર ॥
ભૂખ ભાંગી ભૂખ્યા જનની, જગે કર્યો જેજેકાર ॥૧૨॥
ડંકા દીધા જગે જીતના, શ્યામે સહુને ઉપર ॥
પ્રબળ પ્રતાપ જણાવિયો, દેશ ગામ ને ઘરોઘર ॥૧૩॥
બૃહદ રીત આ વિશ્વમાં, વરતાવી છે બહુવિધ ॥
ચાલી વાતો ચારે દેશમાં, પ્રભુપણાની પ્રસિદ્ધ ॥૧૪॥
સ્વામિનારાયણ સહુને, નક્કી લેવરાવ્યું નામ ॥
ભજન કરાવી આ ભવમાં, આપિયું અક્ષરધામ ॥૧૫॥
સંભળાવ્યું વળી શ્રવણે, સહજાનંદ નામ સોય ॥
કે'શે સુણશે એ નામને, તેને દુઃખ કોય નો'ય ॥૧૬॥
એમ અનેક અભય કર્યા, પોતાતણે પરસંગ ॥
અખંડ ધામ તેને આપિયું, સહુ કરી શુદ્ધ અંગ ॥૧૭॥
અણતોળ્યાં સુખ આપિયાં, આશ્રિતને આ વાર ॥
અનેક પ્રકારે અંતરે, સુખી કર્યાં નર નાર ॥૧૮॥
રૂડી મૂડી પામ્યાં રોકડી, નહિ ઉધારાની વાત ॥
અમલ[2] ભર્યા સહુ ઉચ્ચરે, પ્રભુ મળ્યા છે સાક્ષાત ॥૧૯॥
ઓશિયાળું[3] શીદ ઓચરે,[4] બોલે મગન થઈને મુખ ॥
જન્મ મરણનું જીવમાં, રહ્યું નહિ જરા કેને દુઃખ ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે ચતુઃપંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૪॥***

**૧.**કિલ્લા; દરવાજા **૨.**કેફ **૩.**ઢીલું-ઢીલું **૪.**બોલે

**દોહા :** અમલ ભર્યા સૌ અંતરે, આવે અંત્યે અવિનાશ[૧] ॥
દેહ તજાવી દાસને, આપે છે અક્ષરવાસ ॥ ૧ ॥
નર નારી નિઃશંક થયાં, ભાંગી બેઠા સહુ ભય ॥
શરણ લીધું જેણે સ્વામીનું, તેને કર્યા નિરભય ॥ ૨ ॥
સહુને ઉપર શ્રીહરિ, શક્કો[૨] બેસાર્યો સુંદર ॥
ભક્તિ કરાવી આ ભવમાં, તાર્યા કંઈક નારી નર ॥ ૩ ॥
નૌતમ[૩] રીતને નાથજી, પ્રગટાવી પૃથવી માંય ॥
સાંભળ્યું નો'તું જે શ્રવણે, એવું કર્યું આવી આંય ॥ ૪ ॥

**રાગ-ઘોળ : વધામણાનું**

આનંદ આપ્યો અતિ ઘણો રે, આ સમામાં અલબેલ
પુરુષોત્તમ પ્રગટી રે. ॥
અમૃતના સિંધુ[૪] ઉલટ્યા રે, રંગડાની વાળી છે રેલ..પુ૦ ॥ ૫ ॥
નિર્ભયની નોબત્યું વાગિયું રે, મળિયા મોહનરાય..પુ૦ ॥
વિધવિધ થયાં વધામણાં રે, કસર ન રહી કાંય..પુ૦ ॥ ૬ ॥
ખોટ્ય ગઈ છે ખોવાઈને રે, જીત્યાના જાંગિર[૫] ઢોલ..પુ૦ ॥
દુઃખ ગયું બહુ દનનું રે, આવિયું સુખ અતોલ..પુ૦ ॥ ૭ ॥
**કળશ ચઢાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ[૬]..પુ૦** ॥
**ધન્ય ધન્ય આ અવતારને રે, જોવા રાખી નહીં જોડ..પુ૦** ॥ ૮ ॥
**સહુને પાર સહુ ઉપરે રે, એવી ચલાવી છે રીત..પુ૦** ॥
**નો'તી દીઠી નો'તી સાંભળી રે, પ્રગટાવી એવી પુનિત..પુ૦** ॥ ૯ ॥
સર્વેના સ્વામી જે શ્રીહરિ રે, સર્વના કા'વિયા શ્યામ..પુ૦ ॥

**૧**.શ્રીહરિ **૨**.પોતાનો અજોડ પ્રભાવ **૩**.સર્વોત્તમ **૪**.સાગર **૫**.યુદ્ધનું નગારું **૬**.મુગટ/ગૌરવ

સર્વેના નિયંતા નાથજી રે, સર્વેનાં કરિયાં કામ..પુ૦ ॥૧૦॥
સ્વામિનારાયણ નામનો રે, શક્કો બેસારિયો આપ..પુ૦ ॥
એ નામને જે આશર્યા રે, તેના તે ટાળિયા તાપ..પુ૦ ॥૧૧॥
ધામી જે અક્ષરધામના રે, તેણે આપ્યો છે આનંદ..પુ૦ ॥
અખંડ આનંદ આપી જીવને રે, કાપ્યા ભારે ભવફંદ[૧]..પુ૦ ॥૧૨॥
ખાતાં વળાવ્યાં છે ખોટ્યનાં રે, ખરી કરાવી છે ખાટ્ય[૨]..પુ૦ ॥
બંધ કીધાં બીજાં બારણાં રે, વે'તી કીધી અક્ષર વાટ્ય[૩]..પુ૦ ॥૧૩॥
તમ[૪] ટાળ્યું ત્રિલોકનું રે, પ્રકાશી પૂરણબ્રહ્મ..પુ૦ ॥
અંધારું રહ્યું'તું આવરી રે, તે ગયું થયું સુગમ..પુ૦ ॥૧૪॥
સૂરજ સહજાનંદજી રે, આપે થયા છે ઉદ્યોત[૫]..પુ૦ ॥
પૂર્વની દિશાયે પ્રગટી રે, ખોટા મોટા તે કર્યા ખદ્યોત..પુ૦ ॥૧૫॥
અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ..પુ૦ ॥
પૂર ચાલ્યાં તે પૃથવિયે રે, ધોયા ધરતીના મળ..પુ૦ ॥૧૬॥
ગાજ વીજ ને વરસવું રે, અગમ સુગમ કર્યું સોય..પુ૦ ॥
સહુ જનને સુખ આપિયાં રે, દુઃખી રહ્યું નહિ કોય..પુ૦ ॥૧૭॥
ધર્મનો ઢોલ સુણાવિયો રે, દેવા લાગ્યા પોતે દાત્ય[૬]..પુ૦ ॥
દુરબળનાં દુઃખ કાપિયાં રે, ન જોઈ જાત્ય કુજાત્ય..પુ૦ ॥૧૮॥
ધન્ય ધન્ય મારા નાથજી રે, ધન્ય ઉદ્ધારિયા જન..પુ૦ ॥
ધન્ય ધન્ય આ અવતારને રે, ભલે મળ્યા ભગવન..પુ૦ ॥૧૯॥
વારે વારે જાઉં વારણે[૭] રે, કર્યાં અમારાં કાજ..પુ૦ ॥
ઘણે હેતે ઘનશ્યામજી રે, મળ્યા અલબેલો આજ..પુ૦ ॥૨૦॥

---

**૧.**સંસૃતિના દુઃખ **૨.**નફો **૩.**અક્ષરધામમાં જવાનો માર્ગ - એકાંતિક ધર્મ **૪.**અજ્ઞાનરૂપ અંધારું **૫.**ઉદિત-પ્રકાશિત **૬.**દાન-દક્ષિણા **૭.**શરણે; પગમાં પડું.

કહિયે મુખથી કેટલું રે, આપિયો છે જે આનંદ..પુ૦ ॥
નિષ્કુળાનંદ જાય વારણે રે, સે'જે મળ્યા સહજાનંદ..પુ૦ ॥૨૧॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામી ચરણકમલ સેવક નિષ્કુળાનંદ મુનિ વિરચિતે પુરુષોત્તમપ્રકાશ મધ્યે પંચપંચાશત્તમઃ પ્રકારઃ ॥૫૫॥***

# પુરુષોત્તમપ્રકાશઃ સમાપ્તઃ

# સ્નેહગીતા

## :: ભૂમિકા ::

ભગવાન પુરુષોત્તમની પ્રાપ્તિ થાય તે ઊંચામાં ઊંચી શાશ્વત સિદ્ધિ છે. તે મેળવવાનો એકમાત્ર ઉપાય છે - પુરુષોત્તમમાં પ્રગાઢ પ્રેમ, અનન્ય ભક્તિ.

***भक्त्या त्वनन्या शक्य अहमेवंविधोऽर्जुन ।***
***ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तप ।।*** *(ગીતા)*

હે અર્જુન ! એક અનન્ય ભક્તિથી જ આ રીતે યથાર્થપણે મને જાણવો, સાક્ષાત્ દેખવો અને મારામાં વિરામ પામવો તે શક્ય બને છે. આ પ્રેમ કેવો હોવો જોઈએ ? પ્રભુમાં તેવો પ્રેમ થઈ જાય તો તેની કેવી સ્થિતિ હોય ? આ વિષયને સમજાવવા માટે સ.ગુ.નિષ્કુળાનંદસ્વામીને નિમિત્ત બનાવી **સ્વયં શ્રીહરિએ આ ગ્રંથ બનાવ્યો છે.** આ વાત પૂ.સ્વામીએ જ આ રીતે લખી છે –

***સ્નેહગીતા ગ્રંથ ગાવા, ઈચ્છા કરી અવિનાશ ।***
***નિષ્કુળાનંદને નિમિત્ત દઈ, કર્યો ગ્રંથ એહ પ્રકાશ ।।*** *(૪૪/૮)*

પ્રેમ તથા સ્નેહ તે બન્ને એક જ છે. જેમાં સ્નેહ વિશેનું સંપૂર્ણ વર્ણન થયું હોય તે **સ્નેહગીતા.** (ગીતા=વર્ણવાયેલી ગાથા)

પ્રભુપ્રેમના સ્વરૂપને યથાર્થ સમજાવવા માટે આ ગ્રંથમાં ગોપીઓની કથા વર્ણવવામાં આવી છે. ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં પધાર્યા પછી વ્રજવાસીઓને તેમાં ગાઢ પ્રેમ થઈ ગયો. પરંતુ આ પ્રેમની ખરી પરીક્ષા લેવા માટે પ્રભુ અચાનક મથુરા રહેવા ગયા. આ વિયોગની વેળાએ ગોપીઓનો પ્રેમ ઘટ્યો નહિ, પણ પ્રગાઢ બન્યો. ગોપીઓ સંપૂર્ણ ભગવાનમય બની ગઈ તેથી સદા સ્વતંત્ર પ્રભુ તેને કાયમ માટે વશ થઈ ગયા. આ કથાના માધ્યમથી આ ગ્રંથમાં આટલા મુદ્દાઓનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

(૧) જપ, તપ, તીર્થ, વ્રત કે દાન-પુણ્ય આવા કોઈ પણ સાધન સ્નેહ સમાન થતા નથી. (૨) નવધા ભક્તિ પણ જો પ્રભુપ્રેમ વિનાની હોય તો સૂકું સરોવર, ઘી વિનાનું ભોજન અને સુગંધ વિનાના ફૂલ જેવી માત્ર શોભારૂપ છે. (૩) અરે ! સ્વયં મોટા કથાકાર પણ જો પ્રભુપ્રેમ રહિત શુષ્ક હૃદયવાળા હોય તો તેની કથા પક્ષીના ગાયન બરાબર છે. (૪) પ્રભુપ્રેમથી રહિત ભલે ગમે તેટલું જ્ઞાન હોય તોપણ તે વર વિનાની જાન છે. (૫) ઉત્કટ પ્રભુપ્રેમના પ્રભાવે વૈરાગ્ય તો આપોઆપ આવી જાય છે, તે ગોપીઓનાં વૃત્તાંતથી સમજાવ્યું છે –

***ભવવૈભવની ભૂલી વૃત્તિ, જેની સુરતિ લાગી લાલશું ।***
***રહે ઉદાસી થઈ નિરાશી, મન મોહે નહિ ધન માલશું ॥*** *(૧૮/૨)*

(૬) સાચા પ્રેમી ભક્તને હંમેશા પોતાનો જ અવગુણ આવે છે પણ પ્રિયતમ પ્રભુનો કે પ્રભુના ભક્તનો ક્યારેય નહિ. (૭) સાચા પ્રેમીને ચોવીશેય કલાક તેના પ્રિયતમની રટના આપોઆપ લાગેલી જ રહે છે. (૮) જેને ભગવાનનો મહિમા ખરેખર સમજાયો હોય, તેને તો ભગવાનના સાચા ભક્ત પાસે આપોઆપ માન મુકાઈ જાય છે અને તેની ચરણરજ થઈને રહેવું ગમે છે. આ વાત ઉદ્ધવના દૃષ્ટાંતથી સમજાવી છે –

***પ્રેમ જોઈને પ્રમદાનો, મારો ગર્વ સર્વે ગળિયો ।***
***હું તો ગયો'તો શીખ દેવા, પણ સામું શીખ લઈને વળિયો ॥*** (૪૦/૫)

(૯) પરાભક્તિના ફળસ્વરૂપે ભગવાન ભક્તને વશ થઈ જાય છે તે શ્રીકૃષ્ણ ભગવાનના શબ્દોમાં આ રીતે વર્ણવ્યું છે –

***હું જ છઉં પ્રાણ પ્રેમીના, અને પ્રેમી જ મારું તન ।***
***ઉદ્ધવજી એમાં અસત્ય નથી, સત્ય માનજે તું મન ॥*** (૪૧/૮)
***મુને પ્યાર છે પ્રેમીનો, હું તો પ્રેમી જનને પૂંઠે ફરું ।***
***સ્નેહ સાંકળે સાંકળ્યો હું, જે જે જન કહે તે તે કરું ॥*** (૪૧/૯)
***મુને સંભારે છે સ્નેહીજન, તેમ સંભારું હું સ્નેહીને ।***
***અરસપરસ રહે એકઠા, જેમ પ્રીત છે દેહ દેહીને ॥*** (૪૨/૪)
***હું તો વશ છઉં પ્રેમને , કહું ગોપ્ય મારો મત છે ।***
***સ્નેહ વિના હું શિયે ન રીઝું, એહ માનજે સત્ય સત્ય છે ॥*** (૪૨/૯)

સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતોને આવો સ્નેહ પોતાના ઈષ્ટદેવ સર્વોપરી શ્રીહરિમાં જ કરવો જોઈએ. એવો અભિપ્રાય સ્નેહગીતાની આ છેલ્લી કડીમાંથી જણાય છે –

***હેત-પ્રીતે સ્નેહીને સંગે, અલબેલો આપે છે આનંદ ।***
***વાલો નિષ્કુળાનંદનો નાથજી, સ્નેહવશ શ્રી સહજાનંદ ॥*** (૫૬ : ૧૧/૬)

આ ગ્રંથનું તાત્પર્ય ભગવાનને સગુણ-સાકાર સમજાવવા પર છે. તથા સર્વ વ્યાપક પ્રભુ કરતાં મળેલા પ્રગટ ભગવાનમાં સાચો સ્નેહ કરી સંપૂર્ણ સમર્પાઈ તેમને સેવી લેવા અને પરોક્ષ કરતાં પ્રગટથી જ કલ્યાણ થાય છે, એવો સ્પષ્ટ આશય જણાય છે.

સંવત ૧૮૭૨માં વૈશાખ સુદ-૪ સર્જાયેલા આ ગ્રંથમાં ૪૪ કડવાં તથા ૧૧ પદ છે. કુલ મળી ૪૯૦ ચરણ (કડીઓ) છે. સ.ગુ.નિષ્કુળાનંદસ્વામી જેવા એક વૈરાગ્યમૂર્તિ સંત, આવા ઉત્કટ પ્રેમી પણ છે. તે તેમના જીવનનું એક આશ્ચર્ય છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# સ્નેહગીતા

## કડવું-૧

**રાગ : ધન્યાશ્રી[૧]**

**મંગળ મૂર્તિ છે શ્રીમહારાજજી, વ્રજજનવલ્લભ શ્રી વ્રજરાજજી**
**મે'ર મુજ ઉપર કરો એવી આજજી, અંતર ઈચ્છે છે ગાવા ગુણ કાજજી**

**ઢાળ[૧] :**

ગુણ ગાવા ગોવિંદ તમારા, ઈચ્છા તે મુજને અતિ ઘણી ॥
ચવું[૨] ચરિત્ર સ્નેહગીતા, જેવી મતિ ગતિ છે મુજતણી ॥ ૨ ॥
સ્નેહે કથા હવે સુણો સહુ, બહુ પ્રકારે મેં પેખિયું[૩] ॥
જપ તપ તીરથ જોગ[૪] જજ્ઞ, સ્નેહ સમાન નવ દેખિયું ॥ ૩ ॥

**૧.**આ ગ્રંથમાં દરેક કડવાંના રાગ તથા ઢાળ આ રીતે જ છે **૨.**વર્ણવું **૩.**વિચાર્યું **૪.**અષ્ટાંગયોગ

દાન પુણ્ય ને વ્રત વિધિ, કરે ભક્તિ નવધા કોય ॥
સ્નેહ વિના સરવે સૂનું, જેમ ભોજન ઘૃત વિણ હોય ॥૪॥

નીર વિના જેમ સૂકું સરોવર, સુગંધ વિના શા ફૂલ ॥
તેમ સ્નેહ વિના સૂનું હૃદય, શું થયું ચવે[1] છે ચંડૂલ[1] ॥૫॥

પ્રેમ પખી[2] છે લૂખી જો ભગતિ, કોઈ અનેક ગુણ ભાખે[3] ભણે ॥
ચૌદ વિદ્યાવાન ચતુર જન, વળી કવિ કોવિદને[4] કોણ ગણે ॥૬॥

સ્નેહ વિના લૂખું લાગે, કથતાં તે કોરું જો જ્ઞાન ॥
હેત વિનાનું હૃદય એવું, જેવી વર વિનાની જાન ॥૭॥

સ્નેહ વિના શોભે નહિ, હૃદય તે હરિદાસનું ॥
પંકજનયનની[5] પ્રીત વિના, અમથું શું રહેવું ઉદાસનું ॥૮॥

નેહનાં નયણે નીર વરસે, ગાતાં ગદગદ ગિરા[6] નીસરે ॥
કૃષ્ણ કૃષ્ણ કહેતાં મુખે, વળી વપુ[7] વિકારને વીસરે ॥૯॥

પ્રીતે ચિત્ત ચરણે સોંપી, અને સ્નેહ સાચો જે કરે ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, સ્નેહી સદા સંગે ફરે ॥૧૦॥

## કડવું-૨

**સ્નેહની મૂર્તિ સુંદર શ્યામજી, પ્રેમે કરી પ્રગટ્યા ગોકુળ ગામજી**
**સ્નેહી જનનાં સારવા કામજી, નટવર નાગર સદા સુખધામજી**

સુખના સાગર શ્રીહરિ, જેને દેખતાં દિલડું ઠરે ॥
મૂર્તિ જોતાં માવજીની, હેલામાં[8] મન મુનિનું હરે ॥૨॥

જેને જોઈ મોહી જન જુવતી, અતિ પ્રીત કરી હૈયે હેતશું ॥
સ્નેહ બાંધ્યો શ્યામ સંગે, સોંપી તન મન ધન સમેતશું[9] ॥૩॥

**૧.**આ નામનું એક પક્ષી પણ ગાયા કરે છે **૨.**વિના **૩.**કહે **૪.**પંડિતને **૫.**કમળ જેવા નેત્રવાળા પ્રભુની **૬.**વાણી **૭.**શરીર **૮.**લટકામાં **૯.**સહિત

વળી પશુ પંખી ને વૃક્ષ વેલી, હરિ પ્રીતમાં પરવશ થયાં ॥
સરિતા સર[1] ને નાગ[2] નગ[3] જે, સ્નેહમાં સંકુલાઈ[4] રહ્યાં ॥૪॥

ગાયો ગોપી ને ગોવાળીએ, હરિ આત્માથી અધિક કર્યા ॥
સ્નેહ બાંધ્યો પ્રેમ વાધ્યો, પ્રીત રીત અતિ આચર્યા ॥૫॥

મીનનુ જીવન જળ જોને, જેમ ચકોર સ્નેહી ચંદ છે ॥
તેમ વ્રજ જુવતીનું જીવન જાણો, શ્રી નંદજીનો નંદ છે ॥૬॥

જેમ મોરનું મન મળ્યું મેઘશું, જેમ બપૈયો[5] સ્નેહી સ્વાંતનો[6] ॥
તેહ થકી અધિક અંગે, સ્નેહ જુવતી જાતનો ॥૭॥

જેમ અગ્નિને સંગે ઓગળે, મીણ માખણ ને ઘણું ઘૃત ॥
તેમ કૃષ્ણ મળે મન ગળે, અને ટળે તે તનસૂધ[7] તરત ॥૮॥

જેહ નયણે નીરખે નાથને, તેનું હાથ હૈયું કેમ રહે ॥
તે લાજ તજે કૃષ્ણ ભજે, એવી સ્નેહમૂર્તિ છે સુખમહે[8] ॥૯॥

નટવર નાગર સુખ સાગર, મનોહર મૂર્તિ મદનજી[9] ॥
નિષ્કુળાનંદ ગોવિંદ છબી, સુખ તણું જો સદનજી[10] ॥૧૦॥

## કડવું-૩

**સુખમય મૂર્તિ જોઈ જન ગોપીજી, રહી હરિ ચરણે તન મન સોંપીજી**
**અંતરની વૃત્તિ હરિમાં આરોપીજી, લોક કુટુંબની લજ્જા જેણે લોપીજી**

લોપી લજ્જા જેણે લોકની, અને સ્નેહવશ થઈ સુંદરી ॥
સોબત કીધી શીશ સાટે, એવી અચળ પ્રીત હરિશું કરી ॥૨॥

હરતાં ફરતાં કામ કરતાં, કૃષ્ણ કૃષ્ણ કરે કામની[11] ॥
પ્રીત વશ થઈ પ્રમદા,[11] જાતિ[12] જાણે નહિ દિન જામની ॥૩॥

**૧.**સરોવર **૨.**ઝરણું **૩.**પર્વત **૪.**સ્થિર **૫.**ચાતક પક્ષી **૬.**સ્વાતિ નક્ષત્રનાં વરસાદી પાણીનો **૭.**સાન-ભાન **૮.**સુખમય **૯.**હેત કે હર્ષ વધારનાર **૧૦.**ધામ **૧૧.**ગોપીઓ **૧૨.**ભેદ

ખાતાં પીતાં બોલતાં, વળી સ્નેહમાં સૂધ વીસરી ॥
સૂતાં સૂતાં જાગે ઝબકી, ઊઠે કૃષ્ણ કૃષ્ણ મુખે કરી ॥૪॥
વાટે ઘાટે વન જાતાં, મન તન મોહન શું મળ્યું ॥
લોકલાજ વેદવિધિ વીસરી, વળી ભાન તનનું તે ટળ્યું ॥૫॥
વળી શ્રવણમાં ભણકાર સુણે, જાણે નયણે નીરખું છું નાથજી ॥
મુખવાણે વળી એમ જાણે, વાત કરું છું વાલા સાથજી ॥૬॥
અંગો અંગે એમ ગોપી, પરિપૂર્ણ થઈ પ્રીતમાં ॥
સાધન તે હવે શું કરે, જેને કૃષ્ણ વિના ના'વે બીજું ચિત્તમાં ॥૭॥
મરજાદા મેલી થઈ ઘેલી, ઉન્મત્ત દશા આવી અંગે ॥
તેણે કરી તનત્રાસ[1] ટળિયો, મળ્યો પ્રાણ[2] કૃષ્ણને સંગે ॥૮॥
આપ[3] ગળ્યું મન મળ્યું, ટળ્યું કાયા કલેશનું કરવું ॥
એક સ્નેહ માંહી સર્વે આવ્યું, અન્ય ન રહ્યું આચરવું ॥૯॥
પ્રીતની રીત ને પ્રેમનું લક્ષણ, તે તો શીખવ્યું આવે નહિ ॥
નિષ્કુળાનંદ ના'વે કહીએ, સ્નેહી જનનો સ્નેહ સહિ ॥૧૦॥

## કડવું-૪

**પ્રીત કરી પ્રમદા તે પરસ્પર પડીજી, જગના જીવન સંગે મોબત જડીજી**
**ચિત્તે રંગ ચટકી તે ચોળની[4] ચડીજી, નિત્ય પ્રત્યે નવલો નેહ ઘડી ઘડીજી**

ઘડિયે ઘડિયે ઘણો ઘણો, સ્નેહ વાધ્યો શ્યામશું ॥
વણદીઠે વળી વિલપે વનિતા, રહે ઉદાસી ધન ધામશું ॥૨॥
અર્ધ ક્ષણ રહી ન શકે, વણદીઠે વદન વ્રજરાજનું ॥
શેરિયે શેરિયે શોધે સુંદરી, લેશ ન લાવે વળી લાજનું ॥૩॥

**૧.**દેહનું દુઃખ **૨.**આત્મા **૩.**સ્વતંત્ર હુંપણું **૪.**મજીઠના રંગની જેમ ઊતરે નહિ તેવી

માંહો માંહી વળી પૂછે, બાઈ કૃષ્ણજી તે ક્યાં હશે ॥
કોઈ બતાવો કાન મુજને, જોઉ મુખ કાંઈક લઈ મશે[૧] ॥૪॥

વન ભવન વાટ વીથિની,[૨] વળી જુવે યમુનાં તીર ॥
અણદીઠે અલબેલડો, કોઈ ધરી ન શકે ધીર ॥૫॥

વણદીઠે ઘડી વીતે વસમી, જુગ તુલ્ય પળ એક જાય ॥
પ્રાણ ગતવત[૩] થઈ પડે, એમ ગરક[૪] છે સ્નેહમાંય ॥૬॥

એમ કરતાં આવી અચાનક, જો દેખે દગે દયાળને ॥
પણ નાથ નયણે નીરખ્યા વિના, સ્નેહી ન કરે શરીર સંભાળને ॥૭॥

માંસ વિના શ્વાસ રહે, જન સ્નેહીના શરીરમાં ॥
પ્રાણ જેના પડ્યા પરવશ, તેનાં નયણાં ભર્યાં રહે નીરમાં ॥૮॥

અતિ ઉદાસ નિઃશ્વાસ મૂકે, અને સૂકે નહિ નીર નયણે ॥
હે સખા ! હે સુખકારી !, એમ વદે વળી વળી વયણે[૫] ॥૯॥

પ્રીતની તો રીત એહવી, જેનું મન મોહનશું મળ્યું ॥
નિષ્કુળાનંદ સ્નેહી જનનું, કારણ નવ જાયે કળ્યું ॥૧૦॥

**પદ-૧ (રાગ : ગોડ મલાર)**

પ્રીતની રીત છે જો ન્યારીરી..પ્રી૦
જેહની બંધાણી તેણે રે જાણી, બીજા ન જાણે લગારીરી...પ્રી૦ ॥૧॥

ચકોર સ્નેહી ચંદ્ર વદનનો, વણ દીઠે દુઃખ ભારી;
મીન સ્નેહી જાણો રે જળનો, પ્રાણ તજે વિન વારિરી[૬]...પ્રી૦ ॥૨॥

પ્રીત પતંગ[૭] પ્રાણ પાવકમાં,[૮] દેખત દગ દેત જારી;[૯]
ચાતક સ્નેહી સદાયે સ્વાંતનો, મરે પિયુપિયુ પોકારીરી...પ્રી૦ ॥૩॥

---

**૧.**બહાનું **૨.**બજાર; કેડી **૩.**જતા રહ્યા હોય એવી **૪.**નિમગ્ન **૫.**વાણીમાં **૬.**પાણી **૭.**પતંગિયાને **૮.**અગ્નિમાં **૯.**બાળી

પ્રીતિની રીત પ્રસિદ્ધ પ્રતીજે,[૧] કીજે તો કીજે વિચારી;
નિષ્કુળાનંદ એવા સ્નેહીને સંગે, સદાયે રહે છે મુરારિરી...પ્રી૦ ॥ ૪ ॥

## કડવું-૫

**સ્નેહને વશ સદાય છે શ્રીહરિજી, ભાવે આવે ભૂતળ ભૂધર દેહ ધરીજી**
**તે તો પ્રેમી જનને પ્રેમે કરીજી, ધન્ય ધન્ય પ્રેમે વ્રજ જુવતી ભરીજી**

ભરી પૂરણ પ્રેમમાં અંગે, અને રંગે રાતી[૨] રાજને ॥
સ્નેહમાંયે ન સૂઝે કાંયે, તેણે ભૂલી ભુવનના કાજને ॥ ૨ ॥

ખાન પાનની ખબર ભૂલી, વળી વસ્ત્ર પે'રવાં વીસરી ॥
આભૂષણ અંગે ધરે અવળાં, એમ સૂધ ભૂલી સ્નેહે કરી ॥ ૩ ॥

પય[૩] જમાવે જળ પાત્રમાં, અને નીર ભરે ક્ષીર[૩] ઠામમાં ॥
એમ સર્વે અંગે સૂધ વીસરી, વળી ચિત્ત ન રહ્યું ધન ધામમાં ॥ ૪ ॥

સુત વિત્ત ને સગાં સંબંધી, વળી એ ઉપરથી મન ઊતર્યું ॥
જેહ જુવે તે એમ જાણે, કહે મન ચિત્ત આનું ફર્યું ॥ ૫ ॥

વળી ગોરસ મથતાં ગોપીકા, અને જુવે વાલાની વાટ રે ॥
હમણાં આવે મુને બોલાવે, એમ તલપે મોહન માટ રે ॥ ૬ ॥

કસણ[૪] તૂટે કેશ છૂટે, તેને નેક ન રહે સંભાળવા ॥
વત્સ છોડાવે ધેનુને ધાવે, તેને ન જાયે વાળવા ॥ ૭ ॥

વળી અગ્નિ થકી અતિ ઊછળે,અને આવે ઉફાણે[૫] દૂધ ॥
પણ હરિ હેતમાં ચિત્ત ચોરાણું, તેહની ન લહે[૬] કાંય સૂધ[૭] ॥ ૮ ॥

લક્ષ[૮] લાગ્યો લાડીલાશું, અંતર મળ્યું અલબેલશું ॥
રહી હેતે પ્રીતે હળી મળી, જેમ વૃક્ષ વીંટ્યું વેલ્યશું ॥ ૯ ॥

---

**૧**.જણાય છે **૨**.રસબસ; તરબોળ **૩**.દૂધ **૪**.પહેરેલા વસ્ત્રને બાંધવાની દોરી; કસ **૫**.ઊભરાવા **૬**.રહે **૭**.ભાન **૮**.એકતાર વૃત્તિ

રાત દિવસ રહે રાતી,[૧] અને માતી પ્રેમમાં પ્રમદા ॥
નિષ્કુળાનંદ નાવે નવધા,[૨] સમતોલ સ્નેહને સદા ॥૧૦॥

## કડવું-૬

**વળી વ્રજવનિતા પ્રેમે પરવશ થઈજી, રસિયાજી વિના રંચ નવ શકે રહીજી**
**કૃષ્ણ ક્યાં કૃષ્ણ ક્યાં જેને તેને પૂછે જઈજી, એમ સ્નેહની સાંકળી સૂધ ભૂલી ગઈજી**

સૂધ ભૂલી ગઈ શરીરની, વળી ગોવિંદને ગોતે ઘણું ॥
આવો રસિયા આવો રૂડા, નીરખું હું મુખ તુજતણું ॥૨॥
વાટે ઘાટે પૂછે વનિતા, વળી કોઈ બતાવો કૃષ્ણને ॥
નાથ વિના નથી રે'વાતું, ઘણું દિલ દાઝે છે દર્ષણને[૩] ॥૩॥
ખોળતાં તે ખરી ખબર પામી, જાણ્યું વાલો સધાવ્યા વનમાં ॥
કાંઈક મષ[૪] લઈ જાયે કેડે, એમ વિચાર્યું વળી મનમાં ॥૪॥
ગોરસ રસની ભરી ગોળી, વળી જાય મથુરાં મારગે ॥
એહ મષે ચાલી વાંસે, દયાળુને દેખવા દગે ॥૫॥
નાથજીને નીરખ્યા વિના, ઘણું દિવસ જાયે દોયલો[૫] ॥
ભૂધરજીને ભેટે જ્યારે, ત્યારે જ સુખ દિન સોયલો[૬] ॥૬॥
હરિમુખ જોયે સુખ ઊપજે, વળી શાંતિ વળે શરીરને ॥
અસ્થિર મન તે સ્થિર થાયે, જ્યારે જુવે હળધર[૭] વીરને[૭] ॥૭॥
એમ પ્રીત પાવકે પંડ્ય પ્રજળ્યું,[૮] વળી વિરહમાં વિલખ્યા કરે ॥
પ્રેમ દોરિયે બાંધી પ્રમદા, વાલમને વાંસે ફરે ॥૮॥
શ્યામ વિના કાંઈ કામ ન સૂઝે, વળી કળ ન પડે કોઈ ॥
પિયુ વિના પળ પ્રેમીને, વળી વીતે તે વસમી સોઈ ॥૯॥

**૧.**સ્નેહમય; પ્રેમતરબોળ **૨.**નવ પ્રકારની ભક્તિ **૩.**દર્શન માટે **૪.**નિમિત્ત; બહાનું
**૫.**દુઃખ સભર **૬.**સુખદાયી **૭.**બળદેવના ભાઈ શ્રીકૃષ્ણને **૮.**દાઝ્યું

સ્નેહી જનને સુખ ક્યાંથી, જેના પ્રાણ પરને સાથ છે ॥
નિષ્કુળાનંદ પ્રેમીજનનું, જીવિતવ્ય[૧] હરિને હાથ છે ॥૧૦॥

## કડવું-૭

**વ્રજવનિતાના પ્રેમને જોવા વળીજી, વાલમે વગાડી વનમાંયે વાંસળીજી**
**સુણી સર્વ સુંદરી મોહનને જૈ મળીજી, એક રહી આવરી[૨] નવ શકી નીકળીજી**

નીકળી ન શકી સુંદરી, ગોપી ઘેરીને[૩] ઘાલી ઘરમાં ॥
દેહ ગેહમાં[૪] ગ્રહી[૩] ઘાલ્યું, પણ પ્રાણ કાંઈ છે તેના કરમાં ॥ ૨ ॥

તેહને વિરહ ઊપન્યો અંગમાં, વળી વિયોગ રોગ વાધ્યો ઘણું ॥
આ સમે હું તો રહી અમથી, અહો અભાગ્ય એવું મુજતણું ॥ ૩ ॥

એમ સ્નેહમાં શોચે[૫] ઘણું, વનિતા કહે રહી વાંસળ્યે ॥
પછી મેલ્યું દેહ મંદિરમાંયે,[૬] પ્રાણ પો'તા[૭] પિયુને પાસળ્યે ॥ ૪ ॥

એહ રીતે પો'તી અબળા, મોહનજી સંગે જૈ મળી ॥
ભૌતિક દેહનું ભાન ભૂલી, અતિવાક્ય[૮] દેહ પામી વળી ॥ ૫ ॥

પ્રેમીજનનું એહ પારખું, પ્રીતમ વિના પળમાં મરે ॥
પિયુ વિયોગે પ્રાણ રહે, તે સ્નેહ શઠ શાને કરે ॥ ૬ ॥

પ્રીતની તો રીત એહવી, જેના પ્રીતમ સાથે પ્રાણ છે ॥
જીવન વિન જરૂર જેને, પંડ્ય પાડવું પ્રમાણ છે ॥ ૭ ॥

ધન્ય એ નારી પ્રેમ પ્યારી, જેણે વાલા વિયોગે તન ત્યાગિયું ॥
અલ્પ સુખની આશા મેલી, મન મોહનજીશું લાગિયું ॥ ૮ ॥

એવા જનથી અર્ધ ઘડી, વાલમ ન રહે વેગળા ॥
હેતે હળ્યા રહે મળ્યા, જો અંગે હોય કોયે અબળા ॥ ૯ ॥

**૧.**પ્રાણ; જીવવું **૨.**બીજાએ રોકી રાખેલી **૩.**પકડીને **૪.**ઘરમાં **૫.**શોક કરે **૬.**ઘરમાં જ **૭.**પહોંચ્યા **૮.**અવર્ણનીય; દિવ્ય

શું થાયે કૈયે હેત જો હૈયે, અને પ્રેમ વિના તો સૂકું સરે[૧] ॥
નિષ્કુળાનંદ સરવે સાધન, સ્નેહી સમતા કોણ કરે ॥૧૦॥

## કડવું-૮

**જેને અંગે રંગ ચડિયો સ્નેહનોજી, પ્રીતે જો પ્રીતમશું પ્રાણ મળ્યો જેહનોજી**
**અંતરે અભાવ ન થાય તેને તેહનોજી, જો પ્રીત રીતે પાત[૨] થાય આ દેહનોજી**

દેહતણે દુઃખે કરીને, દલગીર ન થાયે દલમાં ॥
દરદ[૩] દુઃખે દોષ હરિનો, પરઠે નહિ કોઈ પલમાં ॥ ૨ ॥

ગુણ ગ્રે'વા વળી ગોપીકાના, જેને અભાવ કોઈ આવ્યો નહિ ॥
સરવે અંગે સુખકારી, શ્યામળાને સમજી સહિ ॥ ૩ ॥

જેનાં પય પીધાં મહી લીધાં, વળી ફોડી ગોરસની[૪] ગોળિયું[૪] ॥
વાટે ઘાટે ઘેરી ઘરમાં, જેને લાજ તજાવી રંગે રોળિયું ॥ ૪ ॥

વેણ વજાડી વ્રેહ[૫] જગાડી, વળી વનમાં તેડી વનિતા ॥
તરત તિયાં તિરસ્કાર કીધો, તોય ન આવી અંતરે અસમતા[૬] ॥ ૫ ॥

કોઈ વાતે કૃષ્ણ સાથે, અવગુણ ન આવ્યો અંતરે ॥
દિનદિન પ્રત્યે પ્રેમ પ્રગટ્યો, નિત્ય નિત્ય નવો નિરંતરે ॥ ૬ ॥

રાસ રચી ખેલ મચી, વળી વિછોઈ[૭] ગયા વનમાં ॥
રોઈ રોઈ ખોઈ રજની, તોય ક્ષોભ ન પામી મનમાં ॥ ૭ ॥

**નાથ નાથ મુખ ગાથ ગાતાં, વળી વિયોગે વિલખે ઘણી ॥**
**તોયે હરિનો દોષ ન પરઠે, એવી રીત જો પ્રીતતણી ॥ ૮ ॥**

પ્રીતને મગે[૮] પગ પરઠી,[૯] વળી પાછી ન ભરી જેણે પેનિયો ॥
જે શીશ સાટે ચાલી વાટે, ખરી પ્રીત પૂરણ તેનિયો ॥ ૯ ॥

**૧.**છેવટે **૨.**પતન; મરણ **૩.**પીડા **૪.**દહીંની મોટી માટલીઓ **૫.**વિરહ **૬.**ક્ષોભ; ખેદ **૭.**છોડી; અદશ્ય થઈને **૮.**માર્ગે **૯.**ચાલીને

લાગી લગન થઈ મગન, વળી તગન[1] કર્યાં તન સુખજી ॥
નિષ્કુળાનંદ સ્નેહી સમતોલ, કહે કવિ જન કોણ મુખજી ॥૧૦॥

## પદ-૨ (રાગ : મારૂ)

**'દુ:ખી દિવસ ને રાત, શ્રીજી વિના દુ:ખી'** એ ઢાળ.

સ્નેહને રે સમાન, નાવે કોઈ સ્નેહને રે સમાન;
રાગી[2] ત્યાગી ને તપસ્વી રે, વળી ધરે વન જઈ ધ્યાન..નાવે૦ ॥ ૧ ॥
જોગ જગન બહુ જજતાં[3] રે, તજતાં તેનું મને માન;
તજી ઘરવાસ ઉદાસ ફરે કોય, કરે તીરથ વ્રત દાન..નાવે૦ ॥ ૨ ॥
માળા તિલક ધરે ફરે ફક્ત, નખ શિખા વધારી નિદાન;
કરે અટન[4] રટન નિરંતર, વળી કરે ગંગાજળ પાન..નાવે૦ ॥ ૩ ॥
સ્નેહ નહિ જેને નાથશું રે, શું થયું કરતાં રે જ્ઞાન;
નિષ્કુળાનંદ સ્નેહી જનને, વશ સદા ભગવાન..નાવે૦ ॥ ૪ ॥

## કડવું-૯

**સ્નેહ સાંકળે પલાણી[5] છે પ્રમદાજી, તેહને અંતરે નહિ કોઈ આપદાજી**
**સ્નેહે શ્યામળીયા સંગે ડોલી સદાજી, હળી મળી હરિશું રહી અતિ મન મુદાજી[6]**

મુદા સદાયે મનમાંયે, જાયે અહરનિશ રાણીપ[7] રે ॥
રંગ રાતી મન માતી,[8] ગાતી ગોવિંદ ગુણ ઘરે ઘરે ॥ ૨ ॥
વળી વનવાટે ઘરે ઘાટે, દિયે દયાળુ દરશન દાન ॥
નાથ નીરખી હૈયે હરખી, વળી રહે મને ગુલતાન[9] ॥ ૩ ॥
હરતાં ફરતાં કામ કરતાં, હરિ અચાનક આવી મળે ॥

**૧.**ત્યાગ **૨.**ગૃહસ્થ **૩.**કરતા **૪.**ભ્રમણ; યાત્રા **૫.**બંધાણી **૬.**આનંદમાં **૭.**રાજીખુશીથી **૮.**મશગૂલ **૯.**તલ્લીન

મગન[1] રે'તાં સુખ લેતાં, એમ પ્રેમ આનંદમાં દિન પળે[2] ॥૪॥

હસતાં રમતાં જોડે જમતાં, વળી વીતે ઘડી ઘણું સુખની ॥
પળે પળે પ્રેમ પ્રગટે, જોતાં શોભા શ્રીહરિ મુખની ॥૫॥

હાસ વિલાસ હરિની સાથે, વળી કે'વું સુણવું તે કાનને ॥
તાળી વળી લેવી તેહશું, ત્રોડવું હરિશું તાનને ॥૬॥

રાત દિવસ વીતે રંગે, વળી અંગે આનંદ અતિ ઘણું ॥
સંસાર સુખની ભૂખ ભાગી, જોતાં મુખ જીવનતણું ॥૭॥

વિયોગની વળી વાતને, કોયે સ્વપને પણ સમજે નહિ ॥
એહ રીતે પ્રીત વાધી, સ્નેહની અતિશે સહિ ॥૮॥

પ્રીતની રીતને પરખવા, એક સમયને વિષે શ્રીહરિ ॥
મથુરા જાવાનું મન કીધું, ઈચ્છા એવી ઉરમાં ધરી ॥૯॥

ઘણા દિવસ ગોપી સંગે, રંગે રમિયા રસબસશું ॥
નિષ્કુળાનંદ સ્નેહ જોવા, વાલો કે' વેગળા વસશું ॥૧૦॥

## કડવું-૧૦

**વેગળાં ગયા વિના પ્રીત ન પ્રિછાયજી, વાલ્યમે વિચાર્યું એવું મનમાંયજી**
**અલબેલે માંડ્યો પછી એહ ઉપાયજી, અક્રૂર આવિયા તેહ સમે ત્યાંયજી**

તેહ સમે અક્રૂર આવ્યા, અને રથ લઈ રૂડા રૂપને ॥
રામ કૃષ્ણને તેડવાને, મોકલ્યો કંસાસુર ભૂપને ॥૨॥

આવીને છોડ્યો આંગણે, નંદરાયને નિરધાર ॥
ગોપી વળી ટોળે મળી, વળી કરે છે વિચાર ॥૩॥

આ દિન મોર્યે આવો કોઈ, નંદભુવન નથી જો આવિયો ॥
બાઈ ગામ નામ પૂછો એહનું, આ શે અર્થે રથ લાવિયો ॥૪॥

૧.ખુશ ૨.વીતે

બાઈ સગો નહિ એ શત્રુ છે, કોઈ નંદ જશોદા ગોપને ॥
નિશ્ચે કાંઈક નવું નીપજશે,[૧] તમે દેખજો દૈવના કોપને ॥ ૫ ॥
જાવો બાઈ જુઓ જૈને, સુણજો વળી એની વાતડી ॥
વા'લો થઈ કોઈ વૈરી વસે, આવ્યો એ કરવા ઘાતડી[૨] ॥ ૬ ॥
કોરે તેડી બાઈ કૃષ્ણને, વળી વાત કરો વાલપ વડે ॥
હેત દેખાડી રાખો સંતાડી, જે નજરે એને નવ પડે ॥ ૭ ॥
વ્રજજનનું[૩] જીવન જેહી, તેની જતન ઝાઝી કીજિયે ॥
વિઘનમાંયથી વા'લી વસ્તુ, બાઈ બચાવીને લીજિયે ॥ ૮ ॥
એમ આકુળ વ્યાકુળ થાય અબળા, માંહોમાંહિ મનસુબો કરે ॥
આ તો આવ્યો કાળરૂપે કોઈ, રખે પ્રાણ બાઈ આપણા હરે ॥ ૯ ॥
પછી ગોપીએ તેની ગમ્ય[૪] કાઢી, બાઈ અક્રૂર એનું નામ છે ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, કાંઈક એને કામ છે ॥૧૦॥

## કડવું-૧૧

**આવ્યો અક્રૂર ખબર પામી ખરીજી, કાંઈક કપટ ભીતરે આવ્યો ભરીજી**
**કોરે જઈ કૃષ્ણને કાંઈક વાત કરીજી, તેહ નથી કે'તા હૈયાનું આપણને હરિજી**

હરિ હળધર[૫] હૈયા કેરી, વળી વાત નથી વરતાવતા[૬] ॥
પણ અક્રૂર સાથે એકાંત કીધી, તેહની થાય ચિત્તમાં ચિંતા ॥ ૨ ॥
કોણ જાણે બાઈ કેમ કરશે, કળ પડતી નથી કાંય ॥
પૂછો જઈ પ્રાણજીવનને, શું છે એના બાઈ મનમાંય ॥ ૩ ॥
એમ કરતાં અક્રૂરના, મનનો તે મર્મ જાણિયો ॥
શ્રી કૃષ્ણજીને તેડવાને, એણે રથ આંઈ આણિયો ॥ ૪ ॥
એવું સુણીને અબળા, અતિ અકળાણી અંતરે ઘણી ॥

**૧.**બનશે **૨.**દગો **૩.**વૃંદાવનવાસી ભક્તોનું **૪.**ઓળખાણ **૫.**બળરામ **૬.**જણાવતા

જેમ પ્રાણ રહિતવત પૂતળાં, એવી ગત્ય[૧] થઈ ગોપીતણી ॥ ૫ ॥
લડથડે કોઈ પડે પૃથવી, એમ સૂધ ન રહી શરીરની ॥
શ્યામ સધાવ્યાનું શ્રવણે સુણતાં, નીક[૨] નયણે ચાલી નીરની ॥ ૬ ॥
વલવલી[૩] ટોળે મળી, વળી વનિતા કહે કેમ કરશું ॥
જીવન જાતાં અંતરે આપણે, ધીરજ કઈ પેરે ધરશું ॥ ૭ ॥
આવ્યો અક્રૂર કાળ રૂપે, હમણાં પ્રાણ લઈને હાલશે ॥
પછી સ્નેહનું જે સુખ સજની, તે સમે સમે ઘણું સાલશે ॥ ૮ ॥
ગયું ધન જોબન દિન જે, તે પાછું નથી કોઈ પામતાં ॥
એમ આપણે થાશે અબળા, હરિ હીરો વામતાં[૪] ॥ ૯ ॥
નિરધન થાશું નાથ જાતાં, પછી ઓશિયાળાં[૫] રે'શું અંગે ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, હવે ક્યાં થકી રમશું રંગે ॥૧૦॥

## કડવું-૧૨

**અહો કષ્ટ અચાનક આવિયોજી, જ્યારે હરિવરને કંસે બોલાવિયોજી**
**મથુરાની નારીનો દાવો[૬] બાઈ ફાવિયોજી, આપણે તો લેખ[૭] એવો જો લખાવિયોજી**

લેખ લખતાં ભૂલ્યો તું બ્રહ્મા, અને અકલ ગઈ તારી ઊચળી[૮] ॥
જોડ્ય જોડી નાખે છે ત્રોડી, તારી અસત મત્ય એવી વળી ॥ ૨ ॥
વિવેક હોય જો વિધિ તુંમાં, તો એવું ન કરે કોઈ દને ॥
જોગ મેળી દે છે ઉબેળી,[૯] તેની મે'ર નથી તારે મને ॥ ૩ ॥
મન ગમતું સુખ મેળવીને, વળી વિછોહ[૧૦] પાડછ[૧૧] વળતો ॥
માટે મૂરખ મોહોટો ભાઈ, નથી કોઈ તુંજ ટળતો ॥ ૪ ॥

**૧**.ગતિ; દશા **૨**.ધાર **૩**.અધીરી થઈને **૪**.ખોઈ બેસતાં; જાતાં **૫**.દિલગીર; ગરીબડા **૬**.ઉપાય; મનોરથ **૭**.પ્રારબ્ધ **૮**.ચાલી ગઈ **૯**.છોડાવી **૧૦**.વિયોગ **૧૧**.દે છે

જેમ કલ્પાકરે[૧] કાંઈ કરિયાં, ઘણાં ઘણાં રચે ઘરઘોલિયાં[૨] ॥
રમતાં રમતાં રોષ ઊપનો,[૩] ત્યારે ભાંગતાં તે કાંયે ભૂલિયાં ॥ ૫ ॥

તેહ માટે તુંને બ્રહ્મા ભાઈ, ઉપમા તે એહની આપિયે ॥
હરિવર તેં આપ્યો અમને, તો અસન[૪] પેઠે ન ઉથાપિયે ॥ ૬ ॥

હોંશ અમારી હૈયા કેરી, નથી પૂરી કરી નાથને ॥
વાલાથી કેમ કરે છે વેગળાં, એવો વેરી થયો શું વ્રજસાથને ॥ ૭ ॥

**નયણે નીરખતાં નાથને, જેહ મટકે કરી પાંપણ મળે ॥**
**તેહ જ બ્રહ્મા ભૂલ્ય તારી, કાંરે ભાઈ તું નવ કળે[૫]** ॥ ૮ ॥

એટલી ખોટ તે ખરખરે,[૬] તો વેગળે[૭] મન કેમ વાળીએ ॥
તેહ માટે ભાઈ કહ્યું તુજને, દયા દલથી નવ ટાળીએ ॥ ૯ ॥

કૃષ્ણ વિના કેમ કરીને, વળી વિકટ ઘડી વામશે ॥
નિષ્કુળાનંદનો નાથ ચાલતાં, પ્રાણ પ્રીતે દુઃખ પામશે ॥૧૦॥

## પદ-૩ રાગ : મેવાડો

**'અંતકાળે આવી રે સંભાળી લેજો'** એ ઢાળ.

મથુરાં મ જાશો રે પ્રીતમ પાતળા રે,
નાખી અમને નોધારાં મારા નાથ;
જરૂરને જાવું રે હોય તીયાં તમને રે,
તો લેજો શ્યામળા અમને રે સાથ...મથુરા૦ ॥ ૧ ॥

પ્રીત કરીને રે પિયુજી મા પરહરો રે,
રાખો રાખો પ્રીતમ અમને રે પાસ;
અળગાંને રે'તાં રે અધીર અતિ અમને રે,
વણ દીઠે રહે અંતર ઉદાસ...મથુરા૦ ॥ ૨ ॥

---

**૧.**છોકરાઓએ **૨.**રમવા માટે બનાવેલાં ધૂળનાં નાનાં ઘર **૩.**ઊપજ્યો **૪.**અણસમજુ છોકરાની **૫.**જાણે **૬.**ખૂંચે **૭.**ભગવાનથી દૂર રહેવામાં

જેમ મણિ વિના ફણી[૧] રે અણ દીઠે આંધળો રે,
　　　　વળી કોઈ લિયે લોભીનું ધન,
વણમૃત્યુએ મૃત્યુ તેને માનવું રે,
　　　　જેનું કાંઈ જાતું રહ્યું રે જીવન...મથુરા૦ ॥૩॥
જળવાસી જીવ રે જ્વાળામાં જીવે નહિ રે,
　　　　અમારે છે તમ વિના હરિ તેમ,
નિષ્કુળાનંદના રે સ્વામીજી સુજાણ છો રે,
　　　　અજાણ જે હોય તેને કે'વું એમ...મથુરા૦ ॥૪॥

## કડવું-૧૩

**પિયુ પરિયાણિયા[૨] મથુરાં જાવા માવજી, રથે બેઠા રસિયો અંતરે છે ઉછાવજી[૩]**
**આપણ ઉપરથી ઉતારિયો ભાવજી, પિયુ વિના પ્રમદા લે'શું કે'શું[૪] લાવજી[૫]**

લા'વો લેતાં લાડીલાશું, ઘણું આનંદે ઘડી નિગમતાં[૬] ॥
દિન જાતા વદન જોતાં, વળી રજની જાતી એ'શું રમતાં ॥૨॥
એહ સુખ બાઈ ક્યાંથી સાંપડે, અક્રૂર મૂલે[૭] આવિયો ॥
પ્રાણ લેવા પાપિયો, આ રથ જોને એ લાવિયો ॥૩॥
જાદવ કુળના વૃદ્ધ વે'લા, આને મોર્યે બહુ મરી ગયા ॥
આપણે ભાગ્યે અક્રૂર જેવા, વેરી કેમ વાંસે રહ્યા ॥૪॥
બાઈ ઘણા દિવસનો જે હોય ઘરડો, તેને મે'ર ન હોયે મનમાં ॥
નિર્દય હોય દગ્ધ[૮] દિલનો, બાઈ ત્રાસ ન હોય તેનાં તનમાં ॥૫॥
હમણાં રથને હાંકશે, બાઈ ધાઈને[૯] આડાં ફરજો ॥
આ જો લૂંટી જાયે અમને, એમ પ્રગટ પોકારજો ॥૬॥

---

**૧.**નાગ **૨.**તૈયાર થયા **૩.**ઉમંગ **૪.**કોની સંગાથે **૫.**મનગમતો લાભ-લ્હાવો **૬.**પસાર કરતાં **૭.**ભાડે, કંસની મજૂરીએ **૮.**દાઝેલો; કઠોર **૯.**દોડીને

માત તાત સુત સંબંધીની, વળી લોકની લાજ મ લાવજો ॥
મરજાદા મૂકી રથને રોકી, વળી વાલાને વાળી લાવજો ॥ ૭ ॥

જેહ લાજમાં બાઈ કાજ બગડે, તે લાજને શું કીજિયે ॥
પ્રીતમ રે'તાં જો પત્ય[1] જાયે, તો જોકશું[2] જાવા દીજિયે ॥ ૮ ॥

પ્રેમને બાઈ નેમ ન હોયે, જેના પ્રાણ પ્રીતમશું મળ્યા ॥
લોકલાજ વેદવિધિ કર્મ, તે તો તેને કરવાં ટળ્યા ॥ ૯ ॥

એટલા માટે આપણે, રાખો રસિયાનો રથ રોકીને ॥
નિષ્કુળાનંદનો નાથ સજની, કેમ જાશે વિલખતાં મૂકીને ॥૧૦॥

## કડવું-૧૪

**આ વૃદ્ધ સઘળાની મત[3] વામી[4] ગઈજી, નંદ જશોદાની અકલ કાંઈ ન રઈજી**
**શું એને આપણે સમજાવિયે કહીજી, એણે કોઈ વિચાર અંતર કર્યો નહીજી**

વિચાર ન કર્યો વ્રજવાસીએ, તેમ વિઘ્ન પણ કોઈ નવ પડ્યું ॥
કેમ કરી રહે કૃષ્ણ બાઈ, અપરાધ આપણું આવી નડ્યું ॥ ૨ ॥

આ સમે કોઈ મરે અચાનક, તો કૃષ્ણ રહે તેહ કારણે ॥
મોડાં વે'લા મરશે ખરાં પણ, આજ મરે તો જાઉં વારણે[5] ॥ ૩ ॥

અન્ય ઉપાયે અલબેલડો, વળી નથી રે'વા કોઈ રીતડી ॥
અહો બાઈ અભાગ્ય આપણાં, પિયુ ત્રોડી ચાલ્યા પ્રીતડી ॥ ૪ ॥

આ જો રથે બેઠા રસિયો, વળી ખેડાવિયો[6] પણ તે ખરો ॥
ધ્રોડો બાઈ જાઈએ ધાઈ, વનિતા વિલંબ જો મા કરો ॥ ૫ ॥

બાઈ રોકી રાખીએ રથને, વળી વા'લાને પાછા વાળીએ ॥
સાન કરીને કહિયે હરિને, પિયુ પ્રીત તો નવ ટાળિયે ॥ ૬ ॥

**૧.**આબરૂ **૨.**સુખેથી; તત્કાળ **૩.**બુદ્ધિ **૪.**ટળી **૫.**તેને ન્યોછાવર થઈ જાઉં **૬.**ચલાવરાવ્યો

એમ ટોળે મળો વીંટી વળો, મેલી માનિની મરજાદને ॥
જીવન જાતાં નથી ખમાતું, મર લોક કરે અપવાદને ॥૭॥

મર જણાયે આ જગ્તમાંહે, હવે શીદને શાંતિ રાખશું ॥
છાનું છે તે મર થાય છતું, આજ નેક[1] ઉઘાડું નાખશું ॥૮॥

નિંદક જન મર નિંદા કરે, વળી દુરિજન મર દાઝતાં ॥
કૃષ્ણ ધણી મારો કૃષ્ણ ધણી, એમ કે'શું મુખે ઘણું ગાજતાં ॥૯॥

લોક મળી વળી ચળી[2] કે'શે, તે તો સાંભળી રે'શું શ્રવણે ॥
પણ નિષ્કુળાનંદના નાથની, બાઈ ખોટ્ય ન ખમાયે આપણે ॥૧૦॥

## કડવું-૧૫

**અબળાનો આશય અલબેલે ઓળખીજી, વિયોગે વનિતા દીઠી અતિશય દુઃખીજી**
**પ્રમદાના પ્રાણ નહિ રહે મુજ પખીજી, કહું એને કંઈક ધીરજ ધારે સખીજી**

ધીરજ ધારો કૃષ્ણ કહે, સહુ દેખતાં મ કરો શોર[3] ॥
હેત રાખો હૈયા માંહે, બા'રે મ કરો બકોર[3] ॥૨॥

મારે તમારે પ્રીત છે તે, છાની છપાડીને રાખિયે ॥
લાજ જાય ને હાંસી થાયે, એવું ભેદ[4] વિના કેમ ભાખીએ ॥૩॥

લોક મુજને એમ લેખે,[5] છે બ્રહ્મચારી ભગવાન ॥
આજ લાજ તે ખોઈ ખરી, મારું મોડિયું[6] તમે માન[7] ॥૪॥

તમ સાથે મેં સ્નેહ કીધો, તે તો હળવું થાવા હે સખી ॥
પણ સ્ત્રી હોય આપ સ્વારથી, એમ સરવે શાસ્ત્રમાં લખી ॥૫॥

પ્રીતનું આજ ફળ પ્રગટ્યું, મને છાનાને છતો[8] કર્યો ॥
સ્નેહ કરતાં તમ સાથે, અંતે અર્થ[9] એ નીસર્યો ॥૬॥

**૧.**નક્કી **૨.**વ્યભિચારિણી **૩.**અવાજ; ઘોંઘાટ **૪.**રહસ્ય સમજ્યા વિના **૫.**જાણે છે **૬.**ટાળ્યું **૭.**સ્વમાન; આબરૂ **૮.**જાહેર **૯.**ફાયદો

હજી કહું છું જે કેણ[1] માનો, અને જાઓ વળી ઘેર જુવતી ॥
એક વાર આપણ મળશું, હૃદે રાખજો સ્નેહ સતી ॥૭॥
એમ ધીરજ દીધી વાત કીધી, તમે પ્યારી છો મને પ્રાણથી ॥
તમ વિના ત્રિલોકમાંહી, વા'લું તે મને કોઈ નથી ॥૮॥
**હું તો વશ છઉં હેતને, સાચું કહું છું સુંદરી ॥**
**હું છઉં જેનો તે છે મારે, એ તો વાત અંતે છે ખરી ॥૯॥**
પ્રેમની દોરિયે પ્રમદા, હું તો બંધાણો બેઉ હાથજી ॥
એમ કહીને ચાલિયા, નિષ્કુળાનંદનો નાથજી ॥૧૦॥

## કડવું-૧૬

**હરિવર હાલિયા મથુરાં મારગેજી, જુવે રુવે જુવતી ઊભી રહી એક પગેજી**
**નયણે ન મળે[2] પળેપળે જળ વહે દોય દગેજી, રથ જાતાં રસિયાનો દીઠો છે દૂર લગેજી**

દૂર લગી તો રથ દીઠો, પછી ખેહ[3] તેહ રહી જોઈ ॥
જ્યારે નયણે ગરદ[3] ન દીઠી, ત્યારે પડી પૃથવિયે રોઈ ॥૨॥
જેમ પ્રાણ જાતાં પંડને, અતિશય પીડા ઊપજે ॥
એવી ગત્યને પામી ગોપિકા, જાણે તન તજ્યું કે તજે ॥૩॥
સૂધ ન રહી શરીરની, મૂર્ચ્છા ખાઈ પડી માનની ॥
ઊઠી ન શકે અવનિ થકી, વળી ભૂલી દશા દેહભાનની ॥૪॥
હંસ[4] ગયો હરિની સાથે, રહ્યું દેહ તેહ પડી પૃથવી ॥
જેમ દોરી તૂટી દારુકની,[5] ચાલ્ય રહિત પૂતળી હવી ॥૫॥
એવી અવસ્થા પામી અબળા, વળી શ્યામળિયો સધાવતાં ॥
વણ દરદે[6] દરદ વ્યાપ્યું, લાલશું લેહ[7] લગાવતાં ॥૬॥

**૧.**વચન **૨.**મટકું ન મારે **૩.**ધૂળ; ડમરી **૪.**આત્મા **૫.**લાકડાના પૂતળાની **૬.**રોગે **૭.**લગની; સ્નેહ

એટલા પછી અંગ સંભાળી, અને ઊઠી સરવે અબળા ॥
માંહોમાંહી મળી વળી કહે જે, નાથજી પાછા નવ વળ્યા ॥ ૭ ॥
અહો આ શું થયું બાઈ, હવે ભૂધરને કૈયે ભાળશું ॥
સદન માંહી સખી આપણે, શું જોઈને મન વાળશું ॥ ૮ ॥
ઘેર જાતાં ચરણ ન ચાલે, આઘી ચાલીને પાછી વળે ॥
પછી પગલાં જોઈને પિયુજીનાં, વારંવાર તિયાં ટળવળે ॥ ૯ ॥
રજ લઈ લઈ મસ્તક મૂકે, વળી વળી કરે બહુ વંદના ॥
વે'લા વળજો વા'લા મારા, નાથ નિષ્કુળાનંદના ॥૧૦॥

**પદ-૪ (રાગ : મલાર)**

**'મન રે માન્યું નંદલાલશું, જોઈ પાઘ'** એ ઢાળ.

બાઈ પ્રીત કરતાં પ્રીતમશું, જ્યારે પીડાયે પંડ;
ઓસડ એનું એ કોઈ ન મળે રે, જો ભમિયે બ્રહ્માંડ..પ્રીત૦ ॥ ૧ ॥
બાઈ મીન જળે[1] જ્યારે જળમાં, ત્યારે ઠરે કોણ ઠામે;
ચકોર દુઃખી થયો ચંદ્રથી રે, ત્યારે ક્યાં સુખ પામે..પ્રીત૦ ॥ ૨ ॥
બાઈ ચકવો દુઃખ પામ્યો દિનેશથી,[2] પિયુષથી[3] માનવી;
કોણ ઉપાય હવે કીજિયે રે, ગજ જળિયો[4] જાહ્નવી[5]..પ્રીત૦ ॥ ૩ ॥
એમ નિષ્કુળાનંદના નાથથી, પીડા આપણે પામી;
શું કરીએ હવે સજની રે, આશા ઊગર્યાની વામી..પ્રીત૦ ॥ ૪ ॥

## કડવું-૧૭

**એમ વળી વનિતા વિલખી[6] પાછી વળીજી, ચરણ ન ચાલે ધરણિયે પડે ઢળીજી**
**અંબર[7] આભૂષણ સંભાળવા સૂધ ટળીજી, વાયદો વાલાનો કોઈ ન શકી કળીજી**

**૧.**બળે; દાઝે **૨.**સૂર્યથી **૩.**અમૃતથી **૪.**દાઝ્યો **૫.**ગંગા નદીમાં **૬.**તલસી; વ્યાકુળ થઈને **૭.**વસ્ત્ર

કળી ન શકી જે કૃષ્ણે કહ્યું, તેને વિચારવા વનિતા મળી ॥
શું કહ્યું બાઈ શ્યામળે, ક્યારે આવશે વ્રજમાં વળી ॥ ૨ ॥

અચેત હતી સહુ આપણે, પ્રીછ[૧] પડી નહિ તેહ પળમાં ॥
કાંઈક કૂડું[૨] સાચું સજની, કહ્યું છબીલે છળમાં ॥ ૩ ॥

એણે કહ્યું એકવાર મળશું, એમાં કપટ કાંઈક છે સહિ ॥
એકવાર તે કોણ જાણે કૈયે, એનો કાંઈ નિરધાર નહિ ॥ ૪ ॥

બાઈ જાતાં જાતાં જૂઠું બોલ્યા, અને કોલ બોલ કૂડાં કર્યા ॥
નખશિખ લગી નાથ બાઈ, ઘણું છબીલોજી છળમાં ભર્યા ॥ ૫ ॥

હાથ ન આવે હવે હરિ, ખોઈ બેઠાં ખરી મીરાંથજી[૩] ॥
મણિ ચોરાણી મળે નહિ બાઈ, પિયુ ગયા પરને હાથજી ॥ ૬ ॥

શુકન જુવો સહુ મળીને, અલબેલોજી કૈયે આવશે ॥
પોતે પધારશે પ્રેમશું કે, આપણને ત્યાં તેડાવશે ॥ ૭ ॥

એમ માંહો માંહી મળી વળી, મનસૂબો કરે મનમાં ॥
એમ વિલખી વિલખી વનિતા, પછી ભામિની ગઈ ભવનમાં ॥ ૮ ॥

તીયાં મહી માખણ દૂધ દેખી, ઘણો શોક કરી રુવે સુંદરી ॥
હવે ગિરિધર વિના ઘરમાં, આ પીશે કોણ પ્રેમે કરી ॥ ૯ ॥

અંતર પ્રીત ને ઉપર કે'તાં, લાજ લોકની વળી લાવતાં ॥
નિષ્કુળાનંદના નાથને બાઈ, કાંઈ મષ લઈને બોલાવતાં ॥૧૦॥

## કડવું-૧૮

**વનિતાને વેદના વ્યાપી વિયોગનીજી, પળ વીતે પંડ્યને વણરોગે રોગનીજી**
**કરે અતિ ઝંખના શ્યામ સંયોગનીજી, ભૂલી ગઈ ભામિની ભવવૃત્તિ વૈભોગનીજી[૪]**

૧.સમજણ ૨.ખોટું ૩.સંપત્તિ; મરણમૂડી ૪.સંસારસુખની

ભવ વૈભવની ભૂલી વૃત્તિ, જેની સુરતિ[1] લાગી લાલશું ॥
રહે ઉદાસી થઈ નિરાશી, મન મોહે નહિ ધન માલશું ॥ ૨ ॥
જેહનું પ્રીતે ચિત્ત ચોરાણું, અને ઈશક લાગી જેના અંગમાં ॥
તેનું માશૂક[2] વિના મન બીજે, રાચ્યું નહિ કોઈ રંગમાં ॥ ૩ ॥
બોલ્યું ન ગમે બીજું તેહને, પ્રીતમના ગુણ ગાન પખી ॥
અન્ય કથા કાને સુણતાં, દાઝે દલ ને થાય દુઃખી ॥ ૪ ॥
**જેમ મીનને નેક નીર વિના, વળી ક્ષીરે ક્ષણું સુખ નવ વળે ॥**
**તેમ પ્રેમી જનને પિયુ વિના, અન્ય ઉપાયે અંતર જળે ॥ ૫ ॥**
જેનું પ્રેમબાણે પ્રાણ પ્રોયું,[3] ભાવભલકે[4] ભીતર ભેદિયું ॥
તેહને તે જંપ ક્યાંથી હોય તનમાં, જેનું રંગ ને રૂપ છેદિયું ॥ ૬ ॥
ફરે ઉદાસ મૂકે નિશ્વાસ, પાસે નથી પિયુ જેહને ॥
ઉન્મત્તવત ગતિ હોયે અંગની, અન્ય જન ન જાણે તેહને ॥ ૭ ॥
એવા ભાવને પામી અબળા, હરિ વિયોગે વળી વિરહણી ॥
પિયુ પિયુ પોકાર કરતાં, વણદીઠે પ્રીતમ વિલખે ઘણી ॥ ૮ ॥
લોહી માંસ ને લાલી મુખની, હરિ જાતાં એટલું હરી ગયા ॥
અસ્થિ ત્વચા ને પ્રાણ પ્રેમીનાં, વળતાં તનમાં તે રહ્યાં ॥ ૯ ॥
પ્રાણને પિયુ વિયોગે, પ્રેમી ન રહે રાખીને ॥
નિષ્કુળાનંદના નાથને, જાણું જોશું ક્યારે કરી ઝાંખીને ॥૧૦॥

## કડવું-૧૯

**એમ વિયોગરોગ તે વનિતાને વાધિયોજી, જેનો પ્રાણ પ્રીતમશું બાંધિયોજી**
**જેણે શ્યામ સાથે સ્નેહડો સાંધિયોજી, પ્રમદાના પ્રેમનો પાર નવ લાધિયોજી**

**૧.**લગની **૨.**પ્રિયતમ **૩.**પરોવાયું **૪.**ભાવરૂપી ભાલાથી

પાર ન લાધ્યો પ્રેમ કેરો, વળી સુંદરીના સ્નેહનો ॥
પ્રેમવશ પરવશ થઈ, ન કર્યો સંભાળ જેણે દેહનો ॥ ૨ ॥

જળ ભરવા જાય જુવતી, સ્થળ સ્થળ પ્રત્યે થોભે ઘણું ॥
ઈયાં રહી મારી આળ[૧] કરતા, ઈયાં તાણ્યુંતું અંબર અંગતણું ॥ ૩ ॥

ઈયાં મુજને આડા ફરતાં, ઈયાં રોકી મુજને રાખતાં ॥
હેત દેખાડી લોભ લગાડી, ઈયાં ફંદમાં[૨] મને નાખતાં ॥ ૪ ॥

ઘડો ચઢાવી ઘણા હેતે, વળી સાનમાં સમઝાવતાં ॥
કોયે ન જાણે જન બીજો, એમ મંદિર[૩] મારે આવતાં ॥ ૫ ॥

એવાં સુખ સંભારતાં, વળી હ્રદય ભરાય છે રોદને[૪] ॥
એકાંતે જાઈ રુવે અબળા, કરી વિલાપ ઊંચે વદને ॥ ૬ ॥

રોઈ રોઈને રાતાં કરે, લોચન લાલ ગુલાલ રે ॥
સ્નેહ સાલે[૫] શરીર માંયે, જેને વા'લા સાથે છે વા'લ રે ॥ ૭ ॥

ઘણીવાર જાણી[૬] ભરે પાણી, વળી વનિતા પાછી વળે ॥
રહે આતુરતા અંતરમાંયે, જાણે મોહનજી ક્યારે મળે ॥ ૮ ॥

ઘટ ગાગર સોતી ઘેર પો'તી, વીસરતો નથી વિયોગ વળી ॥
ભાર ન ગણે ઊભી આંગણે, જાણ્યે પ્રાણ વિનાની પૂતળી ॥ ૯ ॥

સ્નેહ એનો હું શું કહું, જેને પિયુશું પૂરણ પ્રીત છે ॥
નિષ્કુળાનંદ નથી કે'વાતું, જથારથ જેવી એની રીત છે ॥૧૦॥

## કડવું-૨૦

**એ દિન જાયે બહુ દિલ દાઝતાંજી, ભૂલી સૂધ ભામિની હરિ સંગે હેત બાંધતાંજી**
**વિયોગે વિલખે રુવે ધૂમમષે[૭] રાંધતાંજી, એમ અહોનિશ વીતે પિયુને આરાધતાંજી**

**૧.**મશ્કરી; ટીખળ **૨.**પ્રેમના બંધનમાં **૩.**ઘરે **૪.**રોઈને **૫.**ખૂંચે; ખટકે **૬.**મોડું થઈ ગયું એમ સમજી **૭.**ધૂમાડો પણ કૃષ્ણ જેવો કાળો જોઈને

અલબેલાને આરાધતાં, અતિ વ્યાકુળ થાયે વનિતા ॥
જાણે જાઉં વનમાં જીવન હશે, એમ અંતરે થઈ આતુરતા ॥ ૨ ॥

ગોરસ રસ ભરી ગોળિયે, મહી વેચવાનો મષ લઈ ॥
પછી કુંજકુંજમાં કામિની, જીવનને ગોતે જઈ ॥ ૩ ॥

ક્યાં હશે બાઈ કૃષ્ણ કહોને, એમ માંહોમાંહી પૂછે મળી ॥
જ્યારે ખબર ન પામે ખોળતાં, ત્યારે વલવલે વિલખે વળી ॥ ૪ ॥

કહે આ જ વનમાં ક્રીડા કરતાં, કહે આ જ વનમાં રાસ રમિયા ॥
તેહ જ વનમાં જીવન જાતાં, સર્વે સ્થળ ખાવા થિયાં[1] ॥ ૫ ॥

જેમ જેમ વન જુવે જુવતી, તેમ તેમ કૃષ્ણ સાંભરે ॥
વિરહ વાધે અંગ બાધે,[2] પછી આંખડિયે આંસુ ઝરે ॥ ૬ ॥

સજ્જન[3] થોડા સાલે શરીરે, અંગે સાલે ઘણાં એંધાણ[4] ॥
સંયોગમાં એ નવ જણાએ, પણ વિયોગે વિલખે પ્રાણ ॥ ૭ ॥

એમ વૃક્ષ વેલી વન સરવે, ઘણું શોધતાં સંધ્યા પડે ॥
પણ કૃષ્ણ વસે મથુરામાંહે, તે વનમાં જોતાં કેમ જડે ॥ ૮ ॥

એમ વન જોઈને જુવતી, વળી ભુવન આવી ભામિની ॥
રાજ[5] વિના કાંઈ કાજ ન સૂઝે, જેને લાગી લગન શ્યામની ॥ ૯ ॥

પ્રાણ પ્યારાની પ્રીત લાગી, તેણે ત્યાગી તનની આશ જો ॥
નિષ્કુળાનંદ એહ સ્નેહે નારી, પડી પ્રેમને પાશ જો ॥૧૦॥

## પદ-૫ (રાગ : આશાવરી)

પ્રાણ મ રે'જો પ્રીતમ વિના,
વળી પિયું વિયોગે પે'લા જાજો રે;

**૧.**ખાવા દોડતાં હોય તેવા ભયંકર દેખાય છે **૨.**બંધાય - પકડાઈ જાય **૩.**સાથે જ રહેલા **૪.**પિયુના સંબંધવાળા નિશાન-વસ્તુપદાર્થ **૫.**ધણી-કૃષ્ણ

મગન થઈને હું માગું છું મનમાં,
એવું બાઈ મારે થાજો રે...પ્રાણ૦ ॥૧॥
સખી રે મણિ નિગમતાં[1] મણિધર જીવે,
તેને તે સુખ સખી કિયું રે;
ધન હારી[2] નિર્ધન નર રે'તા રે,
તેને સુખ રતી ક્યાં રહ્યું રે...પ્રાણ૦ ॥૨॥
સખી રે જત[3] ગયા પછી જતિ મરે જો,
સત ગયા પછી સતી રે;
પત[4] ગયા પછી કોય મરે જો,
નગર ગયા પછી નરપતિ રે...પ્રાણ૦ ॥૩॥
સખી રે ફળ રહિત રંભા[5] જે કોયે રહે,
તે તો અર્થ શે આવે રે;
નિષ્કુળાનંદના નાથ વિયોગે,
માગ્યું મોત ક્યારે ન આવે રે...પ્રાણ૦ ॥૪॥

## કડવું-૨૧

**એમ અબળા અકળાય અતિ ઘણુંજી, મન કરે મોહન મુખ જોવાતણુંજી**
**વણદીઠે વા'લમ અંતર સુખ નહિ અણુજી, મેલી નિઃશ્વાસ ધિક્કારે આપ[6] ઘણુંજી**

આપણો[7] અવગુણ પરઠી, અબળા મુખે એમ ઉચ્ચરે ॥
અહો બાઈ કૃષ્ણ વિના, હેત આપણે એવું કોણ કરે ॥૨॥
જે દી અસન[8] હતાં બાઈ આપણે, પિયુ સુખને નવ પ્રીછતાં ॥
અસત્ય સત્યને ઓળખ્યા વિના, વળી અનેક વસ્તુને ઈચ્છતાં ॥૩॥

**૧.**નીકળતાં; ખોવાતાં **૨.**હારી ગયા પછી **૩.**બ્રહ્મચર્ય **૪.**લાજ, પ્રતિજ્ઞા **૫.**કેળ **૬.**પોતાને **૭.**પોતાનો **૮.**બાળબુદ્ધિવાળા; અજ્ઞાની

ખબર નહોતી ખોટ વૃદ્ધિની, વળી ન્યાય અન્યાય નવ જાણતાં ॥
સુ:ખ દુ:ખને સમજ્યા વિના, વળી વિષ એ અમૃતવત માણતાં ॥ ૪ ॥
એમ વિમત[1] હતી આપણી, બાઈ એશું[2] અવળાં ચાલતાં ॥
હેત કરી હરિ મંદિર આવતા, તેને તસ્કર[3] કરીને ઝાલતાં ॥ ૫ ॥
એનો આપણે અભાવ લઈ, જઈ કહેતાં જશોદા આગળે ॥
તોયે હ્રદયે રોષ નવ ધરતા, કરતા પ્રીત હેતે પળે પળે ॥ ૬ ॥
પરાણે એણે પ્રીત કીધી, અલબેલે આપણે સાથજી ॥
જાત બાઈ ભવવારિમાંહી,[4] તે તો હરિએ રાખ્યા ગ્રહી હાથજી ॥ ૭ ॥
સમે સમે એણે સુખ દીધાં, વળી લાડીલાએ લાડ લડાવિયા ॥
આપણું ગમતું કીધું એણે, માન દઈને મન મનાવિયાં ॥ ૮ ॥
વળી આપણી અવળાઈ જુઓ, એને બંધાવિયાતા આગળે ॥
એના ગુણ અવગુણ આપણા, કેટલાક લખીએ કાગળે ॥ ૯ ॥
જે જે હેત કર્યું હરિયે, તે તો કહ્યે કેમ આવશે ॥
હવે નિષ્કુળાનંદના નાથ વિના, બાઈ લાડ કોણ લડાવશે ॥૧૦॥

## કડવું-૨૨

**વળી વા'લપ વા'લાની કહ્યે નથી આવતીજી, જે જે કાંઈ કરિયું એણે આપણી વતીજી**
**અલબેલે આપિયું સુખ સમે સમે અતિજી, આપણે ન જાણ્યું માનિની મહામૂઢ મતિજી**

મૂઢમતિ અતિ આપણી, એને કાળો કહીને બોલાવતી ॥
કંઈક વાતની વાતમાંયે, એને હા કહીને હુલાવતી[5] ॥ ૨ ॥
વળી મહી[6] મથાવ્યાં વત્સ[7] ચરાવ્યાં, વળી કરાવ્યાં ઘરનાં કામને ॥
કઠણ કહેતાં મ્હેણાં દેતાં, વળી લેતા ટુંકારે નામને ॥ ૩ ॥

---

**૧.**અવળી મતિ **૨.**શ્રીકૃષ્ણ સાથે **૩.**ચોર **૪.**સંસારસાગરમાં **૫.**ના પાડતી; ખીજવતી **૬.**દહીં **૭.**વાછડાં

છાશ ખાટી વાટી[1] દેતાં, વળી માખણ દઈને નચાવતાં ॥
નટની પેરે નૃત્ય કરાવી, ઘેરઘેરથી જોવા આવતાં ॥૪॥

વળી ડાહી થઈ બાઈ આપણે, એને કાલો જાણીને કલાવતી[2] ॥
અંતરે ભાર એનો આપણે, લેશ પણ નવ લાવતી ॥૫॥

કપટી લંપટ કૂડા[3] બોલો, વળી તસ્કર કહેતી તેહને ॥
અનાદર બાઈ કરતાં એનો, તોયે તે નવ તજતો સ્નેહને ॥૬॥

વળી ભલાઈ બાઈ ભૂધરજીની, જોને કહીએ મુખથી કેટલી ॥
નથી કહેવાતી હેત પ્રીતની રીત, જેહ એણે કરી છે એટલી ॥૭॥

આપણા રે અપરાધનો, બાઈ પાર ન આવે પેખતાં ॥
તેમ મોટપ જોતાં મહારાજની, કાંઈ લેખું[4] ન આવે લેખતાં ॥૮॥

એમ મળી વળી અબળા, અવગુણ પરઠે આપણા ॥
અહો બાઈ કહીએ કેટલા, ગિરાએ[5] ગુણ ગોવિંદતણા ॥૯॥

બાઈ સાંભરતા હશે શ્યામને, સર્વે ગુણ ગોપીજનતણા ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, રાખી નથી કોઈ રીતે મણા ॥૧૦॥

## કડવું-૨૩

**બાઈ આપણશું એણે અતિશય હેત કર્યુંજી, ગોપી ને ગોવાળ હેતે સ્વધામ પરહર્યુંજી[6]**
**મેલી માન મોટપને મનુષ્યનું દેહ ધર્યુંજી, જોને બાઈ એનું આપણથકી શું સર્યુંજી[7]**

સર્યું નહિ કંઈ શ્યામનું, આપણ માંયેથી એક રતિ ॥
કેવળ હેત એક કર્યું એણે, આપણે ન જાણ્યું મૂઢમતિ ॥૨॥

બાઈ ભવ બ્રહ્મા જેને ભજે, વળી નેતિ નેતિ નિગમ કહે ॥
તેહને જાણ્યા જાર[8] જુવતી, બીજું અજ્ઞ[9] આપણથી કોણ છહે[10] ॥૩॥

**૧.**વાટકી **૨.**ફોસલાવતી **૩.**ખોટા **૪.**માપ **૫.**વાણીથી **૬.**છોડ્યું **૭.**સિદ્ધ થયું **૮.**વ્યભિચારી **૯.**અણસમજુ **૧૦.**છે

બાઈ ઈન્દ્ર આદિ અમર સરવે, જેની અહોનિશ આજ્ઞા કરે[૧] ॥
વળી શશી સહિત સૂર્ય સદા, જેના વચનમાં ફેરા ફરે ॥૪॥
સરસ્વતી કહે ઉત્તમ કીર્તિ જેની, વળી નારદ ગુણ જેના ગાય છે ॥
સહસ્ર ફણીમાં જુગલ જીભે, શેષ સમરે જેને સદાય છે ॥૫॥
સર્વે સુખનું એહ સદન સજની, અને પ્રીતનો વળી પૂંજ[૨] છે ॥
પૂરણકામ ને ઠામ ઠર્યાનું, વળી ઓછપ એહમાં શું જ છે ॥૬॥
જેમ નદી સર ને કૂપ વાપી, ભરપૂર જો હોયે ભરી ॥
પણ વારિધિ[૩] કોય વારિ વડે, સુખ ન માને સુંદરી ॥૭॥
તેમ સુખ સરવે સજની, રહ્યાં અલબેલાને આશરી ॥
એવા જાણીને જુવતી, રતિ[૪] કૃષ્ણ સાથે નવ કરી ॥૮॥
જેમ મૂરખને કોઈ મિરાંથ મળે, પારસ કે ચિંતામણિ ॥
શિલા[૫] સમ તેનું સુખ સમજે, જેને બાળક બુદ્ધિ છે ઘણી ॥૯॥
એમ થયું બાઈ આપણે, ઓળખી ન શક્યાં એહને ॥
નિષ્કુળાનંદને નાથે સજની, તેહ સારુ દીધો છે છેહને[૬] ॥૧૦॥

## કડવું-૨૪

**છબીલોજી દઈ ગયા બાઈ છેહજી, જાણી જન અજ્ઞ આપણે અતિશેહજી**
**મૂઢમતિ જોઈ અબળાનો દેહજી, શિયા ગુણ જોઈ રાખે આપણશું નેહજી**

શિયો ગુણ જાણી શ્યામળો, અલબેલો આપણશું આચરે ॥
જોઈ જોઈ ને જોયું અંતે, સાર નવ દીઠું સરે[૭] ॥૨॥
બાઈ અસન અતિ જડમતિ, તે તો શું સમજિયે સ્નેહને ॥
જાડાબોલી પાલવખોલી,[૮] તેણે કરી ન ગમી તેહને ॥૩॥

**૧.**આજ્ઞા મુજબ કાર્ય કરે **૨.**ઢગલો; સાગર **૩.**સમુદ્ર **૪.**પ્રીત **૫.**પથ્થર **૬.**વિયોગ **૭.**અંતે **૮.**સાડલાના છેડા છૂટા રાખનારી

વાટે ઘાટે વનમાં વિચરું, વળી છૂટે છેડે ફરીએ ॥
એવા ગુણ જાણી આપણા, બાઈ હેત તોડ્યું છે હરિએ ॥૪॥

સરવે જાતમાં જડ[1] જંગલી, વળી તેથી જડ તેની જુવતી ॥
બાઈ એવા કુળમાં ઊપન્યાં, તેહ ન સમજુ સ્નેહ રતી ॥૫॥

રૂપ રંગ અંગે નહિ આપણે, વળી પ્રીતમાંહી પ્રીછ્યું નહિ ॥
એવા કઠોર નઠોર[2] નગણાં[3] જાણી, નંદલાડીલે તજ્યાં લહિ ॥૬॥

બાઈ વનચરિયું નિર્લજ્જ ફરિયું, વળી વ્યભિચાર ભાવે એને ભજી ॥
એવા ગુણ જાણી આપણા, બાઈ તેહ સારુ તેણે તજી ॥૭॥

ક્યાં પારસ ને ક્યાં પથરો, ક્યાં કાચ ને ક્યાં કંચન ॥
એહ આગળ બાઈ એમ આપણે, તેણે માન્યું નહિ એનું મન ॥૮॥

દૈવ જોગે દોય જ દહાડા, પ્રકટ્યો હતો થર[4] સુખનો ॥
પલટી પળ ને પ્રિયે પરહર્યા, દઈ ગયા દિવસ દુઃખનો ॥૯॥

વળી અવગુણ જોયા આપણા, ના'વ્યો સંદેશો નવ[5] લહી સારને[5] ॥
નિષ્કુળાનંદને નાથે સજની, વિસારી બાઈ વ્રજનારને ॥૧૦॥

## પદ-૬ (રાગ : આશા ધોળ)

**'નવલ સનેહી નાથજી જીરે પ્રેમીજનના'** એ ઢાળ.

નાવ્યો સંદેશો નાથનો (૨) જી રે; જુવતી જોતાં જો વાટ (૨)
આ શું થયું રે આપણે, આ શું થયું જો આપણેજીરે,
પ્રાણ રહે છે શા માટ (૨).. નાવ્યો૦ ॥૧॥

બાઈ મીન મરે જળ મૂકતાં (૨) જી રે, ધન્ય એ પ્રીત પરમાણ (૨)
પિયુ વિયોગે પ્રમદા, પિયુ વિયોગે પ્રમદા જીરે,
પાપી રહ્યા કેમ પ્રાણ (૨).. નાવ્યો૦ ॥૨॥

૧.શિષ્ટાચાર રહિત; મૂઢ ૨.નફટ; નિષ્ઠુર ૩.સારા ગુણ વિનાના ૪.પડ; મોકો ૫.સંભાળ ન લીધી

કુંજતણાં બાઈ બાળકાં (૨) જી રે, જુવે વાટ ષટ માસ (૨)
અવધે[૧] ન આવે જો જનની, અવધે ન આવે જો જનની જીરે,
તજે તન થઈ નિરાશ (૨).. નાવ્યો૦ ॥ ૩ ॥

જીવન વિના જે જીવવું (૨) જી રે, એ તો અણઘટતી વાત (૨)
નિષ્કુળાનંદના નાથ વિના, નિષ્કુળાનંદના નાથ વિના જીરે,
પંડ્ડું[૨] નવ થયું પાત[૩] (૨).. નાવ્યો૦ ॥ ૪ ॥

## કડવું-૨૫

**અંતરજામીએ અંતરની જાણીજી, ઉદ્ધવ પ્રત્યે ઉચ્ચરિયા વાણીજી**
**સુણો શુભ મતિ વાત ચિત્ત આણીજી, પ્રેમવશ પ્રમદા અમે ચાલ્યે અકળાણીજી**

અકળાણી અતિ અમ કાજે, વળી પ્રાણ ગતવત થઈ પડી ॥
તે મુજ વિના એ માનિનીને, કેમ નિગમતી હશે ઘડી ॥ ૨ ॥

એટલા માટે ઉદ્ધવજી, તમે વ્રજ જઈ કરો વાતડી ॥
સમજાવજો તમે સહુ જનને, વળી રે'જો તિયાં પંચ રાતડી ॥ ૩ ॥

અધ્યાત્મ[૪] એને જ્ઞાન આપી, સમજાવજો બહુપેરજી[૫] ॥
એટલો પરમારથ કરો ઉદ્ધવ, તમે મનમાં આણી મે'રજી ॥ ૪ ॥

સર્વે પેરે સુજાણ છો, વળી ઘણું કહેવાનું કામ નથી ॥
સમાસ કરજો સારી પેરે, કે'જો તત્ત્વને તમે કથી ॥ ૫ ॥

જેણી રીતે વળી જુવતી, અતિ સુખ પામે સુંદરી ॥
ઉદ્ધવજી જઈ એટલું, વળી આવજો કારજ કરી ॥ ૬ ॥

સગુણ[૬] જાણી એણે સ્નેહ કીધો, નિર્ગુણ[૭] ન જાણ્યો નારીએ ॥
તેણે એનું તન તપિયું, એણે એમ સમજાણું સખી સારીએ ॥ ૭ ॥

**૧**.વાયદાએ; ટાણે **૨**.શરીર **૩**.નાશ **૪**.આત્મા-પરમાત્માનું **૫**.બહુ પ્રકારે **૬**.દેહધારી; એક દેશસ્થ **૭**.સર્વત્ર રહેનાર

આવ્યા ગયા જાણ્યા અમને, એક પ્રેમના વશમાંય ॥
તમો ગયે ગુણ થાશે ઘણો, વળી કસર નહિ રહે કાંય ॥ ૮ ॥
અમે ગયાનો અર્થ સરશે, પ્રતીત[1] પડે છે તમ તણી ॥
ઉદ્ધવ એમાં વિલંબ ન કીજે, જાઓ તમે વળી વ્રજભણી ॥ ૯ ॥
એવી રીતે ઉદ્ધવજીને, હેતેશું તે કહ્યું હરિ ॥
નિષ્કુળાનંદના નાથની, પછી આજ્ઞા એહ શિર ધરી ॥૧૦॥

## કડવું-૨૬

**એહ જો આજ્ઞા ઉદ્ધવે શિર ધરીજી, જેવી શ્રીમુખે કહી છે જો શ્રીહરિજી**
**પછી વ્રજ જાવાને અર્થે રથ આણ્યો જોતરીજી, તૈયેં ઊઠિયા ઉદ્ધવજી વંદના કરીજી**

કરી વંદના ઊઠિયા ઉદ્ધવ, કર જોડી ઊભા વળી આગળે ॥
કૃષ્ણે કહ્યું તે કરવું ખરું, પણ અળગે ગયે અંતર જળે ॥ ૨ ॥
શીશ નમાવીને શીખ[2] માગી, જૂતો[3] રથ ઉપર બેઠા જઈ ॥
ત્યારે કૃષ્ણ કહે સુણો ઉદ્ધવ, એક સંદેશો કહું તે સઈ ॥ ૩ ॥
નંદ જશોદાને ઝાઝા ઝાઝા, પ્રણામ કે'જો પાયે પડી ॥
એહના ગુણ ઓશિંગણ[4] અમે, થઈ ન શકિયા એક ઘડી ॥ ૪ ॥
બહુપેરે એણે બેઉ જણે, ઘણું ઘણું કરી જો જતનને ॥
અર્ધ ઘડી અળગો ન મૂકતાં, જેમ રંક જાળવે રતનને ॥ ૫ ॥
અસનપણે અમે હતા અટારા,[5] નિત્ય રાવ[6] નવલી લાવતા ॥
તોયે અમને કાંઈ ન કહ્યું એણે, સામું સ્નેહ કરીને બોલાવતા ॥ ૬ ॥
વળી ગોળી ઢોળી મહી પીતા, ખાતા મનમાન્યું માખણજી ॥
અચપળાઈ[7] અમે એવી કરતા, તોયે ન આણ્યો એણે અવગુણજી ॥ ૭ ॥

---

**૧.**વિશ્વાસ **૨.**વિદાય **૩.**ઘોડા જોડેલ **૪.**ઋણી; આભારી **૫.**તોફાની; અટકચાળા કરનાર
**૬.**ફરિયાદો **૭.**તોફાન; બાળ ચપળતા

એહ માત પિતાની મોટપ, મુખે ઉદ્ધવ કહ્યે નથી આવતી ॥
અમે ન થઈ સેવા એહની, એ તો અમને ખટકે છે અતિ ॥ ૮ ॥

તેને લળીલળી તમે પાય લાગી, વળી ચરણમાં શીશ ધરજો ॥
પછી ગોપીજનને અમારા, ઘણા ઘણા પ્રણામ કરજો ॥ ૯ ॥

શીશ નમાવી વળી સર્વેને, કે'જો પ્રણામ વ્રજસાથને ॥
કુશળ છે ને કુશળ પૂછ્યું, નિષ્કુળાનંદના નાથને ॥૧૦॥

## કડવું-૨૭

**શ્રીકૃષ્ણે કહ્યું તે શ્રવણે સાંભળીજી, પછી પ્રભુ પાયે ઉદ્ધવ લાગ્યા લળીજી**
**ચરણ ચિંતવી ચાલિયા વ્રજમાં વળીજી, સંધ્યા સમે આવિયા ગોકુળની ગલીજી**

ગોકુલ ગામની ગલીએ આવી, નંદને ભુવન રથ છોડિયો ॥
મળી લળી નંદપાયે લાગ્યા, વળી કરપુટ[1] તે જોડિયો ॥ ૨ ॥

ત્યારે નંદ કહે કૃતારથ કીધો, ઉદ્ધવજી ભલે આવિયા ॥
આજ ભાગ્ય જાણું અમારાં, તમે આવતાં ઉદે થયાં ॥ ૩ ॥

આજ કષ્ટ મટ્યાં અમારાં, તમે પધારિયા પ્રેમે કરી ॥
રામ કૃષ્ણ બંધવ બેઉની, ખબર અમને આપો ખરી ॥ ૪ ॥

કુશળ છે બળ કૃષ્ણ બેઉ મળી, વીરા કરો એહ વારતા ॥
અમ દોયે રંકને વળી, કંઈએ કૃષ્ણજી સંભારતા ॥ ૫ ॥

એવું સુણીને ઉદ્ધવ પાયે, લાગ્યા તે જશોદા નંદને ॥
અર્ધક્ષણ ગુણ તમારા, નથી વિસરતા ગોવિંદને ॥ ૬ ॥

વળી બહુ પ્રેરે પ્રણામ કહ્યા, કહે મારી વતી પાયે લાગજો ॥
અમારા અનુગ્રહનું[2] વચન, કર જોડી કૃષ્ણ કહે માગજો ॥ ૭ ॥

---

**૧.**નમસ્કાર માટે ભેગા કરેલા બંને હાથનો સંપુટ **૨.**કૃપા-આશીર્વાદનું

અમે કુશળ છીએ અંગે, તેહ તો પુણ્ય તમતણે ॥
અતિ સ્તુતિ કરી કહ્યું, બળ કૃષ્ણજી બેઉ જણે ॥૮॥

એમ વાત કરતાં વીતી રજની, પછી ઘેરઘેર ગોપીજન જાગિયાં ॥
કૃષ્ણ કૃષ્ણ કહેતાં કાંઈ, મહી મથવા લાગિયાં ॥૯॥

ઉદ્ધવ સુણી આશ્ચર્ય પામ્યા, આ તો વશ સહુ છે સ્નેહને ॥
નિષ્કુળાનંદને નાથે કહ્યું, તે તો કેમ કહેવાશે એહને ॥૧૦॥

## કડવું-૨૮

**પછી ઊગ્યો અર્ક[૧] ને જાતી રહી જામનીજી[૨], ભુવન ભુવનથી ભેળી થઈ ભામનીજી[૩]**
**નંદ ઘેર નવલો રથ કેનો આવ્યો કામનીજી, અલબેલો આવ્યા જાણી ધામધામનીજી**

ધામધામથી ધાઈ[૪] ગોપી, વળી રથ જાણીને રાજનો ॥
ટોળે મળી વળી વનિતા, મેલ્યો ધંધો ઘર કાજનો ॥૨॥

આવી જોયું ત્યાં ઉદ્ધવ દીઠા, પછી ભેટી તેને ભાવશું ॥
પછી પ્રેમે કરીને પ્રમદા, પૂછે ઉદ્ધવને ઉચ્છાવશું[૫] ॥૩॥

શિયો સંદેશો સુખનો, કૃષ્ણજીએ અમને કા'વિયો ॥
તમને મૂક્યા તે ન આવ્યા, એવો શિયો અભાવ આવિયો ॥૪॥

સાચું કહેજો સમ અમારા, અમે પૂછું છું એ પ્રશ્નને ॥
અમ ઉપર ઉદ્ધવ એણે, કહો કેમ ધાર્યું છે કૃષ્ણને ॥૫॥

અહોનિશ ઉદ્ધવ તમે, મોહનશું રહો છો મળી ॥
કોઈ વારે કૃષ્ણજી કહેતા, વ્રજમાં જાશું વળી ॥૬॥

ઉદ્ધવ કહેજો અમને, હોય જથારથ જેવું સહિ ॥
શિયે વાંકે શ્યામળો, વળી વ્રજમાં આવ્યા નહિ ॥૭॥

**૧.**સૂર્ય **૨.**રાત્રી **૩.**સ્ત્રીઓ **૪.**દોડી **૫.**ઉત્સાહથી

સ્નેહ છે એને કોણ સાથે, કેની પ્રીત કરી પિયુ વાધિયા ॥
કેને વશ થઈ રહ્યા વહાલો, જે અમને તજી તેના થિયા ॥ ૮ ॥

ઉદ્ધવ અમને અલબેલાની, કથા તે સર્વે કહો કથી ॥
કોણ કારણ ઉદ્ધવ અમને, મોહને ઉતાર્યાં મનથી ॥ ૯ ॥

ઉદ્ધવજી હવે ઉચ્ચરો, રખે વા'લે કહ્યું તે વિસારતા ॥
નિષ્કુળાનંદના નાથજીની, કરો વિધવિધ વારતા ॥૧૦॥

**પદ-૭ (રાગ : સોરઠા)**

**'જનુની જીવો રે ગોપીચંદની'** એ ઢાળ.

ઉદ્ધવજી હવે ઉચ્ચરો, કરો વા'લાની વાત;
જે રે કરો તે જીવાડજો, અમો છીએ અબળાની જાત...ઉદ્ધવ૦ ॥ ૧ ॥

સહુ મળી અમે સુણવા, લેવા સુખ શરીર;
ઉદ્ધવ અમે છીએ અધીરિયાં, તેને આપજો ધીર..ઉદ્ધવ૦ ॥ ૨ ॥

એક વાતે શાંતિ ઊપજે, એકે ઊઠે છે ઝાળ;
વિવેકે કહેજો તે વીરા વળી, થઈ દિલના દયાળ..ઉદ્ધવ૦ ॥ ૩ ॥

વલવલું છું અમે વનિતા, તે તો કૃષ્ણને કાજ;
નિષ્કુળાનંદનો નાથજી, ક્યારે મળશે મહારાજ..ઉદ્ધવ૦ ॥ ૪ ॥

## કડવું-૨૯

**ઉદ્ધવ કહે વળી સુંદરી સુણો સહુજી, તમે છો હરિને બાઈ વ્હાલી બહુજી**
**નિશદિન[1] નાથની સાથે બાઈ હું રહુંજી, કહ્યું મુને કૃષ્ણે તે તમને કહુંજી**

કહ્યું છે બાઈ કૃષ્ણજીએ, કરજો કર જોડી પ્રણામ ॥
વળી વળી શું કહું કૃષ્ણ કહે, મારે સુંદરી[2] સુખધામ ॥ ૨ ॥

રાતદિવસ રટણ રહે છે, વારંવાર વ્રજસાથને[3] ॥

**૧.**રાત્રિ-દિવસ **૨.**વ્રજની ગોપીઓ **૩.**વ્રજવાસી તમ સહુને

તમારા પ્રેમની વાત પ્રમદા, નથી વીસરતી નાથને ॥૩॥
**વળી ઊઠતાં બેસતાં એમ બોલે, શું કરતી હશે વ્રજસુંદરી ॥**
**સુતાં સુતાં જાગે જ્યારે, ત્યારે ગોપી ગોપી ઊઠે કરી** ॥૪॥
એમ સંભારે છે શ્યામળો, વળી વળી વ્રજજનને ॥
પ્રાણ થકી અધિક અબળા, જણાઓ છો જીવનને[1] ॥૫॥
ભવ બ્રહ્મા ભજે છે જેને, તે તો ભજે છે બાઈ તમને ॥
તમારી તેની ખબર ખરી, કાંઈ પડતી નથી અમને ॥૬॥
કોણ જાણે જે કેમ હશે, વળી નથી કળાતી વારતા ॥
રાત દિવસ હૃદયથી, હરિ તમને નથી વિસારતા ॥૭॥
ઉદ્ધવ કહે હું આશ્ચર્ય પામ્યો, શિયાં પુણ્ય તમારાં છે સજની ॥
સુતાં બેઠાં જાગતાં, વ્હાલો વાત કરે છે વળી વ્રજની ॥૮॥
બાઈ પ્યારી છો તમે પ્રાણથી, કૃષ્ણે કહ્યું ને હું પણ કહું ॥
હરિ તમારા હેતનો હું, પાર કઈ પેરે લહું ॥૯॥
પણ હેત કરી હરિ હૈયાનું, હારદ[2] કહ્યું છે અમને ॥
નિષ્કુળાનંદના નાથનું ગમતું, તે સાંભળો તો કહું તમને ॥૧૦॥

## કડવું-૩૦

**ઉદ્ધવ કહે સુણો સરવે સુંદરીજી, કેવા જાણી કૃષ્ણને કહો તમે પ્રીત કરીજી**
**સમજ્યા વિના સુખ ના'વે જો જાયે મરીજી, જૂઠું નથી જુવતી વાત અંતે એ ખરીજી**

ખરી કહું ખોટી નથી, તમે સમજ્યાં નહિ કાંઈ સુંદરી ॥
પરાપર[3] જે બ્રહ્મ પૂરણ, તેને તમે જાણિયો જાર કરી ॥૨॥
પૃથ્વી જળ ને તેજ વાયુ, વળી વ્યોમ ત્રિગુણ અહંકાર ॥

**૧.**પ્રાણઆધાર પ્રભુજીને **૨.**અંતરનો અભિપ્રાય **૩.**પર એવું જે અક્ષરબ્રહ્મ તે પણ જેની પાસે અપર-ન્યૂન છે તેવા

એહ મળી મહત્તત્ત્વ માયા, એક પુરુષને આધાર ॥૩॥
પુરુષ રહે પરબ્રહ્મ માંહી, પરબ્રહ્મ રહે નિરાધાર ॥
તેહ જે શ્રીકૃષ્ણ મૂરતિ, તેને જાણિયો તમે જાર ॥૪॥
વળી વિશ્વમાંહી વ્યાપી રહ્યો, પિંડ બ્રહ્માંડમાં ભરપૂર ॥
કૃષ્ણ વિના તો કોયે નથી, તેને દેખિયો તમે દૂર ॥૫॥
હવે એકાગ્ર ચિત્ત આણો, તમે ધરો અંતરે ધ્યાન ॥
બાહ્ય વૃત્તિ મેલો બાઈ, ભીતર છે ભગવાન ॥૬॥
મન કૃત્ય[૧] મિથ્યા કરીને, અંતર વૃત્તિ વાળિયે ॥
તો સાક્ષીરૂપે સરવ માંહી, વ્યાપક વસ્તુને ભાળિયે ॥૭॥
આંખ્ય મીંચી જુવો અબળા, તો ધ્યેય[૨] ધ્યાતા[૩] ધોખો[૪] ટળે ॥
અણછતાં[૫] શું થાઓ ઊભા, એક વિના અન્ય નવ મળે ॥૮॥
વેદ વેદાંત ને સાંખ્યનું, સુંદરી એહ સાર છે ॥
એમ સમજે થાશો સુખિયાં, અંતે એહ નિરધાર છે ॥૯॥
દેહબુદ્ધિ બાઈ દૂર કરી, વળી વિષયવાસના પરહરો ॥
નિષ્કુળાનંદના નાથે કહ્યું, તમે જોગ[૬] જુગતે શું આદરો ॥૧૦॥

## કડવું-૩૧

**ઉદ્ધવજી તમે એશું બોલિયુંજી, અમને એ કહ્યું તમે અણતોળિયુંજી[૭]**
**ભાઈ અમને ભામિનીને[૮] શીદ પાડોછો ભૂલિયુંજી, છતે કંથે[૯] છાર[૧૦] કો'ને કેણે ચોળિયુંજી**

છાર ન ચોળ્યું છતે ધણીએ, એ તો વિધવા કેરો વેપાર છે ॥
કંથ વિયોગી અંતર રોગી, તેને ભૂંસવી ભલી છાર છે ॥૨॥

**૧.**સંકલ્પાદિક **૨.**ધ્યાન કરવા યોગ્ય-ભગવાન **૩.**ધ્યાન ધરનાર-જીવ **૪.**ધ્યેય અને ધ્યાતા વચ્ચેનો ભેદ, ભ્રમ. અર્થાત્ અમને મૂકીને દૂર જતા રહ્યા છે તેવો રોષ **૫.**જુદા નહિ હોવા છતાં **૬.**યોગસાધના **૭.**વગર વિચાર્યું **૮.**સ્ત્રીઓને **૯.**પતિ જીવતો હોય છતાં **૧૦.**રાખ; ભસ્મ

વળી નર કોઈ નિરભાગી, સુત વિત્ત દારાનો દુઃખિયો ॥
તેહ જોગ લઈને જાય જંગલે, થાવાને કોઈ સ્થળે સુખિયો ॥ ૩ ॥

વળી ભવવૈભવ[૧] જેને હોય વા'લા, તે તો એક બ્રહ્મ કહી ઉચ્ચરે ॥
ભાય ઉભયભ્રષ્ટ થઈને, પછી મનમાન્યા વિષય કરે ॥ ૪ ॥

વળી ધણી વિના જે ધ્યાન ધરે, તે તો કોઈકનું ઘર ઘાલવા ॥
જેમ આંખ્ય મીચી બેસે બલાડી, તે તો ઝડપી ઉંદરને ઝાલવા ॥ ૫ ॥

ડગમગ દિલ ચળ[૨] ચિત્તવાળા, જેને પ્રતીતિ નહિ પ્રગટતણી ॥
તે તો વણ કહ્યે વેપાર એહવો,ભાઈ ધાઈને કરશે તેનો ધણી ॥ ૬ ॥

ઉદ્ધવજી તમે કહ્યું જે અમને, તેમાં સાર ન દીઠો કાંઈ શોધતાં ॥
અમને કહ્યું એવું જે જ્ઞાન, તમને કેટલું થયું પરમોદતાં[૩] ॥ ૭ ॥

બહુ સાધને સાધ્યું હશે, ઉદ્ધવજી એવું જ્ઞાન ॥
આટલા દિવસ આવા[૪] વેષનું, કેમ અળગું ન કર્યું અજ્ઞાન ॥ ૮ ॥

બીજાને તો જોગ ધરાવો, ભાઈ તમે તે ભોગી કેમ રહ્યા ॥
અમે કંગાલની ઉપરે, છેક ન થઈએ નિર્દયા ॥ ૯ ॥

એવા સંદેશા સાટે ઉદ્ધવ, કેમ નાણ્યો કૂપ[૫] વિષનો ભરી ॥
નિષ્કુળાનંદના નાથનું મોકલ્યું, ખાત અમે ખાંતે કરી ॥૧૦॥

## કડવું-૩૨

**ઉદ્ધવજી અમે જોગ કેમ કરીએજી, અમે કૃષ્ણકામિની કાષાયાંબર[૬] કેમ ધરીએજી**
**તે થકી વીરા મર વિષ ખાઈને મરીએજી, ગજથી ઊતરી કેમ ચડીએ ખરીએજી[૭]**

ખરીએ ન બેસાયે કરી[૮] તજી, કણ મૂકી કૂકસ કોણ ગ્રહે ॥
કંચન મૂકીને કાદવ કોઈ, લોભાવે પણ નવ લહે ॥ ૨ ॥

**૧.**સંસારસુખ **૨.**ચંચળ **૩.**બીજાને ઉપદેશ દેતાં **૪.**રાજવી ઠાઠમાઠવાળા - સંસારી **૫.**ઝેરનો કટોરો - વાસણ **૬.**ભગવાં; કેસરિયાં વસ્ત્ર **૭.**ગધેડે **૮.**હાથી

મણિરત્નની માળા મૂકી, શંખલાનો શણગાર કોણ કરે ॥
બાવના ચંદન તજી તનમાં, ભસ્મ કોણ ભૂંશી ફરે ॥ ૩ ॥
અંબર અંગે ઓઢવાં મેલી, વળી કોણ ધરે મૃગચર્મને ॥
ઉત્તમ ક્રિયા મૂકી અંગની,[1] કોણ કરે મલિન વળી કર્મને ॥ ૪ ॥
ખીર ખાંડ ઘૃત ખાવું તજીને, ખાયે કોણ આંક ધંતુરા પાન ॥
સેજ પલંગને પરહરીને, કોણ સૂવે જઈ સ્મશાન ॥ ૫ ॥
**જેહ મુખે અમે પાન ચાવ્યાં, તેહ મુખે આવળ કેમ ચાવશું ॥**
**કૃષ્ણ વિના ઉદ્ધવ અમે, બીજું અંતરે કેમ ઠેરાવશું ॥ ૬ ॥**
પ્રીતે પતંગ[2] અંગ પાવકે[3] આપે, મૃગ મરે નિઃશંક થઈ નાદમાં[4] ॥
ઉદ્ધવજી સુખ એટલું શું, નહિ જાણિયે શ્યામના સ્વાદમાં ॥ ૭ ॥
આ તો તન મન આપ્યું છે એહને, એક રતી અમે રાખ્યું નથી ॥
શ્રીકૃષ્ણ કૃષ્ણ કે'તાં મરશું, પણ બીજું નહિ થાય અમથી ॥ ૮ ॥
**આ જીહ્‌વા તો અન્ય ન ઉચ્ચરે, પણ મૂવા પછી પારખું કોઈ લેશે ॥**
**નળી[5] ભૂંગળી વળી વાંસળી કરે કોય, તોયે કૃષ્ણ કૃષ્ણ એમ બોલશે ॥ ૯ ॥**
અમો અબળાનું અંતર એવું, જેને ઢાળે ઢળિયું તેણે ઢળિયું ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, મન મળિયું તેહ મળિયું ॥૧૦॥

## પદ-૮ (રાગ : ગોડી)

**'પ્રાણ મ રે'જો પ્રીતમ વિના'** એ ઢાળ.

શ્રીનાથ સાથે મન માનિયું, ઉદ્ધવ એ વિના અમે ન રહેવાયે હો;
વાલાને વિયોગે વીતે પળ વળી, તે તો જુગતુલ્ય જાયે હો..
શ્રીનાથ૦ ॥ ૧ ॥
સુતાં બેઠાં સાંભરે છે સલુણો, સુખકારી શ્યામ સદાયે હો;

**૧.**શરીરની **૨.**પતંગિયું **૩.**અગ્નિએ **૪.**સંગીતની આસક્તિએ **૫.**પોલું હાડકું

ખાતાં પીતાં ખટકે હૃદયે, અલબેલો અંતરમાંયે હો..
શ્રીનાથ૦ ॥ ૨ ॥

દર્શન વિના જે દલડું દાઝે છે, તે તો કેને ન કહેવાયે હો,
અવર કોયે ઓષડ ઉસતાદે,[૧] શરીર સુખ નવ થાયે હો..
શ્રીનાથ૦ ॥ ૩ ॥

પ્રેમના પાશમાં પાડી ઉદ્ધવ અમને, ઘેરીને માર્યું છે ઘાયે હો;
નિષ્કુળાનંદના નાથે નથી રાખ્યો, ઊગરવાનો ઉપાયે હો..
શ્રીનાથ૦ ॥ ૪ ॥

## કડવું-૩૩

**ઉદ્ધવ અમે અંતરે થઈ છું જાજરીજી,[૨] તે તો શ્યામ સલુણાને સ્નેહે કરીજી**
**ધીર અંગે અબળા નથી શકતી ધરીજી, અધૂરું પૂરું કરવા આવિયા તમે ફરીજી**

અધૂરું પૂરું કરવા કાજે, એ સંદેશો કૃષ્ણે કહાવિયો ॥
કાળજું તો કાપીને ગયા'તા, વળી મારીને પ્રાણ મંગાવિયો ॥ ૨ ॥

પ્રાણ અમારા લઈને ઉદ્ધવ, અલબેલોજી શું કરશે ॥
અમો અબળાનો અંત આણે, એનું કારજ તે શું સરશે ॥ ૩ ॥

માસી[૩] મલ્લ[૪] મામાને[૫] માર્યો, એમ આવી મારે મર અમને ॥
પણ દૂર રહીને દગા રચે છે, તે તો ઘટતું નથી ત્રિકમને ॥ ૪ ॥

સ્વારથ વિના શાને માટે, અમ ઉપર એણે આદર્યું ॥
અમે અબળાએ ઉદ્ધવ એનું, ભૂંડું તે ભાઈ કહો શું કર્યું ॥ ૫ ॥

અનેક અપરાધ હોય અબળાના, તોયે નર નથી કોઈ મારતા ॥
ભણી આવ્યા છે ભાઈ બહું, કેમ એટલું નથી વિચારતા ॥ ૬ ॥

પારાધી બાંધી મારે પશુને, તે તો માંસ ચર્મને માટ જો ॥

૧.હોંશિયાર-કાબેલ માણસથી ૨.જર્જરિત; બળેલી ૩.પૂતના ૪.ચાણૂર તથા મુષ્ટિક ૪.કંસને

એ તો અમારું અર્થ નહિ આવે, શું મારીને કરશે ખાટ[૧] જો ॥ ૭ ॥
નો'તું દીઠું નો'તું સાંભળ્યું, જે પ્રીત કરીને પ્રાણ હરવા ॥
ઉદ્ધવજી એવું અલબેલાને, કોણે શીખવ્યું જો કરવા ॥ ૮ ॥
કેને કહીએ કોણ સાંભળે, જ્યારે અલબેલે એવું આદર્યું ॥
ઊગરવાની અમે આશા મેલી, મરવાનું મન નિશ્ચે કર્યું ॥ ૯ ॥
અધૂરે સુખે મરશું અમે, રે'શે આશા અમારી એહશું ॥
નિષ્કુળાનંદના નાથ સાથે, નથી પડવું નોખું સ્નેહશું ॥૧૦॥

## કડવું-૩૪

**ઉદ્ધવજી એહની વાત કહું કથીજી, કોઈ રીતે કૃષ્ણમાંહિ જો કાચું નથીજી**
**અમે તો વિચાર્યું અમારા મનથીજી, અર્થ સારી ગયા એહ આપ સ્વારથીજી**

અર્થ સારી અલબેલડો, અળગા જઈને એ રહ્યા ॥
વિયોગે અમે વિલખી વિલખી, શરીરના સુખથી ગયા ॥ ૨ ॥
જેમ પુષ્પની વાસ લઈ વેગળો, અલિ[૨] ઊડીને આઘો ફરે ॥
જેમ ફળ ખાઈ ખગ તજે તરુ, તેમ કૃષ્ણજી પણ એમ કરે ॥ ૩ ॥
દાહક[૩] વનને જેમ મૃગ મેલે, વિન તેજ રાજન રૈયત[૪] તજે ॥
જેમ નિર્ધન પુરુષ પરહરે પુંશ્ચલી,[૫] એમ અમને તજ્યાં બાંધી ધ્વજે ॥ ૪ ॥
જેમ સૂકા સરને[૬] પરહરીને, મેલીને જાયછે મરાલ[૭] ॥
જેમ ભિક્ષા લઈને તજે ભુવન ભિક્ષુ, એવો નેહ કરે નંદલાલ ॥ ૫ ॥
વિદ્યાર્થી જેમ વિદ્યા ભણીને, વળી તજે છે વિદ્યાવાનજી[૮] ॥
જેમ દક્ષિણા લઈ યજમાન તજે, તેમ કરે છે એહ કાનજી ॥ ૬ ॥
એમ અમને પરહર્યાં, અલબેલે ઉદ્ધવ આજ રે ॥

**૧.**ફાયદો **૨.**ભમરો **૩.**સળગી રહેલા **૪.**પ્રજા **૫.**વેશ્યા **૬.**સરોવરને **૭.**હંસ
**૮.**શિક્ષક - પંડિતને

અમારું સુખ રાખ્યું અધૂરું, એણે સાર્યું એનું કાજ રે ॥૭॥
હવે છેટે રહી છેદે છે છાતી, દૂર રહીને દિયે છે દુઃખજી ॥
પ્રીત કરી પ્રાણ હરિ મેલ્યા, પછી શાનું રહે હવે સુખજી ॥૮॥
સુતાં બેઠાં સ્નેહ સાલે, પળેપળે પિંડ ઘણું પરજળે[1] ॥
ઉદ્ધવજી અંતરની વાતો, તે બા'રે બીજું કોણ કળે ॥૯॥
ભરી કસી બાણ ભીતરે, માર્યાં છે એણે મર્મનાં ॥
નિષ્કુળાનંદના નાથે અમને, ટાળ્યાં લોક કુળ ધર્મનાં ॥૧૦॥

## કડવું-૩૫

**ઉદ્ધવજી એવું હતું એને મનજી, જે કલપાવી કલપાવી[2] તજાવશું તનજી**
**તો ઠોરઠોર[3] નહોતી કરવી જતનજી, જ્યારે એને આપવો તો અમને આવો દનજી**

દિન દેવો'તો જો દુઃખનો, વળી વણ મોતે હતાં મારવાં ॥
તો અનેક વિઘ્નમાંહિથી અમને આગે નોતાં ઉગારવાં ॥૨॥
ભયાનક વ્યોમાસુર ભયથી, વળી રાખિયાં રૂડી રીતશું ॥
શકટાસુર તૃણાવર્ત તેથી, પહેલાં ઉગારિયાં એણે પ્રીતશું ॥૩॥
કેશી વૃષભ અઘાસુરથી, અમને અલબેલે ઉગારિયાં ॥
વત્સાસુર બગાસુર બીજાથી, વળી વ્રજનાં વિઘ્ન નિવારિયાં ॥૪॥
વિષ નિરવિષ ઘર વરુણથી, કરી વ્રજવાસીની એણે સાર ॥
અમારે કારણે ઉદ્ધવ એણે, દાવાનળ પીધો દોય વાર ॥૫॥
વળી ઈન્દ્ર કોપ્યો વ્રજવાસી ઉપરે, મહાપ્રલયનો મેઘ મેલિયો ॥
વીજ ઝળકે નીર ખળકે, વળી અંધકાર અતિશે થયો ॥૬॥
ઘોર ગર્જના સુણી થયાં ઘાંઘાં, જાણ્યું આજ કલ્પાંત[4] આવિયો ॥

૧.બળે ૨.રડાવી-રડાવીને ૩.દરેક ઠેકાણે-સ્થળે ૪.પ્રલયકાળ

ત્યારે ધરી ગોવર્ધન કર ઉપરે, વ્રજસાથ[1] એણે બચાવિયો ॥ ૭ ॥
ઉદ્ધવ એમ એણે અમને, અનેક વિઘ્નથી ઉગારિયાં ॥
આવું હતું જો મનમાં એને, તો મોર્યે કેમ ન મારિયાં ॥ ૮ ॥
નથી ખમાતું ઉદ્ધવ અમે, પીડા પીડી જે લેશે પ્રાણ ॥
અંતરની શું કહીએ ઉદ્ધવ, તમે નથી અમારા અજાણ ॥ ૯ ॥
કૃષ્ણે કર્યું એવું કોઈ ન કરે, ઉદ્ધવજી કહું અમને ॥
નિષ્કુળાનંદના નાથના સખા, છો ત્યારે કહ્યું તમને ॥૧૦॥

## કડવું-૩૬

**વીરા નથી વીસરતી ઉદ્ધવ એહ વારતાજી, દિલડું દાઝે છે એ સુખ સંભારતાંજી**
**વીસરતું નથી વળી અમને વિસારતાંજી, ચાલોને દેખાડીએ જ્યાં હરિ ગાયો ચારતાંજી**

ગાયો ચારતા ગોવિંદ જીયાં, તીયાં ઉદ્ધવને તેડી ગયા ॥
વનિતા વળી ટોળે મળી, સર્વે સ્થળ વનનાં દેખાડિયાં ॥ ૨ ॥
ઈયાં એણે અઘાસુર માર્યો, ઈયાં બ્રહ્માજીએ વત્સ હરિયાં ॥
ઈયાં બેસી અન્ન જમિયા, ઈયાં વત્સ બાળક બીજા કરિયાં[2] ॥ ૩ ॥
આ સ્થળે એણે ગાયો ચારી, આ સ્થળે પાયાં એણે નીર ॥
આ સ્થળે એ સ્નાન કરતા, સુંદર શ્યામ સુધીર ॥ ૪ ॥
આ ઠામે એણે અમને રોક્યાં, આ ઠામે મહી લઈ લૂટિયાં ॥
આ ઠામે એણે અંબર તાણ્યું, તેણે કરી માટ[3] મારાં ફૂટિયાં ॥ ૫ ॥
ઈયાં એણે વેણ[4] વગાડી, ઈયાં રમાડ્યા એણે રાસજો ॥
ઈયાં તજી ભાગી ગયા[5] ભૂધર, ત્યારે અમે થયાં ઉદાસજો ॥ ૬ ॥
પછી ઈયાં જોયાં એના પગલાં, તીયાં લાધી અમને એની ભાળ ॥

**૧.**વ્રજવાસીઓનો સમૂહ **૨.**વાછડાં અને બાળકોનાં રૂપ શ્રીકૃષ્ણે લીધા **૩.**માટીનાં માટલાં
**૪.**વાંસળી **૫.**અદશ્ય થયા

જુવતી સહિત જાતા જાણ્યા, વળી વળગાડી તેને ડાળ ॥ ૭ ॥
ઈયાં વશ કીધા અમે, ઈયાં આવ્યા હતા અલબેલ ॥
ઈયાં રાસ ફરી રચિયો, પછી રમાડિયાં રંગરેલ ॥ ૮ ॥
ઉદ્ધવને સર્વે સ્થળ દેખાડતાં, અતિ આંખડિયે આંસુ ઝરે ॥
ઉદ્ધવ અમે કેમ કરીએ, એમ કહી કહીને રુદન કરે ॥ ૯ ॥
એવાં સુખ નથી દીધાં એણે, જે વિસાર્યાં પણ વીસરે ॥
નિષ્કુળાનંદના નાથ વિયોગે, પાપી પ્રાણ પણ નવ નીસરે ॥૧૦॥

## પદ-૯ (રાગ : મેવાડી)

**'મુખડાની માયા લાગી રે મોહન તારા'** એના જેવો ઢાળ.

વાલીડો વિજોગી ગયા રે, હો ઉદ્ધવજી અમને;
વિસામો વિજોગી ગયા રે; હો ઉદ્ધવજી૦ ટેક.
અમને કરી અનાથ, નેક નાખી ગયા નાથ;
હવે કેમ આવે હાથ, કુબજ્યાના નાથ થયા રે.. હો ઉદ્ધવજી૦ ॥ ૧ ॥
પિયુ સંગે પળેપળ, કોયે નવ પડી કળ;[1]
અંતરે આવે છે વળ, દેખો દૂર રહ્યા રે.. હો ઉદ્ધવજી૦ ॥ ૨ ॥
કો'ને અમે કરું કેમ, અલબેલે કર્યું એમ;
અંતર જળે છે જેમ, ડુંગર દાઝિયા રે.. હો ઉદ્ધવજી૦ ॥ ૩ ॥
નિષ્કુળાનંદનો નાથ, અમારી એ મિરાંથ હાથ;
વિસારી વ્રજનો સાથ, દિલમાં નાણી દયા રે.. હો ઉદ્ધવજી૦ ॥ ૪ ॥

## કડવું-૩૭

**ઉદ્ધવનું અંતર મન આશ્ચર્ય પામિયુંજી, આપણું[2] ડહાપણપણું ગોપીને દેખી વામિયુંજી**
**જાણ્યું હરિનું હેત જુવતી ઘટ[3] જામિયુંજી, પછી પ્રમદાને ચરણે ઉદ્ધવે શીશ નામિયુંજી**

**૧.**ખબર-જાણ **૨.**પોતાનું **૩.**અંતરમાં

શીશ નમાવી વળી વંદના કીધી, ધન્ય ધન્ય બાઈ તમે ધન્ય છો ॥
સ્નેહ પણ સાચો તમારો, વળી તમે હરિનાં તન[૧] છો ॥ ૨ ॥
તમારા પ્રેમને પાસળે, વળી સર્વે સાધન ન્યૂન છે ॥
મને થયું દરશન તમારું, તેહ મારા મોટાં પુણ્ય છે ॥ ૩ ॥
પ્રીત તમારી પ્રમદા, તેની રીત અલૌકિક અબળા ॥
તમારી શ્રીકૃષ્ણ સ્વામીની, કોયે કળાતી નથી કળા[૨] ॥ ૪ ॥
એટલું તો જાણું જો અમે, તમે ગોપી છો ગોલોકની ॥
એહ વિના તો ન હોય આવું, હોય બીજે બુદ્ધિ તો કોકની ॥ ૫ ॥
**મોટાં ભાગ્ય માતાજી મારાં, જે કૃષ્ણે મુજને મોકલ્યો ॥**
**સુણી સુધાસમ[૩] વાણી તમારી, પ્રેમેશું પીતાં હું છલ્યો[૪]** ॥ ૬ ॥
**તમારી પદ રજ માગવા, બાઈ લલચાણું મારું મન** ॥
**તમારા દાસનું દાસપણું, એહ આપજો જુવતી જન** ॥ ૭ ॥
બાઈ બાળકબુદ્ધિએ હું બોલિયો, તેનો હ્રદયે ન ધરશો રોષ ॥
કાલું બોબડું કહ્યું મે જે, તેહ દાસનો નિવારીએ દોષ ॥ ૮ ॥
સાચી તમારી પ્રીત સજની, વળી સાચો તમારો સ્નેહ ॥
સાચી ભક્તિ તમે કરી સુંદરી, આવો પામી અબળાનો દેહ ॥ ૯ ॥
મે'ર કરો માતા મુજને, આપો આજ્ઞા તે શિર ધરું ॥
નિષ્કુળાનંદના નાથ પાસે, કહો તો જાવાનું હવે કરું ॥૧૦॥

## કડવું-૩૮

**ઉદ્ધવ ઉચ્ચરિયા કરી અતિ વિનતિજી, માતાજી મારી છે જો થોડી મતિજી**
**મૂઢ નવ જાણે ગૂઢ તમારી ગતિજી, આપો મુને આજ્ઞા જાઉં હવે જુવતિજી**

**૧.**શરીરભૂત; આત્મા જેવા વહાલા **૨.**રીત; લીલા **૩.**અમૃત જેવી **૪.**ધરાણો; છલકાઈ ગયો

જાઉં હવે જગદીશ પાસે, એવી આજ્ઞા કરો તમે ॥
ત્યારે સુંદરી કહે સારું વીરા, સુખે પધારો રાજી અમે ॥ ૨ ॥

પછી ભવન ભવન ગઈ ભામિની, લાવી ભેટ ભૂધર અરથે ॥
મહી માખણ દૂધ ઘૃત ગાડવા,[૧] વળી લાવીને બાંધ્યા રથે ॥ ૩ ॥

કોઈક કુરમલડો[૨] લાવી, કોઈક તલ બાજરી તલ સાંકળી ॥
કોઈક ધોતી પોતી[૩] પીતાંબર, કોઈ લાવી કાળી કાંબળી ॥ ૪ ॥

ભર્યો રથ લઈ ભેટશું, લાવી વસ્તુ બહુ પ્રકારની ॥
અગર ચંદન માળા આપી, ઉદ્ધવ કરજો પૂજા મોરારની ॥ ૫ ॥

કોઈક કહે ચરણ હૃદે ધરજો, કોઈ કહે અંગોઅંગ ભેટજો ॥
કોઈક કહે હૈયે હાથ ચાંપી, કોઈ કહે ચરણમાં લોટજો[૪] ॥ ૬ ॥

કોઈ કહે જઈ બકી લેજો, કોઈ કહે ગાલ ઝાલી તાણજો ॥
કોઈ કહે હાથ જોડી કહેજો, હરિ અમને પોતાના જાણજો ॥ ૭ ॥

જેને જેવું અંગ હતું, તેણે તે તેવું કા'વિયું ॥
હેત છુપાડ્યું નવ છુપે, હૈયાનું તે હોઠે આવિયું ॥ ૮ ॥

વળી સહુ મળી પ્રણામ કહ્યા, ઉદ્ધવ કહેજો જઈ કૃષ્ણને ॥
દયાનિધિ દયા કરીને, દેજો વહેલા હરિ દર્ષણને ॥ ૯ ॥

ઉદ્ધવજી સ્તુતિ કરજો, કર જોડી અમારી વતી ॥
નિષ્કુળાનંદના નાથ આગળે, વિધવિધ કરજો વિનતિ ॥૧૦॥

## કડવું-૩૯

**પ્રમદાનો પ્રેમ તે કેમ કરી જાયે કહ્યોજી, સુંદરીનો સ્નેહ દેખી દિગમૂઢ થયોજી**
**ધન્યધન્ય અહો ઉદ્ધવ એમ કરે રહ્યોજી, જોયું હેત જુવતીનું અપાર પાર નવ લહ્યોજી**

**૧.**માટીના ઘડા જેવા વાસણો **૨.**કુલેર **૩.**ઘૂંટણ સુધીનું નાનું ધોતિયું; પોતડી **૪.**આળોટજો

પાર ન લહ્યો પ્રેમ કેરો, જોઈ જોઈ જોયું ઉદ્ધવે ॥
શ્રીકૃષ્ણ વિના પ્રાણ આના, કેમ કરીને રે'શે હવે ॥૨॥

કોઈક મુખ નિશ્વાસ મૂકે, કોઈ આંખડીએ આંસુ ભરે ॥
કોઈક વદન કરી ઊંચું, ગાઢે સ્વરે રુદન કરે ॥૩॥

ઉદ્ધવ કહે બાઈ એમ મ કરો, તમે ધરો અંતર ધીર ॥
તમને હરિ સુખ આપશે, લોઈ નાખો નયણાંના નીર ॥૪॥

ત્યારે સુંદરી કહે અમે શું કરું, કેમ રહે નયણાંનાં નીર ઝાલિયાં ॥
તમે હતા જે કથા કે'તા, તેહ પણ વીરા તમે ચાલિયા ॥૫॥

સારું સધાવો સ્નેહી શ્યામના, દરશ સ્પરશ કરો હરિચરણને ॥
અમારાં આશિષ વચન, કે'જો અશરણ શરણને ॥૬॥

પછી ઉદ્ધવ ગોપીને પાયે લાગી, માગી શીખ રથ ચલાવિયો ॥
અહો સ્નેહ સુંદરીનો, મનન કરતાં મથુરા આવિયો ॥૭॥

ઉદ્ધવ આવીને ભેટ્યા ભૂધરને, નયણાં તૃપ્ત ન થાયે નીરખતાં ॥
ત્યારે કૃષ્ણ કહે ભલે આવ્યા ઉદ્ધવ, શું કરે છે વ્રજવનિતા ॥૮॥

સ્નેહ મુજશું સુંદરીને હતો, અતિ ઘણો અતોલજો ॥
કોઈ હવે સંભારે છે વ્રજમાં મને, તમે ઉદ્ધવજી સાચું બોલજો ॥૯॥

ઉદ્ધવ કહે સુણો શ્રીહરિ, ધન્ય ધન્ય વ્રજની વિરહિણી ॥
નિષ્કુળાનંદના નાથ કે'તાં, વીતે છે દિન ને રહેણી ॥૧૦॥

## કડવું-૪૦

**ઉદ્ધવ કહે હું શું કહું શ્રીહરિજી, તમારા સ્નેહવશ વ્રજસુંદરીજી**
**હે કૃષ્ણ હે કૃષ્ણ કરે છે ભાવે ભરીજી, નાથ નથી રહી એને ખાનપાનની ખબર ખરીજી**

ખાનપાનની ખબર નથી, ઉન્મત્ત ગત[1] છે અંગની ॥

---
**૧.**પાગલ જેવી હાલત

લોકલાજ કાજ ત્યાગ કરી, રાતી છે તમારા રંગની ॥ ૨ ॥
જેમ નર કોઈ માદક પિયે, તે તનતણી સૂધ વીસરે ॥
તેમ તમારા સ્નેહની કેફે કરી, એને દેહ દશા નવ દીસે સરે ॥ ૩ ॥
જોગ જજ્ઞ જપ તપ તીરથ, વળી વેદવિધિ કરી કેમ શકે ॥
સ્નેહ માંહી રહે સમાઈ, બોલે નહિ બોલાવી બોલ્યે થકે ॥ ૪ ॥
પ્રેમ જોઈને પ્રમદાનો, મારો ગર્વ સર્વે ગળિયો ॥
હું તો ગયો તો શીખ[૧] દેવા, પણ સામું શીખ લઈને વળિયો ॥ ૫ ॥
એવા નિર્મળ અંતર વિના, સ્નેહ રસ શેમાં રહે ॥
ચારણીચિત્તે[૨] લટક[૩] પ્રીતે, પ્રેમ સુધારસ શું ગ્રહે ॥ ૬ ॥
**એવા સ્નેહ વિના શીદને, મૂરખ કોયે મલકાય છે ॥**
**હજી પશુ જેવી પણ પ્રીત નથી, તો હરિજન હોડ[૪] કાંયે થાય છે ॥ ૭ ॥**
**પ્રીતમ વિના પ્રેમીના પ્રાણ ન રહે, અને રહે તો પ્રીત ન હોય ॥**
**જેમ જળ વિયોગે ઝષ[૫] ન જીવે, પણ જીવે દાદુર[૬] કૂરમ[૭] દોય ॥ ૮ ॥**
તેમ તમ વિના ગોપીના પ્રાણ ન રહે, પણ રહેવા છે એક રીત ॥
જાણે હમણાં હરિ આવશે, એવું ચિંતવે છે ચિત્ત ॥ ૯ ॥
પછી ભેટ દીધી પૂજા કીધી, કહ્યું વા'લા આપી છે વ્રજસાથને ॥
વળી કહ્યું અંગોઅંગ મળજો, નિષ્કુળાનંદના નાથને ॥૧૦॥

## પદ-૧૦ (રાગ : ધોળ)

અલબેલા આગળે ઉદ્ધવજી રે કહે છે,
પ્રમદાના પ્રાણ કોણ જાણે કેમ રહે છે રે.. ઉદ્ધવ૦ ॥ ૧ ॥
નીર વિના નયણાં મે કેદિયે ન દીઠાં,

**૧.**ઉપદેશ-શિખામણ **૨.**સારું છોડી નબળું ગ્રહણ કરવાના સ્વભાવવાળા ચિત્તમાં **૩.**ઉપર ઉપરની **૪.**સ્પર્ધા; વાદ **૫.**માછલું **૬.**દેડકો **૭.**કાચબો

આંખડિયેથી આંસુ ઝરી ઝરી પડે છે હેઠાં રે.. ઉદ્ધવ૦ ॥ ૨ ॥
રોઈ રોઈ ખોયા છે રે દેહના રે હાલ,
તમ વિના કૃપાનિધિ થઈ છે કંગાલ રે.. ઉદ્ધવ૦ ॥ ૩ ॥
તમારા વિયોગ રોગે મણા નથી રાખી,
ઝૂરી ઝૂરી જુવતી રે પડી છે ઝાંખી રે.. ઉદ્ધવ૦ ॥ ૪ ॥
પ્રાણ ગયાની પેર[૧] એની રે મેં દીઠી,
વા'લા વધામણી[૨] મેલો રે તમે મીઠી રે.. ઉદ્ધવ૦ ॥ ૫ ॥
નિષ્કુળાનંદના નાથજી રે તમને,
કહ્યું કર જોડી જેવું જણાણું રે અમને રે.. ઉદ્ધવ૦ ॥ ૬ ॥

## કડવું-૪૧

**શ્રીહરિ કહે ઉદ્ધવ એહ સત્ય છેજી, મુજ સાથે સુંદરીને અતિશે આરત[૩] છેજી**
**દેહ ગેહ સુખથી એહ વનિતા વિરક્ત છેજી, અચળ અડગ એની મુજ વિષે મત[૪] છેજી**

મત એની મુજમાંહી છે, તેણે કરી તનસુખ ત્યાગ છે ॥
વન જઈ શું કરે વનિતા, એણે વણ લીધો વૈરાગ્ય છે ॥ ૨ ॥
કામ ક્રોધ ને લોભ મોહ, તે તો વિરહ વહ્નિએ બળિયા ॥
આતુરતાના અનિલે[૫] કરીને, તન વિકાર તેહના ટળિયા ॥ ૩ ॥
એકાદશ ઈન્દ્રિય એની, ઉદ્ધવ આવી એહને મનમાં ॥
સંસાર સંકલ્પ ના'વે સ્વપને, રહે સદાય બૂડી પ્રેમમાં ॥ ૪ ॥
પ્રીત વશ છે પ્રાણ એના, જેની ચિત્તવૃત્તિ મુજમાં મળી ॥
સ્નેહ મુજ સાથે કરતાં, તેણે બીજી વાસના ગઈ બળી ॥ ૫ ॥
ઈચ્છા નથી કોઈ એને અંતરે, મુજ ચરણ વિના ચૌદલોકની ॥

**૧.**પરિસ્થિતિ **૨.**સારા સમાચાર/ભેટ **૩.**પ્રીતિ **૪.**મતિ, નિષ્ઠા **૫.**અગ્નિએ

ચતુરધાની[1] એણે ચાહના મૂકી, રાખી ભક્તિ એણે રોકની[2] ॥ ૬ ॥
મુજ વિયોગે વિલખી વિલખી, તજ્યા સુખ સર્વે તનથી ॥
ઉદ્ધવજી એવા જન જેવું, વા'લું તે મુજને કોઈ નથી ॥ ૭ ॥
**હું જ છઉં પ્રાણ પ્રેમીના, અને પ્રેમી જ મારું તન[3] ॥**
**ઉદ્ધવજી એમાં અસત્ય નથી, સત્ય માનજે તું મન ॥ ૮ ॥**
**મુને પ્યાર છે પ્રેમીનો, હું તો પ્રેમીજનને પૂઠે[4] ફરું ॥**
**સ્નેહ સાંકળે સાંકળ્યો[5] હું, જે જે જન કહે તે તે કરું ॥ ૯ ॥**
પ્રેમીનું પણ[6] પાળવાને, મ્હારું પણ મેલ્યું પ્રેમી પાસળે ॥
નિષ્કુળાનંદનો નાથ કહે છે, એમ ઉદ્ધવની આગળે ॥૧૦॥

## કડવું-૪૨

**ભક્તિ મારી છે બહુ ભાતનીજી, જન મળી કરે છે જૂજવી જાતનીજી**
**પણ પ્રેમની ભક્તિ છે પ્રાણઘાતનીજી,[7] તે કેમ કરી કરે કોયે નથી મુખ વાતનીજી**

મુખવાત તેની નથી થાતી, એ તો પ્રાણ ગયાની પેર છે ॥
એવી જે જન આદરે, તેહ ઉપર મારી મે'ર છે ॥ ૨ ॥
**સ્નેહ કરે જે મુજ સાથે, તન મન કરી કુરબાણ ॥**
**ઉદ્ધવ મારે ધન એહ છે, વળી જાણું છું જીવન પ્રાણ ॥ ૩ ॥**
**મુને સંભારે છે સ્નેહી જન, તેમ સંભારું હું સ્નેહીને ॥**
**અરસ પરસ રહે એકઠાં,[8] જેમ પ્રીત છે દેહ દેહીને ॥ ૪ ॥**
અંતર પ્રીત સરળ ચિત્ત, વળી હૈયે હેત અતિ ઘણું ॥
ઉદ્ધવ એવા જન જેહ છે, તેહ રે'વા ઘર છે મુજતણું ॥ ૫ ॥
જેનું અંતર લૂખું હૃદય સૂકું, વળી નેહ નહિ જેનાં નેણમાં ॥

**૧.**ચાર પ્રકારની મુક્તિની **૨.**નક્કરતાવાળી **૩.**રૂપ; મૂર્તિ **૪.**પાછળ **૫.**બંધાયેલો **૬.**પ્રતિજ્ઞા; કોલ **૭.**શિર સાટાની **૮.**એકમેક

ઉદ્ધવજી હું તો ત્યાં ન રહું, મર ધરે ધ્યાન દિનરેણમાં ॥ ૬ ॥
જપ તપ તીરથ જોગ જજ્ઞ, જેહમાં તે ફળની આશ છે ॥
એહને[1] ધાયે[1] ભક્ત કહેવાયે, પણ તે શું મારો કાંઈ દાસ છે ॥ ૭ ॥
કોય નર નિરાશી[2] ચરણ ઉપાસી, મમતા રહિત મુજને ભજે ॥
એવા ભક્ત જક્ત વિરક્ત જેહ, તેહ ઉદ્ધવજી મુજને રજે[3] ॥ ૮ ॥
**હુંતો વશ છઉં પ્રેમને, કહું ગોપ્ય[4] મારો મત છે ॥**
**સ્નેહ વિના હું શિયે ન રીઝું, એહ માનજે સત્ય સત્ય છે ॥ ૯ ॥**
વ્રજવનિતા પ્રેમરતા,[5] પ્રીતે અજીત મુને જીતિયો ॥
નિષ્કુળાનંદનો નાથ કહે છે, ઉદ્ધવ હેતે હું એનો થયો ॥૧૦॥

## કડવું-૪૩

**ધન્ય ધન્ય ગોપિકા સ્નેહની મૂરતિજી, જેને અલબેલો સંભારે છે અતિ અતિજી**
**જેહનો અપાર સ્નેહ ને અપાર મતિજી, જેના જશ ગાય છે નિત્યે નિત્યે શ્રુતિજી**

શ્રુતિ ગાય છે જશ જેનો, વળી સરાયે[6] છે જેને શ્રીહરિ ॥
ધન્ય ધન્ય સ્નેહ એહનો, વળી સાચી ભક્તિ એણે કરી ॥ ૨ ॥
ધન્ય ધન્ય એહનો પ્રેમ કહીએ, ધન્ય ધન્ય એહની પ્રીતને ॥
ધન્ય ધન્ય હેત એના હૈયાનું, ધન્ય ધન્ય એહની રીતને ॥ ૩ ॥
ધન્ય ધન્ય ભાવ ભલો એહનો, ધન્ય ધન્ય એહની મત્યને ॥
ધન્ય ધન્ય સમજણ એહની, ધન્ય ધન્ય એહનાં કૃત્યને[7] ॥ ૪ ॥
ધન્ય ધન્ય અંતર એહનું, ધન્ય ધન્ય એહના મનને ॥
ધન્ય ધન્ય બુદ્ધિ ચિત્ત સમેતને, જે કર્યું અર્પણ કૃષ્ણને ॥ ૫ ॥
શ્રવણ નયન નાસિકા, ધન્ય ત્વચા રસના તેહને ॥

**૧**.જપતપાદિને ધારણ કરવાથી **૨**.નિષ્કામ ભક્ત **૩**.ગમે **૪**.ગુપ્ત; ખાનગી **૫**.પ્રેમમય **૬**.વખાણે **૭**.ભક્તિરૂપ કાર્યને

પાદ પાણિ ધન્ય એહના, ધન્ય ધન્ય એહના દેહને ॥ ૬ ॥
સર્વે અંગે અતિ રંગે, કરી કૃષ્ણની જેણે ભગતિ ॥
ત્રિલોકશું તોડી હરિશું જોડી, કરી પ્રીત અચળ અડગ અતિ ॥ ૭ ॥
ભવરોગ વામી કૃષ્ણ પામી, સ્વામી સદા સુખકંદને ॥
દાઝ ટળી શાંતિ વળી, મળી પરમાનંદને ॥ ૮ ॥
કરી પ્રીત પૂરણ રીતે, જીતી ગઈ જશ જુવતી ॥
જશ જેના ઉત્તમ એના, ગુણ ગાય છે ગૃહસ્થ ને જતિ[1] ॥ ૯ ॥
ભૂત ભવિષ્ય વર્તમાનમાં, કોઈએ સ્નેહ તુલ્ય નથી આવતું ॥
નિષ્કુળાનંદના નાથજીને, સ્નેહ વિના નથી ભાવતું ॥૧૦॥

## કડવું-૪૪

**સ્નેહગીતા જે જન ગાશેજી, સુણતાં સદ્ય આનંદ ઉપજાવશેજી**
**પ્રીતમની પ્રીતની રીત જો જણાવશેજી, સ્નેહી જનને સુધાસમ ભાવશેજી**

જણાવશે રીત પ્રીત કરી, હશે કાસલ[2] તે કલાવશે[3] ॥
પછી સ્નેહી જન સજ્જ થઈને, ચિત્ત હરિચરણ લાવશે ॥ ૨ ॥
વળી દેહ ઈન્દ્રિય મન પ્રાણની, કોઈ રૂંધવાની રીત કરે ॥
તે સર્વે સાધન મેલી મનનાં, પ્રીતે ચિત્ત હરિચરણે ધરે ॥ ૩ ॥
અંતઃકરણ ને ઈન્દ્રિયની વૃત્તિ, લોલુપ[4] કિયાં નથી લોભતી ॥
પ્રગટ મૂર્તિ વિના વળી, અન્ય સ્થળે પળ નથી થોભતી ॥ ૪ ॥
**સર્વે વાસના ત્યારે ગળે, જ્યારે મળે મનોહર મૂરતિ ॥**
**સાધન સર્વે થાય પૂરાં, એમ ગાયે સત્ય નિત્ય સુરતિ[5] ॥ ૫ ॥**
પ્રભુપદની પ્રીત વિના, વિકાર તે નવ વિશમે[6] ॥

**૧.**ત્યાગી; બ્રહ્મચારી **૨.**કસર; નડતર **૩.**સમજાવીને ટળાવશે **૪.**આસક્ત થઈને **૫.**શ્રુતિ = વેદ - ઉપનિષદો **૬.**વિરમે; ટળે

વ્રેહ વિના વાસના ન બળે, અન્ય ઉપાયે શીદ દેહ દમે ॥ ૬ ॥
સ્નેહ સાચો સ્નેહી જનનો, શ્રીકૃષ્ણ સાથે કરજો ॥
પ્રીત રીતે જો પંડ પડે, તોયે દિલ માંહિ મા ડરજો ॥ ૭ ॥
સ્નેહગીતા ગ્રંથ ગાવા, ઇચ્છા કરી અવિનાશ[1] ॥
નિષ્કુળાનંદને નિમિત્ત દેઈ, કર્યો ગ્રંથ એહ પ્રકાશ ॥ ૮ ॥
એકાદશ પદ ને ચુંવાળીસ કડવે, કહી સ્નેહની કથા કથી ॥
પંચ દોયે કમ[2] જે પાંચસે,[2] છે ચરણ પૂરાં ઓછાં નથી ॥ ૯ ॥
સર્વે ચરણે સ્નેહ કથા, વરણવી વિવિધે કરી ॥
હરિને મને[3] હેતે સાંભળી, કરજો પ્રીત હરિ સાથે ખરી ॥૧૦॥
સંવત અઢાર બોતેરના, વૈશાખ સુદ ચતુરથી ॥
હરિજનના હેત અર્થે, સ્નેહગીતા કહી કથી ॥૧૧॥

## પદ-૧૧ (રાગ : ધોળ)

**'મારી અવિચળ ચૂંકને રાખજો'** એના જેવો ઢાળ.

ધન્ય ધન્ય સ્નેહ શિરોમણિ, નાવે સાધન કોઈ સમતોલ;
સાંભળજો સ્નેહ સમાન તે શું કહું.
જપ તપ તીર્થ વ્રત જોગ જે, કોઈ કરે જો જજ્ઞ અતોલ; સાં૦ ॥ ૧ ॥
અપવાસી ઉદાસી વાસી વન, કોઈ તનમાં ન ઘરે પટત;[4] સાં૦
કોઈ ફલ ફૂલ પય પાનશું, કરી આહાર આણે તન અંત. સાં૦ ॥ ૨ ॥
પુણ્ય દાન પાળે કોઈ ધર્મને, રહે નીમધારી નરનાર; સાં૦
સર્વે સૂનું એક સ્નેહ વિના, એ તો પ્રપંચનો[5] પરિવાર. સાં૦ ॥ ૩ ॥

**૧.**સ્વયં શ્રીહરિએ **૨.**બે વાર પાંચ ઓછા અર્થાત્ ૪૯૦ **૩.**આ ગ્રંથના રચયિતા, વક્તા અને શ્રોતા સર્વકર્તા શ્રીહરિ જ છે, એવો ભાવ રાખીને **૪.**વસ્ત્ર **૫.**આડંબરનો; દંભનો

જોગી થાક્યા જોગીપણું પાળતાં, તપી થાક્યા સહી શીત તાપ; સાં૦
ધ્યાની થાક્યા ધરતાં ધ્યાનને, જપી થાક્યા જપતાં જાપ. સાં૦ ॥ ૪ ॥

જતિ[1] થાક્યા જતને[2] જાળવતાં, મુનિ થાક્યા રે'તા વળી મુન્ય;[3] સાં૦
બીજાં અવર સાધન અનેક જે, એક સ્નેહ વિના સર્વે શૂન્ય. સાં૦ ॥ ૫ ॥

કોટિ કાયા કલેશને કરતાં, હરિ કેને ન આવ્યા હાથ; સાં૦
પ્રેમવશ થઈ પિયુ પાતળો, સદા રમિયા વ્રજજન સાથ. સાં૦ ॥ ૬ ॥

હેત પ્રીતે સ્નેહીને સંગે, અલબેલો આપે છે આનંદ; સાં૦
વાલો નિષ્કુળાનંદનો નાથજી, સ્નેહવશ શ્રીસહજાનંદ. સાં૦ ॥ ૭ ॥

***ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતા સ્નેહગીતા સંપૂર્ણા ।***

# ***સ્નેહગીતા સમાપ્તા***

**૧.**યતિ-સન્યાસીઓ **૨.**બ્રહ્મચર્યને **૩.**મૌન

# વચનવિધિ

## :: ભૂમિકા ::

પુરુષોત્તમનારાયણને પામવાનો અસાધારણ ઉપાય છે : પરાભક્તિ. આ ભક્તિનું એક અનિવાર્ય અંગ ધર્મ છે. ધર્મ એટલે ભગવાનની આજ્ઞા. તમામ મનુષ્યોના આચાર માટેની જે જે આજ્ઞાઓ છે તેનું યથાર્થ પાલન કરવું તે ધર્મનું પાલન કર્યું કહેવાય છે.

આ ધર્માનુષ્ઠાનના મુખ્ય બે ફળ છે : પરાભક્તિની સિદ્ધિ, પ્રભુની પ્રસન્નતા. ભક્તિની સિદ્ધિ થયા પછી પ્રસન્ન થયેલા પ્રભુ પોતે રાજી થઈને જીવને પોતાની પ્રાપ્તિ કરી આપે છે; તેને જ આત્યંતિક મોક્ષ કહેવાય છે. આ રીતે મુમુક્ષુઓ માટે ધર્મનું અંગ અતિ અગત્યનું છે.

ભગવાનની આજ્ઞારૂપ આ ધર્મ મુમુક્ષુઓના જીવનમાં અતિ દૃઢ થાય તથા તેના ફળરૂપે તેઓ કાયમી મહાસુખિયા થાય તે ઉદ્દેશથી સ.ગુ.શ્રીનિષ્કુળાનંદ સ્વામીએ આ **'વચનવિધિ'** ગ્રંથનું નિર્માણ કર્યું છે. વચન એટલે મહારાજની આજ્ઞા. વિધિ એટલે તેનું વિધાન = પ્રતિપાદન. ભગવાનની આજ્ઞાઓ વિષેનું જેમા સર્વાંગી વિધાન બતાવવામાં આવ્યું છે તે ગ્રંથ એટલે **'વચનવિધિ.'**

આ ગ્રંથના મુખ્ય ચાર વિષયો છે : (૧) વચનમાં વર્તવાના ફાયદા. (૨) વચન લોપવાથી થતું નુકસાન. (૩) આજ્ઞાની દઢતા કરવાના ઉપાયો. (૪) આજ્ઞાને લોપાવનાર વિમુખોનો ત્યાગ.

આ ચારેય વિષયોને પૂ.સ્વામીએ અસરકારક શૈલીમાં દષ્ટાંતો સહિત સુંદર રીતે વર્ણવ્યા છે. આજ્ઞામાં વર્તવાના મુખ્ય બે ફાયદા બતાવ્યા છે : (૧) સુખ (૨) મોટ્યપ.

## વચનવિધિ

આજ સુધીમાં જે કોઈ સુખ તથા મોટાઈ પામ્યા છે તે પ્રભુની આજ્ઞામાં વર્તવાથી થતી પ્રભુની કૃપાથી જ પામ્યા છે. તેના દૃષ્ટાંત રૂપે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, ધામના મુક્તો તથા બીજા અનેક ભક્તોને સ્વામીએ બતાવ્યા છે.

**रक्षितोऽयं धर्मो रक्षति सर्वान्** આ ન્યાયે ધર્મનું રક્ષણ કરવાથી સહુ કોઈનું સર્વપ્રકારે હિત થાય જ છે, એમ પૂ.સ્વામી ભારપૂર્વક જણાવે છે. નાના કે મોટા કોઈ પણ વ્યક્તિ જ્યારે પ્રભુની આજ્ઞા બહાર જાય છે ત્યારે તેમને અસહ્ય દુઃખો આવે છે તે પણ તેમણે બ્રહ્માદિ દેવો તથા સીતાજી અને રાધાજી વગેરે ભક્તોના પુરાવા આપીને સિદ્ધ કરી આપ્યું છે.

આજ્ઞા પાળવાના ઉપાયોમાં (૧) ભગવાનનો મહિમા દૃઢ કરવો. (૨) સાચા સંતનો નિર્માની થઈને મન, કર્મ, વચને સમાગમ રાખવો – આ બે સાધન મુખ્ય દર્શાવ્યાં છે.

સાચા સંતની વ્યાખ્યા આ ગ્રંથમાં આવી કરવામાં આવી છે :

***સંત સાચા તે સંસારમાં, રહે હરિવચને હમેશ રે ।***
***આપત્કાળ જો આવે આકરો, તોયે વચન લોપે નહિ લેશ રે ॥*** *(૫૬ : ૭/૧)*

આવા સંતના સમાગમની અનિવાર્યતા પૂ.સ્વામી વેધક ભાષામાં વર્ણવે છે :

***મળવું છે મહારાજને, રાખી સંત સંગાથે રોષ ।***
***નિષ્કુળાનંદ કહે એ નહિ બને, રખે દેતા કોઈને દોષ ॥*** *(૨૫/૮)*

ભગવાનની આજ્ઞા તોડનારા તથા તોડાવનારા વિમુખો છે. નિષ્કુળાનંદ સ્વામીએ તેની ઓળખાણ આપી તેના ભયંકર દુઃખોનું વર્ણન કર્યું છે. પછી આ કુકર્મીઓથી છેટે રહેવાની આગ્રહભરી ભલામણ કરી છે. છેલ્લે વિમુખોથી વેગળા રહી, સંતનો સમાગમ કરી અક્ષરધામ મેળવી લેવાની ટકોર કરી છે.

આમ શ્રીહરિના સાચા સત્સંગી બનવા માટે પ્રાથમિક તબક્કામાં આ ગ્રંથ અતિ ઉપયોગી છે.આ ગ્રંથમાં કુલ ૫૨ (બાવન) કડવાં તથા ૧૩ પદો છે. ગ્રંથ રચનાનો સમય તથા સ્થાનનિર્દેશ પૂ.સ્વામીએ દર્શાવ્યા નથી.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



### શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# વચનવિધિ

## કડવું-૧

**રાગ : ધન્યાશ્રી**

**સમરો સુખદ શ્રીહરિદેવજી, જેથી પામીએ આનંદ અભેવજી[1]**
**જેહ આનંદનો નાવે કેદી છેવજી,[2] તેહ સુખ આપે હરિ તતખેવજી[3]**

**ઢાળ :**

હરિ હરખી સુખ આપે, જો વર્તીએ વચનમાંય ॥
મેલી ગમતું મનતણું, રહીએ શ્યામ ગમતે સદાય ॥ ૨ ॥
પૂરણ સુખને પામવા, રહીએ હરિઆજ્ઞા અનુસાર ॥
તે વિના મોટપ્ય નવ મળે, જન જોવું કરી વિચાર ॥ ૩ ॥

**૧.**નિર્ભય **૨.**છેડો; અંત **૩.**તત્કાળ

**ભવ બ્રહ્મા આ બ્રહ્માંડમાં, મહા મોટા કહે સહુ કોય ॥**
**તે મોટપ્ય શ્રીમહારાજથી, એહ સમજવું જન સોય ॥૪॥**

શશી સૂર્ય સમર્થ સહી, કરે સર્વે લોકે પ્રકાશ ॥
તે પ્રસન્ન કરી પરબ્રહ્મને, અંગે પામ્યા એવો ઉજાસ ॥૫॥

શેષ સુરેશ[1] ને શારદા, ગણપતિ ગુણના ભંડાર ॥
રામ રાજિયે હનુમાન હુવા, અતિ મોટા પરમ ઉદાર ॥૬॥

ભૂત ભવિષ્ય વર્તમાનમાં, હરિ રાજીપામાં જે રહ્યા ॥
દેવ દાનવ માનવ મુનિ, તે સર્વે મોટા થયા ॥૭॥

મોટું થાવાનું હોય મનમાં, તો હરિવચનમાં હમેશ રૈ'યે ॥
નિષ્કુળાનંદ કહે ન લોપિયે, વાલમનું વચન કૈયે[2] ॥૮॥

## કડવું-૨

**વચને કરી છે વર્ણાશ્રમજી, વચને કરી છે ત્યાગી-ગૃહી ધર્મજી**
**વચને કરી છે કર્મ અકર્મજી,[3] એહ જાણવો જન મને મર્મજી**

મર્મ એમ જન જાણીને, રહેવું વચન માંહે વળગી ॥
વચન લોપી જાણે સુખ લેશું, એવી અવિદ્યા[4] કરવી અળગી ॥૨॥

વચને ઈન્દુ[5] અર્ક[6] ફરે, હરે તમ કરે પ્રકાશ ॥
વચને ઈન્દ્ર વૃષ્ટિ કરે, માની વચનનો મને ત્રાસ ॥૩॥

શેષજી શિરે ધરી રહ્યા, ચૌદ લોક ભૂમિનો ભાર ॥
વચને કાળ શક્તિ કરે, ઉત્પત્તિ સ્થિતિ સંહાર ॥૪॥

વચને બાંધ્યો સિંધુ રહે, પાળ વિનાનું પાણી વળી ॥
તેણે કરી શું તુચ્છ થયા, એહ આદ્યે સરવે મળી ॥૫॥

**૧.**ઈન્દ્ર **૨.**ક્યારેય **૩.**ભગવાનની આજ્ઞાએ કરીને, કેવળ પ્રભુ પ્રસન્નતા માટે જ કરવામાં આવતા જ્ઞાનરૂપ નિષ્કામ કર્મ **૪.**ખોટી માન્યતા **૫.**ચંદ્ર **૬.**સૂર્ય

વચન માંહી વર્તતાં, વણતોળી મોટપ્ય મળે ॥
વચન વિરોધી વિમુખ નર, તાપત્રયમાં[1] તેહ બળે ॥૬॥

**વચને નિવૃત્તિ વચને પ્રવૃત્તિ, વચને બદ્ધ મુક્ત કહિયે ॥**
**તે વચન શ્રીહરિ મુખનાં, સુખદાયક સરવે લહિયે ॥૭॥**

એમ સમજી સંત શાણા, વર્તે છે વચન પ્રમાણ ॥
નિષ્કુળાનંદ તે ઉપરે, સદા રાજી રહે શ્યામ સુજાણ ॥૮॥

## કડવું-3

**વચનમાં વરતે સંત શાણાજી, દેહ ગેહ સુખમાં જે ન લોભાણાજી**
**મન કર્મ વચને હરિ બોલે બંધાણાજી, એવા જન જેહ તેહ મોટા ગણાણાજી**

**મોટા ગણાણા તે માનવું, કર્યું ગમતું જેણે ગોવિંદતણું ॥**
**તે વિના મોટપ્ય નવ મળે, ફરી ફરી શું કહિયે ઘણું ॥૨॥**

રાધાજિયે રાજી કર્યા, શ્રી કૃષ્ણ કૃપાનિધાન ॥
તેણે કરીને મોટપ્ય મળી, વળી પામિયા બહુ સનમાન ॥૩॥

કમળાએ કૃષ્ણને રીઝવ્યા, રીઝયા અલબેલો અવિનાશ ॥
તેણે કરીને તેહ પામિયાં, હરિ ઉરે અખંડ નિવાસ ॥૪॥

વૃંદા[2] વચનમાં વરતી, કર્યા પ્રભુને પ્રસન્ન ॥
તેણે કરી હરિ અંઘ્રિમાં,[3] રહ્યાં કરી સુખ સદન ॥૫॥

વ્રજવનિતા વચને રહી, વળી વા'લા કર્યા વ્રજરાજ ॥
તેણે કરીને તોલે તેને, ના'વે શિવ બ્રહ્મા સુરતાજ[4] ॥૬॥

પંચાલિયે[5] પ્રસન્ન કર્યા પ્રભુને, આપી ચીરી ચીંથરી[6] ચીરતણિ[7] ॥

---

**૧.આધ્યાત્મિક**=શરીરના તથા કામાદિ મનના દુઃખ. **આધિદૈવિક**=અતિવૃષ્ટિ, દુકાળ વગેરે દેવપ્રેરિત દુઃખ. **આધિભૌતિક**=સાપ, સિંહ, ચોર અને સરકાર વગેરેનાં દુઃખ **૨.**તુલસી **૩.**ચરણમાં **૪.**ઈન્દ્ર **૫.**દ્રૌપદીએ **૬.**વસ્ત્રની પટ્ટી **૭.**સાડીની

તેણે કરી તને નગ્ન ન થયાં, વળી ભક્ત કા'વ્યાં શિરોમણિ ॥ ૭ ॥
એહ રીતે મોટપ્ય મળે, પહેલા રાજી કર્યે પરબ્રહ્મ ॥
નિષ્કુળાનંદ કહે તે વિના, ઠાલો[૧] પડે જાણો પરિશ્રમ ॥ ૮ ॥

## કડવું-૪

**માની વચન મોટા થયા કઈજી, જે મોટપ્ય કહેતાં કહેવાય નહીંજી**
**તેહ પામ્યા વા'લાને વચને રહીજી, એ પણ મર્મ સમજવો સહીજી[૨]**

સહી સાબિત કરી શિરસાટે, રહ્યા વચનમાં કરી વાસ ॥
ઉન્મત્તાઈ અળગી કરી, થઈ રહ્યા દાસના દાસ ॥ ૨ ॥
મોટાં સુખને પામવા, વામવા કષ્ટ કલેશ ॥
તેને વચનમાં વર્તતાં, નથી કઠણ કાંઈ લવલેશ ॥ ૩ ॥
પામર પ્રાણી પામ્યા પ્રભુતા, રહી હરિ આજ્ઞા અનુસાર ॥
આદ્યે અંત્યે મધ્યે મોટા થયા, તે તો વચનથી નિરધાર ॥ ૪ ॥
**સો વાતની એક વાત છે, નવ કરવો આજ્ઞાલોપ ॥**
**રાજી કરવાનું રહ્યું પરું,[૩] પણ કરાવિયે નહિ હરિને કોપ** ॥ ૫ ॥
મોટપ્ય માનવી કેમ મળે, વાઢી[૪] કાઢે વચનનાં મૂળ ॥
સુખ થાવાનું શાનું રહ્યું, થયું સામું સો ઘણું શૂળ[૫] ॥ ૬ ॥
અલ્પ સુખ સારુ આગન્યા, લોપે છે શ્રીહરિતણી ॥
પરમ સુખ કેમ પામશે, ભાઈ ધારજો તેના ધણી[૬] ॥ ૭ ॥
વસી નગર નરેશને,[૭] વેર વાવરે[૮] નરનાથશું[૯] ॥
નિષ્કુળાનંદ કહે નરસું, એણે કર્યું એના હાથશું ॥ ૮ ॥

**૧.**વ્યર્થ **૨.**સાચો **૩.**દૂર **૪.**કાપી **૫.**દૂઃખ **૬.**આજ્ઞા લોપતલના ગુરુ કે વડીલ **૭.**રાજાના **૮.**કરે **૯.**રાજા સાથે

## પદ-૧ (રાગ : જકડી)

**'વચન લોપી જાણે સુખ લેશું રે'** એ ઢાળ.

નહિ પામે પામર નર સુખ રે,
રહી હરિવચનથી વિમુખ રે... નહિ૦ ટેક.
સુખ પામશે સંત સુજાણ રે, જે કોય વર્તે છે વચન પ્રમાણ રે;
થઈ રહી વા'લાના વેચાણ રે... નહિ૦ ॥૧॥
કર્યું ધ્વજપટ[1] ઘટ[2] મન રે, વળે જેમ વાળે છે પવન રે;
એમ માને વાલાનાં વચન રે... નહિ૦ ॥૨॥
જેમ નરમ તૃણ નદી તટ રે, વારિ વેગે વળી જાય ઝટ રે;
તેને શીદને આવે સંકટ રે... નહિ૦ ॥૩॥
એમ વચન વશ થઈ રહે રે, તે તો મોટા સુખને લહે રે;
નિશ્ચે નિષ્કુળાનંદ એમ કહે રે... નહિ૦ ॥૪॥

## કડવું-૫

**વચનદ્રોહીનાં જો થાય વખાણજી, તો શીદને કોયે વરતે વચન પ્રમાણજી**
**જેમાં તન મને થાવું હેરાણજી, સુખ મૂકી દુઃખ ન ઈચ્છે અજાણજી**

અજાણ પણ ઈચ્છે નહિ, કાયાને કારસો[3] આપવા ॥
વણ કારસે વારિ મળે તો, કોણ જાયે કૂપ કાપવા[4] ॥૨॥
ત્યારે દમે શીદ કોઈ દેહને, વણ દમે વિરમે વિપત્તિ ॥
શીદ વરતે વચનમાં, વણ વરતે પામે સુખ સંપત્તિ ॥૩॥
વચનમાં વસમું ઘણું, વરતવું નર અમરને ॥
મોકળ્યમાં[5] મજા ખરી, ચોખી જાણો ચરાચરને[6] ॥૪॥

**૧.**ધજાની પૂંછડી **૨.**દેહ **૩.**ભીડો **૪.**કૂવો ખોદવા **૫.**નિયમો રહિત સ્વછંદતામાં **૬.**આખા જગતને

પણ મોટી મોજ મળે નહીં, મોટાની મરજી મૂકતાં ॥
મૂળગા મૂળમાંથી મટે, વડાના વચનમાંથી ચૂકતાં ॥૫॥

એમ સમજી સમજુ, વરતે છે વચનમાંય ॥
મોટા મોટા બીવે છે મનમાં, રખે ફેર પડતો કાંય ॥૬॥

બની વાત જાય બગડી, જો લેશ લોપાય વચન ॥
લેખે ન આવે દાખડો, વળી થઈ જવાય નિરધન ॥૭॥

એહ મત શાણા સંતનો, નવ પાડે વચનમાં ફેર ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, કહ્યું એ વેરમવેર[1] ॥૮॥

## કડવું-૬

**વચન વાલાનું લોપશો મા લેશજી, એટલો તો માની લેજો ઉપદેશજી**
**લોપતાં વચન આવશે કલેશજી, હેરાનગતિ પછી રહેશે હમેશજી**

હમેશ રહેશે હેરાન ગતિ, અતિ તુચ્છ કરશે તિરસ્કાર ॥
આજ્ઞા હરિની લોપતાં, ભવમાં[2] નહિ રહે ભાર ॥૨॥

**બ્રહ્માએ ભાંગી હરિ આગન્યા, જોયું નિજસુતાનું[3] શરીર ॥**
**જોતાં મતિ રતી નવ રહી, વળી ગઈ હૈયેથી ધીર ॥૩॥**

અણઘટિત ઘાટ ઊપજ્યો, જે મટાડતાં મટ્યો નહિ ॥
તે પાંચમે મુખે પ્રકાશિયો, નેક અતિ નિર્લજ્જ થઈ ॥૪॥

એવાને પણ એમ થયું, મરજાદા હરિની મેલતાં ॥
ત્યારે બીજાની બકાત્ય[4] સહી, ખેલ અખેલ્યા ખેલતાં ॥૫॥

એવી અભંગ છે આગન્યા, અખંડ હરિની આકરી ॥
તેને લોપતાં ત્રિલોકમાં, કહો કોણ બેઠો ઠરી ॥૬॥

---

**૧.**વારંવાર **૨.**સંસારમાં **૩.**પોતાની દીકરી સરસ્વતીનું **૪.**તાકાત શી

**સુખ કરણી છે દુ:ખ હરણી, આગન્યા શ્રીમહારાજની ॥**
**આસુરી જનને અર્થ ન આવે, છે દૈવી જીવના કાજની ॥૭॥**

આસુરી મતિને જે આશર્યા, તેને આજ્ઞાની આડી[1] કશી[2] ॥
નિષ્કુળાનંદ એ નરનું, નાક કાપવું ઘટે ઘશી ॥૮॥

## કડવું-૭

**વણ કાપે નાક ગયું છે કપાઈજી, તે જાણજો જરૂર જન મન માંઈજી**
**તેની અપકીર્તિ ગ્રંથમાં ગવાઈજી, એથી નરસું નથી બીજું કાંઈજી**

નથી બીજું કાંઈ નરસું, હરિ આજ્ઞામાં હાલવું નહિ ॥
એવા નર અમર અજ ઈશ, સુખ ક્યાંથી પામે સહિ ॥૨॥

મહેશ મોટા દેવતા પણ, ભોળાનામની ભોળપ્ય રઈ ॥
મોહિની રૂપની મનમાં, જોવાને ઈચ્છા થઈ ॥૩॥

ત્યારે હરિયે વાર્યા ઘણું હરને, નથી રૂપ એ જોવા સરખું ॥
પણ સનો[3] લીધો સમજ્યા વિના, હરિવચનને નવ પરખ્યું[4] ॥૪॥

પછી ધરી હરિ રૂપ મોહિનીનું, આગળ આવી ઊભા રહ્યા ॥
શિવ જોઈ સુધ બુદ્ધ ભૂલ્યા, વિવેક વિના વ્યાકુળ થયા ॥૫॥

નૈષ્ઠિક વ્રત તે નવ રહ્યું, થયું જોગકળા માંહી જ્યાન જો ॥
તે લખાણું છે કાગળે, સહુ જન એ સાચું માનજો ॥૬॥

વળી ભવનું[5] વચન લોપી ભવાની,[6] ગયાં દક્ષના જગનમાં ॥
ત્યાં અતિ અનાદરે તન ત્યાગી, બળી મૂવાં આપે અગનમાં ॥૭॥

વચન લોપતાં દુ:ખ લહે, દેવ દાનવ અહિ[7] અતિ ॥
નિષ્કુળાનંદ ન કીજિયે, વચન લોપ રાઈ રતિ ॥૮॥

**૧**.આડશ-પ્રતિબંધ **૨**.કાંઈ (નથી) **૩**.હઠ; દુરાગ્રહ **૪**.ઓળખ્યું **૫**.શંકરનું **૬**.પાર્વતી **૭**.શેષજી

## કડવું-૮

**ઈચ્છે કોઈ કરવા અવળું આપણુંજી,[૧] તે જન લોપે વચન હરિતણુંજી**
**જેણે કરી થાય દુઃખ ઘણું ઘણુંજી, પામી દુઃખ પછી મુખ થાય લજામણુંજી**

લજામણું મુખ લઈને, જન જીવે જે જગમાંઈ ॥
ધિક ધિક એ જીવિતવ્યને, કામ ન આવ્યું કાંઈ ॥ ૨ ॥
સારપ્ય એની શું રહી, આવ્યો હરિવચનના વાંકમાં ॥
મોર્યથી નાખી કર મૂછ પર, પછી છરી મંડાવી નાકમાં ॥ ૩ ॥
શું થયું જપ તપ તીરથે, શું થયું વળી જોગ જગને ॥
શું થયું વિદ્યા ગુણ ડહાપણથી, જો ન રહ્યો હરિને વચને ॥ ૪ ॥
સુરગુરુ[૨] સરિખો નહિ, વળી બીજો કોઈ બુદ્ધિમાન ॥
વીરની[૩] વધૂ[૪] વિલોકીને, ઉર આવી ગયું અજ્ઞાન ॥ ૫ ॥
વિચાર વિના વચનનો, લોપ કર્યો લજ્જા તજી ॥
માથે મેષ[૫] બેસી ગઈ, તે હરકોઈ કે'છે હજી ॥ ૬ ॥
જે જે વચન જેને કહ્યાં, તેમાં રે'વું સહુને રાજી થઈ ॥
આજ્ઞા અદ્રિ[૬] ઉલ્લંઘતાં, સમજો સહુને સારું નઈ ॥ ૭ ॥
શીદ લૈયે સંતાપને, વચનથી વરતી બા'ર ॥
નિષ્કુળાનંદ ન લોપિયે, વચન હરિનું લગાર ॥ ૮ ॥

### પદ-૨ (રાગ : જકડી)

**વચન લોપી જાણે સુખ લેશું રે,**
**તે તો કે'શું કે'વાને જો રે'શું રે... વચન૦** ટેક.

**૧.**પોતાનું **૨.**બૃહસ્પતિ **૩.**પોતાના ભાઈની **૪.**પત્ની **૫.**કલંક **૬.**આજ્ઞારૂપી પર્વત

જ્યારે પશ્ચિમે પ્રગટશે રવિ રે, થાશે બીજ રહિત પૃથ્વી રે;
તોયે નહિ થાય રીત એ નવી રે... વચન૦ ॥ ૧ ॥

જ્યારે શૂન્ય[૧] સુમનની[૨] સ્રજ[૩] થાશે રે, ઝાંઝુજળ[૪] પાને જન ધાશે રે;
તોયે એ વાત કાંઈ મનાશે રે... વચન૦ ॥ ૨ ॥

સુત ષંઢથી[૫] પામશે નારી રે, મળશે માખણ વલોવતાં વારિ રે;
તોયે વિમુખ સુખ રે'શે હારી રે... વચન૦ ॥ ૩ ॥

એહ વાત પ્રમાણ છે પકી રે, તે તો ખોટી ન થાય કોઈ થકી રે;
કહે નિષ્કુળાનંદ એમ નકી રે... વચન૦ ॥ ૪ ॥

## કડવું-૯

**આજ્ઞા ઉલ્લંઘી શઠ સુરપતિજી, ગૌતમ ઘરમાંયે કરી ગતિજી**
**તેણે દુઃખ પામ્યો અંગમાંયે અતિજી, રહ્યું નહિ સુખ શરીરમાં રતિજી**

સુખ શરીરે શાનું રહે, લોપી અવિનાશીની આગન્યા ॥
શચી[૬] સરખી ત્રિયા તજી, રાચ્યો અહલ્યા રૂપે વિવેક વિના ॥ ૨ ॥

પુરંદરને[૭] ઋષિપતની, ભોગવવું એ ભલું નહીં ॥
પણ અમરેશના[૮] અભિમાનમાં, ખોટની ખબર નવ રહી ॥ ૩ ॥

એવી અવળાઈ જોઈ ઈન્દ્રની, આપ્યો શાપ ઋષિએ રોષમાં ॥
કહ્યું સહસ્ર[૯] ભગ[૧૦] પામી પુરંદર, રે'જે સદા સદોષમાં ॥ ૪ ॥

પરણીને ઘરુણી[૧૧] ઘણી રાખે, તોય ન થાય આજ્ઞા લોપ ॥
અવર નારી એકમાં પણ, થયો ઋષિનો કોપ ॥ ૫ ॥

વળી ભૂંડાં દુઃખને ભોગવવા, કર્યો કમળના વનમાંઈ વાસ ॥
જ્યાં જ્યાં હતી એની કીરતિ, ત્યાં ત્યાં થાવા લાગી હાસ ॥ ૬ ॥

**૧.**આકાશના **૨.**પુષ્પની **૩.**માળા **૪.**આભાસી જળ **૫.**નપુંસકથી **૬.**ઈન્દ્રની પત્ની **૭.**ઈન્દ્રને **૮.**દેવોના રાજાના **૯.**એક હજાર **૧૦.**જેમાંથી પરુ ટપકે તેવાં છિદ્ર **૧૧.**ગૃહિણી-પત્નીઓ

એમ વચન લોપે જો લજ્જા રહે, તો કોણ માને વચનને ॥
મહાપ્રભુની મરજાદ મૂકી, સહુ વરતે ગમતે મનને ॥૭॥
મનમાને રે'તાં મોટપ્ય મળે, તો કોણ વેઠે વચનનું દુઃખ ॥
નિષ્કુળાનંદ તો નર અમર, વર્તે હરિથી સહુ વિમુખ ॥૮॥

## કડવું-૧૦

**ભૂમાં એક ભૂપતિ નહુષ રાજનજી, તે પુણ્ય કરી પામ્યો ઈન્દ્રાસનજી**
**ત્યારે કર્યું ઈન્દ્રાણી વરવાનું મનજી, ઉનમત્ત થઈ કહ્યું એમ વચનજી**

વચન કહ્યું વિકટ અતિ, તું વર્ય મને વેગે કરી ॥
ત્યારે ઈન્દ્રાણી કહે વરી હું ઈન્દ્રને, હવે કેમ વરું નરને ફરી ॥૨॥
ત્યારે નહુષ અમલે[1] થયો આંધળો, ખરાખરી ખબર નવ પડી ॥
ત્યારે જાણ્યું ઈન્દ્રાણિયે જોરે વરશે, કહ્યું આવ્ય કોરે[2] વાહને ચડી ॥૩॥
પછી વાહન સારુ વિલખાં કર્યા, પણ કોરું વાહન નવ જડ્યું ॥
ત્યારે શિબિકાયે[3] ઋષિરાય જોડ્યા, તેનું પાપ તર્ત નડ્યું ॥૪॥
પછી ઈન્દ્રપણું આળશી ગયું, સર્પ સર્પ કે'તાં સર્પ થયો ॥
વચનદ્રોહીનું ફળ જોઈ, રખે કોઈ વચન લોપો ભયો[4] ॥૫॥
**પણ અટપટી છે એ વારતા, કરવું ગમતું ગોવિંદતણું ॥**
**મન કર્મ વચને કરીને, મેલવું ગમતું આપણું ॥૬॥**
અતિ રાજી થઈ રળિયાત રહી, જે કોઈ વર્તે છે વચનમાં ॥
ફેર પડે તો ફડકી મરે, અતિ તાપ થાયે તનમાં ॥૭॥
એમ પાળે હરિની આગન્યા, એ માનો વચનની મૂરતિ ॥
નિષ્કુળાનંદ એને નીરખતાં, રહે નહિ પાપ એક રતિ ॥૮॥

**૧**.સત્તાના નશામાં **૨**.આજ સુધીમાં કોઈએ વાપર્યું ન હોય તેવા **૩**.પાલખીએ **૪**.ભાઈઓ

## કડવું-૧૧

**વચન આધારે વર્તે છે જેહજી, મોટા સુખને પામશે તેહજી**
**એહ વાતમાં નહિ સંદેહજી, લોક પરલોકે પૂજ્યા જોગ્ય તેહજી**

લોક અલોકમાં આબરું, રે'શે એની રૂડી રીતશું ॥
વચન વા'લાનાં વા'લાં કરી, પ્રસન્ન મને રાખ્યાં પ્રીતશું ॥ ૨ ॥

**વચન પાળતાં જો વિપત્તિ પડે, તો સહે શ્રદ્ધાયે કરી ॥**
**વચન લોપતાં જો સુખ મળે, તો ઘોળ્યું પરું મેલે પરહરી ॥ ૩ ॥**

અશન[૧] વસન[૨] ભૂષણ ભૂમિ, મર મળે ત્રિલોકીનું રાજ ॥
વચન જાતાં જાતું કરે, જાણે થાય એથી અકાજ ॥ ૪ ॥

પ્રહલાદને કહ્યું એના પિતાયે, તને આપું રાજ અધિકાર ॥
નામ મેલી દે નરહરિનું, આજથી મા કર્ય ઉચ્ચાર ॥ ૫ ॥

પણ હળવા સુખ સારુ હરિજન, મૂકે કેમ મોટા સુખને ॥
લોપી વચન મન લલચે, એવું ઘટે ઘણું વિમુખને ॥ ૬ ॥

**નાક કપાવી નથ[૩] પે'રવી, એ તો નારી નઠારીનું કામ છે ॥**
**એથી મર રહીએ અડવાં,[૪] એવાં ભૂષણ પે'રવાં હરામ છે ॥ ૭ ॥**

એમ વચન ગયે વડાઈ મળે, તેને પાપરૂપ જાણી પરહરો ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, હરિવચનમાં વાસ કરો ॥ ૮ ॥

## કડવું-૧૨

**વચનવિરોધીની વડાઈ કશીજી, જે જન વચનમાંથી ગયા ખશીજી**
**મનમુખી થઈ મુખે ભૂસી[૫] મશીજી,[૬] જુવે જે વદન તે જન દિયે હસીજી**

હસી હસી હાંસી કરે, જોઈ એવા જનનું જોણ[૭] ॥

**૧.**અન્ન **૨.**વસ્ત્ર **૩.**નાકનું ઘરેણું; નથડી **૪.**આભૂષણે રહિત **૫.**લગાવી **૬.**કાજળ **૭.**બુદ્ધિ

કરી કાળું મુખ માન્યું રૂપાળું, કહો કહે હવે એને કોણ ॥ ૨ ॥
વિધવા નારી કરે વડાઈ, સુત એક સારો જણી[1] ॥
પણ જાણતી નથી એ યોષિતા,[2] જે શિર ઉપર નથી ધણી ॥ ૩ ॥
વળી બીજીનો પતિ પરદેશ છે, ઈયાં સુત જનમ્યા છે સાત ॥
નથી ખબર એહ ખોટ્ય તણી, ધણી કેમ થાશે રળિયાત ॥ ૪ ॥
એમ વચન ઉલ્લંઘી વા'લા તણું, જે જે જન કરે છે કામ ॥
તે લાજ જાશે આ લોકમાં, વળી થાશે જીવિત હરામ ॥ ૫ ॥
હરામી જીવને હોય નહિ, હૈયે ડર હરિના વચનનો ॥
આસુરી મતિ આવી અતિ, તેણે જોરો[3] દેખાડે જોબનનો ॥ ૬ ॥
કહો કામદુઘાનું[4] ત્યાં કામ કશું, જ્યાં ઘણા ગદ્ધા ઘર બારણે ॥
એમ આજ્ઞાકારીનું શું ઉપજે, જ્યાં વિમુખ હોય કાજ કારણે ॥ ૭ ॥
પણ હરિજનને હમેશ કરવો, વિચાર વારમવાર ॥
હરિવચન વિમુખ ન થાવું, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥ ૮ ॥

**પદ-૩ (રાગ-ધોળ) 'આજ મારે ટાણું આવ્યું છે મહાસુખનું'** એ ઢાળ.

સંતો વિમુખ[5] થકી રહીએ વેગળા, ડરિયે દિવસ ને રાત રે;
સંતો વિશ્વાસ કરતાં વિમુખનો, વણશી જાયે જો વાત રે.
સંતો૦ ॥ ૧ ॥
સંતો વિમુખ વિખ[6] આપે વાતમાં, કરી હેત અપાર રે;
સંતો રગરગમાં તે રમી રહે, ન રહે વચનનો ભાર રે.
સંતો૦ ॥ ૨ ॥
સંતો સોબત ન ગમે પછી સંતની, વા'લા લાગે વિમુખ રે;

**૧.**જન્માવી **૨.**સ્ત્રી **૩.**બળ **૪.**ઈચ્છિત વસ્તુ આપનાર **૫.**વિરોધી; શ્રીહરિની આજ્ઞા લોપીને વર્તનારા **૬.**વાતરૂપી ઝેર

સંતો નિયમ ન ગમે નાથનાં, માને મોકળે[1] સુખ રે.
સંતો૦ ॥ ૩ ॥

ત્યારે કરવાનું છે તે ક્યાંથી કરે, થાયે ન કર્યાનું કામ રે;
કહે નિષ્કુળાનંદ નિશ્ચે નર, ન પામે સુખ ઠામ[2] રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૧૩

**વચન વિમુખ મા થાશો કોઈજી, નર અમર વિમુખનાં સુખ જોઈજી**
**મોટા બેઠા મોટ્યપ વચન વિના ખોઈજી, માટે હરિ વચને રહો રાજી હોઈજી**

રાજી થઈ રહો વચનમાં, લોપશો મા વચન લગાર ॥
વચન લોપતાં મોટા મોટા, પામ્યા દુઃખ અપાર ॥ ૨ ॥

નારદ સરીખા નહિ કોયે, બીજા મહા મોટા મુનિજન ॥
તેણે પણ ન તપાશિયું, લોપ્યું વાલાનું વચન ॥ ૩ ॥

ત્યાગી થઈ ત્રિયા કર[3] જોયો, ખોયો વિચાર વરવા[4] કર્યું ॥
પર્વત પણ ઈચ્છ્યા પરણવા, બેઉનું સિદ્ધાંત એક ઠર્યું ॥ ૪ ॥

ત્યારે કન્યા તાતે વાત કહી, સ્વયંવર રચીશ સવારમાં ॥
ઈચ્છાવર કન્યા વરશે, તમે બેઉ રે'જો તૈયારમાં ॥ ૫ ॥

ત્યારે બેઉ ધાયા હરિ પાસળે, રૂડું માગવા રૂપ અનુપને ॥
વળી પરસ્પર ઈચ્છ્યા, થાવા રૂપ કુરૂપને ॥ ૬ ॥

ત્યારે હસીને હરિ બોલિયા, થાશે અવસર પર રૂપ એમ ॥
પછી મર્કટ[5] મુખ બન્યાં બેઉના, કહો કન્યા વરે તેને કેમ ॥ ૭ ॥

લાજ ગઈ ને કાજ ન સર્યું, વળી લોપાણું હરિનું વચન ॥

**૧.**મનગમતી છૂટમાં **૨.**(સુખનું) સ્થાન-અક્ષરધામ **૩.**અંબરીષ રાજાની પુત્રીનો હાથ **૪.**પરણવા **૫.**વાંદરાનાં

નિષ્કુળાનંદ કહે એ નીપજ્યું, તે જગે જાણે છે સહુ જન ॥૮॥

## કડવું-૧૪

**વળી એક વચન વિરોધીની વાતજી, સતી પતિવ્રતા સીતા સાક્ષાતજી**
**આપે ઈન્દિરા[૧] જગે જાનકી વિખ્યાતજી, તેણે પણ કરી આજ્ઞાની ઘાતજી**

ઘાત થઈ તેની વાત કહું, જાનકી બોલિયાં એમ ॥
લછમન તમારા ભાઈની ભીડ્યે,[૨] જાઓ બેસી રહ્યા કો' કેમ ॥૨॥
ત્યારે રામાનુજ[૩] કહે રામને, નથી લોપનાર ત્રિલોકમાં ॥
વચન માની મગન રહો, શીદ રહો છો શોકમાં ॥૩॥
ત્યારે વૈદેહીએ વચનનાં, લછમનને લગાડ્યાં બાણ ॥
તું જાણે રામ મર્યે વરે મુજને, તે ન વરું તજીશ હું પ્રાણ ॥૪॥
ત્યારે રામાનુજે હૃદે ધારિયું, ઈન્દિરા તોયે પણ સ્ત્રી ખરી ॥
પછી રામની આણ્ય[૪] આપી ચાલિયા, કેડે લંકેશ વેષ આવ્યો ધરી ॥૫॥
સંન્યાસીરૂપે કહ્યું સીતાને, આપ્ય ભિક્ષા મને આદર કરી ॥
છૂટી ભિક્ષા હું છોડીને ચાલીશ, નૈ'તો આપ્ય આણ્યથી બાર નીસરી ॥૬॥
આજ્ઞા લોપી શ્રીરામની, ભિક્ષા આપવા નીસરી બા'ર ॥
તર્ત રાવણ તેડી ચાલિયો, પછી પામિયા દુઃખ અપાર ॥૭॥
વિપત્તિ પડી વિયોગ થયો, રહ્યાં રામજીથી વળી દૂર ॥
નિષ્કુળાનંદ કહે વચન લોપતાં, આવે દુઃખ જાણજો જરૂર ॥૮॥

## કડવું-૧૫

**પછી સીતા સારુ શ્રીરઘુવીરજી, બાંધી પાજ ઊતર્યા સિંધુતીરજી**
**લીધી લંકા છેદી રાવણનાં શિરજી, પછી સીતા તેડાવ્યાં મળવા અચિરજી[૫]**

**૧.**લક્ષ્મી **૨.**સહાયમાં; મુશ્કેલીમાં **૩.**રામના નાનાભાઈ-લક્ષ્મણ **૪.**લક્ષ્મણ રેખા **૫.**તત્કાળજી

સીતાને કહ્યું રામજીએ, જેમ હોય તેમ રાખી વેશ ॥
આવી મળો તમે અમને, ફેર પાડશો મા વળી લેશ ॥ ૨ ॥
ત્યાં તો વિભીષણે ભાવે કરી, સજાવ્યો સુંદર શણગાર ॥
તેડી આવ્યા રામ પાસળે, ત્યાં તો રામે કર્યો તિરસ્કાર ॥ ૩ ॥
આજ્ઞા લોપીને આવિયાં, તેણે રાજી ન થયા રામ ॥
પછી અગ્નિમાં અંગ અરપ્યું, એવું કરવું પડ્યું કામ ॥ ૪ ॥
ત્યારે દશરથ આદિ દેવતા, સહુએ કર્યો સતકાર ॥
ત્યારે રામજીએ રાખિયાં, શુદ્ધ જાણી સીતા નાર ॥ ૫ ॥
વચન લોપતાં વિપત્ય પડી, શણગારનું ન રહ્યું સુખ ॥
એમ આજ્ઞા ઉલ્લંઘીને, ન થાવું વચનથી વિમુખ ॥ ૬ ॥
**મોટાને પણ માનવા જોગ્ય, આજ્ઞા શ્રી જગદીશની ॥**
**છોટી મોટી જે આગન્યા, તે સરવે છે વસા વિશની[૧]** ॥ ૭ ॥
આજ્ઞામાં આનંદ ઘણો, આવે નર નિર્જરને[૨] અતિ ॥
નિષ્કુળાનંદ કહે ન લોપવી, આજ્ઞા હરિની એક રતિ ॥ ૮ ॥

## કડવું-૧૬

**વળી એક વારતા સાંભળો સારીજી, લીધી લંકાપુરી રાવણને મારીજી**
**પછી કહ્યું રામે રામાનુજને વિચારીજી, વે'લા આવો વિભીષણને પાટે[૩] બેસારીજી**

પાટે બેસારી વે'લા આવજો, વિસારશો મા એહ વચનને ॥
વળી વારું[૪] છું તમને, બેસશો મા રાવણ આસને ॥ ૨ ॥
પછી જઈ જોઈ લંકાપુરી, દીઠી રાવણની રિદ્ધિ[૫] અતિ ॥
ગમ વિના બેઠા ગાદિયે, તિયાં તર્ત ફરી ગઈ મતિ ॥ ૩ ॥

**૧.**સો એ સો ટકાની **૨.**દેવોને **૩.**રાજગાદીએ **૪.**ના પાડું છું **૫.**સમૃદ્ધિ

ત્યાં તો સુણ્યું નગારું સેનનું,[1] શ્રીરામનું શ્રવણે કરી ॥
કહે કેનું નગારું એ કોણ છે, મારી કાઢો એ સેના પરી ॥૪॥
એમ વચન વિસારતાં, મતિ રતી પણ નવ રઈ ॥
પછી આસનથી ઊતર્યા, ત્યારે ભારે અતિ ભોંઠપ[2] થઈ ॥૫॥
વળી અયોધ્યાની વારતા, રામે કહ્યું રામાનુજને ॥
આવવા મા દેશો અમ પાસળે, વળી પૂછ્યા વિના મુજને ॥૬॥
અણ પૂછ્યે દીધી આગન્યા, દુર્વાસાને દર્શન તણી ॥
તે વચન લોપાણું જાણી રામજી, કહ્યું જ્યારે મુનિસભા ભણી ॥૭॥
ત્યારે ઋષિ કહે વચનદ્રોહીનું, મુખ ન જોવું પાછું ફરી ॥
નિષ્કુળાનંદ પછી રામાનુજે, વાત સત્ય એ માની ખરી ॥૮॥

**પદ-૪ (રાગ-ધોળ) 'આજ મારે ટાણું રે આવ્યું છે મહાસુખનું'** એ ઢાળ.

સંતો વચનદ્રોહીનો ધણી નહિ, ઘણું રે ગુનેગાર રે;
સંતો જ્યાં જ્યાં જાયે ત્યાં જન મળી, વળી કરે તિરસ્કાર રે.
સંતો૦ ॥૧॥
સંતો લેશ વચન જો લોપિયે, અતિ થઈ ઉન્મત્ત રે;
સંતો એક એકડો જેમ ટાળતાં, ખોટું થઈ જાયે ખત[3] રે.
સંતો૦ ॥૨॥
કોઈ સો કન્યા પરણાવે સુતને, પછી મરે મોટિયાર[4] રે;
રાંડ્યા વિના એમાં કોણ રહે, રાંડે સૌ એક હાર રે.
સંતો૦ ॥૩॥
એમ વચન વિના આ વિશ્વમાં, વરતે છે જે વિમુખ રે;
નિષ્કુળાનંદ તેને નીરખતાં, સંત ન માને સુખ રે.
સંતો૦ ॥૪॥

**૧.**સેનાનું **૨.**શરમ **૩.**હૂંડી; ચેક **૪.**પતિ

## કડવું-૧૭

**વિમુખનું મુખ અતિ દુઃખદેણજી, નજરોનજર ન જુઓ એનાં નેણજી**
**કાને કરી કેદી ન સુણો એનું કે'ણજી, વદને ન વદો[1] વિમુખશું વેણજી**

વદને ન વદવું વિમુખશું, તેમ સ્પર્શવું નહિ પંડ્યે કરી ॥
સર્વે પ્રકારે સમજી, પાપીને મૂકવા પરહરી ॥ ૨ ॥
કોઈ રીતે કુપાત્રનો, ગુણ ગરી જાય જો ઘટમાં ॥
તો પાર પોત[2] પામતાં, તરી ભાંગ્યું જાણો જઈ તટમાં ॥ ૩ ॥
પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની[3] ॥
તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાં લગી નથી સોબત કુસંગની ॥ ૪ ॥
શોભનિક શરીર ત્યાં લગી, જ્યાં લગી નથી કોઢ કપાળમાં ॥
તેમ સંત શિરોમણિ ત્યાં લગી, જ્યાં લગી ના'વ્યો વિમુખની જાળમાં ॥ ૫ ॥
વાવ્યો મોલ[4] સારો ત્યાં લગી, જ્યાં લગી નથી ખવાણો ખડજમાં[5] ॥
તેમ ભક્તની ભલાઈ ત્યાં લગી, જ્યાં લગી ના'વ્યો વિમુખની વડજમાં[6] ॥ ૬ ॥
તેમ મુક્તની મોટપ ત્યાં લગી, જ્યાં લગી નથી પંચવિષયનો પ્રસંગ ॥
દેહ ઈન્દ્રિય મન પ્રાણથી, અતિ રહે છે અસંગ ॥ ૭ ॥
જેવા વિમુખ છે બા'રના, તેવા[7] વિમુખ છે ઉરમાંય ॥
નિષ્કુળાનંદ કહે ન કરિયે, એનો વિશ્વાસ કાંય ॥ ૮ ॥

## કડવું-૧૮

**વિમુખનો સંગ તજો તતકાળજી, હૈયે જાણી હડકાયા શ્વાનની લાળજી**
**વળગી અળગી કરતાં જંજાળજી,[8] જાણજો જરૂર એજ જમ જાળજી**

**૧.**બોલો **૨.**વહાણ **૩.**સર્પની **૪.**ખેતરમાં ઉગાડેલા છોડ **૫.**વધારાના ઘાસમાં **૬.**ઝપટમાં **૭.**કામ, માનાદિ દોષો **૮.**મોટી ઉપાધિ

જમની જાળ જાણીને, તન મનમાં રાખવો ત્રાસ ॥
ભૂલ્યે પણ હરિભક્તને, નવ બેસવું એહને પાસ ॥ ૨ ॥
જેમ રાહુ સંગે રાકેશ[૧] રવિનું, અતિ તમે[૨] થાય તેજ લીન ॥
તેમ હરિ વિમુખના સંગથી, થાય મતિ અતિ મલિન ॥ ૩ ॥
પ્રાવૃટ[૩] ઋતુ અંત પરખિયે,[૪] જ્યારે ઊગે અગસ્ત્ય[૫] આકાશ ॥
જળ સંકોચાયે સ્થળથી, તેમ વિમુખથી મતિ નાશ ॥ ૪ ॥
જેમ વાયુના વેગે કરીને, વિખાઈ જાયે વળી વાદળાં ॥
તેમ વિમુખ વચનના વેગથી, જાય શુભ ગુણ આદિ સઘળાં ॥ ૫ ॥
વાંસ[૬] વિછણ્ય વિયા[૭] જણ્યે,[૮] સુકે એક મૂકે શરીરને ॥
એમ કુસંગ અંગમાં આવતાં, મારે મોટા મુનિ ધીરને ॥ ૬ ॥
કહી કહીને કહીએ કેટલું, રે'જો હરિ વિમુખથી વેગળા ॥
પરમ પદ તો પામશો, વામશો વળી દુઃખ સઘળાં ॥ ૭ ॥
નિર્વિઘ્ન થાવા નરને, ન કરવો સંગ વિમુખનો ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, એ છે ઉપાય સુખનો ॥ ૮ ॥

## કડવું-૧૯

**શિયા સુખ સારુ લોપે છે વચનજી, એમ મોટા મુનિ વિચારે છે મનજી**
**જુવો જડબુદ્ધિવાળા જનજી, પોતાના સુખમાં પાડે છે વિઘનજી**

વિઘન પાડે છે વણ સમઝે, કાપે છે ડાળ બેસવા તણી ॥
તેને પડ્યાનું શું પૂછવું, પડશે જરૂર એના ઘણી ॥ ૨ ॥
બહુ બૂકી[૯] બીજ ધતુરનાં, જાણે ખાઈ ભાંગીશ ભૂખને ॥
પણ ઘડીક પછી ઘાંટો[૧૦] ઝલાઈ, મરીશ પામી બહુ દુઃખને ॥ ૩ ॥

**૧.**ચંદ્ર **૨.**અંધારે **૩.**ચોમાસું **૪.**સમજીએ **૫.**એ નામનો તારો **૬.**એક વૃક્ષ **૭.**બચ્ચાં **૮.**જન્માવે ત્યારે **૯.**બુકડાવી-ખાઈને **૧૦.**શ્વાસ; અવાજ

કાપે છે સર્પનો કંડિયો, માગ થાતાં મૂષો[1] મલકાય છે ॥
પણ જાણતો નથી આખુ[1] આંધળો, જે હમણાં ખીજી નાગ ખાય છે ॥ ૪ ॥
ચાલે છે ચોરને મારગે, ખરાખરું માને છે ક્ષેમ[2] રે ॥
પણ શીશ કપાણાં જ્યાં સોયે સોયનાં, ત્યાં કુશળ રહીશ કેમ રે ॥ ૫ ॥
એમ વાઢી વેલી વચનની, ફેર[3] પાકેલ ફળ કેમ મળશે ॥
ફળ એનું ફજેત[4] થઈને, વેઠચે વેકર્ય[5] દળશે ॥ ૬ ॥
કાં તો ખર ઊંટ અવતાર પામી, અણતોળ્યો ભાર ઉપાડશે ॥
કસર કરશે ચાલતાં તો, ધણી એનો ધોકે તાડશે ॥ ૭ ॥
માટે જોઈ વિચારી જગદીશનાં, વિમુખ રે'જો મા વચનથી ॥
નિષ્કુળાનંદ કહે નાથના, ઘરમાં અંધારું ઘોર નથી ॥ ૮ ॥

## કડવું-૨૦

**જો જો આ જગતમાં જીવનાં સુખજી, દેહ પરજંત[6] ભોગવે છે દુઃખજી**
**અન્ન જળ તૃણ આહાર વિના વેઠે છે ભૂખજી, તે તો જન જાણજો હતા હરિથી વિમુખજી**

હરિ વિમુખની વારતા, સાંભળો તો સર્વે કઉં ॥
નથી ઉધારો એહનો, નજરો નજર દેખાડી દઉં ॥ ૨ ॥
જન્માંતરે જન જાણજો, હરિકથા ન સાંભળી કાન ॥
તે તો નર બધિર[7] થયા, એહ દંડ દીધો ભગવાન ॥ ૩ ॥
જન્માંતરે હરિ હરિજનનું, રૂપ ન જોયું નયણે ॥
તેણે કરી થયા આંધળા, હવે સૂઝે નહિ દિન રેયણે[8] ॥ ૪ ॥
જિહ્વાયે નામ જગદીશનું, અજાણે પણ ઉચ્ચર્યા નઈ ॥
તે જન માનો મૂંગા થયા, બોલવાની હવે બંધી થઈ ॥ ૫ ॥

**૧.**ઉંદર **૨.**પોતાનું હિત-સુખ **૩.**પછી **૪.**બદનામ **૫.**રેતી **૬.**દેહ રહે ત્યાં સુધી **૭.**બહેરા **૮.**રાત્રે

જે જને હરિકથા સાંભળી, કાઢી દેશી કાલું કાલું કથી ॥
તે જન થયા તોતળા, હવે બોલી સમઝાતી નથી ॥ ૬ ॥

લૂલા પાંગળા રોગી વિયોગી, દુઃખી દીન દરિદ્રી અતિ ॥
તે તો પૂર્વના પાપથી, દુઃખ ભોગવે છે દુર્મતિ ॥ ૭ ॥

એહ દંડ જાણો દૈવનો, ભોગવે છે વિમુખ વળી ॥
નિષ્કુળાનંદ ન લોપિયે, હરિવચન આવું સાંભળી ॥ ૮ ॥

**પદ-૫ (રાગ-સિંધુ રામગ્રી)** 'મન રે માન્યું નંદલાલશું' એ ઢાળ.

સમજીને સમજુ રે, વા'લાં કરો હરિનાં વચન;
દેખી પેખીને[1] દુઃખમાં, શીદ પરાણે પડિયે જન..સમજી૦ ॥ ૧ ॥

જેને વચને વિઘન વિરમે, પામિયે પરમ આનંદ;
એવાં વચન જે ઉલ્લંઘે, તે તો કા'વે મૂરખ મતિમંદ. સમજી૦ ॥ ૨ ॥

અસમર્થની જે આગન્યા, મનાયે ન મનાયે મન;
પણ સમર્થના વચનમાં, રહિયે રાજી થઈ નિશદિન..સમજી૦ ॥ ૩ ॥

શ્રીહરિ રીઝવી સુખ લૈયે, ખીજવીને ન ખાય ખોટ;
નિષ્કુળાનંદ કહે ન કીજિયે, એવું લઈ અવરની ઓટ[2]. સમજી૦ ॥ ૪ ॥

## કડવું-૨૧

**ખીજવે હરિને ખાટ્ય[3] ન થાયજી, એ પણ જાણવું જન મન માંયજી**
**જેથી થાય દુઃખ સુખ સર્વ જાયજી, એવો નવ કરવો કોઈ ઉપાયજી**

ઉપાય એવો કરવો નહિ, જેણે કરી ખીજે જગદીશ ॥
રાજી કર્યાનું રહ્યું પરું,[4] પણ હરિને ન કરાવો રીશ ॥ ૨ ॥

હઠ કરી હરિ ઉપરે, કોઈ સેવક કરે સેવકાઈ ॥

---

**૧.**જાણી જોઈને **૨.**બીજાની ઓથ; દેખાદેખીએ **૩.**લાભ **૪.**દૂર

તે સેવક નહિ શ્રી હરિતણો, એ છે દાસ જાણો દુઃખદાઈ ॥ ૩ ॥
મન ગમતું મૂકે નહિ, કરે હરિ હઠાડવા[1] હોડ[2] ॥
એવા ભક્ત જે ભગવાનના, તેને કહિયે કપાળના કોડ ॥ ૪ ॥
**ન કરે ગમતું ગોવિંદનું, નિજ ગમતું કરાવે નાથને ॥**
**જો મોડે ગમતું એના મનનું, તો શોધે વિમુખના સાથને ॥ ૫ ॥**
હરકોઈ વાતે હટકી,[3] ચટકીને[4] ચાલી નીસરે ॥
હેત તોડી હરિ હરિજનશું, વિમુખશું વાલ્યપ કરે ॥ ૬ ॥
એવા જાલમ[5] જનને, જાળવ્યા જોયે જગદીશને ॥
રીઝે તો ન રહે રીતમાં, ખીજે તો કાપે શીશને ॥ ૭ ॥
વચન દ્રોહીથી લાગે વસમી, એવા સેવકની સેવકાઈ ॥
નિષ્કુળાનંદ એવી ભગતી, ભક્તને ન કરવી ભાઈ ॥ ૮ ॥

## કડવું-૨૨

**હઠ કરી હરિશું રાધિકા રાણીજી, શ્રીકૃષ્ણ સાથે બોલ્યા રીશ આણીજી**
**હતા ગોલોકે પોતે પટરાણીજી, આવ્યા અવનિ પર થયા આહીર રાણીજી**

આહીરને ઘેર અવતર્યા, રહ્યાં દીનબંધુથી દૂર ॥
એવી મોટપ મટો પરી, નથી જોઈતી જનને જરૂર ॥ ૨ ॥
એ તો ભક્ત હતાં ભગવાનનાં, રાધિકા તે રમા સમાન ॥
એને અરથે આવિયા, શ્રી કૃષ્ણ કૃપાનિધાન ॥ ૩ ॥
પણ અતિ અવળાઈ આરંભી, શ્રી હરિથી લેવું સુખ ॥
એવું ભક્ત ન કરે ભગવાનના, કરે હોય હરિથી વિમુખ ॥ ૪ ॥
વળી એક સમામાં ઉમાએ, રોતા દીઠા રામજીને રાન[6] ॥

**૧.**પાછા પાડવા **૨.**વાદ **૩.**અટકી **૪.**રિસાઈ કે ખિજાઈને **૫.**અડબંગ; માથાભારે **૬.**વનમાં

પિનાકી[1] જઈ પાયે પડ્યા, થયાં સતી અતિ સંશયવાન ॥ ૫ ॥
તેને શિવે ઘણું સમજાવિયાં, પણ સમજ્યાં નહિ લવલેશ ॥
પારખું લેવા પરબ્રહ્મનું, લીધો વૈદેહીનો[2] વેષ ॥ ૬ ॥
ત્યારે રામ કહે દાક્ષાયણી,[3] એકલાં કેમ છો ઈશ કિયાં ॥
ત્યારે પામી લજ્જા ગયાં પિનાકી પાસળે, જેમ થયું તેમ કે'વા રહ્યાં ॥ ૭ ॥
ત્યારે જાનકી થયાં જાણી જટીએ,[4] તર્ત ત્યાગી દીધાં તેહને ॥
નિષ્કુળાનંદ એવું નીપજ્યું, અવળાઈનું ફળ એહને ॥ ૮ ॥

## કડવું-૨૩

**મનનું ગમતું મૂકવું મોટાને પાસજી, વર્તવું વશ્ય થઈ દાસના દાસજી**
**તો તન મને નાવે કે દી ત્રાસજી, જો રહે એવો અખંડ અભ્યાસજી**

અભ્યાસ એવો રાખવો, મોટા આગળ મેલવું માન ॥
જોઈ લિયો સહુ જીવમાં, એમાં જાણો નથી કાંઈ જ્યાન[5] ॥ ૨ ॥
**માન મૂકે માન વધે, માન રાખ્યે ઘટી જાય માન ॥**
**એમ સમજી સંત શાણા, માન મૂકવા છે અતિ તાન ॥ ૩ ॥**
દેહધારી દુઃખી માનથી, નિરમાની રે' સુખી સદાઈ ॥
વિઘન રહે એથી વેગળાં, વળી કષ્ટ ન આવે કાંઈ ॥ ૪ ॥
માને કરી મોટા તણો, અપરાધ તે આવે બની ॥
તે કથા સુણી છે શ્રવણે, ચિત્રકેતુ સુરેશ ને શિવની ॥ ૫ ॥
વચનદ્રોહી વિમુખથી, ખોટ્ય માનીની મોટી અતિ ॥
અવગુણ લિયે હરિજન હરિનો, એવી માન ફેરવે છે મતિ ॥ ૬ ॥
**માની કેનું માને નહિ, મર હોયે વાલપ્યનાં વેણ ॥**

**૧.**શંકર **૨.**સીતાજીનો **૩.**પાર્વતી **૪.**શિવજીએ **૫.**નુકશાન

**આપ ડા'પણમાં દેખે નહિ, રહે અંધધંધ દિન રેણ ॥૭॥**

કામી ક્રોધી લોભીને લજ્જા, કેદી આવી જાયે ઉરમાંઈ ॥
નિષ્કુળાનંદ માનીને મને, લાજ શરમ નહિ કાંઈ ॥૮॥

## કડવું-૨૪

**હરિના જનને જાણજો એહ ખોટ્યજી, ગુણ વિના ગણે છે મનમાં મોટ્યજી**
**તેમાં તો રહ્યા છે ક્લેશ કોટ્યજી, દગહીણા[1] દીયે છે તેમાંહી દોટ્યજી**

દોટ્ય દિયે છે ખોટ્ય ટાળવા, પણ ખોટ્ય રજ[2] ખસતી નથી ॥
ઈર્ષ્યા રહી તેને આવરી, તે અળગી ન થાયે ઉરથી ॥૨॥

**ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાની ભૂલ ॥**
**અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ ॥૩॥**

ત્રાજુ લઈ બેસે તોળવા, સહુનો કાઢવા સમાર[3] ॥
બીજા થકી વળી બમણો, ભાળે પોતામાં ભાર ॥૪॥

એવી અભાગણી ઈરષ્યા, જેને ગુરુ સંતની ગણતી નહિ ॥
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષ્યા કરે છે રહી ॥૫॥

જે જળમાંહિ મળ[4] ટળે, તે જળમાં મળ ભૂંસે જઈ ॥
તેને શુદ્ધ થવા શરીરે કરી, ઉપાય એકે મળે નઈ ॥૬॥

જેવી વચનદ્રોહીની ખોટ્ય વર્ણવી, તેવી જ માન માંહી રહી ॥
તેમ ઈર્ષ્યામાંહી ઓછી નથી, છે પરિપૂર્ણ માનો સહિ ॥૭॥

હરિજનને હાણ હમેશે, ઈર્ષ્યા કરે છે ઉર તણી ॥
નિષ્કુળાનંદ કહે નિત્ય પ્રત્યે, ખાટ્ય નથી છે ખોટ્ય ઘણી ॥૮॥

**૧.**આંખ રહિત-અજ્ઞાની **૨.**લેશ **૩.**માપ **૪.**મેલ

**પદ-૬ (રાગ-સિંધુ રામગ્રી)** 'મન રે માન્યું નંદલાલશું' એ ઢાળ.

**સંત સાચા તે કહિયે રે, કાઢે ખોટ્ય ખોળી ખોળી બા'ર;**
**અંતરમાં રહે ઊજળા, ડાઘ[1] લાગવા ના'પે લગાર..સંત૦ ॥ ૧ ॥**

દેખે નહિ દોષ પારકા, ભાળે પોતાની ભૂલ;
ગણે અવગુણ આપણા, માને સંત હરિના અમૂલ..સંત૦ ॥ ૨ ॥

**સમજે સુખદાયી સંતને, દુ:ખદાયી પોતાનું મન;**
**અરિ[2] મિત્રને ઓળખી, તજે ભજે તે હરિજન..સંત૦ ॥ ૩ ॥**

અંતરે ન પડે અવળી, આંટી હરિ હરિજન સાથ;
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, રીઝે એવા જનપર નાથ..સંત૦ ॥ ૪ ॥

## કડવું-૨૫

**હરિ રાજી કરવા હોય હૈયે હામજી, તો સંત સંગે હેત રાખો આઠું જામજી**
**સંત છે સર્વ સુખના ધામજી, તેહ વિના કેદિયે ન સરે કામજી**

કામ ન સરે સતંસંગ વિના, ત્યારે તેને જ સોંપવા પ્રાણ ॥
મન કર્મ વચને કરી, થઈ રે'વા સંતના વેચાણ ॥ ૨ ॥

આ લોક પરલોકમાં પડે, જાણો જરૂર જેનું કામ ॥
તેને સંગાથે કેમ ત્રોડિયે, જાણી સદાય સુખનું ધામ ॥ ૩ ॥

વિવાદ કરી કેમ વદીએ,[3] અતિ વચન અકડથી[4] ॥
જેને ફળે ફૂલે દળે દુ:ખ ટળે, તે તરુ[5] ન છેદિયે થડથી ॥ ૪ ॥

જે બારણેથી બંધ છૂટિયે, તે બંધ ન કરિયે બારણું ॥
જેને આધારે જીવિયે, તેને ન કરિયે મારણું ॥ ૫ ॥

જેમ કોઈ રાખે અન્ન પર રૂસણું,[6] વળી વારિશું રાખે વેર ॥

**૧.**કામ,ક્રોધાદિનું કલંક **૨.**શત્રુ **૩.**બોલીએ **૪.**અક્કડાઈથી **૫.**વૃક્ષ **૬.**રિસામણું; વેર

તે જન એમ નથી જાણતો, જે હું જીવીશ તે કઈ પેર ॥૬॥
એમ સંત સાથે રાખી શત્રુતા, વળી કરે સુખની આશ ॥
તે દિન થોડે દુઃખ પામશે, કાં કરતો નથી તપાસ ॥૭॥
**મળવું છે મહારાજને, રાખી સંત સંગાથે રોષ ॥**
**નિષ્કુળાનંદ કહે એ નહિ બને, રખે દેતા કોઈને દોષ ॥૮॥**

## કડવું-૨૬

**સંતને સોંપિયે સર્વે આપણુંજી, એથી અંતરાય ન રાખીએ અણુંજી**
**કરિયે ગમતું સાચા સંતતણુંજી, તો સંત અત્યંત રાજી થાય ઘણુંજી**
**ઘણું રાજી કરી સંતને, કૈક પામિયા પરમ ધામ ॥**
**સંત વિના શોધી જુવો સઘળે, કહો કેનું સરિયું કામ ॥૨॥**
જેમ નાવ વિના નીરનિધિમાં,[૧] નથી તરવા અન્ય ઉપાય ॥
તેમ સંત વિના સંસાર તરવા, શીદ ઈચ્છે કોઈ ઉરમાંય ॥૩॥
**જેમ રવિ વિનાની રજની, જાણો નથી જાવાની જરૂર ॥**
**તેમ સંત વિના અજ્ઞાન અંધારું, કે દી ન થાયે દૂર ॥૪॥**
જેમ વરસાત વિના વસુંધરા,[૨] સદાયે સૂકી રહે ॥
તેમ સંત વિના જીવ જગતના, કહો સુખ ક્યાંથી લહે ॥૫॥
તેવા સંતશું ત્રોડિયે, જોડિયે પાપીશું પ્રીત ॥
તેને સુખ થવાનું નથી સૂઝતું, ચિંતવી જોયે છૈયે ચિત્ત ॥૬॥
ફોડી આંખ્ય થાય આંધળો, પછી ઈચ્છે જોવા રૂપને ॥
રૂપ જોયાનું રહ્યું પરું, જો ભરે[૩] નહિ ઊંડા કૂપને[૪] ॥૭॥
માટે સાચા સંત સેવીને, કરિયે રાજી રળિયાત ॥
નિષ્કુળાનંદ તો નરને, સુધરી જાયે સર્વે વાત ॥૮॥

**૧.**સમુદ્રમાં **૨.**પૃથ્વી **૩.**પડે **૪.**કૂવામાં

## કડવું-૨૭

**સાચા સંત જાણો જગતમાં થોડાજી, બીજા બહુ ઘરોઘર ફરે માથાફોડાજી**
**જ્યાં ત્યાં ખાય છે જગતના જોડાજી,[૧] તોય નથી લાજતા પ્રજાપતિ[૨] ઘરઘોડાજી[૨]**

ઘોડા પ્રજાપત ઘરના, ખાયે ખતા[૩] ખણુંખણું[૪] એ ઘણા ॥
એવા સાધુ કે'વાય છે સંસારમાં, અતિ લબાડ લજામણા ॥ ૨ ॥

ખાનપાનને રહે ખોળતા, ત્રિયા ધનને તાકે ઘણું ॥
માળા તિલક ને મુદ્રા એની, ધારે છે ધીરવવાપણું[૫] ॥ ૩ ॥

વેષ ઉપદેશ વારતા, કરે સાચા સંતના સરખી ॥
પણ ભરી ભૂંડાઈ ભીંતરે, તે તો કોણે પણ નવ્ય પરખી ॥ ૪ ॥

ફેલમાં બહુ ફશી રહ્યા, વ્યસની ને વળી વટાળ[૬] ઘણો ॥
તીર્થ વ્રત નિયમ ન માને, કરે દ્રોહ તે ધર્મતણો ॥ ૫ ॥

એવા સાધુ થઈ સંસારમાં, પૂજાય છે પાપી મળી ॥
પ્રભુની બાંધી મરજાદને, ત્રોડવા છે ત્યાર વળી ॥ ૬ ॥

એવા સાધુને સેવતાં, પુણ્ય પૂર્વનાં પરજળે[૭] ॥
આપે ખોટ્ય મોટી અતિ, જે જનને એવા મળે ॥ ૭ ॥

ગદ્ધા ધોળા ધોળ્યા પરા, સારી લાગે શ્યામળી ગાય ॥
નિષ્કુળાનંદ ગાય પૂજીએ, પણ ખર[૮] ખરા ન પૂજાય ॥ ૮ ॥

## કડવું-૨૮

**સાચા શુદ્ધ સંતનો સમાગમ ક્યાંથીજી, થોડે પુણ્યે કરી એ થાતો નથીજી**
**જેણે કરી છુટિયે મહાદુઃખમાંથીજી, જરૂર જીવના એ સાચા સંગાથીજી**

**૧.**પગરખા **૨.**કુંભારના ઘરે બાંધેલા ગધેડા જેવા **૩.**ઘા; ધોકા **૪.**વારંવાર **૫.**બીજાને વિશ્વાસમાં લઈ કાંઈક લેવાનું **૬.**ખાવામાં ધર્મભ્રષ્ટ **૭.**નાશ પામે **૮.**ગધેડા

**સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાંય ॥**
**ભવસાગરમાં ડૂબતાં, સાચા સંત કરે છે સા'ય ॥ ૨ ॥**
વા'રુ[1] છે વસમી વેળાતણા, જ્યારે આવે પળ વળી આકરી ॥
તે સમે સાચા સંત સગા, કાં તો સગા છે શ્રીહરિ ॥ ૩ ॥
તેહ વિના ત્રિલોકમાં, નથી જીવને ઠરવા ઠામ ॥
આદ્યે અંત્યે મધ્યે માનજો, સર્યા સહુનાં એથી કામ ॥ ૪ ॥
તે સંત શાણા[2] શુભગુણે, જેમાં અશુભ ગુણ નહિ એક ॥
પરઉપકારી સગાં સહુનાં, ધર્મ નિયમવાળા વિશેક ॥ ૫ ॥
કામ ક્રોધ લોભે કરી, જેને અંતરે નથી ઉત્તાપ ॥
નિર્માની નિઃસ્પૃહી નિઃસ્વાદી, નિર્મોહી વળી નિષ્પાપ ॥ ૬ ॥
જક્તદોષ જેના જીવમાં, વળી અડ્યો નથી અણુ ભાર ॥
એવા સંત શુદ્ધ શિરોમણિ, ત્રિલોકના તારનાર ॥ ૭ ॥
વચન ન લોપે વાલાતણું, હોય પંડ્યમાં જ્યાં લગી પ્રાણ ॥
નિષ્કુળાનંદ એવા સંતના, શ્રીહરિ કરે છે વખાણ ॥ ૮ ॥

**પદ-૭ (રાગ-ધોળ) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

સંત સાચા તે સંસારમાં, રહે હરિવચને હમેશ રે;
આપત્કાળ જો આવે આકરો, તોયે વચન લોપે નહિ લેશ રે.
સંત૦ ॥ ૧ ॥
અખંડ પાળે જો હરિઆગન્યા, ઈચ્છે નહિ આ લોકના સુખ રે;
દેહ અભિમાનને દૂર કરી, સદા રહે હરિસન્મુખ રે.
સંત૦ ॥ ૨ ॥
મરજી ન લોપે મહારાજની, આવે અંગે દુઃખ જો અતોલ[3] રે;

**૧.**રક્ષક; વહારે આવનારા **૨.**ડાહ્યા **૩.**માપબારું

સાબિત[1] કીધી છે સાટે શીશને, ખરી કરી મનમાંય ખોળ[2] રે.
સંત૦ ॥ ૩ ॥
એવું એક અંગ રંગ ઊતરે નહિ, એક રે'ણી કે'ણી ટેક એક ઉર[3] રે;
નિષ્કુળાનંદ કહે એવા સંતને, દરશને થાયે દુઃખ દૂર રે.
સંત૦ ॥ ૪ ॥

## કડવું-૨૯

**એવા સાચા સંતનો સમાગમ સારોજી, જેથી આવે જાણજો દુઃખનો આરોજી[4]**
**પ્રભુ પામવાનો ન રહે ઉધારોજી, બીજાનો સંગ છે બહુ નઠારોજી**

નઠારો સંગ નરસાતણો, કહું છું કોઈ કરશો નહિ ॥
નાગ વાઘ વિષ વહનિ, એ વિમુખથી સારાં સહિ ॥ ૨ ॥
ગાળે હિમાળે બાળે વિજળી, વળી કૂવે પડે નર કોય ॥
શીશ કાપે આપે શૂળિયે, તોયે વિમુખ દુઃખસમ નોય ॥ ૩ ॥
એથી મરવું એકવાર પડે, પછી પામીએ એહનો પાર ॥
પણ જનમ મરણ જીવને, વિમુખથી વારમવાર ॥ ૪ ॥
ઢેઢ ઢેમર[5] ઢોલવી મ્લેછ,[6] પારાધી[7] ગઉમાર[8] ॥
એના સ્પર્શના પાપથી, વિમુખનું પાપ અપાર ॥ ૫ ॥
પાપી વિમુખના સ્પર્શનું, ક્યાં જઈ ધુએ કિલબીષ[9] ॥
ટાળી ન ટળે કોઈની, જેમ ગળી[10] મળીની[10] મેષ[10] ॥ ૬ ॥
પૂરણ પાપે સ્પર્શ એનો, પામે કોઈ પ્રાણી મળી ॥
અનંત જનમનું સુકૃત[11] સર્વે, વિમુખ સ્પર્શે જાયે બળી ॥ ૭ ॥

**૧.**સિદ્ધ=પ્રેક્ટિકલ **૨.**તપાસ **૩.**એક જ ધ્યેય-વિચાર **૪.**કિનારો; છેડો **૫.**માછીમાર **૬.**મુસલમાન **૭.**શિકારી **૮.**ગાયને મારનાર **૯.**પાપ **૧૦.**તેલનો જૂનો, ચીકણો ને કાળો મેલ **૧૧.**પુણ્ય

એમ સરવે પ્રકારે સમજીને, તજવો તે સંગ વિમુખનો ॥
નિષ્કુળાનંદ કહે તો પામશો, સારો દિવસ સુખનો ॥૮॥

## કડવું-૩૦

**વચનદ્રોહીનો વિશ્વાસ કરતાંજી, પાર ન આવે ચોરાસી ફરતાંજી**
**મહાદુ:ખ પામિયે જનમતાં મરતાંજી, માટે દિલમાં રહિયે એથી સદાયે ડરતાંજી**

ડરતા રહિયે અતિ દુષ્ટથી, દગે[૧] દેખી લૈયે દગાદાર[૨] ॥
સમો આવે તો શત્રુપણું, વાવરતાં ન કરે વાર ॥૨॥

જેમ ચિત્ર[૩] ચાપ[૪] આપે નમે, પણ લિયે બીજાના પ્રાણ ॥
તેમ વિમુખ મુખે મીઠું વદે, પણ ફેરવે ચારે ખાણ[૫] ॥૩॥

જેમ ભરી બંદૂક બરિયાનમાં,[૬] કપિ[૭] કળી[૮] વળી મૂકે કાનમાં[૯] ॥
અડાડીને રહે અળગો, પણ સામાને રોળે[૧૦] રાનમાં[૧૧] ॥૪॥

સમજી સુંવાળા સર્પને, કોઈ સુવે વળી લઈ સોડ્યમાં ॥
માનજો મને તેને મારશે, અવશ્ય કરડી ઓડ્યમાં ॥૫॥

વિકટ અટવિ[૧૨] વાટમાં, વેરી લિયે વળાવડે[૧૩] ॥
તેને કહો કુશળ રે'વાની, પ્રતીતિ તે કેમ પડે ॥૬॥

તેમ વચનદ્રોહીનો વિશ્વાસ કરે, રાખે હરિવિમુખશું હેત ॥
તેને સુખ થાવા શીદ પૂછવું, જે વશ્યો દુ:ખનિકેત[૧૪] ॥૭॥

માટે સર્વે પ્રકારે સમજો, વર્જો[૧૫] સંગ વચનદ્રોહીનો ॥
નિષ્કુળાનંદ કહે નિર્ભય થાવા, રાખો સંગ સંત નિર્મોહીનો ॥૮॥

**૧.**જ્ઞાનરૂપી આંખથી **૨.**દગો કરનાર **૩.**ઝેરી સાપ અથવા ચિત્તો **૪.**ધનુષ્ય **૫.**લખચોરાશીમાં **૬.**બંદૂકની નાળમાં **૭.**વાંદરો **૮.**સળગતી વાટ; જામગરી **૯.**બંદૂકની નાળના મોંઢે **૧૦.**મારે **૧૧.**જંગલમાં **૧૨.**વન **૧૩.**અંગ-રક્ષક તરીકે **૧૪.**દુ:ખના ઘરમાં **૧૫.**ત્યાગ કરો

## કડવું-૩૧

**હરિવિમુખ થાશે હેરાણજી, મરશે ફરશે ભરશે ચારે ખાણજી**
**થાશે પરવશ પરનો[૧] વેચાણજી,[૨] ત્યારે પડશે એ પાપની પે'ચાણજી[૩]**

પે'ચાણ પડશે પાપની, જ્યારે જડશે[૪] જોડા મૂંડમાં[૪] ॥
ત્યારે આંખ્ય ઊઘડશે, પડશે માર જ્યારે પંડમાં ॥ ૨ ॥
જાણી જોઈ જગદીશનાં, વિમુખ લોપે છે વચનને ॥
મર માણે આજ મોજને, પણ પડશે ખબર તજે તનને ॥ ૩ ॥
ટીપ[૫] થાશે ત્રણે કાળમાં, અન્ન વસન વિના રે'શે વનમાં ॥
રાત દિવસ રડવડશે, ત્યારે વિચારશે મનમાં ॥ ૪ ॥
શીશ ડોલાવી શોક કરશે, કે'શે ક્યાંથી વચનદ્રોહી થયો ॥
સંત ઘણું સમજાવતા, પણ હું તો દેહમાની રહ્યો ॥ ૫ ॥
કિયાં જાઉં હવે કેમ કરું, સરું દુઃખનું નથી આવતું ॥
મોટાની મરજાદ મૂકી, કર્યું મેં મન ભાવતું ॥ ૬ ॥
એમ પસ્તાશે પાપિયો, લેશે ફળ વચન લોપ્યાતણું ॥
દુઃખના દરિયા ઊલટશે, સુખ નહિ રહે એક અણું ॥ ૭ ॥
એમ કે'છે આગમમાં, સંત વળી મોટા મુનિ ॥
નિષ્કુળાનંદ કે' હરિદ્રોહી સમ, ખોળતાં વળી ન મળે ખૂની[૬] ॥ ૮ ॥

## કડવું-૩૨

**વચનદ્રોહીની વાત સાંભળીજી, વચનમાં રે'જો સહુ જન મળીજી**
**નહિ તો વાત બગડશે સઘળીજી, કે'શો કેમ કહ્યું નહિ વે'લું તે વળીજી**

**૧**.બીજાનો **૨**.ગોલો; નોકર **૩**.ઓળખાણ **૪**.માથામાં બૂટ મારશે **૫**.સજા-દંડ **૬**.ખતરનાક; અત્યાચારી; પાપી

વળી વળી વાત વર્ણવી, વિમુખની વારમવાર ॥
તે સરવે સાચી માનજો, જૂઠી જાણશો મા જવભાર[૧] ॥ ૨ ॥
માની ઈરષ્યાવાનની, સંત અસંતની વાત વર્ણવી ॥
તે પ્રસિદ્ધ છે પુરાણમાં, નથી કહી કાંઈ એ નવી ॥ ૩ ॥
જે જે ગયા જમપુરીએ, તે તો વિમુખને વચને કરી ॥
માટે સમજુ સમજી, મેલો પાપીને પરહરી ॥ ૪ ॥
ભોળા મનુષ્યને ભોળવી, વળી ફાંસી નાંખશે કોટમાં ॥
જીવ બિચારા જીવિતવ્ય હારી,[૨] ખ્વાર[૩] થાય છે ખરી ખોટમાં ॥ ૫ ॥
એટલા માટે ઓળખાવિયું, વિમુખનું વિઘન વળી ॥
સહુ જન એ સાવચેત રે'જો, શીખની[૪] વાત આવી સાંભળી ॥ ૬ ॥
જેમ છે તેમ જણાવિયું, સર્વે વાતનું સ્વરૂપ ॥
હિતકારી છે હરિજનને, છે વિમુખને વિષરૂપ ॥ ૭ ॥
પૂરણ સુખને પામવા, ઈચ્છા કરે કોઈ ઉર ॥
નિષ્કુળાનંદ તે જનને, જોઈએ જાણવું આટલું જરૂર ॥ ૮ ॥

**પદ-૮ (રાગ-ધોળ) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

જ્યાન[૫] છે જરૂર તે જાણજો, વસતાં તે વિમુખની પાસ રે;
આળ આવી ચડે અણચિંતવી, થઈ જાયે ધર્મનો નાશ રે.
જ્યાન૦ ॥ ૧ ॥

વિમુખ આપે છે પાંતી[૬] પાપમાં, ભોળવીને કરે ભાગદાર રે;
અણકર્યું પડે આવી ઉપરે, ચાલતાં મારગે ચોર હાર[૭] રે.
જ્યાન૦ ॥ ૨ ॥

**૧.**જરાપણ; તલભાર **૨.**મનુષ્ય જન્મ બગાડી **૩.**ખુવાર; બરબાદ **૪.**હિત-ઉપદેશની
**૫.**નુકશાન **૬.**ભાગ; હિસ્સો **૭.**સાથે

ન હોય ઘાટ એવો ઘટમાં, થાવા વળી વચનથી બા'ર રે;
વિમુખની વાત ઉર ઊતરે, તો થાયે પાપમાંહી પ્યાર રે.
જ્યાન૦ ॥ ૩ ॥

પછી અટક[૧] ન રહે આજ્ઞાતણી, રાખે જ્યાં ત્યાં ન રે'વાય રે;
નિષ્કુળાનંદ કહે તે નર નિશ્ચે, માનો ખરો મનમુખી થાય રે.
જ્યાન૦ ॥ ૪ ॥

## કડવું-૩૩

**મનમુખી દુઃખી ભેળા થાય જ્યારેજી, પરસ્પર નર કરે વાત ત્યારેજી;**
**હું તો નીસર્યો વચનથી બા'રેજી, સર્વ અંગે સુખ પામ્યો તે વારેજી.**

સુખ પામ્યો સાંકડ્ય ટળી, નીસર્યો બંધનથી બારણે ॥
કૈક ઉપાય કર્યા'તા કહું છું, મુજને રાખવા કારણે ॥ ૨ ॥

ડાહ્યા સાધુએ આપ ડા'પણે, વળી રાખ્યો'તો મને રોકીને ॥
પણ કેણ ન માન્યું મેં કોઈનું, આવ્યો હું મંડળી મૂકીને ॥ ૩ ॥

માહાત્મ્ય મહિમા મોટપ્ય દેખાડી, જકડી બાંધ્યો'તો મારા જીવને ॥
નીસર્યાનું નો'તું બારણું, કોણ જાણે કર્યું કેમ દૈવને ॥ ૪ ॥

ઠામોઠામ મારા ઠાઉકા, ઓડા[૨] બાંધ્યા'તા અતિ ઘણા ॥
પાસલામાં[૩] મને પાડવા, રાખી નો'તી કાંઈ મણાં ॥ ૫ ॥

પણ સમો જોઈને હું સબક્યો,[૪] પાછો ખોળતાં ખોજ[૫] નવ જડ્યો ॥
ઝાઝી જતન રાખતાં પણ, એના પેચમાં હું નવ્ય પડ્યો ॥ ૬ ॥

અર્ધી રાતે હું ઊઠિયો, લખ્યાં હતાં તે પુસ્તક લઈને ॥
સુતાં મૂકી હું સહુને વળી, આવ્યો છું દાંતુંમાં[૬] દઈને ॥ ૭ ॥

**૧.**ટેક; દૃઢતા **૨.**રોકી રાખવાના સાધનો **૩.**બંધનમાં **૪.**ભાગી ગયો **૫.**નિશાન **૬.**છેતરીને; થાપ દઈને

એમ વિમુખ જન કરે વડાઈ, વિમુખ જનને આગળ્યે ॥
નિષ્કુળાનંદ કહે નિશ્ચે જેને, જાવું છે જમની ભાગળ્યે[1] ॥૮॥

## કડવું-૩૪

**વળી વદે વિમુખ મનફરજી, ઘણે દુઃખે ભર્યું મૂક્યું'તું ઘરજી**
**અંગને ન મળતું અન્ન ને અંબરજી, જાણ્યું સત્સંગમાં એ છે સભરજી**

સભર છે સત્સંગમાં, ખાવા પીવા ખૂબ ખાસું મળે ॥
જૂનું અન્ન વસન જડે નહિ, એવું સાંભળ્યું'તું સઘળે ॥૨॥
ગળી રસોયું ગામો ગામમાં, ઘણી આપશે ઘેરેઘેર ॥
જનમ ધરી જે જડી નથી, તે પામશું બહુ પેર ॥૩॥
એવું સુણી હું આવ્યો હતો, સુણી સુખ સત્સંગ માંઈ ॥
ઈયાં તો આણ્યો આંકસમાં,[2] મન ગમતું ન થાયે કાંઈ ॥૪॥
પોષ ભરી પાણી નાંખવું, અમૃત સરિખા અન્નમાં ॥
ભેળું કરેલ ભાવે નહિ, અતિ મૂંઝવણ્ય થાય મનમાં ॥૫॥
વળી માહાત્મ્ય દેખાડી મંદિરનું, ઉપડાવે ઈંટ પથરા ઘણું ॥
ત્યારે સંસાર મૂકીને શું કમાણા, જ્યારે રહ્યું એનું એ કૂટણું[3] ॥૬॥
જાણ્યું ખાશું પીશું ખૂબી[4] કરશું, ફરશું નિત્ય નવા ગામમાં ॥
ત્યાં તો અટાટ[5] નાખી આજ્ઞાતણો, કંઠ દબાવી જોડ્યો કામમાં ॥૭॥
એમ બોલે અભાગિયા, હરિ સેવામાં શ્રદ્ધા ખોઈ ॥
નિષ્કુળાનંદ એવા નરનું, મુખ રખે જોતા કોઈ ॥૮॥

## કડવું-૩૫

**વળી વિમુખ કહે હું દેખી દુઃખ ભાગોજી, સહુ મને કે'આજ્ઞામાં અનુરાગોજી**

૧.પાસે ૨.નિયમોના ભીડામાં ૩.માથાકૂટ ૪.મજા ૫.ભાર; બોજો

**તન મન મમતા સર્વે ત્યાગોજી, એવો ઉપદેશ મને લેશ ન લાગોજી**

લાગ્યો નહિ લવલેશ એનો, ઉપદેશ તે મારે અંગે ॥
ભોળો નહિ જે હું ભરમું, સમજી ન રહ્યો એને સંગે ॥ ૨ ॥

પછી ગોતી કાઢ્યો મેં ગાફલ ગુરુ, જેને અતિ ખપ ચેલા[૧] કેરડો[૨] ॥
જાણે અણચેલે રહે એકલો, જેવો ઊજડ ગામનો એરડો ॥ ૩ ॥

એવો ઓશિયાળો[૩] મેત[૪] મળ્યો, તે તો કઠણ કેમ કહી શકે ॥
દા'ડી રહિયે ડરાવતાં, વળી ટોકિયે તકે તકે ॥ ૪ ॥

સ્વપ્ન શ્રાવણ માસમાં વળી, એકાદશીના જે ઉપવાસ ॥
થાયે ન થાયે થડકો નહિ, તેનો તલભાર ન રહ્યો ત્રાસ ॥ ૫ ॥

સર્વે નિયમ સતસંગના, પળે ન પળે પુરા વળી ॥
કે'નાર તેનો કહો કોણ છે, કળી લીધી છે વાતો સઘળી ॥ ૬ ॥

બા'રે બણી ઠણી[૫] બેસિયે, સાધુ સુંદર સારા સરખા ॥
અંતરની અસાધુતાની, કહો કોણ કરે છે પરખા[૬] ॥ ૭ ॥

એવા કપટી કુટિલનો, સંગ તે સારો નહિ ॥
નિષ્કુળાનંદ નકી વારતા, કે'વાની હતી તે કહી ॥ ૮ ॥

## કડવું-૩૬

**વચન વા'લાનું લોપીને લબાડજી, પાપે પ્રવરતે છે જે પાપના પા'ડજી[૭]**
**ભાંગી ભૂંસાડી વચનની વાડ્યજી, પછી જીયાંતીયાં થાય હાડ્ય હાડ્યજી[૮]**

હાડ્ય હાડ્ય થાય છે હરિ વિમુખ, વર્તતાં વચનથી બારણે ॥
જીયાં તીયાં જડે છે જૂતિયાં,[૯] એવું કરે છે શિયા કારણે ॥ ૨ ॥

આ લોકે પરલોકે આબરુ, જેની જડે નહિ જરા જેટલી ॥

૧.શિષ્યો ૨.કેરો=માટેનો ૩.નમાલો-ગરજુ ૪.ગુરુ; ધણી ૫.શણગાર સજીને ૬.પરીક્ષા
૭.પર્વત ૮.અપમાનિત; દુઃખી ૯.જોડા-માર

ભવમાં[૧] જે ભૂંડાઈ રહી છે, પાપી પામે છે તેટલી ॥ ૩ ॥
ખાય છે ફટકાર ખલકની,[૨] મલકનો[૩] લિયે છે મેલ જો ॥
એમાં ખોળી કાઢી શી ખાટ્યને, વળી શું સમજાણું સે'લ[૪] જો ॥ ૪ ॥
પ્યાજ[૫] પેજારું[૬] ખાઈને પૈસા, અંતે જેહ આપવા પડે ॥
તે મો'રેથી ન જાણે જે માનવી, તે પાછળ ઘણું ઘોડા[૭] ઘડે ॥ ૫ ॥
દંડ ભોગવી ડા'પણ કરે, તેને ડા'યો કેદિયે ન દેખવો ॥
પૂંઠય પખાળી[૮] પુરીષ[૯] તજે, તેને મોટો મૂરખ લેખવો ॥ ૬ ॥
લૂંટાવી સર્વે લૂગડાં, પછી નાગો થઈ ભાગ્યો ઘણો ॥
એવું કર્યું એ અભાગિયે, હવે ડા'યો કે ભોળો ગણો ॥ ૭ ॥
સમો[૧૦] ન શક્યો સાચવી, આવી તકમાં અવળું પડ્યું ॥
નિષ્કુળાનંદ એ નરને, કોઈ પાપ પૂર્વનું આવી નડ્યું ॥ ૮ ॥

**પદ-૯ (રાગ-આશાવરી) 'શ્રીનાથ સાથે મન માનિયું'** એ ઢાળ.

પાપ પૂર્વનાં પ્રગટે પ્રાણીને, ત્યારે સૂઝે તે અવળો ઉપાય રે;
કરવાનું જે હોય તે ન કરે, ન કર્યાનું કામ કરાય રે.
પાપ પૂર્વનાં૦ ॥ ૧ ॥

સુખમાંહી તે સુખ ન સૂઝે, દુઃખમાંહી દુઃખ ન દેખાય રે;
ખોટાને પણ ખરું કરી માને, સાચામાં સાચું ન લેખાય રે.
પાપ પૂર્વનાં૦ ॥ ૨ ॥

એ જે વચનથી વિપત્તિ વિરમે, તે વચન વિષસમ લાગે રે;
જેહ વચનથી જાય જમપુરમાં, તેહ વચનને અનુરાગે રે.
પાપ પૂર્વનાં૦ ॥ ૩ ॥

**૧.**સંસારમાં **૨.**દુનિયાની **૩.**આખા જગતનો **૪.**સહેલું-સારું **૫.**ડુંગળી **૬.**ખાસડું **૭.**સંકલ્પો **૮.**ધોઈને પછી **૯.**વિષ્ટા-મળ **૧૦.**તક-અવસર

એમ કુબુદ્ધિને ઊંધું સૂઝે અતિ, વળી મોટા રાખે ત્યાં ન રે'વાય રે;
નિષ્કુળાનંદ એ નરનું ઠેકાણું, આલોકે પરલોકે ન કે'વાય રે.
પાપ પૂર્વનાં૦ ॥ ૪ ॥

## કડવું-૩૭

**હરિ આજ્ઞાએ વિબુધ[1] વસ્યા વ્યોમજી, હરિ આજ્ઞાએ રહ્યા શૂન્યે[2] રવિ સોમ[3]જી**
**હરિ આજ્ઞાએ રહ્યા ભૂચર[4] ભોમજી, તે લોપે નહિ આજ્ઞા થઈ બફોમ[5]જી**

બફોમ થઈ બદલે નહિ, રહે સહુસહુના સ્થાનમાં ॥
અતિ પ્રસન્ન થઈ મનમાં, રહ્યા રાખ્યા ત્યાં ગુલતાનમાં ॥ ૨ ॥
બ્રહ્મા રાખ્યા સત્યલોકમાં, શિવને રાખ્યા કૈલાસ ॥
વિષ્ણુને રાખ્યા વૈકુંઠમાં, એમ આપ્યો જૂજવો નિવાસ ॥ ૩ ॥
ઇન્દ્ર રાખ્યો અમરાવતી, શેષજીને રાખ્યા પાતાળ ॥
જ્યાં જ્યાં કરી હરિએ આગન્યા, તિયાં રહ્યાં સુખે સદાકાળ ॥ ૪ ॥
બદરિતળે[6] રાખ્યા ઋષીશ્વર,[7] નિરન્નમુક્ત રાખ્યા શ્વેતદ્વીપમાં ॥
ગોપી ગોપ રાખ્યા ગોલોકે, રાખ્યા મુક્ત અક્ષર સમીપમાં ॥ ૫ ॥
એમ જેમ જેને રાખ્યા ઘટે, તેમ રાખ્યા છે કરી તપાસ ॥
જેવો જોયે અધિકાર જેને, તેવો આપ્યો છે અવિનાશ ॥ ૬ ॥
એ તો રહ્યાં છે સહુ રાજી થઈ, પોત પોતાને સ્થાન ॥
લેશ વચન નથી લોપતા, જાણી સમર્થ શ્રીભગવાન ॥ ૭ ॥
એમ સમજી આપણે રહીએ, આપ આપને સ્થાનકે ॥
નિષ્કુળાનંદ કહે નહિ તો, આવે દુ:ખ અચાનકે ॥ ૮ ॥

**૧.**દેવો **૨.**આકાશમાં **૩.**સૂર્ય-ચંદ્ર **૪.**મનુષ્ય વગેરે પૃથ્વીગામી **૫.**ઉદ્ધત **૬.**બદ્રિકાશ્રમમાં **૭.**નરનારાયણ દેવ

## કડવું-૩૮

**બહુ દુ:ખ પામે થઈ સ્થાન ભ્રષ્ટજી,[૧] જિયાં જિયાં જાય તિયાં પામે કષ્ટજી**
**સ્થાન ખોઈ થાય છે ખરા નર ખષ્ટજી,[૨] એહ વાત પુરાણે સૂચવી સુસ્પષ્ટજી**

સુસ્પષ્ટ શાસ્ત્રે સૂચવી, ખરી સ્થાનભ્રષ્ટની જે ખોટ ॥
ઈન્દ્ર ઈન્દ્રાસને નવ રહ્યો, ત્યારે ગયો કમળ વનની ઓટ[૩] ॥ ૨ ॥

ભવ બ્રહ્માનું ભાખતાં, લાગે લોકમાંય લજામણું ॥
સ્થાનભ્રષ્ટ ભોમ વ્યોમમાં, થાય હેરાણ ઘણું ઘણું ॥ ૩ ॥

નહુષ નરેશ નિજ રાજ્ય તજી, ઈછ્યો બેસવા ઈન્દ્રને આસને ॥
ઈન્દ્રાસનનું સુખ આવ્યું નહિ, આવ્યું દુ:ખ ભોગવી કાશને[૪] ॥ ૪ ॥

ત્રિશંકુ તજી રાજ્ય ભૂમિનું, ઈછ્યો અમરપુરનાં જો સુખ ॥
સુખ ન જડ્યું દુ:ખ પડ્યું, વળી લટક્યો ઊંધે મુખ ॥ ૫ ॥

સ્થાનભ્રષ્ટનો સર્વે ઠેકાણે, અતિ અનાદર થાય છે ॥
દંત ને નખ કેશ નરા, ખરા નકારા કે'વાય છે ॥ ૬ ॥

એમ સમજુ સમજીને, રે'વું સહુ સહુના સ્થાનમાં ॥
સ્થાન તજીને જે જીવવું, તે જીવિત ગયું છે જ્યાનમાં ॥ ૭ ॥

જેમ પોતાનો પિયુ પરહરી, કોઈ નારી થાય વ્યભિચારણી ॥
નિષ્કુળાનંદ એ નાર નરસી, પુરુષનું પેટ બાળણી[૫] ॥ ૮ ॥

## કડવું-૩૯

**કોઈ કે'શે એમ કેમ રૈ'યે જીયાં દુ:ખજી, બીજે જો જાયૈ તો પામિયે સુખજી**
**એમ કહે છે નર હરિના વિમુખજી, તેની કહું કિયાં ભાંગશે ભૂખજી**

ભૂખ ભાંગવા ભમે ઘણું, જાણે કિયાં જઈ થાઉં સુખિયો ॥

**૧.**સ્વધર્મ રહિત જીવ **૨.**ફજેત **૩.**ઓથે **૪.**ઈન્દ્રાસનરૂપી ઉપાધિ-બલાને **૫.**ચિંતા કરાવનારી

પણ દુઃખ ચાલે દશ ડગ આગળે, તે જિયાં જાય તિયાં દુઃખિયો ॥ ૨ ॥
ભાગ્ય એનાં ભેળાં રહે, સુખ દુઃખનાં દેનાર ॥
તેને નથી તપાસતો, વિમુખ વણ વિચાર ॥ ૩ ॥
જેમ ચાલે કોઈક કમાણિયે, હોયે ફેલી વ્યસની વિશેષ ॥
તે કે દી નહિ ભરે કોથળી, મર ફરે દેશ વિદેશ ॥ ૪ ॥
જેમ ચોર ચાલ્યો વળી ચોરીએ, જાણે આવીશ ખરી કરી ખાટ[૧] ॥
પણ જાણતો નથી જે જાશે જીવડો, જે શૂળી લખી છે લલાટ ॥ ૫ ॥
એમ નર અભાગિયો, ભાંગે છે વચનની જો વાડ્ય[૨] ॥
પર સુખ પોતાનાં કરવા, ધાય[૩] જેમ ગાય હરાડ્ય[૪] ॥ ૬ ॥
એમ વિમુખ નર વિકળ થઈ, ભટકે છે ભવમાંહી અતિ ॥
મન કરે છે સુખ મળવા, પણ મળતું નથી સુખ રતિ ॥ ૭ ॥
એમ સ્થાનક ભ્રષ્ટ જે થયા, તે તો ગયા મૂળગા મૂળથી ॥
નિષ્કુળાનંદ નિશ્ચે જાણજો, જેમ ફળ સુકાણું ફૂલથી ॥ ૮ ॥

## કડવું-૪૦

**હરિ આજ્ઞામાં રહ્યાં જે આપજી, જાણી પ્રભુનો મોટો પ્રતાપજી**
**તેને[૫] તો મનાણું[૫] પાપિયે[૫] પાપજી, ત્યારે સુખ થાવા શો રહ્યો જબાપજી[૬]**

જબાપ એનો જડતો નથી, જે વર્તે છે વચનથી બા'ર ॥
દેવ અદેવ દોયમાં વળી, એને ગણિયે કેની હાર ॥ ૨ ॥
દૈવી આસુરી જીવ જગમાં, તે તો જાણે છે સહુ જન ॥
દૈવી વરતે વચનમાં, આસુરી ન માને વચન ॥ ૩ ॥

**૧.**કમાણી **૨.**આડશ; બાઉન્ડરી **૩.**દોડે **૪.**રેઢિયાર, જેનું તેનું ખાવા ટેવાઈ ગયેલી **૫.**પ્રભુના વચનમાં વર્તવું તે 'પોતાના પાપના ફળરૂપ બંધન છે' તેમ પાપી પુરુષોને મનાણું=લાગે છે. **૬.**જવાબ-ઉપાય

બીજા તો બીતા બહુ રહે, લોપે નહિ વચન લગાર ॥
જિયાં જેને રાખિયા, તિયાં રહ્યા કરી નિરધાર ॥૪॥
હેડ્ય બેડી કોટડિયે, નથી અવરાણા ઓરડિયે ॥
બાંધ્યા નથી બીજે બાંધણે, બંધાણા છે વચન દોરડિયે ॥૫॥
તેને દેખવા દુઃખિયા, લેખવા સુખિયા વિમુખને ॥
એવા સમજું સહુ મરજો, પામી પૂરણ દુઃખને ॥૬॥
સાકરટેટીથી સારાં લાગે, અતિ રૂડાં ઈન્દ્રામણાં[1] ॥
ખાવા બેસશે ખાંત્યે કરી, ત્યારે લાગશે વિષથી ભૂંડાં ઘણાં ॥૭॥
આખુ[2] જેમ અગ્નિ બળતી, લઈ જાય નિજ ઘેર વાટ્ય ॥
નિષ્કુળાનંદ એવું નર કરે છે, માને છે તેમાં ખાટ્ય[3] ॥૮॥

## પદ-૧૦ (રાગ-આશાવરી)

**રાગ : 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ'** એ ઢાળ.

ખોટમાં દોટ દેવી નહિ દેખી, કરી લૈયે ખરાખરી ખાટ્ય રે;
શીદ ખાયે ખોળી ખડ ધાન્યને, જ્યારે પામ્યા રાજ્ય ને પાટ્ય રે,
ખોટમાં૦ ॥ ૧ ॥

શણગાર સોનાના સજી શરીરે, ભૂંસિયે નહિ મુખે ભૂંડી મશ રે;
મુખ દેખે લેખે તે લજામણું, એમ શીદ ખોયે જાણી જશ રે.
ખોટમાં૦ ॥ ૨ ॥

કરીથી[4] ઊતરી ખરી[5] પર ચડી, મોટી વાત મુખે ન કે'વાય રે;
કાઢી કટિપટ[6] કોઈ કરે પતાકા,[7] એના શરીરની શોભા જાય રે.
ખોટમાં૦ ॥ ૩ ॥

એમ પોતાનો પતિ પરહરી પરો, કોઈ નારી કરે વ્યભિચાર રે;

**૧.**અતિ કડવાં ફળ **૨.**ઉંદર **૩.**લાભ **૪.**હાથીથી **૫.**ગધેડી **૬.**અધો વસ્ત્ર **૭.**ધજા

નિષ્કુળાનંદ કે' જાય જશ તેનો, વળી કોયે ન કરે પતિયાર[1] રે.

ખોટમાં૦ ॥ ૪ ॥

## કડવું-૪૧

**જેમ એક પુરુષને પુત્ર બે ચારજી, તેને પરણાવી જૂજવી નારજી**
**તે સૌ બાંધી બેઠા ઘરબારજી, તેમાં એક વનિતાયે કર્યો વ્યભિચારજી**

વ્યભિચાર કરી વણશી ગઈ, માંડ્યું જેઠનું જઈ ઘર ॥
તેને શાણી ગઈ સમજાવવા, ત્યાં તો બોલી સામું બળભર ॥ ૨ ॥
કહે શું સમજી શિખામણ દેવા, તું આવી અતિ ડાહી થઈ ॥
ખબર વિના ખોટ ખોળે છે, એવી અક્કલ કેમ ઊઠી ગઈ ॥ ૩ ॥
સાસુ સસરો ગોર ગોત્રજ, કુળદેવ બીજા નથી કરિયાં ॥
નણંદ નાતિ જાતિ જાણો, એ તો એમ જ છે નથી ફરિયાં ॥ ૪ ॥
ફેરવણીમાં ફેરવણી[2] એટલી, પાલટો[3] કર્યો એક પતિતણો ॥
એને ઉપર આગ્રહ આવો, કહો કેમ કરો છો ઘણો ॥ ૫ ॥
ઈર્ષ્યાયે કરી આળ[4] ચડાવી, વણ વાંકે નાખો છો વાંકને ॥
ફજેતી કરવા સૌ ફર્યા છો, નાખી કલંક કાપવા નાકને ॥ ૬ ॥
મને કહ્યું એમ કહો બીજાને, તો તરત મળે તેનું ફળ ॥
અમ જેવાં તો અનેક છે, તેની નથી તમને કાંઈ કળ[5] ॥ ૭ ॥
એમ અભાગણી ઉચ્ચરે, શુદ્ધ અતિ સાચી થઈ ॥
નિષ્કુળાનંદ કહે એવા નિર્લજ્જને, લાજ ને શરમ શી રઈ ॥ ૮ ॥

## કડવું-૪૨

**એમ બેમર્યાદી થઈ બગડેલીજી, ભક્તિ ન કરવી મર્યાદા મેલીજી**
**એ તો પરઠણ[6] કરી છે જો પે'લીજી, ન કરવું કામ કોઈ નિયમને ઠેલીજી**

---

**૧.**વિશ્વાસ **૨.**બદલી **૩.**ફેરફાર; બદલો **૪.**ખોટો આરોપ **૫.**જાણ; માહિતી **૬.**શરત; કરાર

**ઠેલી નિયમને કામ ન કરવું, મર હોય લાભ જો લાખનો ॥**
**તોય લલચાવિયે નહિ લેશ મનને, જાણિયે મવાળો કાખનો ॥ ૨ ॥**

વારે વારે આવી વારતા, માનજો સહુને મળતી નથી ॥
તે સ્વપ્ન સરખા સુખ સારુ, હારવી નહિ કહું હાથથી ॥ ૩ ॥

શરીર કપાય મર સઘળું, થાય ટુકટુક મર તન ॥
પણ ન દેવું કપાવા નાકને, તેની રાખવી ઝાઝી જતન ॥ ૪ ॥

જેમ શૂરવીરને સંગ્રામ માંહી, લાગે ઘટમાં ઘાવ કંઈ ॥
પણ ભાગતાં વાગે પૂઠે ભલકું, જાણો એ જેવું બીજું ભૂંડું નઈ ॥ ૫ ॥

એમ ભક્ત થયો ભગવાનનો, પણ રહ્યો તે દેહનો જ દાસ ॥
કુળ લજાવ્યું છે કેસરીએ,[૧] જે ખાવા લાગ્યો મુખે ઘાસ ॥ ૬ ॥

**ઘરની ગોલીનો[૨] ગોલો થયો, રહ્યો હાથ જોડીને હજુર ॥**
**રાત દિવસ રાજી રાખવા, અતિ આખેપ[૩] રાખે છે ઉર ॥ ૭ ॥**

એવો ભક્ત ભગવાનને, કહો રાજી કરી કેમ શકે ॥
નિષ્કુળાનંદ કે' નાદાર નર, ચડ્યો શરીરના સુખને ધકે ॥ ૮ ॥

## કડવું-૪૩

**ધકા બહુ ખાય છે ધર્મના હીણજી,[૪] વિષયસુખ સારુ રે'છે મન મીણજી[૫]**
**તેણે કરી મતિ અતિ થઈ છે ક્ષીણજી, તોય પણ માને છે મનમાં પ્રવીણજી**

પ્રવીણપણું એનું પ્રીછિયું,[૬] તે તો નથી જાતું કેને કહિયું ॥
ખાય છે ખલેલાં ખારેક તજી, એવું ટળી ગયું છે વળી હઈયું[૭] ॥ ૨ ॥

કરી દીવો દિવસમાં, વળી મેલ્યું અવળું મોળિયું[૮] ॥
તે જાણે મેં કાંયે કર્યું નથી, પણ કુળ સમૂળું બોળિયું[૯] ॥ ૩ ॥

**૧.**સિંહે **૨.**પોતાની નોકરાણી જેવી ઈન્દ્રિયોનો **૩.**કાળજી **૪.**ધર્મમાં ઢીલા કે તેનાથી રહિત **૫.**આસક્ત; મીણની જેમ ચોંટેલુ **૬.**ઓળખ્યું **૭.**જ્ઞાન-ભાન **૮.**પાઘડી **૯.**આબરૂ વગરનું કર્યું

ઘોડું મૂકી દઈ ઘરનું, ચાલ્યો નર ખર પર ચડી ॥
તોય પોતા સરીખામાં પોરસી,[૧] મરડે છે મૂરખ મૂછડી ॥૪॥
લૂંટાવી કસુંબી લૂગડાં, પંડે પે'ર્યાં છે ગળિયલ ઘણાં ॥
તે દેખાડે છે દેશોદેશમાં, કે'છે જો જો મુમાં કાંઈ છે મણા[૨] ॥૫॥
એમ મેલી રીત સતસંગની, વળી રે'છે કુસંગની રીતમાં ॥
દ્વિજ ધામ[૩] તજી વશ્યો ઢેઢમાં, તોય ફૂલ્યો ફરે છે ચિત્તમાં ॥૬॥
નકટે નકટા ભેળા થયા, વન્ઠેલમાં વન્ઠેલ[૪] વળી ॥
એમ વિમુખ વિમુખ ભેળા વસ્યા, કરી હેત પરસ્પર મળી ॥૭॥
તેમ મનમુખીને મોજ મનમુખીમાં, લાગે આજ્ઞાકારી અળખામણા[૫] ॥
નિષ્કુળાનંદ એવા નર જેવા, નથી ત્રિલોકે કોઈ લજામણા ॥૮॥

## કડવું-૪૪

**લજામણાને લાજ ન હોયજી, નર મુનિવર મર વળી વગોયજી**
**તિરસ્કાર તલભાર ન માને તોયજી, મર આવી કહે કોવિદ[૬] નર કોયજી**

કોઈનું કેમ માને કહ્યું, થયું જેને ગોઠણ[૭] જેટલું[૭] ॥
રોગરાજના[૮] રોગીને જેમ, ખુવે ખવરાવે તેટલું ॥૨॥
જેમ ભાદરવે ભેંસ પૂછલી,[૯] જેમ પડ્યો ગજ અજાડિયે[૧૦] ॥
જેમ લાગી ગોળી લલાટ માંયે, તેને જીવવાની ના પાડિયે ॥૩॥
તેમ આવતે જોબને આવી મળ્યો, જબરા કુસંગનો જોગ ॥
તેને સાધ્ય શી રહે શરીરમાંહી, જેને થયો અસાધ્ય રોગ ॥૪॥
જેમ ચંદનઘોના ચાખેલની, વળી નહિ ઊગરવા આશ ॥

**૧.**ફુલાઈને **૨.**ખામી **૩.**બ્રાહ્મણનું ઘર **૪.**વંઠેલ; બગડી ગયેલ **૫.**અણગમતા **૬.**પંડિત **૭.**બહુ સામાન્ય માની લીધેલું **૮.**ક્ષય રોગના **૯.**મરવા પડી **૧૦.**જંગલી પ્રાણીને પકડવા ખોદેલા ખાડામાં

તેમ કુસંગના કરડેલનો, જાણો ના'વે વળી વિશવાસ ॥ ૫ ॥
જેમ મમોઈગર[1] કર[1] માનવી, ખેરી[2] પડી વળી કર ખાટકી[3] ॥
પારાધી કર પશું પડ્યું, તે નહિ નહિ જીવે નકી ॥ ૬ ॥
તેમ ખરા કુસંગને પડ્યો ખબેડે,[4] તેણે બુદ્ધિ ઊંધી આવી ઘણી ॥
તેને સવળું કેમ સૂઝશે, રાખશે કેમ સત્સંગ શિરોમણિ ॥ ૭ ॥
જેમ કોઈ ખાયે ઝાઝા ઝેરને, વળી કરડી જીભ કટકા કરે ॥
નિષ્કુળાનંદ એ નરને, નથી જીવવાનું જાણો સરે ॥ ૮ ॥

## પદ-૧૧ (રાગ-કેદારો)

**'પ્રાણ મ રહેજો પ્રિતમ વિના'** એ ઢાળ.

સરે સાર શોધતાં તે શું મળશે, કરતાં કુસંગનો સંગ વળી;
સુખ સ્વપને નહિ આવે શરીરને રે, આવશે દુઃખ અતોલ મળી.
સરે૦ ॥ ૧ ॥
જાણી ઝગમગ ઘણી હીરાકણી,[5] ખાય ખાંત્યે[6] ખૂબ પેટ ભરી;
એમ કુસંગનો સંગ અંગમાં ઊતર્યો રે, કેમ રહે સતસંગ તેણે કરી.
સરે૦ ॥ ૨ ॥
જેમ ખાય ઠગની ઠગમૂળી[7] ઠાઉકી, તેને સાધ્ય શરીરે કેમ રહે;
તેમ વચન વિમુખનાં ઉરમાં આવતાં રે, જે ન કે'વાનું તે સર્વે કહે.
સરે૦ ॥ ૩ ॥
એણે આ લોક પરલોક બેઉ બગાડિયા, ખવરાઈ[8] ગઈ ખળે આવી ખેતી;
નિષ્કુળાનંદ કહે આવ્યે અવસરે રે, ચૂક પડી[9] નવ શક્યો ચેતી.
સરે૦ ॥ ૪ ॥

---

**૧.**માનવઘાતકી પુરુષના હાથમાં **૨.**બકરી **૩.**કસાઈના હાથમાં **૪.**ફાંસલામાં **૫.**કાચ કાપવાનું સાધન **૬.**હોંશે **૭.**માણસ બેભાન કરવા માટેની જડીબુટ્ટી **૮.**બગડી; નાશ થઈ **૯.**ભૂલ થઈ; ચૂકી ગયો

## કડવું-૪૫

**વણ ચેતે અવસર વણસે[1] કામજી, રાજી ન થાય શ્રીઘનશ્યામજી**
**ત્યારે કેમ પામિયે પરમ ધામજી, વણ પામે ધામ નહિ સુખ ઠામજી**

ઠામ નથી કોઈ ઠરવા, હરિ આજ્ઞા વિના અણુ જેટલું ॥
તે જડમતિ નથી જાણતો, કહી કહી કહિએ કેટલું ॥ ૨ ॥

વાવે છે ઝેરનાં ઝાડવાં, કરે છે અમૃત ફળની આશ ॥
તે ખાઈને કેમ ખેમ[2] રે'શે, જેથી નર અમર પામ્યા નાશ ॥ ૩ ॥

મારી કુંવર નરનાથનો,[3] ટિલે[4] બેસવા થાય છે તૈયાર ॥
તેને રાજા રાજ કેમ આપશે, જાણી મોભી સુતનો[5] મારનાર ॥ ૪ ॥

તેમ ભક્ત થઈ ભગવાનનો, કરે વચનની જો વિઘાત ॥
પછી ઇચ્છે સુખ આવવા, એહ કેમ બનશે વાત ॥ ૫ ॥

નહિ પામે ઠેકાણું નરકમાં, શીદ કરે ધાંખના[6] ધામની ॥
ધામ નહિ મળે ધક્કા મળશે, ત્યારે ઊઘડશે આંખ્ય ગુલામની ॥ ૬ ॥

લાત લાયક તે વાત ન માને, મર હોય અતિશય હેતની ॥
સમુ કે'તાં વસમું લાગે, તેને મુખે પડો પસ[7] રેતની ॥ ૭ ॥

**શરીર સુખ સારુ સુધો[8] વરતે, કલ્યાણમાં વરતે કાસળે[9] ॥**
**નિષ્કુળાનંદ નિરભાગી નરને, નથી જાવું પ્રભુને પાસળે ॥ ૮ ॥**

## કડવું-૪૬

**પ્રભુ પાસ વાસ કરવા આશ જેનીજી, અતિ મતિ અવળી ન જોયે તેનીજી**
**જે સુખનિયે શીખ ન લેવી કેનીજી, શી ગતિ થાશે તપાસું છું તેનીજી**

**૧.**બગડે **૨.**કુશળ; સુખી **૩.**રાજાનો **૪.**ગાદીએ **૫.**મોટા કુંવરનો **૬.**ઝંખના **૭.**ખોબો **૮.**સાવધાન **૯.**ગાફલપણે

તપાસું છું હું તને મને, શી થાશે ગાફલ નરની ગતિ ॥
અવળું કરવા છે ઉતાવળો, નથી સવળું કરવા શ્રદ્ધા રતિ[૧] ॥ ૨ ॥

શરીરના સુખ કારણે, તતપર રહે છે તૈયાર ॥
હરિ આજ્ઞામાં હાલતાં, પગ ભાંગી પડે છે તે વાર ॥ ૩ ॥

પ્રભુ આજ્ઞામાં થયો પાંગળો,[૨] પંડ પોષવામાં પાંખો મળી ॥
ખરી કરી રાખી વાતો ખોટિયું, સાચી વાત સર્વે ગયો ગળી ॥ ૪ ॥

જેમ હોય કોઈ અતિ અમલી,[૩] આફૂ[૪] પૂરું શેર પીનાર ॥
તેને પૈસાભાર પચાવતાં, સહુ સમજો છે શિયો ભાર ॥ ૫ ॥

તેમ અનેક શાસ્ત્ર સાંભળ્યાં, સર્વે ગટકાવી ઉતાર્યા ગળે ॥
તેને અલપ સલપ ઉપદેશથી, કહો અજ્ઞાન કેમ ટળે ॥ ૬ ॥

ગમતું કરવા ગોવિંદનું, જેના જીવમાં જરાયે નથી ॥
તેને આગે વાતો ઉપદેશની, કેટલીક કહીએ કથી ॥ ૭ ॥

મનમુખી કે'છે સૌ મુખ ઉપરે, નથી કે'તા વાત વળી વાંસળ્યે[૫] ॥
નિષ્કુળાનંદ નિરભાગી નરને, નથી જાવું પ્રભુને પાસળ્યે ॥ ૮ ॥

## કડવું-૪૭

**પ્રભુ પાસ વાસ કરવા વિગત્યજી, વચન વા'લાનાં સર્વે માનવા સત્યજી**
**સુખ દુઃખ પડ્યે ન હારવી હિમત્યજી, માન અપમાને રાખવી એક મત્યજી**

મતિ એક રતી નવ ફરે, આવે કાયાયે[૬] કોટિ કલેશ ॥
વ્યાકુળ થઈ વિપત્તિમાંહી, લોપે નહિ વચનને લેશ ॥ ૨ ॥

જેણે સાબિત કીધું છે શીશ સાટે, હરિમરજીમાં મરી મટવા ॥
એવા જનને જોઈને, હરિ નહિ દિયે પાછો હટવા ॥ ૩ ॥

**૧.**થોડી પણ **૨.**અપંગ **૩.**વ્યસની **૪.**અફીણ **૫.**પાછળથી **૬.**શરીરમાં

પણ દેહાભિમાની દાસનો, ના'વે વાલમને વિશ્વાસ ॥
જાણે ખરું કે'તાં ખમી નહિ શકે, કાં જે નથી વચનમાં વાસ ॥૪॥

હરિવચનમાં પડે વસમું, તો લોપતાં લેશ ભૂલે નહિ ॥
સુખ સદા રહે શરીરમાં, એમ સાબિત કીધું છે સહિ ॥૫॥

તેને વચનમાં વરતતાં, કઠણથી કઠણ પડે ઘણું ॥
જેને લેવું છે સુખ આ લોકનું, નથી લેવું સુખ શ્રીહરિતણું ॥૬॥

જેમ પશુઘાતકી ઘરનું પશુ, નીલી ચાર્ય[1] પર નજર છે ॥
પણ કાતે[2] કરી કંઠ કાપશે, તેની તેને કાંઈ ખબર છે ? ॥૭॥

તેમ પશુવત પામર નરને, વિષયરૂપ ચાર્ય મળી ॥
નિષ્કુળાનંદ નિરભાગી નરને, દુઃખમાં સુખ મનાણું વળી ॥૮॥

## કડવું-૪૮

**વળી વચનદ્રોહી મતિમંદજી, પંચવિષયમાંહિ માન્યો છે આનંદજી**
**તે કેમ ટાળશે માથેથી ભવફંદજી, જેણે હરિ વચનમાં માન્યું દુઃખ દ્વન્દ્વજી**

દ્વંદ્વ દુઃખના વચનદ્રોહીને, હરિવચનમાં રે'તાં વળી ॥
અલપ સુખને અરથે, વાત બગાડે છે સઘળી ॥૨॥

જે વચનથી મોટપ્ય મળે, વળી આવે વચનથી સુખ ॥
તે સમજ્યા વિના શઠપણે, વરતે છે વચનથી વિમુખ ॥૩॥

જે વચને નર અમર સુખી, અહિ અજ ઈશ અમરેશ ॥
જે વચને શશી સૂર્ય સુખી, ગીરા[3] ગજાનન મુક્ત મુનેશ ॥૪॥

એવા વચનને ઉલ્લંઘી, બીજા આગળ કહે છે વાત ॥
હું તો આવ્યો હતો ભારે ભીડ્યમાં, પણ ભલી ઊગરિયો એ ઘાત ॥૫॥

---

**૧.**પશુ માટેનું લીલું ઘાસ **૨.**લોખંડનું હથિયાર **૩.**સરસ્વતી

ખાવું પીવું ને પે'રવું એહ, મુકાવ્યું હતું મનગમતું ॥
એ મોટા દુઃખમાંથી નીસર્યો, હવે મનને રાખશું રમતું ॥ ૬ ॥
ભલું થયું એહ આડ્ય[1] ભાંગી, હવે મોકળે મને મા'લશું ॥
દુઃખ દેખશું જ્યાં દેહને, તો ત્યાંથી તરત ચાલશું ॥ ૭ ॥
એવા અભાગી નર અમરને, સુખ નહિ આવે સ્વપ્ને ॥
નિષ્કુળાનંદ કહે જો એમ હોય તો, શીદ કરે કોઈ તપને ॥ ૮ ॥

**પદ-૧૨ (રાગ-કેદારો)** **'પ્રાણ મ રહેજો પ્રિતમ વિના'** એ ઢાળ.

તપ જેવું વા'લું છે વાલમને, તેવું વા'લું નથી બીજું કાંઈ;
વચનમાં રહી ને જે તપ કરે રે, તે તો સુખ પામશે સદાઈ.
તપ૦ ॥ ૧ ॥

નારાયણ વચનથી વિધિએ,[2] આદરિયું તે તપ અનુપ;
તેણે કરી રમાપતિ રીઝિયા રે, આપ્યો વર સારો સુખરૂપ.
તપ૦ ॥ ૨ ॥

શ્વેતદ્વીપમાંહિ મુનિ રહે, નિરન્નમુક્ત છે જેહનું નામ;
અન્ન પાન વિના કરે તપ આકરું રે, રાજી કરવા ઘણું ઘનશ્યામ.
તપ૦ ॥ ૩ ॥

બદ્રિકાશ્રમે બહુ મુનિ રહે, દમે છે કોઈ દેહ ઈન્દ્રિય પ્રાણ;
સુખ સર્વે તજી શરીરનાં, થઈ રહ્યાં વા'લાના વેચાણ.
તપ૦ ॥ ૪ ॥

એને ન સમજો કોઈ અણસમજુ, તજ્યાં જેણે શરીરનાં સુખ;
પામરને[3] પ્રવીણ ન પ્રીછવા, જે કોઈ રહ્યા હરિથી વિમુખ.
તપ૦ ॥ ૫ ॥

**૧.**મનધાર્યું કરવામાં નડતી નિયમરૂપી અડચણ **૨.**બ્રહ્માએ **૩.**અવિવેકી વિષયીજનને

વચન વિમુખથી જેહ સુખ મળે, તેહ સુખ સર્વે જાજો સમૂળ;[૧]
નિષ્કુળાનંદ એવું નવ કરો રે, જેમાં આવે દુઃખ અતુળ.[૨]
તપ૦ ॥ ૬ ॥

## કડવું-૪૯

**અતોળ રોળ[૩] રહ્યા છે જેમાંજી, શીદને તૈયાર રહો છો તેમાંજી**
**અણુ એક ભાર નથી સુખ એમાંજી, દુઃખ દુઃખ દુઃખ છે દુઃખની સીમાજી**

સીમા છે સરવે દુઃખની, હરિ વિમુખનો વળી સંગ ॥
મહાપ્રભુ મળવાને મારગે, જાણું આડો ઊતર્યો ભોયંગ[૪] ॥ ૨ ॥
જેમ આવ્યો દિન આનંદનો, ત્યાં મૂવો મોટેરો સુત રે ॥
તેમ અવસર આવ્યો હરિભજ્યાનો, ત્યાં મળ્યો જાણો યમદૂત રે ॥ ૩ ॥
જેમ ભોજન બહુ રસે ભર્યાં, કર્યાં જુગત્યે જમવા જેહ ॥
તેમાં પડી મૂઈ માખિયો, કહો કેમ ખવાય તેહ ॥ ૪ ॥
તેમ મનુષ્ય દેહ મહામોંઘામાંહિ, વચન પડ્યાં વિમુખનાં ॥
સુખ ન આવે સ્વપને, એ તો દેનાર છે દુઃખના ॥ ૫ ॥
દૈત્ય દાનવ દનુજ[૫] થયા, યક્ષ રાક્ષસ ભૂત પલીત[૬] ॥
તે સર્વે વિમુખના સંગથી, બીજી મા જાણજો કોઈ રીત ॥ ૬ ॥
જેવી વચનદ્રોહીથી વાત વણસે, તેવી વણસે નહિ વેરી થકી ॥
વેરી કાપે એક કંઠને, આ તો કોટિ કંઠે નથી નકી ॥ ૭ ॥
એને સંગે એવા દુઃખ મળે, ત્યારે તેનાં તે દુઃખ કેવાં કહિયે ॥
નિષ્કુળાનંદ ન કહિયે ઘણું, એ તો મનમાં સમજી લહિયે ॥ ૮ ॥

**૧.**સંપૂર્ણ **૨.**અમાપ **૩.**દુઃખ; સંકટ **૪.**સર્પ **૫.**અસુર **૬.**પ્રેત; અવગતિ પામેલ

## કડવું-૫૦

**વિમુખ તે મરી થાશે વૈતાળજી,[૧] ક્ષુધા પિપાસા વધશે વિશાળજી**
**જળાશયે[૨] જાતાં રોકશે વરુણ રખવાળજી, ત્યારે સર્વ દુઃખનો મળશે તાળજી**

તાલ મળશે તે જાણજો, પીવું પડશે પેશાબને ॥
તે વિના જળ નહિ મળે, જ્યારે હરિ લેશે હિશાબને ॥ ૨ ॥

ભૂત પલિતને ભોજન કરવા, નથી વિષ્ટા વિના બીજું વળી ॥
એવાં સુખ છે વિમુખનાં, લીધાં છે શાસ્ત્રેથી સાંભળી ॥ ૩ ॥

વ્યોમ[૩] વસુંધરા[૩] વચ્ચમાં, વસવા છે વાયુ ભૂતને ॥
ઘાટ[૪] વાટ[૫] ઊજડ[૬] અગારે,[૬] કહ્યું રે'વાનું કપૂતને ॥ ૪ ॥

ઝાડ પા'ડ નિરજળ દેશે, વસશે વસમા સ્થાનમાં ॥
અશુદ્ધ જળ ઉતાર[૭] અન્નને, ખાઈ ખુશી રે'શે ખાન પાનમાં ॥ ૫ ॥

એવાં દુઃખ ભોગવશે, વચન દ્રોહી વિમુખ જન જો ॥
ત્યાં નથી ઉધારો એહનો, તૈયાર છે મુક્તા તન જો ॥ ૬ ॥

હમણાં તો જાણે ખાટ્યા ખરા, વિમુખ થઈ રહ્યાં વેગળા ॥
પણ ખાધી મોટી ખોટ્યને, જ્યારે પ્રજળશે[૮] પાપની પળા[૯] ॥ ૭ ॥

આજ તો થયું છે અટપટું,[૧૦] વર્તતાં વા'લાના વચનમાં ॥
નિષ્કુળાનંદ કહે પછી વિમુખને, થાશે મૂંઝવણ્ય મનમાં ॥ ૮ ॥

## કડવું-૫૧

**તે સારુ ડરતા રહે સૌ જન દિન રાતજી, રખે કોય વચન લોપી થાય વાતજી**
**ત્યારે તો જાણવું ઘણી થઈ ઘાતજી,[૧૧] હવે કેમ રે'શે હરિ રળિયાતજી**

---

**૧.**અતિ ગંદા ભૂતની એક જાત **૨.**સરોવર વગેરે જળ સ્થાનમાં **૩.**આકાશ અને પૃથ્વીની **૪.**તટ; ડુંગરાળ પ્રદેશ **૫.**માર્ગ **૬.**ખાલી પડેલ વેરાન ઘરમાં **૭.**વાસી; બગડી ગયેલ **૮.**ભોગવવી પડશે **૯.**પીડા; આપત્તિ **૧૦.**કઠણ **૧૧.**નુકશાની

રળિયાત[1] કેમ રહેશે હરિ, ફરી ફરી વિચારે વાતને ॥
સુખ સર્વે પરહરે પરાં, જાણી જગજીવન કળિયાતને[2] ॥ ૨ ॥

હરિ રાજી કરવા હૈયામાં, મનસુબો બહુ મનને ॥
તન ધન સુખ સંપત જાતાં, રાજી કરે ભગવાનને ॥ ૩ ॥

પ્રસન્ન કરવા મહાપ્રભુને, રહે તનમાં બહુબહુ તાન ॥
બીજું જાયે મર બગડી, તેનું જરાય ન માને જ્યાન ॥ ૪ ॥

સુખ નર નિરજરનાં,[3] મર જાયે સમૂળાં સૌ મળી ॥
હરિ કુરાજિયે કામ ન આવે, એવી વિચારે વાત વળી ॥ ૫ ॥

બીજા રાજી કુરાજિયે કરી, નથી ખાટ્ય ને ખોટ્ય ખરી ॥
માટે ગમતું કરવું ગોવિંદનું, બીજાનું મૂકવું પરહરી ॥ ૬ ॥

**તે જ સમજુ સંત શાણા, વળી તે જ બહુ બુદ્ધિવંત ॥**
**તે જ ચતુર પરવીણ ડાહ્યા, જેણે રાજી કર્યા ભગવંત ॥ ૭ ॥**

**કરી લીધી એણે સર્વ કમાણી, કેડ્યે ન રાખ્યું કરવું ॥**
**નિષ્કુળાનંદ હરિ રાજિયે, ફરી ન રહ્યું પાછું ફરવું ॥ ૮ ॥**

## કડવું-૫૨

**વચનવિધિ આ ગ્રંથ છે રૂડોજી, હરિવિમુખને લાગશે કૂડોજી[4]**
**જેને પેરવો છે પરનરનો ચૂડોજી,[5] તે તો કે'શે આ કવિ કાલૂડોજી[6]**

કાલુડાઈમાં ગ્રંથ કર્યો, તેમાં વગોવ્યા વિમુખ અતિ ॥
દીઠા દુઃખિયા વિમુખને, ત્યારે સનમુખ શી પામ્યા ગતિ ॥ ૨ ॥

એમ કહી અભાગિયા, કોઈ વિમુખપણું તજતા નથી ॥
વચનદ્રોહીપણું દઢ કરી, હરિ કોઈ ભજતા નથી ॥ ૩ ॥

**૧.**રાજી **૨.**નારાજ અથવા અંતર્યામી **૩.**દેવતાનાં **૪.**આકરો; કઠણ **૫.**બંગડી; જેને બીજાનું ઘર માંડવું છે તેને **૬.**બાળબુદ્ધિ

હરિ ભજશે જન હરિના, માની મનમાં મોટા સુખને ॥
સદા રહેશે સત્સંગમાં, નહિ વસે પાસ વિમુખને ॥૪॥
વિમુખથી રહી વેગળા, કરી લેશે પોતાના કામને ॥
સાચા સંતની શીખ લઈ, પામશે પ્રભુના ધામને ॥૫॥
જે ધામને શુક સનકાદિક, વખાણે છે વારમવાર ॥
તે ધામને પામશે, વામશે સરવે વિકાર ॥૬॥
અવશ્ય કરવાનું એ જ છે, તે કરી લેશે કારજ ॥
છેલ્લી શિખામણ સાંભળી, તેમાં ફેર નહિ રાખે એક રજ ॥૭॥
પૂરણ સુખને પામવા, એટલું તો ધારવું ઉર ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, જોઈએ આ વાત જાણવી જરૂર ॥૮॥

**પદ-૧૩ (રાગ-ધોળ)**

**'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના'** એ ઢાળ.

જરૂર જાણજો જન જીવમાં, પામવું છે પરમ આનંદ રે;
જે રે આનંદ જાય નહિ કહ્યે, સદા સર્વે સુખનું છે કંદ[1] રે...જરૂર૦ ૧
અચળ અખંડ એનું નામ છે, અક્ષર અનંત અનુપ રે;
જે એ પામે તે પાછો નવ પડે, એવું છે એ સત્ય સ્વરૂપ રે...જરૂર૦ ૨
આવે નહિ એકે જેને ઉપમા, જડે નહિ બીજી જેની જોડ રે;
શોધતાં ન મળે સંસારમાં, ત્રિલોકે નહિ તેની તડોવડ[2] રે...જરૂર૦ ૩
મહા મોટું સુખ માની મનમાં, મોટા મોટા મૂકી ચાલ્યા રાજ રે;
તે તો સુખ મળે છે સે'જમાં, સત્સંગમાંહી રે'તા આજ રે...જરૂર૦ ૪
પૂરણ સુખને જ્યારે પામિયે, ત્યારે ઝાઝી કરવી જતન રે;
સદાયે રહિયે એ સાચવતાં, જેમ રાંક સાચવે રતન રે...જરૂર૦ ૫

**૧.**મૂળ કારણ **૨.**જોડ; સરખામણી

ગાફલપણે જો ઘણું ઘરમાં, જોતાં જોતાં થઈ જાયે જ્યાન રે;
માટે પ્રમાદપણું પરહરી, સદાય રે'વું જો સાવધાન રે...જરૂર૦ ૬

લાભ અલભ્યને લઈ કરી, બેઠા છીએ બેપરવાઈ[1] રે;
સ્વામી સહજાનંદ સેવતાં, કસર રહી નથી કાંઈ રે...જરૂર૦ ૭

સદા રે'વું મનમાં મગન થઈ, કેદિયે ન માનવું કંગાલ રે;
નિષ્કુળાનંદ કહે નીલકંઠ મળ્યે, થયાં છીએ નિર્ભય નિયાલ[2] રે...જરૂર૦ ૮

**દોહા :**

આ ગ્રંથ અતિ અનુપમ છે, મુખ દેખાડવા દરપણ[3] ॥
પણ હબશી[4] મુખ જોઈ હૈયે, લિયે નહિ લગારે ગુણ ॥ ૧ ॥

દેખી મુખ દુ:ખિયો થઈ, કરે ગ્રંથ મુકુર[5] પર રોષ ॥
જેમ છે તેમ દેખાડિયું, ગ્રંથ દર્પણનો શો દોષ ॥ ૨ ॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિત: વચનવિધિ: સંપૂર્ણ: ।***

# વચનવિધિ: સમાપ્ત:

**૧.**નિષ્ફિકર થઈ **૨.**કૃતાર્થ; સુખી; પૂર્ણકામ **૩.**અરીસો **૪.**આફ્રિકન; અતિ કાળો માણસ **૫.**આ ગ્રંથરૂપી અરીસા

# સારસિદ્ધિ

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી વિરચિત આ **'સારસિદ્ધિ'** ગ્રંથ મુમુક્ષુઓ માટે ઘણો જ ઉત્તમ છે. કેમ જે, તેમાં સાર-સારનું સંશોધન કરી તેનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

સાર એટલે શ્રેષ્ઠ વસ્તુ. સારની સિદ્ધિ એટલે હેતુપૂર્વક સારનું પ્રતિપાદન. તત્ત્વની દષ્ટિએ જે કાંઈ સારરૂપ તત્ત્વો છે, તેની આ ગ્રંથમાં સિદ્ધિ કરવામાં આવી છે. એટલે **साराणां सिद्धिः यस्मिन्** આ રીતે સારસિદ્ધિ એ સાર્થક નામ છે.

આ સંપૂર્ણ વિશ્વમાં ત્રણ જ તત્ત્વો છે : (૧) જીવ (૨) માયા અને (૩) પુરુષોત્તમ. તેમાં જીવ પોતે અલ્પજ્ઞ તથા આધીન તત્ત્વ છે. માયા આધીન ઉપરાંત જડ તથા સતત વિકારી તત્ત્વ છે, તેથી તે અસાર વસ્તુ છે. એક પુરુષોત્તમ નારાયણ જ સર્વશ્રેષ્ઠ સાર તત્ત્વ છે. કેમ જે, તે સંપૂર્ણ નિર્વિકારી, સર્વજ્ઞ, સ્વતંત્ર તથા તમામ ત્યાજ્ય દોષોથી રહિત અને અનંત દિવ્ય ગુણોએ સહિત છે. આવા શ્રીહરિ જ સર્વનું કારણ, સર્વનો આત્મા અને દિવ્યસુખનો મહાસાગર છે. આમ સારમાં સાર સદા સાકાર એક શ્રીહરિ જ છે. આ સદા સર્વદા સત્ય વાતનું સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં બહુ સારી રીતે પ્રતિપાદન કર્યું છે.

***સારમાં સાર હરિની મૂર્તિજી, તેમાં જેણે રાખી મનચિત્તવૃત્તિજી ।***
***હરિ વિના બીજે રાખે નહિ રતિજી, તે ખરા સંત કહિયે મહામતિજી ॥*** (૩૧/૧)

આવા સારના સારરૂપ શ્રીહરિને રાજી કરવા તથા તેમાં અખંડવૃત્તિ રાખવા માટે જે જે ગુણો ખાસ જરૂરી છે તેને પણ પૂ.સ્વામીએ સાર સ્વરૂપે આ ગ્રંથમાં વર્ણવ્યા છે. તેમાં આ તુચ્છ માયામાંથી જીવની વૃત્તિ પાછી વાળવા માટે તીવ્ર વૈરાગ્યનું શરૂઆતમાં જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે. સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ તેમના અંગ પ્રમાણે વૈરાગ્યનું અતિ ધારદાર શબ્દોમાં વર્ણન કર્યું છે. કુલ ૪૮ કડવાંના આ ગ્રંથમાં ૨૦ કડવાં સુધી વૈરાગ્યનું જ વર્ણન થયું છે, પરંતુ તેમાં તેમણે વૈરાગ્યનું સ્થાન તથા પ્રયોજન બહુ સ્પષ્ટ સમજાવ્યું છે જે –

## સારસિદ્ધિ

***તેહ પ્રભુને પમાડવા, શુદ્ધ વૈરાગ્ય છે વળાવો વળી ।***
***તેહ પોં'ચાડે હરિ હજૂરમાં, મુખોમુખ દિયે મેળવી ॥*** (૨૧/૪)

વૈરાગ્યરૂપી વળાવિયો (બોડીગાર્ડ) સર્વ વિઘ્નોથી બચાવી પ્રભુ સુધી પહોંચાડવાનું કામ કરે છે. એટલે કે વૈરાગ્ય એક સાધન છે સાધ્ય નહિ, વૈરાગ્યના વર્ણન બાદ પ્રભુને પ્રસન્ન કરવા ભાવે સહિત ભક્તિનું પ્રતિપાદન કર્યું છે. આ ભક્તિ પ્રગટ પ્રભુ શ્રીસ્વામિનારાયણ ભગવાનની જ કરવી, તેવો ખાસ અનુરોધ પણ કર્યો છે. ત્યાર બાદ ધર્મનંદન શ્રીહરિના વચનરૂપી ધર્મને વર્ણવ્યો છે. તેને પાળવાથી સુખ તથા લોપવાથી દુઃખ મળે છે. તેથી જીવનના દરેક કાર્ય ધર્મમાં રહેતાં થકાં જ કરવાં એવી ટકોર કરી છે.

જેને પ્રગટ પ્રભુનો યથાર્થ મહિમા સમજાય છે, તેનાથી જ વચનમાં વર્તાય છે અને તેનાથી જ સમયે-સમયે નિષ્કામ સેવા-ભક્તિ થાય છે. એટલે મહિમા પણ અતિ જરૂરી સાર વસ્તુ છે. તે માટે મહારાજના મહિમાનું પણ આ ગ્રંથમાં સુંદર પ્રતિપાદન કર્યું છે. આ ધર્માદિક ચારેય બાબત શ્રીહરિના સાચા સંત થકી જ જીવનમાં આવે છે. તેથી સાચા સંતનો મહિમા તથા તેનાં લક્ષણો પણ આ ગ્રંથમાં સુંદર રીતે વર્ણવ્યા છે. સાથેસાથે અસંત પણ ઓળખાવ્યા છે.

આમ, આ સારસિદ્ધિમાં મુખ્યપણે આ પાંચ બાબતનું સારરૂપે પ્રતિપાદન કરવામાં આવ્યું છે : (૧) પ્રગટ પ્રભુની આજ્ઞારૂપ નિષ્કામ ધર્મ, (૨) વૈરાગ્ય, (૩) ભક્તિ, (૪) આત્મજ્ઞાન તથા શ્રીસ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા અને (૫) સાચા સંતને ઓળખીને તેનો પ્રસંગ.

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીની દિવ્યદષ્ટિએ પુરુષોત્તમને પ્રસન્ન કરવા તથા પામવા માટે આ પાંચ સર્વશ્રેષ્ઠ સાર વસ્તુ છે. એટલે જ તેમણે અંતે આશીર્વાદ આપ્યા છે કે –

***આ ગ્રંથ ગાશે સુણશે, રે'શે એમાં કહ્યું એવી રીત ।***
***નિષ્કુળાનંદ એ નરનાં, ઊઘડશે ભાગ્ય અમિત ॥*** (૪૮/૧૦)

આ ગ્રંથના છેલ્લા ધોળ પદમાં પ્રગટ પુરુષોત્તમની પ્રાપ્તિનો જે કેફ છલકાઈ રહ્યો છે, તે હરકોઈ મુમુક્ષુ માટે એક આદર્શ સ્થિતિ છે. મરતા પહેલા શ્રીહરિની આવી સ્વરૂપનિષ્ઠા આપણા જીવનમાં સાક્ષાત્ થઈ જાય તે જ જીવનભરની સાધનાનું ફળ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



*શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે*

# સારસિદ્ધિ

## કડવું-૧

**રાગ : ધન્યાશ્રી**

**શ્રી પુરુષોત્તમ પ્રસન્ન કરવા કાજજી, શું શું જોઈએ આ જીવને સમાજજી[૧]**
**જેણે કરી રીઝે શ્રી મહારાજજી, એવું શોધી સાર[૨] લૈ લેવું આજજી**

**ઢાળ :**

શોધી સાર સર્વે તણો, લૈ લેવો લાભ લાલચ્યે કરી ॥
આવ્યો અવસર ઓળખી, રાજી કરવા શ્રીહરિ ॥ ૨ ॥

**શ્રીહરિ રાજીએ સહુ રાજી, રાજી કર્યા ક્રોડ તેતરીશ ॥**
**શેષ દિનેશ ને શશી સુરેશ[૩], વળી કર્યા રાજી અજ[૪] ઈશ[૫] ॥ ૩ ॥**

---

**૧.**સામગ્રી **૨.**શ્રેષ્ઠ; સિદ્ધાંતરૂપ ઉપાય **૩.**ઈન્દ્ર **૪.**બ્રહ્મા **૫.**શંકર

જેમ રાજેન્દ્રને રાજી કરતા, તેની પ્રજા પણ રાજી થઈ ॥
તેમ પ્રભુને પ્રસન્ન કરતાં, કહો કમી તેને શાની રઈ ॥૪॥
જેમ મહા રત્નની[૧] મો'રમાં,[૧] અન્ય નાણું છે અતિ ઘણું ॥
તેમ હરિ રીઝવતાં સહુ રીઝયા, ન રહ્યું કેનું કુરાજીપણું ॥૫॥
જેમ અનંત ઉડુ[૨] ઊગે અંબરે,[૩] પણ અર્ક[૪] વિના રહે અંધેર ॥
તેમ હરિ સેવા વિના સમજો, છે નિરર્થક નહિ ફેર ॥૬॥
જેમ સો સો શૂન્ય સારાં કરે, પણ એક અંક ન કરે જો આગળે ॥
તે સરવાળો શાનો મેલશે, જે કરે છે કાળપ કાગળે ॥૭॥
તેમ એક હરિને પરહરે, બીજી કરે ચતુરાઈ કોટ[૫] ॥
તે તો માથાફર[૬] ચાલે મારગે, જેમ જેમ ચાલે તેમ ખોટ ॥૮॥
માટે અન્ય ઉપાય અળગા કરી, રાજી કરિયે રૂડે રમાપતિ ॥
નકી નિશાન ન ચૂકિયે, સમજી વિચારી શુભ મતિ ॥૯॥
નિશ્ચે એમ નિર્ણય કરી, ખરી કરી લઈયે વળી ખોજ ॥
નિષ્કુળાનંદ તો પામિયે, મનમાની મહારાજથી મોજ ॥૧૦॥

## કડવું-૨

**પ્રભુ પ્રસન્ન કરવા કરે છે ઉપાયજી, જૂજવા જૂજવા આ જગમાંયજી**
**જેવી રુચિ જનની જેવો અભિપ્રાયજી, તે વિના બીજું કરે નહિ કાંયજી**

કરે નહિ બીજું કોઈ દિન, કરે તેમ માન્યું જેમ મન ॥
મતિ ન પો'તી વૈરાગ્ય વિના, વણ સમજે આદરે સાધન ॥૨॥
કોઈ કહે જપે હરિ રીઝશે, કોઈ કહે તપે તતકાળ ॥
કોઈ કહે તર્ત તીર્થથી, રાજી થાશે દીનદયાળ ॥૩॥

**૧.**કૌસ્તુભમણિ જેવા અતિ કિંમતી રત્નના આકારમાં **૨.**તારાઓ **૩.**આકાશમાં **૪.**સૂર્ય **૫.**કરોડ **૬.**માથું-દિશા જ્ઞાન ફરી ગયા પછી; ઊંધી દિશામાં

કોઈ કહે જોગ જગ્ન કરતા, પ્રસન્ન થાશે પરબ્રહ્મ ॥
કોઈ કહે વ્રત નિયમ રાખતાં, શ્રીહરિ થાશે સુગમ ॥૪॥

કોઈ કહે કરવત લીધે,[૧] સીધે કમળ પૂજાથી[૨] કામ ॥
કોઈ કહે પા'ડ ચઢી પડતાં, રાજી થાય શ્રીહરિ શ્યામ ॥૫॥

કોઈ કહે હિમાળે હાડ ગાળે,[૩] બાળે દાવાનળે[૪] દેહ ॥
તો જરૂર રાજી થાશે જીવન, એહ વાતમાં નથી સંદેહ ॥૬॥

કોઈ કહે ધન ત્રિયા ત્યાગે, ત્યાગે ઘર કરે વનવાસ ॥
કોઈ કહે વેષ કેશ વધાર્યે, કોઈ કહે ફર્યે ઉદાસ ॥૭॥

કોઈ કહે દિગંબર અન્ન અલૂણે,[૫] કોઈ કહે ફળ દળ જળપાન ॥
કોઈ કહે પય[૬] પવન પીતાં, કેમ રાજી ન થાય ભગવાન ॥૮॥

કોઈ કહે મુખે મુન્ય ગ્રહિયે, રહિયે અણવાણ[૭] અહોનિશ ॥
કોઈ કહે પંચ અગનિ[૮] તાપી, રાજી કરિયે જગદીશ ॥૯॥

એહ વિના અનેક ઉપાયે, રાજી કરવા ઇચ્છે છે રામ ॥
નિષ્કુળાનંદ એ ભક્ત ભલા, પણ નકી નથી નિષ્કામ ॥૧૦॥

## કડવું-૩

**કોઈક ઇચ્છે રાજ સાજ રિદ્ધિજી,[૯] કોઈક ઇચ્છે સુરપુર[૧૦] પ્રસિદ્ધિજી**
**કોઈક ઇચ્છે મુક્તિ ચઉવિધિજી,[૧૧] એમ સુખ સારુ સૌએ દોટ દીધીજી**

એમ દોટ સુખ સારુ દીધી, કીધી મોટા સુખની આશ ॥

---

**૧.**ઇચ્છિત ફળ પામવા તીર્થમાં કરવતે વહેરાઈને (કપાઈને) મરણ પામવાથી **૨.**દેવની પ્રસન્નતા માટે પોતાના હાથે પોતાનું કે સંબંધીનું માથું કાપી દેવને ચડાવવાથી **૩.**મૃત્યુ સુધી હિમાલયના ઠંડા પ્રદેશમાં રહેવાથી **૪.**જંગલમાં કુદરતી રીતે પ્રગટેલ અગ્નિમાં **૫.**મીઠા વગરનું ખાવાનું વ્રત **૬.**પાણી અથવા દૂધ **૭.**ઉઘાડા પગે **૮.**ઉનાળામાં પોતાની ચારેય બાજુ અગ્નિ સળગાવી અને ઉપર સૂર્ય એમ પાંચ અગ્નિ વચ્ચે કરાતું તપ **૯.**સમૃદ્ધિ; ધનદોલત **૧૦.**સ્વર્ગલોક **૧૧.**ચાર પ્રકારની

અલ્પ સુખથી મન ઉતારી, નિત્ય દેહ દમે છે દાસ ॥ ૨ ॥
સહે છે સંકટ શરીરમાં, ફળ મળવા સાંધી[૧] છે ફાળ[૧] ॥
જાણ્યું રીઝવી જગદીશને, પામું અભય વર તતકાળ ॥ ૩ ॥
તેહ સારુ તાવે[૨] છે તનને, રે'છે મનમાં મોટી આશ ॥
કૈયે રાજી કરું કૃષ્ણને, કૈયે પામું સુખ વિલાસ ॥ ૪ ॥
અહોનિશ[૩] એવો અંતરે, વરતે છે અખંડ વિચાર ॥
તેણે સહે સમૂહ સંકટના, તોયે પામતા નથી હૈયે હાર ॥ ૫ ॥
સવાસનિક નર એમ સુખ સારુ, અતિ અતિ કરે છે ઉપાય ॥
મોટ્યપ ઈચ્છે છે મનમાં, તેહ વિના તન ન તવાય ॥ ૬ ॥
અતિ આગ્રહે આદરી, કરે પ્રભુને પ્રસન્ન ॥
પછી માગે સુખ શરીરનું, એવા પણ અજ્ઞાની જન ॥ ૭ ॥
નિર્વાસનિક વિના નરને, સમું માગતાં સૂઝે નહિ ॥
જેમ વાણાકરે[૪] વપુ[૫] વાણાકરનું, માંગ્યું કાશિયે કરવત લહિ ॥ ૮ ॥
એમ નાના વિષય ના'વ્યા નજરે, મોટા વિષય મળવા મન કર્યું ॥
હતો અસાધ્ય રોગ અંગમાં, વળી વિશેષે કમળ ફર્યું[૬] ॥ ૯ ॥
તેને પૂર્વ તે પશ્ચિમ થયું, હૈયું રહ્યું નહિ વળી હાથ ॥
નિષ્કુળાનંદ એવા નર અમર,[૭] પામે નહિ મોટી મીરાંથ[૮] ॥૧૦॥

## કડવું-૪

**જેમ વનજનને વા'લું વનજી, તેને વસતાં વસ્તીએ માને નહિ મનજી**
**ફળ દળ ફૂલ ખાય નિશદિનજી, અતિ રસે સરસ પણ ન ભાવે ભોજનજી**

ભોજન તેને કેમ ભાવે, જેણે ખાધાં કોઠાં[૯] કરી ખાંત્ય[૧૦] ॥

**૧.**સાહસભરી બાબતનો લક્ષ્ય બાંધ્યો છે **૨.**કષ્ટ આપે **૩.**દિવસ-રાત **૪.**મોચીએ **૫.**શરીર **૬.**દિશા ભ્રમ થયો **૭.**દેવ **૮.**દિવ્ય સંપત્તિ; પદવી **૯.**કોઠીના ઝાડનાં ખાટાં ફળ **૧૦.**હોંશ

ઉપર ખાધી આંબલી, તેણે અંબાઈ ગયા છે દાંત ॥ ૨ ॥
જેની વિષયકોઠાંમાં વૃત્તિ વળગી, અહંમમતરૂપ ખાધી આંબલી ॥
તેને ગોળ સારો કેમ લાગશે, કેમ કે'શે સાકરને ભલી ॥ ૩ ॥
તેમ ભોગવ્યાં સુખ જેણે ભૂમિનાં, તેથી અધિક સુણ્યાં અમરેશનાં[૧] ॥
તેને પામવા પામર નર, સહે છે દુઃખ હંમેશનાં ॥ ૪ ॥
જેમ અમલ[૨] પીતાં અકલ નાસે, તોયે અંતરે જાણે અધિકું પીઉં ॥
આવ્યું ડૂલપણું[૩] તે નથી દેખતો, એવું અતિશે ફૂટી ગયું હઈયું[૪] ॥ ૫ ॥
થોડી ઉપાધિયે પણ નથી ઠેકાણું, ઘણી ઉપાધિ કેમ ન ગૂંચવશે ॥
સૂકું રણ ઊતરે સમર્થ નથી, તો કેમ ઊતરશે રણ જ્યારે વસે[૫] ॥ ૬ ॥
જાણે પેસી ઊંડા અર્ણવમાં,[૬] તળે જળ પીને તરષા તજું ॥
પણ બહુ દુઃખ છે બા'ર આવતાં, તે પણ તપાસિયે ગજું ॥ ૭ ॥
આઘા પગ પરઠતાં,[૭] હૈયે કરવો નહિ હુલાસ ॥
આગળ સુખ કે દુઃખ છે, તેનો કાઢવો તપાસ ॥ ૮ ॥
તેમ વિષય સુખની વાટે ચાલતાં, વિચારી જોવી જન વાત ॥
કૈકવાર સુખ પામ્યાં વામ્યાં, લાખો લેખે લાગી લાત[૮] ॥ ૯ ॥
માટે વાટ એ મૂકવી, ન ચૂકવી આવી આ પળ ॥
નિષ્કુળાનંદ કહે નાથનાં, સેવવાં ચરણ કમળ ॥૧૦॥

**પદ-૧ (રાગ : રામગ્રી) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

નિર્ભય ચરણ છે નાથનાં, સેવો શ્રદ્ધાએ સંત;
અવર[૯] ઉપાય અળગા કરી, સમજો સાર સિદ્ધાંત..નિર્ભય૦ ॥ ૧ ॥
સુણી સુખ લોકાલોકનાં,[૧૦] શીદ કરો છો શોચ;

**૧.**ઈન્દ્રના **૨.**અફીણ; કેફી દ્રવ્ય **૩.**પાયમાલપણું/ચક્કર આવવાપણું **૪.**જ્ઞાન-ભાન ન રહ્યું **૫.**જંગલ જેવું બને ત્યારે **૬.**સમુદ્રમાં **૭.**મૂકતાં **૮.**અનંતવાર દુઃખી થયા છીએ **૯.**બીજા **૧૦.**આ લોક કે સ્વર્ગાદિક પરલોકનાં

એ તો ઉદંબરે[1] ફળ વળગ્યાં, થડ થકી તે ટોચ..નિર્ભય૦ ॥ ૨ ॥
એમ વળગ્યાં વિષય પાંચમાં, નર સુર અજ ઈશ;
અધિક નૂન્ય એમાં નથી, રવિ શશી સુરેશ..નિર્ભય૦ ॥ ૩ ॥
માટે ઊંડું વિચારી અંતરે, ખરી કરવી ખોળ્ય,
નિષ્કુળાનંદ પ્રભુપદ પખી, જ્યાં જ્યાં જાય ત્યાં રોળ[2]..નિર્ભય૦ ॥ ૪ ॥

## કડવું-૫

**એ તો કેને અંતરે નથી વૈરાગ્યજી, જેણે કરી થાય તનસુખ ત્યાગજી**
**એક હરિચરણે હોય અનુરાગજી, એવા તો કોઈક સંત સુભાગજી**

સંત સુભાગી સરસ સહુથી, જેના અંતરમાં નિરવેદ[3] ॥
સુણી સુખ સર્વે લોકનાં, જેનું નથી પામતું મન ખેદ[4] ॥ ૨ ॥
ઊંડું વિચારી અંતરમાં, જોઈ લીધું જીવમાં જરૂર ॥
વિષય સારુ સહુ વલખાં, કરે છે સુર અસુર ॥ ૩ ॥
**વૈરાગ્ય વિના વિષય સુખનો, તર્ઈટ[5] ન થાયે ત્યાગ ॥**
**ત્રોડી પાડે પિંડ બ્રહ્માંડથી, એવો તો એક વૈરાગ્ય ॥ ૪ ॥**
વૈરાગ્યવાન વિલસે નહિ, માયિક સુખની માંઈ ॥
શૂન્ય સુમન[6] સમ સમજી, ગંધ સુગંધ ન માને કાંઈ ॥ ૫ ॥
જે નિર્વેદ નિધિ[7] નરનું, જેવું કરી દિયે છે કામ ॥
તેવું ન થાય કહું કોઈથી, શું લખું ઘણાનાં નામ ॥ ૬ ॥
જેમ મળે એક ચિંતામણિ, ઘણી અગણિત વસ્તુનું ઘર ॥
તેમ શુદ્ધ વૈરાગ્ય શિરોમણિ, નથી એથી બીજું કાંઈ પર ॥ ૭ ॥
સર્વે સુખની સંપત્તિ, વસી રહી વૈરાગ્ય માંઈ ॥

**૧.**જેના ફળ ખાવા જેવા નથી તે ઉંબરાનું ઝાડ. **૨.**ડખો; મોત **૩.**વૈરાગ્ય **૪.**ક્ષોભ; દુઃખ **૫.**સંપૂર્ણ; તળિયાઝાટક **૬.**આકાશના પુષ્પ **૭.**વૈરાગ્યરૂપી ખજાનો

મોટે ભાગ્યે જો આવી મળે, તો ન રહે કસર કાંઈ ॥ ૮ ॥
વૈરાગ્યવાનને વિપત શાની, જે સમજ્યા સાર અસાર ॥
જેમ તુંબું[૧] બોળે કોઈ તોયમાં,[૨] પણ નીસરી જાયે નીર બા'ર ॥ ૯ ॥
વૈરાગ્ય વિના તો વાત ન બને, શુદ્ધ સાચું ન લેવાય સુખ ॥
નિષ્કુળાનંદ નિરવેદ વિના, આદિ અંતે મધ્યે દુઃખ ॥૧૦॥

## કડવું-૬

**વૈરાગ્ય વિના વિધિલોકથી[૩] વિધિજી,[૪] સુતા સ્પર્શની ઈચ્છા ઉર કીધીજી**
**વૈરાગ્ય વિના પિનાકી[૫] પરસિદ્ધિજી, મોહિનીને મીટે[૬] જોવા લક[૭] લીધીજી**

લક લીધી તક નવ તપાસી, વૈરાગ્ય વોણું[૮] વગોણું થયું ॥
હતા અખંડ આત્મદરશી, પણ એ સમે એવું નવ રહ્યું ॥ ૨ ॥
વળી પુરંદર[૯] વૈરાગ્ય પખી, માગ્યાં અસ્થિ[૧૦] ગર્યો ઋષિ ઘરમાં ॥
વૈરાગ્ય વિના વિબુધ[૧૧] વિલખે, સદા રહી સુખના ભરમાં[૧૨] ॥ ૩ ॥
વૈરાગ્ય વિના વિધુ[૧૩] વ્યાકુલ થઈ, જઈ હરી ગુરુની પતની ॥
વૈરાગ્ય વિના જુવો વિચારી, સારી વાત તે શું બની ॥ ૪ ॥
વૈરાગ્ય વિના અંગે અંધારું, રહી ગયું અર્કને અપાર ॥
પરણ્યા વિના પતની કરી, તેનો ઉર ન આવ્યો વિચાર ॥ ૫ ॥
નારદ પરાશર સૌભરી, ભૂલી ગયા વૈરાગ્ય વિના વાત ॥
એકલશૃંગીની અરણ્યમાં,[૧૪] થઈ વણ વૈરાગ્યે ઘાત[૧૫] ॥ ૬ ॥
પાંડવ ભક્ત પ્રમાણિયે, પણ વણ વૈરાગ્યે વસાવ્યું[૧૬] વેર ॥
કૌરવ કુળ નિર્મૂળ કર્યું, તેની મને આવી નહિ મે'ર ॥ ૭ ॥

**૧.**તૂંબડું **૨.**જળમાં **૩.**સત્યલોકમાં **૪.**બ્રહ્માએ **૫.**શંકર **૬.**નજરે **૭.**જીદ; આગ્રહ **૮.**વિના **૯.**ઈન્દ્ર **૧૦.**હાડકાં **૧૧.**દેવો **૧૨.**ભાર-તનાવમાં **૧૩.**ચંદ્રમાં **૧૪.**જંગલમાં **૧૫.**પછડાટ; વિઘ્ન **૧૬.**ઊભું કર્યું

વૈરાગ્ય વિના ચિત્રકેતુ, પરણિયો પત્નીઓ કોટ ॥
આગ્નીધ્ર[1] યયાતિ જેવે, વણ વૈરાગ્યે ભોગવી ખોટ ॥૮॥

બ્રહ્મા આદિ કીટ પર્યંત, વણ વૈરાગ્યે વિકળ થયા ॥
ત્યારે બીજાનું નવ બોલવું, જે પશુવત પામર રહ્યાં ॥૯॥

**વૈરાગ્ય વિના વિષય સુખનો, અંતરે ન થાયે અભાવ ॥**
**નિષ્કુળાનંદ નિરવેદ વિના, રૂઝે[2] નહિ વિષયના ઘાવ[3] ॥૧૦॥**

## કડવું-૭

**જો શુદ્ધ વૈરાગ્ય ઊપજે અંગજી, તેને ન ગમે વિષય સુખનો સંગજી**
**અંતરે ઉદાસી રહે અભંગજી, તેને ચિત્તો ચઢે હરિનો રંગજી**

ચિત્તો રંગ જાય ચડી, તે ઉતાર્યો ઊતરે નહિ ॥
એવા વૈરાગ્યવાનને, પિંડ બ્રહ્માંડની ગણતી સહિ ॥૨॥

એવા શુદ્ધ વૈરાગ્યવાળા શુકજી, જડભરતને પણ જાણીએ ॥
કદરજમાં પણ કાચું નહિ, ખરા વૈરાગ્યવાન વખાણીએ ॥૩॥

દેવ ઋષિ નરદેવની,[4] કહી ખોટ મોટી ખોળીને ॥
તેથી મનુષ્યની મોટયપ કે'તાં, તન મને જોવું તોળીને ॥૪॥

પણ પ્રહ્લાદે પરબ્રહ્મથી, માયિક સુખ નવ માગિયું ॥
કુંતા ભક્ત કૈ'યે ખરાં, વિદુરે નિજ રાજ્ય ત્યાગિયું ॥૫॥

ગોપીચંદ બાજિંદ શેખ ભર્તૃહરિ, સબસ્ત બરેજ મનસુર મલેચ ॥
અતિ વૈરાગ્યના વેગ વડ્યે, પડ્યા નહિ માયાને પેચ[5] ॥૬॥

શુદ્ધ વૈરાગ્ય શરીરમાં, અચાનક જેને ઊપજે ॥
તેને બ્રહ્મા થકી આ ભૂમિનાં, સુખ નર અમરનાં નવ રજે[6] ॥૭॥

---

**૧.**પ્રિયવ્રત રાજાનો મોટો પુત્ર **૨.**શમે **૩.**વેગ; પીડા **૪.**રાજાની **૫.**યુક્તિ-દગાબાજીમાં **૬.**ન ગમે

**સાચો વૈરાગ્ય છે સુખનિધિ,[1] જો આવી જાય અચાનકે ॥**
**તો કસર કોઈ નવ રહે, ઠીકોઠીક પોં'ચાડે સ્થાનકે ॥૮॥**

મોટે ભાગ્યે મનુષ્યને, મળે નિરવેદ રૂપણી[2] નિધિ ॥
રે'વા ન દિયે રંકપણું, વિષય સુખનું કોયે વિધિ ॥૯॥

વણ વૈરાગ્યે એ છે વસમું,[3] વૈરાગ્યવાનને વસમું નથી ॥
તન કરી રાખ્યું છે તૃણ તોલે, કહે નિષ્કુળાનંદ શું કહું કથી ॥૧૦॥

## કડવું-૮

**વૈરાગ્યવાનને વાત નથી કઠણ કંઈજી, જે કોઈ મુક્તાં મુકાય નઈજી**
**એવી વસ્તુ આ બ્રહ્માંડે સહીજી, જે વિના વિતરાગી[4] ન શકે રહીજી**

રહી ન શકે એવું જે રૂડું, ભર્યા બ્રહ્માંડમાં ભાળે નહિ ॥
મહાસુખ મૂકી મહારાજનું, બીજે સુખે મન વાળે નહિ ॥૨॥

**સર્વે લોકની સંપત્તિ, પાપ રૂપ જાણી પેખે નહિ ॥**
**મૂર્તિ મૂકી મહારાજની, બીજું દુઃખ જાણી દેખે નહિ ॥૩॥**

મોટા નાના માયિક સુખમાં, પડ્યા પરાધીન પરવશ છે ॥
સ્વર્ગ મૃત્યુ પાતાળ પર્યંત, તેમાં કોણ કમ કોણ સરસ છે ॥૪॥

જેમ અગ્નિજ્વાળથી ઊંચા નીચા, લોહકઢામાં[5] કણ ઊછળે ॥
એમ પંચ વિષયમાં પડ્યા પ્રાણી, નાના મોટા સહુ બળે ॥૫॥

વૈરાગ્યવાન જન એવું વિલોકી, મૂકી વિષય સુખની વાટ ॥
તને મને તપાસીને, ઘણી વાત બેસારી છે ઘાટ[6] ॥૬॥

ખરું કર્યું એમ ખોળીને, વણ વૈરાગ્યે વણસાડ[7] ॥
રૂડું જાણીને ન રોપીએ, ઘર આંગણે ગરલનું[8] ઝાડ ॥૭॥

**૧.**સુખનો ખજાનો **૨.**રૂપી **૩.**કઠણ **૪.**વૈરાગી **૫.**લોઢાની કડાઈમાં **૬.**બુદ્ધિથી કામ કરવાની યોજના **૭.**બગાડ **૮.**ઝેરનું

**એમ એક પ્રભુને પરહરી, જન જે જે કરે છે ઉપાય ॥**
**તેમાં સર્વે રીતે સંકટ છે, માની લેજો જન મનમાંય ॥૮॥**

પણ વણ વૈરાગ્યે વરતાય નહિ, અને વર્તે તે વૈરાગ્યવાન ॥
માટે અસત્ય સુખથી મન ઉતારી, ભજે છે જે ભગવાન ॥૯॥

શુદ્ધ વૈરાગ્યવાન સાચા, ભક્ત પ્રભુના ભણિયે ॥
નિષ્કુળાનંદ કહે તે વિના, બીજા સર્વે સ્વાર્થી ગણિયે ॥૧૦॥

**પદ-૨ (રાગ : રામગ્રી)** 'મન રે માન્યું નંદલાલશું' એ ઢાળ.

શુદ્ધ વૈરાગ્યે કરી સેવિયે, પ્રેમે પ્રભુના પાય;
માયિક સુખ ન માગિયે, મોહે કરી મનમાંય..શુદ્ધ૦ ॥૧॥

**નિષ્કામી જનની નાથને, સારી લાગે છે સેવ;**
**જે મોક્ષ આદિ નથી માગતા, નથી તજતા તે ટેવ[1]..શુદ્ધ૦ ॥૨॥**

**સકામ ભક્તની શ્રીહરિ, પૂજા પરહરે દૂર;**
**જાણે માયિક સુખ માગશે, જડબુદ્ધિ જરૂર..શુદ્ધ૦ ॥૩॥**

શુદ્ધ વૈરાગ્ય વિના સમજો, નર નો'યે નિરાશ;[2]
નિષ્કુળાનંદ નિષ્કામથી, રીઝે શ્રી અવિનાશ..શુદ્ધ૦ ॥૪॥

## કડવું-૯

**વૈરાગ્યવાનનું વર્તવું વખાણુંજી, જેને માયિક સુખ સૌ સરખું જણાણુંજી**
**લોકાલોકે જેનું મન ન લોભાણુંજી, એક હરિચરણે ઠીક મન ઠેરાણુંજી**

ઠેરાણું ચિત્ત હરિચરણે, તેણે કરી તનસુખ ત્યાગ છે ॥
સારું નરસું સરખું થયું, જેને ઉર અતિ વૈરાગ્ય છે ॥૨॥

ખાતાં ન થાયે ખરખરો, જેવું અન્ન જડે તેવું જમે ॥

**૧.**ટેક **૨.**માયાની આશા રહિત - નિષ્કામ ભક્ત

સૂકું લૂખું સ્વાદું નિરસ્વાદું, ખાઈને દિન નિર્ગમે ॥૩॥
જળ દળ ફળ ફૂલ જમી, સદાય મને રહે સુખી ॥
વૈરાગ્ય જેને ઉર ઊપજે, તે સહુ વાતે રહે દુઃખી ॥૪॥
ફાટ્યાં તૂટ્યાં વીણી વીથીથી,[૧] ઘણા ચીરાની[૨] કંથા કરે ॥
શીત[૩] ઉષ્ણ[૪] નિવારવા સારુ, એવી અંગે ઓઢી ફરે ॥૫॥
સૂવા ન શોધે સાથરો,[૫] સુંદર સુંવાળી જાગ્ય ॥
સમ વિષમ સમ સમજે, જેને તનસુખનો છે ત્યાગ ॥૬॥
**રાત દિવસ હૃદયા વિષે, દઢ રે'છે હરિનું ધ્યાન ॥**
**તેણે કરી નથી આવતું, અણુ ભાર અંગે અભિમાન ॥૭॥**
કોઈક નંદે કોઈક વંદે, કોઈ નાપે આપે ખાવા અન્ન ॥
કોઈ ગૃદ[૬] પથર ગોબર[૭] નાખે, તોય સદા રાજી રહે મન ॥૮॥
એવી વૈરાગ્ય વિનાની વિપત્તિ, કહો કોણ સહી શકે શરીર ॥
વેષ લીધે વૈરાગ્યને, જાણો કેમ ધરાયે ધીર ॥૯॥
વારીવારી જાઉં એ વૈરાગ્યને, જેણે જગસુખ દુઃખ જાણ્યું સહી ॥
નિષ્કુળાનંદ નિરવેદ જેવું, બીજું હોય તો દેખાડો કહી ॥૧૦॥

## કડવું-૧૦

**વળી વૈરાગ્યવંતને જાઉં વારણેજી, તનસુખ ત્યાગ્યાં હરિ રાજી કર્યા કારણેજી**
**દેહ પર્યંત રહ્યા એક ધારણેજી,[૮] અહંતા મમતા કાઢી જેણે બારણેજી**

બારણે કાઢી જેણે દેહબુદ્ધિ, સુધી વાતને સમજ્યા સહી ॥
આપે મનાણું આતમા, કહ્યું કલેવર[૯] હું કેદી નહિ ॥૨॥
જડ ચૈતન્ય[૧૦] જાણ્યાં જૂજવાં, ચૈતન્ય આપે ચોક્કસ કર્યું ॥

**૧.**રસ્તામાંથી **૨.**જૂનાં કપડાનાં ટૂકડાંની **૩.**ટાઢ **૪.**ગરમી **૫.**ઘાસની સાદડી **૬.**ગારો; ધૂળ **૭.**છાણ **૮.**એકસરખી રીત-ભાતે **૯.**દેહ **૧૦.**દેહ અને આત્મા

તેહ વિના ત્રિગુણે રચિત, તે પરથી મન ઊતર્યું ॥૩॥
તેહ દેશે પ્રદેશે પરવરે,[૧] કરે ઘર પરનું કામ ॥
ભૂલ્યે પણ ભાખે નહિ, જે હું નહિ આતમારામ ॥૪॥
જેમ પોતપોતાની જાત્યને, જન જાણે છે મનમાંય ॥
તે સુતાં બેઠાં જાગતાં, ભૂલ્યે પણ બીજું ન મનાય ॥૫॥
નારી નર નપુંસકપણું, વળી વીસરે નહિ કોઈ વિધ ॥
તેમ આતમા રૂપ જાણ્યું આપણું, પ્રગટપણું પ્રસિદ્ધ ॥૬॥
એવી વિગતી થૈ વૈરાગ્યથી, તે ટાળી પણ ટળે નહિ ॥
રાત દિવસની રીતિયે, સત્ય તે અસત્યમાં ભળે નહિ ॥૭॥
**સત્ય નિત્ય એક નિજ આતમા, અસત્ય દેહાદિક આદ[૨] ॥**
**તેમાં નાનાં મોટાં કેને કહિયે, એ તો સર્વે સરખી ઊંટ લાદ[૩] ॥૮॥**
એમ વૈરાગ્યવાનને વરતે, અખંડ એવો વિચાર ॥
કેને વખાણે કેને વગોવે, દેખે માયિક સુખ એક હાર ॥૯॥
વખાણે તો વખાણે વળી, વિશેષે વૈરાગ્યવંતને ॥
નિષ્કુળાનંદ તનસુખ તજી, જે ભજે છે ભગવંતને ॥૧૦॥

## કડવું-૧૧

**ભગવંત ભજશે નર નિરમોઈજી, જેને હરિ વિના વા'લું નથી કોઈજી**
**અખંડ રહ્યાં છે એક હરિને જોઈજી, એવા જન જેહ તેહ હરિના હોઈજી**

હરિના જન તેને જાણિયે, જે છતી મતિયે[૪] ઉન્મત્ત રહ્યા ॥
વિવેકી પણ વૈરાગ્ય વડ્યે, જાણતાં અજાણ થયા ॥૨॥
શ્રવણ છે પણ નથી સુણતા, દગ[૫] છે પણ ન દેખે રૂપ ॥

**૧.**વિચરે **૨.**આખી દુનિયા **૩.**ઊંટની વિષ્ટા **૪.**બુદ્ધિ હોવા છતાં **૫.**આંખ્ય

ત્વચા છે પણ નથી જાણતા, શીત ઉષ્ણનું તે સ્વરૂપ ॥ ૩ ॥
જિહ્‌વા છે પણ નથી જાણતા, ષટ્‌રસ ખાવાની રીત ॥
વળી વચને કરી નથી વદતા, જે જાણી વાણી અનિત્ય ॥ ૪ ॥
પગ છે પણ નથી ચાલતા, કર છે પણ ન કરે કામ ॥
નાસા છે પણ નથી સૂંઘતા, સહુ આળસી પામ્યાં છે આરામ ॥ ૫ ॥
મન બુદ્ધિ ચિત્ત અહંકાર જે, તે અંતઃકરણ કે'વાય ॥
અતિ થયાં છે આળસુ, અસત્ય મારગ માંય ॥ ૬ ॥
વૈરાગ્યે લીધી વર્તિયો વાળીને, સમેટીને સર્વે માંયથી ॥
તે રાખી હરિના રૂપમાં, તે મૂકી બીજે જાતી નથી ॥ ૭ ॥
જે પરવરી[1] ગઈતી પદાર્થમાં, વૃત્તિ થઈ તે વિષયાકાર ॥
તે વાળી પાછી આણી અંતરે, તે તો નિરવેદથી નિરધાર ॥ ૮ ॥
નિરવેદ વિના ખેદ પામે, અંતર ને નિરંતર બા'ર ॥
દેવ અદેવ[2] ને ઋષિ રાજવી, પશુ પન્નગ[3] ને નરનાર ॥ ૯ ॥
એક વૈરાગ્ય બીજી વજ્રમણિ[4], તેને તપાવી ન શકે કોઈ તાપ ॥
નિષ્કુળાનંદ શીતળ સદા, વૈરાગ્ય વજ્રમણિ આપ ॥૧૦॥

## કડવું-૧૨

**વૈરાગ્યવંતને અત્યંત સુખજી, જેની ભાંગી ગઈ સર્વે ભૂખજી**
**કોઈ વાતનું રહ્યું નહી દુઃખજી, સદાયે રહ્યા છે હરિ સનમુખજી**

હરિ સનમુખ રહે સદા, જેણે આપદા[5] અળગી કરી ॥
સાજી[6] ન રાખી શરીરશું, ગયા અહંમમતા માયા તરી ॥ ૨ ॥
જેમ ચકોરની દષ્ટિ ચંદ્ર મૂકી, અરું પરું[7] પેખે નહિ ॥

**૧.**ફેલાઈ **૨.**અસુર **૩.**સર્પ **૪.**વજ્ર જેવો કડક હીરો **૫.**આપત્તિ **૬.**પ્રીતિ; સાર-સંભાળ **૭.**આજુબાજુ

તેમ વૈરાગ્યવાનની વરતિ, હરિમૂર્તિ વિના દેખે નહિ ॥ ૩ ॥
જેમ જળનું ઝષ[૧] જળમાં રહે, બા'રે નીસરતાં બળે ઘણું ॥
તેમ વૈરાગ્યવાનની વરતિ, હરિ વિના સુખ ન પામે અણું ॥ ૪ ॥
જેમ અનળ[૨] રહે આકાશમાં, તેને ભોમ્યે[૩] આવ્યે ભારે દુઃખ છે ॥
શીદ આવે તે અવનિયે,[૩] જેને શૂન્યે[૪] રે'વામાંહિ સુખ છે ॥ ૫ ॥
તેમ વૈરાગ્યવાનની વરતિ, હરિમૂર્તિ માંઈ રહે વસી ॥
તેને દેહમાં આવે દુઃખ ઊપજે, જે વાલમમાં રહી વિલસી[૫] ॥ ૬ ॥
જેમ ભૂપભામિની[૬] ભુવન તજી, રડવડે એકલી અરણ્ય[૭] ॥
ભુવન ભુવન હીંડે[૮] ભીખતી,[૯] તેને વદવી વાઘરણ્ય ॥ ૭ ॥
તેમ હરિજનની વૃત્તિને, જોઈએ પૂરણ પતિવ્રતાપણું ॥
મહા સુખમય મૂર્તિ મહારાજની, તે માંહિ ગરક રે'વું ઘણું ॥ ૮ ॥
પણ બાંધી અલાબુ[૧૦] દિયે ડૂબકી, તે નીસરે બા'રો નીરથી ॥
તેમ હરિમૂર્તિમાં બૂડતાં, સ્નેહ તોડવો શરીરથી ॥ ૯ ॥
એટલા માટે જરૂર જોઈએ, નરને તે નિરવેદ ॥
નિષ્કુળાનંદ કહે તે વિના, મટે નહિ મનને ખેદ ॥૧૦॥

**પદ-૩ (રાગ : રામગ્રી)** **'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

વા'લીનિધિ[૧૧] તો વૈરાગ્ય છે, જન જાણો જરૂર;
તે વિના સર્વે તપાસિયું, રાખે હરિથી દૂર..વા'લી૦ ॥ ૧ ॥
અનેક ગુણ હોય જો અંગમાં, પણ એક ન હોય વૈરાગ્ય;
તો તન અભિમાન ટળે નહિ, પાળ્યા પય[૧૨] પાઈ નાગ..વા'લી૦ ॥ ૨ ॥
કુરકટ[૧૩] ફળને જળે વળી, મળ માંયેથી જાય;

**૧.**માછલું **૨.**એ નામનું પક્ષી **૩.**પૃથ્વી ઉપર **૪.**આકાશમાં **૫.**વિરમી **૬.**રાજાની રાણી **૭.**જંગલમાં **૮.**ભટકે **૯.**ભીખ માગતી **૧૦.**તૂંબડું **૧૧.**શ્રેષ્ઠ ખજાનો **૧૨.**દૂધ **૧૩.**નિર્મળી નામના વૃક્ષના

તેમ વૈરાગ્ય ઔષધિ વખાણિયે, પીતાં રોગ પળાય[1]..વા'લી૦ ॥ ૩ ॥
ખોળીખોળી ખરું કરી, વખાણિયે વૈરાગ્ય;
નિષ્કુળાનંદ જેને ઊપજ્યો, તેનાં જાગિયાં ભાગ્ય..વા'લી૦ ॥ ૪ ॥

## કડવું-૧૩

**તીવ્ર વૈરાગ્યની ધાર છે તીખીજી, નથી કે'વાતું એ વાતને શીખીજી**
**કાળજ કંપે છે દિશ[2] એની દેખીજી, મોટપ એની નથી જતી લેખીજી[3]**

લેખી ન જાયે લેશ એની, મોટપ તે માનો સહિ ॥
વણ અંગે એ વારતા, બરોબર કે'તાં બેસે નહિ ॥ ૨ ॥
પણ જેના પંડ્યમાં એ પ્રગટે, રટે નિરંતર તે રામ ॥
અંતર ઊંડા ઊતરી, સમરે છે સુંદર શ્યામ ॥ ૩ ॥
વસ્તી વન ભુવનનું, ભીતર રહ્યું નથી ભાન ॥
વીસરી ગઈ છે વાત બીજી, રે'તાં મૂર્તિમાં ગુલતાન ॥ ૪ ॥
વર્ણ આશ્રમ જાતનું, નથી જાણપણું જરાય ॥
નામ રૂપ રંક ભૂપ, નથી મનાતું મનમાંય ॥ ૫ ॥
કવિ કોવિદ[4] પંડિતપણું, પરઠતાં[5] પણ પરઠાય નહિ[5] ॥
તે તીવ્ર વૈરાગ્યે નાખ્યું ત્રોડી, એક હરિમૂર્તિમાં રહિ ॥ ૬ ॥
હાણ વૃદ્ધિ ને હાર્યા જિત્યા, ખાટ્યા ખોયાનું નથી ખરું ॥
હરિમૂર્તિમાં વૃત્તિ વળગી, તેણે વીસરી ગયું પરું[6] ॥ ૭ ॥
જેમ ચઢે ઊંચે કોઈ અંબરે, તે તો ભૂમિઆકાર ભાળે નહિ ॥
તે શુભાશુભ સહુ પર છે, અસત્ય સત્ય કોઈ કાળે નહિ ॥ ૮ ॥
જે વસ્તુતાએ વસ્તુ નથી, તે વસ્તુને કેવી કે'વાય ॥

**૧.**નાશ થાય **૨.**રીત-ભાત **૩.**માપી **૪.**હોશિંયાર; જાણકાર **૫.**માનવું હોય તોપણ મનાય નહીં **૬.**બીજું

એમ તીવ્ર વૈરાગ્યવાનને, એમ સે'જે વરતે છે સદાય ॥૯॥

**તીવ્ર વૈરાગ્ય તેણે કરીને, જગ્તસુખ જોયામાં નથી આવતું ॥**
**નિષ્કુળાનંદ નાથમૂર્તિ વિના, બીજું ભૂલ્યે પણ નથી ભાવતું ॥૧૦॥**

## કડવું-૧૪

**તીવ્ર વૈરાગ્ય છે સુખની સીમાજી, અતિ આનંદ રહ્યો છે તેમાંજી**
**અણુ એક ભાર નથી દુઃખ એમાંજી, તે તો તેહ જાણે જન પ્રગટ્યો છે જેમાંજી**

જેને પ્રગટ્યો તે જન જાણે, બીજા શું વખાણે વાણિયે ॥
વણ દીઠે કરે વારતા, તે પૂરી કેમ પ્રમાણિયે ॥૨॥

પણ જેના પંડ્યમાં પ્રગટ્યો, તીખો તીવ્ર વૈરાગ્ય ॥
તેહના અંગમાંહિ અજાનો,[૧] રે'વા તે ન દિયે ભાગ ॥૩॥

જેમ કંચનને કુંદન[૨] કરતાં, તેને જાણજો જોયે તાપ ॥
તેમ તીવ્ર વૈરાગ્યના તાપથી, શુદ્ધ થાયે અંતર આપ ॥૪॥

**વિશલ્યકરણી[૩] ઔષધિ વડે, શલ્ય નીસરી જાયે શરીરથી ॥**
**તેમ તીવ્ર વૈરાગ્ય તેણે કરી, જાયે વિષયશલ્ય[૪] અચિરથી[૫] ॥૫॥**

જેમ સુરાખારને[૬] અરઘે[૭] કરી, ગોળી ગળીને[૮] નીસરે બાર ॥
તેમ તીવ્ર વૈરાગ્યના વેગથી, રહે નહિ વિષય વિકાર ॥૬॥

સુખ દુઃખનાં શલ્ય[૯] શરીરે, ક્ષણું ક્ષણું એ ખટકે ખરાં ॥
તે તીવ્ર વૈરાગ્યના વેગ વિના, પંડમાંથી ન થાયે પરાં ॥૭॥

સુતાં બેઠાં ચાલતાં, શલ્ય સૂક્ષ્મ સણકા કરે ॥
તે બૃહત[૧૦] વૈરાગ્ય વિના, કોઈથી પણ નવ નીસરે ॥૮॥

---

**૧.**માયાનો **૨.**સોળવલું સોનું **૩.**જેને પીવાથી શરીરમાં વાગેલા બાણ કે શૂળા નીકળી જાય એવી એક પ્રકારની ઔષધિ **૪.**વિષયરૂપી બાણ; ઘા **૫.**તત્કાળ **૬.**એક પ્રકારનું તેજ મીઠું **૭.**રસપાન કરવાથી **૮.**બંદૂકની કારતૂસ ઓગળીને **૯.**તીર **૧૦.**ઉત્તમ; તીવ્ર

બા'રના દરદની ઔષધિ, કાષ્ટ ધાતુની કે'વાય છે ॥
પણ તીવ્ર વૈરાગ્ય ટાળી,[1] અંતર દુઃખ કાંયે જાય છે ॥૯॥

તીવ્ર વૈરાગ્ય તન મનને, શોધીને કરે છે શુદ્ધ ॥
નિષ્કુળાનંદ એ સુખનિધિ છે, એમ કે'છે સંત સુબુદ્ધ[2] ॥૧૦॥

## કડવું-૧૫

**બૃહત વૈરાગ્યની વાત છે મોટીજી, તે વિના સર્વે સમજણ ખોટીજી**
**શીદને મરિયે એમાં શિર કૂટીજી, બા'ર હૈયાની આંખ્ય કેમ ફૂટીજી**

ફૂટી આંખ્ય અંતરની, તે સુખ દુઃખ સૂઝે નહિ ॥
વૈરાગ્ય વિના વાત સુધી,[3] બુઝાવતાં બૂઝે[4] નહિ ॥૨॥

બૃહત વૈરાગ્ય વિના કોણ, બેઠો ઠાઉકો[5] ઠરીને ॥
વૈરાગ્ય જાણો વિપ્ર વિવા'માં, હાથોહાથ સોંપે હરિને ॥૩॥

જેમ જુવતિને પતિ પામવા, જોયે બીજો કરતલ મેળાપ ॥
તેમ જનને જગદીશ મળવા, બૃહત વૈરાગ્ય મેળવે આપ ॥૪॥

પ્રથમ પે'લા કામ પડે, હરિ વરવા બૃહત વૈરાગ્યનું ॥
જેણે કરી પિયુ પામિયે, વામિયે મેણું દુવાગનું[6] ॥૫॥

વર વર્યા વિના વનિતા, કોયે સુખ ન પામે સુંદરી ॥
મોર્યે કહ્યાં સુખ મોટાં મોટાં, પામે વૈરાગ્યવાન વરતાં હરિ ॥૬॥

વર વરવા ઈચ્છા કરે, તો આપે જરીનો[7] એહ ॥
તૈયે જરૂર વર એને વરશે, એહ વાતમાં નથી સંદેહ ॥૭॥

**ચોક્કસ ઓઢી જેણે એ ચુંનડી, અખંડ વરની અંગ ॥**
**એવા જન જે જગ્તમાં, તેનો રહી ગયો રૂડો રંગ ॥૮॥**

**૧.**વિના / નાશ કરવાથી **૨.**શ્રેષ્ઠ સમજણવાળા **૩.**સાચી **૪.**સમજાવતાં સમજે **૫.**સંપૂર્ણ
**૬.**રંડાપાનું **૭.**સુંદર પોષાક; ચુંદડી

પ્રથમ કહ્યાં એવાં સુખ પામવાં, બૃહત વૈરાગ્યમાં છે જો વડાઈ ॥
તેહ વિના તોળી તપાસ્યું, સુખ ના દીઠું કહું ક્યાંઈ ॥૯॥
વારમવાર વિચાર કરી, મોટપ વૈરાગ્યની લૈ લખી ॥
નિષ્કુળાનંદ કહે નરને, નથી સુખ બૃહત વૈરાગ્ય પખી ॥૧૦॥

## કડવું-૧૬

**બૃહત વૈરાગ્ય છે વણમૂલું[૧] ઘરેણુંજી, સર્વથી સરસ સદા સુખદેણુંજી**
**પે'રતાં ઊતરે માથેથી ભવ મે'ણુંજી, તે પામિયે હોય પૂરણ જો લે'ણુંજી[૨]**

પૂરણ લે'ણે એ પામિયે, અંગે એવું આભૂષણ ॥
તે શોભાડે સર્વે રીતશું, પમાડે પ્રભુ તતક્ષણ ॥૨॥
જે જે શોભ્યા આ જગ્તમાં, તે તો સર્વે એ ઘરેણે ઘણું ॥
પણ શુદ્ધ વૈરાગ્ય વિના સુર નરનું, પાણી[૩] ન રહ્યું મુખતણું ॥૩॥
વૈરાગ્ય વિના આ વિશ્વમાં, અન્ય શોભાએ જે શોભ્યા ઘણા ॥
વણ વૈરાગ્યે જગ્ત કર્તા હર્તા,[૪] લાગ્યા અતિશે લજામણા ॥૪॥
શુદ્ધ વૈરાગ્યે શોભા ઘણી, હરિજનની જાણો જરૂર ॥
વૈરાગ્ય વિના લાગે વરવું,[૫] એ પણ વિચારવું ઉર ॥૫॥
**વૈરાગ્યવાન વા'લા હરિને, સામું જોઈને સરાયે[૬] અતિ ॥**
**વણ વૈરાગ્યવાન વિલોકીને, હરિ રાજી નથી થાતા રતિ ॥૬॥**
શુક ભરત સનકાદિક શોભ્યા, બૃહત વૈરાગ્ય ઘરેણે ઘણું ॥
જનક જયદેવ કદરજનું કહું, મુખ લાગ્યું સોયામણું ॥૭॥
જો ધરો તો અંગે ધરજો, શુદ્ધ વૈરાગ્ય રૂપ શણગાર ॥
તો હેતે કરી હરિ રીઝશે, નિશ્ચે જાણો નિરધાર ॥૮॥

**૧.**અમૂલ્ય **૨.**સદ્‌ભાગ્ય; કૃપા **૩.**સન્માન; આબરૂ **૪.**બ્રહ્મા, શિવ **૫.**શોભા વિનાનું; ભૂંડું **૬.**ખુશ થાય

કોઈ સો સો શણગાર સજે શરીરે, કાછ[૧] શંખલાં કથીરના[૨] ॥
પણ કંચન વિના કેમ કહિયે, એ શોભાડનારા શરીરના ॥૯॥
તેમ સારામાં સારું ઘરેણું, સુવર્ણ કહે શિરોમણિ ॥
નિષ્કુળાનંદ બૃહદ વૈરાગ્યની, મોટપ્ય નથી જાતી ગણી ॥૧૦॥

**પદ-૪ (રાગ : રામગ્રી) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

તીવ્ર વૈરાગ્ય તડોવડ્યે,[૩] નાવે સો સો સાધન,
જપ તપ તીર્થ જોગ જે, કરે કોઈ જન જગન...તીવ્ર૦ ॥૧॥
દાન પુણ્ય પાળે કોઈ ધર્મને, ગાળે હિમાળે તન,
પ્રભુ પ્રસન્ન કર્યા કારણે, જગમાં કરે છે જન...તીવ્ર૦ ॥૨॥
પણ બૃહદ વૈરાગ્ય વિના, વાયદા પ્રભુ પામવા કાજ,
અવર[૪] બીજા ઉપાયથી, રાજી નો'યે મહારાજ...તીવ્ર૦ ॥૩॥
બૃહદ વૈરાગ્યથી નથી વેગળા, અલબેલો અવશ્ય,
નિષ્કુળાનંદ નજીક છે, બૃહત વૈરાગ્યને વશ્ય...તીવ્ર૦ ॥૪॥

## કડવું-૧૭

**જેને ઉર ઊપજ્યો બૃહત વૈરાગ્યજી, તેનાં ઊઘડિયાં મહા મોટાં ભાગ્યજી**
**નથી એવો લાભ બીજો કહ્યા લાગ્યજી,[૫] જે થકી જડે છે મહાસુખમાં જાગ્યજી[૬]**

મોટી જાગ્ય જડે છે જનને, તે તો જાણજો બૃહત વૈરાગ્ય વડ્યે ॥
તે વિના તપાસિયું પણ, વાત નથી બેસતી ઘડ્યે ॥૨॥
**તીવ્ર વૈરાગ્ય તો ઊપજે, જો કૃપા કરે જગદીશ ॥**
**કાં તો તેના જન મળે, વૈરાગ્યવાન મુનીશ ॥૩॥**
હરિકૃપા વિના હોયે નહિ, પામવા બૃહત વૈરાગ્ય ॥

**૧.**કાચ **૨.**જસતના; હલકી ધાતુના **૩.**સરખામણીમાં **૪.**એ સિવાયના **૫.**યોગ્ય **૬.**સ્થાન; પદ

કાં તો બૃહી[1] જન હરિના મળે, તો વાત ન રહે કહ્યા લાગ્ય ॥૪॥
તેહ વિના બૃહત વૈરાગ્યની, આશા ન રાખવી ઉર ॥
જેમ વણ વૂઠે[2] વરસાતને, વળી ના'વે નદીયે પૂર ॥૫॥
જેમ નર નારી વિના ન નીપજે, બાળક તે બીજી પેર ॥
તેમ બૃહત વૈરાગ્ય તો ઊપજે, જો હરિ હરિજન કરે મે'ર ॥૬॥
**જેમ પાથ[3] પૃથવી બે વિના, કહું કદી ન ઊપજે અન્ન ॥**
**તેમ તીવ્ર વૈરાગ્ય તો ઊપજે, જો મળે હરિ કે હરિના જન ॥૭॥**
તે વિના તીવ્ર વૈરાગ્યનો, નથી ઊપજવા ઉપાય ॥
માટે હરિ હરિજનને, સેવીને કરવા સા'ય[4] ॥૮॥
જેહ પામવા ઈચ્છે કોઈ પ્રાપતિ, તેને અણગર્જુ ન રે'વું અંગ ॥
દાસના દાસ થઈ રહી, રહિયે વૈરાગ્યવાનને સંગ ॥૯॥
શુદ્ધ સંતથી એ સંપત્તિ, બૃહત વૈરાગ્યની મળે વળી ॥
નિષ્કુળાનંદ તો તન મનના, વિકાર સર્વે જાયે ટળી ॥૧૦॥

## કડવું-૧૮

**બૃહત વૈરાગ્ય છે અનુપમ અતિજી, એહ સમાન નથી કોઈ સંપત્તિજી**
**તે તો સંત સા'યે થાયે પ્રાપતિજી, તો તેને કષ્ટ રહે નહિ રતિજી**
**રતી કષ્ટ તેને કેમ રહે, જેને થાય મોટાની મે'ર ॥**
**સંત શ્રીહરિ સિંધુની જેને, ઢળી વળી આવી લે'ર ॥૨॥**
જેમ રતનાકરમાં[5] રતન મોતી, અમૂલ્ય છે અતિ ઘણાં ॥
પણ તન મન અરપ્યા વિના, કેદિયે ન થાય આપણાં ॥૩॥
સિંધુ તીરે શે'ર વસે છે, બીજાં પણ બહુ ગામ ॥

**૧.**અતિશય વૈરાગ્યવાળા **૨.**વરસ્યા વગર **૩.**જળ **૪.**મદદ કરે તેટલા રાજી **૫.**સમુદ્રમાં

તે લૂણ[૧] શંખલા સહુ લિયે, રત્ન મોતીનું ન પૂછે નામ ॥૪॥
રત્ન મોતી મળે મોટી મે'નતે, વણ મે'નતે મળતાં નથી ॥
માટે સહુ કોઈએ સમજી, મેલ્યાં ઉતારી મનથી ॥૫॥
પણ હરિ સાગર છે સુખના, નથી કોઈ વાતની એમાં ખોટ ॥
તેમાં નિષ્કામી માગે નિરવેદને, સકામ માગે માયાસુખ મોટ[૨] ॥૬॥
નિષ્કામ વિના નિરવેદનિધિ,[૩] રુચતી નથી રતીભાર ॥
સાકરથી પણ સારો લાગ્યો, ખાવા સોમલખાર[૪] ॥૭॥
તે તો હરિજનને જોવી નહિ, પ્રાકૃત પ્રાણીની રીત ॥
સેવવા શ્રી ભગવાનને, માગવો વૈરાગ્ય ચિત્ત ॥૮॥
વૈરાગ્ય અંતરેથી જો ઊતરે, તો ડોકાં કાઢી રહ્યાં છે દુઃખ ॥
આવે ધાઈ[૫] તે ઉરમાંઈ, રે'વા ન દિયે સુખ ॥૯॥
માટે વા'લો કરી વૈરાગ્યને, રાખવો તે રૂડી રીત ॥
નિષ્કુળાનંદ એ નરની, તો જરૂર જાણો થાયે જીત ॥૧૦॥

## કડવું-૧૯

**બૃહત વૈરાગ્ય વિના જન વારમવારજી, જૂજવા જૂજવા જીવ ધરે અવતારજી**
**દેવ દાનવ માનવમાં બહુવારજી, નિગમે[૬] ન થાય તેનો નિરધારજી**

નિરધાર ન થાય નિગમે, એટલા લીધા અવતાર ॥
વૈરાગ્ય વિના વપુ ધર્યાનો, આવ્યો નહિ વળી પાર ॥૨॥
કૈકવાર સત્યલોક પામ્યો, કૈકવાર પામ્યો કૈલાસ ॥
કૈકવાર ઈન્દ્રપદવી પામ્યો, તોયે ન ટળી વિષય સુખ આશ ॥૩॥
કૈકવાર સુરપુર પામ્યો, વિબુધ કન્યા[૭] વિમાન ॥

**૧.**મીઠું **૨.**ઢગલાબંધ **૩.**વૈરાગ્યરૂપી ખજાનો **૪.**અત્યંત ઝેરી પદાર્થ **૫.**દોડીને **૬.**શાસ્ત્ર વડે **૭.**અપ્સરાઓ

કૈકવાર ભૂમાં ભૂપતિ થયો, કૈકવાર થયો ધનવાન ॥૪॥
કૈકવાર સૂર[1] દાતાર થયો, કૈકવાર પુરાણી પંડિત ॥
કૈકવાર પ્રશ્ન ઉત્તરથી, કરી પોતાની જિત ॥૫॥
કૈકવાર ગુણી ગવૈયો થયો, જ્ઞાની ધ્યાની કોવિદ ને કવિ ॥
કૈકવાર જાણ પ્રવીણ થયો, થયો અર્થ જાણતલ અનુભવી ॥૬॥
એમ અનેકવાર પામિયો, ભોમે[2] વ્યોમે[3] અવતારને ॥
પણ એક ન પામ્યો વૈરાગ્યને, ત્યારે શું પામ્યો જન સારને ॥૭॥
જેમ મોટા શહેરના મોટલિયા,[4] ઉપાડે કાચ કે વળી કોયલા ॥
ખાતાં ન ખવાયે કાળપ થાયે, એ કાળા ઘોળા જાણો નથી ભલા ॥૮॥
પણ એવું ઈચ્છે છે સહુ અંતરે, નથી ઈચ્છતા આવવા વૈરાગ્યને ॥
તેણે કરીને જનનાં, નથી ઊઘડતાં ભારે ભાગ્યને ॥૯॥
એમ સર્વે વાતો તો ખરી કરી, પણ બૃહત વૈરાગ્ય માર્ગ નવ જડ્યો ॥
નિષ્કુળાનંદ કહે શું થયું, તાડતળે[5] રહ્યો કે ટોચે ચડ્યો ॥૧૦॥

## કડવું-૨૦

**સર્વે વાતનું શોધી લીધું સારજી, નથી કોઈ બૃહદ વૈરાગ્યની હારજી**
**અંતર વિચારિયું વારમવારજી, શુદ્ધ વૈરાગ્ય તો સહુને પારજી**

શુદ્ધ વૈરાગ્ય પાર સહુને, નથી એથી અધિક કોય એક ॥
વાંધો ન રહે કોઈ વાતનો, જો આવી ઊપજે ઠીકોઠીક[6] ॥૨॥
શાસ્ત્ર સર્વે સાંભળિયાં, તેમાં છે ચ્યાર પ્રકારની વાત ॥
ધર્મ અર્થ કામનું કહ્યું, માંહી મોક્ષનું પણ સાક્ષાત ॥૩॥
પણ બૃહદ વૈરાગ્ય વિસ્તાર વિના,[7] થોડે ઠેકાણે લખ્યો લહી ॥

---

**૧.**શૂરવીર **૨.**પૃથ્વી લોકમાં **૩.**ઉપરના લોકમાં **૪.**મજૂરો **૫.**જેને નહિવત્ છાયા હોય છે તેવા તાડ નામના અતિ ઊંચા ઝાડ નીચે **૬.**પૂરેપૂરો **૭.**સંક્ષેપથી

પણ તીખા તીવ્ર વૈરાગ્યની, વાત પૂરી પુરાણે નવ કહી ॥ ૪ ॥
ખાન પાન વળી વિષય સુખનું, ઠામોઠામ સ્થાપન કર્યું ॥
હરખ શોક ને હાર્યા જીત્યા, એ સાંભળતામાં શું સર્યું ॥ ૫ ॥
આખી અવનિમાં એકનું, કહ્યું ઉદય અસ્ત લગી રાજ ॥
સુખ દુઃખ તેનાં સુણતાં, કહો શું સરિયું કાજ ॥ ૬ ॥
આખા જગતમાં એવી વાતો, ઘરોઘર ઘણી ગવાય છે ॥
પણ નર અમર નિશાચર, બૃહદ વૈરાગ્યને કોઈ ચા'ય છે ? ॥ ૭ ॥
વૈરાગ્ય માગવો વિકટ છે, જેમ નાખવો કલેજે હાથ ॥
જીવવા ન દિયે જીવથી, રે'વા ન દિયે કોઈનો સાથ ॥ ૮ ॥
**જેને મરવાનું હોય મનમાં, તે માગજો બૃહદ વૈરાગ્ય ॥**
**તે અક્ષરથી આણી કોરે,[1] રે'વા ન દિયે જાગ્ય ॥ ૯ ॥**
**એ તો મરજીવાનો માર્ગ છે, હોય મરજીવા તે માંડે પગ ॥**
**નિષ્કુળાનંદ એ જેને પ્રગટે, તેને સર્વે ચડી જાયે સગ[2] ॥૧૦॥**

## પદ-૫ (રાગ : ગરબી)

**'સહજાનંદ સિંધુ રે આજ મારે ઉલટ્યા રે'** એ ઢાળ.

સગ્ય[2] ચડી જાયે રે શુદ્ધ વૈરાગ્યથી રે,
શું કહું બૃહદ વૈરાગ્યની વડાઈ રે;
તીવ્ર વૈરાગ્ય રે તે વડ્યે તનમાં રે,
કસર રે'વા ન દિયે કાંઈ રે...સગ્ય૦ ॥ ૧ ॥
તીવ્ર વૈરાગ્ય રે તીખી તરવાર છે,
અતિશે સજેલ આકરી ધાર રે;
અડતામાં કરે રે સરવે વેગળું રે,

**૧.**અક્ષરબ્રહ્મથી નીચે **૨.**શિખર; સર્વે વાત સિદ્ધ થાય

લેશ ન રે'વા દિયે સંસાર રે...સગ્ય૦ ॥ ૨ ॥
એક હરિ વિના રે કરે બીજું અળગું રે,
તેની ઘણી લાગે નહિ વળી વાર રે;
એવો ઉપાય રે અવર એકે નથી રે,
શું કહિયે વર્ણવી એહની હાર[૧] રે...સગ્ય૦ ॥ ૩ ॥
અતિ મોટે ભાગ્યે રે જાગે એહ અંતરે રે,
જેને હોયે પૂરણ પુણ્યનો જોગ રે;
નિષ્કુળાનંદ કહે તેના મનમાં રે,
રે'વા ન દિયે રતિયે રોગ[૨] રે...સગ્ય૦ ॥ ૪ ॥

## કડવું-૨૧

**બૃહદ વૈરાગ્ય વર્ણવ્યો બહુ વિધિજી, અતિશય મોટ્યપ એહની કિધિજી**
**પ્રભુ પ્રસન્ન કરવા એ છે નૌતમ નિધિજી, સદા સુખકારી એ જાણો પ્રસિદ્ધિજી**

પ્રસિદ્ધ પ્રભુને પામવા, એવી નથી બીજી મીરાંથ[૩] ॥
સરવે અંતરાય અળગી કરી, આપે હરિના હાથમાં હાથ ॥ ૨ ॥
જે હરિ સિંધુ[૪] સર્વ સુખના, સદા સર્વદા સુંદર શ્યામ ॥
જેને પામી ન રહે પામવું, પામી થવાયે પૂરણકામ ॥ ૩ ॥
તેહ પ્રભુને પમાડવા, શુદ્ધ વૈરાગ્ય છે વળાવો[૫] વળી ॥
તેહ પોં'ચાડે હરિ હજૂરમાં, મુખોમુખ દિયે મેળવી ॥ ૪ ॥
પછી તે હરિજનને જાણજો, વિઘન સર્વે વિરમ્યાં ॥
મળતાં શ્રીમહારાજને, દૈહિક દુઃખ સર્વે શમ્યાં ॥ ૫ ॥
કમી ન રહી કોઈ વાતની, પામ્યા પૂરણ પુરુષોત્તમ ॥

**૧.**સમાન **૨.**સહેજપણ આસક્તિ **૩.**સંપત્તિ; મિલકત **૪.**સાગર **૫.**વળાવિયો; મુસાફરીમાં રક્ષક તરીકે સાથે રહેનાર માણસ

સુંદર સાકાર મૂરતિ, અતિ રૂપાળી રૂડી રમ્ય ॥ ૬ ॥
તે પ્રભુની પાસે દાસ, વાસ કરીને રહે સદાય ॥
બીજું ન ઈચ્છે અંતરે, ઈચ્છે ભક્તિ કરવા મનમાંય ॥ ૭ ॥
ભક્તિ વિના ભાવે નહિ, ભૂલ્યે પણ ભીતર મોઝાર ॥
સર્વે પ્રકારે સમજે, ભક્તિ સારમાં સાર ॥ ૮ ॥
ભક્તિએ કરી હરિ રીઝવે, રીઝે સુખદ શ્રી મહારાજ ॥
ત્યારે ખામી રતી પણ નવ રહે, પામે સર્વે સુખનો સમાજ ॥ ૯ ॥
ભાવે ભરી કરે ભગતિ, અતિ આનંદ આણી ઉર ॥
નિષ્કુળાનંદ તેની ઉપરે, હરિ રાજી થાયે જરૂર ॥૧૦॥

## કડવું-૨૨

**જરૂર હરિ રીઝવવા માટજી, ભક્તિ કરવી તે શીશને સાટજી**
**તેહ વિના વાત તે ન બેસે ઘાટજી,[૧] સમજી વિચારી લેવી એ વાટજી[૨]**

સમજી વિચારી ઘનશ્યામની, ભક્તિ કરો ભાવે ભરી ॥
ભાવ વિનાની ભક્તિએ, રાજી નહિ થાયે શ્રીહરિ ॥ ૨ ॥
ભક્તિ કરવી ભગવાનની, સમા પર રહી સાવધાન ॥
સમા વિનાની જે ભગતિ, અતિ જાણો કરે છે જ્યાન[૩] ॥ ૩ ॥
સમે સેવીને સુખ લૈયે, વણ સમે સરે નહિ કામ ॥
તે સમો મનમાં સમજી, રે'વું હરિ હજુર કરભામ[૪] ॥ ૪ ॥
સમે સામું જોઈ રે'વું શ્યામને, જોવી કર નયણની સાન[૫] ॥
સમા પર તતપર થઈ, કરવી ભક્તિ તે નિદાન[૬] ॥ ૫ ॥
એક પગ ભર ઊભાં આગળે, હાથ જોડીને રે'વું હજૂર ॥

**૧.**યથાયોગ્ય; બંધ બેસતી ન આવે **૨.**રાહ-રસ્તો **૩.**નુકશાન **૪.**હાથ જોડીને **૫.**ઈશારો **૬.**ચોક્કસ

જેમ કહે તેમ કરવું, કરી ડા'પણ આપણું દૂર ॥ ૬ ॥
**વળી જેમ વાળે તેમ વળવું, તજી દેવી તનમન તાણ[1] ॥**
**અન્ય ભરોંસો અળગો કરી, થઈ રે'વું હરિના વેચાણ ॥ ૭ ॥**
**ભક્ત તે જ જે ભક્તિ કરે, જોઈ મરજી જગદીશની ॥**
**મરજી ન લોપે મહારાજની, એહ રીતિ સમજો શિષ્યની ॥ ૮ ॥**
મોટે ભાગ્યે ભેટે[2] ભગતિ, પ્રગટ પ્રભુ પરમાણની[3] ॥
તેહ વિનાની જે ભગતિ, તે તો મત મમતા તાણની ॥ ૯ ॥
કરિયે તો કરિયે સમજી, પ્રગટ પ્રભુજીની ભગતિ ॥
નિષ્કુળાનંદ કહે તે વિના, નથી નરને કોઈ પ્રાપતિ ॥૧૦॥

## કડવું-૨૩

**ભક્તિ હરિની સહુથી અતિ સારીજી, જનને કરવી તે મનમાં વિચારીજી**
**હિતની વાત હૈયામાંયે ધારીજી, તક જોઈને રે'વું તરત તૈયારીજી**

તૈયાર રે'વું તક ઉપરે, પ્રસન્ન કરવા પ્રગટને ॥
શીત ઉષ્ણ વરસાદનું, સહી શરીરે સંકટને ॥ ૨ ॥
સેવા કરતાં સેવકને, પંડસુખ[4] સામું પેખવું[5] નહિ ॥
સમે સમાજ સારે[6] સેવવા, તે વિના સુખ લેખવું[7] નહિ ॥ ૩ ॥
તકે દાતણ તકે નાવણ, તકે પે'રાવવાં અંબર[8] ॥
તકે ભોજન વ્યંજન કરી, જમાડવા શ્યામ સુંદર ॥ ૪ ॥
સમે ચંદન ચરચવું, સમો જોઈ પે'રાવવા હાર ॥
સમે આભૂષણ અંગમાં, પે'રાવવાં કરીને પ્યાર ॥ ૫ ॥
સમે ઉતારવી આરતી, સમે કરવી સ્તુતિ કર જોડ ॥

**૧.**આંટી; હઠ **૨.**મળે **૩.**સાક્ષાતની **૪.**શરીરના સુખ **૫.**જોવું **૬.**તમામ સામગ્રી વડે **૭.**માનવું **૮.**વસ્ત્રો

સદા દીન આધીન રે'વું, કે'વું બક્ષજો[1] ગુન્હા પ્રભુ ક્રોડ[2] ॥ ૬ ॥
સમે પ્રભુને પોઢાડવા, સમે નાખવો પંખે પવન ॥
સમે ચરણ ચાંપવાં, એમ કરવા પ્રભુ પ્રસન્ન ॥ ૭ ॥
**સમો જોઈ સેવકને, તત્પર રે'વુ તૈયાર ॥**
**મન કર્મ વચને કરી, કરવી સેવા કરી બહુ પ્યાર ॥ ૮ ॥**
જે ટાણે ગમે જેમ નાથને, તેહ ટાણે કરવું તેમ ॥
જે ન ગમે જગદીશને, અણગમ્યું ન કરવું એમ ॥ ૯ ॥
એવા અતિ સુતર[3] જન જે, તે કરે પ્રભુને પ્રસન્ન ॥
નિષ્કુળાનંદ કહે નાથના, એ કહીએ સાચા સેવક જન ॥૧૦॥

## કડવું-૨૪

**ભક્તિમાં ભાર[4] ભર્યો છે બહુંજી, કેટલીક મોટપ મુખે હું કહુંજી**
**તમે વિચારી જુઓ જન સહુંજી, એહ મોટપને ઉપમા શી દઉંજી**

દઉં શી એને ઉપમા, ભક્તિ બરોબર બીજું નથી ॥
તે ભક્તિ પ્રભુ પ્રગટની, કહી નથી પરોક્ષની કથી ॥ ૨ ॥
પામી પ્રભુ પ્રકટને, જેણે લીધો છે મોટો લાવો[5] ॥
મોટો લાભ મળી ગયો, ટળી ગયો પૂરણ દાવો[6] ॥ ૩ ॥
તેને તોલે ત્રિલોકમાંહી, નાવે કોઈ નિરધાર ॥
સમે સમે સુખ પામિયાં, પ્રભુ પ્રગટના ભજનાર ॥ ૪ ॥
પ્રગટ ભક્તિ વ્રજવાસિયે કરી, પરોક્ષ ભક્ત અજ[7] અમરેશ ॥
જેવું સુખ ગોપી ગોવાળ પામિયાં, તેવું ન પામિયા વિધિ[7] ઈશ ॥ ૫ ॥
પ્રગટ ભજી ઋષિપતની, પરોક્ષ ભજ્યા ઋષિરાય[8] ॥

**૧.**માફ કરજો **૨.**કરોડ **૩.**સરળ **૪.**માલ; લાભ **૫.**લાભ **૬.**સંતાપ **૭.**બ્રહ્મા **૮.**યજ્ઞ કરી રહેલા મથુરાના વિપ્રોએ

ઋષિપત્નીએ હરિ રાજી કર્યા, ઋષિ રહ્યા પરિતાપ માંય ॥ ૬ ॥
**પ્રભુ પ્રગટના પ્રસંગ વિના, રહી ગઈ એવા મોટાને ખોટ ॥**
**આજ કાલના અભાગિયા, દિશ[1] વિના દિયે છે દોટ** ॥ ૭ ॥
પ્રગટ વિના છે પાંપળાં,[2] ભક્તિ કરે છે ભવમાંય ॥
ખરાં ખાંડતાં કુસકા,[3] કણ નહિ નીસરે તે માંય ॥ ૮ ॥
હરિલાડીલા લાડુ જમી ગયા, કેડે પડ્યાં રહ્યાં પતરાવળાં ॥
જેથી ભૂખ ન જાય સુખ ન થાય, વણ સમજે ચાટે છે સઘળાં ॥ ૯ ॥
દન્તી[4] ગયા દાંત રહ્યા, કેમ ભાંગે કોટ[5] કમાડ ॥
નિષ્કુળાનંદ પરોક્ષ ભક્તિને, પ્રીછજો[6] એહ પાડ[7] ॥૧૦॥

**પદ-૬ (રાગ : ગરબી) 'સહજાનંદ સિંધુ રે આજ મારે'** એ ઢાળ.

પરોક્ષ ભક્ત રે પામે નહિ પ્રાપતિ રે,
જીવની જરાય જંપે નહિ ઝાળ[8] રે;
પૂરણ થયાની રે પ્રતીતિ નવ પડે રે,
સંશયવત રહે સદા કાળ રે...પરોક્ષ૦ ॥ ૧ ॥
મુખોન્મુખ રે મળ્યા નથી માવજી રે,
કેવા હરિ જાણી કરશે ધ્યાન રે;
રૂપ અનુપમ રે કેવું હૃદે રાખશે રે,
જેને અણ દીઠે છે અનુમાન રે...પરોક્ષ૦ ॥ ૨ ॥
અણ મળ્યાની રે અંતરે આગન્યા રે,
પાળશે કઈ પેરે કરી પ્રીત રે;
ધર્મને નિ'મ રે કેમ દૃઢ ધારશે રે,

**૧.**દિશા; સમજણ **૨.**ફાંફાં મારતાં; નિષ્ફળ ગયેલા બિચારા **૩.**ફોતરાં **૪.**હાથી **૫.**કિલ્લો **૬.**સમજજો **૭.**સમાન **૮.**પીડા

જે નથી જાણતા હરિની રીત રે...પરોક્ષ૦ ॥૩॥
વણ દીઠે વાત રે વદને શું વદશે રે,
નથી આવ્યા દયાળુ દીઠા માંય રે;
નિષ્કુળાનંદ રે ન મળેલ નાથના રે,
તેણે ધર્મ નીમ ન રહે કાંય રે...પરોક્ષ૦ ॥૪॥

## કડવું-૨૫

**ધર્મ દઢ રાખશે હરિના મળેલજી, જે જન તન મન સુખમાં ન ભળેલજી**
**માયિક સુખથી પાછા વળેલજી, તેહને એ વાત સુધી છે સહેલજી**

સુધી સહેલ એ વાત છે, ધર્મ પાળવો દઢ મને ॥
ધર્મ મૂકીને કામ કોઈ, કરવું નહિ કોઈ દને ॥૨॥
ધર્મે બોલવું ધર્મે ડોલવું,[1] ધર્મે જોવું દષ્ટે કરી ॥
સુતાં બેઠાં જાગતાં, ધર્મ નેમ રહેવું ધરી ॥૩॥
ધર્મે હાલવું ધર્મે ચાલવું, ધર્મે લેવું ને દેવું વળી ॥
ધર્મે રહેવું ધર્મે કહેવું, ધર્મે લેવી વાત સાંભળી ॥૪॥
ધર્મે ખાવું ધર્મે પીવું, ધર્મ વિના ન ધરવા પાવ ॥
કરે[2] કરવું કામ ધર્મનું, ધર્મે કરવો તન નિભાવ[3] ॥૫॥
સર્વે કામ ધર્મે કરવાં, ધર્મ મૂકી ન કરવું કાંઈ ॥
સર્વે કાળે એમ સમજી, રે'વું સદાય ધર્મ માંઈ ॥૬॥
ધર્મ મૂકીને કારજ કોયે, કે'દી ન ઈચ્છે કરવા ॥
કરી એવી અચળ મતિ, તે રતી ન દિયે ફરવા ॥૭॥
દેહ પર્યંત ડોલવું નહિ, ધર્મ ધાર્યા છે તે માંયથી ॥

**૧.**કોઈની 'હા' કે 'ના' માં ભળવું **૨.**હાથે **૩.**ગુજરાન; ભરણ-પોષણ

ટેક[1] નેક[2] ન તજવી, સદા રે'વું હરિ આજ્ઞાએથી ॥૮॥
ધર્મે થાય તે ઠીક છે, રહિયે અધર્મ થકી અળગા ॥
એવા જન થઈ હરિના, રહિયે ધર્મને વળગા ॥૯॥
**સુખ દુઃખના સમુહ માંહિ, મૂંઝાઈ ધર્મ મૂકવો નહિ ॥**
**નિષ્કુળાનંદ કહે નિશ્ચે કરી, ધાર્યો ધર્મ તે ચૂકવો નહિ ॥૧૦॥**

## કડવું-૨૬

**ધર્મ રાખે તેહ ધર્મી કા'વેજી, ધર્મ વિના જેને બીજું ન ભાવેજી**
**સુતાં બેઠાં ગુણ ધર્મના ગાવેજી, ધર્મ વિના બીજુ નજરે નાવેજી**

ના'વે બીજું કાંઈ નજરે, ધર્મ વિના વળી કોઈ ધન ॥
ધર્મ ગયે જે ધન મળે, તે જાણો થયું વિઘન ॥૨॥
**ધર્મ ગયે ધરા[3] ધામ[4] મળે, ધર્મ ગયે મળે સુત વામ[5] ॥**
**ધર્મ ગયે ખાન પાન મળે, તે કરવું સર્વે હરામ[6] ॥૩॥**
ધર્મ ગયે સુખ સંપત્તિ મળે, ધર્મ ગયે મળે રાજપાટ ॥
ધર્મ ગયે મોટપ્ય મળી, બળી વળી સઈ થઈ ખાટ[7] ॥૪॥
ધર્મ ગયે વસ્ત્ર મળે, આસન ને વાહન વળી ॥
ધર્મ ગયે સનમાન મળે, એહ આદિ સર્વે જાજો બળી ॥૫॥
ધર્મ ગયે જો તન રહે, તો તનને પણ ત્યાગવું ॥
જીવવાનું જાતું કરીને, હરિ પાસે મરવાનું માગવું ॥૬॥
ધર્મ ગયે સર્વે ગયું, ગયું નીર વળી નાકતણું[8] ॥
માટે મૂકી નિજ ધર્મને, ન કરવું મુખ લજામણું ॥૭॥
ધર્મ વિના સુર[9] અસુર નરનાં, સર્વેનાં શાહીસમ[10] મુખ થયાં ॥

---

**૧.**પ્રતિજ્ઞા; નિયમ **૨.**રીત / નક્કી **૩.**પૃથ્વી **૪.**ઘર **૫.**નારી **૬.**ત્યાજ્ય **૭.**લાભ; જીત **૮.**આબરૂ ગઈ **૯.**દેવ **૧૦.**કાળા; કલંકિત

ધર્મ વિના ધરા અંબર માંહી,[૧] મોટપ માન કેનાં રહ્યાં ? ॥ ૮ ॥
ધર્મ વિનાનું ધિક જીવવું, જન જાણજો જગમાંઈ ॥
દેવ ઈચ્છિત દેહ આવિયો, પણ કામ ન આવિયો કાંઈ ॥ ૯ ॥
ધર્મવાળા પર ધર્મના સુત, રે'છે રાજી રળિયાત ॥
નિષ્કુળાનંદ ધર્મવાનની, શું કહિયે વર્ણવી વાત ॥૧૦॥

## કડવું-૨૭

**પરમ ધર્મ કહિયે સારમાં સારજી, સંત સરાયે[૨] જેને વારમવારજી**
**નથી કોઈ આવતું ધર્મની હારજી, ધર્મ તે ધારી કહું નિરધારજી**

નિરધાર[૩] સાર શોધી કહું, ધારી લેજો ધર્મની રીત ॥
જે ધર્મે અધર્મ ટળે, કહું તે ધર્મ કરી પ્રીત ॥ ૨ ॥
**ધર્મ તે ધર્મસુતનાં વચન, તેહ પાળવાં પ્રીતે કરી ॥**
**જેને જેમ કરી આગન્યા, તે ફેરવવી નહિ ફરી** ॥ ૩ ॥
આગન્યાથી અધિક બીજો, નથી આવતો ધાર્યામાંય ધર્મ ॥
તોળી તપાસી જોયું તને મને, એ જ ધર્મ છે વળી પર્મ[૪] ॥ ૪ ॥
ત્યાગી ગૃહી જન જેહને, કરી જેને તે જેમ આગન્યા ॥
તેને તે તેમ વર્તવું, નવ વરતવું વચન વિના ॥ ૫ ॥
વચનમાં જેહ વરતે, તે પરમ ધર્મ પાળનાર ॥
વચન વિરોધી જે વરતે, તે સર્વે ધર્મ ટાળનાર ॥ ૬ ॥
અવિનાશીની જે આગન્યા, તે સમજવું શુદ્ધ ધર્મને ॥
ધારી વિચારી રાખવી હૃદયે, તો પામિયે સુખ પરમને ॥ ૭ ॥
વર્ણ આશ્રમ વેદવિધિના, ધર્મ પાળે છે ધરા ઉપરે ॥

**૧.**પૃથ્વી લોકમાં તથા ઉપરના લોકમાં **૨.**વખાણે **૩.**ચોક્કસ **૪.**શ્રેષ્ઠ

વે'વાર અર્થે વિવિધ ભાતે, પાળે છે તે બહુ પેરે ॥૮॥
**પણ પરમ ધર્મ છે વાલાનાં વચન, તે કહ્યાં જેને કૃપા કરી ॥**
**તેહ વિના બીજાં સર્વે, પરાં મૂકવાં પરહરી ॥૯॥**
મોટો ધર્મ એ માનવો, જેહ કહ્યો ધર્મને બાળ ॥
નિષ્કુળાનંદ મુખોમુખનાં વચન, ન ઉલ્લંઘવાં કોઈ કાળ ॥૧૦॥

## કડવું-૨૮

**પરમ ધર્મે કરી હરિને ગમવુંજી, ગમતું જોઈને દેહને દમવુંજી**
**તેમાં સુખ દુઃખ આવે તે ખમવુંજી, ભૂલી બીજી વાતે કેદી ન ભમવુંજી**
ભમવું નહિ ભોળાપણે, રે'વું આગન્યાને અનુસાર ॥
સર્વે ધર્મ તેણે સાચવ્યા, નિશ્ચે કરી નિરધાર ॥૨॥
આગન્યામાં વસ્યા અહોનિશ રહી, જેમ વાળે તેમ વળવું ॥
તર્ક ન કરવો તને મને, શ્રદ્ધાએ સેવામાં ભળવું ॥૩॥
જેમ કહે તે જગદીશ જીભે, તેમ કરે તે કરભામીને[1] ॥
કેડે[2] ન રહ્યું તેને કરવું, બેઠા પરમ ધર્મ પામીને ॥૪॥
બેસ કહે તો બેસવું, ઊઠ્ય કહે તો ઊઠવું વળી ॥
ચાલ્ય કહે તો ચાલવું, સુણી વચનને જાવું મળી ॥૫॥
બોલ્ય કહે તો બોલવું, રહે મુન્ય[3] કહે તો રે'વું મુન્ય ॥
આગન્યાથી ઉપરાંત બીજું, જાણવું નહિ પાપ પુણ્ય ॥૬॥
જેણે વચનમાં રે'વાનું દૃઢ કર્યું, તેણે ધર્મ ધર્યા છે સઘળા ॥
તેહ વિના બીજા ધર્મ તે તો, પાપની પ્રજળી[4] પળા[5] ॥૭॥
શુદ્ધ ધર્મ શ્રીમુખની વાણી, કહી છે જેને કરુણા કરી ॥

**૧.**હાથ જોડીને **૨.**હવે પછી/બાકી **૩.**મૌન **૪.**સળગી **૫.**જફા; ઉપાધિ

એવી રીતે રૈ'યે તૈયે, જાણો શુદ્ધ ધર્મ રહ્યા ધરી ॥૮॥

**ધર્મ ધર્મ સહુ કોઈ કહે, પણ ધર્મમાં બહુ મર્મ છે ॥**
**પ્રગટ પ્રભુનાં વચન પાળે, એથી મોટો કોઈ ધર્મ છે ॥૯॥**

હરિ કહે તેમ હાથ જોડી, ચોક્કસ કરવા છે ચિત્તમાં ॥
નિષ્કુળાનંદ તેમાં સમ વિષમને, ધારવું નહિ ધર્મની રીતમાં ॥૧૦॥

**પદ-૭ (રાગ : ગરબી)** 'સહજાનંદ સિંધુ રે આજ મારે' એ ઢાળ.

**ધર્મ છે ધામ રે સર્વે સુખનું રે,**
**રાખજો જન કરી જતન રે;**
**ધર્મ ધારીને રે સંત સુખી થયા રે,**
**વાલપે વરત્યા હરિને વચન રે...ધર્મ૦ ॥૧॥**

વચન વિના રે ધોખે[૧] નથી ધારતા રે,
માનતા નથી કેવળ[૨] ધર્મમાંહી માલ રે;
બીજા જે ધર્મ રે જેવાં બોર બગાંમણાં[૩] રે,
લાગે જંબુકને[૪] મન લાલ રે...ધર્મ૦ ॥૨॥

એવા ધર્મ અન્ય રે જાણીને ઉરથી રે,
મેલી છે મનથી ઉતારી વાત રે;
રાજા ઋષિનું રે, શ્રવણે સાંભળ્યું રે,
સુખ સારુ દુઃખ પામ્યા સાક્ષાત રે...ધર્મ૦ ॥૩॥

શુદ્ધ સાચો ધર્મ રે શ્રીમુખે સાંભળી રે,
વળગી રહ્યા છે વચન માંઈ રે;
નિષ્કુળાનંદ રે જ્ઞાની તેને ગણવા રે,
કરવું ન રહ્યું તેને કાંઈ રે...ધર્મ૦ ॥૪॥

**૧.**ચિત્તમાં **૨.**પ્રભુનાં વચન વિનાનો માત્ર વર્ણાશ્રમ **૩.**છેતરામણાં **૪.**શિયાળને

## કડવું-૨૯

**ધર્મ રાખે તે ધર્મી કે'વાયજી, ધર્મ વિના જેણે પળ ન રે'વાયજી**
**ધર્મ જાતાં સુખ સર્વે જાયજી, ધર્મ રહે છે એવા જનમાંયજી**

એવા જનમાં ધર્મ રહે, જે માહાત્મ્ય જાણે મહારાજનું ॥
મહા મોંઘો મેળાપ જેનો, ક્યાંથી થાયે સર્વેને શિરતાજનું[1] ॥ ૨ ॥
નર અમર અમરેશને અગમ,[2] અગમ ઈશ અજને ઘણું ॥
પ્રકૃતિ પુરુષથી પરા[3] રહ્યા, ક્યાંથી મળવું થાય તેને આપણું ॥ ૩ ॥
**સર્વે ધામના ધામી એ સ્વામી, વળી અનંત બ્રહ્માંડ આધાર ॥**
**ક્ષર અક્ષરના આત્મા,[4] પૂરણ સહુને પાર ॥ ૪ ॥**
**તેહ પ્રભુ પ્રગટ થઈ, નાથે ધરિયું નરતન ॥**
**એવા પ્રભુનાં આપણે, કહો ક્યાંથી મળે વચન ॥ ૫ ॥**
મોટા મોટા ઈચ્છે છે મનમાં, આગન્યા સારુ ઉરમાંય ॥
એવા પ્રભુની આગન્યા, મળવી મોંઘી સહુને સદાય ॥ ૬ ॥
તેહ હરિ કૃપા કરી કે'છે, વળી વા'લપનાં વચન ॥
તે પડવા ન દેવા પૃથ્વીએ, લેવા ઝીલી અધરથી જન ॥ ૭ ॥
જેમ મોરપત્ની બિંદુ[5] આવતાં, રત્યે[6] લિયે છે રસે ભરેલડાં ॥
તેનો મયૂર થાય તદવત,[7] થાય પડતાં બિંદુના ઢેલડાં ॥ ૮ ॥
તેમ આવતાં વચન વા'લાતણાં, ગ્રહી લિયે નર ગરજું થઈ ॥
તે પૂરણ પામે પ્રાપતિ, ફરી ફેરવણી રહે નઈ ॥ ૯ ॥
સર્વે કામ તેણે સારિયું, વળી ધાર્યા સર્વે ધર્મ ॥
નિષ્કુળાનંદ કહે નકી થયું, જેણે જાણ્યો આટલો મર્મ ॥૧૦॥

**૧.**સર્વના ઉપરી; રાજાધિરાજનો **૨.**જાણી કે જોઈ ન શકાય તેવા **૩.**પર-વિલક્ષણ **૪.**સ્વતંત્ર નિયંતા - શરીરી **૫.**મોરની આંખમાંથી ટપકતું ટીપું **૬.**ઋતુ સમયે **૭.**તે મોર જેવો જ

# કડવું-૩૦

**મર્મ મોટો એ સમજવો મનજી, તેમાં ફેર ન પાડવો કોઈ દનજી**
**જતને જાળવવાં જેમ જાળવે રતનજી, ક્યાંથી મળે પ્રભુ પ્રગટનાં વચનજી**

વચન ન મળે વાલા તણાં, તેમ દર્શન પણ છે દોયલાં[૧] ॥
તેહ મૂર્તિ મુખોન્મુખ મળી, સર્વે કામ થઈ ગયાં સોયલાં ॥ ૨ ॥

અંગોઅંગ અવલોકીને, નખશિખ જોયા નાથ નીરખી ॥
એથી પર નથી પામવું, એમ હૈયામાં ધારવું હરખી ॥ ૩ ॥

જે ધારતાં રૂપ જન જાણજો, નથી આવતું ધ્યાનીના ધ્યાનમાં ॥
તે પ્રભુ પ્રગટ મળ્યા, શી કસર રહી કહો જ્ઞાનમાં ॥ ૪ ॥

**જ્ઞાની તેને ગણીએ, જેને હરિમૂર્તિનું જ્ઞાન છે ॥**
**તે વિના બકવાદ બીજે, એ જાણજો મોટું જ્યાન છે ॥ ૫ ॥**

જેણે નથી જોયા નાથને, નજરો નજર નયણાં ભરી ॥
તે કેવા કહેશે શ્રીકૃષ્ણને, અટકળ ને અનુમાને કરી ॥ ૬ ॥

જ્ઞાન વિના જ્ઞાની નહિ, જ્ઞાન હોય તેને જ્ઞાની કહિયે ॥
સોણે[૨] સાધ્ય[૩] નથી હરિની, તો કેમ જાણશે જાગશે તૈયે ॥ ૭ ॥

**તે જ જ્ઞાની તે તત્ત્વવેત્તા, જેણે પ્રગટ પ્રભુને પેખિયા[૪] ॥**
**તે વિના રખે જ્ઞાની ગણો, જેણે હરિ નયણે નથી દેખિયા ॥ ૮ ॥**

ભણેલે ભાળ્યા ન હોય નાથને, અણ ભણેલે હોય અવલોકિયા[૫] ॥
જુવો વિચારી જીવમાં, એમાં જ્ઞાની અજ્ઞાની કેને કહ્યા ॥ ૯ ॥

જ્ઞાની તે જેને ગમ્ય[૬] હરિની, એમ સમજવું એહ સાર છે ॥
નિષ્કુળાનંદ કહે તેહ વિના, બીજું સર્વે અસાર છે ॥૧૦॥

**૧.**દુર્લભ **૨.**સ્વપ્નમાં પણ **૩.**પ્રાપ્તિ / જાણ **૪.**યથાર્થ ઓળખ્યા **૫.**જોયેલા **૬.**યથાર્થ ઓળખાણ

# કડવું-૩૧

**સારમાં સાર હરિની મૂર્તિજી, તેમાં જેણે રાખી મનચિત્તવૃત્તિજી**
**હરિ વિના બીજે રાખે નહિ રતિજી, તે ખરા સંત કહિયે મહામતિજી**

**મહામતિ તે સંત ખરા, મૂકે નહિ મહારાજની મૂરતિ ॥**
**અખંડ રાખે ઉર વિષે, જાણી કમાણી મોટી અતિ ॥ ૨ ॥**

ચર્ણ જુવે તો ચર્ણ જોઈ રહે, ચિહ્ન જુવે તો જોઈ રહે ચિહ્ન ॥
નખ જુવે તો નખ જોઈ રહે, રહે ગર્ક[1] મહાજળે જેમ મીન ॥ ૩ ॥

ફણા ઘૂંટી પેનીને પેખી, લેખે જંઘા જોઈ તે સંત સુખ ॥
જાનું ઉરુને જોઈ રહે, જોતાં કટિ મટી જાયે દુઃખ ॥ ૪ ॥

ઉદર નાભીને નીરખે, પેટ છાતી જુવે પ્રેમે કરી ॥
કંઠ તિલક કપોળ જોઈ, રાખે હરિમૂર્તિ ભાવે ભરી ॥ ૫ ॥

શ્રવણ નયણ નાસિકા જોઈ, ભ્રકુટી ભાલને ભાળી રહે ॥
શીશે કેશ સુંદર વેષ, નખશિખ રૂપ નીહાળી રહે ॥ ૬ ॥

એમ અખંડ એક વરતિ, મૂર્તિને મૂકતી નથી ॥
જેમ સરિતા[2] સાગર સન્મુખ, ચાલતાં ચૂકતી નથી ॥ ૭ ॥

અંગો અંગ અવલોક્યા વિના, અણું અજાણ્યું પણ છે નહી ॥
સાંગોપાંગ[3] સર્વે સુંદર, હરિ હૈયામાં ગયા રહી ॥ ૮ ॥

**તે જ જ્ઞાની તે જ ધ્યાની, જેને અખંડ રહે છે એમ ઉર ॥**
**જે જનને પ્રભુની મૂરતિ, રે'તી નથી અંતરથી દૂર ॥ ૯ ॥**

એથી ઉપરાંત અન્ય બીજા, જ્ઞાની તે કેને ગણિયે ॥
નિષ્કુળાનંદ એ ખરા જ્ઞાની, બીજા ભવે ભળ્યા[4] જ્ઞાની ભણિયે[5] ॥૧૦॥

---

**૧.**ગરકાવ **૨.**નદી **૩.**પૂરેપૂરા; સંપૂર્ણ **૪.**સંસાર સાગરમાં ડૂબેલા **૫.**કહીએ

# કડવું-૩૨

**જ્ઞાની તેહ જેને હરિની ગમજી, નથી જેને નાથની મૂર્તિ અગમજી**
**નખશિખા નીરખી કરી છે સુગમજી, ના'વે કોઈ એવા સંતની સમજી**

સંત સમાન તે શું કહિયે, જેને અખંડ મૂર્તિ છે ઉર ॥
જોઈ જોઈ જોયું જીવમાં, એની જોડચે ન જડ્યું જરૂર ॥ ૨ ॥
કામદુઘા કહું શી કલ્પતરુ, કહું નવ નિધિ સિદ્ધિ સમિત[૧] ॥
પારસ કહું કે ચિંતામણિ, વજ્રમણિ ઘણી કહું સિત[૨] ॥ ૩ ॥
અર્કમણિ[૩] કે કહું ઈંદુમણિ,[૪] ઘણી ઉપમા દઉ અમૃતની ॥
જે જે કહું તે જોખે[૫] ભર્યાં, આપું ઉપમા કૈ[૬] પ્રતની[૬] ॥ ૪ ॥
જેણે અંતરમાં અખંડ રાખ્યા, અલબેલોજી અવિનાશ ॥
રાજી થઈને હરિ રહ્યા, દોષે રહિત દેખી નિજદાસ ॥ ૫ ॥
જેમ પંચાનનીપય[૭] રે'વા પાત્ર, જોઈએ સોળવલું સુવર્ણ ॥
એમ હરિને રે'વાતણું, શુદ્ધ જનનું અંતઃકર્ણ ॥ ૬ ॥
જેમ જગજીવનના[૮] જળ જાણો, નથી રે'તું ખાંમા[૯] વિના ખમી ॥
તેમ હરિજનનું અંતર, ગયું છે હરિને ગમી ॥ ૭ ॥
જેમ સુગંધી રહી છે શ્રીખંડ[૧૦] માંય, રહ્યો ઈક્ષુ[૧૧] માંહિ જેમ રસ ॥
તેમ હરિજનમાંહિ હરિ, હળી મળી રહ્યા એક રસ ॥ ૮ ॥
જેમ ચમક[૧૨] ઉત્તર મુખનો,[૧૨] રહે ઉત્તર દિશ પર મુખ ॥
તેમ હરિ હરિજન સામા રહે, સદાયે આપવા સુખ ॥ ૯ ॥
એમ સાચા સંતની સનમુખ, સદાય રહે છે શ્રીહરિ ॥
નિષ્કુળાનંદ કહે કાચા કોયે, ન હોય સુખિયા એ સુખે કરી ॥૧૦॥

**૧.**સહિત **૨.**ઉજ્જવલ **૩.**સૂર્યકાંતમણિ **૪.**ચંદ્રકાંતમણિ **૫.**માપ / દોષે **૬.**કયા પ્રકારની **૭.**સિંહણનું દૂધ **૮.**વરસાદનું **૯.**નીચાણવાળી જગ્યા; ખાડા **૧૦.**ચંદન **૧૧.**શેરડી **૧૨.**ઉત્તર ધ્રુવના આકર્ષણવાળો પથ્થર

**પદ-૮ (રાગ : ગરબી)** ‘સહજાનંદ સિંધુ રે આજ મારે’ એ ઢાળ.

સુખ અંતરે રે સંત સાચા ભોગવે રે,
કાચાને નાવે કેદિયે કામ રે;
જેમ સાજો જમે રે સુંદર સુખડી રે,
માંદાને મગઉદકે[૧] આરામ રે...સુખ૦ ॥૧॥

ચંદનની વાસે રે અલિ[૨] અલમસ્ત છે રે,
મક્ષિકા[૩] દેખી રહે છે દૂર રે;
ગોળનું ગાડું રે ગીંગાને[૪] ગમે નહિ રે,
જેને પ્રીત પુરીષશું[૫] ભરપૂર રે...સુખ૦ ॥૨॥

કુમુદિની[૬] કે દી રે ન પામે સુખ સૂરથી[૭] રે,
ચકવા કે દી ચંદ્ર ન ચા’ય રે;
ઘણું અજવાળું રે ઘુડને ગમે નહિ રે,
કોચવાઈ ગરે તે કોતરમાંય રે...સુખ૦ ॥૩॥

એમ સંત અસંતની રે જાણો રુચિ જૂજવી રે,
સંત ભજે તજે તેને અસંત રે;
નિષ્કુળાનંદ રે નકી એ વારતા રે,
સમજી લેવું એવું સિદ્ધાંત રે...સુખ૦ ॥૪॥

## કડવું-૩૩

**સિદ્ધાંત વાત સંત સાચે જાણીજી, મન કર્મ વચને પૂરી પ્રમાણીજી**
**સુખરૂપ સમજીને ઉરમાંયે આણીજી, એવા સંતની કહું એંધાંણીજી**

એંધાણી કહું એવા સંતની, જેને માયિક સુખ થયાં ઝેર ॥

**૧.**બાફેલા મગનું પાણી **૨.**ભમરો **૩.**માખી **૪.**વિષ્ટાના કીડાને **૫.**વિષ્ટામાં **૬.**રાત્રિનું કમળ **૭.**સૂર્યથી

કામ ક્રોધ લોભ કડવા થયા, થયું વિષય સુખશું વેર ॥ ૨ ॥
જક્તનાં સુખ જોઈને, જેને અંતરે થયાં છે અળખામણાં ॥
રૂડાં જાણી નથી રીઝતા, છે અવલ[1] પણ ઈંદ્રામણાં[2] ॥ ૩ ॥
તે થોડે ખાધે થોડું દુઃખ છે, ઘણું ખાધે દુઃખ થાય ઘણું ॥
જેમ ચિરોડી ચુનાની ચપટિયે, ગયું ભૂખ દુઃખ તે કિયાતણું[3] ॥ ૪ ॥
જેમ શોખે રાખે કોઈ સિંહને, પાળતાં પૂરણ પાપ છે ॥
એમ ભવ[4] સુખને ભોગવતાં, મહા મોટો સંતાપ છે ॥ ૫ ॥
એવું થયું છે અળખામણું, હરિ વિના બીજું હરામ ॥
મુક્તિ આદિ નથી માગતા, એવા સંત છે નિષ્કામ ॥ ૬ ॥
વૈરાગ્યે ચિત્ત વાસિત[5] છે, ભક્તિ ભાવે ભર્યું છે ભીતર ॥
ધર્મમાં પણ દૃઢ મતિ છે, છે જ્ઞાનનું પણ ઘર ॥ ૭ ॥
શુભ ગુણ કૈ'યે જે સંતના, તેહ આવી વસ્યા છે ઉરમાં ॥
તેણે કરી જન તને મને, સૂધા[6] વરતે છે સુરમાં[7] ॥ ૮ ॥
તેની દૃષ્ટે તન અભિમાની, ગીડર[8] નર ગમતા નથી ॥
જોઈ સ્વભાવ એ જીવનો, અભાવ રહે છે ઉરથી ॥ ૯ ॥
તેશું મન મેળવતાં મળે નહિ, ભેળું ભળતાં પણ ન ભળાય ॥
નિષ્કુળાનંદ તે નોખા રહે, તોય[9] તેલને ન્યાય[9] ॥૧૦॥

## કડવું-૩૪

**સંત અસંતની રીત જૂજવીજી, ભેળાં ન ભળે જેમ રાત ને રવિજી[10]**
**એમ કહે છે સહુ અનુભવીજી, વિધે વિધે વાત તેની કહું વર્ણવીજી**

**૧.**સુંદર **૨.**છેતરામણા **૩.**કોનું ? **૪.**સંસારનાં માયિક **૫.**યુક્ત; ઓતપ્રોત **૬.**સાવધાન; સીધા **૭.**નોરમાં; સાધુતાની રીતમાં **૮.**અજ્ઞાની; ઘેટા જેવા **૯.**પાણી તથા તેલ ભેળાં હોવાં છતાં નોંખાં જ હોય છે તેમ **૧૦.**સૂર્ય

વર્ણવી તેની વાત કહું, હરિદાસ અદાસ દોઈની ॥
રાગી ત્યાગીની રીત ભેળી, ભળે નહિ કોઈ કોઈની ॥ ૨ ॥

એક સુખ ઈચ્છે શરીરનાં, એક ન ઈચ્છે સુખ શરીરનું ॥
એક ઈચ્છે નિરસ અન્નને, એક ખાવા ઈચ્છે ખીરનું ॥ ૩ ॥

એક ઈચ્છે પુરાણું પટ[૧] પે'રવા, એક ઈચ્છે અંબર નવીન ॥
એક ઈચ્છે અંતરે રે'વા ઊજળા, એક રહે મને મલીન ॥ ૪ ॥

એક ઈચ્છે લેવા સુખ લોકનાં, એક લોકસુખ તે લેખે[૨] નહિ ॥
એક ઈચ્છે માયિક મોટપને, એક માયિક મોટપને દેખે નહિ ॥ ૫ ॥

એક ઈચ્છે જગ જાણિત થાવા, એક ઈચ્છે થાવા અછતું ઘણું ॥
એક ઈચ્છે માન વધારવા, એક ઈચ્છે નિરમાનીપણું ॥ ૬ ॥

એક ઈચ્છે છે પદાર્થ પામવા, એક કરવા ઈચ્છે છે ત્યાગ ॥
એક ઈચ્છે છે અલપ[૩] સુખને, એકને અલપ સુખ છે આગ ॥ ૭ ॥

એક ઈચ્છે રે'વા અરણ્યમાં, એક ઈચ્છે વસ્તીમાંહિ વાસ ॥
એક ઈચ્છે વિષયસુખ માણવા, એક એ સુખથી છે ઉદાસ ॥ ૮ ॥

એમ ભક્ત અભક્તના ભાવને, જુદા જાણજો જરૂર ॥
એકને ન ભળવું ભીડમાં, એકને રે'વું હરિશું હજુર ॥ ૯ ॥

એમ દાસ અદાસ દોયને, ભેળું રે'વામાં ભારે રોળ[૪] છે ॥
નિષ્કુળાનંદ નથી કે'વાતું, પણ તપાસે દુઃખ અતોળ છે ॥૧૦॥

## કડવું-૩૫

**અતોળ[૫] રોળ રહ્યા દેહદર્શીને સાથજી, જે રાતદિન ગાય દેહસુખની ગાથજી[૬]**
**તેહ વિના વાત નથી આવી બીજી હાથજી, તે કેમ કરશે પ્રસન્ન નરનાથજી**

**૧.**જૂનું વસ્ત્ર **૨.**ગણે **૩.**નાશવંત; થોડું **૪.**દુઃખ **૫.**અમાપ **૬.**વાતો

નાથ પ્રસન્ન કેમ કરશે, જેને સેવા કરવી છે શરીરની ॥
તેને ભાવે નહિ બીજું ભીતરે, મર વાત હોય સુખશિરની[૧] ॥ ૨ ॥

દેહને અર્થે દાખડો, રાત દિવસ કરે છે રહ્યો ॥
જરાય ન કરે જીવ અરથે, તેને ઉપદેશ આપવો શિયો ॥ ૩ ॥

શરીર સારુ સાચવી રાખે, સર્વે સુખતણો તે સમાજ ॥
પણ જે જે કહે જીવ અરથે, તેનો તરત કરી દિયે તાજ[૨] ॥ ૪ ॥

અન્ન અંબર સુંદર જોઈ, સારાં જાણી રાખે સાચવી ॥
કાલે આવશે કામ મારે, એમ ઈચ્છા ઉરમાં નિત્ય નવી ॥ ૫ ॥

**તુચ્છ વસ્તુ પણ ત્યાગી ન શકે, ત્યારે કેમ ત્યાગશે મનવાંછિત ॥**
**એ ત્યાગી નથી છે વેષ ત્યાગીનો, તેની પડે શી પ્રતીત[૩]** ॥ ૬ ॥

ગોળ તજી ખાય છે ખોળને, તૂપ[૪] તજી ખાય છે તેલ ॥
તે પણ કો'યલ[૫] કણઝીતણું,[૬] ભૂંડી ગંધે દુઃખનું ભરેલ ॥ ૭ ॥

એવાં સુખ શરીરનાં, લેવા સારુ વિસાર્યા નાથ ॥
તેને સંગે વૈરાગ્યવંત સંત, કેમ કરી રહી શકે સાથ ॥ ૮ ॥

ભ્રમર ગીંગો ભેળા થયા, આશય અન્યોઅન્યનો અળગો ॥
ભ્રમર કમળ ભાળી રહ્યો, ગીંગો ગોબરવાડે[૭] વળગો ॥ ૯ ॥

એમ સંત અસંત ભેળા રહે, પણ નોખા છે એકએકથી ॥
નિષ્કુળાનંદ કહે એ નથી છાનું, કે'વરાવો છો શું કથી ॥૧૦॥

## કડવું-૩૬

**કથી નથી કે'વાતું કડવું લગાડીજી, ચોખા ચોખું ચોકસ પાંતિયા પાડીજી[૮]**
**આવે અવસરે જે વરતે છે અનાડીજી,[૯] તેને કે'તાં ડરતાં રે'વાએ દાડીજી**

**૧**.સર્વ શ્રેષ્ઠ સુખની **૨**.ત્યાગ **૩**.વિશ્વાસ **૪**.ઘી **૫**.બગડી ગયેલ **૬**.એક પ્રકારના ઝાડના બિયાનું **૭**.છાણ કે વિષ્ટામાં **૮**.વિભાગ કરીને **૯**.ઉદ્ધત

દાડી રે'વાયે ડરતાં, સાચું કે'તાં ઊપજે કલેશ ॥
જેને આઠે અંગે તો કુસંગ છે, છે સતસંગનો તો વળી લેશ ॥ ૨ ॥

જેમ નર્તક[1] નર નારી થયો, પણ ઘર કેનું ચલાવશે ॥
તેને જાણે છે જે યોષિતા,[2] એ વાત બંધ કેમ બેસશે ॥ ૩ ॥

વૈરાગ્યહીન ભક્તિહીન, અને ધર્મ તો ઘરથી[3] નથી ॥
તેને વાતો ત્યાગની, શીદ કહીને મરિયે મથી ॥ ૪ ॥

ઝાઝું કે'તાં જોખો[4] ઊપજે, તેને કે'વું તે કળે કળે ॥
સે'જે સે'જે કામ સારવું, પણ બહુ તો ન બોલવું બળે ॥ ૫ ॥

જેમ સિંહ સમીપે બકરી, તે બીતી બીતી બોલી શકે ॥
તેમ અનાડી નરને આગળે, કેમ બોલાએ વણ તકે ॥ ૬ ॥

જેમ કાળા સર્પના કંડિયા, તે ઢાંકી રાખવા ઢાંકણે ॥
તેને ઉઘાડતાં દુઃખ ઊપજે, રખે ઉઘાડતા ભોળાપણે ॥ ૭ ॥

જેમ સાવજનું સાધુપણું, મર્કટ[5] મુખે લીધા લગે ॥
તેમ અસાધુ સાધુ થઈ, સાધુને સેવાએ ઠગે ॥ ૮ ॥

એ પણ વાત ઓળખવી, અતિ રે'વું નહિ અજાણ ॥
જેમ વ્યાઘ્ર લોટે[6] ઊંટ આગળે, પણ લઈ લેવા છે પ્રાણ ॥ ૯ ॥

ખરી વાત એ ખોટી નથી, સાચી માનજો સર્વે સહી ॥
નિષ્કુળાનંદ કહે નથી કહ્યું, અંતરમાં ઈર્ષ્યા લઈ ॥૧૦॥

## પદ-૯ (રાગ : ધોળ)

**સંત વિના સાચી કોણ કહે, સારા સુખની વાત;**
**દયા રહી છે જેના દલમાં, નથી ઘટમાં[7] ઘાત..સંત૦ ॥ ૧ ॥**

**૧.**નાચનાર; ભવાયો **૨.**સ્ત્રી **૩.**મૂળગેથી / જરા પણ **૪.**જોખમ; દુઃખ **૫.**વાનર **૬.**આળોટે; પગમાં પડે **૭.**અંતરમાં

જેમ જનનીને હૈયે હેત છે, સદા સુતને સાથ;
અરોગી કરવા અર્ભકને,[૧] પાયે કડવેરા[૨] ક્વાથ[૩]..સંત૦ ॥ ૨ ॥
જેમ ભમરી ભરે ભારે ચટકો, પલટાવા ઈયળનું અંગ;
તેમ સંત વચન કટુ કહે, આપવા આપનો[૪] રંગ..સંત૦ ॥ ૩ ॥
જાણો સંત સગાં છે સહુનાં, જીવ જરૂર જાણ;
નિષ્કુળાનંદ નિર્ભય કરે, આપે પદ નિરવાણ[૫]..સંત૦ ॥ ૪ ॥

## કડવું-૩૭

**નિર્વાણ પદમાં પોં'ચાડે સંતજી, જે કોઈ દિલના દયાળુ અત્યંતજી**
**જેને એક ઉર રહિયા ભગવંતજી, તેણે કરી સદાય છે શુભ બુદ્ધિવંતજી**

શુભ બુદ્ધિવાળા સંત જેહ, તેહ સહુના સુખદાય છે ॥
તેથી દુઃખ ન ઊપજે, જે સુરતરુ[૬] સમ કે'વાય છે ॥ ૨ ॥
જેમ વિટપ[૭] બહુ પરમારથી, પરમારથી પાથ[૮] ને પૃથવી ॥
ઘન[૯] પવન પરમારથી, તેમ પરમારથી રાકેશ[૧૦] રવિ ॥ ૩ ॥
જેમ તરુ સુખદાયી તેહથી, ફૂલ ફળ દળ શાખા મળે ॥
વળી શીતળ કરે છાયા વડે, તેમ સર્વે સંકટ સંતથી ટળે ॥ ૪ ॥
જેમ જળ મળ હરે જનના, વળી પાન કર્યે હરે પ્યાસ ॥
તેમ સંત સુખ સહુને કરે, વળી હરે તન મન ત્રાસ ॥ ૫ ॥
જેમ ભૂમિ પરમારથી ભણિયે, ઠામ ધામ ધાતુ આવે કામ ॥
તેમ સંત પરમારથી સમજો, સર્વે પ્રાણીના છે સુખધામ ॥ ૬ ॥
જેમ મેઘ જિવાડે છે મેદિની,[૧૧] જેમ અર્ક કરે છે ઉજાસ[૧૨] ॥
જેમ શશી કરે છે શીતળતા, તેમ સંત સહુના સુખનિવાસ ॥ ૭ ॥

**૧.**બાળકને **૨.**કડવાં **૩.**ઉકાળા-ઔષધ **૪.**પોતાના જેવો **૫.**મોક્ષપદ **૬.**કલ્પવૃક્ષ **૭.**વૃક્ષ **૮.**પાણી **૯.**વરસાદ **૧૦.**ચંદ્ર **૧૧.**આખી દુનિયા **૧૨.**પ્રકાશ

INDEX



જેમ પંચ ભૂતના પદાર્થથી, સર્વે સુખી રહે છે સંસાર ॥
તેમ સંત અલૌકિક સુખના, જાણી લિયો જરૂર આપનાર ॥૮॥

**સાચા સંતથી સરી ગયાં, કૈક જીવોનાં કાજ ॥**
**એવા સંતને સેવવા, અવસર આવિયો છે આજ ॥૯॥**

જો મનાય તો મને માનજો, છે અતિ અર્થની વાત ॥
નિષ્કુળાનંદ નકી કહે, સુખ થાવાની એ સાક્ષાત ॥૧૦॥

## કડવું-૩૮

**સાક્ષાતકાર જેને મળિયા છે સ્વામીજી,[૧] તેણે કરી અંતરની વેદના વામીજી**
**ભાંગી ગઈ ખોટ રહી નહિ ખામીજી, તે તો પ્રભુ પ્રકટ પ્રમાણને પામીજી**

પામી પ્રભુ પ્રગટને, જેને ઓછપ[૨] ન રહી અંગ ॥
નખશિખ નિષ્પાપ છે, પ્રભુ પ્રગટને પ્રસંગ ॥૨॥

શ્રીહરિના શબ્દ સાંભળ્યા, છે એના એ જ બે કાન ॥
પ્રગટ પ્રભુનો સ્પર્શ કર્યો, છે તેની તે ત્વચા નિદાન ॥૩॥

જેણે પ્રગટ રૂપને પેખિયું, છે એનાં એહ બેઉ નેત્ર ॥
જેણે વાલ્યમશું વાતો કરી, છે એની એ જીહ્વા પવિત્ર ॥૪॥

પ્રગટ પ્રભુને ચડ્યું જે ચંદન, વળી સુગંધી સુમનના[૩] હાર ॥
તેની વાસ લીધેલ નાસિકા, છે તેમની તેમ નિરધાર ॥૫॥

જે પ્રગટ પ્રભુના પ્રેર્યાં થકાં, ચાલ્યાં છે જેહ ચરણ ॥
તેના તે બેઉ પાવ છે, એવા સંત જે સુખકરણ ॥૬॥

જે કરે[૪] કરી હરિ સેવિયા, પાયાં પાણી જમાડ્યાં અન્ન ॥
તેના તે બેઉ બાહુ છે, પ્રભુસ્પર્શના જેહ પાવન ॥૭॥

**૧.**સહજાનંદસ્વામી **૨.**અપૂર્ણતા **૩.**પુષ્પના **૪.**હાથ

એમ અંગોઅંગે અવિનાશને, સ્પર્શી કર્યાં છે પવિત્ર ॥
તેને તોલે ત્રિલોકમાં, આવે અંગ કેમ ઈત્ર[1] ॥૮॥

એવા સંત સંસારમાં, પછી જોતાં પણ જડશે નહિ ॥
માટે હળીમળી હેત કરો, તે વિના પાર પડશે નહિ ॥૯॥

બીજા ગુણવાન તો ઘણા મળશે, પણ નહિ મળે હરિના મળેલ ॥
નિષ્કુળાનંદ એવા સંત સંબંધે, અનંતનાં પાપ બળેલ ॥૧૦॥

## કડવું-૩૯

**એવા શુદ્ધ સંતનો સુખદાયી સંબંધજી, જેણે કરી છૂટે ભારી ભવબંધજી**
**માયિક સુખનો નવ રહે ગંધજી, ઊઘડે અનુભવ આંખ્ય ન રહે અંધજી**

આંખ્ય ઊઘડે અનુભવની, તે તો સાચા સંત જનને સંગે ॥
ઊતરે મેલ માયાતણો, ચિત્ત રંગાઈ જાય હરિને રંગે ॥૨॥

તે સંત મળેલ શ્રીહરિના, પ્રભુ પ્રગટના પ્રમાણ ॥
જે અર્સપર્સ[2] પામી પૂરણ છે, સહુ સમજી લેજો સુજાણ ॥૩॥

જેમ પારસ સ્પર્શે લોહને, તેમાં લોહપણું લેખવું નહિ ॥
એ સાંગોપાંગ[3] સુવર્ણ છે, આકારે અન્ય દેખવું નહિ ॥૪॥

તેમ જે સંતને સ્પર્શ્યા શ્રીહરિ, તે સંત એ સર્વે શુદ્ધ છે ॥
એમાં અન્ય ભાવ આણવો નહિ, એ જ સારી સુબુદ્ધ છે ॥૫॥

**જેમ ચંદન વાસે વૃક્ષ બીજાં, ચંદન સરિખાં થાય છે ॥**
**તેમ શ્રીહરિના સંબંધથી, સંત કલ્યાણકારી કે'વાય છે** ॥૬॥

જેમ જાહ્નવીજળ[4] જળ ગ્રામનું, સ્પર્શીને કરે છે પાવન ॥
તેમ પ્રગટ પ્રભુના સ્પર્શથી, જાણો જાહ્નવીરૂપ[5] હરિજન ॥૭॥

**૧.**અન્ય **૨.**અરસપરસ; એકબીજા **૩.**સંપૂર્ણ **૪.**ગંગાજળ **૫.**બીજાને પાવન કરનાર; ગંગારૂપ

એવા સંતને સંબંધે, દોષ કલંક થાય છે દૂર ॥
શુદ્ધ થઈ જન સર્વે અંગે, પોં'ચે હરિ સમીપે હજૂર ॥૮॥

સંત બહુ બીજા સંસારમાં, તેને તોલે રખે[૧] ત્રેવડો[૨] તમે ॥
હંસ ને બક બરોબર બેઉ, સમજવા નહિ કોઈ સમે ॥૯॥

જેમ ચક્રવર્તી ભૂપાળ બાળને, ગરીબ કંગાલ ગણવો નહિ ॥
નિષ્કુળાનંદ એ નરેશ[૩] છે, ભૂલે બીજો ભણવો નહિ ॥૧૦॥

## કડવું-૪૦

**સંત સમર્થ છે શ્રીહરિ સેવીજી, આપું એને ઉપમા નથી કોઈ એવીજી**
**અનુપમને ઉપમા સમજો શી દેવીજી, એ પણ વાત છે વિચાર્યા જેવીજી**

વિચાર્યા જેવી છે એ વારતા, જે આપવી સંતને ઉપમા ॥
શા સરખા સૂચવિયે, જેને જક્ત સુખની નથી તમા[૪] ॥૨॥

સિંધુને શા સરિખો કહું, અતિ ઊંડો ને ઘણો ગંભીર છે ॥
તોલ માપ થાપ[૫] થાતો નથી, જેનું અતિ અગાધ નીર છે ॥૩॥

જો તીખો અર્ક તપે ઘણું, પણ અણુભાર ઊનો નવ થાય ॥
તેને સમ સર સરિતા વાપી,[૬] કૂપ કેમ કહેવાય ॥૪॥

તેમ સંત ગંભીર ગરવા[૭] ઘણું, તપે નહિ ત્રણે તાપે કરી ॥
અતિ પરમારથી પ્રાણધારીના, શોક સંશય સર્વે લિયે હરી ॥૫॥

**જેમ મહા અર્ણવ[૮] ઉલ્લંઘવા, નથી ઉપાય બીજો નાવ વિના ॥**
**તેમ સંસાર સાગર પાર કરવા, જાણો સંત અજર ઝાઝ[૯] બન્યા** ॥૬॥

જેમ ચિંતામણિમાં ચૌદ લોકની, રકમ સર્વે રહી છે ॥
તેમ સાચા સંતમાં સમજો, કહો કમી તે સઈ છે ॥૭॥

**૧.**ભૂલે પણ નહિ **૨.**સરખાવો **૩.**રાજા જ **૪.**પરવા **૫.**નિર્ણય; વર્ણન **૬.**વાવ **૭.**અતિ મહાન; ગૌરવશાળી **૮.**સાગર **૯.**જૂનું ન થાય તેવું વહાણ

**મોટે ભાગ્યે કરી મળે માનો, સાચા સંતનો સમાગમ ॥**
**તો તેણે કરી મહા સુખ પામે, વળી વામે વેળા[1] વિષમ[2] ॥ ૮ ॥**
સર્વે વાત જાય સુધરી, જો થાય એવા સંતશું પ્રીત ॥
નૂન્ય ન રહે તેહ જનને, જાણો જોરે થઈ જાય જીત ॥ ૯ ॥
પાર આવી જાય સર્વે પંથનો,[3] વળી સરી જાય સહુ કામ ॥
નિષ્કુળાનંદ શુદ્ધ સંત સેવ્યાથી, પમાયે પૂરણ પરમધામ ॥૧૦॥

**પદ-૧૦ (રાગ :ધોળ)** 'સંત વિના સાચી કોણ કહે' એ ઢાળ.

**અનુપ સંતને આપું ઉપમા, એવું નથી જો એક;**
**જોઈ જોઈ જોયું મેં જીવમાં, કરી ઊંડો વિવેક..અનુપ૦ ॥ ૧ ॥**
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, શોધે નાવે સંતને તોલ;
દીઠાં સુણ્યાં તે તો દોષે ભર્યાં, સંત અતિ અમળ[4] અમોલ[5]..અનુપ૦ ॥ ૨ ॥
સાતે[6] દૃષ્ટાંતે સહુ સૂચવી, કહે કવિ જન કોય;
સરે સાર તેમાં શોધતાં, સંત સમ નહિ સોય..અનુપ૦ ॥ ૩ ॥
જેવા સંત એ કહિયે શિરોમણિ, તેવા હરિ સહુ શિરમોડ;
નિષ્કુળાનંદ નિહાળતાં, ન જડે એ બેની જોડ..અનુપ૦ ॥ ૪ ॥

## કડવું-૪૧

**જોડ્ય નથી જડતી જગમાંયે જોતેજી, ઘણી ઘણી રીતે ઘટમાં ગરી[7] ગોતેજી[8]**
**બીજા અવતારના અવતારી પોતેજી, આપે આવિયા સર્વે સામર્થિ સોતેજી**
સર્વે સામર્થી સહિત આવ્યા, અલબેલોજી આણી[9] વાર[9] ॥

**૧.**કાળ **૨.**દુઃખરૂપ **૩.**ઉપાયોનો કે સાધનનો **૪.**નિર્દોષ **૫.**અમૂલ્ય; અતિ દુર્લભ **૬.**સર્વ પ્રકારના દૃષ્ટાંત વડે. વધુ સંખ્યા દર્શાવવા 'સાત' શબ્દ વપરાય છે. જેમ કે, સાતખોટનો દીકરો **૭.**અંતરમાં ઊતરી **૮.**શોધવા છતાં **૯.**આ વખતે

પોતાના પ્રતાપથી, કર્યો અનેક જીવનો ઉદ્ધાર ॥ ૨ ॥
ખગ[1] મૃગ[2] નર નિરજર,[3] ભૂત ભૈરવ પામ્યા ભવપાર ॥
સ્થાવર જંગમ જાતની, આણે સમે લીધી છે સાર ॥ ૩ ॥
દૈવી આસુરી દોયને, તાર્યા આણે સમે અગણિત ॥
ન જોઈ કરણી કોઈની, એવી નવી વર્તાવી રીત ॥ ૪ ॥
તમોગુણી રજોગુણી તારિયા, સત્ત્વગુણીને આપિયા સુખ ॥
શરણાગતને આ સમે, રહેવા દીધું નહિ દુઃખ ॥ ૫ ॥
જે જન કોઈ પ્રકારે કરીને, ઉદ્ધરવાનો આઝો[4] નહિ ॥
એવા જન ઉદ્ધારિયા, તેની મોટપ્ય કેમ જાયે કહિ ॥ ૬ ॥
ધર્મ રહિત ભક્તિ રહિત, વળી વૈરાગ્ય જેને છે વેરવી[5] ॥
એવા પામર નર પાર કર્યા, એવી વર્તાવી વાત નવી ॥ ૭ ॥
તૃણ કાષ્ઠ ને તુંબડાં તારે, એવાં વા'ણ તો હોયે ઘણાં ॥
પણ લોહ પાષાણને તર[6] ઉતારે, એહ નાવમાં નહિ મણા ॥ ૮ ॥
તેમ દૈવી મુમુક્ષુ જીવ તારે, તેનું આશ્ચર્ય શું જાણિયે ॥
પણ આસુરી પામર નર તરે, તેથી વાત બીજી શું વખાણિયે ॥ ૯ ॥
**આ સમાના અવતારની, મોટપ મુખે કે'વાતી નથી ॥**
**નિષ્કુળાનંદ કહે જન મને, વિચારી જુવો વિધવિધથી ॥૧૦॥**

## કડવું-૪૨

**આ સમે સરિયાં જેવાં જનનાં કાજજી, એવાં ન સરિયાં વિચારિયું આજજી**
**આ સમે સોંપિયા જે સુખના સમાજજી, અલૌકિક સુખ લોકે આપ્યું મહારાજજી**

અલૌકિક સુખ આ લોકમાંયે, અલબેલેજિયે આપિયું ॥

**૧.**પક્ષી **૨.**પશુ **૩.**દેવ **૪.**વિશ્વાસ **૫.**વૈરી જેવો અણગમતો **૬.**પાર; કિનારે

ધ્યાન ધારણા સમાધિનું સુખ, આપી માયિક દુઃખ કાપિયું ॥ ૨ ॥
અલૌકિક સુખ અવલોકીને, જન આશ્ચર્ય પામે ઉર ॥
અનેક ધામ ધામી સહિત, હરિયે દેખાડ્યાં હજૂર ॥ ૩ ॥
પર[1] પોતાના ઘાટને, હરિ દેખાડે મૂર્તિમાન[2] ॥
મન બુદ્ધિ ચિત્ત અહંકાર જેહ, તે નજરે નીરખે નિદાન ॥ ૪ ॥
સર્વે અંગે સમેટીને, લાવે એક અંગમાં પ્રાણ ॥
પછી દેહ તે જડવત રહે, જેવું સૂકું કાષ્ઠ પાષાણ ॥ ૫ ॥
પછી બાળો કાપો કોઈ દેહને, તેને દુઃખ નહિ તલભાર ॥
એવો અગણિત આ સમે, હરિયે દેખાડ્યો ચમત્કાર ॥ ૬ ॥
ષટ ઊર્મિ[3] ક્ષોભ નવ કરે, હરે ફરે કરે કાંઈ કામ ॥
એવી આશ્ચર્ય વારતા, ઘણી દેખાડી ઘનશ્યામ ॥ ૭ ॥
ભૌતિક દેહ ભૂમિ વ્યોમમાં, કરે પાણીમાં પણ પ્રવેશ ॥
આડ્ય[4] રહિત અટકે નહિ, નવ રહ્યું આવરણ લેશ ॥ ૮ ॥
એવી અનંત રીત અલૌકિક આણી, જાણી નો'તી જે જગમાંઈ ॥
અતિ સામર્થી વાલે વાવરી, નથી કહ્યે જાતી તે કાંઈ ॥ ૯ ॥
અનેક અવતાર આગે ધર્યા, તે તો પોતાના જન કારણે ॥
નિષ્કુળાનંદ સહજાનંદ પ્રભુપર, વારી વારી જાયે વારણે ॥૧૦॥

## કડવું-૪૩

**વારીવારી જાઉં વાલમજી મારાજી, આજ શોભ્યા છો સૌથી સારાજી**
**પ્રાણજીવન ઘનશ્યામ છો પ્યારાજી, નિજજનને મહાસુખના દેનારાજી**

સુખ દેવાને શ્રીહરિ, પ્રભુ પ્રગટ થયા તમે આજ ॥

**૧.**બીજાના **૨.**સાક્ષાત્ **૩.**ભૂખ, તરસ, હર્ષ, શોક, જન્મ, મરણ **૪.**અવરોધ

મહા સુખમય મૂર્તિ ધરી, કર્યાં અનેક જનનાં કાજ ॥ ૨ ॥
આગે મત્સ્ય કચ્છ વારાહ વપુ, થયા નરહરિ રૂપે નાથ ॥
કર્યાં કારજ નિજ જનનાં, પણ સેવી સુખી ન થયો જનસાથ[૧] ॥ ૩ ॥
વામન રૂપને ધરી હરિ, કર્યું બળિ રાજાનું કામ ॥
એ પણ રૂપ અનુપમ હશે, પણ સંતે સેવી ન કરી પૂરી હામ ॥ ૪ ॥
પરશુરામે ફરશી ફેરવી, કરી ભૂપ[૨] રહિત ભૂમિકા ॥
તેને પણ સત્ત્વગુણી સંત, સેવી સુખ નવ લઈ શક્યા ॥ ૫ ॥
રામ પ્રભુ તે રાજા થયા, તેને ગરીબ કેમ પૂજી શકે ॥
દુર્બળ જાયે કોઈ દર્શને, તો દ્વારપાળ મારે ધકે ॥ ૬ ॥
કૃષ્ણરૂપે અનુપ આપે થયા, કર્યાં અનેક જીવનાં કાજ ॥
પણ એમનું એમ રાખ્યું નહિ, પછી થયા રાજઅધિરાજ ॥ ૭ ॥
બુદ્ધ શુદ્ધ બોધ દેઈને, તાર્યા જીવ અનંત અપાર ॥
કલકી ભાર ઉતારવાને, હરિ હવે લેશે અવતાર ॥ ૮ ॥
એવા સર્વે અવતાર સૂચવી, ભાવે પ્રભુના ભાખિયા[૩] ॥
પણ આજ સંતને સુખ આપતાં, કોઈ રીતે ઊણા[૪] ન રાખિયા ॥ ૯ ॥
અનેક પ્રકારે આશ્રિત જનને, આપ્યો અખંડ આનંદ ॥
નિષ્કુળાનંદ સુખદ સહુના, સ્વામી તે સહજાનંદ ॥૧૦॥

## કડવું-૪૪

**સ્વામી સહજાનંદ જે જને સેવ્યાજી, તેને ન રહ્યું કાંઈ કરવાનું કે'વાજી**
**સૌપરી[૫] શિરોમણિ[૬] મળ્યા હરિ એવાજી, એવી નથી ઉપમા એને બીજી દેવાજી**

ઉપમા નથી એવી આપવા, જોઈ જોઈ જોયું જરૂર ॥

**૧.**મનુષ્યનો સમૂહ **૨.**દુષ્ટ રાજા **૩.**કહી બતાવ્યા **૪.**અપૂર્ણ; ખોટવાળા **૫.**સર્વોપરી **૬.**સર્વ શ્રેષ્ઠ

ચૌદ લોકમાં જોયું ચિંતવી, એ સમ ન સમજાણું ઉર ॥ ૨ ॥
અનેક તન ધરી હરિ, વિચર્યા વસુંધરા માંઈ ॥
તેના મળેલ તપાસિયા, સુખ પામ્યા ન પામ્યા કાંઈ ॥ ૩ ॥
આજની તો અલેખે[૧] વાત છે, અઢળ ઢળ્યા છે અલબેલ ॥
હળ્યા મળ્યા હરિ હેતે કરી, વળી વાળી રંગડાની રેલ ॥ ૪ ॥
જમ્યા રમ્યા જોડ્યે રહ્યા, દયા કરી દીન દયાળ ॥
સમે સમે સુખ આપિયાં, કાપિયાં દુઃખ વિશાળ ॥ ૫ ॥
અરસ પરસ એકમેક[૨] રહ્યા, અંતરાય ન રહિ અણુભાર ॥
અનંત અવતાર આવિયા અવનિએ, પણ આંક વાળિયો[૩] આ વાર ॥ ૬ ॥
અનેક પ્રતાપ અનેક પરચા, અનેક ઉદ્ધારિયા જન ॥
કોયે વાતની કસર નહિ, એવા સહજાનંદ ભગવન ॥ ૭ ॥
અનંત સામર્થી અનંત ઐશ્વર્ય, અનંત પરાક્રમ અપાર ॥
અનંત ધામના ધણી હરિ, વળી અનંત શક્તિ આધાર ॥ ૮ ॥
**સહુ ઉપર એ શ્રીહરિ, એની ઉપર નહિ કોઈ એક ॥**
**પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પોતે, એને આધારે બીજા અનેક** ॥ ૯ ॥
**એવા પ્રતાપી પ્રભુ મળ્યા, તેના ટળિયા સર્વે તાપ ॥**
**નિષ્કુળાનંદ શ્રીહરિ સંબંધે, શુદ્ધ થયા જન આપ** ॥૧૦॥

**પદ-૧૧ (રાગ : ધોળ)** **'સંત વિના સાચી કોણ કહે'** એ ઢાળ.

સુખી કર્યા રે જન જગતમાં, પ્રભુ પ્રગટી આ વાર;
નિવાસી કર્યાં બ્રહ્મમો'લના, અગણિત નર નાર...સુખી૦ ॥ ૧ ॥
જે સુખ અગમ અજ ઈશને, સુર સુરેશને સોય;

**૧**.બુદ્ધિથી યથાર્થ સમજાય નહિ તેવી અલૌકિક **૨.**ઓતપ્રોત; તદ્રૂપ **૩**.આ વખતે સામર્થ્યની હદ વટાવી દીધી

તે સુખ દીધું છે દાસને, જે સુખ ન પામે કોય..સુખી૦॥ ૨ ॥
ધામી વિના રે એહ ધામનું કોણ સુખ દેનાર;
માટે આપે આવી આપિયું અખંડસુખ અપાર..સુખી૦॥ ૩ ॥
એહ સુખથી જે સુખી થયા, રહ્યા દુઃખ તેથી દૂર;
નિષ્કુળાનંદ નિર્ભય થઈ; રહ્યા હરિને હજૂર..સુખી૦॥ ૪ ॥

## કડવું-૪૫

**હરિ હજૂર જે પામ્યા દાસ વાસજી, તેને કોઈ રહ્યો નહિ તન મને ત્રાસજી**
**પરિપૂરણ પામ્યા સુખ વિલાસજી, જે સુખનો ન થાય કોઈ દિન નાશજી**

નાશ ન થાયે કોઈ દિને, એવું અવિનાશી એહ સુખ છે ॥
તેહ વિના તપાસી જોયું, જ્યાં જ્યાં જાય છે ત્યાં દુઃખ છે ॥ ૨ ॥
અટળ સુખના આપનારા, નથી કોઈ સહજાનંદજી સમાન ॥
બીજે છે વાતોના વાયદા[૧], એમ સમજવું બુદ્ધિમાન ॥ ૩ ॥
સત્ય શાસ્ત્ર સંત સુધર્મને, શોધીને ગ્રે'વું[૨] સાર ॥
જેવા તેવાથી જડતું નથી, અખંડ સુખ અપાર ॥ ૪ ॥
**માયિક સુખ પણ મોંઘાં ઘણાં, ત્યારે અમાયિકનો કોણ આપનાર ॥**
**માટે સહજાનંદ સેવવા, ઉર કરી વળી વિચાર ॥ ૫ ॥**
**જેહ સુખ જેહને ઘરે, તે તો તેનું દીધું દેવાય ॥**
**તેહ વિના તોળી[૩] તપાસિયું, લેશ પણ આપણે ન લેવાય ॥ ૬ ॥**
એહ સુખને આપવા, આવ્યા અવનિએ અલબેલ ॥
મહા મોંઘું હતું એને મળવું, પણ સહુને થયું છે એ સે'લ ॥ ૭ ॥
પરમ પરમારથી પ્રગટ્યા, શ્રી સહજાનંદ સુખધામ ॥

**૧.**ફડાકા; મુદતો **૨.**ગ્રહણ કરવું **૩.**તુલનાત્મક વિચાર કરી

આવી મળ્યા જન જેહને, તેહ થયા તે પૂરણકામ ॥૮॥
ભાંગી ભૂખ ભૂખ્યાતણી, ઘણી ઘનશ્યામે કરી મે'ર ॥
એવો કોણ અભાગિયો, જે દુઃખી રે'શે આ વેર[૧] ॥૯॥
આજ મો'રે[૨] આવી વારતા, કો'યે પર[૩] અવર[૪] પામ્યા નથી ॥
નિષ્કુળાનંદ જેણે નથી દીઠા, તે કેવી રીતે કે'શે કથી ॥૧૦॥

## કડવું-૪૬

**કથી નથી કે'વાતી વણ જાણે વાતજી, કે'શે કોઈ સંત જે જાણે છે સાક્ષાતજી**
**બીજા બહુને છે એ વાત અખ્યાતજી,[૫] દીઠા ભેટ્યા વિના ભાખશે કોણ ભાતજી[૬]**

કોણ ભાતે નર ભાખશે, જેને સ્વપ્ને પણ સંબંધ નથી ॥
અટકળ અનુમાન કરી, મોટા મોટા મરે છે મથી ॥૨॥
કોઈ કહે હજાર હાથ હરિને, કોઈ કહે આઠ ચાર કર છે ॥
કાનનું સુણ્યું સહુ કહે, પણ ખરી કાંઈ ખબર છે ? ॥૩॥
કોઈ કહે હરિ અરૂપ છે, કોઈ કહે તેજોમય તન ॥
કોઈ કહે વિશ્વમાંહિ વ્યાપી રહ્યા, કોઈ કહે આ બોલે વચન ॥૪॥
કોઈ કહે પ્રભુને પરછાયો નહિ, કોઈ કહે ન ધરા ધરે પાવ[૭] ॥
દીઠા વિના આપ ડા'પણે, અમથા કરે છે ઉઠાવ[૮] ॥૫॥
પણ જાણો હરિને બે હાથ છે, બે પાવલિયા[૯] છે પુનિત ॥
શ્રવણ નયન નાસિકા, મુખે બોલે છે રૂડી રીત ॥૬॥
જમે રમે નિજજન ભેળા, લિયે દિયે પૂજા જે દાસ ॥
હસે વસે સેવક સંગે, અલબેલો આપે અવિનાશ ॥૭॥
સાકાર સુંદર મૂરતિ, સુખદાયી સહજાનંદ ॥

---

**૧.**વખતે **૨.**પહેલા **૩.**મોટા **૪.**નાના **૫.**અજાણી **૬.**કેવા પ્રકારે **૭.**પૃથ્વી પર પગ મૂકે નહિ **૮.**કલ્પના **૯.**ચરણારવિંદ

તેને જાણ્યા વિના જડમતિ, નિરાકાર કહે નર મંદ ॥૮॥
સવળું અવળું સમજી, પાડી આંટી ઘાટી[૧] ઉરમાંય ॥
ઘૂંચાણા[૨] ઘણી ઘૂંચવણીમાં,[૩] પડ્યું નહિ પાધરું[૪] કાંય ॥૯॥
પૂઠ્ય દઈ પૃથ્વીનાથને,[૫] ચોડ્યું ચિત્રામણમાંય ચિત્ત ॥
નિષ્કુળાનંદ પ્રગટ મૂકી, કરી આળ પંપાળશું[૬] પ્રીત ॥૧૦॥

## કડવું-૪૭

**આળ પંપાળમાં આવરદા ન ખોવીજી, એ પણ વાત વિચારીને જોવીજી**
**હીરો હાથ આવ્યે ધુડ્યને ન ધોવીજી, દિનમાં સૂઈ રહી રાત ન ડોવીજી[૭]**

દિનમાંહી હીંડે[૮] મારગ મળે, રાતમાંય ઘણું રડવડિયે[૯] ॥
તેમ પ્રગટ મૂકીને પરોક્ષ ભજતાં, કહો પાર એમાં કાંઈ પડિયે ॥૨॥
જેમ કોઈ ફૂલવાડીનાં ફૂલ મેલી, આકાશ ફૂલની આશા કરે ॥
પાર વિના પરિશ્રમ પડે, સાર થોડું જ મળે સરે[૧૦] ॥૩॥
તેમ પ્રગટ પ્રભુને પરહરી, પરોક્ષમાં કરે પ્રતીત ॥
તે તો પીયુષનો ચરુ[૧૧] પરહરી, કરી છાશ પીવા ચાહે ચિત્ત ॥૪॥
ટાણે ટેવ[૧૨] રાખી નહિ, કરે કટાંણે કોઈ ઉદ્યમ ॥
તેમાં ન પડે પાંસરું,[૧૩] પડે તેમાં તે પૂરણ શ્રમ ॥૫॥
માટે સમો સાચવવો, પ્રગટશું કરવી પ્રીત ॥
તો પૂરણ તક પાકે ખરી, વળી થાય જગતમાંહી જીત ॥૬॥
એટલું કર્યું તો સર્વે કર્યું, કેડે કરવું ન રહ્યું કાંઈ ॥
મનુષ્ય દેહનો લાભ મળ્યો, આવી આ ભવમાંઈ ॥૭॥

**૧.**મજબૂત **૨.**ફસાણા **૩.**અજ્ઞાનરૂપી મુશ્કેલીમાં **૪.**સીધું **૫.**પ્રગટ રાજાને વાંસો દઈ **૬.**બીજા-ત્રીજા વ્યર્થ પ્રયત્નોમાં **૭.**ગુમાવવી **૮.**આખો દિવસ ચાલે ત્યારે **૯.**દુઃખ પામતા ભટકીએ **૧૦.**અંતે **૧૧.**કળશ **૧૨.**સાવધાની **૧૩.**સીધુ; સરલ

**સર્વે સિદ્ધાંતનું સિદ્ધાંત એહ જ, રે'વું પ્રગટ પ્રભુ પરાયણ ॥**
**મન વચન કર્મે કરી, ભજવા સ્વામિનારાયણ ॥ ૮ ॥**

એહ ઠીક ઠેરાવી વાત અંતરે, પછી રે'વું નિર્ભય નચિંત ॥
એટલું સમજે સર્વે સમજ્યા, સમજાણી સનાતન રીત ॥ ૯ ॥

મળ્યો મારગ મહાસુખનો, જેમાં દુઃખ નહિ લવલેશ ॥
નિષ્કુળાનંદ નકી એ વારતા, માનવો મોટાનો ઉપદેશ ॥૧૦॥

## કડવું-૪૮

**સારસિદ્ધિ સુંદર ગ્રંથ છે સારોજી, સહુ શાણા મનમાં વિચારોજી**
**પ્રગટ ઉપાસીને લાગશે પ્યારોજી, દુઃખ ટળી સુખનો આવશે વારોજી**

વારો આવશે સુખનો, સાંભળતામાં સાર શિરોમણિ ॥
પ્રીત થાશે પ્રભુ પ્રગટમાં, ઘનશ્યામ માંઈ ઘણી ઘણી ॥ ૨ ॥

અન્ય સુખથી મન ઉતારી, પ્રગટમાં સુખ પેખશે ॥
લોકાલોકની[1] લાલચ્ય મેલી, સુખ ધર્મસુતમાં લેખશે[2] ॥ ૩ ॥

જગસુખ અભાવની જુગતી, અતિ કહિ છે જો કથીકથી ॥
સમજ્યા સરખી સુલભ છે, વાત અતિ રતી[3] ઊંડી નથી ॥ ૪ ॥

વૈરાગ્ય ભક્તિ ધર્મની, વાત સારી પેઠચે સૂચવી ॥
જ્ઞાનની પણ થોડી ઘણી, ચોકસપણે ચોખી ચવી[4] ॥ ૫ ॥

અસંત સંતની વારતા, તેહ પણ કાંઈક કહી છે ॥
સાંગોપાંગ સમજવા, ઘણી ઘણી ગ્રંથોમાં રહી છે ॥ ૬ ॥

સાર સાર શોધી કહ્યું, જે જે જાણ્યામાં મારે આવિયું ॥
તેહ તેહ તપાસી તને મને, કાંઈક કાંઈક કા'વિયું ॥ ૭ ॥

---

**૧.**આ લોક-પરલોકની **૨.**સમજશે **૩.**સહેજ પણ **૪.**કહી

મુમુક્ષુને મગન કરવા, આમાં વાત છે વિધવિધની ॥
નથી છાની છે વાત છતી,[1] પ્રભુ પ્રગટ પ્રસિદ્ધની ॥ ૮ ॥
ખરા ખપવાળાને ખોળતાં, માનો વાત આવી તે મળે નહિ ॥
ત્યાર તરછટ[2] તાંદુલા,[3] કરી દીધા છે સુંદર લહિ ॥ ૯ ॥
**આ ગ્રંથ ગાશે સુણશે, રે'શે એમાં કહ્યું એવી રીત ॥**
**નિષ્કુળાનંદ એ નરનાં, ઊઘડશે ભાગ્ય અમિત[4] ॥૧૦॥**

**પદ-૧૨ (રાગ : ધોળ)** 'સંત વિના સાચી કોણ કહે' એ ઢાળ.

**ભાગ્ય જાગ્યાં આજ જાણવાં, કોટિ થયાં કલ્યાણ;**
**ઉધારો[5] ન રહ્યો એહનો, પામ્યા પ્રભુ પ્રગટ પ્રમાણ.. ભાગ્ય૦ ॥ ૧ ॥**
અનાથપણાનું[6] મે'ણું ઊતર્યું, સદા થયા સનાથ;
ડર ન રહ્યો બીજા દેવનો, ગ્રહ્યો હરિયે હાથ.. ભાગ્ય૦ ॥ ૨ ॥
કંગાલપણું[7] કે'વા ન રહ્યું, સદા મનાણું સુખ;
મસ્તી આવી રે અતિ અંગમાં, દૂર પલાણાં[8] દુઃખ.. ભાગ્ય૦ ॥ ૩ ॥
અણસમજણ અળગી થઈ, સમી સમજાણી વાત;
પાંપળાં[9] સર્વે પરાં[10] પળ્યાં,[11] મળ્યા શ્રીહરિ સાક્ષાત.. ભાગ્ય૦ ॥ ૪ ॥
કસર ન રહી કોઈ વાતની, પામ્યા પ્રભુ પ્રગટ પ્રસંગ;
ખોટ્ય મટીને ખાટ્ય થઈ, રહી ગયો છે રંગ..ભાગ્ય૦ ॥ ૫ ॥
ભૂધર[12] મળતાં ભલું થયું, ફેરો[13] ફાવ્યો આ વાર;
સુખતણી સીમા શી કહું, મને મોદ[14] અપાર..ભાગ્ય૦ ॥ ૬ ॥
આજ આનંદ વધામણાં, હૈયે હરખ ન માય;

**૧.**જાહેર; સ્પષ્ટ **૨.**એકદમ; સંપૂર્ણ **૩.**ચોખા **૪.**અમાપ **૫.**વાયદો; ભવિષ્યમાં મળશે તેવી આશા **૬.**બિચારાપણાનું; નિરાધારપણાનું **૭.**ગરીબપણું **૮.**ભાગી ગયા **૯.**વ્યર્થ પ્રયત્નો; ફાંફા **૧૦.**દૂર **૧૧.**જતા રહ્યા **૧૨.**સર્વાધાર શ્રીહરિ **૧૩.**જન્મ **૧૪.**આનંદ

અમળતી વાત તે આવી મળી, શી કહું સુખની સીમાય.. ભાગ્ય૦ ॥ ૭ ॥

**આજ અમૃતની એલી[1] થઈ, રહી નહિ કાંઈ ખોટ;**
**એક કલ્યાણનું ક્યાં રહ્યું, થયાં કલ્યાણ કોટ.. ભાગ્ય૦ ॥ ૮ ॥**

રાંકપણું તો રહ્યું નહિ, કોઈ મ કે'શો કંગાલ;
નિરધનિયા તો અમે નથી, મહા મળ્યો છે માલ.. ભાગ્ય૦ ॥ ૯ ॥

કોણ જાણે આ કેમ થયું, આવ્યું અણચિંતવ્યું સુખ;
ઢાળો અલૌકિક ઢળી ગયો, મળ્યા હરિ મુખોમુખ.. ભાગ્ય૦ ॥૧૦॥

ધન્ય ધન્ય અવસર આજનો, જેમાં મળિયા મહારાજ;
નિષ્કુળાનંદ ડંકો જીતનો, વાગી ગયો છે આજ.. ભાગ્ય૦ ॥૧૧॥

*ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતા સારસિદ્ધિઃ સંપૂર્ણા ।*

# સારસિદ્ધિઃ સમાપ્તા

**૧.**લાંબી વર્ષા; વરસાદ

# ભક્તિનિધિ

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીનો છેલ્લો ગ્રંથ આ **ભક્તિનિધિ** ગ્રંથ છે. વળી ભક્તિનો ભંડાર-ખજાનો હોવાથી તેનું નામ પણ અતિ અન્વર્થ છે. હરિબળગીતામાં દર્શાવેલ શરણાગતિ સ્વીકારી લીધા પછી શરણાગતનું સર્વશ્રેષ્ઠ કર્તવ્ય ભક્તિ છે. એટલે કે પુરુષોત્તમને પ્રસન્ન કરવાનું મુખ્ય સાધન આ ભક્તિ છે. તેથી આ ગ્રંથમાં ભક્તિનું સાંગોપાંગ વર્ણન કરવામાં આવ્યું છે. જીવનમાં ગમે તેટલા ગુણો હોય પણ જ્યાં સુધી ભક્તિ પ્રગટ ન થાય ત્યાં સુધી તે સર્વ નિષ્ફળ છે. પ્રભુભક્તિ જ જીવનનું સારરૂપ સાચું ફળ છે. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં આ વાત લખી છે જે –

***गुणिनां गुणवत्ताया ज्ञेयं ह्येतत् परं फलम् ।***
***कृष्णे भक्तिश्च सत्संगोऽन्यथा यान्ति विदोऽप्यधः ॥***

જો જીવનમાં ભગવદ્ભક્તિ અને સંતોનો સંગ નથી તો બીજા અપાર સદ્ગુણોવાળા વિદ્વાનોની પણ અધોગતિ થાય છે.

વળી, કાચના વાસણની જેમ બીજાં સાધનો ઉપર કાળ-માયાનો સદા ભય છે, જ્યારે ભકિત સોનાનો કળશ છે. આમ ભક્તિનું સર્વોત્કૃષ્ટ ગૌરવ છે. શાસ્ત્રોમાં ભક્તિને જ પ્રેમ, ઉપાસના, ધ્યાન, સેવા, વગેરે વિવિધ શબ્દોથી વર્ણવેલ છે. આવી ભક્તિ વિષે પૂ.સ્વામીએ આટલી બાબતો ઉપર પ્રકાશ કર્યો છે.

(૧) પ્રગટ પ્રભુની ભક્તિ (૨) નિષ્કામ ભક્તિ (૩) પતિવ્રતા જેવી અનન્ય ભક્તિ (૪) ધર્માદિ ત્રણ અંગો તથા મહિમા સહિત ભક્તિ (૫) પૂર્ણ પ્રેમ લક્ષણા ભક્તિ.

આટલા વિષયો પૂ.સ્વામી નીચેની પંક્તિમાં અદ્ભુત રીતે સમજાવે છે :

***ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ ।***
***ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદે છે ચારે વેદ ॥*** *(દોહો-૩)*

**બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું ।**
**પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું ॥** (૪૪-૭)
**માટે કોઈને એ કરતા, ભાવ થાતા નથી ભીતરમાં ।**
**પછી પ્રીત બાંધી ભક્તિ પરોક્ષમાં, ઘણું આદરી બેઠા ઘરોઘરમાં ॥** (૪૪-૮)

તથા નિષ્કામ ભક્તિને આવી રીતે ઉપસાવી છે –

**પણ મૂરતિ મૂકી મહારાજની, બીજું માગવું નહિ બાળક થઈ ।**
**નિષ્કુળાનંદ નિર્ભય થાવા, હરિભક્તિ વિના ઈચ્છવું નહીં ॥** (૨/૧૦)
**માટે સેવા ખરી હરિની કરી, માગિયે નહિ માયિક સુખ ।**
**જે પામી પડે પાછું પડવું, રહે જેમ હોય તેમ દુઃખ ॥** (૩/૫)

વળી પતિવ્રતાના દૃષ્ટાંતે તેવી પ્રભુમાં પ્રીતિ કરવાનું આ રીતે સૂચવ્યું છે –

**જેમ પતિવ્રતા હોય પ્રમદા, તે પતિ વિના પુરુષ પેખે નહિ ।**
**બીજા સો સો ગુણે કોઈ હોય સારા, તોય દોષિત જાણી દેખે નહિ ॥** (૩૭-૪)
**તેમ ભકત ભગવાનના, હોય પતિવ્રતાને પ્રમાણ ।**
**પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે, તે સાચા સંત સુજાણ ॥** (૩૭-૫)

આમ, ભક્તિનું સર્વાંગી વિવરણ કરી તેનું ફળ બતાવ્યું છે જે --

**અરસપરસ રહે એકતા, સદા શ્રીહરિની જો સાથ ।**
**અંતરાય નહિ એકાંતિકપણું, ઘણું રહે શ્યામની સંગાંથ ॥** (૩૪/૮)

**દૂર ન રહે એવા જનથી દયાળજી, રાત દિન રાખે એની રખવાળજી ।**
**જેમ જનની નિત્ય જાળવે બાળજી, એમ અતિ કૃપા રાખે છે કૃપાળજી ॥** (૪૩/૧)

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી કુલ ૮૨ વર્ષ આ પૃથ્વી ઉપર રહ્યા. તેમાં તેમની ૮૦ વર્ષની ઉંમરે, સંવત્ ૧૯૦૨માં રચાયેલો આ ગ્રંથ જીવનના પરિપાકરૂપ અતિ અદ્‌ભુત છે.

આ ગ્રંથમાં કુલ ૪૪ કડવાં, ૧૧ પદ, બે દોહા અને એક છેલ્લું ઘોળ પદ છે. કુલ મળીને ૫૦૮ ચરણો છે. ધોલેરા ધામ આ ગ્રંથની જન્મભૂમિ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રી નિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# ભક્તિનિધિ

## મંગલાચરણ

**સોરઠા :**

પ્રણમું પુરુષોત્તમ, અગમ નિગમ જેને નેતિ કહે ॥
તે શ્રી હરિ થાઓ સુગમ, રમ્યરૂપ સાકાર સહિ ॥ ૧ ॥
એવા વસો મારે ઉર, દૂર કરવા દોષ દીનબંધુ ॥
તો થાય ભક્તિ ભરપૂર, હજૂર રાખજો હરિ હેત કરી ॥ ૨ ॥

**દોહા :**

**ભક્તિ સરસ સહુ કહે, પણ ભક્તિ ભક્તિમાં ભેદ ॥**
**ભક્તિ પ્રભુ પ્રગટની, એમ વદે છે ચારે વેદ ॥ ૩ ॥**

પરોક્ષ ભક્ત પામે નહિ, મનમાની મોટી મોજ[૧] ॥
શાસ્ત્ર સર્વે શોધીને, ખરી કરી લ્યો ખોજ[૨] ॥૪॥

## કડવું-૧

**રાગ : ધન્યાશ્રી**

**શ્રી પુરુષોત્તમ પૂરણ બ્રહ્મજી, નેતિ નેતિ કહી જેને ગાય નિગમજી**
**અતિ અગાધ જે સહુને અગમજી, તે પ્રભુ થયા આજ સુગમજી**

સુગમ થયા શ્રીહરિ, ધરી નરતનને નાથજી ॥
જીવ બહુ કહું જક્તના જેહ, તેહને કરવા સનાથજી ॥૨॥

આપ ઈચ્છાએ આવિયા, કરવા કોટિકોટિનાં કલ્યાણ ॥
દયા દિલમાં આણી દયાળે, તેનાં શું હું કરું વખાણ ॥૩॥

**લે'રી[૩] આવ્યા આજ લે'રમાં, અતિ મે'ર કરી મે'રબાન ॥**
**અનેક જીવ આશ્રિતને, આપવા અભયદાન ॥૪॥**

અઢળ ઢળ્યા અલબેલડો, કહું કસર ન રાખી કાંય ॥
કૈક જીવ કૃતાર્થ[૪] કીધા, મહાઘોર કળિની માંય ॥૫॥

ભાગ્યશાળી બ્રહ્મમો'લનાં, કર્યાં આપે આવી અગણિત ॥
નિર્દોષ કીધાં નરનારને, રખાવી રૂડી રીત ॥૬॥

નૌતમ શક્કો[૫] સંસારમાં, આવી નાથે ચલાવિયો નેક ॥
જે સાંભળ્યો નો'તો શ્રવણે, તે વર્તાવ્યો સહુથી વિશેક ॥૭॥

પૂરણ પુરુષોત્તમ પોતે, સરવેશ્વર સર્વના શ્યામ ॥
જેની ઉપર જડે નહિ બીજો, તેહ કરે ધારે જેહ કામ ॥૮॥

પ્રબળ પ્રતાપી પધારતાં, સમજવું શું શું ન થાય ? ॥
સમર્થ સહુથી શ્રી હરિ, જે પૂરણકામ કે'વાય ॥૯॥

**૧.**ભેટ; પ્રાપ્તિ **૨.**તપાસ **૩.**આનંદ સાગર શ્રીહરિ **૪.**પૂર્ણકામ **૫.**રાજહુકમ; પ્રબળ પ્રભાવ

INDEX



અતિ અગમ તે સુગમ થયા, થયા સેવી સુખ લેવા લાગ્ય ॥
નિષ્કુળાનંદ મળ્યા એહ જેહને, તેહનાં ઊઘડિયાં ભાગ્ય ॥૧૦॥

## કડવું-૨

**ભાગ્ય જાગ્યાં જાણવા જેને ભેટ્યા ભગવાનજી, ત્રિલોકમાં નાવે કોઈ તેહને સમાનજી**
**જેહને મળિયા પ્રભુ મૂર્તિમાનજી, જેહ મૂર્તિનું ધરે ભવ[1] બ્રહ્મા ધ્યાનજી**

ધ્યાન ધરે જેનું જાણજો, અજ ઈશ[1] સરીખા સોઈ ॥
તોયે અતિ અકળ છે એહને, જથારથ જાણે નહિ કોઈ ॥ ૨ ॥

એવી અલૌકિક મૂરતી, અમાયિક અનુપ અમાપ ॥
આગમ[2] નિગમને[3] અગોચર અતિ, તેનો કરી શકે કોણ થાપ[4] ॥ ૩ ॥

થાપ ન થાય એવા આગમે, વર્ણવિયા વારમવાર ॥
તેહ પ્રભુને કેમ પામિયે, જેનો કોઈ ન પામિયા પાર ॥ ૪ ॥

તેહ હરિ નરતન ધરી, આપે આવે અવનિ મોઝાર ॥
ત્યારે મળાય એ મૂર્તિને, જ્યારે નાથ થાય નર આકાર ॥ ૫ ॥

**મહારાજ થાય જ્યારે મનુષ્ય જેવા, દેવા જીવોને અભયદાન** ॥
**ત્યારે પળ પાકે સહુ પ્રાણધારીની, જ્યારે ભૂમિ આવે ભગવાન** ॥ ૬ ॥

ત્યારે ભક્તને ભક્તિ કરવા, ઊઘડે દ્વાર અપાર ॥
થાય સેવકને સેવ્યા સરખા, જ્યારે પ્રગટે પ્રાણઆધાર ॥ ૭ ॥

ત્યારે સુગમ થાય છે સહુને, પ્રાણધારીને પરમાનંદ ॥
ન હોય દરશ સ્પર્શનું દોયલું,[5] સદા સોયલા[6] હોય સુખકંદ ॥ ૮ ॥

સાકાર સુંદર મૂરતિ, જોઈ જન મગન મન થાય ॥
પછી સેવા કરી એવા શ્યામની, મોટું ભાગ્ય માનવું મનમાંય ॥ ૯ ॥

**૧.**શંકર **૨.**શાસ્ત્રોને **૩.**વેદોને **૪.**સ્થાપ-પ્રતિપાદન; યથાર્થ માપ **૫.**દુર્લભ **૬.**સુલભ

**પણ મૂરતિ મૂકી મહારાજની, બીજું માગવું નહિ બાળક થઈ ॥**
**નિષ્કુળાનંદ નિર્ભય થાવા, હરિભક્તિ વિના ઈચ્છવું નહિ ॥૧૦॥**

## કડવું-૩

**જોને કોઈક કરે છે જપ તપ તીર્થજી, વ્રત દાન પુણ્ય કરે હરિ અર્થજી**
**સત્ય જોગ જગને વાવરે ગર્થજી[1], જેવી હોય તને મને ધને સામર્થજી**

સામર્થ પ્રમાણે સહુ કરે, વળી કસર ન રાખે કોઈ ॥
શુદ્ધ મન શુદ્ધ ભાવ શ્રદ્ધાએ, શુદ્ધ આદરે કરે સોઈ ॥ ૨ ॥

એમ પ્રસન્ન કરી પરબ્રહ્મને, કરે અલ્પ સુખની આશ ॥
તે શિશુ સમજણ સેવકની, ત્યાગી તૂપને[2] માગી છાશ ॥ ૩ ॥

જેમ રીઝવે કોઈ રાજનને; પ્રસન્ન કરીને માગે પિયાજ[3] ॥
તે આપતાં અતિ અવનીશને,[4] લાગે લોકમાં ઘણી લાજ ॥ ૪ ॥

માટે સેવા ખરી હરિની કરી, માગીએ નહિ માયિક સુખ ॥
જે પામી પડે પાછું પડવું, રહે જેમ હોય તેમ દુઃખ ॥ ૫ ॥

તે શોધી સર્વે સમજવું, જોઈ લેવું જીવમાં જરૂર ॥
અંતવત[5] સુખ ઈચ્છતાં, કેદી દુઃખ ન થાય દૂર ॥ ૬ ॥

જેમ કણ મૂકી કૂકસને,[6] જાચે[7] તુષને[8] તજી તાંદૂળ[9] ॥
તેમ મૂરતિ મૂકી મહારાજની, ન માગવું સુખ નિર્મૂળ ॥ ૭ ॥

**ચાર પ્રકારની મુગતિ, અતિ સુખદ કહે સુજાણ ॥**
**પણ મૂર્તિ મનોહર માવની, મૂકી ઈચ્છે એહને એ જ અજાણ ॥ ૮ ॥**

જેમ ફોગટ[10] ફૂલ ફળ નહિ, મળે ફળ તો ફજેતીએ ભર્યાં ॥
એવાં અલ્પ સુખ આવતાં, કહો કારજ સરે[11] શું સર્યાં ? ॥ ૯ ॥

---

**૧.**ધન-સંપત્તિ **૨.**ઘીને **૩.**ડુંગળી **૪.**પૃથ્વીપતિ-રાજાને **૫.**નાશવંત **૬.**ફોતરાને **૭.**માગે **૮.**ડાંગરની ફોતરી **૯.**ચોખા **૧૦.**ખોટા; વ્યર્થ **૧૧.**અંતે

માટે રાજી કરી રંગરેલને,[1] માગવું વિચારીને મન ॥
નિષ્કુળાનંદ ન માગવું, જેને માથે હોય વિઘન ॥૧૦॥

## કડવું-૪

**વિઘને ભર્યાં સુખ સારુ સાધનજી, કરતાં મૂંઝાય છે શુદ્ધ સંતનાં મનજી**
**તે કેમ કરી શકે જાણો એ જનજી, જેને ઉપર છે અનંત વિઘનજી**

વિઘન વિવિધ ભાતનાં,રહ્યાં સાધન પર સમોહ[2] ॥
સુર અસુર ઈચ્છે પાડવા, પ્રેરી કામ ક્રોધ લોભ મોહ ॥ ૨ ॥
જપતાં જાપ બાપ આપણે,[3] પ્રહલાદજીને પીડા કરી ॥
સત્ય રાખતાં હરિશ્ચંદ્ર શિબિ, નળ મુદગલ ન બેઠા ઠરી ॥ ૩ ॥
તપ કરી ત્રિલોકમાં, પામી પડિયા પાછા કઈ ॥
એમ કરી તન તાવતાં, સુખ અટળ આવ્યું નહિ ॥ ૪ ॥
વ્રત રાખતાં અંબરીષ પીડ્યો, દાન દેતાં પિડાણો નર ઘોષ ॥
પુણ્ય કરતાં પાંડવ પાંચાલી, આવ્યા દુર્વાસા દેવા દોષ ॥ ૫ ॥
જોગે પિડાણા શુક જડભરત, જગને પિડાણો નહુષ ભૂપાળ ॥
બળી વળી દધિચિ ઋષિ, રંતિદેવ સરિખા દયાળ ॥ ૬ ॥
એવી અનેક પ્રકારની આપદા, આવી સત્યવાદી પર સોઈ ॥
વનવાસી ત્યાગી વૈરાગી, વણ વિપતે નહિ કહું કોઈ ॥ ૭ ॥
જે જે જને એહ આદર્યું, પરલોક પામવા કાજ ॥
તે તે જનને જાણજો, સુખનો ન રહ્યો સમાજ ॥ ૮ ॥
વિઘન બહુ વિધવિધનાં, ભર્યાં ભવમાંહિ ભરપૂર ॥
પરલોક ના દિયે પામવા, જન જાણી લેજો જરૂર ॥ ૯ ॥

**૧.**ભગવાનને **૨.**ઘણા બધા **૩.**પોતાના

માટે વાટ[1] એ તે મૂકવી, સમજી વિચારીને શુભમતિ ॥
નિષ્કુળાનંદ કે' નિર્ભય થાવા, કરવી હરિની ભગતિ ॥૧૦॥

**પદ-૧**

સંતો ભક્તિ ઉપર ભય શાનો રે સંતો ભક્તિ ઉપર ભય શાનો.
તે તો મન કર્મ વચને માનો રે...સંતો૦ ટેક.
જપ તપ તીરથ જોગ જગન, દાન પુન્ય સમાજ[2] શોભાનો;
પામી પુણ્ય ખૂટે પડે પાછા, તેમાં કોણ મોટો કોણ નાનો રે.
સંતો૦ ॥ ૧ ॥
ધ્યાન ધારણા સમાધિ સરવે, કુંપ[3] અનુપ કાચનો;
ટકે નહિ કેદી ટોકર વાગે, તો શિયો ભરુંસો બીજાનો રે.
સંતો૦ ॥ ૨ ॥
જ્ઞાની ધ્યાનીને લાગ્યા ધકા[4] ઘરપર,[5] જાણો નથી ફજેતો એ છાનો;
નિર્ભય પ્રાપતિ ન રહી કેની, જોઈ લીધો દાખડો ઝાઝાનો રે.
સંતો૦ ॥ ૩ ॥
**સર્વે પર વિઘન સભરભર,[6] નિર્ભય ભક્તિ ખજાનો;**
**નિષ્કુળાનંદ કે' ન ટળે ટાળતાં, ટળે તોય કળશ સોનાનો[7] રે.**
**સંતો૦ ॥ ૪ ॥**

## કડવું-૫

**નિરવિઘન છે નાથની ભક્તિજી, જેમાં વિઘન નથી એક રતિજી**
**સમજીને કરવી સદાય શુભ મતિજી, તો આવે સુખ અલૌકિક અતિજી**

**૧.**સાધનાની પ્રધાનતાવાળો રસ્તો **૨.**સામાન **૩.**ઘડા જેવું વાસણ **૪.**વિઘ્નો **૫.**તેના મુખ્ય સાધન ઉપર **૬.**સંપૂર્ણપણે ભર્યા છે **૭.**તેની કિંમત જાય નહિ, તેમ કરેલી ભક્તિ ક્યારેય વ્યર્થ જાય નહિ. **न हि कल्याणकृत् कश्चित् दुर्गतिं तात गच्छति** । (ગીતા : ૬/૪૦)

અલૌકિક સુખ આવે, જો ભાવે[1] ભક્તિ ભગવાનની ॥
તે વિના ત્રિલોક સુખને, માને શોભા મિયાનની[2] ॥ ૨ ॥
મૂરતિ મૂકી મન બીજે, લલચાવે નહિ લગાર ॥
અન્ય સુખ જાણ્યાં ફળ અર્કનાં,[3] નિશ્ચે નિરસ નિરધાર ॥ ૩ ॥
એમ માની માને સુખ માવમાં,[4] કરે ભક્તિ ભાવે સહિત ॥
ભક્તિ વિના બ્રહ્મલોક લગી, ચાહે નહિ કાંઈ ચિત્ત ॥ ૪ ॥
અનન્ય ભાવે કરે ભગતિ, મન વચન કર્મે કરી ॥
ભાવે નહિ હરિભક્તિ વિના, એવી વાત અંતરમાં આવી ઠરી ॥ ૫ ॥
**નિષ્કામ ભક્તિ નાથની, જેને કરવા છે મને કોડ[5] ॥**
**બીજા સકામ ભક્ત સમૂહ હોય, તોય હોય નહિ એની હોડ[6] ॥ ૬ ॥**
એવી ભક્તિને આદરે, જેમાં લોકસુખ નહિ લેશ ॥
તેમ સુખ શરીરનું, ઈચ્છે નહિ અહોનેશ[7] ॥ ૭ ॥
મેલી ગમતું નિજ મનનું, હાથ જોડી રહે હરિ હજૂર ॥
સેવા કરવા ઘનશ્યામની, ભાવ ભીતરમાં ભરપૂર ॥ ૮ ॥
ભાવે જેવું ભગવાનને, સમો જોઈ કરે તેવી સેવ ॥
પણ વણસમે વિચાર વિના, ત્યાર ન થાય તતખેવ ॥ ૯ ॥
એવા ભક્તની ભગતિ, વા'લી લાગે વા'લાને મન ॥
નિષ્કુળાનંદ કહે નાથજી, તે ઉપર થાય પ્રસન્ન ॥૧૦॥

## કડવું-૬

**પ્રસન્ન કરવા ઘણું ઘનશ્યામજી, કરો હરિભક્તિ અતિ હૈયે કરી હામજી**
**જે ભક્તિ અતિ કા'વે નિષ્કામજી, ધર્મસહિત છે સુખનું ધામજી**

**૧.**ગમે **૨.**તલવારનું કવર-મ્યાનની=ખરે ટાણે કાંઈ કામનું નહિ **૩.**આકડાનાં વૃક્ષ **૪.**ભગવાનમાં **૫.**ઉત્સાહ **૬.**સરખામણીમાં **૭.**રાત્રિ-દિવસ; ક્યારેય

ધામ સર્વે સુધર્મ સોતી, ભક્તિ અતિ ભક્ત કરે ॥
તેને તોલે ત્રિલોક માંહિ, સમજી જુવો નહિ નીસરે ॥ ૨ ॥
જેણે આ લોકસુખની આશા મેલી, પરલોકસુખ પણ પરહર્યાં ॥
એક ભક્તિ ભાવી ભગવાનની, વિષયસુખ વિષ સમ કર્યાં ॥ ૩ ॥
જેણે પંચ વિષય શું પ્રીત ત્રોડી, જોડી પ્રીત ભક્તિ કરવા ॥
તજી મમત તન મનની, તેને રહી કહો કેની પરવા[૧] ॥ ૪ ॥
રાજી કુરાજિયે કોઈને, નવ વણસે[૨] સુધરે વાત ॥
નથી એથી સુખ મળવા ટળવા, જોઈએ હરિ રાજી રળિયાત ॥ ૫ ॥
પરબ્રહ્મને પ્રસન્ન કરવા, કરે ભક્તિ માહાત્મ્યે સહિત ॥
ધરી દૃઢ ટેક એક અંતરે, તે ફરે નહિ કોઈ રીત ॥ ૬ ॥
નિષ્કપટ નાથની ભગતિ, સમજો સુખભંડાર છે ॥
એની બરાબરી નોય કોઈ બીજું, એ તો સર્વે સારનું સાર છે ॥ ૭ ॥
સાચી ભક્તિ ભગવાનની, સર્વે શિર પર મોડ[૩] છે ॥
બીજાં સાધન બહુ કરે, પણ જુવો એની કોઈ જોડ છે ॥ ૮ ॥
જેમ ગળપણમાં શર્કરા[૪] ગળી, વળી રસમાં સરસ તૂપ ॥
જેમ અંબરે સરસ જરકસી, તેમ ભક્તિ અતિ અનુપ ॥ ૯ ॥
એવી અનુપમ ભગતિ, ભાવી ગઈ જેને ભીતરે ॥
નિષ્કુળાનંદ કે' સર્વે સાધન, એની સમતા કોણ કરે ॥૧૦॥

## કડવું-૭

**ભકિત સમાન નથી ભવમાં કાંયજી, સમજુ સમજો સહુ મન માંયજી**
**પ્રભુ પ્રસન્ન કરવા છે અનુપ ઉપાયજી, તેને તુલ્ય બીજું કેમ કેવાયજી**

કે'વાતું નથી કલ્પતરુ, નવનિધિ ને સિદ્ધિ સમેત[૫] ॥

**૧.**ગરજ **૨.**બગડે **૩.**મુગટ સમાન સર્વોત્તમ **૪.**સાકર **૫.**સહિત

કામદુઘા અમૃતની ઉપમા, ન ઘટે કહું કોઈ રીત ॥ ૨ ॥
જેમ મંદારમાં[૧] સાર બહુ બાવના ચંદન, પાષાણમાં સાર પારસ[૨] ॥
સપ્ત ધાતુમાં સરસ સુવર્ણ, તેમ ભક્તિ સાધનમાં સરસ ॥ ૩ ॥
જેમ પન્નગારી[૩] પંખિયોમાં સરસ, શૈલમાં[૪] સરસ સુમેર[૫] ॥
તેમ ભક્તિ સરસ સર્વ સાધને, એમાં નથી કહું કાંઈ ફેર ॥ ૪ ॥
જેમ તેજોમય તનમાં સરસ સૂર્ય, શીતળ તનમાં સરસ શશી ॥
તેમ ભક્તિ સરસ સર્વે રીતે, આપું ઉપમા એને કશી[૬] ॥ ૫ ॥
જેમ પાત્રમાં અક્ષયપાત્ર[૭] સરસ, નાણામાં સરસ સુવર્ણમો'ર[૮] ॥
તેમ ભક્તિ સરસ છે ભવમાં, એમ લખ્યું છે ઠોરમઠોર[૯] ॥ ૬ ॥
જેમ પંચભૂતમાં શૂન્ય[૧૦] સરસ, સર્વે અમરમાં[૧૧] અમરેશ[૧૨] ॥
તેમ ભક્તિ સરસ ભગવાનની, એમાં નથી ફેર લવલેશ ॥ ૭ ॥
જેમ કુંપે સરસ રસ કુંપકા, ભૂપે સરસ પ્રિયવ્રત ॥
રૂપે સરસ કામદેવ કહિયે, તેમ ભક્તિથી નૂત્ય બીજાં કૃત્ય[૧૩] ॥ ૮ ॥
કર્તવ્ય કરીને કાંઈક પામે, તે વામે[૧૪] કોઈ કાળે કરી ॥
ભક્તિ એ ગતિ નિર્ભય અતિ, એમ શ્રીમુખે કહે છે શ્રીહરિ ॥ ૯ ॥
એમ ભક્તિ ભગવાનની, વર્ણવી સહુથી સરસ ॥
નિષ્કુળાનંદ કે' તે વિના બીજાં, નિશ્ચે દેખાડ્યાં નરસ ॥૧૦॥

## કડવું-૮

**ભક્તિ સમાન નથી સાધનજી, વારંવાર વિચારું છું મનજી**
**જે સારુ જન કરે છે જતનજી, તેમાં સુખ થોડું દુઃખ રહ્યું છે સઘનજી[૧૫]**

**૧.**વૃક્ષોમાં **૨.**પારસમણિ **૩.**ગરુડ **૪.**પર્વતોમાં **૫.**મેરુ **૬.**કઈ **૭.**જેમાં રહેલ વસ્તુ ખૂટે નહિ તેવું વાસણ **૮.**સોનાનો સિક્કો **૯.**બધે જ **૧૦.**આકાશ **૧૧.**દેવોમાં **૧૨.**ઈન્દ્ર **૧૩.**કર્મ; સાધન **૧૪.**નાશ પામે **૧૫.**ઘણું જ

સઘન દુઃખ સાધનમાં, જેનાં ફળમાં બહુ ફેલ ॥
માને સુખ તેમાં મૂરખા, જે હોય હૈયાના ટળેલ ॥ ૨ ॥

જેમ સોનરખથી[૧] સોનું કરતાં, જોયે સવા લાખ ચડીચોટ[૨] ॥
એક લાખ તૈયે ઊપજે, જાયે પા લાખની ખોટ ॥ ૩ ॥

તેમ સાધન કરી શરીર દમે, વળી પામે તે માંહિથી સુખ ॥
તે સુખ જાય જોતાંજોતાં, પાછું રહે દુઃખનું દુઃખ ॥ ૪ ॥

જેમ વટે[૩] અમટ[૪] અરુણ[૫] ફલ, ખાવા કરે કોઈ ખાંત ॥
રાતાં[૫] છે પણ રસ નથી, એમ સમજી લેવો સિદ્ધાંત ॥ ૫ ॥

તેમ સુખ સર્વે લોકનાં, સુણી કરે હૈયે કોઈ હામ ॥
જેમ અવલ[૬] ફૂલ આવળનાં, પણ નાવે પૂજા માંહિ કામ ॥ ૬ ॥

જેમ ત્રોડતાં ફળ તાડતણાં, થાય મહેનતના બહુ માલ ॥
ખાતાં થાયે બહુ ખરખરો,[૭] વળી વાધે શોક વિશાળ ॥ ૭ ॥

અમૃતવેલી અલ્પ ભલી, વધુ તોય ભૂંડી વિષવેલ[૮] ॥
તેમ ભક્તિ થોડી તોય ભલી, છે સર્વે સુખની ભરેલ ॥ ૮ ॥

પંચ્યાણ[૯] આપે પાંચ રોકડા, લપોડશંખ[૧૦] કહે લેને લાખ ॥
પણ ગણીને ગાંઠ્યે બાંધ્યા તણી, વળી કોયે ન પૂરે સાખ[૧૧] ॥ ૯ ॥

તેમ હરિભક્તિથી સુખ મળે, તેવું સુખ બીજાથી ન થાય ॥
નિષ્કુળાનંદ કહે નરને, જાણી લેવું એવું મનમાંય ॥૧૦॥

## પદ-૨

સંતો જુવો મનમાં વિચારી રે સંતો જુવો મનમાં વિચારી.

**૧.**આ નામની ગીરની એક નદીની સોના જેવી રેતી **૨.**પૂરેપૂરા; તરત જ **૩.**વડલાના ઝાડમાં **૪.**અસંખ્ય **૫.**લાલ **૬.**સુંદર **૭.**પસ્તાવો **૮.**ઝેરી વેલ **૯.**જેને પૂજવાથી ધન મળે તેવો શંખ **૧૦.**ફેંકુ; જૂઠા વચન આપનાર **૧૧.**જામીનગીરી

સાચી ભક્તિ સદા સુખકારી રે...સંતો૦ ટેક.
જૂઠી ભક્તિ જગતમાં કરે છે, સમઝ્યા વિના સંસારી;
ખોવા રોગ ખાય છે રસાયણ,[૧] દીધા વિના દરદારી[૨] રે.
સંતો૦ ॥ ૧ ॥
વણ પૂછે વળી ચાલે છે વાટે, જે વાટે નહિ અન્ન વારી;[૩]
નહિ પોં'ચાયે નહિ વળાયે પાછું, થાશે ખરી જો ખુવારી[૪] રે.
સંતો૦ ॥ ૨ ॥
આ ભવમાં ભુલવણી છે ભારે; તેમાં ભૂલ્યા નરનારી;
જિયાં તિયાં આ જનમ જાણજો, હરિભક્તિ વિના બેઠાં હારી રે.
સંતો૦ ॥ ૩ ॥
ભક્તિ વિના ભવપાર ન આવે, સમઝો એ વાત છે સારી;
નિષ્કુળાનંદ કે' નિર્ભય થાવા, ભક્તિ નિધિ અતિ ભારી રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૯

**ભક્તિમાં પણ ભર્યા છે ભેદજી; કરે છે જન મન પામે છે ખેદજી[૫]**
**એક બીજાનો કરે છે ઉચ્છેદજી,[૬] તેતો નથી કેને ઉર નિર્વેદજી[૭]**

નિર્વેદ વિના ખેદ પામી, કરે છે ખેંચાતાણ ॥
નંદે વંદે છે એક એકને, એ સહુ થાય છે હેરાણ ॥ ૨ ॥
નવે પ્રકારે કરી નાથની, ભક્તિના કહ્યા છે ભેદ ॥
નિષ્કામ થઈ કોઈ નર કરે, તો શીદ પામે કોઈ ખેદ ॥ ૩ ॥
પણ અંતર ઊંડો અભાવ[૮] છે, બહુ બળ દેખાડે છે બા'ર ॥
જ્યાન[૯] થયું તે જાણતા નથી, કથી[૧૦] શું કહિયે વારમવાર ॥ ૪ ॥

**૧.**ઔષધ; દવા **૨.**વૈદ્ય; ડોક્ટર **૩.**પાણી **૪.**હેરાનગતિ **૫.**ઉદ્વેગ **૬.**ખંડન; વિરોધ **૭.**વૈરાગ્ય **૮.**પ્રભુમાં સાચો પ્રેમ નથી **૯.**નુકશાન **૧૦.**વર્ણવી

જેમ લેખક કરમાં લેખ આવે, તે લઈ લેખણ[૧] લીટો કરે ॥
હતો પરવાનો[૨] પરમપદનો, પણ કહો એમાંથી હવે શું સરે[૩] ॥ ૫ ॥

તેમ ભક્તિ અતિ ભલી હતી, તેમાં ભેળવ્યો ભાગ ભૂંડાઈનો ॥
ખીર બગડી ખારું લૂણ[૪] પડ્યું, ટળ્યો ઉમેદ[૫] એના ઉપાઈનો[૬] ॥ ૬ ॥

તેમ ભક્તિ કરતાં ભગવાનની, આવી અહં મમતની આડ[૭] ॥
પ્રભુપાસળ પોચતાં, આડું દીધું એ લોહ કમાડ[૮] ॥ ૭ ॥

માટે નિરમમત[૯] થઈ નાથની, ભક્તિ કરો ભરી ભાવ ॥
નિરાશી[૧૦] વાલા નારાયણને, શીદ બાંધો છો જ્યાં ત્યાં દાવ[૧૧] ॥ ૮ ॥

સકામ ભક્તિ સહું કરે છે, નથી કરતા નિષ્કામ કોય ॥
તેમાં નવનીત[૧૨] નથી નીસરતું, નિત્ય વલોવતાં તોય[૧૩] ॥ ૯ ॥

ઘોઘે[૧૪] જઈ કોઈ ઘેર આવ્યો,[૧૪] કરી આવ્યો નહિ કોય કામ ॥
નિષ્કુળાનંદ એવી ભગતી, નવ કરવી નર ને વામ[૧૫] ॥૧૦॥

## કડવું-૧૦

**ભક્તિ કરવી તે કલ્યાણ કાજજી, તેમાં મર જાઓ કે રહો લોક લાજજી**
**તાન એક ઉરમાં રાજી કરવા મહારાજજી, તેમાં તન મન થાઓ સુખ ત્યાજજી**

તનમન સુખ ત્યાગીને, કરે શુદ્ધ ભાવે કરી ભગતિ ॥
સમ વિષમમાં સરખી રહે, માન અપમાને એક મતિ ॥ ૨ ॥

પ્રશંસા સુણી નવ પોરસે,[૧૬] નિંદા સુણીને નવ મૂંઝાય ॥
ઉભય[૧૭] ભાતનો[૧૭] અંતરે, હર્ષ શોક ન થાયે કાંય ॥ ૩ ॥

**૧**.પેન **૨**.પરવાનગી; લાઈસન્સ **૩**.મળે **૪**.મીઠું; સોલ્ટ **૫**.ઉમંગ **૬**.જમવાનો **૭**.માયા; નડતર **૮**.બારણું **૯**.મમતા રહિત **૧૦.**નિષ્કામ ભક્ત **૧૧.**હરીફાઈ **૧૨**.માખણ **૧૩**.પાણી **૧૪.**રૂઢિપ્રયોગ છે : કોઈ કામ અર્થે જાય પણ કામ કર્યા વિના પાછા આવે તેને માટે **૧૫**.સ્ત્રી **૧૬**.હર્ષ પામે; ફુલાય **૧૭.**બંને પ્રકારનો

જેમ નટ ચડે વળી વાંસડે, જોવા મળે સઘળું ગામ ॥
પણ નટ ન જુવે કોઈને, જો જુવે તો બગડે કામ ॥૪॥

તેમ ભકિત કરતાં ભક્તને, નવ જોવા દોષ અદોષ ॥
ગુણ અવગુણ કેના ગોતતાં, અતિ થાય અપશોષ ॥૫॥

**વળી આ લોકની જે આબરુ, રહો કે જાઓ જરૂર ॥**
**ભક્તિ ન મૂકવી ભગવાનની, તે ભક્ત જાણો ભરપુર[૧] ॥૬॥**

જેને રીઝવવા છે રાજને,[૨] નથી રીઝવવા વળી લોક ॥
જોઈ જય પરાજય જક્તમાં, શીદ કરે ઉર કોઈ શોક ॥૭॥

ભક્તિ કરતાં કેને ભાવે ન ભાવે, આવે કોઈને ગુણ અવગુણ ॥
જેની નજર પો'તી છે પરાથી પર,[૩] તેને અધિક ન્યૂન કહો કુણ ॥૮॥

જેને આવડ્યું જળ તરવું, તેને ઊંડું છીછરું છે નહિ ॥
મીન પંખીને મારગમાં, કહો આડ્ય આવે કહિ ॥૯॥

ખેચર[૪] ને ભૂચરની,[૫] જાણવી જૂજવી[૬] ગતિ ॥
નિષ્કુળાનંદ કે' નોખું રહી, ભજાવી લેવી ભગતિ ॥૧૦॥

## કડવું-૧૧

**સાચી ભક્તિ કરતાં કો' કેને ભાવ્યુંજી,[૭] ખરી ભક્તિમાંહી સહુએ ખોટું ઠેરાવ્યુંજી**
**અણસમઝુને એમ સમઝ્યામાં આવ્યુંજી, વણ અર્થે ભક્તિ શું વેર વસાવ્યુંજી**

વેર વસાવ્યું વણ સમઝે, સાચી ભક્તિ કરતલ સાથ ॥
શોધી જુવો સરવાળે સહુને, મળી વળી સઈ મીરાંથ[૮] ॥૨॥

પ્રહ્લાદ ભક્ત જાણી પ્રભુના, હિરણ્યકશિપુએ કર્યા હેરાણ ॥
તેહ પાપે કરી તેહના, ગયા પંડમાંથી પ્રાણ ॥૩॥

**૧.**પૂરેપૂરો **૨.**ભગવાનને **૩.**બ્રહ્મથી પર પરબ્રહ્મમાં **૪.**પક્ષી; આકાશમાં ઉડનાર **૫.**પૃથ્વી પર રહેનાર **૬.**જુદી-જુદી **૭.**સુખ મળ્યું / ગમ્યું **૮.**કઈ સંપત્તિ

વસુદેવ વળી દેવકીને, જાણ્યાં જગદીશનાં જરૂર ॥
તેને કષ્ટ કંસે આપિયું, મૂવો પાપિયો આપે અસુર ॥૪॥

પંચાલી[1] ભક્ત પરબ્રહ્મનાં, જાણી દુઃખ દીધું દુઃશાસન ॥
તાણ્યાં અંબર એ પાપમાં, થયું કુળ નિર્મૂળ નિકંદન[2] ॥૫॥

પાંડવ ભક્ત પરમેશ્વરના, તેને દીધું દુર્યોધને દુઃખ ॥
તે પાપે રાજ્ય ગયું વળી, થયું મોત રહ્યું નહિ સુખ ॥૬॥

સીતાજી ભક્ત શ્રીરામજીનાં, તેને રાવણે પાડિયા રોળ[3] ॥
સત્યવાદીને સંતાપતાં, આવિયું દુઃખ અતોલ ॥૭॥

તે હરિજનને હૈયે હોય નહિ, જે દુઃખ દેતલને દુઃખ થાય ॥
પણ જેમ કેગરના[4] કાષ્ઠને,[5] બાળતાં અગ્નિ ઓલાય ॥૮॥

એમ ભક્તને ભય ઉપજાવતાં, નિર્ભય ન રહ્યા કોય ॥
આદિ અંતે મધ્યે માનજો, હરિભક્ત નિર્ભય હોય ॥૯॥

પરમ પદને પામવા, હરિભક્તની ભીડ્ય તાણવી[6] ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, વાત આટલી જરૂર જાણવી ॥૧૦॥

## કડવું-૧૨

**હરિની ભક્તિનો કરતાં દ્વેષજી, આવે અંગે અંતરે કોટિ કલેશજી**
**તેણે કરી રહે હેરાન હમેશજી, એહ માંહી સંશય નથી લવલેશજી**

લેશ સંશય નવ લેખવો, એને દેખવો અસદ્ ઉપાય ॥
નાંખતાં રજ સૂરજ સામી, પાછી પડે આંખ્ય મુખમાંય ॥૨॥

જે જળથી શીતળ થાય, તેને લગાડે કોઈ તાપ ॥
તેનું તે બાળે તનને, સામુનો[7] થાય સંતાપ ॥૩॥

**૧.**દ્રૌપદી **૨.**વિનાશ **૩.**દુઃખ **૪.**અગ્નિશામક એક પ્રકારના વૃક્ષના **૫.**લાકડાને **૬.**પક્ષ રાખવો **૭.**ઊલટાનો

વળી જે વહ્નિથી ટાઢ્ય ટળે, તેમાંજ નાંખિયે નીર ॥
પછી બેસિયે પાસળે,[1] શું શીત[2] વીતે[3] શરીર ॥૪॥
વળી જે ભોજને કરીને ભૂખ ભાગે, તે ભોજનમાં ભેળિયે ઝેર ॥
તે કહો સુખ કેમ પામશે, જેણે કર્યું સુખદશું વેર ॥૫॥
જે પટે[4] ઘટ[5] ઢાંકિયે, તે પટનો કરિયે ત્યાગ ॥
પછી ઈચ્છિયે પ્રવીણતા,[6] તે મૂરખ નર કહ્યા લાગ[7] ॥૬॥
જે ભૂમિમાં અન્ન ઊપજે, તે ભૂમિમાં વિષ વવાય ॥
પછી અમરપણું ઈચ્છવું, તે તો અતિ અવળું કે'વાય ॥૭॥
એમ અભાગી નરને, હરિભક્તિમાંહી અભાવ ॥
તે કેમ તરશે સિંધુતોયને,[8] જે બેઠા પથરને નાવ ॥૮॥
ડોબું[9] ન ગમ્યું દૂઝણું,[10] ભલી લાગી અવિયા[11] ભેડ્ય[12] ॥
તજી દઈ તાંદુલને,[13] કરી કૂકશ[14] સારુ વઢવેડ્ય ॥૯॥
અલ્પમતિને અવળું સૂજે, સવળું સૂજે નહિ લવ લેશ ॥
નિષ્કુળાનંદ એવા નરને, આપિયે શિયો ઉપદેશ ॥૧૦॥

## પદ-૩

સંતો અણસમજે એમ બને રે સંતો અણસમજે એમ બને;
તે તો સમઝુને સમજવું મને રે...સંતો૦ ટેક.
ભક્તિ ન ભાવે વેર વસાવે,[15] ગાવે દોષ નિશદિને;
અર્થ ન સરે કરે અપરાધ, થાય ગુન્હેગાર વણગુન્હે રે.
સંતો૦ ॥ ૧ ॥

**૧**.પાસે **૨**.ઠંડી **૩**.જાય; ટળે **૪**.વસ્ત્રથી **૫**.શરીર **૬**.હોશિયારી **૭**.યોગ્ય **૮**.દરિયાના પાણીને **૯**.ભેંસ **૧૦**.દૂધ દેનાર **૧૧**.વિયાય નહિ તેવી **૧૨**.ઘેટી **૧૩**.ચોખા, ઘઉં વગેરે અન્નના દાણા **૧૪**.ઘઉં, ચોખા વગેરેનાં ફોતરાં **૧૫**.ઊભું કરે

શ્રીખંડ[૧] સદા શીતળ સુખકારી, તેને દઝાડે[૨] કોઈ દહને;
અગર[૧] પણ થાય અંગારા,[૩] પ્રજાળે[૨] પ્રવરી[૪] વને[૪] રે.
સંતો૦ ॥ ૨ ॥

કલ્પતરુ[૫] મળ્યે માગ્યો કુઠારો,[૬] દુર્મતિ થાવા દુઃખને;
જેવું ઈચ્છે તેવું મળે એમાંથી, નો તપાસે એ સુરતરને[૫] રે.
સંતો૦ ॥ ૩ ॥

એમ શઠ[૭] સુખદથી સારું ન ઈચ્છે, કોઈ પ્રગટ્યે થર[૮] પાપને;
નિષ્કુળાનંદ કે' ન જોવું એનું, પ્રકટ ભજવા આપને[૯] રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૧૩

**પ્રગટ પ્રભુની ભક્તિ અતિ સાચીજી, જેહ ભક્તિને મોટે મોટે જાચીજી[૧૦]**
**તેહ વિના બીજી છે સરવે કાચીજી, તેહમાં ન રે'વું કેદિયે રાચીજી[૧૧]**

રાચી રે'વું રસરૂપ પ્રભુમાં, જોઈ જીવન પ્રગટ પ્રમાણ ॥
પછી ભક્તિ તેની ભાવશું, સમજીને કરવી સુજાણ ॥ ૨ ॥
**જોઈ મરજી જગદીશની, શીશ સાટે કરવું સાબિત[૧૨]** ॥
**સુખ દુઃખ આવે તેમાં દેહને, પણ હારવી નહિ હિંમત** ॥ ૩ ॥
રામનું કામ કર્યું કપિએ,[૧૩] લાવી પથ્થર બાંધી પાજ[૧૪] ॥
અવર[૧૫] ઉપાય અળગા[૧૬] કર્યા, રામજી રીઝવવા કાજ ॥ ૪ ॥
એ જ ધ્યાન એ જ ધારણા, એ જ જપ તપ ને તીરથ ॥
એ જ અષ્ટાંગયોગ સાધન, જે આવ્યાં પ્રગટને અરથ ॥ ૫ ॥
નર નહિ એ વાનર વળી, તેણે રાજી કર્યા શ્રીરામ ॥

**૧.**ચંદન **૨.**બાળે **૩.**સળગતા કોલસા **૪.**શ્રેષ્ઠ વનને **૫.**ઈચ્છિત પદાર્થ આપતું દૈવી વૃક્ષ **૬.**કુહાડો **૭.**દુષ્ટ; મૂરખ **૮.**પડ **૯.**ભગવાનને **૧૦.**માગી **૧૧.**રાજી; સંતુષ્ટ **૧૨.**સિદ્ધ **૧૩.**વાંદરાઓએ **૧૪.**પૂલ **૧૫.**બીજા **૧૬.**દૂર

ભક્તિ બીજા ભક્તની, તેહ કહો આવી શિયે કામ ॥ ૬ ॥
નર ન આવ્યા પશુપાડમાં,[૧] પશુએ કર્યા પ્રભુ પ્રસન્ન ॥
સમો જોઈ જે સેવા કરે, તે સમાન નહિ સાધન ॥ ૭ ॥
વણ સમાની જે ભગતિ, અતિ કુરાજી કરવા કાજ ॥
માટે જન સમો[૨] જોઈને, રાજી કરવા શ્રીમહારાજ ॥ ૮ ॥
જેહ સમે જેવું ગમે હરિને, તેવું કરે થઈ તૈયાર ॥
તેમાં સમ[૩] વિષમે[૪] ભાવ સરખો, એક ઉરમાંહી નિરધાર ॥ ૯ ॥
એવા ભક્તની ભગતિ, અતિ વા'લી વા'લાને મન ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કરી, ન હોય કોઈ એને વિઘન ॥૧૦॥

## કડવું-૧૪

**પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલીજી, કરી દિયે કામ એ જ એકલીજી**
**એહ વિના બીજી છે ભૂલવાની ગલીજી, જગમાં જે જે કે'વાય છે જેટલીજી**

જેટલી ભક્તિ જન કરે છે, પરહરી[૫] પ્રભુ પ્રગટને ॥
તેને ભક્ત કે'વો તે ભૂપની[૬] ખોટે, જેમ પાટે[૭] બેસાર્યો મર્કટને[૮] ॥ ૨ ॥
તેણે ફાળ[૯] ભરી ફળ જોઈને, કોઈને ન પૂછી વાત ॥
એમ પરોક્ષ ભક્તિ બહુ પેરની, લાખો લેખે ખાય છે લાત[૧૦] ॥ ૩ ॥
જોને વાડવ[૧૧] વાસી વ્રજના, જોરે કરતા હતા જગન ॥
પણ પ્રભુ પ્રગટને જમવા, અણુભાર ન આપ્યું અન્ન ॥ ૪ ॥
જગનનું ફળ શું જડ્યું, પડ્યું પસ્તાવું પાછું વળી ॥
એવી પરોક્ષ ભક્તની પ્રાપતિ, શ્રવણે લીધી છે સાંભળી ॥ ૫ ॥
ધન્ય ધન્ય એની નારીને, જેણે જમાડ્યા જીવન પ્રાણને ॥

**૧.**ઢોરની સરખામણીમાં **૨.**સમય **૩.**અનુકૂળ; પોતાનું ગમતું **૪.**અણગમતું થાય તોપણ **૫.**છોડી **૬.**રાજાની **૭.**રાજગાદીએ **૮.**વાંદરાને **૯.**છલાંગ **૧૦.**ખોટ **૧૧.**બ્રાહ્મણો

પ્રગટ પ્રભુને પૂજતાં, તે પામી પરમ કલ્યાણને ॥ ૬ ॥
માટે પ્રગટથી જેવી પ્રાપતિ છે, તેવી નથી પરોક્ષની માંય ॥
એમ ભક્તિમાં બહુ ભેદ છે, સમઝુ સમઝો સદાય ॥ ૭ ॥
માટે મુખોમુખની જે વારતા, તે સમ નહિ સંદેશા તણી ॥
કાનની સુણી સહુ કહે છે, નથી દીઠી નજરે આપણી ॥ ૮ ॥
વાંચી કાગળ કોઈ કંથનો,[1] જેમ નાર અપાર રાજી થઈ ॥
પણ પ્રગટ સુખ પિયુતણું,[2] અણુ જેટલું આવ્યું નઈ ॥ ૯ ॥
માટે પ્રગટ ભક્તિ વિના પ્રાપતિ, નથી નર અમરને નિરધાર ॥
નિષ્કુળાનંદ કહે જુવો નિહાળી, ઊંડું અંતર મોઝાર[3] ॥૧૦॥

## કડવું-૧૫

**પ્રગટની ભક્તિ સારમાં સારજી, એમાં સંશય મા કરશો લગારજી[4]**
**પ્રગટને ભજી પામ્યા કંઈ ભવ પારજી, ખગ[5] મૃગ[6] જાતિ નર ને નારજી**

નર નારી અપાર ઉદ્ધર્યાં, પ્રભુ પ્રગટને પામી વળી ॥
તેહના જેવી પ્રાપતિ, નથી કેની જો સાંભળી ॥ ૨ ॥
જેની સાથે જમ્યા રમ્યા જીવન, પુરુષોત્તમ પ્રાણઆધાર ॥
હળ્યા મળ્યા અઢળ[7] ઢળ્યા,[8] કહો કોણ આવે એની હાર ॥ ૩ ॥
જે દર્શ સ્પર્શ પરબ્રહ્મનો, નિત્ય પ્રત્યે પામ્યાં નરનાર ॥
સદા સર્વદા સંગ રહી, આપ્યાં હરિયે સુખ અપાર ॥ ૪ ॥
એવું વ્રજવાસીનું સુખ સાંભળી, શિવજીને થયો મને શોચ[9] ॥
કહ્યું પામત જન્મ પશુપાળનો,[10] તો રે'ત નહિ કાંએ પોચ[11] ॥ ૫ ॥
એવી એ પ્રગટ ભક્તિનો, શંભુએ કર્યો સત્કાર ॥

૧.પતિનો ૨.પ્રિયતમનું ૩.અંદર ૪.લેશપણ ૫.પક્ષી ૬.પશુ ૭.ખૂબ જ ૮.રીઝ્યા ૯.શોક ૧૦.ભરવાડનો; ગોપનો ૧૧.ખામી

બ્રહ્માને જે ભાગ ન આવી, તે પામિયા વ્રજના રે'નાર ॥ ૬ ॥

અજ અતિ દીન મીન થયો, પામવા પ્રસાદીકાજ ॥
તે પામ્યાં ગોપી ગોવાળ બાળ, જે સોણે[1] ન પામ્યો સુરરાજ[2] ॥ ૭ ॥

વાલ્મિકે વખાણ્યા વાનરને, વ્યાસે વખાણિયા પશુપાળ ॥
તે પ્રગટ ભક્તિ પ્રતાપથી, વાધિયો જશ વિશાળ ॥ ૮ ॥

સહુ પ્રગટ સેવી સુખ પામિયા, તમે સાંભળજો સુજાણ[3] મળી ॥
ડાહ્યા શાણા[4] રહ્યા દેખતા, સુખ પામ્યા વ્રજવાસી વળી ॥ ૯ ॥

**એમ પ્રગટ ભક્તિ સહુ ઉપરે, એથી ઉપરાંત નથી કાંઈ ॥**
**નિષ્કુળાનંદ નિશ્ચે વારતા, સૌને સમઝવી મનમાંઈ ॥૧૦॥**

## કડવું-૧૬

**ઉરમાંહી કરવો એમ વિવેકજી, પ્રગટની ભક્તિ સહુથી વિશેકજી**
**એહને સમાન નહિ કોઈ એકજી, તે તકે[5] મળે તો ન ભૂલવું નેકજી[6]**

તે તકે મળે તો નવ ભૂલવું, સમો જોઈ રે'વું સાવધાન ॥
તેમાં યોગ્ય અયોગ્ય જોવું નહિ , રાજી કરવા શ્રીભગવાન ॥ ૨ ॥

ધર્મ વિચારીને ધનંજયે,[7] યુદ્ધ કરવું નો'તું જરૂર ॥
પણ જાણી મરજી જગદીશની, ત્યારે ભારત[8] કર્યો ભરપૂર ॥ ૩ ॥

તેમાં કુળ કુટુંબી સગાં સંબંધી, સહુનો તે કર્યો સંહાર ॥
ન ગણ્યા વળી ગુરુ ગોત્રને,[9] સહુને પમાડ્યા પાર ॥ ૪ ॥

એવું અણઘટતું કામ કર્યું, તેમાં ગયા કંઈકના પ્રાણ ॥
તોય કુરાજી કૃષ્ણ નવ થયા, સામું કર્યાં પાર્થનાં[10] વખાણ ॥ ૫ ॥

એ સમે એમ ગમતું હતું, તેણે પ્રભુ થયા રળિયાત[11] ॥

---

**૧.**સ્વપ્નેય **૨.**બ્રહ્મા, ઈન્દ્ર **૩.**સમજુ **૪.**બુદ્ધિજીવી **૫.**ખરા સમયે **૬.**નક્કી **૭.**અર્જુને **૮.**મહાભારતનું યુદ્ધ **૯.**કુળને **૧૦.**અર્જુનના **૧૧.**રાજી

શુભાશુભનું ક્યાં રહ્યું, સહુ જુવો વિચારી વાત ॥૬॥
એમ પ્રભુ પ્રગટને, જેહ સમે ગમે જાણો જેમ ॥
તેમ કરવું કર જોડીને, નવ ચડવું બીજે વે'મ[1] ॥૭॥
વળી પ્રિયવ્રતે પ્રભુ પ્રસન્ન કરવા, નિવૃત્તિ મૂકીને પ્રવૃત્તિ ગ્રહિ ॥
તેહ જેવા આ જગતમાં, બીજા બહુ ગણાણા નહિ ॥૮॥
**માટે જે ગમે પ્રભુ પ્રગટને, તેમ જનને કરવું જરૂર ॥**
**તેમાં હાણ્ય[2] વૃદ્ધિ[3] હાર જીતનો, હર્ષ શોક ન આણવો ઉર** ॥૯॥
નિઃસંશય ને નિરઉત્થાને,[4] કરવી હરિની ભગતિ ॥
નિષ્કુળાનંદ એ વારતા, મને માનજો છે મોટી અતિ ॥૧૦॥

## પદ-૪

સંતો સમે સેવી લિયો સ્વામી રે સંતો સમે સેવી લિયો સ્વામી.
જેને ભજતાં રહે નહિ ખામી રે...સંતો૦ ટેક.
મટે ખોટ્ય મોટી માથેથી, કોટિક ટળિયે કામી;
પૂરણ બ્રહ્મ પ્રભુ મળે પોતે, ધામ અનંતના ધામી રે.
સંતો૦ ॥૧॥
જે પ્રભુ અગમ[5] નિગમે[6] કહ્યા, રહ્યા આગે કરભામી;[7]
તે પ્રભુ આજ પ્રગટ થયા છે, જે સર્વે નામના નામી રે.
સંતો૦ ॥૨॥
અણુ એક એથી નથી અજાણ્યું, જાણો એ છે અંતરજામી;
તેને તજીને જે ભજે બીજાને, તે તો કે'વાય લૂણહરામી[8] રે.
સંતો૦ ॥૩॥

**૧.**શંકા-કુશંકામાં **૨.**નુકશાન **૩.**ફાયદો **૪.**સ્થિર મને **૫.**અગોચર; જાણી ન શકાય તેવા **૬.**વેદમાં **૭.**(મુક્તો) હાથ જોડી રહ્યા છે. **૮.**કૃતઘ્ની; મૂર્ખ

જેના દર્શ સ્પર્શ કરે પ્રાણી, તેનાં પાપ જાયે વામી;[1]
નિષ્કુળાનંદ કે' આનંદ ઊપજે, પૂરણ પુરુષોત્તમ પામી રે.
સંતો૦ ॥૪॥

## કડવું-૧૭

**પૂરણ પુરુષોત્તમ પામિયે જ્યારેજી, તન મનમાંહિ તપાસિયે ત્યારેજી**
**આવો અવસર ન આવે ક્યારેજી, એમ વિચારવું વારમવારેજી**

વારમવાર વિચારવું, વણસવા[2] ન દેવી વળી વાત ॥
સમો જોઈને સેવકને, હરિ કરવા રાજી રળિયાત ॥૨॥
અવળાઈને[3] અળગી કરી, સદા સવળું વર્તવું સંત ॥
અવળાઈયે દુઃખ ઊપજે, વળી રાજી ન થાય ભગવંત ॥૩॥
જેમ ભૂપના ભૃત્ય[4] ભેળા થઈ, સમા વિના કરે સેવકાઈ ॥
જોઈ એવા જાલમ[5] જનને, રાજા રાજી ન થાયે કાંઈ ॥૪॥
જ્યાં જોઈએ ભલુ ભાગવું, ત્યાં સામો થાયે શૂરવીર ॥
જ્યાં જોઈએ થાવું ઉતાવળું, ત્યાં ધરી રહે ધીર ॥૫॥
જ્યાં જોઈએ હારવું, ત્યાં કરે હઠાડવા[6] હોડ ॥
જ્યાં જોઈએ નમવું, ત્યાં કરે નમાડવા કોડ ॥૬॥
જ્યાં જોઈએ જાગવું, ત્યાં સૂવે સોડ[7] તાણીને ॥
જ્યાં જોઈએ બોલવું, ત્યાં બંધ કરે છે વાણીને ॥૭॥
જ્યાં ન જોઈએ બોલવું, ત્યાં બોલે છે થઈ બેવકૂફ[8] ॥
જ્યાં જોઈએ વસવું, ત્યાંથી ખસી જાય છે ખૂબ ॥૮॥
એવી ભક્તિ જો આવડી, જેમાં રાજી ન થાય રામ ॥

**૧.**નાશ પામે **૨.**બગડવા **૩.**મનમુખીપણાને **૪.**રાજાના સેવકો **૫.**ઉદ્ધત; અવિવેકી **૬.**હરાવવા; પાછા પાડવા **૭.**પગથી માથા સુધીનું ઓઢવાનું ઓઢણ **૮.**અડબંગ; મૂરખ

કરવાનું તે કરે નહિ, કરે ન કરવાનું કામ ॥૯॥
એવા સેવકને શ્રીહરિ, પાસળથી[1] પરા[2] કરે ॥
નિષ્કુળાનંદ એ નરને, સેવતાં સુખ શું આવ્યું સરે[3] ॥૧૦॥

## કડવું-૧૮

**પ્રગટ પ્રભુની જેને ભક્તિ ન આવડીજી, તેને તો ભૂલ્ય આવે ઘડી ઘડીજી**
**માગે જો મોળ્ય[4] તો લાવે મોજડીજી, એવી અવળાઈની ટેવ જેને પડીજી**

ટેવ પડી અવળાઈની, સવળું કરતાં સૂઝે નહિ ॥
એવા ભક્તની ભગતિ, સુખદાયક નો'યે સહિ ॥૨॥
પાણી માગે તો આપે પથરો, અન્ન માગે તો આપે અંગાર ॥
વસ્ત્ર માગે તો આપે વાલણો,[5] એવી અવળાઈનો કરનાર ॥૩॥
આવ્ય કહે ત્યાં આવે નહિ, જા કહે ત્યાં ન જવાય ॥
એવા ભક્તની ભગતિ, અતિ અવળી કે'વાય ॥૪॥
બેસ્ય કહે ત્યાં બેસે નહિ, ઊભો રહે કહે તાં દિયે દોટ ॥
એવા સેવક જે શ્યામના, તે પામે નહિ કે'દી મોટ[6] ॥૫॥
વારે[7] ત્યાં વળગે જઈ, વળગાડે ત્યાં નવ વળગાય ॥
એવા ભક્ત ભગવાનથી, સુખ ન પામે કહું કાંય ॥૬॥
જ્યાં રાખે ત્યાં નવ રહી શકે, નવ રાખે ત્યાં રે'વાય ॥
ગ્રહે કહે તો ગ્રહી નવ શકે, મૂક્ય કહે તો નવ મુકાય ॥૭॥
એવા અનાડી[8] નરને, મર મળ્યા છે પ્રભુ પ્રકટ ॥
પણ આઝો[9] આવે કેમ એહનો, જે ઘેલી[10] રાખશે ઘટે[11] પટ[12] ॥૮॥
વળી બા'વરી[10] ને કહે બાળીશમાં, ઘણી જતન[13] રાખજે ઘરની ॥

---

**૧.**પાસેથી **૨.**દૂર **૩.**અંતે **૪.**મોળિયું-સુંદર પાઘ/ફેંટો **૫.**વીંઝણો; હાથ પંખો **૬.**મોટપ **૭.**ના પાડે; રોકે **૮.**અણઘડ; મૂરખ **૯.**વિશ્વાસ **૧૦.**ગાંડી સ્ત્રી **૧૧.**શરીર ઉપર **૧૨.**વસ્ત્ર **૧૩.**સંભાળ

તેણે મેલી અગ્નિ મોભથી,[૧] નવ માની શિખામણ નરની ॥૯॥
એવી અવળાઈ આદરી, કોઈ ભક્ત કરે ભક્તાઈ[૨] ॥
નિષ્કુળાનંદ એ નરને, નવ થાય કમાણી[૩] કાંઈ ॥૧૦॥

## કડવું-૧૯

**કમાણી કહો ક્યાં થકી થાયજી, નરે ન કર્યો કોઈ એવો ઉપાયજી**
**જે જે કર્યું તે ભર્યું દુઃખ માંયજી, તે કેમ કરી કરે સેવામાં સા'યજી**

સા'ય ન થાય ભૂંડપની ભક્તિએ, કોઈ કરે જો કોટિ ઘણી ॥
પરિચર્યા[૨] પામર નરની, તે સર્વે સામગ્રી સંકટતણી ॥૨॥
ઉનાળે પે'રાવે ઊનનાં અંબર, ગરમ ઓઢાડે વળી ગોદડું ॥
સમીપે કરી લાવે સગડી, કહો એથી અવળું શું વડું ॥૩॥
વળી પે'રાવે ગરમ પોશાગને, જમાડે ગરમ ભોજન ॥
પાય પાણી ઊનું આણી, કહે પ્રભુ થાજો પ્રસન્ન ॥૪॥
જાવંત્રી કસ્તુરી ગરમ લાવી, આપે ઉનાળે એવો મુખવાસ ॥
એવી સેવા કરે વણ સમજે, તે શત્રુ સરીખો દાસ ॥૫॥
ચોમાસે ચલાવે કીચ[૪] વચ્ચે, જેમાં સૂળ્યોના હોય સમોહ ॥
એવા દાસ દુશ્મન જેવા, જે કરાવે ધણીને કોહ[૫] ॥૬॥
શિયાળે શીતળ જળ લઈ, નવરાવે કરીને નિરાંત ॥
પછી ઓઢાડે પલળેલી પાંબડી,[૬] નાખે પવન ખરી કરી ખાંત[૭] ॥૭॥
વળી ચર્ચે ચંદન મળિયાગરી, કંઠે પે'રાવે ભીંજેલ[૮] હાર ॥
પ્રસન્ન કરે કેમ પ્રગટ પ્રભુને, એવી સેવાના કરનાર ॥૮॥
સવળી સામગ્રી શોધતાં, અવલોકે ન મળે એક ॥

---

**૧.**છાપરાનો છેક ઉપરનો ભાગ **૨.**સેવા **૩.**પુણ્ય; રાજીપો **૪.**કાદવ-કીચડ **૫.**દુઃખ **૬.**ધાબળી **૭.**હોંશ **૮.**પલળેલ

અણ સમઝણે એવી સેવા, કરવી નહિ સેવક ॥૯॥
જો આવડે તો જોઈ સમયે, સેવા કરવી સુજાણ ॥
નિષ્કુળાનંદ નરનાથ[1] છે, નથી પ્રભુ મૂર્તિ પાષાણ[2] ॥૧૦॥

## કડવું-૨૦

**પાષાણ મૂર્તિ પૂજે છે જનજી, તે પણ સમયે જોઈ કરે સેવનજી**
**સમય વિના સેવા ન કરે કોઈ દનજી, જાણે એમ પ્રભુ ન થાય પ્રસન્નજી**

પ્રસન્ન કરવા પ્રભુને, સમો જોઈને કરે છે સેવ ॥
વણ સમાની સામગ્રીએ, પૂજે નહિ પ્રતિમા દેવ ॥૨॥
પરોક્ષને પણ પ્રીતે કરી, સમો જોઈ પૂજે છે સેવક ॥
ત્યારે પ્રભુ પ્રગટને પૂજતાં, જોઈયે વિધવિધ વિવેક ॥૩॥
સમે દાતણ સમે મર્દન,[3] સમો જોઈને લાવિયે નીર ॥
સમે ચંદન ચરચિયે સુંદર શ્યામને શરીર ॥૪॥
સમે વસન[4] સમે ભૂષણ,[5] સજાવવા શણગાર ॥
સમો જોઈ પૂજા કરવી, સમે પે'રાવવા હાર ॥૫॥
સમે ભોજન સમે શયન, સમે પોઢાડી ચાંપિયે પાય ॥
સમા વિના સેવકને, સેવા ન કરવી કાંય ॥૬॥
સમે સામું જોઈ રહી, જોવી કર નયણની[6] સાન[7] ॥
તત્પર થઈ તેમ કરવું, રે'વું સમા પર સાવધાન ॥૭॥
સમે દર્શન સમે પરશન, પૂછવાં તે પ્રેમે કરી ॥
સમે ઉત્તર સાંભળી, તેમ કરવું ભાવે ભરી ॥૮॥
સમો જોઈ સેવકને, રે'વું હાથ જોડીને હજૂર ॥

**૧.**મનુષ્યરૂપ ભગવાન **૨.**પથ્થર **૩.**તેલમાલિશ **૪.**વસ્ત્ર **૫.**ઘરેણાં; અલંકાર **૬.**હાથ કે આંખની **૭.**ચેષ્ટા; ઈશારો

સમા વિનાની જે વારતા, તેથી દાસને રે'વું દૂર ॥૯॥
જે સમે જેવું ગમ્યું હરિને, તેવું કરવું કર જોડીને ॥
નિષ્કુળાનંદ કે' ન ભૂલવું, કરવું કારજ[૧] મન માન મોડીને[૨] ॥૧૦॥

### પદ-૫

સરલ વરતવે છે સારું રે મનવા..સરલ૦
માની એટલું વચન મારું રે મનવા૦ ટેક.

મન કર્મ વચને માનને રે મેલી, કાઢ્ય અભિમાન બા'રું;
હાથ જોડી હાજી હાજી કરતાં, કેદી ન બગડે તે તારું રે.
મનવા૦ ॥ ૧ ॥

આકડ નર[૩] લાકડ[૪] સૂકા સમ, એને વળવા ઉધારું;[૫]
તેને તાપ આપી અતિ તીખો, સમું કરે છે સુતારું[૬] રે.
મનવા૦ ॥ ૨ ॥

આંકડો[૭] વાંકડો વીંછીના સરખો, એવો ન રાખવો વારું;[૮]
દેખી દગે[૯] કોઈ દયા ન આણે, પડે માથામાં પેજારું[૧૦] રે.
મનવા૦ ॥ ૩ ॥

હેતનાં વચન ધારી લૈયે હૈયે, શું કહિયે વાતો હજારું;
નિષ્કુળાનંદ નિજ કારજ કરવા, રાખિયે નહિ અંધારું રે.
મનવા૦ ॥ ૪ ॥

## કડવું-૨૧

**નથી અંધારું નાથને ઘેરજી, એ પણ વિચારવું વારમવારજી**
**સમજીને સરલ વર્તવું રૂડી પેરજી, તો થાય માનજો મોટાની મે'રજી[૧૧]**

**૧.**કાર્ય; સેવા **૨.**મરડીને **૩.**અક્કડ; વળે નહિ એવો **૪.**લાકડું **૫.**મુશ્કેલ **૬.**મીસ્ત્રી **૭.**પોતાનો ઠરાવ-આંટી **૮.**ભાઈ સા'બ ! હું ના પાડું છું **૯.**આંખે **૧૦.**ખાસડું **૧૧.**કૃપા

મે'ર કરે મોટી અતિ, જો ઘણું રહિયે ગર્જવાન ॥
ઉન્મત્તાઈ[૧] અળગી કરી, ધારી રહિયે નર નિર્માન ॥ ૨ ॥
અવળાઈ કાંઈ અર્થ ન આવે, માટે શુદ્ધ વર્તવું સુજાણ ॥
અંતર ખોલી[૨] ખરું કરવું, પોત[૩] વિના ન તરે પાષાણ ॥ ૩ ॥
માટે જે કામ જેથી નીપજે, તે બીજે ન થાય મળે જો કોટ[૪] ॥
તેને આગળ આધીન રહેતાં, ખરી ભાંગી જાય ખોટ ॥ ૪ ॥
જેમ અન્ન અંબુ[૫] હોય એક ઘરે, બીજે જડે નહિ જગમાંઈ ॥
એથી રાખિયે અણ મળતું, તો સુખ ન પામિયે ક્યાંઈ ॥ ૫ ॥
માટે સર્વે સુખ શ્રી હરિમાં રહ્યાં, તે વિના નથી ત્રિલોકમાં ॥
એમ સમુ[૬] જે નવ સમઝે, તે નર વરતે કઘ્રોકમાં[૭] ॥ ૬ ॥
જે ખરા ખપની ખોટવાળા, તે સુખાળા શું થાય છે ॥
અતિ અનુપમ અવસરમાં,[૮] મોટી ખોટને ખાય છે ॥ ૭ ॥
અમળતી અતિ વારતા, તે મેળવી હરિ કરી મે'ર ॥
એહ વારતાની વિગતી કરી, નથી પ્રીછતા[૯] કોઈ પેર[૧૦] ॥ ૮ ॥
જેમ અજાણ નરને એક છે, પથ્થર પારસ[૧૧] એક પાડ[૧૨] ॥
બાવના ચંદન બરોબરી, વળી જાણે છે બીજાં ઝાડ ॥ ૯ ॥
પણ પુરુષોત્તમ પ્રગટનું મળવું, તે છે મોંઘા મૂલનું ॥
નિષ્કુળાનંદ નર સમઝી, લેવું સુખ અતુલનું[૧૩] ॥૧૦॥

## કડવું-૨૨

**સુખ અતોલ પામવા માટજી,[૧૪] તન મન ધન મર[૧૫] જાય એહ સાટજી[૧૬]**

---

**૧.**ગાંડપણ; અવળાઈ **૨.**તપાસી **૩.**વહાણ **૪.**કરોડ માણસ **૫.**જળ **૬.**સવળું **૭.**અવળી રીતમાં **૮.**સમયે **૯.**ઓળખતા **૧૦.**રીતે **૧૧.**લોઢાને સોનું કરે તેવો મણિ **૧૨.**સરખા **૧૩.**તુલના ન થાય એવું **૧૪.**માટે **૧૫.**ભલે **૧૬.**બદલામાં

**તોય ન મૂકિયે એહ વળી વાટજી,[1] તો સર્વે વારતા ઘણું બેસે ઘાટજી**

ઘાટ બેસે વાત સરવે, વળી સરે તે સર્વે કામ ॥
કેડે ન રહે કાંઈ કરવું, સેવતાં શ્રીઘનશ્યામ ॥ ૨ ॥

સહુના સ્વામી જે શ્રીહરિ, સહુના નિયંતા જે નાથ ॥
સહુના આશ્રય[2] એહ સેવતાં, સદાય થાય સનાથ ॥ ૩ ॥

દેવના દેવ જે અખંડ અભેવ,[3] અશર્ણશર્ણ[4] સૌના આધાર ॥
સર્વે સુખના વળી સુખનિધિ, સર્વે સારનું પણ સાર ॥ ૪ ॥

સર્વે રસના રસરૂપ અનુપ, સર્વે ભૂપના પણ ભૂપ ॥
સર્વે તેજના તેજ છે એ જ, સર્વે રૂપના પણ રૂપ ॥ ૫ ॥

પરાપાર[5] અપાર એવા, જેની સેવા કરે સહુ કોય ॥
ઈશના ઈશ પરમેશ્વર પોતે, એહ સમ અન્ય નહિ હોય ॥ ૬ ॥

પુરુષોત્તમ પરબ્રહ્મ પૂરણ, સુખદ સર્વના શ્યામ ॥
તેહ નરતન ધરી નાથજી, સુખ દેવા આવે સુખધામ ॥ ૭ ॥

એહ સુર સુરેશ સરીખા નહિ, નહિ ઈશ અજ સમ એહ ॥
પ્રકૃતિ પુરુષ સરીખા નહિ, નહિ પ્રધાન પુરુષ સમ તેહ ॥ ૮ ॥

એવા અંતરજામી અવનિ મધ્યે,[6] આપે[7] આવે છે અલબેલ ॥
ત્યારે સહુ નર નારને, સેવવા જેવા થાય છે સહેલ ॥ ૯ ॥

હોય મનુષ્યાકાર અપાર મોટા, જેની સામર્થીનો નહિ પાર ॥
નિષ્કુળાનંદ એહ નાથનો, કોણ કરી શકે નિરધાર[8] ॥૧૦॥

## કડવું-૨૩

**નિરધાર ન થાય અપાર છે એવાજી, કહો કોણ જાય પાર તેનો લેવાજી**

**૧.**ઉપાય **૨.**આધાર; આશ્રયદાતા **૩.**નિર્ભય **૪.**અનાથના નાથ **૫.**સર્વથી પર; શ્રેષ્ઠ **૬.**પૃથ્વી ઉપર **૭.**સ્વયં; પોતે **૮.**તોલ; માપ

**નથી કોઈ એવી ઉપમા એને દેવાજી, જેહ નાવે કહ્યામાં તો કહિયે એને કેવાજી**

કહેવાય નહિ કોઈ સરખા, એવા મનુષ્યાકાર મહારાજ ॥
એને મળતે સહુને મળ્યા, એને સેવ્યે સર્યાં સહુ કાજ ॥૧॥

એને નીરખ્યે સહુ નીરખ્યા, એને પૂજ્યે પૂજ્યા સહુ દેવ ॥
એને જમાડ્યે સહુ જમ્યા, થઈ સૌની એને સેવ્યે સેવ ॥૨॥

એના થયે થયાં કામ સરવે, એને ભજ્યે ભજી ગઈ વાત ॥
એનાં દરશ સ્પર્શે કરી, સર્વે કાજ સર્યાં સાક્ષાત ॥૩॥

સહુની પાર સહુને સરે,[૧] નર અમરને અગમ અતિ ॥
એવી મૂર્તિ જેને મળી, તેને થઈ છે પૂરણ પ્રાપતિ ॥૪॥

સર્વે કાર્ય તેનું સરિયું,[૨] રહ્યું નહિ અધૂરું એક ॥
તે પ્રગટ મૂર્તિ પ્રસંગે, વળી[૩] જાય વડો વિશેક[૪] ॥૫॥

પ્રગટ પ્રસન્ન પ્રગટ દર્શન, પ્રગટ કે'વું સુણવું વળી ॥
અતિ મોટી એહ વારતા, વણ મળ્યાની માનો મળી ॥૬॥

એહ વાત આવી હાથ જેને, તેને કમી[૫] કહો કાંઈ રઈ ॥
પારસ ચિંતામણિ પામતાં, સર્વે વાતની સંકોચ[૬] ગઈ ॥૭॥

પામ્યા પરમપદ પ્રાપતિ, અતિ અણતોળી અમાપ ॥
તે કે'વાય નહિ સુખ મુખથી, વળી થાય નહિ કેણે થાપ[૭] ॥૮॥

અખંડ આનંદ અતિ ઘણો, તે તો પ્રગટ મળે પમાય છે ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, એહ સમ અવર[૮] કોણ થાય છે ॥૯॥

## કડવું-૨૪

**એની સેવા કરવી શ્રદ્ધાયજી, તેહમાં કસર ન રાખવી કાંયજી**
**મોટો લાભ માની મનમાંયજી, તક પર તત્પર રે'વું સદાયજી**

**૧.**ઉપર **૨.**પૂરું થયું **૩.**મળી **૪.**બહુ મોટો ફાયદો **૫.**ખામી **૬.**અછત; તંગી **૭.**માપ **૮.**બીજો

તત્પર રે'વું તક ઉપરે, પ્રમાદપણાને[૧] પરહરી ॥
આવ્યો અવસર ઓળખી, કારજ આપણું લેવું કરી ॥ ૨ ॥

અવસરે અર્થ સરે સઘળો, વણ અવસરે વણસે વાત ॥
માટે સમો સાચવી, હરિને કરવા રળિયાત ॥ ૩ ॥

જેમ લોહ[૨] લુહાર લૈ કરી, ઓરે[૩] છે અગનિ માંઈ ॥
પણ ટેવ[૪] ન રાખે જો તા તણી,[૫] તો કામ ન સરે કાંઈ ॥ ૪ ॥

એમ પામી પ્રભુ પ્રગટને, સમા પર રે'વું સાવધાન ॥
જોઈ મરજી મહારાજની, ભલી ભક્તિ કરવી નિદાન ॥ ૫ ॥

જેમ તડિત તેજે[૬] મોતી પરોવવું, તે પ્રમાદી કેમ પરોવી શકે ॥
પરોવે કોઈ હોય પ્રવીણ પૂરા, તેહ તર્ત તૈયાર રહે તકે ॥ ૬ ॥

એમ અલ્પ આયુષ્ય આપણી, તેમાં પ્રગટ પ્રભુ પ્રસન્ન કરો ॥
જાયે પળ પાછી જડે નહિ, થાય એ વાતનો બહુ ખરખરો[૭] ॥ ૭ ॥

જેમ ખેડુ કોઈ ખેતરમાં, વણ તકે વાવવા જાય ॥
તે ઘેરે ન લાવે ભરી ગાડલાં, મર કરે કોટિ ઉપાય ॥ ૮ ॥

તેમ પ્રગટ પ્રમાણ પ્રભુને મૂકી, ચૂકી સમો થાય સાવધાન ॥
તે જાણે કમાણી કરશું, પણ સામું થયું જ્યાન ॥ ૯ ॥

એહ મર્મ વિચારી માનવી, જાણી લેવી વાત જરૂર ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, રહિયે હરિ હોયે ત્યાં હજૂર ॥૧૦॥

## પદ-૬

હજૂર રહિયે હાથ જોડી રે હરિશું...હજૂર૦
બીજા સર્વેની સાથેથી ત્રોડી રે...હરિશું૦ ટેક.

---

**૧.**કરવાનું ન કરવું ને ન કરવાનું કરવું તેને **૨.**લોખંડ **૩.**નાખે **૪.**ચીવટ; સાવધાની **૫.**ગરમ હોય ત્યાં જ કામ કરી લેવાની **૬.**વીજળીના ચમકારે **૭.**પસ્તાવો

લોક પરલોકનાં સુખ સાંભળી, ધન્ય માની ન દેવું ધ્રોડી;[૧]
મરીચિ જળ[૨] જેવા માની લેવાં, તેમાં ખોવી નહિ ખરી મોડી[૩] રે.
હરિશું૦ ॥ ૧ ॥
હીરાની આંખ્ય સુણી હૈયે હરખી, છતી[૪] છે તે ન નાખીએ ફોડી;
તેમ પ્રભુજી પ્રગટ પખી, નથી વાત કોયે રૂડી રે.
હરિશું૦ ॥ ૨ ॥
રૂડો રોકડો દોકડો દોપ્ય[૫] આવે, ના'વે કામ સ્વપ્નની ક્રોડી;[૬]
તેમ પ્રગટ વિના જે પ્રતીતિ, તે તો ગધ્ધું માન્યું કરી ઘોડી રે.
હરિશું૦ ॥ ૩ ॥
પ્રગટ પ્રભુની ભક્તિ અતિ ભલી, મર જો જણાતી હોય થોડી;
નિષ્કુળાનંદ નિશ્ચે એમ જાણો, છે ભવસિંધુ તરવા હોડી રે.
હરિશું૦ ॥ ૪ ॥

## કડવું-૨૫

**ભવજળ તરવા હરિભક્તિ કરોજી, તેહ વિના અન્ય તજો આગરોજી[૭]**
**શુદ્ધ મન ચિત્તે ભક્તિ આદરોજી, તેમાં તન મન મમત પરહરોજી**

તનમન મમતને તજી, ભજી લેવા ભાવે ભગવાન ॥
તેમાં વર્ણાશ્રમ વિદ્યા વાદનું,[૮] અળગું કરી અભિમાન ॥ ૨ ॥
કોઈ દીન હીનમતિ[૯] માનવી, ગરીબ ગ્રસેલ[૧૦] રોગનો ॥
તેની ઉપર તીખપ્ય[૧૧] તજી, કરવો ઉપાય સુખ સંજોગનો ॥ ૩ ॥
સર્વે ઠેકાણે સમજવા, છે અંતરજામી અવિનાશ ॥
રખે કોઈ મુજ થકી પણ, તનધારીને ઊપજે ત્રાસ ॥ ૪ ॥

**૧.**દોડી **૨.**સૂર્ય કિરણને કારણે દેખાય ખરું પણ હોય નહિ તેવું ઝાંઝવાનું જળ **૩.**મૂડી; આબરૂ **૪.**સાચી; પ્રગટ **૫.**કામમાં **૬.**કરોડો (રૂપિયા) **૭.**આગ્રહો; વેગો **૮.**દલીલબાજીનું; શાસ્ત્રાર્થનું **૯.**થોડી બુદ્ધિવાળા **૧૦.**પકડેલ (રોગી) **૧૧.**કડકાઈ; આકરપ

અલ્પ જીવની ઉપરે પણ, રાખે દયા અતિ દિલમાંઈ ॥
પેખી પેખી[1] ભરે પગલાં, રખે થાયે અપરાધ કાંઈ ॥૫॥
સ્થાવર[2] જંગમ[3] જીવ જેહ, તેહ સર્વના સુખ દેણ ॥
પશુ પંખી પ્રાણધારી પર, કરે નહિ કરડાં[4] નેણ ॥૬॥
ઇન્દ્રિજિત અજાતશત્રુ,[5] સગાં સહુના સુખસ્વરૂપ ॥
દીનપણું ઘણું દાખવે, એવા અનેક ગુણ અનુપ ॥૭॥
સાધુતા અતિ સર્વે અંગે, અસાધુતા નહિ અણુભાર ॥
એવા ભક્ત ભગવાનના, તે સહુને સુખ દેનાર ॥૮॥
હિતકારી સારી સૃષ્ટિના, પરમારથી પૂરા વળી ॥
અપાર મોટા અગાધ[6] મતિ, જેની સમજણ નવ જાય કળી ॥૯॥
એવા ભક્ત જેહને જ મળે, ટળે તેના ત્રિવિધ[7] તાપ ॥
નિષ્કુળાનંદ એહ નાથના, નકી ભક્ત એ નિષ્પાપ ॥૧૦॥

## કડવું-૨૬

**ભક્તિ કરે તે ભક્ત કે'વાયજી, જેથી કોયે જીવ નવ દુઃખાયજી**
**મહાપ્રભુનો જાણે મોટો મહિમાયજી, સમજે મારા સ્વામી રહ્યા છે સહુમાંયજી**

સ્વામી મારા રહ્યા સઘળે, સર્વે સાક્ષીરૂપે[8] સદાય ॥
એમ જાણી દિલે ડરતા રહે, રખે[9] કોયે મુજથી દુઃખાય ॥૨॥
**અંતરજામી સ્વામી સૌમાં રહી, દેખે છે મારાં દલની ॥**
**શું હું સંતાડું સંકલ્પને, એ જાણે છે પળ પળની** ॥૩॥
એમ ભક્ત ભગવાનને, ભાળે સહુમાં ભરપૂર ॥
તેથી દુઃખાયે કોણ દિલમાં, જેને એવું વરતે છે ઉર ॥૪॥

---

૧.જોઈ-જોઈ ૨.સ્થિર ૩.હાલતા-ચાલતા ૪.ક્રોધ યુક્ત ૫.જેને કોઈ શત્રુ જ નથી તે ૬.અમાપ ૭.તનના, મનના તથા બહારથી આવતા ૮.અંતર્યામીરૂપે ૯.ભૂલમાંયે; કદાચ

તે કોણ સાથે કપટ કરે, કોણ સાથે વળી વરતે છળે[૧] ॥
કહો કોણનો તે દ્રોહ કરે, જે જાણે છે સ્વામી સઘળે ॥ ૫ ॥

જેના ગુણ ગિરાયે[૨] ગાવા ઘટે,[૩] તેશું કેમ બોલાય કટુ[૪] વચને ॥
જેને પૂજવા જોઈએ પ્રેમશું, તેને દેખાડાય કેમ ત્રાસ તને[૫] ॥ ૬ ॥

જેને જમાડ્યા જોઈએ જુગતે[૬] કરી, તેને કેમ અપાયે નહિ અન્ન ॥
જેને જોઈએ જળ આપવું, તેને ન અપાયે જળ કેમ જન ॥ ૭ ॥

એમ સમજી જન હરિના, કરે ભક્તિ અતિ ભરી ભાવ ॥
તેહ વિનાના ભક્ત જેહ, તેહ બાંધે જ્યાં ત્યાં દાવ[૭] ॥ ૮ ॥

પણ ભક્ત જે ભગવાનના, તેને મત[૮] મમત[૯] હોયે નહિ ॥
આપાપર[૧૦] જેહ નવ પરઠે, તેહ સાચા ભક્ત કા'વે સહી ॥ ૯ ॥

એવી ભક્તિ આદરવી, જેમાં કસર ન રહે કોઈ જાતની ॥
નિષ્કુળાનંદ ન ભૂલવું, રાખવી ખટક[૧૧] આ વાતની ॥૧૦॥

## કડવું-૨૭

**ખરાખરી ભક્તિમાં ખોટ ન આવેજી, સહુ જનને મને સુખ ઉપજાવેજી**
**ભગવાનને પણ એવી ભક્તિ ભાવેજી, જે ભક્તિને શિવ બ્રહ્મા સરાવેજી[૧૨]**

સરાવે શિવ બ્રહ્મા ભક્તિ, ભલી ભાતે ગુણ ગાય ઘણા ॥
તે ભક્તિ જાણો પ્રગટની, કરતાં કાંઈ રહે નહિ મણા ॥ ૨ ॥

જેહ ભક્તિમાં જાણજો, કપટ કાંઈ ચાલે નહિ ॥
સદા પ્રભુને પેખે પાસળે,[૧૩] તે મોકળે[૧૪] મને મા'લે[૧૫] નહિ ॥ ૩ ॥

દૂર હરિને નથી દેખતા, સદા સમીપે દેખે છે શ્યામ ॥

**૧.**દગા-કપટથી **૨.**વાણીથી **૩.**યોગ્ય છે **૪.**કડવા; આકરા **૫.**શરીરમાં **૬.**વિવેકથી; ભાવથી **૭.**વિરોધ **૮.**પોતાના મન માન્યા સિદ્ધાંત **૯.**આગ્રહ **૧૦.**પોતાનું-પારકું **૧૧.**સાવધાની **૧૨.**વખાણે **૧૩.**પાસે **૧૪.**સ્વતંત્ર; છૂટા **૧૫.**હરે-ફરે; આનંદ કરે

તેનું ચિત્ત ચોરી કરી કેમ શકે, ન કરે ન કર્યાનું કામ ॥૪॥
જાણે પગે ભરું છું જે પગલાં, કરે[1] કરું છું જેહ કામ ॥
રસનાનું[2] જાણે રસ[3] રવનું,[4] જાણે શ્રવણે[5] સુણું તે શ્યામ ॥૫॥
નયણે રૂપ જે નીરખું, ચરમે[6] લિયું જે સ્પર્શ રસ ॥
નાસે[7] જેહ વાસ લિયું, નથી એથી અજાણ્યું અવશ્ય ॥૬॥
એમ પેખે પ્રભુને પાસળે, તે ભવભુલવણીમાં ભૂલે નહિ ॥
સદા દેખે સમીપે શ્યામને, સાચા ભક્ત તે સમઝો સહિ ॥૭॥
એવા જન જગદીશને, માનો મળવા મોંઘા ઘણું ॥
સર્વે શાસ્ત્રમાંહી સૂચવ્યું, માહાત્મ્ય એવા ભક્તતણું ॥૮॥
જેહ ભક્તને વા'લા ભગવાન છે, તેહ ભક્ત વા'લા છે ભગવાનને ॥
પણ ભક્ત નામે રખે ભૂલતા, એ તો ગાયા છે ગુણવાનને ॥૯॥
ભાગ્ય હોય તો એવા ભક્તની, ભેટ્ય થાય ભવમાંઈ ॥
નિષ્કુળાનંદ તો નરને, કરવું રહે નહિ કાંઈ ॥૧૦॥

## કડવું-૨૮

**કરવું હતું તે કરી લીધું કામજી, ભક્તિ કરી રીઝવ્યા ઘનશ્યામજી**
**જે ઘનશ્યામ ઘણા સુખના ધામજી, તેને પામવા હતી હૈયે હામજી**

હામ હતી હૈયે ઘણી, પ્રભુ પ્રગટ મળવા કાજ ॥
આ દેહે કરી જે દીનબંધુ, જાણું ક્યાંથી મળે મહારાજ ॥૨॥
આ નેણે નીરખિયે નાથને, મુખોમુખ કરિયે વાત ॥
આવે અવસર એવો ક્યાં થકી, જે પ્રભુ મળે સાક્ષાત ॥૩॥
અંગોઅંગ એને મળવું, તે તો મહા મોંઘો છે મેળાપ ॥

**૧.**હાથથી **૨.**જીભનું **૩.**સ્વાદ **૪.**શબ્દ-સંગીતનું **૫.**કાને **૬.**ચામડીથી **૭.**નાકથી

નો'તો ભરોંસો ભીતરે,[૧] જે મળશે અલબેલો આપ[૨] ॥૪॥
જમવું રમવું જોડે બેસવું, એવો ક્યાંથી પામિયે પ્રસંગ ॥
મોટા મોટાને મુશ્કેલ મળવો, સુણી સદા રે'તા મનભંગ[૩] ॥૫॥
સર્વે પ્રકારે સાક્ષાત સંબંધ, જેનો અતિ અગમ[૪] અગાધ્ય ॥
તેહ મળે કેમ મનુષ્યને, જે દેવને પણ દુરારાધ્ય[૫] ॥૬॥
તેહ પ્રભુજી પ્રસન્ન થઈ, નરતન ધરી મળ્યા નાથ ॥
તેણે સર્વે રીતે સુખ આપિયાં, થાપિયા[૬] સહુથી સનાથ ॥૭॥
હળી મળી અઢળ[૭] ઢળીને,[૮] આપી ભક્તિ આપણી[૯] ॥
તેહ ભક્તિને ભવ બ્રહ્માએ, માગી મગન[૧૦] થઈ ઘણી ॥૮॥
ભક્તિમાં છે ભાર[૧૧] ભારે, તે જેને તેને જડતી નથી ॥
પુન્યવાન કોઈ પામશે, વારેવારે શું કહિયે કથી ॥૯॥
પ્રગટની પરિચરિયા, છે માનવીઓને મોંઘી ઘણી ॥
નિષ્કુળાનંદ એ નૌત્તમ નિધિ, સૌ સમઝો છે સુખતણી ॥૧૦॥

### પદ-૭

ભક્તિનિધિનો ભંડાર રે સંતો... ભક્તિ૦
તેને શું કહું હું વારમવાર રે..સંતો૦ ટેક.
ભક્તિ કરીને કંઈ સુખ પામ્યા, નર અમર અપાર;
સુર નર મુનિજન સૌ કોઈ મનમાં, સમજ્યા ભક્તિમાં સાર રે.
સંતો૦ ॥૧॥
ઋષિ તપસી વનવાસી ઉદાસી,[૧૨] ભાળે ભક્તિમાં ભાર;
જાણે સેવા કેમ મળે હરિની, અંતરે એવો વિચાર રે.
સંતો૦ ॥૨॥

**૧.**દિલમાં **૨.**સાક્ષાત્ **૩.**ઉદાસ **૪.**અગોચર; દુર્લભ **૫.**રાજી કરવા અતિ મુશ્કેલ **૬.**કર્યા **૭.**ખૂબ **૮.**રાજી થઈને **૯.**પોતાની **૧૦.**રાજી **૧૧.**માલ; લાભ **૧૨.**વૈરાગી

આદિ અંતે મધ્યે મોટપ પામ્યા, તે તો ભક્તિ થકી નિરધાર;
ભક્તિ વિના ભટકણ ન ટળે, ભમવાનું ભવમોઝાર[૧] રે.
સંતો૦ ॥ ૩ ॥

તેહ ભક્તિ પ્રગટની પ્રીછજો,[૨] અતિ અનુપ ઉદાર;
નિષ્કુળાનંદ નકી એ વારતા, તેમાં નહિ ફેરફાર રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૨૯

**ફેર નથી રતી[૩] ભક્તિ છે રૂડીજી, દોયલા[૪] દિવસની માનજો એ મુડીજી**
**એ છે સત્ય વાત નથી કાંઈ કૂડીજી,[૫] ભવજળ તરવા હરિભક્તિ છે હૂડીજી**

હૂડી છે હરિની ભગતિ, ભવજળ તરવા કાજ ॥
અપાર સંસાર સમુદ્રમાં, જબર જાણો એ ઝાજ[૬] ॥ ૨ ॥

સો સો ઉપાય સિંધુ[૭] તરવા, કરી જુવે જગે જન કોય ॥
વહાણ વિનાનાં વિલખાં,[૮] સમજી લેવાં જન સોય ॥ ૩ ॥

તેમ ભક્તિ વિના ભવદુ:ખનો, આવે નહિ કેદિયે અંત ॥
માટે ભક્તિ ભજાવવી,[૯] સમજી વિચારીને સંત ॥ ૪ ॥

ખાધા વિના જેમ ભૂખ ન ભાંગે, તૃષા વીતે નહિ વણ તોય ॥
તેમ ભક્તિ વિના ભવદુ:ખ જાવા,નથી ઉપાય કહું કોય ॥ ૫ ॥

જગજીવન[૧૦] વિન જેમ નગ[૧૧] ન ભીંજે,[૧૨] રવિ વિના ટળે નહિ રાત ॥
તેમ ભક્તિ વિના ભારે સુખ મળે, એવી રખે કરો કોઈ વાત ॥ ૬ ॥

જેમ પ્રાણધારીના પ્રાણને, જાણો આહારતણો છે આધાર ॥
તેમ ભક્તિ ભગવાનની, સર્વેને સુખ દેનાર ॥ ૭ ॥

---

**૧.**સંસાર-સાગરમાં **૨.**જાણજો **૩.**લેશ **૪.**દુ:ખ ભરેલા **૫.**ખોટી **૬.**સ્ટીમર; જહાજ **૭.**સાગર **૮.**નિષ્ફળ પ્રયત્નો **૯.**કરવી **૧૦.**વરસાદ **૧૧.**પર્વત **૧૨.**પલળે

જળચરને જેમ જળ જીવન,વનચરને જીવન વન ॥
તેમ ભક્ત ભગવાનનાને, જાણો ભક્તિ એ જ જીવન ॥૮॥
જેમ ઝષ[૧] ન રહે જળ વિના, રહે કીચે[૨] દાદુર[૩] કૂર્મ[૪] ॥
તેમ ભક્ત ન રહે હરિભક્તિ વિના, રહે ચિત્તે ચિંતવે જે ચર્મ[૫] ॥૯॥
માટે ભક્તને નવ ભૂલવું, કરવી હરિની ભગતિ ॥
નિષ્કુળાનંદ કહે નિર્ભય થાવા, આદરશું કરવી અતિ ॥૧૦॥

## કડવું-30

**અતિ આદરશું કરવી ભક્તિજી, તેમાં કાંઈ ફેર ન રાખવો રતિજી**
**પામવા મોટી પરમ પ્રાપતિજી, માટે રાખવી અડગ એક મતિજી**

મતિ અડગ એક રાખવી, પરોક્ષ ભક્તના પ્રમાણ ॥
આસ્તિકપણું ઘણું આણીને, જેણે ભજ્યા શ્યામ સુજાણ ॥૨॥
શાસ્ત્ર થકી જેણે સાંભળ્યા, ભક્તિતણા વળી ભેદ ॥
તેમની તેમ તેણે કરી, ઉર આણી અતિ નિરવેદ[૬] ॥૩॥
કેણેક[૭] કર કપાવિયા, કેણે[૮] મુકાવિયું કરવત ॥
કોઈ[૯] વેચાણા શ્વપચ[૧૦] ઘરે, કોઈ[૧૧] પડ્યા ચડી પરવત ॥૪॥
કેણેક[૧૨] અસ્થિ[૧૩] આપિયાં, કેણે[૧૪] આપિયું આમિષ[૧૫] ॥
કેણેક[૧૬] ઋષિરથ તાણિયો, કેણેક[૧૭] પીધું વળી વિષ[૧૮] ॥૫॥
કેણેક[૧૯] તજી સર્વે સંપત્તિ, રાજપાટ સુખ સમાજ ॥
અન્ન ધન ધામ ધરણી, મેલી મોહન મળવા કાજ ॥૬॥

**૧.**માછલું **૨.**કાદવમાં **૩.**દેડકો **૪.**કાચબો **૫.**સર્વ શ્રેષ્ઠ એવા શ્રીહરિને / પરાભક્તિને **૬.**વૈરાગ્ય **૭.**જયદેવે **૮.**મયૂરધ્વજરાજાએ **૯.**રાજા હરિચંદ્ર **૧૦.**ભંગી **૧૧.**પ્રહ્લાદ **૧૨.**દધીચિ ઋષિએ **૧૩.**પોતાનાં હાડકાં **૧૪.**શિબિ **૧૫.**માંસ **૧૬.**કુશિકે **૧૭.**શંકર તથા મીરાબાઈએ **૧૮.**ઝેર **૧૯.**ભરતજી, ભરથરી, ગોપીચંદ અને ચિત્રકેતુ વગેરેએ

કોઈક[1] લટક્યા કૂપ મધ્યે, કોણેક આપી ખેંચી તનખાલ[2] ॥
કોઈ સૂતા જઈ શૂળિયે,[3] મોટો જાણી મહારાજ માંહી માલ ॥ ૭ ॥
કોણેક[4] તપ કઠણ કર્યાં, મેલી આ તન સુખની આશ ॥
હિંમત કરી હરિ મળવા, કહિયે ખરા એ હરિના દાસ ॥ ૮ ॥
પરોક્ષ ભક્ત એ પ્રભુતણા, ઘણા અતિ એ આગ્રહવાન ॥
ત્યારે પ્રગટના ભક્તને, કેમ સમે ન રે'વું સાવધાન ॥ ૯ ॥
આદિ અંતે વિચારીને, કરી લેવું કામ આપણું ॥
નિષ્કુળાનંદ ન રાખવું, હરિભક્તને ગાફલપણું ॥૧૦॥

## કડવું-૩૧

**ગાફલપણામાં ગુણ રખે ગણોજી, એહમાંહિ અર્થ[5] બગડે આપણોજી**
**પછી પશ્ચાતાપ થાય ઘણો ઘણોજી, ભાંગે કેમ ખરખરો એહ ખોટતણોજી**

ખરખરો એહ ખોટતણો, ઘણો થાશે નર નિશ્ચે કરી ॥
જે ગઈ વહી વાત હાથથી, તે પમાય કેમ પાછી ફરી ॥ ૨ ॥
પગ ન ચાલ્યા પ્રભુપંથમાં, કરે ન થયું હરિનું કામ ॥
જીભે ન જપ્યા જગદીશને, મુખે ગાયા નહિ ઘનશ્યામ ॥ ૩ ॥
નયણે ન નીરખ્યા નાથને, શ્રવણે ન સુણી હરિવાત ॥
એ ખોટ્ય ભાંગે કેમ જુવો ખોળી, ચિત્તે ચિંતવી ચોરાશી જાત ॥ ૪ ॥
પશુ પંખી પન્નગનાં વળી, આવે તન અનંત ॥
તેણે ભજાય નહિ ભગવાનને, એહ સમઝી લેવો સિદ્ધાંત ॥ ૫ ॥
માટે મનુષ્ય દેહ જેવા, એવા એકે કોઈ ન કહેવાય ॥
તેહ સારુ સમઝી શાણા,[6] નરતનના ગુણ ગાય ॥ ૬ ॥

**૧.**ઉપમન્યુ **૨.**પોતાના શરીરની ચામડી **૩.**માણસને મૃત્યુ દંડ આપવા માટે ઊભો કરવામાં આવેલ અણીદાર સળિયો **૪.**ધ્રુવ વગેરેએ **૫.**મોક્ષરૂપી કાર્ય **૬.**ડાહ્યા

એવા દેહને પામીને, પ્રસન્ન ન કર્યા પરબ્રહ્મને ॥
તેને થાશે ઉરે ઓરતો,[૧] સમઝી લેજો સહુ મર્મને ॥૭॥
આવો સમાજ[૨] આવતો નથી, જુવો ચોરાશી દેહને ચિંતવી ॥
તે તન ખોયું પશુપાડમાં,[૩] કહો વાત શું સમજ્યા નવી ॥૮॥
મનુષ્ય હોય તેને મનમાં, કરવો વિવેક વિચાર ॥
માનવ દેહ મોંઘો ઘણું, નહિ અન્ય દેહની એ હાર ॥૯॥
માટે ભક્તિ ભજાવવી, મન વચન કર્મે કરી ॥
નિષ્કુળાનંદ નરતનનું, નથી થાતું મળવું ફરી ॥૧૦॥

## કડવું-૩૨

**ફરી ફરી દેહ નવ આવે આવોજી, તે શીદ ખોયે કરી કાવો[૪] દાવોજી**
**સમજી વિચારી હરિભક્તિમાં લાવોજી,[૫] અવર સુખનો કરી અભાવોજી**

અભાવ કરી અસત્ય સુખનો, સત્ય સુખને સમજી ગ્રહો ॥
અમૂલ્ય આવા અવસરને, ખોઈને ખાટ્યો[૬] કોણ કહો ॥૨॥
**જેમ ચિંતામણિ મોંઘી ઘણી, તેણે કાગ કેમ ઉડાડિયે ॥**
**શેતખાનાની[૭] સાંકડે, હરિમંદિરને કેમ પાડિયે ॥૩॥**
**તેમ મનુષ્ય દેહ મોંઘો ઘણો, સર્વે સુખ સંપત્તિનો દેનાર ॥**
**તે વિષયસુખમાં વાવરી,[૮] ખરી કરવી નહિ ખુવાર[૯] ॥૪॥**
જેમ પ્રભુ પ્રસાદીની પાંબડી,[૧૦] ફાડી બગાડી કરે બાળોતિયું[૧૧] ॥
એ સમજણમાં સેલી[૧૨] પડો, કામધેનું[૧૩] દોહી પાઈ કૂતિયું[૧૪] ॥૫॥

**૧.**પશ્ચાતાપ **૨.**મોક્ષ માટે ઉપયોગી યોગ **૩.**ઢોર જેવું જીવવામાં **૪.**યુક્તિ-પ્રયુક્તિ **૫.**લાભ; માલ **૬.**કમાણો; ફાવ્યો **૭.**સંડાસની **૮.**વેડફી **૯.**પાયમાલી **૧૦.**ઘાબળી **૧૧.**બાળકના ઝાડા-પેશાબને રોકવા તથા સાફ કરવાનું કપડું **૧૨.**રાખ **૧૩.**ઇચ્છિત વસ્તુ આપનાર ગાય **૧૪.**કૂતરીઓ

તેમ મનુષ્યદેહે કરી દાખડો, પોષિયું કુળ કુટુંબને ॥
દાટો પરું એ ડા'પણને, ખરસાણી[1] સારુ ખોયો અંબને[2] ॥ ૬ ॥
જેમ કુંભ[3] ભરી ઘણા ઘી તણો, કોઈ રાખમાં રેડે લઈ ॥
એ અકલમાં ઊઠચો અગની, જે ન કરવાનું કર્યું જઈ ॥ ૭ ॥
તેમ દુર્લભ આ દેહ તેહ, અર્પણ કર્યું અનર્થમાં[4] ॥
કહો કમાણી શું કરી, ખોયો આવો વિગ્રહ[5] વ્યર્થમાં ॥ ૮ ॥
માટે માહાત્મ્ય જાણી મનુષ્યતનનું, કરવું સમઝી સવળું કામ ॥
વણ અર્થે[6] ન વણસાડવો,[7] આવો દેહ અતિ ઈનામ[8] ॥ ૯ ॥
જે રહી ગઈ ખોટ મનુષ્યદેહે, તે ભાંગ્યાનો ભરુંસો તજો ॥
નિષ્કુળાનંદ નકી ભગતિ, કરીને હરિને ભજો ॥૧૦॥

## પદ-૮

ભજો ભક્તિ કરી ભગવન રે; સંતો ભક્તિ કરી ભગવન રે.
માની એટલું હિત વચન રે, સંતો૦ ટેક.
ભક્તિ વિના ભારે ભાગ્ય ન જાગે, જાણી લેજો સહુ જન;
ભક્તિ વિના ભવદુઃખ ન ભાંગે, એ પણ માનવું મન રે.સંતો૦ ॥ ૧ ॥
ભક્તિ વિના ભટકણ ન ટળે, મર કરે કોટિક જતન;[9]
ભક્તિ વિના નિર્ભય નર નહિ, કરે સો સો જો સાધન રે.સંતો૦ ॥ ૨ ॥
ભક્તિ ભંડાર અપાર સુખનો, નિર્ધનિયાનું એ ધન;
જે પામી ન રહે પામવું, એવું એ સુખસદન રે.સંતો૦ ॥ ૩ ॥
તે ભક્તિ તન માનવે[10] થાયે, નહિ અન્ય તન કરવા સંપન;[11]
નિષ્કુળાનંદ કે' નિરાશ થઈને,[12] કરો હરિસેવન રે.સંતો૦ ॥ ૪ ॥

૧.થોર ૨.આંબાને ૩.ઘડો ૪.ખોટામાં ૫.દેહ ૬.વિના પ્રયોજને ૭.બગાડવો ૮.ગોડ ગીફ્ટ; દુર્લભ ૯.આયોજન પૂર્વકના પ્રયત્નો ૧૦.મનુષ્ય દેહથી ૧૧.યોગ્ય ૧૨.માયાની આશા મૂકી દઈને

# કડવું-૩૩

**સેવા ન કરે તે સેવક શાનોજી, થયો હરિદાસ પણ હરામી[૧] છાનોજી**
**એહને ભક્ત રખે કોઈ માનોજી, અંતર પિતળ છે બા'રે ધૂંસ[૨] સોનાનોજી**

સોના સરીખો શોભતો, થયો ભક્ત ભવ માંહિ ભલો ॥
લાખો લોક લાગ્યાં પૂજવા, દેખી આટાટોપ[૩] ઉપલો ॥ ૨ ॥
ખાવા પીવાની ખોટ ન રહી, મળે વસ્ત્ર પણ વિધવિધશું ॥
સારો સારો સહુ કોઈ કહે, પામ્યો આ લોક સુખ પ્રસિદ્ધશું ॥ ૩ ॥
ભોજન વ્યંજન બહુ ભાતનાં, ઘણાં મળે ગામોગામ ॥
મળ્યું સુખ વણ મહેનતે, જ્યારે કરી તિલક ધરી દામ[૪] ॥ ૪ ॥
આડંબર આણી ઉપલ્યો, થયો ભક્ત તે ભરપૂર ॥
જાણ્યું કસર કોઈ વાતની, જોતાં રહી નથી જરૂર ॥ ૫ ॥
એવો બા'રે વેષ બનાવિયો, સારો સાચા સંત સમાન ॥
પણ પાછું વળી નવ પેખિયું,[૫] એવું આવી ગયું અજ્ઞાન ॥ ૬ ॥
જે ભક્તપણું શું ભાળી મુજમાં, ભક્ત ભક્ત કહે છે ભવમાંઈ ॥
ભક્તપણું નથી ભાસતું,[૬] ભાસે છે ઠાવકી ઠગાઈ[૭] ॥ ૭ ॥
જે સર્વે સુખ શરીરનાં, લઈ લેવાં લોકની પાસથી ॥
ભક્ત જાણી ભોળવાઈ ભોળા, આપે હૈયે હુલાસથી[૮] ॥ ૮ ॥
વળી વા'લી વસ્તુ વિલોકીને, આણી આપે જાણી હરિદાસ ॥
જાણે અરથ એથી સરશે,[૯] એવો આણી ઉરે વિશ્વાસ ॥ ૯ ॥
તે વાત નથી તપાસતો, એવો દિલે દગાદાર છે ॥
નિષ્કુળાનંદ નર કળ[૧૦] કરે છે, પણ સરવાળે શું સાર છે ? ॥૧૦॥

---

**૧.**લુચ્ચો; આળસુ **૨.**વરખ; ગિલેટ **૩.**આડંબર; બાહ્ય દેખાવ **૪.**કંઠી; માળા **૫.**જોયું **૬.**જણાતું **૭.**છેતરપિંડી **૮.**ઉત્સાહથી **૯.**ધાર્યું પરિણામ આવશે **૧૦.**યુક્તિ

## કડવું-૩૪

**ભક્તિ કરે તેહ ભક્ત કે'વાયજી, ભક્તિ વિના જેણે પળ ન રે'વાયજી**
**શ્વાસોશ્વાસે તે હરિગુણ ગાયજી, તેહ વિના બીજું તે ન સુહાયજી[1]**

સુહાય નહિ સુખ શરીરનાં, હરિભક્તિ વિના ભૂલ્યે કરી ॥
અખંડ રહે અંતરમાં, કરવા ભક્તિ ભાવે ભરી ॥ ૨ ॥

હમેશ રહે હરખ હૈયે, ભલી ભાતે ભક્તિ કરવા ॥
ભૂલ્યે પણ હરિભક્તિ વિના, ઠામ ન દેખે ઠરવા[2] ॥ ૩ ॥

ભક્તિ વિના બ્રહ્મલોક લગી, સુખ સ્વપ્ને પણ સમજે નઈ ॥
ચૌદ લોકસુખ સુણી શ્રવણે, લોભાય નહિ લાલચુ થઈ ॥ ૪ ॥

ભક્તિ વિનાનો નહિ ભરોસો, સદા સ્થિર રે'વા કોઈ ઠામ ॥
માટે મૂકી ન શકે ભગતિને, અતિ સમજી સુખનું ધામ ॥ ૫ ॥

નવે પ્રકારે નકી કરીને, ભાખ્યા ભક્તિતણા જેહ ભેદ ॥
તે અતિ આદરશું આદરે, કરી અહંમમત ઉચ્છેદ ॥ ૬ ॥

અહંમમત જાય જ્યારે ઊચળી,[3] ત્યારે પ્રગટે પ્રેમલક્ષણા ॥
ત્યારે તેહ ભક્તને વળી, રહે નહિ કોઈ મણા ॥ ૭ ॥

અરસ પરસ રહે એકતા, સદા શ્રીહરિની જો સાથ ॥
અંતરાય નહિ એકાંતિકપણું, ઘણું રહે શ્યામની સંગાથ ॥ ૮ ॥

એવે ભક્તે ભગવાનની, ભલી ભાત્યે[4] ભજાવી ભગતિ ॥
ભક્તિ કરી હરિ રીઝવ્યા, ફરી રહ્યું નહિ કરવું રતિ[5] ॥ ૯ ॥

**કરીએ તો કરીએ એવી ભગતિ, જેમાં રહ્યો સુખનો સમાજ ॥**
**નિષ્કુળાનંદ ન કરીએ, ભક્તિ લોક દેખાડવા કાજ ॥૧૦॥**

---

**૧.**ગમે **૨.**સુખ-શાંતિ પામવા **૩.**નીકળી **૪.**સારી રીતે **૫.**કાંઈ જ

# કડવું-૩૫

**સાચા ભક્તની ભેટ થાય ભાગ્યેજી, જેને જગસુખ વિખસમ[૧] લાગેજી**
**ચિત્ત નિત્ય હરિચરણે અનુરાગેજી,[૨] તેહ વિના બીજું સરવસ[૩] ત્યાગેજી**

ત્યાગે સર્વે તને મને, પંચ વિષય સંબંધી વિકાર ॥
ભાવે હરિની એક ભગતિ, અતિ અવર લાગે અંગાર ॥ ૨ ॥

અન્ન જમી જન અવરનું, સૂવે નહિ તાણી વળી સોડ ॥
નિર્દોષ થાવા નાથનું કરે, ભજન સ્તવન[૪] કરજોડ ॥ ૩ ॥

મહા મે'નતે કરી મેલિયું,[૫] વળી અર્થે ભર્યું એવું અન્ન ॥
તે ખાઈને ખાટ્ય[૬] માને નહિ, જો ન થાય હરિનું ભજન ॥ ૪ ॥

વળી વસ્ત્ર વિવિધ ભાતનાં, આપ્યાં અંગે ઓઢવા માટ ॥
એ ઓઢી અન્ય ઉદ્યમ કર્યો, ખોળી જુવો શી થઈ ખાટ્ય ॥ ૫ ॥

એણે આપ્યું નથી અન્ન ઉષર[૭] જાણી, હૈયે હજાર ઘણી છે લેવા હામ ॥
એહ આપવું પડશે આપણે, કે આપશે શ્રી ઘનશ્યામ ॥ ૬ ॥

ઘનશ્યામને શિર શીદ દિયે, જૈયે[૮] ન કર્યું ભક્તિભજન ॥
રહે વિચાર એહ વાતનો, હૃદિયામાંહિ રાત દન ॥ ૭ ॥

ખરું ન કર્યું ખાધા જેટલું, ઈચ્છયો ભક્ત થાવા એકાંત[૯] ॥
તે તો ઘાસકટુ[૧૦] ઘેવરનાં ભાતાં,[૧૧] ખાવા કરે છે ખાંત ॥ ૮ ॥

એહ વાત બંધ કેમ બેસશે, હરિભક્ત તે હૈયે ધારિયે ॥
માટે સૂતાં બેઠાં જાગતાં, અતિ હેતે હરિને સંભારિયે ॥ ૯ ॥

એમ જાણે છે જન હરિના, તે ભક્તિ કરતાં ભૂલે નહિ ॥
નિષ્કુળાનંદ કહે વેશ વરાંસે,[૧૨] ફોગટ મને ફૂલે નહિ ॥૧૦॥

---

**૧.**ઝેર જેવું **૨.**આસક્ત થાય **૩.**બધું જ **૪.**સ્તુતિ; પ્રાર્થના **૫.**પ્રાપ્ત કર્યું **૬.**લાભ; સંતોષ **૭.**જેમાં કાંઈ પાકે નહિ તેવી ખારવાળી જમીન-કુપાત્ર **૮.**જ્યારે **૯.**એકાંતિક **૧૦.**ઘાસ કાપવાનું કામ કરતો મજૂર **૧૧.**ઘેબર જેવાં શ્રેષ્ઠ ભોજન **૧૨.**સંત કે ભગતના વેશની ઓથે; બહાને

## કડવું-૩૬

**ફૂલ્યો ન ફરે ફોગટ વાતેજી, ભક્તિ હરિની કરે ભલી ભાતેજી**
**ભૂલ્યો ન ભમે ભક્તની ભ્રાંતેજી,[૧] નકી વાત વિના ન બેસે નિરાંતેજી**

નિરાંત નહિ નકી વાત વિના, રહે અંતરે અતિ ઉતાપ ॥
ઉર વિકાર વિરમ્યા વિના, નવ મનાય આપ નિષ્પાપ ॥૨॥

દાસપણામાં જે દોષ છે, તે દગ[૨] આગળ દેખે વળી ॥
માટે મોટપ માને નહિ, સમઝે છે રીત એ સઘળી ॥૩॥

ખોટ્ય મોટી એ ખોવા સારુ, કરે ભક્તિ હરિની ભાવે ભરી ॥
જાણે ભક્તિ વિના ભાંગશે નહિ, ખોટ એહ ખરાખરી ॥૪॥

માટે અતિ આગ્રહ કરી, હરિભક્તિ કરે ભરપૂર ॥
ભક્તિમાં જેથી ભંગ પડે, તેથી રહે સદા દૂર ॥૫॥

જાણે જે ઉદ્યમે[૩] જન્મોજન્મનું, દારિદ્રય[૪] દૂર થાય ॥
તે ઉદ્યમની આડી[૫] કરે, તેથી વેરી કોણ કે'વાય ॥૬॥

તેમ ભક્તિ થકી ભવદુઃખ ભાંગે, જાગે ભાગ્ય મોટું જાણવું ॥
તે વિમુખની વાત સાંભળી, અંગે આળસ નવ આણવું ॥૭॥

જેમ સહુ સહુને સ્વારથે, સાચું રળે[૬] છે સરવે ॥
તેમ હરિભક્તને કસર, ન રાખવી ભક્તિ કરવે ॥૮॥

મોટી કમાણી જાણી જન, તન મને રે'વું તત્પર ॥
બની વાત જાય બગડી, જો ચૂકિયે આ અવસર ॥૯॥

જે તકે જે કામ નીપજે, તે વણ તકે નવ થાય ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, એ પણ સમજવું મનમાંય ॥૧૦॥

**૧**.સાચા ભક્તના વહેમમાં **૨**.નજર **૩**.પ્રયત્ને **૪**.ગરીબાઈ **૫**.રુકાવટ; મનાઈ **૬**.કમાણી કરે

## પદ-૯

સંતો મનમાં સમજવા માટ રે સંતો મનમાં સમજવા માટ રે;
કેદી મેલવી નહિ એ વાટ રે...સંતો૦ ટેક.

જોઈ જોઈને જોયું છે સર્વે, વિવિધ ભાતે વૈરાટ;[૧]
ભક્તિ વિના ભવ ઉદ્ભવનો,[૨] અળગો ન થાય ઉચ્ચાટ[૩] રે.
સંતો૦ ॥ ૧ ॥

તપ કરીને ત્રિલોકીનું કોય, પામે રૂડું રાજપાટ;
અવધિયે[૪] અવશ્ય અખંડ ન રહે, તો શી થઈ એમાં ખાટ રે.
સંતો૦ ॥ ૨ ॥

માટે ભક્તિ ભવભયહરણી,[૫] કરવી તે શીશને સાટ;
તેહ વિના તને મને તપાસ્યું, વાત ન બેઠી ઘાટ રે.
સંતો૦ ॥ ૩ ॥

ભક્તિથી કાયા[૬] જાણે છૈયે ડાહ્યા, એવું ડાહ્યાપણું પરું[૭] ડાટ;[૮]
નિષ્કુળાનંદ કે' ભક્તિ કરતાં, ઊઘડે અભયપદ હાટ[૯] રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૩૭

**ભક્તિ કરી હરિનાં સેવવાં ચરણજી, મનમાં માની મોટા સુખનાં કરણજી[૧૦]**
**તન મન ત્રિવિધ તાપનાં હરણજી,[૧૧] એવાં જાણી જન સદા રહે શરણજી**

શરણે રહે સેવક થઈ, કેદી અંતરે ન કરે અભાવ ॥
જેમ વાયસ[૧૨] વહાણ તણો, તેને નહિ આધાર વિના નાવ ॥ ૨ ॥

તેમ હરિજનને હરિચરણ વિના, નથી અન્ય બીજો આધાર ॥
તે મૂકી ન શકે તને મને, જાણી ભારે સુખ ભંડાર ॥ ૩ ॥

**૧.**બ્રહ્માંડ **૨.**સંસૃતિનો **૩.**સંતાપ **૪.**પુણ્ય પૂરુ થયે **૫.**જન્મ-મરણનો ભય હરનારી **૬.**કંટાળેલા **૭.**દૂર **૮.**નાશકર **૯.**બજાર; દ્વાર **૧૦.**દેનારા **૧૧.**હરનારા **૧૨.**કાગડો

જેમ પતિવ્રતા હોય પ્રમદા,[૧] તે પતિ વિના પુરુષ પેખે નહિ ॥
બીજા સો સો ગુણે કોઈ હોય સારા, તોય દોષિત જાણી દેખે નહિ ॥ ૪ ॥

તેમ ભક્ત ભગવાનના, હોય પતિવ્રતાને પ્રમાણ[૨] ॥
પ્રભુ વિના બીજું ન ભજે ભૂલ્યે, તે સાચા સંત સુજાણ ॥ ૫ ॥

જેમ બપૈયો બીજું બુંદ ન બોટે,[૩] સ્વાતિ[૪] વિના સુધાસમ[૫] હોય ॥
પિયુ પિયુ કરી પ્રાણ પરહરે, પણ પિયે નહિ અન્ય તોય ॥ ૬ ॥

તેમ જન જગદીશના, એક નેક[૬] ટેકવાળા કે'વાય ॥
સ્વાતિબિંદુ સમ સ્વામીનાં વચન, સુણી ઉતારી લિયે ઉરમાંય ॥ ૭ ॥

જેમ ચકોરની ચક્ષુ[૭] ચંદ્ર વિના, નવ લોભાય ક્યાંહી લગાર ॥
તેમ હરિજન હરિમૂર્તિ વિના, અવર જાણે અંગાર ॥ ૮ ॥

એમ અનન્ય ભક્ત ભગવાનના, પ્રભુ વિના બીજે પ્રીતિ નઈ ॥
મન વચન કર્મે કરી, શ્રીહરિના રહ્યા થઈ ॥ ૯ ॥

એવા ભક્તની ભક્તિ જાણો, વા'લી લાગે વા'લાને મન ॥
નિષ્કુળાનંદ કહે નાથને, એવે જને કર્યા પ્રસન્ન ॥૧૦॥

## કડવું-૩૮

**પ્રસન્ન કર્યા જેણે પરબ્રહ્મજી, તેને કોઈ વાત ન રહી અગમજી**
**સર્વે લોક ધામ થયાં સુગમજી,[૮] એમ કહે છે આગમ નિગમજી**

આગમ નિગમે એમ કહ્યું, રહ્યું નહિ કરવું એને કાંઈ ॥
સર્વે સુખની સંપત્તિ, આવી રહી એના ઉરમાંઈ ॥ ૨ ॥

સર્વે પાર જે પ્રાપતિ, સર્વેને સરે[૯] જેહ સુખ ॥
તે પામે છે ભક્ત પ્રભુતણા, ઘણું ઘણું શું કહીએ મુખ ॥ ૩ ॥

**૧.**સ્ત્રી **૨.**સમાન **૩.**પીવે **૪.**આ નામના નક્ષત્રમાં થતો વરસાદ **૫.**અમૃત સમાન **૬.**અતૂટ **૭.**આંખ **૮.**સુલભ; સરળ **૯.**ઉપર; શ્રેષ્ઠત્તમ

સર્વે ઉપર જે શિરોમણિ, સર્વે મસ્તક પર જે મોડ[૧] ॥
સહુથી એ સરસ થયા, કોણ કહિયે જાણો એની જોડ ॥૪॥

સર્વે કમાણીને સરે કમાણી, સર્વે ખાટ્યને સરે ખાટ્ય ॥
તેહ પામી પૂરણ થયા, તે તો ભક્તિ કરી તેહ માટ્ય ॥૫॥

સર્વે કળશ પર કળશ ચઢ્યો, સર્વે જીત પર થઈ જીત ॥
સર્વે સારનું સાર પામિયા, જેને થઈ પ્રભુ સાથે પ્રીત ॥૬॥

જેમ મોટા રાજાની રાજનિધિ,[૨] તે લડ્યે લેશ લેવાય નઈ ॥
પણ જનમી એ જનક[૩] કર્યો, ત્યારે સર્વે સંપત્તિ એની થઈ ॥૭॥

તેમ સેવક સુત શ્રીહરિતણા, મણા એને કોઈ વાતની નથી ॥
પૂરણ પદની છે પ્રાપતિ, અતિશય શું કહિયે કથી ॥૮॥

જેમ અતિ ઊંચો અંબરે[૪] ચઢે, આકાશે વસે જ્યાં અનળ[૫] ॥
એથી ઊંચો તો એક શૂન્ય છે, બીજાં હેઠાં રહ્યાં સકળ ॥૯॥

તેમ ભક્તિ થકી આ બ્રહ્માંડમાં, નથી સરસ જોયું શોધીને ॥
નિષ્કુળાનંદ પદ પરમ પામ્યા, જે અગમ છે મન બુદ્ધિને ॥૧૦॥

## કડવું-૩૯

**મન બુદ્ધિના માપમાં નાવેજી, એવું અતિ સુખ હરિભક્તિથી આવેજી**
**જેહ સુખને શુકજી જેવા ગાવેજી, તે ભક્તિ પ્રભુ પ્રગટની કા’વેજી**

ભક્તિ પ્રભુ પ્રગટની, જે જે કરી છે હરિજને ॥
તે તેને પળ પાકી ગઈ, સહુ વિચારી જુવો મને ॥૨॥

કુબજાએ કટોરો ભરી કરી, ચરચ્યું હરિને અંગે ચંદન ॥
તેણે કરી તન ટેડાઈ[૬] ટળી, વળી પામી સુખસદન[૭] ॥૩॥

**૧.**સર્વશ્રેષ્ઠ **૨.**રાજનો ધનભંડાર **૩.**પિતા **૪.**આકાશે **૫.**એક પ્રકારનું પક્ષી **૬.**કદરૂપતા **૭.**સુખધામ; ભગવાન

સઈ[૧] સુદામા માળીનું, સમાપર[૨] સરી ગયું કામ ॥
તે પ્રગટ પ્રભુને પૂજતાં, પામી ગયા હરિનું ધામ ॥૪॥
વિદુરે ભાજીને ભોજને, જમાડિયા જગજીવન ॥
તે જમી પ્રભુ પ્રસન્ન થયા, એવું પરોક્ષશું સાધન ॥૫॥
સુદામે ભક્તે શ્રીહરિને, ત્રણ મૂઠી આપિયા તાંદુલ[૩] ॥
તેણે દારિદ્ર દૂર ગયું, થયું અતિ સુખ અતુલ[૪] ॥૬॥
પંચાલિયે[૫] પાત[૬] પાત્રમાંથી, શોધી જમાડિયા હરિ આપ ॥
તેણે મટ્યું કષ્ટ મોટું, અતિ તે તો પ્રગટને પ્રતાપ ॥૭॥
વળી ચીરી ચીરને ચિંથરી,[૭] આપી હરિ કરે બાંધવા કાજ ॥
તેણે કરીને દ્રૌપદીની, રૂડી રાખી હરિએ લાજ ॥૮॥
એમ પ્રગટના પ્રસંગથી, જે જે સર્યાં જનનાં કામ ॥
તેવું ન સરે તપાસિયું, મર[૮] કરે હૈયે કોઈ હામ[૯] ॥૯॥
વારેવારે કહ્યો વર્ણવી, અતિ ભારે ભક્તિમાંહી ભાર ॥
નિષ્કુળાનંદ તે ભગતિ, પ્રભુ પ્રગટની નિરધાર ॥૧૦॥

## કડવું-૪૦

**પ્રગટ પ્રભુની ભક્તિ વખાણીજી, અતિશય મોટપ ઉરમાંયે આણીજી**
**સહુથી સરસ શિરોમણિ[૧૦] જાણીજી, એહ ભક્તિથી તર્યાં કૈંક પ્રાણીજી**

પ્રાણીને પરમ પદ પામવા, ભક્તિ હરિની છે ભલી ॥
સર્વે થકી સરસ સારું, કરી દિયે કામ એ એકલી ॥૨॥
જેમ તમ[૧૧] ટાળવા રાત્યનું, ઊગે ઉડુ[૧૨] આકાશે અનેક ॥
પણ રવિ વિનાની રજની,[૧૩] કહો કાઢી શકે કોણ છેક ॥૩॥

**૧.**દરજી **૨.**ખરા સમયે **૩.**ચોખા; પૌંઆ **૪.**અમાપ **૫.**દ્રૌપદીએ **૬.**પાંદડું **૭.**સાડીનો ટૂકડો **૮.**ભલે **૯.**હિંમત **૧૦.**શ્રેષ્ઠત્તમ **૧૧.**અંધારું **૧૨.**તારા (સ્ટાર) **૧૩.**રાત્રી

તેમ ભક્તિ ભગવાનની, સમજો સૂરજ સમાન ॥
અતિ અંધારું અહંતાતણું,[૧] તે ભક્તિથી ટળે નિદાન ॥૪॥

નમ્રતા ને જે નમવું, દમવું[૨] દેહ મન પ્રાણને ॥
તે ભક્તિ વિના ભાવે નહિ, ભાવે હંમેશ થાવું હેરાણને ॥૫॥

**દુર્બળતા ને દીન રે'વું, ગરીબ ને ગરજું[૩] ઘણું ॥**
**તે ભક્તિ વિના નવ ભાળિયે, જો જોએ પર પોતાપણું ॥૬॥**

ભક્તિ વિના ભારે ભારનો, માથે રહી જાય મોટલો[૪] ॥
જાણું કમાણી કાઢશું, ત્યાં તો ઉલટો વળ્યો ઓટલો[૫] ॥૭॥

જેમ ચોબો[૬] છબો[૭] થાવા ચાલિયો, દશો[૮] ચાલ્યો વિશો[૯] થાવા વળી ॥
તે નીસર્યો મૂળગી[૧૦] નાતથી, રહ્યો ભટકતો નવ શક્યો ભળી ॥૮॥

તેમ ભક્તિ હરિની ભાગ ન આવી, આવી ભેખ લૈ ભૂંડાઈ ભાગ ॥
અતિ ઊલટું અવળું થયું, થયો મૂળગો નર મરી નાગ ॥૯॥

તેમ ભક્તિ ન કરી ભગવાનની, કરી ભૂંડાઈ તે ભરપૂર ॥
નિષ્કુળાનંદ એ નરને, થયું જ્યાન જાણો જરૂર ॥૧૦॥

## પદ-૧૦

જ્યાન ન કરવું જોઈએ રે સંતો...જ્યાન૦
અતિ અંગે ઉન્મત્ત[૧૧] હોઈ રે સંતો૦ ટેક.

જો જાયે જાવે[૧૨] તો કરિયે કમાણી, સાચવી લાવિયે સોઈ;[૧૩]
નહિ તો બેસી રહિયે બારણે, પણ ગાંઠની ન આવીએ ખોઈ રે.
સંતો૦ ॥૧॥

**૧.**અહંકારનું **૨.**દંડ દેવો; નિયમમાં રાખવા **૩.**ખપવાળા **૪.**મોટો ગાંસડો **૫.**નુકશાન થયું **૬/૭.**બ્રાહ્મણની એક જાત **૮/૯.**વાણિયાની એક જાત **૧૦.**બિલકુલ; મૂળમાંથી **૧૧.**ઉદ્ધત; મનમુખી **૧૨.**જાવા નામનો સમૃદ્ધ ટાપુ (જ્યાં લોકો કમાવા જતા) **૧૩.**તે કમાણી

જો ડૂબકી દિયે દરિયામાં, મોતી સારુ મને મોહી;
તો લાવિયે મુક્તા[1] મહામૂલાં, પણ નાવિયે દેહ ડબોઈ[2] રે.
સંતો૦ ॥ ૨ ॥

જો જાયે જળ જાન્હવી[3] ના'વા, તો આવિયે કિલબિષ[4] ધોઈ;
પણ સામુ ન લાવિયે સમઝી, પાપ પરનાં તે ઢોઈ[5] રે.
સંતો૦ ॥ ૩ ॥

તેમ ભક્ત થઈને ભક્તિ કરિયે, હરિચરણે ચિત્ત પ્રોઈ;[6]
નિષ્કુળાનંદ કે' નર ઘર મૂકી, ન જીવીએ જનમ વગોઈ[7] રે.
સંતો૦ ॥ ૪ ॥

## કડવું-૪૧

**જીવત વગોઈને જીવવું એ જૂઠુંજી, એ તો થયું જેમ મા' મહિને માવઠુંજી[8]**
**વિવાયે[9] વે'ચાણી[10] લાણીમાં[11] એલઠુંજી,[12] એહમાંહિ સારું શું કર્યું એકઠુંજી**

સારું તે એણે શું કર્યું, પાણી મળે ન ધોયો મેલ ॥
જેમ ગીંગો[13] ગયો ગંગાજીએ, નાકે દુર્ગંધીનો ભરેલ ॥ ૨ ॥

તેમ ભક્તિમાં કોઈ આવી ભળ્યો, પણ ન ટળ્યો જાતિ સ્વભાવ ॥
પાકી મૃત્તિકાના પાત્રનો, નહિ ઠામ થાવા ઠેરાવ ॥ ૩ ॥

જેમ સિંધુ જોજન સો લાખનો, તેનો પાર લેવા કરે પરિયાણ[14] ॥
તે સમઝુ કેમ સમઝિયે, જે રાચ્યો[15] રાંધવા પાષાણ ॥ ૪ ॥

એમ એવાને આગળે, ભોળા કરે ભક્તિની વાત ॥
જેની દાઢ્યો ડાળ્યો ચાવી ગઈ, તે કેમ રે'વા દિયે પાત[16] ॥ ૫ ॥

---

**૧.**કિંમતી મોતી **૨.**ઝબોળી કે ડુબાડી **૩.**ગંગા **૪.**પાપ **૫.**ઉપાડી **૬.**પરોવી **૭.**ફજેત કરીને; બીજા ટીકા કરે તેવું **૮.**કટાણાનો વરસાદ **૯.**લગ્ન પ્રસંગે **૧૦.**વહેંચી **૧૧.**ઉજવણી નિમિત્તે **૧૨.**મરણ પછીના શ્રાદ્ધમાં આપવાની સામગ્રી-સરવળી **૧૩.**વિષ્ટા ખાનારું એક જીવડું **૧૪.**પ્રારંભ **૧૫.**હોંશે હોંશે તૈયાર થયો **૧૬.**પાંદડાં

એવાને ઉપદેશ દેવો, એવો કરવો નહિ કેદી કોડ ॥
જે એ ભક્તિ અતિ ભજાવશે,[૧] એવો દિલે ન રાખવો ડોડ[૨] ॥ ૬ ॥

એમ ભાવ વિનાની ભગતિ, નર કરી શકે નહિ કોય ॥
ભક્તિ કરશે ભારે ભાગ્યવાળા, જે ખરા ખપવાન હોય ॥ ૭ ॥

જેના હૃદયામાં રુચિ ઘણી, ભક્તિ કરવા ભગવાનની ॥
તેને ભક્તિ વિના ભાવે નહિ, ખરી અરુચિ રહે ખાનપાનની ॥ ૮ ॥

ભક્તિ વિના બ્રહ્મલોક લગી, લલચાવે નહિ ક્યાંઈ મન ॥
રાત દિવસ રાચી[૩] રહે, સાચા કે'વાય તે હરિજન ॥ ૯ ॥

પ્રગટ પ્રભુની ભક્તિ વિના, જેને પળ કલપ[૪] સમ થાય ॥
નિષ્કુળાનંદ એવા ભક્તને અર્થે, હરિ રહે જુગજુગ માંય ॥૧૦॥

## કડવું-૪૨

**જુગો જુગ જીવન[૫] રહે જન હેતજી, જે જને સોંપ્યું તન મન સમેતજી**
**સહુશું તોડી જેણે પ્રભુશું જોડી પ્રીતજી, એવા ભક્તની કહુ હવે રીતજી**

રીત કહું હરિભક્તની હવે, જેણે પ્રભુ વિના પળ ન રે'વાય ॥
જેમ જળ વિના ઝષના, પળ એકમાં પ્રાણ જાય ॥ ૨ ॥

અમૃત લાગે તેને મૃત[૬] જેવું, પંચામૃત તે પંક[૭] સમાન ॥
શય્યા લાગે શૂળી સરખી, જો ભાળે નહિ ભગવાન ॥ ૩ ॥

શ્રીખંડ લાગે પંડ્યે[૮] પાવક[૯] જેવું, માળા[૧૦] લાગે મણિધર નાગ ॥
હરિસેવા વિના હરિજનને, અન્ય સુખ થઈ ગયાં આગ ॥ ૪ ॥

વળી ભુવન લાગે તેને ભાગશી,[૧૧] સંપત તે વિપત સરખી ॥

**૧.**કરશે **૨.**આગ્રહ **૩.**તન્મય **૪.**કલ્પ=બ્રહ્માનો એક દિવસ **૫.**પ્રાણ આધાર પ્રભુ **૬.**ઝેર **૭.**કાદવ **૮.**શરીરે **૯.**અગ્નિ **૧૦.**ફૂલની માળા - હાર **૧૧.**સ્મશાન

કીર્તિ જાણે કલંકે ભરી, સુણી હૈયે ન જાય હરખી ॥૫॥
નિરાશી ઉદાશી નિત્યે રહે, વહે નયણમાં જળધાર ॥
હરિ વિનાનું હોય નહિ, હરિજનને સુખ લગાર ॥૬॥
સૂતાં ન આવે નિદ્રા, જેને જમતાં ન ભાવે અન્ન ॥
ભક્તિ વિના હરિભક્તને, એમ વરતે રાત ને દન ॥૭॥
ગાન[૧] લાગે શબ્દ સિંહ સર્પ સમ, તાન[૨] લાગે તાડન[૩] તન ॥
પડ્યું વિઘન જાણી તે પરહરે, ભક્તિ વિના ભાવે નહિ અન્ય ॥૮॥
પ્રભુ વિના જેના પંડમાં, પ્રાણ પીડા પામે બહુપેર ॥
એવા ભક્તને ભાળી વળી, મહાપ્રભુ કરે છે મે'ર[૪] ॥૯॥
ભાખ્યા[૫] ગુણ હરિભક્તના, જોઈએ એવા જનમાં જરૂર ॥
નિષ્કુળાનંદ કહે નાથ એવાથી, પળ એક રહે નહિ દૂર ॥૧૦॥

## કડવું-૪૩

**દૂર ન રહે એવા જનથી દયાળજી, રાત દિન રાખે એની રખવાળજી**
**જેમ જનની નિત્ય જાળવે બાળજી, એમ અતિ કૃપા રાખે છે કૃપાળજી[૬]**

કૃપાળ એમ કૃપા કરી, સમે સમે કરે છે સંભાળના ॥
નિત્યે નજીક રહી નાથજી, પળે પળે કરે છે પ્રતિપાળના[૭] ॥૨॥
ખાતાં પીતાં સૂતાં જાગતાં, ઘણી રાખે છે ખબર ખરી ॥
ઊઠતાં બેસતાં ચાલતાં, હરે છે સંકટ શ્રીહરિ ॥૩॥
નર અમર મનુજાદથી,[૮] રક્ષા કરે છે રમાપતિ[૬] ॥
ભૂત ભૈરવ ભવાનીના ભયને, રાખે છે તે રોકી અતિ ॥૪॥

**૧.**ગીત-સંગીતાદિ **૨.**સંગીતની તાન **૩.**માર **૪.**કૃપા **૫.**અત્યાર સુધી કહ્યા તેવા **૬.**ભગવાન **૭.**રક્ષા **૮.**રાક્ષસથી

અંતરશત્રુ ન દિયે કેદી ઊઠવા, નિશ્ચે કરીને નિરધાર ॥
નિજભક્ત જાણીને નાથજી, વા'લો વે'લી કરે વળી વા'ર[૧] ॥ ૫ ॥

**પોતાને પીડા જો ઊપજે, તેને ગણે નહિ ઘનશ્યામ ॥**
**પણ ભક્તની ભીડ્ય[૨] ભાંગવા, રહે છે તૈયાર આઠું જામ[૩] ॥ ૬ ॥**

**દેખી ન શકે દુઃખ દાસનું, અણુ જેટલું પણ અવિનાશ ॥**
**માને સુખ ત્યારે મનમાં, જ્યારે ટાળે જનના ત્રાસ ॥ ૭ ॥**

સાચા ભક્તની શ્રી હરિ, સદા સર્વદા કરે છે સહાય ॥
તે લખ્યાં છે લક્ષણ ભક્તનાં, હરિએ હરિગીતા માંય ॥ ૮ ॥

એવા ભક્તના અલબેલડો, પૂરે છે પૂરણ કોડ ॥
તેહ વિનાના ત્રિશંકુ જેવા, રખે રાખો દલે કોઈ ડોડ ॥ ૯ ॥

એક ભેરવજપ બીજી ભગતિ, તે અણમણતાં[૪] ઓપે[૫] નહિ ॥
નિષ્કુળાનંદ નકી વારતા, જે કે'વાની હતી તે કહી ॥૧૦॥

## કડવું-૪૪

**ભક્તિનિધિ આ ગ્રંથ જે ગાશેજી, ભક્તિનો ભેદ તેને જણાશેજી**
**સમજીને પછી ભક્ત ભલો[૬] થાશેજી, ત્યારે બીજાં બંધનથી મુકાશેજી**

મુકાશે બીજાં બંધનથી, રહેશે રાચી[૭] સાચી ભલી ભક્તિયે ॥
ખરા ખોટાની ખબર ખરી, પડશે પોતાને તહિયે ॥ ૨ ॥

વિધવિધે[૮] વિચારશે, ધારશે ભક્તિ મન દૃઢ કરી ॥
ભક્તિ વિના કોઈ ભલું કરવા, ભાળશે નહિ ભવમાં ફરી ॥ ૩ ॥

સહુથી સરસ સમજશે, ભક્તિ અતિ ભગવાનની ॥
તેને તોલ[૯] તપાસતાં, નહિ જડે જોડ એ સમાનની ॥ ૪ ॥

**૧.**રક્ષા **૨.**મુશ્કેલી **૩.**૧ જામ=૩ કલાક **૪.**અણગમતા; સાચી લગની વિના **૫.**શોભે
**૬.**સારો **૭.**મશગુલ **૮.**અનેક પ્રકારે **૯.**તુલ્ય

એવાને ભક્તિ અતિ ભાવશે, ગાવશે ગુણ ભક્તિતણા ॥
જાણશે પોતાના જીવમાં, જે ભક્તિથી ઉદ્ધર્યા ઘણા ॥ ૫ ॥

મોટે મોટે[1] મળી મહિમા, ભાખ્યો ભક્તિનો ભારે બહુ ॥
તે ભક્તિ પ્રભુ પ્રકટની, સમજુ સમજી લિયો સહુ ॥ ૬ ॥

**બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું ॥**
**પણ પ્રગટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું** ॥ ૭ ॥

માટે કોઈને એ કરતાં, ભાવ થાતો નથી ભીતરમાં ॥
પછી પ્રીત બાંધી ભક્તિ પરોક્ષમાં, ઘણું આદરી બેઠાં ઘરોઘરમાં ॥ ૮ ॥

જિયાં આવ્યું જેને બેસતું, તિયાં ભળી થયા ભગત ॥
એવે ભક્તે આ બ્રહ્માંડ ભરિયું, એ પણ જાણવી વિગત ॥ ૯ ॥

સાચી ભક્તિ હવે શ્રીહરિ સંબંધી, વર્ણવી વારમવાર ॥
નિષ્કુળાનંદ હવે નહિ કહે, સહુ સમજજો નિરધાર ॥૧૦॥

## પદ-૧૧

નિરધારી[2] છે નિગમે વાત રે સંતો...નિરધારી૦
થાયે ભક્તિએ હરિ રળિયાત રે સંતો૦ ટેક.

ભક્તિ વિના ભવરોગ ન નાસે, રહે દુઃખ દિન રાત;
ભક્તિ વિના ભટકણ ન ભાગે, સમઝી લેવું સાક્ષાત રે.
સંતો૦ ॥ ૧ ॥

ભક્તિ કરીને ભક્ત હરિના, ઘણીઘણી ઉવૈયા[3] ઘાત;[4]
ભક્તિ કરી ભારે ભાગ્ય જાગે છે, નથી એ વાત અખ્યાત[5] રે.
સંતો૦ ॥ ૨ ॥

---

**૧.**વ્યાસજી, નારદજી, શાણ્ડીલ્ય ઋષિ વગેરેએ **૨.**નક્કી કરી **૩.**તરી ગયા **૪.**મોટી મુશ્કેલીઓ **૫.**અજાણી

ભક્તિ કરે તે ભક્ત હરિના, જોવી નહિ તેની જાત;
ધન્ય ધન્ય એ જનનું જીવન, જેણે ભક્તિ કરી ભલી ભાત રે.
સંતો૦ ॥ ૩ ॥

ભક્તિ કરી ખરી મોજ જેણે લીધી, તેણે થયા ભક્ત એ એકાંત;
નિષ્કુળાનંદ કે'નાથ મળીને, દીધી ભક્તિની દાત[૧] રે.
સંતો૦ ॥ ૪ ॥

**પદ-૧૨ (રાગ : ધોળ વધામણાનું)**

ભક્તિ છે ભવજળ વહાણ, સિંધુ તરવા સુખરૂપ છે એ ॥
સમઝીને જુવો સુજાણ, પાર ઊતરવા એ અનુપ છે એ ॥ ૧ ॥
એહ નાવથી જો અપાર, ઊતરિયા અર્ણવને[૨] એ ॥
ન થાય તેનો નિરધાર, તો શું કરું તેના વર્ણવને એ ॥ ૨ ॥
ઉચ્ચ ને નીચ અનંત, પાર સહુને પોત[૩] કરે એ ॥
એમ ભક્તિથી જાણજો જન, સુખ કંઈ પામ્યા સરે એ ॥ ૩ ॥
ધન્ય એ ભક્તિ જા'જ,[૩] તારી તરીયે[૪] તીર કર્યાં એ ॥
પામિયા સુખ સમાજ, તે ભક્તિપ્લવે[૫] ભવ તર્યા એ ॥ ૪ ॥
બેઠા એ બેડીને[૬] માંયે, બૂડવાની તો બીક ટળી એ ॥
કરવું રહ્યું નહિ કાંય, બ્રહ્મમોહોલમાં બેઠા ભળી એ ॥ ૫ ॥
સંતને એ સુખરૂપ, હોડી રૂડી હરિભગતિ એ ॥
કોણ ભિક્ષુ[૭] કોણ ભૂપ,[૮] સહુને આપે એ શુભ ગતિ એ ॥ ૬ ॥
એહ વિના નર નિરધાર, પાર તે કોઈ પામ્યા નહિ એ ॥
શું કહિયે વારમવાર, સહુ સમઝીને કરો સહી[૯] એ ॥ ૭ ॥

**૧.**ભેટ; દાન **૨.**સંસાર સાગરને **૩.**વહાણ **૪.**(સંસારરૂપી) સાગરને **૫.**ભક્તિરૂપી નાવથી **૬.**હોડી **૭.**ભિખારી **૮.**રાજા **૯.**સાચું

વખાણી વા'ણને તોલ, ભક્તિ અતિ ભવતરવા એ ॥
ભાગે[1] આવે બ્રહ્મમોલ, કેડે ન રહે કાંઈ કરવા એ ॥૮॥

ભક્તિથી નર અમર, અસુર પણ ઉદ્ધર્યા કંઈ એ ॥
સદા સુખ થાવાનું ઘર, ભક્તિ વિના ભાળ્યું નઈ એ ॥૯॥

ભક્તિ વશ્ય ભગવાન, આવે છે અક્ષરધામથી એ ॥
નકી એ વાત નિદાન, જૂઠી જરાયભાર નથી એ ॥૧૦॥

જે જે ધર્યા અવતાર, તે ભક્તની ભક્તિ જોઈને એ ॥
નથી થાતો નિરધાર, જે આવે તાણ્યા બીજા કોઈથી એ ॥૧૧॥

જોઈ લીધું છે જરૂર, અવિનાશીનું આંહીં આવવું એ ॥
ભક્તિ ભાળી ભરપુર, ભક્તનું દુઃખ નસાવવું એ ॥૧૨॥

તે વિના કર્યો તપાસ, અલબેલો આંહીં આવે નહિ એ ॥
ભક્તિવાળા ભક્ત પાસ રે'વા, ભાવે[2] બીજે ભાવે નહિ એ ॥૧૩॥

બીજા ઉદ્યમ કરે છે અનેક, પણ ભક્તિવાળા ભાવે ઘણું એ ॥
જેના તનમનમાં એ ટેક, જે કરવા ગમતું હરિતણું એ ॥૧૪॥

એવા ભક્ત જે કોઈ ભાવિક, હરિભક્તિ વિના ભાવે નહિ એ ॥
કરી અંતરમાંય વિવેક, ગુણ બીજાનો ગાવે નહિ એ ॥૧૫॥

સર્વે સાધનમાંહિ સાર, ભક્તિ કળશ કંચનનો[3] એ ॥
રાખવો એનો આધાર, વિશ્વાસ વા'લાના વચનનો એ ॥૧૬॥

તો પામિયે પરમ આનંદ, જીત થાયે જોયા જેવડી એ ॥
એમ કે' છે નિષ્કુળાનંદ, સર્વે ઉપર સગ્ય[4] ચડી એ ॥૧૭॥

સંવત સુંદર ઓગણીસ, વરસ જુગલ[5] વખાણિયે એ ॥
ચૈત્ર સુદી નૌમી દિનેશ,[6] ગ્રંથ પૂરણ પરમાણિયે[7] એ ॥૧૮॥

---

**૧.**ભાગ્યમાં **૨.**ગમે **૩.**સોનાનો **૪.**શિખર; ટોચ **૫.**બે **૬.**શ્રેષ્ઠ દિવસ હરિજયંતી **૭.**જાણીએ

દો સોરઠા દોહા દોય, ચુંવાળીશ કડવાં કહીએ એ ॥
પદ એકાદશ સોય, તે પર એક ધોળ લહીએ એ ॥૧૯॥
પંચ શૂન્ય પર આઠ,[1] ભક્તિ નિધિનાં ચરણ[2] છે એ ॥
કહે સુણે કરે પાઠ, તેને અભયકરણ[3] છે એ ॥૨૦॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિત:***
***ભક્તિનિધિ: સંપૂર્ણ: ।***

# ***ભક્તિનિધિ: સમાપ્ત:***

**૧.**૫૦૮ **૨.**કડીઓ **૩.**નિર્ભય કરનાર

# હરિબળગીતા

## :: ભૂમિકા ::

શરણાગતિ પ્રધાન આ અદ્‌ભુત ગ્રંથ સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીની કલમે સં.૧૮૯૮માં રચાયો છે. ૩૮ વર્ષ સુધી સાધુ જીવનનો અનુભવ થયા પછી, પૂ.સ્વામીએ ૭૬ વર્ષની પૌઢ અવસ્થાએ આ ગ્રંથ લખ્યો છે. એટલે આ ગ્રંથમાં લેખકની પીઢતા તથા પક્વતા સવિશેષ નીખરી છે.

આ ગ્રંથમાં શ્રીહરિના બળની ગાથા વર્ણવવામાં આવી છે, તેથી **'હરિબળગીતા'** આવું અન્વર્થ નામાભિધાન પણ અતિ યોગ્ય છે. આશરો, શરણાગતિ, પ્રપત્તિ, ભગવન્નિષ્ઠા અને આત્મસમર્પણ આ બધા શબ્દોનો અર્થ ઘણો જ મળતો છે. **બીજાં તમામ સાધનોમાંથી ઉપાયપણાની બુદ્ધિનો ત્યાગ કરી ભગવાનનો જ સાધન તથા સાધ્યસ્વરૂપે સ્વીકાર કરવો, એ જ શરણાગતિનું સાચું રહસ્ય છે. પુરુષોત્તમની પ્રાપ્તિ પુરુષોત્તમની કૃપાથી જ થાય છે.** એટલે જ આ ગ્રંથમાં બીજાં તમામ સાધનો કરતાં શરણાગતિની અતિ શ્રેષ્ઠતા વર્ણવવામાં આવી છે.

સાધનબળિયા માણસો કરતાં આશરાવાળા ભક્તો ભગવાનને વધુ વહાલા લાગે છે. કેમ જે, બીજાં સાધનોમાં સ્વબળ તથા અહં જીવતાં રહે છે, જ્યારે શરણાગતિમાં પોતાના અનન્ય આધાર તરીકે પ્રભુને જ સ્વીકારવાના હોય છે. તેમાં પરમાત્માનું પ્રધાનપણું તથા પોતાનું અહંશૂન્યપણું આપોઆપ આવી જાય છે, ને તે પ્રભુને અત્યંતપ્રિય છે. એટલે જ આશરાવાળા ઉપર શ્રીહરિનો સર્વશ્રેષ્ઠ રાજીપો થાય છે. વચ.ગ.પ્ર.૩૩માં પણ મહારાજે સમગ્ર સાધનોનો રાજીપો એક આશરામાં જ બતાવ્યો છે. આ રાજીપાના

પ્રતાપે જ શરણાગત જીવનાં તમામ પુણ્ય, પાપ અને દોષોને બાળી શ્રીહરિ તેને પોતાની સાક્ષાત્ પ્રાપ્તિ કરાવી આપે છે. આ બાબત પૂ.સ્વામી આ રીતે જણાવે છે –

***એમ જીવને જગદીશ છે, જનક જનની સમાન ।***
***નિષ્કુળાનંદ એહ નવ તજે, નિશ્ચે જાણો નિદાન ॥*** *(૨૧/૮)*

***પોતાના જાણી નવ પરહરે, કરે પ્રીતે કરી પ્રતિપાળ ।***
***અવગુણ ન જુવે અર્ભકના, જેમ જનની જાળવે બાળ ॥*** *(૨૨/૬)*

ઘણા ભક્તો પોતામાં રહેલા દોષો જોઈને હિંમત હારી જાય છે કે, મારો મોક્ષ થાશે જ નહીં. આવું માનીને નિરાશ થઈ ભગવાનની ભક્તિમાંથી પાછા પડી જાય છે. આવા ભક્તો માટે આ ગ્રંથ સંજીવની સમાન છે. આ ગ્રંથ મુમુક્ષુઓને બળિયા અને હિંમતવાન બનવાની જોરદાર ઉર્જા પૂરી પાડે છે.

આ ગ્રંથ દ્વારા સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ તે સ્પષ્ટ કરી દીધું છે કે, “જીવનો મોક્ષ સાધનોથી નહિ પણ, શ્રીહરિની દયાથી જ થાય છે. જીવનો મોક્ષ કરવા માટે ભગવાનને તેમના દૃઢ ભરોસાની જ અપેક્ષા છે, બીજાં સાધનો તો તેમની પ્રસન્નતા માટે કરવાનાં હોય છે. માટે જે જીવને ભગવાનનો જોરદાર ભરોસો છે, તેનો ભગવાન મોક્ષ કરશે જ.”

વચ.મ.૬૬માં મહારાજે પણ આ વાત કરી છે, “કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ છે... અને એ સાધન છે, તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.” “જીવ ગમે તે સાધન કરે, પણ તેનું ફળ તો પ્રભુ આપે તો જ મળે છે. કેમ જે, કર્મો સ્વયં નાશવંત તથા નિર્જીવ વસ્તુ છે, તે સ્વતંત્ર રીતે કોઈને કશું જ ફળ આપી શકે નહિ. માટે **લાખ સાધનો કર્યાં પછી પણ જીવની શુદ્ધિ તથા મુક્તિ તો પ્રસન્ન થયેલા પ્રભુની કૃપા થકી જ થાય છે,** સાધનોથી જ નહીં. આ વિષે પૂ.નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું છે જે –

***તેમ સાધન સર્વે કહિયે, તુંબા મશકને તુલ્ય ।***
***તેને ભરોસે ન ભવ તરે, જાય જનમ અમૂલ્ય ॥*** *(૩/૪)*

***અચળ આશ્રય ઉરમાં, પ્રભુ પ્રગટનો પ્રમાણ ।***
***એવા જન જે જગમાં, તે પામે પરમ કલ્યાણ ॥*** *(૩/૭)*

જે જીવ પોતાનું અહં તથા સાધનબળ છોડી શ્રીહરિને શરણે થાય છે તથા ભગવાનની જેમ મરજી હોય તેમ જ રહે છે, તેનાં પાપ તથા વાસનાને ખુદ ભગવાન

જ નાશ કરી દે છે. અર્જુનજીએ ભગવાનની મરજીથી મહાભારતના યુદ્ધમાં અનંતજીવોને મારી નાંખ્યા, તોપણ કાંઈ જ પાપ ન લાગ્યું. જ્યારે ભરતજીએ પોતાની લાગણીને વશ થઈ દયાખાતર મૃગલીના બચ્ચાને મોતમાંથી બચાવ્યું તથા અપાર પ્રેમ આપ્યો તોપણ મૃગ જેવો તુચ્છ જન્મ આવ્યો. માટે શરણાગતિ સમાન, પાપથી બચવાનો અને પ્રભુને પામવાનો બીજો કોઈ શ્રેષ્ઠ ઉપાય નથી. ગીતામાં પણ કહ્યું છે જે -

***सर्वधर्मान् परित्यज्य मामेकं शरणं व्रज । अहं त्वां सर्वपापेभ्यो मोक्षयिष्यामि मा शुचः ॥***

શરણાગતને સાધન તથા સાધ્ય તે બન્ને એક શ્રીહરિ જ હોય છે. આવો આશરો અખંડ સ્મરણમાં રાખવા માટે સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથની શરૂઆતમાં ભગવાનના નામજપનો ઉપાય સૂચવ્યો છે. આ ઉપાય તપ-તીર્થાદિ જેમ સ્વતંત્ર સાધનરૂપે નહિ, પણ શરણરૂપ શ્રીહરિનાં અખંડ સ્મરણ માટે કરવાનો હોય છે.

અહિ એક પ્રશ્ન થાય છે કે, જે પ્રભુની શરણાગતિ સ્વીકારે તેને બીજાં કોઈ સાધન કરવાનાં હોય છે કે નહિ ? જો અન્ય ઉપાયો કરવાના જ હોય તો પછી શરણાગતિનું મહત્ત્વ શું ? જો કાંઈ જ કરવાનું ન હોય, તો શું શરણાગતને સદા ખાઈ-પીને સૂઈ રહેવું જોઈએ ? આનો ઉત્તર એ છે કે, ભગવાનની જેમ મરજી હોય તેમ, તેમના સુખાર્થે તત્પર રહેવું તે શરણાગતનું કર્તવ્ય છે. એટલે આશ્રિતોએ પ્રભુની આજ્ઞા તો અવશ્ય પાળવી જ જોઈએ. સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ બાબતને આ રીતે જણાવી છે –

***હરિની આજ્ઞા માનવી મનજી, નરને કરવાં સર્વે સાધનજી ।***
***તેમાં કાંઈ ફેર ન પાડવો જનજી, પ્રગટ પ્રભુને કરવાં પ્રસન્નજી ॥*** (૯/૧)

શાસ્ત્રોમાં શરણાગતિનું પૂર્ણ સ્વરૂપ છ અંગોએ સહિત આ રીતે બતાવવામાં આવ્યું છે :

***आनुकूल्यस्य संकल्पः, प्रातिकूल्यस्य वर्जनम् ।***
***रक्षिष्यतीति विश्वासो, गोप्तृत्ववरणं तथा ॥***
***आत्मनिक्षेपकार्पण्ये, षड्विधा शरणागतिः ।***

(૧) **आनुकूल्यस्य संकल्प :** શરણરૂપ શ્રીહરિને જેમ સુખ થાય તેમ તેમની મરજીમાં અનુકૂળ થઈને રહેવાનો પાકો ઠરાવ રાખવો.

***મેલી ગમતું નિજ મનનું , કરે ગમતું તે ગોવિંદતણું ।***
***જેમ વાળે તેમ વળે વળી, મૂકી મમત આપણું ॥*** (૧૦/૫)

(૨) **प्रातिकूल्यस्य वर्जनम् :** પ્રભુને જે જે નથી ગમતું, તે બધું શરણાગતે છોડી દેવું. તેમણે જે જે કરવાની ના પાડી છે, તે ન જ કરવું.

(૩) **रक्षिष्यतीति विश्वास :** આજ સુધીમાં મેં પ્રભુના અનેક અપરાધો કર્યા છે, હજુ પણ મારામાં અનંત દોષો ભર્યા છે; છતાં પણ શરણાગત પાલક અને સર્વશક્તિમાન એવા શ્રીહરિ મારી સર્વ પ્રકારે રક્ષા કરશે જ. અને તેની પ્રાપ્તિ મને તે પોતે જ કરાવી આપશે. આવો મહાવિશ્વાસ રાખવો.

***સુખદાયી સદા શ્યામળો, જીવ જરૂર ઉરમાં જાણ્ય ।***
***દૃઢ ભરોસો ધર્મનંદનનો, અતિ અંતરમાંઈ આણ્ય ॥*** (પદ-૫-૧ )

(૪) **गोप्तृत्ववरणम् :** રક્ષા કરવાની પ્રાર્થના કરવી જે, "હે હરિ ! અખંડ આપના ગમતાંમાં જ રહેવાય તેવી આપ જ કૃપા કરીને મારી સર્વપ્રકારે રક્ષા કરશોજી."

(૫) **आत्मनिक्षेपः :** આત્માએ સહિત પોતાના સર્વસ્વનું સમર્પણ કરી દેવું. સર્વના માલિક શ્રીહરિને જ માની, અહં-મમત્વ રહિત થઈ અખંડ તેમની સેવા પરાયણ વર્તવું.

(૬) **कार्पण्यम् :** પોતાને વિષે સર્વ પ્રકારનું દીનપણું માનવું. "હે મહારાજ ! હું તો સર્વથા પરાધીન એવો અનન્યગતિ આપનો રાંક સેવક છું. મારી પાસે કોઈ જ બળ કે સાધન નથી. આપ જ પરમ કરૂણા કરીને મને નિભાવી લેજો. ને આપનો જ થઈને સદા રહું એવી કૃપા વરસાવજો."

***કેનેક બળ અન્ન ધન રાજ્ય તણુંજી, કેનેક બળ વળી વિદ્યાનું ઘણુંજી ।***
***કેનેક બળ દેહ દેખી આપણુંજી, એહ માંહેલું બળ નથી મારે અણુંજી ॥*** (૩૮/૧)

***લાજ મારી છે હરિ તમારે હાથજી, મુજ અનાથના તમે છો નાથજી ।***
***સંકટમાંહિ સ્વામી રેજો સાથજી, એટલી સુણજો ગરીબની ગાથજી ॥*** (૪૦/૧)

જીવાત્માઓ અનાદિથી ભગવાનના દાસ જ છે. તે શાસ્ત્રો પણ કહે છે :

***दासभूताः स्वतः सर्वे ह्यात्मानः परमात्मनः ।***

આ રીતે આ છએ અંગોએ સહિત ભગવાનનો આશરો સ્વીકારવો અને એક ભગવાનનું જ બળ રાખવું તે આ ગ્રંથનો મુખ્ય ગલિતાર્થ છે. આ ગ્રંથનો શ્રેષ્ઠ મહિમા તથા ફળ લેખક શ્રીનિષ્કુળાનંદસ્વામીએ કડવું-૪૪, પદ-૧૧માં કહ્યાં છે.

આ ગ્રંથમાં ૪૪ કડવાં, ૧૧ પદ અને કુલ મળી ૪૦૦ ચરણો છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुळानंदस्वामी रचित काव्य संग्रहे

# હરિબળગીતા

## કડવું-૧

**રાગ : ધન્યાશ્રી**

**મંગળમૂર્તિ શ્રીઘનશ્યામજી, શરણાગતના સદા સુખધામજી**
**પતિત પાવન પૂરણકામજી, અધમ ઉદ્ધારણ નિર્ભય નામજી**

**ઢાળ :**

નામ નિર્ભય નિગમ કહે, જે સમરતાં સંકટ ટળે ॥
દુષ્કૃત[૧] જેહ દેહધારીનાં, તેહ પાપના પુંજ પળે[૨] ॥ ૨ ॥
**પુરુષોત્તમ પ્રગટનું, નામ નિર્ભય નિશાણ ॥**
**જે જન જીભે ઉચ્ચરે, તે પામે પદ નિર્વાણ[૩] ॥ ૩ ॥**

**૧.**દુષ્કર્મ; પાપ **૨.**બળી જાય **૩.**મોક્ષ

જે નામે પામી ગુણકા ગતિ,[૧] થયો અજામિલનો ઉદ્ધાર ॥
અગણિત એહ નામથી, પતિત પામ્યા ભવપાર ॥૪॥
કરી[૨] ખરી દીનતા કરી, કરી આરતશું[૩] અરદાસ[૪] ॥
અર્ધો શબ્દ ઉચ્ચારતાં, આવ્યા વા'રે અવિનાશ ॥૫॥
કામુકીની[૫] કરણી કશી, અજામિલ નહિ અઘહીણ[૬] ॥
નારાયણના નામથી, થયા પાર પ્રીછો[૭] પ્રવીણ[૮] ॥૬॥
ત્રિલોકમાં તપાસતાં, નાવે નારાયણ નામ તુલ્ય ॥
પતિતને પાવન કરવા, એ છે નિધિ અમૂલ્ય ॥૭॥
જપ તપ તીર્થ જોગ જગન, વ્રત વિધિ દિયે વળી દાન ॥
નિષ્કુળાનંદ નારાયણના, ના'વે નામ સમાન ॥૮॥

## કડવું-૨

**નારાયણ નામનો મોટો મહિમાયજી, સુણ્યું મેં સર્વે શાસ્ત્રમાંયજી**
**જીવ હિત અર્થે એવું નહિ કાંયજી, સમજુ સમજી સમરે સદાયજી**

સમજુ સમજી સમરે, નિશદિન નારાયણ નામ ॥
શ્વાસ ઉશ્વાસે સંભારતાં, પળ પામે નહિ વિરામ ॥૨॥
શેષજી માહાત્મ્ય સમજી, કરે અખંડ નામ ઉચ્ચાર ॥
સહસ્ર મુખમાં જુગલ[૯] જીભે, રટે છે એકતાર ॥૩॥
પૃથુ[૧૦] મહિમા પ્રીછીને, માગ્યા દશ હજાર કાન ॥
નારાયણનાં નામ સુણવા, અતિશય ઉરમાં તાન ॥૪॥
હિરણ્યકશિપુ શ્રવણે સાંભળ્યો, નારાયણ નામનો નાદ ॥

**૧.**સત્પ્રાપ્તિ **૨.**હાથીએ **૩.**ગદ્‌ગદ ભાવે **૪.**પ્રાર્થના **૫.**વેશ્યાની **૬.**પાપ રહિત **૭.**સમજો **૮.**હે ડાહ્યા પુરુષો ! **૯.**બંને **૧૦.**પૃથુ રાજાએ

તપ તજી ત્રિયા[૧] ભજી, તેના થયા ભક્ત પ્રહ્લાદ ॥૫॥
પ્રહ્લાદ પ્રગટી પ્રીતશું, ભાવે ભજ્યા શ્રીભગવાન ॥
અભક્તકુળમાં ભક્ત થયા, નામ પ્રતાપે નિદાન[૨] ॥૬॥
વિભીષણને ભક્ત થાવું, નોયે રાક્ષસ કુળની રીત ॥
પણ જે જે જપે જગદીશને, તે થાય સર્વે પુનિત ॥૭॥
અસુરકુળ ને અઘે ભર્યા, તર્યા એવા જીવ અનંત ॥
નિષ્કુળાનંદ નારાયણ નામનો, મહિમા મોટો અત્યંત ॥૮॥

## કડવું-3

**ભવજળ તરવા ઘનશ્યામ નામ નાવજી, આવી બેસે એમાં કોઈ રંક કે રાવજી**
**પામે ભવપાર સે'જ સ્વભાવજી, તેહ વિના તરવા અન્ય ન ઉપાવજી[૩]**

ઉપાવ નથી આ જીવને, ભવજળ તરવા કાજ ॥
નારાયણના નામ રૂપી, જાણો અજર[૪] એ જા'જ[૫] ॥૨॥
મશક[૬] તુંબાં મગાવીને, કહુ કટિયે બાંધે કોય ॥
સરે[૭] ન ઊતરે સિંધુને, જે અતિ અગાધ છે તોય[૮] ॥૩॥
તેમ સાધન સર્વે કહિયે, તુંબા મશકને તુલ્ય ॥
તેને ભરોંસે ન ભવ તરે, જાય જનમ અમૂલ્ય ॥૪॥
માટે બળ રાખી બહુનામીનું, રહેવું નિર્ભય નરને નચિંત ॥
પતિતપાવન બિરુદ[૯] છે, તે તજશે નહિ કોઈ રીત ॥૫॥
એહ વિશ્વાસ અંતરે, રાખી તજે બીજું બળ ॥
તેહ પ્રાણી ઊતરશે, ભલી ભાતે ભવજળ ॥૬॥

---

**૧.**કયાધુને (પ્રહ્લાદની માતાને) **૨.**નક્કી **૩.**ઉપાય **૪.**જૂનું જ ન થાય તેવું **૫.**વહાણ **૬.**ચામડાની કોથળી **૭.**છેવટે **૮.**પાણી **૯.**વરદાન; પ્રતિજ્ઞા

અચળ[૧] આશ્રય[૨] ઉરમાં, પ્રભુ પ્રગટનો પ્રમાણ ॥
એવા જન જે જગમાં, તે પામે પરમ કલ્યાણ ॥૭॥
જ્યારે પોત[૩] ન તારે પાષાણને, તારે કાષ્ઠ તરણ[૪] કાં તુંબડાં ॥
નિષ્કુળાનંદ એ નાવનાં, વખાણ કેમ થાય વડાં ॥૮॥

## કડવું-૪

**એહ વિના ઉપાય હોઈ કોઈ એકજી, કે'જો સહુ સમજુ કરી વિવેકજી**
**એહ વિના સાધન બીજાં અનેકજી, અતિ મતિગતિયે નક્કી કર્યું નેકજી[૫]**

નક્કી તેનો નિર્ણય કર્યો, જોઈએ નિશ્ચયનું નરને જોર ॥
નાથના નિશ્ચય વિના, અતિ રહે અંધારું ઘોર ॥૨॥
પૂરણ પુરુષોત્તમ પ્રગટી, નરતનને ધરે નાથ ॥
તેહ મૂર્તિ જેહને મળે, તે સર્વે જન સનાથ ॥૩॥
મનુષ્યાકાર અપાર સામર્થી, જેહ સમે ધરે જેહ નામ ॥
તેહ નામ સમરતાં, જન થાયે પૂરણકામ ॥૪॥
જેમ વેઝું[૬] કરે કોઈ વ્યોમનું, તેની ખાલી ન જાયે ચોટ[૭] ॥
તેમ નામ ઘનશ્યામને, થાય કલ્યાણ કોટ ॥૫॥
જેમ ઈંદુમાં[૮] અગનિ નહિ, નહિ અર્ક માંહી અંધાર ॥
તેમ પ્રભુ પ્રગટમાં, નો'ય અમંગળ નિરધાર ॥૬॥
વિદ્યુત[૯] ન તજે વહનિ, શીતળતા ન તજે શ્રીખંડ ॥
તેમ કલ્યાણ મહારાજમાં, રહ્યું અતિશય અખંડ ॥૭॥
એહ દષ્ટાંતને ઉર ધરી, રે'વું નિઃસંશય નિર્ભય વળી ॥
નિષ્કુળાનંદ નિશ્ચે કહે, સત્ય માનજો સહુ મળી ॥૮॥

**૧.**પોલ વિનાનો મજબૂત **૨.**આશરો **૩.**વહાણ **૪.**તૃણ; સૂકું ઘાસ **૫.**સુદઢ **૬.**નિશાન; લક્ષ્ય **૭.**ઘા; મહેનત **૮.**ચંદ્રમાં **૯.**વીજળી

**પદ-૧ (રાગ : સામેરી મલાર)** **'સંત વિના સાચી કોણ કહે'** એ ઢાળ.

વિશવશા[1] એહ વાત છે, તમે સાંભળજો સહુ જન રે;
અંતરશત્રુ અજીત છે, પળેપળે પાડે છે વિઘન રે. વિશ૦ ॥ ૧ ॥

સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, એણે લીધી છે સહુની લાજ રે;
દેવ દાનવ માનવ મુનિ, એણે રોળિયો સુરરાજ રે. વિશ૦ ॥ ૨ ॥

નિર્દોષ જન કોઈ નજરે, નથી આવતાં નિરધાર રે;
કામ ક્રોધ લોભ મોહમાં, સહુ એબે[2] ભર્યાં અપાર રે. વિશ૦ ॥ ૩ ॥

એવા અવગુણ અવલોકીને, હરિ કરે કેનું કલ્યાણ રે;
નિષ્કુળાનંદ તૈયે[3] નાથને, ઠાલો ફેરો પડ્યો પરમાણ[4] રે. વિશ૦ ॥ ૪ ॥

## કડવું-૫

**જ્યારે જુવે જનના અવગુણ અવિનાશજી, ત્યારે કોઈ હોય નહિ હરિદાસજી**
**પતિતપાવન નામની જે આશજી, તેથી કહું સહુ થાય નિરાશજી**

નિરાશ થાય નરતન ધારી, જોઈ સંકલ્પનું જોર ॥
મન વચન કર્મે કરી, કે'દી મટે નહિ હરિના ચોર[5] ॥ ૨ ॥

કાં તો મનમાં ભોગવે, કાં તો વચને કરે વ્યભિચાર ॥
કાં તો કામાદિક કર્મે કરી, ધારી રહ્યા નર ને નાર ॥ ૩ ॥

શુદ્ધ અંતરે શોધતાં, જોતાં ન જડે કોઈ જીવ ॥
અંતર એવાં અવલોકીને, કહો પ્રસન્ન થાય કેમ પીવ[6] ॥ ૪ ॥

માટે કલ્યાણ કોઈનું, માનશો મા મનમાંય ॥
નિષ્કલંક થયા વિના, કારજ ન સરે કાંય ॥ ૫ ॥

---

**૧.**સો ટકા નક્કી **૨.**કલંકે; દોષે **૩.**તો તો **૪.**જાણ **૫.**ગુનેગાર **૬.**પ્રભુજી

અવિનાશીનું[૧] શું ઊપન્યું,[૨] નિરર્થક ધર્યું નરતન ॥
નારાયણના નામનું, ભયહરણ નહિ ભજન ॥૬॥
વેદ પુરાણે વર્ણવ્યો, અનેક જીવનો ઉદ્ધાર ॥
એહ વાતનો અંતરે, કહો કેમ થાય નિરધાર ॥૭॥
ભાંગી પડ્યું ભવ તરવું, વાત ઊભી ન રહી એક ॥
નિષ્કુળાનંદ નાસ્તિકપણું, ઉરમાં તે આવિયું નેક ॥૮॥

## કડવું-૬

**દોષે રહિત દેહધારી ન હોયજી, ચૌદ લોકમાં ચિંતવી જોયજી**
**કલંકરહિત સુણ્યા નહિ કોયજી, નહિ અસમર્થ સમર્થ હતા સોયજી**

સમર્થ શિવ બ્રહ્મા સહી, તે જાણે સહુ જગ સોય ॥
ડાઘ લાગ્યો જે દોયને, તે કહે છે સહુ કોય ॥૨॥
ઈંદ્ર ચંદ્ર આદ્યે કંઈ, સુર અસુર અનેક ॥
સહુનું શ્રવણે સાંભળ્યું, નિર્દોષ નહિ એહ નેક ॥૩॥
કૃષ્ણ કામિની[૩] કામવશ થઈ, સુત[૪] સાંબ સન્મુખ જોઈ ॥
અહલ્યા રેણુકા દ્રૌપદી, નિર્દોષ ન દીઠાં કોઈ ॥૪॥
પરાશર નારદ સૌભરી, સનકાદિક જે સુજાણ ॥
વશિષ્ઠ વળી વિશ્વામિત્ર, એકલશૃંગી પ્રમાણ ॥૫॥
કેનેક કામે રોળિયા,[૫] કેનિક લીધી લોભે લાજ ॥
કેનેક ક્રોધે કાયર કરી, રોળિયા રંક ને રાજ ॥૬॥
એવી વાતો અંતરે, તોળી કરવો તપાસ ॥
હારવી નહિ હિંમતને, મટવું નહિ હરિદાસ ॥૭॥

**૧.**પ્રગટ થયેલા પ્રભુનું **૨.**કાર્ય થયું ? **૩.**પટરાણીઓ **૪.**પુત્ર **૫.**પરાજિત કર્યા; ધર્મમાંથી પાડ્યા

ચડે તેહ પડે ખરા, બેસે ઊજળે વળી ડાગ ॥
નિષ્કુળાનંદ એ નવું નથી, એમ સમઝો સુભાગ ॥૮॥

## કડવું-૭

**એવી વાતો આગે બહુ થઈજી, નથી કે'વાની તોપણ કઈજી**
**એહ રીતે લાજ કો' કેની રઈજી, પણ એહ સહુની મોટપ ન ગઈજી**

મોટપ ન ગઈ મોટાતણી, તે નારાયણને નિશ્ચે કરી ॥
અતિ બળ આશ્રયનું, તેણે સંશયને[1] લીધો હરી ॥૨॥

ભૂંડી વાસના ભક્તને, જો અણુ અંતરમાં થાય ॥
સમજે બળ સાધનનું, તો સુખ ન રહે કાંય ॥૩॥

માટે બળ મહારાજનું, રાખવું હ્રદિયા માંય ॥
તેહ વિના અપરાધ ટાળવા, અન્ય નથી ઉપાય ॥૪॥

એવી રીતે અનેક જીવનો, આગે થયો ઉદ્ધાર ॥
સાર્થક[2] સર્વે થયા, આગમ હરિ અવતાર ॥૫॥

એહ વિના અનેક રીતે, વળી વાત ન બેસે બંધ ॥
દૈવી આસુરી ઉદ્ધર્યા, તે શ્રીહરિને સંબંધ ॥૬॥

મૂરતિ શ્રીમહારાજની, મહાનિધિ મંગળરૂપ ॥
જાણે અજાણે જે આશરે, તે થાય શુદ્ધસ્વરૂપ ॥૭॥

અજાણે અમૃત પાનથી, નર અમર થાય આપ ॥
નિષ્કુળાનંદ નારાયણ સંબંધે, સ્પર્શે નહિ પંચ પાપ ॥૮॥

## કડવું-૮

**સાધન સર્વે સમજવાં સત્યજી, એહમાં એકે નથી અસત્યજી**

---

**૧.**મારું કલ્યાણ થશે કે નહિ થાય ? એવા ડગમગાટને **૨.**સફળ

## રાખવાં નરને નક્કી કરી નિત્યજી, વિઘન પડે ન હારવી હિમત્યજી

વિઘન પડે વ્યાકુળ થઈ, અતિ થાવું નહિ ઉદાસ ॥
પતિત પાવન નાથનો, વડો[1] રાખવો વિશ્વાસ ॥૨॥
ભોળાઈએ કાંઈ ભૂલ્ય પડે, થાય ન કરવાનું કામ ॥
નર નિશ્ચયનું બળ લઈ, સમરવા ઘનશ્યામ ॥૩॥
કચવાઈ[2] કાયર થઈ, પાછા ન ભરવા પગ ॥
હૈયે હિંમત ન હારવી, મંડ્યું રે'વું મુવા લગ ॥૪॥
પડતાં આખડતાં રાહજ[3] પંથે,[3] ચાલવું ચિત્તે કરી ચાહ ॥
પડી ન રે'વું પૃથવી, લેવો એનો એહ રાહ ॥૫॥
જરૂર પોં'ચશું જાણવું, શ્રીહરિની હજૂર ॥
પગે પગે પંથ કાપશું, એમ જાણવું જન જરૂર ॥૬॥
ભક્ત છીએ ભગવાનના, મન વચન કર્મે કરી ॥
નિશ્ચે કર્યું છે નાથનું, તે ફરશે નહિ ફેરવે ફરી ॥૭॥
અચળ જાણી એ આશરો, ન્યૂન[4] માનવી નહિ મન ॥
નિષ્કુળાનંદ એ વારતા, નકી નિરવિઘન ॥૮॥

**પદ-૨ (રાગ : ધોળ) 'સંત વિના સાચી કોણ કહે'** એ ઢાળ.

ભીતર ભરોસો ભગવાનનો રે, જોઈએ ભક્તને ભરપૂર;
બીજી વાત છે બાદલી[5] રે, તમે જાણી લેજો જરૂર.
ભીતર૦ ॥૧॥
જેમ એક એકડો ટાળિયે રે, વળી વાળિયે સોયેક શૂન્ય;
બુદ્ધિવાનને બેરજ[6] બાંધવી રે, તે તો સમજણ્યમાં નૂન્ય.

**૧.**અતિ દઢ **૨.**દુઃખાઈને; ગભરાઈને **૩.**ધ્યેય પ્રાપ્તિના માર્ગે **૪.**ન્યૂનતા-અપૂર્ણતા
**૫.**નકલી; ખોટી **૬.**સરવાળાની આશા

ભીતર૦ ॥ ૨ ॥

તેમ મેલી બળ મહારાજનું રે, સાધનની માનવી સા'ય;
ભરી ગોળી[1] વારિ[2] વલોવતાં રે, ઊતરે નહિ માંખણ કાંય.
ભીતર૦ ॥ ૩ ॥

માટે મનમાં મોટો માનવો રે, પ્રગટ પ્રભુનો પ્રતાપ;
નિષ્કુળાનંદ તેહ નરનાં રે, ટળી જાયે અંતરના તાપ.
ભીતર૦ ॥ ૪ ॥

## કડવું-૯

**હરિની આજ્ઞા માનવી મનજી, નરને કરવાં સર્વે સાધનજી**
**તેમાં કાંઈ ફેર ન પાડવો જનજી, પ્રગટ પ્રભુને કરવા પ્રસન્નજી**

પ્રસન્ન કરવા મહાપ્રભુને, રે'વું આજ્ઞાને અનુસાર ॥
જે જે જેના ધર્મ છે, તે તે પાળવા કરી પ્યાર ॥ ૨ ॥
ધર્મે રાજી ધર્મના સુત, ધર્મ સાધુનો શણગાર ॥
ધર્મ ધારી સહુ રહ્યા, ચાર વર્ણ આશ્રમ ચાર ॥ ૩ ॥
તેમ ધર્મ ત્યાગી તણા, નિર્લોભી ને નિષ્કામ ॥
નિઃસ્પૃહી નિરમાનિતા, નિઃસ્વાદી એહ નામ ॥ ૪ ॥
તેમાં ફેર એક તલભાર, નવ પડવા દેવો નેક ॥
મુવા સુધી મૂકવી નહિ, ગૃહી ત્યાગી એહ ટેક ॥ ૫ ॥
મુખથી મોળી[3] વારતા, ભૂલ્યે[4] ભાષણ કરવી નહિ ॥
બળે સહિત બોલવું, સહુ સહુને ધર્મે રહી ॥ ૬ ॥
કાયરની વાતે કોઈને, ના'વે શૂરાતન સોય ॥
નપુંસક નરથી નારને, પુત્રની પ્રાપ્તિ ન હોય ॥ ૭ ॥

**૧.**દહીંમાંથી માખણ બનાવવાનું મોટું વાસણ **૨.**પાણી **૩.**હિંમત વિનાની; ઢીલી **૪.**અજાણતા પણ

માટે હૈયે હિંમત ધરો, અને કરો ખરો ખેલ ॥
નિષ્કુળાનંદનો નાથજી, થાશે રાજી અલબેલ ॥૮॥

## કડવું-૧૦

**રાજી કરવા પ્રગટ ભગવાનજી, સમાસમે સહુને રે'વું સાવધાનજી**
**મેલી જન મન તનનું માનજી, રાખવું હરિને રાજી કરવા તાનજી[1]**

તાન એમ તને મને, રાજી કરવાને હરિ કૃષ્ણ ॥
અહોનિશ[2] રહે આલોચના,[3] જાણે કેમ પ્રભુ થાય પ્રસન્ન ॥૨॥
તેને અર્થે તને કરી, કરે જપ તપ જોગ જગન ॥
તીરથ વ્રત કરે વળી, રાજી કરવા ભગવન ॥૩॥
તેહ સારુ તાવે[4] તનને, સહે કાયાયે કષ્ટ કોટ ॥
પણ હરિભક્તની રીતમાં, આવવા ન દિયે ખોટ ॥૪॥
**મેલી ગમતું નિજ મનનું, કરે ગમતું તે ગોવિંદતણું ॥**
**જેમ વાળે તેમ વળે વળી, મૂકી મમત આપણું ॥૫॥**
વા'લાના વચનનો, અતિ ઉર ઊંડો વિશ્વાસ ॥
માહાત્મય જાણી મહારાજનું, તજે અન્ય સુખ આશ ॥૬॥
સુખ નર નિર્જર તણાં,[5] સમઝે સ્વપ્ન સમાન ॥
નિર્ભય સુખ જાણી નાથનું, તેહ પર રહે ઘણું તાન ॥૭॥
એને અર્થે આપણું, ગણે નહિ તન મન ॥
નિષ્કુળાનંદ તે નર પર, પ્રભુ થાશે પ્રસન્ન ॥૮॥

## કડવું-૧૧

**વળી પ્રભુ પ્રસન્ન કરવા કાજજી,[6] બહુબહુ કર્યું મો'રે ઋષિરાજજી**

**૧.**શૂરાતન, ઈશક **૨.**રાત-દિવસ **૩.**ઝંખના **૪.**કષ્ટ આપે **૫.**મનુષ્ય તથા દેવોનાં **૬.**માટે

**મોટે મોટે મહીશે[1] મૂક્યાં રાજસાજજી, તનસુખ સર્વે કરિયાં તાજજી[2]**

તજ્યાં સુખ સંસારનાં, ભજ્યાં શ્રી ભગવન ॥
એની રીત સુણી શ્રવણે, થાય ત્રાહિ ત્રાહિ મન ॥૨॥
આરુણી ને ઉપમન્યુ, ઋષિ જાજળી તપસી જેહ ॥
પ્રભુજીને પ્રસન્ન કરવા, ગણ્યું નહિ નિજદેહ ॥૩॥
મયુરધ્વજ ને મીરા વળી, ભૂપ ભર્તૃહરિ ને ગોપીચંદ ॥
સમસ્ત બરેજ ને શેખ ફરીદ, મનસૂર ને બાજિંદ ॥૪॥
એહ આદિ અનેક બીજા, ઘણું રાજી કરવા ઘનશ્યામ ॥
સુખ તજ્યાં શરીરનાં, અન્ન ધન ધરા ત્રિય[3] ધામ[4] ॥૫॥
પંચ વિષયને પરહરી, થયા અરિ[5] મન ઈંદ્રિ તણા ॥
પરલોકની પ્રતીત આણી, સહ્યાં કષ્ટ શરીરે ઘણાં ॥૬॥
ખોટ ન આણી ખપમાં, બાંધી મમત મહાસુખ માંઈ ॥
તનસુખથી મન ઊતર્યું, ઠર્યું નહિ ચિત્ત ક્યાંઈ ॥૭॥
એવી રીત હરિભક્તની, પ્રભુ વિના બીજે પ્રીતિ નહિ ॥
નિષ્કુળાનંદ નક્કી વારતા, હરિજનની વર્ણવી કહી ॥૮॥

## કડવું-૧૨

**વળી વળી કહું હરિજનની જે રીતજી, સહુ કોઈ સુણજો દઈ એક ચિત્તજી**
**જેની બંધાણી પ્રભુ સાથે પ્રીતજી, તેને રે'વું મન ઈંદ્રિય જીતજી**

મન ઈંદ્રિયને જીતવા, કરવી જુગતિ[6] જન જરૂર ॥
એની આગળ અનાથ[7] રે'તાં, દુઃખ ન થાયે દૂર ॥૨॥
આગ્નીધ્ર ને દીર્ઘતમા, વળી ઈંદ્રાદિ સુર અસુર ॥

૧.રાજાઓએ ૨.ત્યાગ ૩.સ્ત્રી ૪.મહેલ ૫.શત્રુ ૬.યુક્તિ; ટેક્નિક ૭.રાંક

અજીત[૧] ઈંદ્રિયે થયા, રહ્યા તેણે દુઃખી ભરપૂર ॥૩॥
વિષય સારુ વિકળ થયા, કર્યાં ન કર્યાંનાં કાજ ॥
મે'ણું માથે રહી ગયું, કહો કિયાં રહી લાજ ॥૪॥
લાજ ગઈને કાજ બગડ્યું, વળી કલંક બેઠો શિર ॥
આજ સુધી એ વાતને, નિંદે છે ધાર્મિક ધીર[૨] ॥૫॥
માટે સહુએ સચેત[૩] રે'વું, નવ ગ્રે'વું, એવું આચરણ ॥
નિર્વિઘન એહ વાત છે, સદાય એહ સુખકરણ ॥૬॥
સુણી સુખ ઘનશ્યામમાં, ચોટાડવું તેમાં જઈ ચિત્ત ॥
અસત્ય સુખની આશ મૂકી, બાંધવી પ્રભુશું પ્રીત ॥૭॥
એવા ભક્ત ભગવાનના, અતિ વા'લા વા'લાને[૪] મન ॥
નિષ્કુળાનંદ નિર્ભય થયા, જેની ઉપર પ્રભુ પ્રસન્ન ॥૮॥

**પદ-૩ (રાગ : બિહાગડો) 'સરલ વરતવે છે સારું મનવા'** એ ઢાળ.

જેને પ્રસન્ન થયા પરબ્રહ્મ રે, જેને પ્રસન્ન૦
તેને નડે નહિ કોઈ કર્મ રે, જેને પ્રસન્ન૦
જેમ કોઈ પારસને[૫] પામે, તેને કરવો ન રહે ઉદ્યમ;[૬]
ઉદ્યમ વિના અતિ સંપત્તિ પામે, વામે વેળા વિષમ[૭] રે.
જેને પ્રસન્ન૦ ॥૧॥
નવનિધિ અષ્ટસિદ્ધિ આ લોકે, સહુને પામવી અગમ;[૮]
તે તો દાસી થઈ રહે છે દ્વારે, સા'ય કરવા સુગમ રે.
જેને પ્રસન્ન૦ ॥૨॥
સે'જે સે'જે સુખ રહે સહવાસે, પડે નહિ પરિશ્રમ;

**૧.**પરાજિત **૨.**સત્પુરુષ **૩.**સાવધાન **૪.**ભગવાનને **૫.**લોખંડને સ્પર્શતાં સોનું બનાવે તે પારસમણિને **૬.**પરિશ્રમ **૭.**વિકટ; દુઃખભરી **૮.**અશક્ય

વણ ચિંતવે આવી મળે વસ્તુ, એમ વદે છે આગમ[૧] રે.
જેને પ્રસન્ન૦ ॥ ૩ ॥
અચળ આસન[૨] ઉપર બેઠા આવી, જે છે આસન અતિ રમ્ય;
નિષ્કુળાનંદ નિઃશંક થયા છે, નિશ્ચે કહે છે નિગમ[૩] રે.
જેને પ્રસન્ન૦ ॥ ૪ ॥

## કડવું-૧૩

**નિગમ કહે છે વારતા નકીજી, જૂઠી ન થાય તેહ કોઈ થકીજી**
**સર્વે પુરાણે પ્રમાણી પકીજી, તે છે જગ છતી નથી એહ ઢાંકીજી**

ઢાંકી નથી એહ વારતા, છે પુરાણમાં પ્રસિદ્ધ ॥
સાધન નરને ન મૂકવાં, રાખવાં ભલી વિધ ॥ ૨ ॥
વચન લઈ વા'લા તણું, કરવું પુરુષ-પ્રયતન ॥
વચન વડે વડાઈ છે, તે જાણજો તમે જન ॥ ૩ ॥
વિધિ[૪] વામ[૫] વચને કરી,[૬] સરજે સંહારે સૃષ્ટિ સોય ॥
શશી સૂરમાં સમર્થપણું, તેહ વચન વિના નો'ય ॥ ૪ ॥
અહીંદ્ર[૭] ઈંદ્ર આદિ કઈ, જગમાંહી મોટા જેહ ॥
મોટપ તેહ મહારાજથી, પામ્યા છે સહુ કોઈ એહ ॥ ૫ ॥
મહિમા જાણી મહાપ્રભુનો, નથી લોપતા વચન લેશ ॥
તેણે કરીને તેહની, રહી છે મોટાઈ હંમેશ ॥ ૬ ॥
ફેર પડ્યાનો ફડકો[૮] ઘણો, અતિ રહે છે ઉરમાંઈ ॥
તેણે કરી તત્પર રે' છે, સર્વે સમે સદાઈ ॥ ૭ ॥
એમ કરતાં અષ્ટમાં,[૯] એક બે જો અવળાં હોય ॥
નિષ્કુળાનંદ નચિંત રહેવું, હરિ શરણાગતને સોય ॥ ૮ ॥

૧.શાસ્ત્રો ૨.પદ; સ્થાન ૩.વેદો ૪.બ્રહ્મા ૫.શંકર ૬.ભગવાનની આજ્ઞા વડે ૭.શેષનાગ ૮.ફફડાટ; ભય ૯.દેશ, કાળ, ક્રિયા, સંગ, શાસ્ત્ર, મંત્ર, દેવતા અને ધ્યાન આ આઠમાં

## કડવું-૧૪

**ભવ બ્રહ્માને આવી ગઈ ભૂલજી, ખરી ખોવાણી લાજ અમૂલજી**
**ત્યારે સુર અસુરનાં શિયાં શૂલજી,[૧] અંતરઅરિ[૨] આગે ન રહી કેની ફૂલજી[૩]**

અંતરશત્રુ અજીત છે, પળે પળે પાડે છે ફેર ॥
હંમેશ હરિભક્તપણું, રે'વા ન દિયે કોય વેર[૪] ॥૨॥

ક્ષણક્ષણમાં ખોટા ખરા, ઘણા ઘણા ઘડે છે ઘાટ ॥
તેણે કરી ત્રિલોકમાં, નાના મોટા એક વાટ[૫] ॥૩॥

કામ ક્રોધ લોભે વળી, લીધી નહિ કેની લાજ ॥
ઓશિયાળા સહુ અંતરે, રહે નર અમર સુરરાજ ॥૪॥

વિકટ છે એહ વારતા, હરિભક્ત રે'વું હંમેશ ॥
દાઘ ન લાગે દલમાં, કામ ક્રોધ લોભનો લેશ ॥૫॥

મોટા મેશના મંદિરમાં, વસવું શ્વેત વસન[૬] ॥
લાગે નહિ મેશ લૂગડે, એવા તો કોઈક જન ॥૬॥

વેરીને વાસે[૭] વસવું, વળી રાખવી ઊગરવા આશ ॥
કુશળ નર તે કેમ રહે, વે'લો મોડો થાય વણાસ[૮] ॥૭॥

અદોષ રહેવું એહથી, એવી સુણી નહિ કોઈ રીત ॥
નિષ્કુળાનંદ એ નવું નથી, સહુ વિચારી જુવો ચિત્ત ॥૮॥

## કડવું-૧૫

**પંચ વિષય છે સહુનું પોષણજી, જેમ જન જીવે ખાઈ અન્નકણજી**
**પલ[૯] જળ ફળ દલ[૧૦] દાર તૃણજી, વણ પોષણે પામે પ્રાણી મરણજી**

**૧.**પરાક્રમ; ગણતરી **૨.**અંતઃશત્રુ **૩.**આબરૂ **૪.**સમયે **૫.**એક સરખા **૬.**વસ્ત્રે **૭.**ઘરે **૮.**વિનાશ **૯.**પળી; પાશેર **૧૦.**પાંદડાં

પોષણ વિના પ્રાણીના, પ્રાણ રે'વા નહિ કોઈ રીત ॥
તેમ લોભાદિક લાગી રહ્યા, કોઈ બળે ન ટળે અજીત ॥૨॥
કાઢી કાઢી જાય કાઢવા, ત્યાગી ત્યાગી કરવા ત્યાગ ॥
મુવા સુધી મૂકે નહિ, ભીતરમાંથી એ ભાગ ॥૩॥
બહુ બળ એહ ઉપરે, કરે કોઈક જન અતિ ॥
પોં'ચે નહિ દન પાછળે, એમ સમજવું શુભમતિ ॥૪॥
અંડજ[1] જેમ ઊંચાં ચઢી, ઈચ્છે અડવા વળી આકાશ ॥
પોં'ચે કઈ પેર પંખિયાં, જેનો વૃક્ષ પર છે વાસ ॥૫॥
તેમ વિષયથી વેગળાં, નવ રહે કોઈ નિરધાર ॥
એવી ખોટ્ય ખોળતાં, કોય હોય નહિ ભવપાર ॥૬॥
દૈહિક દોષ દેહમાં, જે રહ્યા છે એકતાર ॥
તેને શોધી શુદ્ધ કરતાં, લાગે સહુને વાર ॥૭॥
માટે મોટો માનવો, મને પ્રભુજીનો પ્રતાપ ॥
નિષ્કુળાનંદ ન કરવો, અંતરમાંહી ઉતાપ[2] ॥૮॥

## કડવું-૧૬

**મેલી પ્રતાપ ઘનશ્યામનો ઘણોજી, લિયે આશરો સાધનતણોજી**
**માને મહિમા તેમાં આપણોજી,[3] બીજા કોઈ ગણો કે ન ગણોજી**

ગણો કે કોઈ નવ ગણો, પણ નિજ પ્રતાપ માને મને ॥
જોર મૂકી જગદીશનું, સુખ માને કરી સાધને ॥૨॥
સાધને કરી સ્વર્ગલોકમાં, જાતો હતો નહૂષ નરેશ ॥
શચીપતિયે[4] પૂછિયું, ત્યારે કહ્યું ન કહ્યું લેશ ॥૩॥

૧.પક્ષીઓ ૨.સંતાપ; ખેદ ૩.પોતાનો ૪.ઈન્દ્રએ

ત્યારે અમરેશે એમ કહ્યું, પૂછે આરતવાન[૧] કોઈ આવીને ॥
જથારથ તેને જણાવવું, ભાળી ભક્ત ભાવિકને ॥૪॥

ત્યારે નહૂષ કહે અન્નકણ ગણે, ભૂરજ[૨] ઉડુ[૩] આકાશ ॥
વનપાત[૪] ગાતરોમાવલી,[૫] કરે કોઈ તેનો તપાસ ॥૫॥

પણ મારા પુન્યનો, ન થાય કોણે નિરધાર ॥
એમ કે'તાં મોટપ આપણી, પડ્યો પૃથ્વી મોઝાર ॥૬॥

**મેલી પ્રતાપ મહારાજનો, અને ગાયો પોતાનો ગુણ ॥**
**આજ પહેલાં પડ્યાં કંઈ, કહોને તે તર્યો કુણ ॥૭॥**

**માટે ભરોંસો ભગવાનનો, રાખવો અતિશય ઉર ॥**
**નિષ્કુળાનંદ એહ વારતા, અચળ જાણો જરૂર ॥૮॥**

## પદ-૪ (રાગ : રામગ્રી)

**'મનરે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

અચળ ભરોસો ભગવાનનો, જોઈએ જનને જાણો,
એહ વિના બીજી વારતા, પાંપળાં[૬] પ્રમાણો..અચળ૦ ॥૧॥

હરિપ્રતાપ હૈયા થકી, ન મટાડવો માનો,
સમર્થ સમજવા સ્વામીને, જોવો દોષ પોતાનો..અચળ૦ ॥૨॥

**સરસ ન થાવું સંતથી, રે'વું દાસના દાસ,**
**દીન જાણી દયા કરે, હરે તન મન ત્રાસ..અચળ૦** ॥૩॥

એહ વાર્તા અનુપમ છે, નિરવિઘન નિહાળો,[૭]
નિષ્કુળાનંદ બીજી વારતા, ભરી વિઘને ભાળો..અચળ૦ ॥૪॥

---

**૧.**દુઃખી; શરણાગત **૨.**પૃથ્વીના રજકણ **૩.**તારાઓ **૪.**વનનાં પાંદડાં **૫.**શરીરનાં રુંવાડાં **૬.**ફાંફા; તુચ્છ **૭.**જાણો

## કડવું-૧૭

**નિરવિઘન છે નાથનું શરણજી, નિજસેવકને સદા સુખકરણજી**
**જોગ અજોગ[૧] થયું હોય આચરણજી, તેહના અઘના[૨] ઓઘનું[૩] હરણજી**

હરે અઘના ઓઘને, છે એવું પરમ પાવન ॥
જે જે જન એને આશર્યા, તે સર્વે થયા ધન્ય ધન્ય ॥૨॥
ગોપીને ગોવાળ બાળ, ગાય ગોધા[૪] ને વત્સ વળી ॥
અઘાસુર બકાસુર ને બકી,[૫] એહ આદ્યે બીજા મળી ॥૩॥
કુબજ્યા વળી કંસ આદિ, શાલવને શિશુપાળ ॥
એવાને અભય પદ આપ્યું, બીજો એવો કોણ દયાળ ॥૪॥
પાંડવને પાંચાલી વળી, કુંતા સમ નહિ કોય ॥
સૌનું શાસ્ત્રમાંહી સાંભળ્યું, નેક નિર્દોષ ન હોય ॥૫॥
સુણી પુરાણે પરીક્ષા કરી, જાણું જથાર્થ જરૂર ॥
કલંક રહિત કોઈ નહિ, કોણ ભક્ત અભક્ત અસુર ॥૬॥
પણ જેને સંબંધ શ્રીહરિતણો, તે પામ્યા પદ નિર્વાણ ॥
એહ આદિ અનેક એવા, તેનું કેમ ન કહીએ કલ્યાણ ॥૭॥
**દાસ અદાસના દોષને, જ્યારે જુવે જગજીવન ॥**
**નિષ્કુળાનંદ હરિધામને, પામે નહિ કોઈ જન ॥૮॥**

## કડવું-૧૮

**અઘાસુર બકાસુર ને બકીજી, એહ તો અસુર ખરા ઘરથકીજી[૬]**
**શાલવને શિશુપાળ ક્રોધકીજી, એહનું કલ્યાણ નવ જોઈએ નકીજી**

નકી ન જોઈએ કલ્યાણ એનું, જોઈએ નિશ્ચે નરકમાંહી વાસ ॥

**૧.**યોગ્ય-અયોગ્ય **૨.**પાપનાં **૩.**સમૂહનું **૪.**બળદ **૫.**પૂતના **૬.**પહેલેથી જ

તે પણ સમાવ્યાં તેજમાં, એવા છે અવિનાશ ॥૨॥
જેમ ભૂંડા ભૂંડાઈ નવ તજે, ભલા તજે નહિ ભલાઈ ॥
તેમ દયા દયાળમાં, સહી[1] રહી છે સદાઈ ॥૩॥
નવ જુવે જનની કરણી, જુવે નિજમોટપ જગદીશ ॥
આવે અઘવંત[2] આશરે, તેના ગુના કરે બક્ષિસ ॥૪॥
ટળે નહિ એહ ટેવ પડી, પાપીનાં પ્રજાળવા પાપ ॥
એહ અર્થે નરતન ધરી, હરિ આવે અવનિએ આપ ॥૫॥
મહા અઘહર મૂરતિ, જેહ જને જોઈ ઝાંખી કરી[3] ॥
તે જન્મ મરણની જાળમાં, નિશ્ચે નર ના'વે ફરી ॥૬॥
**એવા પ્રભુને આશરી, રે'વું મને મગન મસ્તાન ॥**
**કોઈ રીતે અકાજ[4] આપણું, નહિ થાય નિદાન ॥૭॥**
શરણ લઈ ઘનશ્યામનું, શાને કરવો સંશય શોક ॥
નિષ્કુળાનંદ નિશ્ચે પામશું, ગુણાતીત જે ગોલોક ॥૮॥

## કડવું-૧૯

**વળી કહું એક વારતા સરસજી, પતિવ્રતા જેને એક પુરુષજી**
**પંચને[5] પત્ની એક નેક નરસજી,[6] એમ કહે છે પુરાણ અષ્ટાદશજી[7]**

અષ્ટાદશ આગમમાં, નિર્ણય કર્યો છે નેક ॥
પતિને બહુ પતની, પત્નીને પતિ એક ॥૨॥
એહ મર્યાદા પુરાણમાં, બાંધી બહુ બળવાન ॥
સહુ સહુને ધર્મે રહી, ભજવા શ્રી ભગવાન ॥૩॥
ધર્મદ્વેષી હરિધામમાં, નવ પોં'ચે નિર્વાણ ॥

**૧.**નક્કી **૨.**પાપી **૩.**નીરખીને **૪.**અકલ્યાણ **૫.**પાંચ પતિને **૬.**અયોગ્ય **૭.**અઢાર

પંચાલી આદિ એ પંચનું, કેમ માનવું કલ્યાણ ॥૪॥
માટે એ વાત મૂકી દિયો, લિયો હરિશરણનું જોર ॥
ક્રિયા જોતાં કોઈની, નથી આવતો નોર[1] ॥૫॥
પ્રજ્ઞાચક્ષુ[2] પતિ સુણી, કરી ગાંધારીએ મન ગોત[3] ॥
તરત નેત્ર મીચિયાં, એવી પતિવ્રતા ઉદ્યોત[4] ॥૬॥
પણ શ્રીહરિના સંબંધ વિના, અર્થ ન સર્યો એક ॥
શઠપણે[5] સમજ્યા વિના, ઠાલી ઝાલી એહ ટેક ॥૭॥
એવા જીવ કઈ જગતમાં, ઘણું ધર્મવાળા કે'વાય ॥
નિષ્કુળાનંદ કે' કર્ણ દાની,[6] જરાસંધ બ્રહ્મણ્ય[7] જગમાંય ॥૮॥

## કડવું-૨૦

**પ્રાચીનબર્હિ નૃપ પ્રસિદ્ધિજી, જેણે યજ્ઞ કર્યા બહુ વિધિજી**
**અગ્નિકુંડે કરી ભૂમિ ભરી લીધીજી, ન મળી યજ્ઞ જાગ્ય ત્યારે અરજી કીધીજી**

અરજી કીધી અધિપતિ, સુણી આવિયા નારદ સોય ॥
ભલો ભલો તું ભૂપતિ, તુજ જેવો નરેશ ન કોય ॥૨॥
ભરી જગને ભૂમિકા, તેમાં હોમ્યા પશુ હજાર ॥
તે વાટ જુવે છે સ્વર્ગમાંહી, તને તેમજ કરવા ત્યાર ॥૩॥
કે'છે અસમર્થ જાણી અમને, એણે જોરે તે લીધો જીવ ॥
અર્થ[8] સાર્યો આપણો, એણે કાપી અમારી ગ્રીવ[9] ॥૪॥
એહ તું નથી તપાસતો, જજ્ઞ સારુ ગોતે છે જાગ ॥
એહ મોટી મૂરખાઈનો, તું કરને હવે ત્યાગ ॥૫॥
એવું સુણી નારદથી, ભૂલ્ય મૂકી દીધી ભૂપાળ ॥

**૧.**નિવેડો; નિર્ણય **૨.**અંધ **૩.**શોધ; વિચારણા **૪.**પ્રસિદ્ધ **૫.**મૂર્ખામીથી **૬.**દાનવીર **૭.**બ્રાહ્મણ ભક્ત **૮.**સ્વાર્થ **૯.**ડોક; ગળું

યજ્ઞનું ફળ જોઈને, તેમ જ કર્યું તત્કાળ ॥ ૬ ॥
માટે મેલી મદત મહારાજની, જાણે નિજ કર્તવ્યનું જોર ॥
જેમ લાગે[1] લાલ માલ[2] નહિ, જેવાં શિયાળ બગાંમણાં[3] બોર ॥ ૭ ॥
સર્વે સિદ્ધાંતનું સિદ્ધાંત છે, હૃદે રાખવું હરિ ઉપરાળ[4] ॥
નિષ્કુળાનંદ એહ વારતા, છે સુખદાયી સદા કાળ ॥ ૮ ॥

**પદ-૫ (રાગ : સોરઠ) 'સંત વિના સાચી કોણ કહે'** એ ઢાળ.

સુખદાયી સદા શ્યામળો, જીવ જરૂર ઉરમાં જાણ્ય;
દઢ ભરોસો ધર્મનંદનનો, અતિ અંતરમાંઈ આણ્ય. સુખ૦ ॥ ૧ ॥
પ્રથમ પોં'ચ[5] પોતાની જોઈને, પછી મનમાં ધરીએ માન;
એવું ન થાય આપણે, જેવું ભલું કરે ભગવાન. સુખ૦ ॥ ૨ ॥
જેમ મેઘ જીવાડે મેદિની,[6] વળી અર્ક[7] ટાળે અંધાર;
એવું કામ કોયથી રે, જોને નવ થાય નિરધાર. સુખ૦ ॥ ૩ ॥
તેમ જે નીપજે[8] જગદીશથી, તે ન નીપજે જીવથી જાણ્ય;
નિષ્કુળાનંદ ન કીજીએ રે, ઠાલી તપાસ્યા વિના તાણ્ય.[9] સુખ૦ ॥ ૪ ॥

## કડવું-૨૧

**જૂઠી સામર્થી જીવની જાણીએજી, પૂરણ સામર્થી પ્રભુની પ્રમાણીએજી**
**એહ ભરોસો દઢ ઉરમાં આણીએજી, વણ તપાસે વળી શીદ તાણીએજી**

તપાસ વિના ન તાણીએ, જોઈએ જીવ વિચારી વાત ॥
મોટાની મોટપ શા વડે, એમ સમજવું સાક્ષાત ॥ ૨ ॥
પિતા પાળે જેમ પુત્રને, વળી પ્રીતે કરે પ્રતિપાળ[10] ॥

૧.દેખાય ૨.સ્વાદ; મીઠાશ ૩.છેતરામણાં ૪.બળ; સહાય ૫.શક્તિ; કેપેસિટી ૬.આખી પૃથ્વીને ૭.સૂર્ય ૮.કાર્ય થાય ૯.હઠ; આગ્રહ ૧૦.રક્ષા

સુખ કરે ને દુઃખ હરે, શોભાવે સદાય કાળ ॥૩॥
ખાવા પીવા બોલવા, વળી રે'વા શીખવે રીત ॥
અરિ મિત્ર પર[૧] આપણાં, તેહ નકી કરાવે નીત ॥૪॥
એમ હમેશ હેત કરે, ફરે બાળકની વાંસે વળી ॥
પ્રીતે પાળે પુત્ર જાણી, માત તાત દોયે મળી ॥૫॥
બાળપણામાં બહુ પેરે,[૨] આવે બની અપરાધ ॥
તોય અવગુણ ન લિયે અર્ભનો,[૩] સમઝે સુતને અસાધ[૪] ॥૬॥
એમ મોટાની મોટપનો, કોઈ પામી શકે નહિ પાર ॥
પુત્ર પિતાને પટંતરે,[૫] સમઝુ સમઝો સાર ॥૭॥
એમ જીવને જગદીશ છે, જનક[૬] જનની સમાન ॥
નિષ્કુળાનંદ એહ નવ તજે, નિશ્ચે જાણો નિદાન ॥૮॥

## કડવું-૨૨

**પત્નીનું પાલન કરે જેમ પતિજી, પ્રજાનું પાલન કરે છે ભૂપતિજી**
**સદગુરુ શિષ્યને આપે સદમતિજી, એહ રીત જાણો જુગોજુગ છતિજી[૭]**

છતી છે એ છાની નથી, હોય જે જે જેના આશ્રિત ॥
તે તેનું પાલન કરે, એહ અનાદિની રીત ॥૨॥
આવડત ન હોય જો એહમાં, તો કરે વાલપશું વાત ॥
હૈયે હેત અતિ ઘણું, દેખાડે દિન ને રાત ॥૩॥
જેમ પડે એને પાધરું,[૮] એમ અખંડ કરે ઉપાય ॥
પોતાના જાણી પીડા હરે, કરે સેવકની સા'ય ॥૪॥
તેમ ઘનશ્યામ જાણી ઘરનાં, કરે મે'ર હરે મહાકષ્ટ ॥

---

**૧.**પારકા **૨.**પ્રકારે **૩.**બાળકનો **૪.**અબુધ; કાચી મતિવાળો **૫.**દષ્ટાંતે **૬.**પિતા **૭.**પ્રસિદ્ધ **૮.**સરલ પડે; યોગ્ય થાય

એહ વારતા વેદ પુરાણે, સૂચવે છે જો સુસ્પષ્ટ ॥૫॥
પોતાનાં જાણી નવ પરહરે,[૧] કરે પ્રીતે કરી પ્રતિપાળ ॥
અવગુણ ન જુવે અર્ભના, જેમ જનની જાળવે બાળ ॥૬॥
પશુ પંખી નર નિર્જર,[૨] સહુ સુતને પાળે સદાય ॥
તેમ શ્રી હરિકૃષ્ણ કરે, સેવક જનની સા'ય ॥૭॥
નિરાધાર[૩] નારાયણ વિના, નર નીપજ્યા નહિ એક ॥
નિષ્કુળાનંદ એહ વાતને, વિચારો કરી વિવેક ॥૮॥

## કડવું-૨૩

**માતાપિતાથી પામે પ્રાણી દેહજી, તેહમાં આવી વસે જીવ જેહજી**
**ન હોયે કર્તવ્ય એહનું[૪] એહજી, એહના કારણ શ્રીહરિ તેહજી**

શ્રીહરિ વિના સમાજ[૫] એવો, કહોને કોણથી થાય ॥
શ્રવણ નયન નાસિકા, દંત જિહ્‌વા કરી મુખમાંય ॥૨॥
હાથ પગ આંગળિયો, નખ-શિખા મુવાળા મોછ[૬] ॥
કીધો સમાજ સુખનો, કોઈ રીતે ન રાખી ઓછ ॥૩॥
વળી અંતઃકરણ ને ઈંદ્રિયો, પ્રાણવાયુ દશ પ્રકાર ॥
એવું કરતાં કોઈને, ન આવડે નિરધાર ॥૪॥
કસર કોઈ વાતની, નારાયણે રાખી નથી ॥
જુવો વિચારી જીવમાં, વળી વળી શું કહુ કથી ॥૫॥
જીવ જાણે હું જોર[૭] છઉં, જે કરું તે કેમ ન થાય ॥
પણ વિચારે આવી વાતને, તો જેમ છે તેમ જણાય ॥૬॥

**૧.**ત્યાગી દે **૨.**દેવ **૩.**જેને કોઈના આધારની જરૂર નથી એવા **૪.**જીવનું **૫.**સમૂહ; સંયોગ **૬.**મૂંછ **૭.**બળવાન

**માટે અસમર્થ આપણે, સમર્થ શ્રી ભગવાન ॥**
**એવું સમઝી અંતરે, મૂકવું કર્તવ્યનું[1] માન ॥૭॥**

કર્યું શ્રીકૃષ્ણનું થાય છે, જનથી ન થાય જરાય ॥
નિષ્કુળાનંદ નિહાળીએ, ઊંડું અંતરમાંય ॥૮॥

## કડવું-૨૪

**કૃષિ[2] કરે જેમ કૃષિજનજી, વિવિધ ભાતનાં વાવે વળી અન્નજી**
**જાણે અન્ન વડે થાશે બહુ ધનજી, એમ મનસુબો[3] કરે નિત્ય મનજી**

કરે મનસુબો મનમાં, જાણે ભરીશ કણકોઠાર ॥
પણ તે તો હરિને હાથ છે, નથી જાણતો તે નિરધાર ॥૨॥

અવનિથી અન્નને ઉગાડવું, વળી મોટા કરવા મોલ[4] ॥
તે તો કરી ન શકે કરષિ,[5] તપાસી કરવો તોલ ॥૩॥

જે જન અન્ન વાવે જેવું, તેવું થાય છે તદરૂપ[6] ॥
તેહ કર્તવ્ય ભગવાનનું, એમ સમજવું સુખરૂપ ॥૪॥

નિર્વિઘન નિપજાવવું, તેહ જાણો છે હરિને હાથ ॥
ખેડુ જુવે જો ખોળીને, તો નવ વિસારે નાથ ॥૫॥

કિંચિત[7] કર્તવ્ય કૃષિ તણું, ઘણું કર્તવ્ય ઘનશ્યામનું ॥
એમ જીવનું કર્તવ્ય જોતાં, કે'વા માત્ર છે કામનું ॥૬॥

જો કોઈ નરથી નીપજે, તો કષ્ટ રાખે કહો કોણ ॥
માનો નર નિર્બળ છે, જોઈ લેવું એહ જોણ[8] ॥૭॥

**માટે શ્રીહરિના શરણ વિના, કારજ કોઈ ન થાય ॥**
**નિષ્કુળાનંદ એમ નરને, માની લેવું મનમાંય ॥૮॥**

---

**૧.**પોતાના કર્તાપણાનું **૨.**ખેતી **૩.**સંકલ્પ **૪.**ઊગેલા છોડ **૫.**ખેડૂતની મહેનત અથવા છાણ/ખાતર **૬.**તેવું નું તેવું જ **૭.**બહુ થોડું **૮.**ભવિષ્યવાણી

### પદ-૬ (રાગ : સામેરી)

**'રે'જો મારી આંખલડી આગે'** એ ઢાળ.

જાણો જન સમર્થ શ્રી ભગવાન..ટેક.
એ જીવનું જોર[1] ન જાણવું રે, અમથું કરે અભિમાન,
કર્યું ન થાય કોઈનું રે, નર નિર્જરથી નિદાન;[2] જાણો૦ ॥ ૧ ॥
એ પ્રાણી સુખને પામવા રે, કરે તે સર્વસ્વ દાન,
જશ વાધે આ જગ્તમાં રે, વળી સહુ કરે સન્માન; જાણો૦ ॥ ૨ ॥
જપ તપ તીરથ જોગ જે રે, ધરે વન જઈ ધ્યાન,
અર્થ[3] ન સરે એહથી રે, જેવી વર વિનાની જાન; જાણો૦ ॥ ૩ ॥
એ મેલી બળ મહારાજનું રે, કરે ઉપાય કોઈ આન,[4]
નિષ્કુળાનંદ નિષ્ફળ છે રે, જાણો જોર[2] થયું એ જ્યાન; જાણો૦ ॥ ૪ ॥

## કડવું-૨૫

**જ્યારે જોયે આ જીવનું જોરજી, ત્યારે કોઈ રીતે ન આવે નોરજી[5]**
**અંતરશત્રુ અતિ મહા ઘોરજી,[6] મટવા ન દિયે મહાપ્રભુના ચોરજી[7]**

ચોર જેમ ચોરી કરે, અને હરે મા'જનનો[8] માલ ॥
તેમ અંતરઅરિ ચોરી કરી, વળી કરી મૂકે કંગાલ[9] ॥ ૨ ॥
પછી મુખે દીનપણું દાખવે, વળી મને માને નિરધન ॥
વરતે તો પણ તેજ વિના, એમ રાંક રહે રાતદન ॥ ૩ ॥
જેમ દીપશિખા શમી ગઈ, રહી કેડે કાળી મશ ॥
જ્યાં જ્યાં જાયે ત્યાં સાંભળે, આપણો[10] અપજશ ॥ ૪ ॥

---

**૧.**બળ-કર્તૃત્વ **૨.**નક્કી **૩.**મોક્ષરૂપી હેતુ **૪.**અન્ય **૫.**અંત **૬.**ભયંકર **૭.**ગુનેગાર; આજ્ઞા લોપતલ **૮.**મોટા શેઠનો **૯.**રાંક; દુઃખી **૧૦.**પોતાનો

ઝાંખપ આવી જે જીવમાં, તે તો કેમ કરી કરે ત્યાગ ॥
રાત દિન ફડકો રહે, જેમ તસ્કર[૧] ઉપર કાગ ॥૫॥

**આત્મા ન મનાય આપને, નહિ માથે પ્રભુ પ્રતાપ ॥**
**એણે કરી રહે અભાગિયો, નવ મનાયે નિષ્પાપ ॥૬॥**

**એક પ્રભુને પરહરી, જણાવે પોતાનું જોર ॥**
**તે તો સો સો ઉડુ ઊગે સામટા, પણ ભાસ્કર[૨] વિના ન હોય ભોર[૩] ॥૭॥**

તેમ જે જે થાય જગદીશથી, તે તે ન થાય નર અમર થકી ॥
નિષ્કુળાનંદ એ વાતને, સમઝવી પૂરણ પકી ॥૮॥

## કડવું-૨૬

**જુઓ ભગવાને રચ્યું આ બ્રહ્માંડજી, તેમાં કર્યા સાત દ્વીપ નવ ખંડજી**
**જેમાં વસ્યા જન જૂજવે પંડજી, એહ સહુ ભજે છે હરિને અખંડજી**

અખંડ ભજે છે અવિનાશીને, વળી થઈ દીન આધીન ॥
સમર્થ જાણે છે સ્વામીને, જાણી પોતાને બળહીન ॥૨॥

વળી આ બ્રહ્માંડમાં, કર્યા સમુદ્ર તે સાત ॥
જળ તેનાં જૂજવાં, બનાવિયાં બહુ ભાત[૪] ॥૩॥

વળી મરજાદના[૫] મોટા ગિરિ, આડા નાખિયા એહ ॥
તેણે કરી નિજ નિજ સ્થાનકે, સુખે વસિયાં તેહ ॥૪॥

મધ્યે એક મેરુ કર્યો, કર્યા નવ લખ તારા લઈ ॥
શશી સૂર સમર્થ કર્યા, પ્રકાશવા સહુને સઈ ॥૫॥

સ્થાવર જંગમ જીવ કર્યા, કર્યાં પોષણ તે બહુ પેર[૬] ॥
આપ ઈચ્છાએ એહ કર્યું, તેની ન લાગી વેર[૭] ॥૬॥

**૧.**ચોર **૨.**સૂર્ય **૩.**સવાર **૪.**પ્રકારના **૫.**મર્યાદા-સીમા બાંધવા માટે **૬.**રીતે **૭.**વાર

એવા સમર્થ શ્રીહરિ, જે જે ધારે તેહ થાય ॥
મૂકી એવાનો આશરો, નિર્બળ નિજબળ ગાય ॥૭॥
આશ્ચર્ય વારતા એ ઘણી, ભૂચરને[1] વસવું વ્યોમ[2] ॥
નિષ્કુળાનંદ એ નરનું, જાણ્યા વિનાનું જોમ ॥૮॥

## કડવું-૨૭

**કોઈક નર થઈ શઠજ્ઞાનીજી,[3] રહ્યા છે સ્વતંત્ર પોતાને માનીજી**
**નિર્લેપ આપને માને અજ્ઞાનીજી,ઓળખી ન શક્યા એ અવિદ્યા છાનીજી**

છાની અવિદ્યાએ છેતર્યા, થયા પ્રભુના પિતરાઈ ॥
બેઠા થઈ બરોબરિયા, માની પોતાના મનમાંઈ ॥૨॥
બાંધી મરજાદ બહુનામિયે, તેને ત્રોડવા રહે છે તૈયાર ॥
મુષો[4] જેમ મદિરા[5] પિયને, મારવા ઈચ્છે માંજાર[6] ॥૩॥
અલ્પ મતિ અતિ બળ કરે, પહોંચ્ય પોતાની નવ પરખે[7] ॥
પણ ખદ્યોત ને જેમ ખગ[8] ભાનુ,[9] તે સમઝાય કેમ સરખે ॥૪॥
જેમ તાડિપી[10] તાડે[11] ચડે, જાણ્યું પહોંચ્યો હું સહુની પાર ॥
પણ ભાંગે તાડે હાડ ભાંગશે, એવો આવતો નથી વિચાર ॥૫॥
જે એક બ્રહ્મ આગમે કહ્યું, તે તો જાણો તાડ સમાન ॥
તેથી પડ્યા પ્રાણી કંઈ, નર અસુર નિદાન ॥૬॥
માટે એ દિશને મૂકવી, થાવું હરિના દાસ ॥
મન કર્મ વચને કરી, ભાવે ભજવા અવિનાશ ॥૭॥
પ્રભુ સરીખા પ્રભુ જ છે, બીજે થવાય નહિ કોઈ રીત ॥
નિષ્કુળાનંદ એહ મર્મને, જન ચિંતવી જુવો ચિત્ત ॥૮॥

**૧.**પૃથ્વી ઉપર ચાલનારને **૨.**આકાશમાં **૩.**ખોટા જ્ઞાની **૪.**ઉંદરડો **૫.**દારૂ **૬.**બિલાડીને **૭.**તપાસે **૮.**ચંદ્ર **૯.**સૂર્ય **૧૦.**તાડી નામનું કેફી પીણુ પીનાર **૧૧.**તાડ નામના ઊંચા ઝાડ ઉપર

# કડવું-૨૮

**જીવ કરી પુણ્ય જો પ્રભુ થવાયજી, તો પ્રભુ પૃથવીમાં કેમ માયજી[૧]**
**ઘર ઘર પ્રત્યે સૌ પ્રભુ કે'વાયજી, પછી ધાર્યું સહુનું સરખું ન થાયજી**

ધાર્યું ન થાય ધરા ઉપરે, વળી આકાશમાં પણ એક ॥
એ મત અણસમજુ તણો, તમે સમજુ સમજો વિવેક ॥૨॥

જોને એક જ રીતિ ને એક જ નીતિ, વળી એક જ ક્રિયા અમૂલ[૨] ॥
જેમ જેનો ઉદ્‌ભવ[૩] કર્યો, તેમાં પડતી નથી ભૂલ ॥૩॥

જેમ જેને રાખ્યાં ઘટે, તેમ રાખ્યાં ચર[૪] અચર[૫] ॥
મેલે ન કોઈ મરજાદને, ભૂમિ વ્યોમે નર અમર ॥૪॥

શેષ સાહી[૬] રહ્યા પૃથવી, દશ દિશે રહ્યા દિગપાળ ॥
સિંધુ ન મૂકે મર્યાદને, હદ મૂકે ન માયા કાળ ॥૫॥

તેહ એક પ્રભુની આગન્યા, સહુ માને છે શ્રદ્ધાય ॥
પોત પોતાની રીતમાં, ફેર પડવા ન દિયે કાંય ॥૬॥

એ ઘણે પ્રભુએ ઘડ્ય[૭] ન બેસે, તમે જુવો વિચારી વાત ॥
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, ઘણી અગણિતે ઉતપાત[૮] ॥૭॥

માટે મનમાં માનવું, કર્યું એક હરિનું થાય છે ॥
નિષ્કુળાનંદ નિગમ તેને, નેતિ નેતિ કરી ગાય છે ॥૮॥

**પદ-૭ (રાગ : પરજ) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

નેતિ નેતિ કરી નિગમ જેના, ગુણ નિશદિન ગાય રે ॥
એહ જેવા તો એક જ એ છે, બીજે કેમ થવાય રે ॥૧॥

સૂરજ સરીખો એક સૂરજ છે, શશી સરીખો શશી રે ॥

**૧.**સમાય **૨.**અદ્‌ભુત **૩.**જન્મ **૪.**ચાલતાં **૫.**સ્થિર **૬.**ધારી **૭.**વ્યવસ્થા **૮.**ભયંકર ઘટનાઓ

સિંધુ[૧] સરીખો એક સિંધુ છે, એને ઉપમા કશી રે ॥૨॥
શૂન્ય[૨] સરીખો એક શૂન્ય છે, સમીર[૩] સરીખો સમીર રે ॥
તેજ સરીખું એક તેજ છે, નીર સરીખું નીર રે ॥૩॥
એમ પ્રભુ સરીખા એક પ્રભુ છે, બીજો ન હોય બરાબરી રે ॥
નિષ્કુળાનંદ કે' નિશ્ચય કરીને, માની લિયો વાત ખરી રે ॥૪॥

## કડવું-૨૯

**જેને દર્શને દુષ્કૃત ટળેજી, જેને સ્પર્શે મહાપાપ પળેજી[૪]**
**જેની કીર્તિ સુણતાં કર્મ બળેજી, જેનું નામ લેતાં મહાસુખ મળેજી**

મળે સુખ મોટું ઘણું, જેહને સંબંધે જરૂર ॥
મંગળકારી મૂરતિ, અમંગળ કરે દૂર ॥૨॥
જેના દર્શન સારુ દેવતા, વળી ઈચ્છે છે રહી આકાશ ॥
રાત દિવસ હૃદિયે રહી, નાથ નીરખવા આશ ॥૩॥
સદાય સુખી સુર[૫] રહે, ખાન પાનની નહિ ખોટ ॥
પણ દીનબંધુના દર્શન વિના, માને અભાગી મોટ[૬] ॥૪॥
વળી કંઈક વસે છે વનમાં, તજી સર્વે સુખ સમાજ ॥
શીત ઉષ્ણ સહન કરે, તે હરિદર્શન કાજ ॥૫॥
એવું માહાત્મ્ય દર્શનનું, તેહ એક શ્રીહરિનું હોય ॥
બીજાના દર્શનનું, માહાત્મ્ય ન જાણે કોય ॥૬॥
એવું દર્શન જેહને થયું, ગયું તેનું પ્રજળી પાપ ॥
જીવનમુક્ત[૭] તેહ સહી, છતી[૮] દેહે એહ છાપ[૯] ॥૭॥

---

**૧.**સાગર **૨.**આકાશ **૩.**વાયુ **૪.**સળગે **૫.**દેવો **૬.**મોટા **૭.**જીવતાં જ મુક્ત **૮.**હોવા છતાં **૯.**સિક્કો; ગેરંટી

બ્રહ્મમોહોલનું બારણું, મેલ્યું ઉઘાડી એહને કાજ ॥
નિષ્કુળાનંદ નિર્ભય પદ, પામશે એ ભક્તરાજ ॥૮॥

## કડવું-૩૦

**વળી સ્પર્શ પ્રભુનો પરમ પાવનજી, જેહ જેહ પામ્યા સંત અસંત જનજી**
**તેહ તેહ થયા સહુ ધન્ય ધન્યજી, એહની સમતા શું કરે સાધનજી**

**સાધન બિચારાં શું કરે, આપે કર્યા પ્રમાણે ફળ ॥**
**સ્પર્શ કરતાં મહાપ્રભુનો, આપે સુખ અટળ ॥૨॥**

સ્પર્શ પામી પૂતના, હરિ ધવાર્યા લઈ હાથ ॥
પુરુષોતમના સ્પર્શથી, શંખણી[1] થઈ સનાથ ॥૩॥
ગોવિંદ સ્પર્શથી ગોપિકા, થઈ સર્વે શ્રુતિ સમાન ॥
કુબજા સ્પર્શી કૃષ્ણને, નિર્ભય થઈ નિદાન ॥૪॥
એવો સ્પર્શ પાવન અતિ, પરમ પ્રાપ્તિનો દેનાર ॥
પાપી પ્રાણીનો સ્પર્શ જેહ, તેહ આવે કેમ એની હાર[2] ॥૫॥
એવો સ્પર્શ જેને થયો, તે કૃતાર્થ કે'વાય છે ॥
બીજાં કોટિ સાધન કરે, પણ તેહ તુલ્ય ક્યાંય થાય છે ? ॥૬॥
પરબ્રહ્મનો સ્પર્શ પામી, જેહ થયાં પૂરણકામ ॥
તન મૂકતાં તરત તેહ, પામશે પ્રભુનું ધામ ॥૭॥
જેમ પારસના પ્રતાપથી, લોહપણું ન રહે લગાર ॥
નિષ્કુળાનંદ એમ નાથ સ્પર્શે, પ્રાણી પામે ભવપાર ॥૮॥

## કડવું-૩૧

**કીર્તિ પ્રભુની સુણતાં કાનજી, જાય અણસમજણ અજ્ઞાનજી**

૧.દુષ્ટ સ્ત્રી ૨.સમાન

**પ્રગટ પ્રભુશું લાગે તાનજી, એવું કાંય નથી એહની સમાનજી**

સમાન ન દીઠું શોધતાં, હરિકીર્તિ જેવું કોય ॥
જશ સુણતાં જગદીશના, થયા સંસાર પાર જન સોય ॥૨॥
પૃથુ ને પરીક્ષિત આદિ, વળી જનક જેવા નરેશ ॥
નારદ હનુ સનક આદિક, હરિ કથા સુણે છે હમેશ ॥૩॥
જુવો વળી આ જક્તમાં, હરિજશ સુણે છે હેતે કરી ॥
કષ્ટમાં એહ કામ આવે, સંકટ સર્વે જાય તરી ॥૪॥
એવી કીર્તિ કોણની, જેને સાંભળીને તાપ ટળે ॥
અન્ય કથાને કાને સુણતાં, પુણ્ય સર્વે પરજળે ॥૫॥
પતિતને[૧] પાવન કરવા, જશ હરિના છે જાહ્નવી[૨] ॥
એહ પખી[૩] પવિત્ર થાવા, નથી ઉપાય માનો માનવી ॥૬॥
એવા જશ જેણે સાંભળ્યા, તે સનાથ[૪] થયા સહુ ॥
ઓછું ન માનવું અંતરે, માનવી મોટપ બહુ ॥૭॥
જેની કહીએ પવિત્ર કીરતિ, એવા તો હરિ એક છે ॥
નિષ્કુળાનંદ એ નક્કી કરવું, એહ જ સારો વિવેક છે ॥૮॥

## કડવું-૩૨

**જેનું નામ જપ્યે આવે અઘ અંતજી, સમરતાં સુખ મળે અનંતજી**
**પામે મોટપ જપતાં જંતજી,[૫] એમ સમઝીને સમરે છે સંતજી**

સંત માહાત્મ્યને સમઝી, નવ મૂકે નારાયણ નામ ॥
શ્વાસોશ્વાસે તે સમરે, ઘણે હેતે ઘનશ્યામ ॥૨॥
ગજ ગણિકા અજામિલ આદિ, ભજી નામ થયાં ભવપાર ॥

**૧.**પાપી જીવને **૨.**ગંગા સમાન **૩.**વિના **૪.**ધન્ય; કૃતાર્થ **૫.**જીવ-પ્રાણી

પતિતપાવન નામ હરિનું, એથી પામ્યા અનેક ઉદ્ધાર ॥૩॥
ધ્રુવ પ્રહ્લાદ ને દ્રૌપદી, થયાં નામ ભજીને નિઃશંક ॥
પાણી ઉપર પાષાણ તર્યા, તે પણ નામને અંક[1] ॥૪॥
મોટા મુનિ માળા લઈ, જપે છે નારાયણ નામ ॥
રાત દિવસ રટણ કરતાં, પળ ન પામે વિરામ ॥૫॥
જોગી વસે જઈ વનમાં, ખાય ફળ ફૂલ વન પાન ॥
એમ દમી નિજ દેહને, વળી ભજે છે ભગવાન ॥૬॥
મહામાલ માન્યો મને, નારાયણના નામમાંઈ ॥
તેણે કરી એકતાર અંતરે, સમરે છે જો સદાઈ ॥૭॥
એવો મહિમા મૂર્તિ તણો, પ્રીછવ્યો[2] બહુ પ્રકાર ॥
નિષ્કુળાનંદ એ વારતા, નક્કી છે નિરધાર ॥૮॥

**પદ-૮ (રાગ : ધોળ) 'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

જેની મૂર્તિ મંગળરૂપ છે, સ્પર્શતાં પાપ પળાય[3] રે,
અનેક જન્મનાં અઘ અતિ, જેનું નામ જપતાં તે જાય રે;
જેની૦ ॥૧॥
જેને દર્શને સર્વે દુષ્કૃત[4] ટળે, બળે બહુ કર્મના કોટ[5] રે,
જેનું સ્મરણ કરતાં સંકટ શમે, વળી લાગે નહિ કાળની ચોટ રે;
જેની૦ ॥૨॥
જેની કીર્તિને સુણતાં કાનમાં, થાય નર નિર્ભય નિદાન રે,
જેનો મહિમા ન કે'વાય મુખથી, એવા છે એ શ્રીભગવાન રે;
જેની૦ ॥૩॥

૧.નામરૂપ નિશાની કરી હોવાથી ૨.વર્ણવ્યો; જણાવ્યો ૩.સળગે ૪.પાપ કર્મ ૫.સમૂહ

એમ સર્વે અંગે સુખદાયી છે, મૂર્તિ જેની મનોહર રે,
નિષ્કુળાનંદ એહ નાથને, ના'વે કોઈ બીજું સરાભર[1] રે;
જેની૦ ॥૪॥

## કડવું-33

**એમ સમજ્યા વિના જે અધૂરાજી, પ્રાકૃત[2] ગુણે કરી માને પૂરાજી**
**પરને પીડવા સુધા અતિ શૂરાજી, પળે પળે દલમાં તર્ક અતિ તૂરાજી**

તૂરા અતિ અંતરમાં, તેણે ગરીબની ગણતી નહિ ॥
શિયાળ વેષ લઈ સિંહનો, બીવરાવે બીજા કહિ ॥૨॥
પણ જંબુક[3] મન નથી જાણતો, આ તો બળ છે અજીનનું[4] ॥
તેણે કરીને થાય છે, અપમાન દુર્બળ દીનનું ॥૩॥
એમ ગુણ ગોવિંદના, જરાયક પામે છે જન ॥
માને હું મોટો થયો, સર્વે ગુણે સંપન્ન ॥૪॥
તેણે કરી તન મનમાં, ફોગટ[5] રહે છે ફૂલ્ય ॥
પણ તપાસતો નથી તેહને, જે ભારે આવી ગઈ ભૂલ્ય ॥૫॥
જોને પે'રી ઘરેણાં પરનાં, મને માનવી મોટાઈ કેમ ॥
જ્યારે ઉતારી લેશે અંગથી, ત્યારે રહીશ તેમનો તેમ ॥૬॥
માટે મોટપ માનવી, મોટી મહા પ્રભુમાંઈ ॥
જોઈ પોતાના જોરને, જન જોમ ન કરવું કાંઈ ॥૭॥
નિશ્ચય નથી નીપજતું, આપણાથી અણુભાર ॥
નિષ્કુળાનંદ એમ નરને, કરવો વારમવાર વિચાર ॥૮॥

---

**૧.**બરાબર; સમાન **૨.**માયિક; લૌકિક **૩.**શિયાળ **૪.**ઓઢેલા સિંહના ચામડાનું **૫.**વ્યર્થ

## કડવું-૩૪

**એમ વિચાર કરવો નરને ઘણોજી, શુભ ગુણ સર્વે શ્રી હરિતણોજી**
**ગુણસાગર ગોવિંદને ગણોજી, એ સમ નહિ ગુણ આપણોજી**

આપણા ગુણને ગણતાં, અતિશય અનાદર થાય ॥
અર્થ એકે સરે નહિ, જાણો જરૂર લજ્જા જાય ॥૨॥

પોં'ચ્ય ન હોય પોતા પાસળે, વળી કરે વડાઈની વારતા ॥
કામ પડે કેમ કરશું, એમ નથી વિચારતા ॥૩॥

જેમ દામ[1] વિનાની હામ[2] હૈયે, કરે કોઈ સુખ કારણે ॥
તે તો પાંગુળુંએ[3] ચાલવા પણ[4] લીધું, વિના વાહન બારણે[5] ॥૪॥

**માટે મોટપ ન માનવી, ગુણ પરના[6] પામીને ॥**
**દીન આધીન વરતવું, સૌ સંતને શીશ નામીને ॥૫॥**

**અલ્પ ગુણના અભિમાનમાં, અપરાધ થાય શુદ્ધ સંતનું ॥**
**પામવાનું સુખ રહે પાછળે, આવે દુઃખ અત્યંતનું ॥૬॥**

માટે વિચારી વરતવું, ઘણું ઘણું ગરજુ થઈ ॥
અલમસ્તી[7] ન દેવી આવવા, બેગરજુ થાવું નઈ ॥૭॥

આવી વાતને અંતરે, રાખશે જન રૂડી રીતશું ॥
નિષ્કુળાનંદ તે ઉપરે, પ્રસન્ન થાશે પ્રભુ પ્રીતશું ॥૮॥

## કડવું-૩૫

**આપણા ગુણમાં અવિદ્યા રહીજી, અતિશય ઝીણી ઓળખાય નહિજી**
**સ્વભાવ સરીખી રહી છે થઈજી, તેણે મૂંઝવ્યા મોટા મોટા કઈજી**

---

**૧.**ધન **૨.**હોંશ **૩.**અપંગ-લંગડા માણસે **૪.**પ્રતિજ્ઞા **૫.**વાહનરૂપ સાધન વિના **૬.**બીજાના-શ્રીહરિ તથા સંતોના **૭.**પોતાના બળે સ્વતંત્રતા

મોટા મોટા કંઈ મૂંઝવ્યા, મનાવી ગુણનું માન ॥
અંતરમાંઈ બેઠી અજા,[૧] તે જોરે કરે છે જ્યાન ॥૨॥

કવિમાં થઈ કવિરૂપે, ગાયકમાં ગાયક થઈ ॥
પંડિતમાં થઈ પંડિતરૂપે, તેને કેણે કળી નઈ ॥૩॥

દીનમાં થઈ દીનરૂપે, થઈ દાતારમાંહી દાતાર ॥
જોગી જતિ[૨] તપસી સંન્યાસી, વર્ણાશ્રમરૂપે અપાર ॥૪॥

ભૂપમાં થઈ ભૂપરૂપે, ધનવાનમાં ધનવાન ॥
ઉચ્ચ નીચ નરનારમાં, જ્યાં જેવું અભિમાન ॥૫॥

આપાપર[૩] ને ચર અચર, સૌને અંતરે વસી અજા ॥
પર પોતાનાં પરઠી, કરે છે બેઠી કજા[૪] ॥૬॥

આવ્યો ગુણ જે આપમાં, તેનું બળ લઈ બોલે ઘણું ॥
એમ અવિદ્યાયે ફેરવ્યું, શીશ તે સૌ જનતણું ॥૭॥

ભૂલ્યા દિશ ભગવાનની, લીધી આપણા ગુણની ઓટ[૫] ॥
નિષ્કુળાનંદ એ નરને, ખરાખરી ગઈ છે ખોટ ॥૮॥

## કડવું-૩૬

**એહ અવિદ્યા લેવી ઓળખીજી, વણ સમજે ન થવાય સુખીજી**
**જાણ્યા વિના જન થાય છે દુઃખીજી, શાંતિ ન વળે સમજ્યા પખીજી**

સમજ્યા વિના શાંતિ સહી, રહે અંતરે અતિ ઉદ્વેગ ॥
પ્રીછવા ન દિયે પાધરું, ભીતરમાં માયાનો ભેગ ॥૨॥

દિયે ઉપદેશ દિવસ રજની, તું દેહ દેહ છો તું દેહ ॥
તેહ વિના રૂપ તાહરું, નથી બીજું કહું તેહ ॥૩॥

**૧.**માયા **૨.**બ્રહ્મચારી **૩.**પોતે તથા બીજા **૪.**હેરાનગતિ **૫.**ઓથ; ટેકો

બાળ જોબન વળી વૃદ્ધ તું, તું છો શ્યામ ગૌર[1] શરીર ॥
રોગી અરોગી તું સુખી દુઃખી, કાયર તું શૂરવીર ॥૪॥
તું ઉત્તમ મધ્યમ તું, ડાહ્યો ભોળો તું દાસ અદાસ ॥
એમ મનાવ્યું અંતરે, કરી હૈયામાંઈ વાસ ॥૫॥
અવિદ્યાયે એમ દૃઢાવિયું, ઉરમાંઈ અનેક પ્રકાર ॥
તેમ જ માની તનમાં, સહુ વર્તે છે સંસાર ॥૬॥
પણ ઊંડું વિચારી અંતરે, કેણે ખરી ન કરી ખોળ[2] ॥
જેમ છે તેમ જાણ્યા વિના, સહુ કરે છે ડામાડોળ[3] ॥૭॥
સાચી વાત નથી સૂઝતી, નથી કરતા તેનો તપાસ ॥
નિષ્કુળાનંદ નિર્બળ થઈ, પડિયા માયાને પાશ ॥૮॥

**પદ-૯ (રાગ : મારુ) 'દુઃખી દિવસ ને રાત શ્રીજી વિના'** એ ઢાળ.

સમજ્યા વિના રે સંતાપ, શમે નહિ સમજ્યા વિના રે સંતાપ,
સહુ વિચારો અંતરે આપ...શમે૦
આત્માને એકે નહિ રે, નાત જાત માઈ બાપ,
એ તો સંબંધી શરીરના રે, પ્રીછી પરહરિયે પરિતાપ; શમે૦ ॥૧॥
માનિનતા[4] મેલ ઉતારિયે રે, તો ખરી છે નિર્મળ ખાપ,[5]
આડ્ય ન કરે આંખ્યને રે, થાય ઠીકોઠીક જ થાપ;[6] શમે૦ ॥૨॥
હીરા જડાવિયે આંખ્યને રે, પૂર્ણ વળગે એ પાપ,
રંગ ચડ્યે પોત[7] પલટે[8] રે, સહુ છેતરાય દેખી છાપ;[9] શમે૦ ॥૩॥
એમ આત્માથી અળગો[10] રહી રે, શરીરરૂપી પાળ્યો સાપ,
નિષ્કુળાનંદ એ નરસું થયું રે, ગયું તેજ રહ્યું તમ વ્યાપ; શમે૦ ॥૪॥

**૧.**શ્વેત **૨.**તપાસ **૩.**દેખાવ પૂરતું; ઉપલક ભક્તિ **૪.**અહં-મમતારૂપી **૫.**અરીસો **૬.**સાચું જ્ઞાન **૭.**પોતાનું ખરું સ્વરૂપ અથવા વસ્ત્ર **૮.**બદલી જાય **૯.**ઉપરનો દેખાવ **૧૦.**આત્મસ્વરૂપને ભૂલીને

## કડવું-૩૭

**એમ સમજે છે સંત સુજાણજી, બીજા કરે છે બહુ ખેંચાતાણજી**
**આપાપરને પરઠી પ્રમાણજી, હેતુ વિના સહુ થાય છે હેરાણજી**

હેરાણ થાય છે હેતુ વિના, તે તો અણસમઝણ આપણી ॥
જેમ એરણ લુહારની, પર તાપે તે પીડા તાપની ॥૨॥
જેમ અંબર[૧] સુંદર ઓઢિયે, તે હોય કૂચ્ય[૨]ની કંડુવે[૩] ભરું[૪] ॥
અળગું ન કરીએ અંગથી, તો દુ:ખનું નાવે સરુ[૫] ॥૩॥
જેમ માથે મેષનો મોટલો,[૬] કોઈ ઉપાડે કોયલા[૭] તણો ॥
ખપ ન આવે ખાધાતણો, લાગે ડાઘ લૂગડે ઘણો ॥૪॥
મેલે તો મેલાય ખરા, ગુણ અવગુણ બેઉ બોજ[૮] ॥
અણસમજે ઉપાડી ફરે, ખરી કર્યા વિના ખોજ ॥૫॥
જેમ તરવું ઊંડા તોયને, માથે હીરા પથરા મોટ છે ॥
તેમ ગુણ અવગુણ જક્તના, ખરા દેનારા ખોટ છે ॥૬॥
હરિભક્તને હૈયામાંઈ, વિચારવું તે વારમવાર ॥
વો'રવા[૯] નહિ વિષ વ્યાળ વીંછી, એ છે દુ:ખના દેનાર ॥૭॥
જે જે વળગે આ જીવને, થાય અટપટું[૧૦] કરતાં અળગે ॥
નિષ્કુળાનંદ આ જક્તઉપાધિ, વણ વળગાડી વળગે ॥૮॥

## કડવું-૩૮

**કેનેક બળ અન્ન ધન રાજ્યતણુંજી, કેનેક બળ વળી વિદ્યાનું ઘણુંજી**
**કેનેક બળ દેહ દેખી આપણુંજી, એહ માંહેલું બળ નથી મારે અણુંજી**

**૧.**વસ્ત્ર **૨.**જેનાંથી ખૂબ ખંજવાળ આવે તેવી વનસ્પતિ; ખાજવણીનો છોડ **૩.**ખંજવાળ કરાવનાર રુંવાટીઓથી **૪.**ભરેલું **૫.**છેડો **૬.**ગાંસડો; પોટલું **૭.**કોલસા **૮.**ભાર **૯.**લાવવા **૧૦.**અઘરું

અણુ નથી એહ માંહેલું, બળ બીજાનું વળી માહરે ॥
સમર્થ સહજાનંદજી, હું તો શરણ છઉં તાહરે ॥૨॥
આકરી વેળામાં આવજો, પ્રભુજી તમે મારી પાસ ॥
ખરી વેળામાં ન ખસવું, હરિ જાણી પોતાનો દાસ ॥૩॥
વસમી વેળાયે વાલમાં, વળી વળી કરજો વા'રને[1] ॥
સંકટમાં શ્રીહરિ સ્વામી, શ્યામળા કરજો સારને[2] ॥૪॥
અંતવેળા છે વસમી, એમ વદે છે વેદ પુરાણ ॥
તેહ સમે તમે તરત આવી, સાર લેજો શ્યામ સુજાણ ॥૫॥
ઊઠે દેવતા અંગના, એક દંડો[3] ચાલે વળી શ્વાસ ॥
તેહ સમે તમે સંભાળજો, મારા અલબેલા અવિનાશ ॥૬॥
માગું છું એહ મહાપ્રભુ, દુઃખ ફોજ[4] કરજો દૂર ॥
વ્યાધિમાં વ્યાકુળ વેળા, શ્રીહરિ રે'જો હજૂર ॥૭॥
છેલ્લી ભલામણ એ જ છે, કરજો વસમી વેળાયે વા'ર ॥
વારમવાર વિનતિ કરી, કહે નિષ્કુળાનંદ નિરધાર ॥૮॥

## કડવું-૩૯

**કઠણ વેળા અતિ અંતની કે'વાયજી, મહાશૂરવીરે પણ ન સે'વાયજી**
**એહ દુઃખને ઉપમા ન દેવાયજી, તે સમે ધીરજ કેણેક ગ્રહેવાયજી**

ગ્રહેવાય નહિ ઘણા દુઃખમાં, ધીરજ મોટા ધીરથી ॥
રોમ રોમે વીંછી વેદના પ્રગટે, જ્યારે ચાલવું થાય શરીરથી ॥૨॥
તેહ સમામાં કોણ કેનું, જ્યારે પરવશ પ્રાણી પડે ॥
સ્વાર્થ લઈ સહુ સહુનો, સગાં સંબંધી સર્વે રડે ॥૩॥

**૧.**સહાય **૨.**સારસંભાળ **૩.**મરણ સમયનો શ્વાસ **૪.**સમૂહ

તેહ સમે શ્રીહરિ સ્વામી, વા'લા મા કરજો વેલ[૧] ॥
આધાર મારા આવજો, ઉતાવળા અલબેલ ॥૪॥
મોટે મોટે એહ માગિયું, કરજો વસમી વેળાયે વા'ર ॥
તેહ સુણીને શ્યામળા, પ્રભુ કરું છું પોકાર ॥૫॥
ઘણા હેતુ[૨] છો ઘનશ્યામજી, સુખદ સાચા સનેહ ॥
તમ વિના ત્રિલોકમાં, નથી સા'ય કરવા એહ ॥૬॥
એહ સમો જો સુધર્યો, તો સુધર્યું સર્વે ઘણું ॥
એહ સમો જો બગડ્યો, તો શું ઉપજ્યું શુભ ગુણતણું ॥૭॥
તેહ માટે તમ પાસળે, માગું છું હું મહારાજ ॥
નિષ્કુળાનંદ કહે નાથજી, એહ સમે રાખજો લાજ ॥૮॥

## કડવું-૪૦

**લાજ મારી છે હરિ તમારે હાથજી, મુજ અનાથના તમે છો નાથજી**
**સંકટમાંહિ સ્વામી રે'જો સાથજી, એટલી સુણજો ગરીબની ગાથજી[૩]**

ગાથ સુણી ગરીબની, ગુણનિધિ[૪] ગ્રે'જો બાંય[૫] ॥
મ જોશો અવગુણ માહેરા, શ્રીહરિ કરજો સા'ય ॥૨॥
અધમ ઉદ્ધારણ પતિતપાવન, દીનબંધુ છો દયાળ ॥
જોઈ બિરુદ[૬] સામું શ્યામળા, સુખદાયી લેજો સંભાળ ॥૩॥
ઘણા ગુન્હા ઘનશ્યામજી, તમે બક્ષ્યા[૭] આગે આશ્રિતના ॥
તેમ ગુન્હા ગોવિંદ મારા, બક્ષજો બહુ રીતના ॥૪॥
તમારાને તમ વિના, નથી અન્ય કોઈ આધાર ॥

**૧.**મોડું **૨.**હિત કરનાર **૩.**વાત **૪.**સદ્‌ગુણનો ખજાનો **૫.**હાથ **૬.**આપેલું વચન/વરદાન **૭.**માફ કર્યા

તે જાણો છો જગદીશ તમે, શું કહું હું વારમવાર ॥૫॥
જેના જે આશ્રિત છે, પ્રભુ તેની છે તેને લાજ ॥
તેહ વિના ત્રિલોકમાં, એનું કોણ હેતુ મહારાજ ॥૬॥
તેહ સારુ હરિ તમને, વળી વળી વિનતિ કરું ॥
અવર[1] બીજા ઉપાયથી, નથી આવતું દુઃખનું સરું ॥૭॥
જે કે'વાનું હતું તે મેં કહ્યું, હરિકૃષ્ણ જોડી જુગ હાથ ॥
દીનબંધુ દિલ ધારજો, નિષ્કુળાનંદના નાથ ॥૮॥

## પદ-૧૦ (રાગ : મેવાડો)

**'અંતકાળે આવી રે સંભાળી લેજો શ્યામળા રે'** એ ઢાળ.

નાથજી નિવારો રે દોષ નિજ દાસના રે,
જોશો મા અવગુણ મારા જીવન;
પ્રભુજી સંભારી રે બિરુદ પોતાતણું રે,
કરીએ પતિતને રે પાવન..નાથજી૦ ॥૧॥
અનેક અધમ રે, આગે ઉદ્ધારિયા રે,
થાય નહિ ગણતાં તેનો રે થાપ;[2]
દીનના બંધુ છો રે દીનદયાળજી રે,
શરણાગતના હરણ સંતાપ..નાથજી૦ ॥૨॥
આકરી વેળાયે રે આવો છો ઉતાવળા રે,
વા'લા નથી કરતા વેળ લગાર;
સહી ન શકો રે સંકટ સંતનાં રે,
પૂર્ણ હેતુ છો પ્રાણ આધાર..નાથજી૦ ॥૩॥

---

**૧.**અન્ય; ગૌણ **૨.**પાર; નિર્ણય

સંસાર તો સર્વે રે જેને શત્રુ જ છે રે,
મિત્ર એક તમે રે મહારાજ;
નિષ્કુળાનંદ રે કહે નરતન ધરી રે,
આવો છો અલબેલા એહ કાજ..નાથજી૦ ॥૪॥

## કડવું-૪૧

**કાજ કરવા સંતનાં ઘનશ્યામજી, આવો છો અવનિયે મૂકી નિજ ધામજી**
**તે તો હરિજનનાં કરવા કામજી, તમ વિના ઠરવા નથી સંતને ઠામજી[૧]**

ઠામ નથી બીજે ઠરવા, તમ વિના તમારા જનને ॥
તેહ સારુ અવનિયે આવો, નાથ ધરી નરતનને ॥૨॥
હાજર છો હરિજનનાં, કષ્ટ કાપવા કરુણાનિધિ ॥
નિમિષ એક નથી રે'તા ન્યારા, કરો છો રક્ષા બહુ વિધિ ॥૩॥
બાપ પાળે જેમ બાળને, ક્ષણુ ક્ષણુએ લિયે ખબર ॥
તેહ થકી અધિક હેતે, જન પાળો છો બહુ પેર ॥૪॥
સંતના શત્રુ સંહારવા, તતપર રો' છો તૈયાર ॥
અંતર બારે અરિ ભક્તના, સદ્ય[૨] કરો છો સંહાર ॥૫॥
હરિજનને હંમેશ હજારું, વિઘન કરે છે વિબુધ[૩] ॥
તેને અર્થે તૈયાર રાખ્યાં છે, ચાર કરે[૪] ચાર આયુધ ॥૬॥
ધન્ય ધન્ય સમર્થ ધણી, ધર્મનંદન ધર્મના બાળ ॥
સુધર્મીના સ્નેહી છો, છો અધર્મીના કાળ ॥૭॥
હેતુ છો હરિજનના, સદા સર્વદા સુંદર શ્યામ ॥
નિષ્કુળાનંદના નાથજી, વાલમ મારા વિશ્રામ[૫] ॥૮॥

**૧.**સ્થાન; યોગ્ય પાત્ર **૨.**તત્કાળ **૩.**દેવો **૪.**હાથમાં **૫.**શાંતિ પામવાનું સ્થાન

## કડવું-૪૨

**વિશ્રામ છો વા'લા વસમે સમેજી, જ્યારે નિજજનને દુષ્ટ આવી દમેજી**
**તે તમારા સંત ઘણું ઘણું ખમેજી, પણ તેનું દુઃખ તમને નવ ગમેજી**

ગમે નહિ ગરીબ પીડતાં, તમે ક્રોધ કરો છો તેહ કારજે[1] ॥
દાસનાં દુઃખ ટાળવા, રાખતા નથી આળસ રજે[2] ॥૨॥
શીઘ્ર[3] રહો છો સ્વામી મારા, તે સંતના સંકટ ટાળવા ॥
અખંડ રે'છે બહુ અંતરે, તાન જન પોતાના પાળવા ॥૩॥
ક્ષણ એક ખમી ન શકો, પીડા જન પોતાના તણી ॥
એને અર્થે અલબેલડા, કરો છો જતન ઘણી ॥૪॥
માટે નિઃશંક નિજજન રે'છે, વિઘ્ન કોઈ વ્યાપતું નથી ॥
સા'ય કરો છો જે સંતની, તે કે'વાતું નથી કથી ॥૫॥
**ગુણ તમારા ગણતાં, આવતો નથી વળી અંત** ॥
**એવું વા'લું નથી અંગ[4] આપનું, જેવા વાલા છે સંત** ॥૬॥
જણાય છે મારા જીવમાં, સંત હેતે રો' છો સાવધાન ॥
કહી દેખાડું શું કૃપાનિધિ, ભક્તભયહારી ભગવાન ॥૭॥
સાચા સ્નેહી શ્યામળા, તમે સંતના છો શ્રીહરિ ॥
નિષ્કુળાનંદ એ વારતા, ખચિત[5] છે ખરાખરી ॥૮॥

## કડવું-૪૩

**તમને વા'લા છે તમારા જે જનજી, તેહ હરિજનનું કહું વરતનજી**
**નથી વિસારતા તમને નિશદનજી, તમ વિના બીજે નથી માનતું મનજી**

**૧.**માટે **૨.**લેશ પણ **૩.**ઉતાવળા **૪.**શરીર; સ્વરૂપ **૫.**નક્કી

મન બીજે નથી માનતું, રે' છે તમારા ચરણમાં ચિત્ત ॥
દૈહિક દુ:ખે નથી દાઝતા, નથી પંચ વિષયમાં પ્રીત ॥ ૨ ॥

સૂતાં બેઠાં જાગતાં, ગાય છે જો તમારા ગુણ ॥
મિટ[1] થકી નથી મૂકતા, સુંદર મૂર્તિ સગુણ[2] ॥ ૩ ॥

**અન્ય ભરોસો ઉરમાં, વળી નથી કેનો નિરધાર ॥**
**તમ વિના ત્રિલોકમાં, નથી પડતો બીજાનો ભાર ॥ ૪ ॥**

સર્વેના કારણ સમજી, સમરે છે શ્વાસઉશ્વાસ ॥
મોક્ષાદિ નથી માગતા, રે' છે ચતુરધાથી ઉદાસ ॥ ૫ ॥

નિષ્કામી નિષ્પાપ નિર્મળ, નિર્વૈર મે'ર[3] મને ઘણી ॥
એવા જન જોઈ આપણા, તમે કરો રક્ષા તેહ તણી ॥ ૬ ॥

તમારે તેહ તેહને તમે, એમ અરસ પરસ છે પ્રીત ॥
તેના પાળો છો લાડ[4] તમે, શ્રીહરિ જો રૂડી રીત ॥ ૭ ॥

આશ્ચર્ય એનું અમને, વળી નથી મનાતું મન ॥
નિષ્કુળાનંદના નાથજી, છો ભક્તવત્સલ[5] ભગવન ॥ ૮ ॥

## કડવું-૪૪

**હરિબળગીતા હેતે સાંભળશેજી, તેહના સર્વે શોક સંશય ટળશેજી**
**સમઝી સાંભળતાં પાપ પળશેજી, નિરબળ નરને બળ મળશેજી**

મળશે બળ નિરબળને, તે પ્રભુને પ્રતાપે કરી ॥
સમુદ્ર જે સંકટનો, તે તરત નર જાશે તરી ॥ ૨ ॥

પુષ્ટિ છે પ્રભુના દાસને, આ ગ્રંથમાં ઘણી ઘણી ॥

---

**૧.**દૃષ્ટિ **૨.**દિવ્યગુણોવાળી; સાકાર **૩.**દયા; કૃપા **૪.**ભાવનાઓ; મનોરથો **૫.**ભક્તો જેને ખૂબ વહાલા છે તેવા

હાર્યાને હિંમત આવશે, અપો'ચ[૧] ટળશે આપણી ॥ ૩ ॥
લડથડતાંને લાકડી, કાજુ[૨] આપી છે કરમાંઈ ॥
ભોંયે પડ્યાનો ભય ટળ્યો, કહું બીક ન રહી કાંઈ ॥ ૪ ॥
હિંમત સહિત હાલશે, કરી કાયરતા વળી દૂર ॥
આગળ પગ આરોપશે, થઈને સાચો શૂર ॥ ૫ ॥
ઘણું બળ ઘનશ્યામનું, અતિ આવશે ઉરને વિષે ॥
મોળપ[૩] મટશે મનની, આ ગ્રંથ જો સાંભળશે ॥ ૬ ॥
એકાદશ પદ ચુંવાળીશ કડવાં, વળી ચારસેં એના ચરણ છે ॥
નિર્બળ સબળ સંતને, સદા એહ સુખકરણ છે ॥ ૭ ॥
સંવત અઢાર અઠાંણુનો, માસ પુરુષોત્તમ પુન્યમ દને ॥
નિષ્કુળાનંદ જનહિત અર્થે, કર્યો ગ્રંથ સમજી મને ॥ ૮ ॥

## પદ-૧૧ (રાગ : ધોળ)

**'પામ્યા રે પામ્યા ભવજળ પાર'** એ ઢાળ.

મને માનિયો મોદ અપાર, સમઝી વાત સારી ॥
સારી પેઠચે મેં શોધિયું સાર, મતિ જેવી હતી મારી ॥ ૧ ॥
મારી જાણમાં આવિયું જેમ, તેમનું મેં તેમ કહ્યું ॥
કહ્યું અંતર ઉપજ્યું એમ, સમઝવા સારું થયું ॥ ૨ ॥
થયું નિર્ધનને ધનરૂપ, વસમી વેળા સમે ॥
સમે અંતર તાપ અનૂપ, દુષ્ટ કોઈ નવ દમે[૪] ॥ ૩ ॥
દમે સમજ્યા વિના શરીર, પ્રગટ પ્રભુને મેલી ॥
મેલી મહી[૫] વલોવતાં નીર, પ્રાપતિ સઈ[૬] છેલ્લી ॥ ૪ ॥

**૧.**નિર્બળતા **૨.**શ્રેષ્ઠ **૩.**ઢીલાશ **૪.**કષ્ટ આપે **૫.**દહીં **૬.**કઈ/શું થાય ?

છેલ્લી સમજણ સંતની એહ, પ્રતાપ પ્રભુનો જાણે ॥
જાણે સમર્થ શ્રીહરિ તેહ, ભરોંસો એ ઉર આણે ॥૫॥
આણે[૧] ટાંણે કરવો વિચાર, વિવેકે વળી વળી ॥
વળી નરને કરવો નિરધાર, મોટા જો સંતને મળી ॥૬॥
મળ્યો મનુષ્ય દેહ અમૂલ્ય, ફરી ફરી મળતો નથી ॥
નથી ઘટતી રાખવી ભૂલ્ય, કહું શું હું કથી કથી ॥૭॥
કથી કહ્યું મેં સર્વનું સાર, શાણા સમઝી લેજો ॥
લેજો નિષ્કુળાનંદનો વિચાર, સુંદર સારો છે જો ॥૮॥

*ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતા હરિબળગીતા સંપૂર્ણા ।*

# *હરિબળગીતા સમાપ્તા*

૧. આ

# હૃદયપ્રકાશ

## :: ભૂમિકા ::

પુરુષોત્તમની પ્રાપ્તિ એટલે પુરુષોત્તમની અખંડ અનુભૂતિ. આત્મામાં પરમાત્માના સાક્ષાત્કાર માટે અંતરની શુદ્ધિ અનિવાર્ય છે. મેલા મનમંદિરમાં મહારાજ ક્યારેય પ્રકાશતા નથી, માટે દરેક મુમુક્ષુઓએ પોતાના હૃદયની શુદ્ધિ કરવી જરૂરી છે.

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી આ **‘હૃદયપ્રકાશ’** ગ્રંથમાં હૃદયને પ્રભુની પધરામણીનું પાત્ર બનાવવાનો પ્રકાશ પાડે છે. તેથી તેનું **‘હૃદયપ્રકાશ’** એવું સાર્થક નામાભિધાન કર્યું છે.

પૂ. સ્વામીએ ગુરુ-શિષ્યના સંવાદમાં રચેલા આ ગ્રંથમાં એક અદ્‌ભુત મનોવિજ્ઞાન લગાવ્યું છે.

જેમ કમ્પ્યૂટરમાં રહેલી ‘હાર્ડ ડિસ્ક’ ગંદા ડેટાઓથી હાઉસફુલ થઈ ગઈ હોય તો પછી તેમાં સારું સાહિત્ય ભરી શકાય નહીં. તે માટે પહેલા તેને ખાલી કરવી જરૂરી છે, પછી ઉપયોગી ડેટાઓને એન્ટર કરવાની પ્રોસેસ કરવી જોઈએ. ઠીક તેવું જ પૂ. સ્વામી આ ગ્રંથમાં સમજાવે છે.

## હૃદયપ્રકાશ

આપણું હૃદય એક હાર્ડ ડિસ્ક છે. તેમાં જન્મોજનમથી જગત સંબંધી ભૂંડા વિષયો ભરપૂર થઈને ભરાઈ પડ્યા છે. આ બધા ગંદા ડેટાઓને દાખલ કરનારા આપણા કુલ નવ શત્રુઓ છે :- પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા ચાર અંતઃકરણ. અંતઃકરણના ચાર દેવતાઓ તેના ખાસ સાથીદાર-પ્રધાનો છે. આ બધાએ ભેગા થઈને આપણા અંતરમાં અહં-મમત્વ અને જગતના તમામ પદાર્થોનું નકામું નોલેઝ એટલું બધું ભરી દીધું છે કે હવે હરિજીને પગ દેવાની પણ જગ્યા નથી.

આ બધી ચર્ચા શરૂઆતના નવ પ્રસંગોમાં કરી છે. પછી દસમા પ્રસંગમાં પૂ. સ્વામીએ તે ગંદા ડેટાને ડીલેટ કરવાના પાંચ ઉપાયો બતાવ્યા છે : (૧) વૈરાગ્ય (૨) પ્રભુની પરાભક્તિ (૩) વિષય ત્યાગના નિયમો (૪) મોટા સંતનો સંગ (૫) આત્મનિષ્ઠાની દઢતા.

વૈરાગ્ય, ભક્તિ અને આત્મજ્ઞાન તરત થાય તેવા નથી. માટે નિયમો સહુ કોઈના તારણહાર છે.

આ બધા સાધનો કેવળ સ્વપ્રયત્નથી જ સિદ્ધ થવા અશક્ય છે. પરંતુ જો શ્રીહરિ તથા સંતનો ભરોસો રાખી તેના બળે પૂરતો પ્રયત્ન કરે તો પ્રભુજી જરૂર તેને સહાય કરી સાધનો પૂરા કરી આપે છે. આવો સાર અગિયારમાં પ્રસંગમાં જણાવ્યો છે.

બારમા પ્રસંગમાં મહારાજની મૂર્તિ ધારી સંકલ્પને મારવાની રીત શીખવી છે તથા પ્રભુને દોષ નહિ દેતા તેમને પ્રસન્ન કરવાનો દાખડો કરવાની ભલામણ કરી છે.

તેરમા પ્રસંગમાં મૂર્તિના સાક્ષાત્કારની સ્થિતિવાળા તથા આશરાની દઢતાવાળાનાં લક્ષણ જણાવી તે બન્નેનું કલ્યાણ જણાવ્યું છે. તેમાં પણ ભગવદ્ આશરો તે ભવસાગર તરવાનો સહુથી સારો ઉપાય છે, તેમ જણાવ્યું છે.

ભગવાનના ભક્તને પણ દેહ છે ત્યાં સુધી વિષય તો ભોગવવા જ પડે છે. એમાં પણ જેને વૈરાગ્યાદિ સાધનો નબળાં હોય તેવા ભક્તો માટે છેલ્લા બે પ્રસંગોમાં અતિ સરલ ઉપાય બતાવ્યા છે. ઈન્દ્રિયો-અંતઃકરણ દ્વારા જે કાંઈ ક્રિયા થાય તેમાં સર્વત્ર શ્રીહરિનો સંબંધ જોડવાની જોરદાર ટેક્નિક બતાવી છે.

આમ, માયિક વિષયોનો સંગ છોડી અખંડ ભગવત્પરાયણ રહેવા માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.

આ ગ્રંથ સંવત્ ૧૮૯૬ અષાઢ સુદ-નીમી એકાદશીએ વડતાલમાં રહીને પૂર્ણ કર્યો છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



*શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે*

# હૃદયપ્રકાશ

**સોરઠા :**

સમરું શ્રીઘનશ્યામ, મંગળ કરવા માહેરું ॥
અમૃતપદ એ નામ, અમંગળ અળગું કરે ॥૧॥
ધૈર્ય થકી[1] ધરિયે ધ્યાન, પ્રગટ પુરુષોત્તમતણું ॥
નિર્વિઘ્ન હોય નિદાન, વિઘ્ન સર્વે વિરમે વળી ॥૨॥

**દોહા :**

અતિ ઝીણી છે આ કથા, કહે ન સમજે કોય ॥
સો[2] સંક્ષેપે સૂચવું, મતિ દિયો એવી મોય ॥૩॥
વારમવાર વિનય કરી, કરું કથા ઉચ્ચાર ॥

**૧.**ધીરજ પૂર્વક **૨.**તેવી કથા

મતિ અતિ પોં'ચે નહિ, તે પોં'ચાડો તમે પાર ॥૪॥

સદ્‌ગુરુ શિષ્ય સંવાદ શું, કરું કથા પ્રકાશ ॥
જે સુણતાં શુદ્ધ શિષ્યને, હોય હૃદય તમ[1] નાશ ॥૫॥

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સદ્‌ગુરુ સુણો, પૂછું છું લાગી પાય ॥
મૂર્તિ જોવા મહારાજની, ઈચ્છુ છું હું ઉરમાંય ॥૬॥

દિન બહુનો દાખડો, કરું છું કૃપાનિધાન ॥
પણ આજ સુધી અંતરમાં, ભાળ્યા નહિ ભગવાન ॥૭॥

જેમ કહો તેમ કરું, હાથ જોડી રહું હજૂર ॥
દીનબંધુ દયા કરો, તો હરિ દેખાય ઉર ॥૮॥

અંતર મારું અણોસરું,[2] વણ દીઠે વ્રજચંદ ॥
જ્યારે દેખું જગપતિ, ત્યારે સુખ આનંદ ॥૯॥

એમ શિષ્ય સદ્‌ગુરુને કહે, અરજી એહ મહારાજ ॥
અંતરમાં ઈચ્છા ઘણી, નાથ નીરખવા કાજ ॥૧૦॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે શીદ કરે, અમથો શિષ્ય ઉમંગ ॥
સાંભળ્ય તારાં સંબંધી, કેને છે સતસંગ ? ॥૧૧॥

મન બુદ્ધિ ચિત્ત અહંકાર જે, તે કહિયે કુસંગી ચાર ॥
ત્યાં જોવા ઈચ્છે જગદીશને, તું કરી કોણ વિચાર ॥૧૨॥

શ્રવણ ત્વચા દ્રગન[3] દોય, રસના નાસા નેક ॥
કહિયે પંચ એ કુસંગી, કર્ય તું હૈયે વિવેક ॥૧૩॥

તેમાં જોવા ઈચ્છે જગપતિ, શું સમજી તું સુજાણ ॥

---

**૧.**અંતરમાં રહેલ અજ્ઞાનરૂપ અંધકાર **૨.**ઉદાસ **૩.**આંખ

મલિન મંદિરમાં હરિ, ન દરશે[1] કે દી નિરવાણ[2] ॥૧૪॥

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સમજ્યો નહિ, કહું કુસંગી તે કોયે ॥
સમજ્યો સર્વે સતસંગી, એમ મનાણું મોયે ॥૧૫॥

વણ સમજ્યે વરત્યાં[3] નહિ, ઘરના ઘાતક[4] એહ ॥
અભાવ એનો નથી આવતો, સમજું છું પરમ સનેહ[5] ॥૧૬॥

અવગુણ એના ઓળખાવિયે, કહું કૃપાનિધાન ॥
દગો એનો હું દેખીને, સમજી રહું સાવધાન ॥૧૭॥

મેં જાણ્યું એહ માહેરાં, હેતુ[6] છે જો હમેશ ॥
સનેહીમાં શત્રુપણું, મેં લયું[7] નહિ લવલેશ ॥૧૮॥

જેમ છે તેમ જણાવિયે, આપી શિખામણ સાર ॥
ડહાપણમાં દીઠું નહિ, આભ સમ અંધાર[8] ॥૧૯॥

સમજી શાણો આપને, કરે બીજાની હાસ ॥
મોટો મૂરખ નિસર્યો, જ્યારે કર્યો તપાસ ॥૨૦॥

**પરને બહુ પરમોદિયા,[9] કર્યા સતસંગી કોટ્ય ॥**
**વૃત્તિ ન વાળી અંતરે, કહો ટળે કેમ ખોટ્ય ॥૨૧॥**

અરિતા[10] અંતઃકરણની, પંચ ઈંદ્રિય જે પૈશૂન્ય[11] ॥
એટલું મને ઓળખાવીએ, એમ કહી રહ્યો શિષ્ય મૂન્ય ॥૨૨॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

તૈયે સદ્‌ગુરુ કહે નથી જાણતો, તું શિષ્ય અજ્ઞાની જોર ॥
ઓળખાવું એકો એકને, ચોખાં છે જેહ ચોર ॥૨૩॥

**૧.**દેખાય **૨.**નક્કી **૩.**ઓળખ્યાં **૪.**દગાબાજ-દુશ્મન **૫.**સ્નેહી **૬.**હિતેચ્છુ **૭.**જાણ્યું **૮.**આકાશ જેટલું અજ્ઞાન **૯.**ઉપદેશ આપી સમજાવ્યા **૧૦.**દુશ્મનાવટ **૧૧.**શઠ; નીચ

મનની ચોરી મોર્યથી, કહું કાંયેક નિરધાર ॥
પદાર્થ બહુ પ્રભુ વિના, રાખ્યાં હૃદય મોઝાર ॥૨૪॥

સંકલ્પે સૃષ્ટિ સબે આણી વસાવી ઉર ॥
કહો હરિ કિયાં રહે, ભીંતર છે ભરપૂર ॥૨૫॥

સર નદી વાપી[૧] કૂવા, સિંધુ સાતે દ્વીપ ॥
સંકલ્પે સર્વે એહ, મન દેખાડે સમીપ ॥૨૬॥

દેશ વિલાયત[૨] નગર પુર, ગામ ઘોષ[૩] વનવાટ ॥
આણી ભર્યાં એહ અંતરે, ગિરિ ગહ્વર[૪] ઘર ઘાટ ॥૨૭॥

**જે જે વસ્તુ જગતમાં, તે ઘાલી ગોતી ઘરમાંય ॥**
**અવિનાશી રહે એટલી, નથી જાયગા ક્યાંય ॥૨૮॥**

સારાસાર સમજે નહિ, લૈ લાવે છે ઝડી[૫] ઝોટ્ય[૬] ॥
સંકલ્પ સુખ દુઃખના, કરે રાત દિન કોટ્ય ॥૨૯॥

જે જે વિલોકે વસ્તુને, તેમાં થાય તદ્રૂપ[૭] ॥
રગરગમાં રમી રહે, સુખદ દુઃખદ સ્વરૂપ ॥૩૦॥

દામ દામ સમરે દામને, ભામ ભામ સમરે ભામ[૮] ॥
કામ કામ સમરે કામને, ધામ ધામ સમરે ધામ[૯] ॥૩૧॥

સુખ સુખ સમરે સુખને, દુઃખ દુઃખ સમરે દુઃખ ॥
ભૂખ ભૂખ સમરે ભૂખને, એહવો જ મન વિમુખ ॥૩૨॥

નિમિષ એક નવરો નહિ, સંકલ્પ કરતાં સોય ॥
જાગ્રત સ્વપ્ન સર્વમાં, દીધી છે દોરી[૧૦] પ્રોય ॥૩૩॥

જડે ન જોયે જાયગા, કહો હરિ રહે કોણ ઠામ ॥
શિષ્ય તું સમજ્યા વિના, હૈયે ન કરિયે હામ ॥૩૪॥

**૧.**વાવ **૨.**દૂરનો પ્રદેશ કે વિદેશ **૩.**નેસડા; ઝૂંપડાં **૪.**ગુફા **૫.**વારંવાર **૬.**ઝૂંટવીને **૭.**તદાકાર; તલ્લીન **૮.**સ્ત્રી **૯.**ઘર **૧૦.**વૃત્તિ

સર્વે સંકલ્પ સુખના, કરતાં આવે સ્વાદ ॥
એક સંકલ્પ હરિતણો, નેક થયો નિરસ્વાદ ॥૩૫॥

ભૂંડી વસ્તુ ભીતરે, આણી ભરી અનેક ॥
રૂંધી હૃદયે રાખિયો, એવો નરસો નેક ॥૩૬॥

તેને તેં ઓળખ્યો નહિ, જાણ્યો પરમ સ્નેહ ॥
જો વિચારી શિષ્ય તું, અરિ કહે તું એહ ॥૩૭॥

**સોરઠા :**

સમજ્યા વિના સુજાણ, સુખ ન હોય કોઈ દને ॥
સો નકી વાત નિરવાણ, જાણી લહે તું શિષ્ય સહી ॥૩૮॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે પ્રથમઃ પ્રસંગઃ ॥૧॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

ત્યારે શિષ્ય કહે સમજ્યો સહી, જે જે કહી કૃપા કરી વાત ॥
આજ થકી મેં ઓળખ્યાં, ઘરને[1] કરી છે ઘાત[2] ॥ ૧ ॥

એહ વિના એવા કોયે, બીજા જે દગાબાજ ॥
કૃપા કરી કે'જો ફરી, ઓળખું એને હું આજ ॥ ૨ ॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

તૈયે સદ્‌ગુરુ કહે સાંભળ્ય વળી, બીજી બુદ્ધિ તું જાણ્ય ॥
એહ તારા અંતરમાં, હંમેશ કરે છે હાણ્ય[3] ॥ ૩ ॥

જે જે સંકલ્પ મન કરે, તે તે બુદ્ધિ કરે પ્રમાણ ॥
નિઃસંશય નિશ્ચય કરે, ન ફરે તે નિરવાણ ॥ ૪ ॥

માત તાત સુત સંબંધી, વળી તે વર્ણાશ્રમ ॥
ઠીક એહ ઠેરાવિયાં,[4] નાત્ય જાત્ય કુળ ધર્મ ॥ ૫ ॥

---

**૧.**ઘરના-અતિ નજીકના સભ્યોએ **૨.**દગો **૩.**નુકસાન **૪.**દઢ કર્યાં

બાળ જોબન વૃદ્ધપણું, નામ રૂપ નિરધાર ॥
નકી તે નિશ્ચય કર્યું, ભર્યું ભીતર મોઝાર ॥૬॥

નર નારી ત્યાગી ગૃહી, વળી જે લીધો વેશ ॥
તેને તેવું મનાવિયું, અંતરમાં અહોનિશ ॥૭॥

પશુ પંખી પન્નગ નગ,[1] વન વેલી જે જે જાત ॥
બુદ્ધિયે બહુ નિશ્ચય કર્યાં, વિદેશ દેશ વિલાત ॥૮॥

એકએકમાં અનેક વિધિ, નામ રૂપ ગુણ આકાર ॥
એ સર્વે અંતર આણિયાં, કે'તાં ન આવે પાર ॥૯॥

જે જે જાણી જગતમાં, વસ્તુ વિવિધ પ્રકાર ॥
તે તે દઢાવી અંતરે, ભર્યો તેનો ભંડાર[2] ॥૧૦॥

અવનિ આપ[3] વળી તેજ જે, અનિલ[4] ને આકાશ ॥
પદાર્થ એહ પંચના, કરી ભેળી લઈ કાશ[5] ॥૧૧॥

મણમણનું મનાવિયું, કણકણની કહું વાત ॥
ઘણઘણનું દઢાવિયું, જણજણની[6] જે જાત ॥૧૨॥

પોત પોતાનું પારખ્યું, જોત્ય જોત્યનું જેહ ॥
રંગરંગના રૂપને, તરત મનાવ્યું તેહ ॥૧૩॥

વાતવાતની વિગતી, જાતજાતનું જેમ ॥
પાતપાતનું પારખ્યું, ઘાતઘાતનું એમ ॥૧૪॥

વણજ વેપાર વે'વાર વ્યાજ, ખત[7] કાગળની ખોંચ[8] ॥
બુદ્ધિમાં બેસી ગઈ, પર પોતાની પોં'ચ ॥૧૫॥

રસરસના રૂપને, જાણે જેમ છે તેમ ॥
ખટરસ ખોળી ખરા કર્યા, ત્યાં હરિ દેખાયે કેમ ॥૧૬॥

**૧.**પર્વત **૨.**ખજાનો **૩.**જળ **૪.**વાયુ **૫.**માથાકૂટ **૬.**દરેક માણસની **૭.**દસ્તાવેજ **૮.**ગૂંચવણ

સૂતાં ઊઠી સુખના, કરે બુદ્ધિ બહુ વિચાર ॥
આ ખાધે સુખ ઉપજે, આ ખાધે વાધે વિકાર ॥૧૭॥

હોજ હવેલી મેડિયું, મંદિર મો'લ મોલાત[૧] ॥
ઘર કોટ બહુ બંગલા, મતિયે મનાવી એ વાત ॥૧૮॥

એવાં અનેક અંતરે, ભર્યા લઈ ભરપૂર ॥
અશુદ્ધ એવું અવલોકીને, હરિ રહે છે દૂર ॥૧૯॥

વળી રાગરાગ હૃદે રહ્યાં, છંદ પ્રબંધની રીત ॥
વર્ણવર્ણ વિગતી ખરી, કાના માત્ર સહિત ॥૨૦॥

શાસ્ત્ર શાસ્ત્ર સર્વનું, શોધી લિયે સાર ॥
આવે મળતું અંગમાં, તે રાખે કરી બહુ પ્યાર ॥૨૧॥

જળજળનું જાણે ઘણું, ફળફળનો બહુ ફેર ॥
ખળખળની ખોજ ખરી, પળપળની બહુ પેર ॥૨૨॥

રાળ રૂપૈયા મો'રમાં, મનાવ્યો છે માલ ॥
કથીર[૨] રૂપા કનકમાં, વેરો ન પડે વાલ[૩] ॥૨૩॥

માણેક મોતી મણિકણિ, પના પિરોજા હીર ॥
લાલ પ્રવાળાં લસણિયાં, થાપ્યા મતિએ થીર[૪] ॥૨૪॥

જડીબુટી જાણે ઘણી, ગરમ વાયુ વાસિત ॥
એહ આદિ બહુ અંતરે, નવેનવાં નિતનિત ॥૨૫॥

મંત્ર જંત્ર મૂઠચ ટોનો,[૫] નાટક ચેટક ચોટ ॥
ભૈરવ ભૂત ભવાની ભય, કૈ દેવ અદેવ કોટ ॥૨૬॥

જે જે જાણ્યા જગતમાં, તે તે નિશ્ચે કર્યાં ઉર[૬] ॥
કહો શિષ્ય હરિ ક્યાં રહે, ભર્યું ભીતર ભરપૂર ॥૨૭॥

**૧.**ખેતરમાં ઉગાડેલ પાક-છોડ **૨.**હલકા જાતની ધાતુ-કલઈ **૩.**થોડો પણ ટેક્સ ભરવો ન પડે તેમ **૪.**સ્થિર; દૃઢ **૫.**જાદું **૬.**અંતરમાં

કહી કહી કહ્યાં ઘણા, રહી રહી ગયાં અનેક ॥
સહી સહી વાત શોધી કહું, નહીં નહીં ન કે'વાયે નેક ॥૨૮॥

મેં કહ્યા દગા અંગઅંગના, રહી ગયા કઈ રોમરોમ ॥
જથારથ એ જાણવા, છે બુદ્ધિને ફોમ[૧] ॥૨૯॥

જેણે જાણી નિશ્ચય કર્યા, ભર્યા ભીતરને માંઈ ॥
ખાલી ઠેકાણું ખોળતાં, રે'વા દીધું નહિ ક્યાંઈ ॥૩૦॥

શિષ્ય નથી તું સમજતો, તું છું ભોળો ભૂપ ॥
તું ને બોળ્યો[૨] તાહેરે, તેનું ન જાણ્યું રૂપ ॥૩૧॥

**સોરઠા :**

સાચી કહું છું એ વાત, સમજે સુખ પામીશ સહી ॥
નહિ તો શત્રુ સાક્ષાત, વાત બગાડશે બહુ કહું ॥૩૨॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે દ્વિતીયઃ પ્રસંગઃ ॥૨॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સાચું સહી, રહ્યું અંધારું ઘોર ॥
જેને શાહા[૩] સમજતો, તે તો નીસર્યા ચોર ॥૧॥

વળીવળી બતાવજો, ઓળખાવજો અરિ એહ ॥
કહો કપટ કપટીતણાં, હું સુણીશ કરી સ્નેહ ॥૨॥

**સદ્‌ગુરુ ઉવાચ :**

સદ્‌ગુરુ કહે ચિત્ત તાહરું, ચિંતવે બહુ આકાર ॥
કહી કહી કહીએ કેટલા, કહેતાં તે નાવે પાર ॥૩॥

જે મને ઉત્થાને[૪] મેલિયાં, પ્રજ્ઞા[૫] કર્યાં પ્રમાણ ॥
તે તે ચિત્ત નિત્ય ચિંતવે, જાગ્રત સ્વપ્ન સોહે જાણ ॥૪॥

---

**૧.**ડંફાસ; ઉત્સાહ **૨.**માયામાં બૂડાડ્યો **૩.**સજ્જન; શાહુકાર **૪.**સંકલ્પ-વિકલ્પમાં **૫.**બુદ્ધિએ

માત તાત સુત સંબંધી, દેહ ગેહ ઘર નાર ॥
ભાઈ ભોજાઈ ભગિની, એહ ચિંતવે વારંવાર ॥૫॥

અવગુણ ગુણ અરિ મિત્રને, સંભારે ચિત્ત સોય ॥
સુખદ પદાર્થ સમજી, ચિંતવે ચિત્ત નિત્ય પ્રોય ॥૬॥

અન્ન ધન ધામ ધરણી, પશુ પંખી ગામ ગરાસ ॥
દેશ પ્રદેશ પુર નગર, ચિત્ત ચિંતવે શ્વાસોશ્વાસ ॥૭॥

પેખી પર પોતાતણાં, રાખે હેત કુહેત ॥
એવું સમજી અંતરે, ચોખું મનાવે ચિત્ત ॥૮॥

આ પંડિત આ મૂરખો, આ ડાહ્યા ભોળા દોય ॥
ચિત્ત નિત્ય એમ ચિંતવે, સહજ સ્વભાવે સોય ॥૯॥

આ રોગી આ રોગી નહિ, આ બુઢા જુવાન બાળ ॥
આ રૂપ કુરૂપ નારી નર, ચિત્ત ચિંતવે તત્કાળ ॥૧૦॥

પંચભૂતથી પ્રગટ્યાં, જડ-ચૈતન્યની જાત ॥
અણચિંતવે એકે નહિ, ચિત્ત ચિંતવે દિન ને રાત ॥૧૧॥

ચિત્તે ચિંતવી ચિંતવી, રાખ્યાં હૃદયમાં રૂપ ॥
ત્રિલોકમાં તલેતલ,[૧] સંભારે સોય સ્વરૂપ ॥૧૨॥

સર્વે રૂપ સંભારતાં, ન રહે નવરું નેક ॥
તારું સારું કેમ કરે, શિષ્ય સમજ વિવેક ॥૧૩॥

એણે કર્યું અતિ અવળું, તારું ટાળ્યું ઠામ[૨] ॥
તિયાં નીરખવા નાથને, કરું છું હૈયામાં હામ ॥૧૪॥

આખા જગતની આપદા,[૩] ભરી ભીતર મોઝાર ॥
એમાં જોવા જગદીશની, લાલચ મ કર લગાર ॥૧૫॥

**૧.**નાનું-મોટું તમામ **૨.**સુખ-શાંતિનું ઠેકાણું **૩.**મુશ્કેલી; ભૂંડી વસ્તુઓ

શિષ્ય સોદો[1] સંકટ થયો, ગયો મનુષ્યનો દેહ ॥
અજ્ઞાન આખા વિશ્વનું, રાખી રહ્યો તું તેહ ॥૧૬॥
પળે પળે પડ્યો પેચમાં,[2] બળે બળે બળવાન ॥
ગળે ગળે ઝાલી ગળ્યો, કળે કળે[3] કહું નિદાન ॥૧૭॥
તારું ધાર્યું ક્યાં રહ્યું ? જો શિષ્ય વિચારી વાત ॥
માને નહિ કોઈ માંહેલાં, મળી એ જાત કુજાત ॥૧૮॥
મન માને મા'લે[4] મળી, ચાલે ડોટા ડોટ ॥
કર્યું કારજ આપણું, દીધી તુજને ખોટ ॥૧૯॥

**સોરઠા :**

ખોટ મોટી શીદ ખાયે, જાયે જન્મ આ એળ્યે[5] અતિ ॥
વિચારી જોને ઉરમાંયે, કાંય કામ ન થયું રતી ॥૨૦॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે તૃતીયઃ પ્રસંગઃ ॥૩॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે હું શઠમતિ,[6] રતી ન સમજ્યો રીત ॥
મન બુદ્ધિ માન્યાં માહેરાં તેમ જ માન્યું ચિત્ત ॥૧॥
વેરી તે વા'લાં જાણિયાં, એહ મોટું અજ્ઞાન ॥
ઘર થકી[7] ધૂતાપણું,[8] ન કળ્યું મેં નિદાન ॥૨॥
વળી વળી કરજો વારતા, લળી લળી લાગું પાય ॥
મળી મળી માનીશ મહાપ્રભુ, કળી કળી કે'જો કાંય ॥૩॥

**સદ્‌ગુરુ ઉવાચ :- દોહા :**

સદ્‌ગુરુ કહે નખશિખા લગી, અંગમાંહિ અહંકાર ॥

---

**૧.**મનુષ્ય અવતારરૂપ વેપાર **૨.**માયાની જાળમાં **૩.**યુક્તિથી **૪.**મોજ કરે **૫.**વ્યર્થ **૬.**મૂરખ **૭.**પહેલેથી જ **૮.**છેતરપિંડી

અહં-મમત કરી માનિયું, યત્કિંચિત્ કૈ'યે લગાર ॥૪॥
મન સંકલ્પ મો'રે કહ્યા, બુદ્ધિ નિશ્ચયના બહુ ॥
ચિત્તે રાખ્યા ચિંતવી, તે હું ને મારું સહુ ॥૫॥
મારાં માત ને તાત છે, મારાં ભગિની ભાઈ ॥
મારી જાત ને નાત છે, મારા સગાંને સાઈ[1] ॥૬॥
સુત કલત્ર સંબંધી, મારું કુળ કુટુંબ ॥
એને અર્થે આ તને, સહું કષ્ટ વિષમ ॥૭॥
એહ મારાં હું એહનો, તજું નહિ ત્રય કાળ ॥
મમત એહ મેલું નહિ, કરું નિત્યે પ્રતિપાળ ॥૮॥
એને દુઃખે હું દુઃખિયો, એહને સુખે સુખ ॥
એહને જમે હું જમ્યો, એહને ભૂખ્યે ભૂખ ॥૯॥
એ છે મારા આતમા, એહ છે મારું તન ॥
એ છે મારા પ્રાણપ્રિયે, એ છે મારાં જીવન ॥૧૦॥
મારા મિત્ર ગોત્ર, એહ મારો વંશ વધાર ॥
મેલું કેમ એ મમતને, મારા એ આધાર ॥૧૧॥
અન્ન ધન માલ માહેરો, મારા પશુ પરિવાર ॥
કુળ મારું ઊંચુ અતિ, હું કુળનો શણગાર ॥૧૨॥
મારે બાપદાદે બહુ કર્યાં, મો'રે મોટાં કામ ॥
તે ઘરનો હું દીકરો, નહિ લજાવું નામ ॥૧૩॥
હું મોટો હું મોવડી,[2] પૂછે સહુ મને વાત ॥
દાસ દાસી માહેરે, કરે સેવા દિન રાત ॥૧૪॥
હુકમ ન ફરે માહેરો, કંપે સર્વે જન ॥

૧.સાથીદાર; મિત્ર ૨.આગેવાન

શહેર પુર ગઢ ગામનો, હું છું એક રાજન ॥૧૫॥
મારે તુલ્ય ત્રિલોકમાં, કોણ આવે કહો આજ ॥
જુઓ સર્વે જગતથી, મારી મોટી લાજ ॥૧૬॥
હું જે કરું તે થાય છે, હું કરું તે ન ફરે કામ ॥
હું ચલવું તો ચાલે ખરું, હું છઉં સહુનો શ્યામ[1] ॥૧૭॥
મારું ધાર્યું થાય છે, ન ધાર્યું નવ થાય ॥
બીજો મારી બરાબરી, જુઓ નથી જગમાંય ॥૧૮॥
હું રૂપાળો રૂડો ઘણું, હું ગોરો અંગ અપાર ॥
થોભા કલમા કાતરા, મૂછ મારી વળદાર ॥૧૯॥
પૂર્વ પશ્ચિમ હું ફર્યો, ઉત્તર દક્ષિણાદિ દેશ ॥
દાઢી જટા જોઈ જાણજો, રાખ્યા છે પંચ કેશ ॥૨૦॥
હું હું કરી હાલે ઘણું, અહં મમત અપાર ॥
હું મારું માને સહી, એહ જાણો અહંકાર ॥૨૧॥
હું પુરાણી પંડિત હું, હું ભણ્યો છું વેદ ॥
શાસ્ત્રમાત્ર સર્વેનો, હું જાણું છું ભેદ ॥૨૨॥
જે જે મેં નિર્ણય કર્યો, તેમાં કાઢે કોઈ ખોટ્ય ॥
જાવા ન દેઉં જીતીને, કરું હું કળાઓ કોટ્ય ॥૨૩॥
હું વક્તા વાચાળ[2] હું, હું મંડળીનો મેત[3] ॥
મારા મુખની વારતા, સહુ સુણે કરી હેત ॥૨૪॥
હું ગુરુ હું ગરઢો, બીજા સરવે બાળ ॥
મારી બરોબર એ સહુ, આવે નહિ કોઈ કાળ ॥૨૫॥
હું મારું કરી માનિયું, જગમાં યત્કિંચિત ॥

---

**૧.**સ્વામી; નાથ **૨.**વાત સમજાવવામાં હોશિયાર **૩.**મુખ્ય; ગુરુ

એહ અહંતા રૂપની, શિષ્ય સુણી લે રીત ॥૨૬॥
અહં મમતે રાખ્યાં અતિ, ભરી ભીતર મોઝાર ॥
જે જે પદાર્થ જગતમાં, નામ રૂપ ગુણ આકાર ॥૨૭॥
છલોછલ શરીરમાં, ભર્યાં એહ ભરપૂર ॥
કહો હરિ તે ક્યાં રહે, શિષ્ય સમજ જરૂર ॥૨૮॥
દિન બહુથી દાખડો, તેં આદર્યો છે આપ ॥
પણ કેમ આવે હરિ તિયાં, તારા ઘરમાં[1] પાપ ॥૨૯॥
કાઢ્યાં ન નીસરે કોયથી, એવાં ઘાલ્યાં છે મૂળ ॥
કળે બળે જાય કાઢવા તો, સો સો કરે એ શૂળ[2] ॥૩૦॥
હરિને દોષ દઈશ મા, શ્રી હરિ છે જો તૈયાર ॥
આવી વસે અંતરે, જો હોય નવરું નિરધાર ॥૩૧॥
ગોબરવાડે[3] ઘર ભર્યું, ઉકરડો અતિ ગંધ્ય ॥
એવું અંતર તાહેરું, કેમ રહે હરિ તેહ મધ્ય ॥૩૨॥

**સોરઠા :**

અંતર અતિ અશુદ્ધ, વિવિધ ભાતે વિકારે ભર્યું ॥
તિયાં રહે કેમ બુદ્ધ,[4] અતિ શુદ્ધ જે શ્રીહરિ ॥૩૩॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે ચતુર્થઃ પ્રસંગઃ ॥૪॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે એહ સત્ય છે, તમે કહ્યું જેમ છે તેમ ॥
વાત ગઈ બહુ બગડી, કહો કરું હવે કેમ ॥૧॥
ઉપાય એહનો અમને, બતાવિયે વાલમ ॥
કહો કેમ એહ નીસરે, તેહની પડાવો ગમ[5] ॥૨॥

---

**૧.**અંતરમાં **૨.**પીડા; ઉપાધિ **૩.**ગંદકીથી **૪.**સર્વજ્ઞ; નિર્લેપ **૫.**સમજણ

અંતઃકરણ રહે અંતરે, મન બુદ્ધિ ચિત્ત અહંકાર ॥
જક્ત પદાર્થ જે કહ્યાં, તે તો રહે છે બા'ર ॥૩॥

કેમ આવ્યાં એહ અંતરે, ભરાઈ ગયાં ભીતર ॥
નિસાર્યાં નીસરે નહિ, કરી રહ્યાં એહ ઘર ॥૪॥

એની મેળે એહ આવવા, નથી નિશ્ચે સમર્થ ॥
આવી સહુ સબળાં થયાં, આદરિયો અનર્થ[૧] ॥૫॥

અણઈચ્છ્યાં એ આવી રહ્યાં, કે લાવિયાં વળી કોય ॥
પૂછું છું એહ પ્રશ્નને, સદ્‌ગુરુ કહેજો સોય ॥૬॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે સાચી કહું, તેં પૂછી તેહની વાત ॥
શ્રુતિ[૨] દઈ સાંભળ્ય હવે, કહું તુંને સાક્ષાત ॥૭॥

અંતઃકરણની આગળે, પ્રધાન[૩] રહે છે પંચ[૪] ॥
જોઈએ જેવું જે સમે, તેવો સોંપે છે સંચ[૫] ॥૮॥

દિગ[૬] વાયુ દિનકર[૭] કહું, વરુણ અશ્વિનીકુમાર ॥
જડ ચૈતન્ય જે જક્તમાં, તેહ લાવી કરે તૈયાર ॥૯॥

દિગદ્વાર દોય કાન છે, સમીર[૮] દ્વાર સોય ચર્મ ॥
અર્ક દ્વાર સો આંખ્ય દો, એહ સમજી લે મર્મ ॥૧૦॥

વરુણદ્વાર જાણો જીભને, અશ્વિનીકુમાર દ્વાર નાક ॥
વળગ્યા પંચે વો'રવા,[૯] ન જુએ પાક[૧૦] નપાક ॥૧૧॥

દિગ કાન દ્વારે કરી, વડો કરે વેપાર ॥
શબ્દ સર્વે જક્તના, લઈ લઈ ભર્યા ભંડાર ॥૧૨॥

નર નારી વૃદ્ધ બાળના, યુવાના શબ્દ જેહ ॥

**૧.**મોક્ષમાં નડતરરૂપ અધર્મ **૨.**કાન; ધ્યાન **૩.**કાર્ય કરનાર કારભારી **૪.**પાંચ-જ્ઞાનેન્દ્રિયોના દેવતા **૫.**પંચવિષયરૂપી સામાન **૬.**દિગ્પાળ **૭.**સૂર્ય **૮.**વાયુ **૯.**લાવવા **૧૦.**પવિત્ર

INDEX



વહોરી[1] વિવિધ ભાતશું, અંતરે ઊતર્યા એહ ॥૧૩॥
પશુ પંખી પન્નગના, જડ ચૈતન્યના જેમ ॥
નામ રૂપ આકાર ગુણ, વિગતે વહોર્યા એમ ॥૧૪॥
સુખદુઃખદાયી શોધીને, રાખ્યા રુદિયા માંય ॥
જેમ બોલે તેમ જાણી લિયે, સંશય ન રહે કાંય ॥૧૫॥
શત્રુ મિત્ર શબ્દને, સમજે સર્વ સુજાણ ॥
ભેળા કર્યા લૈ ભીતરે, ઘટમાંહી ઘમસાણ ॥૧૬॥
ઢોલ નગારાં દુંદુભિ, તૂરી શરણાઈ શંખ ॥
ઝાંઝ મૃદંગ મંજીરાં, ગોમુખ શીંગી અસંખ્ય ॥૧૭॥
સતાર સરોદા સારંગી, સરીમંડળ મોરચંગ ॥
ભેર્ય ભૂંગળાં વાંસળી, દોકડ મોવર્ય ઉપંગ ॥૧૮॥
ઘડિયાળ ઘંટા ઘૂઘરા, ઝાલર જંતર જેહ ॥
વીણા વેતાંન રવાજ ડફ, રણશીંગ તિંદરી તેહ ॥૧૯॥
કરણાટક-કમાચા, સ્વર અલગોજા સાર ॥
તવલ ત્રાસાં ખંજરી, પડઘમ આદિ અપાર ॥૨૦॥
જે જે વાજાં સાંભળ્યાં, તેનો કરી નિરધાર ॥
લઈ ઉતાર્યાં અંતરે, નામ રૂપ આકાર ॥૨૧॥
ગ્રામ સ્વર તાલ મૂર્છના, તાનતણો નહિ પાર ॥
સુણી શીખી સાંભળી, ભર્યાં હૃદય મોઝાર ॥૨૨॥
કવિત સવૈયા સાખી છપ્પે, જે જે છંદની જાત ॥
દોહા ચોપાઈ સોરઠા, શીખ્યો સહુની વાત ॥૨૩॥
પૂર્વછાયા પરજિયા, પૂરા અધૂરા છંદ ॥

૧.ભેળા કરી

INDEX



શબ્દ તણા સમૂહનાં, વસ્યાં અંતરમાં વૃંદ[૧] ॥૨૪॥
કાવ્ય કથા પુરાણ પદ, શાસ્ત્ર વેદ બહુવિધ ॥
એહ ભરાણાં ભીતરે, પેખી દેખ પ્રસિદ્ધ ॥૨૫॥
એક પશુમાં અનેક વિધ, અતિ જુદા ઉચ્ચાર ॥
રીત જે રવરવ તણી,[૨] કે'તાં ન આવે પાર ॥૨૬॥
ગજ બાજ ગાય મહિષી, ઊંટ ખૂંટ ખર જંબુ વાઘ ॥
શબ્દ શ્વાનના સાંભળી, ન હોય અતિ અનુરાગ[૩] ॥૨૭॥
રીંછ ભીંછ ને ભૂંડણાં, વ્યાઘ્ર વાનર નોળ ॥
શબ્દ સુણી સમજી, રાખ્યા હૃદયે અતોળ ॥૨૮॥
રોઝ ગેંડા સેમરાં, સાબર સીંગા સોય ॥
રૂપ સહિત રાખ્યાં હૃદે, રહ્યું ન બા'રું કોય ॥૨૯॥
એહ આદિ અનંત પશુ, કહેતાં તે નાવે પાર ॥
રવરવે જુદાં જાણિયે, નામ ગુણ આકાર ॥૩૦॥
કહી કહી કહીએ કેટલા, પશુ શબ્દ પ્રકાર ॥
આવી રહ્યા સહું અંતરે, નથી માગ[૪] લગાર ॥૩૧॥
મોર બપૈયા શુક મેના, શબ્દ એના સુખદેણ ॥
કાક કપોત ચીબરી, ઉલૂક શબ્દ દુઃખદેણ ॥૩૨॥
સારસ હંસ ષટપદા, રવ એહના રસાળ ॥
બક સીંચાણા શકરા, એહ બોલ્યે બહું જંજાળ[૫] ॥૩૩॥
એહ આદિ અનંત ખગ,[૬] બોલે બહુ પ્રકાર ॥
શુભાશુભ સ્વર સાંભળી, રાખ્યા હૃદય મોઝાર ॥૩૪॥
પંખી બહુ પેરપેરનાં,[૭] બોલીમાં બહુ ફેર ॥

**૧.**જથ્થા **૨.**દરેક પ્રકારના શબ્દો-અવાજની **૩.**પ્રેમ **૪.**જગ્યા **૫.**ઉપાધિ; દુઃખ **૬.**પક્ષી **૭.**અનેક પ્રકારના

શબ્દ સમજે સહુના, એહમાં નહિ અંધેર[1] ॥૩૫॥
શબ્દ આવે કાનમાં, લાવે રૂપ આકાર ॥
તે તે સર્વે સમજીને, ભર્યા લઈ ભંડાર ॥૩૬॥
પગ માંડ્યાની જાયગા, નથી નવરી નેક ॥
ત્યાં તેડે છે નાથને, વણ કરે વિવેક ॥૩૭॥
શ્રવણ દ્વારે શોધીને, આણ્યા શબ્દ અનંત ॥
ઉતાર્યા લૈ અંતરે, સમજે એહ બુદ્ધિવંત ॥૩૮॥
એમ વસાવ્યાં અંતરે, જક્ત પદારથ જોર ॥
તે જાણે છે તાહેરાં, પણ એ છે ચોખાં ચોર ॥૩૯॥
શિષ્ય તું સમજ્યો નહિ, ગયો એળ્યે[2] અવતાર ॥
તારું તારા ઉપરે, ચાલ્યું નહિ લગાર ॥૪૦॥
ગાફલ તું ઘરઘરના, ઠગી ખાય છે ઠગ ॥
કામ પડે કેનાં નહિ, સર્વે સ્વારથ લગ ॥૪૧॥
કહિયે શિખામણ કેટલી, હૈયે નહિ ઉકેલ ॥
આશા સહી એ અંબુની,[3] ઉન્મત્ત[4] માથે હેલ[5] ॥૪૨॥

**સોરઠા :**

ઉન્મત્ત નરની સંપત, અવર જનને આવે અરથે ॥
પોતે ભોગવે વિપત, બુદ્ધિહીન જે બાવરો[4] બહુ ॥૪૩॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્ગુરુશિષ્યસંવાદે પંચમઃ પ્રસંગઃ ॥૫॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સાચું સહી, મેં સમજાણું નહિ સોય ॥
તમે કહ્યે તપાસિયું, મારું ન મળે કોય ॥ ૧ ॥

---

**૧.**અજાણ્યું **૨.**વ્યર્થ **૩.**પાણીની **૪.**પાગલ **૫.**પાણી ભરેલાં પાત્ર

INDEX



ઠગઠગ ઠગ એ ફાંસિયાં,[1] શાહા[2] જાણી કર્યો સાથ ॥
મોટા રણમાં રોળિયો, માર્યો ગયો અનાથ ॥૨॥

એહ જેવાં હોય અંગમાં, ઓળખાવો મુને આજ ॥
નાથ તમારા હાથમાં, મારી છે ગુરુ લાજ ॥૩॥

**સદ્‌ગુરુ ઉવાચ :- દોહા :**

એવું સુણી સદ્‌ગુરુ બોલિયા, સુણજે શિષ્ય સુધીર ॥
ત્વચા દ્વારે વો'રિયા, સ્પર્શ બહુ સમીર ॥૪॥

સ્પર્શ સુખદ સંસારમાં, દીઠા સુણ્યા સોય ॥
પિંડ અંતર સ્પર્શ્યા વિના, મળ્યે મેલ્યા નહિ કોય ॥૫॥

શીત ઉષ્ણ શરીરશું, પ્રીતે સ્પર્શ્યા જેહ ॥
ચર્મ મર્મ ચોખાં કરી, રાખ્યાં હૃદયે તેહ ॥૬॥

નારી નાના બાળનો, સ્પર્શ તે સુખરૂપ ॥
કોમળ કાયા સ્પરશી, અંતર ઉતારી અનુપ ॥૭॥

ગાદી તકિયા ગાદલાં, મશરુ કાં મખમલ ॥
લાસાં ગાલ-મસુરિયાં, ઓશિસાં અવલ ॥૮॥

રૂડાં સહુ રેશમી, સુંવાળા સુખદેણ ॥
એનો સ્પર્શ પામતાં, કે'વા રે' કાંયે કેણ ॥૯॥

સેજ સમારી સુમને, કોમળ કળી ફૂલ ॥
સ્પર્શ કર્યો સૂઈને, તે કેમ જાશે ભૂલ ॥૧૦॥

મંદ સુગંધ શીતળનો, સ્પર્શ્યો પંડ્યે[3] પવન ॥
તેનું સુખ શરીરમાં, વીસરે નહિ કોય દન ॥૧૧॥

ચૂવા-ચંદન ચરચી, અત્તર ચોળ્યાં અંગ ॥

**૧.**દગાબાજ-છેતરનારા **૨.**સજ્જન **૩.**શરીરને

તેલ ફુલેલ તનમાં, સ્પર્શી પામે ઉમંગ ॥૧૨॥
લીસાં સુવાળાં લૂગડાં, ઝીણાં ઘાટાં જેહ ॥
જે જે સ્પર્શ્યાં પિંડને, અંતર ઉતાર્યાં એહ ॥૧૩॥
અતિ સુવાળાં સાવટુ, તેહ સ્પર્શ્યાં ત્વચાય ॥
ભર્યાં છે તેહ ભીતરે, સર્વે હૃદયા માંય ॥૧૪॥
વનવેલી પાત પાષાણનો, સ્પર્શ સુખ દુઃખદાઈ ॥
ગુણ સહિત ગ્રહણ કરી, રાખ્યાં હૃદયા માંઈ ॥૧૫॥
વ્યાળ વીંછી વિષ વહનિ, સ્પર્શે પીડા થાય ॥
એહ પણ સર્વે અંતરે, રાખ્યાં સમજી સદાય ॥૧૬॥
સ્પર્શ પશુ જાતનો, શુદ્ધ અશુદ્ધ સોય ॥
ઓળખી ઉતાર્યો અંગમાં, નિશ્ચે સંશય ન હોય ॥૧૭॥
અનેક વિધની ઔષધી, ગુણ જાણે જન જરૂર ॥
એક સ્પર્શે આનંદશું, એક પરહરે દૂર ॥૧૮॥
જળ ફળ જે જે જગતમાં, સ્પર્શ કર્યો પ્રમાણ ॥
એક સ્પર્શે પીડા ટળે, એક સ્પર્શે પ્રાણની હાણ ॥૧૯॥
એમ સ્પર્શ સર્વે શોધીને, ઉતાર્યા છે ઉર ॥
જડે નહિ જોતાં જાયગા, ભર્યા છે ભરપૂર ॥૨૦॥
અવિનાશી રહે એટલો, નથી માગ મગન ॥
સોય અગ્ર સૂનું[1] નહિ, સર્વે વસ્યાં સઘન ॥૨૧॥
જ્યાં ઢેઢ ઢીમર[2] ઢોલવી,[3] ત્યાં વિપ્ર વસે કોણ વિધ ॥
કલાલ[4] કસાઈ કાફરા,[5] પાપી જ્યાં પ્રસિદ્ધ ॥૨૨॥
એહવા તારે અંતરે, આવી વસ્યા અઘવંત ॥

**૧.**સોયની અણી જેટલું પણ ખાલી **૨.**માછીમાર; પારધી **૩.**ભંગી **૪.**દારૂ વેચનાર **૫.**ક્રૂર; જંગલી

INDEX



કહી દેખાડું કેટલાં, કહિયે ન આવે અંત ॥૨૩॥
ઈયાં નીરખવા નાથને, શિષ્ય ઈચ્છે છે શું જોય ॥
અશુદ્ધ એવા અંતરમાં, હરિનું દર્શન નો'ય ॥૨૪॥
ગંધ ગોબરવાડમાં, કાગા કરે કલોલ ॥
હંસ તિયાં હીસે[1] નહિ, માને દુઃખ અતોલ ॥૨૫॥
જેહ એવાં તેવો તુજ છે, મળ્યો સમ સ્વભાવ ॥
અતિશે અવળું થયું, ન કર્યો તોયે અભાવ ॥૨૬॥
વણસમજે વિનતિ કરી, અમથો કરે અરદાસ[2] ॥
નથી ઉધારો એહનો, પણ તું તારું તપાસ ॥૨૭॥

**સોરઠા :**

તપાસી ન કર્યો તોલ, અંતરે નિરંતર અવલોકીને ॥
ખોયો જન્મ અમૂલ્ય, વણ વિચારે વાત ગઈ ॥૨૮॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે ષષ્ઠઃ પ્રસંગઃ ॥૬॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સમજ્યો સહી, આજ થકી એહ વાત ॥
નેક અતિ નરસું થયું, ઘરને કરી ઉતપાત ॥૧॥
વાઘ વીંછી વ્યાળને, પાળી કરે કોય પુષ્ટ ॥
સુખ સ્વપ્ને આપે નહિ, દુઃખદાયી એહ દુષ્ટ ॥૨॥
ગમ[3] વિના ફાંસીગરનો,[4] વડો કર્યો વિશ્વાસ ॥
ગરીબ થઈ રહી ઘરમાં, નાંખી ગળામાંહી ફાંસ ॥૩॥
જે જે મારાં વેરવી,[5] પાપી પૂરાં પ્રસિદ્ધ ॥
સદ્‌ગુરુ એ ઓળખાવજો, વેરી સહુ બહુ વિધ ॥૪॥

**૧.**વસે **૨.**વિનંતિ **૩.**જ્ઞાન-ઓળખાણ **૪.**ફાંસી દેનારનો; જલ્લાદનો **૫.**દુશ્મન

**સદ્‌ગુરુ ઉવાચ :**

સદ્‌ગુરુ કહે શુદ્ધ શિષ્ય તું, ઓળખ્યો મેં અભિપ્રાય ॥
કહેતાં કસર નહિ રહે, જો સમુ તે સમજાય ॥૫॥

અંતર ચોરી અણુ જેટલી, છાની નહિ રહે છેક ॥
દઈશ દેખાડી તુજને, ઓળખાવી એકોએક ॥૬॥

દિગ વાયુ દેખાડિયાં, તેમ જ સમજે સૂર ॥
નેત્ર દ્વારે રૂપને, જોઈ લાવે છે જરૂર ॥૭॥

બાળ યુવા યુવતી, વૃદ્ધ વનિતા જાણ ॥
શ્યામ શ્વેત શરીર શું, પેખી રાખી પરમાણ ॥૮॥

આભૂષણ અનેક વિધ, ઘણે પ્રકારે ઘાટ ॥
કનક રૂપા ત્રાંબા કલી,[૧] પીતળ સીસાં પાટ[૨] ॥૯॥

વેઢ વીંટી કુંડળ કડાં, હાંસ હૂલર હાર ॥
પોંચી બાજુ બેરખા, કડી વેલ તંગળાકાર ॥૧૦॥

તોરા ઉતરી સાંકળી, સુંદર મોતી શિરપેચ ॥
કંકણ મુદ્રિકા મેખળા, નૂપુર રૂપદલવિચ ॥૧૧॥

કે'તાં પણ કહેવાય નહિ, ઘરેણાં ઘણી જાત ॥
રૂપ આકાર હૃદયે, રહે છે દિન ને રાત ॥૧૨॥

રાળ રૂપૈયા મો'ર મમુદિ,[૩] પૈસા બહુ પ્રકાર ॥
એહ સર્વે અંતરે, રહ્યા રૂપ આકાર ॥૧૩॥

એહ આદિ અનેકવિધ, ધાતુ ધનનું રૂપ ॥
આવી વસ્યું અંતરે, સમજ્યો સુખદ સ્વરૂપ ॥૧૪॥

એક લોહમાં લેખું નહિ, એટલાં રૂપ આકાર ॥

**૧.**કલાઈ **૨.**સોનાની લગડી **૩.**ચાંદીના સિક્કા

શસ્ત્ર સર્વ શોધી કહું, તો કહેતાં ન આવે પાર ॥૧૫॥

ઠાર લુહાર કૃષીકર, સૈ સંઘાડિયા સોનાર ॥
ઉદ્યમ કરે આયુધ વડે, નાઈ જણસાલી કંસાર ॥૧૬॥

એનાં આયુધ અનેકવિધ, તે વડે ઘડ્યા જે ઘાટ ॥
કહેતાં પણ કહેવાયે નહિ, નથી કહેતા તેહ માટ ॥૧૭॥

ધુબાકો[1] ને ધાર[2] અણી,[3] એહ સંબંધી આયુધ ॥
લડી મરે સહુ લોકમાં, કરે પરસ્પર યુદ્ધ ॥૧૮॥

રોમરોમમાં રમી રહ્યાં, રૂપ એ રગરગ માંય ॥
નખશિખા ખાલી નથી, એ વિના અંતર કાંય ॥૧૯॥

કાષ્ટ તણાં કહું કેટલા, ઘડી કર્યા જે ઘાટ ॥
વા'ણ વહેલ્ય રથ પાલખી, પલંગ પટારા પાટ ॥૨૦॥

ગાડાં ઘાંણી ઘોડિયાં, જોડિયાં સાંતી સોય ॥
ચિચુ ચારટ ચરખા, રેંટ રેંટિયા હોય ॥૨૧॥

મેડી મોહોલ હવેલિયો, તેમાં કર્યાં જે રૂપ ॥
એહ ઉતાર્યાં અંતરે, સમજી સુખદ સ્વરૂપ ॥૨૨॥

પૃથવીઘાટ બહુ પેખિયે, કર્યાં જેહ કુંભાર ॥
નયણે જોઈ નકી કરી, રાખ્યા હૃદય મોઝાર ॥૨૩॥

ગોળા ઘડા ગાગરડિયો, હાંડી ઢંકપાત્ર હજાર ॥
કૂંડા કૂંડી તાવડી, બરણી બતક અપાર ॥૨૪॥

કમંડળ કરવા કોડિયાં, ચપણ ચરૂડા ઈંટ ॥
નાળ શરાવા મોભિયાં, રાખ્યાં ઉર જોઈ મીટ ॥૨૫॥

**૧.**ધુબાકો = ઘા કરીને વપરાતા હથિયાર. જેમ કે, લાકડી, ગદા વગેરે **૨.**ધાર = એકદમ પાતળી-તીણી ધારવાળા આયુધ. જેમ કે, તલવાર, ફરશી વગેરે **૩.**અણી = બાણ, ત્રિશૂળ વગેરે

એમ ઠાર લુહાર સોનારનાં, કંસાર કુંભાર સલાટ ॥
કહ્યા ન જાયે કોયથી, ઘણા ઘડ્યા જે ઘાટ ॥૨૬॥

ઝાડ પા'ડ પાષાણ પૃથવી, પુર શહેર નગર નદી કોટ ॥
લઈ લઈ ભર્યાં ભીતરે, રાખી નથી કાંયે ખોટ ॥૨૭॥

નોર[૧] ખરી[૨] ને ડાબલો,[૩] એહ સંબંધી પશુ જાત ॥
રાખ્યાં રૂપ એહ હૃદયે, કહિયે ક્યાં લગી વાત ॥૨૮॥

નર નારી નપુંસક, મનુષ્ય ત્રણ પ્રકાર ॥
આણી ઉતાર્યાં અંતરે, નામ રૂપ આકાર ॥૨૯॥

સિંગ[૪] સરાડી[૫] પોપટો,[૬] એહ સંબંધી જે અન્ન ॥
ઓળખી રાખ્યાં એહને, ઝાઝી કરી જતન ॥૩૦॥

ઘા[૭] વા[૮] બોલે ઘસરકે,[૯] એહ સંબંધી વાજિંત્ર ॥
રૂપ સહિત રૂડી રીતે, એહ રહ્યાં છે અંત્ર[૧૦] ॥૩૧॥

પંચરંગી બહુ પે'રનાં, કાપડ કહું છું કોટ ॥
નેત્રથી ભીતર ભર્યાં, રાખી નહિ કાંઈ ખોટ ॥૩૨॥

જે જે રૂપ જગતમાં, દીઠાં સુણ્યાં સોય ॥
એહ રહ્યાં છે અંતરે, નથી તે બા'રુ કોય ॥૩૩॥

વારંવાર શું વર્ણવું, ભર્યું ભૂંડાયે ઘર ॥
કહીકહી કહિયે કેટલું, કાંઈક વિચાર તું કર ॥૩૪॥

અમૂલખ આ મનુષ્યનો, જનમ જાય છે જાણ ॥
ગાફલપણે ઘરમાં, થાય છે મોટી હાણ ॥૩૫॥

તું માને છે તારા મનમાં, ભારે છું હું ભગત ॥

**૧.**સિંહ, વાઘ વગેરે **૨.**ગાય, ભેંસ વગેરે **૩.**ઘોડા, ગધેડા વગેરે **૪.**મગ, ચોળા, તૂવેર વગેરે **૫.**ઘઉં, બાજરો વગેરે **૬.**ચણા, મગફળી વગેરે **૭.**તબલા, ઢોલક વગેરે **૮.**વાંસળી, શરણાઈ વગેરે **૯.**વાયોલીન, સારંગી વગેરે **૧૦.**અંતરમાં

સમજે છે સમજુ આપને, અણસમજુ જાણી જગત ॥૩૬॥
સમજાવે છે તું સહુને, છે અંતરે અંધારું ઘોર ॥
ઉઘાડી જો તું આંખ્યને, ઘેર્યું ઘર ઘણે ચોર ॥૩૭॥
સમજ્યા વિના કાં સૂઈ રહ્યો, ગયો સર્વે માલ ॥
લીધું લૂંટી લાંઠિયે,[1] દીધા તે ભૂંડા હાલ ॥૩૮॥

**સોરઠા :**

ખરી ખાધી તેં ખોટ, શત્રુ મિત્ર સમાન સમજી ॥
કહી કહિયે જો કોટ, ગાફલને ગમ ન હોય રતી ॥૩૯॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્ગુરુશિષ્યસંવાદે સપ્તમઃ પ્રસંગઃ ॥૭॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કે' સદ્ગુરુ સુણો, ખરી બતાવી ખોટ ॥
પર જાણી પોતાતણાં, બાંધી મમતની મોટ[2] ॥ ૧ ॥
દયા કરી દેખાડિયું, અંતરનું અજ્ઞાન ॥
શઠપણે[3] સમજ્યો નહિ, જોર થયું જે જ્યાન ॥ ૨ ॥

**સદ્ગુરુ ઉવાચ : દોહા :**

ત્યારે સદ્ગુરુ બોલિયા, સાંભળ શ્રદ્ધાવાન ॥
વેરી બતાવું તાહેરાં, જે નરસાં છે નિદાન ॥ ૩ ॥
દિગ વાયુ સૂર કહ્યા, તેવો જ વરુણ વખાણ ॥
રસના દ્વારે રહીને, લાવે રસ નિરવાણ ॥ ૪ ॥
ખાટા ખારા તમતમા, તીખા ગળ્યા ચીગઠ[4] ॥
જીહ્વાએ જૂજવા જોઈને, શોધી લાવ્યો શઠ ॥ ૫ ॥
પેંડા પતાસાં પૂરીઓ, શીરો સાબુડી[5] સોય ॥

---

**૧.**ધૂર્ત એવા ઈન્દ્રિયો-અંતઃકરણે **૨.**પોટલી **૩.**મૂઢપણામાં **૪.**ચીકણા-ઘીવાળા **૫.**રાબ

શકરપારા સૂતરફેણી, સેવ સુંવાળી જોય ॥ ૬ ॥
બરફી બિરંજ કળિ ગાંઠિયા, ઘેબર ગુંદરપાક ॥
મગદળ મુરકી માલપુડા, મેસુબ સુંદર શાક ॥ ૭ ॥
ખીર ખાજાં રોટલી, સાટા જલેબી જાણ ॥
હલવો લાડુ લાપસી, બાસુંદિયો વખાણ ॥ ૮ ॥
ફાફડા ફૂલવડી, ભજિયાં તે બહુ ભાત ॥
પુડા પકોડી કઢી વઢી, દૈથરાં વડાં વડી વાત ॥ ૯ ॥
જાણી જિહ્વાએ જૂજવી, સ્વાદ સર્વની રીત ॥
આણી ઉતારી અંતરે, અતિ ઘણી અગણિત ॥૧૦॥
શાક બહુ સોયામણાં, ભાજી તરકારી તેહ ॥
વઘારી વિધવિધની, સુખદ જમતાં જેહ ॥૧૧॥
ફળ દળ મૂળ કંદનો, જાણી જૂજવો રસ ॥
જીભે ઉતાર્યો અંતરે, ઓળખી લે તું અવશ્ય ॥૧૨॥
જે જે રસ આ જગતમાં, ભર્યા સભર ભરપૂર ॥
તે તે રસ જીભે કરી, આણી ઉતાર્યા ઉર ॥૧૩॥
એકવાર આહાર જે જે કર્યો, ભર્યો રસે ભરપૂર ॥
તેને પાછો પામવા, કરે જતન જરૂર ॥૧૪॥
વિસાર્યા વીસરે નહિ, જે રહ્યા હૃદયમાં રસ ॥
સૂતાં બેઠાં સાંભરે, ખટકે રાત દિવસ ॥૧૫॥
ભાંણે[1] ટાંણે જો ન મળે, તો બળે અંતર બહુ રીત ॥
ઘાયલ થઈ ઘૂમે ઘણું, એવી બંધાણી પ્રીત ॥૧૬॥
સાલે[2] ઘણા શરીરમાં, સ્વાદ તણા બહુ સાલ[3] ॥

**૧.**ભોજનના પાત્રમાં **૨.**સાંભરતાં જ ખૂંચે-દુઃખ દે **૩.**દુઃખ

દિન દિન પ્રત્યે દીન રહે, કરી મૂક્યો કંગાલ ॥૧૭॥
એમ રસ અનેક વિધ, ભરાઈ રહ્યા ભીતર ॥
ખસે ન કોઈના ખેસવ્યા, કરી રહ્યા એહ ઘર ॥૧૮॥
પશુ પંખી પન્નગ લગે, નર નારી હેરાણ ॥
દેવ દાનવ દેખિયે, સહુ રસના વેચાણ ॥૧૯॥
નથી નજરે આવતા, રસનાના રસે રહિત ॥
જિહ્વાએ સહુને જીતિયા, રહી રસના અજિત ॥૨૦॥
એમ રીત છે રસની, સમજી લેજે સોય ॥
જેને રસે ન રોળિયો, એવો ન દીઠો કોય ॥૨૧॥
એમ તાહેરે અંતરે, સ્વાદ તણું છે સેન[1] ॥
તિયાં દયાળ દેખ્યા તણું, વારુ મ કર્ય તું વેન[2] ॥૨૨॥
શિષ્ય તું સમર્થ નહિ, જે કર તું એહનો ત્યાગ ॥
વિગતે વિગતે વસી રહ્યાં, જરાય ન રહી જાગ ॥૨૩॥
કિયાં આવી હરિ રહે, કિયાં રહી કરિયે વાત ॥
અનાડી[3] એહ અતિ ઘણાં, કરે મોટો ઉતપાત ॥૨૪॥

**સોરઠા :**

અતિ કર્યો ઉતપાત, વાત હાથથી વહી ગઈ ॥
દગો દિવસ ને રાત, અતિ આદરી બેઠાં સઈ ॥૨૫॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે અષ્ટમઃ પ્રસંગઃ ॥૮॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે ખૂની ખરાં, મહાદુષ્ટ દુઃખ દેનાર ॥
નકી કાઢ્યાં ન નીસરે, કરું હું કોણ વિચાર ॥ ૧ ॥

**૧.**સૈન્ય; ટોળું **૨.**હઠ; આગ્રહ **૩.**માથાભારે; તોફાની

જૈયે તમે જણાવિયાં, તૈયે કર્યો તપાસ ॥
રૈયત તે રાજા થઈ, રાજા તે થયો દાસ ॥૨॥

ભરાડી[1] ભેળાં થયાં, તન માંહિ તસ્કર ॥
માલ મળ્યે મૂકે નહિ, લૂંટેરુ લશ્કર ॥૩॥

એને ભરોંસે ભવ ગયો, કર્યો ન કોય વિચાર ॥
હજી છે કોય હરામના, ગુરુ કહો નિરધાર ॥૪॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

વળતા સદ્‌ગુરુ બોલિયા, હજી અરિ છે એક ॥
સચેત થઈ તું સાંભળે, કહું કરી વિવેક ॥૫॥

અશ્વિનીકુમાર આવીને, ઘણો લિયે છે ગંધ ॥
તે ઉતારે અંતરે, બહુવિધ કરવા બંધ[2] ॥૬॥

સુગંધ દુર્ગંધ દો કહિયે, નાકે સૂંઘી સોય ॥
ઉતારી અંતરમાં, શુભ અશુભ દોય ॥૭॥

ચૂવા ચંદન સુગંધી, સુગંધી અત્તર ધૂપેલ ॥
કર્પૂર અગર[3] સુગંધી, સુગંધી તેલ ફુલેલ ॥૮॥

અર્ધવાસ નાસા લિયે, નિત્યનિત્ય એહ અનુપ ॥
આણી મેલી અંતરે, સમજી સુખદ સ્વરૂપ ॥૯॥

ફૂલ તણી ફોર અતિ, જાણી જૂજવી જેહ ॥
ભરી સુગંધી ભીતરે, તોળી તપાસી તેહ ॥૧૦॥

ચંપા ચંબેલી જૂઈ જૂથિકા, ગેહેરી ગુલાબી વાસ ॥
ડોલરિયે દિશે ઘણી, પાનડી[4] પરિમલ[5] પ્રકાશ ॥૧૧॥

ગુલલાલા ગુલસોમના, ગુલદાવદી જે ફૂલ ॥

**૧.**લૂંટારા **૨.**બંધન **૩.**સુગંધીમાન લાકડું **૪.**પાંદડી **૫.**સુગંધ

નરમાલિની નાસિકા, લીયે વાસ અમૂલ ॥૧૨॥
કમળ કેવડા કેતકી, પારિજાતક પીઆવાસ[1] ॥
મરુવા સુગંધી મોગરા, પરિમલ કરે પ્રકાશ ॥૧૩॥
સુગંધી સહુ શોધીને, ઉતારી લઈ ઉર ॥
ભરી છે તે ભીતરે, નથી રાખી કોઈ દૂર ॥૧૪॥
અતિ સડેલો ઊંટિયો, કરક[2] નરક વળી કુંડ ॥
આવે દેખી ઉબકો, ભાળે જ્યારે એહ ભૂંડ ॥૧૫॥
બહુ દુઃખદાયક દુર્ગંધી, નાકે જે ન સે'વાય ॥
તે પણ રહી તનમાં, દુરગંધી દલમાંય ॥૧૬॥
પશુ પંખી પન્નગની, નર નારીની નેક ॥
બોલી ખોળી બહુવિધે, રાખી એકોએક ॥૧૭॥
ગંધ સુગંધ ગણતાં, કેદિયે ન આવે પાર ॥
ઘાલી છે તે ઘટમાં, લઈ લઈ નાસાદ્વાર ॥૧૮॥
એમ સભર ભરાઈ રહ્યાં, શબ્દ સ્પર્શ રૂપ રસ ॥
ગંધ સુગંધી ઘરમાં, રહ્યાં વસી એકરસ ॥૧૯॥
કહ્યાં એહ તે કુસંગી, સતસંગી નહિ સોય ॥
ના'વે કેના નોરમાં,[3] કરે ન કબજે કોય ॥૨૦॥
સહુ જાણે સત્સંગી થયા, ન રહ્યા કુસંગી કોય ॥
ફોગટ ફૂલ્યે ફૂલિયા, દેખ્યું નહિ દિલમાંય ॥૨૧॥
કામ ક્રોધ મદ લોભનું, મોહ માન મમતા મૂળ ॥
પંચ વિષયથી પ્રગટે, સહુ જનને બહુ શૂળ ॥૨૨॥
સત્વ રજ તમ કહિયે, એતો છે મહેમાન ॥

**૧.**ફૂલની જાત **૨.**હાડપિંજર **૩.**નેઠામાં; નિયંત્રણમાં

આવ્યા ગયા એ રહે, ન રહે નકી નિદાન ॥૨૩॥

હરખ શોક હાણ વૃદ્ધિ, તારું મારું તેહ ॥
પંચ વિષયથી પેખિયે, જીત્યા હાર્યા જેહ ॥૨૪॥

સુખી દુ:ખી સંસારમાં, પંચ વિષયથી પ્રમાણ ॥
પેખી પર પોતા તણું, રહી છે ખેંચાતાણ ॥૨૫॥

પ્રતીતિ પરલોકની, મહા નીચને નોય ॥
સંકલ્પ સુખ થાવા તણો, કરે નહિ એહ કોય ॥૨૬॥

કીર્તિ સુણવા કાનમાં, અતિ ઘણો ઉત્સાહ ॥
સ્પર્શ લેવા શરીરમાં, ચિત્તામાં બહુબહુ ચાહ ॥૨૭॥

રૂપ જોવા નયનને, રસ લેવા રસનાયે ॥
સુગંધી લેવા નાકને, નથી આળસ કાંયે ॥૨૮॥

શિષ્ય જો જુગતે[1] કરી, એહ ખળની ખળાઈ ॥
નવે એ નરસાં નીસર્યાં, દેખી જો દિલ માંઈ ॥૨૯॥

એટલા સારુ નાથને, આવતાં અગમ[2] થાય ॥
તું તો તલખે તેડવા, શિષ્ય સમજ્યા વિનાય ॥૩૦॥

**સોરઠા :**

નાથે તિયાં ન અવાય, વરતે વિક્ષેપ જિયાં વળી ॥
તે તપાસ્ય તું તનમાંય, નેન[3] રજ નવ રાખે રંચે ॥૩૧॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે નવમ: પ્રસંગ: ॥૯॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય નમાવી શીશને, અરજી કરે છે એમ ॥
એહ કુપાત્ર કાઢવા, કરું ઉપાય હું કેમ ॥ ૧ ॥

---

**૧.**વિગતે; વિવેકે **૨.**અણગમો **૩.**આંખ

INDEX



**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે શ્રદ્ધાવાન જેહ પામે પંચ નિદાન ॥
વૈરાગ્ય સ્નેહ[૧] નિયમ જેહ, સતસંગ આત્મજ્ઞાન ॥ ૨ ॥

એહ પંચને પ્રીછવી,[૨] કહું જૂજવાં જાણ ॥
જેહ પામતાં પ્રાણીને, થાય વિષયની હાણ ॥ ૩ ॥

તે તો તીવ્ર વૈરાગ્યનો, લાગે જેને વેગ ॥
તે પંચ વિષયનો પંડમાં, ભળવા ન દિયે ભેગ ॥ ૪ ॥

કાં તો સનેહ શ્યામશું, હોય અતિ ઘણો અપાર ॥
અંગે તેને આવે નહિ, પંચ વિષય વિકાર ॥ ૫ ॥

એવાં ઝાઝાં જક્તમાં, ન હોય નર ને નાર ॥
પંચ વિષયના સુખને, અંગે ગણે અંગાર[૩] ॥ ૬ ॥

માટે નિયમ નકી કરી, રાખે રુદિયા માંય ॥
પંચ વિષયનું પંડમાં, રહે ન કિલ્બિષ[૪] કાંય ॥ ૭ ॥

નિર્વેદ[૫] સ્નેહ નિયમનું, કારણ સંતનો સંગ ॥
એથી જ્ઞાન ઉપજે, તોપણ થાય વિષયનો ભંગ ॥ ૮ ॥

પ્રથમ વાત વૈરાગ્યની, સુણી લીજે સોય ॥
પછી કહું હું પ્રીતિની, છેલી નિ'મની તોય ॥ ૯ ॥

વિષલાડુ વિષ પાનશું, તરત તનનો નાશ ॥
કહો સુખ કેમ ઉપજે, નાગ વ્યાઘ્ર સંગ વાસ ॥૧૦॥

જેમ ખેરી[૬] વેરી ખાટકી, સફરી[૭] પર સીંચાણ[૮] ॥
તેતર પર બાજ ફરે, તે લીધા કાં લેશે પ્રાણ ॥૧૧॥

---

**૧.**પ્રભુપ્રીતિ-ભક્તિ **૨.**ઓળખાવી **૩.**સળગતા કોલસા **૪.**પાપ; દુઃખ **૫.**વૈરાગ્ય **૬.**બકરી **૭.**માછલી **૮.**શકરોબાજ

જેમ આખુ[1] અહિ આગે રહે, ખીલી[2] બિલીને પાસ ॥
માંખી માંકડી[3] આગળ્યે, નહિ ઉગર્યાની આશ ॥૧૨॥

એક ચ્યે[4] રચે રયા, એક ખોદે છે ઘોર[5] ॥
બળતા ગડતા દેખીને, રહે ઉદાસ નિશભોર[6] ॥૧૩॥

મુવા મુવા ખાધા ખરા, કેડે પડિયો કાળ ॥
નાવે અમર નયણે, સ્વર્ગ મૃત્યુ પાતાળ ॥૧૪॥

એહમાં હું પણ આવિયો, છઉં ઘડીક તાળ[7] ॥
તે પંચ વિષય પેખે નહિ, દેખે નજરે કાળ[8] ॥૧૫॥

એહવું જેને અંતરે, વરતે છે અહોનિશ ॥
તેહને પંચ વિષયની, રહે નહિ ગંધ લેશ ॥૧૬॥

કાં તો એવા વૈરાગ્યને, પામે કોઈ પુણ્યવાન ॥
નહિ તો સનેહ શ્યામશું, કરે નકી નિદાન ॥૧૭॥

સ્નેહમાં શુધ વીસરે, રહે નહિ તન ભાન ॥
ઉન્મત્તાવત અંગે ફરે, ભૂલે ભોજન પાન ॥૧૮॥

દગે કરી દેખે નહિ, પર પોતાનું પંડ ॥
રહે ઘણું ઘનશ્યામનું, આંખ્યે રૂપ અખંડ ॥૧૯॥

શ્રવણશું સુણે નહિ, પર પોતાની વાત ॥
શ્રોત્રે શ્રીઘનશ્યામના, રહ્યા શબ્દ સાક્ષાત ॥૨૦॥

જીભેશું જાણે નહિ, બહુ બોલ્યાની રીત ॥
બોલે તો સહુ કે' બાવરો,[9] જેને પ્રભુશું પ્રીત ॥૨૧॥

એમ સરવે અંગની, શુધ ભૂલે સનેહ ॥
કરતાં પ્રીત હરિકૃષ્ણશું, દેખે નહિ નિજદેહ ॥૨૨॥

**૧.**ઉંદર **૨.**ખિસકોલી **૩.**લાલ મોઢાવાળી વાંદરી **૪.**ચિતા **૫.**કબર **૬.**રાત-દિવસ **૭.**સમય **૮.**મોત **૯.**પાગલ

જેમ ગોપી ગોરસ વેચતાં, ભૂલી ગઈ તનભાન ॥
મહી વેચવું કે'વું મૂકિયું, કહ્યું લિયો બાઈ કોઈ કાન ॥૨૩॥
એવા સનેહી સંતને, પીડે ન પંચવિષય ॥
જોતાં ન દેખે જગતને, દેખે શ્યામ સનેહ ॥૨૪॥
એ વૈરાગ્ય સ્નેહની વિગતી, નકી કહી નિદાન ॥
નિશ્ચે કહું હવે નિ'મને, તે પણ સાંભળ્ય કાન ॥૨૫॥
કાને હરિકથા વિના, બીજી ઇચ્છે સુણવા વાત ॥
તે દી અન્નને ત્યાગવું, એક દિવસ એક રાત ॥૨૬॥
સ્પર્શ સુખદ શ્યામનો, સંતનો સુખદેણ ॥
ત્વચા ઇચ્છે જો તે વિના, તો તજે અન્ન દિનરેણ ॥૨૭॥
હરિ હરિની મૂરતિ, સંતરૂપ સુખદાય ॥
તે વિના ઇચ્છે આંખ્ય જો, તો એક દિન અન્ન ન ખાય ॥૨૮॥
પ્રસાદી પ્રભુ તણી, એ રસ રાખે આશ ॥
સંત ઘટિત વિના રસના, ઇચ્છે તો એક ઉપવાસ ॥૨૯॥
હાર સુગંધી હરિસંબન્ધી, સંત સંબન્ધી સોય ॥
તે વિના ચાહે નાસિકા, તો એક ઉપોષણ[1] હોય ॥૩૦॥
મન મૂકી હરિ મૂરતિ, અન્ય સંકલ્પ કરે ચિત્ત ॥
તો કરે ઉપોષણ એક દી', ત્યારે હોય પુનિત ॥૩૧॥
મેલી પ્રભુની મૂરતિ, અન્ય નિશ્ચય કરે કોઈ બુધ[2] ॥
તો અન્ન ન ખાય એક દિન, ત્યારે થાયે શુદ્ધ ॥૩૨॥
મૂરતિ મૂકી મહારાજની, ચિત્ત કરે અન્ય ચિંતન ॥
તો તેનો દોષ નિવારવા, ન જમે અન્ન એક દિન ॥૩૩॥

૧.ઉપવાસ ૨.બુદ્ધિ

હરિ મારા હું હરિ તણો, અહંકાર ન કરે જો એમ ॥
એક દિવસ અન્નને, કહો જમે તે કેમ ॥૩૪॥

વૈરાગ્ય સ્નેહ નિ'મની, કહી સુણાવી વાત ॥
સંત સમાગમ જ્ઞાનની, કહું હવે સાક્ષાત ॥૩૫॥

**ત્રિશે લક્ષણ તનમાં, પ્રગટ પ્રભુના દાસ ॥**
**એવા સંતના સંગથી, થાય વિષયનો નાશ ॥૩૬॥**

**આત્મા અનાત્મા[1] ઓળખી, ચોખો કરે વિભાગ ॥**
**એવું જ્ઞાન જો ઉપજે, તો થાય વિષયનો ત્યાગ ॥૩૭॥**

નવે[2] આવે એમ નિ'મમાં, એમ રહે કહું રૂડી રીત ॥
સ્નેહ ત્રોડે શરીરશું, જોડે પ્રભુશું પ્રીત ॥૩૮॥

શિષ્ય જે જે મેં કહ્યું, તેનો કરી તપાસ ॥
નોકર ન રહિયે નવના, થાયે હરિના દાસ ॥૩૯॥

એ નવે કાપ્યાં નાકને, નર નિર્જરનાં નિદાન ॥
કહો શોભા શી રહી, ગયાં નાક ને કાન ॥૪૦॥

કામ ક્રોધ મદ લોભ મોહ, તેણે ચઢાવ્યાં ચાક[3] ॥
એહને વશ જે જે થયાં, રહ્યાં કહો ક્યાં નાક ॥૪૧॥

નાક વિનાનાં નકટાં, જો જાય પ્રભુની પાસ ॥
જોઈ મુખ એ જનનું, હરિ થાય ઉદાસ ॥૪૨॥

બૂચ્ચાં[4] નકટાં બહુ મળી, કેનીક જાનમાં જાય ॥
ખોટ મોટી એ વરને, નકટાંને નહિ કાંય ॥૪૩॥

ભવ બ્રહ્મા આ બ્રહ્માંડમાં, એથી મોટા નહિ કોય ॥
આવી ખોટ જે અંગમાં, તે કહે છે સહુ કોય ॥૪૪॥

**૧.**દેહ **૨.**પંચજ્ઞાનેન્દ્રિય અને ચાર અંતઃકરણ **૩.**ચક્કર; મોહમાં **૪.**ચીબા નાકવાળા-કદરૂપા

પરાશર એકલશૃંગી, નારદ સૌભરી સુજાણ ॥
આવી ખોટ જે એહને, તે કહે છે શાસ્ત્ર પુરાણ ॥૪૫॥

માટે મેં તુજને કહ્યું, જાણે શિષ્ય જરૂર ॥
કાઢ કસર તું એટલી, તો નથી નારાયણ દૂર ॥૪૬॥

**સોરઠા :**

દૂર મ જાણે દયાળ, શ્રીઘનશ્યામ સમીપે રહે ॥
તે દેખે તું તત્કાળ, અંતર ખોટ જો અળગી કરે ॥૪૭॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે દશમઃ પ્રસંગઃ ॥૧૦॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે કર જોડીને, સુણિયે મારા નાથ ॥
એ છે કામ માહેરું , કે કાંઈ છે હરિને હાથ ॥૧॥

પડતી રાત પ્રભાત લગી, કોય ઉલેચે અંધાર ॥
ઊગ્યા દિન વિન તમનો, કહો કેમ આવે પાર ॥૨॥

જેમ આકાશે ઉડુ[૧] અતિ, કરે જામનીયે[૨] જ્યોત ॥
દિનમાં એક દિસે નહિ, એ પ્રતાપ અર્ક ઉદ્યોત[૩] ॥૩॥

નિશાચર[૪] નરસાં અતિ, દિયે રાતમાં દુઃખ ॥
પણ જ્યારે રવિ પ્રગટે, ત્યારે શાહાને[૫] સુખ ॥૪॥

માટે કહું સદ્‌ગુરુ સુણો, જોઈ એ પ્રભુનું જોર ॥
એકલે મારે આદરે, નહિ ભાગે એહ ચોર ॥૫॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે એહ આગળે, નથી બીજાનું બળ ॥
પ્રભુના પ્રતાપથી, સંત કાઢે કરી કળ ॥૬॥

---

**૧.**તારા **૨.**રાત્રીમાં **૩.**પ્રકાશ **૪.**ભૂત; ચોર; દુર્જન **૫.**સજ્જનને; સત્પુરુષને

INDEX



જગતમાં જે જીવ છે, અજ્ઞાની અપાર ॥
તે શું વાત તપાસશે, જે વિષય વશ નર નાર ॥૭॥

નથી એહને અંતરે, ખોટ્ય ખાટ્ય ખબર ॥
પશુવત પાળે[1] પિંડને, એવાં ઘણાં ઘરઘર ॥૮॥

**પણ જેને શરણ જગદીશનું, તેને કરવો તોલ[2]** ॥
**જક્ત જાશે જમપુરીયે, ભક્ત જાશે બ્રહ્મમોલ** ॥૯॥

**એ મોટી કમાણી માનીને, કરજો આગ્રહ કોય** ॥
**દેખી તેનો દાખડો, સા'ય કરે હરિ સોય** ॥૧૦॥

રાતદિન હૃદયમાંઈ, લિયે એશું લડાઈ ॥
સુખ-દુઃખ પડે શરીરને, કદીયે ન જાયે કાંઈ ॥૧૧॥

સંકલ્પ એક શમાવતાં, ઊઠે બીજા અનંત ॥
જુગતી કરી જીતી લિયે, સાચા કહિયે તે સંત ॥૧૨॥

આવે અતિ કોઈ આકરો, જીત્યો પણ નવ જાય ॥
જોઈ તેના જોરને, કાયર કે દી ન થાય ॥૧૩॥

હૈયામાં હિંમત ઘણી, પાછા ન ભરે પગ ॥
પ્રમાદપણું પરહરી, મંડ્યો રહે તે મૂવા લગ ॥૧૪॥

ન દિયે દોષ નાથને, ખોળે પોતાની ખોટ ॥
સતસંગી સાધુ તણી, મુખે કહે બહુ મોટ[3] ॥૧૫॥

જગજીવન તેને જોઈને, કરે કૃપાની દષ્ટ ॥
પાપી એના પંડથી, ભાગી જાય તે ભ્રષ્ટ ॥૧૬॥

જેમ સોએ તસ્કર સામટા, તાક્યા હોય તૈયાર ॥
ધણી જાગ્યે ભાગે ભલા, વળી ન કરે કોય વાર ॥૧૭॥

**૧.**પોષે-સાચવે **૨.**તપાસ **૩.**મોટ્યપ

એમ પ્રભુના પ્રતાપથી, ભાગે છે એહ ભૂર[1] ॥
રજનીતમ કેમ રહે, જ્યારે ઊગે સૂર ॥૧૮॥
એમ સાચા સંતની, સા'ય કરે ઘનશ્યામ ॥
મદત[2] ન મેલે મહાપ્રભુ, જોઈ જન નિષ્કામ ॥૧૯॥
**સુખ તજી શરીરનું, આદરિયું એહ કાજ ॥**
**તેની હરિ રાખશે, જરૂર જાણો લાજ ॥૨૦॥**
ધ્રુવ પ્રહ્લાદ અંબરીષનો, રાખ્યો આગે રંગ ॥
તેમ તેનો રાખશે, સાચો જોઈ સત્સંગ ॥૨૧॥
કસર કોઈ જાતની, જ્યારે દેખે નહિ દયાળ ॥
ત્યારે તેહ ભક્તની, પ્રભુ કરશે પ્રતિપાળ ॥૨૨॥
ખરી હિંમત કરી ખેચરી,[3] કર્યું સિંધુશું વેર ॥
ત્યારે તેની ઉપરે, થઈ મોટાની[4] મે'ર ॥૨૩॥
**માટે સાચો થઈ મંડે, રાજી કરવા રામ ॥**
**તેને કેમ તરછોડશે, સુખદાયી ઘનશ્યામ ॥૨૪॥**
સાચા માથે શ્યામળો, રાજી છે રણછોડ ॥
કાને ન સુણે કપટીનું, મર કરે સ્તુતિ ક્રોડ ॥૨૫॥
બા'રે બીજું દેખાડવું, કરવું બીજું કામ ॥
એવા કપટી ભક્તનું, નાથ ન પૂછે નામ ॥૨૬॥
વેષ બનાવી સંતનો, રાખ્યો વિષયશું નેહ ॥
ભજન તેનું ભીતરમાં, કહિયે જો કપટી તેહ ॥૨૭॥
પંચ વિષય વશ થઈ રહ્યો, તેશું જ લાગ્યું તાન ॥
કપટી તેને કારણે, ભજે છે ભગવાન ॥૨૮॥

**૧.**અંતઃશત્રુઓ **૨.**સહાય **૩.**ટિટોડી **૪.**ગરુડ તથા પ્રભુની

ધારી માળા તિલકને, સાધુ કહેવાણો સોય ॥
અંતરમાં અસાધુતા, કાઢી ન શક્યો કોય ॥૨૯॥
એવા કપટી જનની, શ્રીહરિ ન કરે સા'ય ॥
સાચા સંતની શ્યામળો, આવી ગ્રહે છે બાંય ॥૩૦॥

**સોરઠા :**

બાંય ગ્રહે બળવીર, તેહ ન મૂકે મહારાજ કદિ ॥
એમ સમજી શિષ્ય સુધીર, કર આદર આગ્રહશું અતિ ॥૩૧॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે એકાદશઃ પ્રસંગઃ ॥૧૧॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે જે સદ્‌ગુરુ કહ્યું, તે સર્વ સુણ્યું સુખધામ ॥
પણ અંતર ઘાટ શમ્યા વિના, કેમ મનાય પૂરણકામ ॥૧॥
ભજન સ્મરણ ધ્યાનમાં, એ આવે આડાં ઉર ॥
તેણે કરીને તનમાં, ઝાંખ્યપ રહે જરૂર ॥૨॥
કેટલાક ઘાટ કે'વાય છે, કેટલાક તો ન કે'વાય ॥
ખરખરો એ ખોટનો, અંતરમાં અતિ થાય ॥૩॥
ભક્ત થયા ભગવાનના, અને લિયે સંકલ્પ લાજ ॥
એહ વાતની ઉરમાં, મોટી ખોટ ગુરુરાજ ॥૪॥
અયોગ્ય સંકલ્પ ઊપજી, વરતે જો પળવાર ॥
સુખ રહે કેમ તે સંતને, માને મને ધિક્કાર ॥૫॥
સંકલ્પ સાચા સાધુને, અયોગ્ય થાય જો એક ॥
દિલ દેહે દાઝે ઘણું, ન રહે સુખ તે નેક ॥૬॥
તેને ઠેકાણું ઠરવા, બતાવિયે ગુરુ ધીર ॥
જેણે કરી અતિ ઉરમાં, શાંતિ રહે સુખ શિર ॥૭॥

અંડજ[૧] ઉદ્ભિજ[૨] જે કહીએ, સ્વેદજ[૩] જરાયુજ[૪] ખાણ ॥
એમાં સહુ જન્મે મરે, એમ કે' છે વેદ પુરાણ ॥૮॥

પણ સંકલ્પના શરીરનો, ન કર્યો કોણે નિરધાર ॥
ક્ષણક્ષણમાં જનમે મરે, તેનો નાવે પાર ॥૯॥

જે જે સંકલ્પ ઉપજે, તે તે ધરાવે તન ॥
એમ સમજી સંત સહુ, અતિ કંપે છે મન ॥૧૦॥

પળપળમાં પિંડ ધારવાં, અશુભ શુભ અગણિત ॥
તેની દાઝ તનમાં, કહો મટે કોણ રીત ॥૧૧॥

સંકલ્પના શરીરનો, કે'તાં નાવે પાર ॥
બીજા ચોરાશી બા'રની, સૌ જાણે છે નર નાર ॥૧૨॥

માટે એ કેમ મટે, અંતર ઘાટ અજોગ ॥
સંકલ્પ શમતાં સહુ શમે, જન્મ મરણ ભવરોગ ॥૧૩॥

**સદ્‌ગુરુ ઉવાચ :**

સદ્‌ગુરુ કહે સુણ શિષ્ય તું, સાચું કહું સુજાણ ॥
ઉત્તર આપું એહનો, પૂછ્યું પ્રશ્ન પ્રમાણ ॥૧૪॥

જે જે ઉર ઘાટ ઉપજે, જે સમે જેહ કાજ ॥
તે સમે સંભારવા, મનમોહન મહારાજ ॥૧૫॥

જેમ સતયુગ ત્રેતા દ્વાપરે, ફરતું સુદર્શન ॥
દાસનાં દુ:ખ ટાળવા, ભય ભંજન ભગવન ॥૧૬॥

**તેમ આજ પ્રભુની મૂરતિ, સુદર્શન સમાન ॥**
**અંતરશત્રુ સંતના, નાશ કરે નિદાન ॥૧૭॥**

**૧.**ઈંડા દ્વારા જન્મતાં-પક્ષીઓ, ગરોળી, સર્પ વગેરે **૨.**ઊગી નીકળતાં-વૃક્ષ, વેલ વગેરે **૩.**પરસેવા દ્વારા જન્મતા-ટોલા, મચ્છર વગેરે **૪.**જર સાથે જન્મતાં-મનુષ્ય, ગાય, બકરા આદિ

**ઊઠે ઘાટ જ્યાં ઉરમાં, તિયાં સંભારે શ્યામ ॥**
**મૂર્તિ સંકલ્પ માત્રનું, તર્ત ટાળે ઠામ ॥૧૮॥**

જન જાચે[1] જન્મોજન્મ, ભક્તિ ઘો ભગવાન ॥
તે જનમ બીજો નહિ, સંકલ્પ દેહ સમાન ॥૧૯॥

હોય નહિ હરિજનને, ઉદર માને અવતાર ॥
પણ ઘટ[2] બંધાવા ઘાટનું, નવ દેવું નિરધાર ॥૨૦॥

**શિષ્ય ઉવાચ :**

શિષ્ય કહે જન્મ મરણનું, કારણ એહ કે'વાય ॥
સંકલ્પ ત્યાં સાચું સહુ, સંકલ્પ સમે સમાય ॥૨૧॥

તે તો પ્રભુ પ્રતાપથી, આવે ઉદ્‌ભવ અંત ॥
અવર બીજા ઉપાયથી, સુખી ન હોયે સંત ॥૨૨॥

માટે કૃપા કરી હરિ, સમાવે સંકલ્પ ॥
સુખે ભજીયે શ્યામને, ન પડે કોયનો ખપ ॥૨૩॥

જનનું જોર કેટલું, નિર્બળ નર કે'વાય ॥
હરિ ધારે હૈયે એટલું, તો વાર ન લાગે કાંય ॥૨૪॥

**સદ્‌ગુરુ ઉવાચ :**

સદ્‌ગુરુ કહે એહ રીત નહિ, જે અંતર કરે ઉચ્છેદ ॥
અંતર ત્યાં એહ પણ ખરાં, ઘાટઘાટના ભેદ ॥૨૫॥

જ્યારે અંતર ઓગળી, વળી ટળી જાય છેક ॥
ત્યારે તેહ જનને, ઉત્થાન[3] ન રહે એક ॥૨૬॥

ત્યારે તેહ જનને, ન રહે શરીર સંભાળ ॥
દેહભાન ભૂલ્યા પછી, રહે ન તન બહુકાળ ॥૨૭॥

---

**૧.**માગે **૨.**શરીર-આકાર **૩.**ઘાટ-સંકલ્પ

વળી જ્યારે જે જે જનને, હરિ કરી દે એમ ॥
ત્યારે બીજા જનનો, કઢાય વાંક કો' કેમ ॥૨૮॥

ભક્તિ તૈયે ભગવાનની, એથી ન થઈ અણુભાર ॥
સોંપ્યું કામ જ્યારે શ્યામને, ત્યારે નીસર્યો નર નાદાર[1] ॥૨૯॥

ભક્ત ભક્તિ ભજાવવા, કરે ઉદ્યમ અપાર ॥
જોઈ જનનો દાખડો, શ્રીહરિ કરે છે સાર ॥૩૦॥

**ભક્તનું કામ ભક્ત કરે, ભગવાનનું ભગવાન ॥**
**અવળું સવળું સોંપવું, એહ મોટું અજ્ઞાન ॥૩૧॥**

માટે હરિબળ હૈયે ધરી, કરિયે અતિ આખેપ[2] ॥
પ્રભુના પ્રતાપથી, આવી જાય જો ઠેપ[3] ॥૩૨॥

મોરે મુક્ત જે જે થયા, તેણે કરી તપાસ ॥
અંતરના અરિ જીતવા, વનમાં જૈ કર્યો વાસ ॥૩૩॥

શબ્દ સ્પર્શ રૂપ રસ, સારો ગંધ સુગંધ ॥
દુ:ખદાઈ દેખી દિલે, તજ્યો તેનો સંબંધ ॥૩૪॥

એણે એમ કહ્યું નહિ, જે કરશે મહાપ્રભુ મે'ર ॥
અંતરશત્રુ જીતશું, સુખે બેઠાં ઘેર ॥૩૫॥

માટે કે'દી દેવો નહિ, દીનબંધુને દોષ ॥
એવું મુખે જે ઉચ્ચરે, તે પર કરે હરિ રોષ ॥૩૬॥

કે' એને અનુપ મેં આપિયો, મોંઘો મનુષ્યનો દેહ ॥
તોયે વાંક અમ તણો, કાઢે કૃતઘ્ની એહ ॥૩૭॥

નરતન પામી નવ કર્યો, ઉરમાં એમ વિચાર ॥
પૂરણ કૃપા કરી હરિ, આપ્યો અમૂલ્ય અવતાર ॥૩૮॥

**૧.**નાદાન; લબાડ **૨.**અભ્યાસ **૩.**અનુકૂળ

INDEX



અંતરશત્રુ જીતવા, સારો દીધો સમાજ[1] ॥
ભવજળ પાર ઉતરવા, નરતન ઉત્તમ જા'જ ॥૩૯॥
તે આપ્યું અવિનાશિયે, દયા કરીને દયાળ ॥
હવે હું આળસ કરું, તો રહે ખોટ્ય બહુ કાળ ॥૪૦॥
એમ સમજે તે સંત છે, હરિભક્ત કહિયે હરિદાસ ॥
ગુણ ગણે ગોવિંદમાં, અવગુણ પોતા પાસ ॥૪૧॥
ભૂલ્યે પણ ભાખે નહિ, વૈખરિયે[2] એહ વેણ ॥
મારું દુઃખ મટ્યું નહિ, શ્યામ કા'વે સુખદેણ ॥૪૨॥
દાસનાં દુઃખ કાપવા, ત્રિકમ રે'છે તૈયાર ॥
મારું દરદ મટ્યું નહિ, કરું કિયાં પોકાર ॥૪૩॥
એમ બોલે અભાગિયો, દઈ હરિને દોષ ॥
મિથ્યા વાંક મહારાજનો, કાઢી કરે અપસોસ ॥૪૪॥
એવા ભક્ત બહુ જક્તમાં, તે પર કરે હરિ રીસ ॥
માટે દોષ ન દેવો નાથને, સદ્‌ગુરુ કહે સુણ શિષ્ય ॥૪૫॥

**સોરઠા :**

એમ ન કરે અપસોસ, રાતદિવસ રુદિયા વિષે ॥
દૈયે હરિને દોષ, રોષ કરી રીસે નહિ ॥૪૬॥

***ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે દ્વાદશઃ પ્રસંગઃ ॥૧૨॥***

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સદ્‌ગુરુ સુણો, કહી કૃપા કરી વાત ॥
જે જે મે પૂછિયું, તે કહ્યું તમે બહુ ભાત ॥૧॥
શત્રુ સર્વે શોધીને, દેખાડ્યા દગાદાર ॥

**૧.**જે જે જરૂરી છે તે સામગ્રી **૨.**હલકટ વાણી વડે

દીપક દીધો હાથમાં, અળગું કર્યું અંધાર ॥૨॥
કોટી કોટી કૃપા કરી, ખોટ દેખાડી ખોળ્ય ॥
અણસમજે લઈ એકઠી, ભેળી કરી'તી ભોળ્ય[૧] ॥૩॥
તે જેમ છે તેમ જણાવિયું, અજાણ્યું ન રહ્યું એક ॥
હવે હું ચેતું નહિ, તો એ મારો અવિવેક ॥૪॥
અણસમજુને એટલી, આપે શિખામણ કોણ ॥
પરમ હેતુ છો માહેરા, તે જોયું સહુ મેં જોણ[૨] ॥૫॥
વળી પૂછું એક વારતા, દોય હરિના દાસ ॥
એક દેખે હૈયે હરિ મૂરતિ, અને એકને બહુ વિશ્વાસ ॥૬॥
એહ બેઉ બરોબરી, પામે પ્રાપતિ એક ॥
કે ફેર છે કાંઈ ફળમાં, એ સદ્‌ગુરુ કહો વિવેક ॥૭॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

ત્યારે સદ્‌ગુરુ બોલિયા, સાંભળ્ય શિષ્ય સુજાણ ॥
જેને ભરોંસો ભગવાનનો, તેનું એ પરમ કલ્યાણ ॥૮॥
જેમ પારસના સ્પર્શથી, લોહપણું ન રહે લગાર ॥
તેમ પ્રભુ સ્પર્શ પ્રતાપથી, વામે સર્વ વિકાર ॥૯॥
જડ માંહી પણ જાણવો, એટલો ચમતકાર ॥
ચૈતન્યઘનમય મૂરતિ, તે મળતાં સુખ અપાર ॥૧૦॥
માટે ન્યૂન ન માનવું, રે'વું આનંદમાં અભિરામ ॥
જેને મળ્યા પ્રગટ પ્રભુ, તે સહુ છે પૂરણકામ ॥૧૧॥
હવે જેને ઉર અખંડ રહે, હરિમૂર્તિ હૈયા મોઝાર ॥
તેની વાત વર્ણવી, કહું હૃદયમાં ધાર ॥૧૨॥

---

૧.ભોળપ-મૂઢતા ૨.સારી રીતે; તપાસીને

**જેમ પામે કોય ચિંતામણિ, તે જે ચિંતવે તે થાય ॥**
**તેમ જેને ઉર મૂરતિ રહે, તે દેખે જે જે ચા'ય ॥૧૩॥**

તે ઇચ્છે જો અમરાવતી, કે ઇચ્છે જો કૈલાસ ॥
બ્રહ્મલોક ઇચ્છે વૈકુંઠને, તો દેખે સમીપે દાસ ॥૧૪॥

શ્વેતદ્વીપ ગોલોકને, ઇચ્છે જો અક્ષરધામ ॥
દેખી દગે પોતા તણે, માને પૂરણકામ ॥૧૫॥

વળી રે'વાસી એ ધામના, તેહને દેખે તેહ ॥
અગમ ન રહે એહને, જુવે ચિંતવી જેહ ॥૧૬॥

જો જોવા ઇચ્છે મુક્તને, તો દેખે મુક્તમંડળ ॥
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં, ન રહે કોઈ અકળ ॥૧૭॥

જો ઇચ્છે જોવા અવતારને, દશ ચોવીસ અનંત ॥
તો નીરખે સહુને નજરે, આવે સુખ અત્યંત ॥૧૮॥

એમ એને અંતરે, વરતે સુખ અપાર ॥
તે પ્રતાપ પ્રગટ પ્રભુનો, જન જાણે નિરધાર ॥૧૯॥

મોટો પ્રતાપ મહારાજનો, જીભે કહ્યો ન જાય ॥
અસામર્થી એમાં નથી, જેહ ધારે તેહ થાય ॥૨૦॥

પણ જેમ જેને રાખ્યું ઘટે, તેહને રાખે તેમ ॥
માટે સુખદ સહુના, કહિયે દુઃખદ કેમ ॥૨૧॥

એમ જાણી જન મનમાં, રાખે વડો વિશ્વાસ ॥
મેલી ગમતું મનનું, થઈ રહે હરિદાસ ॥૨૨॥

વૈદ્ય જેમ બહુ વિધિયે, આપે ઔષધ અનેક ॥
સહુ રોગીને સરખું, ઔષધ ન હોય એક ॥૨૩॥

સમાધિ સખા સ્નેહનું, દાસ વિશ્વાસનું અંગ ॥

INDEX



માહાત્મ્ય મિત્ર વચન વળી, ભક્તિ ભજન અભંગ ॥૨૪॥
એ સર્વે અંગ શિરોમણિ, પામે પદ નિરવાણ ॥
અધિક ન્યૂન એમાં નહિ, સમજી લે તું સુજાણ ॥૨૫॥
**પ્રગટ પ્રભુ મળ્યા પછી, ઓછપ ન માનવી અંગ ॥**
**સહુ સરખું પામશે, અખંડ સુખ અભંગ ॥૨૬॥**
શિષ્ય જે જે તેં પૂછિયું, તે કહ્યું કરી વિસ્તાર ॥
હજી હોય કાંઈ પૂછવું, તો પૂછ સુખે કરી પ્યાર ॥૨૭॥

**સોરઠા :**

પૂછ કરી બહુ પ્યાર, શંકા તજીને શિષ્ય સુખે ॥
મ કર સંકોચ લગાર, કરજે પ્રશ્ન પ્રગળ[1] થઈ ॥૨૮॥

*ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે ત્રયોદશઃ પ્રસંગઃ ॥૧૩॥*

---

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે સદ્‌ગુરુ સુણો, જે કહ્યા આગે ઉપાય ॥
કઠણ છે એ કરવા, વિચારિયું ઉરમાંય ॥૧॥
નિર્વેદ[2] પણ હોય નબળો, સ્નેહ નિયમ પણ સમાન ॥
સત્સંગ પણ સુધો[3] નહિ, અતિ આત્મજ્ઞાન ॥૨॥
શ્રોત્ર ત્વક્ નેત્ર કહ્યાં, રસના ઘ્રાણ મન બુદ્ધ ॥
ચિત્ત અહંકાર ચોખાં નહિ, સરસ અતિશે શુદ્ધ ॥૩॥
એહ સહુને નિમમાં, રાખે બહુ બળવાન ॥
થોડે બળે થાતાં નથી, સદ્‌ગુરુ સુણો નિદાન ॥૪॥
માટે કહો કૃપા કરી, હોય નિર્બળનો નિભાવ ॥
હિંમત આવે હરિભક્તને, ભજે હરિ કરી ભાવ ॥૫॥

---

**૧.**નિધડક; સ્વસ્થ **૨.**વૈરાગ્ય **૩.**પૂરો; ખરો

INDEX



**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે સુણ્ય શિષ્ય તું, કહું વાત એની અનુપ ॥
જે જે ક્રિયા જન કરે, તે થાય ધ્યાન સ્વરૂપ ॥૬॥

જે દેખે જે સાંભળે, ત્યાં સંભારે હરિરાય ॥
સુણ્ય શિષ્ય શ્રવણ દઈ, કહું એવો ઉપાય ॥૭॥

પ્રથમ સંભારે શ્યામને, મનસુબાથી[1] મો'ર[1] ॥
વીસરે નહિ એહ વારતા, સર્વ કાળ સર્વ ઠોર[2] ॥૮॥

જે જે સંકલ્પ મન કરે, ચિત્ત કરે ચિંતવન ॥
હરિ સંબંધ વિના હોય નહિ, જરૂર જાણે તું જન ॥૯॥

બહુ નિશ્ચય બુદ્ધિ કરે, ધરે અહં અહંકાર ॥
તેમાં સંબન્ધ લઈ શ્યામનો, ચિંતવે વારમવાર ॥૧૦॥

જે જે શબ્દ સાંભળે, શ્રવણ ધરીને સોય ॥
તે તે શબ્દ હરિ સંબંધ વિન, નિશ્ચય ન કરો તોય ॥૧૧॥

પશુ પંખી નર નારના, જડ ચૈતન્યના જાણ ॥
હરિ સંબંધે સાંભળવા, શબ્દ સર્વ સુજાણ ॥૧૨॥

વાજાં છે બહુવિધનાં, કે'તાં ન આવે અંત ॥
વાજ્યાં છે હરિ આગળે, એમ સમજે છે સંત ॥૧૩॥

ગાન તાન ગણતી નહિ, રાગ રાગણી બહુ રીત ॥
આલાપ્યાં હરિ આગળે, એમ ચિંતવે જન ચિત્ત ॥૧૪॥

કવિત સવૈયા સાખી છપે, પૂર્વછાયા પરજિયા છંદ ॥
દોહા ચોપાઈ સોરઠા, કહ્યા હરિ આગે કવિ ઈંદ ॥૧૫॥

કાવ્ય કથા પુરાણ પદ, શાસ્ત્ર વેદ સુખધામ ॥

---

**૧.**સંકલ્પ થાય તે પહેલા **૨.**સ્થાનમાં

તે સુણ્યા શ્રીહરિ પાસળે, એમ સાંભરે ઘનશ્યામ ॥૧૬॥
સ્પર્શ સર્વે શોધિયે, સુંવાળા સુખરૂપ ॥
હરિસંબંધે સંભારિયે, અતિ સુંદર અનુપ ॥૧૭॥
સ્પર્શ કોમળ શય્યા તણો, પે'ર્યાનાં પટ કોમળ ॥
હરિસંબન્ધે સંભારતા, આવે સુખ અતોળ ॥૧૮॥
કોમળ કુસુમની કળીએ, સુંદર સમારી સેજ ॥
સુતા દીઠા શ્રીહરિ, આવ્યો આનંદ એજ ॥૧૯॥
પંખેશું પવન કર્યા, ભર્યા હેતેશું હોજ ॥
ઉષ્ણ ઋતુમાં અલબેલડો, બેઠા હરિ કરી મોજ ॥૨૦॥
સ્પર્શ સર્વ સૂચવતાં, સાંભરે શ્રી ઘનશ્યામ ॥
ધન્યધન્ય જન એ ધ્યાનને, અખંડ આઠું જામ ॥૨૧॥
રૂપ અનુપ અતિ ઘણાં, અવલ[1] નવલ અનુપ ॥
હરિસંબંધે સંભારિયે, તો સર્વે એ સુખરૂપ ॥૨૨॥
સર નદી વાપી કૂવા, હરિ નાહ્યા પીધાં નીર ॥
સાંભરે દેશ દરિયાવ નાવે, સુંદર શ્યામ સુધીર ॥૨૩॥
દેશ વિલાયત નગર પુર, તિયાં થયાં દર્શન ॥
ગામ ઘોષ વન વાટ ગિરિ, ગુહા ઘર ઘાટ નિર્ઝરન[2] ॥૨૪॥
પશુ પંખી પન્નગ લઈ, જેને હોય હરિસંબન્ધ ॥
ગજ વાજ અજ ગો મહિષી, કરે ન વૃષભ બંધ[3] ॥૨૫॥
ધાતુ સપ્ત પ્રકારની, અનેક તેના આકાર ॥
હરિસંબન્ધે જો સાંભરે, તો સર્વે સુખ દેનાર ॥૨૬॥
નંગ ભૂષણ વાસણ વળી, શસ્ત્ર અસ્ત્ર અનેક ॥

૧.ઉત્તમ ૨.ઝરણાં ૩.બંધન

એહ સંબંધે હરિ સાંભરે, તો સુખદ એકોએક ॥૨૭॥

ખાટ પાટ ખુરશી પલંગ પર, બેઠા દીઠા નાથ ॥
રથ વેહેલ્ય ગાડી પાલખિયે, જોઈ જન સનાથ ॥૨૮॥

છત્ર ચામર અબદાગિરિ, ધરી હરિને શીશ ॥
તે સંભારતાં સાંભરે, જગજીવન જગદીશ ॥૨૯॥

બેઠા પ્રભુ બાજોઠ પર, શ્રીહરિ ડોળ હિંડોળ ॥
કરી અગર કપૂર આરતી, સુખ સંભાર્યે અતોળ ॥૩૦॥

મેડી મંદિર માળિયે, મંચે બેઠા મહારાજ ॥
તે સંભારતાં સાંભરે, સુંદર શ્રી હરિરાજ ॥૩૧॥

યજ્ઞ સમૈયા ઉત્સવ અતિ, જન જોઈ જોઈ જમાડ્યાં હાથ ॥
કો' વાલમ કેમ વિસરે, સદા રે'તા હરિ સાથ ॥૩૨॥

શીત ઉષ્ણ પ્રાવૃટ માંહી, સાંભરે સુખધામ ॥
ધૂણી ધૂમ ધામે હરિ, બેઠા જ્યાં ઘનશ્યામ ॥૩૩॥

ગ્રીષ્મ પ્રાવૃટ શરદઋતુ; શિશિર શીત વસંત ॥
ફૂલડોળ ઉત્સવ ઉપરે, મળતા સંત અત્યંત ॥૩૪॥

**એમ સંબન્ધે સાંભરે, શ્રીહરિ સુખદેણ** ॥
**આવડત હોય જો અંગમાં, તો ન ભૂલે રાજીવનેણ**[1] ॥૩૫॥

પંચભૂતથી પ્રગટ્યાં, જડ ચૈતન્ય જે જાત ॥
તે સંબન્ધે હરિ સાંભરે, શિષ્ય સુણી લે વાત ॥૩૬॥

**સોરઠા :**

શિષ્ય સુણી લે વાત, સમજાવી સદ્‌ગુરુ કહે ॥
એમ દિવસ ને રાત, અખંડ ધ્યાન હરિનું જો રહે ॥૩૭॥

*ઈતિ શ્રીહૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે ચતુર્દશઃ પ્રસંગઃ ॥૧૪॥*

૧.કમળ જેવી આંખોવાળા ભગવાન

**શિષ્ય ઉવાચ : દોહા :**

શિષ્ય કહે ધન્યધન્ય ગુરુ, ભલો બતાવ્યો ભેદ[1] ॥
સહજે શ્રીહરિ સાંભરે, થાય વિષય ઉચ્છેદ ॥૧॥
વિષયમાંહી વિસારી નાથને, કરતાં કામ હરામ ॥
તે સમુ સમજાવિયું, સંભારવા ઘનશ્યામ ॥૨॥
સૂક્ષ્મ વાતો સૂચવી, કહો કોણ કે'નાર ॥
અલ્પ પ્રશ્ન ઉપરે, કો'છો કરી વિસ્તાર ॥૩॥
વળી કે'વી હોય વારતા, તો કે'જો કૃપાનિધાન ॥
શ્રદ્ધા છે સાંભળવા, સુણીશ કહું દઈ કાન ॥૪॥
વચન તમારા મુખનાં, તે સર્વે સુખ દેનાર ॥
હેતેભર્યાં હોંસે કરી, સુણીશ હું કરી પ્યાર ॥૫॥

**સદ્‌ગુરુ ઉવાચ : દોહા :**

સદ્‌ગુરુ કહે શિષ્ય સુણજે, રૂડી બતાવું રીત ॥
રાત-દિવસ હૃદયે રહે, હરિ ચિંતવન ચિત્ત ॥૬॥
રસ સરસ સંસારમાં, મળે જો મનભાય[2] ॥
તેમાં શ્રીહરિ સાંભરે, એવો કહું ઉપાય ॥૭॥
ષટ રસ ખરા ખોળીએ, હરિ જમ્યા'તા જેહ ॥
તે સમય સંભારતાં, સાંભરે શ્યામ સનેહ ॥૮॥
રસોઈ રસે ભરી, કરી હરિને કાજ ॥
તે જોતાં જગપતિ સાંભરે, જે જમ્યા હતા મહારાજ ॥૯॥
સુંદર સ્વાદુ સુખડી, પેરપેરના પાક ॥
પીરસતા પંગતમાં, સુખદ કરેલાં શાક ॥૧૦॥

૧.રહસ્ય જ્ઞાન ૨.મનપસંદ

ભોજન વ્યંજન બહુ ભાતનાં, લેહ્ય ચોશ્ય ભક્ષ્ય ભોજ્ય ॥
તે સાંભરતાં સાંભરે, જે હરિ જમતા કરી મોજ્ય ॥૧૧॥

આંબુ[1] લિંબુ જાંબુ જમ્યા, નાલિ[2] કેળી રાણ્ય અનાર[3] ॥
જામ રામ સીતાફળ, ખારેક જમ્યા કરી પ્યાર ॥૧૨॥

બહુ ફળ મૂળ કંદનો, કે'તાં ન આવે અંત ॥
જે જે જમ્યા જગપતિ, તે સંબન્ધ સંભારે સંત ॥૧૩॥

ચોળાફળી ચણેચી[4] ચીભડાં, જમતા જે જગદીશ ॥
મરચાં મેથી મૂળા મોગરી, એહ સંભાર્યને તું શિષ્ય ॥૧૪॥

ફળ મૂળ પુષ્પ પાનને, જમતા જોયા નાથ ॥
તે સંત નિત્ય ચિંતવી, સદા રહે છે સનાથ ॥૧૫॥

ઈક્ષુદંડ[5] ખંડ[6] ખારવો,[7] શર્કરા સુખદેણ ॥
એહ સંબંધે સાંભરે, દીનબંધુ દિનરેણ ॥૧૬॥

મહી માખણ ઘૃત પય લઈ, પીધાં પાણી પવન ॥
તે દીઠે હરિ સાંભરે, જ્યારે જુવે એહ જન ॥૧૭॥

જે જે રસ આ જક્તમાં, ગળ્યા ચીકણા ખાટા ખાર ॥
તીખા ને વળી તમતમા, ખોળ્યા ષટ પ્રકાર ॥૧૮॥

એમ રસ અનેક જેહ, પામ્યા હરિનો જોગ ॥
સબીજ[8] એમ સંભારતાં, રહે નહિ ભવરોગ ॥૧૯॥

સુગંધીમાં પણ સાંભરે, જગજીવન જગતાત ॥
વિધવિધે તે વર્ણવી, કહું કાંયેક તે વાત ॥૨૦॥

ચૂવા ચંદન ચરચ્યાં, અત્તર ફુલેલ તેલ ॥
તે સાંભરતાં સાંભરે, અંતરમાં અલબેલ ॥૨૧॥

---

**૧.**કેરી **૨.**નાળિયેર **૩.**દાડમ **૪.**ચણાના છોડના પાનની ભાજી **૫.**શેરડી **૬.**ખાંડ **૭.**ગોળ **૮.**ભગવાનના સંબંધે સહિત

કર્પૂર કેસર કસ્તુરી, અગર અર્ઘ્ય અનુપ ॥
તેલ ધૂપેલ સંબન્ધશું, સાંભરે હરિ સુખરૂપ ॥૨૨॥

પુષ્પ બહુ પ્રકારનાં, સુગંધ ભર્યાં અતિસાર ॥
તે જોતાં હરિ સાંભરે, અંગે ધર્યાં અપાર ॥૨૩॥

તોરા ગજરા હાર હૈયે, પોંચી બાજું બાંય ॥
ગુછ ગુલાબી ફૂલના, પુષ્પ કંકણ[1] પાય ॥૨૪॥

પંખા પછેડી ફૂલની, છડી છોગે છાયાં ફૂલ ॥
ટોપી ઓપી[2] ફૂલની, સર્વે ફૂલ અમૂલ ॥૨૫॥

બહુ પેરે બહેકી[3] રહી, શુદ્ધ સુગંધી સાર ॥
એમ સુગંધમાં સાંભરે, પ્રીતમ પ્રાણ આધાર ॥૨૬॥

એમ સુગંધી શોધીને, લેવી કરી તપાસ ॥
જેમાં સંબંધ નહિ શ્યામનો, એવી લેવી નહિ વાસ ॥૨૭॥

શબ્દ સ્પર્શ રૂપ રસ, કાંઈ સુગંધી સાર ॥
હરિસંબન્ધે સુખદ સહુ, વણ સંબંધે દુઃખ વિકાર ॥૨૮॥

વળી રહસ્યની વારતા, શિષ્ય સુણે સાક્ષાત ॥
પંચ ઈન્દ્રિય પાવન કરે, એવી કહુ એક વાત ॥૨૯॥

શ્રોત્ર ત્વક્ તુને કહું, શુદ્ધ થાવાની રીત ॥
નયન જિહ્વા નાસિકા, એ હોય જેમ પુનિત ॥૩૦॥

પ્રગટ પ્રભુ પામ્યા વિના, અનઘ ન હોય એક ॥
પ્રસંગ પ્રગટનો પામતાં, હોય નિષ્પાપ એહ નેક ॥૩૧॥

શ્રવણે શબ્દ સુણ્યા હતા, અતિ અઘે ભર્યા અશુદ્ધ ॥
તે શબ્દ સુણતાં શ્યામના, થાય શ્રોત્ર દોય શુદ્ધ ॥૩૨॥

૧.તોડા ૨.શોભી ૩.પ્રસરી-ફેલાઈ

સ્પર્શ ત્વચાએ શોધીને, કર્યો હતો કળિમળરૂપ ॥
તે સ્પર્શ પ્રભુનો પામીને, થઈ ત્વચા શુદ્ધ અનુપ ॥૩૩॥

નયણે રૂપ નિહાળીને, પેખી કર્યાં'તાં પાપ ॥
તે રૂપ જોઈ મહારાજનું, નયણ થયાં નિષ્પાપ ॥૩૪॥

રસના લઈ બહુ રસને, અઘે રહી'તી અવરાય ॥
તે હરિપ્રસાદી પામીને, નિર્દોષ થઈ જિહ્વાય ॥૩૫॥

નાસે વાસ અતિ નરસી, જગમાંય લીધી'તી જેહ ॥
તે હાર હરિના સૂંઘતાં, ટળે પાપ એહ તેહ ॥૩૬॥

**એમ સંબંધ શ્રીહરિ તણે, પ્રજળે પંચે પાપ ॥**
**પણ પ્રગટ પ્રભુ મળ્યા વિના, સમે નહિ સંતાપ ॥૩૭॥**

એમ પંચ ઈન્દ્રિયનાં પાપ જે, પ્રભુ સંબંધે પળાય[1] ॥
જે જે જન એમ જાણશે, તે તે શુદ્ધ સઘળાય ॥૩૮॥

એહ ધ્યાન એહ ધારણા, એહ જ સહજ સમાધ ॥
એમ સમજે શિષ્ય જે, તે પામે સુખ અગાધ ॥૩૯॥

એમ વિષય પંચમાં, મુખ્ય રાખે મહારાજ ॥
જેમ કરે કામ જે ગોટિકા,[2] તે ન કરે કામ અવાજ ॥૪૦॥

જેમ ધાય[3] લોભી ધનને, કામી સંભારે કામ ॥
એમ શિષ્ય સંભારવા, સુંદર શ્રીઘનશ્યામ ॥૪૧॥

એમાં કઠણ કાંઈ નથી, નથી કાયા કલેશ ॥
એ કળ[4] આવે અંગમાં, તો સહુથી વાત સરેશ[5] ॥૪૨॥

શિષ્ય જે જે તેં પૂછિયું, તે તે કહ્યું મેં તોય ॥
સુંદર ગ્રંથ સારો થયો, સમજશે સહુ કોય ॥૪૩॥

**૧.**શુદ્ધ થાય **૨.**દાસી **૩.**ઈચ્છે **૪.**રીત-ટેક્નિક **૫.**શ્રેષ્ઠ

શિષ્ય જેમ છે તેમ કહ્યું, રતીરતીનું રૂપ ॥
નિષ્કુળાનંદને ઉર રહી, કહી એ કથા અનુપ ॥૪૪॥

જે જન શ્રવણે સાંભળી, કરશે તને તપાસ ॥
અંતર અરિ ઓળખશે, થાશે હૃદય પ્રકાશ ॥૪૫॥

ફાટી દષ્ટિ ફેરવી, આણી વાળશે ઉર ॥
તેને સમુ સૂઝશે, જાણો જન જરૂર ॥૪૬॥

**બીજા કોટિ ઉપાયથી, કે દી કાજ ન હોય ॥**
**શ્રીસહજાનંદ શરણ વિના, કુશળ ન દીઠો કોય** ॥૪૭॥

દેવ દાનવ માનવ મુનિ, સહુ વિષયને વશ ॥
શિવ અજને સૂઝ્યો નહિ, જે અતિ થયો અપજશ ॥૪૮॥

એટલા માટે આ કથા, વર્ણવી વિવિધ પ્રકાર ॥
શુદ્ધ શિષ્ય સમજજે, સહુનું છે આ સાર ॥૪૯॥

સંવત્ અઢાર છનુંવો, અષાઢ સુદી એકાદશી દન ॥
રચ્યો ગ્રંથ વરતાલમાં, રાખી હૃદે ભગવન ॥૫૦॥

**સોરઠા :**

કહી એ કથા અનુપ, યથાર્થ જેમ છે તેમ સહી ॥
સમજાવ્યું સર્વનું રૂપ, અનુપમ એહ વાત કહી ॥૫૧॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિવિરચિતે હૃદયપ્રકાશમધ્યે સદ્‌ગુરુશિષ્યસંવાદે પંચદશઃ પ્રસંગઃ ॥૧૫॥***

## *હૃદયપ્રકાશઃ સમાપ્તઃ*

# ધીરજાખ્યાન

## :: ભૂમિકા ::

ભગવાને તેમના પ્યારા ભક્તોને પોતાનું દિવ્ય મહાસુખ આપવાનો દૃઢ ઠરાવ કર્યો છે. પરંતુ તેમાં ભક્તની અમુક પ્રકારની કસરો અવરોધરૂપ બને છે. સાચા ભક્તને અશુભની જેમ જ શુભ રાગ પણ એટલા જ નડતરરૂપ છે.

જેમ બજારુ ખાણી-પીણી માણસના તન તથા મનને બગાડે છે, તેમ જ ઘરે બનાવેલા ગળ્યા-ચીકણા પદાર્થો પણ જો વધુ પડતા લેવામાં આવે તો તે પણ રોગ તથા આળસ-પ્રમાદ કરાવનારા થાય છે. તેવી જ રીતે પ્રભુને પામવા ઈચ્છતા શુદ્ધ મુમુક્ષુને શુભ-અશુભ સર્વ ઈચ્છાઓનો સમૂળ ત્યાગ કરવો જરૂરી છે. તો જ તે ભગવાનનો અવિનાશી આનંદ કાયમ માટે માણી શકવાનો પાત્ર બને છે. ભક્તને આવો શુદ્ધ સોના જેવો પાત્ર બનાવવા માટે સ્વયં ભગવાન જ તેને કસોટીરૂપી અગ્નિમાં તાવે છે.

પ્રભુની આ પ્રતિજ્ઞા છે :

***यस्यानुग्रहमिच्छामि, तस्य वित्तं हराम्यहम् ।***
***बान्धवैश्च वियोगेन, सदा भवति दुःखितः ।।***

***तेन दुःखेन सन्तप्तो, यदि मां न परित्यजेत् ।***
***तं प्रसादं करिष्यामि, यः सुरैरपि दुर्लभः ।।***

"હું જેના ઉપર મારી અસાધારણ કૃપા કરવા ઈચ્છું છું, તેની તમામ સંપત્તિ હરી લઉં છું. તેના સગાં-સ્નેહીનો વિયોગ કરાવું છું; તેથી મારો ભક્ત દુઃખી થાય છે, પરંતુ તે દુઃખમાં પણ જો મને છોડી દેતો નથી તો હું તેના ઉપર એવો કૃપાપ્રસાદ વરસાવું છું કે, જે દેવોને પણ મહાદુર્લભ છે. અર્થાત્ મારું શાશ્વત મહાસુખ આપું છું."

હાલમાં આપણ સહુ કોઈને આવો રાજીપો લેવો હોય તો પ્રભુની અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું અનિવાર્ય છે. તે કસોટી વેળામાં પાસ થયેલા આપણે ધીરજ ન ગુમાવી બેસીએ તથા જેના જીવન સાંભળવાથી બળ મળે એવા ૨૧ જેટલા આદર્શ ભક્તોનાં આખ્યાનો આ ગ્રંથમાં સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ ચોટદાર શૈલીમાં વર્ણવ્યાં છે.

જ્યારે ભગવાન પોતાના ભક્તની કસોટી કરે છે ત્યારે તેમાંથી પાર થવું ઘણું કઠણ હોય છે; તેવા સમયે ઘણા ભક્તો હિંમત હારી જાય છે ને પ્રભુપ્રાપ્તિનું કામ બગડી જાય છે; માટે એવા સમયે હિંમત ન હારવી ને ધીરજ રાખવી—એવું આ ગ્રંથનું તાત્પર્ય છે.

જેને ભક્તપણાના સર્વ સદ્‌ગુણોથી યુક્ત તથા ભગવાનના અતૂટ વિશ્વાસવાળા ભક્ત બનવું હોય તેના માટે આ ગ્રંથ અદ્‌ભુત બળ પૂરું પાડે છે. સંવત્ ૧૮૯૯માં ગઢપુર મુકામે રચાયેલા આ ગ્રંથમાં ૬૪ કડવાં, ૧૬ પદ અને કુલ ૭૧૭ ચરણ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुळानंदस्वामी रचित काव्य संग्रहे

# ધીરજાખ્યાન

## કડવું - ૧

**રાગ : ધન્યાશ્રી**

**સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કહીએ જગવંદજી**
**શરણાગતના સદા સુખકંદ[૧]જી, પરમ સ્નેહી છે પરમાનંદજી**

**ઢાળ :**

પરમ સ્નેહી સંત જનના, છે ઘણા હેતુ ઘનશ્યામ ॥
દાસના દોષ ટાળવા, રહે છે તૈયાર આઠું જામ[૨] ॥ ૨ ॥
અનેક વિઘનથી લિયે ઉગારી, કરી પળેપળે પ્રતિપાળ ॥
પરદુઃખ દેખી નવ શકે, એવા છે જો દીનદયાળ ॥ ૩ ॥

૧.સુખના મૂળ  ૨.ચોવીસેય કલાક

નિજ દાસને દુશ્મન જન, ઘડીઘડીએ ઘાત કરે ઘણી ॥
ક્ષણુક્ષણુએ ખબર ખરી, રાખે છે હરિ તેહ તણી ॥૪॥
જેમ પડે જનને પાંસરું,[1] તેમ કરે છે એ કૃપાનિધિ ॥
સુખ દુઃખ ને વળી સમ વિષમે,[2] રાખે છે ખબર બહુ વિધિ ॥૫॥
જેમ પાળે જનની પુત્રને, બહુ બહુ કરી જતન[3] ॥
એમ જાળવે નિજ જનને, બહુ ભાવે કરી ભગવન ॥૬॥
આ જગમાં જીવને વળી, હરિ સમ હેતુ[4] નહિ કોય ॥
પરમ સુખ પામે પ્રાણધારી, એમ ચિંતવે શ્રીહરિ સોય ॥૭॥
**જે દુઃખે થાય સુખ જનને, તે દે છે દુઃખ દયા કરી ॥**
**જેહ સુખે દુઃખ ઊપજે, તે આપે નહિ કે દી હરિ ॥૮॥**
જેમ અનેક વિધની ઔષધિ, હોય અતિ કડવી કસાયલી[5] ॥
દર્દારિ[6] દિયે દર્દીને, ટાળવા ઉપાધિ બાહેર માંયલી ॥૯॥
કુપથ્ય[7] વસ્તુ કે દી ન દિયે, ખાવા તે ખોટે મષે[8] કરી ॥
નિષ્કુળાનંદ એમ નિજજનની, સા'ય કરે છે શ્રીહરિ ॥૧૦॥

## કડવું - ૨

**આગે અનેક થયા હરિજનજી, તેહને આવ્યાં બહુ બહુ વિઘનજી**
**સમજી વિચારી કર્યાં ઉલ્લંઘનજી, ભાવશું ભજ્યાં શ્રી ભગવનજી**

ભજ્યા ભગવાન ભાવશું, સાબિત કરી શિરસાટ ॥
લાલચ મેલી આ લોકસુખની, લીધી અલૌકિક વાટ ॥૨॥
તે ભક્ત પ્રહલાદ પ્રમાણિયે, જાણિયે ધ્રુવ જનક જેદેવ[9] ॥
વિભીષણ અંબરીષ આદિ, ભજ્યા હરિ તજી બીજી ટેવ ॥૩॥

**૧.**અનુકૂળ **૨.**સારા-મોળા સમયે **૩.**કાળજી **૪.**હિતકારી **૫.**ખૂબ જ ઘોળેલી **૬.**વૈદ્ય **૭.**જે ખાવાથી તકલીફ થાય એવી **૮.**બહાને **૯.**જયદેવ

શિબિ વળી સુધનવા, ઋભુ ને રંતિદેવ કહિયે ॥
નળ મુદગલ મયુરધ્વજ, હરિશ્ચંદ્ર હરિજન લહિયે ॥૪॥
શુક નારદ ને સનકાદિક, જડભરત જાજળી જાણિયે ॥
આરુણી વળી ઉપમન્યુ, ખરા ખપવાળા એ વખાણિયે ॥૫॥
ઊંડું વિચારી અંતરમાં, જાણી લીધું જેમ છે તેમ ॥
ખાટ્ય[1] થોડી ને ખોટ્ય ઘણી, એહ મારગે ચલાય કેમ ॥૬॥
અલ્પ સુખ સંસારનું, તેમાં દુ:ખનો નહિ પાર ॥
જેમ ધાંખે[2] ખાયે ધંતૂર[3] નર, તેમા નાવે સુખ નિરધાર ॥૭॥
એવું જોઈ સુખ આ જક્તનું, જેનું માન્યું નહિ કિયાં મન ॥
તજ્યું સુખ ત્રિય તન ધનનું, કરવા પ્રભુને પ્રસન્ન ॥૮॥
મોટા દુ:ખને[4] મટાડવા, કસી કમર કરડાઈ[5] કરી ॥
જીતિયે કે જાય જીવથી,[6] પણ એ દુ:ખમાં ના'વિયે ફરી ॥૯॥
એવો આગ્રહ જેણે આદર્યો, કરી અંતરે ઊંડો વિચાર ॥
નિષ્કુળાનંદ એવા જનની, શ્રીહરિ કરે છે સાર[7] ॥૧૦॥

## કડવું - 3

**શુભમતિ સુણો સહુ સુખની વાતજી, હરિ ભજતાં રહેવું રાજી રળિયાતજી[8]**
**સુખદુ:ખ આવે જો તેમાં દિનરાતજી, કાંઈ કચવાઈ ન થાય કળિયાતજી[9]**

કળિયાત ન થાય કોઈ દિન, રહે મનમાંય તે મગન ॥
દુ:ખ પડતાં આ દેહને, દિલગીર ન થાય કોઈ દન ॥૨॥
વણ તોળી[10] વિપત માંહી, વળી ધરવી અંતરે ધીરને ॥
સદાય ન હોય સરખું, હોય સુખ દુ:ખ શરીરને ॥૩॥

---
**૧.**ફાયદો **૨.**ઉત્સાહથી **૩.**ઝેરી છોડ-ધતૂરો **૪.**જન્મ મરણને **૫.**દૃઢ ઠરાવ **૬.**મરીએ **૭.**માવજત **૮.**મસ્તિમાં **૯.**દુ:ખી; હિંમત રહિત **૧૦.**અતિશય; અનેક પ્રકારની

તેમાં કાયરતા કોરે કરી,[1] હૈયે હિંમત રૂડી રાખવી ॥
મોળી વાતને મુખથી, વળી ભૂલે પણ નવ ભાખવી ॥૪॥
જેમ શૂરો જુવે શરીરના, ઘણા ઘણા લાગેલ ઘાવ ॥
તેમ તેમ મલકાય મનમાં, વળી નાખે મૂછે તાવ[2] ॥૫॥
ઘણે દુઃખે મુખ ઊજળું, રહે શૂરવીરનું સદાય ॥
અલ્પ દુઃખે અણોસરો,[3] રાત દિવસ રહે હૃદયામાંય ॥૬॥
મુખથી મોટી વારતા, કષ્ટ સહ્યા વિના ન કહેવાય ॥
ભીડ્ય પડ્યામાં ભળ્યો નથી, ત્યાં સુધી ઝાંખ્યપ નવ જાય ॥૭॥
શૂરા સંતનું સરખું કહિયે, તન ઉપર એક તાન ॥
શૂરો મરે સંત સુખ પરહરે, કરે અળગું અંગ અભિમાન ॥૮॥
સંકટના સમૂહ માંહી, દિલે દીનતા[4] આણે નહિ ॥
ચડ્યો રહે કેફ ચિત્તમાં, તેને સમ વિષમ ગણતી સહિ ॥૯॥
ઈચ્છે સંકટ આવવા, જેમાં સાંભરે શ્રી ઘનશ્યામ ॥
નિષ્કુળાનંદ એ ભક્ત કહિયે, નારાયણના નિષ્કામ ॥૧૦॥

## કડવું - ૪

**જેનાં કસાણાં[5] કસોટીમાં તનજી, તે તે થયા નર નિરવિઘનજી**
**સુખ દુઃખ પડ્યે ન મૂંઝાય મનજી, કાચું માને સાચું કસણી[6] વિનજી**

કાચું માને કસણી વિના, શોધાણું[7] માને છે સાર ॥
ફરી ન થાય ફેરવણી, એવો ઊંડો ઉરે વિચાર ॥૨॥
જેમ કુલાલ[8] કસે મૃત્તિકા, વળી કાષ્ઠને કસે સુતાર ॥
દરજી કસે દુકૂળને,[9] લોહને કસે છે લુહાર ॥૩॥

**૧.**એક બાજુ મૂકી **૨.**શૂરતાના કેફમાં મૂછ મરડે **૩.**ઉદાસ **૪.**મૂંઝવણ **૫.**કેળવાયા છે **૬.**કસોટી; આપત્તિ **૭.**શુદ્ધ થયેલું **૮.**કુંભાર **૯.**વસ્ત્રને

જેમ સલાટ[૧] શિલાને કસી કરી, રૂડું આણે વળી તેમાં રૂપ ॥
એમ કસાય છે જન હરિના, ત્યારે થાય છે શુદ્ધ સ્વરૂપ ॥૪॥
જાણો જેમ શોધાય[૨] છે સુવર્ણ, તે કનક કુંદન[૩] થાય છે ॥
રૂડી રીતે રૂપું શોધતાં, જાણો ચોખી ચાંદી કહેવાય છે ॥૫॥
રૂપ રંગ ને રૂડાપણું, મૂલ તોલમાં વધે વળી ॥
તેહ શોધ્યાથી સહુ સમઝો, વધી કીમત સઘળી ॥૬॥
વળી જેમ બીજી ધાતુને, ગાળી બાળે મેલ માંયથી ॥
તેને તોલે[૪] જે ભેગે ભરી,[૫] અન્ય ધાતુ આવતી નથી ॥૭॥
જેમ પરિયટ[૬] પટકે પટને, વળી દિયે મૂશળનો[૭] માર ॥
ત્યારે મેલ માંહ્યલો, નવ રહે રતી નિરધાર ॥૮॥
જેમ મજીઠને[૮] ખાંડે ખરી, રૂડી રીતશું રંગરેજ[૯] ॥
ચળકે રંગે આવે ચટકી, વળી તેમાં તે આવે તેજ ॥૯॥
એમ ભક્ત ભગવાનના, આવે કષ્ટે શોધાય આપ ॥
નિષ્કુળાનંદ એ ભક્તનો, વળી વધે અધિક પ્રતાપ ॥૧૦॥

**પદ-૧ (રાગ : રામગરી)** 'મનરે માન્યું નંદલાલશું' એ ઢાળ.

**ભક્ત થાવું રે ભગવાનનું, છે જો કઠણ કામ;**
**સુખ સર્વે સંસારનાં રે, કરવાં જોઈએ હરામ.[૧૦] ભક્ત૦** ॥ ૧ ॥
**દેહ ગેહ[૧૧] દારા[૧૨] દામનું,[૧૩] મેલવું મમતા ને માન;**
**એહમાંથી સુખ આવે એવું રે, ભૂલ્યે ન પડે ભાન. ભક્ત૦** ॥ ૨ ॥
વિપત આવે વણ વાંકથી, તે તો સહે જો શરીરે;

**૧.**પથ્થર ઘડનારો; શિલ્પી **૨.**શુદ્ધ કરાય **૩.**૧૦૦% શુદ્ધ સોનું **૪.**સમાન **૫.**ભેળ-સેળવાળી **૬.**ધોબી **૭.**ધોકાનો **૮.**એક જાતની વનસ્પતિના મૂળિયાને **૯.**કપડાને રંગવાનો ધંધો કરનાર **૧૦.**અણખપતા; ત્યાજ્ય **૧૧.**ઘર **૧૨.**સ્ત્રી **૧૩.**ધનનું

ઉપહાસ[૧] કરે આવી કોય રે, તેમાં રહે દૃઢ ધીરે. ભક્ત૦ ॥ ૩ ॥
ખૂની[૨] ન થાય ખમે ઘણું, એવા સહજ સ્વભાવે;
નિષ્કુળાનંદ એવા ભક્તનો, જશ જુગોજુગ કહાવે. ભક્ત૦ ॥ ૪ ॥

## કડવું - ૫

**જેહને થાવું હોય હરિભક્તજી, તેહને ન થાવું આ દેહમાં આસક્તજી**
**વળી વિષયસુખથી રે'વું વિરક્તજી, જેહ સુખ સારુ આ જળે છે[૩] જક્તજી**

જક્ત સુખમાં ન જળવું, વળી વિષય સુખને સ્વાદ ॥
શુદ્ધ ભક્ત શ્રી હરિતણા, થાવું જેવા જન પ્રહલાદ ॥ ૨ ॥
પ્રહલાદ ભક્ત પ્રમાણિયે, જાણિયે જગવિખ્યાત ॥
હિરણ્યકશિપુ સુત હરિજન થયા, કહું કયાધુ જેની માત ॥ ૩ ॥
ગર્ભવાસ માંહીથી ગુરુ કર્યા, મુનિ નારદને નિરધાર ॥
નિશ્ચય કર્યું હરિ ભજશું, તજશું સુખ સંસાર ॥ ૪ ॥
પછી પ્રહલાદજી પ્રસવ્યા,[૪] વળી વીત્યાં વરસ સાત ॥
ત્યારે તાતે તેડાવીને, કહી નિજકુળ રીત ભાત ॥ ૫ ॥
આસુરી વિદ્યા આપણી, તમે પઢો કરી બહુ પ્રીત ॥
વિબુધ[૫] વામ[૬] વિષ્ણુ થકી, તો થાઓ અતિશે અજિત ॥ ૬ ॥
ત્યારે પ્રહલાદે પરીક્ષા કરી, આ તો દીસે છે અસુર ॥
મારે એને કેમ મળશે, એમ વિચારિયું વળી ઉર ॥ ૭ ॥
**મારે ભજવા ભગવાનને, તજવી વિષય સુખની આશ ॥**
**દેહ ગેહ દારા દામથી, અતિ થાવું છે ઉદાસ ॥ ૮ ॥**
એહ વાત અસુરને, વળી નહિ ગમે નિરધાર ॥

**૧.**ઠેકડી; હાંસી **૨.**ઘાતકી **૩.**(તૃષ્ણારૂપી અગ્નિથી) સળગે છે **૪.**જનમ્યા **૫.**દેવો **૬.**શંકર

માટે મારે એને નહિ મળે, એવો કર્યો ઉર વિચાર ॥૯॥
પણ હમણાં તો એને હા કહું, વળી ના કે'વાયે કેમ ॥
પછી નિષ્કુળાનંદના નાથનું, થાશે જેમ ધાર્યું હશે તેમ ॥૧૦॥

## કડવું - ૬

**ત્યારે પ્રહલાદ કહે પિતા એ સારુંજી, ભણીશ જેમાં ભલું થાશે મારુંજી**
**એટલું વચન માનીશ તમારુંજી, એવું સુણી સુતથી તેડ્યા અધ્યારુજી[૧]**

અધ્યારુ શંડામર્ક[૨] જે, તેને કહે છે એમ ભૂપાળ ॥
ભણાવો આને વિદ્યા આપણી, જાઓ તેડી બેસારો નિશાળ ॥૨॥
પ્રહલાદ બેઠા પછી પઢવા, લખી આપ્યા આસુરી અંક[૩] ॥
તેને તર્ત ટાળી લખ્યા, નારાયણ થઈ નિઃશંક ॥૩॥
ત્યારે શંડામર્ક કે' સમઝિયે, ભાઈ એ નહિ આપણું કામ ॥
એ છે વેરી આપણા અતિ, તેહનું ન લખવું નામ ॥૪॥
ત્યારે પ્રહલાદ કહે પાપી જનના, હશે શત્રુ શ્રીભગવાન ॥
મારે તો સદા એ મિત્ર છે, આદ્ય અંતે મધ્યે નિદાન ॥૫॥
ત્યારે શંડામર્ક એમ સમઝ્યા, છે આ વાતમાં વિવાદ ॥
એમ કહી ઉપેક્ષા કરી,[૪] ત્યારે કહે છે બાળકોને પ્રહલાદ ॥૬॥
મરી જાવું સહુને મૂરખો, શીદ ચઢો છો બીજે નોર[૫] ॥
ભજો શ્રી ભગવાનને, તજો બીજો શોર બકોર[૬] ॥૭॥
જેને ભજ્યે જગ જીતી જાયે, અને થાય સુખિયા સદાય ॥
તેને તજી બીજું બોલે જેહ, તેહ કૃતઘ્ની કે'વાય ॥૮॥
**અમૂલ્ય તન જેણે આપિયું, આપ્યો સરવે સુખનો સમાજ** ॥

**૧.**શિક્ષક **૨.**શંડ તથા અમર્ક નામના પુરોહિત **૩.**શબ્દો **૪.**તે વાતને સામાન્ય સમજી જતી કરી **૫.**માર્ગે (અવળે રસ્તે) **૬.**ધાંધલ-ધમાલ

**તેને ભજિયે ભાવે કરી, તો સરે તે સઘળાં કાજ ॥૯॥**
ત્યારે બાળક સહુ બોલિયાં, જેમ કે'શો તેમ કરશું ॥
નિષ્કુળાનંદનો નાથ ભજતાં, નહિ થાય અમારું નરસું ॥૧૦॥

## કડવું - ૭

**એવા સુણી બાળકના બોલજી, શંડામર્કે કર્યો મને તોલજી[૧]**
**આ તો વાત ચઢી ચગડોલજી, ત્યારે કહ્યું રાયને મર્મ ભર્મ[૨] ખોલજી[૩]**

ખોલી મર્મ ખરું કહ્યું, પ્રહલાદ તમારો જે તન ॥
તે તો ભક્ત છે ભગવાનનો, એ મેં જોઈ લીધું રાજન ॥૨॥
આસુર વિદ્યા એની જીભે, ભૂલે પણ ભણશે નહિ ॥
બીજા બાળકને બગાડશે, વળી અવળો ઉપદેશ દઈ ॥૩॥
માટે આડી[૪] રખાવો એની આજથી, જે ન ચઢે બીજે વેન[૫] ॥
કુળ આપણામાં કેણે ન કીધું, એવું આદર્યું છે એણે ફેન[૬] ॥૪॥
ત્યારે હિરણ્યકશિપુ કહે પ્રહલાદને, આવી અવળાઈ તું કાં કરે ॥
નાની વયમાં નિઃશંક થઈ, કાંરે કોઈથી નવ ડરે ॥૫॥
આપું રાજ્ય તને આજથી, અન્ન ધન સર્વે સમાન ॥
ત્રણ લોકમાં કહું તાહરું, કોઈ મોડી શકે નહિ માન ॥૬॥
પ્રહલાદ કહે એહ પાપરૂપ, મને ગમતો નથી એહ ગેલ[૭] ॥
ભજતાં શ્રી ભગવાનને, મને સમુ[૮] લાગે છે સે'લ[૯] ॥૭॥
ત્યારે હિરણ્યકશિપુ બોલ્યો હાકલી,[૧૦] માગી લે છે મુખે શીદ મોત ॥
માનતો નથી તું માહરું, મરી જાઈશ તું તારા સોત[૧૧] ॥૮॥
ત્યારે પ્રહલાદ કહે હવે બોલવું, તેનો કરવો વિચાર ॥

**૧.**વિચાર **૨.**રહસ્યમય ભેદ **૩.**ખોલીને **૪.**બંધી **૫.**રવાડે **૬.**તોફાન **૭.**આનંદ/માર્ગ **૮.**સાચું **૯.**સહેલું **૧૦.**ત્રાડ નાંખી **૧૧.**તારા ભગવાન સહિત

તને તારે મને મારિયો, તેથી પામ્યો છું તું હાર ॥૯॥
ત્યારે હિરણ્યકશિપુ કહે કોપ કરી, તને હણીશ મારે હાથ ॥
તારી રક્ષા કેમ કરશે, નિષ્કુળાનંદનો નાથ ॥૧૦॥

## કડવું - ૮

**કહે હિરણ્યકશિપુ કોઈ છે યાં સેવકજી, મારી મુકાવો આની તમે ટેકજી[૧]**
**આણે તો આદરિયું અવળું છેકજી, એવું સુણી ઊઠિયા અસુર અનેકજી**

અસુર ઊઠી આવી કહે, રાય જેમ કહો તેમ કરીએ ॥
રાય કહે આને મારો જીવથી, તો આપણે સર્વે ઊગરીએ ॥ ૨ ॥
અસુર કુળ કાનનનો,[૨] કાપનાર આ છે કુઠાર[૩] ॥
જેમ મહા અરણ્યને અલ્પ અગ્નિ, વળી બાળી કરે છે છાર[૪] ॥ ૩ ॥
માટે માનો એના થકી, વડો થાશે વળી વિનાશ ॥
જેમ ઝીણો કણિકો ઝેરનો, કરે કલેવર[૫] નાશ ॥૪॥
કાળ[૬] છે આપણા કુળનો, તમે જાણી લેજો જરૂર ॥
માટે એને જો મારિયે, તો સહુ ઊગરિયે અસુર ॥૫॥
માત તાત સુત ભ્રાતનો, વેરી લિયે વા'લાનો વેશ ॥
એથી સુખ આવે નહિ, આવે કઠણ કષ્ટ કલેશ ॥ ૬ ॥
માટે એને તમે જરૂર મારો, મ વિચારો બીજી વાત ॥
છેલ્લી આજ્ઞા એ જ છે, કરો એના જીવની ઘાત ॥૭॥
એવું સુણી અસુર નર, સહુ તરત થયા તૈયાર ॥
મારો મારો સહુ કરે, અઘે ભર્યા નર અપાર ॥૮॥
નમે'રી[૭] ને નિર્દયા, વળી પાપના પુંજ[૮] કહિયે ॥

**૧.**પ્રતિજ્ઞા; નિષ્ઠા **૨.**જંગલનો **૩.**કુહાડો **૪.**રાખોડી **૫.**શરીર **૬.**નાશ કરનાર **૭.**કરુણા વિનાના **૮.**પર્વત

તેને પાને[1] પ્રહલાદ પડિયા, ખરી ક્ષમા એની લહિયે ॥૯॥
ગડથલાવી[2] ગળે ઝાલી, કર્યા મારવા સારુ મો'ર[3] ॥
નિષ્કુળાનંદ કહે કરી[4] તિયાં, આવતો દીઠો એહ ઠોર[5] ॥૧૦॥

**પદ-૨ (રાગ : રામગરી)** **'મનરે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

પદાતિ[6] કહે પે'લવાનને,[7] હુકમ કર્યો છે રાયે;
ચીરી નાંખ્ય પ્રહલાદને, બાંધી હાથીને પાયે. પદાતિ૦ ॥૧॥
ત્યારે માવતે[7] વાત માની મને,[8] બાંધ્યા હાથીને પગે;
તેમાંથી પ્રહલાદ ઊગર્યા, સહુએ દીઠા છે દગે.[9] પદાતિ૦ ॥૨॥
ત્યાર પછી તેણે તપાસીને, આપ્યું ઝેર અન્નમાં;
તે તો અમૃતવત થયું, તર્ત ઊતરે તનમાં. પદાતિ૦ ॥૩॥
શિશુ એ સાત વર્ષના, બાંધ્યું વડાશું વેર;
નિષ્કુળાનંદ કહે અસુરને, નહિ કોઈને મે'ર. પદાતિ૦ ॥૪॥

## કડવું - ૯

**કહો ભાઈ આપણે કરિયે કેમજી, સહુ વિચારવા લાગ્યા વળી એમજી**
**કોણ જાણે કેમ રહે છે એ ક્ષેમજી,[10] હવે જેમ મરે કરો સહુ તેમજી**

તેમ તપાસી સહુ કરો, નાખો ઠાઉકો ઠાલે[11] કૂપ ॥
મરી જાશે કે ભોરંગ[12] ખાશે, થાશે તેણે રાજી ઘણું ભૂપ ॥૨॥
તેમાં નાંખ્યે પણ નવ મર્યા, ત્યારે ડર્યા અસુર અપાર ॥
ખરો વેરી છે ખોટું નથી, એમ થયો સહુને વિચાર ॥૩॥
પછી કહે છે પછાડો પહાડથી, થાય તલ તલ એનું તન ॥

**૧.**કબજામાં **૨.**ધક્કા કે આંચકા મારી **૩.**આગળ **૪.**હાથી **૫.**ઠેકાણે **૬.**સિપાઈ
**૭.**મહાવતને **૮.**અંતરથી **૯.**સગી આંખે **૧૦.**કુશળ **૧૧.**ખાલી **૧૨.**સર્પ

તેમનું તેમ તેણે કર્યું, તેમાં કરી હરિયે જતન ॥૪॥
પછી ખારા જળ કીચમાં,[૧] ઘાલિયા ઘણો દઈ ભાર ॥
તેથી પ્રહલાદ ઊગર્યા, શ્રીહરિએ કીધી સાર ॥૫॥
પછી શસ્ત્ર સરવે સજ્જ કરી, ઊઠ્યા મારવા શૂરવીર ॥
તેણે ત્રાસ પામ્યા નહિ, ધન્ય ધન્ય એ જનની ધીર ॥૬॥
પછી પાવકે[૨] પરજાળવા,[૩] બાળવા કર્યો વિચાર ॥
તેહ વિનાના ઉપાય બીજા, કર્યા હજારે હજાર ॥૭॥
ભક્ત જાણી ભગવાનના, છે અસુરને વેર અતિ ॥
મનસૂબો મને મારવાનો, કરે છે બહુ કુમતિ ॥૮॥
નર નારી સહુ એમ બોલે, કોઈ ઘાત કરો પ્રહલાદની ॥
તો અસુર સહુ અભય થાયે, જય થાય ક્રવ્યાદની[૪] ॥૯॥
આશ્ચર્ય પામ્યા અમર નર, જોઈ પ્રહલાદની ધીર ॥
નિષ્કુળાનંદના નાથની કસણી, જોઈ નયણે આવ્યાં નીર ॥૧૦॥

## કડવું - ૧૦

**નથી હરિજનને ધીરજ સમ ધનજી, કામ દામ[૫] આવે એ[૫] દોયલે દનજી[૬]**
**જ્યારે જન કરે હરિનું ભજનજી, તેમાં બહુ આવે વિપત વિઘનજી**

વિઘન આવે વણ ચિંતવ્યાં, સુર અસુર ને નર થકી ॥
જોખમ ન થાય જન જેમ, તેમ વાત કરવી નકી ॥૨॥
આદ્ય અંતે મધ્ય માંય, ભક્તે સુખ શું શું ભોગવ્યું ॥
સહી સંકટ ભજ્યા શ્રીહરિ, એમ ચારે જુગમાંયે ચવ્યું[૭] ॥૩॥

**૧.**કીચડમાં **૨.**અગ્નિમાં **૩.**સળગાવવા **૪.**અસુરની **૫.**ધીરજરૂપી ધન **૬.**મુશ્કેલીના સમયે **૭.**કહ્યું (બન્યું છે)

**ભક્ત થાવું ભગવાનનું, રાખી વિષયસુખની આશ ॥**
**બેઉ કામ ન બગાડિયે, થાઈએ ખરા હરિના દાસ ॥૪॥**

અતિ મોટું કામ આદરી, વળતો કરિયે વિચાર ॥
એ તો અરથ આવે નહિ, વળી ઠાલો ખોવાય કાર[૧] ॥૫॥

કાર જાયે ને કામ ન થાયે, વળી જાયે ખાલી ખેપ[૨] ॥
એવું કામ આદરતાં, કહો કેને આવ્યું ઠેપ[૩] ॥૬॥

માટે તાવે[૪] ઘાવ જેમ ઘણના, ઘણા લગાડે છે લુહાર ॥
તક ચૂકે જો તા તણી,[૫] તો સાંધો ન થાયે નિરધાર ॥૭॥

જોને મોરે જેવું એ મોંઘુ હતું, એવું મોંઘુ નથી જો આજ ॥
પ્રહલાદની પેઠે આપણને, નથી કસતા મહારાજ ॥૮॥

પેખો[૬] ભક્ત પ્રહલાદને, જે જે પડિયાં એને દુઃખ ॥
વેઠી બહુ કહું વિપત્તિ, રહ્યા હરિની સનમુખ ॥૯॥

એકાએક વિવેકે ટેક, એવું કામ એણે આદર્યું ॥
નિષ્કુળાનંદ કે' નાથે તેનું, ઘણું ઘણું ગમતું કર્યું ॥૧૦॥

## કડવું - ૧૧

**વળી પ્રહલાદની કહું સુણો વાતજી, તેહ પર કોપિયો તેનો તાતજી**
**ઊઠ્યો લઈ ખડગ[૭] કરવા ઘાતજી, થયો કોલાહલ મોટો ઉતપાતજી**

ઉતપાત તે અતિશે થયો, કહે પાપી પ્રહલાદ ક્યાં ગયો ॥
દેખાડ્ય તારા રાખનારને, કાઢી ખડગ મારવા રહ્યો ॥૨॥

પ્રહલાદ કહે પૂરણ છે, સરવે વિષે મારો શ્યામ ॥
હમણાં પ્રભુ પ્રગટશે, ટાળશે તારું ઠામ ॥૩॥

**૧.**આબરૂ; મોભો **૨.**ફેરો-જન્મ **૩.**સુખ **૪.**તપાવેલ લોખંડ ઉપર **૫.**બરાબર ગરમ થયાની **૬.**જુઓ **૭.**તલવાર

અરેરે એવું બોલ્ય મા તું, વળી કહે ઠરાવીને ઠીક ॥
તું ને તારા રાખનારની જો, મારે નથી હૈયામાં બીક ॥૪॥
એમ કહીને જો કાઢિયું, તીખું ખડગ તે વાર ॥
ઘાંઘો[1] થાય ઘણું ઘાવ કરવા, પણ ન ડરે પ્રહલાદ લગાર ॥૫॥
કરડે દાંત ક્રોધે કરી, વળી બોલે વસમાં વેણ ॥
રીસે કરી રાતાં થયાં, મહા પાપીનાં બે નેણ ॥૬॥
પછી પ્રહલાદે પ્રકાશિયું, જોઈ અસુરનો આરંભ ॥
કહ્યું છે આ કાષ્ઠમાં, સ્થિર રહ્યા છે થઈ સ્થંભ ॥૭॥
ઠરાવ્યા જ્યારે હરિ સ્થંભમાં, ત્યારે કોપ્યો લઈ કરવાલ[2] ॥
ઠીકોઠીક મારી સ્થંભમાં, ત્યાં પ્રગટ્યા પ્રભુ કોપાલ[3] ॥૮॥
પછી માગ્યું હતું જેમ મોતને, તેમાં તે બાધ આવે નહિ ॥
તેમ જ તેને મારિયો, નરસિંહજી પ્રગટ થઈ ॥૯॥
હાહાકાર અપાર થયો, રાખ્યું પ્રહલાદજીનું પણ[4] ॥
નિષ્કુળાનંદ કહે તેણે કરી, સહુ સુખી છૈયે આપણ ॥૧૦॥

## કડવું - ૧૨

**પ્રગટ્યા નૃસિંહજી પ્રહલાદને કાજજી, બહુ રાજી થઈ બોલિયા મહારાજજી**
**માગો માગો પ્રહલાદ મુજ થકી આજજી, આપું તમને તેહ સુખનો સમાજજી**

આપું સમાજ સુખનો, એમ બોલિયા છે નરહરિ ॥
પ્રહલાદ કહે તમે પ્રસન્ન થયા, હવે શું માગું બીજું ફરી ॥૨॥
મારે તો નથી કાંઈ માગવું, પણ એવું કહેશો મા કોઈને ॥
પંચવિષયમાં પ્રીત જીવને, માગશે રહ્યા છે જેમાં મોઈને ॥૩॥

**૧.**આકળો; ઉતાવળો **૨.**તલવાર **૩.**અતિ ક્રોધે યુક્ત **૪.**ટેક

થોડીક સેવા કરી તમારી, માગે છે મોટા સુખને ॥
એવા વેપારીને ઓળખી, વિષયસુખ દેશો મા વિમુખને ॥૪॥

એમ પ્રહલાદજી ઊચ્ચર્યા, કહ્યો અંતરનો અભિપ્રાય ॥
ધીરજતાનું ધામ ધન્ય, નિષ્કામ કહ્યા ન જાય ॥૫॥

પેખી ભક્તિ પ્રહલાદની, એવી આપણે પણ આદરો ॥
નકી પાયો નાખી કરી, ભય તજી ભક્તિ કરો ॥૬॥

ભક્ત કહેવાય આ ભવમાં,[૧] અભક્તપણું અળગું કરો ॥
શુદ્ધ સેવક થઈ ઘનશ્યામના, અમળ[૨] ભક્તિ આદરો ॥૭॥

ભક્તિમાં ભેગ ભૂંડાઈનો,[૩] વળી રતી પણ નવ રાખિયે ॥
ડોરી[૪] બાંધી[૫] અંગે દામની,[૬] વિશવાસી પાસે નવ નાખિયે ॥૮॥

**ભક્ત છે બહુ ભાતના, દામ વામ ખૂબ ખાન પાનના ॥**
**એવું ન થાવું આપણે, થાવું ભક્ત ખરા ભગવાનના ॥૯॥**

**સેવક થઈ ઘનશ્યામના, ઈચ્છવા સુખ સંસારનાં ॥**
**નિષ્કુળાનંદ એ ભક્ત નહિ, એ તો લક્ષણ છે ચોર જારનાં[૭] ॥૧૦॥**

**પદ-૩ (રાગ : રામગરી)** ‘મનરે માન્યું નંદલાલશું’ એ ઢાળ.

ભક્ત સાચા ભગવાનના, ઝાઝા જડતા નથી;
લક્ષણ જોઈ લેવાં લખી રે, શું કહિયે ઘણું કથી. ભક્ત૦ ॥૧॥

અતિ દયાળુ દિલના, પડ્યે કષ્ટે ન કાય;[૮]
પ્રાણધારીને પીડે નહિ રે, પર પીડ્યે પિડાય. ભક્ત૦ ॥૨॥

પોતાને સુખ જો પામવા, બીજાનું ન બગાડે;
દુષ્ટ આવે કોઈ દમવા, તેને શાંતિ પમાડે. ભક્ત૦ ॥૩॥

**૧.**સંસારમાં **૨.**શુદ્ધ; નિષ્કામ **૩.**પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવારૂપ સકામતાનો **૪.**દાંભિકતા **૫.**રાખી **૬.**ઠગાઈની-બીજાને છેતરવાની/પૈસા પડાવવાની **૭.**વ્યભિચારીના **૮.**કાયર થાય

ક્ષમા ઘણી ક્ષોભે[૧] નહિ, સુખ દુઃખને સહે;
નિષ્કુળાનંદ એવા ભક્તથી, હરિ દૂર ન રહે. ભક્ત૦ ॥૪॥

## કડવું - ૧૩

**વળી ધન્ય ધન્ય ધ્રુવજીને કહિયેજી, જેનો તાત ઉત્તાનપાદ લહિયેજી**
**સુનીતિને ઉદર આવ્યા જહિયેજી,[૨] જનમી ઉરમાં વિચારિયું તહિયેજી**

ઉરમાં એમ વિચારિયું, થાવું મારે તે હરિદાસ ॥
એવે વિચારે આવિયા, વળી નિજ પિતાની પાસ ॥૨॥

આદર ન પામ્યા તાતથી, થઈ પુષ્ટિ એહ પરિયાણની[૩] ॥
અપર માયે[૪] પણ એમ જ કહ્યું, થઈ દૃઢ મતિ સુજાણની ॥૩॥

જેમ શૂરો શત્રુ સેનશું, હૈયે કરે લડવાને હામ ॥
તેને સિંધુ[૫] સંભળાવતાં, ભાઈ મરી મટે એહ ઠામ ॥૪॥

તેમ ધ્રુવે એમ ધાર્યું હતું, અતિ થાવું છે સહુથી ઉદાસ ॥
રાજ સાજ સુખ સંપત્તિ, મેલી વન કરવો છે વાસ ॥૫॥

અલપ સુખ સંસારનું, જે મળે ને મટી જાય રે ॥
તેહ સારુ આવું તન ખોઈ, કહો કોણ દુઃખને ચા'ય[૬] રે ॥૬॥

અચળ સુખ અવિનાશીનું, જેહ પામીને પાછું નવ ટળે ॥
એવા સુખને પરહરી, બીજા સુખમાં કોણ બળે ॥૭॥

અસત્ય સુખ સંસારનાં, તેને સત્ય માની નરનાર ॥
ભૂલવણીમાં ભૂલા પડ્યાં, કેણે ન કર્યો ઉર વિચાર ॥૮॥

મરીચિ જળે[૭] મળ[૮] ટાળવા, મનસૂબો કરે છે મનમાંય ॥
પણ જાણતા નથી રીત ઝાંઝુની,[૭] એહ અર્થ ન આવે કાંય ॥૯॥

૧.અકળાય ૨.જ્યારે ૩.ભગવાન ભજી લેવાના નિર્ણયની ૪.નવી માતાએ ૫.શૂરાતન ચડાવનાર સિંધુડો રાગ ૬.ઈચ્છે ૭.ઝાંઝવાના-આભાસી જળથી ૮.મેલ

એવું દૃઢ ધ્રુવે કર્યું, મો'રથી મનમાંય ॥
નિષ્કુળાનંદનો નાથ ભજશું, તજશું બીજી ઈચ્છાય ॥૧૦॥

## કડવું - ૧૪

**દૃઢ વિચાર એમ કરી ધ્રુવે મનજી, વેગેશું ચાલિયા વળતા વનજી**
**મારગમાં મળ્યા નારદ મુનિ જનજી, તેણે કહ્યાં બહુ હેતનાં વચનજી**

વચન કહ્યાં બહુ હેતનાં, વળી આપ્યો મંત્ર અનુપ ॥
પછી અચળ તપને આદર્યું, જપે મંત્ર એ સુખ સ્વરૂપ[૧] ॥ ૨ ॥
પાંચ વરષના એક પગે, ઊભા અચળ અડગ થઈ ॥
બહુ બલાઉં[૨] આવે બિવરાવવા, તેના બિવરાવ્યા બીવે નહિ ॥ ૩ ॥
શ્યાળ[૩] વ્યાળ[૪] કરી કેશરી,[૫] વાઘ વાનર વૃક[૬] વીજુ[૭] વળી ॥
ભૂત પ્રેત રાક્ષસ રાક્ષસી, વૈતાલ[૮] વૈતાલી મળી ॥ ૪ ॥
હોહોકાર હુંકાર કરે, કરે કાનમાં ક્રૂર ઉચાર ॥
મારોમારો ખાઓખાઓ કહે, પણ ન ડરે ધ્રુવજી લગાર ॥ ૫ ॥
અન્ન જળ તજી આરંભ્યું, કઠણ તપ જે કહેવાય ॥
તજી લાલચ્ય તનની, આદર્યો એહ ઉપાય ॥ ૬ ॥
ખરી ટેક ખટ[૯] માસ સુધી, ઊભા રહ્યા એક પગે ॥
અસુર સુર આશ્ચર્ય પામ્યા, દેખી તપ ધ્રુવજીનું દગે ॥ ૭ ॥
પ્રભુ મળ્યા સારુ પરહર્યું, સરવે શરીરનું સુખ ॥
રાજી કરવા રમાપતિ, અતિ દિયે છે દેહને દુઃખ ॥ ૮ ॥
મેલી મમત[૧૦] હિંમત કરી, પરહરી ખોટાં[૧૧] સુખની આશ ॥

**૧.**સુખ દેનાર **૨.**ખારી બલા, ડાકણ વગેરે દુઃખ દેનારી આપત્તિઓ **૩.**શિયાળ **૪.**સર્પ **૫.**સિંહ **૬.**વરુ **૭.**ઘોરખોદિયું; એક જાતનું હિંસક પ્રાણી **૮.**ભૂતનો રાજા; મૃત શરીરમાં પેઠેલો ભૂત **૯.**છ **૧૦.**મોહ-મમતા **૧૧.**માયિક-નાશવંત

આકરું તપ આદર્યું, જોઈ પામ્યાં જન મન ત્રાસ ॥૯॥
ધરણી લાગી ધ્રૂજવા, ડગવા લાગ્યા દિગ્પાળ[૧] ॥
નિષ્કુળાનંદ નાની વયમાં, દીઠા બહુ બળવાળા બાળ ॥૧૦॥

## કડવું - ૧૫

**નિર્બળથી નથી નીપજતું એ કામજી, શીદ કરે કોઈ હૈયામાંહી હામજી[૨]**
**ઘણું કઠણ છે પામવા ઘનશ્યામજી, જેણે પામિયે સુખ વિશ્રામજી[૩]**

સુખ વિશ્રામ પામિયે, વામિયે સર્વે વિઘન ॥
તેમાં કસર ન રાખિયે, રાખિયે પ્રગળ[૪] મન ॥૨॥
ધારી ટેક ધ્રુવના સરખી, ઉર આંટી પાડવી એમ ॥
પામું હરિ કે પાડું પંડને, કરું ધ્રુવે કર્યું હું તેમ ॥૩॥
એમ ઓથ્ય મોટાની લિયે, ખોટ્ય તે ખોવા[૫] કાજ ॥
ખાલી ન જાય ખેપ તેની, જરૂર રીઝે મહારાજ ॥૪॥
પ્રહલાદ ધ્રુવની પેરે[૬] કરે, સમઝી ભક્તિ સુજાણ ॥
તેથી અધિક કરવી નથી, કરવી એને પ્રમાણ[૭] ॥૫॥
એના જેવી જે આદરે, સહે તને કષ્ટ બહુ ટાઢ ॥
એમ કરતાં હરિ મળે, ત્યારે પલટ્યો નથી[૮] કાંઈ પાડ[૯] ॥૬॥
એના જેવી વળી આપણે, ભલી ભાતે બાંધિયે ભેટ ॥
ત્યારે પ્રસન્ન જન પર પ્રભુ, ન થાય કહો કેમ નેટ[૧૦] ॥૭॥
હિંમત જોઈ હરિજનની, હરિ રહે છે હાજર હજૂર ॥
પણ ભાંગે મને ભક્તિ કરે, તેથી શ્રીહરિ રહે દૂર ॥૮॥

**૧.**દિશાઓનું પાલન કરનારા દેવો **૨.**હોંશ **૩.**કાયમી આરામ **૪.**મજબૂત/શુદ્ધ **૫.**ટાળવા **૬.**જેમ **૭.**સમાન-જેટલી **૮.**ઉપકારની સામે અપકારની જેમ ઊલટું થયું નથી; ખોટ ગઈ નથી **૯.**ઉપકાર; આભાર **૧૦.**નક્કી

**સાચાને સોંઘા ઘણા છે, નથી મોંઘા થયા મહારાજ ॥**
**ખોટાને ન જડે ખોળતાં, તે દિન કે વળી આજ ॥૯॥**

માટે કસર મૂકી કરી, થાઓ ખરા હરિના દાસ ॥
નિષ્કુળાનંદ નજીક છે, તે દાસ પાસ અવિનાશ ॥૧૦॥

## કડવું - ૧૬

**વળી કહું વર્ણવી ધ્રુવની વાતજી, શીત ઉષ્ણ સહે છે દિન ને રાતજી**
**તેમાં ન થાય કોઈ કાળે કળિયાતજી, કરવા હરિને રાજી રળિયાતજી**

રાજી કરવા મહારાજને, સુખ દુઃખ સહે છે શરીર ॥
અડગ ઊભા એક પગ ભર, ધારી દઢતા મન ધીર ॥૨॥

રોઝ ગેંડા પાડા અરણા, શશાં સેમર સુરા ગાય ॥
આવે એવાં વળી દુઃખ દેવા, પણ બીવે નહિ મનમાંય ॥૩॥

ગૃજ્ય[૧] ગીધ ચીલ[૨] ચીબરી, કાક કરૂરી[૩] સુઘરી કપોત ॥
ભ્રમર તમર બોલે ટીડડાં, ઠામ ઠામ દમકે[૪] ખદ્યોત ॥૪॥

એકએકથી અધિક પાપી, પાડે ભજનમાં ભંગ ॥
તોય ધ્રુવજી નથી ધ્રૂજતા, ધરી ધીરજ કરી દઢ અંગ ॥૫॥

ખાન પાનની ખબર નથી, નથી કરતાં નિદ્રા નયણે ॥
ભજે છે ભગવાનને, વારમવાર વયણે ॥૬॥

શ્વાસોશ્વાસે સમરે, સુખદાયી શ્રી ઘનશ્યામ ॥
પળ એક પામતા નથી, એહ ભજનથી વિરામ ॥૭॥

તનને રાખ્યું છે તપમાં, મન રાખ્યું છે મહા પ્રભુમાંય ॥
તેહ વિના તન મન બીજે, રાખ્યું નથી કહું ક્યાંય ॥૮॥

**૧.**ગર્જના કરતું ગીધ **૨.**સમળી **૩.**ભયાનક અવાજ કરતું પક્ષી **૪.**ચમકે

જોઈ તપ એ જનનું, બાળપણનું બહુ પેર ॥
માનવ દાનવ દેવતાને કહો, કેમ ના'વે મને મે'ર ॥૯॥
વિષ્ણુ તેહને વિલોકીને, રીઝ્યા અતિ રમાપતિ ॥
નિષ્કુળાનંદ કહે નાથજી, ઈચ્છયા દેવા પૂરણ પ્રાપતિ ॥૧૦॥

**પદ-૪ (રાગ : રામગરી)** **'મન રે માન્યું નંદલાલશું'** એ ઢાળ.

ઈચ્છ્યા અટળ પદ આપવા, અલબેલો અવિનાશ;
આવી એમ ધ્રુવને કહ્યું રે, માગો માગો મુજ પાસ. ઈચ્છ્યા૦ ॥ ૧ ॥
ધ્રુવજી કહે ધન્ય ધન્ય નાથજી, તમે પ્રસન્ન જ થયા;
એથી બીજું શું માગવું, દિન દુઃખના ગયા. ઈચ્છ્યા૦ ॥ ૨ ॥
અખંડ રે'જો મારે અંતરે, પ્રભુ આવાના આવા;
મોટું બંધન છે માયા તણું, તેમાં ન દેશો બંધાવા. ઈચ્છ્યા૦ ॥ ૩ ॥
એમ ધ્રુવજી જ્યારે ઓચર્યા,[1] લાગ્યું સારું શ્યામને;
નિષ્કુળાનંદ કહે નાથે પછી, આપ્યું અચળ ધામને. ઈચ્છ્યા૦ ॥ ૪ ॥

## કડવું - ૧૭

**હરિ ભજવા હરખ હોય હૈયેજી, ત્યારે ભક્ત ધ્રુવ જેવા થઈયેજી**
**એથી ઓરા રતિયે ન રહિયેજી, પરમ પદને પામિયે તહિયેજી**

પરમ પદને પામિયે, વામિયે સર્વે વિકાર ॥
કાચા[2] સાચા સુખને, નવ પામે નિરધાર ॥ ૨ ॥
અજાર[3] ન દેવો અંગે આવવા, દેહ દમવું ગમતું નથી ॥
એવા ભક્ત જક્તમાં ઘણા, તેની વાત હું શું કહું કથી ॥ ૩ ॥

**૧.**બોલ્યા **૨.**દેહાભિમાની જીવ **૩.**તકલીફ; કષ્ટ

વાંછના[૧] વિષય સુખની, રહે અખંડ તે ઉરમાંય ॥
ભાળી એવા ભક્તને, કહો કેની કરે હરિ સા'ય ॥૪॥
માટે ભક્ત એ ભૂલા પડ્યા, નથી ભૂલા પડ્યા ભગવાન ॥
જેહ જેવી ભક્તિ કરે, તેવું ફળ પામે નિદાન ॥૫॥
વાવિયે બીજ વળી વિષનું, કરિયે અમૃતફળની આશ ॥
એહ વાત નથી નીપજવી,[૨] તેહનો તે કરવો તપાસ ॥૬॥
કરી લાડવા જો કાષ્ટના, વળી લેવું મોતિયાનું મૂલ[૩] ॥
તે સમઝું કેમ સમઝશે, કાષ્ટ પિષ્ટ[૪] મિષ્ટ[૫] સમ તૂલ[૬] ॥૭॥
ભૂત ભવિષ્ય વર્તમાનમાંયે, વળી વિચારવી એહ વાત ॥
ભક્તિ કરી મો'રે ભગતે, તેવી કરવી વિખ્યાત ॥૮॥
છાર[૭] સારનો[૮] ભાર સરખો, તપાસી તે ઉપાડવો ॥
સારમાં બહુ સુખ મળે, છાર ઢોયે[૯] પરિશ્રમ પાડવો ॥૯॥
માટે સાચા થઈ સહુ મંડો, ખોટ્ય ખંખેરી કાઢો ખરી ॥
નિષ્કુળાનંદ કહે નાથજી, રીઝશે તો શ્રીહરિ ॥૧૦॥

## કડવું - ૧૮

**જુવો હરિભક્ત થયા હરિશ્ચંદ્રજી, જેનું સત્ય જોઈ અકળાણો ઈન્દ્રજી**
**ત્યારે ગયો વિષ્ણુની પાસે પુરંદરજી,[૧૦] જઈ કહી વાત મારું ગયું મંદરજી[૧૧]**

મારું તો ઘર ગયું, આજ કાલે લેશે અવધપતિ ॥
એનું સત્યધર્મ નિ'મ જોઈને, હું તો અકળાણો અતિ ॥૨॥
એને દાને કરી ડોલિયું, મારું અચળ ઈન્દ્રાસન ॥
માટે રાખો કહું મુજને, હું આવ્યો શરણે ભગવન ॥૩॥

**૧.**ઈચ્છા; તૃષ્ણા **૨.**સિદ્ધ થવાની **૩.**કીમત **૪.**લાકડાનો છોલ **૫.**મિષ્ટાન્ન; મીઠાઈ **૬.**તુલ્ય **૭.**રાખ **૮.**ધનનો **૯.**ઉપાડ્યે **૧૦.**ઈન્દ્ર **૧૧.**સ્વર્ગ; ઈન્દ્રાસન

ત્યારે વિષ્ણુ એમ બોલિયા, તું બેસ સ્થાનક તાહરે ॥
નથી દેવું ઈન્દ્રાસન એને, એને રાખવો છે ધામ માહરે ॥૪॥
પછી તેને તાવવા[1] સારુ, તેડાવ્યા વિશ્વામિત્રને ॥
હરિશ્ચંદ્રને સત્યથી પાડો, પમાડો દુઃખ નિરંત્રને[2] ॥૫॥
ત્યારે વિશ્વામિત્ર કહે વિષ્ણુને, એમાં લાગે મને અપરાધ ॥
ત્યારે વિષ્ણુ કહે મારે વચને, નથી તમને કાંઈ બાધ ॥૬॥
જેણે વસિષ્ઠ સુત સો સંહાર્યા, એવા છે દિલના દયાળ ॥
તેને એ કામ કઠણ નથી, ઊઠી ચાલિયા તતકાળ ॥૭॥
પરને પીડા પમાડવા, જેને અંતરે નથી અરેરાટ[3] ॥
સંકટ એ કેમ સહી શકશે, એવો નથી હૈયા માંહી ઘાટ ॥૮॥
મનમાં મે'ર મળે નહિ, વાણીએ વિપત્ય પાડે ઘણી ॥
કાયાએ રૂડું તે કેમ કરે, ધારો વિચારો તેના ધણી ॥૯॥
અવધપુરીએ આવિયા, હરિશ્ચંદ્ર રાયને ઘેર ॥
નિષ્કુળાનંદ હરિશ્ચંદ્રે પછી, પૂજા કરી બહુ પેર ॥૧૦॥

## કડવું - ૧૯

**ષોડશ પ્રકારે કરી પૂજા અતિજી, ધૂપદીપ કરી ઉતારી આરતિજી**
**પછી હાથ જોડી કરી વિનંતિજી, માગોમાગો મુજથી મોટા મહામતિજી**

માગો કાંઈક મુજ પાસથી, તેહ આપું તમને આજ ॥
ત્યારે મુનિ બોલિયા, આપ્ય તારું સર્વે રાજ ॥૨॥
પૂછ રાણી કુંવર તારાને, સહુ હોય રાજી રળિયાત ॥
તો મેં જે માગ્યું તે આપજ્યે, નહિ તો ન કર્ય મુખથી વાત ॥૩॥
રાજ્ય દઈને રાંક થાશો, નહિ મળે અંબર[4] અન્ન આહાર ॥

**૧.**કસોટી કરી શુદ્ધ કરવા **૨.**સતત **૩.**દુઃખની લાગણી **૪.**વસ્ત્ર

અણતોળ્યું દુઃખ આવશે, નહિ રહે સત્ય કેરો વિચાર ॥૪॥
ત્યારે રાય રાણી કુંવરે, કર્યો એમ વિચાર ॥
આપો સહુ રાજ્ય એહને, રાખો સત્ય નિરધાર ॥૫॥
ત્યારે રાય કહે છે ઋષિને, આપ્યું રાજ્ય સાજ સર્વે સમૃદ્ધિ ॥
ત્યારે ઋષિ બોલિયા જોઈએ, તેહ ઉપર દક્ષિણા દીધિ[1] ॥૬॥
ત્યારે રાય બોલિયા, દેશું સુવર્ણ ત્રણ ભાર ॥
ત્યારે ઋષિ કહે આપ્ય હમણાં, મ કર્ય વેળ લગાર ॥૭॥
રાજ્ય સાજ સમૃદ્ધિ મારી, એથી બા'ર હોય કાંય તુજતણું ॥
આપ્ય તે ઉતાવળું, એમ ઘાંઘો કીધો[2] ઘણું ॥૮॥
ત્યારે રાય કહે આ રાજ્યમાં તો, અમારું નથી અણુંભાર ॥
કુંવર રાણી આ દેહ મારું, એ છે દીધાં થકી બા'ર ॥૯॥
ત્યારે રાય ઋષિને કહે, વેચી અમને ધન લઈયે ॥
નિષ્કુળાનંદ ત્યારે ઋષિ કહે, ચાલો સહુ કાશીએ જઈયે ॥૧૦॥

## કડવું - ૨૦

**વિશ્વામિત્ર કહે વીતશે એક માસજી, ત્યારે હું આવીશ તમારી પાસજી**
**ત્યાં સુધી કરજો કાશી માંહી વાસજી, પછી હું વેચીશ કરી તપાસજી**

તપાસ કરીશ હું ત્રણેનો, પછી વેચીશ વિગતે કરી ॥
ત્યારે ત્રણે ચાલ્યાં ત્યાં થકી, દૃઢ ધીરજ મનમાં ધરી ॥૨॥
રાજા રાણી કુંવરનાં છે, અતિ કોમળ અંગ ॥
સો સો સેવા જેની કરતા, નથી તેને સેવક એક સંગ ॥૩॥
કાંટા કાંકરા આકરા અતિ, ખાડા ખડિયા ઠેશું ઠબકે[3] ॥

**૧.**દેવી (જોઈએ) **૨.**બેબાકળો કર્યો; આંટીમાં લીધો **૩.**ઠોકર વાગે

ગોખરું[૧] ભ્રંઠ[૨] ડાભ[૩] શૂળિયા, લાગે પગમાં લોહી ટબકે ॥૪॥
તપે ભૂમિ તીખી અતિ, તેમાં નથી ચલાતું ચરણે ॥
બળે તળાં બે પગનાં, તેણે ઢળી પડે છે ધરણે ॥૫॥
ઉપર તીખો પ્રલય સરિખો, ઊગ્યો અર્ક અગ્નિ લઈ ॥
પાણી ન મળે પ્યાસે મરે, અન્ન વિના દિન ગયા કંઈ ॥૬॥
પ્યાસ ભૂખની પીડા થકી, નક્કી દિલે નથી ડોલતાં[૪] ॥
અડવડે[૫] લડથડે પડે તોય, કાયર વાયક[૬] નથી બોલતાં ॥૭॥
વાટમાં બહુ વિઘન કરવા, સત્ય મુકાવવા સામા મળે ॥
ત્રણેની એક ટેક છે, તે ચળાવ્યાં પણ નવ ચળે ॥૮॥
સહ્યાં ન જાય શરીરમાંહે, એવાં બીજા કષ્ટ આવે બહુ ॥
તોય દુઃખી ન માને દિલમાં, એવાં શ્રદ્ધાવાળાં છે સહુ ॥૯॥
દુઃખ તણા દરિયાવ માંહી, ત્રણે પડિયાં છે તળે[૭] ॥
નિષ્કુળાનંદ કહે ધન્ય ધીરજ, એમ કહ્યું સંત સઘળે ॥૧૦॥

## પદ-૫ રાગ : સિંધુ

સત્યવાદી સંત સંકટને સહે, રહે ધીર ગંભીર નીરનિધિ[૮] જેવા
આપે અમાપે તાપે તપે નહિ કે દી, અડગ પગ મગે[૯] પરઠે[૧૦] એવા
સત્યવાદી૦ ॥૧॥
જગ ઉપહાસ ત્રાસ હરિદાસ સહે, અન્ય કાસ[૧૧] ત્રાસ નાશ કીધી જેણે;
અવિનાશ પાસ વાસ આશ કરી, શ્વાસ ઉચ્છ્વાસ ઉલ્લાસ[૧૨] રહે છે તેણે.
સત્યવાદી૦ ॥૨॥

૧.કાંટાવાળો છોડ ૨.ભઠિયા ૩.ડાભડો ૪.ડગતા; ઢીલા પડતાં ૫.ભૂલા પડે ૬.વચન ૭.તળિયે ૮.સમુદ્ર ૯.માર્ગમાં (સાધના કરવામાં) ૧૦.મૂકે; આગળ વધે ૧૧.ઉપાધિ; પીડા ૧૨.ઉત્સાહ; આનંદ

અતિ પ્રસન્નવદન નિશદિન રહે, ધન્યધન્ય જન પાવન સરે;[૧]
જગજીવન સ્વજન વિઘન હરે, તેહ વિન ભજન મન નવ કરે.
સત્યવાદી૦ ॥ ૩ ॥
ગ્રહી ટેક એક વિવેક કરી ખરી, છેક[૨] તે નેક કહ્યે નવ તજે;
નિષ્કુળાનંદ જગવંદ સહજાનંદ, સુખકંદ ગોવિંદ મુકુંદ ભજે.
સત્યવાદી૦ ॥ ૪ ॥

## કડવું - ૨૧

**ત્યાર પછી ત્રણે ચાલી ભૂલ્યાં વાટજી, આગળ આવ્યું ઉજ્જડ નડેડાટજી[૩]**
**ના'વ્યું નીર નદી કોઈ વાટ ઘાટજી, તોય મને નથી કરતાં ઉચ્ચાટજી[૪]**

ઉચ્ચાટ નથી જેને અંતરે, રહે છે આનંદ ઉરમાં અતિ ॥
દૃઢ ધીરજ મનમાં ધરી, કરી સઘન વન વિષે ગતિ ॥ ૨ ॥
ખેર[૫] કેર[૬] ખજૂરી ખરાં, બાવળ કંટાળા બોરડી ॥
અતિ અણિયાળાં આંકડિયાળા, લાગે કાંટા જાયે લડથડી ॥ ૩ ॥
વાઘ વરુ વાનર વીજુ, શશા સેમર શ્યાળ છે ॥
ચીત્રા[૭] માતંગ[૮] નાર નોળ,[૯] એ વનમાં વીંછુ વ્યાળ છે ॥ ૪ ॥
પરવત પર પાવક બળે, પાડે પશુ પંખી બુમરાણ ॥
ઉપર ઉડે શકરા[૧૦] શમળા, કંક કોશી[૧૧] હરવા પ્રાણ ॥ ૫ ॥
ઘૂડ હોલા ઘણા ઘૂઘવે, બીજા શબ્દ થાયે ભયંકાર ॥
સહ્યા ન જાયે શ્રવણે, એવા થાય બહુ ઉચ્ચાર ॥ ૬ ॥
ભૂંડી કઠણ એ ભૂમિકા, અતિ વિકટ વન સઘન ॥
ચાલી ચરણ ચકચૂર થયાં, ત્યારે થયું એ વન ઉલ્લંઘન ॥ ૭ ॥

**૧.**સર્વશ્રેષ્ઠ **૨.**છેવટ સુધી **૩.**સૂમસામ વન **૪.**ખેદ **૫.**જેમાંથી કાથો બને છે તે વૃક્ષ **૬.**કેરડાનું ઝાડ **૭.**ચિત્તા **૮.**હાથી **૯.**નોળિયા **૧૦.**બાજ **૧૧.**એક હિંસક પક્ષી

INDEX



ચાલી ન શકે ચરણે, ઢળી વળી પડી જાય ધરણે ॥
પામે પીડા બહુ પેરની, તે તો વદને ન જાય વરણે ॥૮॥

મૃતકવત[૧] મહી[૨] ઉપરે, ત્રણે પડી ગયાં તે વાર ॥
મોડેથી મૂર્છા ઉતરી, તૈયે થયાં ચાલવાં તૈયાર ॥૯॥

ધીરેધીરે પગ ધરી ચાલતાં, આવી નદી પીધું નીર ॥
નિષ્કુળાનંદ ત્યાં માર્ગ મળ્યો, પછી ચાલ્યાં ત્રણે સુધીર ॥૧૦॥

## કડવું - ૨૨

**મળિયો મારગ ચાલિયા ચોંપેજી,[૩] પડે આખડે પગ પાછા ન રોપેજી**
**પોં'ચિયે કાશિયે તો સારું છે સહુપેજી,[૪] નવ પોં'ચિયે તો ઋષિ રખે કોપેજી**

ઋષિ કોપ્યાની બીક રહે, રખે વાટે વહી જાય માસ ॥
આપે શાપ તો આપણે, એવો ત્રણેને મને ત્રાસ ॥૨॥

અન્ન વિના અચેત[૫] અતિ, ગતિ થોડી થોડી થાય છે ॥
અડવડતાં ને આખડતાં, ત્રણે ચાલ્યાં જાય છે ॥૩॥

સાંજ પડે સહુ સામટાં[૬] મળી, વળી વાત કરે ધીરજની ॥
સ્મરણ કરતા શ્રીહરિનું, એમ નિર્ગમે[૭] છે રજની[૮] ॥૪॥

સવારે સહુ થઈ સાબધાં,[૯] વળી ચાલે છે ચોંપે કરી ॥
રખે વીતી જાય વાયદો, એવી અંતરે ખટક[૧૦] ખરી ॥૫॥

લાંઘણે[૧૧] કરી લે લહેરિયાં,[૧૨] થયાં અન્ન વિના અચેત ॥
સૂકી ગયાં શરીરમાં, રાજા રાણી કુંવર સમેત ॥૬॥

તોય ટેક તજતાં નથી, કથી નથી કે'વાતી એની ધીર ॥

**૧.**મડદાની જેમ **૨.**પૃથ્વી **૩.**ઉતાવળથી **૪.**સહુથી **૫.**બેભાન જેવા **૬.**ભેગા **૭.**પસાર કરે **૮.**રાત્રી **૯.**તૈયાર **૧૦.**સાવધાની **૧૧.**ઉપવાસે **૧૨.**લડથડિયા

ઓછપ ન આણે અંતરે, સુખ દુઃખ ન માને શરીર ॥૭॥
એમ મહાદુઃખ પામ્યા મારગે, તેહ કે'તાં પણ કે'વાય નહિ ॥
ત્યારે તે પહોંચ્યાં કાશિયે, ઊભા ત્રણે તે ચોકે જઈ ॥૮॥
ત્યાં તો તૈયાર ઊભા હતા, ઋષિ વિશ્વામિત્ર જેનું નામ ॥
તૃણકોળી[1] તે ઉપર ધરી, વળી વેચવાને કામ ॥૯॥
સાંજ પડી ગઈ શહેરમાં, ત્યારે આવ્યાં ઘરાક[2] તે વેર[3] ॥
નિષ્કુળાનંદ કહે નાણું દઈ, લઈ ગયાં પોત પોતાને ઘેર ॥૧૦॥

## કડવું - ૨૩

**રાણી રોહીદાસ[4]નું દ્વિજ દઈ ધનજી, તેડી ગયો તેહને નિજ ભવનજી**
**હરિશ્ચંદ્ર એક રહ્યો રાજનજી, તે પણ વેચાણો શ્વપચને[5] સદનજી[6]**

શ્વપચ ઘેર રાજા રહ્યા, દ્વિજ ઘેરે રહ્યા રોહિદાસ ॥
તારા[7] તે પણ દ્વિજનું, કરે કામ કરી ઉલ્લાસ ॥૨॥
તારા ખાંડી દિયે તાંદુલા,[8] પીસી દિયે ગોધૂમ[9] આદિ અન્ન ॥
જળ ભરે વાળે ઘર આંગણું, લીપે સદન ધુવે વસન ॥૩॥
રોહિદાસ પણ એહ જ રીતે, કરે બ્રાહ્મણનું કામ ॥
પુષ્પ પર્ણ તૃણ ઈન્ધણ[10] આણે, ચાંપે ચરણ ચારુ[11] જામ ॥૪॥
શ્વપચે સોંપ્યું હરિશ્ચંદ્રને, લેવો મડદે મડદે લાગ[12] ॥
આપે ખાપણ[13] લઈ પઈસો, ત્યારે મૂકવા દેવી આગ ॥૫॥
ત્યારે હરિશ્ચંદ્ર ધારી હૈયે, જાય સહુથી મો'રે મશાણ ॥
દિયે દોટું લેવા લાગને, વળી પાડે બહુ બુંબરાણ ॥૬॥

**૧.**ઘાસની પૂળી **૨.**ગ્રાહક **૩.**સમયે **૪.**કુંવરનું નામ છે **૫.**મડદાં બાળનાર ભંગીને **૬.**ઘેર **૭.**રાણીનું નામ છે **૮.**ડાંગર **૯.**ઘઉં **૧૦.**બળતણ-લાકડાં **૧૧.**ચાર **૧૨.**(મડદું બાળવાનો) કર; ટેક્સ **૧૩.**મડદા ઉપર ઓઢાડવાનું વસ્ત્ર; કફન

ખાપણ પઈસો લઈશ ખરો, ત્યારે તે આપીશ બાળવા ॥
આપ્યા વિના રખે આગ મૂકો, આવ્યો છું હું ખાળવા[૧] ॥૭॥
મોટું શહેર મરે ઘણાં, બાળે અળગાં એક એકથી ॥
હમેશ ઊઠી દિયે હડિયું,[૨] નિરાંત લવલેશ નથી ॥૮॥
મડદે મડદે મશાણમાં, રડવડે રાત ને દન ॥
જળ ટાણે જળ ન મળે, અન્ન ટાણે ન મળે અન્ન ॥૯॥
એવા કામમાં રાજા રહ્યાં, તિયાં ગયા વહી કંઈ દન ॥
નિષ્કુળાનંદ ન થાય બીજે, જેવું કર્યું એહ રાજન ॥૧૦॥

## કડવું - ૨૪

**વિપ્ર કહે સુણ્ય રોહિદાસ સુભાગ્યજી, સુગંધી ફૂલ લાવ્ય જઈ બાગજી**
**ગયા ત્યારે ત્યાં ડશ્યો[૩] કાળો નાગજી, તેણે કરી તર્ત કર્યું તન ત્યાગજી**

ત્યાગ્યું તન જન જોઈને, કહ્યું વિપ્રને તે વાર ॥
તેહના દેહને દાહ દેવા, મોકલ્યા સેવક ચાર ॥૨॥
તે શબ લાવ્યા ગંગાતટે, ચે'[૪] રચી મૂકે છે આગ ॥
ત્યારે હરિશ્ચંદ્ર કે' મ મૂકીશ અગ્નિ, આપ્યા વિના મારો લાગ ॥૩॥
આપી લાગ લગાડી ચિતા, થયું અર્ધબળ્યું જ્યારે તન ॥
ત્યારે નાખી ચે' ઓલવી, ઘણો ઘણો વરષી ઘન[૫] ॥૪॥
ત્યારે આવી છે તારા તિયાં, લીધું મડદું તે ખોળામાંય ॥
ત્યાં આવ્યા ઋષિ કહે આપું છરી, રાખો ભૂતભય ન રહે કાંય ॥૫॥
આપી છરી કહ્યું જઈ રાયને,[૬] એક વાત કહું કાને ધરિયે ॥
મશાણે મરકી[૭] મનુષ્યને, ખાય છે કાપી કાપી છરિયે ॥૬॥

**૧.**અટકાવવા **૨.**દોડાદોડી **૩.**કરડ્યો **૪.**અગ્નિ સંસ્કાર કરવાની ચિતા **૫.**વરસાદ
**૬.**કાશીના રાજાને **૭.**એક પ્રકારનું પ્રેત; ડાકણ

ત્યારે ભૂપ કહે તેડી[1] ભંગિયો, જાઓ મારો ગરદન[2] એહને ॥
ઝાલી લીધી પછી જટિયે,[3] મારવા સારુ તેહને ॥૭॥
ઢીકા ગડદા પાટુએ વળી, મારી કરી છે અધમુઈ ॥
મારો મારો કહે શું વિચારો, કરો મુંડ[4] ધડ થકી જુઈ[5] ॥૮॥
એવાં દુઃખ આવી પડિયાં, જેહ સહ્યાં ન જાય શરીર ॥
સુત મુવાનો અતિ શોક છે, તોય ધરી રહ્યાં છે ધીર ॥૯॥
પછી હરિશ્ચંદ્રને હુકમ કર્યો, આવ્યો મારવા ગરદન ॥
નિષ્કુળાનંદના નાથની કસણી, સહી શકે કહો કોણ જન ॥૧૦॥

## પદ-૬ રાગ : સિંધુ

રાણી વાણી જાણી તાંણી તીખી કહે, કાઢ કાઢ કાઢ કરવાળ તારી;
ગ્રહે[6] અતિ ગાઢ ગાઢ ગાઢ મને, વાઢ વાઢ વાઢ વળી મુંડ મારી.
રાણી૦ ॥ ૧ ॥
રખે અડર નર ડરે ડરતો, થરથરથર કર કરીશ મા જો;
ધરી ધીર શરીર શૂરવીર થઈ, નાથ હાથ વાળતા[7] દિલે ડરીશ મા જો.
રાણી૦ ॥ ૨ ॥
ત્યારે અચાનક ચાનક[8] ચિત્તે ચડી, દડવડી[9] ડગ ભરી દોટ દીધી;
અતિ વિકરાળ કરવાળ જ્વાળ જેવી કહીએ, તે ભૂપાળ ઉતાળ[9] તતકાળ લીધી.
રાણી૦ ॥ ૩ ॥
કાઢ્યું ખડગ થડક[10] ધડક[10] નથી, થડક થડક તે થડક ટળી;
ફડક[10] ફડક ફડકતી નથી, ઝડક[9] ઝડક કહે મને માર વળી.
રાણી૦ ॥ ૪ ॥

**૧.**બોલાવીને **૨.**માથું કાપી નાંખવું **૩.**માથાના વાળથી **૪.**માથું **૫.**જુદું **૬.**પકડ **૭.**ઉપાડતાં; મારતાં **૮.**ચટકી; શૂરાતન **૯.**ઝડપથી **૧૦.**બીક; આંચકો

તીખી તરવાર માર માર માર કરે, ધારે ધારે ધારે ધીરજ ન રહે;
તારે તારે તારે તારા ભણે, માર માર માર એમ સ્વમુખે કહે.
રાણી૰ ॥ ૫ ॥

સુર નર સાથ સાથ સાથ મળ્યા, પાથ પાથ પાથ[૧] પડે રડે રહ્યાં;
નિષ્કુળાનંદ અનાથનાથ નાથ, હાથે હાથ હાથ ગ્રહી લીધો છે તિયાં.
રાણી૰ ॥ ૬ ॥

## કડવું - ૨૫

**માગો હરિશ્ચંદ્ર આપું તુજનેજી, તમથી વા'લું નથી બીજું મુજનેજી**
**તમને પીડ્યા સુણી સુરેશની ગુજનેજી,[૨] ઘટે એવું કામ કરવું અબુજનેજી[૩]**

અબુજ એવું કામ કરે, જેને ડર નહિ હરિતણો ॥
માટે માગો મુજ પાસથી, હું તો રાજી થયો ઘણો ॥ ૨ ॥

ત્યારે હરિશ્ચંદ્ર બોલિયા, ધન્ય તમે થયા પ્રસન્ન ॥
એથી અધિક બીજું નથી, મને સર્વે મળ્યો માલ ધન ॥ ૩ ॥

એમ કરતાં હોય આપવું, તો માગું છું મારા શ્યામ ॥
અમે અમારી રૈયત[૪] સહિત, રાખો તેડી તમારે ધામ ॥ ૪ ॥

ત્યારે વિષ્ણુએ એ વર આપિયો, આપ્યો વૈકુંઠે તમને વાસ ॥
એહ વાત હરિશ્ચંદ્રની કહી, સહુ સુણી લેજો હરિદાસ ॥ ૫ ॥

એવી ભક્તિ આદરવી ખરી, જાણો જેવી હરિશ્ચંદ્રે કરી ॥
તેહ વિના તન મન તાને, નથી રીઝતા શ્રીહરિ ॥ ૬ ॥

કાલાવાલાનું[૫] કામ નથી, આ તો શીશ સાટાની વાત છે ॥
તેહ વિના કોઈ કરે વલખાં,[૬] તે તો કાળી કામળિયે ભાત છે ॥ ૭ ॥

---

**૧.**પગે **૨.**વિનંતિ **૩.**અધમ જીવને **૪.**પ્રજાજનો **૫.**વેવલાઈનું **૬.**ફાંફાં; વ્યર્થ પ્રયત્નો

INDEX



જેમ હવા ખાવાનું સુણી હૈયાટળ,[૧] ચાલે કોઈ ચપણ[૨] લઈ ॥
પણ પેટ ભર્યાનાં છે પાંપળાં,[૩] તે જાલમ[૧] નર જાણે નઈ ॥ ૮ ॥
જેમ કાની[૪] કોટે[૫] ઘાલી ગાળિયું, જઈ સૂતી સોડ તાણીને ॥
મનમાં જાણે હું મરી ગઈ, એવું કામ ન કરવું જાણીને ॥ ૯ ॥
શીદ ત્રોડી સંસારથી, રહેવું હતું ઘરમાંય ગરી ॥
નિષ્કુળાનંદ કહે મૂવા પછી, જે જે થાત વાત તે ખરી ॥૧૦॥

## કડવું - ૨૬

**જ્યારે જાય વો'રવા[૬] વસ્તુ અમૂલ્યજી, ત્યારે જોઈએ કરવો મનમાંય તોલજી[૭]**
**દેશે ત્યારે જ્યારે મુખે લેશે માગ્યું મૂલ્યજી, એહ વાત કહી કથી નથી એમાં ભૂલ્યજી**

ભૂલ્યે કરે મનસૂબો મનમાં, તે વિના પૈસે પૂરો ન થાય ॥
તેમ શ્રદ્ધાહીનની ભગતી, તે પણ તેવી કે'વાય ॥ ૨ ॥
નથી વિત્ત[૮] વો'રે[૬] અજિયા,[૯] કરે હાથી લેવાની હોંશ ॥
તે તો પામ્યાનાં પાંપળાં, અમથો કરે અપસોસ ॥ ૩ ॥
જેમ વર જાનૈયા જાનમાં, વળી જાય જોડા જોડ ॥
જાનૈયા તો જમે રમે, ધરે વર શિરપર મોડ[૧૦] ॥ ૪ ॥
માટે જોઈ અધિકાર આપણો, પછી દિલમાં કરવો ડોડ[૧૧] ॥
પ્રહલાદ ધ્રુવ હરિશ્ચંદ્ર જેવો, ક્યાંથી પૂરો થાય મન કોડ[૧૨] ॥ ૫ ॥
જેમ પંચ અસવાર પંથે જાતાં, છઠ્ઠો ભેળો થયો નર ખરે[૧૩] ચડી ॥
તેની પોં'ચવાની પ્રતીત કરવી, એ પણ ભૂલ્ય મોટી પડી ॥ ૬ ॥
જેમ બક હંસ બરોબરી, વળી ઊજળા એક જ વાન[૧૪] ॥

---

**૧.**મૂર્ખ માણસ **૨.**માટીનું ભિક્ષાપાત્ર **૩.**વ્યર્થ પ્રયત્નો **૪.**આ નામની મૂરખ સ્ત્રી **૫.**ગળે **૬.**ખરીદવા **૭.**તપાસ; વિચાર **૮.**નાણું **૯.**બકરી **૧૦.**પરણતી વખતે પહેરવાની પાઘ **૧૧.**કાંઈક મેળવવાનો ઉમંગ **૧૨.**સંકલ્પ; ધ્યેય **૧૩.**ગધેડે **૧૪.**દેખાવ-રંગ

INDEX



તેમ સાચા કાચા સંત સરિખા, એમ જાણવું એ જ અજ્ઞાન ॥૭॥
શરીર સુખને સંભારતાં, નિશદિન નવરાં નવ રહિયે ॥
મહા સુખ મહારાજનું, કહો તે કઈ રીતે લઈયે ॥૮॥
કાયરને કેમ ધીરજ[૧] થાવું, એ પણ અટપટી વાત છે ॥
વેષ લેતાં શૂરવીરનો, જન જાણો ઘટની[૨] ઘાત[૩] છે ॥૯॥
પેખી ભક્ત પૂરવના, હૈયે રે'તી નથી વળી હામ ॥
નિષ્કુળાનંદ આજે આદર્યું, તે કઠણ છે ઘણું કામ ॥૧૦॥

## કડવું - ૨૭

**સુણો વળી કહું રંતિદેવની રીતજી, ભક્ત પ્રભુનો પૂરો પુનિતજી**
**સહ્યાં તેણે દુઃખ શરીરે અગણિતજી, કહું તેની વાત સુણો દઈ ચિત્તજી**

કહું વાત રંતિદેવની, કરે નિજ નગરનું રાજ ॥
પોતે પોતાની પ્રજા પાસે, રખાવે બહુ અનાજ ॥૨॥
એમ કરતાં આવી પડ્યો, બાર વરસનો વળી કાળ ॥
એકાદશ વરસ અન્ન પોં'ચિયું, દ્વાદશનો થયો જંજાળ[૪] ॥૩॥
ત્યારે રાયે અન્ન આપિયું, તે પણ પોં'ત્યું દશ માસ ॥
પછી લાગ્યા છે પડવા, ઉપરા ઉપર ઉપવાસ ॥૪॥
કળકળે[૫] જન અન્ન વિના, બહુબહુ પાડે છે બકોર[૬] ॥
તે સુણી રાય ચાલિયા, સંગે રાણી સુત વધૂ[૭] ભોર[૮] ॥૫॥
ઉપવાસ ચોખા ચારેને પડ્યા, એકે ઓછા પૂરા પચાસ ॥
ત્યાં અણઈચ્છાયે અન્ન મળ્યું, બેઠાં જમવા પાસોપાસ ॥૬॥

**૧.**ધૈર્યવાન-શૂરવીર **૨.**શરીરની **૩.**નાશનું જોખમ **૪.**ઉપદ્રવ; ઉપાધિ **૫.**ટળવળે; પીડાય **૬.**દુઃખનો પોકાર **૭.**પુત્રની પત્ની **૮.**સવારે

પાશેર પાશેર પાણિમાં,[૧] વળી આવ્યું હતું જે અન્ન ॥
ઉપવાસ ઓગણ પચાસમે, કરવા બેઠાં ભોજન ॥૭॥
અભ્યાગત[૨] અન્નાર્થી, તેહની વાટ જુવે છે વળી ॥
આપીએ એને આ માંયથી, એમ વિચારે છે ચારે મળી ॥૮॥
તિયાં અઘોરી[૩] એક આવિયો, સંગે લઈને વળી શ્વાન[૪] ॥
ભૂખ્યો ભૂખ્યો એમ બરકે,[૫] કોઈ આપો ભોજન પાન ॥૯॥
ત્યારે આપ્યું અન્ન જળ એહને, રાય રાણી સુત સુતભામ[૬] ॥
નિષ્કુળાનંદ પાણી પી અઘોરિયે, ઠેલ[૭] દઈ ફોડ્યું જળ ઠામ ॥૧૦॥

## કડવું - ૨૮

**ફૂટ્યું જળ ઠામ કૂપ ઊંડો અપારજી, પ્યાસા રહ્યાં એહ રાજા સહિત ચારજી**
**પડ્યું દુઃખ એવું તોય પામ્યાં નહિ હારજી, વળતો રાયે એમ કર્યો વિચારજી**

વિચાર કરી એમ બોલિયા, મળ્યું અન્ન કેટલેક દન ॥
ભલે આવ્યું અર્થ અભ્યાગતને, એમ કહી થયા પ્રસન્ન ॥ ૨ ॥
ત્યારે ટળી અઘોરી તર્ત થયા, ધર્મદેવ મૂરતિમાન ॥
માગ્ય માગ્ય રાજા મુજ થકી, આપું તને તે વરદાન ॥ ૩ ॥
ત્યારે રાય કહે ધન્ય ધન્ય ધર્મ, માગું રાજી થયા જાણી તમને ॥
સુખી રહે સહુ પ્રાણધારી, એની આવે પીડા અમને ॥૪॥
ત્યારે ધર્મ કહે પરની પીડા લિયે, તેને અંગે પીડા આવે નહિ ॥
એહ વિના વણમાગ્યે આપું છું, અવિનાશ ધામે વસશો જઈ ॥ ૫ ॥
ધન્ય એ રાયની ધીરજને, ધન્ય સત્યવાદી દયા ઘણી ॥
એવી અનાદિની રીત જોઈ જન, પછી વિચારવી રીત આપણી ॥ ૬ ॥

**૧.**હાથમાં **૨.**ભિક્ષુક **૩.**બાવો **૪.**કૂતરું **૫.**બોલે **૬.**પુત્રવધૂ **૭.**ઠેબું; ધક્કો

એના જેવી હોય આપણી, તો ઠરી[1] બેસવું એહ ઠીક છે ॥
નહિ તો કસર કાઢવી, એહ જ રૂડો વિવેક છે ॥૭॥
પણ ખજિને[2] ખોટય ન આણવી, જાણવી એ પણ વાત ॥
બીજે બગડચે શું બગડે, એહ સમજવું સાક્ષાત ॥૮॥
બીજાં કામ તો કૈંક કર્યાં, કેડે રાખ્યું એક કરવું કલ્યાણ ॥
એને સમઝું સમઝવું,[3] એ પણ જાણ તે અજાણ[4] ॥૯॥
આપે જમ્યા વિના આપણી, ભૂખ કહો કેમ ભાંગશે ॥
નિષ્કુળાનંદ કહે સાચું કે'તા, કોઈકને દુઃખ પણ લાગશે ॥૧૦॥

### પદ-૭ રાગ : સિંધુ

**કઠણ કસોટી મોટી મહારાજની, સહી રહે વળી કોઈ સંત શૂરા;**
**જેમ જેમ દુઃખ પડે આવી દેહને, તેમ તેમ તેમ પરખાય પૂરા.**
**કઠણ૦** ॥ ૧ ॥

જેણે પાડી છે આંટી મોટી જીવમાં, મન માન્યું છે મરી કરી મટવું;[5]
ભર[6] અવસર પર ધરધરી,[7] ફરી ખરી હાક વાગ્યે નથી જ હટવું.
કઠણ૦ ॥ ૨ ॥

**અનેક દેહ ખોયા અણઅરથે,[8] તેહ દેહ કાંયે નાવ્યા કામે;**
**હવે આ દેહ હરિઅરથે કરી, રાખવું છે અચળ તે આઠું જામે.**
**કઠણ૦** ॥ ૩ ॥

એમ દ્રઢ ધીરજ ધરી કરીને, ભજે છે જેહ ભગવાન ભાવે;
નિષ્કુળાનંદ કહે એમ જાણવું, અંતે અરથ[9] પણ એ જ આવે.
કઠણ૦ ॥ ૪ ॥

**૧.**શાંતિથી; પૂર્ણકામ થઈ **૨.**ખજાને; તિજોરીમાં **૩.**માનવો **૪.**અજ્ઞાની **૫.**ધ્યેય પ્રાપ્તિ માટે મરી છૂટવું **૬.**બરોબર; યોગ્ય **૭.**માથે જવાબદારી લઈ **૮.**નકામા **૯.**ઉપયોગમાં

# કડવું - ૨૯

**વળી કહું વાત એક અનુપજી, ભક્ત એક રત્નપુરીનો ભૂપજી**
**નામ મયૂરધ્વજ સદાય સુખરૂપજી, કરે યજ્ઞ હોમે હવિષ્યાન્ન તૂપ[1]જી**

હોમે હવિષ્યાન્ન જગન કરે, ભલો ભક્ત સત્યવાદી સઈ ॥
ત્યાં શ્રીકૃષ્ણ અર્જુન આવિયા, વેષ વિપ્રનો લઈ ॥૨॥
કૃષ્ણ થયા કૃષ્ણ શર્મા, અર્જુન થયા તેના શિષ્ય ॥
યજ્ઞશાળામાં આવિયા, જ્યાં બેઠા હતા નરેશ ॥૩॥
ત્યારે રાય ઊઠી ઊભા થયા, કર્યો દંડવત પ્રણામ ॥
ભલે પધાર્યા પ્રભુ મારા, માગો કાંઈક મન અતિ અભિરામ[2] ॥૪॥
ત્યારે બ્રાહ્મણ કહે ધન્યધન્ય રાજા, સત્યવાદી તું સાચો સહિ ॥
પણ મારે છે જે માગવું, તે તરત તને કે'વાય નહિ ॥૫॥
ત્યારે નરેશ કહે નિઃશંક થઈ, માગો મનવાંછિત શંકા તજી ॥
રાજ સાજ સુખ સંપત્તિ, માગો વસ્તુ જે મન રજી[3] ॥૬॥
ત્યારે દ્વિજ કહે ધર્મપુરથી, હું પુત્ર પરણાવા ચાલિયો ॥
આવ્યા આ શહેરની સીમમાં, ત્યાં સુતને સિંહે ઝાલિયો ॥૭॥
એક જ પુત્રને એમ થયું, ગયું મારું કુળ સમૂળું સહિ ॥
બૂઢાપણમાં બાળક બીજો, આવવાની આશા નહિ ॥૮॥
હરખ હૈયે નવ રહ્યો, ગયો આનંદ સર્વે ઊચળી[4] ॥
મારી ને મારા સુતની, વાઘ ન જાણે પીડા વળી ॥૯॥
ત્યારે મેં કહ્યું મેલ્ય પુત્ર મારો, એને સાટે ખાઈ જા મુજને ॥
ત્યારે વાઘ કહે નિષ્કુળાનંદનો, નાથ ભજ્ય કહું તુજને ॥૧૦॥

---

૧.ઘી ૨.પ્રિય ૩.ગમતી ૪.નીકળી

# કડવું - ૩૦

**તેને મેં કરી બહુ બહુ વિનતિજી, પણ વાઘે ન માની મારી એક રતિજી**
**મારે તો પડી ત્યાં વિકટ વિપત્તિજી, તે જોઈ સિંહ કહે સુણ્ય શુભમતિજી**

શુભમતિ સાંભળ્ય સહિ, મૃગપતિ[1] ન મૂકે મુખથી ॥
બહુ દિને મળ્યો બાળક તારો, ઘણું પિડાણો હતો ભૂખથી ॥ ૨ ॥
એમ કરતાં હોય ઉગારવો, તો તું જાચ્ય[2] જઈ ભૂપાળને ॥
આપે અંગ જો અરધું, તો મેલું તારા બાળને ॥ ૩ ॥
ત્યારે વિપ્ર કે' મેં કહ્યું વાઘને, એ વાત મુથી કેમ થાય ॥
કદાપિ માગું હું અંગ એનું, પણ રાયે કેમ દેવાય ॥ ૪ ॥
અન્ન ધન આપે અવનિ, તે તો સત્યવાદીને છે સોયલું[3] ॥
પણ અંગ કાપીને જે આપવું, એથી બીજું શું દોયલું[4] ॥ ૫ ॥
વણ માગ્યાનું જે માગવું, તેનો કરવો તપાસ ॥
વે'રી[5] આપે અંગ[6] અધિપતિ, એવો આવે કેમ વિશ્વાસ ॥ ૬ ॥
ત્યારે વાઘ કહે એ વસમું નથી, અંગ આપશે જા તું અચિર[7] ॥
આગે અસ્થિ[8] દધીચિયે આપ્યાં, આપ્યું શિબિયે કાપી શરીર ॥ ૭ ॥
કર્ણે કવચ આપિયું, આપ્યું બળિયે ત્રિલોકીનું રાજ ॥
સત્યવાદીને છે સોયલું, જઈ જાચો[2] નહિ પાડે તે ના જ ॥ ૮ ॥
એમ કહી ઈયાં મોકલ્યો, તરત તમારે રાય પાસ ॥
નથી મગાતું મેં મુખથી, તેમ નથી મેલાતી સુત આશ ॥ ૯ ॥
ઉભય[9] સંકટ આવિયાં, એક એક થકી અધિક ॥
નિષ્કુળાનંદનો જે નાથ કરશે, તે જ થાશે અંતે ઠીક ॥૧૦॥

---

**૧.**સિંહ **૨.**માંગ **૩.**સહેલું **૪.**કઠણ **૫.**વચ્ચેથી કાપીને **૬.**(અર્ધું) શરીર **૭.**તત્કાળ **૮.**હાડકાં **૯.**બન્ને

INDEX



## કડવું - ૩૧

**ત્યારે રાય બોલિયા થઈ પ્રસન્નજી, ભલે તમે આવિયા મારે ભવનજી**
**આપીશ હું તમને મારું આ તનજી, તે જાણજ્યો તમે જરૂર મનજી**

જરૂર તમે જાણજ્યો, આપું ઉતાવળું આ દેહ ॥
વિલંબ તેની નથી વળી, સાચું માનજ્યો નથી સંદેહ ॥૨॥
ત્યારે ત્યાં મોરુધ્વજને તેડાવિયો, આપી રાજગાદી એહને ॥
પુત્ર પ્રજાને પાળજો, મ ટાળજો હરિશું સનેહને ॥૩॥
પછી નરેશ નાહી તિલક કરી, ધરી કંઠમાં તુલસીદામ[૧] ॥
મંગાવ્યું કરવત વે'રવા, ત્યારે ઊઠ્યું અકળાઈ ગામ ॥૪॥
હાલકલોલ[૨] શહેર સહુ થયું, રહ્યું નહીં ધારતાં ધીર ॥
હાહાકાર હવો ઘણો, ભર્યા સહુએ નયનમાં નીર ॥૫॥
ત્યારે મોરુધ્વજ એમ કહે, હું સુત તમારો તમારું તન ॥
આપો મને એ વિપ્રને, વળી કરો એને પ્રસન્ન ॥૬॥
ત્યારે રાણી કે'અર્ધ અંગ હું કા'વું,[૩] આપો રાય મને એ જાયે લઈ ॥
પામે પુત્ર એ પોતા તણો, મને વાઘના મુખમાં દઈ ॥૭॥
કુંવર રાણીની વાણી સુણી, બોલ્યા દ્વિજ સેવકને સંગ ॥
આ તો વાત વઘરે[૪] પડી, નહિ આપે રાય અર્ધું અંગ ॥૮॥
મેલી લાલચ્ય ચાલો મારગે, જઈએ વેગે વાઘની પાસ ॥
અસ્થિ એનાં[૫] પરજાળિયે,[૬] જ્યારે ખાઈ જાય એનું માંસ ॥૯॥
પડી વાત પંચાયતે,[૭] તે ન નીપજે[૮] નિરધાર ॥
નિષ્કુળાનંદના નાથને, એવું ગમિયું આ વાર ॥૧૦॥

**૧.**તુલસીની માળા **૨.**આકુળ-વ્યાકુળ **૩.**કહેવાઉં **૪.**વિઘ્ને **૫.**પુત્રના **૬.**સળગાવીએ **૭.**વાદવિવાદમાં **૮.**સફળ નહિ થાય

INDEX



# કડવું - ૩૨

**ત્યારે કુમુદ્વતીને[1] કહે દ્વિજ આમજી, નારી અંગ નરનું પણ વેદે કહ્યું વામજી[2]**
**માટે અંગ તારું નાવે એને કામજી, એણે તો લીધું છે દક્ષિણનું[3] નામજી**

નામ લીધું છે દક્ષિણનું, રાણી કુંવરનું વે'રેલ ॥
એવું લઈને આવજ્યે, આપ્યું હોય હરખે ભરેલ ॥૨॥
ત્યારે મહીપતિ કહે મ બોલો કોઈ, સહુ રહો રાજી રળિયાત ॥
આ અવસર અમૂલ્યમાં, રખે કોઈ બગાડો વાત ॥૩॥
માગે મોટા જે મગન થઈ, તેવી તક આવી મારે આજ ॥
ધન્ય ધન્ય મારા દેહને, જે આવ્યું બ્રાહ્મણને કાજ ॥૪॥
લાવો કરવત કાકરી,[4] આકરી કરી તેની ધાર ॥
માથું ચીરીને માહરું, તરત પોં'ચે જઈ પાર ॥૫॥
પાછળ રે'જે તું પુત્ર મારા, સામી રે'જે વળી તું સુંદરી ॥
વચ્ચેથી માંડો તમે વે'રવા, અતિશય હરખ હૈયે ભરી ॥૬॥
રાજી કરો ઋષિરાયને, કોઈ દિલ મ કરો દિલગીર ॥
મારા દુઃખને દેખી કરી, રખે નયણે ભરો કોઈ નીર ॥૭॥
મારે નથી એવું મનમાં, જે અવળું થયું આ વાર ॥
તમે શોક શીદને કરો, થાઓ વેગે વે'રવા તૈયાર ॥૮॥
એમ કહી ઊભા સ્થંભ[5] બે મધ્યે, અતિ અતિ ઉતાવળા થાય ॥
તેહ જોઈને જન બીજા, કરે છે ઊભાં ત્રાય ત્રાય[6] ॥૯॥
અસ્રકની[7] છોળ્યું ઊડશે, રહેજ્યો છેટે સહુ નરનાર ॥
નિષ્કુળાનંદનો નાથ જોતાં, કર્યું કરવત તૈયાર ॥૧૦॥

**૧.**રાણીનું નામ છે **૨.**ડાબું **૩.**જમણાનું **૪.**કકરાવેલી **૫.**થાંભલા **૬.**હે પ્રભુ ! રક્ષા કરો, રક્ષા કરો **૭.**લોહીની

## પદ-૮ રાગ : સિંધુ

આકરે કાકરે કરવત કાઢિયું, વાઢિયું મસ્તક લલાટ લગે;
ધડક ફડક થડક નથી મને, અચળ અકડ ઊભા એક પગે.
આકરે૦ ॥ ૧ ॥

છૂટી છોળ અતોળ[૧] લાલ લોહીની, તે જોઈ જન મન ચડી ચિત્તે ચિતરી;[૨]
દેખી ભૂપતિની વિપત્તિ મતિ ચળી, ઢળી વળી પડ્યાં મૂરછાયે કરી.
આકરે૦ ॥ ૨ ॥

કરે કરેરાટ ચરેરાટ માંડ્યું ચાલવા, તે વામ અંગે એહની વાત જાણી;
એહ અંગ તેહ ઉમંગ ભંગ થયું, વળી આવી ગયું આંખ્યમાંય પાણી.
આકરે૦ ॥ ૩ ॥

તે જોઈ દ્વિજ બોલિયો ક્રોધ કરી, કલપીનું[૩] દાન હું ન લેઉં કદી;
હડકી[૪] ફડકી ચડકી[૫] ચાલિયા, તેહને વાળિયા દીનતા વાણી વદી.
આકરે૦ ॥ ૪ ॥

પછી આવીને પૂછ્યું એહ અંગને, કહે આંસુ આવ્યાનું કારણ સહિ;
ત્યારે તે કહે અભાગ્ય શી અર્ધા અંગની, જે બ્રાહ્મણને અર્થે આવ્યું નહિ.
આકરે૦ ॥ ૫ ॥

એવું સુણી દ્વિજ પલટીને થયા, તિયાં પ્રગટ પુરુષોત્તમરૂપ રે;
નિષ્કુળાનંદનો નાથ ગાથ કહે, માગ્ય માગ્ય માગ્ય મુજ પાસથી ભૂપ રે.
આકરે૦ ॥ ૬ ॥

## કડવું - ૩૩

**મયુરધ્વજ કહે માગું હું તે દેજોજી, આવું રૂપ અનુપ હૃદિયામાં રે'જોજી;**
**વળી એક બીજું મારે માગવું છેજોજી, હવે આવી પરીક્ષા કેનીએ મ લેજોજી.**

**૧.**અતિશય **૨.**બેચેની; કંપારી **૩.**દુઃખ સાથે દેનારાનું **૪.**ઓચિંતા **૫.**જલદી

લેશોમાં આવી પરીક્ષા કેની, તમે દયાળું દયાને ગ્રહી ॥
એમ મયુરધ્વજે મોર્યે માગ્યું, સહુ જીવ સારુ જાણો સહી[૧] ॥ ૨ ॥

ભલો ભલો એહ ભૂપતિ, જેની મતિ અતિ મોટી ઘણી ॥
ભલી કરી એણે ભગતિ, એના જેવી જોઈએ આપણી ॥ ૩ ॥

સત્ય શ્રદ્ધા ધીરજપણું, જોઈએ એના જેવો વિવેક ॥
ધર્મ પણ દઢ ધારવો, જોઈએ એના જેવી ગ્રહી ટેક ॥ ૪ ॥

**ટેક એક હરિભક્તને, નેક[૧] છેક સુધી છાંડવી નહિ ॥**
**કરી વિવેક અતિ ઉરમાં, વળી એક રંગે રે'વું સહિ ॥ ૫ ॥**

પળે પળે રંગ પલટે ચઢે, કૈ'યે નવલ કસુંબી[૨] કૈ'યે નીલનો[૩] ॥
એક રે'ણી કે'ણી એક રીત નહિ, સ્વભાવ સમ સલિલનો[૪] ॥ ૬ ॥

પણ જે જે ભક્ત મોરે થયા, તે સર્વેની સુણીએ રીત ॥
કસ્યા વિના[૫] કહો કોણ રહ્યા, સહુ ચિંતવી જુવો તમે ચિત્ત ॥ ૭ ॥

જેમ ઈક્ષુ[૬] પામે અમૂલ્યતા, તે તો પ્રથમ પોતે પીલાય છે ॥
ત્યાર પછી ચડે તાવડે, તેના ગોળ ખાંડ સાકર થાય છે ॥ ૮ ॥

તેમ કસ્યા વિના કોઈ વસ્તુ, ખરે ખપે[૭] નથી આવતી ॥
એમ સમજી સંકટ[૮] સહો, તો ભલી ભજી જાયે ભગતિ ॥ ૯ ॥

પોં'ચ્ય વિના પર્વતે ચડ્યાની, હૈયે કરે કોઈ હોંશ ॥
નિષ્કુળાનંદ કહે એ નહિ બને, અમથો થાશે અપસોસ ॥૧૦॥

## કડવું - ૩૪

**પ્રભુ ભજવા જેને કરવો ઉપાયજી, તેને એમ કરવું જેમ કર્યું ઋભુરાયજી**
**પ્રભુ પ્રસન્ન કરવા ગયા વનમાંયજી, આરંભી તપ ઊભા એક પાયજી**

---

**૧.**ચોક્કસ **૨.**નવો લાલ રંગ **૩.**આસમાની રંગ **૪.**પાણીનો **૫.**કસોટી કરાયા વિનાના **૬.**શેરડી **૭.**ઉપયોગમાં **૮.**પ્રભુની પરીક્ષા સંબંધી દુઃખ

એક પગે ઊભા રહ્યા, અડગ મને અચળ થઈ ॥
કર બેઉ ઊંચા કર્યા, શરીર પર ફેરવે નહિ ॥૨॥
ઈચ્છા મેલી અન્ન પાનની, પ્રભુ પ્રસન્ન કરવાને કાજ ॥
તજી આશા વળી તનની, જેમ તજી આવ્યા નિજરાજ ॥૩॥
શરીર સર્વે સૂકી ગયું, રહ્યું નહિ લોહી ને માંસ ॥
અસ્થિ રહ્યાં એક અંગમાં, રહ્યો શ્વાસ વણ વિશ્વાસ ॥૪॥
નાડી રહી સર્વે નીસરી, ઉઘાડી અંગથી બા'ર ॥
ગળ્યું અંગ મળ્યું પેટ પૂઠે,[1] તોય કરે છે નામ ઉચ્ચાર ॥૫॥
માથું ગૂંઠણ મોટા થયા, રહ્યું હૈયું[2] બા'રું નીસરી ॥
અજિન[3] વળગ્યું અસ્થિએ, થઈ કૃશ કાયા તપે કરી ॥૬॥
લાગે પવન અંગ લડથડે, વળી ડોલે છે તેણે દેહ ॥
એવું અચેત અંગ થયું, તોય તપ ન તજે તેહ ॥૭॥
સૂકા કાષ્ઠ સમ ઊભા રહ્યા, અરણ્યમાં એકાએક ॥
હાલે ચાલે નહિ ચરણે, એવી ગ્રહી આકરી ટેક ॥૮॥
રાજી કરવા રમાપતિ, અતિ આકરું તપ આદર્યું ॥
ધરણી લાગી ધ્રુજવા, સ્વર્ગ કંપાયમાન કર્યું ॥૯॥
એવું તપ જોઈ આકરું, સર્વે બીન્યા સુર અસુર ॥
નિષ્કુળાનંદના નાથને કહી, લેશે આપણા સ્થાનક જરુર ॥૧૦॥

## કડવું - ૩૫

**ત્યારે સુર ગયા શ્રીપતિ પાસજી, અમર સહુએ કરી અરદાસજી[4]**
**અમને રાખ્યા ત્યાં અમે કર્યો છે નિવાસજી, પણ હવે નથી હરિ એ સ્થાનકની આશજી**

**૧.**પેટ અંદર ખેંચાઈ ગયું **૨.**છાતીનો ભાગ **૩.**ચામડી **૪.**અરજી; પ્રાર્થના

આશા નથી એહ સ્થળની, જોઈ તપ ઋભુરાય તણું ॥
એના તપ પ્રતાપે કરી, અમે તો તપિયા ઘણું ॥૨॥
ત્યારે શ્રીહરિ કહે સુર સાંભળો, તમે જાઓ તમારે સ્થાનકે ॥
એમ કહીને ઊઠિયા, અવિનાશી અચાનકે ॥૩॥
આવ્યા રાય ઋભુ પાસળે, દીધાં દયા કરી દરશન ॥
માગો માગો રાય મુજથી, હું થયો છું પ્રસન્ન ॥૪॥
હેત કરી હાથ ફેરવે, મુખ માથે ને સરવે શરીર ॥
જોઈ ધીરજ એ રાજનની, આવી ગયાં નયનમાં નીર ॥૫॥
અતિ દીન આધીન ઊભા, આગળ ઓશિયાળા થઈ ॥
જાણે આપું એ જનને હું, મારું સુખ સરવે લઈ ॥૬॥
વા'લપ દેખાડે છે વળી વળી, હેત હૈયામાં નથી સામતું ॥
અકળાઈ થયા છે ઉતાવળા, મન ધીરજ નથી પામતું ॥૭॥
ત્યારે રાય પાયે લાગ્યા પ્રભુને, કહે ધન્ય અનાથના નાથ ॥
નીરખી તમને નયણે, શ્રીહરિ હું થયો સનાથ ॥૮॥
માગું છું હું મહાપ્રભુ, પંચવિષય સંબંધી જે સુખ ॥
દેશો મા તે દયા કરી, જેથી થાય તમથી વિમુખ ॥૯॥
ત્યારે શ્રીહરિ કહે શુદ્ધ ભક્ત તમે, નથી માયાનો લેશ તમમાં જરા ॥
નિષ્કુળાનંદનો નાથ કહે, અનન્ય ભક્ત મારા ખરા ॥૧૦॥

## કડવું - ૩૬

**એમ પ્રસન્ન કર્યા પરબ્રહ્મજી, સહી શરીરે બહુ પરિશ્રમજી**
**એહ વાત સાંભળી લેવો[૧] મર્મજી,[૨] વાત છે કઠણ નથી કાંઈ નર્મજી**

૧.ગ્રહણ કરવો ૨.સાર-નિષ્કામભાવ

નર્મ નથી છે કઠણ ઘણી, જેવા તેવાથી થાતી નથી ॥
સહુ સહુના મનમાં જુવો, ઊંડું વિચારી અંતરથી ॥ ૨ ॥

વણ ખપવાળાને એ વારતા, અણુ એક અર્થે આવે નહિ ॥
મહિમા માહાત્મ્ય મોટપ્ય મુખથી, કહિયે મર કથી કથી કહિ ॥ ૩ ॥

જેમ પશુજનને ચાર્ય[1] પ્યારી, તેહ નીલી[2] દેખીને નવ તજે ॥
સહે કષ્ટ બહુ એહ સારુ, તોય ભાવે કરી એહને ભજે[3] ॥ ૪ ॥

જોને મોટી આશા છે મનમાં, જેવી પામવાને પૈસાતણી ॥
તેવી આશા નથી અવિનાશ પદની, વાત શું કહિયે ઘણી ઘણી ॥ ૫ ॥

અન્ન વસન સારુ અંગ આપે, જિયાં કાપે શત્રુ વળી શીશ ॥
એ તો થાય છે ઉછરંગશું,[4] પણ ભજાય નહિ જગદીશ ॥ ૬ ॥

અસત્ય સુખ સારુ એવું કરે, પિંડ પાડ્યા સુધી પ્રયાણ[5] ॥
સત્ય સુખને સાંભળી, વળી થાતી નથી એવી તાણ ॥ ૭ ॥

વિષનો કીડો વિષમાં, વસી વખાણે વિષનું સુખ ॥
તેને રે'તા અમૃતમાં, થાય જરૂર જાણજો દુઃખ ॥ ૮ ॥

તેમ ભક્ત આ બ્રહ્માંડમાં, ભજે હરિ ન તજે વિકાર ॥
જેમ કેશ કહિયે કઠેકાણા તણા, શ્વેત શ્યામ સહુ એક હાર ॥ ૯ ॥

ભક્ત થાય ભગવાનના, પ્રથમના ભક્ત પ્રમાણ ॥
નિષ્કુળાનંદ કહે તે વિના, બીજા માનો માયાના વેચાણ ॥૧૦॥

**પદ-૯ (રાગ : બિહાગડો) 'સરલ વરતવે છે સારું રે મનવા'** એ ઢાળ.

દોયલું[6] થાવું હરિદાસ રે સંતો..દોયલું૦
જોઈએ તજવી તનસુખ આશ રે સંતો..દોયલું... ટેક૦

**૧.**ઘાસ **૨.**લીલું-તાજું (ઘાસ) **૩.**સેવે **૪.**ઉત્સાહથી **૫.**પ્રયાસ; યુદ્ધ **૬.**બહુ દુર્લભ છે

શૂરો જેમ રણમાં લડવા, ધરે હૈયામાં અતિ હુલાસ;
પેટ કટારી મારી[1] પગ પરઠે, તેને કેની રહી ત્રાસ રે સંતો૦ ॥ ૧ ॥
કાયર મનમાં કરે મનસૂબા, રે'શું ઊભા આસપાસ;
એમ કરતાં જો ચડી ગયા ચોંટે,[2] તો તરત લેશું મુખે ઘાસ રે સંતો૦ ॥ ૨ ॥
શૂરા સંતની રીત એક સરખી, કરવો વેરીનો વિનાશ;
કામ ક્રોધ લોભ મોહ જીતી, ભાવે ભજવા અવિનાશ રે સંતો૦ ॥ ૩ ॥
એવા ભક્ત તે ભક્ત હરિના, તેહ સહે જગ ઉપહાસ;
નિષ્કુળાનંદ કહે તે વિના બીજા, તેનો નાવે કે દી વિશ્વાસ રે સંતો૦ ॥ ૪ ॥

## કડવું - ૩૭

**વળી કહું વાત અનુપમ એકજી, સુણજો સહુ ઉર આણી વિવેકજી**
**કહું સત્યવાદી રાય શિબિની ટેકજી, મૂકી નહિ નૃપે મૂવા લગે છેકજી**

છેક ટેક તજી નહિ, દિયે દેદેકાર[3] કરી દાન ॥
જે જે માગે તે તે આપે તેને, બહુ કરી સનમાન ॥ ૨ ॥
ભૂખ્યો પ્યાસો કોઈ પ્રાણી આવે, માગે મનવાંછિત જે વળી ॥
આપે તેને આદરશું, આરત્ય[4] વાણી સાંભળી ॥ ૩ ॥
તેણે જશ વાધ્યો આ જક્તમાં, પરલોકે[5] પડી ફાળ[6] ॥
ઈન્દ્ર કહે લેશે આસન મારું, કરું કાંઈક રખવાળ ॥ ૪ ॥
પે'લી વે'લી પાળ બાંધિયે, તો રહે તળાવે તોય ॥
આવ્યે જળે જે આદરવું, તે કામ ન આવે કોય ॥ ૫ ॥
લાગી આગ્યે કોઈ કૂપ ખણે,[7] તેણે ઓલાય નહિ અંગાર ॥
માટે મેલી ગાફલતા, વે'લો વે'લો કરવો વિચાર ॥ ૬ ॥

**૧.**મરણિયો થઈને **૨.**ઝપટે; અથડામણમાં **૩.**આપો આપોનો પોકાર **૪.**દીનતાભરી **૫.**દેવોના લોકમાં **૬.**ચિંતા; ધ્રાસકો **૭.**ખોદે

પછી શક્ર[૧] થયો શકરો,[૨] થયો હોલો તે હુતાશન[૩] ॥
આવ્યા બેઉ ઊડતા, જ્યાં બેઠા હતા રાજન ॥૭॥
કપોત[૪] ગર્યો આવી ગોદમાં, બેઠો શકરો સામો સુજાણ ॥
આપ્ય મારા તું આહારને, મારા ભૂખે જાય છે પ્રાણ ॥૮॥
ત્યારે શિબિ કહે સુણ શકરા, શરણે આવ્યો તે કેમ અપાય ॥
માગ્ય બીજું હોય મનમાં, જેણે કરી તારું દુઃખ જાય ॥૯॥
ત્યારે બાજ કહે બીજું જોઈતું નથી, જોઈએ છે ખાવાનું આ વાર ॥
નિષ્કુળાનંદનો નાથ નાથ કરી,[૫] આપ્ય માંસ એહ હોલાભાર ॥૧૦॥

## કડવું - ૩૮

**શિબિ રાજા છે દયાનો નિવાસજી, પાપ કરતાં પામે બહુ ત્રાસજી**
**તેણે કેમ અપાય મારી પરમાંસજી,[૬] તેનો તન મનમાં કર્યો તપાસજી**

તપાસ કરી તને મને, ત્રાજુ મગાવ્યાં તે વાર ॥
કાતું[૭] લઈ માંડ્યું કાપવા, આપવા આમિષ[૮] હોલાભાર ॥૨॥
કાપી કાપી રાયે આપિયું, સર્વે શરીરનું માંસ ॥
તોય ત્રાજુ નવ ઊપડ્યું, તેહ હોલો બેઠો છે જેહ પાસ ॥૩॥
ત્યારે રાયે વિચારિયું, આ તો કપોત કારણરૂપ[૯] રે ॥
માટે આપું અંગ આખું એને, એમ કહે છે વળી ભૂપ રે ॥૪॥
ત્યારે બેઠા રાય જઈ ત્રાજવે, હુવો[૧૦] લોકમાં હાહાકાર ॥
ત્યારે હોલો ટળી હુતાશન હવો, હવો શકરો શક્ર તે વાર ॥૫॥
ત્યારે ઈન્દ્ર કહે ધન્ય ધન્ય રાજા, તું જેવો નથી બીજો એક ॥

**૧.**ઈન્દ્ર **૨.**બાજપક્ષી **૩.**અગ્નિદેવ **૪.**હોલો **૫.**ભગવાનને માથે રાખી અર્થાત્ તેની સાક્ષીએ **૬.**બીજા કોઈનું માંસ **૭.**ચપ્પુ; છરી **૮.**માંસ **૯.**કોઈ ખાસ કારણવશાત્ અવતરેલ દૈવી તત્ત્વ છે **૧૦.**થયો

તન અભિમાની તું નહિ, અમે જોયું કરી વિવેક ॥ ૬ ॥
સત્ય ધર્મ નીમ ટેક તારી, ભારે ધારી ભલી તમે ભૂપ ॥
તન તજી બ્રહ્મલોક જાશો, થાશો બ્રહ્મસ્વરૂપ ॥ ૭ ॥
પે'લું વે'લું લિયે પારખું, પછી દિયે છે અભયદાન ॥
એવા સંકટને સહન કરતાં, જાણો નથી કાંઈ જ્યાન[૧] ॥ ૮ ॥
વામને બાંધ્યા બળિરાયને, પછી પોતે બંધાણા બહુ પેર ॥
હજી સુધી હેતે કરી, હરિ રહે છે એને ઘેર ॥ ૯ ॥
એમ વર દઈ સુરેશ ગયા, થયો અતિ જયજયકાર ॥
નિષ્કુળાનંદ હરિભક્તને, ગ્રહી લેવું એવું સાર ॥૧૦॥

## કડવું - ૩૯

**આપ્યું કાપી તન સત્યવંત[૨] શિબિરાજજી, તે તો પરલોકના સુખને કાજજી**
**એના જેવું આપણે કરવું તે આજજી, ત્યારે રીઝશે ઘનશ્યામ મહારાજજી**

ઘનશ્યામ ઘણું રીઝે ત્યારે, જ્યારે રહે એ રાજાની રીત ॥
ધીરજ ધર્મ સત્ય સુશીલતા,[૩] તેના જેવી કરવી જોઈએ પ્રીત ॥ ૨ ॥
અંગથી અળગું[૪] અવનિએ, વળી જે જે જણસો[૫] હોય ॥
તે તે આપે ત્રિલોકમાં, સુખે થકી સહુ કોય ॥ ૩ ॥
પણ જ્યારે આવે અંગ ઉપરે, સુખ દુઃખના સમૂહ મળી ॥
ત્યારે દૃઢ ધીરજ રહે, સંત કહિયે તેને વળી ॥ ૪ ॥
મોટી વાત કરતાં મુખથી, વળી સ્વાદ[૬] આવે છે સહુને ॥
પણ જ્યારે જોઈએ આ જીવમાં, ત્યારે ભળાયે[૭] ભૂલ્ય બહુને ॥ ૫ ॥

---

**૧.**નુકશાન **૨.**સત્યવાદી **૩.**ઉત્તમ ચારિત્ર્ય **૪.**પોતાના શરીર સિવાયનું **૫.**વસ્તુ-પદાર્થ **૬.**મોજ-ઉમંગ **૭.**દેખાય

એહ ભૂલ્યને અળગી કરી, ખરી હરિની ભક્તિ કરિયે ॥
મોટા ભક્ત જે મોરે થયા, તેના મતને અનુસરિયે ॥ ૬ ॥

**મનગમતું મેલી કરીને, મત મોટાનો મન ધારિયે ॥**
**પ્રસન્ન કરવા છે પ્રાણપતિને, એટલું તો જરૂર વિચારિયે ॥ ૭ ॥**

**અંતરજામીની આગળે, નહિ ચાલે જૂઠ જરાય ॥**
**એમ વિચારી આપણે, કસર ન રાખવી કાંય ॥ ૮ ॥**

એહ વાત અનુપ છે, નક્કી સુખ થાવાની નિદાન ॥
વણ સમઝે વિપત પડે, રણ તૃણાર્થી સંગ શ્વાન[1] ॥ ૯ ॥

**માટે મોટા સંતને મળી, વળી ટાળવી સરવે ભૂલ્ય ॥**
**નિષ્કુળાનંદ કહે નવ ખોઈએ, અવસર આવ્યો અમૂલ્ય ॥૧૦॥**

## કડવું - ૪૦

**જેને ઉપાય કરવો હોય એહજી, તેને થાવું સહુથી નિઃસનેહજી**
**જેમ વરત્યા જનક જેહજી, કરતાં રાજ્ય કે'વાણા વિદેહજી[2]**

વિદેહ કહેવાણા તે સાંભળી, ત્યાં આવ્યા નવ ઋષિરાય[3] ॥
ઊઠચા જનક ભેટચા સહુને,[4] ઘણે હેતે ઘાલી હૈયામાંય ॥ ૨ ॥

પછી મળ્યા એક એકને, તેની પૂછી ઋષિયે વાત ॥
અમે ન સમજ્યા આ મર્મને, તમે સમઝાવો સાક્ષાત ॥ ૩ ॥

ત્યારે જનક કહે આ દેહનો, નથી પળ એકનો વિશ્વાસ ॥
મળાય કેમ આ મુનિને, જ્યારે થઈ જાય તન નાશ ॥ ૪ ॥

એમ કહીને પૂજા કરી, ભાવે કરાવ્યાં ભોજન ॥
પછી બેઠા સભા કરીને, પૂછ્યાં રૂડાં પ્રશન ॥ ૫ ॥

**૧.**સૂકા રણમાં ઘાસ શોધવા નીકળેલો માણસ સાથે કૂતરો લે તો ઊલટાનો વધુ મુશ્કેલીમાં આવે
**૨.**દેહની અહંતાએ રહિત; આત્મજ્ઞાની **૩.**યોગેશ્વર **૪.**એક સાથે

ત્યાં મિથિલાપુરી પરજળી,[1] ધાયાં સહુ સહુને ઘેર લોક ॥
જનક કહે મારું નથી જળતું,[2] શાને કરું હું મને શોક ॥ ૬ ॥

રાજ સાજ સુખ સંપત્તિ, વળી દેહ ગેહ દારા દામ ॥
એહ કોણ કેનાં કોણ આપણે, કોઈ કેને ન આવે કામ ॥ ૭ ॥

અણ સમઝણે આપણું, સહુ માની રહ્યા મનમાંય ॥
જુવે વિચારી જીવમાં, તો નથી આપણું કાંય ॥ ૮ ॥

એમ રાજ્યમાં રહી રાગ તજ્યો, એ છે લક્ષ[3] લેવા જેવો ઘણો ॥
તુચ્છ પદાર્થ સારુ તણાવું, એવો જોઈએ નહિ મત આપણો ॥ ૯ ॥

ખાવા ખટરસ[4] નરેશ સુતને, તોય ડોડાં દેખી ડગે દલ ॥
નિષ્કુળાનંદ એ કંગાલ છે, નથી આવ્યો રાજાનો અમલ[5] ॥૧૦॥

**પદ-૧૦ (રાગ : બિહાગડો)** **'સરલ વરતવે છે સારું રે મનવા'** એ ઢાળ.

**શીદને રહિયે કંગાલ રે સંતો૦ જ્યારે મળ્યો મોટો મહા માલ રે સંતો૦**

પૂરણ બ્રહ્મ પુરુષોત્તમ પામી, ખામી ન રહી એક વાલ;[6]
અમલ સહિત વાત ઓચરવી,[7] માની મનમાં નિહાલ રે સંતો૦ ॥ ૧ ॥

રાજાની રાણી ભમી ભીખ માગે, હાલે કંગાલને હાલ;
ઘર લજામણી રાણી જાણી રાજા, ખીજી પાડે વળી ખાલ[8] રે સંતો૦ ॥ ૨ ॥

તેમ ભક્ત ભગવાનના થઈને, રહે વિષયમાં બેહાલ;[9]
તે તો પામર નર જાણો પૂરા, હરિભક્તિની ધરી છે ઢાલ રે સંતો૦ ॥ ૩ ॥

તન મન આશ તજી તુચ્છ જાણી, કાઢું સમઝી એ સાલ;[10]
નિષ્કુળાનંદ એ ભક્ત હરિના, બીજા બજારી બકાલ[11] રે સંતો૦ ॥ ૪ ॥

**૧.**સળગી **૨.**સળગતું **૩.**ધ્યાનમાં લેવા જેવો બોધ **૪.**સર્વ પ્રકારનાં ભોજન **૫.**કેફ; ખુમારી **૬.**જરા પણ **૭.**બોલવી **૮.**ચામડી ઉતારવા જેવી કડક સજા કરે **૯.**આસક્ત **૧૦.**દોષ; નડતર **૧૧.**લુચ્ચા વેપારી (સકામ ભક્તો)

INDEX



## કડવું - ૪૧

**વળી કહું વાત હરિજનની અમળજી, નલરપુરીનો[1] રાજા એક નળજી**
**રૂપ ગુણ શીલ ઉદાર નિર્મળજી, એવો વીરસેનનો સુત સબળજી**

સબળ ને સત્યવાદી સુણી, દમયંતીએ વિચારી વાત ॥
વરવું છે એ નળને, બીજા પુરુષ તાત ને ભ્રાત ॥ ૨ ॥
તેહ વાત ન જાણે તાત એહનો, રચ્યો સ્વયંવર તેહ વાર ॥
તેમાં રાજા તેડાવિયા, સહુ આવવા થયા તૈયાર ॥ ૩ ॥
ત્યારે નારદે કહ્યું જઈ ઈન્દ્રને, ધર્મ અગ્નિ સુણો વરુણ ॥
તમ જોગ્ય એ કન્યા ભીમની, સુણ્યા સર્વે એના મેં ગુણ ॥ ૪ ॥
પણ એને વરવું છે નળને, એવી દૃઢ ધારી છે ટેક ॥
ટેક તજાવી તમે વરો, તો વળે વડો વશેક[2] ॥ ૫ ॥
નળ અંતરે નિરમળ છે, જેમ કહેશો તેમ કરશે ॥
તજી પ્રિય પોતાતણું, તમારું પ્રિય અનુસરશે ॥ ૬ ॥
ત્યારે ચારે મળી કહ્યું નળને, તું કર્ય અમારાં વખાણ ॥
તું તારી નિંદા કરજે, તો અમને વરશે એહ જાણ ॥ ૭ ॥
ત્યારે નળે કહ્યું જઈ દમયંતીને, ઈન્દ્ર અગ્નિ ધર્મ ને વરુણ ॥
એને વર્ય તું વેગે કરી, તો તારે તોલે આવે કહું કોણ ॥ ૮ ॥
ત્યારે દમયંતી કહે એ દેવતા, હું તો વરી છું નળરાય ॥
હવે ડગાવું જો દિલને, તો પતિવ્રતાપણું જાય ॥ ૯ ॥
ત્યારે ઈન્દ્રાદિ ચારે નળ થયા, પલટાવી પોતાનો વેષ ॥
નિષ્કુળાનંદ કહે નાથ સમરી,[3] ત્યાં આવ્યા નળ નરેશ ॥૧૦॥

---

**૧.**નૈષધદેશનો **૨.**મોટો ફાયદો થશે **૩.**સંભારીને

INDEX



# કડવું - ૪૨

**પછી પાંચે થયા નળ સમ પ્રમાણજી,[૧] પતિવ્રતા ધર્મથી પડી ઓળખાણજી**
**નાખી નળકંઠે વરમાળ સુજાણજી, સુર નર થયા નિરાશી નિરવાણજી**

નિરાશી નર અમર ગયા, ત્યારે ઈન્દ્રે કર્યો ઉપાય ॥
આપી કળિને આગન્યા, તું પ્રવેશ કર નળમાંય ॥ ૨ ॥
ત્યારે નળ મતિ રતી નવ રહી, રમ્યો દ્યુતવિદ્યા[૨] ભ્રાત સાથ ॥
રાજ સાજ સુખ સમૃદ્ધિ, લીધી જીતી કર્યો અનાથ ॥ ૩ ॥
પછી કાઢ્યાં દંપતી પુરથી, આપી પે'રવા એક અંબર ॥
મૂક્યાં કાઢી મોટા વનમાં, જ્યાં ન લિયે કોઈ ખબર ॥ ૪ ॥
જળ ટાણે જળ નવ મળે, અન્ન ટાણે ન મળે અન્ન ॥
ભૂખ પ્યાસનાં ભેળાં ભમે, દુઃખમાંહી નિગમે દન ॥ ૫ ॥
મનુષ્ય માત્ર જ્યાં ન મળે, મળે વનવાસી વિકરાળ ॥
ખાવા આવે ખરાં થઈ, તોય ન કરે તન સંભાળ ॥ ૬ ॥
ભૂત ભૈરવ ભયંકર ભમે, દમે દુષ્ટ બીજાં આવી દેહને ॥
આપે સંકટ સંતાપે સહું, કહે નહિ કાંઈ તેહને ॥ ૭ ॥
જેને સંકટ શરીરમાંય, અણું જેટલો આવ્યો નથી ॥
તેને સંકટ સામટો પડ્યો, જે કહેવાય નહિ મુખથી કથી ॥ ૮ ॥
અણવાણાં[૩] ફરે અરણ્યમાં, ચરણમાં ચાલે રુધીર ॥
તોય અકળાય નહિ અંતરે, સમઝી મને સુધીર ॥ ૯ ॥
રાત દિવસ એમ રડવડે,[૪] પડે અન્ન વિના ઉપવાસ ॥
નિષ્કુળાનંદ કહે એહ વનમાં, ફરે ઘરે નહિ તન ત્રાસ ॥૧૦॥

---

**૧.**નળરાજા જેવા જ આકારવાળા **૨.**જુગાર **૩.**ઉઘાડા પગે **૪.**ભટકે

# કડવું - ૪૩

**વન વિષમ અતિશય વિકટજી, જ્યાં જ્યાં જાય ત્યાં પામે સંકટજી**
**રાત દિવસ રહે દુઃખ અમટજી,[૧] ઝાડ પા'ડ પૃથ્વી અતિ દુરઘટજી[૨]**

દુરઘટ દેખી અટવી[૩] એહ, ચળી જાય મનુષ્યનાં ચિત્ત ॥
તેમાં રાજા રાણી રડવડે, પડે દુઃખ ત્યાં અગણિત ॥૨॥
ઘણા ગોખરું[૪] કાંટા ફંગટા, કૌચ કંદ્રુ કરણાં નીર[૪] ॥
આવી સ્પર્શે એ અંગમાં, તેણે સૂજી જાય છે શરીર ॥૩॥
પશુ પંખી પરસ્પર, કરે શબ્દ ભૂંડા ભયંકાર ॥
સહ્યા ન જાય તે શ્રવણે, એવા થાય વનમાં ઉચ્ચાર ॥૪॥
નિશામાંહી નિશાચર[૫] ફરે, હરે પશુ પંખીના પ્રાણ ॥
એવા વનમાં દંપતી અતિ, નિઃશંક ફરે નિરવાણ ॥૫॥
ખાન પાન ખોળે નવ મળે, મળે હિંસક જન હમેશ ॥
તોય સંભારે નહિ સુખ રાજ્યનું, હૈયામાંહી લવલેશ ॥૬॥
જેમ જેમ પડે વિપત્તિ વળી, તેમ તેમ મને મગન ॥
એમ વનમાંય વિચરે, રાત દિન રાણી ને રાજન ॥૭॥
એવા વનમાં ઋષિ રહે, જેને અન્નનો નહિ આહાર ॥
જોઈ રાજા એવા ઋષિને, ત્યાંથી ચાલી નીસરે તે વાર ॥૮॥
એમ દિન કંઈ વહી ગયા, પછી રાજાએ કર્યો વિચાર ॥
રાણી ખાણી[૬] સર્વે દુઃખની,[૬] માટે તજી દઉં નિરધાર ॥૯॥
પછી અર્ધું અંબર લઈ અર્ધ રાતે, ચાલી નીસર્યા નળ વળી નરેશ ॥
નિષ્કુળાનંદ કહે દમયંતી, પામી પૂરણ કલેશ ॥૧૦॥

---

**૧.**અખંડ **૨.**વિકટ; ભયંકર **૩.**પૃથ્વી **૪.**આ બધાં જંગલી ઝાડ કે છોડનાં નામ છે **૫.**રાત્રે ફરનારા રાક્ષસ-ભૂતપ્રેત **૬.**જેમાંથી દુઃખ નીકળ્યાં જ કરે તેવી ખાણ

# કડવું - ૪૪

**દમયંતી પોકાર કહે હે રાજનજી, મેલી તમે મુજને રડવડતી વનજી**
**હું પતિવ્રતા મારું અબળાનું તનજી, તમ વિના મારી કોણ કરશે જતનજી**

જતન કરતા તે જાતા રહ્યા, હવે રહીશ હું શી રીતમાં ॥
હે દૈવ દીધું દુઃખ તે સામટું, તેહનું ન વિચાર્યું ચિત્તમાં ॥ ૨ ॥
રડી લડથડી પડી ગઈ, શુદ્ધ ન રહી શરીરની ॥
નળ વિયોગે એ નારને, નયણે નદી ચાલી નીરની ॥ ૩ ॥
પછી પડતી આખડતી વળી, ચાલી એકા એક[૧] વનમાં ॥
લાગ્યા કાંટા કાંકરા ખરા, તેની પીડા થઈ છે તનમાં ॥ ૪ ॥
તેમ જ નળરાય તનમાં, પામે છે પીડા અતિ ઘણી ॥
પણ સત્ય ન મૂકે ધર્મ ન ચૂકે, શું કહિયે ધીરજ તેહતણી ॥ ૫ ॥
એમ કંઈક કષ્ટ ભોગવ્યાં, તેનો કહેતાં ન આવે પાર ॥
રાત દિવસ રડવડતાં, વળી વહી ગયાં વર્ષ બાર ॥ ૬ ॥
પછી પામ્યા નિજ રાજ્યને, ભાવે ભજ્યા શ્રી ભગવાન ॥
એટલું કળિ વળી કરી ગયો, તોય ન ચળ્યાં સત્યથી નિદાન ॥ ૭ ॥
**એમ સાધુને સત્ય રાખવું, રાખવી દઢમતિ ધર્મમાં** ॥
**સુખ દુઃખ સહી શરીરને, રહેવું અચળ નિજ આશ્રમમાં[૨]** ॥ ૮ ॥
ધર્મ સમ ધન નથી, નરનારીને નિદાન ॥
ધર્મ જાતાં જો ધન મળે, તો જાણવું થયું એ જ્યાન ॥ ૯ ॥
એવી આંટી પાડી અંતરે, હરિજન હિંમત રાખો હૈયે ॥
નિષ્કુળાનંદનો નાથજી, થાશે રાજી અતિશે તૈયે ॥૧૦॥

---

**૧.**એકલી જ **૨.**પોત-પોતાના આશ્રમધર્મમાં

**પદ-૧૧ (રાગ : બિહાગડો)** 'સરલ વરતવે છે સારું રે મનવા' એ ઢાળ.

કરિયે રાજી ઘનશ્યામ રે, સંતો૦ તો સરે સરવે કામ રે સંતો૦
મરજી જોઈ મહારાજના મનની, એમ રહિયે આઠું જામ;
જે ન ગમે જગદીશને જાણો, તેનું ન પૂછીએ નામ રે સંતો૦ ॥ ૧ ॥
તેમાં કષ્ટ આવે જો કાંઈક, સહિયે હૈયે કરી હામ;
અચળ અડગ રહિયે એક મને, તો પામિયે સુખ વિશ્રામ રે સંતો૦ ॥ ૨ ॥
જુવો રીત આગેના જનની, પામ્યા વિપત્તિ વિરામ;
જનમ થકી માનો મુવા સુધી, ઠરી બેઠા નહિ ઠામ રે સંતો૦ ॥ ૩ ॥
એ તો દોયલું સોયલું છે આજ, તજિયે દોય દામ વામ;
નિષ્કુળાનંદ નિઃશંક થઈને, પામિયે હરિનું ધામ રે સંતો૦ ॥ ૪ ॥

## કડવું - ૪૫

**વળી કહું એક રાજા અંબરીષજી, તેને ઘેર આવ્યા દુર્વાસા લઈ શિષ્યજી**
**ભોજન કરાવ્ય અમને નરેશજી, ત્યારે નૃપ કહે નાહી આવો મુનેશજી**

મુનિ વે'લા તમે આવજો, આજ છે દ્વાદશીનો દન ॥
નાવ્યા ટાણે[1] જાણી નૃપે, કર્યું ઉદકપાન[2] રાજન ॥ ૨ ॥
વીતી વેળાયે મુનિ આવિયા, રાજા કેમ કર્યું તે ભોજન ॥
મને જમાડ્યા વિના જમ્યો, દઉં છું હું શાપ રાજન ॥ ૩ ॥
શાપ દઈ આપે ચાલિયા, આવ્યું સુદર્શન તે વાર ॥
બહુ ભાગે આવે બાળતું, પછી આવ્યા હરિને આધાર[3] ॥ ૪ ॥
કહ્યું હરિને કષ્ટ નિવારિયે, ટાળિયે સુદર્શનનો ત્રાસ ॥
ત્યારે શ્રીપતિ[4] કહે ઋષિ સાંભળો, તમે જાઓ અંબરીષ પાસ ॥ ૫ ॥

**૧.**પારણાના મુહૂર્ત સમયે **૨.**જળપાન **૩.**શરણે **૪.**લક્ષ્મીપતિ ભગવાન

INDEX



ત્યારે ઋષિ આવ્યા રાય પાસળે, રાય પાય લાગી કહ્યો અભિપ્રાય ॥
આજ તે દી એક ભાવ હોય તો, સુદર્શન દૂર થાય ॥ ૬ ॥
એમ શત્રુ મિત્ર જેને સમ છે, સમ છે સુખ દુઃખ દેનાર ॥
એવા ભક્ત જે જક્તમાંહી, તેની ઉપર પ્રભુનો પ્યાર ॥ ૭ ॥
પર પ્રાણીને પીડે નહિ, મર પીડાય પંડ પોતાતણું ॥
એવો વિચાર જેને અંતરે, ઘડીઘડીએ રહે છે ઘણું ॥ ૮ ॥
હિતકારી ભારી સૌ જીવના, જેને ભૂંડાઈ ભાગ આવી નથી ॥
તેણે અવળું અવરનું,[૧] કેમ થાય ઉપર અંતરથી ॥ ૯ ॥
સમુદ્ર શીતળ સદાય, કેને દુઃખ ન દિયે કાંય ॥
નિષ્કુળાનંદ એ ભક્તની, શ્રીહરિ કરે છે સા'ય ॥૧૦॥

## કડવું - ૪૬

**વળી કહું એક ભક્ત વિભીષણજી, ભજે હરિ કરી વિવેક વિચક્ષણજી**
**તેહ જાણી રાવણ કોપ્યો તતક્ષણજી, તેનું કોણ કરે રાક્ષસ રક્ષણજી**

રાક્ષસ રાવણે લાત મારી, કાઢ્યા લંકાથી બા'ર ॥
આવ્યા રામના સૈન્યમાં, ના'પ્યા ગરવા[૨] તે વાર ॥ ૨ ॥
ત્યારે વિભીષણ કહે રખવાળને,[૩] જઈ કહો રામજીને વાત ॥
ભક્ત તમારો નામ વિભીષણ, આવ્યો છે રાવણનો ભ્રાત ॥ ૩ ॥
ત્યારે સેવકે કહ્યું શ્રીરામને, સુણી રામ કહે સુણ્ય દાસ ॥
આવે તો આવે સમ ખાઈને, વણ સમે નહિ વિશ્વાસ ॥ ૪ ॥
ત્યારે સેવકે કહ્યું વિભીષણને, ખાઈ આવ સુધા[૪] સાચા સમ ॥
તો તેડી જાઈએ પ્રભુ પાસળે, નહિ તો જાવાનું છે વિષમ ॥ ૫ ॥

૧.બીજાનું ૨.રામની પાસે અંદર આવવા ન દીધા ૩.દ્વારપાળને ૪.ખરેખરા

ત્યારે વિભીષણ કહે સુત દારા સંબંધી, રાજ સાજ અમલ[૧] અન્ન ધન ॥
આપે રૂપ અનુપ રામજી, જો દગો હોય મારે મન ॥૬॥
તે સેવકે સુણાવ્યું શ્રીરામને, સુણી તર્ત તેડાવિયા પાસ ॥
ભલો ભક્ત વિભીષણ તું, જગ સુખથી છો ઉદાસ ॥૭॥
સુત કલત્ર[૨] કારણે, સુર અસુર નર ઈચ્છે ઘણું ॥
રાજ્ય ધનરૂપે સહુએ સુખ માન્યું છે, તે તે બંધન જાણ્યું આપણું ॥૮॥
એમ કહી વિભીષણને, રાજી થયા શ્રીરામ ॥
ધન્ય એવા હરિજનને, જેને સુખ સંસારી સમને ઠામ ॥૯॥
એમ નર નિર્જરનાં, જેને સુખ સ્વપ્નાને તૂલ્ય ॥
નિષ્કુળાનંદ કહે એ ભક્ત હરિના, અતિ મોટા અમૂલ્ય ॥૧૦॥

## કડવું - ૪૭

**હંસધ્વજ[૩] સુત સુધનવા જેહજી, તેને અતિ શ્રીહરિમાં સનેહજી**
**દૃઢ હરિભક્ત અચળ વળી એહજી, અલ્પ દોષે આવ્યા તાતના ગુન્હામાં તેહજી**

તેને તાતે તપાસ કઢાવી, નાખ્યો તપેલ તેલની માંઈ ॥
શ્રીહરિના સ્મરણ થકી, વળી કાયા ન બળી કાંઈ ॥૨॥
ત્યારે કહે તેલ તપ્યું નથી, કાં તો ઔષધિ છે એહ પાસ ॥
તેલ પણ તપેલ ખરું, નહિ ઔષધિ કાઢચો તપાસ ॥૩॥
ત્યારે કહે મંત્ર છે એના મુખમાં, તેનો અખંડ કરે છે ઉચ્ચાર ॥
તે મંત્ર તો શ્રીહરિ સ્મરણ, એણે નાવ્યો અંગે અજાર[૪] ॥૪॥
સાચો ભક્ત શ્રીકૃષ્ણે જાણીને, કરી કષ્ટમાંયે એની સા'ય ॥
ખરી પળે નવ ખમી શકે, દુઃખ દાસનું મનમાંય ॥૫॥

---

**૧.**સત્તા **૨.**પત્ની **૩.**ચંપકા નગરીનો રાજા **૪.**પીડા

પળપળની પીડા હરવા, હરિ હરિજન પાસે રહે ॥
વણ વિશ્વાસી એહ વાતને, લેશમાત્ર પણ નવ લહે[1] ॥ ૬ ॥

રાત દિવસ રક્ષા કરે, નિજભક્તની ભગવાન ॥
મીટે થકી તે મૂકે નહિ, નિશ્ચય નાથજી નિદાન ॥ ૭ ॥

જનક જનની નિજ જનના, સાચા શ્રીહરિ કહેવાય ॥
એહ હેત જેવું કરે જીવને, તેવું બીજે કહો કેમ થાય ॥ ૮ ॥

નક્કી ભક્ત સારુ નાથજી, અવનિયે રહે છે અખંડ ॥
દુર્મતિ તે દેખે નહિ, જેમ પડદા આડું પંડ ॥ ૯ ॥

પડદે રહીને પેખે[2] હરિ, દેખે દાસની દૃઢતા ધીર[3] ॥
નિષ્કુળાનંદ કહે કષ્ટ માંહી, કરે સહાય હરિ અચીર ॥૧૦॥

## કડવું - ૪૮

**એહ આદિ ભક્ત થયા બહુ ભૂપજી, સાચા સત્યવાદી અનઘ અનુપજી**
**પરપીડા હરવા શુદ્ધ સુખરૂપજી, કરી હરિ રાજી તરી ગયા ભવકૂપજી**

ભવ કૂપરૂપ તે તર્યા, આગળે ભક્ત અનેક ॥
ધન્ય ધન્ય એની ભક્તિ, ધન્ય ધન્ય એહની ટેક ॥ ૨ ॥

એવી ટેક જોઈએ આપણી, કરવા પ્રભુને પ્રસન્ન ॥
જ્યાં સુધી ન રીઝે શ્રીહરિ, ત્યાં સુધી કરવી જતન ॥ ૩ ॥

જેમ ધુવે કોઈ લૂગડું, પણ માંય રહી જાય મેલ ॥
ત્યાં સુધી ન જાણવું, એહ વસ્ત્રને ધોયેલ ॥ ૪ ॥

જેમ બેસે કોઈ જા'જમાં,[4] હોય ઊંડા અર્ણવમાંય[5] ॥
ત્યાં સુધી સુખ ભૂમિનું, શીદ માનીને મલકાય ॥ ૫ ॥

---

**૧.**ન સ્વીકારે **૨.**અંતરમાં જુએ **૩.**ધીરજ **૪.**વહાણમાં **૫.**સમુદ્રમાં

કર્યા કેશરિયાં[1] શૂરા સરખાં, પણ લીધી નથી લડાઈ ॥
ત્યાં સુધી તે વેષની, કેમ વખાણાય વડાઈ ॥૬॥

શૂરા દેખી દગે શત્રુને, કરે દગે કરી ઘણું ઘાય[2] ॥
હરિજનને અરિ[3] ઝીણા અતિ, કરે તે કોણ ઉપાય ॥૭॥

કામ ક્રોધ લોભ કહીએ, એ અતિશે ઝીણા અરિ ॥
આવતાં એને ઓળખીને, વળી ખબર તે રાખવી ખરી ॥૮॥

અખંડ આગ્રહ એહ ઉપરે, જેહ જેહ રાખે છે જન ॥
તેહ તેહ એ શત્રુ થકી, નર રહે નિરવિઘન ॥૯॥

ગાફલને ઘાયલ કરે, સાજું રહેવા ન દિયે શરીર ॥
નિષ્કુળાનંદ સચેત રહેવું, ધરી દઢતા અતિ ધીર ॥૧૦॥

**પદ-૧૨ (રાગ : બિહાગડો) 'સરલ વરતવે છે સારું રે મનવા'** એ ઢાળ.

ધીરજ સમ નહિ ધન રે સંતો૰ આવે અર્થ દોયલે દન રે સંતો૰

અતોલ દુઃખ પડે જ્યારે આવી, તે તો ન સે'વાય તન;
તેમાં કાયર થઈને કે દી, ન વદે દીન વચન રે સંતો૰ ॥૧॥

ધીરજવંતને આપે અત્યંત, દુઃખ બહુ દુરિજન;
તે તો સરવે સહે શરીરે, જાણી તે જન અજ્ઞ[4] રે સંતો૰ ॥૨॥

ધીરજ ધારી રહે નરનારી, પામે તે સુખસદન;
કષ્ટ કાપવાનો એ છે કુઠારો, વાઢે વિપત્તિનાં વન રે સંતો૰ ॥૩॥

આગે સીતા કુંતા ને દ્રૌપદી, ધારી ધીરજ અતિ મન;
નિષ્કુળાનંદના નાથને કર્યા, પૂરણ એણે પ્રસન્ન રે સંતો૰ ॥૪॥

## કડવું - ૪૯

**એવા ધીરજવાળા જાણો જડભરતજી, હતા અતિ આપે અત્યંત સમર્થજી**

**૧.**મરી મટવાની તૈયારી **૨.**હથિયારનો ઘા કરે **૩.**અંતઃશત્રુઓ **૪.**અજ્ઞાની

**સહ્યાં દુઃખ દેહે રહી ઉન્મત્તજી, કરે ઘર પર કામ તેમાં એક મતજી**

મત[1] રહિત મુનિ રહે, મળે અન્ન જેવું તેવું જમે ॥
કોહ્યું[2] કસાયું[2] સડ્યું બગડ્યું, બળ્યું ઊતર્યું ખાઈ દિન નિર્ગમે ॥ ૨ ॥
ત્યારે ભ્રાતે કહ્યું જડભરતને, રાખો ખરી ખેતની ખબર ॥
ત્યારે જડભરતજી જઈ રહ્યા, ઊભા રાતમાં અડર ॥ ૩ ॥
અતિશે ભૂલી શુદ્ધ અંગની, વરતે છે અંતરે વરતિ ॥
આપાપર[3] ભાવ નથી ભાસતો, એવી ખરી કરી છે મતિ ॥ ૪ ॥
મતિમાં રતી નવ રહ્યો, સુખ દુઃખ સંભવ વળી ॥
એવી રીતે જડભરતજી, સાચવે છે ખેતર ખળી[4] ॥ ૫ ॥
ત્યાં તસ્કર નર આવીને, ઝાલી લઈ ગયા જડભરતને ॥
ઊભા રાખ્યા દેવી આગળ્યે, તેને મારવા તરતને ॥ ૬ ॥
ત્યારે ચોર કહે પછી ચડાવિયે, સારી પેઠે જમાડી સુખડી ॥
ત્યારે જડભરત જમિયા, તરત વળી તેહ ઘડી ॥ ૭ ॥
પછી તીખી તરવાર લઈ કરી, હાથ ઉપાડ્યો હણવા કાજ ॥
તે દેખી ન શકી દિલે દેવી,[5] હાથ ઝાલી લીધો વાજોવાજ[6] ॥ ૮ ॥
પછી લીધી કરવાલ કરથી, તેણે કાપ્યાં સર્વના શીશ ॥
પીધું લોહી ને ખાધું માંસને, ત્યારે ઊતરી દેવીને રીશ ॥ ૯ ॥
જોડી હાથ જડભરત આગળે, કરે અતિ વિનંતી તે વળી ॥
નિષ્કુળાનંદના નાથના વા'લા, તમને પીડ્યા પાપીએ મળી ॥૧૦॥

## કડવું - ૫૦

**એમ કહી દેવી ગઈ છે સમાયજી, નથી હર્ષ શોક જડભરતને કાંયજી**

**૧.**પોતાના આગ્રહ **૨.**ઊતરી ગયેલું **૩.**પોતાનો-પારકો **૪.**અનાજને મસળીને કે ખંખેરીને જુદું પાડવાનું સ્થાન **૫.**ભદ્રકાળી દેવી **૬.**તત્કાળ

**તેહ સમે રાજા આવ્યો એક ત્યાંયજી, નામ રહુગણ[૧] બેસી શિબિકાયજી[૨]**

શિબિકાનો[૨] વુઢારથી[૩] વાટમાં, પડ્યો માંદો આવી તેની ખોટ ॥
ઝાલી જડભરત જોડિયા, લીધા તે ઘડી દડીદોટ ॥ ૨ ॥

જડભરત જાળવે જીવજંતુ, કીડી મકોડી ન કચરાય ॥
દિયે તલપ[૪] તે દેખીને, તે થડક રાયે ન ખમાય ॥ ૩ ॥

ત્યારે ભૂપ કહે છે ભોઈને, આવી કરો છો અવળાઈ કેમ ॥
ત્યારે ભોઈ કહે ભૂપાળને, આ નવો કરે છે એમ ॥ ૪ ॥

ત્યારે નવા પ્રત્યે કહે નરપતિ, અતિ વસમા લાવી વચન ॥
ત્યારે જડભરત બોલિયા, સુણ્ય વચન કહું રાજન ॥ ૫ ॥

અવળાઈ જે મારા અંગની, તે કહું હું સર્વે તુજને ॥
તેં જે જે કહ્યું તારી જીભથી, તેનું નથી દુઃખ કાંઈ મુજને ॥ ૬ ॥

તેં કહ્યું જોઈ આ તનને, તેહ નથી આત્મામાં એક ॥
દેહદર્શી તો એમ જ દેખે, જેને નથી અંતરે વિવેક ॥ ૭ ॥

ત્યારે પૂછ્યું રાયે પિછાન[૫] પડી, લાગ્યા પાય પ્રણિપત[૬] કરી ॥
ક્ષમા કરજો અપરાધ મારા, એમ કહ્યું અતિ કરગરી ॥ ૮ ॥

એના જેવું થાય આપણે, ત્યારે પડે પૂરી પિછાન ॥
ખરા ખોટાની ખબર ખરી, નક્કી જણાયે નિદાન ॥ ૯ ॥

**ભાદે[૭] વડ ભીંડો તડોવડ્ય[૮] છે, સામુ વડથી વધે છે વશેક ॥**
**નિષ્કુળાનંદ નમૂલિયાની,[૯] અંતે ટકે નહિ ટેક ॥૧૦॥**

## કડવું - ૫૧

**ટેક એક નેક શુકજીની સારીજી, મતિ અતિ મોટી સૌને સુખકારીજી**

---

**૧.**સિંધ દેશના રાજા **૨.**પાલખીમાં **૩.**ઉપાડનાર ભોઈ **૪.**છલાંગ **૫.**ઓળખાણ **૬.**પ્રણામ **૭.**ભાદરવામાં **૮.**સમાન **૯.**બળ તથા ઊંડા મૂળ વગરનાની

**ગજપુર[1] આવ્યા રાય પાસે વિચારીજી, પંથમાં પીડા પામ્યા મુનિ ભારીજી**

ભારે પીડા પામ્યા પરથી,[2] કરી બહુ બહુ ઉપહાસ ॥
ઉન્મત્ત જાણી કહે કઠણ વાણી, ડરાવે દેખાડી ત્રાસ ॥૨॥

કોઈક નાખે ગોબર[3] ઠોબર,[4] પેશાબ ઈંટ પાણા કઈ ॥
કોઈક સંચારે[5] છે સરિયા,[6] પાપી નર પૂઠ્યમાં લઈ ॥૩॥

કોઈક તાડે તાળી પાડે, પમાડે દુઃખ વિમુખ ઘણું ॥
શોક હરખ તેનો શુકજીને, નથી અંતરની માંય અણું ॥૪॥

કે'તા નથી તેનું કોઈને, જાણી જક્તના જીવ અજાણ ॥
એવા થકા આવ્યા નરેશ પાસે, કર્યું રાજાનું કલ્યાણ ॥૫॥

આગે વ્યાસને આપ્યો જેણે, ઉત્તર જન વનમાં રહી ॥
આવરણ રહિત આત્મદર્શી, એવા સમર્થ શુકજી સહી ॥૬॥

સમર્થ પણ એ સર્વે સહ્યું, અસમર્થ સહે તેનું શું કહીએ ॥
આજ તપાસો આપણું, એના જેવા નથી કે છઈએ ॥૭॥

**ભક્તની રીત જો ભક્તમાં, જન જાણો જોઈએ જરૂર ॥**
**પોતાની રીત પરહરી પરી, હરિદાસ ન કરવી દૂર ॥૮॥**

**વેષે લેશ લેવાય નહિ, શાહુકાર નરેશનું સુખ ॥**
**બોલી દેશી તો બહુ તેમ જ કરે, પણ દામ હુકમનું રહે દુઃખ ॥૯॥**

ઓઢી અજીન[7] અંગે સિંહનું, જંબુક[8] કરે જેમ જોર ॥
નિષ્કુળાનંદ એહ વાતનો, અંતે નહિ આવે નોર[9] ॥૧૦॥

## કડવું - ૫૨

**વળી કહું ઋષિ નારદ એક નકીજી, જેને પ્રતીત પ્રગટની છે પકીજી**

**૧.**હસ્તિનાપુર **૨.**અજ્ઞાનીઓથી **૩.**છાણ; ગંદવાડ **૪.**ઠીકરાં **૫.**નાખે **૬.**લોખંડના સળિયા **૭.**ચામડું **૮.**શિયાળ **૯.**(સારું) પરિણામ

**આપે જ્ઞાન દાન જનને વિવેકીજી, પામ્યા ભવપાર અગણિત એહ થકીજી**

અગણિત જીવ ઉદ્ધારવા, ફરે સ્વર્ગ મૃત્યુ ને પાતાળ ॥
જ્યાં જ્યાં હોય જીવ જીજ્ઞાસુ, ત્યાં ત્યાં જાય તતકાળ ॥૨॥

એમ કરતાં આવિયા, નારદ નારાયણ સર ॥
દીઠા સામટા[1] સહસ્ર દશ,[2] દક્ષ પ્રજાપતિના કુંવર ॥૩॥

તેને ઉપદેશ આપી કાપી, સંસાર સુખની આશ ॥
તેહ સાંભળી દક્ષ દિલે, અતિશે થયો ઉદાસ ॥૪॥

ત્યાર પછી એક સહસ્રને, ઉપજાવી મૂક્યાં એહ સ્થાન ॥
તેને પણ તેના ભાઈના જેવું, આપ્યું છે નારદે જ્ઞાન ॥૫॥

તે સુણી દક્ષ દિલગીર થયો, આપ્યો નારદજીને શાપ ॥
મુહૂર્ત[3] ઉપર તમે જ્યાં રહો, ત્યાં મૃત્યુ પામજો આપ ॥૬॥

આપ એ શાપ ચડાવી શિર ઉપરે, આપે છે હજી ઉપદેશ ॥
એહના જેવો આગ્રહ, હરિજનને જોઈએ હંમેશ ॥૭॥

કે'વી વાત હરિકૃષ્ણની, હેત દેખાડી હૈયાતણું ॥
કાઢી લેવો કાળમુખથી, એવો ઉપકાર કરવો ઘણું ॥૮॥

ચોખે મારગે ચલાવતાં, કોઈને ગમે કે નવ ગમે ॥
કહ્યામાં કસર નવ રાખવી, સુખ દુઃખ સમે[4] વસમે[4] ॥૯॥

આળસી ન બેસવું આપણે, હેતે કરવી હરિની વાત ॥
નિષ્કુળાનંદનો નાથજી, રહે રાજી તે પર દિન રાત ॥૧૦॥

**પદ-૧૩ (રાગ : કડખો) 'શાંતિ પમાડે તેને સંત કહીએ'** એ ઢાળ.

સાચા સંત અત્યંત રાજી કર્યા શ્રીહરિ, મેલી મમત તન મન તણી...સાચા૦
હિંમત અતિ મતિમાંય તે આણીને, રતિપતિની[5] લીધી લાજ ઘણી...સાચા૦

**૧.**એક સાથે **૨.**દસ હજાર **૩.**૪૮ મીનીટ **૪.**સારા-નરસા સંજોગોમાં **૫.**કામદેવની

સાચા૦ ॥ ૧ ॥

દામ વામ ધામ દીઠાં પણ નવ ગમે, કામ શ્યામ સાથે રાખ્યું છે જેણે;
નામ ઠામ ન પૂછે ગામ ગ્રાસનું[૧] રે, આઠું જામ હામ હૈયે રહે છે તેણે.

સાચા૦ ॥ ૨ ॥

એવા સંતનો સંગ ઉમંગ શું કરિયે, તો અભંગ રંગ રૂડો અંગ રહે;
દિલ ન ડગમગે પગ નવ પરઠે,[૨] ચિત્ત રહી ચંગે[૩] જગ જીતી લહે.

સાચા૦ ॥ ૩ ॥

સાચા સંત શૂરવીર ધીર ગંભીર છે, નીર ક્ષીર કાંકર હીર[૪] કરે નિવેડો;[૫]
નિષ્કુળાનંદ આનંદ પદ પામીને, કે દી ન મૂકે એ વાતનો જ કેડો.[૬]

સાચા૦ ॥ ૪ ॥

## કડવું - ૫૩

**એવા તો સનકાદિક સુજાણજી, વિષયસુખ દુઃખરૂપ જાણી તજી તાણજી**
**ભજી પ્રભુ પામિયા પદ નિર્વાણજી, એહ વાત સરવે પુરાણે પ્રમાણજી**

પુરાણે વાત એહ પરઠી,[૭] સનકાદિક સમ નહિ કોય ॥
વેર કરી વિષયસુખ સાથે, ભજ્યા શ્રીહરિ સોય ॥ ૨ ॥

જેહ સુખ સારું શિવ બ્રહ્મા, સુર અસુર નર ભૂખ્યા ભમે ॥
તે સુખ સનકાદિકને, સ્વપ્નામાં પણ નવ ગમે ॥ ૩ ॥

ભક્તિ કરી હરિને રીઝવ્યા, માગો માગો કહે શ્રીઘનશ્યામ ॥
માગિયે વય વર્ષ પાંચની, વળી રહિયે સદા નિષ્કામ ॥ ૪ ॥

પછી પામી અવસ્થા વર્ષ પાંચની, સર્વે લોકમાં ફરે સુજાણ ॥
સુણાવે કથા શ્રીકૃષ્ણની, કરે બહુ જીવનાં કલ્યાણ ॥ ૫ ॥

**૧.**જમીનનું **૨.**પાછા ન પડે **૩.**પવિત્રપણે **૪.**પથ્થર અને હીરાનો **૫.**પારખું; નિર્ણય **૬.**માર્ગ-ધ્યેય **૭.**કહી છે

ઊંડી અંતરથી ઈચ્છા ગઈ, સ્પર્શ સુખ ત્રિયા તનની ॥
એની પેઠે કરો આપણે, મેલી દિયો ઈચ્છા મનની ॥ ૬ ॥

નિરવિષયી ગમે છે નાથને, વિષય વિકળ[1] ગમતા નથી ॥
જેમ સમળ[2] નર બેસે સભામાં, સહુ જાણે ઊઠી જાયે આંહીંથી ॥ ૭ ॥

ઉપર બન્યા બહુ ઊજળા, માંયે મેલની મણા નથી ॥
એવા જન જોઈ જગપતિ, અભાવ કરે છે ઉરથી ॥ ૮ ॥

ઈચ્છાઓ અનેક ઉરમાં, ખાન પાન સ્પર્શ સુખની ॥
એવા ભક્તની ભગતિ, હરિ વદે[3] નહિ વિમુખની ॥ ૯ ॥

પંચ વિષયની પટારિયું, ઘણી ઘાટે ભરી ઘટમાંય[4] ॥
નિષ્કુળાનંદ કહે નાથના, એહ ભક્ત તે ન કહેવાય ॥૧૦॥

## કડવું - ૫૪

**વળી ઋષિ એક જાણો જાજળીજી, આરંભ્યું તપ અતિ વિષમ વળીજી**
**કર્યું હરિધ્યાન તેણે તન શુદ્ધ ટળીજી, આવ્યાં વનવિહંગ[5] ઘણી સુઘરિયો[6] મળીજી**

સુઘરિયે મળી માળા ઘાલ્યા, વળી બેઉ કાનની કોર ॥
ઈંડાં મૂકીને અહોનિશ, કરે છે શોર બકોર ॥ ૨ ॥

અડગ પગે તે ઊભા રહ્યા, વળી જાય ન આવે ક્યાંય ॥
જાણે પંખીને પીડા ઊપજશે, એવી દયા ઘણી દિલમાંય ॥ ૩ ॥

ચારે દિશે જાય ચણ્ય[7] સારું, વળી આવી રહે ત્યાં રાત ॥
પછી ઈંડા મટી ઈંડજ[5] થયાં, ગયાં ઊડી પ્રભાત ॥ ૪ ॥

તોય જાજળી જોઈ રહ્યા, દિન કેટલાક સુધી વાટ ॥
પાછાં ન આવ્યાં પંખી જ્યારે, ત્યારે તજ્યો મન ઉચ્ચાટ ॥ ૫ ॥

**૧.**વિષય પાછળ વિહ્વળ **૨.**ગંદો **૩.**વખાણે; સ્વીકારે **૪.**અંતરમાં **૫.**પક્ષીઓ
**૬.**લટકતા માળા બનાવનાર પક્ષિણીઓ **૭.**અનાજના દાણા

INDEX



એના જેવી દયા દિલમાં, રાખવી અતિ ધરી ધીર ॥
ઝીણા મોટા જીવનું સહેવું, સુખ દુઃખ તે શરીર ॥૬॥
**આપણે અંગે પીડા આવતાં, જો થાય સામાને સુખ ॥**
**તો ભાવે કરી ભોગવિયે, દિલમાં ન માનિયે દુઃખ ॥૭॥**
અલ્પ જીવ ઉપર વળી, રાખવો નહિ રોષ એક રતિ ॥
સ્થાવર જંગમ જીવ ઉપર, પરહરવી હિંસક મતિ ॥૮॥
**પરને પીડા કહું કરવી, એ તો કામ છે કસાઈનું ॥**
**સર્વેને સુખ થાવા ઈચ્છવું, એહ કૃત્ય છે સંત સુખદાયીનું ॥૯॥**
એહ મત ખરો હરિભક્તનો, નવ પીડવા પ્રાણધારીને ॥
નિષ્કુળાનંદનો નાથજી રીઝે, એવું કરવું વિચારીને ॥૧૦॥

## કડવું - ૫૫

**અરુણી ઉપમન્યુ આપત્યધૌમ્યના શિષ્યજી, ગુરુ આગન્યામાં વરતે અહોનિશજી**
**જાય અન્ન જાચવા હરખે હંમેશજી, આણી આપે ગુરુને નાપે ગુરુ તેને લેશજી**

લેશ ન આપે જ્યારે શિષ્યને, શિષ્ય જાચે અન્ન પછી જઈ ॥
ત્યારે ગુરુ કહે ગરીબ ગૃહસ્થને, ફરી ફરી પીડવા નહિ ॥૨॥
ત્યારે પય પળી[1] પીને વળી, કરે છે તેહ નિરવાહ ॥
ત્યારે ગુરુએ પય વત્સફીણની,[2] પાડી છે ચોખી નાહ ॥૩॥
પછી ખાધાં તેણે ક્ષુધામાંહિ,[3] અર્ક[4] પાન થયા તેહ અંધ ॥
વનથી આવતાં વાટમાં, પડી ગયા છે કૂપ મધ્ય ॥૪॥
આવ્યાની વેળા વહી ગઈ, ત્યારે ગોતવા ગુરુ નીસર્યા ॥
પોકાર કરતાં પડેલ કૂવામાં, સામસામા સાદ કર્યા ॥૫॥

**૧.**બહુ થોડું દૂધ **૨.**ગાયને ધાવતાં વાછરુંના મોઢે ફીણ વળે તેની **૩.**ભૂખમાં **૪.**આકડાના

પછી કૂવામાંથી કાઢી કહ્યું, ઉપમન્યું તું છે મારો દાસ ॥
મને તે પ્રસન્ન કર્યો, હવે માગ્ય કાંઈક મુજ પાસ ॥ ૬ ॥
એમ ગુરુની આગન્યા, જે પાળે પરમ સુજાણ ॥
નિરવિઘન તે નર થઈ, પામે પદ નિરવાણ ॥ ૭ ॥
મન ગમતું મેલી કરી, રહે આજ્ઞાને અનુસાર ॥
તેજ શિષ્ય સાચા ખરા, બીજા સરવે સંતાપનાર ॥ ૮ ॥
કુક્કર[૧] કાનના કીટ[૨] સરિખા, શિષ્ય ન થાવું સમઝી ॥
ગુરુ વાળે તેમ વળવું, અહંતા મમતા મનની તજી ॥ ૯ ॥
ગુરુકૃપાએ સુખ પામિયે, ગુરુકૃપાયે ઉપજે જ્ઞાન ॥
નિષ્કુળાનંદ ગુરુ કૃપા કરે, તો આપે અવિચળ દાન ॥૧૦॥

## કડવું - ૫૬

**એ કહ્યા સરવે પરોક્ષ હરિજનજી, એને કેને પ્રગટ નથી મળ્યા ભગવનજી**
**તોય કોઈ મોળા ન પડિયા મનજી, કહું વાર હજાર એને ધન્યધન્યજી**

ધન્ય ધન્ય એહ જનને, જેણે શીશ સાટે સોદો કર્યો ॥
તજી છે આશ તન મનની, એવો ઉદ્યમ જેણે આદર્યો ॥ ૨ ॥
લીધો સિંદોરો[૩] શીશ હાથમાં, તેહ સાથ[૪] જોવા કેમ રહે ॥
મરવાની તો બીક જ મટી, અસિઆગ્યનો[૫] ભાગ્યો ભહે[૬] ॥ ૩ ॥
આગળ ચાલતાં આનંદ અતિ, આવે ઝટ દઈ રણ[૭]ઝુંપ[૮] રે ॥
એક લડી મરે એક બળી ટળે, માને બેઉ વાત અનૂપ રે ॥ ૪ ॥
તેમ જ સાચા સંતને, તજી જોઈએ તે તનની આશ ॥
દેહરખા સરખા કાયરનર, તે તો કે દી ન હોય હરિદાસ ॥ ૫ ॥

૧.કૂતરાના ૨.ગીંગોડા; જંતુ ૩.સતી થવા નીકળેલ સ્ત્રીએ ઓઢેલ વસ્ત્ર ૪.સંગાથ; જોડ ૫.તલવાર અને અગ્નિનો ૬.ભય ૭.રણમેદાન ૮.સતીને બળી મરવાનું સ્થાન

હરિદાસને હોય હિંમત ઘણી, ગણે તનને તરણા તોલ ॥
લાલચ મેલી આ લોકસુખની, પામવા વસ્તુ અમોલ ॥ ૬ ॥
અચળ સુખમાં આવી ઘણી, પૂરણ વળી પ્રતીત ॥
અસત્ય સુખ પણ ઓળખ્યું, જાણ્યું જેવી છે એની રીત ॥ ૭ ॥
પડ્યું પોતાને પારખું, ખરા ખોટાનું ખરાખરું ॥
સુખ ઘણું માન્યું ઘનશ્યામમાં, મેલ્યું અલ્પ સુખ અળગું પરું ॥ ૮ ॥
શીદને ખાય ખાટી છાશને, મેલી પીયુષ રસ પ્રવાહ ॥
પટુ[૧] પાંબરી[૨] પરહરીને, કરે કોણ ચરમની[૩] ચાહ[૪] ॥ ૯ ॥
તેમ ભક્ત જક્તનાં સુખ જોઈને, લોભાય નહિ લગાર ॥
નિષ્કુળાનંદ તેહ ભક્ત સાચા, ફેર નહિ રતી ભાર ॥૧૦॥

**પદ-૧૪ (રાગ : કડખો) ‘શાંતિ પમાડે તેને સંત કહીએ’** એ ઢાળ.

સાચા ભક્તની રીત સર્વે સાચી સહી, સાચાં સર્વે આચરણ એનાં...સાચા૦
ખાતાં પીતાં સુતાં જાગતાં જાણિયે, ઉપદેશ રૂપ અનુપ તેનાં.
સાચા૦ ॥ ૧ ॥
હાલતાં ચાલતાં જોતાં માંય જોવું ખરું, લેતા દેતાં બોલતામાં કળી લૈયે;
જાતાં આવતાં પાસ વાસ વસતાં, કેમ ન કળાય એહ કહો તૈયે.
સાચા૦ ॥ ૨ ॥
કરતાં ન કરતાં હરતાં ફરતાં, ગાતાં વાતાં[૫] વળી હસતાં હોયે;
રોતાં ધોતાં પોતાં[૬] પે’રતાં પરખિયે, છતાં વક્તાં જાણો સુખદ સોયે.
સાચા૦ ॥ ૩ ॥
જે જે આચરણ સાચા સંત આચરે, તે તે સર્વે છે વળી સુખકારી;

**૧.**સુંદર **૨.**ધાબળી **૩.**ચામડાની **૪.**ઈચ્છા **૫.**વગાડતાં **૬.**વસ્ત્રો

INDEX



અખંડ ધામમાં એ જ પોં'ચાડે, નિષ્કુળાનંદ કહે છે વિચારી.
સાચા૦ ॥ ૪ ॥

## કડવું - ૫૭

**સુણો એક મુદ્‌ગલ ઋષિની રીતજી, વીણે અન્ન દિન પંદર લગી નિત્યજી**
**કરી પાક જમાડે અભ્યાગત[1] ઘણે હિતજી, વધે અન્ન તેહ જમે કરી અતિ પ્રિતજી**

કરી પ્રીત અતિ જમતો, ત્યાં દુર્વાસા ઋષિ આવિયા ॥
અતિ આદર દઈ બ્રાહ્મણે, જમવાને બેસારિયા ॥ ૨ ॥
જમી અન્ન જે વધ્યું હતું, તે ચોળી[2] પોતાને તન ॥
ચટક દઈ ચાલી નીસર્યા, ગયા શિવને ભવન ॥ ૩ ॥
પછી પંદર દિવસે વળી, ભેળું કર્યું બ્રાહ્મણે અન્ન ॥
તે પણ તેમનું તેમ કર્યું, તોય રહ્યા મુદ્‌ગલ મગન ॥ ૪ ॥
એમનું એમ કરતાં વળી, વીતી ગયા દ્વાદશ માસ ॥
અન્ન વિનાના એટલા, પડ્યા ચોખા ઉપવાસ ॥ ૫ ॥
ત્યારે દુર્વાસા કહે ધન્ય દ્વિજ તું, ધન્ય ધીરજ તારી નિદાન ॥
તેહ સમામાં તેડવા, આવ્યાં વિબુધનાં વિમાન ॥ ૬ ॥
બેસો ઋષિ વિમાનમાં, તેડી જાયે અમરપુરમાંય ॥
સત્ય ટેક તમારી જોઈને, અમે આવ્યા તેડવા આંય ॥ ૭ ॥
ત્યારે પૂછ્યું સુખ દુઃખ સ્વર્ગનું, કહ્યું કંઈક ચઢે પડે પણ ખરાં ॥
ત્યારે મુદ્‌ગલ કહે નહિ આવું એ ધામે, લઈ જાઓ વિમાનને પરાં[3] ॥ ૮ ॥
અલ્પ સુખને ભોગવી, પુન્ય ખૂટે પાછું પડવું ॥
એવા સુખને વળી સાંભળી, ચોખ્ખું નથી એ વેને[4] ચડવું ॥ ૯ ॥

---

**૧.**અતિથિ; માંગણ **૨.**ચોપડી **૩.**પાછા **૪.**માર્ગે

પછી અવધે[1] તન તજી કરી, ગયા તે અખંડ ધામમાં ॥
નિષ્કુળાનંદ કહે સહ્યું કષ્ટ જેહ, તેહ આવિયું કામમાં ॥૧૦॥

## કડવું - ૫૮

**વળી કહું એક શિલોંચ્છવૃત્તિધારીજી,[2] વીણે એક કણકણ ધર્મ વિચારીજી**
**ઋષિ ઋષિસુત ઋષિનારી સુતનારીજી, જમે દિન આઠમે એહ મળી વળી ચારીજી[3]**

ચારે બેઠાં જ્યારે જમવાને, હતો સાથુ[4] શેર જુગલ[5] ॥
ત્યાં ધર્મ ધરી રૂપ દ્વિજનું, તક જોઈ આવ્યા તેહ પલ ॥૨॥

આવી કહ્યું આપો અન્ન મને, હું ભૂખ્યો છઉં બ્રહ્મન્ન ॥
ત્યારે ઋષિએ આદરે આપિયું, પોતાના ભાગનું અન્ન ॥૩॥

પછી આપ્યું ઋષિપત્નીએ, આપ્યું ઋષિસુતે કરી પ્યાર ॥
પછી આપ્યું એની નારીએ, થયાં અન્ન વિના એ ચાર ॥૪॥

અન્ન વિન દિન આઠ ગયા, પાછી આઠે પણ નહિ આશ ॥
તોય ચારે રાજી રહ્યાં, વળી કોઈ ન થયાં ઉદાસ ॥૫॥

આપ્યું અન્ન અભ્યાગતને, જળ ઢળ્યું[6] ધોયેલ કર ચર્ણનું ॥
તેમાં આળોટ્યો આવી નોળિયો, થયું અર્ધુ અંગ સુવર્ણનું ॥૬॥

એવું શુદ્ધ અન્ન એહનું, તે જમિયા વૃષભ[7] વળી ॥
રાજી થયા ઋષિ ઉપરે, જાણું આપું સમૃદ્ધિ સઘળી ॥૭॥

ત્યારે દ્વિજ પલટી ધર્મ થયા, માગો માગો તમે મુજ પાસ ॥
ત્યારે દ્વિજ કહે ધન્ય ધર્મ તમે, આપો તમારા ધામમાં વાસ ॥૮॥

એમ સમે આવી કોઈ અન્ન જાચે,[8] વળી હોયે ક્ષુધાએ આતુર ॥
પોં'ચ્ય પ્રમાણે આપવું, રાજી થઈ જન જરૂર ॥૯॥

---

**૧.**અંતકાળે **૨.**ખળી કે ખેતરમાં પડેલા અનાજના દાણા વીણી આજીવિકા ચલાવનાર **૩.**ચાર જણ **૪.**શેકેલા અનાજનો લોટ **૫.**બે **૬.**ઢોળાઈ ગયું **૭.**ધર્મદેવ **૮.**માગે

અન્ન ન આપે ઉત્તર આપે, કાં તો સંતાપે કઠણ કહી ॥
નિષ્કુળાનંદ હરિજનની, એવી રીત જોઈએ નહિ ॥૧૦॥

## કડવું - ૫૯

**વળી કહું એક જયદેવજીની વાતજી, સાંભળ્યા સરખી છે સારી સાક્ષાતજી**
**જેને ઘેર[1] પદ્માવતી વિખ્યાતજી, કરે હરિભક્તિ દોય દિવસ ને રાતજી**

રાત દિવસમાં રાગે કરી, ગાય ગોવિંદગીત પ્રીતે કરી ॥
જાચી લાવે અન્ન તેહ જમે, આપે ભૂખ્યા જનને ભાવે કરી ॥ ૨ ॥
બ્રાહ્મણ ને વળી ભક્ત હરિના, જાણી શિષ્ય થયાં કંઈ જન ॥
એમ કરતાં ક્યારેક કાળ પડ્યો, જડે નહિ જાચતાં અન્ન ॥ ૩ ॥
પછી જયદેવ ચાલ્યા જાચવા, શિષ્ય પાસેથી જાચ્યું ધન ॥
તે લઈ આવતાં વાટમાં, મળ્યા મારગમાં દુરિજન[2] ॥ ૪ ॥
આવતાં ઓળખી એહને, જયદેવે વિચારી વાત ॥
આપું ધન તો તન ઊગરે, નહિ તો થાશે બેઉની ઘાત ॥ ૫ ॥
કટાણે ને કઠેકાણે, તક જોઈ આવ્યા છે તેહ ॥
જરૂર મારશે જીવથી, એ વાતમાં નહિ સંદેહ ॥ ૬ ॥
એમ જયદેવે વિચારી જીવમાં, આપી દીધું રાજી થઈ ધન ॥
ત્યારે ચારે ચોરે વિચારિયું, કાંઈક કપટ છે એને મન ॥ ૭ ॥
માટે મારી નાખો એહને, તો જરે[3] આ સઘળો માલ ॥
ત્યારે એક કહે કાપો હાથ પગને, એની મેળે મરશે બેહાલ ॥ ૮ ॥
પછી હાથ પગ કાપી હાલિયા, મહાપાપીને નહિ મે'ર ॥
તિયાં આવ્યો એક નૃપતિ, વે'લ્યે બેસારી લઈ ગયો ઘેર ॥ ૯ ॥

૧.પત્ની ૨.ચોર-લુંટારા જેવા દુષ્ટ લોકો ૩.મળે

INDEX



પછી રાજાએ એને ઓળખ્યા, જાણ્યા ભક્ત આ તે જયદેવ ॥
નિષ્કુળાનંદના નાથના વા'લા, જાણી કરે છે બહુ સેવ ॥૧૦॥

## કડવું - ૬૦

**પછી એના શિષ્ય થયા ભૂપાળજી, એમ કરતાં પાછો પડી ગયો કાળજી[1]**
**આવ્યા એ ચોરટા સાધુ થઈ ઘાલી માળજી, તેને ઓળખ્યા જયદેવે તતકાળજી**

તતકાળ એને ઓળખી, બહુ બહુ કરાવે છે સેવ ॥
ત્યારે ચોરટે પણ જાણિયું, આ ખરો ખૂની જયદેવ ॥ ૨ ॥
આવ્યા અરિના[2] હાથમાં, હવે ઊગર્યાની આશા સહિ ॥
જોઈ અપરાધ આપણો, માર્યા વિના એ મૂકે નહિ ॥ ૩ ॥
પાપીને પાપ પોતા તણાં, આવ્યાં નજરે તે નિરધાર ॥
કહો ભાઈ કેમ કરશું, એમ ચિંતવે છે ચોર ચાર ॥ ૪ ॥
પછી ચોરે ચાલવાનું કર્યું, ત્યારે અપાવ્યાં ઘઉં ગાડાં ભરી ॥
આગળ જઈ ક્યાંક ઊતર્યા, ગાડાવાળાને વાત કરી ॥ ૫ ॥
જયદેવ જાતનો ઝાંપડો,[3] રાજાના ગુન્હામાં આવ્યો હતો ॥
અમને સોંપ્યો હતો મારવાને, ત્યારે અમે મેલ્યો એને જીવતો ॥ ૬ ॥
તે ગુણે આપ્યાં ઘઉંનાં ગાડલાં, વળી બીન્યો પણ મનમાં સહી ॥
જાણ્યું એમ મારી જાતનું, રખે રાજાને આપે કહી ॥ ૭ ॥
એમ કહેતાં ફાટી અવનિ, પહોંચ્યા ચોર ચારે પાતાળ ॥
ગાડાં વાળી ઘેર લાવિયા, કહ્યું વૃત્તાંત થયું તેહ કાળ ॥ ૮ ॥
ત્યારે જયદેવે ઘસ્યા કર ચરણને, થયા સાજા તે સમયે સોય ॥
જુવો વિચારી જન મને, એવા ક્ષમાવાન કોણ હોય ॥ ૯ ॥

૧.દુષ્કાળ ૨.દુશ્મનના ૩.ભંગી-શ્વપચ

સાચા જન તેને જાણિયે, ખરી ક્ષમા રાખે મનમાંયે ॥
નિષ્કુળાનંદના નાથને, એથી વા'લું નથી બીજું કાંયે ॥૧૦॥

**પદ-૧૫ (રાગ : કડખો)** 'શાંતિ પમાડે તેને સંત કહીએ' એ ઢાળ.

ક્ષમાવંત સંત અત્યંત સુખ ભોગવે, પામે દુઃખ ક્ષમાની ખોટવાળા;
સોનું રૂપું જેમ સહે ઘણા ઘાવને રે, જોઈએ કાચને વળી રખવાળા.
ક્ષમાવંત૦ ॥ ૧ ॥
રૂપા સોનાનાં ભૂષણ સહુ પે'રી ફરે, એ તો અંગોઅંગમાં શોભા આપે;
કાચ ભાંગે તો કામ આવે નહિ રે, કટકા કોઈકનું તન કાપે.
ક્ષમાવંત૦ ॥ ૨ ॥
સર્પ સિંહ સ્વભાવવાળા સંત શિયા, જેની પાસે જાતાં પગ પડે પાછા;
અતિ અખતર[1] નર નરસા ઘણા રે, તેને કહેવું પડે તમે સંત સાચા.
ક્ષમાવંત૦ ॥ ૩ ॥
એ જેવી કે'વી દેવી નંદવાણા[2] તણી, રૂઠે તૂઠે[3] આપે સંતાપ સરખો;
નિષ્કુળાનંદ કહે નવ થાય ઓરતો રે,[4] જો પહેલા વહેલા એના પગ પરખો.
ક્ષમાવંત૦ ॥ ૪ ॥

## કડવું - ૬૧

**થોડી થોડી વાત કહી રાય ઋષિની કથીજી, જેમ છે તેમ તે કહેવાણી નથીજી**
**વિસ્તારે વાત સુણજો પુરાણથીજી, એ જેવા થયા કૈ અધિક એક એકથીજી**

એક એકથી અધિક થયા, કૈક ઋષિ કૈક રાજન ॥
તે પ્રસિદ્ધ છે પુરાણમાંયે, સહુ માનજો જન મન ॥ ૨ ॥

**૧.**દોઢ ડાયો; આડોડ **૨.**આ નામની બ્રાહ્મણોની એક જાતિ છે તેના માતાજી ખિજાય તો ખસ થાય ને રાજી થાય તો ધાધર થાય **૩.**ખીજે કે રીઝે **૪.**ધોખો; પસ્તાવો

કઠણ કસણી સહી શરીરે, કાઢ્યો મેલ માંહેલો માયાતણો ॥
ત્રણ ગુણ પંચવિષય વાસના, કર્યો ત્યાગ તેનો તને મને ઘણો ॥ ૩ ॥
અખંડ વરતે નિત્ય અંતરે, બાહ્ય દષ્ટિને સમેટી વળી ॥
જેમ વરસે જળ અચળ[1] પર, પણ નીચી ભૂમિએ આવે ઢળી ॥ ૪ ॥
તેમ વૃત્તિયો સર્વે વળી, મળી આવી તે અંતરમાંયે ॥
પછી મૂર્તિ મેલી મહારાજની, જાયે ન આવે ક્યાંયે ॥ ૫ ॥
માલ મળ્યો મોટો ઘણો ઘરમાં, તેના અમલનો આનંદ રહે ॥
મેલી ચંદન મળિયાગરુ, વળી વેઠે કોયલા[2] કોણ વહે ॥ ૬ ॥
એવાં સુખ સંસારનાં, જાણો કુચ્ય[3] કોયલા સમાન ॥
કાળપ્ય આપે ખંજોળી સંતાપે, વળી ના'પે સુખ નિદાન ॥ ૭ ॥
એવા સુખને અભાગિયા, રાત દિવસ રૂવે છે રહ્યા ॥
પણ વાત નથી વિચારતા, જે ઠાલે હાથે કૈક ગયા ॥ ૮ ॥
મહા દુઃખે જે સુખ મળે, તે પણ ટળી વળી જાય ॥
એવા સુખને અજ્ઞ જન વિન, કહો ભાઈ કોણ ચહાય ॥ ૯ ॥
એમ આગળ રાય ઋષિએ, સમજીને કીધો છે ત્યાગ ॥
નિષ્કુળાનંદ કહે નર અભાગીને, નથી ઊપજતો વૈરાગ ॥૧૦॥

## કડવું - ૬૨

**વૈરાગ્ય વિના તનસુખ ન તજાયજી, તનસુખ તજ્યા વિના હરિ ન ભજાયજી**
**હરિ ભજ્યા વિના ભક્ત ન નીપજાયજી, લીધી મેલી વાતે ભક્તપણું લજાયજી**

લજ્જા જાય આલોકમાં, પરલોકે પણ પહોંચે નહિ ॥
એવી ભક્તિ આદરતાં, કહો ભાઈ કમાણી સહી ॥ ૨ ॥

૧.પર્વત ૨.કોલસા ૩.કૂચા

જેમ કેશરિયાં કોઈ કરી ચાલે, ઘાલે કાખમાં કોળી તરણની ॥
કામ પડે કો' કેમ આવે, પ્રતીતિ એના મરણની ॥૩॥
જેમ સતી ચાલી બા'રે બળવા, ભેળાં ભરી લિયે જળ માટલાં ॥
આગ્ય લાગે ઊઠી ભાગશે, હોલવી તરણનાં ત્રાટલાં[1] ॥૪॥
**એમ ભક્ત થઈ ભગવાનનો, વળી કે'વાણો સહુથી ભલો ॥**
**પણ શરીર સુખરૂપી રાખિયો, મોટો મિયાંનો ગોખલો ॥૫॥**
જ્યારે વેચી હવેલી વિત્ત લઈ, ત્યારે આળિયાનો[2] શો અર્થ છે ॥
પણ દગો છે એના દિલમાં, જે અંતે કરવો અનર્થ છે ॥૬॥
એવા ભમરાળા ભક્ત ન થાયે, થાયે ભક્ત આગળ કહ્યા એવા ॥
જ્યારે સાત ભાત્યની કરી સુખડી, ત્યારે ન બગાડિયે કાચરિયે વિ'વા[3] ॥૭॥
દીધું આંધણ જ્યારે દૂધનું, તેહ માંહી મીઠું ઓરવું[4] નહિ ॥
ખાતાં ન ખવાય દૂધ જાય, કહો તેમાં કમાણી સહી ॥૮॥
ભલી ભક્તિ આદરી, પામવા પુરુષોત્તમ સહી ॥
પછી પંડ સુખને ઈચ્છવું, એ તો વાત બને નહિ ॥૯॥
ખાવો ભૈરવ જપને જ્યારે, ત્યારે ખસતું[5] ન મેલવું અંગ ॥
નિષ્કુળાનંદ જેમ દીવો દેખી, પાછો ન વળે પતંગ ॥૧૦॥

## કડવું - ૬૩

**હરિજનને છે એક મોટું જ્યાનજી, જો આવી જાયે અંગ અભિમાનજી**
**તો ન ભજાય કે દી ભગવાનજી, પંડ્ય પોષવા રહે એક તાનજી**

તાન રહે એક પંડ્ય પોષ્યાનું, ખાનપાનને રહે ખોળતા ॥
મળે તો મહાસુખ માને, ન મળે તો નાસે આંખ્યો ચોળતા ॥૨॥

**૧.**જથ્થાને **૨.**ગોખલાનો **૩.**લગ્નપ્રસંગ **૪.**નાંખવું **૫.**ધીરે-ધીરે લપસતું

જેમ ભાંડ[1] બાંડ[2] ના'વે ભીડ્યમાં, કુલક્ષણાની જાણે કળા ॥
સો સો વાતે ના'વે સાંકડ્યે,[3] વાદી વાદી[4] નાસી જાય વેગળા ॥ ૩ ॥

એમ નર અભાગિયા, કરે કળ છળ હુન્નર[5] હજાર ॥
અનેક રીતે આવવા વળી, ન દિયે અંગે અજાર ॥ ૪ ॥

**કર્મવશ કોટિ કષ્ટ સહે, રહે રાત દિવસ રોસિવડો[6] ॥**
**પણ સત્સંગમાં લેશ દુઃખ સહેતાં, જાય છે એનો જીવડો ॥ ૫ ॥**

અણ અર્થે અભાગિયો, દુર્મતિ અતિ દુઃખ ઘોત[7] ॥
પ્રભુ ભજતાં પગ ન માંડે, જેમ બેઠો કટિયે[8] કપોત[9] ॥ ૬ ॥

કોટિ કોટિ શાસ્ત્ર સાંભળ્યા, વળી કોટિ કોટિ સાંભળશે ॥
અજ આવી ઉપદેશ દેશે, તોય ભૂલ્ય એની કાંઈ ટળશે ॥ ૭ ॥

ગુરુ સહસ્ર ઘણું ઘણું, સમઝાવે છે સર્વે મળી ॥
પણ પકડ્યું પૂચ્છ નરે ખરનું, નથી મૂકતો વણશેલ[10] વળી ॥ ૮ ॥

આંટી પડી ઉરે અવળી, તે વાત ન સમઝે સવળી સહી ॥
ઝાલી ટેક ખાવા ઝેરની, તે મૂવા સુધી મૂકે નહિ ॥ ૯ ॥

મૂઠી વાળી જેમ મરકટે,[11] ચપટી ચણાને કાજ ॥
નિષ્કુળાનંદ ફંદ[12] પડિયો ગળે, પરવશ થયો પશુરાજ[13] ॥૧૦॥

## કડવું - ૬૪

**ધીરજાખ્યાન છે આનું નામજી, ધીરજવાળાનું સારશે કામજી**
**ગાશે સાંભળશે કરી હૈયે હામજી, તેહ જન પામશે પ્રભુનું ધામજી**

ધામ પામશે પ્રભુ તણું, જિયાં કાળ માયાનો ક્લેશ નહિ ॥

---

**૧.**નિર્લજ્જ; ખોટો માણસ **૨.**આબરૂ વિનાનો **૩.**ભીડામાં **૪.**તકરાર કરી-કરીને **૫.**ચાલાકી **૬.**રિસાયેલો, ધૂંધવાયેલો **૭.**વેઠે **૮.**તરપખડે (સુકાયેલ ઝાડની ડાળીએ) **૯.**હોલો **૧૦.**મૂરખ; અહંકારી **૧૧.**વાંદરાએ **૧૨.**ફાંસો; ગાળિયો **૧૩.**મૂર્ખનો રાજા

અટળ સુખ આનંદ અતિ, તે તો કોટિ કવિ ન શકે કહી ॥ ૨ ॥
દિવ્ય ભૂમિ દિવ્ય મંદિર, દિવ્ય દેહધારી ત્યાં જન રહે ॥
દિવ્ય પદારથ દિવ્ય વસ્તુ, દિવ્ય સુખ તે સહુ લહે ॥ ૩ ॥
દિવ્ય વસન દિવ્ય ભૂષણ, દિવ્ય સરવે સાજ સમાજ ॥
દિવ્ય સિંહાસન ઉપરે આપે, બેઠા શ્રી મહારાજ ॥ ૪ ॥
દિવ્ય પૂજા વળી દિવ્ય પુષ્પ, દિવ્ય ચંદન દિવ્ય મણિમાળ ॥
મહાસુખમય મૂરતિને, પ્રેમે પૂજે છે મરાળ[1] ॥ ૫ ॥
લઈ પૂજા નિજ જનની, થઈ પ્રસન્ન પુરુષોત્તમ ॥
પછી અમૃતભરી આંખ્યશું, જુવે છે સહુને પરબ્રહ્મ ॥ ૬ ॥
તેહ સમાનું સુખ સરવે, કે'તાં પણ કહેવાયે નહિ ॥
તેહ પામે છે સંત સાચા, વા'લાને વચને રહી ॥ ૭ ॥
વચનમાં જેહ વાસ કરી, રહ્યા છે રુદે રાજી થઈ ॥
તેની નજરમાં નર અમરનાં, સુખની ગણતી સઈ ? ॥ ૮ ॥
અનુપને ઉપમા ન આવે, અકળ તે ન કળાય ॥
અચળ તે ચળે નહિ, એવું એ સુખ કહેવાય ॥ ૯ ॥
એહ સુખ સહજે પામિયે, સંત વાળે તેમ જો વળિયે ॥
નિષ્કુળાનંદ નિર્ભય સુખથી, તુચ્છ સુખ સારુ શીદ ટળિયે ॥૧૦॥

**પદ-૧૬ (રાગ : કડખો)** **'શાંતિ પમાડે તેને સંત કહીએ' એ ઢાળ.**

ધન્ય ધન્ય ધન્ય કહું સાચા સંતને, જેણે રાજી કર્યા રાધા રમાપતિ...ધન્ય૦
માન અપમાનમાં મન હટક્યું નહિ રે, સમ વિષમે રહી એક મતિ.
ધન્ય૦ ॥ ૧ ॥

૧.સંતો; મુક્તો

સુખ દુઃખ સમતોલ સમઝ્યા સહી, અરિ મિત્રમાં રહી એક જ બુદ્ધિ;
સંપત્તિ વિપત્તિ સરખી સમ થઈ રે, સમઝ્યા સંત એમ વાત સુધી.
ધન્ય૦ ॥ ૨ ॥

હાર જીત ને હાણ વૃદ્ધિ જાણો વળી, હરખ શોકમાં નવ હસે રુવે;
ગાંધર્વ શહેર[૧] સમ સુખ સંસારનાં રે, મૃગજળ[૨] જોઈ સુખરૂપ જળ ખુવે.
ધન્ય૦ ॥ ૩ ॥

સ્વપ્નાની પૂજા[૩] પીડા સ્વપને રહી, તે જાગ્રતમાં એહ આવતી નથી;
નિષ્કુળાનંદ એમ સાચા સંત સમઝે રે, વિચારો સહુ કહું હું વાત કથી.
ધન્ય૦ ॥ ૪ ॥

**પદ-૧૭ (રાગ : ધોળ) 'મારી અવિચળ ચૂંકને રાખજો'** એ ઢાળ.

આજ આનંદ મારા ઉરમાં, મળી મને મહામોંઘી વાત રે
આનંદ મારા ઉરમાં...
કોટી કષ્ટ કરે હરિ નવ મળે, તે તો મને મળિયા સાક્ષાત રે.. આનંદ૦ ॥ ૧ ॥

રમાડ્યા જમાડ્યા રૂડી રીતશું, મળ્યા વળી વારમવાર રે.. આનંદ૦
હેતે પ્રીતે નિત્યે સુખ આપિયાં, તે તો કે'તાં આવે કેમ પાર રે.. આનંદ૦ ॥ ૨ ॥

અન્ન જળ ફળ ફૂલ પાનની, આપી એવી પ્રસાદી અનુપ રે..આનંદ૦
ચરણની છાપ દીધી છાતિયે, આપ્યાં સારાં વસ્ત્ર સુખરૂપ રે..આનંદ૦ ॥ ૩ ॥

આગળ ભગત અનેક થયા, સહ્યાં તેણે શરીરે બહુ દુઃખ રે..આનંદ૦
તોય પ્રભુ પ્રગટ પામ્યા નહિ, પામ્યા પણ નાવ્યાં[૧] આવાં સુખ રે..આનંદ૦ ॥ ૪ ॥

કોઈકને આપી અમરાવતી, કોઈકને પુર કૈલાસ રે..આનંદ૦
કોઈકને સત્યલોક સોંપિયું, કોઈકને વૈકુંઠે વાસ રે..આનંદ૦ ॥ ૫ ॥

**૧.**વાદળ, વરાળ કે ધૂમાડાદિકથી આકાશમાં રચાતું કાલ્પનિક નગર **૨.**ઝાંઝવાનું જળ
**૩.**આદર-સન્માન

જૂજવાં એ ધામ આપ્યાં જનને, જોઈ નિષ્કામ સકામ રે..આનંદ૦
આજ તો અઢળક ઢળ્યા હરિ, આપ્યું સહુને અક્ષરધામ રે..આનંદ૦ ॥ ૬ ॥

સુખસુખ સુખ જ્યાં સુખ ઘણું, તે તો મુખે કે'તાં ન કહેવાય રે..આનંદ૦
નિષ્કુળાનંદ એ આનંદમાં, હરખી હરખી ગુણ ગાય રે..આનંદ૦ ॥ ૭ ॥

**દોહા :**

ચોસઠ્ય કડવાં સાત એક સિંધુ,[૨] છે ચરણ વળી પદ સોળ; ॥
તેની ઉપર એક છે, વધામણાનું ધોળ. ॥ ૧ ॥

સંવત્ અઢાર નવાણુંવો, ચૈત્ર વદી દશમી દન; ॥
રચ્યો ગ્રંથ ગઢપુરમાં, સુણી સમરો શ્રીભગવન. ॥ ૨ ॥

*ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતં ધીરજાખ્યાનં સંપૂર્ણમ્ ।*

# ધીરજાખ્યાનં સમાપ્તમ્

**૧.**મળ્યા નહીં **૨.**સાતની સંખ્યા માટે સમુદ્ર વપરાય છે. એટલે કુલ ૭૧૭ ચરણ = કડીઓ છે

# હરિસ્મૃતિ

## :: ભૂમિકા ::

વેદોમાં કહ્યું છે કે, ***ईशावास्यमिदं सर्वं यत्किंच जगत्यां जगत् ।***
આ જગતમાં જે કાંઈ છે તે બધું જ ભગવાનથી ભરેલું છે.

***पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।***
***पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।।***

આ જે કાંઈ દેખાય છે તે તથા જે દેખાતું નથી એવું તમામ જડ-ચિદ્ પુરુષોત્તમ-નારાયણથી પરિપૂર્ણ જ છે. અર્થાત્ નિત્યનિર્લેપ તથા સદા પૂર્ણકામ એવા પૂર્ણ પુરુષોત્તમ સદા સર્વત્ર એવા ને એવા જ સાક્ષાત્ બિરાજમાન છે. જેઓ તેને અખંડ અનુભવે છે, તેમને તેનો અખંડ આનંદ પ્રાપ્ત થાય છે. જેઓ તેને જાણતા કે માણતા નથી, તેમને તેનો કોઈ જ ફાયદો નથી. એટલે જ આપણા ઈષ્ટદેવ ભગવાન શ્રીહરિએ કહ્યું છે કે, **“ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે તેથી કોઈ મોટી પ્રાપ્તિ નથી.”** (વચ.ગ.પ્ર.૧)

“એવી રીતે જે ભગવાનના ચરણારવિંદને વિશે પોતાના મનને રાખે તેને મરીને ભગવાનના ધામમાં જવું એમ નથી એ તો છતી દેહે જ ભગવાનના ધામને પામી રહ્યો છે.” (ગ.અંત્ય-૭)

આનો અર્થ એ થયો કે, ભગવાનમાં અખંડવૃત્તિ, ભગવાનની અખંડ અનુભૂતિ અને પુરુષોત્તમની પ્રાપ્તિ એ ત્રણેય એક જ બાબત છે.

આ અખંડવૃત્તિ સિદ્ધ કરવા માટેની જેમાં અનેક પ્રકારની પ્રેક્ટિકલ રીતો દર્શાવવામાં આવી છે. તેવો આ **‘હરિસ્મૃતિ’** ગ્રંથ અતિ અદ્‌ભુત છે. મૂર્તિરસના માલમીઓ આ શાસ્ત્રની પ્રત્યેક પંક્તિનું અમૃતની પેઠે પાન કરે છે. આ ગ્રંથની એક એક કડી હરિની સ્મૃતિ કરાવે છે. તેથી તેનું નામાભિધાન અતિ અન્વર્થ છે.

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથના અધ્યાયોનું નામ ‘ચિંતામણિ’ રાખ્યું છે. તે પણ અતિ સાર્થક છે. સન્ ૨૦૦૪માં વડોદરાને આંગણે ઉજવાયેલ **પ્રીતમપ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ** નિમિત્તે આ ગ્રંથના ૩૦ હજાર ઉપરાંત પાઠ કરનારા હજારો ભક્તોએ તેનો સાક્ષાત્ અનુભવ મેળવ્યો છે.

પૂ.સ્વામીશ્રીએ મહારાજની મૂર્તિનું, લીલાનું અને માહાત્મ્યનું વર્ણન કરી મૂર્તિમાં અખંડવૃત્તિ રખાવવાનો સફળ પ્રયોગ કર્યો છે.

આ ગ્રંથમાં સાત ચિંતામણિ તથા કુલ મળીને ૩૫૧ કડીઓ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुळानंदस्वामी रचित काव्य संग्रहे

# હરિસ્મૃતિ

## ૧. સ્વરૂપ ચિંતામણિ

**-: દોહા :-**

**મનોહર સુંદર મૂરતિ, સહજાનંદ સુખરૂપ ॥**
**નખશિખ સુધી નીરખતાં, આવે આનંદ અનુપ ॥ ૧ ॥**

પ્રથમ પ્રભુ પ્રગટને, રાખું હૃદયામાંય ॥
અંગોઅંગ અવલોકીને, અંતર રહું ઉછાય ॥ ૨ ॥

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

પુરુષોત્તમ પરમ દયાળ, નાથ નીરખ્યા છે ।
શ્રીભક્તિધર્મના બાળ, નાથ નીરખ્યા છે ॥

INDEX



સુખદાયી સહજાનંદ,નાથ૦। સત્સંગીના સુખકંદ,નાથ૦ ॥ ૩ ॥
અંગોઅંગમાં અવિનાશ,નાથ૦। તેણે હૈયે છે હુલાસ,[૧]નાથ૦ ॥
પ્રથમ પેખીને બે પાવ,નાથ૦। આવે અંતરે ઉછાવ,[૨]નાથ૦ ॥ ૪ ॥
અંબુજ[૩] અરુણ[૪] વર્ણ બે ચરણ,નાથ૦। હરિભક્તના ભયહરણ,નાથ૦ ॥
તેમાં શોભે ચિહ્ન સોળ,નાથ૦। અવલોકે સુખ અતોળ,નાથ૦ ॥ ૫ ॥
જમણા ચરણનાં ચિહ્ન જોઈ,નાથ૦। સ્વસ્તિ અષ્ટકોણ છે સોઈ,નાથ૦ ॥
વજ્ર અંકુશ ને ધ્વજ,નાથ૦। જવ જાંબુ કહિયે કંજ,[૩] નાથ૦ ॥ ૬ ॥
પગ બેહુમાં ઊર્ધ્વરેખ,નાથ૦। શોભે અતિશય વિશેષ,નાથ૦ ॥
પગ ડાબે ચિહ્ન સાત,નાથ૦। સદા સુખદાયી સાક્ષાત,નાથ૦ ॥ ૭ ॥
મત્સ ત્રિકોણ ને વ્યોમ,નાથ૦। કલશ ધનુષ ને સોમ,[૫]નાથ૦ ॥
ગોપદ સોતા ગણિયે સાત,નાથ૦। સોળે ચિહ્ન એહ વિખ્યાત,નાથ૦ ॥ ૮ ॥
જમણે અંગૂઠે નખમાંય,નાથ૦। શોભે ઊર્ધ્વરેખ એક ત્યાંય,નાથ૦ ॥
બેઉ પાવલિયા પુનિત,નાથ૦। ચોટે આંગળિયો જોઈ ચિત્ત,નાથ૦ ॥ ૯ ॥
જેવી અરુણ કમળની કળી,નાથ૦। એવી શોભે પગ આંગળી,નાથ૦ ॥
નખશ્રેણી મણિ સમ,નાથ૦। ઊપડતા ને રૂડા રમ્ય,નાથ૦ ॥૧૦॥
અંગૂઠા આંગળિયો બહુ સારી,નાથ૦। જોઈ અંતર લિયો ઉતારી,નાથ૦ ॥
આંગળી અંગૂઠા ઉપર,નાથ૦। શોભે ઝીણા રોમ સુંદર,નાથ૦ ॥૧૧॥
ફણા[૬] તણા લાંક[૭] જોઈ,નાથ૦। શોભે ઘુંટી ઘણું દોઈ,નાથ૦ ॥
ગોળ રંગચોળ બે પેની,નાથ૦। શું હું કહું શોભા તેની,નાથ૦ ॥૧૨॥
કાંડાં કોમળ બે કહીએ,નાથ૦। જંઘા જોઈને સુખ લઈએ,નાથ૦ ॥
પિંડી સરખી ને સુંવાળી, નાથ૦। નળી[૮] લાગે છે રૂપાળી, નાથ૦ ॥૧૩॥

---

**૧.**આનંદ **૨.**ઉમંગ **૩.**કમળ **૪.**લાલ **૫.**ચંદ્ર **૬.**પગની આંગળીઓ અને ઘૂંટી વચ્ચેનો ભાગ **૭.**વળાંક-મરોડ **૮.**ઢીંચણ-ઘૂંટી વચ્ચેનો નળો

જોયા જેવા છે બે જાનું,[1]નાથ૦। ઘૂંટણ નામ ધામ શોભાનું,નાથ૦ ॥
ડાબા જાનું પર ચિહ્ન જોઈ,નાથ૦। મારું મન રહ્યું છે મોહી,નાથ૦ ॥૧૪॥
ઊરુ[2] શોભે સુંદર સુંવાળા,નાથ૦। રંભાસ્થંભ[3] સાથળ રૂપાળા,નાથ૦ ॥
દુંદ ફાંદ દગે દેખી,નાથ૦। મારી ધન્ય કમાઈ લેખી,નાથ૦ ॥૧૫॥
કોમળ કટી કહીએ કેવી,નાથ૦। જોઈ અંતર ધાર્યા જેવી,નાથ૦ ॥
પે'રી વળ દેઈ પછેડી,નાથ૦। મારું મન બાંધ્યાની બેડી,નાથ૦ ॥૧૬॥
ઊંડી નાભિ ગોળ ગંભીર,નાથ૦। જોઈ જીવ ધરે છે ધીર,નાથ૦ ॥
પેટ રૂડું ને રૂપાળું,નાથ૦। પિપળપાન સમ સુવાળું,નાથ૦ ॥૧૭॥
ત્રિવળી પડે છે જો તેમાં,નાથ૦। પોયણ[4] સમ શીતળ સુખ જેમાં,નાથ૦ ॥
નળ[5] નીરખી મોહ્યું મન,નાથ૦। શોભે સુંદર શ્યામ સ્તન,નાથ૦ ॥૧૮॥
છબીદાર ઊપડતી છાતી,નાથ૦। પો'ળી રૂપાળી રંગરાતી,નાથ૦ ॥
હેતે ભર્યું અતિ હૈયું,નાથ૦। તે કેમ કરી જાય કહ્યું,નાથ૦ ॥૧૯॥
કૂખ પડખાં બે બગલું,નાથ૦। જોતા સુખ આવે છે ભલું,નાથ૦ ॥
ખભા ખૂબ જોયા મેં ખાંતે,નાથ૦। શોભા શું વખાણું વાતે,નાથ૦ ॥૨૦॥
ભુજા ભરી બેઉ બળે,નાથ૦। જોઈ જનમ મરણ ભય ટળે,નાથ૦ ॥
અતિ આજાનું[6] બે બાહુ,નાથ૦। જોઈ બલહારી હું જાઉં,નાથ૦ ॥૨૧॥
ગજ સૂંઢ સરીખી શોભે,નાથ૦। દેખી લોચન મારાં લોભે,નાથ૦ ॥
દિલ માન્યું જોઈ ડેડરિયો,[7]નાથ૦। ગોળ અતોળ વળભરિયો,નાથ૦ ॥૨૨॥
કોણી સુંદર શ્યામ સુંવાળી,નાથ૦। રૂડી લાગે છે રૂપાળી,નાથ૦ ॥
કળાઈ[8] કાંડાં કૈ'એ કરભ,[9]નાથ૦। જોઈ ગળે મીનમન ગરભ,[10]નાથ૦ ॥૨૩॥
હાથ હથેળી છે રાતી,નાથ૦। જોઈ રેખા ઠરે છે છાતી,નાથ૦ ॥

૧.ઢીંચણ ૨.સાથળ ૩.કેળના સ્થંભ જેવા ૪.રાત્રિ કમળ ૫.પેટની અંદરની નળી ૬.ઢીંચણ સુધી લાંબા(હાથ) ૭.કોણીથી કાંડા સુધીનો ઉપલો ભાગ ૮.કોણીથી કાંડા સુધીનો નીચલો ભાગ ૯.કાંડા અને ટચલી આંગળી વચ્ચેનો બહારનો ભાગ ૧૦.ગર્વ

પાંચે પાંચ આંગળિયો સારી,નાથ૦। વેઢા વિરા[૧] ઉપર વારી,નાથ૦ ॥૨૪॥
તસુ ટેરવાં છે રાતાં,નાથ૦। નથી કૈ'યે મે કે'વાતાં,નાથ૦ ॥
નખ લાલમણિ સમ સારા,નાથ૦। તે તો મને લાગે પ્યારા,નાથ૦ ॥૨૫॥
તીખા અગ્ર ને તેજસ્વી,નાથ૦। જોઈ જીવમાં ગયા વસી,નાથ૦ ॥
કર સુંદર સરખા બેઉ,નાથ૦। જોઈ દિલ ઉતારી લેઉં,નાથ૦ ॥૨૬॥
કંઠ કંબુ સમ અવલ,નાથ૦। તેના ખાડા વચ્ચે તલ,નાથ૦ ॥
ગળું રૂપાળું છે ઘણું,નાથ૦। રૂડું સુંદર સોયામણું,નાથ૦ ॥૨૭॥
દાઢી દેખી દિલડું ઠરિયું,નાથ૦। જોઈ વિષયસુખ વીસરિયું,નાથ૦ ॥
એવી ચિબુકે[૨] ચિત્ત ચોટે,નાથ૦। મન માન્યું મનોહર કોટે,[૩]નાથ૦ ॥૨૮॥
અધર પરવાળાં[૪] સમ પેખી,નાથ૦। દિલડું રીઝયું તેને દેખી,નાથ૦ ॥
હેતે ભરી વાણી હોઠે,નાથ૦। સુણી બીજે મન ન ગોઠે,નાથ૦ ॥૨૯॥
દેખી દાંતતણી આવળિયું,[૫]નાથ૦। કહીએ કુંદકુસુમની[૬] કળિયું,નાથ૦ ॥
રૂડા રૂપાળા રસભરિયા,નાથ૦। સારા સુવર્ણે સાંકરિયા,[૭]નાથ૦ ॥૩૦॥
રસનાયે છે રૂડી વાણી,નાથ૦। સુણી ચિત્તવૃત્તિ લોભાણી,નાથ૦ ॥
ચોખું બોલે છે ચતુરાયે,નાથ૦। સુણી વાણી પર બલજાયે,નાથ૦ ॥૩૧॥
મુખ ભર્યું મનોહર હાસે,નાથ૦। જોઈ જનમ મરણ દુઃખ નાસે,નાથ૦ ॥
નાસા અણિયાળી છે એવી,નાથ૦। શુકચંચુ[૮] દીપશગ[૯] જેવી,નાથ૦ ॥૩૨॥
તે પર શીળી ચિહ્ન નિહાળો,નાથ૦ જમણે ગાલે તિલ રૂપાળો,નાથ૦ ॥
ગૌર કપોળ[૧૦] છે ગોળ,નાથ૦। જોઈ આવે સુખ અતોળ,નાથ૦ ॥૩૩॥
કર્ણ હરણ દુઃખના કહિયે,નાથ૦। જોઈ મોટા સુખને લઈએ,નાથ૦ ॥
વામ કાને બિંદુ શ્યામ,નાથ૦। અતિ શોભે શોભાધામ,નાથ૦ ॥૩૪॥

**૧.**બે વેઢા વચ્ચેનો ભાગ **૨.**દાઢી ઉપરનો ભાગ **૩.**ડોકે **૪.**લાલ મણી **૫.**પંક્તિ **૬.**એક જાતના મોગરા જેવા ફૂલ **૭.**બાંધેલા **૮.**પોપટની ચાંચ **૯.**દીવાની જ્યોત **૧૦.**ગાલની ઉપરનો ભાગ

કાનબૂટે ચોટે ચિત્ત,નાથ૦। જોઈ મન થાય ચકિત,નાથ૦ ॥
વાંસો લાસો[1] વા'લો લાગે,નાથ૦। જોઈ તિલ મોટો દુઃખ ભાગે,નાથ૦ ॥૩૫॥
આંખ્યો મન ગમતી મર્માળી,નાથ૦। રાતી રેખાયે રૂપાળી,નાથ૦ ॥
અતિ ભરી છે અમૃતે,નાથ૦। નિહાળી જોઈ છે મેં નિરાંતે,નાથ૦ ॥૩૬॥
પાંપણ ઉપર કરચલિયું,નાથ૦। સારી શોભે છે બે ભલિયું,નાથ૦ ॥
ભ્રકુટિ નયણે નીરખી,નાથ૦। દીસે કામકમાન[2] સરખી,નાથ૦ ॥૩૭॥
ભાલ વચ્ચે રેખા રૂડી,નાથ૦। મારી મીટ તણી છે મૂડી,નાથ૦ ॥
મોટે ભાગ્યે ભર્યું ભાલ,નાથ૦। જોઈ લમણા છઉં નિહાલ,નાથ૦ ॥૩૮॥
નળવટ[3] જોઈ મન લોભાણું,નાથ૦। જાણ્યું દોયલા દિનનું નાણું,નાથ૦ ॥
કેશ કપાળ વચ્ચે કૈ'યે,નાથ૦। ચિહ્ન ચિંતવી સુખ લૈયે,નાથ૦ ॥૩૯॥
તાળુ રૂપાળું છે તેહ,નાથ૦। વાધે વિલોકે સનેહ,નાથ૦ ॥
સુંદર વાળ શ્વેત શ્યામ,નાથ૦। પેખી થાય પૂરણકામ,નાથ૦ ॥૪૦॥
શિખા સુંદર છે સારી,નાથ૦। નખશિખા પર બલિહારી,નાથ૦ ॥
એવી મૂર્તિ મિરાંથ[4] મારી,નાથ૦ લેઉં અંતરે ઉતારી,નાથ૦ ॥૪૧॥
શોભે નખશિખા શરીર,નાથ૦। ચિત્તે ચિંતવી ધરું ધીર,નાથ૦ ॥
પુષ્ટ અંગોઅંગ સુંદર,નાથ૦। મૂર્તિ મરમાળી મનહર,નાથ૦ ॥૪૨॥
મૂર્તિ ઘણી છે ઘનશ્યામ,નાથ૦। શાંત સ્વભાવે સુખધામ,નાથ૦ ॥
મહારાજની મૂર્તિ ન્યારી,નાથ૦। કરચરણાદિક પર વારી,નાથ૦ ॥૪૩॥
અંગોઅંગે અવલોકી,નાથ૦। આવે આનંદ અલોકી,નાથ૦ ॥
નખશિખા સુખની ખાણી,નાથ૦। જીભે જાય નહિ વખાણી,નાથ૦ ॥૪૪॥
એવી મૂર્તિ મનરંજન,નાથ૦। ચિત્તે ચિંતવું છું નિશદિન,નાથ૦ ॥
પ્રથમ પોઢી જાગે જ્યારે,નાથ૦। જોઈ જન મગન મન ત્યારે,નાથ૦ ॥૪૫॥

**૧.**સુંવાળો **૨.**કામદેવનું ધનુષ્ય **૩.**નેણ ઉપરનો ભાગ **૪.**મૂડી

દિયે દર્શન દીનદયાળ,નાથ૦। નિજભક્તના પ્રતિપાળ,નાથ૦ ॥
પછી દેહક્રિયા કરી આવે,નાથ૦। હાથ મૃત્તિકાયે મટીયાવે,[૧]નાથ૦ ॥૪૬॥
ચોળી એકુકી આંગળિયો,નાથ૦। ધોઈ શુદ્ધ કરે સઘળિયો,નાથ૦ ॥
પછી દાતણ કરતા શ્યામ,નાથ૦। મુખ ધોઈ લો'તા સુખધામ,નાથ૦ ॥૪૭॥
વતુ કરાવતાં વળી,નાથ૦। નખ લેતાં દશ આંગળી,નાથ૦ ॥
અંગે અત્તાર ચોળેલ,નાથ૦। તેલ સુગંધી ફુલેલ,[૨]નાથ૦ ॥૪૮॥
વળી નાતા ઉન્હે નીરે,નાથ૦। લુ'તાં લાસુ પટ શરીરે,નાથ૦ ॥
બીજું પે'રે કોરું પટ,નાથ૦। ચઢતાં ચાંખડિયે ચટ,નાથ૦ ॥૪૯॥
ઓઢી પછેડી પાવન,નાથ૦। આવ્યા જમવાને જીવન,નાથ૦ ॥
બેઠા ચાકળે અવિનાશ,નાથ૦। હતો નિષ્કુળાનંદ પાસ,નાથ૦ ॥૫૦॥

*ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે પ્રથમઃ ચિંતામણિઃ ॥૧॥*

## ૨. થાળ ચિંતામણિ

### -: દોહા :-

ભોજન બહુ રસે ભર્યાં, જુગતે કરિયાં જેહ ॥
આણ્યાં ચોકી[૩] ઉપરે, તાજાં જમવા તેહ ॥ ૧ ॥
પાક બહુ પ્રકારના, વિધવિધના વ્યંજન ॥
પુર્યા કટોરા પ્રેમશું, જુગતે જમે જીવન ॥ ૨ ॥

### -: ચોપાઈ ધ્રુવપદી :-

મોદક મગદળ ને મોતિયા, જમતાં જોયા છે ।
લાખણસાઈ[૪] ને સેવૈયા,[૫] જમતાં જોયા છે ॥

**૧.**સાફ કરી આવે **૨.**ફૂલની સુગંધથી સુવાસિત કરેલ તેલ **૩.**નાનો બાજોઠ **૪.**બુંદીના લાડુ
**૫.**ચુરમાના લાડુ/ઘઉંના લોટની સેવ

તળિયા બળિયા માંય તેજાના,જમતાં૦। કાજુ કળિયા મનમાન્યા,જમતાં૦ ॥ ૩ ॥
પેંડા પતાસાં ને પૂરી,જમતાં૦। સૂતરફેણી ને સાબુડી,[૧]જમતાં૦ ॥
શક્કરપારા સેવ સુંવાળી,[૨]જમતાં૦। પૂરી કચોરી રૂપાળી,જમતાં૦ ॥ ૪ ॥
હલવો હરિસો[૩] રસાળો,જમતાં૦। ગેબર ગુંદરપાક રૂપાળો,જમતાં૦ ॥
ગગન[૪]ગાંઠિયા ગુંદવડી,[૫]જમતાં૦। ગળાસાટા ગળપાપડી,[૬]જમતાં૦ ॥ ૫ ॥
શીરો સાથુ સાકર ચણા,જમતાં૦। મુરકી મુરબો મેસુબ ઘણા,જમતાં૦ ॥
માલપુડા સાકરતણા,જમતાં૦। બરફી બીરંજ એલચીદાણા,જમતાં૦ ॥ ૬ ॥
બાટી બાજરા ઘઉંની,જમતાં૦। ઘણા ઘીમાં બોળી ઉની,જમતાં૦ ॥
ખાજાં ખીર ખુરમા ગોળા,જમતાં૦। દૂધપાક દહીથરાં[૭] બો'ળા,જમતાં૦ ॥ ૭ ॥
માખણ મહી દહીંવડાં,જમતાં૦। ચૂરમું લાપસી બે રૂડાં,જમતાં૦ ॥
કંસાર બાસુંદિયો ભલી,જમતાં૦। કેરી રસ રૂડી રોટલી,જમતાં૦ ॥ ૮ ॥
પૂડલા ને પૂરણપોળી,જમતાં૦। રેવડી પકોડી બોળી,જમતાં૦ ॥
ગુલાબ ટોપરાંના પાક,જમતાં૦। જલેબી ને સુંદર શાક,જમતાં૦ ॥ ૯ ॥
જાર બાજરી બાવટ[૮] પોળી,[૯]જમતાં૦। ઘીમાં ઘઉંની ઝબોળી,જમતાં૦ ॥
મઠ જવના રોટલા,જમતાં૦। ચીણા ચણાના બહુ ભલા,જમતાં૦ ॥૧૦॥
સુગંધી ભાત ને ખીચડી,જમતાં૦। કોદરી કાંગવું[૧૦] ને કડી,[૧૧]જમતાં૦ ॥
જાર બાજરાનું ધાન,જમતાં૦। સામો બંટીનું નિદાન,જમતાં૦ ॥૧૧॥
રોટલી ને ગળવાણું,[૧૨]જમતાં૦। અવલપાક આંબલવાણું,[૧૩]જમતાં૦ ॥
રાતાં મરચાં ને રોટલા,જમતાં૦। મગ ચણાના પૂડલા,જમતાં૦ ॥૧૨॥
અડદ મગ ચણાની દાળ,જમતાં૦। તુવેર મેસુરની દયાળ,જમતાં૦ ॥
વાલ મઠ ને વટાણા,જમતાં૦। કાજુ કળથી ચોળા દાણા,જમતાં૦ ॥૧૩॥

---

**૧.**સાબુદાણાની ખીર **૨.**મેંદાના લોટની ગળી પૂરી **૩.**ચોખાની વાનગી **૪.**ગણગણ **૫.**ગુલાબજાંબુ **૬.**સુખડી **૭.**મોણ નાંખીને તળેલી પોચી પૂરી **૮.**લાલ દાણાનું અનાજ **૯.**પાતળી રોટલી **૧૦.**કાંગની બનાવેલ વાનગી **૧૧.**કઢી **૧૨.**ગળી રાબ **૧૩.**આંબલીનુ શરબત

વૃંતાક વાલોળ વળી,જમતાં૦। સારાં સૂરણ ઘીમાં તળી,જમતાં૦ ।।
સારાં શક્કરિયાનાં શાક,જમતાં૦। વઘાર્યા હાથે શું વૃંતાક,જમતાં૦ ।।૧૪।।

રૂડાં રતાળું પતાળું,[૧] જમતાં૦। પરવર પાપડી દયાળું,જમતાં૦ ।।
કેરાં કારેલાં કંકોડાં,જમતાં૦। કોળા ચીકણ[૨] ને ચીભડાં,જમતાં૦ ।।૧૫।।

ગલકાં ગવાર ને ઘિસોડા,જમતાં૦। શાક સાંગરીઓનાં[૩] રૂડાં,જમતાં૦ ।।
ભીંડાફળી વળી ડોડા,જમતાં૦। ચોળાફળી ને ચીચોડાં,[૪] જમતાં૦ ।।૧૬।।

નઈ[૫] દૂધિયાં ને ટીંડોરા,જમતાં૦। કાજુ કરેલ તે કોરા,જમતાં૦ ।।
ભરથ[૬] ભર્યાં ઘણા ઘીનાં,જમતાં૦। રૂડાં રાઈતાં રાઈનાં,જમતાં૦ ।।૧૭।।

કોમળ કૂબી ને કોચલાં,[૭]જમતાં૦। શાક એક એકથી ભલાં,જમતાં૦ ।।
તાજાં તરબૂચ પંડોળાં,જમતાં૦। શાક સારાં સુંદર બો'ળા,જમતાં૦ ।।૧૮।।

રસે ભર્યાં રૂડાં કહિયે,જમતાં૦। સીમા શાક તણી ન લહિયે,જમતાં૦ ।।
ભર્યા હળદર હવેજે,જમતાં૦। વળી બહુ મસાલે બીજે,જમતાં૦ ।।૧૯।।

ટાંકા તાંદળિયાની ભાજી,જમતાં૦। સારા સુવા તલવણી તાજી,જમતાં૦ ।।
મેથી મોરણની પણ સારી,જમતાં૦। ભીંડા ડોડીની વઘારી,જમતાં૦ ।।૨૦।।

મૂળા કરલીની પણ કરી,જમતાં૦। વળી મીઠું ને મોગરી,જમતાં૦ ।।
લૂણી ચીલ ને ચણેચી,જમતાં૦। જમે પોતે આપે વેં'ચી,જમતાં૦ ।।૨૧।।

ભાજી તાજી રાઈ સારી,જમતાં૦। ઘણે ઘી જીરે વઘારી,જમતાં૦ ।।
અજમો પોઈ પત્રવેલાં,જમતાં૦। ભજીયા અળવીનાં કરેલાં,જમતાં૦ ।।૨૨।।

કોળાં વૃંતાક ને આદુ,જમતાં૦। ભજિયા રતાળુંનાં સ્વાદુ,જમતાં૦ ।।
ભર્યાં હવેજે ભજિયા,જમતાં૦। કંઈ કહ્યાં ને કંઈ રહ્યાં,જમતાં૦ ।।૨૩।।

ફાફડા ને વડાં વડી,જમતાં૦। કળી[૮] ગાંઠિયા ફૂલવડી,જમતાં૦ ।।
પાપડ અડદ ને મગના,જમતાં૦। ઝીણા લોટની સગના,જમતાં૦ ।।૨૪।।

---

**૧.**ગાજર **૨.**એક જાતની કાકડી **૩.**ખીજડાની શીંગ **૪.**કારેલા જેવું શાક **૫.**પાતળી લાંબી દૂધી **૬.**મસાલા **૭.**સુકવણી શાક **૮.**સેવ

જાર બાજરાના સારા,જમતાં૦। જમતાં પાપડ લાગે પ્યારા,જમતાં૦ ॥
માસુખ મઠનાં મઠિયાં,જમતાં૦। લાગે ફરસાં[1] ન જાય કહ્યાં,જમતાં૦ ॥૨૫॥
ચણા વાલના લીલવા,જમતાં૦। પય સરકરા ને પૂંવા,જમતાં૦ ॥
વળી અવલ જો અથાણાં,જમતાં૦। ધર્યાં વાટકામાં ઘણાં,જમતાં૦ ॥૨૬॥
કેરી રાયતી રૂપાળી,જમતાં૦। બીજી બોળેલ રસાળી,જમતાં૦ ॥
લીંબુ બીલીનાં બનાવ્યાં,જમતાં૦। લીલી હળદીનાં મન ભાવ્યાં,જમતાં૦ ॥૨૭॥
કેરાં કરપટાં[2] કર્મદાં,જમતાં૦। ગરમર વાંસનાં રાઈજાદાં,[3]જમતાં૦ ॥
આરિયાં[4] આમળાં ને આદુ,જમતાં૦। ખરાં ખારેકનાં સ્વાદુ,જમતાં૦ ॥૨૮॥
મરચાં ગુંદાં ને સેલરાં,[5] જમતાં૦। કાજુ મૂળ કંદ કેરાં,જમતાં૦ ॥
વૃંતાક પતાળુનાં વળી,જમતાં૦। બાવળ ગુવારની ફળી,જમતાં૦ ॥૨૯॥
કોઠીંબાની[6] જે કાચલિયો,જમતાં૦। બીજી હળદી તેલે ભરિયો,જમતાં૦ ॥
લીંબુ રસ રૂડા નાંખી,જમતાં૦। સુંદર સારી આગે રાખી,જમતાં૦ ॥૩૦॥
આંબુવાનાં[7] જે અથાણાં,જમતાં૦। બોળ્યાં સરસિયામાં ઘણાં,જમતાં૦ ॥
મૂળ સર્ગવાનાં સ્વાદે,જમતાં૦। ઉત્તમ અથાણાં એ આદે,જમતાં૦ ॥૩૧॥
મેથી લવિંગ ને મરિયાં,જમતાં૦। લીંબુ ખારેકમાં ભરિયાં,જમતાં૦ ॥
મીઠું હળદર ને ધાણા,જમતાં૦। ભેળાં આથેલ અથાણાં,જમતાં૦ ॥૩૨॥
આથ્યાં અદ્રક ને કટેરાં,[8]જમતાં૦। વળી ચટણી વેરમવેરાં,[9]જમતાં૦ ॥
એવાં અથાણાં અનેક,જમતાં૦। વિધવિધના વિષેક,જમતાં૦ ॥૩૩॥
કુર[10] કરમલડો[11] કરિયાં,[12]જમતાં૦। તલસાંકળી જાજરિયાં,[13]જમતાં૦ ॥
ઘૃત દૂધ દહીંની તર,જમતાં૦। શ્વેત ભાત ને સાકર,જમતાં૦ ॥૩૪॥
સાકર રાબ સાકર પાણી,જમતાં૦। મગજળ ઘી તીખાં વખાણી,જમતાં૦ ॥

**૧.**સ્વાદિષ્ટ **૨.**કાંકડના ઝાડના ફળનું અથાણું **૩.**શ્રેષ્ઠ **૪.**કૂંણા ચીભડાં **૫.**કુંવાર નામની વનસ્પતિની ડાંડલીઓ **૬.**કડવાં ચીભડાં **૭.**આમળા **૮.**કંથા નામના ઝીણા બોરનું અથાણું **૯.**વારંવાર **૧૦.**રાંધેલા ભાત **૧૧.**દહીંભાત **૧૨.**કઢી **૧૩.**પોંકનો લાડુ

લીંબુરસ મરિયાં વારિ,જમતાં૦। સાંઠા શેરડિયો પણ સારી,જમતાં૦ ॥૩૫॥
ઉભા દર્શન કરવા દાસ,જમતાં૦। આપ્યા મહાસુખ મુખવાસ,જમતાં૦ ॥
લાવ્યા લવિંગ સોપારી,જમતાં૦। જાયફળ એલચી સારી,જમતાં૦ ॥૩૬॥
કાથો ચૂનો પાકાં પાન,જમતાં૦। બીડી સમારી સમાન,જમતાં૦ ॥
સુવા સૂંઠ્ય ને સંચળ,જમતાં૦। મરી અજમો જે અવલ,જમતાં૦ ॥૩૭॥
બુંદ[૧] આદુ ને વરિયાળી,જમતાં૦। તજ જાવંત્રી તમાલી,જમતાં૦ ॥
આપ્યા મુખેથી મુખવાસ,જમતાં૦। પામ્યા તંબોળ તે દાસ,જમતાં૦ ॥૩૮॥
પછી આણ્યાં સુંદર ફળ,જમતાં૦। અતિ સ્વાદુ ને નિર્મળ,જમતાં૦ ॥
લાવી દાસે પાસે ધરિયાં,જમતાં૦। રૂડાં રૂપાળાં રસભરિયાં,જમતાં૦ ॥૩૯॥
જાંબુ લીંબુ પાકી કેરી,જમતાં૦। સારાં કેળાં જે સોનેરી,જમતાં૦ ॥
દેખી દાડમ બેદાણે,[૨] જમતાં૦। સ્વાદુ સીતાફળ વખાણે,જમતાં૦ ॥૪૦॥
જામફળ જોયા જેવાં,જમતાં૦। રામફળ પણ એવાં,જમતાં૦ ॥
રાણ્યો સુડિયાં[૩] ને બોર,જમતાં૦। સારાં જમે ધર્મકિશોર,જમતાં૦ ॥૪૧॥
પીલું શેતૂ તરસાળું,[૪] જમતાં૦। બીલાં નારંગી દયાળુ,જમતાં૦ ॥
ડોડાં અંજીર અનુપ,જમતાં૦। ખારેક ખજૂર રસરૂપ,જમતાં૦ ॥૪૨॥
ટોપરાં ને કાજુકળિયા,જમતાં૦। દ્રાક્ષ નીલવા[૫] જે ગળિયા,જમતાં૦ ॥
રૂડાં બદામ સિંગોડાં,જમતાં૦। મગ ચારોળી જે રૂડાં,જમતાં૦ ॥૪૩॥
કમળનાળ કુંણા જોઈ,જમતાં૦। ગુલાબ ગુલસુબા ફૂલ[૬] સોઈ,જમતાં૦ ॥
શ્રૃંગીવિષતરુનાં[૭] પાન,જમતાં૦। જેઠીમધ[૮] ડોડી નિદાન,જમતાં૦ ॥૪૪॥
ચણેચી ચીભડાં ને ચોળા,જમતાં૦। રાઈ મોગરી ને મૂળા,જમતાં૦ ॥
મેથી મૂળાની ડાંડલિયો,જમતાં૦। કૂણી નર્મ કાજું ભલિયો,જમતાં૦ ॥૪૫॥

**૧.**ટૂકડો **૨.**દ્રાક્ષ **૩.**વેલામાં થતી એક પ્રકારની શીંગ **૪.**લાંબા ચીભડા જેવું ફળ **૫.**કાળી દ્રાક્ષ **૬.**ગુલછડી **૭.**શીંગડિયો વછનાગ **૮.**ઔષધીમાં ઉપયોગી એવા ગળ્યાં મૂળિયાં

મીઠું મરી જીરું તાજું,જમતાં૦। જમે કાકડિયો જોઈ કાજું,જમતાં૦ ॥
દાળ દાળિયા ને મમરા,જમતાં૦। ધાણી બાજરી તલ ખરા,જમતાં૦ ॥૪૬॥
પોંક બાજરા ઘઉંનો,જમતાં૦। ચણા ગુદલીનો[1] ઉનો,જમતાં૦ ॥
મકાઈ ને બહુ મેવા,જમતાં૦। પ્રદેશી મગ ચણા કેવા,જમતાં૦ ॥૪૭॥
કાજુ કરા ટાઢા હીમ,જમતાં૦। કોમળ નિર્મળ લૈલિમ,જમતાં૦ ॥
પાકાં ચીભડાં રસાળું,જમતાં૦। પાકી આંબલી દયાળું,જમતાં૦ ॥૪૮॥
ફણસ બિજોરાંના કળિયા,જમતાં૦। લાગે અન્નાસના ગળિયા,જમતાં૦ ॥
ગુંદાં કર્મદાં ટીંબરવાં,જમતાં૦। પીપર મઘ કોઠાં ને મરવા,[2] જમતાં૦ ॥૪૯॥
મીંઢી આવળ મરચાં રાતાં,જમતાં૦। કઠણ બહુ કસ્તુરી ખાતાં,જમતાં૦ ॥
થેગ કંદ[3] ચંદ પોળી,જમતાં૦। જાય નિષ્કુળાનંદ ઘોળી,[4] જમતાં૦ ॥૫૦॥

*ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે દ્વિતીયઃ ચિંતામણિઃ ॥૨॥*

# 3. લીલા ચિંતામણિ

**-: દોહા :-**

કરપતર થાળી થાળમાં, ત્રાંસળી કટોરા ત્રાંસ ॥
પનવાડાં પડિયા વાટકા, જમ્યા કનક ઠામે અવિનાશ ॥ ૧ ॥
અબખોરા કટોરા કળસિયા, કઠારી ઝારી તુંબ કમંડળ ॥
ચળુ કરી ચતુરાઈશું, પીધાં નિરમળ જળ ॥ ૨ ॥

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

દાંત સુધારી[5] બેઠા પાટે, ભૂધર ભાળ્યા છે ।
આવ્યા જન પૂજવા માટે, ભૂધર ભાળ્યા છે ॥

**૧.**જુવારનો **૨.**કાચી કેરી **૩.**નાગરમોથ **૪.**વારી જાય-વશ થઈ જાય **૫.**ખોતરી

ચરચે ચંદન મળિયાગરે,ભૂધર૦। કુંકુમ કસ્તુરી કેસરે,ભૂધર૦ ॥ ૩ ॥
સારી સુખડ શરીરે,ભૂધર૦। જને ચરચી ધીરે ધીરે,ભૂધર૦ ॥
કર્યાં કુંકુમના ચાંદલા,ભૂધર૦। શોભે ચોખા ચોડ્યા ભલા,ભૂધર૦ ॥ ૪ ॥
હૈયે લલાટે બે હાથે,ભૂધર૦। કર્યાં તિલક ચંદ્ર સાથે,ભૂધર૦ ॥
અંગે અંબર વિના રે'તા,ભૂધર૦। દિગંબર દર્શન દેતા,ભૂધર૦ ॥ ૫ ॥
વનકળ[૧] વાઘાંબર સુંદરે,ભૂધર૦। મૃગાજિન ટાટાંબરે,ભૂધર૦ ॥
પછી કોપીન કટવેડે,[૨]ભૂધર૦। રાખી અલફી તાર કેડે,ભૂધર૦ ॥ ૬ ॥
ગોદડી ચાદર ચોફાળે,ભૂધર૦। દીધાં દરશન દયાળે,ભૂધર૦ ॥
ખેસ ધોતી પોતી પે'રી,ભૂધર૦। ગૂઢે રેંટે ફેંટે લે'રી,ભૂધર૦ ॥ ૭ ॥
સુરવાળ ગૂડકી[૩] જામે,ભૂધર૦। જોઈ અંગરખી દુઃખ વામે,ભૂધર૦ ॥
પે'રી આંગી[૪] અંગે વા'લે,ભૂધર૦। કસી કમર દુશાલે,ભૂધર૦ ॥ ૮ ॥
ડગલી સોનેરી રૂપેરી,ભૂધર૦। કિનખાપની[૫] જો પે'રી,ભૂધર૦ ॥
ડગલી જરીની પે'રેલ,ભૂધર૦। બોરકસુની[૬] બાંધેલ,ભૂધર૦ ॥ ૯ ॥
પટુ[૭] પાંબરી[૮] ચકમે,[૯]ભૂધર૦। શાલ દુશાલે દુઃખ શમે,ભૂધર૦ ॥
બોરીચોફાળ[૧૦] રૂમાલે,ભૂધર૦। પે'ર્યો રાતો રેંટો[૧૧] વાલે,ભૂધર૦ ॥૧૦॥
ડગલી ગરમ પોસની પે'રિયે,ભૂધર૦। પાઘ કસુંબી સોનેરિયે,ભૂધર૦ ॥
વસ્ત્ર અત્તરમાં રસબસે,ભૂધર૦। બોકાની પાઘડિયે ધસમસે,ભૂધર૦ ॥૧૧॥
મુગટ કુંડળ મોલિડે,ભૂધર૦। કસુંબી ફેંટે કંકોલીડે,[૧૨]ભૂધર૦ ॥
પાઘ મુગલી[૧૩] મરેઠિયે,ભૂધર૦। સુરતી કાઠીની સોરઠિયે,ભૂધર૦ ॥૧૨॥
ટોપી કચ્છ કેવડા ફૂલની,ભૂધર૦। ગુંજા[૧૪] જરિયાન મહામૂલની,ભૂધર૦ ॥

**૧.**શણનું કાપડ **૨.**કેડ પર બાંધેલ વસ્ત્રનો ટૂકડો **૩.**ચોરણી **૪.**કસુવાળી કફની **૫.**જરીબુટાનું વસ્ત્ર **૬.**બટનવાળી દોરીથી **૭.**ગરમ કપડું **૮.**પછેડી **૯.**ઊનનું જાડું કપડું **૧૦.**ચોકડી પાડેલ ઓઢવાનો ચોફાળ **૧૧.**કમરે બાંધવાનું વસ્ત્ર **૧૨.**લાલ રંગ **૧૩.**મોગલ/મરાઠાની પાઘડી **૧૪.**ચણોઠી

તોરા ગજરા બાજુએ,ભૂધર૦। કંકણ ફૂલ ને કાજુએ,ભૂધર૦ ॥૧૩॥
ગુંજા રતાંજળી[1] હારે,ભૂધર૦। અર્ક અનકણના અપારે,ભૂધર૦ ॥
ગુલાબ ગુલદાવદી માલે,ભૂધર૦। ચંપા ચમેલી વિશાલે,ભૂધર૦ ॥૧૪॥
ગુલસુમના[2] ગોટા હજારી,ભૂધર૦। ફેંટો ફૂલપછેડી ધારી,ભૂધર૦ ॥
હીરા મોતી મણિ માળે,ભૂધર૦। પના પીરોજા પ્રવાળે,ભૂધર૦ ॥૧૫॥
ફૂલ કપૂર ને હારે,ભૂધર૦। બાજુ તોરા પવિત્રાં સારે,ભૂધર૦ ॥
સોના પાઘ સોના ઝરમરિયાં,[3]ભૂધર૦। છોગાં પણ સોનેરી ધરિયા,ભૂધર૦ ॥૧૬॥
તોરા શિરપેચ[4] સોનાને,ભૂધર૦। ખોસ્યાં ફૂલ સોનાનાં કાને,ભૂધર૦ ॥
સોના દોરો સોનાસાંકળિયે,ભૂધર૦। સોના માળા સોનામાંદળિયે,ભૂધર૦ ॥૧૭॥
હાર કંઠી પણ કનકને,ભૂધર૦। બલિહારી એ બાનકને,[5]ભૂધર૦ ॥
હીરા સાંકળી ઝૂમણું,[6]ભૂધર૦। શોભે કાને કુંડળ ઘણું,ભૂધર૦ ॥૧૮॥
સોના બાજુ સોના કડે,ભૂધર૦। પોંચી વેઢ વીંટી નંગ જડ્યે,ભૂધર૦ ॥
કરડા[7] ફેરવા[8] અંગૂઠી,ભૂધર૦। મુદ્રિકા સોનાની દીઠી,ભૂધર૦ ॥૧૯॥
કટી મેખળા[9] ને તોડો,ભૂધર૦। શોભે સોનાનો તે રૂડો,ભૂધર૦ ॥
પે'રી રૂપાની ચાંખડિયે,ભૂધર૦। એવા દીઠા છે આંખડિયે,ભૂધર૦ ॥૨૦॥
ઘમકે ઘુઘરિયો ખડાયે,[10]ભૂધર૦। ચડતાં પગથિયે ચડાયે,[11]ભૂધર૦ ॥
પે'રી કમળફૂલવાળી,ભૂધર૦। ચમકે ચંપાની રૂપાળી,ભૂધર૦ ॥૨૧॥
સાગ સીસમની પણ સારી,ભૂધર૦। ચરણે ચાંખડિયો ચમકારી,ભૂધર૦ ॥
કિશોરી[12] સૂતર ને વાણે,[13]ભૂધર૦। મોજડી ઓખાઈ અણવાણે,[14]ભૂધર૦ ॥૨૨॥
ખાટ્ય પાટ્ય ને પલંગે,ભૂધર૦। બેઠા ઢોલિયે ઉમંગે,ભૂધર૦ ॥
છપર પલંગ ખાટલે,ભૂધર૦। ખુરશી બાજોઠ પાટલે,ભૂધર૦ ॥૨૩॥

---

**૧.**રક્તચંદન **૨.**જૂઈનું ફૂલ **૩.**હળવું વસ્ત્ર **૪.**પાઘડી ઉપરની કલગી **૫.**પહેરવેશ **૬.**કાનમાં પહેરવાનું ઘરેણું **૭,૮.**આંગળીઓનાં ઘરેણાં **૯.**કંદોરો **૧૦.**પાદુકામાં **૧૧.**ઊંચે માર્ગે **૧૨.**જોડાની જાત **૧૩.**પગરખાં **૧૪.**ઉઘાડે પગે

સાંગામાંચી સિંહાસને,ભૂધર૦। ગાદી ચાકળે આસને,ભૂધર૦ ॥
મેડે મંચે ડોલ[1] હીંડોલે,ભૂધર૦। ગોખ વા'ણ વંડી દેવાલે,[2] ભૂધર૦ ॥૨૪॥

કૂબા ઘર મેડી હવેલી,ભૂધર૦। બેઠા બંગલે શંકા મેલી,ભૂધર૦ ॥
મંદિર મંડપ દલિચા[3] દેરે,ભૂધર૦। તંબુ રાવટીએ બહુવેરે,ભૂધર૦ ॥૨૫॥

અટારી અગાશી જાળિયે,ભૂધર૦। બેઠા મોહનજી માળિયે,ભૂધર૦ ॥
ઓટે ઓસરી પડસાળે,[4]ભૂધર૦। દીધાં ત્યાં દરશન દયાળે,ભૂધર૦ ॥૨૬॥

બેઠા ચોક ફળી ચોતરે,ભૂધર૦। છાંટી ભૂમિ ફુવારા ભરે,[5] ભૂધર૦ ॥
સારી આસણી[6] સાદરિયે,ભૂધર૦। દરશન કામળી પર કરીએ,ભૂધર૦ ॥૨૭॥

ગોદડી ગોદડાં ગાદલાં,ભૂધર૦। ત્યાં દરશન થયાં છે ભલાં,ભૂધર૦ ॥
ઝાડ પા'ડ ને પાષાણે,ભૂધર૦। બેઠા ભૂમિ પર જન જાણે,ભૂધર૦ ॥૨૮॥

ગાડી વે'લ રથ પાલખિયે,ભૂધર૦। મૂર્તિ મેને[7] બેઠી લખિયે,ભૂધર૦ ॥
ગાડું ચારટ[8] સુખપાલે,ભૂધર૦। જુવે જન વા'લાને વા'લે,ભૂધર૦ ॥૨૯॥

કરિ[9] કરલિએ[10] બહુ બાજે,[11]ભૂધર૦। સોનેરી સખલાદિ[12] સમાજે,ભૂધર૦ ॥
બેઠા નિજ સેવકને અંસે,[13]ભૂધર૦। જેમ બ્રહ્મા બેઠા હંસે,ભૂધર૦ ॥૩૦॥

એક સમામાં મુનિ મળી,ભૂધર૦। આવ્યા પૂજા કરવા વળી,ભૂધર૦ ॥
વસ્ત્ર ઘરેણાં પે'રાવી,ભૂધર૦। ચરચ્યાં ચંદન સુંદર લાવી,ભૂધર૦ ॥૩૧॥

ધૂપ દીપ પુષ્પહારે,ભૂધર૦। કરી પૂજા બહુ પ્રકારે,ભૂધર૦ ॥
પછી ઉતારી આરતિ,ભૂધર૦। કરી ધૂન્ય સ્તુતિ અતિ,ભૂધર૦ ॥૩૨॥

પછી પ્રભુ થયા પ્રસન્ન,ભૂધર૦। મળ્યા નિજજનને જીવન,ભૂધર૦ ॥
ચરચ્યાં ચરણ બે ચંદને,ભૂધર૦। લીધાં ઉર વચ્ચે નિજજને,ભૂધર૦ ॥૩૩॥

છાપી નિજજનની એમ છાતી,ભૂધર૦। પછી બેસારી પંગતી,ભૂધર૦ ॥

---

**૧.**પાલખી **૨.**દેવાલયમાં **૩.**ઓટલો **૪.**રહેણાંકનો આગળનો ભાગ **૫.**ઘાંસ કે લાકડાથી ભરેલા ગાડા ઉપર **૬.**આસનિયું **૭.**ઘુંમટવાળી પાલખી **૮.**ચાર પૈડાની બગી **૯.**હાથી **૧૦.**ઊંટ ઉપર **૧૧.**ઘોડે **૧૨.**શંખલાના શણગારથી સજ્જ કરેલ **૧૩.**ખભા ઉપર

INDEX



બેઠા પંગતે મુનિરાજ,ભૂધર૦। આવ્યા પીરસવા મહારાજ,ભૂધર૦ ॥૩૪॥
પીરસે પંગતમાં હરિ પોતે,ભૂધર૦। જન તૃપ્ત ન થાય જોતે,ભૂધર૦ ॥
લાડુ જલેબી લઈને,ભૂધર૦। જાય જોરાજોર દઈને,ભૂધર૦ ॥૩૫॥
બહુ પીરસે પ્રેમે કરી,ભૂધર૦। ફરે પંગતમાં ફરીફરી,ભૂધર૦ ॥
લેઈ લેઈ ભોજનનાં નામ,ભૂધર૦। આપે ઘણે હેતે ઘનશ્યામ,ભૂધર૦ ॥૩૬॥
લીધા લટકે લાડુ હાથ,ભૂધર૦। નિજજન જમાડે નાથ,ભૂધર૦ ॥
માસુખ[1] મુખમાં મોદક આપે,ભૂધર૦। વળી મસ્તક ચરણે છાપે,ભૂધર૦ ॥૩૭॥
દેતા દહીં દૂધ દોવટે,[2] ભૂધર૦। આપે ખાંડ સાકર કર મોટે,ભૂધર૦ ॥
પે'રી પછેડી ખેસની,ભૂધર૦। શોભા શી કહું વેષની,ભૂધર૦ ॥૩૮॥
ચાલે ઉતાવળા ચટકે,[3] ભૂધર૦। પે'રી ગૂડકી નાડી લટકે,ભૂધર૦ ॥
ફરે પંગતમાં બહુ ફેરા,ભૂધર૦। પીરસે પાક પોતે ઘણેરા,ભૂધર૦ ॥૩૯॥
એમ જોરે[4] જન જમાડે,ભૂધર૦। પીરસી પીરસી હાર પમાડે,ભૂધર૦ ॥
એમ જમાડ્યા જન જ્યારે,ભૂધર૦। કર પગ ધોયા તે વારે,ભૂધર૦ ॥૪૦॥
પછી ઉતારે પધાર્યા,ભૂધર૦। નિજજન મન મોદ વધાર્યા,ભૂધર૦ ॥
ત્યાં ઢોલિયો ઢાળેલે,ભૂધર૦। તે પર પાથરણાં પાથરેલે,ભૂધર૦ ॥૪૧॥
સુંદર ગાદલાં ગોદડે,ભૂધર૦। ઓછાડ ઓસિસાં[5] રૂડે,ભૂધર૦ ॥
મેલ્યાં ગાલમસુરિયાં ગાલે,ભૂધર૦। ચાંપે ચરણ નિજજન વા'લે,ભૂધર૦ ॥૪૨॥
શીત ઋતુમાંહિ સારી,ભૂધર૦। તાપે સુખડ્યે સુખકારી,ભૂધર૦ ॥
ચકમો ચોફાળ રજાઈ,ભૂધર૦। ઓઢી પછેડી તે માંઈ,ભૂધર૦ ॥૪૩॥
ઉષ્ણ ઋતુમાં અવિનાશી,ભૂધર૦। શીતળ જળ પીતાં સુખરાશી,ભૂધર૦ ॥
પંખા કરતાં સેવક પાસે,ભૂધર૦। શીતળ ચંદન ચરચ્યાં દાસે,ભૂધર૦ ॥૪૪॥
ચોમાસામાં ચઢી ચાંખડિયે,ભૂધર૦। સુંદર સારી કર લાકડિયે,ભૂધર૦ ॥

૧.સુંવાળા ૨.બમણું ૩.ચતુરાઈએ ૪.આગ્રહ કરીને ૫.ઓશીકાં

ઓઢી કામળી સુંવાળી,ભૂધર૦। ધારી છતરી રૂપાળી,ભૂધર૦ ॥૪૫॥
આવી બેઠા સભામાંય,ભૂધર૦। જન સર્વે લાગ્યા પાય,ભૂધર૦ ॥
ત્યાં પરિયંક[1] પાથરણે,ભૂધર૦। બેઠા રસિયો રાજીપણે,ભૂધર૦ ॥૪૬॥
તેપર ઓછાડ સોરંગી,[2] ભૂધર૦। બેઠા તકિયાને ઓઠંગી,[3]ભૂધર૦ ॥
નીરખી જન મન મગન થયાં,ભૂધર૦। સુંદર હાર પે'રાવ્યા તિયાં,ભૂધર૦ ॥૪૭॥
પછી ત્યાગી ગૃહી દાસે,ભૂધર૦। પૂછ્યા પ્રશ્ન પ્રભુ પાસે,ભૂધર૦ ॥
તેનો ઉત્તર કરતાં આપે,ભૂધર૦। કર લટકાં કરી દુઃખ કાપે,ભૂધર૦ ॥૪૮॥
રૂડા પ્રશ્નને સાંભળી,ભૂધર૦। ઉઠ્યા જનને મળવા વળી,ભૂધર૦ ॥
મળ્યા ત્યાગીને બહુ ભાતી,[4]ભૂધર૦। પછી છાપી ચરણે છાતી,ભૂધર૦ ॥૪૯॥
પછી સત્સંગી સુખસીમા,ભૂધર૦। લીધાં તેણે ચરણ છાતીમાં,ભૂધર૦ ॥
એવાં અલૌકિક સુખ દેતાં,ભૂધર૦। આનંદ નિષ્કુળાનંદ લેતાં,ભૂધર૦ ॥૫૦॥

*ઇતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે તૃતીયઃ ચિંતામણિઃ ॥૩॥*

# ૪. દર્શન ચિંતામણિ

**-: દોહા :-**

પછી વાજાં લઈ વિધવિધનાં, કર્યું ગવૈયે ગાન ॥
તે ભેળા ભળી હરિ, ત્રોડે ત્રુગટી તાન ॥ ૧ ॥
સંત સહુ ઊભા થઈ, રચ્યો મનોહર રાસ ॥
ફરે કરે કીરતનને, તે ભેળા ફરે અવિનાશ ॥ ૨ ॥

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

દીવો દીવી ને અજવાળે, દગે[5] દીઠા છે ।

**૧.**પલંગ **૨.**રંગબેરંગી **૩.**ટેકો દઈને **૪.**બહુ પ્રકારે **૫.**નજરે

હાંડી[૧] ફાનસે રૂપાળે, દગે દીઠા છે ॥
ઝાડ[૨] મેતાબ[૩] ઉજાસે,દગે૦। શશી સૂરજને પ્રકાશે,દગે૦ ॥ ૩ ॥
બળતી અગ્નિ બપોરિયે,દગે૦। ગમતી દેહ ઘણું ગોરિયે,દગે૦ ॥
ઊઘડી રાત્ય ઉડુગણ તેજે,દગે૦। એહ વિના ઉજાસે બીજે,દગે૦ ॥ ૪ ॥
વસંતે વસ્ત્ર પે'રી વસંતિ,દગે૦। ખાંત્યે ખેલ કરતા અતિ,દગે૦ ॥
અબિર ગુલાલ નાખતાં,દગે૦। શોભા ન જાયે કૈ' ભાખતાં,દગે૦ ॥ ૫ ॥
કર લઈ ગુલાલ ગોટા,દગે૦। નાખે નિજજન પર જોઈ મોટા,દગે૦ ॥
વળી પિચકારી નાખતાં,દગે૦। કરતાં ખેલ બહુ મનગમતા,દગે૦ ॥ ૬ ॥
રંગ તાંસળી તાંબડિયે,દગે૦। ઘણો ભરી ગાગરડિયે,દગે૦ ॥
રંગભીનો રમતા રંગે,દગે૦। પોતાના સખા સંગે,દગે૦ ॥ ૭ ॥
સર્વે સખા રસબસ કરતાં,દગે૦। દઈ તાળી ધૂન્ય ઓચરતાં,[૪]દગે૦ ॥
રમતાં રમતાં વસ્ત્ર અંગનાં,દગે૦। થયા સરવે રાતા રંગના,દગે૦ ॥ ૮ ॥
કર ચરણ મુખ રંગેલે,દગે૦। શોભે આંખ્યો તેજ ભરેલે,દગે૦ ॥
રમતાં કુસ્તી મલની સાથે,દગે૦। ના'વા જાતા સંત સંગાથે,દગે૦ ॥ ૯ ॥
ચઢ્યા ઘણે મૂલે હરિ ઘોડે,દગે૦। સર્વે સખા ચાલ્યા જોડે,દગે૦ ॥
નાહ્યા નિર્મળ જળમાં જઈ,દગે૦। ત્યાં કરી લીલા કંઈ,દગે૦ ॥૧૦॥
ના'તા ના'તા સખા સાથે,દગે૦। બહું નીર ઉછાળે હાથે,દગે૦ ॥
પછે નાહી નીસર્યા બા'રે,દગે૦। પે'ર્યાં કોરા વસ્ત્ર ત્યારે,દગે૦ ॥૧૧॥
કર્યો કુંકુમનો ચાંદલો,દગે૦। બહુ શોભે છે તે ભલો,દગે૦ ॥
નાહી નાથ આવ્યા ઉતારે,દગે૦। કર્યાં દાસે દરશન ત્યારે,દગે૦ ॥૧૨॥
ના'તા નદી નદ[૫] તળાવે,દગે૦। કુંડ કૂવા સાગર વાવે,દગે૦ ॥
સમૈયા ઉત્સવ કરતાં,દગે૦। મેળામાંહિ ઘોડે ફરતાં,દગે૦ ॥૧૩॥

**૧.**પારદર્શક વાસણમાં લટકતો દીવો **૨.**આતશબાજી **૩.**દારૂખાનુ અથવા મશાલ **૪.**બોલતા **૫.**મોટી નદી

મહારુદ્ર[1] અતિરુદ્ર[2] માંહિ,દગે૦। કરી ચોરાશી પણ તાંહિ,દગે૦ ॥
બ્રહ્મભોજન કરાવ્યાં ભારે,દગે૦। ખટ્માસ સુધી એક વારે,દગે૦ ॥૧૪॥
કર્યો વૃંદાનો ત્યાં વિવા,દગે૦। ફર્યા ફુલેકામાં એવા,દગે૦ ॥
ધરી ઢાલ અલૌકિક અસિ,દગે૦। છડી લાકડી વળી વંસિ,[3]દગે૦ ॥૧૫॥
ખેલે[4] સાંગ[5] કમાન તીરે,દગે૦। બાંધ્યો કટાર મહાવીરે,દગે૦ ॥
પેચકબજ[6] કટારિયે,દગે૦। છત્ર ચામર અબદાગરિયે,દગે૦ ॥૧૬॥
વળી ચાલતા હરિ વાટે,દગે૦। સરિતા સાગર ને ઘાટે,દગે૦ ॥
રસ્તે વણરસ્તે વિચરતાં,દગે૦। વળી રાત્ય દિવસે ફરતાં,દગે૦ ॥૧૭॥
તાઢ તડકામાં સંઘ સાથે,દગે૦। ચાલે મેઘ વરસતાં માથે,દગે૦ ॥
આંબા આંબલી છાંયડે,દગે૦। આસોપાલવ પીપર વડે,દગે૦ ॥૧૮॥
પીપળ બકુળ[7] બોરસડિયે,દગે૦। બીજાં બહુ તરુ બોરડિયે,દગે૦ ॥
ઠાકોર મંદિર કરવા કાજે,દગે૦। લીધી માથે ઈંટ્ય મહારાજે,દગે૦ ॥૧૯॥
**પથર કેલ[8] મૃત્તિકા માથે,દગે૦। લઈ ચાલે સખા સાથે,દગે૦ ॥**
**એમ હરિ મંદિર કરાવી,દગે૦। માંહી મૂર્તિયો પધરાવી,દગે૦ ॥૨૦॥**
વળી હરિ મંદિરને ફરતાં,દગે૦। સો સો પ્રદક્ષિણા કરતાં,દગે૦ ॥
જોતાં મૂર્તિ સુંદર સારી,દગે૦। ધાતુ પાષાણ પટ[9] પ્યારી,દગે૦ ॥૨૧॥
તેને દંડવત્ જો કરતાં,દગે૦। વળી સામુ જોઈ બહુ રે'તા,દગે૦ ॥
જમતા પ્રસાદી બહુ પ્રીતે,દગે૦। તુળસીદળ નિર્મળ સમીતે,[10]દગે૦ ॥૨૨॥
પીતાં દૂધ પડતો દોરો,[11]દગે૦। પીધું ઘૃત ભરી કટોરો,દગે૦ ॥
વળી ઉત્સવ સમૈયા માંહિ,દગે૦। આવ્યા દાસ હજારો ત્યાંહિ,દગે૦ ॥૨૩॥
કરે દર્શન પૂજા દાસ,દગે૦। તેનું ગ્રહણ કરે અવિનાશ,દગે૦ ॥

**૧.**અગીયાર વખત લઘુરુદ્ર કરવો તે **૨.**અગીયાર મહારુદ્ર મળી થતો યજ્ઞ **૩.**વાંસળી **૪.**નાનું હથિયાર **૫.**બરછી જેવું હથિયાર **૬.**વાંકી પહોળી ભારે અને સોનાના મુંઠવાળી તલવાર **૭.**ચંપો **૮.**કેળવેલો ચુનો **૯.**ચિત્રામણ **૧૦.**સહિત **૧૧.**દૂધની સફેદ રેખા

પૂજી સ્પર્શી લા'વો લીધો,દગે૦। તેણે જન્મ સફળ કરી લીધો,દગે૦ ।।૨૪।।
જોઈ નાથ સમાધિ થઈ,દગે૦। પડ્યાં પ્રાણ નાડી વિના કંઈ,દગે૦ ।।
ના'વે સમાધિથી બા'રે,દગે૦। વણ ભણે વેદ ઉચ્ચારે,દગે૦ ।।૨૫।।
વળી દેખે અક્ષરધામ,દગે૦। લિયે ગોલોકનું નામ,દગે૦ ।।
શ્વેતદ્વીપ વૈકુંઠ દેખે,દગે૦। બ્રહ્મપુર કૈલાસ પેખે,દગે૦ ।।૨૬।।
વળી વિશાળાના વાસી,દગે૦। દેખે છે જન તે સુખરાશી,દગે૦ ।।
જગાડે સમાધિમાંથી જ્યારે,દગે૦। કરે વાત ધામની ત્યારે,દગે૦ ।।૨૭।।
તે સાંભળી સુખધામ,દગે૦। હસે મંદ મંદ ઘનશ્યામ,દગે૦ ।।
મુમુક્ષુને સાધુ કરતાં,દગે૦। નંદપદવી નામ ધરતાં,દગે૦ ।।૨૮।।
કહે દેશ પ્રદેશ ફરજ્યો,દગે૦। સ્વામિનારાયણ ઉચ્ચરજ્યો,દગે૦ ।।
કથા કીરતન જે કા'વે,દગે૦। સુણે હરે હરે કરી ભાવે,દગે૦ ।।૨૯।।
કાવ્ય કવિની સાંભળતાં,દગે૦। માળા તુલસીની ફેરવતાં,દગે૦ ।।
સુખડ્ય સુત્રની પણ સારી,દગે૦। ફૂલમાળા પર બલહારી,દગે૦ ।।૩૦।।
શહેર પુર ગામ ઘોષે,દગે૦। ફૂલવાડી વાડી નેસે,દગે૦ ।।
ખેત્ર ખળામાં મહારાજ,દગે૦। તેનાં કામ કરાવા કાજ,દગે૦ ।।૩૧।।
રાજા રાંકને ભુવને,દગે૦। શેઠ શાહુકાર સદને,દગે૦ ।।
લોક પટેલને ઘેરે,દગે૦। બ્રહ્મસભામાં બહુ વેરે,દગે૦ ।।૩૨।।
કોય રોગી જોગી જાણી,દગે૦। જાય પોતે તિયાં તાણી,દગે૦ ।।
ખરી ખબર તેની લેતાં,દગે૦। દિયે સુખ થાય જે દેતાં,દગે૦ ।।૩૩।।
ભૂખ્યો પ્યાસો હોય કોઈ પ્રાણી,દગે૦। આપે અન્નજળ દુઃખિયો જાણી,દગે૦ ।।
દીન ઉપર દયા ઘણી,દગે૦। જેનો કોઈ ન હોય ધણી,દગે૦ ।।૩૪।।
વળી મોટાના મો'બતી,દગે૦। જન સારાના સોબતી,દગે૦ ।।
જાતાં વિવા' વરામાંહી,દગે૦। જઈ આવે પોતે ત્યાંહી,દગે૦ ।।૩૫।।

કેને ઘેર થયા મે'માન,દગે૦ । કર્યું બહુ તેણે સનમાન,દગે૦ ॥
વળી મે'માન રાખતાં,દગે૦ । તેની અવળાઈ સાંખતા,દગે૦ ॥૩૬॥

**માંદાને જોવા જાતાં,દગે૦ । વળી વઢતાં ને વારતાં,દગે૦ ॥**
**સબળ નિર્બળને સંતાપે,દગે૦ । તે તો ખમી ન શકે આપે,દગે૦ ॥૩૭॥**

**દુઃખી ગરીબની ગમ[1] લેવી,દગે૦ । હરિની સહજ પ્રકૃતિ એવી,દગે૦ ॥**
**કેને પ્રસાદી આપતાં,દગે૦ । દર્શન દઈ દુઃખ કાપતાં,દગે૦ ॥૩૮॥**

કેને ફૂલહાર દિયે વસ્ત્ર,દગે૦ । ઘોડાં ઘરેણાં ને શસ્ત્ર,દગે૦ ॥
કેને ગાયો મહિષી રૂપૈયા,દગે૦ । કોરી કણ[2] ન જાય કહ્યા,દગે૦ ॥૩૯॥

જમાડે સાધુને સુખકારી,દગે૦ । જમે સાંખ્યયોગી સંસારી,દગે૦ ॥
બ્રાહ્મણ બ્રહ્મચારી ભેખધારી,દગે૦ । જમાડ્યાં રાંક મઉ[3] નરનારી,દગે૦ ॥૪૦॥

મઉને વસ્ત્ર રૂપૈયા દીધા,દગે૦ । બહુ દુઃખિયા સુખિયા કીધા,દગે૦ ॥
ભાટ ચારણ ઢાઢી[4] લંગાં,[5] દગે૦ । રાવલ[4] રાસલિયાં[4] જન મંગાં,[6] દગે૦ ॥૪૧॥

તેને વસ્ત્ર ઘરેણાં ઘોડાં,દગે૦ । આપ્યાં ઘણાં નહી કાંય થોડાં,દગે૦ ॥
વાવ્ય કુંડ કૂવા તળાવે,દગે૦ । તેતો પ્રભુ પોતે ગળાવે,દગે૦ ॥૪૨॥

પર્વ[7] સદાવ્રત બંધાવ્યાં,દગે૦ । આપ્યાં અનાવટે[8] અન્ન ભાવ્યાં,દગે૦ ॥
જ્ઞાન વૈરાગ્ય ને ધર્મ,દગે૦ । કે'તા ભક્તિનો વળી મર્મ,દગે૦ ॥૪૩॥

**પંચવિષય પરાજય કરી,દગે૦ । જીવને ભજાવતાં હરિ,દગે૦ ॥**
**કેનેક કે'વું ઘટે તે કે'તા,દગે૦ । કોયનું સાંભળી પણ લેતાં,દગે૦ ॥૪૪॥**

હસતાં રમતાં ના'તાં ખાતાં,દગે૦ । ઘોડાં ખેલવી ફૂદડી ફરતાં,દગે૦ ॥
ધીરા ઉતાવળા પગ ધરતાં,દગે૦ । વળી કરનાં લટકાં કરતાં,દગે૦ ॥૪૫॥

જાતાં વળતાં ગાતાં કે'તાં,દગે૦ । નીર ખીર અમીરસ પીતાં,દગે૦ ॥
આસન કરતાં મૂન્ય ગ્રહેતાં,દગે૦ । ઉદાસી રહે સૂઈ જાગતાં,દગે૦ ॥૪૬॥

**૧.**દુઃખ દૂર કરવું **૨.**અનાજ **૩.**કંગાલ લોકો **૪.**એક પ્રકારના માંગણ **૫.**ગાઈ-વગાડીને ગુજરાન ચલાવતી એક જાતિ **૬.**મુંગા/ભિક્ષુક **૭.**પાણીની પરબ **૮.**વટેમાર્ગુને

પ્રકરણ ફેરી ધર્મ થાપતાં,દગે૦। કરતાં નિજજનને નિમ રતાં,દગે૦ ॥
ગિરિગહ્વર[૧] વન ઉપવને,દગે૦। જોયા દેશ પ્રદેશે જીવનને,દગે૦ ॥૪૭॥
તાપસવેષે[૨] કેશ શીશે,દગે૦। એમ જીવ બહુ ઉપદેશે,દગે૦ ॥
નાસાગ્રેવૃત્તિ વણસમરતિ,[૩]દગે૦। આંખ્ય મટકું પણ ન ભરતી,દગે૦ ॥૪૮॥
પ્રાણાયામ કરતાં યોગ શીખતાં,દગે૦। યોગકળા દેખાડી દેતાં,દગે૦ ॥
એવી અનેક રૂડી રીતે,દગે૦। ચિંતવું છું મૂર્તિ ચિત્તે,દગે૦ ॥૪૯॥
**સૂતાં બેઠાં ને જાગતાં,દગે૦। જાય દન એમ ચિંતવતાં,દગે૦ ॥**
**તેણે રહે છે અતિ આનંદ,દગે૦। એમ કહે નિષ્કુળાનંદ,દગે૦ ॥૫૦॥**

*ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે ચતુર્થઃ ચિંતામણિઃ ॥૪॥*

# ૫. માહાત્મ્ય ચિંતામણિ

**-: દોહા :-**

**એમ નખશિખા મૂર્તિ નાથની, સમરતાં સુખ થાય ॥**
**અહોનિશ ઉરમાં ધારતાં, કરવું રહે ન કાંય ॥ ૧ ॥**
ચરિત્ર સર્વ ચિંતવી, મૂરતિ ધારે મન ॥
કાળ માયા કર્મનું, વ્યાપે નહિ વિઘન ॥ ૨ ॥

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

**મૂર્તિ તમારી સુખકારી, જીવન[૪] જાણું છું ।**
**છો અવતારના અવતારી, જીવન જાણું છું ॥**
મહાસમર્થ છો મહારાજ,જીવન૦। વળી આપે રાજાધિરાજ,જીવન૦ ॥ ૩ ॥
પુરુષોત્તમ પૂરણબ્રહ્મ,જીવન૦। તમને નેતિ કહે નિગમ,[૫]જીવન૦ ॥

**૧.**પર્વત ગુફા **૨.**તપસ્વી વેશે **૩.**ભુલ્યા વગર **૪.**હે પ્રાણ-આત્મા **૫.**વેદ

INDEX



વાસુદેવ દયાળુ સ્વભાવ,જીવન૦। મહાપુરુષ મહાનુભાવ,જીવન૦ ॥ ૪ ॥
નારાયણ નિર્વિકારી,જીવન૦। મહા પરમ મંગલકારી,જીવન૦ ॥
ભક્તભયહારી ભગવાન,જીવન૦। આપ્યાંઆશ્રિતનેઅભયદાન,જીવન૦ ॥ ૫ ॥
સચ્ચિદાનંદ દિવ્યમૂર્તિ,જીવન૦। જેને અતિ અગમ કહે શ્રુતિ,જીવન૦ ॥
છો પરમ કલ્યાણકારી,જીવન૦। એવી નૌતમ[૧] મૂર્તિ ન્યારી,જીવન૦ ॥ ૬ ॥
તમે કોટિ બ્રહ્માંડાધીશ,જીવન૦। વળી સર્વેતણા છો ઈશ,જીવન૦ ॥
ધર્મધુંરધર ધન્ય ધન્ય,જીવન૦। ભક્તિધર્મના નંદન,જીવન૦ ॥ ૭ ॥
અલૌકિક મૂર્તિ આપે,જીવન૦। જોયે જનમમરણ દુઃખ કાપે,જીવન૦ ॥
તમે કાળમાયાના નિયંતા,જીવન૦। છો ગુણસાગર ગુણવંતા,જીવન૦ ॥ ૮ ॥
તમે ભવ બ્રહ્માના સ્વામી,જીવન૦। અકળ મૂર્તિ અંતરજામી,જીવન૦ ॥
પતિતપાવન અશરણ શરણ,જીવન૦। અધમ ઉદ્ધારણ અઘહરણ,જીવન૦ ॥ ૯ ॥
નખશિખ મૂર્તિ મંગળરૂપ,જીવન૦। આવે જોએ સુખ અનૂપ,જીવન૦ ॥
આનંદ પાવ[૨] આનંદ કર,જીવન૦। આનંદમાં મુખ મનોહર,જીવન૦ ॥૧૦॥
આનંદરૂપ અનુપમ એવું,જીવન૦। સૌ જનને જોયા જેવું,જીવન૦ ॥
આનંદ વસન ભૂષણ અંગે,જીવન૦। આનંદ આપો છો ઉછરંગે,જીવન૦ ॥૧૧॥
કૃપાસિંધુ છો ઘનશ્યામ,જીવન૦। ક્રોધ લોભ નિવારણ કામ,જીવન૦ ॥
પરમાત્મા પૂરણબ્રહ્મ,જીવન૦। નીલકંઠ કહે નિગમ,જીવન૦ ॥૧૨॥
જીવ ઈશ્વરના છો સ્વામી,જીવન૦। વળી સર્વે ધામના ધામી,જીવન૦ ॥
ક્ષર અક્ષરથી છો પર,જીવન૦। અક્ષરબ્રહ્મ તમારું ઘર,જીવન૦ ॥૧૩॥
કાળ માયા તમારી શક્તિ,જીવન૦। કરો બહુ કારજ એ વતી,જીવન૦ ॥
કોટિ બ્રહ્માંડને કરે છે,જીવન૦। ઉત્પત્તિ સ્થિતિ ને હરે છે,જીવન૦ ॥૧૪॥
તેના નિયંતા છો તમે,જીવન૦। સત્ય સ્વામી જાણ્યા અમે,જીવન૦ ॥

**૧.**જેનાથી બીજું કોઈ ઉત્તમ નથી તેવી **૨.**આનંદરૂપ ચરણ

કારણના કારણ કહીએ,જીવન૦। કાળના પણ કાળ લહીએ,[૧] જીવન૦ ॥૧૫॥
આત્માના આત્મા છોજી,જીવન૦। પ્રાણના પણ પ્રાણ છોજી,જીવન૦ ॥
તમે ઈશ્વરના ઈશ્વર,જીવન૦। અંતરજામી છો અઘહર,જીવન૦ ॥૧૬॥
સર્વેના છો સાક્ષી સાર,જીવન૦। સકળ ફળના દેનાર,જીવન૦ ॥
સ્વયં જ્યોતિરૂપ રાજો,[૨] જીવન૦। માયાગુણથી પર બિરાજો,જીવન૦ ॥૧૭॥
નિરાકાર નિરંજન કહે છે,જીવન૦। તે શું તમારી ગતિ લહે છે,જીવન૦ ॥
છો અખંડ અવિનાશી,જીવન૦। માયા રહિત છો સુખરાશી,જીવન૦ ॥૧૮॥
તમારી મૂર્તિનું પરિમાણ,જીવન૦। કરી શકે શું અજાણ,જીવન૦ ॥
ચાર મુખે જો બ્રહ્મા ભાખે,જીવન૦। પાંચ મુખે શિવ કહી દાખે,જીવન૦ ॥૧૯॥
સહસ્ર મુખે કહે શેષ,જીવન૦। ષડાનન[૩] ગાય ગણેશ,જીવન૦ ॥
તોય કોયે ન પામે પાર,જીવન૦। એવી મૂર્તિ છે અપાર,જીવન૦ ॥૨૦॥
સર્વે શાસ્ત્ર પુરાણ માંયે,જીવન૦। ગુણ તમારા ગવાયે,જીવન૦ ॥
સર્વે દેવ વંદન કરે છે,જીવન૦। વેદ સ્તુતિ ઉચ્ચરે છે,જીવન૦ ॥૨૧॥
એવા સમર્થ સહુના સ્વામી,જીવન૦। સહુ રહે છે શીશ નામી,જીવન૦ ॥
તમારો ભય ભૂમીને ભારી,જીવન૦। તેણે રહી છે લોકને ધારી,જીવન૦ ॥૨૨॥
તમારા ભયે સમે તરુ ફળે,જીવન૦। ફૂલ ફળ વન સઘળે,જીવન૦ ॥
તમારા ભયથી શેષ હંમેશે,જીવન૦। ચૌદ લોક ધાર્યા છે શીશે,જીવન૦ ॥૨૩॥
તમારા ભય થકી સાક્ષાત,જીવન૦। વસુ[૪] વરસાવે વરસાત,જીવન૦ ॥
તમારા ભયથી સૂર્ય શશી,જીવન૦। ફરે કાળશક્તિ અહોનિશી,જીવન૦ ॥૨૪॥
તમારા ભયે બ્રહ્માંડે મૃત્યુ,જીવન૦। રહે છે સદા સર્વત્ર ફરતું,જીવન૦ ॥
બ્રહ્મા વિષ્ણુ શારદા શિવ,જીવન૦। રહે છે મરજીમાં તતખેવ,જીવન૦ ॥૨૫॥
છે એક એક બ્રહ્માંડાધીશ,જીવન૦। તે પણ નમાવે છે શીશ,જીવન૦ ॥

**૧.**જાણીએ **૨.**પ્રકાશો **૩.**છ મુખવાળા કાર્તિક સ્વામી **૪.**ઈન્દ્ર

INDEX



એવા છોજી એક નિયંતા,જીવન૦। સહુ રહે છે તમથી ડરંતા,જીવન૦ ॥૨૬॥

**એવા મોટા છો મહારાજ,જીવન૦। તે મળ્યા છો મને આજ,જીવન૦ ॥**
**તે તો નાથ કરી છે દયા,જીવન૦। તે ગુણ કેમ કરી જાય કહ્યા,જીવન૦ ॥૨૭॥**

તમે મે'ર મુજ પર કીધી,જીવન૦। વળી બુડતાં બાંહ્ય ગ્રહી લીધી,જીવન૦ ॥
જે જે કર્યો તમે ગુણ,જીવન૦। બીજો કરે એવો કુંણ,જીવન૦ ॥૨૮॥

તમે બિરુદ પાળ્યું તમારું,જીવન૦। જોયું નહિ કર્તવ્ય અમારું,જીવન૦ ॥
તમે ગર્ભવાસ ત્રાસ ટાળ્યો,જીવન૦। એ તો આડો આંક જ વાળ્યો,[1] જીવન૦ ॥૨૯॥

જનમતાં જતન કીધી,જીવન૦। મારી બહુનામી બહુવિધિ,જીવન૦ ॥
ખાનપાન ખબર રાખી,જીવન૦। શું હું દેખાડું કહી દાખી,જીવન૦ ॥૩૦॥

આજ સુધી પણ અમારી,જીવન૦। રાખો છો ખબર સારી,જીવન૦ ॥
પળે પળે કરો પ્રતિપાળ,જીવન૦। એવો બીજો કોણ દયાળ,જીવન૦ ॥૩૧॥

વળી અંતકાળે આવો છો,જીવન૦। રથ વે'લ વિમાન લાવો છો,જીવન૦ ॥
વળી ઘણે મૂલે[2] ચઢી ઘોડે,જીવન૦। આવો છો સખા લઈ જોડે,જીવન૦ ॥૩૨॥

એમ અલબેલાજી આવો,જીવન૦। દેહ દાસતણું મુકાવો,જીવન૦ ॥
તેને તેડી જાઓ છો સાથે,જીવન૦। બેસારી રથ વિમાન માથે,જીવન૦ ॥૩૩॥

તેને આપો છો અક્ષરધામ,જીવન૦। થાય છે જન તે પૂરણકામ,જીવન૦ ॥
બીજો એવો કોણ કૃપાળુ,જીવન૦। તમ વિના દીઠા નહિ દયાળુ,જીવન૦ ॥૩૪॥

તમે દીનતણા છો બંધુ,જીવન૦। સુખકારી સુખના સિંધુ,જીવન૦ ॥
તમે નાથ અનાથ જનના,જીવન૦। તમે મહેરબાન છો મનના,જીવન૦ ॥૩૫॥

તમે નોધારાના આધાર,જીવન૦। તમે દુર્બળના દાતાર,જીવન૦ ॥
તમે ભક્તના ભય હરતા,જીવન૦। નિજજનને નિર્ભય કરતા,જીવન૦ ॥૩૬॥

તમે સંતજનના સ્નેહી,જીવન૦। કાપો કષ્ટ પડે જેહી,જીવન૦ ॥

**૧.**સીમા પારનું સર્વોત્કૃષ્ટ સામર્થ્ય વાપર્યું; અનહદ દયા કરી **૨.**મૂલ્યવાન

INDEX



તમે દાસતણાં દુઃખ કાપી,જીવન૦। કર્યા સુખિયા સુખ જ આપી,જીવન૦ ॥૩૭॥

એવા ભક્તવત્સલ ભગવાન,જીવન૦। દીધાંઆશ્રિતનેઅભયદાન,જીવન૦ ॥

તમે અશરણના[1] છો શરણ, [2]જીવન૦। દુઃખ ટાળી સુખના કરણ,જીવન૦ ॥૩૮॥

નિજજનના સુખ સારું,જીવન૦। ઈયાં આવવું છે તમારું,જીવન૦ ॥

તમે અગમ સુગમ થઈ,જીવન૦। આવી જન ઉદ્ધાર્યા કંઈ,જીવન૦ ॥૩૯॥

તમે નરતન ધરિયું નાથ,જીવન૦। સર્વે સામગ્રી લઈ સાથ,જીવન૦ ॥

દઈ દર્શ સ્પર્શનું દાન,જીવન૦। નિર્ભય જન કર્યા નિદાન,જીવન૦ ॥૪૦॥

મૂર્તિ તમારી મહારાજ,જીવન૦। સરે[3] સહુનાં જોઈ કાજ,જીવન૦ ॥

દર્શ સ્પર્શ જે તમારો,જીવન૦। મહામોટું સુખ દેનારો,જીવન૦ ॥૪૧॥

મળવું તમારું છે મોંઘું,જીવન૦। તે તો સહુને થયું છે સોંઘું,જીવન૦ ॥

કિયાં અમે કિયાં આપ,જીવન૦। કીડી કુંજરનો[4] મેળાપ,જીવન૦ ॥૪૨॥

**સહુના નાથ તમે નિયંતા,જીવન૦। સર્વાધાર સર્વના કરતા,જીવન૦** ॥

**સર્વે પર છો સર્વેશ્વર,જીવન૦। સહુના પ્રેરક પરમેશ્વર,જીવન૦** ॥૪૩॥

**ક્યાં તમે ને ક્યાં અમે,જીવન૦। તે તો કૃપા કરી છે તમે,જીવન૦** ॥

**તમે અઢળક ઢળ્યા છો આજ,જીવન૦। મહામે'ર કરી મહારાજ,જીવન૦** ॥૪૪॥

દેખી દુઃખિયા અતિ દાસ,જીવન૦। તમે આવ્યા છો અવિનાશ,જીવન૦ ॥

કરવા અનેકનો ઉદ્ધાર,જીવન૦। સહુ જનની લેવા સાર,જીવન૦ ॥૪૫॥

એવી તકમાં હું પણ આવ્યો,જીવન૦। મારો ફેરો સફળ ફાવ્યો,જીવન૦ ॥

મારા સરિયાં સર્વે કાજ,જીવન૦। તે તો તમે મળ્યે મહારાજ,જીવન૦ ॥૪૬॥

દુઃખ દરિયામાંથી તાર્યો,જીવન૦। વળી અધમને ઉદ્ધાર્યો,જીવન૦ ॥

મારા સાચા છો સનેહી,જીવન૦। જોઈ જોઈ જોયું તેહી,જીવન૦ ॥૪૭॥

**ખરી વેળાનો ખજીનો,જીવન૦। છો દામ દોયલા દિનો,જીવન૦** ॥

**૧.**નિરાધારના **૨.**આધાર **૩.**સિદ્ધ થાય **૪.**હાથીનો

**મારા મરણ ટાણાની મૂડી,જીવન૦। વળી ભવસાગરની હુડી,[1] જીવન૦ ॥૪૮॥**
**એહ ભરોંસો છે મોટો,જીવન૦। તે તો કે દી ન થાય ખોટો,જીવન૦ ॥**
**બદલે નહિ બિરુદ તમારું,જીવન૦। શીદ શંકા મનમાં ધારું,જીવન૦ ॥૪૯॥**
છે અચળ મારે આશરો,જીવન૦। ખરા દિનમાં ખરાખરો,જીવન૦ ॥
મૂર્તિ તમારી મીરાંથ[2] મારી,જીવન૦। નહીં મેલું હું હવે ન્યારી,જીવન૦ ॥૫૦॥
રાખીશ જીવ સાથે હું જડી,જીવન૦। નહીં મેલું હું અળગી ઘડી,જીવન૦ ॥
તેમ નહીં મુકાય તમથકી,જીવન૦। કહે નિષ્કુળાનંદ નકી,જીવન૦ ॥૫૧॥

*ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે પંચમઃ ચિંતામણિઃ ॥૫॥*

# ૬. સુખ ચિંતામણિ

**-: દોહા :-**

એહ ભરોંસો ભીતરે, અચળ છે ઉરમાંય ॥
શરણાગતની શ્યામળા, સદા કરો છો સહાય ॥ ૧ ॥
સુખના સાગર શ્રીહરિ, સદા સર્વદા શ્યામ ॥
નિજજનના નિધિ નાથજી, પુરુષોત્તમ પૂરણકામ ॥ ૨ ॥

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

મૂર્તિ તમારી મહારાજ, સુખકારીજી ।
સૌ જનનો સુખ સમાજ, સુખકારીજી ॥
સગુણ મૂર્તિ સુખ ભંડાર,સુખ૦। સ્પરશી બહુ પામ્યા ભવપાર,સુખ૦ ॥ ૩ ॥
પ્રગટ મૂર્તિ પ્રતાપે,સુખ૦। સુરાસુર ઉદ્ધાર્યા આપે,સુખ૦ ॥
જે જે પ્રગટ પ્રસંગ પામ્યાં,સુખ૦। તેનાં સર્વે સંકટ વામ્યાં,સુખ૦ ॥ ૪ ॥

**૧.**હોડી **૨.**સાચી મરણ મૂડી

તમથી સરિયાં સૌના કામ,સુખ૦। તમે સૌના સુખ વિશ્રામ,સુખ૦ ॥
સ્પરશી પગ અંગૂઠો હવી,[1] સુખ૦। જન બહુ તારણ જાહ્નવી,[2] સુખ૦ ॥ ૫ ॥
વળી પદરજ સ્પરશી શલ્યા,સુખ૦। થઈ ગૌતમ તરુણી અહલ્યા,સુખ૦ ॥
એવો પદરજનો પ્રતાપ,સુખ૦। ટળ્યો તરત તેનો સંતાપ,સુખ૦ ॥ ૬ ॥
વળી પદ સ્પર્શતાં કાળી,[3] સુખ૦। થયો નિર્ભય ભવભય ટાળી,સુખ૦ ॥
વૃંદાવનનાં વેલી વન,સુખ૦। થયાં પદરજથી પાવન,સુખ૦ ॥ ૭ ॥
ઉદ્ધવ અક્રુરને મન પ્યારી,સુખ૦। એવી પદરજ છે તમારી,સુખ૦ ॥
પગ પાવન પ્રીતે જોઈ,સુખ૦। તુલસી રહી છે ત્યાં મોઈ,સુખ૦ ॥ ૮ ॥
એવાં ચરણ સદા સુખકારી,સુખ૦। ધરે ધ્યાન તેનું ત્રિપુરારી,[4] સુખ૦ ॥
શેષ સુરેશ અજ શશી,સુખ૦। અર્ક અગ્નિ જે તેજસ્વી,સુખ૦ ॥ ૯ ॥
નારદ શારદ સહસ્ર અઠ્યાસી,સુખ૦। તે પણ હરિ પગના ઉપાસી,સુખ૦ ॥
એવા અશરણશરણ ચરણ,સુખ૦। ધારે હરિજન અંતઃકરણ,સુખ૦ ॥૧૦॥
પૂજે જન મળી વળી પ્રીતે,સુખ૦। વળી ચિંતવે છે નિત્ય ચિત્તે,સુખ૦ ॥
એવા પગ પાવન છે બહુ,સુખ૦। સુખદ જાણી સેવે સહુ,સુખ૦ ॥૧૧॥
સ્પર્શી પાવન છે પૃથવી,સુખ૦। તેણે રાજી રહે નિત્ય નવી,સુખ૦ ॥
એવા પાવલિયાને પેખી,સુખ૦। દિલડું રિઝે જનનું દેખી,સુખ૦ ॥૧૨॥
જંઘા જોઈને ઇન્દિરા,[5] સુખ૦। ચરણ ચાંપે ધીરાધીરા,સુખ૦ ॥
જાનું જુગલ જોઈ જન,સુખ૦। સદા સુખી મન મગન,સુખ૦ ॥૧૩॥
સાથળ સુંવાળી બે સારી,સુખ૦। મગન પીઠ ધરી પન્નગારી,[6] સુખ૦ ॥
ઉદર સુંદર અતિ સારું,સુખ૦। જોઈ જન ત્યાં રહ્યાં હજારું,સુખ૦ ॥૧૪॥
નાભિ થકી અજ ઉપજી,સુખ૦। પામ્યા મોટ્યપ મનરંજી,[7] સુખ૦ ॥
ઉર જોઈ શોભાધામ,સુખ૦। કર્યો કમળાએ વિશ્રામ,સુખ૦ ॥૧૫॥

**૧.**થઈ **૨.**ગંગા **૩.**કાલિય નાગ **૪.**શંકર **૫.**લક્ષ્મીજી **૬.**ગરુડ **૭.**મનને આનંદ આપનાર

INDEX



ગળે શોભા જોઈ ઘણી,સુખ૦। પામી સુખ ત્યાં કૌસ્તુભમણિ,સુખ૦ ॥
મુખે સુખ પામી સરસ્વતી,સુખ૦। રહી છે રાજી થઈને અતિ,સુખ૦ ॥૧૬॥

મુખે સુખ પામ્યા કંઈ જન,સુખ૦। મુખ સહુનું સુખ સદન,સુખ૦ ॥
મુખે મોહ્યા મોટા મુનિ,સુખ૦। મુખ સુખનિધિ સહુની,સુખ૦ ॥૧૭॥

મુખ જોઈ દુઃખ ટળે છે,સુખ૦। આવે સુખ શાંતિ વળે છે,સુખ૦ ॥
એવું મુખ સુખનું દેનાર,સુખ૦। જેથી સુખ પામ્યાં નરનાર,સુખ૦ ॥૧૮॥

ભુજા બેઉ સુખના ભરિયા,સુખ૦। મળી તાપ તનના હરિયા,સુખ૦ ॥
કરને લટકે કારજ કીધાં,સુખ૦। જોઈ જન મને સુખ લીધાં,સુખ૦ ॥૧૯॥

અભય વર બે રહ્યાં હાથે,સુખ૦। એવા કર મેલે જન માથે,સુખ૦ ॥
કર આંગળી સુખસદન,સુખ૦। જેણે ધાર્યો ગોવર્ધન,સુખ૦ ॥૨૦॥

રાખ્યાં ગાય ગોપી ગોવાળ,સુખ૦। કરી વ્રજજનની પ્રતિપાળ,સુખ૦ ॥
હાથે દાસ તણાં દુઃખ હરિયાં,સુખ૦। આપી સુખ સુખિયાં કરિયાં,સુખ૦ ॥૨૧॥

એમ સાકાર મૂર્તિ સંબંધે,સુખ૦। સુખિયા આદિ અંતે મધ્યે,સુખ૦ ॥
મૂર્તિ વડે મોટ્યપ સહુની,સુખ૦। કોણ તપસી ઋષિમુનિ,સુખ૦ ॥૨૨॥

**મૂર્તિ મેલી મોટપ્ય ઇચ્છે,સુખ૦। તેને વાત બની બગડી છે,સુખ૦ ॥**
**શૂન્ય[1] સુમનની નોય દામ,[2] સુખ૦। મૂર્ખ તેની કરે છે હામ,સુખ૦** ॥૨૩॥

તેમ મૂર્તિ તમારી મેલી,સુખ૦। સુખ સાટે મળશે સેલી,[3] સુખ૦ ॥
તમે જનના સુખને કાજ,સુખ૦। સદા સાકાર છો મહારાજ,સુખ૦ ॥૨૪॥

સાકાર વિના ન સરે કામ,સુખ૦। માટે સાકાર છો સુખધામ,સુખ૦ ॥
ચાર વેદ વદે એ વાત,સુખ૦। પ્રભુ પ્રગટ છો સાક્ષાત્,સુખ૦ ॥૨૫॥

ષટ શાસ્ત્ર[4] કે' છે ખોળી,સુખ૦। મોટપ્ય પ્રગટની વણતોળી,સુખ૦ ॥
અઢાર પુરાણમાં એમ કહે છે,સુખ૦। પ્રભુ સદા સાકાર રહે છે,સુખ૦ ॥૨૬॥

**૧.**આકાશ **૨.**માળા **૩.**રાખ **૪.**સાંખ્ય-યોગ, ન્યાય-વૈશેષિક, વેદાંત-મીમાંસા

સ્મૃતિ શ્રુતિનું એ તાન,સુખ૦। સદા સાકાર રહે ભગવાન,સુખ૦ ॥
તેણે કરી રહે છે સમુ,સુખ૦। નહીં તો વણસી[1] થાયે વસમું,સુખ૦ ॥૨૭॥
ન રહે એક સ્થિતિ એક રીતી,સુખ૦। સહુ કોઈ આદરે અનીતિ,સુખ૦ ॥
ધર્મ ધરા પર ન રહે,સુખ૦। સહુ કોઈ અધર્મને ગ્રહે,સુખ૦ ॥૨૮॥
દેવ દાનવ માનવ મુનિ,સુખ૦। માને નહીં મરજાદા કોયની,સુખ૦ ॥
ચાર વર્ણ આશ્રમ ચાર,સુખ૦। સહુ ભ્રષ્ટ થાય નરનાર,સુખ૦ ॥૨૯॥
માટે સહુના ધર્મ રખાવા,સુખ૦। તમે રહો આવાના આવા,સુખ૦ ॥
અધર્મ ઉથાપી ધર્મ થાપો,સુખ૦। તમે હરિજનને સુખ આપો,સુખ૦ ॥૩૦॥
તમે ધર્મધુરંધર કા'વો,સુખ૦। ધર્મ સારુ ધરા પર આવો,સુખ૦ ॥
તમે ધર્મતણી છો ઢાલ,સુખ૦। ધર્મવર્મ[2] ધર્મલાલ,સુખ૦ ॥૩૧॥
ધર્મપાળક ધર્મકુમાર,સુખ૦। તમે સંતજનના શણગાર,સુખ૦ ॥
દાસ દોષ નિવારણ નાથ,સુખ૦। એમ કહે છે સહુ જનસાથ,સુખ૦ ॥૩૨॥
તમે ભક્ત તણા ભયહારી,સુખ૦। તમે સંતજનના સુખકારી,સુખ૦ ॥
કપટી કુટિલ દગાદાર,સુખ૦। તેના નાશના કરનાર,સુખ૦ ॥૩૩॥
તમે અધર્મીના અરિ કા'વો,સુખ૦। નમે'રી[3] ઉપર મે'ર ન લાવો,સુખ૦ ॥
કુકર્મી કુબુદ્ધિના છો કાળ,[4]સુખ૦। તમે નિજજનના પ્રતિપાળ,સુખ૦ ॥૩૪॥
તમારી મૂર્તિ મીરાંથ મોટી,સુખ૦। સેવી સુખ પામ્યા કૈ કોટિ,સુખ૦ ॥
તમારી મૂર્તિ ચિંતામણિ,સુખ૦। સમુ ચિંતવે સુખનિધિ ઘણી,સુખ૦ ॥૩૫॥
**સંતજન ચિંતવે છે સવળું,સુખ૦। અસંતજન ચિંતવે છે અવળું,સુખ૦ ॥**
**જે જે જન ચિંતવે છે જેવું,સુખ૦। તે તે ફળ પામે છે તેવું,સુખ૦ ॥૩૬॥**
કલ્પતરુ તુલ્ય તમે,સુખ૦। ચિંતવે જે જનને જેવું ગમે,સુખ૦ ॥
કલ્પતરુ ચિંતામણિ કહીએ,સુખ૦। તમને તે ઉપમા કેમ દઈએ,સુખ૦ ॥૩૭॥

**૧.**બગડીને **૨.**ધર્મના કવચરૂપ-રક્ષક **૩.**નિર્દય **૪.**નાશ કરનાર

INDEX



તેતો સુખ દુઃખના દેનાર,સુખ૦। તમે સદા સુખ ભંડાર,સુખ૦ ॥
જોને અસુર અભાગી અતિ,સુખ૦। મહા દુષ્ટમય દુરમતિ,સુખ૦ ॥૩૮॥

કરતા મનસુબા મારવા,સુખ૦। નિત્ય પ્રત્યે નવા નવા,સુખ૦ ॥
તેને મારી મોક્ષ આપી,સુખ૦। એવી મૂર્તિ કહી પ્રતાપી,સુખ૦ ॥૩૯॥

માટે મૂર્તિ મંગળમૂળ,સુખ૦। એથી પામ્યા સુખ અતૂળ,સુખ૦ ॥
એથી અમંગળ નહીં કેનું,સુખ૦। શું શું કહી દેખાડું તેનું,સુખ૦ ॥૪૦॥

મંગળ કરચરણાદિક કહિયે,સુખ૦। મંગળ નખશિખા લગી લહિયે,સુખ૦ ॥
મંગળ ચાલ્ય ચરિત્ર માનું,સુખ૦। મંગળમાં અમંગળ શાનું,સુખ૦ ॥૪૧॥

મંગળ દેવું લેવું એવું,સુખ૦। સર્વે મંગળકારી કે'વું,સુખ૦ ॥
મંગળકારી વાણી મુખની,સુખ૦। મંગળ દૃષ્ટિ કરો છો સુખની,સુખ૦ ॥૪૨॥

સર્વે ક્રિયા મંગળકારી,સુખ૦। મંગળ મૂર્તિની બલિહારી,[૧] સુખ૦ ॥
મંગળમય મૂર્તિ જેણે જોઈ,સુખ૦। તેને ન્યૂન ન રહી કોઈ,સુખ૦ ॥૪૩॥

મંગળ મૂર્તિને પ્રતાપ,સુખ૦। સ્પર્શે પ્રજળે પૂરણ પાપ,સુખ૦ ॥
મંગળ મૂર્તિને સમરતાં,સુખ૦। મટે સંકટ શ્રીહરિ કરતાં,સુખ૦ ॥૪૪॥

મંગળ મૂર્તિને ચિંતવતાં,સુખ૦। કિલ્બિષ[૨] જાય શુભ થાય સેવતા,સુખ૦ ॥
મંગળ મૂર્તિનું ધ્યાન ધરતાં,સુખ૦। થાય અંતરમાં સુખ સમતા,[૩] સુખ૦ ॥૪૫॥

મંગળ મૂર્તિના ગુણ ગાવતાં,સુખ૦। માટે મેં નથી મુકાતા,સુખ૦ ॥
મંગળ મૂર્તિ જોઈ મન રાતો,[૪] સુખ૦। તેણે રહું છું ફુલાતો,સુખ૦ ॥૪૬॥

મંગળ મૂર્તિ જોઈ મેં મને,સુખ૦। રાજી રહું છું રાત્ય દને,સુખ૦ ॥
મંગળ મૂર્તિ જોતાં મારે,સુખ૦। સઈ[૫] ઓછપ્ય છે આ વારે,સુખ૦ ॥૪૭॥

પૂર્ણકામ પ્રગટ પ્રતાપે,સુખ૦। એમ મને મનાણું આપે,સુખ૦ ॥
તેનો નથી થાપ ઉથાપ,સુખ૦। તે તો પ્રગટને પ્રતાપ,સુખ૦ ॥૪૮॥

**૧.**વારી જવાય એવી અદ્‌ભુત **૨.**પાપ **૩.**શાંતિ **૪.**આનંદિત **૫.**કઈ અથવા શું

મૂર્તિ સંભારવા સારુ,સુખ૦। કર તું મનસૂબો મન મારું,સુખ૦ ॥
તે તો પૂરણ થયો પ્રમાણ,સુખ૦। કર્યાં મૂર્તિનાં વખાણ,સુખ૦ ॥૪૯॥
હરિસ્મૃતિ થાય હૈયે,સુખ૦। માટે હરિસ્મૃતિ કહિયે,સુખ૦ ॥
કે'તાં સુણતાં મટે ભવફંદ,[1] સુખ૦। એમ કહે નિષ્કુળાનંદ,સુખ૦ ॥૫૦॥

*ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે ષષ્ઠઃ ચિંતામણિઃ ॥૬॥*

# ૭. મૂર્તિ ચિંતામણિ

**-: દોહા :-**

**અલૌકિક મૂર્તિ આજની, ધરી ધર્મકુમાર; ॥**
**જોતાં નાવે જોડ્યમાં, આ સમ અન્ય અવતાર ॥ ૧ ॥**
**સમર્થ મૂર્તિ સુખ ભરી, ધરી ન ધરશે કોય; ॥**
**સર્વોપરી છે શ્રી હરિ, સહજાનંદ પ્રભુ સોય ॥ ૨ ॥**

**-: ચોપાઈ ધ્રુવપદી :-**

પ્રગટ પ્રબળ મૂર્તિ, અચરજકારી છે. ।
જેને નેતિ નેતિ કહે શ્રુતિ, અચરજકારી છે. ॥
અકળ અનુપ અમાપ,અચ૦। કોય કરી શકે નહી થાપ,[2] અચ૦ ॥ ૩ ॥
અગમ અતોલ અપાર,અચ૦। નિગમે ન થાય નિરધાર,અચ૦ ॥
શિવ બ્રહ્મા સરખા કહે છે,અચ૦। તોય અતિ અપાર રહે છે,[3] અચ૦ ॥ ૪ ॥
પ્રગટ મૂર્તિનો મહિમાય,અચ૦। સર્વે સુખતણી સીમાય,અચ૦ ॥
મોટ્યપ હરિમૂર્તિની અતિ,અચ૦। કે'તાં કહેવાય નહીં કોયવતી,અચ૦ ॥ ૫ ॥
જે જે હરિ મૂર્તિથી થયું,અચ૦। તે તે મેં ન જાય કહ્યું,અચ૦ ॥

૧.સંસારનું બંધન ૨.માપ ૩.પરાકાષ્ઠા-સર્વોત્તમ સુખસ્વરૂપ

બહુ બહુ થાય ચમત્કાર,અચ૦। તેને કહેતાં ન આવે પાર,અચ૦ ॥ ૬ ॥
જે કોય કેદી ન સૂણ્યું કાન,અચ૦। તે તો દેખાડ્યું ભગવાન,અચ૦ ॥
અલૌકિક વસ્તુ આવે લોકે,અચ૦। તે તો જન સહુ અવલોકે,અચ૦ ॥ ૭ ॥
અશન[૧] વસન સુંદર માળા,અચ૦। પ્રસાદી દાળ્ય રોટા રૂપાળા,અચ૦ ॥
તલલાડું તોરા હાર,અચ૦। ફળ ફૂલ અમૂલ્ય અપાર,અચ૦ ॥ ૮ ॥
પામે સમાધિયે તે દાસ,અચ૦। જાગે જ્યારે ત્યારે રહે પાસ,અચ૦ ॥
જે જે આપે સમાધિ માંયે,અચ૦। તે તે લઈ આવે જન આંયે,અચ૦ ॥ ૯ ॥
અમાયિક માયિકમાં આવે,અચ૦। એથી અન્ય આચરજ શું કા'વે,અચ૦ ॥
વળી અનેક પરચા આપે,અચ૦। પામે જન પ્રગટ પ્રતાપે,અચ૦ ॥૧૦॥
તે તો કે'તા ન કે'વાયે,અચ૦। મોટો હરિમૂર્તિ મહિમાયે,અચ૦ ॥
જે જે આ સમાની વાત,અચ૦। તે દીઠી મેં સાક્ષાત,અચ૦ ॥૧૧॥
સંતદાસ પ્રગટ પ્રતાપે,અચ૦। ગયા જળમાં ના'વા આપે,અચ૦ ॥
દીધી જળમાં[૨] ડૂબકી દાસે,અચ૦। નીસર્યા નરનારાયણ પાસે, [૩]અચ૦ ॥૧૨॥
તિયાં દોઢ માસ રઈ,અચ૦। ત્યાંની ખબર આવ્યા લઈ,અચ૦ ॥
તે તો આચરજ વાત કહેવાય,અચ૦। આ દેહે એમ જવાય,અચ૦ ॥૧૩॥
વળી ફરી મેલ્યા મહારાજે,અચ૦। હીમાળો[૪] ઉલ્લંઘ્યો મુનિરાજે,અચ૦ ॥
આવી પથરા[૫] નદી ત્યાંયે,અચ૦। ઉતર્યા શ્રી હરિની ઈચ્છાયે,અચ૦ ॥૧૪॥
નાહ્યા માનસરોવર ઘાટે,અચ૦। કૈકૈ કારજ કીધાં વાટે,અચ૦ ॥
એહ સામર્થી સ્વામીની,અચ૦। બીજી કહું બહુનામીની,અચ૦ ॥૧૫॥
એક સચ્ચિદાનંદ સંત,અચ૦। મહામોટા સાધુ અત્યંત,અચ૦ ॥
તેને રૂંધ્યા ઘરમાં ઘાલી,અચ૦। રાખી ચોકી તાળાં આલી,અચ૦ ॥૧૬॥
તેમાંથી નીસરી ગયા,અચ૦। તાળાં તેમનાં તેમ રહ્યાં,અચ૦ ॥

**૧.**ભોજન **૨.**હમીર સરોવરમાં(ભૂજ) **૩.**બદરિકાશ્રમમાં **૪.**હિમાલય **૫.**જેમાં પડવાથી શરીર થીજીને પથ્થર જેવું બની જાય એવી

ભૌતિક દેહ અભૌતિક થયું,અચ૦। એહ કારણ હરિનું કહ્યું,અચ૦ ॥૧૭॥
વળી હરિમૂરતિ પ્રતાપે,અચ૦। સુખિયા થયા સાધુ આપે,અચ૦ ॥
એક વ્યાપકાનંદ મુનિ,અચ૦। તે પર મે'ર મોટી પ્રભુની,અચ૦ ॥૧૮॥
સદા રહે મૂર્તિમાંઈ,અચ૦। હરે ફરે હરિઇચ્છાઈ,અચ૦ ॥
વળી જે જે બોલે જિહ્વાય,અચ૦। તે તો તેમનું તેમ થાય,અચ૦ ॥૧૯॥
એક મૂઈ જીવાડી ઘોડી,અચ૦। એહ વાત નહિ કાંયે થોડી,અચ૦ ॥
વળી વાડવસુત[1] જીવાડ્યો,અચ૦। પ્રગટ પ્રતાપે ઉઠાડ્યો,અચ૦ ॥૨૦॥
તે સામર્થી સહજાનંદની,અચ૦। કહિ કેમ જાય આનંદકંદની,[2] અચ૦ ॥
વળી વ્યાપકાનંદે એક,અચ૦। કાપી કષ્ટ ઉગાર્યો વણિક,અચ૦ ॥૨૧॥
એવાં અનેક અલૌકિક કાજ,અચ૦। કર્યાં સંત દ્વારે મહારાજ,અચ૦ ॥
વળી સંત સ્વરૂપાનંદ,અચ૦। જેને અંતર સદા આનંદ,અચ૦ ॥૨૨॥
કરી સમાધિ સંયમિની[3] ગયા,અચ૦। દીઠા જીવ દુઃખિયા તિયાં,અચ૦ ॥
નરકકુંડમાં નરનાર,અચ૦। પાપી પીડાતાં અપાર,અચ૦ ॥૨૩॥
તેને દેખી દયા આવી,અચ૦। બોલ્યા હરિમૂર્તિ બળ લાવી,અચ૦ ॥
નીસરો નરક થકી સહુ બા'ર,અચ૦। પ્રગટ પ્રતાપે નરનાર,અચ૦ ॥૨૪॥
કાઢી જીવ કીધા કુંડ ખાલી,અચ૦। જેને જમે નાખ્યા'તા ઝાલી,અચ૦ ॥
તે નીસર્યા હરિ પ્રતાપે,અચ૦। એ તો અતોળ[4] વાત અમાપે,અચ૦ ॥૨૫॥
એક હરિજન પર્વતભાઈ,અચ૦। સદા રહે હરિમૂર્તિમાંઈ,અચ૦ ॥
એક દિન વિચાર્યું એવું,અચ૦। વરાહરૂપ હશે વળી કેવું,અચ૦ ॥૨૬॥
ત્યાં તો રૂપ રૂડાં ચોવિશે,અચ૦। ઊભાં આગળ નજરે દિશે,અચ૦ ॥
એક એકથી અનુપ,અચ૦। ચિત્તચોર ચોવિશે રૂપ,અચ૦ ॥૨૭॥
વળી પ્રગટ મૂર્તિ પાસે,અચ૦। ઊભી દીઠી તે પણ દાસે,અચ૦ ॥

૧.બ્રાહ્મણનો દીકરો ૨.આનંદના મૂળની ૩.યમપુરી ૪.તુલના ન થાય તેવી

INDEX



સર્વે રૂપ સમાણાં તેમાં,અચ૦। પ્રગટ મૂર્તિ સુખની સીમા,અચ૦ ॥૨૮॥
તે તો પર્વતભાઈ પાસ,અચ૦। સદા રહે છે શ્રી અવિનાશ,અચ૦ ॥
એવી વાત આજ દિન પે'લી,અચ૦। નથી શ્રવણે સાંભળેલી,અચ૦ ॥૨૯॥
વળી એહ મૂર્તિના બળે,અચ૦। થયું કામ કહું એક પળે,અચ૦ ॥
એક ભક્ત રૂડો રતનો,અચ૦। કરે ધ્યાન ધંધો ઘરનો,અચ૦ ॥૩૦॥
તેને ઘેર દિવ્ય સ્વરૂપે,અચ૦। આવ્યા નાથ રથ અનુપે,અચ૦ ॥
હતો રથ હાલો હાલ્યે,[૧] અચ૦। વળગ્યો રથને રતનો વાલ્યે,અચ૦ ॥૩૧॥
પોહોત્યો પલમાં જુગ[૨] જોજને,[૨] અચ૦। બેઠા બાંધે બાર સદને,[૩] અચ૦ ॥
તે તો દિધું હતું દોકાન,[૪] અચ૦। તેમાં મૂકી ગયા ભગવાન,અચ૦ ॥૩૨॥
ભૌતિકભાવ રહ્યો નહિ રતિ,અચ૦। પામ્યા દિવ્ય દેહની ગતિ,અચ૦ ॥
એવા અનંત ચમતકાર,અચ૦। પ્રગટ મૂર્તિમાં અપાર,અચ૦ ॥૩૩॥
વળી એક મેઘ હલવાઈ,અચ૦। સદા રહે સમાધિમાંઈ,અચ૦ ॥
કરે કંદોઈનું કાજ,અચ૦। પળ ભૂલે નહીં મહારાજ,અચ૦ ॥૩૪॥
તપાવે તેલ અતિ તાવડે,અચ૦। તેમાંથી કળી[૫] કાઢે કર વડે,અચ૦ ॥
તેમાં રતી ન દાઝે આપે,અચ૦। તે તો હરિમૂર્તિ પ્રતાપે,અચ૦ ॥૩૫॥
વળી એક ડોસો યવન,[૬] અચ૦। તેને થયું હરિનું દર્શન,અચ૦ ॥
રહી મૂર્તિ અંતરમાંઈ,અચ૦। ભૂલ્યો દેહ દીસે નહિ કાંઈ,અચ૦ ॥૩૬॥
તેને બાપે બાંધ્યો બંધે,[૭] અચ૦। રોક્યો ઘરમાં ઘાલી સંબંધે,અચ૦ ॥
આપ્યાં કમાડ દીધાં તાળાં,અચ૦। બેઠાં બારણે રખવાળાં,અચ૦ ॥૩૭॥
તેમાંથી દેહ અદર્શ થઈ,અચ૦। નીસર્યો બાર ગાઉ પર[૮] જઈ,અચ૦ ॥
ત્યાં પણ બંધ કર્યો વળી બીજે,[૯] અચ૦। ત્યાંથી નીસરી ગયો ત્રીજે,અચ૦ ॥૩૮॥

**૧.**અતિ વેગમાં ચાલતો રથ **૨.**જુગ = બે. એક જોજન = ચાર ગાઉ **૩.**બંધ બારણાવાળા ઘરમાં પ્રવેશ્યા **૪.**દુકાન **૫.**બુંદી-ગુંદી **૬.**ડોસાભાઈ મુસલમાન (અમદાવાદના) **૭.**દોરીએ **૮.**ધોળકા પાસે **૯.**બીજા તેમના સગાઓએ

INDEX



આવરણ એક આડું નવ રહ્યું,અચ૦। ભૌતિક દેહ અભૌતિક થયું,અચ૦ ॥
તે તો જાણે છે જન મનમાં,અચ૦। એહ સામર્થી ભગવનમાં,અચ૦ ॥૩૯॥

એવી કેટલીક વાતો કરિયે,અચ૦। પ્રગટ મૂર્તિની વૈખરિયે,[1] અચ૦ ॥
ઘણી વાત થોડામાં કહી,અચ૦। બીજી ઘણી ગ્રંથોમાં રહી,અચ૦ ॥૪૦॥

સર્વે વાત સંભારી કહેવા,અચ૦। નથી આ જગમાં કોઈ એવા,અચ૦ ॥
જોયું અંતર ઊંડુ ખોળી,અચ૦। સામર્થ્ય વાલામાં વણતોળી,અચ૦ ॥૪૧॥

આ મૂર્તિની જે મોટાઈ,અચ૦। નાવે નાવે કહ્યામાંઈ,અચ૦ ॥
આ મૂર્તિ સહુથી ન્યારી,અચ૦। શું હું કહું વડાઈ વિસ્તારી,અચ૦ ॥૪૨॥

**આ મૂર્તિ સહુથી નોખી,અચ૦। ચોક્કસ વાત કહું છું ચોખ્ખી,અચ૦** ॥
**આ મૂર્તિ નહી અન્ય જેવી,અચ૦। હરિ ધરી ન ધરશે એવી,અચ૦** ॥૪૩॥

આ મૂર્તિ છે અલૌકી,અચ૦। માનો માન મનનું મૂકી,અચ૦ ॥
આ મૂર્તિ નહીં કોય સરખી,અચ૦। જુવો અંતર ઊંડુ નીરખી,અચ૦ ॥૪૪॥

આ મૂર્તિનો મહિમાય,અચ૦। કોટિ કવિયે કેમ કહેવાય,અચ૦ ॥
આ મૂર્તિનું પરમાણું,[2] અચ૦। લખતાં કેણે ન લખાણું,અચ૦ ॥૪૫॥

કૈક કહિ કહિ કે'છે ઘણું,અચ૦। બળ બહુ દેખાડે બુદ્ધિતણું,અચ૦ ॥
તોય જથારથ જાણવા,અચ૦। નથી કોય જૂના નવા,અચ૦ ॥૪૬॥

**એવી મૂર્તિ છે આજની,અચ૦। હરિજનના સુખ સાજની,[3] અચ૦** ॥
**સહુને[4] પાર આવ્યા છે પોતે,અચ૦। જન સુખિયા થાય સહુ જોતે,અચ૦** ॥૪૭॥

એહ મૂર્તિના પ્રસંગે,અચ૦। કૈક સુખિયા થયા અંગે,અચ૦ ॥
એવી મૂર્તિ સુખમય સારી,અચ૦। તે તો દ્વિજ ધર્મ ઘર ધારી,અચ૦ ॥૪૮॥

ધન્ય ધન્ય દ્વિજ ધર્મકુમાર,અચ૦। કર્યા બહુ જીવ ભવપાર,અચ૦ ॥
તે ગણતાં ન ગણાય,અચ૦। કહ્યો મૂર્તિનો મહિમાય,અચ૦ ॥૪૯॥

**૧.**વૈખરી નામની માયિક વાણીએ **૨.**માપ **૩.**સુખસામગ્રીની-સુખ માટેની **૪.**સૌથી પર

INDEX



મોટ્યપ કહેવા મૂર્તિતણી,અચ૦। હતી હામ હૈયામાં ઘણી,અચ૦ ॥
પૂરી થઈ પામ્યો આનંદ,અચ૦। એમ કહે નિષ્કુળાનંદ,અચ૦ ॥૫૦॥

***ઈતિ શ્રીહરિસ્મૃતિ મધ્યે સપ્તમઃ ચિંતામણિઃ ॥૭॥***

# હરિસ્મૃતિઃ સમાપ્તા

# ચોસઠપદી

## :: ભૂમિકા ::

આ ગ્રંથમાં આઠ-આઠ પદનાં આઠ પ્રકરણો છે. તેથી આ ગ્રંથનું **'ચોસઠપદી'** એવું અન્વર્થ નામ છે. આ ગ્રંથ મુખ્યત્વે ત્યાગીઓને ઉદ્દેશીને લખેલો જણાય છે. તેમાં આટલા વિષયો ઉપર પૂ.નિષ્કુળાનંદસ્વામીએ અદ્ભુત કલમ ચલાવી છે.

- સંત-અસંતનાં લક્ષણો.
- સાચા સંતનો મહિમા.
- ત્યાગીને વૈરાગ્ય તથા જીવનધ્યેય સંબંધી ઉપદેશ.
- સર્વોપરી શ્રીહરિનો મહિમા.
- શ્રીહરિ તથા સંતો સાથે દાસ ભાવે વર્તવાની ટકોર.
- અંતઃશત્રુઓથી સાવધાન રહેવાની ભલામણ.
- સાચા સંતનો સમાગમ તથા અસંતનો ત્યાગ કરવાની ભલામણ.
- મનને ઉપદેશ.
- અક્ષરધામની વિશેષતા.
- પ્રગટ પ્રાપ્તિનો કેફ અને અક્ષરધામનું વર્ણન.

જેણે પુરુષોત્તમને પામવા માટે જ સંસાર છોડ્યો હોય, તેવા ઉત્તમ મુમુક્ષુ માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે. એવા જ ધ્યેયવાળા ગૃહસ્થ ભક્તોને પણ ઘણું બળ પ્રેરે તેવો છે. આ ગ્રંથથી હજારો ત્યાગીને પુષ્કળ બળ મળ્યું છે ને મળતું રહેશે. ઘણા સંતો આ ગ્રંથ કંઠસ્થ કરીને ગાયા કરે છે. ને ભગવાન તરફ ઝડપથી આગળ વધે છે. આપણે પણ તેનો ઉપયોગ કરીએ. આ ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન પ્રસિદ્ધ નથી.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# ચોસઠપદી

## પદ-૧

**રાગ : ધોળ 'હેલી જોને આ નંદકુમાર સલુણો શોભતા'**

એક વાત અનુપ અમૂલ્ય, કરું છું કહેવાતણું ॥
પણ મનભાઈ કહે છે મ[1] બોલ્ય, ઘોળ્યું[2] ન કહેવું ઘણું ॥ ૧ ॥
પણ વણ કહ્યે જો વિગત્ય, પડે કેમ પરને ॥
સંત અસંતમાં એક મત્ય,[3] નિશ્ચે રહે નરને ॥ ૨ ॥
માટે કહ્યા વિના ન કળાય, સહુ તે સુણી લૈયે ॥
મોટા સંતનો કહ્યો મહિમાય, તે સંત કોને કૈયે ॥ ૩ ॥
કે સંત સેવ્યે સરે કાજ, એમ છે આગમમાં[4] ॥

**૧.**ના **૨.**મુઉં; જે થાય તે પણ **૩.**મતિ; સમાનતા **૪.**શાસ્ત્રોમાં

સુણી નિષ્કુળાનંદ તે આજ, સહુ છે ઉદ્યમમાં[1] ॥ ૪ ॥

## પદ-૨

**એવા સંત તણી ઓળખાણ, કહું સહુ સાંભળો ॥**
**પછી સોંપી તેને મન પ્રાણ, એ વાળે તેમ વળો ॥ ૧ ॥**

**જેના અંતરમાં અવિનાશ,[2] વાસ કરી વસિયા ॥**
**તેણે કામ ક્રોધ પામ્યા નાશ, લોભ ને મોહ ગયા ॥ ૨ ॥**

એવા શત્રુતણું ટળ્યું સાલ,[3] લાલ[2] જ્યાં આવી રહ્યા ॥
તેણે સંત થયા છે નિહાલ,[4] પૂરણ કામ થયા ॥ ૩ ॥

એવા સંત જે હોય સંસાર, શોધીને સેવીજિયે ॥
કહે નિષ્કુળાનંદ નિરધાર, તો લાભ તે લીજિયે ॥ ૪ ॥

## પદ-૩

**સાચા સંત સેવ્યે સેવ્યા નાથ, સેવ્યા સુર સહુને ॥**
**સેવ્યા મુક્ત મુનિ ઋષિ સાથ, બીજા સેવ્યા બહુને ॥ ૧ ॥**

એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા ॥
જમ્યા સર્વે લોક સર્વે ધામ, સહુ થયા તૃપ્તતા ॥ ૨ ॥

એવા સંતને પૂજીને પટ,[5] પ્રીત્યેશું પહેરાવિયાં ॥
તેણે ઢાંક્યાં સહુના ઘટ,[6] ભલા મન ભાવિયાં ॥ ૩ ॥

**એવા સંત મળ્યે મળ્યા સ્વામી,[7] ખામી કોયે ન રહી ॥**
**કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી ॥ ૪ ॥**

## પદ-૪

નક્કી વાત છે એ નિરધાર, જૂઠી જરાય નથી ॥
સહુ અંતરે કરો વિચાર, ઘણું શું કહુ કથી ॥ ૧ ॥

**૧.**પ્રયત્નમાં **૨.**ભગવાન **૩.**દુઃખ **૪.**ન્યાલ; કૃતાર્થ **૫.**વસ્ત્ર **૬.**શરીર **૭.**સર્વના માલિક શ્રીહરિ

એક જમતાં બોલિયો શંખ,[૧] અસંખ્યથી શું સર્યું ॥
એક જમીને બોલ્યો નિઃશંક, યમુના જાવા કર્યું ॥ ૨ ॥
એમ એક પૂજ્યે પૂજ્યા સહુ, સેવ્યે સહુ સેવિયા ॥
માટે ઘણું ઘણું શું કહું, ભેદ ભક્તના કહ્યા ॥ ૩ ॥
હવે એવા વિના જે અનેક, જગતમાં જે કહીએ ॥
કહે નિષ્કુળાનંદ વિવેક, સેવ્યે સુખ શું લહીએ ॥ ૪ ॥

## પદ-૫

જેના અંતરમાં કામ ક્રોધ, લોભની લાહ્ય[૨] બળે ॥
એવા બહુ કરતા હોય બોધ, તે સાંભળ્યે શું વળે ॥ ૧ ॥
માન મમતા મત્સર મોહ, ઈર્ષ્યા અતિ ઘણી ॥
એવો અધર્મ સર્ગ સમોહ, ધારી રહ્યા જે ઘણી ॥ ૨ ॥
તેને સેવતા શું ફળ થાય, પૂજીને શું પામિયે ॥
જે જમાડિયે તે પણ જાય, ખાધુ જે હરામિયે ॥ ૩ ॥
એના દર્શન તે દુઃખ દેણ,[૩] ન થાય તો ન કીજિયે ॥
સુણી નિષ્કુળાનંદના વેણ, સહુ માની લીજિયે ॥ ૪ ॥

## પદ-૬

એવા વિકારી જનની વાત, દેનારી છે દુઃખની ॥
જેના અંતરમાં દિન રાત, ઈચ્છા વિષય સુખની ॥ ૧ ॥
એને અર્થે કરે ઉપાય, શોધી સારા ગામને ॥
પોતે પોતાનું માહાત્મ્ય ગાય, ચહાય[૪] દામ[૫] વામને[૬] ॥ ૨ ॥

**૧.**પાંડુ રાજાના ઉદ્ધાર માટે પાંડવોએ રાજસૂય યજ્ઞ કર્યો હતો. તેમાં અસંખ્ય ઋષિઓને જમાડ્યા છતાં શંખ ન બોલ્યો. પછી શ્રીકૃષ્ણ ભગવાને બતાવેલ એક એકાંતિક ભક્તને ભગવાનનો ભાવ રાખી જમાડ્યો ત્યારે તરત શંખ બોલ્યો એટલે પાંડુના ઉદ્ધારનું પ્રમાણ મળ્યું **૨.**અગ્નિ-તૃષ્ણા **૩.**દેનાર **૪.**ઈચ્છે **૫.**ધન **૬.**સ્ત્રીને

કરે કથા કીર્તન કાવ્ય, અર્થ એ સારવા ॥
ભલો દેખાડે ભક્તિ ભાવ, પર ઘર મારવા[૧] ॥૩॥
એથી કે દી ન થાય કલ્યાણ, જિજ્ઞાસુને જાણવું ॥
કહે નિષ્કુળાનંદ નિરવાણ,[૨] પેખી પરમાણવું[૩] ॥૪॥

## પદ-૭

દેહ પોષવા સારુ જે દંભ, કરે છે જે કુબુદ્ધિ ॥
ખોટા સુખ અરથે આરંભ, મૂકે નહિ મૂવા સુધી ॥૧॥
તેણે જનમ પશુને પાડ,[૪] ખોયો ખોટા કારણે ॥
મોક્ષ મારગે દીધા કમાડ, કડી જડી બારણે ॥૨॥
ફેરો ન ફાવ્યો થયો ફજિત, જીત ગઈ જળમાં ॥
મેલી મુક્ત મોટપ્યની રીત, ખ્યાતિ કરી ખળમાં[૫] ॥૩॥
આપ ડા'પણે આખો દિવસ, દુઃખે ભર્યો દોયલો[૬] ॥
કહે નિષ્કુળાનંદ અવશ્ય, ખાટ્યો[૭] માલ ખોયલો[૮] ॥૪॥

## પદ-૮

સંત અસંતની ઓળખાણ, પાડી છે પુરાણમાં ॥
સુણી સરવે જન સુજાણ, તણાશો મા તાણમાં[૯] ॥૧॥
જડભરત જનક જયદેવ, એવું થાવું આપણે ॥
ત્યારે કરતા અસંતની સેવ, વાત કહો કેમ બણે ॥૨॥
અતિ આદર્યું કામ અતોલ,[૧૦] પરલોક પામવા ॥
ત્યારે ખરી કરી જોઈએ ખોળ્ય, વિઘનને વામવા ॥૩॥
વણ સમજે સાર અસાર, પાર કહો કોણ થયા ॥

**૧.**યુક્તિપૂર્વક કોઈકની વસ્તુ છીનવી લેવા **૨.**અવશ્ય **૩.**જોઈ-તપાસીને નક્કી કરવું **૪.**સમાન **૫.**દુષ્ટ પુરુષોમાં **૬.**બમણો **૭.**મેળવેલો **૮.**ગુમાવ્યો **૯.**ખોટા આગ્રહમાં **૧૦.**અજોડ; અલૌકિક

કરી નિષ્કુળાનંદ વિચાર, સંત અસંત કહ્યા ॥ ૪ ॥

## પદ-૯

રાગ : ધોળ 'લટકાળા તારે લટકે રે, લેરખડા'

**સાચા સંતના અંગ એંધાણ રે, જોઈ લેવા જીવડિયે ॥**
**જેને મળવે માન્યું કલ્યાણ રે, તેને જોવા ઘડી ઘડિયે ॥ ૧ ॥**

**ખાતા પીતા જોતા જણાશે રે, આશય એના અંતરની ॥**
**ઊઠે બેસે બોલે કળાશે રે, પાસે વસતા એ નરની ॥ ૨ ॥**

હશે હારદ હૈયાં કેરું રે, વણ કહ્યે પણ વરતાશે ॥
જેમ જેમ છપાડશે[૧] ઘણેરું રે, તેમ તેમ છતું થાશે ॥ ૩ ॥

ખાય ખૂણે લસણ લકી[૨] રે, તે ગંધ કરે છુપાવાનું ॥
કહે નિષ્કુળાનંદ વાત નક્કી રે, જેમ છે તેમ જણાવાનું ॥ ૪ ॥

## પદ-૧૦

જેવો રસ ભર્યો જે ઠામે રે, તેવો તેમાંથી ઝરશે ॥
કોઈ કાઢશે પડ્યે કામે રે, નિશ્ચે તેવો નીસરશે ॥ ૧ ॥

જોને આહાર કરે જન જેવો રે, તેવો આવે ઓડકારે ॥
અણપૂછે નીસરે એવો રે, આશય અંતરનો બા'રે ॥ ૨ ॥

જોને ચીલ[૩] ચઢે અસમાને[૪] રે, નજર તેની નીચી છે ॥
દેખી મારણને[૫] મન માને રે, અન્ય જોવા આંખ્ય મીંચી છે ॥ ૩ ॥

એવા લક્ષણવાળા લાખુ રે, દીઠા મે દગે ભરિયા ॥
કહે નિષ્કુળાનંદ શું ભાખું[૬] રે, ઓળખો એની જોઈ ક્રિયા ॥ ૪ ॥

---

૧.છુપાવશે ૨.ડુંગળી ૩.સમળી (હિંસક પક્ષી) ૪.આકાશે ૫.શિકારને ૬.કહું

## પદ-૧૧

કામી બોલે કામે ભરિયું રે, લોભી બોલે લોભ લઈ ॥
ક્રોધી બોલે ક્રોધે અનુસરિયું રે, માની બોલે માન સઈ[1] ॥ ૧ ॥
સ્વાદી બોલે સ્વાદ વખાણી રે, દંભી બોલે દંભ ભરી ॥
અહંકારી અહંકાર આણી રે, કપટી બોલે કપટ કરી ॥ ૨ ॥
માટે જે જનને મળે જેવા રે, તેવો તેને રંગ ચડશે ॥
નહિ જાય શ્રોતા સારુ લેવા રે, જેમ છે તેમ તેનું જડશે ॥ ૩ ॥
ખૂબ ખરા હોય ખપવાળા રે, તેને જોવું તપાસી ॥
થાય નિષ્કુળાનંદ સુખાળા રે, ખરી વાત કહું ખાસી ॥ ૪ ॥

## પદ-૧૨

વણ સાધુનો[2] વરતારો[3] રે, આ પદ સુણતાં ઓળખાશે ॥
પછી શોધી સમાગમ સારો રે, તે સાથે પ્રીતિ થાશે ॥ ૧ ॥
તેહ વિના મન નહિ માને રે, બીજે દલડું નહિ બેસે ॥
કાયરની વાતો કાને રે, સાંભળી પંડ્યમાં નહિ પેસે ॥ ૨ ॥
આંખ્ય અંતરની ઊઘડશે રે, પડશે પારખું પોતાને ॥
ખરા ખોટાની ગમ પડશે રે, જડશે વાતો એ જોતાને ॥ ૩ ॥
પછી સંત અસંત એક પાડે[4] રે, નહિ દેખે તે કોઈ દને ॥
કહિ નિષ્કુળાનંદ શું દેખાડે રે, જાણશે જેમ છે તેમ મને ॥ ૪ ॥

## પદ-૧૩

**જેનું તન મન માન્યું ત્યાગે રે, ભક્તિ ધર્મ ભાવે છે ॥**
**તેના વચન વીંટ્યાં વૈરાગે રે, અંતરમાંથી આવે છે ॥ ૧ ॥**

**૧.**સહિત **૨.**અસાધુનો **૩.**વર્તન **૪.**સરખાપણે

શીલ[1] સંતોષ ને વળી શાંતિ રે, એમા રહીને બોલે છે ॥
ધીરજતા કહી નથી જાતી રે, જ્ઞાન ધ્યાનમાં ડોલે છે ॥ ૨ ॥
એવા સંત સહુના સગા રે, પરઉપકારી પૂરા છે ॥
જેના દલમાં નહિ કોય દગા રે, સત્ય વાતમાં શૂરા છે ॥ ૩ ॥
**વળી હેત ઘણું છે હૈયે રે, આંખ્યે અમૃત વરસે છે ॥**
**કહે નિષ્કુળાનંદ શું કહિયે રે, એ જન જોઈ હરિ હરખે છે ॥ ૪ ॥**

## પદ-૧૪

કેને દુઃખ દેવાનો દિલમાં રે, ભૂલ્યે ભૂંડો ભાવ નથી ॥
પર ઉપકારે પળપળમાં રે, ઊપજે ઈચ્છા અંતરથી ॥ ૧ ॥
પંચ વિષયને પરહરીને રે, વરતે છે વણ વિકારે ॥
તેહ જણાય જોવે કરીને રે, જન એ બોલે છે જ્યારે ॥ ૨ ॥
વણ વિચારે પણ વાતું રે, આવે એના અંતરથી ॥
બોલે અહં મમતાનું ઘસાતું રે, ઊતર્યું મન તન સુખ પરથી ॥ ૩ ॥
એવા ક્યાંથી મળે જન એકે રે, નિર્મળ અંતર નિષ્કામી ॥
કહે નિષ્કુળાનંદ વિવેકે રે, બીજા બહુ હોય હરામી ॥ ૪ ॥

## પદ-૧૫

વળી વિષયી જનનાં વાયક[2] રે, ભર્યા ભરપૂર ભૂંડાઈયે ॥
હોય સહુને દુઃખના દાયક રે, એથી સુખિયાં શું થાયે ॥ ૧ ॥
જોને આગ્નીધ્ર દીર્ઘતમા રે, વિષય સારુ વિલખ્યા છે ॥
એનાં વચન શોધી શાસ્ત્રમાં રે, સર્વે લૈને લખ્યાં છે ॥ ૨ ॥
વળી વસિષ્ઠ ને દુર્વાસા રે, લોભી ક્રોધી કાવે છે ॥

**૧**.બ્રહ્મચર્ય, સત્ય તથા ધર્મયુક્ત સારો સ્વભાવ **૨**.વેણ; વાક્ય

એના અંતરની જે આશા રે, સર્વે શાસ્ત્ર જણાવે છે ॥ ૩ ॥
માટે જે જનમાં ગુણ જેવો રે, એવો આપે સેવકને ॥
કહે નિષ્કુળાનંદ ન સેવો રે, જાણી એવા વિવેકને ॥ ૪ ॥

## પદ-૧૬

કહ્યાં ષટ દશ[1] પદ આ ખોળી રે, સહુ જનને સમજાવાને ॥
કહ્યું તન મનમાં મે તોળી રે, જેમ છે તેમ જણાવાને ॥ ૧ ॥
કોય પીયૂષ[2] રસને પાઈ રે, ઉછેરે નર ઉરગને[3] ॥
તોય નિરવિખ[4] તે ન થાય રે, વાધે વિખ એના અંગને ॥ ૨ ॥
જોને જેવો ગુણ જે બીજે[5] રે, તેવો તેહ જણાવે છે ॥
તેની કોટી જતન જો કીજે રે, તોય તે શું બદલાવે છે ? ॥ ૩ ॥
એવા ઝેરીલા જન જાણી રે, તરત તેને તજી દેવા ॥
સુણી નિષ્કુળાનંદની વાણી રે, શુદ્ધ સંતની કરીએ સેવા ॥ ૪ ॥

## પદ-૧૭

**રાગ-ગરબી 'સજ્યા શણગાર શોભતા રે, આજ સખી વ્રજરાજ'**

કઠણ વચન કહું છું રે, કડવા કાંકચ્ય[6] રૂપ ॥
દરદીને ગોળી દઉં છું રે, સુખ થાવા અનુપ ॥ ૧ ॥
**ખરે મને જે જન ખાવશે રે, આવું જે ઔષધ ॥**
**જીરણ[7] રોગ તેનો જાવશે રે, સુખી થાશે સદ્ય ॥ ૨ ॥**
પણ બીક રહે છે બોલતાં રે, સાચી દેતાં શિખ[8] ॥
ખરાં છિદ્ર[9] કેના ખોલતાં રે, વવાઈ જાશે વિખ[10] ॥ ૩ ॥

---

**૧.**સોળ **૨.**અમૃત **૩.**સર્પને **૪.**ઝેર વિનાનો **૫.**બીજમાં **૬.**અતિ કડવી વનસ્પતિનું ફળ **૭.**બહુ જૂનો **૮.**શિખામણ **૯.**દોષ **૧૦.**વૈર થાશે

દેહમાનીને દિલમાં રે, સુણતાં જાશે સુખ ॥
પ્રજળશે[1] તેહ પળમાં રે, દાઝ્યે થાશે દુઃખ ॥૪॥
માટે કહું ન કહું કોઈને રે, એમ આવે વિચાર ॥
નિષ્કુળાનંદ વિચારી જોઈને રે, પછી કરું ઉચ્ચાર ॥૫॥

## પદ-૧૮

સુણો સાધુ શુકજી સરખા રે, નારદ જેવા નેક ॥
નથી ઉપમા માનો મૂરખા રે, ઉર કરો વિવેક ॥૧॥
જડભરત જેવા જાણિયે રે, સનકાદિક સમાન ॥
કદરજ જેવા વખાણિયે રે, ખરા ક્ષમાવાન ॥૨॥
એવી સાધુતાને આશરી રે, જ્યારે લીધો જોગ ॥
ત્યારે પ્રીત સહુશું પરહરી રે, ભૂલવા ભવભોગ ॥૩॥
**એની રીત્યે રીત્ય આપણી રે, બીજી રીત્યે બાધ ॥**
**પરહરો પરી[2] પાપણી રે, વળગી એ વરાધ[3]** ॥૪॥
ફોગટ[4] પડતા બીજા ફંદમા[5] રે, આવે દુઃખ અત્યંત ॥
નિષ્કુળાનંદ આનંદમાં રે, સદા રહોને સંત ॥૫॥

## પદ-૧૯

શુકજીએ નથી સંઘર્યું રે, ધાતુ વળી ધન ॥
નાણું નારદે ભેળું ન કર્યું રે, કહે છે કોયે દન ॥૧॥
જડભરતે ન જોડાવિયું રે, ગાડું ગાડી વેલ ॥
કદરજનું વ્યાસે કા'વિયું રે, ખરી ક્ષમાનો ખેલ ॥૨॥
સનકાદિકે સુખ કારણે રે, ઘોડું ન રાખ્યું ઘેર ॥

**૧.**બળશે **૨.**દૂર **૩.**મોટી ઉપાધિ **૪.**નકામા **૫.**સંતની રીત બહારના ફેલમાં

આ તો બાંધ્યાં બીજાને બારણે[1] રે, કરવા કાળો કે'ર[2] ॥ ૩ ॥
મેલી ઊભી અસલ રીતને રે, નકલ લીધી નેક ॥
તે તો ચોટી ગઈ ચિત્તને રે, છોડી ન છૂટે છેક ॥ ૪ ॥
કોઈ કહે એની કોરનું રે, તેશું બંધાયે વેર ॥
કહે નિષ્કુળાનંદ નોરનું[3] રે, મુંપર રાખજો મે'ર ॥ ૫ ॥

## પદ-૨૦

જરૂર જાવું છે જાણજો રે, પ્રભુજીની પાસ ॥
એવી દેશિયે[4] મ આણજો રે, વણ કર્યે તપાસ ॥ ૧ ॥
જાણો જગમોટાઈ જૂઠ છે રે,તેની તજો તાણ ॥
એને ઈચ્છે તે હૈયાફૂટ[5] છે રે, ન ઈચ્છે સુજાણ ॥ ૨ ॥
**મેલો લાભ આ લોક સુખનો રે, પ્રીત કરો પરલોક ॥**
**એ તો મત છે મૂરખનો રે, ખોટે હરખ શોક ॥ ૩ ॥**
રૂડા સંતની રીતડી રે, જાણો જુદી જન ॥
જેને પ્રભુ સાથે પ્રીતડી રે, તે વિચારો મન ॥ ૪ ॥
માથે કલંક ને મરશું રે, એ તો છે અકાજ ॥
તે તો નિષ્કુળાનંદ નરસું રે, જોઈ રીઝે નહિ રાજ ॥ ૫ ॥

## પદ-૨૧

શોધી આવ્યો તું સત્સંગમાં રે, ભજવાને ભગવાન ॥
આવ્યો તૈયે તારા અંગમાં[6] રે, નો'તા મોટ્યપ માન ॥ ૧ ॥
સહુ સંતને શીશ નામતો રે, થૈને દાસાનુદાસ ॥
ગુણ ગોવિંદજીના ગાવતો રે, જગથી થૈ ઉદાસ ॥ ૨ ॥

**૧.**પારકા ઘરે **૨.**મોટો જુલમ; હાહાકાર **૩.**સાચી રીતનું **૪.**નકલ **૫.**મૂરખ **૬.**વર્તનમાં

એહ ગયું તારી ગાંઠ્યનું[1] રે, બીજું પેઠું પાપ ॥
લઈ લીધું લક્ષણ લાંઠ્યનું[2] રે, અવળું કર્યું આપ ॥૩॥
બની વાત ગઈ બગડી રે, કવથાણું[3] છે કામ ॥
દિલે સળગે છે સગડી રે, સહુનો થાવા શ્યામ[4] ॥૪॥
**નાને ગુણે મોટપ્ય ન મળે રે, વિચારી જોને વાત ॥**
**કહે નિષ્કુળાનંદ કાં બળે રે, ઠાલો દી ને રાત ॥૫॥**

## પદ-૨૨

**મોટા થાવાનું મનમાં રે, દલમાં ઘણો ડોડ[5] ॥**
**તેવા ગુણ નથી તનમાં[6] રે, કાં કરે તું કોડ[7] ॥૧॥**
તું તપાસી જોને તુજને રે, ઊતરી અંતર માંય ॥
પછી ઈચ્છજ્યે થાવા પૂજ્યને રે, તેનું નથી કાંય ॥૨॥
કામ ક્રોધ વળી લોભ છે રે, લિયે છે તારી લાજ ॥
તેણે કરી અંતરે ક્ષોભ છે રે, જો વિચારી આજ ॥૩॥
ભૂંડા ઘાટ ઊઠે છે ભીતરે રે, જે ન કહેવાય બા'ર ॥
એહ વાતનો તારે અંતરે રે, નથી નર વિચાર ॥૪॥
**નથી ખોળતો ખોટ્ય માંયની[8] રે, દે છે બીજાને દોષ ॥**
**કહે નિષ્કુળાનંદ ન્યાયની રે, અમથો શો અપસોષ ॥૫॥**

## પદ-૨૩

એક ભૂંસાડીને એકડો રે, વાળ્યાં મીંડા વીશ ॥
જોતા સરવાળો ન જડ્યો રે, ત્યારે કરે છે રીશ ॥૧॥

**૧.**પોતાનું મૂળગું; દઢતા કરેલું **૨.**ઉદ્ધત-મનમુખી માણસનું **૩.**બગડી ગયું **૪.**ઉપરી; નેતા **૫.**શોખ **૬.**તારા જીવનમાં **૭.**મનસૂબા; સંકલ્પ **૮.**પોતાના અંતરની

ધન વિના કરે છે ધાંખના[1] રે, કાંયેક મળવા કાજ ॥
પામીશ નહિ પડીકાં રાખના રે, ઠાલી ખોઈશ લાજ ॥ ૨ ॥

દીવો દિનકર[2] આગળે રે, કરવા જાયે કોઈ ॥
શોભા શું લખાય કાગળે રે,ઉલટી હાંસી હોય ॥ ૩ ॥

મોટા પંડિત આગળ મૂરખો રે, કરે કોઈ ઉચ્ચાર ॥
સહુ જાણે પશુ સરખો રે, ભૂલ્યે ન પડે ભાર ॥ ૪ ॥

માંડી મોરકળા સોયામણી રે, પછી દેખાડે પૂઠ ॥
નિષ્કુળાનંદ લાગે લજામણી[3] રે, જરાય નથી જૂઠ ॥ ૫ ॥

## પદ-૨૪

વાત હેતની હૈયે ધારજો રે, સમજીને સુજાણ ॥
કામ પડે એ વિચારજો રે, તો થાશે કલ્યાણ ॥ ૧ ॥

પ્રભુજીના પદ પામવા રે, આ છે સુંદર સાર ॥
વડાં વિઘનને વામવા રે, પામવા બેડો પાર ॥ ૨ ॥

કહ્યું લગાડીને કડવું રે, લીમથી[4] ઘણું લાખ ॥
એમ કહીને નો'તું લડવું રે, સહુ પૂરશે સાખ[5] ॥ ૩ ॥

**કોય વીંધે આવી કાનને રે, કરીને કળ છળ ॥**
**પણ સમજો તેના તાનને રે, પે'રાવશે કુંડળ ॥ ૪ ॥**

રૂડું આપણી જે રીતનું રે, શોધી કહ્યું સાર ॥
કહે નિષ્કુળાનંદ હિતનું રે, સારું સુખ દેનાર ॥ ૫ ॥

## પદ-૨૫

**રાગ-ધોળ 'તુંને સાંભળ આપું શીખ, મોટા મારી માન્યને રે'**

**૧.**ઝંખના; તીવ્ર ઈચ્છા **૨.**સૂર્ય **૩.**શરમ ઉપજાવે તેવી **૪.**લીંબડાથી **૫.**સાક્ષી

માનો મળી છે મોટી વાત, હાથ આવી તે મ હારજ્યો રે ॥
કરી જતન દિવસ રાત, સૂતાં બેઠાં સંભારજ્યો રે ॥ ૧ ॥

સાચો મળ્યો છે સતસંગ, અંગે અચળ કરી રાખજ્યો રે ॥
રખે ચડે બીજાનો રંગ,[૧] એવું ડહાપણ દૂર નાખજ્યોરે ॥ ૨ ॥

લઈ બેઠા છો મોટો લાભ, ભેટી પૂરણ બ્રહ્મને રે ॥
નહિ તો દુઃખનો ઊગત ડાભ,[૨] માની લેજ્યો એ મર્મને રે ॥ ૩ ॥

આજ પામ્યા છો આનંદ, વામ્યા દારુણ દુઃખને રે ॥
એમ કહે નિષ્કુળાનંદ, રખે મૂકતા એવા સુખને રે ॥ ૪ ॥

## પદ-૨૬

**ઘણા મોંઘા જે ઘનશ્યામ, નાવે નજરે ન મળે કોઈને રે ॥**
**અક્ષરવાસી આઠું જામ, જેને રહ્યા છે અખંડ જોઈને રે ॥ ૧ ॥**

અતિ થઈને દીન આધીન, નિત્ય નમાવે છે શીશને રે ॥
લગની લગાડી લેલીન,[૩] જોઈ રહ્યા છે જગદીશને રે ॥ ૨ ॥

એવા મુક્તને મળવા કાજ, મોટા ઈચ્છે છે મનમાં રે ॥
શિવ બ્રહ્મા ને સુરરાજ, તે તો તલસે છે તનમાં રે ॥ ૩ ॥

એવા દેવતાને દર્શન, થાતાં નથી થોડી વાતમાં રે ॥
નિષ્કુળાનંદ વિચારો મન, આવો રહસ્ય બેસી એકાંતમાં રે ॥ ૪ ॥

## પદ-૨૭

કિયાં જીવ કિયાં જગદીશ, જાણો જૂજવી એ જાત છે રે ॥
મર આપીયે સો સો શીશ, તોયે વણમળ્યાની વાત છે રે ॥ ૧ ॥

**કિયાં કીડી કરી[૪] મેળાપ, ભેળો થાવા ભારે ભેદ છે રે ॥**
**કિયાં પૂર્ણ પુરુષોત્તમ આપ, કિયાં જીવ જેને બહુ કેદ[૫] છે રે ॥ ૨ ॥**

**૧.**કુસંગ **૨.**દર્ભ (કલ્પના બહારનું સંકટ) **૩.**તલ્લીન થઈ જવાય તેવી **૪.**હાથી **૫.**બંધન

અતિ અણમળ્યાનું એહ, મળવું માયિક અમાયિકને રે ॥
તે તો દયા કરી ધરી દેહ, આવે ઉદ્ધારવા અનેકને રે ॥ ૩ ॥
તૈયે થાય એનો મેળાપ, જ્યારે નરતન ધરે નાથજી રે ॥
કહે નિષ્કુળાનંદ આપ, ત્યારે મળાય એને સાથજી રે ॥ ૪ ॥

## પદ-૨૮

**એવા મળ્યા છે મહારાજ, જે કોય સર્વેના શ્યામ છે રે ॥**
**વળી રાજ એ અધિરાજ, એને આધારે સહુ ધામ છે રે ॥ ૧ ॥**
ધામ ધામના જે રહેનાર, હજૂર રહે છે જોડી હાથને રે ॥
કરી આરત્યશું ઉચ્ચાર, શીશ નમાવે છે નાથને રે ॥ ૨ ॥
શિવ બ્રહ્મા ને સુરેશ, દેવ અદેવ રહે છે ડરતા રે ॥
જેની આજ્ઞામાં અહોનિશ, શશી સૂરજ રે'છે ફરતા રે ॥ ૩ ॥
કંપે કાળ માયા મનમાંય, અતિ ઘણું અંતરમાં રે ॥
કહે નિષ્કુળાનંદ કાંય, તું પણ ડરને તેના ડરમાં રે ॥ ૪ ॥

## પદ-૨૯

એની આગળ જો આપણ, કોણ ગણતીમાં આવિયે રે ॥
શીદ ડો'ળીને ડહાપણ, સમજુ શાણા હસાવિયે રે ॥ ૧ ॥
જેણે રચ્યું આ જગત, જોને જૂજવી જાત્યનું રે ॥
જોતા મૂંઝાય જાય મત,[૧] એવુ કર્યું ભાત્યભાત્યનું રે ॥ ૨ ॥
એણે કર્યું એવું એક, થાય નહિ જરૂર જાણિયે રે ॥
વણ કર્યે એ વિવેક, શીદ અભિમાન આણિયે રે ॥ ૩ ॥
મેલી ડા'પણ[૨] ભોળાપણ,[૩] રહીએ દાસના દાસ થઈને રે ॥

**૧.**બુદ્ધિ **૨.**પોતાથી શ્રેષ્ઠ હોય તેમાં ભૂલ પરઠવી તે **૩.**કનિષ્ઠના દોષની ખબર ન પડવી તે

કહે નિષ્કુળાનંદ આપણ, તો બેસિયે લાભ લઈને રે ॥ ૪ ॥

## પદ-૩૦

**જે જે હરિએ કર્યું હેત, એવું કરે કોણ આપણે રે ॥**
**માત તાત સગાં સમેત,[૧] માન્યા સનેહી ભોળાપણે રે ॥ ૧ ॥**
જોને ગર્ભવાસની ત્રાસ, ટળે કેમ ટાળી કોઈની રે ॥
તે પણ ટાળીને અવિનાશ, રાખે ખબર અન્ન તોયની[૨] રે ॥ ૨ ॥
વળી સમે સમે સંભાળ, જાણો કરે હરિજનને રે ॥
બીજુ એવું કોણ દયાળ, કાં રે મનાય નહિ મનને રે ॥ ૩ ॥
એમ સમજ્યા વિના જન, આવે ઉન્નમત્તાઈ[૩] અંગમાં રે ॥
કહે નિષ્કુળાનંદ વચન, પછી મન માને કુસંગમાં રે ॥ ૪ ॥

## પદ-૩૧

જેણે ગણ્યો પોતામાં ગુણ, જાણ્યું હું પણ છૌ કોય કામનો રે ॥
ત્યારે કો'ને વધ્યો કુંણ, લેતાં આશરો સુંદર શ્યામનો રે ॥ ૧ ॥
જ્યારે કરી દીનતા ત્યાગ, અંગે લીધો અહંકારને રે ॥
ત્યારે મળ્યો માયાને લાગ, ખરો કરવા ખુવારને[૪] રે ॥ ૨ ॥
પછી પ્રભુ પામવા કાજ, જે જે કર્યું હતું આ જગમાં રે ॥
તે તો સર્વે ખોયો સાજ,[૫] પડ્યો ઠાઉકો જઈ ઠગમાં[૬] રે ॥ ૩ ॥
એવા મૂરખની મિરાંત,[૭] એને અર્થે નથી આવતી રે ॥
કહે નિષ્કુળાનંદ વાત, હરિભક્તને મન ભાવતી રે ॥ ૪ ॥

## પદ-૩૨

આવી અરથની[૮] જે વાત, કોય નર ઉતારે અંગમાં રે ॥

**૧.**સહિત **૨.**જળની **૩.**સ્વચ્છંદતા, ઉદ્ધતાઈ **૪.**પાયમાલ; હેરાન-પરેશાન **૫.**સેવા-ભક્તિ વગેરે સાધનો **૬.**કુસંગીમાં **૭.**મૂડી, ગુણ કે કળારૂપી સંપત્તિ **૮.**અતિ ઉપયોગી

ત્યારે સુખી થાય સાક્ષાત, પછી સમજી રહે સત્સંગમાં રે ॥ ૧ ॥
**થઈ ગરીબને ગર્જવાન, શિષ્ય થઈ રહે સર્વનો રે ॥**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે ॥ ૨ ॥**
ખોળી ખોટ્ય ન રાખે કાંઈ, ભલી ભક્તિ ભજાવવા[૧] રે ॥
એક રહે અંતરમાંઈ, તાન પ્રભુને રિઝાવવા રે ॥ ૩ ॥
**એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે ॥**
**સરે[૨] નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે ॥ ૪ ॥**

## પદ-૩૩

**રાગ-ધોળ 'સખી સાંભળ્યને કહું વાત, આજ મારાં ભાગ્ય ભલાં'**

કહે તો વળી કહું એક વાત, સુણજ્યો સહુ મળી ॥
છે જો સાંભળ્યા જેવી સાક્ષાત, વાલપે કહું વળી ॥ ૧ ॥
જેમ નરદેવ[૩] દઈને દંડ, વેરીને વશ્ય કરે ॥
લિયે ખાટી[૪] તે સર્વે ખંડ,[૫] દુષ્ટ તે સરવે ડરે ॥ ૨ ॥
તેમ પ્રગટી પૂરણ બ્રહ્મ, સંતના શત્રુ હણ્યા ॥
કામ ક્રોધ લોભ જે વિષમ, તે તૃણ તુલ્ય ગણ્યા ॥ ૩ ॥
સ્વાદ સ્નેહ મમતા માન, પાપી પારોઠા[૬] કીધા ॥
કહે નિષ્કુળાનંદ નિદાન, નિજ જન તારી લીધા ॥ ૪ ॥

## પદ-૩૪

જેમ જીત્યા એ શત્રુ સમૂહ, કામ ક્રોધ લોભ લઈ ॥
સ્વાદ સ્નેહ મમતા મોહ, તે તો દેખાડું કઈ ॥ ૧ ॥
કામ કારણે કઢાવી લાજ, ક્રોધે બોલી બંધ કરી ॥

---

**૧.**કરવા **૨.**સિદ્ધ થાય **૩.**સમર્થ રાજા **૪.**જીતી **૫.**પ્રદેશ **૬.**પરાજિત; ભોંઠા પડે તેવા

લોભ ઉપર મહા મુનિરાજ, આવિયા ઝાડે ફરી[1] ॥ ૨ ॥
સ્વાદે સહું એકઠું કરી અન્ન, જળ નાખી જન જમે ॥
સ્નેહે સંભારે નહિ સ્વજન, માનથી દૂર રમે[2] ॥ ૩ ॥
કાઢી રીસ કરી હડકાર, બીજા દુષ્ટ[3] બહુ ડર્યા ॥
કહે નિષ્કુળાનંદ નિરધાર, વેરી[3] એમ વશ્ય કર્યા ॥ ૪ ॥

## પદ-૩૫

સારો શક્કો[4] બેસાર્યો સુંદર, પ્રભુજી પ્રગટ થઈ ॥
નિષ્કલંક કર્યાં નારી નર, ઉત્તમ ઉપદેશ દઈ ॥ ૧ ॥
કોય કાળે સુણી નહિ કાન, એવી રીતિ આપે આણી ॥
લોકમાંહી અલૌકી નિદાન, આશ્ચર્ય પામ્યા પ્રાણી ॥ ૨ ॥
બહુ સામર્થી વાવરી શ્યામ, કામ તે કૈક કરી ॥
પછી પધારિયા નિજધામ, શ્રી ઘનશ્યામ હરિ ॥ ૩ ॥
વાંસે રહ્યા વેરી[3] વિપરીત, ખરે ખરા ખીજે ભર્યા ॥
કહે નિષ્કુળાનંદ તેની રીત, દેખી સાચું દાઝી મર્યા ॥ ૪ ॥

## પદ-૩૬

વડું વેર વાળવાને કાજ, સાબધા[5] એ સહુ થયા ॥
મોટા મોટાની લેવાને લાજ, તાકે[6] છે તેહ રહ્યા ॥ ૧ ॥
**ઝીણા[7] ઝાલવામાં નહિ જશ, માટે મોટાને જોશે ॥**
**કરશે દગો દેખજ્યો અવશ્ય, વેર વાળી વગોવશે ॥ ૨ ॥**
**માટે સહુ રે'જો સાવધાન, ખબડદાર થઈને ખરા ॥**
**જેનું આગે કર્યું અપમાન, તે જાળવે નહિ જરા ॥ ૩ ॥**

---

**૧.**મળત્યાગ કરી **૨.**રહે **૩.**અંતઃશત્રુઓ **૪.**પડઘો; પોતાનો અદ્વિતીય પ્રભાવ **૫.**તૈયાર **૬.**મોકો જુએ **૭.**નાના સંતો-ભક્તો

એમ છે એ અનાદિની રીત, નવી એ નથી થઈ ॥
કહે નિષ્કુળાનંદ ધારો ચિત, સનાતન[1] સાચી કહી ॥૪॥

## પદ-૩૭

કૃષ્ણ પધાર્યા કેડ્યની વાત, ભલી ભાગવતે ભાખી ॥
કર્યો અસુરે બહુ ઉતપાત, હરિનારી[2] ઘેર રાખી ॥૧॥
અર્જુનનું ન ઊપજ્યું કાંય, ગાંડીવ ઘણુંયે હતું ॥
તોય ન થઈ તેહની સા'ય, બુઢાપણ આવ્યું નો'તું ॥૨॥
માટે પ્રભુ ગયા પછી એમ, થાય તેના સંશય શિયા ॥
સમા સમું[3] રહે કહો કેમ, જેના રખવાળ[4] ગયા ॥૩॥
**માટે સમજી સર્વે સુજાણ, વચનમાં વળગી રહેજો ॥**
**કહે નિષ્કુળાનંદ નિરવાણ, કઠણ પળ આવી છે જો ॥૪॥**

## પદ-૩૮

**નારી નજરે ન જુવો કોઈ, વિત્તની[5] તો વાત ભૂંડી ॥**
**સ્વાદ સ્નેહ દુઃખદાયી દોય, ઈચ્છા એની ટાળો ઊંડી ॥૧॥**
માન મોટો છે અરિ[6] અજીત, સમજીને સંગ તજો ॥
ન કરો એ પંચની પ્રતીત, હેતેશું હરિને ભજો ॥૨॥
આવો અવસર જાય અમૂલ્ય, પાછો તે પમાતો નથી ॥
તેનો તપાસી કરવો તોલ, ઊંડો અતિ અંતરથી ॥૩॥
માંડી મૂઠી[7] જૂગટાની જેમ, જીત્યા તો જીત થઈ ॥
કહે નિષ્કુળાનંદ તો એમ, હાર્યા તો હાર્ય સઈ[8] ॥૪॥

**૧.**કાયમની પહેલેથી ચાલતી આવતી **૨.**શ્રીકૃષ્ણની પટરાણીઓ **૩.**સમયે સરખું **૪.**રક્ષક **૫.**ધન-સંપત્તિની **૬.**શત્રુ **૭.**દાવ; બાજી **૮.**પણ હિંમત હારવી નહિ-એવો ભાવ છે.

## પદ-૩૯

અન્ન ધન ગયે મળે અન્ન ધન, વસ્ત્ર ગયે વસ્ત્ર મળે ॥
ગયે ભવન મળે ભવન, દિન ગયે દિન મળે ॥ ૧ ॥
રાજ ગયે આવી મળે રાજ, સાજ[૧] સમાજ સહી ॥
પણ ગઈ મળે નહિ લાજ, કહેવાની હતી તે કહી ॥ ૨ ॥
લાજ ખોઈને કરવું કાજ, એ તો અકાજ ખરું ॥
મર[૨] મળે ત્રિલોકીનું રાજ, ઘોળ્યું પરહરો[૩] પરું[૪] ॥ ૩ ॥
બેઠી બદલામી[૫] જેને શીશ, ટળે નહિ કોઈ પળે ॥
કહે નિષ્કુળાનંદ વસાવીશ,[૬] લખાય છે કાગળે[૭] ॥ ૪ ॥

## પદ-૪૦

જોને ભવ બ્રહ્માજીની ભૂલ્ય, જન સહુ જાણે છે ॥
એકલશૃંગી સૌભરીનાં શૂલ,[૮] પોથીમાં[૭] પ્રમાણે છે ॥ ૧ ॥
નારદ પર્વતની નિદાન, કીર્તિ[૫] કથામાં કહી ॥
માટે સહુ રહેજ્યો સાવધાન, ખબડદાર ખરા થઈ ॥ ૨ ॥
**જેની પાસે હોય જોખમ, જાળવો તે જતન કરી ॥**
**માથે મોટા છે વેરી વિષમ, ખોટી નહિ વાત ખરી ॥ ૩ ॥**
રહેવું નહિ ગાફલ ગમાર,[૯] માલ[૧૦] અતોલ મળે ॥
કહે નિષ્કુળાનંદ વિચાર, કરવો પળે પળે ॥ ૪ ॥

## પદ-૪૧

**રાગ-ધોળ 'મેં તો દીઠા જાદવરાય જમુનાં ઝીલતા રે'**

જેનું કામે કાપી લીધું નાક, લોભે લઈ લાજ લીધી રે ॥

**૧.**જરૂરી સામાન **૨.**ભલે **૩.**ત્યાગી દો **૪.**બહુ દૂરથી **૫.**અપકીર્તિ-કલંક **૬.**100% નક્કી **૭.**શાસ્ત્રોમાં **૮.**કલંકરૂપી મોટા દુઃખ **૯.**અણસમજુ **૧૦.**દિવ્ય સત્સંગરૂપી લાભ

જેની જીભે રોળી કર્યો રાંક, માને તો ફજેતી કીધી રે ॥ ૧ ॥
એવા જનનું જાણો જરૂર, નથી મુખ જોયા જેવું રે ॥
દોષે ભર્યું જાણી તજો દૂર, અઘે[૧] અવરાણું[૧] એવું રે ॥ ૨ ॥
તેને પાસે વસતાં વાસ, લાંછન[૨] તો લાગે જ લાગે રે ॥
તજો તેને આણી તન ત્રાસ, જેથી[૩] કુબુદ્ધિ જાગે રે ॥ ૩ ॥
એવા પાપીનું સ્પર્શતા અંગ, પુણ્ય જાય પોતા તણું રે ॥
કહે નિષ્કુળાનંદ એ કુસંગ, તે સંગે જ્યાન ઘણું રે ॥ ૪ ॥

## પદ-૪૨

એવા જન જીવતા જરૂર, મૂવા છે માની લેજો રે ॥
દેખી દુર્ગંધને રહેજો દૂર, આભડછેટ એ તો છે જો રે ॥ ૧ ॥
કાઢ્યા વિના નહિ સૂઝે કામ, સૂતક એ શીદ રાખો રે ॥
બાળી જાળી ટાળો એનું ઠામ, વાની[૪] વહેતે જળે નાખો રે ॥ ૨ ॥
ઘણું રાખતાં એ ઘરમાંય, સૂણી[૫] કે સડી જાશે રે ॥
કાઢો વેળ્ય[૬] મ કરજો કાંય, ઘણું રાખ્યે ગંધ્ય થાશે રે ॥ ૩ ॥
કેડે કરવી નહિ તેની કાંણ,[૭] ખરખરો[૭] ખોટો ખોળી[૮] રે ॥
કહે નિષ્કુળાનંદ સુજાણ, કહ્યું મેં તપાસી તોળી રે ॥ ૪ ॥

## પદ-૪૩

કહેશો હરે ફરે નર આપ, મૂવા તેને કેમ કહિયે રે ॥
તે તો પૂંછ હલાવે છે સાપ, ઘડીવાર જીવ ગયે રે ॥ ૧ ॥
પણ પિંડમાંયે નથી પ્રાણ, જરૂર જાણી લેજો રે ॥
જોઈ એના અંગનાં એંધાણ, પછી ડરી દૂર રહેજો રે ॥ ૨ ॥

**૧.**પાપથી ખરડાયેલું **૨.**કલંક **૩.**જેનો સંગ રાખવાથી **૪.**ચિતાની રાખ **૫.**સૂજી-ફૂલી **૬.**વિલંબ **૭.**રો-કકળ; પસ્તાવો **૮.**જાણી

કાપ્યું તરુ કાઢે છે કૂંપળ, સરે[1] પણ સૂકી જાશે રે ॥
તેમ નર કરે કોટિ કળ, અંતે તે ઉઘાડું થાશે રે ॥ ૩ ॥

**કહો કપટ કેટલા દિન, નર એહ રાખી રહેશે રે ॥**
**કહે નિષ્કુળાનંદ સહુ જન, જેમ હશે તેમ કહેશે રે ॥ ૪ ॥**

## પદ-૪૪

જેમ મહાજળમાં મગર, સાગર સહુને રાખે રે ॥
નાનાં મોટાં કરી રહે ઘર, કોયને ન કાઢી નાખે રે ॥ ૧ ॥

પણ જ્યાં લગી જીવ હોય , ત્યાં લગી તેમાં રહે રે ॥
વણ જીવે રહે નહિ કોય, લે'ર[2] દૂર નાખી દહે રે ॥ ૨ ॥

**હરિજનનું જીવન છે ધર્મ, પોતે પોતાનો પાળે રે ॥**
**તજે નહિ ભજે પરબ્રહ્મ, તો રહે તેમાં સદા કાળે રે ॥ ૩ ॥**

વણ જીવે[3] હોય નહિ વાસ, સત્સંગ સિંધુમાંઈ રે ॥
કરવો નિષ્કુળાનંદ તપાસ, કહ્યું નથી કૂડું[4] કાંઈ રે ॥ ૪ ॥

## પદ-૪૫

જે કોઈ ડચકાં દિવસ રાત, ખાતો નર હોય ખરાં રે ॥
તેની જીવવાની જૂઠી વાત, પાંપળાં[5] મેલો પરા રે ॥ ૧ ॥

જેની નાડી છાંડી ગઈ ઘર, જિહવા તો ટૂંકી પડી રે ॥
દગ[6] દોય દઈ ગયાં દર, શ્વાસ આવ્યો સુધો[7] ચડી રે ॥ ૨ ॥

તેહ સમામાંહી સગપણ, કરે કોય કન્યા તણું રે ॥
તેને રોકડું છે રંડાપણ, એવાતણ[8] ઉધારે ઘણું રે ॥ ૩ ॥

તેમ સત્સંગમાં કોય જન, ગડબડ ગોટા વાળે[9] રે ॥

**૧.**છેવટે **૨.**તરંગો **૩.**ધર્મ-નિયમરૂપ જીવ વિના **૪.**ખોટું **૫.**આશાઓ **૬.**નેત્રો **૭.**ખરેખરો **૮.**અખંડ સૌભાગ્ય **૯.**ધર્મ-નિયમમાં આઘું-પાછું કરે

કહે નિષ્કુળાનંદ કોય દન, રખે[1] તે જીવિત બાળે[2] રે ॥૪॥

## પદ-૪૬

ડોરી[3] દેખી મ ડગાવો દિલ, સમજીને સંગ કરો રે ॥
સારા સંત ઓળખી અવલ,[4] મન કર્મ વચને વરો રે ॥૧॥
દેખી ઉપરનો આટાટોપ,[5] મને રખે મોટા માનો રે ॥
એ તો ફોગટ ફૂલ્યો છે ફોપ,[6] સમજો એ સંત શાનો રે ॥૨॥
જેને જાણજો જગ મોટાઈ,જડાણી જીવ સંગે રે ॥
તેને મોટા માનો જગ માંઈ, ખોટા છે મોક્ષ મગે[7] રે ॥૩॥
જોને શુકજી ને જડભરત, કો'કેણે મોટા જાણ્યા રે ॥
હતા નિષ્કુળાનંદ એ સમર્થ, પછી સહુએ પરમાણ્યા[8] રે ॥૪॥

## પદ-૪૭

એહ વિના મોટાઈ જે અન્ય, ખરી તે પણ ખોટી નથી રે ॥
તે તો સુણી લિયો સહુ જન, તે પણ કહું કથી રે ॥૧॥
જેમ પંખીમાં મોટેરો ઘૂડ, ઝાડમાં તાડ લૈયે રે ॥
જેમ જળમાં મોટેરો ઝૂડ,[9] પશુમાં પાડો કૈયે રે ॥૨॥
સર્પમાં મોટેરો તક્ષક, વીંછીમાં ઠાકરિયો વળી રે ॥
એ તો મોટપ્ય દુઃખદાયક, સમજો સહુ મળી રે ॥૩॥
એમ જાણ્યા વિના જગમાંય, ઉપાય નથી ઊગર્યાનો રે ॥
કહે નિષ્કુળાનંદ તે ન્યાય,[10] માનો કે નવ માનો રે ॥૪॥

## પદ-૪૮

ખોટી વાત સાંભળી આવી ખોટ, દોષ જે બીજાને દેશે રે ॥

**૧.**કદાચ; જોજો **૨.**જીવન બરબાદ કરે **૩.**દાંભિકતા-દેખાવ **૪.**શ્રેષ્ઠ **૫.**આડંબર **૬.**ખોટો **૭.**મોક્ષમાર્ગમાં **૮.**સ્વીકાર્યા **૯.**મોટો મગર **૧૦.**સિદ્ધાંત

પોતે પેટે કપટ રાખી કોટ, બા'ર તો સાધુતા ગ્રહેશે[1] રે ॥ ૧ ॥
છળે[2] કળે છપાડી[3] છિદર,[4] વાંકમાં નહિ આવે આપે રે ॥
એમ કરતાં જાણશે કોય નર, તેને ડરાવશે શાપે રે ॥ ૨ ॥
આણી આખ્યાન તેની ઉપર, બોલવા નહિ દિયે રે ॥
જેને નથી મહારાજનો ડર, તે કહો કેથી બીયે રે ॥ ૩ ॥
એવા પાપી જે પાપના પુંજ,[5] દેખીને દૂર રૈ'યે રે ॥
કહે નિષ્કુળાનંદ તે શુંજ, કહી કહી કેટલું કૈ'યે રે ॥ ૪ ॥

## પદ-૪૯

**રાગ-ધોળ 'ચાલ સખી જોવાને જઈએ, ખાંતીલો વનમાં ખેલે રે'**

સુંદર સારી શિખામણ મારી, માનીલે મનવા મારા રે ॥
ધારી વિચારી મેં વાત ઉચ્ચારી, તે જોઈ સ્વભાવ તારા રે ॥ ૧ ॥
**પરને કહેવા પ્રવીણ છે પૂરો, પોતાનું તો તું ન પેખે રે ॥**
**સામાને શીખ દેવામાં છે શૂરો, નિજ દોષને નવ દેખે રે ॥ ૨ ॥**
કોય ન સમજે કારજ તારું, કહું છું કાંયે નહિ થાય રે ॥
શીદને ઉતારુ[6] છે પરબારું,[7] કાંરે ન મનાય કાંય રે ॥ ૩ ॥
અવળી સમજાણ અળગીએ કરી, સવળું સમજાય તો સારું રે ॥
નિષ્કુળાનંદ કહે વિચારી, એટલું માની લે મારું રે ॥ ૪ ॥

## પદ-૫૦

મન તુંને સમજાવવા સારુ, કહ્યું મેં વારમવાર રે ॥
તેં તો ગમતું ન તજિયું તારું, ગઈ શિખામણ ગમાર રે ॥ ૧ ॥
જે જે વાત કરી તુજ સાથે, તે તો તેં રતી ન રાખી રે ॥

૧.દેખાડશે ૨.દંભથી ૩.ઢાંકી ૪.દોષ ૫.પર્વત ૬.જાવા દે છે ૭.બારોબાર; બીજા ઉપર

ખોટ્ય આવવા ન દીધી માથે, લઈ બીજા પર નાખી રે ॥ ૨ ॥
કહો ખોટ્ય ટળે કેમ તારી, નિજ દોષને ન દેખે રે ॥
એથી ભૂલ્ય બીજી કઈ ભારી, સહુથી સરસ આપ લેખે[૧] રે ॥ ૩ ॥
કહેનારાને કહેવા ન રહ્યું, તેં ન ધર્યું જ્યારે કાન રે ॥
નિષ્કુળાનંદ કહે તુંને શિયું, તારે તો બીજું છે તાન રે ॥ ૪ ॥

## પદ-૫૧

સમું[૨] સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે ॥
જેને ન આવડે અવળું લેવા, વણતોળી[૩] વિપત્ય જો પડે રે ॥ ૧ ॥
**માન મોટપ્ય ને મમતા મૂકે, ગમતું ગોવિંદનું જાણી રે ॥**
**ચોટ[૪] નિશાન[૫] ઉપરથી ન ચૂકે, પરલોકે પ્રતીતિ આણી રે ॥ ૨ ॥**
કોય કાળે જો કામ પોતાનું, વણસાડે[૬] નહિ વળી રે ॥
કપટ કેદિયે ન રાખે છાનું, મોટા સંતને મળી રે ॥ ૩ ॥
એવા જન જગતમાં જાણો, ઘરઘર ઘણા ન હોય રે ॥
નિષ્કુળાનંદ કહે પરમાણો, સાચા સંત કા'વે સોય રે ॥ ૪ ॥

## પદ-૫૨

આ લોકની જેણે આશા તજી છે, પરલોકના સુખ સારુ રે ॥
તેણે કરી હરિભક્તિ રજી[૭] છે, સંસાર સુખ થયું ખારું રે ॥ ૧ ॥
ચૌદ લોક ને ચતુરધા લગી, જગમાં જે જે કહેવાય રે ॥
સર્વે ઠેકાણે અગનિ સળગી, દેખે તપતાં ત્યાંય રે ॥ ૨ ॥
ઠરવા[૮] ઠાઉકું[૯] ઠામ[૧૦] ન સૂઝે, કહો સુખ ક્યાં મનાય રે ॥
કાળ માયાથી સહું રહ્યાં ધ્રૂજે, હરિનાં ચરણ વિનાય રે ॥ ૩ ॥

૧.પોતાને માને ૨.સવળું ૩.અમાપ ૪.પ્રયત્ન ૫.મોક્ષરૂપી જીવનધ્યેય ૬.બગાડે ૭.ગમી ૮.સ્થિર થવા ૯.કાયમી ૧૦.સ્થાન

એમ અહોનિશ અંતરમાંઈ, વરતે છે વૈરાગ રે ॥
નિષ્કુળાનંદ કહે તેને કાંઈ, કઠણ ન હોય કરવું ત્યાગ રે ॥ ૪ ॥

## પદ-૫૩

એવા જનની ઉપર હરિ, રાજી છે રાધિકાપતિ રે ॥
જેણે ભક્તિ ભાવેશું કરી, ફરે નહીં કે દી મતિ રે ॥ ૧ ॥
શરીરના સુખ સર્વે ત્યાગી, વાધી પ્રભુ સાથે પ્રીતિ રે ॥
જેની લગની લાલશું[૧] લાગી, તે તો રહ્યા જગ જીતિ રે ॥ ૨ ॥
**કપટ રહિત કૃષ્ણની સેવા, જાણજ્યો જે જને કરી રે ॥**
**પ્રભુના પદને પામિયા એવા, આ ભવજળ ગયા તરી રે ॥ ૩ ॥**
તેમા સંશય લેશ મ લાવો, પૂરણ પ્રતીતિ આણો રે ॥
નિષ્કુળાનંદ કહે નિરદાવો,[૨] જેના જીવમા જાણો રે ॥ ૪ ॥

## પદ-૫૪

એવાને સંગેથી અક્ષરધામે, જવાય છે જો જરૂર રે ॥
બીજાને સંગે તો સુખ ન પામે, દુઃખ રહે ભરપૂર રે ॥ ૧ ॥
જેને જાવું હોય જમને હાથે, દક્ષિણ દેશની માંય[૩] રે ॥
તે તો સુખે રહો કપટી સાથે, તેનું કહેતા નથી કાંય રે ॥ ૨ ॥
**પણ જાવું જેને પ્રભુજી પાસે, તેને કરવો તપાસ રે ॥**
**અંતર બીજો તજવો આશે,[૪] થઈ રહેવું હરિના દાસ રે ॥ ૩ ॥**
આવી વાત અંતરે ઉતારી, કરી લેવું નિજ કામ રે ॥
નિષ્કુળાનંદ કહે વિચારી, તો પામિયે હરિધામ રે ॥ ૪ ॥

**૧.**ભગવાનમાં **૨.**દાવ-પેચરહિતપણું **૩.**જમપુરીમાં **૪.**આશય

## પદ-૫૫

જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે ॥
સર્વે પર છે સુખની ખાણી, કેવું કહિયે તેને કથી રે ॥ ૧ ॥
**અનંત મુક્ત જ્યાં આનંદે ભરિયા, રહે છે પ્રભુજીની પાસ રે ॥**
**સુખ સુખ જિયાં સુખના દરિયા, તિયાં વસી રહ્યા વાસ રે ॥ ૨ ॥**
તેજ તેજ જિયાં તેજ અંબાર, તેજોમય તન તેનાં રે ॥
તેજોમય જિયાં સર્વે આકાર, શું કહિયે સુખ એનાં રે ॥ ૩ ॥
તે તેજ મધ્યે સિંહાસન શોભે, તિયાં બેઠા બહુનામી[૧] રે ॥
નિષ્કુળાનંદ કહે મન લોભે, પૂરણ પુરુષોત્તમ પામી રે ॥ ૪ ॥

## પદ-૫૬

એવા ધામની આગળ બીજા, શી ગણતીમાં ગણાય રે ॥
મા'પ્રલય[૨] કાળના અગ્નિમાં સીઝા,[૩] હંમેશ જે હણાય રે ॥ ૧ ॥
પ્રકૃતિપુરુષ પ્રલયમાં[૪] આવે, ભવ બ્રહ્મા ન રહે કોય રે ॥
ચૌદ લોક ધામ રહેવા ન પાવે, સર્વે સંહાર હોય રે ॥ ૨ ॥
જેમ કઢાયામાં[૫] કણ ઊછળે છે, ઊંચા નીચા અગ્નિ જ્વાળે રે ॥
તેમ જો તનધારી બળે છે, સ્વર્ગ મૃત્યુ ને પાતાળે રે ॥ ૩ ॥
માટે સુખ નથી કિયાં માને, પ્રભુજીના પદ પખી[૬] રે ॥
નિષ્કુળાનંદ કહે ભૂલે છે શાને, લે વાત આવી તું લખી[૭] રે ॥ ૪ ॥

## પદ-૫૭

**રાગ-ધોળ 'આજ પ્રગટ પૂરણબ્રહ્મ, સહજાનંદસ્વામી'**

**૧.**અનેક નામધારી-ભગવાન **૨.**મહાપ્રલય = અનંતકોટી બ્રહ્માંડનો નાશ **૩.**દુઃખી દુઃખી થકા **૪.**એક બ્રહ્માંડના નાશ વખતે **૫.**ચૂલ ઉપર ચડાવેલા મોટા વાસણમાં **૬.**વિના **૭.**અંતરમાં ઉતારી દે

**એવા ધામને પામવા કાજ, અવસર અમૂલ્ય આવ્યો ॥**
**આવ્યો સુખનો મળી સમાજ, ભલો અતિ મન ભાવ્યો ॥ ૧ ॥**

ભાવ્યો એ રસ જેહને ઉર, તેણે પીવા પ્યાસ કરી ॥
કરી દેહબુદ્ધિ વળી દૂર, એક ઉર રાખ્યા હરિ ॥ ૨ ॥

હરિ વિના રાખ્યું નહિ કાંય, અસત્ય જાણી આપે ॥
આપે વિચાર્યું અંતર માંય, તેહ તપે નહિ તાપે ॥ ૩ ॥

તાપે તપતાં જાણી ત્રિલોક, ઈચ્છા ઉરથી તજી ॥
તજી નિષ્કુળાનંદ સંશય શોક, ભાવે લીધા પ્રભુને ભજી ॥ ૪ ॥

## પદ-૫૮

ભજી ભલી[૧] ગઈ[૧] છે જો વાત, પુરુષોત્તમને પામી ॥
પામી પ્રગટ પ્રભુ સાક્ષાત, કહો કાંઈ રહી ખામી ? ॥ ૧ ॥

ખામી ભાંગી ખરી થઈ ખાટ,[૨] ખોયા દિની[૩] ખોટ્ય ટળી ॥
ટળી ગયા સર્વે ઉચ્ચાટ,[૪] શ્રી ઘનશ્યામ મળી ॥ ૨ ॥

**મળી મોજ[૫] અલૌકિક આજ, આવ્યું સુખ અતિ અંગે ॥**
**અંગે કરવું ન રહ્યું કાજ, મળી મહારાજ સંગે ॥ ૩ ॥**

સંગે રહીશ હું તો સદાય, સુખકારી શ્યામ જાણી ॥
જાણી નિષ્કુળાનંદ મનમાંય, રહું ઉર આનંદ આણી ॥ ૪ ॥

## પદ-૫૯

આણી[૬] આંખ્યે મેં જોયા જીવન, સહજાનંદ સ્વામી ॥
સ્વામી દોયલા[૭] દિવસનું ધન, પામી દુઃખ ગયા વામી ॥ ૧ ॥

વામી વેદના મારી આ વાર, શરણ શ્રીજીનું લઈ ॥
લઈ મુજ અર્થે અવતાર, આવિયા આપે સઈ[૮] ॥ ૨ ॥

---

**૧.**સારી થઈ **૨.**જીત-લાભ **૩.**ગુમાવેલા દિવસોની **૪.**શોક **૫.**ભેટ **૬.**મારી પોતાની **૭.**દુઃખના **૮.**તે પોતે

સઈ કહું આ સમાની રીત, આજ આડો[1] આંક[1] વાળ્યો[1] ॥
વાળ્યો દિવસ[2] થઈ મારી જીત, સંશય શોક ટાળ્યો ॥ ૩ ॥

**ટાળ્યો કાળની ઝાળનો ત્રાસ, પૂરણ સુખ પામ્યો ॥**
**પામ્યો નિષ્કુળાનંદ ઉલ્લાસ,[3] ફૂલી ત્રિલોકે ન શામ્યો ॥ ૪ ॥**

## પદ-૬૦

શામ્યો[4] અસત્ય સુખનો ઉત્સાહ, સુરતિ[5] સાચામાં લાગી ॥
લાગી પ્રભુપદ જો ચાહ, બીજી ભૂખ સર્વે ભાગી ॥ ૧ ॥

ભાગી આ લોકસુખની આશ, નિરાશે નિરાંત થઈ ॥
થઈ પરી એ સર્વે કાશ,[6] અન્ય અભિલાષા ગઈ ॥ ૨ ॥

ગઈ સુરતી[7] સહુની પાર, અક્ષરધામે ધાઈ[8] ॥
ધાઈ ઈચ્છતા સુખ સંસાર, તેમાં ન દીઠું કાંઈ ॥ ૩ ॥

કાંઈ ન માને બીજે તેનું મન, મહાસુખ મોટું જોઈ ॥
જોઈ નિષ્કુળાનંદ મગન, મનમાં રહ્યો મોઈ ॥ ૪ ॥

## પદ-૬૧

મોહી રહ્યા જેને મુનિરાજ, તાજ[9] તનસુખ કરી ॥
કરી લીધું છે પોતાનું કાજ, ફેરો નથી રાખ્યો ફરી ॥ ૧ ॥

ફરી ફસવું જે ફંદમાંય,[10] એવું નથી રાખ્યું એણે ॥
એણે કરવું રાખ્યું નહિ કાંય, તલ એકભાર તેણે ॥ ૨ ॥

તેણે નજર પોંચાડી છે નેક,[11] શાબાશ સમઝણ એની ॥
એની મતિ પોં'ચી ગઈ છેક,[11] હું બલહારી[12] તેની ॥ ૩ ॥

---

**૧.**હદ વાળી દીધી; અપાર કરુણા કરી **૨.**ભાગ્ય ઉઘાડ્યાં **૩.**આનંદ **૪.**ટળ્યો **૫.**અતિ પ્રીત, લગની **૬.**બલા-માથાકૂટ **૭.**વૃત્તિ; દૃષ્ટિ **૮.**દોડી; પહોંચી **૯.**ત્યાગ **૧૦.**બંધનમાં **૧૧.**છેક સુધી; પૂરેપૂરી **૧૨.**કુરબાન; અર્પણ

તેની જોડ્યે આવે કહો કોણ, વાત વિચારી જોઈ ॥
જોઈ નિષ્કુળાનંદ એવું જોણ,[૧] કહે ધન્ય સંત સોઈ[૨] ॥ ૪ ॥

## પદ-૬૨

સોઈ સુખ મળવાને કાજ, મોટા મનમાંય ઈચ્છે ॥
ઈચ્છે ભવ બ્રહ્મા સુરરાજ, મળવા મનમાં રહે છે ॥ ૧ ॥
રહે છે આશા એવી મનમાંય, મને મહાસુખ લેવા ॥
લેવા આનંદ ઈચ્છા સદાય, દલમાંઈ ઈચ્છે દેવા[૩] ॥ ૨ ॥
દેવા ઉપમા એહને[૪] એક, જોતાં બીજી જડતી નથી ॥
નથી છાની એ વારતા છેક, કહેવાય છે કથી કથી[૫] ॥ ૩ ॥
કથી કહ્યું એ ધામનું સુખ, વરણવી વળી વળી ॥
વળી નિષ્કુળાનંદ કે' શ્રીમુખ, દુઃખ જાય એને મળી ॥ ૪ ॥

## પદ-૬૩

મળી મહારાજને મુનિરાય, સહુ સુખ પામે સોય ॥
સહુએ કહ્યું દષ્ટાંતની માંય, જાણો કાચ ભૂમિ હોય ॥ ૧ ॥
હોય કાચના સર્વે આકાર, રવિ શશી તારા વળી ॥
વળી તેજ તેજ ત્યાં અંબાર,[૬] રહે બહુ ઝળમળી ॥ ૨ ॥
મળી પૂરણ દીસે પ્રકાશ, એકરસ તેજ એવું ॥
એવો ધામમાં છે ઉજાસ, એ વિના કહિયે કેવું ॥ ૩ ॥
કે'વું કેડે[૭] નથી હવે કાંય, સમજો તો સમજો સાને[૮] ॥
સાને[૯] નિષ્કુળાનંદ ગાય, જેને આવ્યું એવું પાને[૧૦] ॥ ૪ ॥

**૧.**ભવિષ્ય **૨.**તે; એવા **૩.**દેવતાઓ **૪.**તે દિવ્ય સુખને **૫.**વિસ્તારીને; વારે વારે **૬.**રાશિ; સમૂહ **૭.**બાકી **૮.**ઈશારે **૯.**(મારી) આગવી છટાથી **૧૦.**ભાગ્યમાં

## પદ-૬૪

પાને[1] લખ્યાં એ પદ ચોસઠ્ય, સુંદર સારાં શોધી ॥
શોધી[2] જોજ્યો સહુ સારી પઠ્ય,[3] જેવી હોય જેની બુદ્ધિ ॥ ૧ ॥
બુદ્ધિમાંહી તે કરી વિચાર, સવળું સાર ગ્રહેજો ॥
ગ્રહેજો કરવાનું તે નિરધાર, ન કરવાનું મૂકી દેજો ॥ ૨ ॥
દેજો મા વળી કોયને દોષ, રોષ અંતરમાં આણી ॥
આણી હૈયામાંઈ ઘણી હોંશ, મંડો સહુ સુખ જાણી ॥ ૩ ॥
જાણી જોઈને આળસ અંગ, રતીએ રખે[4] રહે[4] ॥
રહે નિષ્કુળાનંદ તો રંગ, અલભ્ય લાભ લહે[5] ॥ ૪ ॥

***ઈતિ શ્રીનિષ્કુળાનન્દમુનિ વિરચિતા ચોસઠપદી સંપૂર્ણા ।***

# ચોસઠપદી સમાપ્તા

**૧.**પત્રમાં **૨.**તપાસી; વિચારી **૩.**રીતે **૪.**જો જો રહી જાય નહિ ! **૫.**મેળવે

# મનગંજન

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ મુમુક્ષુના અંતરનો એક્સ-રે આ ગ્રંથમાં મઢી દીધો છે. આ ગ્રંથની શૈલી રૂપક છે. આ દેહરૂપી નગરમાં જીવરૂપી રાજાના પરસ્પર વિરુદ્ધ વિચારધારાવાળા બે દીવાનો છે : (૧) નિજમન (૨) પરતકમન.

નિજમન એટલે જીવને અત્યંત અનુસરનાર ધર્મભૂત જ્ઞાન. અર્થાત્ જીવ પોતે જ. પરતકમન એટલે ઈન્દ્રિયો તથા વિષય સાથે ભળેલું - વાસનાવાળું મન.

નિજમન પ્રભુની આજ્ઞા પ્રમાણે રહેવા ઈચ્છે છે. પરતકમન મનમાન્યા ભોગસુખ ઈચ્છે છે. તેને કારણે કાયમી કંકાસ ચાલુ રહે છે. તેમ કરતાં છેવટે લડાઈ ફાટી નીકળે છે. બન્ને પોત-પોતાના સૈનિકો લઈને તુમુલ યુદ્ધ કરે છે. પરંતુ શ્રીહરિ તથા સદ્‌ગુરુની કૃપાથી નિજમન જે જીવ તેનો જ્વલંત વિજય થાય છે. પરતકમન પગે પડી અભય માગે છે, પરંતુ જીવ તેનો જરાય વિશ્વાસ કરતો નથી. ગુનેગારની જેમ પાંજરામાં પૂરી તેની પાસેથી કામ લે છે. પછી જીવ કાયાનગરનો કાયદેસર રાજા બને છે, ને પોતાના રાજ્યમાં ભાગવતધર્મ પ્રમાણે શાસન ચલાવી સહુ કોઈને સુખિયા કરે છે.

આ રૂપક નિમિત્તે સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ-ભગવાનના ભક્તોએ મન સાથે કેવો વૈરભાવ રાખવો; તેને જીતવા માટે કેવી સમજણ રાખવી; કોના બળે મન સામે જીત મેળવવી-આવી અનેક બાબતો પર પ્રકાશ પાડ્યો છે. જે મોક્ષાર્થી માટે અત્યંત ઉપયોગી છે. ગ્રંથના સારરૂપે છેલ્લે સહુ કોઈને ભલામણ કરવામાં આવી છે કે –

***ભજો જે કોય ભગવાનને, તે તજો સબે મનસંગ ।***
***માનો નહિ શીખ મનની, જો ઈચ્છો સુખ અભંગ ।।*** (૧૭૨)

***કોટી ઉપાય જો કરતાં, જીત્યો મન નવ જાય ।***
***જીતે તે જન જક્તમાં, જેહને સદ્‌ગુરુ સહાય ।।*** (૧૭૩)

કુલ ૧૮૭ દોહા તથા છંદનો આ નાનકડો બળવાન ગ્રંથ સંવત્ ૧૮૭૧ના શ્રાવણ સુદ સાતમના દિવસે પૂર્ણ થયો છે. પોતાના મનરૂપ દુશ્મનનો ગંજન એટલે કે પરાજય આ ગ્રંથમાં દર્શાવ્યો હોવાથી 'મનગંજન' એવું નામ સાર્થક છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



**શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહ**

# મનગંજન

**દોહા :**

સહુ પે'લાં સમરિયે, આદ્ય[1] પુરુષ[2] અવિનાશ ॥
સોયે વપુ ધરી વિચરે, જેનો જક્તપ્રકાશ ॥ ૧ ॥

જનઉદ્ધારણ જનમ જગ, કરણ કોટી કલ્યાણ ॥
સોયે સહજાનંદ મૂરતિ, પ્રગટ પ્રભુ પ્રમાણ ॥ ૨ ॥

સ્વામી સહજાનંદને, સદા રહિયે શરણ ॥
લાભ અલભ્ય સો લીજિયે, જાય જનમ ને મરણ ॥ ૩ ॥

સ્વામી સહજાનંદનું, નામ જપે નર કોય ॥
વિઘન ભવ વ્યાપે નહિ, સદાય સુખિયો હોય ॥ ૪ ॥

---

**૧.**સર્વશ્રેષ્ઠ **૨.**પરમાત્મા

**સ્વામી સહજાનંદને, જે શરણે સોંપે શીશ ॥**
**જુએ ન અવગુણ જીવના, કરે ગુન્હા બક્ષિસ ॥૫॥**

સુણી બિરુદ એવું સદા, આવ્યો હું શરણ અનાથ ॥
ગ્રહો બાંહ્ય ગુરુદેવજી, નાથ સુણો મમ ગાથ ॥૬॥

દેહ નગર[૧] દીવાન દોય, નિજ[૨] પરતક[૩] મન નામ ॥
બને ન બંધવ બેઉને, ઠઠેરાડયનું[૪] ઠામ ॥૭॥

કોય કોયના કેણને, માને નહિ મહાવીર ॥
બળભર બાધે બાકરી,[૫] સળગ્યું વેર શરીર ॥૮॥

પરતક મન કે' પરહરી, નીકળ્ય નિજમન[૨] બા'ર ॥
વડાશું વાદ ન કીજિયે, આપણો જીવ ઉગાર ॥૯॥

નિજમન કહે તું નરેશ નહિ, કાલી ન કીજિયે વાત ॥
ખરી પળે તે ખમશે, જેને માથે જાત ॥૧૦॥

**પરતકમન ઉવાચ :**

જાત કારણ નવ જાણિયે, માટીપણું[૬] પડ્યું મેદાન ॥
એહ અંજસ[૭] નવ આણિયે, નિજમન નર નિદાન ॥૧૧॥

નિજમન કે' મન મેલિયે, હાલવું પોલે[૮] હાથ ॥
શીશ સાટાની સાયબી,[૯] વેર વડાંને સાથ ॥૧૨॥

મન[૧૦] તેં દેહ દોરગમાં,[૧૧] કર્યા અનેરા કાજ ॥
પ્રભુ તણા પરતાપશું, રહે ન તોરુ રાજ ॥૧૩॥

કાઢું કાયા કોટથી, મનવા મૂળ ઉખેડ્ય ॥
તસ્કર રાયના[૧૨] તખતમાં,[૧૩] પ્રજા પામે બહુ પિડ્ય ॥૧૪॥

---

**૧.**શરીરરૂપી શહેરમાં **૨.**પોતે જીવ **૩.**જીવથી વિરુદ્ધ ચાલનારું (મનનું આ નામ છે) **૪.**કંકાસનું **૫.**હુંકાર કરી-કરીને **૬.**શૂરવીરપણું **૭.**અહંકાર **૮.**સાચા બળ વિનાના **૯.**વૈભવ **૧૦.**પરતકમન **૧૧.**નગરમાં **૧૨.**ચોર એવા રાજાના **૧૩.**શાસનમાં

## મનગંજન

મોંઘો દેહ મનુષ્યનો, મળે ન મૂલ્યને માટ ॥
હરિભજન વિન હારિયો, દુરમતિ વાળી ડાટ ॥૧૫॥

સ્વાર્થ તારો સારિયો, હારિયો હીરો હાથ ॥
નીકળ્ય હવે તું નગ્રથી, સંગ લઈ તારો સાથ ॥૧૬॥

કહે મન કેમ કાઢી શકે, પંચ જોદ્ધા[1] મુજ પાસ ॥
ટકે નહિ પગ તાહરો, ઘાલીશ મુખમાં ઘાસ ॥૧૭॥

શબ્દ સ્પર્શ રૂપ રસ, ગંધ ગણી જે પંચ ॥
તેહ આગળ્ય કોયે ટકવા, રે'વા ન પાવે રંચ ॥૧૮॥

જનનીએ કોય જાયો[2] નહિ, પંચ વિષયની પાર ॥
શીદ વાયક[3] વખાણિયે, હમણાં પામીશ હાર ॥૧૯॥

જીત્યો ન દીઠો જક્તમાં, આગળ્ય મુજ અમીર ॥
ખરી પડે સહુ ખળભળે, ધરે નહિ કોઈ ધીર ॥૨૦॥

નિજમન કહે નથી મળ્યો, ખરો જો ખેધકું[4] કોય ॥
ભાળ્યા સહુ તે ભાગતા, પણ જીત્ય આજ તો જોય ॥૨૧॥

બાળક નહિ જે બી મરે, જપ્ય નામનો જાપ ॥
ડેડક[5] બહુ તે ડાંભિયાં,[6] પણ મળ્યો ન મણિધર સાપ ॥૨૨॥

પડશે પરતક પારખું, મુજ તુજનું મેદાન ॥
રણમાં પગ રોપી રહે, નર શો શૂર નિદાન ॥૨૩॥

હોય સચેત હવે સાબધો, સજી સરવ સમાજ ॥
લડી ભૂમિ સો લીજિયે, રીઝે ન મળે રાજ ॥૨૪॥

મન કહે ફોજ માહેરી, વર્ણવી સુણાવું વીર ॥
કામ ક્રોધ લોભ મોહ, અડગ જોધ અમીર ॥૨૫॥

---

**૧.**લડવૈયા **૨.**જન્માવ્યો **૩.**પોતાના વેણ **૪.**કટ્ટર દુશ્મન **૫.**દેડકા **૬.**દબાવ્યા

## મનગંજન

આશા તૃષ્ણા ઈરષા, નિંદા અવિદ્યા નાર ॥
કુટિલ કુમતિ કુબુદ્ધિ, એવી ફોજ અપાર ॥૨૬॥

રાગ દ્વેષ રહે સદા, હાનિ વૃદ્ધિ ને હેત ॥
શોક હર્ષના સેનમાં,[૧] ખળ છળ ખેધુ[૨] ખેત[૩] ॥૨૭॥

સંકલ્પ વિકલ્પ સંકેત વિન, નિર્ભય ને નિરધાર ॥
પંચ વિષય પ્રપંચ ભડ, વણગણ્ય[૪] વિષય વિકાર ॥૨૮॥

ભિન્ન ભિન્ન ચહાય ભોગને, નાનાવિધ નિરવાણ ॥
રાત દિવસ રાચ્યો રહે, એમ હોય જન્મ હેરાણ ॥૨૯॥

હારજીતના હેતશું, મેલે ન કદિયે મરોડ[૫] ॥
ચાલે ચાડે[૬] ચોગણાં, કરે ઉપાસન ક્રોડ ॥૩૦॥

જેત્તાં પદારથ જક્તમાં, તેત્તાં ઉપર તાન ॥
અનેક ઈચ્છા ઉરમાં, ઠરે નવ રતી ઠાન[૭] ॥૩૧॥

દેખ્યું દિલ મન દુષ્ટનું, ભયંકર ભયભીત ॥
નિર્લજ નગારાં ગડગડે, ફરે હરે ધ્વજા ફજીત ॥૩૨॥

ઉત્થાન[૮] અશ્વની ઉપરે, ચઢ્યો મન લઈ ચાપ[૯] ॥
નિજમન કાયા નગ્રથી, કાઢું આજ ઉથાપ[૧૦] ॥૩૩॥

નિજમન નીકળ્ય બાહેરો, કાં સજ્જ હો લઢવા સંગ ॥
આજ તું નવ ઊગરે, જીતું હું રણ જંગ ॥૩૪॥

કહે કટક[૧૧] તારો કેટલો, નિજમન લે હવે નામ ॥
સેના તાહરી સુણવા, હૈયે તે મારે હામ ॥૩૫॥

નિજમન કહે મનમાં વળી, જોધ તું જબર જોરાણ[૧૨] ॥
તુજ આગે મુજ સેનનું, કઈ પેર કરું વખાણ ॥૩૬॥

---

**૧.**સૈન્યમાં **૨.**ખોરીલો **૩.**લડવૈયો **૪.**અસંખ્ય **૫.**આંટી; ગર્વ **૬.**હઠ કે વિરોધમાં **૭.**સ્થિર **૮.**સંકલ્પરૂપી **૯.**ધનુષ્ય **૧૦.**બહાર **૧૧.**લશ્કર **૧૨.**બળવાન

## મનગંજન

દેહદર્શીના દિલમાં, ઘડચે ન બેસે ઘાટ ॥
કહું કાંયેક તુંજ આગળે, તેં પૂછિયું તે માટ ॥૩૭॥

શીલ સંતોષ દો સેનમાં, વળી વિવેક વિચાર ॥
ધીરજ ધર્મધુરંધરા, ક્ષમા દયા દો નાર ॥૩૮॥

**ત્યાગ વૈરાગ્ય ત્યાં રહે, શમ દમ શ્રદ્ધા સોય ॥**
**જ્ઞાનગરીબી ભગતિ, દીન દાસા પણ દોય ॥૩૯॥**

ભાવ ભજન ભરપૂર રહે, શુભ ગુણ શાંતિ સોય ॥
જક્ત વિરક્ત ભક્ત ભયે, દાસ ઉદાસી હોય ॥૪૦॥

પંચવ્રત પર પ્રીત હય, નિઃસ્પૃહી નિષ્કામ ॥
નિર્લોભી નિર્માનિતા, નિઃસ્વાદી એહ નામ ॥૪૧॥

વચન પ્રમાણે વર્તવું, એહ હમારી ટેક ॥
નિરવૈર રહે સહુ નગ્રમાં, છાંડી[1] છળ બળ છેક ॥૪૨॥

માંહોમાંહી મળી રહે, હૈયે ઘણેરું હેત ॥
કરે ન કૂડ કપટ કહ્યું, એહ અમારી રીત ॥૪૩॥

મન કહે મર્મ મેં લહ્યો, દેખી તાહેરું દળ[2] ॥
એવા સેના સાહેબા,[3] બહુ ન કીજે બળ ॥૪૪॥

નૂર[4] વિના શાં સૂરમા,[5] અણમણતાં[6] હોય અંગ ॥
પૂછી પૂછી પગ ભરે, તે જીતે ન કદિયે જંગ[7] ॥૪૫॥

જોયા તારા જોધને, જીતી ન કરે જુહાર[8] ॥
લાલચ્ય મેલ્ય લડવા તણી, માગ્ય હવે ધર્મદ્વાર[9] ॥૪૬॥

હોય હજી જો હામ હૈયે, તો વીર ન કીજે વેલ્ય[10] ॥
લિયો લડાઈ લીજીએ, નહિ તો નગર તું મેલ્ય ॥૪૭॥

**૧.**છોડીને **૨.**સૈન્ય **૩.**સેનાપતિ **૪.**તેજ; બળ **૫.**શૂરવીર **૬.**ધ્રૂજતાં **૭.**યુદ્ધ **૮.**વિજય પછીના પ્રણામ **૯.**શરણાગતિ **૧૦.**વિલંબ

નિજમન કહે નવ કીજીએ, મનવા મોટી વાત ॥
શૂરા તણા સંગ્રામમમાં, લાજ હરિને હાથ ॥૪૮॥
આવ્ય ચડી ચોગાનમાં, સેના લઈ સંગ શૂર ॥
આગળ આછા પાતળા, હાજર છું હજૂર ॥૪૯॥
સજ્જ થયા દો શૂરમા, વઢવા કારણ ભાવ ॥
હુવા સિંધુડા સેનમાં, ઘાલ્યા નગારે ઘાવ ॥૫૦॥

**પરતકમન ઉવાચ :**

વઢવા સમે વાણી વદે, અડીખંભ મન આકૂત[૧] ॥
પાડું પ્રભુપદ પોં'ચતાં, તો માન્ય માયાનો પૂત ॥૫૧॥
સુત તું શ્રી ભગવાનનો, દલમાં હશે તુંને ડોડ ॥
માંડી તેં જો મુજશું, તો કરીશ પૂરો કોડ ॥૫૨॥
મુજ તુજનો મામલો, કાહા[૨] કટકશું કાજ ॥
જીત્યો દલ[૩] જબ જાણિયે, જો જીત્યો રણરાજ[૪] ॥૫૩॥
જાળવજ્યે હવે જુદ્ધમાં, બાણ મારું બળવાન ॥
સુણી શબ્દ સોયામણા, ધરીશ કયી પેર ધ્યાન ॥૫૪॥
સ્પર્શ શીત ઉષ્ણનો, રૂપ રૂપાળે નેણ ॥
ખટ રસ દેખી ખળભળે, સુગંધ સરાયે[૫] સેણ[૩] ॥૫૫॥
પંચ બાણ પરતક મને, મેલ્યાં નિજમન માથ ॥
રહ્યો આખી અણિયે એહથી, શિરપર હરિનો હાથ ॥૫૬॥
શી પેર શબ્દ ન લાગ્યો, શી પેર તજિયો સ્પર્શ ॥
શી પેર ન રાચ્યો રૂપમાં, શી રીત જીત્યો ગંધ રસ ॥૫૭॥

**૧.**મજબૂત **૨.**એમાં વળી શું ? **૩.**સૈન્ય **૪.**સેનાપતિ **૫.**છેદી નાંખે

**નિજમન ઉવાચ :**

શબ્દ જેતા સંસારમાં, એક આકાશનો ભાગ ॥
હરિજશ સુણી હુલસું,[૧] તે વિન સરવે ત્યાગ ॥૫૮॥

સ્પર્શ શીત ઉષ્ણનો, વાયુ તણો વિકાર ॥
ભેટું હરિ હરિજનને, અવર લાગે અંગાર ॥૫૯॥

રૂપ રતી તન તેજની, તા પર તૂટે ન તાન ॥
રૂપ હૃદે ધરી રામનું, ધરિયે નિત્ય પ્રત્યે ધ્યાન ॥૬૦॥

ગંધવતી જે પૃથવી, ચડે ન તા પર ચિત્ત ॥
ગંધમાં હાર ગોવિંદના, નિર્મળ[૨] પરિમલ[૩] પર પ્રીત ॥૬૧॥

**સર્વે રસ સંસારમાં, ખટ રસ પોષણ ખાન ॥**
**દેહ નિભાવન દીજિયે, ન કરું સ્વાદ નિદાન ॥૬૨॥**

એમ પાંચ બાણ પરતકનાં, નિષ્ફળ ગયાં નિદાન ॥
જાય ન ગાજ્યો[૪] જક્તમાં, ભેરુ[૫] જેને ભગવાન ॥૬૩॥

વળતો મન વિચારી કહે, મેલું મોહનું બાણ ॥
અનેક પદારથ ઉપરે, જડી પ્રીત જોરાણ ॥૬૪॥

કસી બાણ મન કામનું, સાંધુ નિજ મન શિર ॥
જેથી વાધે જલ્પના,[૬] ધરે ન અંતર ધીર ॥૬૫॥

લોભ લુવાંગ્ય[૭] લઈ કરી, તાકી હણી તૈયાર ॥
અણી જેની આગળે, સબ વેંધ્યો સંસાર ॥૬૬॥

લથબથ હુવા લઢવા સમે, કર ધરી ક્રોધ કરવાળ[૮] ॥
બચે ન આયો વડજમાં,[૯] ઝબક અગનની ઝાળ ॥૬૭॥

નાંખી નિજમન ઉપરે, નિદ્રા ફાંસી નેક ॥

**૧.**આનંદ પામું **૨.**નિર્ગુણ; દોષરહિત **૩.**સુગંધ **૪.**પાછો પડે તેવો નથી **૫.**સહાયક **૬.**બકવાસ; ઝંખના **૭.**લોભરૂપી બરછી **૮.**તલવાર **૯.**ઝપાઝપીમાં

આળસ કટારી[1] અંગમાં, છાની વાઢે છેક ॥૬૮॥

લોહ એટલા લઈ કરી, ઘાલ્યાં નિજ પર ઘાવ ॥
ભેદ્યા નહિ કોય ભીતરે, ખેલ્યો ખૂબ જ દાવ ॥૬૯॥

મોહબાણ સો મરોડિયું, પરહરી સબશું પ્રીત ॥
નિઃસ્પૃહી વ્રત પાળતાં, હુઈ જગતમાં જીત ॥૭૦॥

**ધન દારા નિજદેહ ગેહ, પુત્ર પશુ પરિવાર ॥**
**ભાગ્ય ભુવન ગણે ભાગસી,[2] એહ નિઃસ્નેહી ઉદાર ॥૭૧॥**

અશન વસન ભૂષનસે, મોહ ન પામે મન ॥
ચહે ન પ્રભુ વિના ચિત્તમાં, ધન્ય નિસ્પૃહી જન ॥૭૨॥

મર્યો નહિ મોહ બાણથી, નિજમન જન નરેશ ॥
સદા ઉદાસ સંસારથી, હરિશું પ્રીત હમેશ ॥૭૩॥

કામબાણ સો કાઢિયું, નહિ નારીશું સ્નેહ ॥
ચૌદ લોક જે ચતુરધા, ઈચ્છ્યા ન ઉરમાં એહ ॥૭૪॥

અનંગ[3] બાણ કરડું અતિ, જાતે[4] બચે ન જીવ ॥
સુરાસુર નર નાગ મુનિ, ભાગ્યે બ્રહ્મા શિવ ॥૭૫॥

કામરૂપ સો કામિની, મૂર્તિમાન એહ મેન[3] ॥
તાશું ભૂલ્યે ન ભાષણ કીજિયે, ના નીરખો કોય નેન ॥૭૬॥

**મન ઉવાચ :**

સ્પર્શામાં કાહા પાપ હે, જોયામાં કાહા જાત ॥
ચિત્ત સાબુત[5] ચાહિયે, ક્યાં વણસે[6] કર્યે વાત ॥૭૭॥

એ પણ વિચારી આતમા, હરિ ભજવા હોય હોંસ ॥
બીજી વાતે બાધ છે, પણ જ્ઞાનમાં[7] કાહા દોષ ॥૭૮॥

**૧.**ખંજર **૨.**સ્મશાન **૩.**કામદેવ **૪.**જેનાથી **૫.**પવિત્ર **૬.**બગડે **૭.**જ્ઞાનની વાતમાં

એહ જ નર અધુરિયા, વળી ન સમજ્યા બાત ॥
નર નારી સો ન ટળી, ભલી રહી એહ ભ્રાંત ॥૭૯॥

**નિજમન ઉવાચ :**

રે' રે' બેસી રાંડના, બેખબર શું બોલ્ય ॥
શાસ્ત્ર વિરોધી શું લવે,[૧] તું મૂરખ વણ તોલ્ય ॥૮૦॥

ઈન્દ્ર ચંદ્ર એકલશ્રૃંગી, સૌભરી નારદ શિવ ॥
અજ થકી અધિકો થયો, જોજ્યો ભાઈયો જીવ ॥૮૧॥

લાજ લઈ ત્રિલોકની, નારે[૨] કાપેલ નાક ॥
સુધ બુધ હરી સહુ તણી, વળી ચઢાવ્યા ચાક[૩] ॥૮૨॥

કાગદ-કરિણી[૪] દેખતાં, હસ્તી મરે હજાર ॥
મૂર્તિવંતી માનિની, કેમ પોં'ચાડે પાર ॥૮૩॥

નર પ્રાણી પતંગ[૫] સમ, નારી દીપક ઝાળ ॥
મોહ પામી મરત તેમ, નારી નરનો કાળ ॥૮૪॥

વિષ વેરી સમ વૈતરી,[૬] નાગણ વાઘણ નાર ॥
ડાકણ સાકણ દુષ્ટણી, સ્વપ્ને ન હો વ્યવહાર ॥૮૫॥

**દેહે કરી દૂર રહિયે, અષ્ટ પ્રકારે આપ ॥**
**તો અંતર ઈચ્છા નહિ રહે, પ્રભુ તણો પ્રતાપ ॥૮૬॥**

ભક્ત અભક્ત માનીને, ના ચિંતવો કોય નાર ॥
લેતાં લીંબુ નામને, વદને આવે વાર[૭] ॥૮૭॥

અભાવ ઉલટા[૮] અન્ન સમ, સ્વભાવે સડેલું ઊંટ ॥
નીરખે એવી નારને, તે ખાટે[૯] ચ્યારે ખૂંટ[૧૦] ॥૮૮॥

**૧.**બકવાસ કરે **૨.**નારીએ **૩.**ભટકણમાં **૪.**કાગળની હાથણી **૫.**પતંગિયા **૬.**ભૂત-પિશાચણી **૭.**પાણી **૮.**ઊલટી કરેલા **૯.**જીતે **૧૦.**ચારે ખૂંટ-આખી દુનિયા

કામબાણ કટકા કરી, નિર્ભય ભયો નિજમન ॥
લોભ લુવાંગ્ય લાગી નહિ, કહો કેણી પેર તન ॥૮૯॥

**પરતકમન ઉવાચ :**

લોભ લુવાંગ્ય ઝીણી અણી, લાગી સરવે શીર ॥
દેવ દાનવ માનવ મુનિ, પાડે[1] પંડિત પીર ॥૯૦॥

કામ થકી કરડી ઘણી, માને ન માસી માત ॥
બહેન ફુઈ બેટી સંગે, લોભ કરાવે ઘાત ॥૯૧॥

એવી અતિશે આકરી, લોભ તણી લુવાંગ્ય ॥
નિજમન કેમ લાગી નહિ, સોય શરીરે સાંગ્ય[2] ॥૯૨॥

**નિજમન ઉવાચ :**

લોભ મૂર્ત[3] દ્રવ્ય લેખિયે, એહમાં અનંત વિકાર ॥
કૂડ કપટ છળ હિંસા, કરે અનર્થ નર નાર ॥૯૩॥

ધાતુ સપ્ત પ્રકારની, અડ્યે પડે અપવાસ ॥
હીરા મોતી કાચથી, હરિજન રહે ઉદાસ ॥૯૪॥

**મન ઉવાચ :**

દામ વિના દુઃખી સર્વે, દામ કરે બહુ કામ ॥
દોષ કાહા હે દામમેં, નિજમન લે તું નામ ॥૯૫॥

રામ તણું કરી રાખીએ, અશન વસન ઘર નાર ॥
ઘણી ન થાયે ધનના, તો બાધ નહિ લગાર ॥૯૬॥

**નિજમન ઉવાચ :**

મ બોલ્ય એવું મનવા, વણ વિચારે વાત ॥
એવું મુખ તે ઓચરે,[4] જેને ઘટમાં ઘાત[5] ॥૯૭॥

**૧.**ભ્રષ્ટ કરે **૨.**ભાલા જેવું હથિયાર **૩.**મૂર્તિમાન **૪.**બોલે **૫.**મેલી દાનત-દગો

એહ લાવણ્યતા લોભની, પિંડમાં કર્યો પ્રવેશ ॥
પેચે[1] પાપી પેસિયો, રોળી દેવા[2] રેશ ॥૯૮॥

ઉપદેશ એનો ઓળખી, તરત કરીજે ત્યાગ ॥
લોભ સમો નહિ લોંઠિયો,[3] જેમ તેમ જુવે જાગ ॥૯૯॥

પ્રસાદી પ્રભુ તણી, ધન કંચન દઈ ઘાત ॥
ત્યાગી લેવાને તાકે, તો બીજાની સઈ વાત ॥૧૦૦॥

લોભ લુવાંગ્ય લાગી નહિ, ત્યાગી ધનની ઘાંખ[4] ॥
ઈચ્છા ન રહી અંતરે, અસત્ય ઓળખ્યું આંખ્ય ॥૧૦૧॥

તીખો ક્રોધ તરવાર સમ, વેણ નેણમાં વાટ ॥
નિર્માની એક નર વિના, ઘડી ન ઝાલે ઘાટ ॥૧૦૨॥

પોં'ચે ત્યાં પરાભવ કરે, અણપોં'ચે અમાન[5] ॥
રૂઠી ન બોલે રાંકશું, નર સોયે નિરમાન ॥૧૦૩॥

ક્રોધ કરવાલ કાહા કરે, નિરમાની નિજમન ॥
હસી નમાવે શીશને, પિયુ હોયે પ્રસન્ન ॥૧૦૪॥

નાવે નિદ્રા નયણે, શૂળી પર કોય સોય ॥
મીટે દેખે મોતને, હાય મૂવો એમ હોય ॥૧૦૫॥

આળસ અંગે કેમ ઉપજે, અલ્પ આયુષ્યની માંય ॥
નિશદિન નામ નારાયણનું, સમરે હૃદે સદાય ॥૧૦૬॥

સદા સમરણ શ્યામનું, આળસ ઊંઘ નિવાર ॥
બોલે જક્ત શું બાવરું,[6] હરિ ભજવે હુશિયાર ॥૧૦૭॥

કુશળ રહ્યો મન કોપથી, નિજમન નર નિરવાણ ॥
લડે લેશ ન લોપિયો, ગયાં બે કામે બાણ ॥૧૦૮॥

**૧.**યુક્તિથી **૨.**લૂંટી લેવા **૩.**બળિયો **૪.**ઝંખના **૫.**શરણાગતિ **૬.**ગાંડા જેવું

## મનગંજન

ખીજ્યો મન તબ ખેધકું, રુતો[1] રણની માંય ॥
આવ્ય નિજ આઘેરડો, જેમ લખ્યું તેમ થાય ॥૧૦૯॥

બેઉ જોધ બરાબરી, રોપ્યા રણમાં પાવ ॥
લડે ભડે કોય લડથડે, દોનું ખેલે દાવ ॥૧૧૦॥

વડચડ[2] વેડ વખાણિયે, ખડભડ હુવો જે ખેદ ॥
દડવડ[3] આયે દો જણા, અડવડ હુવો ઉમેદ ॥૧૧૧॥

ટણણણ ટંકારવ હવા, ચણણણ ચલે ચૂક[4] બાણ ॥
તણણણ ત્રાંસાં ત્રણસે, ઘણણણ બજે ઘંટાણ ॥૧૧૨॥

હણણણ હય[5] ઘણું હાવલે,[6] બણણણ બોલે બાણ ॥
ગણણણ ગાજે ગોળિયું, ભણણણ પડે ભંગાણ ॥૧૧૩॥

ગરરર ગોળા નાળ્યના, તરરર બોલે તૂર[7] ॥
અરરર કરે અધમૂવા, ભરરર ભાગે ભૂર ॥૧૧૪॥

ફરરર નેજા ફરહરે, ઘરરર નગારાં ઘૂર ॥
થરરર કંપે કાયરાં, ડરરર ભાગે દૂર ॥૧૧૫॥

ધણણણ ધ્રુજે ધરતી, ઝણણણ હુવા ઝણકાર ॥
ઠણણણ ઠમકા હો રહ્યા, રણણણ હુવા રણકાર ॥૧૧૬॥

ઝલલલ ઝબકે બરછિયું, ઢળળળ ઢળકે ઢાલ ॥
બલલલ બર્કી[8] બોલતો, તે ગલલલ બોલિયો ગાળ ॥૧૧૭॥

હડડડ આયો હાકલી,[9] ફડડડ ભાગી ફોજ ॥
કડડડ પાડ્યો કારમો, મડડડ માર્યો મનોજ ॥૧૧૮॥

પડતો મન પોકારિયો, નિજમન સુણિયે નાથ ॥
જોજે મા મારે જીવથી, આવ્યો હું શરણ અનાથ ॥૧૧૯॥

**૧.**અવાજ કરતો **૨.**બોલાચાલી **૩.**દોડતાં થકાં **૪.**જથ્થાબંધ **૫.**ઘોડા **૬.**હણહણે **૭.**શરણાઈ **૮.**મોટા અવાજે **૯.**પડકાર ફેંકીને

કાંયક કરુણા કીજિયે, દીજિયે જીવિત દાન ॥
અનાથ ઉપર એવડી, ન ઘટે નાથ નિદાન ॥૧૨૦॥

ઈન્દ્રિ સહિત હું આશરે, કરીશ રાજ્યનું કાજ ॥
દાસ દાસનો દાસ હું, તું તાત મુજ શિરતાજ[૧] ॥૧૨૧॥

ભજું ન કદી ભોગને, રચું ન કદિયે રાડ[૨] ॥
વાંછું ન વિષય સુખને, નિજમન મોય નિભાડ[૩] ॥૧૨૨॥

નિજમન કહે આવે નહિ, પ્રતીત તોરી પતલેલ[૪] ॥
આજ રહે આખી અણિયે, તો કાલ્ય અખેલાં ખેલ[૫] ॥૧૨૩॥

ઝીણોય કણિકો ઝેરનો, કરે કાયાનો નાશ ॥
વ્યાળ વેરી વહનિ, એ છોટે વડી વણાસ[૬] ॥૧૨૪॥

હોય ન હેતુ કોયના, મન ભોરંગ[૭] વિષ વાઘ ॥
વળતાં જેથી વિચારિયે, તેહનો કીજે ત્યાગ ॥૧૨૫॥

બને ન કેદિયે બેહુને, ત્યાગી રાગી તાય ॥
એક ચહાય અરણ્યને, દુજો શહેર સરાય ॥૧૨૬॥

તુજ મુજના તાનને, વર્ણવી કહું વિવેક ॥
છેટું જમી અસમાનનું, કે દિ ન મળે એક ॥૧૨૭॥

**છંદ મોતીદામની ચાલ :**

ભજે મન ભાવ સદા ભવભોગ,[૮] રચે[૯] નહિ રંચ ગણે નિજ રોગ ॥
ખુશી મન ખૂબ ખટ રસ ખાન, તૂટે ન કદી નિજતા પર તાન ॥૧૨૮॥

ઈચ્છે મન અંબર સુંદર અંગ, અજાણે એ નિજ ન કરે ઉમંગ ॥
ચહે મન ભૂષણ સુવર્ણ ચિત્ત, પેખે નહિ નિજ કરે નહિ પ્રીત ॥૧૨૯॥

દેખે મન દેહ રિઝે જો રૂપાળ, ઝાંખી[૧૦] નિજ નેણ ઊઠે અંગ ઝાળ ॥

---

**૧.**ઉપરી; રાજા **૨.**ફરિયાદ **૩.**બચાવ **૪.**ખળ; છેતરનાર **૫.**કાંઈક નવા જ ધતિંગ **૬.**પાયમાલી **૭.**સાપ **૮.**સંસારનાં સુખ **૯.**ગમે **૧૦.**જોઈને

દેખે મન મુખ લેહી દરપણ, ન જુવે જો નિજ નિરાશી નરપણ ॥૧૩૦॥
નીરખે જો મન છાયા છબી નિત, ઈચ્છે નહિ નિજ અસત અનિત ॥
નિહાળે જો મન નારી નખશિખ, વદે નિજ તાયે[1] હલાહલ વિખ ॥૧૩૧॥
શ્વાનની સાણ્યે મન જો સરાયે, નિજમન તાયે નિકટ ન જાયે ॥
ગમે મન ગાન વિષે રસ ગીત, ચહે નહિ નિજ ચળે નહિ ચિત્ત ॥૧૩૨॥
સદા મન સુખ સરાયે સંસાર, ઈચ્છે નહિ નિજ ગણે જો અસાર ॥
દેખે મન સજ્જન દુર્જન દોય, સદા સમ ભાવ ધરે નિજ સોય ॥૧૩૩॥
ભજે નહિ મન કે દિ ભગવાન, ધરે નિત્ય નિજ ધણીનું ધ્યાન ॥
પાછે મન પગ કરે પ્રવેશ, લોપે નહિ નિજ વચનને લેશ ॥૧૩૪॥
ભજનમાં મન પાડે જો ભંગાણ, સમરે સો નિજ સદાય સુજાણ ॥
ઘડે મન ઘાટ ઘણા ઘટમાંયે, કરે નહિ નિજ સંકલ્પ કાંયે ॥૧૩૫॥
હિસે[2] મન હેતે કરવાને હાસ, અતિ નિજ રહે સદાયે ઉદાસ ॥
રહે મન રાજી બણેઠણે રૂપ, કરે નિજ તાયે સદાયે જો કોપ ॥૧૩૬॥
ચલે મન ચંચળ ચપળ ચાલ્ય, હળવી નિજમન દુવણ[3] હાલ્ય ॥
કરે નવ રંગ અંગે કંઈ મન, તૂટે ફૂટે પટ રહે નિજ તન ॥૧૩૭॥
કરે ગુરુ આગ્યામાં જુગતિ કાંઈ, સમઝે સો સદા સુખદાઈ ॥
રખે મન ઈન્દ્રિય દેહશું રત,[4] અતિ નિજ એહને જાણે અસત્ય ॥૧૩૮॥
દેખે મન વિષય ઠગી જાય દલ, પેખે નિજ પાપ ખોળે નહિ પળ ॥
એવા ગુણ મનતણા જો અનેક, લખતાં તે લખ્યે ન આવે જો છેક ॥૧૩૯॥

**દોહા :**

કેત્તાક લખિયે કાગળે, પરતક મનના પેચ ॥
ભૂંડાથી ભૂંડો સરે, નીચ થકી પણ નીચ ॥૧૪૦॥

---

**૧.**તેને **૨.**હોંશે-હોંશે ઈચ્છે **૩.**સાવધાનીવાળી **૪.**પ્રીતિ

**મનવા તું તો મશકરો, તુજ કપટ ન કળે કોય ।।**
**હેતુ[1] થઈ તું હેત કરે, પણ કાંયક કપટ તો હોય ।।૧૪૧।।**

**જ્ઞાની થઈ તું જ્ઞાન કરે, ધ્યાની થઈ ધરે ધ્યાન ।।**
**ત્યાગી થઈ તું ત્યાગ કરે, તું રઝળાવે રાન[2] ।।૧૪૨।।**

તપસી થઈ તું તપ કરે, વળી રહે ઉદાસી રંચ ।।
અન્ન પરહરે પયપાન કરે, પણ સબ તોરો પરપંચ[3] ।।૧૪૩।।

ત્રય લોક નચાવ્યા તેં ખરા, નર મર્કટને ન્યાય ।।
ભેખ સરીખો ભળી રહી, ભાંડઈ[4] કરી ભવમાંય ।।૧૪૪।।

અધમ અપરાધી એક તું, ભડવો ભૂલેલ ભાંડ ।।
કપટી કુટિલ કુમતિ, દુર્મતિ દુષ્ટમન દાંડ ।।૧૪૫।।

ચોર ઠગારો ફાસિયો, ડુમ[5] ઢેઢ જારની જાત ।।
લંપટ લોભી લાજ વિન, ઘણી રચાવણ ઘાત ।।૧૪૬।।

શ્વાન શિયાળ સર્પનો, ઘૂડ ગર્દભનો ગુણ ।।
કાગ બલાઈ કપટ મન, કરે ભરોંસો કુણ ।।૧૪૭।।

ભૂત પ્રેત પિશાચનાં, એવાં લક્ષણ લાખ ।।
અવર અશુભ ઉપમા, તે સર્વે દેવા શાખ[6] ।।૧૪૮।।

જેત્તા અવગુણ જક્તમાં, તેત્તા તુજમેં હોય ।।
રાખ્યો ઘટે નહિ રાજમાં, માર્યો ઘટે નહિ મોય ।।૧૪૯।।

કંગાલ થઈ તું કરગરે, ઘાલી મુખમાં ઘાસ ।।
પડ્યો રહે મર પિંજરે,[7] પણ મેલું ન મોકળી રાસ[8] ।।૧૫૦।।

તન નગરમાં તસ્કરી, જો કરશો કોય જન ।।
ગોતું ન કેદી ગોલાણને,[9] મેલી મન રાજન ।।૧૫૧।।

---

**૧.**હિતકારી મિત્ર **૨.**વન **૩.**દગો; છેતરામણી **૪.**ભવાડો **૫.**હલકો માણસ **૬.**યોગ્ય
**૭.**નિયમરૂપી પાંજરામાં **૮.**બાંધવાની દોરી **૯.**બીજા ચોર-ડાકુને

જાણું છું હું જરા જરી, સરવે તારો સાથ ॥
કુમાર્ગે કોય ચાલશે તો, મન પડશે તુજ માથ ॥૧૫૨॥

ઈચ્છ્યું નહિ મળે આજથી, ભજે[1] નહિ મળે ભોગ ॥
રહે તો એવી રીતશું, સાધી શરીરે જોગ ॥૧૫૩॥

દેહદશાએ સર્વનું, કરવાને એહ કામ ॥
રહે પડ્યો હવે રાજમાં, ગાળી ગર્વ ગુલામ ॥૧૫૪॥

જીત્યો નિજમન ફોજને, રાખ્યો મન એહ રીત ॥
નિર્ભય નોબત ગડગડી, થઈ જગતમાં જીત ॥૧૫૫॥

જાચક[2] જશ મુખ ઉચ્ચરે, ભલોભલો નિજ ભડ[3] ॥
તોલે ના'વે તાહરી, તેં મરડ્યો મન અકડ ॥૧૫૬॥

મોટા મહાજન મળી કરી, પૂછે કરી અતિ પ્રેમ ॥
જીત્યો નિજમન જંગમાં, મહાબળી મન કેમ ॥૧૫૭॥

**નિજમન કહે નહિ અચરજ, ભેરુ જેને ભગવાન ॥**
**રાઈનો સો મેરુ કરે, અને મેરુનો સો રાઈ સમાન ॥૧૫૮॥**

**સત્સંગના પ્રતાપશું, સરે જો સઘળાં કાજ ॥**
**અવર બીજે ઉપાય શું, રહે ન કદિયે લાજ ॥૧૫૯॥**

**સંત સદ્‌ગુરુ સહાયથી, હરિકૃપા પણ હોય ॥**
**પંગુ ઉલ્લંઘે પરવત, કહે ન આશ્ચર્ય કોય ॥૧૬૦॥**

જીત્યા પાર્થ[4] રણસંગમાં, શૂર ભીષ્મ સંગ્રામ ॥
સહાય જેની શ્રીહરિ, તેથી કોણ ન સરે કામ ॥૧૬૧॥

વાસવ[5] તણા વિરોધથી, ધરી ગિરિ બચાવ્યો વ્રજ ॥
તે પ્રતાપે જીતિયે, એની સઈ અચરજ ॥૧૬૨॥

**૧.**ઈચ્છ્યા **૨.**ભાટ-ચારણ **૩.**શૂરવીર મરદ **૪.**અર્જુન **૫.**ઈન્દ્ર

જે જીત્યો તે હારશે, એહ અનાદિ રીત ॥
સરવે કારણ સદ્‌ગુરુ, નહિ હાર જીત પર પ્રીત ॥૧૬૩॥

સુણી વચન સહુ નિજનાં, વળતા વદિયા વાણ ॥
ધન્ય ધન્ય નિજ ઘટે ઘણું, પણ સુણો નાથ સુજાણ ॥૧૬૪॥

નગરમાંહી નરેશ વિન, રહે ન અમથું રાજ ॥
તખતે બિરાજો આપ તમે, માનો વચન મહારાજ ॥૧૬૫॥

સુખ હોય સહુ શહેરને, અદલ[૧] ફરે એક આણ[૨] ॥
પીડે નહિ કોય કોયને, રહે ન ખેંચાતાણ ॥૧૬૬॥

હરિજન હરિના હેતથી, નિજમન હુવો નરેશ ॥
કપટી કાઢ્યા કોટથી, લંપટ રહ્યા ન લેશ ॥૧૬૭॥

નિરવૈર રહે સહુ નગ્રમાં, પ્રજા પામી સુખ ॥
એક હરિજન હોયે રહ્યા, વેરી ગયા વિમુખ ॥૧૬૮॥

અખંડ રહો આ શહેરમાં, નિજ રાયનું રાજ ॥
ચલે ન ચોરી ચોરની, રહે નહિ દગાબાજ ॥૧૬૯॥

નિજમન બેઠો રાજ પર, જય જય હુવો જયકાર ॥
નિર્ભય નેજા રોપિયા, હરિજશ હુવા ઉચ્ચાર ॥૧૭૦॥

એક અમલ[૩] વિના અવનિ, હોયે રૈયત હેરાન ॥
દોય ધણીના દેશમાં, મીટે નહિ ખેંચાતાણ ॥૧૭૧॥

ભજો જે કોય ભગવાનને, તે તજો સબે મનસંગ[૪] ॥
માનો નહિ શીખ મનની, જો ઇચ્છો સુખ અભંગ ॥૧૭૨॥

**કોટિ ઉપાય જો કરતાં, જીત્યો મન નવ જાય ॥**
**જીતે તે જન જક્તમાં, જેહને સદ્‌ગુરુ સહાય ॥૧૭૩॥**

---

**૧.**બરાબર નિયમ પ્રમાણે **૨.**હુકમ; સત્તા **૩.**સત્તા **૪.**મનનો વિશ્વાસ તથા સ્નેહ

સોય સદ્‌ગુરુ સેવિયે, જેથી મન જીતાય ॥
જીત્યા મન વિન જે કરે, તે સરવે જૂઠો ઉપાય ॥૧૭૪॥

સદ્‌ગુરુ એક સંસારમાં, શિષ્ય હરણ સંતાપ ॥
વિત્ત હરે જે વિશ્વનું, તે ગુરુ ગણીજે પાપ ॥૧૭૫॥

ગુરુ શબ્દ સો ગરિષ્ઠ[૧] હે, સબ પર સોયે સરિષ્ઠ[૨] ॥
સો ગુરુ સહજાનંદજી, એક ઉર મમ ઈષ્ઠ ॥૧૭૬॥

ઈચ્છે જે કોઈ અંતરે, કષ્ટ મિટાવા કોય ॥
એક અચળ એ આશરો, સહજાનંદ પ્રભુ સોય ॥૧૭૭॥

દાસ જેની દયા થકી, જીત્યા મન જોરાણ ॥
કાન સુણી કે'તો નથી, નજર દીઠી નિર્વાણ ॥૧૭૮॥

જીત્યે મન સબ જીતિયા, જીત્યા કામ ને ક્રોધ ॥
લોભ મોહ લૈયે લોપિયા, જબર હતા જે જોધ ॥૧૭૯॥

રાજા જેનો રોળિયો, પકડી નાખ્યો પાસ[૩] ॥
નોકર તેના નાસિયા, ઘાલી મુખમાં ઘાસ ॥૧૮૦॥

અનમી[૪] નર નમાવિયા, જે મા'લતા મગરુર[૫] ॥
તે ના'વે જોતાં નજરે, જેમ ઊડ્યાં આકતૂર[૬] ॥૧૮૧॥

ભાર ઉતાર્યો ભૂમિનો, મારી મનની ફોજ ॥
રહ્યો ન વેરી રાજમાં, તબ પાયો નિજ મોજ ॥૧૮૨॥

સાચો સેવક શ્યામનો, નિજમન જેનું નામ ॥
ભલો લડ્યો ભારતમાં,[૭] ન કર્યો લૂણ હરામ ॥૧૮૩॥

નીતિ ચલાવી નગ્રમાં, અનીતિ કરી ઉથાપ[૮] ॥

**૧.**ગૌરવવાળો મહાન **૨.**સૌથી શ્રેષ્ઠ **૩.**ગળા ફાંસો-બંધન **૪.**કોઈને નમે નહિ તેવા અહંકારી **૫.**ઘમંડી થઈને **૬.**આકડાના ફળમાંથી નીકળતું રૂ **૭.**મહાભારત જેવા યુદ્ધમાં **૮.**નાશ

પાપી કાઢ્યા પુરથી, સબે ગયો સંતાપ ॥૧૮૪॥
**પ્રભુ તણા પ્રતાપથી, મનનું કાઢ્યું મૂળ ॥**
**સહજાનંદની સહાયથી, નિજે[1] કર્યો નિષ્કુળ ॥૧૮૫॥**
મન નિજમનના રૂપને, ઓળખાવા આ છંદ ॥
હરિજનને હિત એહ છે, કહે નિષ્કુળાનંદ ॥૧૮૬॥
સંવત અઢાર એકોતેરો, શ્રાવણ સપ્તમી ચંદ[2] ॥
એકસો સત્યાશી સત્ય છે, સરવાળે સહજાનંદ ॥૧૮૭॥

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતે***
***મન-નિજમન સંવાદે મનગંજનં સંપૂર્ણમ્ ।***

# ***મનગંજનં સમાપ્તમ્***

**૧.**નિજમને-જીવાત્માએ **૨.**ચંદ્ર પક્ષ-સુદ પક્ષ

# ગુણગ્રાહક

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં જગતની જે કોઈ વસ્તુમાં સારા ગુણો છે તે બતાવી તેના ફાયદા જણાવ્યા છે. ગુણિયલ જીવ-પ્રાણીમાત્રને સહુ કોઈ પસંદ કરે છે, દુર્ગુણીને નહિ. માટે ડાહ્યા માણસોએ પ્રભુને પ્રસન્ન કરવા માટે જીવનમાં સારા સદ્‌ગુણો અવશ્ય કેળવવા જોઈએ. ગુણ ગ્રહણ કરવાની બાબતમાં પૂ.સ્વામીએ તેમનો સિદ્ધાંત જણાવ્યો છે કે, જેનાથી ભગવાન શ્રીહરિ રાજી થાય તથા જે તેની સેવામાં કામ આવે તે જ સહુથી શ્રેષ્ઠ ગુણ, વસ્તુ કે વ્યક્તિ છે. જો પ્રભુ અર્થે કામ ન આવે તો જગતની દષ્ટિએ ગમે તેવું સારું ગણાતું હોય તોપણ આધ્યાત્મિક દષ્ટિએ તે બિલકુલ નકામું છે. માટે ભગવાનના ભક્તોએ પોતાનું તન, મન, ધન અને આત્મા સહિત સર્વસ્વ શ્રીહરિની સેવા અર્થે જ કરી રાખવું તે સર્વોત્તમ ગુણ છે.

હિન્દી ભાષામાં રચાયેલા આ ગ્રંથથી ભગવદ્‌ ભક્તોની દષ્ટિ ગુણગ્રાહક તથા ભગવાનના સંબંધવાળી દિવ્ય બને એવો હેતુ જણાય છે. આ ગ્રંથના કુલ ૧૦૧ દોહા છે.

॥ શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥



**શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે**

# ગુણગ્રાહક

**દોહા:** લંબોદરે[1] હું લાગું લળી, પાર્વતીતનુ[1] પાય ॥
શુદ્ધ બુદ્ધિ દિયો શ્યામ વીર, શંકરસુત[1] હો સહાય ॥ ૧ ॥
ગણપતિ ગણપતિ ગાઈએ, અવગુણ મટે અનેક ॥
ગુણ વિન ગોવિંદ ના રિઝે, છિજે[2] ન અવગુણ છેક ॥ ૨ ॥
**ગુણ પૂજાવે સબે જકતમાં, ગુણ બઢાવત માન ॥**
**જ્યામેં જેતો ગુણ રહે, તાહિ તેતો સન્માન ॥ ૩ ॥**
ગુણ અવગુણ દો ગૂંથકે, કહું કથા પ્રબંધ ॥
ઓર[3] ગુણમેં આયી ગયે, ગુણાતીત[4] હે ગોવિંદ ॥ ૪ ॥

---

**૧.**ગણપતિ **૨.**નાશ થાય **૩.**બીજા બધા **૪.**ગુણોથી પર દિવ્ય

અવગુણકું આદર નહિ, શુભ ગુણકું સન્માન ॥
દોય વિધ એહ દેખહું, જાનત હે સબ જાન ॥૫॥

દેવ દાનવ માનવ મુનિ, સબ હે ગુણકે રાજ ॥
અવગુણકું સૂઝત નહિ, રીત રંક યહ રાજ ॥૬॥

સબવિધ દેખ્યા શોધકે, તિનુહું લોકકે તાન ॥
કહિયે અબ કહો કોનકું, ગુણગ્રાહક ભગવાન ॥૭॥

**આકાશગુણ વર્ણન :**

એક અવલ ગુણ આકાશકે, શૂન્ય સોઈ શબ્દ વિભાગ ॥
શુક[૧] કોયલ મેના સખી, ઘૂડ ગર્દભ[૨] કુક્કર[૩] કાગ ॥૮॥

એસી વાણી જાણી એકકી, કોય ન સુનત કાન ॥
એક સુનત બહુ ભાવશું, તોરત તાહીસું તાન ॥૯॥

એક શબ્દ ગુણગાન હે, એક શબ્દ સોઈ ગાર[૪] ॥
ગાન મિલાવત મોંજકું,[૫] ગાર મિલાવત માર ॥૧૦॥

એક નર અશુદ્ધ બોલહી, એક વિચારત વેદ ॥
પ્રસિદ્ધ ગુણ દોઈ પેખિયે, ભયો ગિરામાંહી[૬] ભેદ ॥૧૧॥

**જાકી જેસી હે બોલની, તાપર તે તો હેત ॥**
**કોકિલા[૭] કયા દેત હે, અરુ કાક ઉલું[૮] કયા લેત ॥૧૨॥**

શુભ ગુણસે સુખ ઊપજે, અવગુણ દુ:ખ અનેક ॥
દોય વિધ દેખે દિલમેં, તો રહે ન સંશય રેખ ॥૧૩॥

**વાયુગુણ વર્ણન :**

અબ સુનોહો રીત સમીરકી,[૯] વહત હે વિધ દોહ[૧૦] ॥

**૧.**પોપટ **૨.**ગધેડો **૩.**કૂતરો **૪.**ગાળ; અપશબ્દ **૫.**ભેટ-સોગાદ **૬.**વાણીમાં **૭.**કોયલ **૮.**ઘુવડ **૯.**વાયુની **૧૦.**બે રીતે

એક શીતળ અંગ કરે, એક લગાવ હે લોહ[1] ॥૧૪॥
અરુ એક ઉડાવત અભ્રકું,[2] અરુ એક મિલાવત મેઘ ॥
પવન ગુણ એહ પેખિયે, વહત દોનુંહુ વેઘ[3] ॥૧૫॥
એક આનંદ અંગ આપ હી, અરુ એક દેવત હે દુ:ખ ॥
જેસો હી ગુણ જ્યામેં રહ્યો, તેસો કહે સબ મુખ ॥૧૬॥

**તેજગુણ વર્ણન :**

અરુ અગ્નિ અગ્નિ એક હે, દેખતાહિ ગુણ દોય ॥
એકસે દુ:ખ અતિ ઊપજે, અરુ એકસે સુખ હોય ॥૧૭॥
એક અગ્નિ પચાવત અન્નકું, અરુ એક લગાવત લા'ય[1] ॥
દુ:ખ સુખ દોયિક દેખિયે, એહ દોનું ગુન સબ ગાય ॥૧૮॥
એક ધૂમર[4] ઘર ધુંધવે, અરુ એક કરત ઉજાસ ॥
વોહિ[5] ન ભાવત અંતરે, વોહિસે[6] હોત હુલાસ ॥૧૯॥
શુભ ગુણ વિન જન સુખકો, દલહિ ન કીજે દોડ ॥
પેખી ગુણ નિજ પિંડકો, અરુ પીછે કરના કોડ ॥૨૦॥

**જળગુણ વર્ણન :**

નીરખો ગુણ જન નીરકો, અરુ વાહિમેં દો વિધ ॥
મીઠો ખારો માનિયે, પીને માંહિ પ્રસિદ્ધ ॥૨૧॥
એક જળ અનુપમ જાહ્નવી, અરુ એક અશુચિ[7] કુંડ ॥
વાં[8] નહાવત સબ નેહશું, વાંહિ ન પરસે[9] પંડ ॥૨૨॥
એક નીર મહીસેં[10] નિપને,[11] ઈક્ષુ[12] લીમે[13] અરુ આક[14] ॥

**૧.**બળતરા **૨.**વાદળને **૩.**બે રીતે **૪.**ધુમાડો કરનાર અગ્નિ **૫.**તે (ધુમાડાવાળો) **૬.**પ્રકાશ દેનાર અગ્નિથી **૭.**અશુદ્ધ **૮.**તેમાં (ગંગાજળમાં) **૯.**સ્પર્શે **૧૦.**પૃથ્વીમાંથી **૧૧.**ઊપજે **૧૨.**શેરડીમાં ગળ્યું થયું **૧૩.**લીંબડામાં કડવું થયું **૧૪.**આકડામાં ખીરરૂપે (ઝેર જેવું) થયું

વાંહી ન ભખે[૧] ભાવકર, વાંહી પાવે કરી પાક ॥૨૩॥
અરુ વાંહિ મિલે વિન તોલમેં, ઓહિ તોલાવત તોલ ॥
જા મહી જેતો ગુન હે, તાકોહિ તેત્તો મોલ ॥૨૪॥
એક પાત[૨] પેખો આકકો, એક નિર્ખત નાગરવેલ્ય ॥
વાંહિ ખાવત ખાંતકર,[૩] વાકું મુખ નહિ મેલ્ય ॥૨૫॥
એક ફૂલ અવલ આવળકો, એક ચંપક[૪] ફૂલ ગુલાબ ॥
મિલત ઓહી તો મૂલ્યશે, હૈ એહિ વિન હિસાબ ॥૨૬॥
એક ફળ ઈન્દ્રામણ[૫] આકકો, એક ફલ અવલ હે આમ[૬] ॥
આક ન ભખે કૌ ભૂલ્યસે, હોય આમકી હૈયે હામ ॥૨૭॥
આક ન આવત આમ સમ, દેખહું દિલ વિચાર ॥
એક તોલે ક્યું આવહિ, સો ઊન્ન[૭] સોનકો[૮] તાર ॥૨૮॥
સુનહિ દેખી સુખ ઓરકો, હિયે ન કીજિયે હામ ॥
હોડ નહિ મુષ[૯] હંસકી, સમ અજા[૧૦] ગજ શ્યામ ॥૨૯॥
ભમર ગીંગા અરુ ભિન્ન હે, ભિન્ન અરુ બક[૧૧] મરાળ[૧૨] ॥
પક્ષી એક નહિ પેખિયે, હે વિધવિધ ગુન વિશાળ ॥૩૦॥
ગુન વિના તો ગનતી કહાં, હોઈ હે તાકી હલકાય ॥
વાહિકી સોચ ન કીજિયે, સમઝ રહેના મનમાંય ॥૩૧॥

**પૃથ્વીગુણ વર્ણન :**

એક પૃથિવી ગુન પ્રસિદ્ધ હે, અરુ જુદી વાકી[૧૩] જાત ॥
મિલે નહિ સરખે મૂલ્યસે, સમઝ એહ ધાતુ સાત ॥૩૨॥
પુરટ[૧૪] અરુ પિત્તલ પીત[૧૫] હે, મિલત ન એકહિ મૂલ્ય ॥

**૧.**ખાય **૨.**પાંદડું **૩.**હોંશથી **૪.**ચંપો **૫.**છેતરામણું **૬.**કેરી **૭.**ઘેટાના ઊનનો **૮.**સોનાનો **૯.**ઉંદર **૧૦.**બકરાં **૧૧.**બગલો **૧૨.**હંસ **૧૩.**તેની **૧૪.**સોનું **૧૫.**પીળું

## ગુણગ્રાહક

શ્વેત કલી[1] રજત[2] સહિ, ભાખે ન સમ કોય ભૂલ્ય ॥૩૩॥
એક અવનિસે ઊપજે, તરુવર ભાર અઢાર ॥
સબકે ગુન સરખે નહિ, વિધવિધ કરો વિચાર ॥૩૪॥
અરુ ભાજન[3] હે સબ ભૂમિકે, કરતા એક કુલાલ[4] ॥
જામેં હી જેત્તો ગુન હે, તામેં હિ તેતો હી માલ ॥૩૫॥
એક પટમેં બો'ત પટંતરો,[5] અરુ વાહિમે વિભાગ ॥
ક્યાં ચોસાઈ ઝરવાળિયાં,[6] ક્યાંહાં પટુ પાહાંમરી[7] પાગ ॥૩૬॥
અરુ જામે ગુન જેહિ જાનહિ, તાકિ કરત જતન ॥
પથ્થર પારસ દો પેખકે, રાખે હિ રીત રતન ॥૩૭॥
એસી વિધ અનેક ગુન, પેખે હિ નાવત પાર ॥
દેખી હિ ગુન અરુ દોષકું, કાહા કાઢના હે સાર ॥૩૮॥
અરુ અબ કેનેકી ઈતની, સુનહો સંત સુજાન ॥
જાતે[8] હિ રીઝે જગપતિ, ધન્ય ધન્ય ગિરા એહ ગાન ॥૩૯॥
વાયુ વહત બહુવિધકે, સપ્તદ્વીપ અરુ નવ ખંડ ॥
ધન્ય ધન્ય સોહી સમીરકું, જેહિ પરસે હરિકે પંડ ॥૪૦॥
અરુ અનળ[9] હે બહુ વિધકે, મેહેતાબ મસાલા દીપ ॥
ધન્ય ધન્ય ઓહી અનળકું, જોહિ જરત[10] શ્યામ સમીપ ॥૪૧॥
વારિ હે વિધવિધ બહુ, સર સરિતા ભરે કૂપ ॥
જાકું પિયે પરસે હરિ, ઓહી હે નીર અનુપ ॥૪૨॥
અરુ પૃથ્વી હે બહુ પેરકી,[11] શ્વેત શ્યામ અરુ રક્ત પીત ॥
ધન્ય ધન્ય ઓહી ધરાકું, જેહી હરિ કરી અંકિત ॥૪૩॥

**૧.**કલઈ **૨.**ચાંદી **૩.**વાસણ **૪.**કુંભાર **૫.**ભેદ **૬.**અતિ સાદું અને સસ્તું વસ્ત્ર **૭.**કિંમતી શેલું **૮.**જેનાથી **૯.**અગ્નિ **૧૦.**પ્રકાશ કરે **૧૧.**પ્રકારની

## ગુણગ્રાહક

અરુ ભુવન હે બહુ ભાતકે, ત્રાટિ[1] માટીરુ[2] ચિરાબંધ[3] ॥
ધન્ય ધન્ય એહિ ધામકું, જામહિ રહે ગોવિંદ ॥૪૪॥
અરુ ભોજન હે બહુભાતકે, લેહ્ય ચોશ્ય ભક્ષ્ય અરુ ભોજ્ય ॥
ધન્ય ધન્ય એહિ અન્નકું, જેહિ જમત મોહન મોજ ॥૪૫॥
અરુ વાસન હે બહુવિધકે, કંચન કાંસા પીતળ રૂપ ॥
ભાગ્ય બડે એહ ભાજનકે, જામહિ જમે જગભૂપ ॥૪૬॥
અબખોરા[4] કટોરા[5] કળસિયા,[6] અરુ ભરે નિર્મળ નીર ॥
પુણ્ય બડે એહ પાત્રકે, જ્યાસે જળ પીવે બળવીર ॥૪૭॥
લે લવીંગ સોપારી એલચી, અરુ કાથા ચુના પાન ॥
ધન્ય ધન્ય એહ મુખવાસકું, ભાવે ભખે[7] ભગવાન ॥૪૮॥
પર્યંક[8] હે બહુ પેરકી, ખાટ પાટ અરુ પલંગ ॥
ધન્ય ધન્ય સોહી સેજકું,[8] જ્યાં સોવતહે શ્રીરંગ ॥૪૯॥
સુંદર સેજ સમારી[9] સુમને,[10] બિછોના અવલ બિછાય ॥
ધન્ય ધન્ય હે સોહી જનકું, જેહિ તલાંસત[11] હે પાય ॥૫૦॥
સૂઈ ઉઠત જબ સેજસે, અરુ આળસ મોડી અંગ ॥
લઈ લોટા મુખ ધોયકે, સબ પે'રે બસન[12] સોરંગ[13] ॥૫૧॥
વસન સુંદર બહુવિધકે, સોહે સોરંગી સુરવાળ ॥
જામા પે'રે જરિયાનકે, ચળકત બાંકી ચાલ ॥૫૨॥
અરુ કમરે બાંધે કસિકે,[14] દોપટે શાલ દુશાલ ॥
શોભત સુંદર શિર ઉપરે, શુભ સોનેરી સુફાલ[15] ॥૫૩॥
વસ્ત્ર હે બહુ વિધવિધકે, ગિનત પરત[16] નહિ પાર ॥

**૧.**વાંસ કે સાંઠીમાંથી બનાવેલ **૨.**માટીનું **૩.**પથ્થર કે ઈંટનું **૪.**પાણી પીવાનું પાત્ર **૫.**મોટા વાટકા **૬.**લોટા **૭.**જમે **૮.**પથારી **૯.**શણગારી **૧૦.**ફૂલથી **૧૧.**દબાવ્યા **૧૨.**વસ્ત્ર **૧૩.**સુંદર **૧૪.**ખેંચીને **૧૫.**સાફો **૧૬.**આવે

ધન્ય ધન્ય પટ[1] સોહી પેખીએ, જેહિ પે'રે પ્રાણઆધાર ॥૫૪॥
રંગરંગ હે બહુ રીતકે, નીલ પીત શ્વેત અરુ લાલ ॥
કસુંબા કિયે ક્યા કહું, હે વાકે ભાગ્ય વિશાલ ॥૫૫॥
કૈ કેશર કસુંબી રંગકે, રંગે હે વસન[1] અમોલ ॥
જાકું પે'રે જગપતિ, તાહિ ન આવત તોલ ॥૫૬॥
સુવર્ણ રૂપા કોય સમ નહિ, ભયે હે જાકે ભૂષણ ॥
ધન્ય ધન્ય સોએ ધાતુકું, પે'રે હે પ્રાણજીવન ॥૫૭॥
વેઢ વીંટી કરમુદ્રિકા,[2] પોંચી અંગુઠી પાણ ॥
બાજુ કાજુ કનકકડાં, ધન્ય પે'રે શ્યામ સુજાણ ॥૫૮॥
કનક કુંડળ દો કાનમેં, ત્યાંહાં તંગલ[3] તોરા તાર ॥
સુવર્ણ મુગટ શિર ઉપરે, ધન્ય ધન્ય ધરે મોરાર ॥૫૯॥
કનકકી માળા કંઠમેં, કટિદોરો[4] કિયે કંચન ॥
પાયે પંજનિયાં[5] પેખકે, જોઈ મોહિત હે જન ॥૬૦॥
ધન્ય ધન્ય એહી ધાતુકું, પે'રે હે પુરુષોત્તમ ॥
અવર[6] ભૂષન અનેક હે, સો નાવત વાકે સમ ॥૬૧॥
વસન ભૂષણ વિધવિધકે, પે'રે હે પ્રાણઆધાર ॥
ચઢે વાહન હરિ ચોંપશું,[7] અશ્વ ભયે અસવાર ॥૬૨॥
ગજહુકી તો ગનતી નહિ, હે કદલી વનમેં[8] ક્રોડ ॥
જાપર બેઠે જગપતિ, હોય ન વાકી કોઉ હોડ[9] ॥૬૩॥
વાજ[10] હે બહુ વિધકે, હેઉ વાકી જાત અનેક ॥
હરિ ચઢે જો હય ઉપરે, વાકે સમ નહિ એક ॥૬૪॥

૧.વસ્ત્ર ૨.આંગળીની વીંટી ૩.કાનની કડી ૪.કંદોરો ૫.ઝાંઝર ૬.આ સિવાયના ૭.ઝડપથી ૮.હિમાલય પર્વતના વનમાં ૯.તુલ્ય ૧૦.ઘોડા

રથ વહેલ અરુ પાલખી, હે શકટ[1] સોય અનુપ ॥
ઓહી વાહન ભાગ્ય વખાનિયે, જ્યાં બેઠે જદુભૂપ ॥૬૫॥

વિધવિધકે વાહન ઉપરે, ચઢે હે ચતુરા રાય ॥
દેને આયે દરશનકું, વનમાલી સો વનમાંય ॥૬૬॥

બહુ વિધવિધ છાયા વનકી, સો કહેતે નાવત પાર ॥
ધન્ય આંબા એહ આંબલી, જાહાં બેઠત હે મોરાર ॥૬૭॥

સિંહાસન સોય સોયામને, સજે ગાદી તકિયા મેલ ॥
બિછાયે હે વિધવિધકે, આય બેઠે હે અલબેલ ॥૬૮॥

ઓર આસન વિધ અનેક હે, રચી બેઠત રાજા રાણ ॥
તાકે તોલે તેહ નહિ, જ્યાં બેઠે હે શ્યામ સુજાણ ॥૬૯॥

જુથ જુથ મિલે બહુ જનકે, નિરખત નયણે નાથ ॥
આનંદ આયો અતિ અંગમેં, સબે હી ભયે સનાથ ॥૭૦॥

મનુષ્ય મુલકમેં[2] હી બોત હે, વાકા વાર નહિ પાર ॥
જેહિ નિરખત હે જગદીશકું, ધન્ય ધન્ય તેહી નરનાર ॥૭૧॥

પૂજા વિધવિધ પેરકી, કરત હે કર જોડ ॥
ધન્ય જીવત તેહી જનકો, કરત હે પૂરે કોડ ॥૭૨॥

ચંદન ચરચી લે ચંપાકો, કર કંઠ આરોપત હાર ॥
અગર ધૂપ અરુ આરતી, ઉતારત વારમવાર ॥૭૩॥

અતિ પ્રસાદી બહુ પેરકી, લાવત ભરભર થાળ ॥
હરિજન જમાવત જુક્તશું,[3] જમત હે દીનદયાળ ॥૭૪॥

દેત પ્રસાદી હરિદાસકું, હેત કરી હરિ હાથ ॥
જેહિ કણ પ્રસાદી કારણે, અજ શિવ ભયે અનાથ ॥૭૫॥

---

૧.બળદગાડું ૨.લોકમાં ૩.ભાવથી

મિલી મુક્તપુરુષકી મંડળી, નિરખત ભરભર નેણ ॥
સનમુખ દેખત શ્રીહરિ, શ્યામ સુંદર સુખદેણ ॥૭૬॥
જોગી વિયોગી હે બહુ જક્તમેં, ઉદર ભરત અનેક ॥
મિલે હે જાકું મહાપ્રભુ, તાહિ સમો નહિ એક ॥૭૭॥
ત્યાં હેત કરી પૂછહી, પ્રશ્ન ઉત્તાર પ્રસંગ ॥
સંત સુનત હે સબ મિલી, પળપળહિ જામત રંગ ॥૭૮॥
હે સંવાદ બહુ સંસારમેં, બોલત બકબક બોલ ॥
સંત હરિ સંવાદ સમ, તેહિ ક્યું આવત તોલ ॥૭૯॥
ભટ પંડિત ત્યાં ભેળે ભયે, કરત હે કથા ઉચ્ચાર ॥
સુનત જાકું શ્રીહરિ, ઓરહિ સંત અપાર ॥૮૦॥
પંડિત પાર નહિ પેખિયે, ઠરે હે ઠોરમઠોર[1] ॥
શ્યામ સમીપે જો રહત હે, વાકે સમ નહિ ઓર ॥૮૧॥
સુંદર ફૂલ સોયામણે, હેતે કરત બહુ હાર ॥
પૂજા કરન પગભર ખડે, જોડે કર નરનાર ॥૮૨॥
દિલ દેખી પ્રીતિ દાસકી, હેત કરી હરિ લેત ॥
કોયક પે'રે હરિ કંઠમેં, કોયક વાકું લે દેત ॥૮૩॥
પુષ્પ તો હે બહુ પેરકે, પિખિ જીય પચરંગ ॥
સુમન સોહી સોયામને, જો અરપે હરિકે અંગ ॥૮૪॥
તોરા ગજરા અરુ પોંચિયું, હૈયે હે હાર અમૂલ ॥
દોનું કાને કુસુમ[2] દેખિયે, શોભત સુંદર ફૂલ ॥૮૫॥
ઓર તો પોહપ[2] અનેક હે, કામીકું આવત કામ ॥
પુન્ય બડે ઓહી પોહપકે, પે'રે સુંદર શ્યામ ॥૮૬॥

૧.ઠેકઠેકાણે ૨.પુષ્પ

## ગુણગ્રાહક

કુસુમ માળા બહુ કંઠમેં, પે'રે શ્યામ સુવાગ[1] ॥
નિરખત સબ મિલી નાથકું, ગાવત ગુનિજન રાગ ॥૮૭॥

ગાન તાનકી ગનતી નહિ, તોરત બહુવિધ તાન ॥
ધન્ય ધન્ય ઓહી રાગકું, જાહી સુને ભગવાન ॥૮૮॥

વાજિંત્ર હે બહુવિધકે, ઘા વાયે તે ઘસ બોલ ॥
વાજત હે વ્રજરાજ ત્યાંહાં, તાકી નાવત કોય તોલ[2] ॥૮૯॥

જેહ જેહ ગુનહે જેહિમેં, તેહિ તેહિ આવત કામ ॥
અવગુનકી એસી સહી, ના પૂછત કોહુ નામ ॥૯૦॥

એસા ગુન આયો નહિ, જાતે[3] રિઝત રાજ ॥
અબ પડે રહે દરબારમેં, પેટ ભરનકે કાજ ॥૯૧॥

અબ દેખી સુખમય ઓર કો, હૈયે ન કીજિયે હોંશ ॥
એસો ગુન નહિ આપમેં, તો દિજે કિનકું દોષ ॥૯૨॥

જાહી કહું જગદીશકું, તુમહી ભયે ગુણ ભાગ્ય ॥
જેહી ગુનહીન જન હે, ઈનકી બડી અભાગ્ય ॥૯૩॥

અરુ એસી અનાદિ રીત હે, કે ભયી અબ મેરે ભાગ ॥
ભલા જું હોય તો કાહા ભયા, અબ તો કરિયો ત્યાગ ॥૯૪॥

**દીનબંધુ દરબાર સુની, મેં આયો હું મહારાજ ॥**
**અધમ ઉદ્ધારન આપ હો, નાથ ગરીબનિવાજ ॥૯૫॥**

**મોટી નજર કરી મે'રકી, દેખો હો દીનદયાલ ॥**
**શ્રી સહજાનંદકે રાજ્યમેં, કહિક નિર્ભય કંગાલ ॥૯૬॥**

ઠાકુર તુમ ઠીક હી કરો, નહિ દુઃખ હે સુખ શિર ॥
મેરા મન અધિરિયા, ધરત નહિ સોય ધીર ॥૯૭॥

---

**૧.**સુંદર **૨.**તુલનામાં **૩.**જેનાંથી

અબ અવગુન મેરા આપ, દેખો નહિ જ્યું દયાળ ॥
અર્ભક[1] કરે અપરાધકે, તૌ બાપ તજત નહિ બાળ ॥૯૮॥
ઉદરમેં અપરાધ અતિ, બહુવિધ કરહી બાળ ॥
માત ન લાવત મનમેં, કરત પ્રીતે પ્રતિપાળ ॥૯૯॥
અબ કૃપાનિધિ ઐસી કરો, કહત હું કરભામ ॥
લહિ[2] બડાઈ[3] આપકી, સુખ દીજિયે અબ શ્યામ ॥૧૦૦॥
સુખસાગર તુમ શ્યામ હો, કૃપાળુ સુખકે કંદ ॥
હો નાથ નિષ્કુળાનંદકે, સુખનિધિ સહજાનંદ ॥૧૦૧॥

***ઈતિ શ્રીમદેકાંતિક ધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિતઃ ગુણગ્રાહકઃ સંપૂર્ણઃ ।***

# ગુણગ્રાહકઃ સમાપ્તઃ

૧.બાળક ૨.લઈને-કારણે ૩.મોટાઈ-ઉદારતા

# હરિવિચરણ

**:: ભૂમિકા ::**

ભગવાનના સ્વરૂપમાં અખંડવૃત્તિ રહે તે મોટામાં મોટી પ્રાપ્તિ છે. તેનો સહેલામાં સહેલો ઉપાય શ્રીહરિના લીલા ચરિત્રોનું ચિંતવન છે.

આ **'હરિવિચરણ'** ગ્રંથમાં સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ તે ચરિત્રો રૂપી ઉપાય દર્શાવ્યો છે. પુરુષોત્તમ નારાયણ છપૈયામાં પ્રગટ થયા ત્યારથી તે અંતર્ધાન થયા ત્યાં સુધીનાં ચરિત્રોનું સંક્ષેપથી આ ગ્રંથમાં વિવરણ કરવામાં આવ્યું છે.

તેમાં મુખ્યત્વે મહારાજ જ્યાં જ્યાં વિચર્યા છે તે ગામ, શહેર તથા વનનો નામોલ્લેખ કરી શ્રીહરિની કલ્યાણ યાત્રાનો ચિતાર આપ્યો છે. સાતમા વિશ્રામમાં શ્રીહરિએ જે જે જગ્યાએ સ્નાનલીલા કરી છે તેનું વર્ણન છે તથા આઠમા વિશ્રામમાં પ્રભુએ જ્યાં જ્યાં મોટા ઉત્સવ-સમૈયા કર્યા છે તેનું દર્શન કરાવ્યું છે.

આમ, મહારાજની મૂર્તિ સાથે અખંડવૃત્તિ રાખવાની ઇચ્છાવાળા માટે આ ગ્રંથ અમૃત સમાન છે. હિન્દી ભાષામાં રચાયેલા આ ગ્રંથમાં કુલ ૮ વિશ્રામ અને ૩૪૨ ચરણો છે. આ ગ્રંથ રચનાનો સમય તથા સ્થળ ઉપલબ્ધ નથી.

શ્રીહરિના આ ચરિત્રોનો મહિમા પૂ.સ્વામીએ જ ગ્રંથના ઉપસંહારમાં આ રીતે ગાયો છે –

***અમૃતવત હે હરિકે ચરિત્ર, જ્યું સુધી ટેડી ગંગ કરત પવિત્ર ।***
***ઐસે જાનકે જાહ્નવી નાહના, શુદ્ધાશુદ્ધ વાકું જો ન જાના ॥*** (૮-૪૪)

***જ્યું સુરસરિતા સબકું સુખરૂપા, તૈસે હરિજશ અતિશે અનુપા ।***
***સો તો લગત હરિજનકું પ્યારા, કહત સુનત સો વારમવારા ॥*** (૮-૪૫)

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुळानंदस्वामी रचित काव्य संग्रहे

# હરિવિચરણ

**સોરઠા :**

મંગળરૂપ મહારાજ, રાજાધિરાજ કરુના કરી ॥
નિજજન હિતકાજ, આજ રાજ મન મે'ર ધરી ॥૧॥
સબકે ઉપર જેહિ શ્યામ, ધામ અનંતકે જેહિ ધની ॥
સો પ્રભુજી પૂરનકામ, જ્યાકિ મોટપ્ય નવ જાત ગની ॥૨॥
સો પૂરન પુરુષોત્તમ, પ્રગટ ભયે[1] જનહિત હરિ ॥
જ્યાકું નિગમ[2] કહે અગમ,[3] સુગમ સો હે નરતન ધરી ॥૩॥
અક્ષર પર અવિનાશ, જાસ[4] પ્રકાશ આ જક્ત રયે[5] ॥
સો કરન કળિમળ નાશ, મનુષ્યાકાર મોરાર ભયે ॥૪॥

**૧.**થયા **૨.**વેદો **૩.**ઈન્દ્રિયાતીત **૪.**જેનો **૫.**રહ્યો છે

**દોહા :** ઐસે શ્રી ઘનશ્યામકુ, વંદુ વારમવાર ॥
હરિવિચરન હરિકથા, કહું અબ કરી વિસ્તાર ॥૫॥
સુંદર દેશ સરવારમેં, છપિયા છબીકો ધામ ॥
દ્વિજ ધર્મ ભક્તિ ભવન, પ્રગટે શ્રીઘનશ્યામ ॥૬॥

**ચોપાઈ :**

પ્રગટ ભયે પ્રભુ પૂરન ચંદા, નિજ જનકે ઉર દેન આનંદા ॥
કપટી કુટિલ કુકર્મી કુમતિ, ઈનકું સુખ રહા નહિ રતિ ॥૭॥
પાપી પાખંડી પરત્રિય રતા,[૧] પરદ્રોહી પરધનકું હરતા ॥
ઐસે દુષ્ટ દેખીકે દયાળુ, કરી કરુના ભયે પ્રગટ કૃપાળુ ॥૮॥
સુભગ દેશ સરવારકે માંઈ, ગામ નામ હે છપિયા ત્યાંઈ ॥
તામે દ્વિજ વસે સરવરિયા, પરમ પવિત્ર ભાવકે જ્યું ભરિયા ॥૯॥
પાન્ડે હરિપ્રસાદ પુનિતા, તિનકી પત્ની બાલા પતિવ્રતા ॥
ધર્મવાન દોઉં દંપતી દેખી, ભક્તિ વૈરાગ્ય જ્ઞાન વિશેખી ॥૧૦॥
તિનકે ભવન પ્રગટે બહુનામી, શિવ બ્રહ્માદિક સબકે સ્વામી ॥
સંવત અઢાર વરષ સાડત્રિશા, ચૈત્ર શુદિ નૌમિકી નિશા ॥૧૧॥
દશ ઘટિકા જાતે જગદીશા, પ્રગટ ભયે સુર નર મુનિ ઈશા[૨] ॥
અધર્મસર્ગ ઉત્થાપન કાજા, ધર્મસર્ગકો સ્થાપન રાજા ॥૧૨॥
બહુત જીવકું કરન ભવપારા, આયે આપ સબકે આધારા ॥
સંત સુધર્મી શુભમતિ વારે, એહિ સબ જન ભયે હે સુખારે ॥૧૩॥
દંભી દુષ્ટ દગાકે કરતા, ઈનકે ઉર ભયે બહુ બરતા[૩] ॥
બિન બહની[૪] જરત[૫] પટપાસા, તેસેહિ જરી મરત અદાસા[૬] ॥૧૪॥

**૧.**આસક્ત **૨.**દેવ; મનુષ્ય અને મુનિઓના સ્વામી **૩.**બળતરા **૪.**અગ્નિ **૫.**સળગે
**૬.**ભગવાનના વિરોધી

સંત સુખદ દુ:ખદ દુરમતિ, ધરે ઘનશ્યામ નામ શુભ અતિ ॥
કેતનેક દિવસ રહે એહ ગામા, પીછે આયે અયોધ્યા ધામા ॥૧૫॥

તહાં રહે હે કિતનેક દન, પીછે ત્યાંસે ચલે હે જીવન ॥
જન્મતે[1] ભયે બરસ એકાદશે, તેહિ દિનસે ભવનસે નિકસે[2] ॥૧૬॥

**દોહા :** ઘર તજી ઘનશ્યામ હરિ, લૈ હે બનકી બાટ[3] ॥
સ્નેહ તજી સંબંધીકો, ચલે હે બરનિરાટ[4] ॥૧૭॥

**ચોપાઈ :**

બહોત દિવસ ફિરે બનમાંઈ, દેખે શોભા સો વરની ન જાઈ ॥
સર સરિતા કે નિર્મળ વારી, ગિરિ ગહવર[5] અતિ સુખકારી ॥૧૮॥

પશુ પંખી બોલત બહુભાતી, કરત પરસ્પર શબ્દ સુહાતી[6] ॥
સો સબ સુનત દીનદયાળા, ફિરત બનમેં ધર્મપ્રતિપાળા[7] ॥૧૯॥

ફિરત ફિરત વિતે દિન બહુ, દેખે હે બન ગિરિ શોભા સહુ ॥
પીછે આયે મુક્તનાથ માંહી, રહે ચારુ માસ આપે ત્યાંહી ॥૨૦॥

ત્યાંસે આયે હે બુટોલ નગરે, મહાદત્ત ભગિની મયાજીકે ઘરે ॥
ભગિની મયાકા કરી કલ્યાના, ત્યાંસે ચલીહું શ્યામ સુજાના ॥૨૧॥

મિલે ગોપાળયોગી બનમાંહી, વરસ એક રહે પોતે ત્યાંહી ॥
યોગકળા સબ શીખવી આપે, શીખી ગોપાળયોગી નિષ્પાપે ॥૨૨॥

ઈનકો કાજ[8] કરીકે મહારાજા, ચલે બહુત જીવ તારન કાજા[8] ॥
ત્યાંસે આદિવારાહ તીરથા, કોટિ કોટિ જન હરન વિથા[9] ॥૨૩॥

એહિ તીરથમેં જન જ્યોં રહે હે, તિન સબનકું દરશન ભયે હે ॥
પીછે ત્યાંસે ચલી હે સુજાના, શિરપુર આયે આપ ભગવાના ॥૨૪॥

**૧.**જન્મથી લઈ **૨.**નીકળ્યા **૩.**રસ્તો **૪.**નીલકંઠવર્ણિરાજ **૫.**ગુફા **૬.**સુંદર **૭.**ધર્મરક્ષક **૮.**માટે; કાજે **૯.**પીડા

શહેર શોભા કછુ બરની ન જાયે, સિદ્ધબલ્લભ હે તિનહિકો રાયે[૧] ॥
સિદ્ધ સેવામેં અતિ અનુરાગી, ચાતુર માસ રખત દેખ ત્યાગી ॥૨૫॥

ત્યાં બસે હરિ પ્રાવૃટ[૨] ઋતુ, દેખાડચે સંત અસંત અનંતુ ॥
ત્યાંસે ચલી હે આપ મહારાજા, નવલખા પરવત દેખન કાજા ॥૨૬॥

ત્યાંહી નવ લખ યોગી કે વાસા, ગયે હે આપ ઉનહીકે પાસા ॥
રહે તીન દિવસ હરિ ત્યાંહી, આયે બાલવાકુંડ તીર્થ માંહી ॥૨૭॥

તેહી સ્થળમેં રહે દિન તીના, તીર્થવાસીકું દરશન દિના ॥
ત્યાંસે ચલી ગંગાસાગર આયે, ત્યાંકે રહેનાર દરશન પાયે ॥૨૮॥

અતિ ત્યાગ વૈરાગ્ય અસંગી,[૩] ત્યાંસે ચલીકે ખાડી ઉલ્લંઘી ॥
કપિલાશ્રમ આયે સુખસિંધુ, પક્ષ[૪] તીન ત્યાં રહે દીનબંધું ॥૨૯॥

ત્યાંસે આયે પુરુષોત્તમપૂરી, દેખે દુષ્ટ અતિ મતિ દૂરી ॥
સો તો પરસ્પર લડી મુવા, હરિ ઈચ્છાસે અસુર નાશ હુવા ॥૩૦॥

મુવે અસુર અતિ અઘવંતા,[૫] તાકું દેખી ચલી ભગવંતા ॥
આદિકુરમેં આયે અવિનાશી, નીરખી નિહાલ ભયે ત્યાંકે વાસી ॥૩૧॥

ત્યાંસે ચલી માનસપુર આયે, સત્યવ્રત[૬] નામ હે જિનકો રાયે ॥
દેખી ત્યાગી વરનીકો વેષા, પરિવાર જુત ભયો શિષ્ય નરેશા ॥૩૨॥

તાકો કરી કલ્યાન મહારાજા, પીછે ચલે રાજઅધિરાજા ॥
ત્યાંસે આયે વ્યેંકટાદ્રિયે, દિયે દરશન સબકું હરિયે ॥૩૩॥

શિવકાંચિ વિષ્ણુકાંચિ જોઈ, આયે શ્રીરંગમેં નિરમોઈ[૭] ॥
ઐસે ફિરત અવનિ[૮] અવિનાશી, દુષ્ટદમન સંતન સુખરાશી ॥૩૪॥

**દોહા :** જ્યાં જ્યાં વિચરે જગપતિ, ભૂમિ પર ભગવાન ॥
ત્યાં ત્યાં જીવ જેહિ મિલે, તિનકો ભયો કલ્યાન ॥૩૫॥

**૧.**રાજા **૨.**વર્ષા **૩.**નિર્લેપ **૪.**પખવાડિયું (૧૫ દિવસનું એક) **૫.**પાપી **૬.**સત્રધર્મા **૭.**નિર્મોહી નીલકંઠવર્ણી **૮.**પૃથ્વી પર

જાને અજાને જેહિ જન, નીરખે નયને નાથ ॥
સોહિ સનાથ સબ ભયે, હોંયે ન કબહું અનાથ ॥૩૬॥

**ચોપાઈ :**

પીછે સેતુબંધ રામેશ્વરે, આયે નાથ ત્યાં આનંદભરે ॥
દેખે સુંદર જાગ્ય સુહાઈ,[1] રહે ક્યાંક દિન આપે ત્યાંઈ ॥૩૭॥
પીછે ત્યાંસે ચલે મહારાજા, આયે શ્રીહરિ સુંદરરાજા ॥
ભૂતપુરી ત્યાંસે કુમારિકન્યાયે, પદ્મનાભમેં પ્રભુજી આયે ॥૩૮॥
જનાર્દન અરુ આદિકેશવે, ચલે હે મલિયાચળ દેખવે ॥
પંઢરપુર જનાવાદ જગપતિ, ત્યાંસે દંડકારણ્ય કરી ગતિ ॥૩૯॥
પીછે પધારે નાસક પુરમેં, અતિ ઉત્સાહ ભરે હરિ ઉરમેં ॥
તાપી રેવા મહી સાભ્રમતી, એહિ ઉલ્લંઘી આયે પ્રાણપતિ ॥૪૦॥
ભીમનાથ આયે ભગવાના, બહુત જીવકો કરન કલ્યાના ॥
ત્યાંસે ચલે હરિ ધીરહિ ધીરે, આયે ગોપનાથ સિંધુકે તીરે ॥૪૧॥
ત્યાંસે આયે હે ગુપ્તપ્રિયાગે, અતિ કર્ષ[2] ભયો હે તન ત્યાગે ॥
પીછે આયે હે લોઢવે ગામે, તિન માસ રહે પ્રભુ તામેં ॥૪૨॥
પીછે આયે માંગરોળ્ય શહેરા, બહુત જીવ પર કરી હરિ મહેરા ॥
દેખી ભૂમિ પવિત્ર પુનિતા, કછુક મનોરથ મનમેં કિતા[3] ॥૪૩॥
અન્નકો ક્ષેત્ર બંધાવ હું આંહિ, ઐસે સંકલ્પ કરે મનમાંહિ ॥
ત્યાંસે પ્રભુજી લોજ પધારે, સબહિ જનકું હરખ વધારે ॥૪૪॥
ત્યાંહિ વસત હે સ્વામીકે[4] સંતા, ત્રિયે ધનકે ત્યાગી અત્યંતા ॥
તામેં મોટેરે મુક્તાનંદા, સબ સંતનકું દેત આનંદા ॥૪૫॥
તેહિ ગામ બાહિર વાવડી,[5] બેઠે નાથ તિહાં દોઉ ઘડી ॥

૧.સોહામણી-મનને ગમી જાય તેવી ૨.દુબળું ૩.કર્યા ૪. સ.ગુ.રામાનંદસ્વામી ૫.વાવ

સ્વામીકે સંત[1] એક તિયાં આયે, કરી વિનય લાયે જગો[2] માંયે ॥૪૬॥
ત્યાંહિ આયકે બેઠે બહુનામી, સંત સબ બેઠે શિરનામી ॥
પૂછન લાગે પરસ્પર બાતા, કૈ હે એક એકકી વિખ્યાતા ॥૪૭॥
સુનિ હિ સંત વચન ભયે રાજી, કયે હે સંત સો મિલે મોય આજી[3] ॥
કહે હરિ રખો તો રહું આંહિ, ઓર ઠોર[4] મન માનત નાહિ ॥૪૮॥
સંત કહે બડે ભાગ્ય હમારા, જો રહના હોય નાથ તુમારા ॥
નાથ કહે હમ રયે તુમ સંગા, ઐસે હરિ કરી રયે ઉમંગા ॥૪૯॥

**દોહા :** રયે લોજમેં સાધુ સંગે, સુખસિંધુ ઘનશ્યામ ॥
ત્યાગ વૈરાગ્યકી વારતા, કરત હે આઠું જામ ॥૫૦॥

*ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે પ્રથમો વિશ્રામઃ ।*

---

**દોહા :** કિતનેક દિવસ ત્યાં રહે, સંતસંગે સુખધામ ॥
પીછે ચલે હે મહાપ્રભુ, દેખન ગામો ગામ ॥ ૧ ॥

**ચોપાઈ :**

સોરઠ દેશમેં ફિરે સુખકારી, કહું સો ગામ કે નામ વિચારી ॥
કાણક ગામ માળિયામેં આયે, જ્યાંહિ ભક્ત વસત મનભાયે ॥ ૨ ॥
કાલવાની ગામ અગત્રાઈ, જ્યાં રહત ભક્ત પરવતભાઈ ॥
કેશોદ ગામ ગામ હે મઢડા, જ્યાંહિ ભક્ત જેઠા મેર બડા ॥ ૩ ॥
ગામ માંગલુ[5] અરુ આખા ગામે, આયે હરિ નરસિંહ દ્વિજ ધામે ॥
પીપલાણા ગામે આયે સુખકંદા, જ્યાંહિ મિલે સ્વામી રામાનંદા ॥ ૪ ॥
નાવડા ગામ મેઘપુર આયે, જ્યાંમેં દ્વિજ બહુત જિમાયે[6] ॥

---

**૧.**સુખાનંદસ્વામી **૨.**આશ્રમની જગ્યામાં **૩.**આજે **૪.**બીજા સ્થાનમાં **૫.**માંગરોળ **૬.**જમાડ્યા

ત્યાંસે માનાવદ્ર આયે મહારાજા, જ્યાં હરિજનકો બહોત સમાજા ॥ ૫ ॥
મીતલી પાડોદર જ્યું પંચાળુ, સીલ માધવપુર ગયે હે દયાળુ ॥
સમેધા સુત્રેજ ગામ વનથલી, ભક્ત કલ્યાને ભક્તિ કરી ભલી ॥ ૬ ॥
જીરનગઢ[૧] આયે જગદીશા, ભવ બ્રહ્મા સબ અમરકે ઈશા ॥
તિયાં મનમેં યું ધારે મહારાજા, કરનો મંદિર શ્રીકૃષ્ણકે કાજા ॥ ૭ ॥
સત્યસંકલ્પ અસત્ય ન હોઈ, બાંધેહિ ધામ જાને સબ કોઈ ॥
એક દિન આપ ગયે કુંતિયાના, દેવડે ગયે હે શ્યામ સુજાના ॥ ૮ ॥
ભાડેર ગામમેં ભક્ત હે ભારી, ઝિંઝરી આયે આપે સુખકારી ॥
જમુનાવડ પુર હે ધોરાજી, દેખી ભક્ત ભયે મન રાજી ॥ ૯ ॥
ફનેની સાંકળી પ્રબડી ગુંદાળુ, જેતલસરમેં આયે દયાળુ ॥
જેતપુર અરુ ગાલોલ ગામા, ભક્ત હેત ત્યાં ગયે સુખધામા ॥૧૦॥
રબારિકું રાનપુર મોટે, ગોરવિયાળી ગયે લુંનાકોટે ॥
જે જેહ ગામ ગયે રયે રાતે, તે તેહ ગામ મેં કહ્યે ન જાતે ॥૧૧॥

**દોહા :** એહિ ભાતી હરિ વિચરે, ભૂમિ પર ભગવાન ॥
દઈ દરશન આપકો, કર્યો બહુકો કલ્યાન ॥૧૨॥
નાઘેર વસે વાલાકમેં, ભક્ત અતિ ભાવિક ॥
ઘનશ્યામ ફિરે ગો’લવાડમેં, સો કહું કરી વિવેક ॥૧૩॥

**ચોપાઈ :**

ઉના સિમર ભટવદર, બારપટોળી આયે શ્યામ સુંદર ॥
ગામ રાજુલા વસે હે વાવેરે, આયે ગામ ઘાણલે એહ ફેરે ॥૧૪॥
મેરિયાના ગોરડકા ગામા, ગાધડકે હોઈ ચલે સુખધામા ॥
પિઠવડીમેં પધારે પ્રભુજી, એહ ભક્તકી ભક્તિ અતિ રજી[૨] ॥૧૫॥

**૧.**જૂનાગઢ **૨.**ગમી

મવા[1] પેથલપુર તલાજા, ગયે સિંહોર રાજ અધિરાજા ॥
ભાવનગર ઉમરાળે આયે, રાજપીપળે ભક્ત મન ભાયે ॥૧૬॥
ગામ ગઢાળીમેં ભક્ત ભલેરે, પ્રભુ પધારે તિહાં બહુવેરે ॥
ગામ વનાળી ગુંદાળા ગામા, માલપુરામેં રહે ચઉ જામા[2] ॥૧૭॥
આયે આસોદર ગામ રળિયાને, રહે ગઢડે સો હે જગ જાને ॥
દેખી પવિત્ર અતિ હરિજન, રહે ત્યાં ભાવ કરી ભગવન ॥૧૮॥
કરે બહોત સમૈયા ત્યાં મેળે, ભયે ભક્ત સંત ત્યાં ભેળે ॥
દઈ દરશ સ્પરશ દયાળે, કિને સંત બહુત સુખાળે ॥૧૯॥
આપ સામર્થી વાવરી અપારા, કિયે અનંત જીવકે ઉદ્ધારા ॥
ત્યાંસે ચલી ફિરે જેહ ગામા, સુનહો સબે કહું તિનકે નામા ॥૨૦॥

**દોહા :** કહું કાઠિયાવાડ્યકે, સુંદર ગામકે નામ ॥
જ્યાં જ્યાં વિચરે જગપતિ, સુખદ સુંદર શ્યામ ॥૨૧॥

**ચોપાઈ :**

ખોપાળા લાખનકા ગામા, અડતાળા વનોઠ ગયે તે શ્યામા ॥
ઉગામેડી ગામ નિંગાળા, નીરખી નાથ જન ભયે હે નિહાળા ॥૨૨॥
પીપળિયા ઈંગોરાળામેં આઈ, તાજપર સુરકે સુખદાઈ ॥
સરવઈ ઝિંઝાવદર રયે હે, કેરિયે નસિતપુર ગયે હે ॥૨૩॥
ચાડા ગામ અલમપુર વળે,[3] પચેગામાદિ ફિરે હે સગળે[4] ॥
રોઈસાળા પાટના પાનવી, રતનપુર ગયે કહે કવિ ॥૨૪॥
ઝમરાળા ગામ કહિયે કારિયાની, તિયાં પધારે પ્રભુ સુખદાની ॥
ભક્ત ભાવિક વસે જિયાં સારે,[5] એહિ ગામ પ્રભુજીકું પ્યારે ॥૨૫॥
લાઠીદડ ગામ સમઢિયાળું, કુંડળમેં પધારે હે દયાળુ ॥

---

**૧.**મહુવા **૨.**ચાર પહોર=૧૨ કલાક **૩.**વલ્લભીપુર **૪.**બધેય **૫.**સારા; નિષ્ઠાવાળા

શે'ર બરવાળે બહુનામી, આયે સતસંગી હિત સ્વામી ॥૨૬॥
રોજિદ બેલા સાપર ગુંદા ગામે, ગામ ખાંભડા પધારે હે તામેં ॥
સારંગપુરમેં સુંદર શ્યામે, બહુત લીલા ત્યાં કરી સુખધામે ॥૨૭॥
બગડ જાલિલા સુંદરિયાના, અનિયાલી સાલાસર કરે સ્નાના ॥
ચંદ્ર મોરસિયા વાગડ બડભાગી, જિયાં પધારે હે શ્યામ સુવાગી[1] ॥૨૮॥
ભેંસજાળ્ય લુયે[2] કરી લીળા, બહુત સંત ત્યાં ભયે હે ભેળા ॥
નાથ રહે નાગડકા માંઈ, ભક્ત સુરા નીરખી હરખાઈ ॥૨૯॥
ગામ કોરડા સુદામડા સોઈ, ગામ ગાંરાભડી પાળિયાદ જોઈ ॥
કાનિયાડ બોડી રુ રેફડા, અલાઉ બોટાદમેં ભક્ત હે બડા ॥૩૦॥
નાગલપુરા ભીમડાદ ગામ, સુખપુર રહે સંત સંગે શ્યામ ॥
ગોરડકા સરતાનપુર સોઈ, કંધેવારિયે ગયે હે નિરમોઈ ॥૩૧॥
પીપરડી મોઢુંકા હાથસની, સોમનાથ ભોંયરે ગયે સુખધની ॥
કડુકા અનિયાળી કાળાસર, જસદન ગયે હે શ્યામસુંદર ॥૩૨॥
કોટડા રાયપુર ગોખલાના, વાંકિયા વાસિકે કરે હે કલ્યાના ॥
ગામ ખંભાળા ભડલી કેરાળા, ત્યાંહિ પન ગયે હે દયાળા ॥૩૩॥
રામપુર અરુ માંડવધારા, વાવડી ગયે હે પ્રાન આધારા ॥
કરિયાણા નિલવલા નડાળુ, પીપલિયે પધારે હે દયાળુ ॥૩૪॥
દેરડી ગામ સરતાનપુરમેં, રહી રાત ચલે હરિ ભોરમેં[3] ॥
એસે અવનિ અટન[4] કરીકે, દઈ દરશ તારે જન નીકે[5] ॥૩૫॥

**દોહા :** જ્યાં જ્યાં વિચરે જગપતિ, સહજાનંદ સુખખાન ॥
ત્યાં ત્યાં તારે જીવકું, દેઈકે દરશન દાન ॥૩૬॥
આપ અટન અવનિ કિયે, સુખસિંધુ ઘનશ્યામ ॥

**૧.**સુંદર **૨.**લોયામાં **૩.**સવારમાં **૪.**વિચરણ **૫.**સારી રીતે

હરિ વિચરે હાલારમેં, કહું તેહિ ગામકે નામ ॥૩૭॥

**ચોપાઈ :**

આટકોટ આયે અવિનાશી, સતાપુર ગયે સુખરાશી ॥
ગામ બંધિયા માંડવે બહુનામી, દિયે હે દરશન દાસકું સ્વામી ॥૩૮॥

ગામ સિસાંગ મોવૈયા માંઈ, આયે ગોંડળ શ્યામ સુખદાઈ ॥
ગામ ગોમટા વિરપુર ડયે, ઉમરાલી ધોલીધારમેં ગયે ॥૩૯॥

કંડોરડા દુધિવદ્ર દયાળુ, ઝાંઝમેર ગયે હે કૃપાળુ ॥
ઉપલેટા જાળિયા ગણોદે, ભાયાવદ્ર આયે મન મોદે ॥૪૦॥

મુલેલા રાજવડ સનોસરા, કાલાવડે જન જાદવ ખરા ॥
પીપલિયા વડા ખિરસરા, રાજકોટસેં ગયે હે ખોખરા ॥૪૧॥

પડાસન સરધાર સુખદાઈ, આયે હરિ ઉમરાલી માંઈ ॥
કુંદનિ ભાડલા રાજપર, ખાંભે આયે હે શ્યામસુંદર ॥૪૨॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે દ્વિતીયો વિશ્રામઃ ।***

---

**દોહા :** ધન્ય ધન્ય ભાગ્ય એ ભૂમિકો, ધન્ય ધન્ય જન મનજિત ॥
દેખી ઐસે હિ દાસકું, હરિ ફિરત હે તેહિ હિત ॥ ૧ ॥

**ચોપાઈ :**

પીઠડિયા ગામ વેરતિયે, ધુતારપુરમેં પ્રભુજી રિયે ॥
મેડી માતલી મોડામેં પધારે, જનકે મનમેં આનંદ વધારે ॥ ૨ ॥

અલૈયા શેખપાટ બાડામેં, આયે વાલમ વનથળી ગામે ॥
ઝલુકે વાસ આયે અવિનાશી, તમાચિરોન ગયે સુખરાશી ॥ ૩ ॥

જાળિયા ગામ ધ્રોળમેં મહારાજા, બાંગાવડી ગયે ભક્તકે કાજા ॥
હડિયાના ચાવડી જોડિયા, ભાદરેમેં માસ એક રિયા ॥ ૪ ॥

માધાપુરસે ગયે હે આમણે, દિયે જનકું સુખ જાત ન વરણે ॥
કોઠારિયા ભેલા પીપલિયે આયે, નિજજન મન અતિ હરખાયે ॥ ૫ ॥

મોરબી માથક વેજલકે ગિયે, ખાખરેચીસેં માલિયે રિયે ॥
કચ્છ વાગડકે ફિરે હરિ ગામા, કહું પાવર અબડાસેકે નામા ॥ ૬ ॥

તુંના માથગ અંધિયા મોઝારે, પ્રભુ પધારે હે શેહેર અંજારે ॥
ગામ ખોખરા માનું માધાપરે, નાથ પધારે હે ભુજનગરે ॥ ૭ ॥

ભુજનગરમેં રહે બહુ દન, દેઈ દરસ કિયે જન મગન ॥
ત્યાંસે ગયે માનકૂવા કોડકી, દેખી પ્રીત અતિ ત્યાં જનકી ॥ ૮ ॥

સામતરા દેસલપુર દયાળા, આપ ન જિમે જિમાયે મરાળા[૧] ॥
ગામ વથોન મજલ મગવાના, તિયાં પધારે તે આપ ભગવાના ॥ ૯ ॥

ગામ રુવા અરુ ગામ મોથાળા, જનહિત ફિરત જનપ્રતિપાળા ॥
ગામ બેટા ભાંગાકી ભલાઈ, જ્યાંહિ પધારે શ્યામ સુખદાઈ ॥૧૦॥

ધૂફિ ગામ શહેર હે તેરા, જિયાં કિયે હરિ બોહોત બસેરા[૨] ॥
કાળાતલાવ નલિયા પીપરડી, કોકડાઉમેં રયે એક ઘડી ॥૧૧॥

ગામ સાંધાણ નુધાતડ માંઈ, ગયે કોટડિયે આપ ઈચ્છાઈ ॥
ગામ રતડિયા કહું લાયેજા, તિયાં પધારે તે રાજ અધિરાજા ॥૧૨॥

ગામ ગોધરા ડોણ્યમેં દયાળા, દઈ દરશ જન કિને સુખાળા ॥
શેહેર માંડવી ગામ સેરડી, પ્રભુ પધાર્યે માને ધન્ય ઘડી ॥૧૩॥

જરફરા ગામ ગામ સમાઘોઘા, દિને જનકું ત્યાં આનંદ અમોઘા ॥
ગામ મુંદરા ગજોડ પુનડી, તિયાં ગયે હરિ કરી બાત બડી ॥૧૪॥

ગામ કેરા બંદરા બળદિયે, ત્યાં જઈ જનકું મગન કિયે ॥
રામપુર ગોડપુર ગામા, ત્યાંસે ચાંદ્રાની આયે સુખધામા ॥૧૫॥

**૧.**સંતો **૨.**વાસ; રોકાણ

કોટડા નવા ગામ દુધઈ, હરિજન હિત ફિરત હરિ મઈ ॥
ધમડકા સિકરામેં સધાવે, ભચાઉંમેં ભક્તકે મન ભાવે ॥૧૬॥
કંથકોટ ચોબારી રયેતે, મનફરે ગામ મહારાજ ગયેતે ॥
પાંકડસર હમિરપુરમેં, આયે પાયે જન આનંદ ઉરમેં ॥૧૭॥
આધુઈ સાપર આડ્યેસર જ્યું, ત્યાંહિ ગયે રહે આનંદભર જ્યું ॥
ગામ ભીમાસર નારાયણસરિ, ઝંગી ગામમેં ગયેતે હરિ ॥૧૮॥
વાંઢિયા કંટારિયા ચિતરોડે, ત્યાં હરિ ફરી દુષ્ટ માન મોડે ॥
પીપલી ગામ કિડિયા નગર, તિયાં ગયે પ્રભુ સુખસાગર ॥૧૯॥
સાંતલપુર ગામ ગોતરકે, મુઝપુર ગયે આનંદ ભરકે ॥
ઐસે અવનિમેં ફિરે અવિનાશી, સંત સુખદ શ્યામ સુખરાશી ॥૨૦॥

**દોહા :** રામપુર રાતોજમેં, પધારે તે નાથ ॥
વિજાપરડે આયકે, કિયે હે જન સનાથ ॥૨૧॥
સૌભિર દેશકે સુનિયે, સુંદર ગામકે નામ ॥
નિજજનકે હિત નાથજી, ફિરત હે શ્રીઘનશ્યામ ॥૨૨॥

**ચોપાઈ :**

હરિજન હિત આયે હળવદા, નીરખી નિજજન પાયે મન મુદા ॥
માનસરમેં આયે નિરમોઈ, આપ એકાએક સંગ નહિ કોઈ ॥૨૩॥
ઢવાન ખારવા ભદ્રેસરી, દેવચરાડી પધારે તેં હરિ ॥
ડુમાના એક ગામકે નામા, તિયાં ગયેતે શ્રીઘનશ્યામા ॥૨૪॥
ધ્રાંગધરા અંકેવાળિયા ગાળા, મેથાન આયે હે દીનદયાળા ॥
મૂળી જાયકે મનમેં યુ ધારે, ઈયાં મંદિર હોય એક સારે ॥૨૫॥
એસે મનોરથ કિયે હે મન, મેં નહિ કરેગેં સો જન ॥
લીંબલી સાયલા મેનાપર રયે, સાસકા કરમડ ચૂડે ગયે ॥૨૬॥

વઢવાન રુ મેમકા સિયાની, ભલગામમેં આયે સુખદાની ॥
પલાલિ પરનાલા નાગનેશા, કંથારિયે આયે સુરમુનિઈશા ॥૨૭॥
અડવાળ્ય બરોલ્યે બહુનામી, ગિયે લીંબડિયે સમર્થ સ્વામી ॥
ગામ સમલા લાલિયાદ બોડાના, ગામ તાવિયે રહે ભગવાના ॥૨૮॥
ગામ દેવળિયા કઠેચી કયે હે, એહિ ગામમેં મહારાજ ગયે હે ॥
કમેજલા રામગરી કહાયે, કડુકે સારિયે ચિખલે આયે ॥૨૯॥
રાજપુર મેલાસના મછિયાવે, માનકોલપ મોડાસર વીછિયાવે ॥
તિયાં પધારે તે પ્રભુજી આપે, દેઈ દરશન જન દુઃખ કાપે ॥૩૦॥
દદુકા સાપર રુ સિયાલ્યે, દિયે દરશન કાંનોતર દયાળે ॥
હડાલા સમાની સરગવાળા, તિયાં ગયે હે જનપ્રતિપાળા ॥૩૧॥
વેજલકા જાખડા બોરું દોઈ, વારના વટામન આયે હરિ સોઈ ॥
રાયેપુર કઉકા કયે હે, પિસાવાડા વઉઠામેં ગયે હે ॥૩૨॥
ધોળકા કોઠ્ય ગનેસ ધોળકે, તિયાં રહે હરિ એકાંત ખોળકે ॥
ચરોડા ગામ બાવલે બહુનામી, ત્યાંસે પીછે ચલે સમરથ સ્વામી ॥૩૩॥
ગામ વડલા ઘોડે ઘનશ્યામ, રહે ત્યાંહિ હરિજી ચઉ જામ ॥
ગામ કુંવાર્ય સાનંદે સુખકારી, મનીપુરમેં આયે હે મોરારી ॥૩૪॥
તેલતલાવ રુ કહું કાસંદરા, ફિરત કરત હરિ પાવન ધરા ॥
ગામ અરણેજ જુવારદે જગપતિ, દેખત હે નિજ ભક્તકી ભગતિ ॥૩૫॥

**દોહા :** ભાખું ગામ અબ ભાલકે, જયાં વિચરે હરિ આપ ॥
દૈ દૈ દરશન દાનકું, કિયે હે જન નિષ્પાપ ॥૩૬॥
જૈસે ભક્ત હે ભાલમેં, તૈસે નહિ હૈ ક્યાંઈ ॥
સેવા કરન હરિ સંતકી, અતિ શ્રદ્ધા મનમાંઈ ॥૩૭॥

**ચોપાઈ :**

પોલારપુર પરબડી પુન્યવંતા, જિયાં રહે રજની ભગવંતા ॥
ગામ ચોકડીમેં રાત રહેતે, સબ લોકકું દરશન દિયેતે ॥૩૮॥
સાપર સારેખ મિદાનાં ગામા, જિયાં હરિ કરેતે વિશરામા ॥
નાવડા ગામકે ભક્ત હે નકી, પ્રભુ આયે દેખી શ્રદ્ધા ઈનકી ॥૩૯॥
ગામ વાઢેલા લેકે લુનધરે, પ્રભુ પધારે હે ગામ સાંગાસરે ॥
ગામ ઓતારિયે આયે અવિનાશી, ત્યાંસે આયે ધોલેરે સુખરાશી ॥૪૦॥

***ઈતિ શ્રી નિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે તૃતીયો વિશ્રામઃ ।***

---

**દોહા :** ગામ ધોલેરે આયકે, દિયે સબકું દરશન ॥
નીરખી જન નિજનાથકું, મગન ભયે હે મન ॥૧॥

**ચોપાઈ :**

ધન્ય ધન્ય ધોલેરા ગામ, જિયાં ભક્ત રહત નિષ્કામ ॥
પંચવ્રત પર પ્રીત હે ઘની, ગ્રહી ટેક ન તજે આપની ॥૨॥
ઐસે ભક્ત દેખી ભગવંતા, ભયે હે રાજી આપે જ્યું અત્યંતા ॥
સતસંગી સબ દેખે શિરોમની, સંતકી સેવામેં શ્રદ્ધા ઘની ॥૩॥
ઐસે ભક્ત દેખી ભયે રાજી, બોલાયે ભક્ત ભાવિક પૂંજાજી ॥
સુનહો પૂંજાજી પરમ વિવેકા, આંહિ મંદિર કરિયે કહું એકા ॥૪॥
તામે બૈઠાયે સુંદર મૂરતિ, જો તમકું હોય વાત એ ગમતી ॥
તબ બોલ્યા પૂંજાભાઈ હરિજન, અંતરજામી સ્વામી ધન્યધન્ય ॥૫॥
એહ ઘાટ હૈ મેરે હૈયે, સો તમ કહે નાથ વિન કૈયે ॥
મનોરથ એ હે મેરા મનકા, કરી રાખેતે બોહોત દનકા ॥૬॥

એહ દેશમેં સંત ન ઠેરે, રહિકે રાત ચલત સવેરે ॥
જો કરો મંદિર આંહિ મહારાજા, તો રહે સબ સંતનકો સમાજા ॥ ૭ ॥
યું કહિ જોરે સબે જુગ પાનિ, તબ બોલે પ્રભુજી સુખદાનિ ॥
સુનહું સતસંગી ભક્ત હમારે, કરિહું મંદિર સુંદર સારે ॥ ૮ ॥
ઐસે કહિ મંદિર કરાવા, તામે મદનમોહન પધરાવા ॥
મદનમોહનજી બેઠાયે મંદિરમેં, કિયા એ કાજ મહારાજે અચિરમેં[1] ॥ ૯ ॥
મદનમોહન શોભત અતિઅતિ, પાસે બેઠાઈ આપકી મૂરતિ ॥
એતને કામ કરીકે મહારાજા, ચલે આપે રાજ અધિરાજા ॥૧૦॥
ગામ ગોરાસે ગયે ગિરધારી, પીને[2] ત્યાં જઈ સુંદર વારિ ॥
સોઢી આકરુ કાદિપુર ભડિયાદે, આમલી નવાગામ ભોલાદે ॥૧૧॥
કમિતાલ કોઠડિયા સર્ગવાળા, રતનપુર ફેદરા રૂપાળા ॥
ઝિંઝર ગામે ગયે ગુનવંતા, સંગે સંઘ હતે બહુ સંતા ॥૧૨॥
ગામ ખરડમેં આયે હે નાથ, બોત ઘૃતે જન જમાંયે નિજ હાથ ॥
ગામ ગાંફકે હે ભક્ત ઉદારા, ત્યાં તો પધારે પ્રભુ બહુવારા ॥૧૩॥
પછમ ગામ પીપલી કહત હે, ભલે ભક્ત તાહિમેં રહત હે ॥
કમિયાળાકી કહું ક્યા બડાઈ, વેરમવેર[3] જ્યાં આયે સુખદાઈ ॥૧૪॥
ખસતા ખડોળ રોઝકે રયેહે, જસકા ગામ ધંધુકે ગયેહે ॥
ઐસે ભાલમેં ફિરે ભગવંતા, દઈ દરશ બહુ ઉદ્ધારે જંતા ॥૧૫॥

**દોહા :** બારામે બહુ ગામ હે, કહું તાહિકે નામ ॥
જગજીવન જ્યાં જ્યાં ગયે, ભયે સો પૂરણકામ ॥૧૬॥
ચડોતરકે ચિંતવી, કહું ગનીકે ગામ ॥
સોઈ જાગ્ય સંભારિયે, જ્યાં ગયે હે સુખધામ ॥૧૭॥

**૧.**તત્કાળ **૨.**પીધું **૩.**વારંવાર

**ચોપાઈ :**

ગળિયાના વરસડે બહુવારા, ગયે દુધારિયે પ્રાન આધારા ॥
આડેવા બરોડામેં બહુનામી, આયે પુનાદસે ચાંગડે સ્વામી ॥૧૮॥
દેથલી લિંબાસી ગામ સાહેલા, તિયાં આપે ગયે અલબેલા ॥
ઈદરનજ ખાનપુરમાંઈ, ગામ ગોલાને ગયેતે સુખદાઈ ॥૧૯॥
મિતલી ગુડેલ ગોરાડ્ય ગામા, બુધેજમાં બહુ કિયે વિસરામા ॥
ગામ મોરજ્ય ઊંટવાળા ખંભાત્યે, બદલપુરમેં રયે હરિ રાત્યે ॥૨૦॥
ગામ દેવાણ ગયે અવિનાશી, બોચાસનમેં રયે સુખરાશી ॥
સેરડી ઝિલોડ બામણગામા, તિયાં પધારે તે સુખધામા ॥૨૧॥
ગામ બોરસદ અરું સુંદરના, વેરે પધારે હે અશરન શરના ॥
દેદરડા દાવોલ ગામ ગાંના, તિયાં ગયે રયે આપે ભગવાના ॥૨૨॥
વલાસન કરમસદ કૈયે, ગામ જોળ્યે સુનાવ સો લૈયે ॥
ધન્ય ધન્ય વરતાલ્યકે વાસી, જિયાં બહુત રહે સુખરાસી ॥૨૩॥
કિયે સમૈયા ઉત્સવ અનંતા, તિયાં મિલે સત્સંગી બહુ સંતા ॥
દિયે દરશ સ્પરશ દિન રાતી, કિયે સંત સુખી બહુભાતી ॥૨૪॥
પીછે કિયે ત્યાંહિ મંદિર તીના, તામેં બેઠાયે અતિ મૂરતિ નવીના ॥
બાંધે ધામ શ્યામ સુખકારી, કરહી દરશન બહુ નરનારી ॥૨૫॥
જોજો જન દરશન કરહી, સોઈ જન ભવફેરા ન ફરહી ॥
સતસંગી સંતકું આપે કૈયે, ઈયાં આવના દોઉ સમૈયે ॥૨૬॥
રામનૌમી પ્રબોધની એકાદશી, વિન તેડે ત્યાં આવના હુલસી ॥
ઐસે આગન્યા કરી હરિ આપે, માની લીની સબ જન નિષ્પાપે ॥૨૭॥
પીછે પધારે પ્રભુ જેહિ ગામા, સુનો સબે કહું તીનકે નામા ॥
ગામ સંજાયા ચાંગા રુ વળોટે, રોન્ય આખરોલ્ય ભક્ત હે મોટે ॥૨૮॥

INDEX



જેંડવેપરે પ્રભુજી પધારે, નરસંડામેં આનંદ વધારે ॥
કણઝરી બોરિયાવી જો કયે, સામરખામેં રાત હરિ રયે ॥૨૯॥

પણસોરા ઉમરેઠ ડાકોરકું, ગયે હરિ ત્યાં દેખે હે ઠાકોરકું ॥
ગામ થામના હિરંજ ચુણેલે, તિયાં ગયેતે આપે અલબેલે ॥૩૦॥

વરતાલ્યસે વારુની[1] દિશમેં, કહું ગામ હરિજન હે જિસમેં ॥
બાંધની ગામ મેળાવ્ય પીપલાવ્યે, તિયાં શ્રીહરિ બહુ વેર આવ્યે ॥૩૧॥

ગામ પાળજ આયે ત્રંબોવાડે, દેઈ દરશ હરખ પમાડે ॥
તારાપુર સોજીતરા સોઈ, રોનજ કોઠાવી દેખે હે દોઈ ॥૩૨॥

ડાલી મંગરોલ્ય મયારી પરિયજે, સંજીવાડાકા જન મન રજે[2] ॥
વસુ અલંદરે ગયેતે મહારાજા, ગયે માતરમેં નિજજન કાજા ॥૩૩॥

શે'ર ખેડા રઘવાનજ રયે, ગામ પલાના ડભાનમેં ગયે ॥
તિયાં વસત હે બહુ હરિજન, દેખી અનઘ ત્યાં કિયે હે જગન ॥૩૪॥

અતિ સામર્થી દેખાઈ ત્યાં શ્યામ, પીછે ચલે દેખન જન ગામ ॥
ગામ હાથરોલી વનસર વાસી, ગયે બિલોદરે શ્યામ સુખરાશી ॥૩૫॥

નડિયાદ પિપલગ પધારે, બામનોલીમેં આનંદ વધારે ॥
ગામ ટુંડાવ પીયજ દેગામે, દિયે જનકું દરશન શ્યામે ॥૩૬॥

**દોહા :** ઐસે હરિ ફિરી અવની, કિની ચરન અંકિત ॥
સો ધરા પર જન હે, વાકે ભાગ્ય અમિત ॥૩૭॥

**ચોપાઈ :**

ગામ અરેરે ગયે સુખસિંધુ, મેમદાવાદમેં આયે દીનબંધુ ॥
ગામ વડથલ સુંજ હે સારે, ડડુસરમેં પ્રભુજી પધારે ॥૩૮॥

કઠલાલ્યમેં આયે હે કૃપાળુ, ગયે તોરને જન પ્રતિપાળુ ॥

---

૧.પશ્ચિમ ૨.રાજી થયા

આંતરોલી ઊંટડિયે મહાદેવ, તિયાં ગયે દેવાધિદેવ ॥૩૯॥
લુવાડ્ય સલકી ઘોડાસરમેં, રહે હાથરોલી આનંદ ભરમેં ॥
કુના ગામ અરુ વાંઠવારી, તિયાં પધારે હે શ્યામ સુખકારી ॥૪૦॥
ગામ માંકવા રુ કેશારા કહાઈ, હરિપુર ગયે સંત સુખદાઈ ॥
ગામ ગામડી મઈજે મહારાજા, આયે વિસ ચોસર જન કાજા ॥૪૧॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે ચતુર્થો વિશ્રામઃ ।***

---

**દોહા :** ધન્ય ધન્ય એ ભાગ્ય ભૂમિકે, જ્યાં વિચરે જગતાત ॥
ઈનકે સમ એકે નહિ, કહું મુખસેં ક્યા બાત ॥ ૧ ॥

**ચોપાઈ :**

નેસપુર અરુ નવાગામે, શ્રીહરિ આપ પધારે હે તામેં ॥
જેતલપુરમેં જન પાવન, તિયાં કિયે પ્રભુયે જગન ॥ ૨ ॥
વિપ્ર જમાયે તિયાં બહુવિધિ, પ્રભુ પરચા જનાયે પ્રસિદ્ધિ ॥
આપ સામર્થી જનાઈ જીવન, ભક્ત ભયભંજન ભગવન ॥ ૩ ॥
ગામ અસલાલીમેં આયે હે આપે, ગામ કમોડે જન દુઃખ કાપે ॥
ગામ હાથિજન કનભા કહેજ્યું, ત્યાંહિ હરિ હેત કરી રહેજ્યું ॥ ૪ ॥
ગામ વેલાલ્યકી હે બડી બાતા, જિયાં પધારે પ્રભુ સાક્ષાતા ॥
ગામ દેગામ ગમિજમેં ગયે હે, વાસનામાંહી વાલ્યમજી રયે હે ॥ ૫ ॥
ખોખરા મેમદાવાદે મહારાજા, ત્યાં જઈ કરે કરનાતા જે કાજા ॥
અમદાવાદ આયે અવિનાશી, દુષ્ટદમન સંતન સુખરાશી ॥ ૬ ॥
નરનારાયન દેવકી મૂરતિ, કરી મંદિર બેઠાયે બદ્રિપતિ ॥
શેહેરકે બ્રાહ્મન સબકું જમાયે, કિયે સમૈયા સો કહ્યે ન જાયે ॥ ૭ ॥

જીતકે ડંકા દઈકે દયાળુ, ચલે હે નાથ જનપ્રતિપાળુ ॥
કોટેસર મોટેરે મોરારિ, ના'યે નાથ ત્યાં નિરમળ વારિ ॥૮॥

અડાળજમેં આયેતે અલબેલા, રહે રાત ત્યાં છેલ છબિલા ॥
ઉવારસદ્ય ગામ ઓલા નામે, ગયે હરિ રયે રજની એ ગામે ॥૯॥

ગામ વડુ વડસમેં વાલમ, આયે ખોરજ ગાય નેતિ નિગમ ॥
ગામ પલિયડ ટુંડાલી તામેં, નાથ આયે કરજીસન ગામે ॥૧૦॥

ગામ ડાંગરવા નારદિપુરમેં, આયે લાંગ્નોજ ઉગતે સુરમેં ॥
મેઉ ગામમેં ભક્ત ભાવસાર હે, નામ હે ભુખન મન ઉદાર હે ॥૧૧॥

ત્યાંહિ પધારે પ્રભુ કરી પ્રીતિ, દેખી એહ ભગતકી રીતિ ॥
વસઈ ગામમેં ભક્ત હે ભારી, ના'યે ડાભલે નિર્મળ વારિ ॥૧૨॥

વિસનગરકી બરનું હું બાતા, જાંહાં પધારેતે જન સુખદાતા ॥
સંત સહિત શહેરમેં પધારે, નિજજન મન મોદ વધારે ॥૧૩॥

ગામ ગુંજ્યામેં ન રયે ગોવિંદ, ગયે વડનગર સુખકંદ ॥
વડનગરમેં રયે હરિ રાતી,[1] દીયે સુખ જનકું બહુભાતી ॥૧૪॥

**દોહા :** વિચરત ઐસે વાલ્યમજી, ભૂમિ પર ભગવાન ॥
દેખત દેશ અરુ ગામકું, જન હિત જીવનપ્રાન ॥૧૫॥

**ચોપાઈ :**

ગામ ઝુલાસન ઊંઝામેં આઈ, ત્યાં હરિ સંતકી મંડળી બોલાઈ ॥
ગામ અવઠોર હે એક સારા, ત્યાંહિ પધારે તે પ્રાણ આધારા ॥૧૬॥

સિતપુર જાઈ કિયે સમૈયા, કરે ઉત્સવ સો જાત ન કૈયા ॥
કિયે ધુન જામનીકે[2] જુગ જામા,[3] પીછે પ્રભુજી પોઢે સુખધામા ॥૧૭॥

પાટનમાંહિ પરબ્રહ્મ પધારે, નિજજન મન મોદ વધારે ॥

**૧.**રાત્રી **૨.**રાત્રીના **૩.**બે પહોર = ૬ કલાક

ગામ ભકોડે ગયે ભગવાના, દિને સબકું દરશન દાના ॥૧૮॥
મેસાનામેં શ્રીમહારાજ આયે, હરિભક્તે ભાવેશું જિમાયે ॥
ગામ બામનવે આયે બહુનામી, કરે રસોઈ નિજકર સ્વામી ॥૧૯॥
ગામ ગેરિતે ગયે ગિરિધારી, દેખી ભક્તકો ભાવ અતિ ભારી ॥
ગામ ગવાડા વિહાર મેવાસા, રહે રાત આપે અવિનાશા ॥૨૦॥
વિજાપુરમેં વસે હરિજન, તિયાં ગયે હે આપે ભગવન ॥
સિદ્ધપુરમેં આયે સુજાના, ઐસે ફિરત કરત કલ્યાના ॥૨૧॥
ગામ નામ લાખરોડા સોઈ, પ્રભુ પધારે અનુડવા જોઈ ॥
પ્રાંતિપુરમેં પ્રભુજી પધારે, બહુત જીવકે કાજ સુધારે ॥૨૨॥
ગામ માનસે આયે અવિનાશી, કિયે જન સુખી સુખરાશી ॥
ગામ નાદરિમેં નાથ ગયે હે, ઘડી દોયેક ત્યાંહિ રહે હે ॥૨૩॥
ગામ ઉનાવે આયે સંતસંગે, જન જિમાયે અતિ ઉચ્છરંગે ॥
કોલવડા એક ગામકા નામા, તિયાં ગયેતે સબ સુખધામા ॥૨૪॥
ધમાસણાકા ભાગ્ય ધન્યધન્ય, જિયાં ગયેતે જગજીવન ॥
આદરેજમેં કિયે અન્નકોટે, થાપે સદગુરુ ચારુ ત્યાં મોટે ॥૨૫॥
અંબાસનમેં આયે હરિ આપે, દઈ દરશન જનદુઃખ કાપે ॥
ગામ માથાસુલ ગયે મુકુંદા, નિજજનકું દિયેહે આનંદા ॥૨૬॥
ગામ નંદાસન ગયે હે નાથા, બહુત જીવકું કિયે હે સનાથા ॥
કરુનાસિંધુ ગયે હે કુંડાલે, કડી રાજપુર દેખ્યા દયાળે ॥૨૭॥

**દોહા :** જેહિ જેહિ ગામ ગયે રયે, કયે તિનકે નામ ॥
રસ્તાકે કૈ રહી ગયે, સો ન કયે ગામ નામ ॥૨૮॥
વરતાલ્યસેં દક્ષિન દિશ, ગામ ગુનકે ધામ ॥
સો કહું સુનિયો સબે, જ્યાં ગયે હે ઘનશ્યામ ॥૨૯॥

**ચોપાઈ :**

ગામ બાકરોલ ગયે બહુનામી, સુંદર શ્યામ સંતકે સ્વામી ॥
આનંદ ગામે ગયે પ્રાનપતિ, દેખી દુષ્ટ દાઝે ઉર અતિ ॥૩૦॥

સાંકરદામેં આયે સુખકારી, રહે રાત ભક્તભયહારી ॥
શેહેર બડોદરે આયે સુખદાતા, કહું કછુંક મેં તાહિકી બાતા ॥૩૧॥

નૃપ પ્રભુ પધરાવન કાજા, આયે સામૈયે ગજ બહુ બાજા ॥
ગાજતે વાજતે ઘરું[૧] પધરાયે, કરે વિનય પરે પ્રભુકે પાયે ॥૩૨॥

કિની પૂજા ષોડશ પ્રકારા, ધૂપ દીપ કર આરતી ઉતારા ॥
કર જુગ જોડી કહત નરેશા, હમ હે તુમારે કહી નામે શીશા ॥૩૩॥

પીછે પ્રભુજી આયે હે ઉતારે, આયે દર્શને શહેર લોક સારે[૨] ॥
બડેબડેકે મોડે[૩] હે માના, અતિ સામર્થી દેખાઈ ભગવાના ॥૩૪॥

તિયાં રહે હરિ દિન તીના, પીછે ચલે પ્રભુજી પ્રવીના[૪] ॥
જ્યાં જ્યાં ગયે જગ આધારા, ત્યાં ત્યાં કિયે જીવ ભવપારા ॥૩૫॥

**દોહા :** ઐસે અટન[૫] અવનિ કરી, જગજીવન જન હેત ॥
જેહિ જન નીરખે નાથકું, સો જાય નહિ જમનિકેત[૬] ॥૩૬॥

**ચોપાઈ :**

એકલબારે આયે એક દના, હરિ ફિરિ કરે પૃથવી પાવના ॥
ગામ ડભાસે આયે દયાળુ, લતીપુર પધારે કૃપાળુ ॥૩૭॥

ગામ પાદરે આયે પરબ્રહ્મ, નેતિ નેતિ જાકું કહત નિગમ ॥
સરસવનીમેં આપે હરિ આયે, નાથ નીરખીકે જન સુખ પાયે ॥૩૮॥

ગામ સોખડે ગયે સુખદાઈ, રહે રાત એક હરિ ત્યાંઈ ॥
ગામ દોરામેં આયે હે દયાળુ, ભક્તવત્સલ ભક્તપ્રતિપાળુ ॥૩૯॥

---

**૧.**મહેલમાં **૨.**બહુ **૩.**ઉતાર્યું **૪.**હોંશિયાર **૫.**વિચરણ **૬.**જમપુરી

ગામ ટંકારિયે રયે હરિ રાતે, ત્યાંસે પ્રભુજી ચલે હે પ્રભાતે ॥
ગામ સિતપર અળદર આયે, હરિજનકે મન અતિ ભાયે ॥૪૦॥

**દોહા :** પરમારથ હેત કારને, ફિરત હે ગામોગામ ॥
દૂર નિકટ દેશ વિદેશકું, ગનત નહિ ઘનશ્યામ ॥૪૧॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે પંચમો વિશ્રામઃ ।***

---

**ચોપાઈ :**

પીછે પ્રભુજી ગયે ઝાડેસરે, ત્યાંસે નાથ નર્મદા ઉતરે ॥
માછીપુરમેં રયે હે મહારાજા, કિયે કૃપા કરી કિરકે[1] કાજા ॥ ૧ ॥
રયે ચોકીમેં રજની જામ ચારુ,[2] ત્યાંસે ઉઠકે ચલે હે સવારુ ॥
ત્યાંસે આયે ગામ કોસાલા, તાપી સરિતા ઉતરે દયાળા ॥ ૨ ॥
મસ્તુબાગમેં કિયે હે ઉતારા, આયે દરશને જન અપારા ॥
સુરત શહેરેમેં આયે સુખકારી, નીરખી નિહાલ ભયે નરનારી ॥ ૩ ॥
જે જન નીર્ખે નાથ નેનું ભરી, સોયે અનાથ નોયે પીછે ફરી ॥
જાને અજાને જોયે અવિનાશી, સો સબ ભયે હરિધામ નિવાસી ॥ ૪ ॥
એસી મૂર્તિ સુરતમેં આઈ, કરી લીળા જનમન ભાઈ ॥
ધન્ય ધન્ય એ ભગતકી ભક્તિ, જ્યાંહિ પધારે આપે પ્રાનપતિ ॥ ૫ ॥
દિવસ સપ્ત તિયાં નાથ રયે હે, ત્યાંસે પ્રભુજી પીછે ગયે હે ॥
હિરત ફિરત દેત દરશન જનકું, દેખત ગામ પુર પત્તનકું ॥ ૬ ॥

**દોહા :** ધર્મકુંવર ધર્મપુરે, જાનન[3] કિયે વિચાર ॥
એક મુમુક્ષુ જીવ હિત, તારે બહુ નરનાર ॥ ૭ ॥

---

**૧.**માછી મારનાર **૨.**ચાર પહોર **૩.**જવાનો

**ચોપાઈ :**

એક દિન હરિ આયતે ઉધને, નીરખી લાવો લિયો જન મને ॥
હાર અપાર પહેરાયે નાથકું, લાયે મિઠાઈ જમાયે સાથકું ॥૮॥
દિયે હે દરશન જનકું દયાળે, ત્યાંસે ચલે પ્રભુ પ્રાતઃકાળે ॥
ચિખલીમેં પ્રભુ રયે પો'ર ચારું, ત્યાંસે શ્યામ ચલે હે સવારું ॥૯॥
પનદ્દ ગામમેં આયે પ્રાનનાથા, નિજસેવક સંત હે જ્યું સાથા ॥
ધન્ય ધન્ય ધર્મપુર ધન, જિયાં વસત વિવેકી હરિજન[૧] ॥૧૦॥
સત્ય અસત્ય રુ સાર અસારા, તિનકું તપાસી કિયે નિરધારા ॥
બોહોત મત પંથ ભેખ દેખે, ધન ત્રિય ત્યાગી પુરુષ ન પેખે ॥૧૧॥
શોધત શોધત મિલે સાચા સંતા,[૨] જિનકું મિલે હે પ્રગટ ભગવંતા ॥
સોઈ સંતને કરી બહુ વાતા, પ્રભુ બતાયે સહજાનંદ સાક્ષાતા ॥૧૨॥
સોહિ સુનકે અંતર આંટી પારી, સો તો ન ઉખરે કિનકી ઉખારી ॥
પીછે દરશકી તરસ[૩] ભઈ ભારી, સોયે પધારે ઘેરે સુખકારી ॥૧૩॥
નીરખી નાથ ભઈ ગદગદ ગીરા, દોય નયનમેં ચલે હે નીરા ॥
પીછે બોલાયે નાથ કરી હેતા, તબ તને બાઈ હોઈ સચેતા[૪] ॥૧૪॥
લાગી પાય વિનય બહુ કીના, રાજ્ય મહારાજ મેં તુમકું આ દીના ॥
ઐસા સુનકે બોલે હરિ તૈયે, રાજ્ય હમારે સ્વપને ન ચૈયે[૫] ॥૧૫॥
તુમહિ કરો રાજ્ય તુમારા, અંતરમેં રખો પ્રભુજી પ્યારા ॥
ઐસે કહી કર્યે ત્યાં સમૈયે, ત્યાંસે વાલ્યમ વાંસદામેં ગયે ॥૧૬॥

**દોહા :** વિવિધ ભાતકી વાંસદે, હરિ કરી હે લીળા ત્યાંય ॥
દેઈ દરશન સબકું, પ્રભુ આયે ધર્મપુર માંય ॥૧૭॥

**૧.**કુશળકુંવરબાઈ **૨.**ચૈતન્યાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી **૩.**તીવ્ર ઈચ્છા **૪.**સભાન **૫.**ગમે

INDEX



**ચોપાઈ :**

એક દિન આયે અંકલેસરમેં, રયે રાત ત્યાં આનંદભરમેં ॥
શેહેર ભરોચમેં આયે ભગવાના, દિને જનકું દરશન દાના ॥૧૮॥
ગામ નામ મોવા એક સારા, ત્યાંહિ પધારે તે પ્રાન આધારા ॥
મોતા ગામ કોસમડી કહેજ્યું, જીતાલીમેં જગદીશ રહેજ્યું ॥૧૯॥
ગામ સોમોર આયે અવિનાશી, જન કારન ફિરત સુખરાશી ॥
ગામ વગોસને આયે સુખકંદા, કેલોદ ગામે રયે હે ગોવિંદા ॥૨૦॥
બુવા ગામમેં બહુ હરિજન, રહી રજની દિયે દરશન ॥
શહેર આમોદ ગામ કેરવાળા, ત્યાંહિ પધારે તે દીનદયાળા ॥૨૧॥
ગામ કારેલે રજની રયે હે, ભોજ ગામમેં ભગવાન ગયે હે ॥
ગામ ગજેરા વડું કાવખાંના, જ્યાંહિ રયેતે શ્યામ સુજાના ॥૨૨॥
ગામ ચોકારીસે ચલે દયાળુ, મહિ ઉતરે દીન પ્રતિપાળુ ॥
ગામ ગાજને પ્રભુજી પધારે, નીરખી નાથ જનમ સુધારે ॥૨૩॥
ગામ ઉમલાવ્યમેં હરિ આયે, સબ જનકે મન અતિ ભાયે ॥
ગામ રુંદાવલ્યમેં રહે જેહિ જન, નીરખી નાથ સો ભયે પાવન ॥૨૪॥
ઐસે ફિરત હે નાથ પૃથવિ, તારન જીવ કારન કહે કવિ ॥
જો જો નજરે ચડે નરનારી, સોઈ જાત નહિ જમકે દ્વારી ॥૨૫॥
ગિનત ગિનત ગિને બહુ ગામ, જ્યાંહિ પધારે હે શ્રીઘનશ્યામ ॥
કયે કેતે રહી ગયે ઘને, સબે સંભારી કેતે નહિ બને ॥૨૬॥
આસ પાસ નહિ અનુકરમેં,[1] કયે કછુક હરિ ફિરે જે ઘરમેં ॥
ભક્ત અભક્તકે ગામ સબ વરને,[2] હરિજનકું ચિંતવન કરને ॥૨૭॥
ઐસે ફિરી હરિ આયે ગઢડે, એહ ભૂમિકે ભાગ્ય હે જ્યું બડે ॥

**૧.**અનુક્રમમાં **૨.**વર્ણવ્યા

શ્રીઘનશ્યામ મૂર્તિ સુખકારી, નીરખી સુખી ભયે નરનારી ॥૨૮॥
કંઈક જીવકું દરશન દિના, કેતનેક સુની સમરન કિના ॥
પ્રભુ પ્રગટ સુની જન કાને, દેશ પ્રદેશથી આયે જન તાને ॥૨૯॥
જીવ જિજ્ઞાસુ જગતમેં જોઈ, સોતો સુનીકે રયે નહિ કોઈ ॥
જે જનકું ભનક પડી કાનું, સો સબ ધામકે વાસી મેં માનું ॥૩૦॥
આગે બહુત ભયે હે અવતારા, દૈવી જીવકા કિયા હે ઉદ્ધારા ॥
દૈવી આસુરી જીવ જો જગમેં, સો સબ ચલાયે મુક્તકે મગમેં[1] ॥૩૧॥
આપ પ્રતાપે ઉદ્ધારે જન અતિ, વાકી ગિનતે ન હોયે ગિનતિ ॥
નરનાર ઉદ્ધારે અપારા, સો શઠ ચાયે કરન નિરધારા ॥૩૨॥
દિયે હે બહુત જીવકું અભયદાના, અતિ સામર્થી વાવરી ભગવાના ॥
આપ સંબંધે અરુ મૂર્તિકે દ્વારે, સંત વાતસે બહુ જીવ તારે ॥૩૩॥
સતસંગી બાઈ ભાઈકી બાતે, તારે જીવ સો કયે ન જાતે ॥
પીછે કિયે આચાર્યજ દોઈ, તારન જીવ કારન કહું સોઈ ॥૩૪॥
એહ પંચુમેં[2] કોયેકો પ્રસંગા, જો મિલે તો મિલત સુખ અભંગા[3] ॥
ઐસે બહુવિધ કિન ઉદ્ધારા, વાકું કહત ન આવત પારા ॥૩૫॥
અનંત જીવ લિયે હરિ શરને, દિને સુખ સો જાત ન વરને ॥
દેશ વિદેશ વન ગિરિ જ્યાંઈ, તારે જીવ રહેતે જ્યું ત્યાંઈ ॥૩૬॥
પુર નગર ગામ અરુ ઘોષા,[4] તિનકું મિલી કરે જન અદોષા ॥
દેઈ દરશ સ્પરશકો દાના, બહુત જીવકો કિયો કલ્યાના ॥૩૭॥
પશુ પંખી પન્નગકું તારે, સ્થાવર જંગમ બહોત ઉદ્ધારે ॥
જો જો નજરુ આયે અસુધારી,[5] સો સો સુખ પાયે અતિ ભારી ॥૩૮॥

**૧.**માર્ગમાં **૨.**પ્રત્યક્ષ શ્રીહરિ, તેમની મૂર્તિ, સંત, સત્સંગી અને આચાર્યશ્રી–આ પાંચમાંથી **૩.**અવિનાશી-દિવ્ય **૪.**ઝૂંપડાં **૫.**પ્રાણધારી

તાકો આશ્ચર્ય માનો મત કોઈ, સબ શિર શ્યામ આયે હે સોઈ ॥
તાસે જીવકો હોય કલ્યાના, નિઃસંદેહ એહ વાત નિદાના ॥૩૯॥
**સબ કારનકો કારન જેહી, સબ અવતારકે અવતારી એહી ॥**
**સો નરતન ધરી હરિ આપે, તારે જીવ બહુ આપ પ્રતાપે ॥૪૦॥**
હરિ વિચરનકી કહી બાતી, જથારથ કહી કોયે નહિ જાતી ॥
એતની સુનકે રહો આનંદા, ઐસે કહત હે નિષ્કુલાનંદા ॥૪૧॥

**સોરઠા :** હરિવિચરનકી વાત, કહી સુની મેં દેખી દગકી ॥
જ્યું હે ત્યું સાક્ષાત, કેતે ન બને કવિ કોટિસે ॥૪૨॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે ષષ્ઠો વિશ્રામઃ ।***

---

**દોહા :** જોજો ગામ ગનીકે કયે, જ્યાં ગયે રયે ઘનશ્યામ ॥
અબ નહાયે જ્યાં નાથજી, કહું સોયે સ્થળકે નામ ॥ ૧ ॥

**ચોપાઈ :**

છપિયે ના'યે હરિ આનંદભરમેં, બગિયા ચુડિયા દોનું સરમેં ॥
મનોરમા સરજુ સરિતા, તામેં નાહિ નાથ કિન પુનિતા ॥ ૨ ॥
ઘાઘરા નદી કે ઘાટ અનુપા, તામેં ના'યે ઘનશ્યામ સુખરૂપા ॥
ટેડી રૂડી નદી જો રાવતી, તામેં નાથ ના'યે પ્રાનપતિ ॥ ૩ ॥
બડી રાવતી નદી વિસવિ, તામેં ના'યે હરિ કહત હે કવિ ॥
બાલવાકુંડ ગંડકીમેં ઘનશ્યામ, ના'યે ઓરમેં સંત સુખધામ ॥ ૪ ॥
ગંગા યમુના જ્યું નદી ગોમતી, એહ નદીમેં નહાયે પ્રાનપતિ ॥
ગંગાસાગર અરુ કપિલાશ્રમે, ના'યે નાથ તાંહિ એક સમે ॥ ૫ ॥
રામેશ્વર સિંધુકે ઘાટજું, તાહિમેં નાયે વરનિરાટજું ॥

શિવકાંચિ વિષ્ણુકાંચિમેં જાઈ, એહ નદીમેં નાયે સબે સુખદાઈ ॥ ૬ ॥
પંઢરપુરમેં નિરમળ નીરા, તામેં નહાયે શ્યામ સુધીરા ॥
ધર્મપુર નદી ના'યે સુખધામા, નઉતમ નીર નદીકે નામા ॥ ૭ ॥
પનદ્ધ ચિખલીકી નદી નિહાળે, નાથ ના'યે જન કિન સુખાળે ॥
તાપીનદીમેં ના'યે જબ નાથ, દિયે દરશન જન કિન સનાથ ॥ ૮ ॥
ચોકિમેં રહી ચતુર સુજાન, ચીની નદીમેં કિને હે સ્નાન ॥
ભરોચ શહેર ના'યે નદી રેવા,[1] વિશ્વામિત્રી ના'યે જુગ દેવા ॥ ૯ ॥
મહી નદી ના'યે સુખસિંધુ, સાબર ના'યે દીનકે બંધુ ॥
ભોગવતીમેં ના'યે ભગવાના, ભદ્રાવતીમેં કરે હે સ્નાના ॥૧૦॥
નિલકા ના'યે નદી ઉતાવળી, ઐસે નહાયે નદી નિરમળી ॥
શિયોર ના'યે બ્રહ્મકુંડમાંહિ, ત્યાંસે સરિત શિત્રોજી[2] જો નાહિ ॥૧૧॥
ગોપનાથે નીરનિધિમેં[3] ના'યે, ડાંઠા મવાકી નદી સુખદાયે ॥
ચંદ્રભગા પિપાવાવ્યકે પાસે, તામેં નહાયે નાથ હુલાસે ॥૧૨॥
ધાત્રવડી બડી નદી જન જાનો, ના'યે નાથ તામેં સબ માનો ॥
ઉને મછંદરી કે નિરમળ નીરા, તામેં ના'યે ઘનશ્યામ સુધીરા ॥૧૩॥
ગુપ્તપ્રયાગમેં ના'યે ગુનવંતા, અતિ કૃષ તન ત્યાગ અત્યંતા ॥
લોઢવે ના'યે વાપી[4] અરુ કૂપે,[5] ભયે પવિત્ર એ તીરથરૂપે ॥૧૪॥
કોડિનાલકી નદી નવીના, તામાંહિ હરિયે સ્નાન કીના ॥
પાટન ના'યે હિરણ્ય સરસ્વતિ, માલિયે મેગન ના'યે મહામતિ ॥૧૫॥
નોલિ નદી ના'ય કે અવિનાશી, શહેર માંગરોળ આયે સુખરાશી ॥
ત્યાં વાપી કૂપ સરોવર ના'યે, ત્યાંસે ચલીકે લોજમેં આયે ॥૧૬॥
તાંહિ નાયે નાથ વાવ્યકે વારિ, પીછે રહે એહ ગામમેં વિચારી ॥

**૧.**નર્મદા **૨.**શેત્રુંજી **૩.**સમુદ્રમાં **૪.**વાવમાં **૫.**કૂવામાં

સ્વામી કે સંત ત્યાં રહત સમોહા, જાકું કામ ક્રોધ નહિ મોહા ॥૧૭॥
ઐસે સંત જાનીકે શીલવંતા, તાકે ભેળે રહે ભગવંતા ॥
બોહોત દિન ત્યાં રહે રંગભીને, દેખાયે પ્રતાપ આપ નવીને ॥૧૮॥
સોતો બાત હે અતિ અનુપા, અબ કહું હરિ કરે તીરથસ્વરૂપા ॥
કાલવાની આયે કૃપાનિધાના, ત્યાંહિ નદીમેં કિને સ્નાના ॥૧૯॥
સુંદરગામ એક અગત્રાઈ, કિની[1] પવિત્ર નાથ નદી ના'ઈ ॥
રિબડી ઓજત નદી અનુપા, ના'યે પિપલાને કિને ગંગારૂપા ॥૨૦॥
પંચાળે ના'યે સાબલી સરમેં, કિયે ઉત્સવ ત્યાં આનંદભરમેં ॥
માનાવદર નદી ના'યે અનુપા, નાથજી ના'યે હે લક્ષ્મીકૂપા ॥૨૧॥
મેઘપુરકી નદી નવીના, ઉબેનમેં આપે સ્નાન કીના ॥
ભાડેર નદી નિરમળ જાની, ભદ્રાવતીમેં ના'યે સુખદાની ॥૨૨॥
બિનુ મોજ્ય નદી ઉતાવળી, દુધીવદ્ર ના'યે ફોફલ નિરમળી ॥
ફનેની સુંદર નદીકે નેડે, જેતપુર ના'યે નાથ દડેડે[2] ॥૨૩॥
જીરનગઢ જો કુંડ દામામેં, ના'યે નાથ નદી કાલવામેં ॥
ના'યે સિત્રોજી કાંકચ્ય ગામે, ના'યે કરિયાને કાલુભાર તામેં ॥૨૪॥
ગાલોલ્યે ગાલોલિયે સુખે શ્યામ, ગોંડળે ગોંડળિયે ના'યે સુખધામ ॥
બંધિયે નદીમેં કરમાલ કોટડે, છાપરવાડી ના'યે કંડોરડે ॥૨૫॥
કાલાવડ ના'યે નદી કાલાવડી, ધુતારપુર ના'યે ફુલઝર રૂડી ॥
મોડે અલિયે ના'યે રુપારેલે, ભાદરે ઊંડ્યે[3] ના'યે અલબેલે ॥૨૬॥
આજી નદી ના'યે રાજકોટે, સરધાર ના'યે સર સુંદર મોટે ॥
મછો ના'યે વાંકાનેર મોદ ભરે, આટકોટ બુટાનપુરી ભાદરે ॥૨૭॥
ગઢડે ના'યે ઘેલે ઘનશ્યામ, સતસંગી સંત સહિત સુખધામ ॥

૧.કરી ૨.ધરામાં ૩.ઊંડ નામની નદીમાં

એહ નદી સબ પર શિરોમનિ, નાહિ નાથ કિની પતિત પાવની ॥૨૮॥
બોટાદે કૂપે લોયે ભાદરમેં, સુખપુર ના'યે કેરી સાદરમેં ॥
ઝિંઝાવદર ના'યે પાડલિયે, કારિયાની સરે[1] કુંડલ ઉતાવલિયે ॥૨૯॥
કમિયાળે ના'યે નાથ તળાવે, શિયાલ્ય સરે સરે મછિયાવે ॥
દદુકે તલાવ તલાવ મેથાના, હળવદ તલાવે ના'યે ભગવાના ॥૩૦॥
ત્યાંસે પધારે વાગડ દેશા, ના'યે લખાસરી સુરમુનિઈશા ॥
કંટારિયા લાકડિયા આધોઈ, નાથ કંથકોટે સરે નિરમોઈ ॥૩૧॥
ભુજનગર ના'યે ભટકી વાડી, ગામકે કૂપ નહાતે હરિ દાડી ॥
કેરે નદી નદી ગજોડે, માંડવિયે ના'યે રતનાકર રૂડે ॥૩૨॥
ડોણ્યે તલાવ માનકૂવે ગંગાયે, તેરે ના'યે હરિ તલાવ માંયે ॥
લાલ તાલ તાલ હે કાળું, તામહિ ના'યે હે નાથ દયાળુ ॥૩૩॥
ભચાઉ કૂપ અનુપમ સારા, કૂપ વાપી સર સાગર અપારા ॥
જ્યાં જ્યાં નહાયે જગજીવન, સો સબ થયે તીરથ પાવન ॥૩૪॥
સિદ્ધપુર સરસ્વતીમેં ના'યે, ત્યાંસે વાલ્યમ ગુર્જર ઘર આયે ॥
સિંધપુર મોટેરે સાભરમતી, ના'યે જેતલપુર સરે શુભમતિ ॥૩૫॥
નાથ ના'યે તે વાત્રક શેઢી, સંતમંડળ સબ સંગ તેડી ॥
વઉઠે નાથ ના'યે ત્રિવેની, તીરથરૂપ ભઈ સુખ દેની ॥૩૬॥
વરતાલે ના'યે નાથ ગોમતી, સો કિની સબસે બડી અતિ ॥
ઐસે અનેક વાપી કૂપ સરમેં, ના'યે કૂંડ નદી સાગરમેં ॥૩૭॥
જો જો કયે મેરી જાનમેં આયે, સબ શોધી કહ્યે કોયે ન જાયે ॥
સબ નાહી કરે તીરથરૂપા, એક એકસે અધિક અનુપા ॥૩૮॥
એહ તીરથમેં જેહ જન ના'વે, સો બૌરી[2] ભવમેં નહિ આવે ॥

૧.સરોવરમાં ૨.ફરીવાર

ગંગકું સ્પરશે વામન ચરને, તાકી મોટપ્ય જાત ન વરને ॥૩૯॥
**પન જાકું સ્પરશે પુરુષોત્તમ,[૧] કોઉ ન આવત ઉનકી સમ ॥**
**એહી મરમ[૨] જાનત હે સંતા, જાકું મીલે હે પ્રગટ ભગવંતા ॥૪૦॥**

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણ ગ્રંથે સપ્તમો વિશ્રામઃ ।***

---

**દોહા :** જ્યાં જ્યાં ના'યે જગપતિ, કિને નીર પુનિત ॥
અબ કહુ સબ સુનિયો, સુંદર ઉત્સવકી રીત ॥ ૧ ॥

**ચોપાઈ :**

અબ કહું જહાં કિન સમૈયા, સોયે સુનિયો ભાવસે ભૈયા ॥
સંવત અઢાર ઓગનસાઠમેં, મહાસુદી દિન પાવન આઠમેં ॥ ૨ ॥
તા દિન ઉત્સવ કિન માંગરોલે, દેખાયે પ્રતાપ સો જાત ન બોલે ॥
સંવત અઢાર બાસઠકે વરસે, મહાવદી દિન ચઉદસે ॥ ૩ ॥
તીસ દિન સમૈયા કિના સિતપુરે, અતિ હરખ ભરી હરિ ઉરે ॥
કીની ધૂન્ય જામની[૩] જુગ[૪] જામા,[૫] પીછે સુખાલે ભયે ઘનશ્યામા ॥ ૪ ॥
સંવત અઢાર વરસ બાસઠે, હરિ હરિજન સંત મિલે એકઠે ॥
ચૈત્ર સુદિ પૂનમ દિને કહિયે, જીરનગઢમેં કિન સમૈયે ॥ ૫ ॥
સંવત અઢાર પાંસઠકે માંઈ, આસો વદી તેરશ કહાઈ ॥
તા દિન કરિયાને ઉત્સવ કિના, સબ સતસંગી સંતકું સુખ દીના ॥ ૬ ॥
સંવત અઢાર પાંસઠ શ્રાવને, તા વદી અષ્ટમી સુંદર દિને ॥
તા દિન ઉત્સવ કિન અગત્રાઈ, સબ હરિજનકું નાથ બોલાઈ ॥ ૭ ॥
સંવત અઢાર પાંસઠ પોસ માસે, ઉત્તરાયન ઉત્સવ કિન અવિનાશે ॥

---

**૧.**સર્વ અવતારોના અવતારી **૨.**સર્વોપરીપણાનું રહસ્ય **૩.**રાત્રી **૪.**બે **૫.**પહોર (૧ પહોર/જામ = ૩ કલાક)

INDEX



સપ્તદશ દિન લગી ઘનશ્યામે, વિપ્ર જમાયે જેતલપુર ગામે ॥૮॥
સંવત અઢાર છાસઠ પોસ શુદે, ડભાન જજ્ઞ કિન મન મોદે ॥
સંવત અઢાર અડસઠ ફાગનમેં, સારંગપુરમેં હુતાસની રમે ॥૯॥
કિનો ઉત્સવ કૃપાનિધાના, દિને સબકું દરશન દાના ॥
સંવત અઢાર ઓગનોતેરા,[1] ફાગુન શુદી દિન પુન્યમકેરા ॥૧૦॥
તા દિન ગઢપુર કિન હુતાસની, કહી ન જાત એસી શોભા બની ॥
સંવત અઢાર સંતે રે[2] સુખકારી, ફાગન વદી સાતમ આઈ સારી ॥૧૧॥
તા દિન લીલા કિન વરતાલે, બહુત સુખ લીના સંત મરાલે[3] ॥
સંવત અઢાર એકોતેર શ્રાવને, ગોકુલઅષ્ટમી કિની ક્રજીસને ॥૧૨॥
સંવત અઢાર એકોતેરકે ભાદે, વદી છઠ કહે કપિલા ઉલાદે ॥
તા દિન ઉત્સવ કિન ગઢડે, હરિજનકું સુખબાર ઉઘડે ॥૧૩॥
સંવત અઢાર એકોતેરે આસો માસે, વરતાલે ઉત્સવ વદ અમાસે ॥
સંવત અઢાર બોતેર ફાગુને, સુંદર સુદિ પુન્યમકે દને ॥૧૪॥
તેહિ દિન ગઢડે કિન સમૈયા, સોઈ જાત નહિ મુખસે કૈયા ॥
સંવત અઢાર ત્રોતેર મહા માસે, સુદિ પંચમી ધર્મપુરે હુલાસે ॥૧૫॥
કિન સમૈયા મુગટ ધારે, દેઈ દરશન જન કિન સુખારે ॥
સંવત અઢાર ત્રોતેર ફાગને, વરતાલ ઉત્સવ સુદિ પુન્યમ દને ॥૧૬॥
સંવત અઢાર ચુવોતેરે માગશરમેં, સુદિ એકાદશી સુંદરમેં ॥
વરતાલ ઉત્સવ કિન કૃપાળે, દિને સુખ સંતકું દયાળે ॥૧૭॥
સંવત અઢાર પંચોતેર ફાગને, સારે સુદી પૂન્યમકે દને ॥
તા દિન ગઢડે કિન સમૈયા, દઈ દરશન સંત સુખી કિયા ॥૧૮॥
સંવત અઢાર પંચોતેર પાવને, ફાગુન શુદિ પુન્યમકે દને ॥

**૧.**૧૮૬૯ **૨.**૧૮૭૦ **૩.**પરમહંસોએ

તા દિન બોટાદે લીળા બની, હરિ હરિજન ખેલે હુતાસની ॥૧૯॥
સંવત અઢાર છોતેરા વર્ષ સારા, ફાગુન સુદિ પુન્યમ દન પ્યારા ॥
તા દિન ઉત્સવ કિનો મછિયાવે, નાથ હાથ જમે જન ભાવે ॥૨૦॥
સંવત અઢાર સત્તોતેરા[૧] કૈયે, ફાગુન સુદી પુન્યમ દન લૈયે ॥
તા દિન ઉત્સવ કિન ગઢડે, જિન નીરખે તિનકે ભાગ્ય બડે ॥૨૧॥
સંવત અઢાર અઠ્યોતેર અનુપા, ફાગુન સુદિ ત્રીજ સુખરૂપા ॥
તા દિન અમદાવાદકે માંઈ, નરનારાયણ દેવ પધરાઈ ॥૨૨॥
સંવત અઢાર અગન્યાશી[૨] અતિ સારી, ફાગુન વદિ અષ્ટમી સુખકારી ॥
તા દિન સારંગપુર સમૈયા, કરે હે નાથ સો જાત ન કૈયા ॥૨૩॥
સંવત અઢાર અગન્યાસીકે આસુ, વદિ અમાસ વીતે ચોમાસુ ॥
કિન સમૈયો કારિયાની ગામે, અન્નકોટ ઉત્સવ કિનો ઘનશ્યામે ॥૨૪॥
સંવત અઢાર વરસ અગન્યાશી, મહાસુદી પંચમી દિન સુખરાશી ॥
તા દિન લીળા કિની હરિ લોયે, નીરખી નાથ મૂરતિ જન મોયે ॥૨૫॥
સંવત અઢાર અગન્યાસી અનુપા, ફાગુન સુદી પુન્યમ સુખરૂપા ॥
તા દિન ઉત્સવ કિન પંચાળે, લિયે સુખ નીરખી મરાળે ॥૨૬॥
સંવત અઢાર અગન્યાસીયા કૈયે, શ્રાવન વદી અષ્ટમી દિન લૈયે ॥
તા દિન ઉત્સવ ગઢડે કિનો, સંત હરિજનકું આનંદ દિનો ॥૨૭॥
સંવત અઢાર એંશિકે વરસે, શ્રાવન વદિ અષ્ટમી સરસે ॥
તા દિન ઉત્સવ ગઢપુર ગામે, કિને નવીને શ્રી ઘનશ્યામે ॥૨૮॥
સંવત અઢાર વરસ કહું એંશી, કારતક સુદી સુંદર એકાદશી ॥
કિને ઉત્સવ વરતાલકે માંઈ, લક્ષ્મીનારાયણકી મૂર્તિ પધરાઈ ॥૨૯॥
સંવત અઢાર વરસ એકાશી, માગશર વદી ત્રીજ સુખરાશી ॥

---

**૧.**સં.૧૮૭૭ **૨.**સં.૧૮૭૯

તા દિન સુરત કિને સમૈયે, બહુત જીવકું દરશન દિયે ॥૩૦॥
સંવત અઢાર વરસ બ્યાશીમેં, ચૈત્ર સુદી નૌમી ઉજાસીમેં[1] ॥
તા દિન ઉત્સવ કિન વરતાલે, નાથ નીરખી સુખ લીન મરાલે ॥૩૧॥
સંવત અઢાર બ્યાસીમેં બહુનામી, માઘ સુદી પંચમીકે દિન સ્વામી ॥
તા દિન સમૈયો સુંદરિયાને, રમે નાથ સંગ સંત સયાને[2] ॥૩૨॥
સંવત અઢાર બાશીકી બલહારી, તા દિન અમદાવાદ પધારી ॥
ફુલડોળકો ઉત્સવ કિનો, અતિ આનંદ નિજજનકું દિનો ॥૩૩॥
સંવત અઢાર બ્યાસી અતિ સારી, ચૈત્ર સુદી નૌમી સુખકારી ॥
તા દિન ઉત્સવ કિન વરતાલે, હરિજનકું સુખ દિને વૃષલાલે[3] ॥૩૪॥
સંવત અઢાર બ્યાસી કર ત્યારી, આયે વડોદરે શ્યામ સુખકારી ॥
કારતક વદી ત્રીજકે દને, કીનો ઉત્સવ લિનો સુખ જને ॥૩૫॥
સંવત અઢાર ચોરાશીકે વરસે, ચૈત્ર સુદી નવમી દિવસે ॥
કિનો ઉત્સવ વરતાલમેં વાલે, ધર્મધુરંધર ધર્મકે લાલે ॥૩૬॥
સંવત અઢાર વરસ ચોરાશી, વૈશાખસુદી તેરશ સુખરાશી ॥
તા દિન ઉત્સવ કિન ધોલેરે, મદનમોહન પધરાયે દેરે ॥૩૭॥
ત્યાંસે ચલીકે જુનાગઢ આયે, નૌત્તમ મૂર્તિ મંદિરમેં પધરાયે ॥
કિન સમૈયો સો કહતે ન બને, સબકું જીમાયે નાથ હાથ આપને ॥૩૮॥
ઐસે ઉત્સવ સમૈયા અનેકા, કિને અધિક એકસે એકા ॥
સો તો નાવત કિનકે કૈયે, એતને કિને ઉત્સવ સમૈયે ॥૩૯॥
આગે કયે ઘને ગામકે નામ, જ્યાં જ્યાં વિચરે શ્રી ઘનશ્યામ ॥
કયે કછૂક રહી ગયે ઘને, કાહા કિજે સબ કહેતે ન બને ॥૪૦॥
પીછે કયે નાથ ના'યે જામેં, કિને તીરથરૂપ ધરામેં ॥

**૧.**અજવાળી **૨.**સમજુ **૩.**ધર્મપુત્ર શ્રીહરિએ

સો તો કયે રહી ગયે કે'તે, કહ્યે ન જાત હરિ ના'યે હે જેતે ॥૪૧॥
તા પીછે કયે ઉત્સવ સમૈયે, કહ્યે કછુક ઘને રહી ગૈયે ॥
સબ કેને કોઈ સમરથ નાહી, યુંહી વિચાર મેં મનમાંહી ॥૪૨॥
પન હરિચરિત્રે મન લોભાયા, જથામતિ હરિકે જશ ગાયા ॥
તામેં સમ વિષમ મતિવંદો, સુની ચરિત્ર ઉરમેં આનંદો ॥૪૩॥
અમૃતવત હે હરિકે ચરિત્ર, જ્યું સુધી[1] ટેડી[2] ગંગ કરત પવિત્ર ॥
ઐસે જાનકે જાહ્નવી[3] નાહાના, શુદ્ધાશુદ્ધ વાકું જો ન જાના ॥૪૪॥
જ્યું સુરસરિતા[4] સબકું સુખરૂપા, તૈસે હરિજશ અતિશે અનુપા ॥
સો તો લગત હરિજનકું પ્યારા, કહત સુનત સો વારમવારા ॥૪૫॥
**હરિકથા વિના પળ નહિ જાવે, જાગત સુવત હરિગુન ગાવે ॥**
**ઐસે જન સો પ્રભુજીકું પ્યારા, નિષ્કુળાનંદ કહત નિરધારા ॥૪૬॥**

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતે હરિવિચરણગ્રંથે અષ્ટમો વિશ્રામઃ ।***

# હરિવિચરણં સમાપ્તમ્

**૧.**સીધી **૨.**વાંકીચૂકી **૩.**ગંગા **૪.**સ્વર્ગગંગા

# અરજીવિનય

## :: ભૂમિકા ::

આ નાનકડા ગ્રંથમાં સ.ગુ.શ્રી.નિષ્કુળાનંદસ્વામીએ વહાલાનો વિયોગ વર્ણવી જલ્દી દર્શન દેવાની વિનંતિ દોહરાવી છે. તેમાં બહુ વિનયપૂર્વક આ અરજી કરી હોવાથી ગ્રંથનું નામ પણ અન્વર્થ જ રાખ્યું છે. આ ગ્રંથમાં પૂ.સ્વામીનો શ્રીહરિ પ્રત્યેનો પ્રેમભાવ તથા દાસભાવ બહુ સરસ નીખર્યો છે.

દેશી હિન્દી ભાષામાં લખાયેલ આ ગ્રંથ વડે પ્રભુને વિનવવાનો પ્રકાર ભક્તોએ શીખવા જેવો છે. આ ગ્રંથના કુલ ૧૦૯ ચરણો છે.

***આયો તુજ શરણમેં હું નાથ, હરિ કરી હેત ગ્રહો મમ હાથ ।***
***આવ્યો હું અનાથ તુજ દરબાર, મે'ર મન આણી જોશે જો મોરાર ॥*** *(૨૫)*

આ ગ્રંથમાં કુલ ૧૦૯ કડીઓ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# અરજીવિનય

**છપય છંદ**

જય જય મંગળરૂપ અનુપ જય જગવંદ ॥
જય જગકારણ તારણ ભવભંજન[1] દુ:ખદ્વંદ્વ[2] ॥
જય જય મહારાજ અધિરાજ અકળ અજિતં ॥
જય જય કંદન કાળ[3] દયાળ નર તન નીતં[4] ॥
જય જનરંજન ભંજન ભય મંજન[5] બુદ્ધિ દેણ મુદા ॥
શ્રીસહજાનંદ આનંદકંદ વારમવાર વંદુ સદા ॥ ૧ ॥
જયજય વદત વેદ અભેદ વદન તે ચારે ॥

**૧.**સંસારથી છોડાવનારા **૨.**જન્મ-મરણ, હર્ષ-શોક વગેરે દુ:ખરૂપ દ્વંદ્વો (ટાળનારા) **૩.**કાળનો પણ નાશ કરનારા **૪.**મનુષ્યરૂપને ધારી રહેલા **૫.**પવિત્ર કરનારા

જયજય વદત શેષ મહેશ અજ સુર સારે ॥
જયજય વદત નારદ શારદ નામ તમાથા[૧] ॥
જયજય વદત મુનિશ હમેશ જોડી જુગ હાથા ॥
ઈન્દ્ર ચંદ્ર આદિ વંદત જોડી જુગલ પાણિ જહિ ॥
સિદ્ધ સાધક વંદત સદા શ્રીસહજાનંદ સુખ મહિ ॥ ૨ ॥
ધન્ય ધન્ય તુહારો રાજ અખિલ બ્રહ્માંડમેં એકા ॥
ધન્ય ધન્ય તુહારો તેજ તપ રવિ કોટ વિશેકા[૨] ॥
ધન્ય ધન્ય ધન્ય પ્રતાપ થાપ ન થાયે તુહારો ॥
ધન્ય ધન્ય તુહારો રહેશ દેશ ન રે'શે ન્યારો ॥
ધન્ય ધન્ય જગ વર્જિત[૩] રીત સબનસે નૌતમ ન્યારી ॥
ધન્ય ધન્ય ધન્ય ધર્મધર સાહેબ સાહેબી તુહારી ॥ ૩ ॥
ધન્ય તોરો દરબાર પાર પ્રજાપતિ નહિ પાવે ॥
અદલ[૪] ચૂકે[૫] એક ન્યાય[૬] તાયે નિગમ નેતિ ગાવે ॥
રંક રાહોકો[૭] રીત ન્યાયે ઉતારણ ॥
જુગ પ્રત્યે જાણ અદલ એક ધારણ ॥
ધર્મ મગ[૮] ધારણ કારણ તન[૯] સંત સમાવણ[૧૦] સંકટ સદા ॥
એહિ રીત અનાદિ રાજ્યમેં કરત નહિ અનીતિ કદા ॥ ૪ ॥

## ઇન્દ્રવિજય છંદ

સદા સુખરૂપ અનુપ એ રીતિ દ્વાર આયે કોઈ દુ:ખી ન હોહૈ ॥
જન જેહિ મનવાંછિત જે ચિત્ત ભાવત પાવત સુખહિ સોહૈ ॥

---

**૧.**તમારાં **૨.**કોટી સૂર્યથી પણ વધારે **૩.**જગતમાં જોવા ન મળે તેવી અથવા જગતના બંધનથી રહિત **૪.**હુકમ-આજ્ઞા **૫.**કોઈ લોપે ત્યારે **૬.**એક સરખો જ ન્યાય કરો છો **૭.**રાજાને **૮.**ધર્મ માર્ગ **૯.**અવતાર ધરો છો **૧૦.**નાશ કરનાર

INDEX



ફરી ન હોય કંગાલ કદી નર દુષ્ટ દારિદ્ર રહે નહિ કોહૈ ॥
હોય નિઃશંક રહે નહિ રંકહિ સુખ અખંડ પાવે નર ઓહૈ ॥ ૫ ॥

આનંદકંદ સદા શિવ ગાવત પાવત નાહિ સો પાર તુહારો ॥
શેષ રટે નિત સહસ્રફણામાંહિ જુગલ જિહ્વાએ કરે ઉચ્ચારો ॥

વિધિ વદે મુખ ચાર ઉચ્ચાર અપાર અપાર લહે નહિ પારો ॥
દેવ દનુજ મુનિજન નર બુદ્ધિએ કો કરે નિરધારો ॥ ૬ ॥

અગમ અગમ કહે જ્યૌ નિગમ અજ ન પાવત પાર જ્યૌ આપે ॥
અગમ અગમ ઈશ વખાનત અમર ઈન્દ્ર જ્યૌ અગમ થાપે ॥

ચંદ્ર અહીન્દ્ર[1] કહે નિત અગમ સૂર જું દૂર અગમ આલાપે ॥
નારદ શારદ સો કહે અગમ નિષ્કુલાનંદ તાહેકો ન માપે ॥ ૭ ॥

અપાર અપાર પુરાણ કહેજ્યું અપાર અપાર કુરાન કાવૈ ॥
અપાર અપાર કહે સિદ્ધ ચારણ અપાર અપાર ગાંધર્વ ગાવૈ ॥

અપાર અપાર કહે સબ મુનિ અપાર અપાર સંત સરાવૈ[2] ॥
અપાર અપાર કહે સબ કવિ નિષ્કુલાનંદકો પાર ન પાવૈ ॥ ૮ ॥

## છંદ મોતીદામ

અપાર અપાર અપાર ગોપાળ, અપાર અપાર અપાર દયાળ ॥
અપાર અપાર અપાર અજીત, અપાર અપાર કો પાર ન લીત[3] ॥ ૯ ॥

અપાર અપાર લીયે અવતાર, અપાર કિયે કંઈ સંત ઉદ્ધાર ॥
અપાર અપાર ચરિત્ર અપાર, અપાર જ્યું વેદ ન પાવત પાર ॥૧૦॥

અપાર અપાર અસુર સંહાર, અપાર વિષય વિઘન નિવાર[4] ॥
અપાર ધરે ધરા તન અનંત, અપાર અપાર લહે કો ન અંત ॥૧૧॥

અપાર મત્સ્ય કચ્છ કિયે ચરિત્ર, સુણી જીયે સોયે સદાયે પવિત્ર ॥

**૧.**શેષનાગ **૨.**વખાણે **૩.**લઈ શકે **૪.**વિષયોનાં વિઘ્નોનું નિવારણ કરો છો

અપાર અપાર વારાહ નૃસિંગ, અપાર અપાર રખે જનરંગ[૧] ॥૧૨॥
અપાર ઉદાર વામન અકળ, અપાર ફરશિધર[૨] બળ પ્રબળ ॥
અપાર અપાર રાયે રઘુવીર, અપાર અસુર ઘસે રણધીર ॥૧૩॥
અપાર અપાર કૃષ્ણ અવતાર, કિયે રાસક્રીડા અમિત અપાર ॥
અપાર બને બુદ્ધ બળ અનંત, જેણે જગઅઘ આણ્યો સબ અંત ॥૧૪॥
અપાર કલંક નિવારણ નાથ, કલકિયે રૂપ ઘરે સમરાથ ॥
લિયે કલિ ધર્મ સબે જબ લોપ, અપાર ધરે અવતાર અનોપ ॥૧૫॥
સોહિ જન ભંજન દુઃખ સદાય, સેવક અનેક હિ કરવા સા'ય ॥
અનેક અનેક લિયે અવતાર, એક જન હેત અપાર અપાર ॥૧૬॥
જય જગજીવન જે જગદીશ, જય જગકારણ જે જગઈશ ॥
જય સમરથ જય સુખરૂપ, જય સુખ દાસ સદા શ્યામ અનુપ ॥૧૭॥
જય જન ભંજન ભૂધર[૩] ભીડ,[૪] જય પ્રભુ પાવન ટાળન પીડ ॥
જય દીનબંધુ જો દીનદયાળ, જય પ્રાણનાથ જન પ્રતિપાળ ॥૧૮॥
જય કરુણાનિધિ પૂરણકામ, જય સંત સર્વેતણું સુખધામ ॥
જય દુઃખહરણ દેવ મુરાર, જય વરદેણ કરણ વાર[૫] ॥૧૯॥
જય દાસ તાસ[૬] નિવારણ દુઃખ, જય સદા સંતઉ પાવન સુખ ॥
જય સુખસાગર શ્યામ સુજાણ, જય પ્રેમી જનના જીવનપ્રાણ ॥૨૦॥
જય રસરૂપ રસિક જો રાય, જોતાં જનમન તન તાપ જાય ॥
જય રસરૂપ અનુપ જીવન, જોઈ મન મગન રહે નિત્ય જન ॥૨૧॥
જય રસરૂપ રેલાવર[૭] રાજ, કરે રસરૂપ નિજજન કાજ ॥
જય રસરૂપ મૂરતિ રસિક, ઠેરો[૮] રૂપ ઠાકુર હૃદયે ઠિક ॥૨૨॥
જય રસરૂપ કરો રસરેલ, આવી મુજ પાસ વસો અલબેલ ॥

**૧.**ભક્ત પ્રહ્લાદનો ઉત્સાહ કે યશ **૨.**પરશુરામ **૩.**પરમાત્મા **૪.**મુશ્કેલી **૫.**રક્ષા **૬.**ત્રાસ **૭.**આનંદ આપનાર **૮.**ઠેરાવો; સ્થિર કરો

જય રસપાન કરાવો રાજન, મહારસમાં કરો જન મગન ॥૨૩॥
અહો રસરાય પૂરો મમ આશ, અહોનિશ દરશ વિના ઉદાશ ॥
કરગરું તુજ આગે કર જોડ, હરિ રંક સાથ ન કીજિયે હોડ[૧] ॥૨૪॥
આયો તુંજ શરણમે હું અનાથ, હરિ કરી હેત ગ્રહો મમ હાથ ॥
આવ્યો હું અનાથ તુજ દરબાર, મે' ૨ મન આણી જોશે જો મોરાર ॥૨૫॥
પ્રભુ નહિ આવે ત્રછોડે[૨] હી પાર, શ્યામળિયા કરી જોશે હવે સાર[૩] ॥
છાંડે કેમ નાથ છૂટશો જો છેક, અલબેલા મુજ આધાર તું એક ॥૨૬॥
અવગુણ એક ન જોશો અમારો, તમે ગુણ નાથ ગ્રહેજો તમારો ॥
દુરબળ દાસ જોઈને દયાળ, કૃપા હવે કરી જોશે જો કૃપાળ ॥૨૭॥
પડ્યો તુંજ પલ્લે[૪] હું પ્રાણ આધાર, વિશ્વંભર હરિ કરો મુજ વા'ર ॥
કહો કોણ મુજ સરિખો કંગાલ, દેખ્યો નહિ તુંજ સરિખો દયાળ ॥૨૮॥
રાજ મુજ ઉપર ન કીજિયે રોષ, દયાળુ જો નાથ નિવારણ દોષ ॥
એવી સઈ અમતણી જો અભાગ્ય, ત્રિકમ ન કરો તમે રોષસે ત્યાગ ॥૨૯॥
રંક પર રાય ન કીજિયે રીસ, હોય સમોવડ્યશું[૫] હોડ્ય હમેશ ॥
વાદ હરિ કીજીયે જો હોય વડ્ય,[૬] તમારી હું નાથ નહિ તડોવડ્ય[૬] ॥૩૦॥
શ્યામળિયા આંટી અમારે જો સાથ, નરહરિ રાખી ન ઘટે જો નાથ ॥
અમસંગ રાજ[૭] કરો જૈયે એમ, કહો સુખ રહે શરીરે જો કેમ ॥૩૧॥
રાજ તમ વિના કરું કિંયા રાવ,[૮] માની જિયે અરજી માહેરી માવ ॥
દેખી દુઃખભંજન તું દરબાર; પીડાવંત પ્રભુ કરું હું પોકાર ॥૩૨॥

**દોહા :**

સુણો પોકાર શ્યામળા, અમ તણી અરદાસ ॥
ભવદુઃખ ભંજન[૯] ભેટતાં, દુઃખી રહે કેમ દાસ ॥૩૩॥

**૧.**હઠ **૨.**તિરસ્કાર કરી કાઢી મૂકે **૩.**રક્ષા **૪.**પાને; આધારે **૫.**બરોબરિયા સાથે **૬.**સમાન **૭.**હે મહારાજ ! **૮.**ફરિયાદ **૯.**ટાળનાર

તમે સદન છો સુખનું, મદન મૂર્તિ[૧] મહારાજ ॥
કષ્ટ સબ કંદન કરો, વદન દેખાડી વ્રજરાજ ॥૩૪॥

મનોહર સુંદર મૂરતિ, નખશિખા જોવા નાથ ॥
મન ઈચ્છે છે માહેરું, શ્યામ મળવા તમ સાથ ॥૩૫॥

સુંદર શોભા શ્યામળા, અજબ છબી અનુપ ॥
રે'જો હૃદિયા ભીતરે, રાજ તમારું રૂપ ॥૩૬॥

સંભારતાં સંકટ ટળે, ચિંતવતાં ચિત્ત લોભાય ॥
નયણે નીરખું નાથજી, ત્યારે તાપ સમાય ॥૩૭॥

ભાગે ભવદુઃખ ભેટતાં, મટે દિલની દાઝ ॥
શાંતિ વળે શરીરમાં, મુખ જોતાં મહારાજ ॥૩૮॥

મૂર્તિ તમારી માવજી, સુંદર સુખભંડાર ॥
વણ દીઠે વ્યાધિ વધે, અંતર જળે[૨] અપાર ॥૩૯॥

જ્યારે જોઉં જગપતિ, નિહાળી નિહાળી નાથ ॥
અંગોઅંગ અવલોકતાં, શ્યામ થાઉં સનાથ ॥૪૦॥

## છંદ મોતીદામ

શોભે પગતળે સદા ચિહ્ન સોળ, આવે અવલોકતાં સુખ અતોલ ॥
સ્વસ્તિ અષ્ટકોણ સોયે અતિ સાર, જવ જાંબુ જોયે હોયે જયકાર ॥૪૧॥

વજર પતાક[૩] અંકુશ વિશેખ, આપે જો આનંદ અંબુજ[૪] ઊર્ધ્વરેખ ॥
દક્ષણહિ પાવ નવે ચિહ્ન દેખ, વામ પાયે સાત શોભે જો વિશેખ ॥૪૨॥

મત્સ્ય ત્રિકોણ દિયણ[૫] મહાસુખ, દેખી ગોપદ પલાયે[૬] જો દુઃખ ॥
કળશ ધનુષ વિલોકતાં વ્યોમ, સદા સુખ આપે ચિંતવતાં સોમ[૭] ॥૪૩॥

ચિહ્ન એહ સોળ ચિંતવતાં ચિત્ત, પળે[૮] સબ પાપ થાયે જો પુનિત ॥

---
૧.કામદેવ જેવા આકર્ષક ૨.બળે ૩.ધ્વજ ૪.કમળ ૫.દેનારા ૬.ભાગે ૭.અર્ધચંદ્ર ૮.પળવારમાં

INDEX



ભજે જન અનેક ધરીને ભાવ, અધિક નીરખવા મન ઉત્સાવ ॥૪૪॥
પેખી પગ આંગળી પ્રેમ પુનિત, ચોંટે જન મન ચિંતવતાં ચિત્ત ॥
ઊર્ધ્વરેખ નખ અંગુઠે અંકિત, લલિત શોભિત ફણો જો લંકિત[1] ॥૪૫॥
દેખી દોયે ઘૂંટી દિલ સુખ દેન, પેખે પળે પાપ પાતળીસિ પેંન[2] ॥
કાંડાં પિંડી કોમળ પૂરણકામ, હેરિયે[3] ગોઠન દોયે કરી હામ ॥૪૬॥
ડાબે પગે ચિહ્ન ચિંતવતા દોય, જાયે જો જંજાળ જંઘા દોયે જોય ॥
રજે[4] રૂડું ઉદર સુંદર રૂપ, અતિ શોભે નાભિ એ ઊંડી અનુપ ॥૪૭॥
પડે વળ પેટે ત્રય પરમાણ, વિલોકિ જો ઉર કરું શું વખાણ ॥
શોભે કંઠ સુંદર કંબુ સમાન, નવ તિલ ત્યાંયે શોભે જો નિદાન ॥૪૮॥
ભજે ગજસુંઢ સરિખો જો ભુજ, તિયાં મન મોયે જોયે કોણી તુજ ॥
શોભે પોંચો પાંચ આંગળી સહિત, ચિંતવતાં નખ હરાય જો ચિત્ત ॥૪૯॥
લટકે અટકે મન નંદલાલ, નીરખી અધર થાઉં જો નિહાલ ॥
ઓપે દાંત અતિ કળી જો અનાર, અમૃત વેણ જિહ્વાએ ઉચ્ચાર ॥૫૦॥
મંદમંદ હાસે હસીને મહારાજ, દયાળુ હરો હરિ દિલની દાઝ ॥
નાસિકા નિરમળ નીરખી નેણ , દેખે દોયે ગાલ સોયે સુખદેણ ॥૫૧॥
દક્ષિણ કપોળ તિલ એક દેખ, વળી ત્રયે શીતળ શોભે વિશેખ ॥
નયણાં રસાળ વિશાળ નિહાલ, જોતાં સમ અંબુજ જાયે જંજાલ ॥૫૨॥
ભાળી જીયે ભ્રકુટિ ભ્રમર ભાલ, નળવટ[5] જોયે જો હોયે નિહાલ ॥
જમણીય કોર ચિહ્ન તિયાં જોય, હરિજન જોયે હૈયે સુખ હોય ॥૫૩॥
દેખી દગ[6] શ્રવણ સુંદર દોય, તિલ એક અવલ દેખિયે તોય[7] ॥
શિર પર કેશ સુંદર શોભિત, સોહે શ્યામવર્ણ કાંયેક સફેત ॥૫૪॥
નખશિખ શોભા કહી કેમ જાય, અપાર અપાર અપાર કે'વાય ॥

**૧.**મરોડદાર **૨.**પાની **૩.**જોઈએ **૪.**શોભે **૫.**કપાળ **૬.**નેત્ર **૭.**ત્યાં

મનોહર સુંદર મૂરતિ માવ, ભાળી મુજ ભીતર આવિયો ભાવ ॥૫૫॥
ચોટ્યું ચિત્ત ચિંતવ્યે ચંદ ચકોર, મળ્યું મન મેઘ મળે જેમ મોર ॥
જળ વિના મીન ન રહે જો જેમ, પ્રભુ તમ સાથે થયો મારે પ્રેમ ॥૫૬॥
બપૈયો ન લહે કેદી બીજું બુંદ, શ્વાંત વિના જો હોય સાત સમુદ્ર ॥
પકડિયે લકડી હાલર[૧] પાગ,[૨] તે તો તન જાયે ન થાયે જો ત્યાગ ॥૫૭॥
માનું રંગ ચડિયો ચોળ[૩] મજેઠ,[૪] નજરે ન દેખ્યો ઊતરતાં નેઠ[૫] ॥
વા'લા વળીવળી કહીએ સહી વાત, ભાળું જેમ પડી પટોળે જો ભાત ॥૫૮॥
**અંતરમાં પડી આંટી હરિ એમ, કહો હવે નાથ કરિયે કેમ ॥**
**દિનકર પ્રગટે પશ્ચિમ દિશ, મેલું કેમ તોયે હરિ ખોટે મિશ ॥૫૯॥**
સૂકે કોઈ કાળે સમુદ્ર તો સાત, વા'લા કેમ મેલાયે લીધી જો વાત ॥
હરિ તમે ગ્રહ્યો નથી એવો હાથ, નાસંતાં જે છુટાયે મારા જો નાથ ॥૬૦॥
**સુખદેણ સુંદર શ્યામ સુજાણ, પ્રભુ તમે મારા છો જીવનપ્રાણ ॥**
**બાંધી પ્રીત તુજ સાથે બળવાન, દીજે હવે દયાળુ દર્શનદાન ॥૬૧॥**
નવ રહિયે અમથી અળગા નાથ, શ્યામળિયા સદાયે રહીજે સાથ ॥
વેગળે જો રહ્યે ન વામે વરાધ,[૬] ઊપજે જો અંતર દુઃખ અગાધ ॥૬૨॥
પે'લી હરિ કરી તમે બહુ પ્રીત, અમ પર હેત કરિયું અમિત ॥
વિધવિધ વા'લા દેખાડી જો વા'લ, નેક રીતે જો કેમ નંદલાલ ॥૬૩॥
પરહરો પ્રભુ લહી કેમ પ્રાણ, શ્યામળિયા નાથ ન ઘટે સુજાણ ॥
તમ વિના બુઝે કેમ તનતાપ, અમારે જો અંતર રે'છે ઉતાપ ॥૬૪॥
દીઠા વિના દિલ દાઝે જો દયાળ, જોયા વિના જીવન ન સમે ઝાળ[૭] ॥
પળ એક જાયે જુગ પરિમાણ,[૮] તમારી એ રહે છે અમને તાણ ॥૬૫॥

**૧.**હાલર નામના પક્ષીએ **૨.**પગથી **૩.**લાલચોળ રંગ **૪.**મજેઠી નામના વનસ્પતિનો **૫.**નક્કી **૬.**પીડા **૭.**અંતરની વેદના-બળતરા **૮.**યુગ જેવડી

મનોરથ કરે મળવાને મન, ઝંખે નેણ નિત્ય જોવાને જીવન ।।
અંગોઅંગ ભેટું આવોને અલબેલ, રસિલાજી આવી કરો રસરેલ ।।૬૬।।
લાડીલાજી લેવરાવીએ જો લાડ, ચિત્ત મારું જોવા કરે બહુ ચાડ[1] ।।
નીરખું હું નયણાં ભરી જો નાથ, શ્યામળિયા થાઉં ત્યારે હું સનાથ ।।૬૭।।
ભાગે મારી ભૂધર ભેટતાં ભુખ, દેખી દૂર થાયે દયાળુ જો દુઃખ ।।
અણ દીઠે અંતર મારું ઉદાસ, પ્રભુ હવે પ્રીતે રહો મમ પાસ ।।૬૮।।
અલબેલા સુણી મારી અરદાસ, દુઃખી દીન છિન[2] દયાળુ હું દાસ ।।
આણો કેમ ઉર મારો અપરાધ, અતિ તમે ગુણગંભીર અગાધ ।।૬૯।।
જુવો જ્યારે જીવન મારું જ જોણ,[3] શોધે કેમ લાધે સારો શુભ ગુણ ।।
બહુનામી પાળો પોતાનું બિરદ, દીનબંધુ દાસ નિવારણ દરદ ।।૭૦।।
વદી મુજ કર્મતણો વા'લા વાંક, રખે રીસ કરી રોળો[4] રાય રાંક ।।
કોઈ જન ગ્રહે કેસરીની કોર,[5] જંબુક[6] ન રીસ કરી શકે તિયાં જોર ।।૭૧।।
ખીજી કોઈ અમૃત જન ખાય, જુવો ગુણ તેનો તોયે કાંયે જાય ? ।।
આવી કોયે અર્કશું માગે અંધાર, દિયે ક્યાંથી દિન[7] નથી જો દુવાર[8] ।।૭૨।।
ચંદશું મંદ કોયે અગનિ ચા'ય, થકે સબ રીત શીતળ સો થાય ।।
કરે તેમ પ્રીત તમશું જો કોય, સદા સુખનિધિ પાવે જન સોય ।।૭૩।।
કદાચિત હોયે મુજ કઠણ કર્મ, શરણે આવ્યો શ્યામ રાખિયે શર્મ ।।
ભલા વસો ભૂધર જો મારાં ભાગ્ય, જીવન નથી તો કોયે મારી જાગ્ય ।।૭૪।।
ન કરશો નાથ એવી મુજ માથ, આવ્યો તુજ શરણ હું જ અનાથ ।।
રાખિયે રાખિયે શરણે હો રાજ, લક્ષ્મીવર તુજને છે જો લાજ ।।૭૫।।
કર્યા જેમ આગે અનેકનાં કાજ, એમ હરિ અમારું કરિયે આજ ।।
પ્રહ્લાદની જેમ કરી પ્રતિપાળ, દમ્યો હિરણ્યકશિપુ હાથે દયાળ ।।૭૬।।

૧.જીદ ૨.ભાંગી પડેલ ૩.જોવાપણું ૪.દુઃખી કરો ૫.સહાય ૬.શિયાળ ૭.સૂર્ય ૮.ઘેરે

અંબરીષ શાપ નિવાર્યો જો આપ, સ્થિર કરી ધ્રુવે અવિચળ થાપ ॥
પ્રભુ સુણી ગજતણી જો પોકાર, આગે હરિ કર્યો અહલ્યા ઉદ્ધાર ॥૭૭॥
ભાવે કરી ખાયે ભીલડીનાં[1] ફળ, કિયો હરિ ઉદ્ધાર ઢીમર[2] કળ ॥
ભલીવિધે ઉદ્ધાર્યો કાગભુશંડ, અનાદિ બિરુદ જન તારે અખંડ ॥૭૮॥
દઈ લઈ લંક વિભીષણ દાત,[3] ઉદ્ધારે રીંછ ભીંછ એ અખિલાત ॥
પ્રભુ કરી પક્ષ જટાયુ પ્રસિદ્ધ, ગણિકા ઉદ્ધારે ઉદ્ધારે જો ગીધ ॥૭૯॥
દુર્બળ વિદુર સુદામો દાસ, પ્રભુ અક્રૂર ઉદ્ધવ રખે પાસ ॥
વિઠ્ઠલ વ્રજજનની કરી વા'ર, નાથ વિષ નીર અગનિ નિવાર[4] ॥૮૦॥
કર્યો જબ વાસવ[5] વ્રજપર કોપ, ગિરિ ધરી કર રાખે ગાય ગોપ ॥
વસુદેવ દેવકીની કરી વા'ર, સોયે કંસ આદ્યે અસુર સંહાર ॥૮૧॥
કર્યું હરિ કુબજ્યા નારીનું કાજ, આપ્યું તમે ઉગ્રસેનને રાજ ॥
જુદ્ધ હરિ કરી જીતે જરાસંધ, બંધ છોડે સહસ્ર એકવિશ બંધ[6] ॥૮૨॥
નરકાસુર મારી લિયે સબ નાર, આપે કિયો જય દેવનાર ઉદ્ધાર ॥
કર્યું પ્રતિપાળ જો પાંડવકુળ, પૂરે પ્રભુ પાંચાલીને પટકુળ ॥૮૩॥
રાખે ગર્ભવાસથી પરીક્ષિત રાય, સ્વામી કરે શાપથી દ્રૌપદી સહાય ॥
કર્યા જન અનેકનાં હરિ કાજ, મહા અઘવંત ઉદ્ધારે મહારાજ ॥૮૪॥
ઉદ્ધાર્યો અજામેલ કદ્રજ આપ, તમે હર્યો સ્વામી સેવકનો તાપ ॥
જુગોજુગ જનમ તારણ જન, પ્રભુ હરી પાપ કરો છો પાવન ॥૮૫॥
અવતાર લેવો કોનું એ છે કાજ, એક હરિ દેખાડો અમને આજ ॥
નહિ થાય રીત નવલી જો નાથ, હરિ કેમ મૂકો હવે ગ્રહો હાથ ॥૮૬॥
**છોરું જો કછોરું હોયે કોઈ છેક, નથી કોઈ તાત તરછોડતા નેક ॥**
**ખરો કોય હોય હરિ ખાનાંજાત,[7] ઘરનો જન જાણી ન થાય જો ઘાત ॥૮૭॥**

**૧.**શબરીના **૨.**ખારવા-ગુહરાજનો **૩.**દાન **૪.**રક્ષણ **૫.**ઈન્દ્ર **૬.**એકવીસ હજાર બંદીવાન રાજાને **૭.**પોતાના ઘરે જન્મેલો ને ઉછરેલો ગુલામ

INDEX



નિભાવિયે નાથ કરિયે નજાર,[1] હોયે હરિ મારા ગુન્હા જો હજાર ॥
સાંભળો સાંભળો શ્યામળા સુજાણ, બરકી બરકી[2] કરું બુંબરાણ ॥૮૮॥
નાથ કેમ સાંભળો નહિ નિદાન, કેશવ બેઠા કેમ બુંદિને[3] કાન ॥
એવો શિયો અમ તણો અપરાધ, અલબેલા સાંભળો નહિ આરાધ[4] ॥૮૯॥
અચંબો આવે છે અમને જો એક, તમારી તમે ન સંભાળો કાં ટેક ॥
પ્રભુ હવે કરી રહ્યો હું પોકાર, વાલમ મન આવે તો કરજો વા'ર ॥૯૦॥
રાજ દરબાર કરી જો મેં રાવ, નજરમાં આવે તો કરજો ન્યાવ[5] ॥
અમે કરી છૂટ્યા અમારો ઉપાય, શ્યામ હવે સૂઝે તો કરજો સહાય ॥૯૧॥
પોં'ચાડી પોકાર પ્રભુ તમ પાસ, અલબેલા અમતણી અરદાસ ॥
અરજી એ સુણી દયા દલ આણ, શ્યામળિયા સજ[6] થાયે જો સુજાણ ॥૯૨॥

**કવિત એકવીસો :**

ધાયે દ્રૌપદીકે કાજ, રાખીએ મા'રાજ લાજ, ॥
ગ્રહે જબ ગજરાજ, કાજ હરિ ધાયે હો ॥
ધાયે અજામેલ વા'ર, આયકે કિયો ઉદ્ધાર, ॥
પતિત ઉતારે પાર, વાર નહિ લાયે હો ॥
ગણિકા ગીધવ જાત, તારે હરિ કીરનાત, ॥
અહલ્યાકી કહું ક્યા બાત, શાપ જ્યાન સહાયે હો ॥
એસેહી મા'રાજ રાજ, અનેકકી રાખી લાજ, ॥
દુઃખી જન દેખી આજ, નાથ કેસે નાયે હો ॥૯૩॥

**છંદ : " ભુવનમંડલે " એ ઢાળ છે.**

જય જગવંદ કહે મુનિવૃંદ, જન ચકોર ચંદ સ્વે સુખકંદ; ॥
હરો દુઃખદ્વંદ્વ બાલમુકુંદ, શ્રીસહજાનંદ આપો આનંદ. ॥૯૪॥

**૧.**કૃપાદષ્ટિ **૨.**મોટા પડકારા કરીને **૩.**બંધ કરીને **૪.**વિનંતિ **૫.**ન્યાય **૬.**તૈયાર

INDEX



સુખજ કારણં ભવતારણં, જનોદ્ધારણં ભયનિવારણં; ॥
મોહમારણં કોપતારણં, શ્રીસહજાનંદ આપો આનંદ. ॥૯૫॥

**સર્વ સુખધામ સંત વિશ્રામ, કરો મમ કામ સુંદર શ્યામ;** ॥
**પૂરો હરિ હામ કૌ'કરભામ,[૧] શ્રી સહજાનંદ આપો આનંદ.** ॥૯૬॥

ભવ ભયે ભંગ શ્રીરાયે રંગ, સદા રહો સંગ તો રહે રંગ; ॥
અવલોકું અંગ આવે ઉમંગ, શ્રી સહજાનંદ આપો આનંદ. ॥૯૭॥

જો જોઉં હું મુખ તો થાયે સુખ, જાયે દિલ દુઃખ જો દેખું રુખ;[૨] ॥
ભાગે ભવભૂખ થાયે સંતોખ,[૩] શ્રી સહજાનંદ આપો આનંદ. ॥૯૮॥

સ્વામી કરો સા'ય મહા દુઃખમાંય, કરો વેળ્ય[૪] કાંય[૫] ગ્રહો હરિ બાંય; ॥
પ્રભુ લાગુ પાય શ્રીરંગરાય, શ્રી સહજાનંદ આપો આનંદ. ॥૯૯॥

સુણીજે પોકાર વારમવાર , અધમ ઉદ્ધાર બિરુદ સંભાર; ॥
નોધારાં ઉધાર કા'વો મોરાર, શ્રી સહજાનંદ આપો આનંદ. ॥૧૦૦॥

નિષ્કુળાનંદના નાથ એ સુણી ગાથ, શ્યામ રહો સાથ તો હું સનાથ; ॥
ભરીભરી બાથ મળીજે નાથ, શ્રી સહજાનંદ આપો આનંદ. ॥૧૦૧॥

**દોહા :**

દરદ મારે દરશનનું, દીઠે દુઃખ પલાય[૬] ॥
દયા કરી હરિ દીજિયે, રાજી થૈને રાય ॥૧૦૨॥

નયણા ભરી નીરખશું, મોહન જ્યારે મુખ ॥
ટળશે તનતાપ તયે, જ્યારે જોશું રુખ ॥૧૦૩॥

દિલની વાતો દિલમાં, કહિયે કેની પાસ ॥
હસી બોલ્યા વિના હરિ, અંતર છે ઉદાસ ॥૧૦૪॥

માંગુ હું મગન થઈ, દીજે શ્યામ સુજાણ ॥

**૧.**હાથ જોડીને કહું **૨.**રૂપ; આકાર **૩.**સંતોષ **૪.**મોડું **૫.**શા માટે ? **૬.**દૂર થાય

દિયો તો દરશન દિયો, લિયો તો લિજે પ્રાણ ॥૧૦૫॥

અરજી એહ અમ તણી, સુણી હરિ હરિજન ॥
દીન જાણીને મુજને, ઉભય[1] થાવો પ્રસન્ન ॥૧૦૬॥

શુદ્ધ અશુદ્ધ સમઝું નહિ, પદ પ્રબંધ છંદ ॥
તમ પર મારી તાન[2] છે, કહે નિષ્કુળાનંદ ॥૧૦૭॥

શું લખી સંભળાવિયે, નથી નાથ અજાણ ॥
અંતર બાહેર અમ તણી, સબ જાણો સુજાણ ॥૧૦૮॥

**તમે સદા સુખધામ છો, તમે સદા સુખકંદ ॥**
**તમે સદા સુખરૂપ છો, જય જય સહજાનંદ ॥૧૦૯॥**

***ઈતિ શ્રીસહજાનંદસ્વામિશિષ્ય નિષ્કુળાનંદમુનિ વિરચિત: અરજીવિનય: સંપૂર્ણ: ।***

# ***અરજીવિનય: સમાપ્ત:***

**૧.**બંને (હરિ, હરિજન) **૨.**લગની; પ્રીતિ

# કલ્યાણ નિર્ણય

## :: ભૂમિકા ::

પોતાનું આત્યંતિક કલ્યાણ કરવા ઈચ્છતા મુમુક્ષુઓ માટે આ ગ્રંથ અતિ મહત્ત્વનો છે. શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના મળેલા સંતોના આશરે આત્યંતિક કલ્યાણ સુધીની પ્રાપ્તિ પામી ચૂકેલા સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી મહાવિજ્ઞાની સંત છે. જીવનું આત્યંતિક કલ્યાણ કેવી રીતે થાય, તેના ઉપાયો અને તેના અવરોધો આ તમામ બાબતની તેમને પૂરેપૂરી અનુભૂતિ છે. તેથી જ તેમણે આ ગ્રંથમાં કલ્યાણ વિષેની સર્વાંગી છણાવટ પોતાની આગવી શૈલીમાં અદ્‌ભુત રીતે રજૂ કરી છે. મુમુક્ષુને મોક્ષ માટે જે જે બાબત જરૂરી છે તેના સ્પષ્ટ નિર્ણયો આ ગ્રંથમાં આપ્યા છે. તેથી આ ગ્રંથનું નામ **'કલ્યાણ નિર્ણય'** સાર્થક થાય છે.

મોક્ષને ઈચ્છતો એક મુમુક્ષુ તથા આત્યંતિક મોક્ષને પામી ચૂકેલા એક મુક્ત સંત તે બે પાત્રોના સંવાદરૂપે આ ગ્રંથ રચવામાં આવ્યો છે. તેમાં પ્રશ્ન-ઉત્તરસ્વરૂપે આટલા વિષયો ચર્ચાયા છે :

(૧) કલ્યાણ એટલે શું ? તે એક જ પ્રકારનું હોય છે કે તેમાં અનંતભેદ છે ? સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ મહામુક્તરૂપે રહીને તેનો જવાબ આપ્યો છે: "જીવનું જે લેવલ હોય તેનાથી કોઈપણ પ્રકારે સારું થાય તે તેનું કલ્યાણ થયું કહેવાય છે. તેમાં અસંખ્ય ભેદો છે. કોઈને ચપટી લોટ આપવાથી **'कल्याणं भवतु'** આવો આશીર્વાદ મળે તે પણ એક કલ્યાણ છે; પરંતુ ખરેખર સાચું અને સર્વશ્રેષ્ઠ કલ્યાણ તો આ જ છે :

***જેને ફરી ન પડે ફરવું રે, તેને આત્યંતિક શ્રેય કરવું રે ।***
***તેહ વિના તો કલ્યાણ કાચું રે, પામી પડવું પડે છે પાછું રે ॥*** (૨-૨૪)

જે એક વાર મળે પછી ક્યારેય ન ટળે એવું જે સર્વશ્રેષ્ઠ સુખ તે જ આત્યંતિક કલ્યાણ છે. અને એવા તો એક ભગવાન પુરુષોત્તમ જ છે. તેની સાક્ષાત્ પ્રાપ્તિ થાય તે જ આત્યંતિક મોક્ષ કહેવાય. જે નાશવંત હોય તે સાચું કલ્યાણ કહેવાય જ નહિ.

(૨) આ આત્યંતિક કલ્યાણ મળે કેવી રીતે ? તેનો ઉપાય શું ?

## કલ્યાણ નિર્ણય

*મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે કલ્યાણ રે ।*
*તેહ વિના તો કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ ન થાયે રે ॥* (૨-૧૮)

(૩) ભગવાન પ્રગટ ન હોય ત્યારે કોઈ સંત કે શાસ્ત્રને સેવીએ તો શું કલ્યાણ ન થાય ?... પ્રભુને પામી ગયેલા તથા પ્રભુની આજ્ઞા પ્રમાણે જ રહેતા હોય તેવા પ્રગટ સંતનો આશરો મળે તો મોક્ષ થાય પણ, બીજા કહેવાતા સંતથી તો ન જ થાય. તેવી રીતે પ્રગટ પ્રભુના સાક્ષાત્ વચનોરૂપી જે શાસ્ત્ર હોય તથા પ્રગટ પ્રભુએ માન્ય કરેલ જે શાસ્ત્રો હોય તે મોક્ષમાં ઉપયોગી થાય છે, બીજાં-ત્રીજાં નહિ.

(૪) ભગવાન પ્રગટ ન હોય પણ તેના કુળના જે હોય તેને સેવવાથી મોક્ષ થાય કે ન થાય ?... ભોળા ભગતની આ ભ્રમણા ભાંગવા સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી કહે છે –

*કેડ્યે રહ્યું તે કુળ કહેવાય રે, તેથી કલ્યાણ કે દી ન થાય રે.* (૮-૧૮)

પ્રભુના કુળના હોય કે ન હોય પણ મોક્ષ થાય કોના થકી ? તો –

*હોય આજ્ઞાકારી અંગ રે, કે દી ન કરે આજ્ઞાનો ભંગ રે ।*
*એવા થકી થાય કલ્યાણ રે, કહું બીજાની સાંભળ્ય સુજાણ રે ॥* (૮-૨૧)

બીજા તો મત્સ્યપ્રભુના માછલા, રામચંદ્રના સૂર્યવંશી ક્ષત્રિયો અને કૃષ્ણ ભગવાનના અનેક યાદવો હાલમાં પણ છે; તો શું, તેના થકી કોઈનું કલ્યાણ થાય ખરું ? ન જ થાય.

(૫) જેઓ ખોટા આડંબરથી જગતમાં મોટા કહેવાય છે એવા ગુરુઓ કે ધર્માચાર્યોથી પણ મોક્ષ ન થાય. કેમ જે, ભોગ-વિલાસી ગુરુઓ સ્વયં નરકને પામે છે. એવા ગુરુને જે સેવે છે તે પણ યમપુરીના જ અધિકારી બને છે.

(૬) જેને સાક્ષાત્ શ્રીહરિ મળી ગયા હોય તેને હવે કેમ જીવવું; તેની અલૌકિક રીત પૂ.સ્વામીએ નિર્ણય-૧૩મા સુંદર રીતે વર્ણવી છે.

(૭) કોઈ પ્રગટ પ્રભુની સાથે જ રહેતા હોય, પણ જો પ્રભુની આજ્ઞામાં ન રહેતા હોય ને મનસ્વીપણે વર્તતા હોય તો તેવા મનમુખીથી પણ કોઈના કલ્યાણ ન થાય.

આવા મોક્ષોપયોગી અનેક મુદ્દાઓ ઉપર સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં સૈદ્ધાંતિક નિર્ણયો આપેલા છે. આ ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન વિષેની માહિતી ઉપલબ્ધ નથી. આ ગ્રંથમાં ૧૮ નિર્ણયો (અધ્યાયો) છે. તેના સોરઠા, દોહા અને ચોપાઈ ત્રણેય મળી કુલ ૫૪૨ કડીઓ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# કલ્યાણ નિર્ણય

**સોરઠા :**

સમરતાં સુખ હોય, કોઈ વિઘન ન વ્યાપે વળી ॥
સુખદ મૂરતિ સોય, સહજાનંદ આનંદકંદ[1] ॥૧॥

સમર્થ શ્રીઘનશ્યામ, હામ[2] મદન[3] મનની હરી ॥
કર્યા જન નિષ્કામ, દામ[4] વામ[4] દોષ[4] દૂર કરી ॥૨॥

અવતારી આપે અનુપ,[5] રૂપ અનુપમ આપે ધરી ॥
સો યહ સુખદ સ્વરૂપ, સહજાનંદ જગવંદ હરિ ॥૩॥

સરવોપરી સુખધામ, શ્યામ[6] સહુના નાથ સહી ॥
પ્રભુજી પૂરણકામ, હામ કરી હરિ રહિયે હૈયે ॥૪॥

---

**૧.**આનંદનું મૂળ **૨.**હિંમત **૩.**કામદેવ **૪.**ધન-સ્ત્રીની આસક્તિ **૫.**અદ્વિતીય **૬.**ઘનશ્યામ

**દોહા :** એક વાત અનુપ છે, સાંભળજ્યો સહુ કોઈ ॥
સંશય ન રહે શ્રેયમાં,[૧] છે સમજ્યા સરખી સોઈ ॥ ૫ ॥

**ચોપાઈ :**

શુદ્ધ મુમુક્ષુ જે સુજાણ રે, પૂછ્યું થાવા પ્રથમ કલ્યાણ રે ॥
મહામુક્ત તમે શિરોમણિ રે, સુણો વિનતિ એક મુજ તણી રે ॥ ૬ ॥
સહુ સહુના મનને મતે રે, માન્યું કલ્યાણ મન ગમતે રે ॥
કોઈ કે' અમે મત્સ્ય ઉપાસી રે, કોઈ કહે કૂર્મ સુખરાશી રે ॥ ૭ ॥
કોઈ કહે વારાહના દાસ રે, કેને નૃસિંહનો વિશ્વાસ રે ॥
કોઈ વામનરૂપને ભજે રે, કેને પરશુરામરૂપ રજે[૨] રે ॥ ૮ ॥
કોઈ રામ ભરોંસે રહે છે રે, કોઈ કૃષ્ણ કૃષ્ણ કહે છે રે ॥
કોઈક બુધજીનું બળ લઈ રે, બેઠા કંઈક કલકિ કઈ રે ॥ ૯ ॥
એહ આદિ દશ અવતાર રે, એ તો સર્વે સુખના દાતાર રે ॥
તેને ભજે છે ભિન્ન ભિન્ન ભાવે રે, મને અતિ અચંબો[૩] એ આવે રે ॥૧૦॥
જે જે જનના જે ઈષ્ટદેવ રે, તે તે જન કરે તેની સેવ રે ॥
તે વિના નથી બીજું સહેવાતું રે, બોલે બીજા દેવનું ઘસાતું રે ॥૧૧॥
વળી એ વિના બીજા જે અનેક રે, ઝાલી બેઠા છે જૂજવી ટેક રે ॥
વેષ વાત ભિન્ન ભિન્ન ભાતે રે, ઉપાસના તે જૂજવી જાતે રે ॥૧૨॥
કોઈ કોઈ ભેળા નવ ભળે રે, માન્યું સત્ય પોતાનું સઘળે રે ॥
કોઈ કાન ફડાવી ફરે છે રે, કોઈ કાષાંબરને[૪] કરે છે રે ॥૧૩॥
કોઈ દંડી[૫] મુંડી[૬] ડામખાઈ[૭] રે, કોઈ મગન[૮] નીરમાં નાઈ રે ॥
કોઈ જટી[૯] કાટી ખાલ ખરી રે, કોઈ માળા તિલક રહ્યા ધરી રે ॥૧૪॥

**૧.**કલ્યાણમાં **૨.**ગમે **૩.**આશ્ચર્ય **૪.**ભગવા વસ્ત્રને **૫.**દંડધારી સંન્યાસી **૬.**માથે મુંડન રાખનારા **૭.**ગરમ વસ્તુ વડે ચામડી ઉપર કરેલા નિશાનવાળા **૮.**ખુશ **૯.**જટાવાળા

કોઈ કંથા ગોદડી કોપીન રે, વનકલ[૧] ટાટાંબર[૨] મૃગાજીન[૩] રે ॥
કોઈક થયા પંડિત પુરાણી રે, કોઈ એક બ્રહ્મ[૪] બોલે વાણી રે ॥૧૫॥

કોઈ રાજ મહારાજ મહારાણી રે, શૂન્ય[૫] સમીર[૬] પાવક[૭] પાણી રે ॥
કોઈ કર્મ ધર્મ કબીર રે, કોઈ કંથર ભરથર પીર રે ॥૧૬॥

કોઈક કપર્દીથી[૮] કલ્યાણ રે, માન્યું પરિપૂરણ પ્રમાણ રે ॥
કોઈ શેષ દિનેશ ગણેશ રે, કોઈ શશી વસી વન સુરેશ રે ॥૧૭॥

કોઈ દશા વિશામાનું ભાવે રે, સદા શ્રીરંગ અભંગ ગાવે રે ॥
એમ કલ્યાણ અનેક રીતે રે, સહુએ માન્યું છે ચોક્કસ ચિત્તે રે ॥૧૮॥

તેમાં પોતાનો દોષ ન દેખે રે, અન્યથી આપ અધિક લેખે રે ॥
સહુથી સમજે પોતાનું સરસ રે, આવે બીજાનું નજરે નરસ રે ॥૧૯॥

નથી નક્કી એક નિરધાર રે, મારે મને એ મોટો વિચાર રે ॥
વળી અવતારના જે ઉપાસી રે, તેની પણ મતિ ગઈ નાશી રે ॥૨૦॥

નોખાં નોખાં વપુને[૯] વંદે છે રે, પરસ્પરને નંદે છે રે ॥
કોઈક પૂજે છે બાળમુકુન્દ રે, કોઈક ભજે છે શ્રીવ્રજચંદ[૧૦] રે ॥૨૧॥

કોઈ કહે રુક્મિણીરાય રે, કોઈ રમાપતિ ગુણ ગાય રે ॥
એમ ભેદ પાડીને ભજે છે રે, તેહ વિના બીજાને તજે છે રે ॥૨૨॥

એમ જૂજવું જૂજવું જન રે, મનભાવતું કરે છે ભજન રે ॥
એહ વિના બીજા ઉપાસી રે, તેપણ પૂછું છું કહેજ્યો તપાસી રે ॥૨૩॥

કહું કલ્યાણ બહુ પ્રકારે રે, જુદું જુદું માન્યું છે સંસારે રે ॥
સર્વે સરખું કલ્યાણ છે એહ રે, કે કાંઈ અધિક ન્યૂન છે તેહ રે ॥૨૪॥

સહુ પામશે પૂરણ પદ રે, ત્યારે બાંધી જોઈએ નહિ હદ[૧૧] રે ॥

**૧.**ઝાડની છાલથી બનાવેલ વસ્ત્ર **૨.**કંતાનનું વસ્ત્ર **૩.**મૃગચર્મ **૪.**'એક બ્રહ્મ સત્ય છે' એવી **૫.**આકાશ **૬.**વાયુ **૭.**અગ્નિ **૮.**શંકરની ભક્તિથી **૯.**અવતારને **૧૦.**મથુરા ગયા તે પહેલાના શ્રીકૃષ્ણને **૧૧.**સીમા

જેમ આ લોકે છે ખેંચાતાણ રે, તેમ કલ્યાણમાં પણ જાણ રે ॥૨૫॥
જેમ આ લોકમાં મારું તારું રે, તેમ કરે છે મતપંથ સારું રે ॥
નથી અલૌકિકપણું એમાં રે, ગૃહી ત્યાગી ગુરુ કહ્યા તેમાં રે ॥૨૬॥
રહ્યું કાચું પોતાની કોરનું રે, પૂછ્યું નોર[1] કે કનોરનું[2] રે ॥
બૂડ્યો[3] બૂડ્યાને કેમ તારશે રે, માટે મોટો એ વાતનો સંશે[4] રે ॥૨૭॥
કહો કેને સેવ્યે કેવું સુખ પામે રે, કેને સેવ્યે કેવું દુઃખ વામે રે ॥
કેને સેવ્યે કેવું ફળ થાય રે, કેને પૂજ્યે કાળથી મૂકાય રે ॥૨૮॥
કોણ થકી જાય અક્ષરધામ રે, કોણ થકી થાય પૂર્ણકામ રે ॥
એહ સંદેહ સર્વે મટાડી રે, કે'જો વિવેકે વિગતિ પાડી રે ॥૨૯॥
જોગ્ય છોજી જથાર્થ કે'વા રે, પૂછ્યા પ્રશ્નનો ઉત્તર દેવા રે ॥
પૂછી એટલું જોડિયા પાણ[5] રે, ત્યારે બોલિયા મુક્ત સુજાણ[6] રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે પ્રથમો નિર્ણયઃ ॥૧॥***

---

**દોહાઃ** મુક્ત કહે સુણ્ય મુમુક્ષુ, સારા પૂછ્યા તેં પ્રશ્ન ॥
ઉત્તર એનો આપિયે, કાપિયે સંશય સઘન[7] ॥ ૧ ॥
કલ્યાણ છે કૈક ભાત્યનાં, તેની જૂજવી જૂજવી જાત ॥
સર્વે કલ્યાણ સરખાં નહિ, તેની સાંભળી લે હવે વાત ॥ ૨ ॥
સાચું કે'તાં સંતાપ છે, ખોટું કહ્યામાં સઈ[8] ખાટ્ય[8] ॥
બેઉ પ્રકારે બાધ છે, મને વિચારું છું તેહ માટ્ય ॥ ૩ ॥
પણ જ્યારે પૂછ્યું તેં પ્રીતશું, ત્યારે આપશું ઉત્તર અનુપ ॥
કે'શું કલ્યાણની વારતા, સાચા સાચી શુદ્ધ સ્વરૂપ ॥ ૪ ॥

---

૧.યોગ્ય રીત મુજબનું ૨.રીત બહારનું ૩.બંધાયેલો ૪.સંશય ૫.હાથ ૬.જ્ઞાની ૭.સંપૂર્ણ ૮.શું ફાયદો ?

**ચોપાઈ :**

ભેખ[૧] ભક્ત આ ભવમાં[૨] ઘણે રે, માન્યું કલ્યાણ પુણ્ય આપણે રે ॥
જે જે કરે છે જગમાં જન રે, વ્રત દાને માને શ્રેય મન રે ॥ ૫ ॥

કેને ચપટી ચૂર્ણ[૩] દેવાય રે, તેને પણ કલ્યાણ કે'વાય રે ॥
કેને પોષ[૪] ભરી પાય પાણી રે, તે પણ કલ્યાણ થવાનું જાણી રે ॥ ૬ ॥

કોઈ ભૂખ્યાને આપે ભોજન રે, તે પણ કલ્યાણ માનીને મન રે ॥
કોઈ વસન ભૂષણ આપે ગર્થ[૫] રે, તે પણ કલ્યાણ થાવાને અર્થ રે ॥ ૭ ॥

સોનું રૂપું આપે ત્રાંબા દાન રે, તે પણ કલ્યાણ કાજે નિદાન રે ॥
ગાય મહિષી[૬] ને ગજ[૭] બાજ[૮] રે, ધામ ધરાદિ કલ્યાણ કાજ રે ॥ ૮ ॥

કાશીએ જઈ લિયે કરવત[૯] રે, તે પણ કલ્યાણ થાવા તરત રે ॥
હિમાળે જઈ હાડને ગાળે રે, ગડે[૧૦] પૃથ્વીએ પિંડ પ્રજાળે[૧૧] રે ॥ ૯ ॥

કમળપૂજા[૧૨] ભૈરવ જપ[૧૩] ખાય રે, તે પણ કલ્યાણ સારુ કે'વાય રે ॥
કોઈ કરે તીર્થ વ્રત સ્નાન રે, કોઈ આપે છે સર્વસ્વ દાન રે ॥૧૦॥

કોઈ ધર્મ નીમ ટેક ધારે રે, જ્યારે કલ્યાણ કરવા વિચારે રે ॥
કોઈ કઠણ તપ કરે છે રે, થઈ ઉદાસી વન ફરે છે રે ॥૧૧॥

ફળ દળ કરે જળ આહાર રે, કરવા કલ્યાણનો નિરધાર રે ॥
એહ વિના ઉપાય હજારું રે, કરે છે સહુ કલ્યાણ સારુ રે ॥૧૨॥

પણ જેનો જેવો પરિશ્રમ રે, પામે કલ્યાણ માનો એ મર્મ રે ॥
કોઈ પામે અન્ન ધન ધામ રે, કોઈ પામે ગરાસ ને ગામ રે ॥૧૩॥

કોઈ પામે રાજ્ય સાજ સુખ રે, સુત કલત્ર[૧૪] નહિ દેહે દુઃખ રે ॥
એ પણ કલ્યાણ એક કે'વાય રે, સુખ માની રહ્યાં છે એમાંય રે ॥૧૪॥

**૧.**ત્યાગી બાવા **૨.**સંસારમાં **૩.**લોટ **૪.**ખોબો **૫.**ધન **૬.**ભેંસ **૭.**હાથી **૮.**ઘોડા **૯.**માથું કપાવે **૧૦.**દટાય **૧૧.**નાશ કરે **૧૨.**માથું કાપી દેવને ચડાવવું **૧૩.**પર્વત પરથી પડવું **૧૪.**સ્ત્રી

કોઈ પામે અમરાવતી[1] રે, તે પણ પૂર્ણ માને છે પ્રાપતી રે ॥
શિવ બ્રહ્માની પુરીને પામી રે, માન્યું પામ્યા પૂરણ ભાંગી ખામી રે ॥૧૫॥
એહ વિના બીજા બહુ લોક રે, પામી સમાવી બેઠા છે શોક રે ॥
પણ આત્યંતિક જે કલ્યાણ રે, તેની રીત ભાત જુદી જાણ રે ॥૧૬॥
તે તો હરિ હરિજનથી થાય રે, સાચું કલ્યાણ જેને કે'વાય રે ॥
સમજી લેજે તું એટલું સાર રે, નથી બીજો નિશ્ચે નિરધાર રે ॥૧૭॥
**મળે પ્રભુ પ્રગટ પ્રમાણ રે, કાં તો તેના મળેલે[2] કલ્યાણ રે ॥**
**તેહ વિના તો કોટિ ઉપાયે રે, આત્યંતિક કલ્યાણ ન થાયે રે ॥૧૮॥**
જેમ રવિ વિનાની રાત રે, ન જાય ન થાય પ્રભાત રે ॥
તેમ પ્રગટ પ્રભુ મળ્યા પખી[3] રે, નોય કલ્યાણ લેવું એ લખી રે ॥૧૯॥
તેહ વિના જો થાય કલ્યાણ રે, પડે જૂઠાં તો સર્વે પુરાણ રે ॥
ભવે ભેખ ભગત છે બહુ રે, સાવધાન થઈ મંડ્યા સહું રે ॥૨૦॥
મત[4] પોતાને પુષ્ટિને અરથ રે, નવા નવા નિપજાવ્યા ગ્રંથ રે ॥
સર્વે પોતાનું કર્યું છે સાચું રે, કેણે રાખ્યું નથી વળી કાચું રે ॥૨૧॥
પણ કલ્યાણ પ્રભુની પાસ રે, તેહ વિના વલોવે છે છાસ રે ॥
એ છે સર્વે શાસ્ત્રનો મત રે, તે તો ન થાય કે દી અસત રે ॥૨૨॥
એમ સંત શાણા કહે છે રે, શ્રેય પ્રગટ પાસળે રહે છે રે ॥
એમ સર્વેનું છે સિદ્ધાંત રે, મો'રે મોટા ભાંગી ગયા ભ્રાંત રે ॥૨૩॥
**જેને ફરી ન પડે ફરવું રે, તેને આત્યંતિક શ્રેય કરવું રે ॥**
**તેહ વિના તો કલ્યાણ કાચું રે, પામી પડવું પડે છે પાછું રે ॥૨૪॥**
કૈક આ લોક સુખથી પડ્યા રે, કૈક પડ્યા સ્વર્ગ લોકે ચડ્યા રે ॥
કૈક હરપુરીથી[5] હણાણા રે, કૈક ચંદ્રલોકથી પછડાણા રે ॥૨૫॥

**૧.**સ્વર્ગ **૨.**પ્રભુને પામેલા વડે **૩.**વિના **૪.**સિદ્ધાંત **૫.**કૈલાસથી

કિયાં રહ્યું થયું એ કલ્યાણ રે, ભાગ્યું વચ્ચે વારિધિયે[૧] વા'ણ રે ॥
એ કલ્યાણ કામ ન આવે રે, જેને કાળ માયા મળી ચાવે[૨] રે ॥૨૬॥

જેને માથે છે મોટાં વિઘન રે, એવું કલ્યાણ મ માનો મન રે ॥
તન મનમાં વાત તોળીને[૩] રે, કરવું કલ્યાણ ખરું ખોળીને રે ॥૨૭॥

ભેખ લીધે ભલાઈ મ ભાળો રે, એહ ભૂલ્ય ભીંતરથી ટાળો રે ॥
મત મમતે રહ્યાં જે બંધાઈ રે, તેમાં કલ્યાણ ન મળે કાંઈ રે ॥૨૮॥

પરઘર[૪] મારી[૪] પેટ ભરે રે, પરસુત વિત્ત દારા હરે રે ॥
એમાં કે દિ' મ માનો કલ્યાણ રે, જેમાં ખરી ખુવારી[૫] છે જાણ રે ॥૨૯॥

કહ્યું તમે જે પૂછ્યું'તું તેહ રે, એહ વાતમાં નથી સંદેહ રે ॥
સાચું માની લેજ્યે સાક્ષાત રે, કહી કલ્યાણની તને વાત રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે દ્વિતીયો નિર્ણયઃ ॥૨॥***

---

**દોહા :** મુમુક્ષુ કહે મુક્ત સાંભળો, તમે કહી કલ્યાણની રીત ॥
પ્રગટ વિના છે પાંપળાં,[૬] ખરાખરું કહ્યું ખચિત[૭] ॥ ૧ ॥

પ્રગટ પ્રભુ ન હોય પૃથ્વીએ, કોઈ કરવા ઈચ્છે કલ્યાણ ॥
કહું તેને કેમ કરવું, એહ પૂછું છું જોડી પાણ ॥ ૨ ॥

હોય અવતારનો આશરો, ભાવે કરતો હોય ભજન ॥
કલ્યાણ કરવા કારણે, ઝાઝી કરતો હોય જતન[૮] ॥ ૩ ॥

વળી સેવતો હોય સંતને, સાંભળતો હોય પુરાણ ॥
તેણે કરીને તેહનું, કેમ ન હોય કલ્યાણ ॥ ૪ ॥

**૧.**સમુદ્રમાં **૨.**નાશ કરે **૩.**તપાસીને **૪.**બીજાને છેતરી **૫.**નુકશાની **૬.**ફાંફાં; વ્યર્થ પ્રયત્નો **૭.**નક્કી **૮.**ખેવના; મહેનત

**ચોપાઈ :**

સંત શાસ્ત્ર છે કલ્યાણકારી રે, સહુ કહે છે એમ વિચારી રે ॥
સાધુ સરવે નાના મોટા રે, ગ્રંથ પણ ખરા નથી ખોટા રે ॥ ૫ ॥
શાસ્ત્ર શાસ્ત્ર સરખાં છે સહુ રે, સંત સંત છે સરખાં કહું રે ॥
સંત સહુ માળાના મણકા રે, એમાં કોણ ઓછા ને અધિકા રે ॥ ૬ ॥
બાનું[૧] જોઈ નમાવિયે શીશ રે, જોઈએ નહિ કરણી[૨] એની લેશ રે ॥
એમ સાચે મને સંતને સેવે રે, તે તો મોટા સુખને લેવે[૩] રે ॥ ૭ ॥
શાસ્ત્ર શ્રદ્ધાયે કરી સાંભળે રે, તેના સર્વે સંકટ ટળે રે ॥
સંત શાસ્ત્રથી કૈક સુધર્યા રે, ભણ્યા[૪] સહુ કહે છે ભવ તર્યા રે ॥ ૮ ॥
એવું સાંભળીને સંશય ટળ્યો રે, જાણું મોક્ષનો મારગ મળ્યો રે ॥
સંત સેવીને કૈક સુખ પામ્યા રે, શાસ્ત્ર સુણી કૈક દુઃખ વામ્યા રે ॥ ૯ ॥
સંતે કૈક અધમ ઉદ્ધાર્યા રે, પામર પતિતને પણ તાર્યા રે ॥
સંતે ઉદ્ધારિયો અજામેલ રે, મહા સમલનો[૫] હતો જે શૈલ[૬] રે ॥૧૦॥
સજના હસના હતા કસાઈ[૭] રે, તેને સંત મળ્યા સુખદાઈ રે ॥
મહાપાપથી તેને મુકાવ્યા રે, આ જક્તમાં ભક્ત તે કા'વ્યા[૮] રે ॥૧૧॥
ખગ[૯] મૃગ ને ખેવટ[૧૦] જાત રે, કર્યા સંતે સુખી સાક્ષાત રે ॥
ગજ ગીધ ગનિકા ગણિયે રે, સંતે ભવ તાર્યા તે ભણિયે રે ॥૧૨॥
શ્રુતદેવ સુદામો વિદુર રે, સુખી સંતથી થયા જરૂર રે ॥
દક્ષપુત્ર જે દશ હજાર રે, એકવારે થયા ભવપાર રે ॥૧૩॥
વળી હજાર મૂકીને હાલ્યા રે, ચોરાશી માર્ગમાં ન ચાલ્યા રે ॥
નવ જોગી જનક જે'દેવ રે, સંતે સુખી કર્યા તતખેવ રે ॥૧૪॥

**૧.**કાંઈક નિમિત્ત-ભગવા વસ્ત્ર વગેરે **૨.**આચાર-વર્તન **૩.**પામે **૪.**ભણેલા **૫.**પાપનો **૬.**પર્વત **૭.**પશુઘાતકી; ક્રૂર **૮.**કહેવાયા **૯.**પક્ષી **૧૦.**ગુહરાજા

સહસ્ર અઠ્યાસી ઋષિ કહેવાય રે, તે પણ સંતનો મહિમા ગાય રે ॥
સંત સેવે ભોળે ભાવે કરી રે, જાય સંસારસિંધુ તો તરી રે ॥૧૫॥
સંત નાવ જેવા નિરધાર રે, એથી પામ્યા કઈ ભવપાર રે ॥
કૈક ઋષિ તપસી રાજન રે, પામ્યા સંતથી સુખસદન[૧] રે ॥૧૬॥
ધ્રુવ પ્રહલાદ સુખી થયા આપે રે, તે પણ કે'છે સંત પ્રતાપે રે ॥
રાય[૨] રુક્માંગદ અંબરીષ રે, એહ જેવા બીજા જે નરેશ રે ॥૧૭॥
શિબિ સુધનવા સત્યવાદી રે, રહુગણ રંતિદેવ આદિ રે ॥
દ્વિજ ક્ષત્રી વૈશ્ય વળી શુદ્ર રે, પામ્યા સંતથી સુખસમુદ્ર રે ॥૧૮॥
સંત સહુના છે સુખદાઈ રે, એમ કહે છે સહુ જુગ માંઈ રે ॥
એથી પામ્યા બહુ સુખધામ રે, પડ્યું નહિ પ્રભુ પ્રગટનું કામ રે ॥૧૯॥
કર્યો ઉદ્યમ અફળ ન જાય રે, નથી પ્રગટનું કામ કાંય રે ॥
જોઈએ ભક્તની ભલી ભગતિ રે, પ્રભુ[૩] ન હોય તોય થાય ગતિ[૪] રે ॥૨૦॥
અમને તો સમજાય છે એવું રે, નથી સાચા વિશ્વાસ જેવું રે ॥
સેવે સંત રાખી મન સાચું રે, તો કલ્યાણનું ન રહે કાચું રે ॥૨૧॥
વળી શાસ્ત્રને કોઈ સાંભળે રે, તેની ભૂલ્ય કહો કેમ ન ટળે રે ॥
શાસ્ત્ર સર્વે રહ્યાં ધર્મધારી રે, શાસ્ત્ર પ્રમાણે રહે નરનારી રે ॥૨૨॥
શાસ્ત્રે કરી છે વર્ણ આશ્રમ રે, શાસ્ત્રે કરી છે ધર્મ અધર્મ રે ॥
શાસ્ત્રે કરી છે સર્વે વે'વાર રે, શાસ્ત્ર જણાવે સાર અસાર રે ॥૨૩॥
શાસ્ત્રમાંયે કહ્યું છે કલ્યાણ રે, તે પણ વાત નથી અપ્રમાણ રે ॥
શાસ્ત્ર સુણવે ન હોય કલ્યાણ રે, એવી સાંભળી નૈ વળી વાણ[૫] રે ॥૨૪॥
સતશાસ્ત્ર સહુનાં સુખદાઈ રે, એમાં ફેર નથી કહું કાંઈ રે ॥
સતશાસ્ત્રથી શ્રેય ન થાય રે, એવું અમે મુખે ન કે'વાય રે ॥૨૫॥

**૧.**સુખનું ધામ **૨.**રાજા **૩.**પૃથ્વી પર પ્રત્યક્ષરૂપે **૪.**પ્રાપ્તિ **૫.**વાત

સતશાસ્ત્રનો સંગ જો હોય રે, તો તર્યા વિના ન રહે કોય રે ॥
એમાં પ્રગટ પ્રભુજીનું કામ રે, નથી પડતું કહું કરભામ[1] રે ॥૨૬॥
તમે તો કહ્યો પ્રગટ પ્રતાપ રે, તે પામ્યા વિના ન ટળે તાપ રે ॥
ત્યારે સંત શાસ્ત્રથી શું સર્યું રે, જ્યારે કલ્યાણ પ્રગટમાં ઠર્યું રે ॥૨૭॥
એહ વાતમાં વડો સંદેહ રે, તમે કૃપા કરી કહો તેહ રે ॥
તમ વિના એ સંશય ન નાસે રે, માટે અમે પૂછ્યું તમ પાસે રે ॥૨૮॥
શ્રદ્ધા છે જો સાંભળવા માંઈ રે, કહેજ્યો કસર ન રહે કાંઈ રે ॥
જેણે ન હોય નક્કી નિરધાર રે, તેહ સાંભળ્યામાં શું સાર રે ॥૨૯॥
જેમાં ફરી ફેરવણી ન હોય રે, સૌને સુણવા સરખું સોય રે ॥
કરિયે ઉદ્યમ ન આવે અર્થ રે, ઠાલો જાય આ જનમ વ્યર્થ રે ॥૩૦॥
માટે સરવે સુફળ થાય રે, એવો અનુપમ કે'જો ઉપાય રે ॥
એમ મુમુક્ષુ કહે મહાંત રે, સાચા સાચું કહેજ્યો એ સિદ્ધાંત રે ॥૩૧॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે તૃતીયો નિર્ણયઃ ॥૩॥***

---

**દોહા :** ત્યારે મુક્ત કહે સુણ્ય મુમુક્ષુ, તમે પૂછ્યું જે જે પ્રશ્ન ॥
તેનો ઉત્તર અમે આપિયે, તમે સાંભળજ્યો દઈ મન ॥ ૧ ॥
પૂર્વે ઉત્તરમાંહિ પ્રીછવ્યો,[2] હરિ હરિજનનો સંબંધ[3] ॥
તેહ વિના કોઈ જીવના, વળી છૂટે નહિ ભવબંધ[4] ॥ ૨ ॥
જે જે જીવ તર્યા જક્તમાં, તેનો કરો વિચારી વિવેક ॥
હરિ હરિજન વણ મળ્યે, કોઈ ઉદ્ધરિયા નહિ એક ॥ ૩ ॥
અંતરમાં અવરાઈ રહ્યું, ઉપદેષ્ટાને અજ્ઞાન ॥
તે સામાને શું સમજાવશે, વળી નક્કી વાત નિદાન ॥ ૪ ॥

---

**૧.**હાથ જોડીને **૨.**જણાવ્યો **૩.**પ્રગટનો આશરો **૪.**જન્મ-મરણરૂપ બંધન

**ચોપાઈ :**

**માટે જેને મળ્યા મહારાજ રે, એવા સંતથી સરે છે કાજ રે ॥**
**હરિ સાથે હોય હળ્યા મળ્યા રે, પ્રભુ પ્રગટ પામી તાપ ટળ્યા રે ॥ ૫ ॥**

રહી નહિ ઉધારાની[૧] વાત રે, પામ્યા સાચા સાધુ સાક્ષાત રે ॥
અટકળ[૨] અકળ[૩] ન રહ્યું રે, જથાર્થ જે છે તે થયું રે ॥ ૬ ॥

એવા સંતનો જે સમાગમ રે, તે તો ટાળવા દુઃખ વિષમ રે ॥
જેની સંશય રહિત વાત સાચી રે, પૂરણ પ્રાપતિમાં નથી કાચી રે ॥ ૭ ॥

એની બોલી છે રોકડી રૂડી રે, નથી વારતા એની નમૂડી[૪] રે ॥
ખાતે ચોપડે નથી ખોળવી રે, જ્યારે જોઈએ ત્યારે નિત્ય નવી રે ॥ ૮ ॥

વણ દીઠી નથી વખાણતા રે, કહે છે નજરો નજરની જાણતા રે ॥
પ્રભુ પાસળના જે રહેનાર રે, જે કહે તેમાં નહિ ફેરફાર રે ॥ ૯ ॥

બોલે પ્રભુ પ્રસન્નતા પ્રમાણ રે, તેમાં નહિ તન મન તાણ[૫] રે ॥
જોઈ મહાપ્રભુની મરજી રે, ઘણું વાત કરે છે ગરજી[૬] રે ॥૧૦॥

અતિ અમલ[૭] સહિત ઉચ્ચરે છે રે, બહું જીવનાં કાજ કરે છે રે ॥
સાચા સંત એ છે સુખદાઈ રે, એમ કહે છે સહુ જગ માંઈ રે ॥૧૧॥

એવા સંતથી સરે છે કાજ રે, તેહ દિવસ કે વળી આજ રે ॥
તે તો કહ્યું'તું મેં તુંને મો'રે[૮] રે, ભૂલી પૂછ્યું તેં પૂછ્યાને હોરે[૯] રે ॥૧૨॥

**સાચા સંત કે શ્રીહરિ સોય રે, જીવ તારવા એ જગે દોય રે ॥**
**તેહ વિના જે સંત કહેવાય રે, તેહ સંતથી કાજ ન થાય રે ॥૧૩॥**

એ તો સંત તણો લઈ વેશ રે, પેટ સારુ આપે ઉપદેશ રે ॥
તેને પણ સમજશો સંત રે, થાશે જ્યાન[૧૦] મોટું જો અત્યંત રે ॥૧૪॥

**૧.**મૃત્યુ પછી પ્રભુ મળશે એવી **૨.**અનુમાન **૩.**નહિ સમજાયેલું **૪.**નબળી **૫.**દેહનું તથા મનનું ગમતું કરવાનો આગ્રહ **૬.**પોકારી **૭.**કેફ **૮.**પહેલા=બીજા નિર્ણયમાં **૯.**સ્વભાવે **૧૦.**નુકશાન

એનો જો કરશો વિશ્વાસ રે, નાખશે તો કોટે કાળપાશ[૧] રે ॥
પાડશે પ્રભુનો કાળ[૨] ચોખો રે, થાશે એ વાતનો બહુ ધોખો રે ॥૧૫॥

કાં તો કરશે કર્મ પ્રધાન રે, કહેશે ઘટ ઘટમાં ભગવાન રે ॥
કાં તો થઈ ગયા હવે થાશે રે, એમ બંબેબંબ[૩] બહુ ગાશે રે ॥૧૬॥

નથી પ્રભુ તણી દિશ[૪] લાધી[૫] રે, મૂરખાઈએ રહ્યા મત બાંધી રે ॥
આપ સ્વારથ સારવા કાજ રે, કરે બહુ જીવનાં અકાજ રે ॥૧૭॥

એવા થકી માનશે કલ્યાણ રે, તે તો બહુ દિન થાશે હેરાણ રે ॥
એહ સમજીને લેવું સાર રે, કલ્યાણ અકલ્યાણ કરનાર રે ॥૧૮॥

**સાચા સંતથી સાચું કલ્યાણ રે, બીજે તો મુખસ્વાદની[૬] વાણ રે ॥**
**માટે જે જે તર્યા જગે જંત રે, તેને મળ્યા પ્રગટના સંત રે** ॥૧૯॥

હવે શાસ્ત્રનું કહી સંભળાવું રે, તારો સર્વે સંશય ટળાવું રે ॥
શાસ્ત્ર શ્રીમુખના જેહ વેણ રે, સત્ય શાસ્ત્ર એ છે સુખદેણ રે ॥૨૦॥

એના વચન તે સુખકારી રે, લેવાં સહુને અંતરે ધારી રે ॥
એ છે વેદ શાસ્ત્ર ને પુરાણ રે, એમાં રહ્યું છે કોટિ કલ્યાણ રે ॥૨૧॥

કાં તો એની[૭] લીલા ને ચરિત્ર રે, સુખદાઈ એ પરમ પવિત્ર રે ॥
કાં તો એના માનેલ જે ગ્રંથ રે, આવે એટલા શ્રેયને અર્થ રે ॥૨૨॥

બીજા કવિ કોવિદની[૮] કાવ્ય રે, એ તો વારિ વિનાની છે વાવ્ય રે ॥
તેમાં રહ્યાં છે ભૂત ભોયંગ[૯] રે, ગરે[૧૦] તેનું કરે અંગ ભંગ રે ॥૨૩॥

વળી મત મતના જે ગ્રંથ રે, કર્યા સારવા પોતાનો અર્થ રે ॥
તેહ વિના બીજા ગ્રંથ વળી રે, થાય ભૂંડું એ ગ્રંથ સાંભળી રે ॥૨૪॥

રસિકપ્રિયા રસમંજરી રે, સુણતાં તરત જાય બુદ્ધિ ફરી રે ॥
વળી વામી વેદાંતીના ગ્રંથ રે, અતિ નાસ્તિક નામ અનર્થ રે ॥૨૫॥

---

**૧.**યમનું તેડું **૨.**વિયોગ; અભાવ **૩.**ખોટી, ઉપજાવેલી વાતો **૪.**સમજણ **૫.**મળી **૬.**સારું લગાડવા માટેની **૭.**પ્રગટ પ્રભુની **૮.**પંડિતોના **૯.**સર્પ **૧૦.**તેને વાંચે, સાંભળે કે વિચારે

આવે આસ્તિક મતિ જો એમાં રે, થાય દુ:ખી રહે નહિ શેમાં રે ॥
માટે એ સંત શાસ્ત્રનો સંગ રે, સમજી વિચારી ન કરવો અંગ રે ॥૨૬॥
ન હોય ઊજળું એટલું દૂધ રે, તે પણ સમજી લેવું સુબુધ રે ॥
જેમ શાહુકાર શહેરમાં હોય રે, તેમ ચોર વિના શહેર નો'ય રે ॥૨૭॥
એક કનક કુંદન[1] કહેવાય રે, હોય બડવાળ[2] બહુ બીજા માંય રે ॥
માટે શાસ્ત્ર શાસ્ત્ર નહિ એક રે, સંત સંતમાં પણ વિવેક રે ॥૨૮॥
તે તો શુદ્ધ મુમુક્ષુને સૂઝે રે, સહુ સરખું એમ ન બૂજે[3] રે ॥
જેને પામવું પરમ કલ્યાણ રે, તેને અતિ ન રહેવું અજાણ રે ॥૨૯॥
વાત સરવે સમજી લેવી રે, ગ્રહ્યા જેવી હોય તેને ગ્રહેવી રે ॥
એટલું તો જાણવું જરૂર રે, ભીંતર ભોળાપણ કરી દૂર રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ચતુર્થો નિર્ણયઃ ॥૪॥***

---

**દોહા:** મુમુક્ષુ સુજાણ જેહ, તેહ કહે છે જોડી પાણ ॥
સર્વે સરખું સમજતાં, તેહની આજ પડી ઓળખાણ ॥ ૧ ॥
પણ એક ભક્ત આ જક્તમાં, તે ભક્તના પણ ભગત ॥
તેનું કલ્યાણ કેમ છે, કહું પાડો તેહની વિગત ॥ ૨ ॥
જૂજવી રીતે આ જક્તમાં, થયા ભક્ત તે બહુ ભાત ॥
તેના શિષ્ય સંસારમાં, નથી માનતા કેની વાત ॥ ૩ ॥
પ્રભુ થકી પરાપરું[4] ખરું, સમજે છે પોતાનું સિદ્ધાંત ॥
માયિક કહી અવતારને, બહુ જીવને ભરાવી ભ્રાંત ॥ ૪ ॥

**ચોપાઈ :**

સતશાસ્ત્રને પણ ન માને રે, કહે પોથાં થોથાં લખ્યાં પાને રે ॥

---

**૧.**૧૦૦% શુદ્ધ સોનું **૨.**ભેળસેળ; બગાડ **૩.**સમજે **૪.**ઘણું જ જુદું

INDEX



સર્વે શાસ્ત્રમાંહિ શું છે સાર રે, નવરે નવરે કર્યો નિરધાર રે ॥ ૫ ॥
બાંધ્યા વર્ણાશ્રમ ચાર ચાર રે, વળી એ વિના વર્ણ અઢાર રે ॥
તેના મર્ણ પરણની[૧] વિધિ રે, બહુ નોખી નોખી બાંધી દીધી રે ॥ ૬ ॥
એમાં સમજો સઈ થઈ ખાટ[૨] રે, જીવ ભ્રમાવી ભુલાવી વાટ રે ॥
એમાં આત્માનું શું સર્યું રે, સર્વે પંડનું[૩] કૂટણું કર્યું રે ॥ ૭ ॥
જોજ્યો વ્યાસ વાલ્મિકની બુદ્ધિ રે, કોઈ વાત કરી નહિ સુધી રે ॥
પારાશર ને શંખ લિખિત રે, ઋષિમુનિ ન સમજ્યા રીત રે ॥ ૮ ॥
પાપ પુણ્ય પુરાણે પ્રમાણી રે, બાંધ્યા બહુ જીવને તેમાં તાણી રે ॥
ગૂંથી ગયા છે જાળ્યો જોરાણ[૪] રે, તેમાં સહુ થાય છે હેરાન રે ॥ ૯ ॥
ગ્રંથ ખોટા ને ખોટા કરનાર રે, એમાં અમે તો ન દીઠું સાર રે ॥
એમ ખળ[૫] ખંડે[૬] સત્ય ગ્રંથ રે, અભાગી કરવા અનરથ રે ॥૧૦॥
વળી કહે છે અવતાર ખોટા રે, ચૈતન્યમાં કોણ નાના મોટા રે ॥
કહે છે ચોવીશ પ્રભુના રૂપ રે, ત્યારે બીજાં તે કેનાં સ્વરૂપ રે ॥૧૧॥
સર્વે રૂપે રમે એક રામ રે, નથી દેવ દાનવ નર વામ રે ॥
પશુ પંખી સ્થાવર જંગમ રે, તેની ગોતી કાઢો તમે ગમ[૭] રે ॥૧૨॥
સર્વે પંચભૂતનાં પૂતળાં રે, શોભે રૂપે અનુપ સઘળાં રે ॥
તેમાં ચૈતન્ય ચમત્કારી રે, તે તો રહ્યું છે સહુને ધારી રે ॥૧૩॥
ચૈતન્ય ચૈતન્ય નહિ ફેર વાલ[૮] રે, દીવો દીવી મેતાબ મશાલ રે ॥
એમ ચૈતન્ય ચૈતન્ય[૯] એક રે, પિંડ પરઠી કહે છે અનેક રે ॥૧૪॥
એમ શાસ્ત્ર સુણી શુભ મતિ રે, નથી રે'તી તે નરને રતિ રે ॥
એમ કહે છે કુલક્ષણા[૧૦] કથી રે, જેને કોઈની પ્રતીતિ[૧૧] નથી રે ॥૧૫॥

૧.વિવાહની ૨.કમાણી ૩.દેહપોષણનું ૪.મજબૂત ૫.દુષ્ટ બુદ્ધિવાળા ૬.ખંડન કરે ૭.રહસ્ય ૮.લેશ પણ ૯.બધા જ ચેતનો ૧૦.કુબુદ્ધિવાળા ૧૧.વિશ્વાસ

તીર્થ વ્રત નીમ સદાચાર રે, તેના કાપનારા છે કુઠાર[૧] રે ॥
એવા જ્ઞાની ઘરોઘર ઘણાં રે, ભર્યા ભારે કળિમળ[૨] તણા રે ॥૧૬॥

એનું કેમ સમજવું કો'ને રે, ભારે સંશય એ તમે ભાંગોને રે ॥
સત્ય વાતના થોડા કહેનાર રે, અસત્ય વાતના કહેનારા અપાર રે ॥૧૭॥

મઠ મંદિરને અપાસરે રે, ચોરે દ્વારે એ જ વાત કરે રે ॥
વાટે ઘાટે એનો જ ઉચ્ચાર રે, ચૌટે[૩] હાટે[૪] એ વાત વેપાર રે ॥૧૮॥

ભટ્ટ પંડિતને જે પુરાણી રે, ભેખ ભક્ત વદે છે એ વાણી રે ॥
ગુરુ સંત જૂઠા જગે ડોલે રે, તે પણ એમના એમ જ બોલે રે ॥૧૯॥

કહે છે ખાઓ પીઓ ખૂબી[૫] કરો રે, શીદ કોઈના ડરથી ડરો રે ॥
નરક સ્વર્ગ ને નથી ચોરાશી રે, ખરી વાત માની લિયો ખાશી[૬] રે ॥૨૦॥

રૂડો રહસ્ય કહ્યો રુદે ધારો રે, એમ સમજી સંશય વિસારો રે ॥
કર્મ ધર્મ ગયા મુનિ કથી રે, તેને આ વાતની ગમ નથી રે ॥૨૧॥

એમ કહે છે આ જક્તમાં ઝાઝા રે, ધર્મહીન અધર્મીના રાજા રે ॥
એ તો એવાના એવા જ રહેશે રે, કે કોઈ ખબર એની લેશે રે ॥૨૨॥

અતિ અવળી મતિ છે એની રે, નથી બીક કોઈ બીજા કેની રે ॥
થયા ઉપદેષ્ટા[૭] સહુના આપે રે, પણ વરતે છે પૂરણ પાપે રે ॥૨૩॥

યાંતો થયા છે અધર્મી આચાર્ય રે, જાણે બેઠા છીએ કરી કાર્ય રે ॥
એમ મને માન્યું મૂરખાયે રે, કરવું રહ્યું નથી હવે કાંયે રે ॥૨૪॥

પોતે માન્યું પાકું કામ થયું રે, જાણે બીજાને ઉપદેશ દિયું રે ॥
જેમ પોતે સમજ્યાં છે સહી રે, તેમ પરને દેખાડે છે કહી રે ॥૨૫॥

એવા ભવમાં બહુ ભાળેલ રે, નજરો નજરના નિહાળેલ રે ॥
ખરેખરા ખૂની[૮] પ્રભુજીના રે, જાણું વેરવાઈ[૯] બહુ દિનાં રે ॥૨૬॥

**૧.**કુહાડા **૨.**દંભ-કપટ તથા વાસના **૩.**ચોકમાં **૪.**દુકાને **૫.**મોજ **૬.**પાકી **૭.**ઉપદેશક-વક્તા **૮.**વિરોધી **૯.**વૈરી

જે જે થાપ્યા છે પ્રભુએ ધર્મ રે, તેને અભાગી કહે છે અધર્મ રે ॥
જેને તેને ધર્મમાંથી પાડે રે, પાપ પુણ્યને ખોટા દેખાડે રે ॥૨૭॥
ધર્મદ્વેષી પાપના તો પા'ડ[૧] રે, મોક્ષ મારગે લોહ કમાડ[૨] રે ॥
તે તો તન તજે ફળ પામે રે, કહેજ્યો સર્વે સંશય શોક વામે રે ॥૨૮॥
સમજાવજ્યો એ સારી પેર રે, મહામુનિ મોટી કરી મે'ર રે ॥
ભવમાં ભૂલવણી છે ઘણી રે, મને બીક લાગે છે તે તણી રે ॥૨૯॥
માટે વળી વળી પૂછું છું વાત રે, કહેજ્યો રાજી થઈ રળિયાત રે ॥
કહેજ્યો ખરાખરું વશાવિશ[૩] રે, એમ કહીને નમાવ્યું શિશ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે પંચમો નિર્ણયઃ ॥૫॥***

---

**દોહા :** મુક્ત કહે સુણો શુભમતિ, સત્ય વાત સમજીએ સાર ॥
કૃતઘ્નીના એ કામ છે, જે નંદે[૪] આગમ[૫] અવતાર ॥ ૧ ॥
સતશાસ્ત્ર સુખદાયી છે, સમજાવે તે સત્ય અસત્ય ॥
તેને મિથ્યા કરી માનવું, એ જ આવી જાણવી કુમત્ય ॥ ૨ ॥
શાસ્ત્ર કહે તે સત્ય છે, નથી અસત્ય તે અણુભાર ॥
નિશ્ચય પડશે નરકમાં, એની નિંદાના કરનાર ॥ ૩ ॥
શાસ્ત્ર જે જે સૂચવે, તે કૂડું[૬] ન પડે કાંઈ ॥
ગ્રહણ પાંખે[૭] છે અસમાનમાં, તેહ સહુ દેખે છે આંઈ ॥ ૪ ॥

**ચોપાઈ :**

શાસ્ત્ર જણાવે સાર અસાર રે, શાસ્ત્રે કર્યો સહુ નિરધાર રે ॥
સતશાસ્ત્ર કહે છે સુરસુખ[૮] રે, તેહ પામ્યાં સારુ કરે મખ[૯] રે ॥ ૫ ॥

---

**૧.**પર્વત **૨.**લોખંડના દરવાજા **૩.**૧૦૦% ચોક્કસ **૪.**નિંદે-ખોટા કહે છે **૫.**સત્શાસ્ત્ર **૬.**ખોટું **૭.**ભવિષ્યનું બતાવે **૮.**દેવોનું સ્વર્ગ સુખ **૯.**યજ્ઞ

શાસ્ત્ર કહે છે કૈલાસની વાત રે, સત્યલોકે સુખ કહે સાક્ષાત રે ॥
શાસ્ત્ર કહે છે વૈકુંઠ વખાણી રે, તેને પામવા ઈચ્છે છે પ્રાણી રે ॥ ૬ ॥

શાસ્ત્ર કહે છે ગોલોકમાં ગુણ રે, શાસ્ત્ર વિના સમજાવે કુણ રે ॥
શાસ્ત્ર કહે છે અક્ષરધામ રે, તે સુણી સહુ કરે છે હામ[1] રે ॥ ૭ ॥

શાસ્ત્ર કહે છે શ્રીહરિનું સુખ રે, જે પામતાં રહે નહિ દુઃખ રે ॥
લોક અલોકમાં જે અગમ રે, તેની ગ્રંથ પડાવે છે ગમ રે ॥ ૮ ॥

શાસ્ત્ર કહે છે સર્વેના સ્થાન રે, જને દીઠાં ન સાંભળ્યા કાન રે ॥
શાસ્ત્ર કહે છે કલ્યાણની રીત રે, શાસ્ત્રે થાય છે પ્રભુમાં પ્રીત રે ॥ ૯ ॥

શાસ્ત્ર થકી સંત ઓળખાણ રે, શાસ્ત્ર થકી સમજણ જાણ રે ॥
શાસ્ત્રે કરી આવે છે સુબુદ્ધિ રે, શાસ્ત્ર વિના મતિ રહે ઊંધી રે ॥૧૦॥

શાસ્ત્ર મરજાદે સહુ છે સુખી રે, નહિ તો દેહધારી રહે દુઃખી રે ॥
દેવ દાનવ માનવ મુની રે, શાસ્ત્રે બાંધી મરજાદ સહુની રે ॥૧૧॥

એવી કેટલી વાતો કહેવાય રે, મોટો સતશાસ્ત્રનો મહિમાય રે ॥
તેમાં દોષ દેખાડે છે પાપી રે, તેની જોઈએ છીએ જીભ કાપી રે ॥૧૨॥

તે તો મરીને જમપુરી જાશે રે, ઘણી જમદૂતની માર ખાશે રે ॥
પડશે નરકના કુંડમાં તેહ રે, પાછો નહિ મળે મનુષ્યનો દેહ રે ॥૧૩॥

શાસ્ત્ર બા'ર વરતે છે જેહ રે, શાસ્ત્ર બા'ર પામે દેહ તેહ રે ॥
શ્વાન[2] સૂકર[3] ખર[4] શિયાળ રે, તન તે પામશે તતકાળ રે ॥૧૪॥

ત્યારે ઓરતો[5] થાશે જો એને રે, કહ્યા જેવું નહિ રહે કેને રે ॥
એમ દુઃખી રહેશે રાત દન રે, સત્ય માને મુમુક્ષુ તું મન રે ॥૧૫॥

વળી પૂછી તેં પ્રભુની વાત રે, તે પણ સુણી લેજ્યે સાક્ષાત રે ॥
કિયાં જીવ કિયાં જગદીશ રે, કિયાં ખદ્યોત[6] કિયાં દિનેશ[7] રે ॥૧૬॥

---

**૧.**તેને પામવાનો ઉત્સાહ **૨.**કૂતરો **૩.**ભૂંડ **૪.**ગધેડો **૫.**પસ્તાવો **૬.**પ્રકાશવાળું નાનું જીવડું **૭.**સૂર્ય

જે જે જગજીવનથી થાય રે, તે તો જીવથી ન થાય કાંય રે ॥
જોને પ્રભુ તણો પ્રતાપ રે, સહુ જાણે જગતમાં આપ રે ॥૧૭॥
જેની આજ્ઞાને શશી સૂર રે, નથી લોપતા જાણો જરૂર રે ॥
જેની આજ્ઞામાં સુરરાજ[૧] રે, મેઘ વરસાવે સહુ જન કાજ રે ॥૧૮॥
જેની આજ્ઞા ઉર વિચારી રે, ધરણી રહી છે લોકને ધારી રે ॥
જેની આજ્ઞામાં શેષ હંમેશ રે, ચૌદ લોક ધરી રહ્યા શીશ રે ॥૧૯॥
જેની આજ્ઞામાં વેલી વન રે, આપે ફળ દળ સમે સુમન[૨] રે ॥
જેની આજ્ઞામાં કાળ શક્તિ રે, દિન રાત રહે છે ડરતી રે ॥૨૦॥
જેની આજ્ઞા માનીને મૃત્યુ રે, સદા સર્વદા રહે છે ફરતું રે ॥
જેની આજ્ઞામાં અજ ઈશ રે, હરખે કરી રહે છે હમીશ રે ॥૨૧॥
વળી દેહ ધરી[૩] કર્યાં કાજ રે, તે તો કહેતાં ન કહેવાય આજ રે ॥
બહુ ધરી હરિ અવતાર રે, કર્યો કંઈ જીવનો ઉદ્ધાર રે ॥૨૨॥
તેહ પ્રભુ તણી તડોવડ[૪] રે, થાવા જાય પાપી જીવ જડ રે ॥
જેને નથી શરીરની સાધ્ય રે, વળી વણતોળી વેઠે છે વ્રાધ્ય[૫] રે ॥૨૩॥
પડ્યો પરવશ પરાધીન રે, વર્તે એક એક આગે દીન રે ॥
રહ્યો અજ્ઞાનમાં અવરાઈ રે, ઘણો ઘનશ્યામનો ઘનાઈ[૬] રે ॥૨૪॥
તે જાશે મરી જમપુરી માંય રે,બહુ માર ખાશે મૂઢ ત્યાંય રે ॥
પછી નરકના કુંડમાં પડશે રે, પડ્યો કૈક કાળ લગી સડશે રે ॥૨૫॥
કર્મભોગે જો નીસરશે બા'ર રે, લેશે ભૂત પ્રેતના અવતાર રે ॥
ખાશે વિષ્ટા પેશાબને પીશે રે, એવું હરિ નિંદાનું ફળ લેશે રે ॥૨૬॥
એવું સુખ સાંભળીને કાન રે, થાવું હોય તો થાજ્યો ભગવાન રે ॥
એમાં જૂઠું નહિ પડે જરાય રે, સહુ માની લેજ્યો મનમાંય રે ॥૨૭॥

**૧.**ઈન્દ્ર **૨.**પુષ્પ **૩.**અનેક અવતારો લઈ ભગવાને **૪.**અહં બ્રહ્માસ્મિ આવા પોપટિયા જ્ઞાનથી ભગવાનના બરોબરિયા **૫.**પીડા **૬.**અપરાધી

એવા પાપીનો સંગ જેને થાય રે, તેનો પણ જન્મ એળ્યે જાય રે ॥
કલ્યાણનું તો રહી જાય ક્યાંય રે, સામું પડે મહાદુઃખ માંય રે ॥૨૮॥

ફૂટ્યું નિરજળમાં[1] જળઠામ[2] રે, ટળી હૈયેથી જીવ્યાની હામ રે ॥
મળ્યા મારગે મમોઈગરા[3] રે, પ્રાણીના પ્રાણ લેનાર ખરા રે ॥૨૯॥

એમ સમજી લેવું સિદ્ધાંત રે, સમજ્યાં વિના ભાંગે નહિ ભ્રાંત[4] રે ॥
કહી વાત પૂછ્યા પ્રમાણ રે, હવે શું પૂછવું છે સુજાણ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ષષ્ઠો નિર્ણયઃ ॥૬॥***

---

**દોહા :** ધન્ય ધન્ય મુક્ત શિરોમણિ, ભૂલ્ય ભ્રાંતિના ભાંગનાર ॥
અજ્ઞાન તમ ટાળવા, સૂરજ સમ નિરધાર ॥૧॥

ઘણા દિવસનું ઘરમાં, સંશયનું રહ્યું'તું શૂળ[5] ॥
તેહ તરત તમે ટાળિયું, મહા મોટા મોહનું મૂળ ॥૨॥

વળી પૂછું છું પ્રીત શું, તમે કહેજ્યો કૃપાનિધાન ॥
અનેક જીવ ઉદ્ધારવા, આવે ભૂમિ પર ભગવાન ॥૩॥

કલ્યાણ કરી કોટિ કોટિનાં, પાછા પધારે પોતાને ધામ ॥
કેડ્યે[6] રહે તેના કુળના, તેથી સરે[7] કે ન સરે કામ ॥૪॥

**ચોપાઈ :**

પ્રભુ હોય પ્રગટ પ્રમાણ રે, ત્યારે કરે બહુના કલ્યાણ રે ॥
જ્યાં જ્યાં હરિ ધરે અવતાર રે, કહું સાંભળજ્યો કરી પ્યાર રે ॥૫॥

ખગ મૃગ જળચર માંય રે, ધરે નર દેહ આપ ઈચ્છાય રે ॥
વિપ્ર નૃપ જાણો જોગીમાંય રે, થાય પ્રભુજી પ્રગટ ત્યાંય રે ॥૬॥

---

**૧.**જ્યાં પાણી મળે નહિ તેવા સ્થાને-રણમાં **૨.**પાણી ભરેલું પાત્ર **૩.**ખૂની-કસાઈ **૪.**ભ્રાંતિ; ગેરસમજણ **૫.**દુઃખ **૬.**પાછળ **૭.**થાય ?

તેના વંશના રહે છે વાંસે રે, ભલા ગુણના ભરેલ ભાસે રે ॥
દૃઢ હોય ધર્મ નીમ માંઈ રે, અયોગ્ય આચરણ ન કરે કાંઈ રે ॥ ૭ ॥
રૂડી રીતને પાળે પળાવે રે, સંશય શોકના ખાતા[1] વળાવે[1] રે ॥
રહે પ્રભુની મરજી પ્રમાણ રે, મેલી મન મમતાની તાણ રે ॥ ૮ ॥
આપ સ્વારથ સારવા સારુ રે, કદી કરે નહિ મારું તારું રે ॥
કામ ક્રોધ વળી લોભ લહી રે, મોહ વેનમાં[2] ન જાય વહી રે ॥ ૯ ॥
સહુને આપે શુભ ઉપદેશ રે, તેમાં સ્વારથ નહિ લવલેશ રે ॥
સગા સહુના છે હિતકારી રે, ધર્મ ધીરજને રહ્યાં ધારી રે ॥૧૦॥
શ્રીહરિના ગમતાં માંઈ રે, રહે સદા સર્વથા સદાઈ રે ॥
હોય હરિના મળેલ એવા રે, તેથી સહુને ઉપદેશ લેવા રે ॥૧૧॥
તેને મળી પામે જીવ પાર રે, તેમાં નથી જો સંશય લગાર રે ॥
પણ ન હોય ધર્મ નીમ માંઈ રે, રહે અંતરે અધર્મ છાઈ રે ॥૧૨॥
એવા પ્રભુ કેડ્યના[3] રહી જાય રે, તેથી શ્રેય[4] થાય કે ન થાય રે ॥
કહ્યા મો’રે[5] શુભ ગુણ સોય[5] રે, તે તો હોય કે વળી ન હોય રે ॥૧૩॥
કલ્યાણકારી મોટપ્ય થોડી રે, રહ્યા જગ મોટપ્યે મન જોડી રે ॥
વે’વારિક મોટપ્યને માંઈ રે, વાવરે છે બુદ્ધિ બહુ ત્યાંઈ રે ॥૧૪॥
સહુથી સરસ ભોગવે છે સુખ રે, નથી કોઈ વાતનું વળી દુઃખ રે ॥
મુખે કહે છે મો’રની[6] મોટાઈ રે, તે માંયલી નથી પોતામાંઈ રે ॥૧૫॥
એવા થકા ભૂમિયે ફરે છે રે, આપી ઉપદેશ શિષ્ય કરે છે રે ॥
કહે છે કલ્યાણ છે અમ પાસ રે, આવો મંત્ર લઈ થાઓ દાસ રે ॥૧૬॥
આપો તન મન ધન અમને રે, ભવ પાર કરીએ તમને રે ॥
નથી હરિની હદમાં[7] હાલતા રે, રહે છે મન ગમતે મા’લતા[8] રે ॥૧૭॥

**૧.**અજ્ઞાન ટળાવે **૨.**મોહના વેગમાં **૩.**ભગવાનના વંશના **૪.**કલ્યાણ **૫.**ચોથા નિર્ણયમાં કહેલ સંતનાં લક્ષણો **૬.**તેના બાપ-દાદાની **૭.**મર્યાદામાં, નિયમમાં **૮.**ભોગ ભોગવતા

ચાલે પ્રભુની મરજાદ ત્રોડી રે, રહે છે વિષય સાથે મન જોડી રે ॥
એથી કલ્યાણ થાવાનું કેમ રે, એ પૂછું છું કહેજ્યો કરી પ્રેમ રે ॥૧૮॥
વળી પૂછું છું એક મહારાજ રે, બહુ અવતાર ધર્યાનું શું કાજ રે ॥
કાં હરિ ન રહે એક જ રૂપે રે, શીદ થાય છે બહુ સ્વરૂપે રે ॥૧૯॥
એક હોત તો ભજત સહુ એને રે, ખેંચાતાણ રહત નહિ કેને રે ॥
સહુ ભાવે કરત ભજન રે, એક બીજામાં મેળવી મન રે ॥૨૦॥
હેતે હળી મળી રહત ભેળા રે, દિલે ન રહત કોઈ દુમેળા[૧] રે ॥
આ તો પરસ્પર પડી આંટી રે, માંહોમાંહે થઈ રહ્યા માટી[૨] રે ॥૨૧॥
એક બીજાને નિશ્ચે નંદે છે રે, સહુ સહુ પોતાને વંદે છે રે ॥
એક એકની ઉપાસના માંઈ રે, કાઢે ખોળી ખાંચ્ય[૩] ખોટ્ય કાંઈ રે ॥૨૨॥
તે તો સહુ મળી નિંદે છે નાથ[૪] રે, હીણું[૫] કરે છે પોતાને હાથ રે ॥
તેમાં નહિ આવે સ્વપ્ને સુખ રે, થાશે સહુનું શ્યામ શાહીમુખ[૬] રે ॥૨૩॥
એમાં કમાણી શી કમાશે રે, ઠાલો જનમ એળે ગમાશે રે ॥
એવી ભૂલવણી છે જે ભારે રે, માટે પૂછું છું હું વારે વારે રે ॥૨૪॥
કે'જો જો હોય કે'વા જેવું રે, નહિ તો ઘોળ્યું પરું નવ કે'વું રે ॥
મેં તો સે'જે પૂછ્યું સંતજન રે, નથી સંશય એનો મારે મન રે ॥૨૫॥
મેં તો સમજી સાબિત કીધું છે રે, દૃઢ અંતરે ધારી લીધું છે રે ॥
પ્રભુ પ્રગટ વિના કલ્યાણ રે, નથી માનતો હું નિરવાણ રે ॥૨૬॥
એની નિગઠ[૭] ગાંઠ્ય વળી છે રે, બીજી સર્વે ભ્રાંતિ ટળી છે રે ॥
ખાંચ્યો[૮] પૂછવામાં નથી ખાટ રે, હવે એવું પૂછું શિયા માટ રે ॥૨૭॥
એક પુરીષ[૯] ને પરદોષ રે, એને ઉઘાડતાં અપશોષ રે ॥
હવે એવો નહિ કરું ઉચ્ચાર રે, શોધી લીધું છે સર્વેનું સાર રે ॥૨૮॥

**૧.**સંપ વિનાના; મતભેદવાળા દુઃખી **૨.**બહાદુર; ઝગડનારા **૩.**પારકા દોષ **૪.**ભગવાનને **૫.**ભૂંડું **૬.**શાહી જેવું કાળું; દુઃખી ચહેરો **૭.**દૃઢ **૮.**પારકા દોષ; અવગુણ **૯.**વિષ્ટા

પણ બીજાને સમજવા સારુ રે, પૂછવું છે મહારાજ મારું રે ॥
રખે પ્રપંચમાં કોઈ પડે રે, એમ મારું મન ઘાટ ઘડે રે ॥૨૯॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે સપ્તમો નિર્ણયઃ ॥૭॥***

---

**દોહા :** મુક્ત વચન એવાં સાંભળી, વળી બોલિયા કરી હેત ॥
શુદ્ધ મુમુક્ષુ સાંભળ્યે, કહું સર્વે વિગતિ સમેત ॥ ૧ ॥
પ્રથમ કહું હું પ્રીછવી,[૧] પ્રભુ પ્રગટના અવતાર ॥
પછી કહું તેના કુળનું, નિશ્ચય કરી નિરધાર ॥ ૨ ॥
એકે અનેક પ્રકારનાં, સરે નહિ સેવકના કાજ ॥
તે સારુ તન જૂજવાં,[૨] ધરણિયે ધરે છે મહારાજ ॥ ૩ ॥
વારિ વસુધા[૩] વ્યોમમાં,[૪] દુષ્ટે દુઃખી કર્યા હોય દાસ ॥
આરતવાનને[૫] અરથે, આપે આવે છે અવિનાશ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એક અવતાર એકને કાજ રે, મહેર કરી લિયે છે મહારાજ રે ॥
તેના સર્વે સંકટ ટાળે છે રે, પ્રીતે પૂરણ લાડ પાળે[૬] છે રે ॥ ૫ ॥
હેતે હળીમળી તેહ સાથ રે, નૌતમ સુખ આપે તેને નાથ રે ॥
તે તો થાય છે પૂરણ કામ રે, વળી પામે છે પ્રભુનું ધામ રે ॥ ૬ ॥
એહ વિના હોય હરિદાસ રે, તેનો કષ્ટ કરવો હોય નાશ રે ॥
ત્યારે એ તને જતન[૭] ન થાય રે, એમ સમજવું મનમાંય રે ॥ ૭ ॥
જળવાસી કરે કામ જળનું રે, સ્થળવાસી કરે કામ સ્થળનું રે ॥
માટે નોખાં નોખાં તન ઘરી રે, કામ કરે છે જનનું હરિ રે ॥ ૮ ॥

---

**૧.**ઓળખાવીને **૨.**જુદા-જુદા પ્રકારનાં **૩.**પૃથ્વીમાં **૪.**સ્વર્ગાદિક લોકમાં **૫.**દુઃખી ભક્તને **૬.**લડાવે **૭.**રક્ષણ

જ્યારે ધરે છે જૂજવા ગાત[૧] રે, ત્યારે હોય જૂજવી રીતભાત રે ॥
પછી જેવી રીત જાણે જન રે, તેવી રીતે કરે છે ભજન રે ॥૯॥

જેવો ગુણ રૂપ ને આકાર રે, જોઈ જન કરે નિરધાર રે ॥
ધરે આકૃતિ જોઈને ધ્યાન રે, ગુણ રૂપનું કરે છે ગાન રે ॥૧૦॥

કોઈ કહે છે મુખે મત્સ્ય મત્સ્ય રે, કોઈ કહે કલ્યાણકારી કચ્છ રે ॥
કોઈ કહે છે વારાહ વારાહા રે, કોઈને નરસિંહજી પ્યારા રે ॥૧૧॥

કોઈ ભજે વામન પરશુરામ રે, કોઈ લિયે રામજીનું નામ રે ॥
કોઈ કૃષ્ણ કૃષ્ણ કહી રહે છે રે, કોઈ બુધ કલકી કહે છે રે ॥૧૨॥

તે તો જેને મળ્યા પ્રભુ જેવા રે, તેના મનમાં રજ્યા[૨] છે તેવા રે ॥
તે તો બીજે રૂપે નવ રાચે[૩] રે, કર્યું અતિ દૃઢ મન સાચે રે ॥૧૩॥

સહુને પોતાના ઈષ્ટ છે પ્યારા રે, તેના ગુણ આકાર લાગે સારા રે ॥
એમ સહુએ માન્યું મનમાંઈ રે, પર ઈષ્ટની ન ગમે મોટાઈ રે ॥૧૪॥

એમ જૂજવી પડી છે વાત રે, તેનું સમજી લ્યે સાક્ષાત રે ॥
ઝાલી ટેક એક જો સઘળે રે, હવે કોઈ કેને ભેળું ન ભળે રે ॥૧૫॥

અતિ મમતે બંધાણા મત રે, કહે છે એક બીજાનું અસત રે ॥
એમ નિંદે છે એક એકને રે, હારી બેઠા હૈયે વિવેકને રે ॥૧૬॥

હવે હરિવંશની વાત રે, તે પણ સાંભળજ્યો મારા ભ્રાત રે ॥
દશ ચોવીશ આદિ અપાર રે, જે જે ધર્યા હરિયે અવતાર રે ॥૧૭॥

તેને મળ્યા જે જે જન ભાવે રે, તે તે સર્વે કલ્યાણકારી કા'વે રે ॥
**કેડ્યે રહ્યું તે કુળ કહેવાય રે, તેથી કલ્યાણ કે દી' ન થાય રે** ॥૧૮॥

કે'શો ભક્તકુળ એકોત્તર રે, તારે તેમાં નહિ કોઈ ફેર રે ॥
ત્યારે હરિકુળ કેમ ન તારે રે, તે પણ કહું સુણો સહુ પ્યારે રે ॥૧૯॥

**૧.**શરીર **૨.**ગમિયા **૩.**રુચિ રાખે; ગમે

INDEX



હરિની મરજાદમાં રહે નિત્યે રે, ધર્મનિ'મ પાળે રૂડી રીતે રે ॥
લોપે નહિ આજ્ઞા લગાર રે, ચાલે પ્રભુવચન અનુસાર રે ॥૨૦॥

**હોય આજ્ઞાકારી અંગ રે, કે દી' ન કરે આજ્ઞાનો ભંગ રે ॥**
**એવા થકી થાય કલ્યાણ રે, કહું બીજાની સાંભળ્ય સુજાણ રે ॥૨૧॥**

મત્સ્ય પ્રભુના મત્સ્ય જ કહિયે રે, તેથી કલ્યાણ કહો કેમ લહિયે રે ॥
કૂર્મપ્રભુ વંશ કચ્છ કહે છે રે, તે પણ કલ્યાણ કાંઈ કરે છે રે ? ॥૨૨॥

વરાહ પ્રભુ વંશના ભૂંડણા રે, નથી દાતા તે કલ્યાણ તણાં રે ॥
નૃસિંહ પ્રભુવંશના વાઘ રે, તે તો જન જીવના ઘરાઘ[1] રે ॥૨૩॥

વામન પ્રભુવંશ બ્રહ્મચારી રે, તે પણ ક્યાં થકી કલ્યાણકારી રે ॥
પરશુરામ વંશ પણ વરણી રે, તેનો ક્રોધ જોઈ ધ્રુજે ધરણી રે ॥૨૪॥

રામવંશના સૂરજવંશી રે, તેમાં કલ્યાણની વાત કશી રે ॥
કૃષ્ણવંશના જાદવ જાણો રે, તેમાં કલ્યાણ ક્યાંથી પ્રમાણો રે ॥૨૫॥

બુદ્ધ પ્રભુના બોધ જ આપી રે, કહે છે કલ્યાણની જડ કાપી રે ॥
કલકિ કેડે કળિમળ રહેશે રે, તેમાં કલ્યાણનું કોણ કહેશે રે ॥૨૬॥

માટે હરિ હરિજન વોણું[2] રે, કરશે કલ્યાણનું જો વગોણું[3] રે ॥
આપ સ્વારથ સહુ સારશે રે, હરિના થૈ પરઘર મારશે રે ॥૨૭॥

બહુ બાંધી શબ્દ બાંધણે[4] રે, કરશે જીવને વશ આપણે રે ॥
લેશે સર્વસ્વ તેહનું ઠગી રે, કરશે સ્નેહ સ્વારથ લગી રે ॥૨૮॥

એથી કે દી' નહિ થાય કલ્યાણ રે, બાંધ્યો બૂડતા કોટે[5] પાષાણ રે ॥
ચાલ્યો વાટે[6] ચોરટાને[7] હાર[7] રે, વા'રુ[8] આવે કોણ શાહુકાર રે ॥૨૯॥

**માટે તોળી તપાસવું વે'લે[9] રે, કલ્યાણ પ્રભુ કે પ્રભુને મળેલે રે ॥**
**તેહ વિના કલ્યાણનું કાચું રે, કહે નિષ્કુળાનંદ એ સાચું રે ॥૩૦॥**

**૧.**મારનાર **૨.**વિના **૩.**ફજેતી (મોક્ષને વગોવશે) **૪.**શબ્દરૂપી દોરડે **૫.**ગળે **૬.**માર્ગમાં **૭.**ચોરની સાથે **૮.**સહાય કરનાર **૯.**વહેલા; હમણાં જ

*ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે અષ્ટમો નિર્ણયઃ ॥૮॥*

---

**દોહા :** મહામુક્ત કહે મુમુક્ષુ તને, વણ પૂછ્યે કહું છું વાત ॥
કલ્યાણકારીના કુળની, તું સાંભળી લે સાક્ષાત ॥૧॥
અલૌકિકપણું નહિ આપમાં, લોકમાં વધારવા લાજ ॥
આટાટોપ[1] એહ કારણે, સહુ રાખી રહ્યા ગુરુરાજ ॥૨॥
જેણે કરી જાયે નહિ, રહે ગુરુપણું ઘરમાંહિ ॥
એવી રીતને અનુસરી, બહુ ઠગ કરે છે ઠગાઈ ॥૩॥
જેમ ઉદ્યમ વર્ણ અઢારમાં, સહુ કરે થઈ સાવધાન ॥
તેમ ઉદ્યમ ગુરુએ આદર્યો, મન કર્મ વચને નિદાન ॥૪॥

**ચોપાઈ :**

ગુરુવેષ ભજાવવા કાજ રે, રાખે શોભતો સર્વે સમાજ રે ॥
સારાં વસ્ત્ર ઘરેણાં વાહન રે, કહું તેની રીત સુણો જન રે ॥૫॥
પો'ળા પનાળાં કૈક સુંવાળા રે, બહુ બુટ્ટા[2]ને રંગે રૂપાળાં રે ॥
ઝીણાં પોતાં[3] છાપેલ છેડાળાં રે, વાસેલ[4] અત્તરે પાનડિયાળાં રે ॥૬॥
એવાં વસ્ત્ર અંગોઅંગ પે'રી રે, ગુરુપણું લડાવે છે લે'રી રે ॥
વળી પે'રી ઘરેણાં જો ઘણાં રે, જડેલ હીરા મોતી હેમતણાં[5] રે ॥૭॥
વેઢ વીંટી કડા બાંયે બાજુ રે, રૂડા ઘાટવાળાં ઘણાં કાજુ[6] રે ॥
બેસી ગજ બાજ સુખપાલે રે, ખોળે લાલ[7] લઈ ગુરુ મા'લે[8] રે ॥૮॥
વળી સુંદર મંદિર રહેવા રે, કાચ ઢાળેલ હાંડિયે દીવા રે ॥
ખાવા પીવા મળે ખૂબ ખાસુ રે, જેવું ચઉ ચરણને[9] ચોમાસું[10] રે ॥૯॥

---

**૧.**ઉપરનો દેખાડો; આડબંર **૨.**ભરત ભરેલા **૩.**વસ્ત્ર **૪.**સુગંધિત કરેલ **૫.**સોનાના **૬.**સુંદર **૭.**દીકરો; લાલજી **૮.**ખુશ થાય **૯.**ચાર પગવાળા પશુને **૧૦.**વરસાદી સીજનમાં

સૌથી સરસ સુખિયા ફરે છે રે, વાત કલ્યાણની જો કરે છે રે ॥
આપે પ્રસાદી ને પ્રસાદિયાં રે, એમ ચેલા કરે જિયાં તિયાં રે ॥૧૦॥

કૈક ફૂંકતા ફરે છે કાન રે, ચાદર શ્રીફળ લઈ નિદાન રે ॥
કોઈ દોરા બાંધે દુવા[૧] આપે રે, કોઈ તપ્તમુદ્રાએ તન છાપે રે ॥૧૧॥

કોઈ મૂકે છે મસ્તક હાથ રે, ઓહં સોહં જપતાં સનાથ રે ॥
કોઈ મંત્ર આપે બાંધે માળ[૨] રે, કોઈ કરાવે જાતિ વિટાળ[૩] રે ॥૧૨॥

કોઈ આપે પાન પરમાણા[૪] રે, બહુ ધન લેવાને શાણા રે ॥
એમ સહુસહુના મત મળતા રે, આપે ઉપદેશ રાખે ભળતા રે ॥૧૩॥

એમ બાંધી બેઠા ગુરુ દોરી[૫] રે, એક બીજાથી રાખે વાત ચોરી રે ॥
કહે આપણી વાત છે એવી રે, નથી કોઈ બીજાને કહ્યા જેવી રે ॥૧૪॥

આપણ સહુનું કલ્યાણ થાશે રે, બીજાં બહુ ભવે ભટકાશે રે ॥
એમ પોતે પોતાના મન માંઈ રે, માન્યું કલ્યાણ કસર ન કાંઈ રે ॥૧૫॥

સહુએ માની છે પરમ પ્રાપ્તિ રે, થાશે કલ્યાણ નહિ ફેર રતિ રે ॥
સગરા[૬] પામશે ધણીનું ધામ રે, નથી નગરાનું કોઈ ઠામ રે ॥૧૬॥

માટે સહુ થાઓ ગુરુમુખી રે, શીદ ગુરુવિના રહો દુ:ખી રે ॥
એમ સહુ કોઈ સગરા થયા રે, ગુરુ વિના તો કોઈ ન રહ્યા રે ॥૧૭॥

જેને બેસતું આવ્યું છે જેમાં રે, કરી ગુરુ મળિયા છે તેમાં રે ॥
એમ કલ્યાણ ઠેરાવી ઠીક રે, બેઠા મટાડી માથેથી બીક રે ॥૧૮॥

એવા કલ્યાણકારી કંઈ કા'વે રે, વિષય પંચ ભોગવે ભોગવાવે રે ॥
કહે નિર્ભય નિ:શંક રે'જો રે, જમપુરી તમારે જૂઠી છે જો રે ॥૧૯॥

એવી વાતો થાય ઘરોઘર રે, તેણે નીડર થયાં નારી નર રે ॥
એવું ચાલ્યું કલ્યાણનું તૂત[૭] રે, કહે છે જખમારે[૮] છે જમદૂત રે ॥૨૦॥

**૧.**આશીર્વાદ **૨.**કંઠી **૩.**વટલેલ, ભ્રષ્ટ **૪.**માન-મોટાઈ **૫.**આજીવિકા **૬.**ગુરુવાળા **૭.**જૂઠાણું **૮.**જેનું કાંઈ ચાલે નહિ તેવા

એવું સાંભળીને જમે જાણ્યું રે, પડ્યું ભાંગી આપણું પ્રમાણ્યું રે ॥
કહે ચાલો રાયને[૧] જઈ કહિયે રે, અમે તેડવા તે કેને જઈયે રે ॥૨૧॥

સહુ ગુરુનો આશરો લઈ રે, બહુ બેઠાં છે નિર્ભય થઈ રે ॥
તેને અમે કેમ લાવું તેડી રે, મહામોટાની મરજાદ ફેડી રે ॥૨૨॥

લિયો[૨] કાળપાશ[૩] ને કુતડાં[૩] રે, કરો ઉજ્જડ જમનાં ગામડાં રે ॥
હુકમ હવે તમારો ન રહ્યો રે, તે તો જમરાય જાણી લિયો રે ॥૨૩॥

એવું કહ્યું છે જમદૂતે જ્યારે રે, જમરાયે વિચાર્યું છે ત્યારે રે ॥
હવે આ વાતનું કેમ થાશે રે, જાઉં શ્રીહરિ શ્યામની પાસે રે ॥૨૪॥

પછી શ્રીહરિ પાસળ જઈ રે, વાત મનુષ્ય લોકની કઈ રે ॥
મર્ત્યલોકે થઈ મોટી વાત રે, કરે પાપ સહુ દિન રાત રે ॥૨૫॥

તેને ભોગવ્યાનો ભય ટાળી રે, બેઠા નિર્ભય થઈ ગાંઠ્ય વાળી રે ॥
કહે છે નગરાનું નરસું થાશે રે, સગરા સહુ ધામમાં જાશે રે ॥૨૬॥

માટે ગુરુ વિના નથી તરવા રે, કાલાઘેલા પણ ગુરુ કરવા રે ॥
એમ બેઠા સહુ ગુરુ ધારી રે, ગુરુ વિના નથી નરનારી રે ॥૨૭॥

હવે સંયમનીનું[૪] શું કામ રે, કહો તો કરિયે ઉજ્જડ એ ધામ રે ॥
ગુરુમુખીને દેવો જે દંડ રે, થાય પાપ મોટું એ પ્રચંડ રે ॥૨૮॥

માટે જેમ કહો તેમ કરિયે રે, થાય અપરાધ તેથી ડરિયે રે ॥
જેના ગુરુ થયા છે જમાન રે, તેને કેમ કરું બંધિવાન રે ॥૨૯॥

એટલું કહીને જમરાય રે, પાણ જોડી લાગ્યા પ્રભુ પાય રે ॥
ત્યારે બોલિયા શ્રીહરિ હસી રે, ધર્મ[૫] વાત કરો છો એહ કશી રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે નવમો નિર્ણયઃ ॥૯॥***

**૧.**યમરાજાને **૨.**પાછા લો **૩.**જીવને દેહ છોડાવીને લઈ જવાના સાધનો-હથિયાર **૪.**યમપુરીનું **૫.**હે યમરાજ !

**દોહા :** શ્રીહરિ કહે ધર્મ સાંભળો, ગુરુ ન હોય ઘેરોઘેર ॥
ગુરુ તો એક ગોવિંદ છે, બીજી માયા બની બહુપેર ॥ ૧ ॥
કલ્યાણકારી કલ્યાણ કરી, સારી જાયે અનેકના અર્થ ॥
પછવાડે પ્રપંચ[૧] રચી, અતિ અજા[૨] કરે છે અનર્થ ॥ ૨ ॥
જેમ નર્તકી નૃત્ય કરી, હરિ લિયે હેવાનનું[૩] ધન ॥
વેશ લઈ વિધવિધના, કરે પામરને પ્રસન્ન ॥ ૩ ॥
તેમ માયાયે મનગમતા, વળી લીધા વિશ્વમાંય વેશ ॥
એવા ગુરુ શિષ્યની, તમે બીક મ રાખજ્યો લેશ ॥ ૪ ॥

**ચોપાઈ :**

ગુરુ કહ્યે શું થઈ ગયા ગુરુ રે, સુણો ધર્મ તેની વાત કરું રે ॥
ગુરુ આ જગમાંય છે ઘણાં રે, તે તો કોળિયા સહુ કાળતણા રે ॥ ૫ ॥
જે ગુરુથી જમદંડ જાય રે, તે સાંભળો તમે ધર્મરાય રે ॥
તે તો હોય પોતે ભગવાન રે, આપે આશ્રિતને અભયદાન રે ॥ ૬ ॥
સર્વે ધામતણા હોય ધામી રે, વળી અકળ અંતરજામી રે ॥
જાણે સહુના મનની વાત રે, જેમ હોય તેમ સાક્ષાત રે ॥ ૭ ॥
અણુ ચોરી એ આગે ન ચાલે રે, ઊપજતાં ઉત્થાનને[૪] ઝાલે રે ॥
એથી ન હોય અજાણ્યું જો કાંઈ રે, વળી જક્તગુરુ[૫] એ કહેવાય રે ॥ ૮ ॥
હોય પ્રાણનાડી એને હાથ રે, સર્વેશ્વર એ સર્વેના નાથ રે ॥
ખેંચે પ્રાણનાડી તો ખેંચાય રે, તેની વાર લાગે નહિ કાંય રે ॥ ૯ ॥
તાણી ધમની[૬] દેખાડે ધામ રે, જોઈ જન થાય પૂરણકામ રે ॥
વળી ધામધામના રે'નાર રે, દેખે અતિ સુખિયા અપાર રે ॥૧૦॥

**૧.**માયાજાળ-દગો **૨.**માયા **૩.**મૂરખ; વિલાસી જનનું **૪.**સંકલ્પને **૫.**આખા જગતના ગુરુ **૬.**નાડી; પ્રાણ

જન જોઈ આવે ધામ જેવું રે, આવી મર્ત્ય લોકે કહે એવું રે ॥
એવી અલૌકિક રીત જિયાં રે, હોય હરિગુરુ[૧] હોય તિયાં રે ॥૧૧॥
વળી અંતકાળે આપે આવે રે, રૂડા રથ વિમાનને લાવે રે ॥
તે પર બેસારીને તેડી જાય રે, સાચા સદ્‌ગુરુ તેને કહેવાય રે ॥૧૨॥
આવે તેડવા તેનાં એંધાણ રે, જેના પ્રભુ આવ્યે છૂટે પ્રાણ રે ॥
હીરફેલ્ય[૨] સમ[૩] અંગ[૪] હોય રે, અતિ નર્મ વળે વાળે કોય રે ॥૧૩॥
એવી રીત જિયાં લગી જાણો રે, તિયાં સુધી કલ્યાણ પ્રમાણો રે ॥
પછી એ વાતનો થાય નાશ રે, વળતી માયા કરે તિયાં વાસ રે ॥૧૪॥
આવી લિયે છે ગુરુનો વેશ રે, ન હોય ગુરુપણું લવ લેશ રે ॥
સર્વે વિશ્વતણાં ફેલ[૫] વળી રે, માયાગુરુમાં[૬] રહ્યાં હોય મળી રે ॥૧૫॥
દારી[૭] ચોરી વળી મદ્ય માંસ રે, તે તો મળે માયાગુરુ પાસ રે ॥
ગાંજો ભાંગ્ય હોકા બહુ પેર રે, મળે આફુ[૮] મફર[૯] ગુરુઘેર રે ॥૧૬॥
જે જે જગમાંય હોય ફેલ રે, તે તે સર્વે ગુરુએ રાખેલ રે ॥
હોય વિષયી ને વ્યસની રે, ઘણાં પ્રભુજીના કૃતઘની રે ॥૧૭॥
થઈ જમપુરીના આગવા[૧૦] રે, એવા ગુરુ ઘરોઘર હવા રે ॥
મળી ધર્મ નીમ મુકાવે રે, વેદ મર્યાદામાંથી ચુકાવે રે ॥૧૮॥
વર્ણાશ્રમનો જે વે’વાર રે, નો’યે માયાગુરુને સદાચાર રે ॥
તર્ત કરાવે જાતિ વિટાળ રે, તીર્થ વ્રત નીમના તો કાળ રે ॥૧૯॥
એવા ગુરુને ગુરુના શિષ્ય રે, ઝાલી મગાવજ્યો અહોનિશ રે ॥
એની શીદ શંકા મન આણો રે, સર્વે જીવ એ તમારા જાણો રે ॥૨૦॥
એવા ગુરુ ચેલા જગે ઘણાં રે, તે તો સર્વ કુળ તમતણાં રે ॥
એવા ગુન્હેગાર ગુરુ શિષ્ય રે, તેને હેરાન કરો હમેશ રે ॥૨૧॥

---

**૧.**હરિરૂપ ગુરુ **૨.**રેશમની સેર **૩.**જેવું-કૂણું **૪.**મૃત શરીર **૫.**ફંદા; વ્યસન; અપલક્ષણ
**૬.**ખોટા ગુરુમાં **૭.**વ્યભિચાર **૮.**અફીણ **૯.**કેફી વસ્તુ **૧૦.**આગેવાન

એવા ગણિયે મર્ત્ય લોકે ગુરુ રે, સુણો ધર્મરાય નાવે સરું[1] રે ॥
જે જે ક્રિયા શીખવી જેણે રે, તે તો ગુરુ કરી માન્યા તેણે રે ॥૨૨॥

વળી વ્યસની વૃંદળ[2] વેષ રે, તેને પણ ગુરુ હોયે શિષ રે ॥
ભાની તાની ત્રાગી સુંથરા રે, તેને પણ ગુરુ જાણો ખરા રે ॥૨૩॥

એવા ગુરુ જગમાં અપાર રે, તે તો માનો માયાનો પરિવાર રે ॥
માટે જે થકી કલ્યાણ ન થાય રે, તે પણ તે ગુરુ જેવા કે'વાય રે ॥૨૪॥

નો'ય ગુરુનામે ગુરુ સમ રે, તેની ગોતીને કાઢવી ગમ રે ॥
એવા અસત્ય ગુરુની બીક રાખી રે, શીદ દિયો છો આયુધ નાખી રે ॥૨૫॥

લાવો ઝાલી નાખી ગળે પાસ રે, તેનો તલભાર ન રાખો ત્રાસ રે ॥
પાપી લિયે છે અમારી લાજ રે, સત્ય માની લેજ્યો જમરાજ રે ॥૨૬॥

જે જે બાંધી અમે મરજાદ રે, તે તે ત્રોડે છે એ મનુજાદ[3] રે ॥
માટે એને તો બહુ દંડ દેવો રે, કર્યો હરિયે હુકમ એવો રે ॥૨૭॥

એવું સાંભળીને જમરાય રે, માની આજ્ઞા લાગિયા પાય રે ॥
કે'છે જે જે કૃપા કરી કહ્યું રે, તે તો નિશ્ચે નિઃસંશય થયું રે ॥૨૮॥

એહ વાત છે પદ્મપુરાણે રે, સ્કંદપુરાણમાં પણ જાણે રે ॥
અસત ગુરુના થાશે એ હાલ રે, સંગે શિષ્ય પીડાશે કંગાલ[4] રે ॥૨૯॥

ત્યારે આંખ્ય એની ઊઘડશે રે, જ્યારે અણતોળ્યાં દુઃખ પડશે રે ॥
થાશે પછી તેનો પસ્તાપ રે, જ્યારે નડશે કરેલ પાપ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે દશમો નિર્ણયઃ ॥૧૦॥***

---

**દોહા:** મુમુક્ષુ કહે મુક્તને, જ્યારે જમ એ પર કરે રોષ ॥
ત્યારે માયાગુરુને મર મારતા, પણ શિષ્યનો શિયો દોષ ॥ ૧ ॥

**૧.**અંત **૨.**નપુંસક **૩.**માનવભક્ષી રાક્ષસ **૪.**દીન; બિચારો

કલ્યાણ કરવા કારણે, આવ્યો એવા ગુરુની પાસ ॥
તન મન ધન દઈ તેહને, થયા દિલ સાચે એના દાસ ॥ ૨ ॥

ઓળખી ન શક્યા અસત ગુરુ, સમજ્યા વિના થયા શિષ્ય ॥
અજાણ્યા ઉપર એવડી, રાખી ન ઘટે ધર્મને[1] રીસ ॥ ૩ ॥

એમ કહ્યું કર જોડીને, તમે સાંભળો મારા શ્યામ ॥
એ સંશય મારો સમાવિયે, સનેહી સુખના ધામ ॥ ૪ ॥

**ચોપાઈ :**

એવું સાંભળી મુક્ત મહાજન રે, પછી બોલિયા પરમ પાવન રે ॥
કહે સાંભળ્ય તું જિજ્ઞાસુ રે, ખરું પ્રશ્ન તેં પૂછિયું ખાસું[2] રે ॥ ૫ ॥

એનો ઉત્તર આપિયે અમે રે, સાવધાન થઈ સુણો તમે રે ॥
હોય જૂઠું સાચું બેઉ જોડ્યે રે, રાત દિવસ બે તડોવડ્યે[3] રે ॥ ૬ ॥

હોય બક તિયાં હંસ હોય રે, જ્યાં કાગ ત્યાં કોયલ શું નો'ય રે ॥
હોય ચોર તિયાં શાહુકાર રે, હોય રવિ[4] ત્યાં રાકેશ[5] ત્યાર રે ॥ ૭ ॥

હોય પાપી ત્યાં પુણ્યવાન રે, હોય મૃત્યુ ત્યાં અમૃતપાન રે ॥
હોય સાચું ત્યાં ખોટું ખરું રે, તેનું કહેતાં કહેતાં નાવે સરું રે ॥ ૮ ॥

તેમ સત્ય અસત્ય ગુરુ છે રે, તે પણ ખોટું મા માનો ખરું છે રે ॥
તે તો કહે છે વેદ પુરાણ રે, સત્ય અસત્યની ઓળખાણ રે ॥ ૯ ॥

સતશાસ્ત્રનું એ જ સિદ્ધાંત રે, કપટી ગુરુ તે જ કૃતાંત[6] રે ॥
જમપુરીના જમાન ખરા રે, જાવા ન દિયે જીવ અરાપરા[7] રે ॥૧૦॥

ઝાલી આપશે જમને હાથ રે, માર્યો જાશે બિચારો અનાથ રે ॥
વણ ગુન્હે ગુન્હેગાર થાશે રે, વણવાંકે મોટો માર ખાશે રે ॥૧૧॥

પડશે દુઃખના દરિયા માંઈ રે, તેની નથી ખબર એને કાંઈ રે ॥

**૧.**યમરાજાને **૨.**અગત્યનું **૩.**સમાનપણે **૪.**સૂર્ય **૫.**ચંદ્ર **૬.**યમદૂત; કાળ **૭.**બીજે ક્યાંય; આઘા-પાછા

એમ સાચા સંત સહુ કે'છે રે, તોય શઠને શઠપણું રહે છે રે ॥૧૨॥
ત્યારે કે'તલનો[૧] શિયો વાંક રે, કહી કહી વાળ્યો આડો આંક[૨] રે ॥
તોય માન્યું નહિ જો મૂરખે રે, ખાધુ હળાહળ[૩] જઈ હરખે રે ॥૧૩॥
મેલી તરી[૪] તુંબડાં તરવા રે, બાંધ્યા કોટે પાણા બૂડી મરવા રે ॥
કરી હંસ મેના શુક[૫] ત્યાગ રે, સેવ્યા ઘુડ કપોત ને કાગ રે ॥૧૪॥
મેલી ગજ બાજ ગવા[૬] ગાય રે, વો'ર્યા[૭] વાઘ નાગ ને બલાય[૮] રે ॥
એમ અવળો કર્યો ઉદ્યમ રે, તેની ન પડી ગાફલને ગમ રે ॥૧૫॥
એવી અવળી અકલવાળા રે, તે તો ક્યાં થકી થાય સુખાળા રે ॥
મેલી સુખ લીધું દુઃખ માથે રે, પોતે પોતાનું બગાડ્યું હાથે રે ॥૧૬॥
નથી વાંક એમાં કેનો વળી રે, ખાધી મા'જમ[૯] મિસરી[૧૦] મેલી રે ॥
મૃત્યુમોદક[૧૧] અમૃત જાણી રે, પીધું સર્પલાળપય[૧૨] પાણી રે ॥૧૭॥
હોરે[૧૩] હેડ્યમાં[૧૪] પગ દેવાણો રે,વણ ચોરે તે ચોર કે'વાણો રે ॥
ભળ્યો ભરાડીમાં[૧૫] શાહુકાર રે, ઘણી મળ્યે મળે વળી માર રે ॥૧૮॥
એમ અસત્ય ગુરુને આશરી રે, જીવ જાય છે તે જમપુરી રે ॥
તિયાં કષ્ટ પામે છે કુબુદ્ધિ રે, જેની અતિ સમજણ છે ઊંધી રે ॥૧૯॥
નથી સૂઝતું સાર અસાર રે, તેણે કરી ખાય જમમાર રે ॥
સાચી વાત સાંભળે છે કાને રે, તોય ચઢ્યો છે ખોટાને તાને રે ॥૨૦॥
ખોટા ગુરુના ખાધા છે ખતા[૧૬] રે, નથી છાના એ છે જગ છતા રે ॥
પંચ વિષય શું પોષણ કરી રે, લીધું અન્ન ધન આયુષ હરી રે ॥૨૧॥
ખરાખરો કીધો ગુરુએ ખાલી રે, પછી આપ્યો છે જમને ઝાલી રે ॥
એમ ચેલો ચાલ્યો જમ સાથે રે, અણકર્યું આવી પડ્યું માથે રે ॥૨૨॥

**૧.**કહેનારાનો **૨.**હદ વાળી **૩.**કાતિલ ઝેર **૪.**હોડી **૫.**પોપટ **૬.**બળદ **૭.**ખરીદ્યા **૮.**ખારી બલા (હિંસક પ્રાણી) **૯.**કેફી પદાર્થ **૧૦.**સાકર **૧૧.**ઝેર યુક્ત લાડું **૧૨.**સર્પના ઝેર યુક્ત દૂધ **૧૩.**વાદે **૧૪.**હરીફાઈમાં **૧૫.**ચોર; લૂંટારામાં **૧૬.**ઠોકર; ધક્કા

ફાંસીગરે ફાંસી નાખી કોટે રે, લીધો જમપુરે દડીદોટે રે ॥
શાહુકાર જાણી કર્યો સંગ રે, ખરો નીસર્યો દોંગાનો દંગ[1] રે ॥૨૩॥
સમજ્યા વિના કર્યો સંગાથ રે, તેણે લૂંટાણો જાણો અનાથ રે ॥
કહ્યા જેવું તે કેને ન રહ્યું રે, એવું મંદભાગીને માથે થયું રે ॥૨૪॥
એમ ખબર વિના ખોટ્ય ખાધી રે, વણ વાંકે વળગી વરાધી[2] રે ॥
મતિ હીણ તે મહાદુઃખ પામે રે, જે કોઈ ભ્રમી ચઢે ભૂર[3] ભામે[3] રે ॥૨૫॥
**માટે મતિ પોતાની હોય થોડી રે, તો મળવું મોટાને માન મોડી[4] રે ॥**
**પૂછી જોવી પંચને વારતા રે, મેલી મત પંથની મમતા રે ॥૨૬॥**
સાચી વાત સાથે છે જો કામ રે, જેણે કરી જાય હરિધામ રે ॥
ખોટી વાતમાંહિ ખોટ્ય આવે રે, તે તો ભૂર[5] વિના કેને ભાવે રે ॥૨૭॥
**માટે સાચાને શોધવું સાચું રે, કલ્યાણમાં ન રાખવું કાચું રે ॥**
**સાચા સદ્ગુરુ સંતને સેવી રે, સર્વે વાતને સુધારી લેવી રે ॥૨૮॥**
**ફરી ફરી ન પડે ફરવું રે, એટલું તો અવશ્ય કરવું રે ॥**
**એ છે પોતાના હિતની વાત રે, સહુને સમજવું એ સાક્ષાત રે ॥૨૯॥**
જેણે કરીને થાય જો જ્યાન[6] રે, એવો સંગ ન કરવો નિદાન રે ॥
એમ કહ્યું મુક્તે મુમુક્ષુને રે, હોય સંશય તો પૂછજ્યે મુને રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણય મધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે એકાદશો નિર્ણયઃ ॥૧૧॥***

---

**દોહા:** મુમુક્ષુ કહે મહામુક્તને, સંશય રહ્યો નથી રતીભાર ॥
તમે કહ્યું તેમજ છે, એમાં નથી ફેર લગાર ॥૧॥
દુષ્ટ મળ્યે દુઃખ ઉપજે, શુદ્ધ સંત મળ્યે સુખ થાય ॥
ખરા ખરું એ ખોટું નથી, તેને કૂડું[7] કેમ કે'વાય ॥૨॥

---

**૧.**ઢોંગીનો ઢોંગ **૨.**ઉપાધિ **૩.**અજ્ઞાનીને વાદે **૪.**મૂકી **૫.**મૂર્ખ **૬.**નુકશાન **૭.**ખોટું

INDEX



**વળી હરિ હરિજન મળ્યા વિના, કહ્યું કે દી' ન હોય કલ્યાણ ॥**
**એ પણ સર્વે સત્ય છે, નક્કા નક્કી વાત નિર્વાણ ॥ ૩ ॥**

પણ હરિ ને હરિના જનની, કરી જોઈએ કેટલી સેવ ॥
જેણે કરી શ્રેય શિષ્યનું, થાય એવો પૂછું છું ભેવ[1] ॥૪॥

**ચોપાઈ :**

પ્રભુ પ્રગટ મળે પોતે જ્યારે રે, ખોટ્ય ખામી રહે નહિ ત્યારે રે ॥
જેનાં દર્શન દુર્લભ બહુ રે, નર અમર માને છે સહુ રે ॥૫॥

જોગી જતિ તપસી સંન્યાસી રે, સહુ પ્રભુ દર્શનના પ્યાસી રે ॥
હરિ[2] હર[3] અજ[4] અમરેશ[5] રે, પ્રભુ મળવા ઈચ્છે અહોનિશ રે ॥ ૬ ॥

તોય પ્રગટ નથી પામતા રે, રહે છે સદાય શીશ નામતા રે ॥
એવી વાત એ છે દુર્ઘટ[6] રે, તે તો પ્રભુ મળ્યા પ્રગટ રે ॥૭॥

પછી પ્રભુને કરવા પ્રસન્ન રે, શું શું કરે જિજ્ઞાસુ જન રે ॥
કે'જ્યો એટલું કૃપા કરીને રે, કેમ રાજી કરે એ હરિને રે ॥૮॥

કેવી કરે પ્રભુજીની ભક્તિ રે, જેણે કરીને પામે મુક્તિ રે ॥
કેવું માને હરિનું વચન રે, કેવું રાખે સદા શુદ્ધ મન રે ॥૯॥

કેવી શ્રદ્ધા હોય સેવા માંઈ રે, સેવા વિના ન ગમે બીજું કાંઈ રે ॥
કેવું મેલી પોતાનું માન રે, કેવી રીતે રહે સાવધાન રે ॥૧૦॥

કેવી રીતે વાળે તેમ વળે રે, કેવી રીતે ચલાવે ને ચલે રે ॥
કેવી રીતે રાખે વિશ્વાસ રે, કેવી રીતે રહે પ્રભુ પાસ રે ॥૧૧॥

કેવી રીતે રાખે હૈયે બીક રે, કેવી રીતે રહે ઠીકોઠીક[7] રે ॥
કેવી રીતનાં બોલે વચન રે, કેવી રીતનાં પૂછે તે પ્રશ્ન રે ॥૧૨॥

કેવી રીતે સુણે વાત કાને રે, કેવી રીતે મને સત્ય માને રે ॥

**૧.**ભેદ; રહસ્ય **૨.**વિષ્ણુ **૩.**શિવ **૪.**બ્રહ્મા **૫.**ઈન્દ્ર **૬.**દુર્લભ **૭.**બરાબર; વ્યવસ્થિત

કેવી રીતે થાય પ્રસન્ન રે, કેવી મરજી જોઈને મગન[1] રે ॥૧૩॥
વરતે મન કર્મ ને વચન રે, કેવી રીતે પે'રાવે વસન[2] રે ॥
કેવી રીતની પૂજાને કરે રે, કેવી રીતે અલંકાર ધરે રે ॥૧૪॥
કેવી રીતે ચંદન ઉતારી રે, કરે પૂજા પ્રભુજીની સારી રે ॥
કેવી રીતનાં કુસુમ[3] લાવે રે, કેવી રીતના હાર પે'રાવે રે ॥૧૫॥
કેવી રીતે ઉતારે આરતી રે, કેવી રીતે કરે ધુન્ય અતિ રે ॥
કેવી રીતે કરે વળી સ્તુતિ રે, કેવી રીતની કરે વિનતિ રે ॥૧૬॥
સઈ ભેટ મૂકે પ્રભુ આગે રે, પછી કર જોડી શું માગે રે ॥
કેવી રીતે વર્તવું વળી રે, મહા પ્રભુ પ્રગટને મળી રે ॥૧૭॥
જેણે કરી હરિ રાજી થાય રે, એવા કે'જ્યો એ સર્વે ઉપાય રે ॥
વિધવિધે કરી એની વાત રે, કે'જ્યો રાજી થઈ રળિયાત રે ॥૧૮॥
વળી પૂછું છું પ્રશ્ન એક રે, કહેજ્યો તે પણ કરી વિવેક રે ॥
જ્યારે પ્રભુજી પ્રગટ હોય રે, ત્યારે મનુષ્ય તરે કે તરે કોય રે ॥૧૯॥
હોય સ્વર્ગ મૃત્યુ ને પાતાળે રે, તેનું કલ્યાણ કેમ એહ કાળે રે ॥
દેવ દાનવાદિ જે કે'વાય રે, તેનું કલ્યાણ કઈ પેર થાય રે ॥૨૦॥
ભૂત પ્રેત ને ભૈરવ ભણિયે રે, તેનું કલ્યાણ કેમ ગણિયે રે ॥
વળી પશુ પંખી સરીસર્પ[4] રે, જેના દલમાંહિ બહુ દર્પ[5] રે ॥૨૧॥
વૃક્ષ વેલી વિવિધ કે'વાય રે, તેનું શ્રેય થાય કે ન થાય રે ॥
સ્થાવર જંગમ જડ ચૈતન્ય રે, સ્થૂળ સૂક્ષ્મ ચરાચર[6] જન રે ॥૨૨॥
પ્રભુ પ્રગટને પ્રતાપે રે, એહ તરે કે ન તરે આપે રે ॥
જેને હોય હરિનો સંબંધ રે, તેના છૂટ્યા જોઈએ ભવબંધ રે ॥૨૩॥
માટે એહ દેહથી ઉદ્ધાર રે, થાય કે ન થાય નિરધાર રે ॥

**૧.**રાજી **૨.**વસ્ત્ર **૩.**પુષ્પ **૪.**પેટ ઘસીને ચાલનાર જંતુઓ **૫.**ક્રોધ; ઘમંડ **૬.**ફરનાર તથા સ્થિર રહેનાર

અતિ રજ તમે ભર્યા દેહ રે, કેમ પામે કલ્યાણને તેહ રે ॥૨૪॥
પણ એહ દેહે ઉદ્ધરે જો નઈ રે, ત્યારે પ્રભુની પ્રભુતાઈ સઈ રે ॥
એહ સર્વે સમજાવી કહેજ્યો રે, જેમ હોય તેમ દેખાડી દેજ્યો રે ॥૨૫॥
તમે દલના છોજી દયાળું રે, માટે પ્રશ્ન પૂછું છું કૃપાળુ રે ॥
સુણવા હરખ ઘણો છે હૈયે રે, જાણું સર્વ એ સાંભળી લૈયે રે ॥૨૬॥
ક્યાંથી તમ જેવા કહેનાર રે, વાત ચોખી દેખાડી દેનાર રે ॥
જેમ છે તેમ કહો છો કથી રે, જેમાં લેશ સંશય રે'તો નથી રે ॥૨૭॥
વચન સુધાસમ[1] સુખદાઈ રે, એવાં માનું છું હું મનમાંઈ રે ॥
જેણે કરી પરલોકનું સુખ રે, પામી વામિયે[2] દારુણ દુઃખ રે ॥૨૮॥
એમ કહીને જિજ્ઞાસુ જન રે, પછી કર જોડી કર્યું સ્તવન રે ॥
એમાં સમ[3] વિષમ[4] જો હોય રે, કરજ્યો ક્ષમા સત્ય મુનિ સોય રે ॥૨૯॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે દ્વાદશો નિર્ણયઃ ॥૧૨॥***

---

**દોહા:** જિજ્ઞાસુ તુને મેં જાણિયો, ખરા ખપવાળો નિરધાર ॥
જે જે તેં પૂછ્યું તે પણ, છે સર્વે સારનું સાર ॥૧॥
પ્રગટ પ્રભુને પામિયા, તે કૃતાર્થ કે'વાય ॥
સર્વે કારજ સારિયાં, જાણજ્યો આ જગમાંય ॥૨॥
પછી જુવે પ્રભુ પ્રગટનું, ઘણું ગમતું જેમ હોય ॥
તેવી રીતે તત્પર થઈ, કરે સદા નિરંતર સોય ॥૩॥
**મેલી ગમતું નિજ મનનું, રહે હરિઆજ્ઞા અનુસાર ॥**
**સાચો મુમુક્ષુ એ માનવો, નિશ્ચય કરી નિરધાર ॥૪॥**

---

**૧.**અમૃત સમાન **૨.**છોડીએ; ત્યાગ કરીએ **૩.**યોગ્ય **૪.**અયોગ્ય

INDEX



**ચોપાઈ :**

જેના હરિપરાયણ પ્રાણ રે, નથી રહી જેને કોઈ તાણ[1] રે ॥
ધ્વજપટ[2] કર્યું નિજ તન રે, વાયુ સમ હરિનું વચન રે ॥૫॥
જેમ વાળે તેમ જન વળે રે, મેલી મમત અંગ સઘળે રે ॥
રહ્યા અતિ આજ્ઞા અનુસાર રે, કરી નિશ્ચય મને નિરધાર રે ॥૬॥
એવા શુદ્ધ સેવક સુજાણ રે, પ્રભુ પ્રગટના પ્રમાણ રે ॥
બીજા સહુથી થઈ નિરાશ રે, થયા શ્રી ઘનશ્યામના દાસ રે ॥૭॥
**સદા જોઈ રહ્યા હરિ સામું રે, ગમતું હરિનું કરવા છે હામું[3] રે ॥**
**એવા સંત સદા શિરોમણિ રે, કહું રીત સુણો તેહ તણિ રે ॥૮॥**
કરે ભક્તિ સદા નિષ્કામ રે, ચતુરધાનું[4] ન પૂછે નામ રે ॥
માને મન કર્મ વચને વચન રે, રાખે એકાગ્રે હરિમાં મન રે ॥૯॥
શુદ્ધ શ્રદ્ધા હોય સેવા માંઈ રે, તેમાં દંભ કપટ નહિ કાંઈ રે ॥
મેલે મન તન અભિમાન રે, કરવા હરિ રાજી સાવધાન રે ॥૧૦॥
**વાળે હરિ જીભ ત્યાં વળે તન રે, વિષયસુખ મળ્યે ન ચળે મન રે ॥**
**પૂરો છે પ્રભુનો વિશ્વાસ રે, રહે પ્રભુપાસે દાસાનુદાસ રે ॥૧૧॥**
અંતરજામી જાણી રાખે બીક રે, કે દી ન કરે કામ અઠીક[5] રે ॥
બોલે દીન આધીન વચન રે, કાંઈક કે'જ્યો મુને ભગવન રે ॥૧૨॥
સુણે સાવધાન થઈ વાત રે, સત્ય વચન જાણે સાક્ષાત રે ॥
મટકે રહિત જુવે હરિરૂપ રે, નીર્ખી આનંદ આવે અનુપ રે ॥૧૩॥
જુવે રાજીપો હરિનો જેમ રે, વર્તે મન કર્મ વચને તેમ રે ॥
શુદ્ધ ભોજને જમાડે શ્યામ રે, હૈયે હરિ જમાડવા હામ[3] રે ॥૧૪॥
લેહ્ય ચોષ્ય ભક્ષ્ય ને ભોજને રે, જમાડી પે'રાવે વસ્ત્ર તને[6] રે ॥

**૧.**તૃષ્ણા **૨.**ધજા સમાન **૩.**હોંશ **૪.**ચાર પ્રકારની મુક્તિનું **૫.**અયોગ્ય **૬.**શરીરે

બહુ પ્રેમ ભરી પૂજા કરે રે, ઘણમૂલાં[1] ઘરેણાં અંગે ધરે રે ॥૧૫॥
અતિસુગંધી ચંદન ઉતારી રે, કરે સમો જોઈ પૂજા સારી રે ॥
સારાં સુગંધી ભર્યા ફૂલ લાવે રે, કરી હાર હરિને પે'રાવે રે ॥૧૬॥
અતિ હેતે ઉતારે આરતિ રે, થઈ મગન કરે ધુન્ય અતિ રે ॥
પ્રેમે ઊભા રહી પગવતિ[2] રે, કરે દંડવત ને વિનતિ રે ॥૧૭॥
મેલે મસ્તક ભેટ્ય ચરણે રે, માગે પ્રભુ રાખજ્યો શરણે રે ॥
વરતે થઈ દાસના દાસ રે, એમ રહે પ્રભુજીને પાસ રે ॥૧૮॥
જે જે મહાપ્રભુને નવ ગમે રે, તે તે કરે નહિ કોઈ સમે રે ॥
વળી પૂછ્યું હતું તેં પ્રશ્ન રે, જ્યારે પ્રગટ હોય ભગવન રે ॥૧૯॥
ત્યારે મનુષ્ય તરે કે તરે કોય રે, તે પણ કહું સાંભળજ્યે સોય રે ॥
તરે દેવ દાનવાદિ વળી રે, તે તો પ્રગટ પ્રભુને મળી રે ॥૨૦॥
રાક્ષસ યક્ષ ભૂત ભૈરવ રે, મળે પ્રગટ તો તરે એ સર્વ રે ॥
વળી પશુ પંખી સરિસાપ રે, તે પણ તરે પ્રભુ પ્રતાપ રે ॥૨૧॥
વૃક્ષ વેલી પામે પરમ ગતિ રે, ફળ[3] ફૂલ દળ દારવતિ[3] રે ॥
સ્થૂળ સૂક્ષ્મ જડ ચૈતન રે, પ્રભુ પ્રગટ પ્રસંગે પાવન રે ॥૨૨॥
સ્થાવર જંગમ ચરાચર જેહ રે પ્રભુ પ્રગટ મળ્યે તરે તેહ રે ॥
જોને રામકૃષ્ણાદિ અવતાર રે, તેથી બહુ થયા ભવપાર રે ॥૨૩॥
સ્થાવર જંગમ સ્થૂળ સૂક્ષ્મ રે, ચરાચર પામ્યા ગતિ પરમ રે ॥
તેનો ગણતાં ન આવે પાર રે, એમ થયો બહુનો ઉદ્ધાર રે ॥૨૪॥
કૈક મનુષ્ય તર્યા નર વામ રે, પશુ પંખી પામ્યાં હરિધામ રે ॥
કૈક ભૂત પ્રેત ને ભૈરવ રે, વૃક્ષ વેલી ખગ મૃગ સર્વ રે ॥૨૫॥

**૧.**ઘણા જ કીમતી **૨.**પગથી **૩.**ફળ, ફૂલ, પાન કે તેનું લાકડું પ્રભુના ઉપયોગમાં આવવાથી

આગે બહુ થયા અવતાર રે, તેથી આજ[૧] સામર્થી અપાર રે ॥
જોને આ સમે ઉદ્ધાર્યા કઈ રે, તે તો લખતાં લખાય નઈ રે ॥૨૬॥
રામઅવતારે કૈં રહી ગયા રે, તે કૃષ્ણ અવતારે પાર થયા રે ॥
કૃષ્ણ અવતારે ગયા'તા રહિ રે, તે તો આજ ઉદ્ધારિયા કઈ રે ॥૨૭॥
**એમ આદિ અંત મધ્યે માનો રે, પ્રતાપ પ્રગટનો નહિ છાનો રે ॥**
**પ્રગટ પ્રભુ કે પ્રભુના સંત રે, તેહ વિના ન ઉદ્ધરે જંત[૨] રે ॥૨૮॥**
એહ બેઉ રીત વિના બીજે રે, કોઈ રીતે કલ્યાણ ન પ્રતીજે[૩] રે ॥
સર્વે શાસ્ત્રનું સિદ્ધાંત કહ્યું રે, કે'વા હવે કેડ્યે નથી રહ્યું રે ॥૨૯॥
કહી રીત સનાતન તણી રે, પણ આજ છે અલેખે[૪] ઘણી રે ॥
આજ અગણિત પામ્યા આનંદ રે, એમ નિશ્ચે કહે નિષ્કુળાનંદ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ત્રયોદશો નિર્ણયઃ ॥૧૩॥***

---

**દોહા :** એવું સુણી મુમુક્ષુ કહે, તમો સાંભળો મુક્ત મહારાજ ॥
પૂછું છું વળી પ્રશ્નને, મારો સંશય સમાવા કાજ ॥૧॥
કલ્યાણ કરવા કારણે, કરે અતિ ઉત્તમ ઉપાય ॥
શ્રુતિ પુરાણમાં સાંભળી, વળી કરે એમ સદાય ॥૨॥
પ્રગટ હરિ હોય નહિ, હોય નહિ તેના મળેલ ॥
સાજ[૫] સમાજ[૫] સરવે, રહી જાય તેનો રળેલ[૬] ॥૩॥
પાછળ પ્રભુજી પ્રગટે, આવે એનું કર્યું કાંઈ અર્થ[૭] ॥
તે સા'ય કરે કાંઈ શ્રેયમાં, કે વણ સા'યે જાય વ્યર્થ ॥૪॥

**૧.**સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનના અવતારમાં **૨.**જીવ-પ્રાણી **૩.**સમજાય; મનાય **૪.**માપમાં ન આવે તેવી **૫.**વસ્તુ-પદાર્થનો સમુહ **૬.**કમાણી કરી મેળવેલ **૭.**ઉપયોગમાં

**ચોપાઈ :**

જે જે કરે એ કલ્યાણ કાજ રે, તે તે કહું સાંભળો મહારાજ રે ॥
મેળ્યાં[1] અન્ન ધન કર્યાં ધામ રે, વસન ભૂષણ આવે કેડ્યે કામ રે ॥ ૫ ॥

વાસન વાહન ખાટ્ય પાટલા રે, ગાદી તકિયા ઓછાડ ગાદલાં રે ॥
વાવ્ય કૂવા તલાવડી ક્ષેત્ર રે, આવે અર્થ પ્રભુને એ પવિત્ર રે ॥ ૬ ॥

પર્વ[2] સદાવ્રત[3] વૃક્ષછાંઈ રે, પ્રભુ બેસે ધર્મશાળા માંઈ રે ॥
ગાય ગવા મહિષી[4] ગજ બાજ રે, હોય રથ પાલખી સમાજ રે ॥ ૭ ॥

વાંસે[5] આવે એ અર્થે હરિને રે, થાય સારું એનું તેણે કરીને રે ॥
વળી આપી હોય મહિષી ગાય રે, તેનાં દહીં દૂધ ઘી જમાય રે ॥ ૮ ॥

આપનારને એ આપ્યા તણું રે, શ્રેય[6] કે'જ્યો સમજાવી ઘણું રે ॥
વળી અસ્થિ ત્વચા ને વિષાણ[7] રે, વાળ વડે તે કે'જ્યો કલ્યાણ રે ॥ ૯ ॥

વળી સાર દાર દળ તૃણ રે, આવે હરિ અર્થે પંખા પર્ણ રે ॥
ફળ ફૂલ મૂળ રસ ફળી રે, ભાજી તરકારી ઔષધી વળી રે ॥૧૦॥

પશુ પંખી ને મનુષ્ય માંય રે,એનું આવે સેવામાં જો કાંય રે ॥
હીરા મોતી મણિ પરવાળાં રે, કંકર પથ્થર રત્ન રૂપાળાં રે ॥૧૧॥

તે મનુષ્યનાં મળેલ હોય રે, આવે એ માંયેલું અર્થ કોય રે ॥
સ્થાવર જંગમ જે કહેવાય રે, તેહ આવે હરિસેવા માંય રે ॥૧૨॥

એવી વસ્તુ અનેક પ્રકાર રે, એહ સાજ સમાજ દેનાર રે ॥
આવે હરિ હરિજન અર્થ રે, ફળ શું મળે કહો સમર્થ રે ॥૧૩॥

પ્રભુ પ્રગટ પૃથવિયે હોય રે, પણ તે સમે તે જન નો'ય રે ॥
વળી કાવ્ય કીર્તન ગદ્ય પદ્ય રે, કર્યાં કવિએ કવિત છપય છંદ રે ॥૧૪॥

અષ્ટક સ્તોત્ર ને વળી સ્તુતિ રે, કરી હોય બહુવિધે વિનતિ રે ॥

---

**૧.**ભેગાં કરેલાં **૨.**પાણીનું પરબ **૩.**અન્નક્ષેત્ર **૪.**ભેંસ **૫.**પાછળથી **૬.**ફળ-કલ્યાણ **૭.**શીંગડાં

પણ પ્રભુ પ્રગટ ન હોય રે, ના'વે એ માંયેલું અર્થ કોય રે ॥૧૫॥
કરે વિષ્ણુયાગ જપે નામ રે, તીર્થ વ્રત કરે ફરે ધામ[1] રે ॥
રાખે નીમ કરી બહુ જતન રે, તપે કરી તજી દિયે તન રે ॥૧૬॥
કર્યું હોય તે કલ્યાણ કાજ રે, પણ પ્રગટ ન હોય મહારાજ રે ॥
એનું આવે છે એ કાંઈ અર્થ રે, કે વણ મળ્યે એ છે વ્યર્થ રે ॥૧૭॥
કર્યું હોય એ કલ્યાણ સારુ રે, પણ પ્રભુ વિના પડ્યું ઉધારુ રે ॥
કરતાં કરતાં કસર ન રાખી રે, ગઈ એમાં આવરદા આખી રે ॥૧૮॥
બહુ કલ્યાણ કરવા રળ્યો[2] રે, પણ એ દેહે જોગ ન મળ્યો રે ॥
આખો જન્મ એમ ગુમાવ્યો રે, પણ દાખડો દોપે[3] ન આવ્યો રે ॥૧૯॥
પ્રભુ પ્રગટ પૃથ્વીએ નહિ રે, એની મે'નત કરે કોણ સહિ[4] રે ॥
ઘણું રળ્યો રોકડું ન મળ્યું રે, જન્મમરણનું દુઃખ ન ટળ્યું રે ॥૨૦॥
કર્યું હોય તે કલ્યાણ કાજ રે, પણ પ્રગટ ન મળ્યા મહારાજ રે ॥
કહું કેડ્યે પ્રગટે ઘનશ્યામ રે, આવે એનું કર્યું કાંઈ કામ રે ॥૨૧॥
કર્યું હોય એ શ્રદ્ધા સહિત રે, આણી ઉરે પ્રભુની પ્રતીત રે ॥
શુદ્ધ મન હોય શુદ્ધ ભાવ રે, દલમાંહિ નહિ દગા દાવ રે ॥૨૨॥
અતિ આસ્તિક મતિ છે ઉર રે, નાસ્તિક વાતથી રહે છે દૂર રે ॥
એવા જન જગતમાં જેહ રે, ન મળ્યા હરિ છૂટી ગયા દેહ રે ॥૨૩॥
કરી પુરુષ પ્રયત્ન તન તાવ્યું રે, પણ એ દેહે અર્થ ન આવ્યું રે ॥
પછી પ્રગટિયા ઘનશ્યામ રે, આવ્યું કર્યું કેડ્યે એનું કામ રે ॥૨૪॥
તેની થાય કે ન થાય મુક્તિ રે, કે'જ્યો મુક્ત વિક્ત પાડી અતિ રે ॥
જે જે પૂછી છે વાત સઘળી રે, કે'જયો વણ પૂછી પણ વળી રે ॥૨૫॥
જે જે વાત જાણ્યા માંહિ આવી રે, તે તે પૂછી તમને મેં લાવી રે ॥

**૧.**તમામ યાત્રા સ્થાનમાં **૨.**મહેનત કરી **૩.**ઉપયોગમાં **૪.**સાર્થક

કેક રહી ગઈ હોય વાંસે રે, તે પણ કે'જ્યો સુણીશ ઉલ્લાસે[1] રે ॥૨૬॥
સર્વે વાત કે'જ્યો એ સંભારી રે, સુણી રાખીશ હ્રદયે ધારી રે ॥
છે એ સહુના અર્થની વાત રે, કે'તાં સુણતાં ભાંગે સર્વે ભ્રાંત રે ॥૨૭॥
જે જે કર્યું હોય પ્રભુ સારુ રે, કે'જ્યો તેના ફળનું દેનારું રે ॥
તમ વિના કે'શે બીજું કોણ રે, નથી કે'નાર જોયું છે જોણ[2] રે ॥૨૮॥
માટે સહુ જોઈ રહ્યા સામું રે, બોલી અમૃત વેણ પૂરો હામું રે ॥
તમે દિલના છો દરિયાવ રે, માટે પૂછતા થાય છે ઉછાવ[3] રે ॥૨૯॥
પ્રશ્ન પૂછું છું હું લગાર રે, તે સમજાવો છો કરી વિસ્તાર રે ॥
ધન્ય ધન્ય દિલના દયાળ રે, ધર્મધુરંધર ધર્મપાળ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ચતુર્દશો નિર્ણયઃ ॥૧૪॥***

---

**દોહા:** મુમુક્ષુ તારા મનનું, મેં જોઈ લીધું છે જાણ ॥
સુખદાયક એ સહુના, એવા પ્રશ્ન તારા પ્રમાણ ॥૧॥
પડે પ્રતીતિ ભક્તપરોક્ષને,[4] મોક્ષનો સમજાય મર્મ[5] ॥
એવો આશય તારા ઉરનો, પરમાર્થ અર્થનો પર્મ ॥૨॥
જગ હિતકારી જાણિયો, જિજ્ઞાસુ તુને મેં જોર ॥
જે જે પૂછ્યું તેં જીભથી, તે નથી કાંઈ કનોર[6] ॥૩॥
આપું ઉત્તર હવે એહના, તેં પૂછિયું મુજને જેહ ॥
શ્રુતિ[7] દઈ હવે સુણજે, કહું સર્વે સમજાવી તેહ ॥૪॥

**ચોપાઈ :**

તેં પૂછ્યું પરોક્ષ ભક્તતણું રે,તે કહું કાંઈક થોડું ઘણું રે ॥

**૧.**હોંશે **૨.**ભવિષ્ય **૩.**ઉમંગ **૪.**જેને પ્રગટ પ્રભુ ન મળ્યા હોય તેને **૫.**રહસ્ય **૬.**અયોગ્ય **૭.**કાન=ધ્યાન

ભૂત ભવિષ્ય ને વર્તમાન રે, કહું ત્રણેની રીત નિદાન રે ॥ ૫ ॥
ભક્ત ભક્તમાંહિ ભેદ ઘણા રે, સર્વે ભક્ત ન હોય પ્રભુ તણા રે ॥
નિષ્કામ સકામ બે ભક્ત રે, તેની પણ જાણી જોઈએ વિક્ત રે ॥ ૬ ॥
**સકામ ભજે કામ સારવા રે, તાપ તન મનના નિવારવા રે ॥**
**એને અર્થે ભજે અવિનાશ રે, તે તો અર્થ સર્યા સુધી દાસ રે ॥ ૭ ॥**
**એને ભક્ત હરિના ન કૈયે રે, વાત એ પણ સમજી લૈયે રે ॥**
**સુત કલત્ર[1] દેહ સારુ રે, ભજે છે ભાવે ભક્ત હજારું રે ॥ ૮ ॥**
એનું આશ્ચર્ય નહિ કાંઈ અણું રે, સહુ સારે છે કામ આપણું[2] રે ॥
સાચા ભક્ત એને ન ભણિયે[3] રે, અર્થાઅર્થી[4] એ જન ગણિયે રે ॥ ૯ ॥
એની ભક્તિ હરિને ન ભાવે રે, એ તો પ્રાકૃત ભક્ત જો કા'વે રે ॥
સાચા ભક્તતણી ઓળખાણ રે, કહું સાંભળજે તું સુજાણ રે ॥૧૦॥
**શુદ્ધ અંતર ને શુદ્ધ આશે રે, શુદ્ધ મને પ્રભુને ઉપાસે રે ॥**
**નિષકામ કપટે રહિત રે, શુદ્ધ ભાવ શ્રદ્ધાયે સહિત રે ॥૧૧॥**
યશ કીર્તિ વધારવા લાજ રે, નહિ દંભ દેખાડવા કાજ રે ॥
નહિ ઈરષ્યા ને અમરષ[5] રે, નહિ સ્પરધા થાવા સરસ રે ॥૧૨॥
એવી રીતે જીવ જગે જેહ રે, તેનું કરેલ હોય કાંઈ તેહ રે ॥
આવે તે હરિ હરિજન અર્થ રે, તે તો કદી ન જાયે વ્યર્થ રે ॥૧૩॥
જમે અન્ન ને પે'રે વસન રે, આવે હરિ અર્થે એનું ધન રે ॥
તેણે પામે પરમ પ્રાપતિ રે, તેમાં ફેર નથી રાઈ રતિ રે ॥૧૪॥
ભૂષન વસન વાહન વળી રે, ખાદ્ય પાદ્યાદિ વસ્તુ સઘળી રે ॥
આવે પ્રગટ પ્રભુને એ કામ રે, પામે સુખનિધિ એનો શ્યામ[6] રે ॥૧૫॥
વાવ્ય કૂવા તળાવ ભુવન રે, તેના કરાવનારા જે જન રે ॥

**૧.**પત્ની **૨.**પોતાનું **૩.**કહીએ **૪.**સ્વાર્થી **૫.**અદેખાઈ; ક્રોધ **૬.**તે તે વસ્તુનો માલિક

તેહ પામે પ્રાણી પરમ ગતિ રે, પ્રભુ પ્રગટ પ્રસંગે પ્રાપતિ રે ॥૧૬॥
પિયે પાણી ના'યે નીરમાંય રે, બેસે એનાં કરેલ ઘર છાંય રે ॥
આવ્યું એનું કરેલ હરિ કામે રે, તેણે કરી એ પ્રાણી સુખ પામે રે ॥૧૭॥
ગાદી તકિયા ગાદલાં ગોદડાં રે, અવલ[1] ઓછાડ ઓસિસાં[2] રૂડાં રે ॥
તે પણ આવે જો કામ હરિને રે, સુતાં બેઠાં જાગવે કરિને રે ॥૧૮॥
તેના કરાવનારા જીવ જેહ રે, પામે પ્રભુના સુખને તેહ રે ॥
વાડી ખેત્ર પરબ સદાવ્રત રે, બાંધી ધર્મશાળા પામે મૃત[3] રે ॥૧૯॥
ગાય ગવા મહિષી ગજ બાજ રે, મેલી મરે એ સર્વે સમાજ રે ॥
પણ કેડ્યે આવે અર્થ કાંઈ રે, હરિ હરિજનની સેવા માંઈ રે ॥૨૦॥
તેણે કરીને થાય કલ્યાણ રે, તે પણ નિશ્ચે જાણજ્યે નિરવાણ[4] રે ॥
રથ વે'લ પાલખી ને મેના રે,કરાવેલ હોય જન જેના રે ॥૨૧॥
જીવ્યો ત્યાં સુધી જોગ ન મળ્યો રે,પછી સર્વે મૂકી પ્રાણી પળ્યો[5] રે ॥
મૂવો[6] મેલી એ સરવે મિરાથ[7] રે, પાછળ આવી એ પરને હાથ રે ॥૨૨॥
તેહ વડે શ્રીહરિ સેવાય રે, તેનું કલ્યાણ જરૂર થાય રે ॥
દૂધ દહીં માખણ ઘી મિસરી રે, જમ્યા હોય પ્રગટ શ્રીહરિ રે ॥૨૩॥
તેહ ગાય મહિષીની ગતિ રે, થાય પ્રભુ પ્રસંગે પ્રાપતિ રે ॥
કેનાં અસ્થિ શ્રૃંગ[8] રોમ[9] ચામ[10] રે,આવે મહાપ્રભુજીને એ કામ રે ॥૨૪॥
પામે પરમ ગતિ પ્રાણી એહ રે, હરિ અર્થે આવ્યો એનો દેહ રે ॥
સાર દાર[11] દલ તૃણ વળી રે, ફળ ફૂલ મૂલ કંદ ફળી રે ॥૨૫॥
એહ આદિ ઔષધિ જે કા'વે રે , તે જો પ્રગટ પ્રભુને અર્થે આવે રે ॥
થોડે દને સ્થાવર[12] દેહ ત્યાગી રે, થાય માનજ્યો મોક્ષનાં ભાગી રે ॥૨૬॥
વળી હીરા મોતી મણિ માળા રે, કંકર પથ્થર રત્ન પ્રવાળાં રે ॥

**૧.**ઉત્તમ **૨.**ઓશીકાં **૩.**મૃત્યુ **૪.**નિ:સંશય **૫.**ચાલ્યો **૬.**મૃત્યુ પામ્યો **૭.**સંપત્તિ **૮.**શીંગડાં **૯.**વાળ **૧૦.**ચામડું **૧૧.**લાકડું **૧૨.**વૃક્ષ, વેલી વગેરેનો

અતિ કષ્ટે કર્યાં હોય ભેળાં રે,પડ્યાં રહ્યાં એ ચાલતી વેળા રે ॥૨૭॥
એહ વડ્યે પ્રભુ જો પૂજાય રે, તેના ધણીનું કલ્યાણ થાય રે ॥
કાવ્ય કવિ કરી ગયા હોય રે, આવે શ્રીહરિ અર્થે સોય રે ॥૨૮॥
તે પણ પામે છે પરમ કલ્યાણ રે, તેનું સમજી લેજ્યે સુજાણ રે ॥
પ્રભુ પ્રગટનો પ્રસંગ રે, પામે પ્રાણધારી કોઈ અંગ રે ॥૨૯॥
તે તો પામે સહુ ભવપાર રે, તેમાં સંશય નથી જો લગાર રે ॥
એમ આદ્ય અંત્ય મધ્ય માંઈ રે, પ્રભુ વિના કલ્યાણ નહિ ક્યાંઈ રે ॥૩૦॥

***ઈતિ શ્રીકલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે પંચદશો નિર્ણયઃ ॥૧૫॥***

---

**દોહા:** મુમુક્ષુ તું મને[૧] માનજ્યે, પૂરણ આણી પ્રતીત ॥
હરિ હરિજન મળ્યા વિના, નો'ય કલ્યાણ કહું કોઈ રીત ॥ ૧ ॥
અવિચળ અવશ્ય એ વાત ખરી, કરી પુરાણમાં પ્રમાણ ॥
તેહ વિના ત્રણ લોકમાં, જુવો ઝાંખી[૨] જો જડે કલ્યાણ ॥ ૨ ॥
કંઈક તર્યા કંઈક તરશે, કંઈક તરે છે વળી આજ ॥
તે સહુનું તું સમજજ્યે, તર્યા મળ્યા જેને મહારાજ ॥ ૩ ॥
**આત્યંતિક કલ્યાણ કારણે, જાવું પ્રગટ પ્રભુને પાસ ॥**
**મોક્ષદાયક એહ મૂરતિ, કે મોક્ષદાતા એના દાસ ॥ ૪ ॥**

**ચોપાઈ :**

તેહ વિના ત્રિલોકને માંઈ રે, નથી કલ્યાણ થાવાનું ક્યાંઈ રે ॥
બ્રહ્મલોક લગી જુવો ભાળી રે, શિવલોકને જુવો સંભાળી રે ॥ ૫ ॥
જોતાં કલ્યાણ ક્યાંયે ન મળે રે, એવું સુણ્યું પુરાણ સઘળે રે ॥
યક્ષ રાક્ષસ ને રુદ્રગણ રે, તેમાં પામ્યા છે કલ્યાણ કુણ રે ॥ ૬ ॥

**૧.**મનમાં; અંતરમાં **૨.**ઝીણી નજરે

અજ ઈશથી શ્રેય ન થાય રે, ત્યારે બીજાથી કેમ કે'વાય રે ॥
મર પૂજો યજો[1] ભજો સાચું રે, પણ કલ્યાણ થાવાનું કાચું રે ॥૭॥
એવાથી પણ અર્થ ન સરે રે, તઈયે બીજા શ્રેય કોણ કરે રે ॥
શશી સૂરજ ને વળી શેષ રે, સુર સુરપતિ ને ગણેશ રે ॥૮॥
એહ મોટા દેવ જગે જાણ રે, પણ કરી ન શકે કલ્યાણ રે ॥
ત્યારે અન્ય દેવને ઉપાસે રે, કહો કલ્યાણ તે કેમ થાશે રે ॥૯॥
માટે કલ્યાણકારી સાંભળ્યા રે, એક હરિ કે હરિના મળ્યા રે ॥
સાચી વાત તું માનજે સહિ રે, એહ બેઉ વિના મોક્ષ નહિ રે ॥૧૦॥
જે જે કરે છે કલ્યાણ સારુ રે, પણ એ વિના કામ ઉધારુ[2] રે ॥
શુદ્ધ મને જો પરોક્ષ સેવશે રે, તેનું કોઈ કાળે ફળ લેશે રે ॥૧૧॥
તે પણ જ્યારે પ્રગટ હશે હરિ રે, એની ભક્તિ માનશે સાચી કરી રે ॥
તે દી પામશે પદ નિર્વાણ રે, એ પણ સમજી લેજ્યે સુજાણ રે ॥૧૨॥
પણ વિના પ્રભુને સંબંધ રે, નહિ કલ્યાણ આદ્ય અંત્ય મધ્ય રે ॥
મોટા દેવથી મુક્તિ ન થાય રે, ત્યારે મનુષ્યથી કેમ કે'વાય રે ॥૧૩॥
જેને અજ્ઞાને લીધા છે આવરી રે, મેલ્યા પંચ વિષયે વશ કરી રે ॥
કામ ક્રોધ ને લોભના ભર્યા રે, એથી કહો કોણ જન તર્યા રે ॥૧૪॥
પિંડ પોષવા સારુ પ્રપંચ રે, સજ્જ કરી રાખ્યા સર્વે સંચ[3] રે ॥
જેણે કરી આ જીવ ઝલાય રે, એવા શીખી લીધા છે ઉપાય રે ॥૧૫॥
ભણ્યા શાસ્ત્ર એ સારવા અર્થ રે, ઘણું ડાહ્યા લેવા ગૌરી[4] ગર્થ[5] રે ॥
એને પામવા પ્રપંચતણા[6] રે, બાંધ્યા મત પંથ જગે ઘણા રે ॥૧૬॥
એને પણ ઓળખી લેવા રે, હોય કૈક ભજ્યા તજ્યા જેવા રે ॥
નોય સર્વે કલ્યાણકારી રે, વાત એ પણ જોવી વિચારી રે ॥૧૭॥

---

**૧.**યજ્ઞ વડે રાજી કરો **૨.**બાકી **૩.**પદાર્થનો સંગ્રહ **૪.**સ્ત્રી **૫.**ધન **૬.**દંભ; દગાભર્યા

માટે મત પંથમાંહિ મળી રે, રખે જાતા જિયાં તિયાં ભળી રે ॥
નથી કોઈ કલ્યાણ કરનાર રે, પ્રભુ પ્રગટ વિના નિરધાર રે ॥૧૮॥
દેવસેવામાં પણ રહ્યો સંશે રે, ત્યારે બીજે કલ્યાણ કેમ હશે રે ॥
જોગી જંગમ શેખ સંન્યાસી રે, દત્ત દિગંબર વનવાસી રે ॥૧૯॥
જટા શ્વેતપટા વાળકટા રે, કંથર ભર્થર ને કાનફટા રે ॥
જંદા જૈન ટાટાંબર ખાખી રે, ભક્ત પંડિત કે' મુખે ભાખી રે ॥૨૦॥
દશા વિશા વૈરાગી ઉદાસી રે, ગોરખ[૧] ગોદડ[૨] શ્રવણ ઉપાસી રે ॥
દાદુ કબીર ગુરુ ગોસાંઈ રે, દંડી મુંડી ને સૂથરા સાંઈ રે ॥૨૧॥
કુંડ ઢુંઢ ને ઊંડા અઘોરી રે, શૂન્યવાદી વેદાંતિ મુસોરી રે ॥
એહ વિના બીજા બહુ ગુરુ રે, તેમાં માન્યું છે કલ્યાણ ખરું રે ॥૨૨॥
તેને કોણ કરે આજ ખોટા રે, પણ દેવથી એ નહિ મોટા રે ॥
કોણ સમજે આ વાતનો મર્મ રે, સૌએ સત્ય માન્યો નિજધર્મ રે ॥૨૩॥
લૂંટી આંધળે બેરે બજાર રે, તેનો કોયે ન કર્યો વિચાર રે ॥
જોજ્યો પ્રભુઘેરે તમ મોટું રે, થયા ક્લ્યાણકારી ગુરુ કોટું રે ॥૨૪॥
એહ ગુરુ ને ગુરુના શિષ્ય રે, તેહ ઉપર કરે હરિ રીસ રે ॥
કહે જુવો અજ્ઞાની જન રે, સહી વાત સમજ્યા છે મન રે ॥૨૫॥
જેને નથી ખબર કોય ખરી રે, થયા ગુરુ વરુ[૩] કહે હરિ રે ॥
વાત સર્વે માનજ્યો સાચી રે, માટે રખે રે'તા એમાં રાચી[૪] રે ॥૨૬॥
જે જે કે'વાનું હતું તે કહ્યું રે, નથી કેડ્યે કે'વા કાંઈ રહ્યું રે ॥
સત્ય માની મુમુક્ષુ મને રે, સુણી જાળવી રાખે જતને રે ॥૨૭॥
ભવમાં[૫] છે ભુલવણી ભારે રે, માટે કહ્યું તુંને વારેવારે રે ॥
જે જે પૂછ્યા હતા તેં પ્રશ્ન રે, તે તે કહ્યા મેં જિજ્ઞાસુ જન રે ॥૨૮॥

**૧.**ગોરખપંથી **૨.**ગોદડપંથી **૩.**મોક્ષને બગાડનારા **૪.**વળગી **૫.**આ સંસારમાં

જે કોઈ સાંભળી સમજશે સમું રે, તેને ટળશે વિકટ વસમું રે ॥
કહ્યું જે જે પૂછ્યું તે તે કથી રે, જે મેં કહ્યું તેમાં જૂઠું નથી રે ॥૨૯॥
સાચી વાત છે શાસ્ત્ર પુરાણે રે, સમજી લખ્યું છે સંત શિયાણે[1] રે ॥
સુણી અનઘ[2] પામશે આનંદ રે, નિશ્ચે કે'એમ નિષ્કુળાનંદ રે ॥૩૦॥

***ઈતિ શ્રી કલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે ષોડશો નિર્ણયઃ ॥૧૬॥***

---

**દોહા:** મુમુક્ષુ કહે મન માહે રે, નથી રહી કસર કાંઈ ॥
સંશય સર્વે શમી ગયો, સુણી વચન તમારાં સુખદાઈ ॥ ૧ ॥
વચને વચને મેં વિચારિયું, તેમાં જોયું તમારું મેં તાન ॥
હરિ હરિજન વણ મળ્યે, નો'ય નિર્ભય જન નિદાન ॥ ૨ ॥
પ્રભુ પ્રગટનું નથી પૂછતો, પૂછું છું પ્રભુના મળેલ ॥
એક રહ્યા વા'લાના વચનમાં, એક વચનમાંથી ટળેલ ॥ ૩ ॥
એ બેઉનાં વચન બરોબરી, કે અધિક ન્યૂન છે એહ ॥
મુમુક્ષુને કેમ માનવું, એહ મટાડિયે સંદેહ ॥ ૪ ॥

**ચોપાઈ :**

મો'રે બેઉ હતા હરિદાસ રે, રે'તા પ્રગટ પ્રભુને પાસ રે ॥
બેઉ સરખા માનતા વચન રે, રહેતા આજ્ઞામાં રાત દન રે ॥ ૫ ॥
તેમાં એક હતો આત્મજ્ઞાની રે, બીજો ઊંડો અતિ અભિમાની રે ॥
આત્મજ્ઞાનીને માન ન આવે રે, દેહમાની માને સુખ પાવે રે ॥ ૬ ॥
તે તો માન મળે કે ન મળે રે, ત્યારે અંતરમાં રહ્યો બળે રે ॥
ઘણું ઘુઘવતો રહે ધોખે રે, પછી પ્રભુજીથી પડ્યો નોખે રે ॥ ૭ ॥
બીજે જઈ બાંધે બીજો મત રે, કહે સત્સંગને તે અસત્ય રે ॥

---

**૧.**સમજુ; જ્ઞાનીપુરુષે **૨.**નિષ્પાપ; શુદ્ધ ભક્તો

જે જે શીખ્યો'તો સંતની સાથ રે, તે તે હથિયાર આવ્યાં હાથ રે ॥ ૮ ॥
કરે વાત વડાઈની ઘણી રે, તેમાં જણાવે મોટ્યપ પોતાતણી રે ॥
બહુ વાત કરે છે બનાવી રે, રૂડી લાવન[1] લલિત[2] લાવી રે ॥ ૯ ॥
બોલે મુખથી મીઠાં વચન રે, કરે જનનાં મન રંજન[3] રે ॥
બહુ દેખાડે નિશ્ચયનું જોર રે, પણ હોય પ્રભુજીના ચોર રે ॥૧૦॥
વર્તતા હોય વચન વિરોધે રે, એવા થકા બહુ જીવ બોધે[4] રે ॥
તેહ જીવ તરે કે ન તરે રે, કે'જ્યો સમજાવી સંશયને હરે રે ॥૧૧॥
હોય હરિના મળેલ ખરા રે, પણ વચન ન માને જરા રે ॥
વરતે પોતે વચનથી બા'ર રે, તેની ખોટ્ય ન માને લગાર રે ॥૧૨॥
થયો પ્રભુથી પોતે વિમુખ રે, માન્યું પામ્યો પૂરણ હવે સુખ રે ॥
કે'છે બીજાઓને કોરે[5] તેડી રે, હું તો નીસર્યો છઉં ભાંગી બેડી[6] રે ॥૧૩॥
એવી ફરી ગઈ હોય બુદ્ધિ રે, તે તો ક્યાંથી કરે વાત સુધી રે ॥
ઊંધી વાતે રાખ્યા જીવ રુંધી રે, રહ્યા અભાગી એમાં વળૂંધી[7] રે ॥૧૪॥
એનું કલ્યાણ થાય કે ન થાય રે, કે'જ્યો સમજાવી સંશય જાય રે ॥
કહ્યું કલ્યાણ હરિ હરિદાસે રે, માટે મેં પૂછ્યું તમારે પાસે રે ॥૧૫॥
એવું સાંભળી બોલ્યા મુક્ત રે, સુણ્ય જિજ્ઞાસુ તેની વિગત રે ॥
જે જે કહ્યાં હરિયે વચન રે, તેમાં રહે જિયાં લગી જન રે ॥૧૬॥
તિયાં લગી તારે જીવ બહુ રે, પામે હરિના ધામને સહુ રે ॥
જ્યારે નીસરે વચનથી બા'રે રે, ત્યારે પોતે ન તરે ન તારે રે ॥૧૭॥
જેમ જળ બા'ર થયું જા'જ રે, તઈયે તર્યા તારવાની નાજ રે ॥
શક્કો[8] તજીને ચાલે સિપાઈ રે, તેનો ન ચાલે હુકમ કાંઈ રે ॥૧૮॥
છડી પડી મૂકી છડીદાર રે, કરે હજત[9] તો ખાય માર રે ॥

૧.નમ્રતા; મધુરતા ૨.સુંદર ૩.ખુશ ૪.સમજાવે; ઉપદેશે ૫.એકબાજુ; ખાનગી સ્થળે ૬.મર્યાદારૂપી બંધનને ૭.વળગી; જોડાયેલા ૮.પહેરવેશ; યુનિફોર્મ ૯.હુકમ

કોટ બા’ર નીસરે શાહુકાર રે, બહુ લૂંટાય કુટાય બા’ર રે ॥૧૯॥
**તેમ સંત વચન જો ત્યાગે રે, તેને કાળ માયાનું લારું[1] લાગે રે ॥**
**બીજાને તો ક્યાં થકી તારે રે, પડ્યું પોતાનું પણ ઉધારે રે ॥૨૦॥**
ખાધી ખોટ્ય મોટી થયો ખુવાર[2] રે, કરે છે બીજાને ભાગદાર રે ॥
હોય મૂરખ તે માને એનું રે, નથી ઠોર[3] ઠેકાણું[3] જ જેનું રે ॥૨૧॥
એવાનો તો સંગ તજી દેવો રે, એનો ઉપદેશ પણ ન લેવો રે ॥
નથી મુખ એનું જોયા જેવું રે, દર્શ સ્પર્શ એનું તજી દેવું રે ॥૨૨॥
એની વાત જાણો લાળ વ્યાળ[4] રે, જેવી હડકાયા શ્વાનની લાળ રે ॥
એને પ્રસંગે પામિયે દુઃખ રે, કરે વિમુખ મળી વિમુખ રે ॥૨૩॥
એની વાતને ઓળખી લેવી રે, ન માનવી સાચા સંત જેવી રે ॥
વચન એનાં છે વિષ[5] સમાન રે, તેને કે દી દેવા નહિ કાન રે ॥૨૪॥
કોઈ કાયર થઈ રહે કોરે રે, બોલે પોતાનું પોતે ન જોરે રે ॥
કહે સંતની મોટપ્ય ઘણી રે, પોતે કહે ખોટ્ય પોતા તણી રે ॥૨૫॥
એવો હોય કોઈ હરિજન રે, તેનાં સાધારણિક વચન રે ॥
એને સુણે નહિ સાર અસાર રે, વચન વિમુખનાં દુઃખ દેનાર રે ॥૨૬॥
માટે સાચા સંતનાં જે વેણ રે, સહુ જનને છે સુખ દેણ રે ॥
જે જે ઉચ્ચાર એના મુખનો રે, તે તો દેનાર સૌને સુખનો રે ॥૨૭॥
મન કર્મ ને વચને કરી રે, એહ વાત માની લેજ્યો ખરી રે ॥
કહ્યું કલ્યાણનિર્ણય કથી રે, ખરી વાત છે એ ખોટી નથી રે ॥૨૮॥
શુદ્ધ મુમુક્ષુ શોધશે સાર રે, કરી અંતરે ઊંડો વિચાર રે ॥
ગાફલને તો નહિ પડે ગમ રે, નીર[6] ક્ષીર[7] સમજશે સમ રે ॥૨૯॥
તેને ઉપર નથી આ વાત રે, સમજુ સમજજ્યો સાક્ષાત રે ॥

**૧.**લફરું; બંધન **૨.**પાયમાલ **૩.**નક્કી સ્થાન **૪.**સર્પની **૫.**ઝેર **૬.**પાણી **૭.**દૂધ

સમું સમજતાં પામશો પાર રે, કહે નિષ્કુળાનંદ નિરધાર રે ॥૩૦॥

***ઈતિ શ્રીકલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે સપ્તદશો નિર્ણયઃ ॥૧૭॥***

---

## પદ રાગ : ધોળ

સાચેસાચું કહેશું, હરિ રાખે તેમ રહેશું રે...ટેક૦

ખરાખરું કહેશું ખોળી, શીદ કરિયે વાત મોળી રે.સાચે૦ ॥
કહું કલ્યાણને માંઈ, કસર રાખશો મા કાંઈ રે.સાચે૦ ॥ ૧ ॥

**જાણો જેની તેની વાતે, નથી કલ્યાણ કોઈ ભાતે રે.સાચે૦ ॥**
**સાચા મળ્યા વિના સાચું, થાવા કલ્યાણનું કાચું રે.સાચે૦ ॥ ૨ ॥**

ખોટા સંગે દન ખોયે, જેમ રણમાંહિ રોયે રે.સાચે૦ ॥
થયા કપટીના વેચાણ, ભાંગ્યું મહાદરિયે વા'ણ રે.સાચે૦ ॥ ૩ ॥

જાણી જોઈ ઝેર ખાયે, તેમાં સુખી ક્યાંથી થાયે રે.સાચે૦ ॥
એમ પાપીને ઉપદેશે, પાપ પેટમાંઈ પેસે રે.સાચે૦ ॥૪॥

જાણો ધંતુરાને બીજે, ખાઈ સુખ શાનું લીજે રે.સાચે૦ ॥
તેમ ખોટા ગુરુ કરતાં, પાર ના'વે ભવ ફરતાં રે.સાચે૦ ॥ ૫ ॥

લાડુ મસાણને મધ્ય, નો'ય એલચીની ગંધ્ય રે.સાચે૦ ॥
વોરી[1] વીંછી વરુ વ્યાળા, કોઈ નો'ય જો સુખાળા રે..સાચે૦ ॥ ૬ ॥

એવા પાપીને પરહરિયે, સંગ સ્વપ્ને ન કરિયે રે.સાચે૦ ॥
ખાંત્યે વિખફળ[2] ખાવે, તેણે સુખ શાનું આવે રે.સાચે૦ ॥ ૭ ॥

ચાલે ચોરને સંગાથે, માર ખાવાનો છે માથે રે.સાચે૦ ॥
એવા પ્રભુના જે ચોર[3], તેને મેલો ડાબી કોર રે.સાચે૦ ॥ ૮ ॥

---

**૧.**ખરીદીને ભેગા કરવાથી **૨.**ઝેરી ફળ **૩.**અધર્મી ગુરુ

કોટે બાંધી કાળાપા'ણા, કોઈ ન તર્યા શિયાણા[૧] રે.સાચે૦ ॥
દૂધ ખરસાણીની[૨] ખીરે, ખાધે સુખ શું શરીરે રે.સાચે૦ ॥૯॥
એવા નકારાને[૩] સંગે, આવે દુઃખ અતિ અંગે રે.સાચે૦ ॥
ગણો ગધેડાની ગાય, ધોયે[૪] ધફોયે[૫] ન થાય રે.સાચે૦ ॥૧૦॥
નપુંસક નરને પરણી, નારી નહિ પામે અઘરણી[૬] રે.સાચે૦ ॥
તેમ ખોટા ગુરુ કરી, કેમ જાશે ભવ તરી રે.સાચે૦ ॥૧૧॥
**ભવજળ તરવા કાજ, સાચા સંતનો સમાજ રે.સાચે૦ ॥**
**ખોટા સંગે ખોટ્ય આવે, બાંધ્યા પા'ણા તે બુડાવે રે.સાચે૦ ॥૧૨॥**
એની અધોગતિ અતિ, નથી એની ઊર્ધ્વ ગતિ રે.સાચે૦ ॥
માટે ઓળખીને લેવું, જ્યાં ત્યાં ઝલાઈ ન રે'વું રે.સાચે૦ ॥૧૩॥
ચોખી ચોળાફળી જાણી, ખાયે નહિ ખરસાણી રે.સાચે૦ ॥
ગાય મહિષી વરોળ્યે,[૭] ક્યાંથી વલોણું વલોવ્યે રે.સાચે૦ ॥૧૪॥
એવા ગુરુ જ્ઞાન હીણા, તે તો કાળના ચવિણા રે.સાચે૦ ॥
જળ જાહ્નવીનું જાણી, પિયે નહિ મઉ[૮] પાણી રે.સાચે૦ ॥૧૫॥
આંબ જાણી આક[૯] ફળ, ખાધું પડી નહિ કળ[૧૦] રે.સાચે૦ ॥
તેમ પાપી ગુરુ મળ્યે, સુખ શાંતિ ક્યાંથી વળે રે.સાચે૦ ॥૧૬॥
અઘ ગુરુનાં એ એંધાણ, તમે સાંભળો સુજાણ રે.સાચે૦ ॥
હોય દલમાં દોંગાઈ,[૧૧] માને મોટો મનમાંઈ રે.સાચે૦ ॥૧૭॥
ધર્મ નીમ ભક્તિ હીણ, જાણે છૈયે પ્રવીણ રે.સાચે૦ ॥
કુટિલતા ને કૂડ કપટ, દગા દલમાં દોવટ[૧૨] રે.સાચે૦ ॥૧૮॥
ઝાઝી અંતરમાં જાળું,[૧૩] વિષયસુખની વિકરાળું રે.સાચે૦ ॥

---

**૧.**ડાહ્યા **૨.**એક પ્રકારનો થોર **૩.**દુષ્ટ પુરુષોનાં **૪.**નવરાવવાથી **૫.**ધૂળનો ઢગલોયે **૬.**ગર્ભાધાન-પુત્ર **૭.**જેને હવે પ્રસુતિ થાય નહિ તેવી **૮.**હલકું; ગંદું **૯.**આકડાનું **૧૦.**ખબર **૧૧.**દંભ; ઉદ્ધતપણું **૧૨.**બમણા **૧૩.**બીજાને છેતરવાની યુક્તિઓ

ભીતર માંઈ તો ભડકા, વિષય સારુ નાખે વડકાં[૧] રે .સાચે૦ ॥૧૯॥
ભાયો એવાને ભરોંસે, રહેશે તેને દુઃખ થાશે રે .સાચે૦ ॥
માટે વિચારવું ઊંડું, એને થયે થાય ભૂંડું રે.સાચે૦ ॥૨૦॥
નાગ વાઘ બલાખારી, તે તો કેનાં હિતકારી રે.સાચે૦ ॥
કાગ બાજ ને બલાઈ, તેથી ન થાય ભલાઈ રે.સાચે૦ ॥૨૧॥
એમ દુષ્ટ ગુરુ દુઃખદાઈ, માની લેજ્યો મનમાંઈ રે .સાચે૦ ॥
એવા ગુરુ સંત જગે, માંડી છે ઠગાઈ ઠગે રે.સાચે૦ ॥૨૨॥
લઈ શિષ્યનું સરવસ, કરી લીધા પોતાને વશ રે.સાચે૦ ॥
બહુ દિલમાંહી દગા, તે તો ન હોય કેના સગા રે .સાચે૦ ॥૨૩॥
એને અજાણ્યે આશરે, તેનું ભારે ભૂંડું કરે રે.સાચે૦ ॥
માટે કરવો સાચો સંગ, જેથી રહી જાય રંગ રે .સાચે૦ ॥૨૪॥
**સાચા હરિ ગુરુ કહિયે, જેથી પરમપદ લહિયે રે .સાચે૦** ॥
**કૈવલ્ય[૨] પ્રાપ્તિના દાતા, નથી બીજાને કહેવાતા રે .સાચે૦** ॥૨૫॥
બીજા બહુ છે બકાલી,[૩] બાંધી બેઠા ઢુંગ[૪] ઢાલી રે .સાચે૦ ॥
જેમ કાખના મવાળા, સર્વે સરખા ધોળા કાળા રે .સાચે૦ ॥૨૬॥
શાણા જાણી કરિયે સંગ, સુંવાળા પણ છે ભોયંગ[૫] રે .સાચે૦ ॥
હોય રૂડી હીરાકણી, પણ ખાધે વ્યાધિ ઘણી રે.સાચે૦ ॥૨૭॥
એમ બા'રે દીસે રૂડા, પણ અંતરમાં કૂડા રે.સાચે૦ ॥
એવા જગે ઘણા ધૂતા,[૬] જીવ લેવા જમદૂતા રે.સાચે૦ ॥૨૮॥
ભડવા કેના ભરથાર, વેશ્યા કેની કુળનાર રે.સાચે૦ ॥
એવા બગડેલ બેહાલ, કેને ન કરે નિહાલ રે.સાચે૦ ॥૨૯॥
મળ્યા સો મોટલિયા[૭] થાય, પણ શેઠ ન કહેવાય રે .સાચે૦ ॥

**૧.**ક્રોધ કરીને બોલે **૨.**આત્યંતિક મોક્ષ **૩.**અણઘડ; બેકાર **૪.**ઢોંગ **૫.**સાપ **૬.**છેતરનારા **૭.**નોકર

શેઠ હોય ધનવાન, ઘેરે સુખના સામાન રે.સાચે૰ ॥૩૦॥
માટે સાચા શેઠ હરિ, પળમાં મૂકે સુખી કરી રે.સાચે૰ ॥
અલૌકિક સુખ લોકે, જન ભોગવે વિલોકે[1] રે.સાચે૰ ॥૩૧॥
છતી દેહે પામે ધામ, વળી થાય પૂરણકામ રે.સાચે૰ ॥
એવી રીત હોય જિયાં, જાણો પ્રભુ પોતે તિયાં રે.સાચે૰ ॥૩૨॥
કથા આ છે કલ્યાણકારી, સહુ લેજ્યો હૈયે ધારી રે.સાચે૰ ॥
એમ સમજે ટળશે ફંદ, નિશ્ચે કે' નિષ્કુળાનંદ રે.સાચે૰ ॥૩૩॥

*ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિવિરચિતે કલ્યાણનિર્ણયમધ્યે મુક્તમુમુક્ષુ સંવાદે અષ્ટાદશો નિર્ણયઃ ॥૧૮॥*

# *કલ્યાણનિર્ણયઃ સમાપ્તઃ*

૧.દર્શન કરીને

# અવતાર ચિંતામણિ

## :: ભૂમિકા ::

આપણા ઈષ્ટદેવ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને આ પૃથ્વી ઉપર અસંખ્ય અવતારો દ્વારા અનેક કાર્યો કર્યાં છે. તે અવતાર કાર્ય અલગ-અલગ શાસ્ત્રોમાં આલેખાયાં છે. સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ **'અવતાર ચિંતામણિ'** નામના ગ્રંથમાં કુલ ૩૦ અવતારો તથા એકત્રીશમા સર્વાવતારી શ્રીહરિના અવતરણની ટૂંકમાં લીલા વર્ણવી છે. આ ગ્રંથની કુલ ૩૩ ચોપાઈ છે.

આ ગ્રંથ વડે સર્વોપરી શ્રીહરિએ અવતારો દ્વારા વાપરેલી સામર્થીને જાણવાથી ઈષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાનનો મહિમા વધે છે. તથા અવતાર લીલાનું સ્મરણ થાય છે.

***આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર ।***
***પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ ॥*** (૩૨)

આ ગ્રંથનું તાત્પર્ય શ્રીસ્વામિનારાયણ ભગવાન અવતાર નહીં પણ સર્વનું કારણ અવતારી જ છે એટલું જણાય છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# અવતાર ચિંતામણિ

**ચોપાઈ :**

**મતપંથ પર ડંકા દીધા,[1] દૈવી જીવ ધામે વાળી લીધા ॥**
**મુમુક્ષુ જન તાર્યા અનેક, એવા તો સ્વામિનારાયણ એક ॥ ૧ ॥**

ચાલ્યો પાણીમાં પર્વત પોતે, દેવ દૈત્ય પામ્યા દુઃખ જોતે ॥
ત્યારે કચ્છ રૂપે થૈ અકળ, ધર્યો પીઠ પર મંદ્રાચળ ॥ ૨ ॥

ધારી વરાહરૂપ દયાળ, રાખી પૃથવી જાતી પાતાળ ॥
વળી માર્યો હિરણ્યાક્ષ જેહ, કર્યા ચરિત્ર ઈત્યાદિ તેહ ॥ ૩ ॥

વામન રૂપ ધરી મહારાજ, બળિ છળ્યો ઈન્દ્રરાજ કાજ ॥
વપુ વધારીને વિશ્વ લીધું, પછી બળિને વરદાન દીધું ॥ ૪ ॥

---

**૧.**વિજય મેળવ્યો. અધર્મ ઉત્થાપી ધર્મ સ્થાપ્યો.

## અવતાર ચિંતામણિ

ધર્યું કપિલતન માત કાજ,[૧] કહ્યું સાંખ્યતત્ત્વ મુનિરાજ ॥
ધર્મ જ્ઞાન વૈરાગ્ય ને ભક્તિ, કહ્યું માતા પ્રત્યે સાંખ્ય અતિ ॥ ૫ ॥
જ્યારે હરિ અવતાર ધાર્યો, ત્યારે ગ્રાહથી[૨] ગજ ઉગાર્યો ॥
ઋષિ બેઉના શાપેથી એહ, ગજ ગ્રાહ થયા હતા તેહ ॥ ૬ ॥
વળી ધરી તન ભગવાન, દીધું ધ્રુવને પોતે વરદાન ॥
એહ ધ્રુવાવતાર જાણો, થયા તપે રાજી પરમાણો ॥ ૭ ॥
વળી કહું અવતાર એક, તેમાં જાણવો અતિ વિવેક ॥
અતિ પૃથવી દોહન કર્યું, જ્યારે પોતે પૃથુતન ધર્યુ ॥ ૮ ॥
થઈ આપે દત્તાત્રેય નાથ, કર્યા યદુ હૈહય[૩] સનાથ ॥
ભજે રાત દિન જિહ્વાએ દત્ત,[૪] તેનાં વળે ચોરાશીનાં ખત[૫] ॥ ૯ ॥
થયા હરિ હંસરૂપ જેવા, બ્રહ્મા નારદને જ્ઞાન દેવા ॥
પૂછ્યું બ્રહ્માને સનકાદિકે, હંસે[૬] ઉત્તર કર્યો વિવેકે ॥૧૦॥
વળી નૃસિંહતન ધારી નાથે, હણ્યો હિરણ્યકશિપુને હાથે ॥
કર્યું પ્રહ્લાદનું પ્રતિપાળ, દાસત્રાસ નિવાર્યો દયાળ ॥૧૧॥
જ્યારે ઋષભરૂપે પોતે થયા, પુત્ર બોધી[૭] પરમહંસ રહ્યા ॥
પરમહંસની રીત દેખાડી, તેને અજ્ઞાની[૮] લિયે છે આડી[૯] ॥૧૨॥
વળી યજ્ઞાવતાર ધારી, હરિ ત્રિલોકપીડા નિવારી ॥
કર્યું સુખ સહુને તે અતિ, માટે કરવી પ્રભુને વિનતિ ॥૧૩॥
વળી બળભદ્રરૂપ ધારી, માર્યો દ્વિવિદ વાનર[૧૦] ભારી ॥
બીજા પણ કામ કર્યાં જેહ, હસ્તિનાપુર આદિ કહિયે તેહ ॥૧૪॥
કુમારાદિક[૧૧] રૂપને ધારી, આત્મતત્ત્વની વાત વિસ્તારી ॥

**૧.**માતા દેવહૂતિ માટે **૨.**મગરથી **૩.**સહસ્રાર્જુન **૪.**દત્તાત્રેય ભગવાનનું નામ **૫.**ખાતા; ફેરા **૬.**હંસાવતાર પ્રભુએ **૭.**(૧૦૦ પુત્રોને)ઉપદેશ આપી **૮.**કર્મવાદી જૈનો **૯.**અવળી-કર્મ જ મોક્ષનું કારણ છે એવી **૧૦.**આ નામનો આસુરી વાનર **૧૧.**સનકાદિક

ધર્મ પાળી ભજે જેહ જન, તે પર રાજી થાય ભગવન ॥૧૫॥
વળી હયગ્રીવ તનને ધારી, વેદમય વાણીઓ ઉચ્ચારી ॥
મધુ કૈટભાદિક અસુર, માર્યા પોતે તે મહા કરુર ॥૧૬॥
વળી નારદનું તન લહ્યું, નૈષ્કર્મ્ય સાત્વતતંત્ર[1] કહ્યું ॥
રાજાસુત જે સાઠ હજાર, દઈ જ્ઞાન કર્યા ભવપાર ॥૧૭॥
વળી રામરૂપ થઈ રાજ, માર્યો રાવણ બાંધી સિંધુપાજ[2] ॥
એવાં અનેક ચરિત્ર કરી, આવ્યા અયોધ્યામાં પોતે હરિ ॥૧૮॥
પોતે ધરી કૃષ્ણ અવતાર, માર્યા દાનવ દૈત્ય અપાર ॥
નિજ શરણાગતનાં દુઃખ કાપ્યાં, થઈ રાજી અચળ સુખ આપ્યાં ॥૧૯॥
વળી ધરી વ્યાસ અવતાર, કર્યા એક વેદ વદી ચાર ॥
કર્યા વળી અઢાર પુરાણ, તેને જાણે તે ડાહ્યા સુજાણ ॥૨૦॥
બુદ્ધજીએ તે બોધ જ આપી, કલ્યાણની જડ[3] નાખી કાપી ॥
છળી અસુરને તેહ વારે, કરી દેવરક્ષા એ પ્રકારે ॥૨૧॥
વળી ધન્વંતરી તન ધારી, ટાળ્યો રોગ આયુષ્ય વધારી ॥
દીનબંધુ એ દીનદયાળુ, કર્યું સર્વ જગતને સુખાળું ॥૨૨॥
ધર્યું મોહિનીરૂપ અકળ, જોઈ અસુર થયા વિકળ[4] ॥
પાતાં અમૃત રાહુ શિર છેદ્યું, વળી શિવજીનું વ્રત ભેદ્યું ॥૨૩॥
પોતે ધરી પુરુષ અવતાર, બ્રહ્મા આદિ રચ્યો આ સંસાર ॥
તેમાં દૈવી જીવ પામે સુખ, આસુરી જીવ ભોગવે દુઃખ ॥૨૪॥
વળી નારાયણ તપ કરતા, કામ ક્રોધ લોભ મદ હરતા ॥
કરે તપ પોતે અતિ પ્યારુ, નિજજનના સુખને સારુ ॥૨૫॥

---

**૧.**"નારદ પંચરાત્ર" નામનું શાસ્ત્ર **૨.**દરિયા પર પૂલ **૩.**મૂળ **૪.**મોહાંધ

વળી પ્રશ્નિગર્ભ[1] અવતારે, આપ્યું માબાપને સુખ ત્યારે ॥
જો કોઈ પ્રાણી પ્રભુશરણે થાય, તેનાં જન્મમરણ દુઃખ જાય ॥૨૬॥

સહુના અંતરમાં રહ્યા જેહ, એને વાસુદેવ કહિયે તેહ ॥
કર્મ પ્રમાણે સુખ દુઃખ આપે, નિજજનનાં મહાદુઃખ કાપે ॥૨૭॥

ધરી મન્વંતર અવતાર, કરે મનુની રક્ષા તે વાર ॥
એવા અનંત અવતાર થાય, તોય પોતે અજન્મા કે'વાય ॥૨૮॥

ધરી પરશુરામ અવતાર, હણ્યા ક્ષત્રી એકવિશ વાર ॥
સહસ્રાર્જુને બહુ દુઃખ દીધું, ત્યારે એમણે એ કામ કીધું ॥૨૯॥

વળી મત્સ્ય થઈને મુરારિ, વેદ વાળ્યા[2] શંખાસુર મારી ॥
કહ્યું પોતે પણ પરસિદ્ધિ, રાજા સત્યવ્રતની રક્ષા કીધી ॥૩૦॥

કળિ અંતે કલ્કી જે થાશે, તેને ભજી કંઈક રાજી થાશે ॥
પણ વર્તમાન કાળે આજ, સ્વામિનારાયણથી થાય કાજ ॥૩૧॥

**આદ્ય મધ્ય અંત્યે અવતાર, થયા અગણિત થાશે અપાર ॥**
**પણ સર્વેના કારણ જેહ, તે તો સ્વામી સહજાનંદ એહ ॥૩૨॥**

અહીં તો એકત્રિશ કહ્યા છે, ઝાઝા બીજા ગ્રંથોમાં રહ્યા છે ॥
ધર્મ ભક્તિની રક્ષા કાજ, આવ્યા નિષ્કુળાનંદ કે' મહારાજ ॥૩૩॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતઃ અવતારચિંતામણિઃ સંપૂર્ણઃ ।***

# ***અવતારચિંતામણિઃ સમાપ્તઃ***

**૧.**ભગવાનના એક અવતારનું નામ છે **૨.**બચાવ્યા

# ચિહ્ન ચિંતામણિ

**:: ભૂમિકા ::**

સર્વોપરી પુરુષોત્તમ શ્રીહરિના ચરણોમાં સોળ ચિહ્નો હતાં. તે દરેકનું ધ્યાન-ચિંતન કરવાનું ફળ આ ગ્રંથમાં અદ્‌ભુત રીતે દર્શાવ્યું છે.

આ ગ્રંથમાં કુલ સોળ દોહા છે.

પ્રભુપદ ચિહ્ન પ્રતાપશું, વ્યાપત નહિ વિકાર ।
ત્રિકોણ ચિહ્નકું ચાહિતે, ત્રિવિધ તાપ તે જાય ॥ (૮)

દોનું પાવે દેખતે, આવત હે આનંદ ।
ઊર્ધ્વરેખાકે ઉપરી, વારી નિષ્કુળાનંદ ॥ (૧૬)

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# ચિહ્ન ચિંતામણિ

**દોહા :**

સંત સરાહત[1] સ્વસ્તિકું, જાતે હોત કલ્યાન ॥
દક્ષન[2] પગ સો દેખિયે, પ્રગટ ચિહ્ન પ્રમાન ॥ ૧ ॥
અષ્ટકોણ અવલોકતે, કષ્ટ મિટત હે કોટ[3] ॥
અંતર આનંદ ઊપજે, લગે ન કાળકી ચોટ ॥ ૨ ॥
કેતુ[4] હેતુ[5] સંતકે, રહત પવન આધાર ॥
તેસે સંતશિરોમણિ, ચલત આજ્ઞાનુસાર ॥ ૩ ॥
જન જોવત જેહિ જવકું, તેહિ પિંડ ના પરસે[6] પાપ ॥

**૧.**વખાણે **૨.**જમણો **૩.**કરોડો **૪.**ધજા **૫.**હિતકારી **૬.**સ્પર્શે

સદા મુદા[1] મન પાવહિ,[2] અંતર સુખ અમાપ ॥૪॥
કરત વશ અંકુશ કરી, મનમેંગળ[3] મગરૂર[4] ॥
વારી ફેરી[5] લેત હે, હરિ ચરણે હજુર ॥૫॥
જિન[6] જાન્યો રસ જાંબુકો, સરવે રસમહિ સાર ॥
અન્ય રસકી ઈચ્છા ટરી,[7] નીરસ ભયો સંસાર ॥૬॥
વજ્ર નજર વિલોકતે, નિર્ભય ભયે જન નેક ॥
કાળ કર્મકી કલ્પના, છૂટી અંતરસે છેક ॥૭॥
નીર ન લોપે કમળકું, તેસે સંત સંસાર ॥
પ્રભુપદ ચિહ્ન પ્રતાપશું, વ્યાપત નહિ વિકાર ॥૮॥
ત્રિકોણ ચિહ્નકું ચાહિતે,[8] ત્રિવિધ તાપ તે જાય ॥
વસત સદા પદ વામમેં,[9] સંત હરન સંતાપ ॥૯॥
ચંચળ મીન[10] પ્રવીન હે, નીરમેં ફરત નિદાન ॥
જક્ત વિરક્ત રહત હે, તેસે સંત સુજાન ॥૧૦॥
સોમ[11] સદા શીતલ કરે, યાકી યાહે રીત ॥
દાજત નહિ તેહિ દિલમેં, જેહિ ચિંતવત હે ચિત્ત ॥૧૧॥
ગોપદમેં યા ગુન હે, જેહિ ચિંતવત હે જન ॥
અપાર એહ સંસારકું, તુરત કરત ઉલ્લંઘન ॥૧૨॥
ધનુષ જે જન ચિંતવે, તે પર રીઝે અવિનાશ ॥
કામ ક્રોધ મદ લોભકો, તુરત હોત વિનાશ ॥૧૩॥
વેર વેર[12] જન વ્યોમકું,[13] દેખત હે જેહિ દાસ ॥
અટકત નહિ આવરનમેં,[14] એહિ ગુન આકાશ ॥૧૪॥

**૧.**આનંદ **૨.**પામે **૩.**મનરૂપી હાથી **૪.**મદોન્મત્ત **૫.**જ્યાં જાય ત્યાંથી પાછું વાળી **૬.**જેણે **૭.**ટળી; નાશ થઈ **૮.**પ્રેમથી ચિંતવવાથી **૯.**ડાબામાં **૧૦.**માછલી **૧૧.**અર્ધચન્દ્ર **૧૨.**વારંવાર **૧૩.**આકાશને **૧૪.**આઠ આવરણમાં

કળશકી મેં ક્યા કહું, સબ પર રહત સદાય ॥
યાકું[૧] ઉરમેં ધારતે, કરનાં રહે ન કાંય ॥૧૫॥
દોનું પાવે[૨] દેખતે,[૩] આવત હે આનંદ ॥
ઊર્ધ્વરેખાકે ઉપરી, વારી નિષ્કુળાનંદ ॥૧૬॥

*ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતઃ ચિહ્નચિંતામણિઃ સંપૂર્ણઃ ।*

# *ચિહ્નચિંતામણિઃ સમાપ્તઃ*

**૧.**જેને **૨.**ચરણારવિંદ **૩.**દર્શન; ચિંતન કરવાથી

# પુષ્પ ચિંતામણિ

## :: ભૂમિકા ::

એક પ્રભુવિરહિણી સખીનું રૂપક આ ગ્રંથમાં રજુ કરવામાં આવ્યું છે. તે વડે સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ પ્રભુપ્રેમની વિયોગ તથા સંયોગ અવસ્થાનું અદ્‌ભુત વર્ણન કર્યું છે.

વસંતઋતુમાં ખીલેલાં ૩૧ પ્રકારનાં પુષ્પોને યાદ કરી એક સખી પોતાના પ્રાણપ્રિય પિયુને પોકારે છે. વૈરાગ્યમૂર્તિ શ્રીનિષ્કુળાનંદસ્વામીમાં પ્રેમનો આ અજોડ સમન્વય જોવા મળે છે. કુલ ૩૧ દોહાનો આ ગ્રંથ છે. તેના સ્થાન તથા સમય ઉપલબ્ધ નથી.

*કેસર ભીને કાનજી, ઘેર આયે ગોવિંદ ।*
*પ્યારે પ્રીતમ ઉપરે, વારી નિષ્કુળાનંદ ॥* (૩૧)

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# પુષ્પ ચિંતામણિ

**દોહા :**

પિયા[૧] ચલે પરદેશકું, મહા દુઃખ દૈ ગયે મોય ॥
અબ કબ દેખું કમળને,[૨] તરહિ[૩] ડગરા[૪] જોય ॥૧॥
મેરે મન ઐસી ભયી, સદા રહુંગી સંગ ॥
સુખમેં દુઃખ દેખ્યો નહિ, રચિ હું કુસુંબો રંગ ॥૨॥
મેં ફુલી મિલ પીવકું,[૫] જેસે ફુલી જાય[૬] ॥
મધુકર પિયા[૭] મકરંદ[૮] લેહિ, ગયે સો ફેર ન આય ॥૩॥
અબ કબ પિયા આવહિ, મેં વ્રહે વશ[૯] કરું પોકાર ॥

---

**૧.**પ્રિયતમ પ્રભુજી **૨.**મુખરૂપી કમળને **૩.**તડપી રહી છું **૪.**આવવાનો માર્ગ **૫.**પિયુને **૬.**જુઈ-એક પ્રકારની ફૂલવેલ **૭.**ભ્રમરરૂપી પ્રભુ **૮.**પુષ્પરૂપી અધરરસ **૯.**વિરહને આધીન થઈને

જબ પિયા દેખું તબ પોહપકો,[૧] કઠે આરોપું હાર ॥૪॥
ક્યા કરું કિત[૨] જાઉં સખી, પિયા ન આયે મુજ પાસ ॥
દેખું ફૂલ ગુલદાવદી, અંતર ભયે ઉદાસ ॥૫॥
વૃંદાવનમેં મેં ગયે, દેખી આંબાકો મોર ॥
પાઘ પિયાકી સાંભરી, રહ્યા ન હૃદિયા ઠોર ॥૬॥
તું મત બેહેકે કેવડા, મોહિ વ્રહ ઉપજત વાસ ॥
દિલ દિવાની ડોલહું, પિયા ન આયે મુજ પાસ ॥૭॥
ક્યા કહું તોયે કેતકી, તે તો રહી જો ફૂલ ॥
પિયા મેરા પરદેશ હે, સોઈ ગઈ ક્યું ભૂલ ॥૮॥
કેશર નહિં તું કેશરી, નાહિ ફૂલ એહ નોર[૩] ॥
મોયે એકિલી જાનકે, મારત હે આ ઠોર ॥૯॥
તે કહું ગુલસોમના, લેનેકું મોહિ પ્રાન ॥
આ અવસરમેં એકિલી, તબ મારત તું બાન ॥૧૦॥
પિયા ગયે પરદેશકું, મેં એકિલી નાર ॥
ગુલહજારી ગૂંથકે, કિન કંઠ આરોપું હાર ॥૧૧॥
દેખી ફૂલ ડોલરિયો, મેં મન ભયી ઉદાસ ॥
સેજ[૪] સમારી[૫] ક્યા કરું, પિયા નાહિ મુજ પાસ ॥૧૨॥
દેખી ફૂલ ગુલાબકો, દલમેં ભયો જ્યું ડોડ[૬] ॥
પિયા ન આયે મુજપાસળે, હવે પૂરે કોણ કોડ ॥૧૩॥
ઝુરી ઝુરી[૭] ઝાંખી ભયી, પિયા ન આયે ઘેર ॥
નીરખી ફૂલ નિરવારિકો, પડ્યો પતિ રતિકો વેર ॥૧૪॥
તિલફી તિલફી[૭] તપિકે, ખોયે હાલ હવાલ[૮] ॥

**૧.**પુષ્પનો **૨.**ક્યાં **૩.**નખ **૪.**પથારી **૫.**બિછાવી **૬.**મનોરથ **૭.**તડપી-તડપી **૮.**હાલત

## પુષ્પ ચિંતામણિ

આયે ઋતુ વસંતકી, તોયે ન આયે લાલ ॥૧૫॥
પિયા ગયે પરદેશકું, નવલ[1] મિલી ત્યાં નાર ॥
દિયો ફૂલ ગઢુલકો, તાતે નાયે મોરાર ॥૧૬॥
મિલી ઠગારી માનિની, લિને વશ કરી લાલ ॥
દિને ફૂલ દાડમકો, તાતે ભયી નિહાલ ॥૧૭॥
દેખે ભોળે દિલકે, રહ્યા જાનુ કયા કિન ॥
દેહિ ફૂલ જાસુલકો, પિયા અપના કર લિન ॥૧૮॥
પિયા પરે પરપંચમેં, તાતે ન આયે નાથ ॥
પ્યારી પિયાવાસકો, ફૂલ દિયો લે હાથ ॥૧૯॥
દેખી કણેર કામસી, ફાલી ફૂલ અપાર ॥
કલિ મળી અલિ રહો, કુમુદ દેઈ વિસાર ॥૨૦॥
અબ પિયા ઘર આઈકે, વિધવિધ કરન વિહાર ॥
ચંદન ચરચી ચંપકો,[2] કંઠ આરોપું હાર ॥૨૧॥
સેજ સમારું સુમને, ચુનચુન[3] ફૂલ ચંબેલ[4] ॥
સજુ સુંદર શણગારકું, આયે મિલે અલબેલ ॥૨૨॥
ગજરા ગૂંથી ગુલલાલકે, બાંધુ દોનું બાંય ॥
પોંચી પોંચે બાંધકે, માળ આરોપું ગળામાંય ॥૨૩॥
સુંદર બસન[5] સોહામને, ધરો શિર પર પાગ ॥
જોયે ફૂલમેં જુઈકે, તૈ હૈયે તોરા લાગ ॥૨૪॥
બોયા[6] મેરે બારમેં,[7] બહુ મરુવા બેહેકાય[8] ॥
મોહન તુમારી મોલ્ય[9] પર, ખોસું તોરા તેમાંય ॥૨૫॥
સારે ફૂલ તે કુંભીકે, પિયા ધરું તોય પાગ્ય ॥

**૧.**નવી **૨.**ચંપાના ફૂલનો **૩.**વીણી-વીણીને **૪.**ચમેલીના **૫.**વસ્ત્ર **૬.**રોપેલા-ઊછેરેલા **૭.**આંગણામાં **૮.**મહેકે-સુગંધ પ્રસરાવે છે **૯.**પાઘ

કામે કયા કહું ભયે, અતિ બડે જ્યું ભાગ્ય ॥૨૬॥
વિની લાવું વનસે, સુંદર ફૂલ અમૂલ ॥
કાને દોનું કર્ણિકાર, લેલે[1] ખોશે યે ફૂલ ॥૨૭॥
ભલે આયે મનભાવતે, પિયા જ્યું મેરે પાસ ॥
બહુ ફૂલે બોરસરી, લ્યો લ્યો લાલન વાસ[2] ॥૨૮॥
નૌત્તમ ફૂલ નિર્માલીકે, ભરે સુગંધી શ્યામ ॥
પિયા આયે તબ પ્રેમસું, સબ આયે હે કામ ॥૨૯॥
પસ[3] ભરી પાડળકે, લાઉં ફૂલ અપાર ॥
મેરે મિત[4] તમ ઉપરે, વારું વાર હજાર ॥૩૦॥
કેસર ભીને કાનજી, ઘેર આયે ગોવિંદ ॥
પ્યારે પ્રીતમ ઉપરે, વારી નિષ્કુળાનંદ ॥૩૧॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતઃ પુષ્પચિંતામણિઃ સંપૂર્ણઃ ।***

# પુષ્પચિંતામણિઃ સમાપ્તઃ

**૧.**લઈ-લઈને **૨.**સુગંધ **૩.**ખોબો **૪.**પ્રિયતમ

# લગ્નશકુનાવલિ

## :: ભૂમિકા ::

જ્યોતિષ શાસ્ત્રમાં અલગ-અલગ પ્રકારનાં લગ્નો વર્ણવ્યાં છે.

લગ્ન એટલે પોતાની ધરી ઉપર ફરી રહેલી પૃથ્વી કોઈ એક રાશિમાંથી પસાર થાય તેટલો સમય. તે સમયને તે તે રાશિના નામનું લગ્ન કહેવાય છે.

મોટે ભાગે બાળકની જન્મકુંડળી બનાવવામાં, કોઈ પણ પ્રકારનું મુહૂર્ત જોવામાં કે પ્રશ્ન-ઉત્તર કરવામાં આ લગ્નનો ઉપયોગ કરવામાં આવે છે.

તે તે લગ્નના યોગમાં મનુષ્યને કેવા-કેવા પ્રકારની શુભાશુભ અસર થાય તેનું આ ગ્રંથમાં વર્ણન કરવામાં આવ્યું છે.

છેલ્લે સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ પોતાનો હૃદગત અભિપ્રાય બતાવ્યો છે –

***હમ નિશદિન ચિંતવત હૈં પ્રગટ શ્રીસહજાનંદ ।***
***સબ શકુનમેં સબ લગ્નમેં સદા હોત હૈ આનંદ ॥*** *(૧૬)*

સર્વકર્તા શ્રીહરિની અનન્યનિષ્ઠાવાળા ભક્તો માટે આ વાત સારરૂપ છે. સંવત્ ૧૮૮૩ના મહા સુદ-૨ના રોજ લખાયેલ આ ગ્રંથની ભાષા હિન્દી છે. તેમાં ફક્ત ૧૭ દોહા છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



### શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# લગ્નશકુનાવલિ

**મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ, કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન**

**દોહા :**

શ્રીસહજાનંદ આનંદકંદ, વંદુ વારંવાર ॥
દીનદયાળુ દુઃખહરણ, પ્રગટે યહ સંસાર ॥ ૧ ॥

સુમરન કરકે કહત હું, શકુનાવલિ શુભનામ ॥
શુભ લગ્નમેં જો ચિંતવે, કરે ભક્તકો કામ ॥ ૨ ॥

મેષ લગન મન ચિંતવી, અજ પૂછત અવિનાશ ॥
સુખ લાભ સબહિ મિલે, ઉત્તામ હય યહ રાશ ॥ ૩ ॥

વૃષભ લગ્ન વિચારીકે, નારદ પૂછત કહે કૃષ્ણ ॥
અર્થલાભ સુખ સબ મિલે, જેહી પૂછે તેહી પ્રશ્ન ॥ ૪ ॥

## લગ્નશકુનાવલિ

મિથુન લગ્ન મનમે ધરી, ઉમા પૂછત કહે ઈશ ॥
સભા મધ્યે સુખ નહિ મિલે, હય ચિંતા કષ્ટ કલીશ ॥૫॥

કર્ક લગ્ને કર જોરકે, જમદગ્નિ પૂછત અજ કહે ॥
લાભે દેપુનિ સ્વાદ નહિ, શિવ સુમરી કેવૈ ગ્રહે ॥૬॥

સિંહ લગ્ને સહદેવ પૂછે, ભીષ્મ કહે ભરી ભાવ ॥
વિચરત સિદ્ધિ પાવહિ, વિષ્ણુકે ગુણ ગાવ ॥૭॥

કન્યા પૂછે કાલિકા, સરસ્વતી કહત હે સોય ॥
સુખ લાભ હોશે સહી, પુનિ કષ્ટ નહિ હોય ॥૮॥

તુલા લગ્ન જાની તેહિ, ઋષિ પૂછત કહે દેવ ॥
દ્રવ્ય પ્રાપ્ત સુખ પાવહિ, હે વેર નહિ તતખેવ ॥૯॥

વૃશ્ચિક લગ્ને ગૌતમ પૂછે, પિનાકી કહે સોય ॥
હૈયે ચિતવે સો હોયગે, પુનિહે વેર કહું તોય ॥૧૦॥

ધન લગ્ને ગાલવ પૂછે, શંકર કહે સમજાય ॥
એ કારજ હોશે સહી, લાભ હોય યહ માંય ॥૧૧॥

મકર લગ્ન વિશ્વામિત્ર મુનિ, પૂછત કહત વાલ્મિક ॥
એહી કાજમેં ઉદ્વેગ હય, નહિ લાભ કહત હય ઠીક ॥૧૨॥

કુંભ લગ્ને દત્તાત્રેય પૂછે, કૃપા કરી કહે શ્રીકૃષ્ણ ॥
રહી ચિંતવે કારજ ઉતાવળું, કૈ હય કુશળ રહો પ્રશ્ન ॥૧૩॥

મીન લગ્ને ગણપતિ પૂછહી, ભગવતી કહે ભરી ભાવ ॥
સુખ કારજ સબ હોયગે, મનચિંતવત ફળ મિલે આવ ॥૧૪॥

જો જો દેવને પૂછિયે, લગ્નશકુનકે પ્રશ્ન ॥
તાકે મત સબ લિખકે, રાજી કિયે પ્રભુ કૃષ્ણ ॥૧૫॥

**હમ નિશદિન ચિંતવત હે, પ્રગટ શ્રી સહજાનંદ** ॥

**સબ શકુનમેં સબ લગ્નમેં, સદા હોત આનંદ ॥૧૬॥**

સુનત યહ શકુનાવલી, ભક્ત ભયે સાનંદ ॥
સંવત અઢાર ત્રાશીએ, મહાબીજ નિષ્કુળાનંદ ॥૧૭॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરિચિતા લગ્નશકુનાવલિઃ સંપૂર્ણા ।***

# લગ્નશકુનાવલિઃ સમાપ્તા

# યમદંડ

## :: ભૂમિકા ::

મુક્તરાજ શ્રીનિષ્કુળાનંદસ્વામીએ તેમની ૩૮ વર્ષની ઉંમરે સંવત ૧૮૬૦માં અસાર સંસારનો ત્યાગ કર્યો. શ્રીહરિએ તેમને કચ્છના આધોઈ ગામમાં ભગવાં વસ્ત્ર પહેરાવ્યાં. ત્યાર બાદ તે જ સમયે અને તે જ સ્થાનમાં પ્રગટ પ્રભુએ 'યમદંડ' નામનો આ ગ્રંથ રચવાની આજ્ઞા કરી. સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ કાળા અક્ષર કુહાડે માર્યાની (બિલકુલ અભણ હોવાની) પોતાની હકીકત જણાવી.

તે વખતે મહારાજે તેમને આશીર્વાદ આપ્યો. પછી પ્રભુના પ્રતાપે પૂ.સ્વામીએ જીવનમાં સૌથી પહેલો આ 'યમદંડ' ગ્રંથ બનાવ્યો છે.

આ જીવ એક સમુદ્ર જેટલું માતાનું ધાવણ ધાવી ગયો છે, છતાં હજુ ભગવાન ભજી પોતાનું કલ્યાણ કરવા તત્પર બનતો નથી. કારણ કે, તેને ગર્ભવાસ, યમયાતના અને ચોરાશીના દુઃખોનું ભાન નથી તથા શ્રીહરિના શાશ્વત સુખનું જ્ઞાન નથી. આ જ્ઞાન-ભાન કરાવવા માટે જ શ્રીહરિએ પૂ.નિષ્કુળાનંદસ્વામીને ગરુડપુરાણ મુજબ 'યમદંડ' ગ્રંથ રચવાની આજ્ઞા કરી હતી.

આ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામીએ આ ગ્રંથમાં ગર્ભવાસ, વૃદ્ધાવસ્થા અને મૃત્યુ પછીનાં અસહ્ય દુઃખો તથા તેનાં કારણભૂત પાપકર્મનું મૂર્તિમંત વર્ણન કર્યું છે. તેને વાંચી-સાંભળી અનેક જીવો અધર્મનો ત્યાગ કરી સાચા ભક્ત થયા છે. એટલું જ નહિ પણ આજ સુધીમાં અનેક આત્માઓ સંસાર છોડી સંત બની ગયા છે.

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં યમપુરીના દારુણ દુઃખથી બચવા માટે કુસંગનો ત્યાગ કરી સાચા સંતનો સમાગમ કરવાની ભલામણ કરી છે. તથા પ્રગટ પ્રભુ કાં પ્રભુને પામેલ સંત થકી જ આત્યંતિક મોક્ષની પ્રાપ્તિ બતાવી છે.

જેને પ્રગટ હરિ તથા તેના મળેલ સાચા સંત મળી જાય તેને જીવનમાં કેવો કેફ તથા આનંદ હોય છે તેની પ્રતીતિ માટે આ ગ્રંથનું છેલ્લું ધોળ રાગનું પદ ખાસ વાંચવા-વિચારવા જેવું છે. સદ્.નિષ્કુળાનંદસ્વામીએ માનો સ્વાનુભૂતિરૂપી શાહીથી જ આ પદ આલેખ્યું હોય તેમ જણાય છે.

પૂ.સ્વામીના પૂર્વાશ્રમના સાસરાનું ગામ આધોઈમાં રચાયેલા આ ગ્રંથમાં ૨૦ કડવાં અને ૧ ધોળ પદ છે. કુલ ૧૧૧૯ ચરણ ઉપલબ્ધ છે.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે

# યમદંડ

## કડવું - ૧

**સોરઠા :**

મંગળરૂપ અનુપ, સમરતાં સદ્ય સુખ મળે ॥
સો સહજાનંદ સુખરૂપ, જે ભજતાં ભવદુઃખ ટળે ॥ ૧ ॥
કરવા માંગલિક કાજ, જન મનમાં જે ઇચ્છા કરે ॥
તે સમરે શ્રી મહારાજ, તો વિઘ્ન તેનાં તર્ત હરે ॥ ૨ ॥
એવા શ્રી ઘનશ્યામ, નામે જેને નિર્વિઘ્ન થઈયે ॥
વળી સરે સઘળાં કામ, તેને તજી બીજું શીદ ચહિયે ॥ ૩ ॥
સર્વે સુખના સદન, દુઃખહરણ હરિ દીનબંધુ ॥
તે પ્રભુ થઈ પ્રસન્ન, સા'ય કરજ્યો સદા સુખસિંધુ ॥ ૪ ॥

**દોહા -** પ્રથમ પ્રભુને પ્રણમી, કરું કથા ઉચ્ચાર ॥
યમદંડની જે વારતા, કહું મતિ અનુસાર ॥૫॥

**રાગ : સામેરી**

મંગળમૂર્તિ મહાપ્રભુ, બહુનામી બદ્રિકાઈશ ॥
ભક્તિધર્મ સુત ભાવશું, રહ્યા હૃદયમાં હમિશ ॥૬॥
સુખસાગર સૌના પતિ, અતિ દયાસિંધુ દયાળ ॥
પૂરણકામ સુખધામ સદા, નિજ ભક્તવત્સલ પ્રતિપાળ ॥૭॥
તેહ પ્રભુ પૂર્વે[1] પ્રગટ્યા, દ્વિજકુળ ધર્મને ઘેર ॥
નામ ઘનશ્યામ સુંદર હરિ, કરી જન પર મે'ર ॥૮॥
ત્યાંથી પ્રભુજી પધારિયા, પૂર્વથી પશ્ચિમ દેશ ॥
અનેક જીવ ઉદ્ધારિયા, આપી અમળ ઉપદેશ ॥૯॥
તેહ પ્રભુ મળ્યા મુજને, સ્વામી તે સહજાનંદ ॥
જન્મ મરણ યમયાતના, જેથી છૂટ્યો હું સર્વે ફંદ ॥૧૦॥
જેહ દુઃખ ન કહેવાય જીભથી, અતિ વિકટ છે વિપરીત ॥
જે જન સુણે શ્રવણે, તે થાય અતિ ભયભીત ॥૧૧॥
એહ દુઃખ જેને ઉપરે, તે સુખી નહિ નિરધાર ॥
અલ્પ સુખને આશરી, નથી કરતા કોઈ વિચાર ॥૧૨॥
બીજી વાતો બહુ સાંભળી, જીવ થાય રાજી રળિયાત ॥
જન્મ મરણ જમપુરીની, કોઈ કાને ન સુણે વાત ॥૧૩॥
માટે આજ્ઞા મને કરી, એહ વાત વિસ્તારવા કાજ ॥
કૃપા કરી કહ્યું હરિ, શ્રીમુખે શ્રીમહારાજ ॥૧૪॥
કહ્યું પૂર્વે મને પૂછ્યું હતું, પન્નગારિયે[2] કરી પ્રીત ॥

૧. પૂર્વ દેશમાં-ઉત્તર હિન્દુસ્તાનમાં ૨. ગરૂડે

યથારથ યમદંડની, મેં કહી છે[1] તેહને રીત ॥૧૫॥
તેહ રીત હૃદયે ધરી, તું કહેજ્યે કરી વિસ્તાર ॥
જે સુણી સહુ પાપથી, ડરી ચાલે નર ને નાર ॥૧૬॥
એમ શ્રીમુખેથી મેં સાંભળી, વળી ઉર કર્યો વિચાર ॥
જેમ કહ્યું તેમ કરવું, ફેર પાડવો નહિ લગાર ॥૧૭॥
એહ હરિ આજ્ઞા ઉર ધરી, કહું કષ્ટ જીવનાં જેહ ॥
નરનારી નિજ પાપથી, સહે છે દુઃખ જે દેહ ॥૧૮॥
જન્મ મરણ યમયાતનું, કષ્ટ અતિ ઘણું છે અપાર ॥
શ્રવણ દઈ સહુ સાંભળો, કહું નિરય[2] દુઃખ નિરધાર ॥૧૯॥
જેહ પાપે આ જીવને, નાખે છે નરકને કુંડ ॥
પાપ તપાસી પ્રાણીનાં, જે દિયે છે દુષ્કર દંડ ॥૨૦॥
જેવી વિકટ વાટ છે, જેવા છે યમદૂત ઘોર ॥
કહું સંયમિની[3] શહેરનાં, દુઃખ પામે પ્રભુના ચોર ॥૨૧॥
જેવા નરકના કુંડમાં, છે જૂજવી જાતનાં દુઃખ ॥
તેમાં પડીને પ્રાણિયો, પામે નહિ લેશ સુખ ॥૨૨॥
સહુ મળી હવે સાંભળો, કહું સુંદર કથાસાર ॥
જે સુણી આ જીવનો, નિશ્ચય હોય નિસ્તાર[4] ॥૨૩॥
તે તો પ્રત્યક્ષ પ્રભુને પામિયે, કાં તો તેના મળેલ જન મળે ॥
જન્મમરણનું દુઃખ જીવને, તેહ વારે તર્ત ટળે ॥૨૪॥
તેહ પ્રભુ જુગ જુગ માંહી, અખંડ રહે અવિનાશ ॥
નિજ જ્ઞાન દઈ જીવનાં, કરવા કિલ્બિશ[5] નાશ ॥૨૫॥
દશ ચોવીશ આદિ અનંત, નિત્ય નિમિત્ત જે અવતાર ॥

**૧.**ગરુડપુરાણના ઉત્તરખંડમાં **૨.**નરકનું **૩.**યમપુરી **૪.**ઉદ્ધાર **૫.**પાપ

નરતન ધરી રહે નાથજી, કરે અનંત જીવ ઉદ્ધાર ॥૨૬॥

**મનુષ્યાકાર અપાર મોટા, વળી કળી ન શકે કોય ॥**
**મહાસમર્થ થઈ મનુષ્ય જેવા, શ્રીહરિ વરતે સોય ॥૨૭॥**

**અનંત બ્રહ્માંડ જેના રોમમાં, ઊડે છે અણુંને ઠામ[1] ॥**
**કોણ લિયે તેના પારને, મન વાણી પામે છે વિરામ ॥૨૮॥**

**સામર્થ્ય જોતાં સહુને સરે,[2] પાર જોતાં સહુને પાર[3] ॥**
**મોટપણે મોટા અતિ, તેહ હરિ ધરે અવતાર ॥૨૯॥**

દુર્લભ તે સુલભ થઈ, થઈ અગમ[4] સુગમ સ્વરૂપ ॥
અગોચર તે ગોચર થઈ, કરે જીવને કૃપા અનુપ ॥૩૦॥

વળી વિશેષે દયા કરી, વચનની બાંધે છે પાજ[5] ॥
મંદ વૈરાગ્યે ત્યાગે માનવી, તારવા તેહને કાજ ॥૩૧॥

વચન માને જે મહારાજનું, નિશ્ચય કરી નર નાર ॥
તે જાયે હરિના ધામમાં, પામે તે સુખ અપાર ॥૩૨॥

**સુખ સુખ સુખ અતિ, નહિ દુઃખનો લવલેશ ॥**
**જે ધામમાં જાણજ્યો, નહિ કાળ માયાનો કલેશ ॥૩૩॥**

અખંડ આનંદ અતિ ઘણો, જે કહેતાં પણ કહેવાય નહિ ॥
તે ભોગવે છે ભક્ત હરિના, વા'લાને વચને રહિ ॥૩૪॥

વચન વડે સુખી સહુ, તેહનાં તે કહું એંધાણ[6] ॥
ભવ બ્રહ્મા વિષ્ણુ વળી, જે વડે આ સૃષ્ટિ મંડાણ[7] ॥૩૫॥

અજ ઉપાવે[8] વિષ્ણુ પાળે વળી, અને શિવ કરે તે સંહાર ॥
તાન વચન પર તેહનું, નહિ બીજો ઉર વિચાર ॥૩૬॥

---

**૧.**અણુની જેમ અથવા અણુ જેટલી જગ્યામાં **૨.**સર્વથી શ્રેષ્ઠ જણાય **૩.**સર્વના ઉપરી **૪.**જેને પામવા કઠિન છે એવા **૫.**પાળ; મર્યાદા **૬.**નિશાન; પ્રમાણ **૭.**પ્રારંભ **૮.**ઉત્પન્ન કરે

સુર શશી સિંધુ શેષ જે, સુણી વચનને એક વાર ॥
સદાય રહે મન ડરતા, નવ પાડે ફેર લગાર ॥૩૭॥
કાળ કંપે જેની બીકથી, ઈન્દ્ર આદિ સર્વે અમર ॥
લોપતાં લેશ વચનને, સહુ કંપે છે થરથર ॥૩૮॥
મોટા એમ મનમાં ડરી, સદા વર્તે છે વચનમાંઈ ॥
સમર્થ જાણી શ્રીહરિ, ફેર પડવા ન દિયે કાંઈ ॥૩૯॥
મંદ ન જાણે એ મર્મને, લોપે છે વચન લબાડ ॥
કૃતઘ્ની નર કુબુદ્ધિ, પાપી જે પાપનો પા'ડ ॥૪૦॥
પ્રભુ વિમુખ જે પાપિયા, નવ માને નાથ વચન ॥
તેહ જાય જમપુરીએ, કહું રીત સુણો સહુ જન ॥૪૧॥
અલ્પ બુદ્ધિ તે પણ ઊંધી, સુધી વાત સમઝે નહિ ॥
સદા હિતકારી શ્રીહરિ, અરિ તેને સમજ્યો સહિ ॥૪૨॥
અતિ અકોણો[૧] લજ્જાવોણો,[૨] ઘરવગોણો[૩] ગણિયે ॥
પરમ હેતુ પ્રભુ પરહરી, વરત્યો મતિ આપણિયે ॥૪૩॥
જોને હરિ દયાળુ દલના, કર્યા અનેક એને ગુણ ॥
તે જીવે એકે જાણ્યો નહિ, અતિ હોઈ હરામીલુણ[૪] ॥૪૪॥
જોને ઘણું દુઃખ ગર્ભવાસમાં, ત્યાં કરી હરિએ એની સા'ય ॥
પળ પળની પીડા હરી, તેનો પા'ડ[૫] ન માન્યો કાંય ॥૪૫॥
ઉદરમાં દુઃખ અતિ ઘણું, કે'તાં તેનો ન આવે પાર ॥
વેદનામાં વ્યાકુળ થઈ, કરતો પ્રભુને જે પોકાર ॥૪૬॥
અતિ દીન દુઃખિયો હતો, પીડા પામ્યો ત્યાં બહુપેર ॥
એહ દુઃખમાંથી કાઢિયો, હરિ કરી મોટી મે'ર ॥૪૭॥

**૧.**કોઈનું માને નહિ એવો આડોડ **૨.**શરમ વિનાનો **૩.**કુળને કલંકિત કરનાર **૪.**કૃતઘ્ની **૫.**ઉપકાર

તે વેળા તું ને વીસરી,[૧] જ્યારે આવ્યો ઉદરથી બા'ર ॥
સત્ય કહું સહુ સાંભળો, ઉદર દુઃખ અપાર ॥૪૮॥
સર્વે સંકટ સાંભળ્યાં, જીવે ભોગવ્યાં છે જેહ ॥
ઉદરના દુઃખ આગળે, વળી નથી ગણાતાં તેહ ॥૪૯॥
**દુઃખ દુઃખ દુઃખ જિયાં, નહિ સુખનો લવલેશ ॥**
**માસ નવ સુધી જીવને, હેરાન ગતિ હમેશ ॥૫૦॥**
તે કહ્યું[૨] કપિલજીએ માતને, ગર્ભવાસનું દુઃખદ્વંદ્વ ॥
તે સંભળાવું સહુને, એમ કહે નિષ્કુળાનંદ ॥૫૧॥

## કડવું - ૨

**પૂર્વછાયો :**

જે રીતે આ જીવને, વીતે છે વસમી વાર ॥
ગહન ગતિ ગર્ભવાસની, તે કહું કરી વિસ્તાર ॥૧॥
મોટા મુનિએ મળી કર્યો, સર્વે નરકનો નિરધાર ॥
તેથી અધિક દુઃખ ઉદરે, જેનો કહેતા તે નાવે પાર ॥૨॥
જોગી જતિ તપસી ઋષિ, જે જે મોટા કહેવાય ॥
એહ દુઃખને સાંભળી, સહુ કંપે છે મનમાંય ॥૩॥
દેવ દાનવ મુનિ માનવી, સુખે બેઠા કરે છે વિલાસ ॥
જન્મમરણ દુઃખ જ્યાં લગી, નથી સાંભરતો ગર્ભવાસ ॥૪॥
ભૂપ અનુપમ રાજ્યને, વળી ભોગવે છે ભલી ભાત ॥
તે પણ કંપે છે તનમાં, સુણી ગર્ભવાસની વાત ॥૫॥
ભોંણ[૩] કોટડી ભાગશી,[૪] તેમાં રુંધી રાખે દિનરેણ[૫] ॥

૧.ભૂલાઈ ગઈ ૨.ભાગવત-૩/૩૦-૩૧માં ૩.દર, કાંણું ૪.જાળ ૫.રાત-દિવસ

INDEX



પણ ઉદર સમ એકે નહિ, સહુ સમજજ્યો પરવેણ[૧] ॥ ૬ ॥

**ચોપાઈ :**

ઉદરમાં જે અતિ ઘણું દુઃખ, નવ માસ સુધી નહિ સુખ ॥
ઊંધે શીશે લટકાવે લઈ, તિયાં દુઃખ તણો તે પાર નઈ ॥ ૭ ॥
તપે જઠરા તાપ અપાર, બળે દેહ ને કરે પોકાર ॥
દાઝે દેહ અતિ અકળાય, કોમળ તને તે કેમ સે'વાય ॥ ૮ ॥
તેહ તાપે તરફડે પ્રાણી, જાણ્યું થાશે આ દેહની હાણી ॥
નરકખાડથી[૨] નરસું ઠેકાણું, એથી બીજાું શું હું ભૂંડું વખાણું ॥ ૯ ॥
શુભ અશુભ આહારનો રસ, એહ મુખમાં આવે અવશ ॥
પરુ પાચને રુધિર પીવું, મળ મૂત્ર મધ્યે તે રહેવું ॥૧૦॥
ઊનું ટાઢું કોયેલું કસાયું, જે જે અન્ન જનનીએ ખાયું ॥
તેને સ્પર્શે પીડાય છે તન, એહ દુઃખે દુઃખી રાતદન ॥૧૧॥
ખારું ખાટું કડવું બળેલ, સડ્યું બગડ્યું અન્ન ઊતરેલ ॥
એવું જમે જનની[૩] જે વાર, લાગે ગર્ભને અંગે અંગાર ॥૧૨॥
મરચું મરી અજમો ને રાઈ, સૂંઠ સંચળ કરિયાતું કહેવાય ॥
એવું એવું માતા જ્યારે જમે, તેનું દુઃખ બાળકને દમે[૪] ॥૧૩॥
કાચું કોરું લૂખું દુઃખકારી, ખાય પેટ ભરીને મેતારી[૩] ॥
ઊનું તાઢું પિયે પાણી જ્યારે, અતિ પિડાય છે બાળક ત્યારે ॥૧૪॥
કોઈક ખાય છે લસણ ડુંગળી, ન ખાધાનું ખાય છે તે વળી ॥
તેનો રસ પડે તન પર, તેણે સુખ નથી પલ ભર ॥૧૫॥
રમે ભમે માતા લડથડે, ઘણું દુઃખ તે ગર્ભને નડે ॥
અતિ અશુચિનું[૫] જે અગાર,[૬] જીવ પડિયો તેહ મોઝાર ॥૧૬॥

**૧.**બુદ્ધિશાળી **૨.**સંડાસના ખાડાથી **૩.**માતા **૪.**પીડે **૫.**અપવિત્રતાનું **૬.**ઘર

મહા દુર્ગંધ મધ્યે ઘર રહેવા, ઘડી એક નહિ સુખ લેવા ॥
ઘાતુ સપ્તનો ભર્યો ભંડાર, રાત દિવસ કરે એ આહાર ॥૧૭॥
જીવ જંતુ તિયાં વસે જોઈ, ડસે દેહને પિયે છે લોહી ॥
મોટા જંતુ ફાડી રહ્યાં મુખ, રાત દિવસ દિયે બહુ દુઃખ ॥૧૮॥
તેને દુઃખે નાસવાને જાય, નાસી ભાગી તે કિયાં જવાય ॥
જેમ લટકે વડે વાગોળ્યું, એથી દુઃખ સહે અણતોળ્યું ॥૧૯॥
વાયુ વડે બહુ ડોલે ડાળ, પામે દુઃખ વાગોળ્ય તેમ બાળ ॥
ઊઠે બેસે ને ચાલે છે માતા, ત્યારે કેમ રહે સુખ શાતા[1] ॥૨૦॥
ચડે જેમ કોઈ નર ચગડોળ, રાત દિવસ રહે એમ રોળ[2] ॥
પેરે પેરે[3] પીડે એમ દુઃખ, તે તો કહેતાં આવે નહિ મુખ ॥૨૧॥
ન દીસે દિશ અતિ અંધકાર, બા'રે નિસરવા ન સૂઝે દ્વાર ॥
રાત દિવસની ન પડે ગમ, સહ્યું ન જાય દુઃખ વિષમ ॥૨૨॥
**કઠણ કષ્ટ ને કાયા કોમળ, જુગ જેવડી વીતે છે પળ** ॥
**ત્રાહિ ત્રાહિ ત્યાં કરે પોકાર, સ્વામી કરજ્યો મારી સાર** ॥૨૩॥
આ દુઃખથી જો અળગો થાઉં, તો હેતે ગુણ તમારા ગાઉં ॥
સર્વે રીતે તમારે શરણ, રહું હરિ દુઃખના હરણ ॥૨૪॥
શ્રવણે સુણું તમારી કથા, બીજું ન બોલું મુખથી વૃથા[4] ॥
નયણે નીરખું તમારું રૂપ, ત્વચાયે તમને ભેટું ભૂપ ॥૨૫॥
કરે કરું તમારી જ સેવ, હૃદયે સ્મરું શ્રી હરિદેવ ॥
રસનાએ રાખું તમારું નામ, શ્વાસ ઉચ્છ્વાસે સંભારું શ્યામ ॥૨૬॥
ચરણે શરણે તમારે હું આવું, નખશિખ અંગ એમ વર્તાવું ॥
કોલબોલ કરું હું કરાર, બહુનામી કાઢો મને બા'ર ॥૨૭॥

**૧.**સુખ અને શાંતિ **૨.**દુઃખ **૩.**જુદી જુદી રીતે **૪.**ખોટું તથા નકામું

INDEX



એમ થયું ઉદરમાં જ્ઞાન, તે જ્ઞાનના દેનાર ભગવાન ॥
તૈયે જીવે કરી અરદાસ,[૧] કહ્યું છોડાવો પ્રભુ ગર્ભવાસ ॥૨૮॥

દયા કરોને દીનદયાળ, બદ્રીપતિ તમારો હું બાળ ॥
એમ અરજ ઉદરમાં કરી, ત્યારે હુકમ કીધો છે હરિ ॥૨૯॥

અતિ દયાળુ દીનપ્રતિપાળ, આરતવાનની[૨] લીધી સંભાળ ॥
શ્રવણે જેને દયાનો વાસ, સુણ્યાં વચન જે કહ્યાં દાસ ॥૩૦॥

જેની દષ્ટિ અમૃતે ભરી, ન જોયા દોષને દયા કરી ॥
પ્રસૂતિના વાયુને પ્રેરી, ટાળી પીડા ગર્ભવાસ કેરી ॥૩૧॥

કર્યો હુકમ ને ખોલ્યું દ્વાર, આપી આજ્ઞા ઊઘડિયું બાર ॥
જન્મસમે કરી હરિએ જતન, સુધુ સમું[૩] રાખ્યું એનું તન ॥૩૨॥

અતિ કષ્ટમાં કરી એની સા'ય, જે કષ્ટ મુખથી કહ્યું ન જાય ॥
જન્મ તણું છે દુઃખ વિકટ, જોર[૪] કઠોર છે યોનિસંકટ ॥૩૩॥

**કનક તણો જેમ તાણે તાર, તેથી વસમો લેવો અવતાર[૫] ॥**
**જેમ પીલે ચીચુમાં[૬] શેરડી, તેથી કઠણ ઘણી એહ ઘડી ॥૩૪॥**

**જેમ ભીડે સકંજે[૭] કપાસ, એથી તજવો કઠણ ગર્ભવાસ ॥**
**અંગ ભીંસાણું ચંપાણું ભારે, જ્યારે કાઢ્યો ઉદરથી બા'રે ॥૩૫॥**

તાણી પરાણે કાઢિયો બા'ર, એવે દુઃખે થયો અવતાર ॥
શ્વાસ ઉશ્વાસે ભરાણી છાતી, પામ્યો પીડા કહી નથી જાતી ॥૩૬॥

અતિ અસોયો[૮] થયો અચેત , આવ્યો વીંટ્યો મળ મૂત્રે સમેત ॥
ખરડ્યો નરકે સર્વ ખાટલો, તેમાં નાખ્યો જરાક જેટલો ॥૩૭॥

પામ્યો શાંતિને થયું છે સુખ, વીસરી ગયું ગર્ભનું દુઃખ ॥
આવ્યો બા'રે ને થયું અજ્ઞાન, ઉદરમાંહી જે હતું જ્ઞાન ॥૩૮॥

---

**૧.**અરજી **૨.**અતિ દુઃખીની **૩.**બરાબર સરખું **૪.**અતિ **૫.**જન્મ **૬.**સિંચોડામાં **૭.**સંચામાં **૮.**દુઃખી

ઉદરમાંહી જે હતી અસાધ્ય, આવ્યો બા'રેને વીસરી વ્યાધ[1] ॥
જેમ ભૂલ્યો ગોવિંદના ગુણ, તેમ સારી શીખ આપે કુણ ॥૩૯॥
જિયાં એણે લીધો અવતાર, તે તો સ્વારથી સહુ નરનાર ॥
પુત્ર આવ્યો જાણી પામ્યા આનંદ, હર્ષ વધાઈ કરે કુળવૃંદ ॥૪૦॥
વાજે વધાઈ આનંદે ભરી, મોટી મે'ર કુળદેવે કરી ॥
માતા કહે મુને પાળશે, પિતા કહે ચિંતા ટાળશે ॥૪૧॥
ભાઈ કહે થઈ બીજી બાં'ય, કહે કુટુંબી કરશે સહાય ॥
બેન કહે કરશે કંચવો,[2] ફુઈ કરે મનોરથ નિત્ય નવો ॥૪૨॥
આપ સ્વાર્થે બાંધી એમ આશ, જેમ રચ્યો પારધીએ પાશ ॥
સહુ સહુને આશા જૂજવી, તન જતન કરે નિત્ય નવી ॥૪૩॥
ખાનપાને કરી પોષે દેહ, થાય મોટો આપે સુખ એહ ॥
એમ કરતાં થયાં વર્ષ પંચ, રમવા કારણ આપ્યો સંચ[3] ॥૪૪॥
અનેક વિધિ શીખવી અન્ય, ન શીખવ્યું હરિનું ભજન ॥
જેણે કરી ભૂલે ભગવાન, એવું સમજાવ્યું સર્વે જ્ઞાન ॥૪૫॥
કૂડ કપટ ને ઘણી ઘાતો, તેની કહી સમજાવી વાતો ॥
છળ છેતર દગા દયાહીણ, એમાં કર્યો પૂરો પરવીણ ॥૪૬॥
પેચ પાખંડ પરધન લેવું, અનેક રીતે શીખવ્યું એવું ॥
ચોરી હિંસા કરવી હંમેશ, આપ્યો સહુએ એવો ઉપદેશ ॥૪૭॥
તીર્થ વ્રત સાચા સાધુનો સંગ, તે સહુમાંથી કર્યો મનભંગ[4] ॥
દાન પુણ્ય કરિયે નહિ કે દી, મળે ધન તો લૈયે માથું છેદી ॥૪૮॥
એવી શિખામણ સહુએ દીધી, મૂઢમતિએ માની તે લીધી ॥
થયો મોટો દિયે બહું દોટું, ક્ષણક્ષણમાં હસે રુવે ખોટું ॥૪૯॥

**૧.**પીડા **૨.**સ્ત્રીને ઉપર પહેરવાનું કાપડું **૩.**સરસામાન **૪.**ઉદાસ-અરુચિવાળો

કૂદે ફાંદે ભરે મોટી ફાળ, બીવે બિવરાવે બીજા બાળ ॥
ખાધા પીધાનો નિયમ ન મળે, વણ અર્થે વિચરે સઘળે ॥૫૦॥
લાભ વિનાની કરે છે લવાની,[૧] થયો કુળમાં મોટો કવાની[૨] ॥
વિના સ્વારથે વસાવે[૩] વેર, મારે ઝીણા જીવ નહિ મેર ॥૫૧॥
આળ્યે આળ્યે[૪] કરે છે અનર્થ, એમ જાય છે જનમ વ્યર્થ ॥
એમ કરતાં આવે યૌવન, ત્યારે પ્રિય લાગે પ્રમદા[૫] ને ધન ॥૫૨॥
એ વિના બીજું વા'લું નહિ કાંઈ, રાત દિવસ રાચ્યો એહ માંઈ ॥
એને અર્થે અનરથ કરે, ઊંધું અવળું કરતાં ન ડરે ॥૫૩॥
મન રહે દામ વામે મોઈ, એમ બેસે આવરદાને ખોઈ ॥
યમપુરીએ જાવાને કાજ, સજે એવા સરવે સમાજ ॥૫૪॥
જેમ જેમ અધિકું થાય પાપ, તેમ તેમ રાજી રહે આપ ॥
જોબનમાં જોર જુલમે, કરે તેમ જેમ મન ગમે ॥૫૫॥
નરતને ન કરવા જેવું, પાપી પાપ કરે નિત્ય એવું ॥
પામી જોબન કરે છે જેહ, કહે નિષ્કુળાનંદ કહું તેહ ॥૫૬॥

## કડવું - ૩

**પૂર્વછાયો :**

જોબનમાં જે જે કર્યું, તેની કહું હવે વાત ॥
દામ વામને કારણે, ઘણી ઘણી શીખ્યો ઘાત ॥ ૧ ॥
પ્રીત બાંધી પતની સંગે, અને અંગે કરે અધર્મ ॥
સાચા સંતની શીખ ન માને, અને કરે તે ખોટા કર્મ ॥ ૨ ॥

૧.લવારી; બકવાસ ૨.લુચ્ચો ૩.ઊભું કરે ૪.ટીખળ કે અડપલામાં ૫.સ્ત્રી

**ચોપાઈ :**

કરે કર્મ અતિ ઘણાં ખોટાં, જેણે થાશે તે બંધન મોટાં ॥
ચોરે ધન ને હરે છે નારી, થયો મદ્યમાંસનો આહારી ॥૩॥
મારે જીવ આવે નહિ મે'ર, બાંધી અધર્મધ્વજા તે ઘર ॥
બોલે ખોટું ને નાખે છે આળ, નિરબળ કંગાલનો કાળ ॥૪॥
વાઢે વનને મૂકે છે આગ્ય, કીધો ધર્મ સુધર્મનો ત્યાગ ॥
શીખ્યો છળબળ કળ ભૂંડી, અતિ અંતરે મમતા છે ઊંડી ॥૫॥
સહુથી સરસ થવાનું છે સઈ, તેને અર્થે કરે પાપ કંઈ ॥
રાત દિવસ ઘડે બહું ઘાટ, મનસુબો મોટું થાવા માટ ॥૬॥
ઈચ્છે વસ્ત્ર આભૂષણ અંગે, રાચી રહ્યો તનસુખ રંગે ॥
મરડે મૂછને પાઘ સંભાળે, લઈ દર્પણ મુખ નિહાળે ॥૭॥
ચાલે જોબનમાં મદમાતો,[૧] દેખી ધન કુટુંબ ફુલાતો ॥
જોઈ છબી છોગલાંની છાંય, તેને મગન રહે મનમાંય ॥૮॥
બરોબર બેસતાં બનાવી, પે'રે લૂગડાં લજિત લાવી ॥
પાઘે પેચ પોતિયે પાટલી, પાડે ભાવે કરી અતિ ભલી ॥૯॥
બણીઠણી બેસે ચોરે ચોકે, જાણે લોક મને અવલોકે ॥
ચાલે છકમાં[૨] દેખાડે છાતી, બીજી ભૂંડાઈ કહી નથી જાતી ॥૧૦॥
જુવે પનઘટે જઈ પરનારી, અતિ હીણો હલકાઈ ભારી ॥
નાખે નજર પરનારી પર, પાપીને નહિ પ્રભુનો ડર ॥૧૧॥
સૂંઘે કાખ શીખ્યો સનકારા,[૩] થાય વિકળ દેખી પરદારા ॥
કામી હરામીશું હેત રાખે, ભૂલ્યે નામ હરિનું ન ભાખે ॥૧૨॥
મરડ ઠરડમાં રહે મલકાતો, ઘણું જોબન ને મદમાતો ॥

---

**૧.**યુવાનીનું જોમ દેખાડતો **૨.**ઘમંડમાં **૩.**ઈશારા; ચેનચાળા

રાત દિવસ રહે રડવડતો, દામ વામ અરથે આથડતો ॥૧૩॥
જેમ હડકાયું શ્વાન દિયે દોટું, તેમ રઝળે કરવા કામ ખોટું ॥
જેમ આથડે ઓખરિયું[૧] ઢોર, તેમ આથડે દૈવનો ચોર ॥૧૪॥
ભાંડ ભવાઈ પાતર્યો[૨] જોવા, થાય તૈયાર ત્યાં ધન ખોવા ॥
હોકા ભાંગ્ય ગાંજા ને અફીણ, થયો બંધાણી બુદ્ધિનો હીણ ॥૧૫॥
હરિજન સાથે નહિ હેત, ચોરી અવૈરીમાં ચોટ્યું ચિત્ત ॥
ફાટી નજરે ફરતો ફરે, પગ પાપ મારગમાં ભરે ॥૧૬॥
ચાલે ઠાઉકો થઈ ઠીકાઠીક, જેને નથી બગડ્યાની બીક ॥
લોકમાંઈ કાંઈક ગણાણો, મૂરખ મનુષ્યમાંય મનાણો ॥૧૭॥
લઈ લોક કુટુંબનો ભાર, કરે પાપ ન કરે વિચાર ॥
અઘ મગનો[૩] થયો અધ્યારું,[૪] જાણે પાપની રીતિ હજારું ॥૧૮॥
દંભ પાખંડમાં નર પૂરો, સર્વે કર્મ વિકર્મમાં[૫] શૂરો ॥
કરે કર્મ ન જાુવે તપાસી, શીખ્યો ઠગ ઠગાઈને હાંસી ॥૧૯॥
નિત્ય પાપ કરે નર નવાં, રાચ્યો આપને સુખ પોષવા[૬] ॥
એમ કરતાં તે મળી છે નારી, ત્યારે સર્વેને મેલ્યાં વિસારી ॥૨૦॥
કેનાં માબાપ ભગિની ભાઈ, નહિ સુંદરી સમ સુખદાઈ ॥
કેનો કાકો મામો માશી ફોઈ, થયા વેરી નારીમુખ જોઈ ॥૨૧॥
કેનું કુળ કુટુંબ ગોત્ર ગામ, મળી નારી સૌ થયાં નકામ ॥
રાત દિવસ રાચ્યો રામારંગે,[૭] ગયું જોબન જાુવતિ સંગે ॥૨૨॥
ધરે નિત્ય નારીનું તે ધ્યાન, જેમ કરકે[૮] સરાયે[૯] શ્વાન ॥
નખશિખા ચિંતવે છે નારી, પામ્યો ભામાઉપાસના[૧૦] ભારી ॥૨૩॥

**૧.**મળ ખાવા ટેવાઈ ગયેલું **૨.**વેશ્યા **૩.**પાપ માર્ગનો **૪.**નિષ્ણાંત; પ્રવર્તક **૫.**કુકર્મમાં **૬.**સંતોષવા **૭.**સ્ત્રીની આસક્તિમાં **૮.**મડદાને જોઈને **૯.**ખુશ થાય **૧૦.**સ્ત્રીની આરાધના

એશું હળી મળી રહ્યો હેવાન,[૧] લાગ્યું તરુણી સંઘાથે તાન ॥
અરસપરસ રહે એકમેક, ગયો ઉરથી ઊઠી વિવેક ॥૨૪॥
નરનારી કરે એમ ક્રિળા, જેમ કર્કે કાગ થાય ભેળા ॥
કરે મોજ મલકાય વળી, જેમ વિષ્ટા ગીંગાને તે મળી ॥૨૫॥
રાતદિવસ રામારંગે રાચ્યો, જેમ માદણે[૨] મહિષો[૩] માચ્યો[૪] ॥
કરે અંગના[૫] કાજે કુકર્મ, લોપી વેદવિધિના તે ધર્મ ॥૨૬॥
જાણે કેમ રાજી રહે રમણી,[૫] રાખે સૌથી તે બરદાશ બમણી ॥
હાજીહાજી કરે જોડી હાથ, વર્તે વનિતા આગે અનાથ ॥૨૭॥
રાજી દેખે રમણીનું મુખ, ત્યારે વરતે શાંતિ ને સુખ ॥
એને અર્થે કરે કંઈ કર્મ, તેમાં ન જુવે ધર્મ અધર્મ ॥૨૮॥
આપ સ્વારથ સરે લગાર, તેમાં પરને પીડે અપાર ॥
કરે પાપ ન જુવે વિચારી, એમ ગયો તે જોબન હારી ॥૨૯॥
એમ કરતાં અર્ભકાં આવ્યાં,[૬] મંદ મૂરખને મન ભાવ્યાં ॥
બાંધી બાળ સંગે નર પ્રીતિ, એહ કારણે કરે અનીતિ ॥૩૦॥
લાગે પ્રાણ થકી અતિ પ્યારાં, નર ન મેલે નિમિષ ન્યારાં ॥
બોલે તોતળું તેહની સાથે, તેડે ભીડે ને ચઢાવે માથે ॥૩૧॥
એમ કરતાં સુખી દુઃખી થાયે, ત્યારે ભૂવાને પૂછવા જાયે ॥
ભૂવો કહે વળગી છે ભૂતડી, આપું આખ્યા[૭] તું રાખ્ય આખડી[૮] ॥૩૨॥
ખાજ્યે ખપ્પરમાં[૯] ઊભો અન્ન, તો નથી તારા સુતને વિઘન ॥
માની મૂરખે સાબિત કીધું, મેલી થાળીને ઠીકરું લીધું ॥૩૩॥
વણ ગુને ગુનેગાર થયો, ખાવા ટાણે પણ ઊભો રહ્યો ॥
એવો બહુ થાય છે બેહાલ, તોય મનમાં માને નિહાલ ॥૩૪॥

**૧.**ઢોર જેવો; મૂર્ખ **૨.**પાણી તથા કાદવવાળા મોટા ખાડામાં **૩.**પાડો **૪.**ખુશ થઈને પડ્યો રહે **૫.**સ્ત્રી **૬.**છોકરાં થયાં **૭.**દોરા-ધાગા; મેલા મંત્ર **૮.**બાધા; માનતા **૯.**માટીના પાત્રમાં

ઝાઝી જતને જાળવે બાળ, પળે પળે કરે પ્રતિપાળ ॥
ન મેલે નજર થકી ન્યારાં, લાગે પ્રાણ થકી અતિ પ્યારાં ॥૩૫॥
અર્ધ ઘડી જો અળગાં જાય, કરે કલ્પના બહુ મનમાંય ॥
નાનાં બાળને બહુ વિઘન, તેની કરવી જોઈએ જતન ॥૩૬॥
એમ નર નારી કરે વાત, થયો મોટો માંડ્યો ઉતપાત ॥
ફોડે ગોળા ને ભાંગે છે ઘડા, સામો રહી મારે છાતીમાં દડા ॥૩૭॥
કરે નિત્ય નવી અતિ આળ્યો,[૧] વળી ઘણી ઘણી દિયે ગાળ્યો ॥
તે તો સરવે સાંખીને રહે, પણ એનો અભાવ ન લહે ॥૩૮॥
તાણે મૂછને પાડે પાઘડી, તોય માને મને ધન્ય ઘડી ॥
કરે સનો[૨] જે જે સુણે દેખે, મળ્યા અમળ્યાનું નવ પેખે ॥૩૯॥
એમ સારો દી કરે સંતાપ, તોય રાખે હેત માઈ બાપ ॥
એવાં થયાં પાંચ છો છોકરાં, વીત્યા જનમનાં વેરી તે ખરાં ॥૪૦॥
પાળી પોષીને તે પરણાવે, એમ કરતાં બૂઢાપણ આવે ॥
બૂઢાપણમાં બગડી વાત, થયાં નેણ વેણ ક્ષીણ ગાત[૩] ॥૪૧॥
ખસી ડગળી[૪] ને થયા ડૂલ,[૫] તોય મેલે ન મનથી ફૂલ[૬] ॥
જાણે મારું કહ્યું માને સહુ, એવો દલમાં ડોડ છે બહુ ॥૪૨॥
ન માને ઘર પરના રતિ, તોય હરિ ન ભજે કુમતિ ॥
જાણે આપું શિખામણ સાર, ચાલે એના ઘરનો વ્યવહાર ॥૪૩॥
સર્વે અંગ તો શિથિલ થયાં, કરવા જેવાં તો કોઈ ન રહ્યાં ॥
ત્યારે વાધી લવરી લોલતા,[૭] લવલવ કરે છે બોલતાં ॥૪૪॥
આ જો અલોઘ[૮] સરખું છૈયું,[૯] તે તો મારું માને નહિ કૈયું ॥
દૈયે[૧૦] નહિ ભિક્ષુકને દાણો, એ તો સર્વે ધૂતારા છે જાણો ॥૪૫॥

**૧.**તોફાન; ફરિયાદ લાવે **૨.**હઠાગ્રહ; જીદ **૩.**શરીરનાં અંગો **૪.**બુદ્ધિ નાશી ગઈ **૫.**પરવશ **૬.**અહંકાર **૭.**તૃષ્ણા **૮.**ગાંડું-ઘેલું **૯.**છોકરું **૧૦.**દેવો; આપવો

કો'ને ધર્મ કીધે તે શું હોઈ, સુખ દુ:ખ આવ્યું કોણ જોઈ ॥
જાણો જૂઠું છે પુણ્ય ને પાપ, સર્વે જાણો વાણીનો વિલાપ ॥૪૬॥
આ જો ગાયનો ગોધો[1] સમારો,[2] તો થાય બળદિયો સારો ॥
દુ:ખ દિયે ઉંદરડા દાડી, કહીએ કેટલું પાળો બિલાડી ॥૪૭॥
ખાટ ગોદડે ચાંચડ ખાય, મારો માંકડ તો સુખ થાય ॥
જુવા બગાં ને જૂ જે કે'વાય, તેને મારતાં પાપ ન થાય ॥૪૮॥
જન્મ ધરી કર્યું પોતે જેહ, પાપી આપે શિખામણ એહ ॥
નિત્ય શીખવે પાપની વાત, આપે કરે કરાવે છે ઘાત ॥૪૯॥
પણ ન જોયું મને વિચારી, અંતે શી ગતિ થાશે જો મારી ॥
એમ ખોઈ ખૂની[3] અવતાર, જાવા તૈયાર થયો જમદ્વાર ॥૫૦॥
જે જે ભેળું લીધું એણે ભાતું, તે તે મુખે કહ્યું નથી જાતું ॥
એવા પાપી સુખ ક્યાંથી લહે, સત્ય નિષ્કુળાનંદ એમ કહે ॥૫૧॥

## કડવું - ૪

**પૂર્વછાયો :**

પ્રભુ વિમુખ જે પાપિયો, પામે પરલોકમાં દુ:ખ ॥
કૃતઘ્ની જે કુબુદ્ધિ, તેને ક્યાંયે ન હોય સુખ ॥ ૧ ॥
પરલોકે પીડા પામશે, આ લોકે દુ:ખ અપાર ॥
સુખ શાંતિ ક્યાંથી લહે, એવા પાપનાં કરનાર ॥ ૨ ॥
બાળ જોબન વૃદ્ધમાંયે, કર્યા કર્મ અપાર ॥
માન ઘટ્યું મમતા વધી, પછી સૌએ કર્યો તિરસ્કાર ॥ ૩ ॥
હેતુ[4] જેને જાણતો, રાખતો અતિ ઘણું હેત ॥

**૧.**વાછડો **૨.**ખસી-વૃષણનો ઉચ્છેદ કરો **૩.**ક્રૂર **૪.**હિત કરનારા

તે જ લાગ્યાં તિરસ્કારવા, કહે પરો રહે પાપી પ્રેત ॥૪॥

**રાગ : ધોળ** 'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો' એ ઢાળ.

બાળ ત્રિયા[૧] બીજા બહુ મળી, વચન કહે કરી રોષાજી ॥
અમે અમારું ઉકેલશું બેસી રે'ને દુર્મતિ ડોસાજી ॥૫॥
લવલવ કરતાં લાજ ન આવે, કહી કહીને શું કહિયેજી ॥
બોલતાં બંધ ન બેસે તારે, જીહ્વા ઝાલીને રહિયેજી ॥૬॥
ઊનું ટાઢું હાજર હશે, એવું અન્ન આણી દેશુંજી ॥
ટંક ટાણાની ટેવ નહિ રહે, જ્યારે નવરા થાશુંજી ॥૭॥
તું જેવા નકામા નથી, અમારે છે કામજી ॥
ન થાવાનાં નખરાં મૂકી, બેસી રહે એક ઠામજી ॥૮॥
ન બોલ્યાનું બોલે છે બૂઢા, જિહ્વા મૂકી છૂટીજી ॥
બા'રની બુંદાણી[૨] આંખ્યો, હૈયાની પણ ફૂટીજી ॥૯॥
સમજ્યા વિના શાને માટે, લવરી કરછ લાંબીજી ॥
મેલ્ય મનસુબો મહાસુખ લેવા, કરી કમાણી આંબીજી[૩] ॥૧૦॥
તારા કર્તવ્ય નડિયા તુંને, દે મા કેને દોષજી ॥
ભાવે કરીને ભોગવ્ય હવે, મેલી મન અફસોષજી ॥૧૧॥
ખાધા ટાણે ખાંચ્યો[૪] કાઢી, ખારું મોળું કહેતોજી ॥
એ તો દિન વીતી ગયા આગે, પળમાં રિસાઈ રહેતોજી ॥૧૨॥
એવાં વચન શ્રવણે સુણતાં, ચિત્તમાં લાગ્યો ચટકોજી ॥
લઈ કર લાઠી ચૌટે ચાલ્યો, બાંધી ફાટો પટકોજી ॥૧૩॥
પો'ર બે પો'ર ત્યાં બેસી રહ્યો, પણ કેણે ન પૂછી પેરજી[૫] ॥
લાગી ભૂખ ને પ્યાસે પીડ્યો, અણતેડ્યો આવ્યો ઘેરજી ॥૧૪॥

**૧.**બાળકો અને સ્ત્રી **૨.**મિંચાણી **૩.**આવી મળી **૪.**ભૂલ-ખામી **૫.**સંભાળ-ખબર

ઓશિયાળો આંગણિયે ઊભો, ટાંપાટૈયા[૧] કરવાજી ॥
કાલાવાલા ક્રોડ કરે પણ, ઘરમાં ન દિયે ગરવાજી ॥૧૫॥
ઓશરિયે ઊભો અન્ન વિના, કંપે થરથર કાયાજી ॥
છોરું સહુ છણકાવા[૨] લાગ્યાં, ન જુવે સામું જાયાજી[૩] ॥૧૬॥
પછી કહે ઘડી બે પછી, આપો એને અન્નજી ॥
આજ પછી એ આવું વળી, ન કરે કોઈ દનજી ॥૧૭॥
આદર વિના આપ્યું ખાવા, અન્ન અતિ ઊતરેલજી ॥
માંખી મચ્છર માંહે પડ્યાં'તાં, હતું વણ ઢાંકેલજી ॥૧૮॥
શ્વાનની પેઠે સ્વાદ જ મૂકી, ખાધું દીધું જેવું અન્નજી ॥
હુવા હાલ હવાલ[૪] જ એવા, તોય ન વિચાર્યું મનજી ॥૧૯॥
કાંય ન ચાલે સુખડાં સાલે,[૫] મોર્યનાં મન માંઈજી ॥
ખટ રસ ભોજન ખાવા ભાવે, કહ્યું ન જાયે કાંઈજી ॥૨૦॥
નયણે ન સૂઝે થરથર ધ્રૂજે, અંગની શોભા સૂકીજી ॥
દંત ગયા તન ત્વચા લટકી, કેશે કાળપ્ય મૂકીજી ॥૨૧॥
**ચલણ ચૂક્યું માન ન મૂક્યું, થઈ જરજરી[૬] કાયાજી ॥**
**હરિ ન ભજ્યો મોહ ન તજ્યો, મનમાં ઈચ્છ્યો માયાજી ॥૨૨॥**
અંતર બળે ભોગ ન મળે, મને કલપના થાયજી ॥
ઈચ્છ્યું ન આવે મુખે ન ભાવે, ખાટ્યે સૂતો ખાયજી ॥૨૩॥
મળ મૂત્ર માંય તે લોટે,[૭] ભૂંડી ગંધ્ય ઊઠે જ્યાં ભારીજી ॥
તેને અભાવે અળગાં રહી, અન્ન આપે નર નારીજી ॥૨૪॥
પાસું[૮] ન ફરે પ્યાસે મરે, કોઈ ન લિયે સારજી ॥
લોક સગામાં લજ્જા ખોવા, પાપી કરે પોકારજી ॥૨૫॥

**૧.**નાના-મોટા કામ માટેના આંટા-ફેરા **૨.**તિરસ્કારવા **૩.**પત્ની **૪.**દુર્દશા **૫.**અંતરમાં ખટકે-સાંભરે **૬.**શિથિલ-વૃદ્ધ. **૭.**આળોટે **૮.**પડખું

જોજ્યો રે મારી આ સમામાં, કોઈ ન કરે સેવાજી ॥
તરસ્યો ભૂખ્યો હું તલપું છું, નાવે ખબર લેવાજી ॥૨૬॥
સહુ મળી સમજાવી કહોને, કરે ચાકરી મારીજી ॥
નહિ તો મરીશ કૂવે પડીને, જાશે લાજ તમારીજી ॥૨૭॥
એમ કરીને ઉચ્ચે સાદે, બોલ્યો બરકી[૧] બહુજી ॥
નર નારી જે નાનાં મોટાં, આવ્યાં સુણી સહુજી ॥૨૮॥
ઘરના કહે અકારા[૨] કરવા, પોકારે છે પાપીજી ॥
સંબંધી સૌ સામટા મળી, કહે છે ઠપકો આપીજી ॥૨૯॥
મળ્યાં પાપ અમારાં મોટાં, જે તારો અંત ન આવેજી ॥
શું ભાખ્યું[૩] છે ભૂંડા તારું, કાંરે કુળ લજાવેજી ॥૩૦॥
શું કહીને સમજાવિયે તુંને, બોલે છે કાળો કે'રજી ॥
દાટચો રહેને દુર્મતિ ડોસા, લાગે છે કડવો ઝેરજી ॥૩૧॥
લાજ્યું ઘર લાખેણું અમારું, કર્યા હાંસુ[૪] ને હેરાણજી ॥
ખપવાળા ખપ્યા[૫] છે સર્વે, તારા ન ગયા પ્રાણજી ॥૩૨॥
જેનો ખપ ઈયાં પણ નથી, તેનો ત્યાં પણ નથીજી ॥
માગ્યાં મોત મહાપાપીને, કહોને આવે ક્યાંથીજી ॥૩૩॥
સહુ જાણે જે સેવા તારી, નહિ કરતાં હોય કોઈજી ॥
એમ અમને અકારા કીધા, વંઠેલ તેં વગોઈજી ॥૩૪॥
મરજ્યે મરજ્યે મરજ્યે મૂરખ, એવી આશિષ દીધીજી ॥
શા સુખ સારુ જીવે છે પાપી, લાજ અમારી લીધીજી ॥૩૫॥
એમ કહીને ઊભા આગે, પ્યાસ ભૂખનું ન પૂછેજી ॥
એવું કહ્યું ન જાય સહ્યું, કહ્યું સુખદુઃખનું તારે શું છેજી ॥૩૬॥

**૧.**બરાડા પાડી **૨.**ફજેત **૩.**ભાગ્યમાં લખ્યું **૪.**હાંસીપાત્ર **૫.**પરલોક ગયા

એમ કહીને સંબંધી સર્વે, ઊઠી ચાલ્યાં અળગાંજી ॥
સર્વે દુઃખ સજીને[1] આવ્યાં, વળતાં તેને વળગ્યાંજી ॥૩૭॥
આધિ વ્યાધિ છે અંગકેડ્યે, કહી ન જાય કેણેજી ॥
બાળ જોબન વૃદ્ધપણામાં, સહુ કોઈ પીડાય તેણેજી ॥૩૮॥
નખ વેઢો ને નયુ પાક્યું, ઝામરો ને ઝામરીજી[2] ॥
સાતપડો ને સોજા ચઢિયા, તેની પીડા ખરીજી ॥૩૯॥
રાફો રીંગણી રતવા, પત્યે પગ ખવાણાજી ॥
કીડિયારાં પડિયાં ઘારા, ઝાઝું રૂવે ઝલાણાજી ॥૪૦॥
કાળો કોઢ કળતરે બળતર, તેણે તન તવાયજી ॥
જાનવે બે ગોઠણ ઝાલ્યા, શલ્ય ન સહેવાયજી ॥૪૧॥
સાથળમૂળે વેળ્ય વસમી, ફોડાની ફજેતીજી ॥
સારણ્ય ને સંઘરણી વાયુ, ભગંદર ભૂંડો અતિજી ॥૪૨॥
તણખિયો-પ્રમેહ પાણવી, મૂત્રકચ્છ બંધાણીજી ॥
અર્શરોગ ને હાથધોણે, પામે પીડા પ્રાણીજી ॥૪૩॥
બદ બરોલ્ય બાંબલાઈ, પીડ્યે પેટે પાંસા શૂળજી ॥
મુઝારો ને મૂર્છી માનો, મોટાં દુઃખનાં મૂળજી ॥૪૪॥
નળ મળ પડી પેચુટી, ચાલી પેટે ચૂંકજી ॥
આંતર ગાંઠ્ય ને ચડિયો ગોળો, ગળે ન ઊતરે થૂંકજી ॥૪૫॥
ગડ ગુંબડ ને ગળે ગાંઠ્યો, ભરનિંગળ ભારીજી ॥
હેડકી ને હીક હૈયામાં, મૂક્યો અરધો મારીજી ॥૪૬॥
ઉધરસ ને ઊબકો આવે, ખાલી આવે ખાંસીજી ॥
મુખ પાક્યું ને જીભ ઝલાણી, ન થયો તોય ઉદાસીજી ॥૪૭॥

---

**૧.**તૈયાર થઈને **૨.**આ કડીથી લઈને કડવું પૂરું થાય ત્યાં સુધી અલગ-અલગ પ્રકારના રોગ તથા તેની પીડાનું વર્ણન છે.

અંતરગળ ને અંડની વૃદ્ધિ, ઓકારી બહુ આવેજી ।।
ક્ષયરોગ ને ખીલી-ખટકે, કોશ-રસોળી કા'વેજી ।।૪૮।।

હલદરવો ને હૈયા-હોડી, મસ ખીલ મુટાણોજી ।।
કંઠમાળ ને કરણક કાને, જોર કફ જડાણોજી ।।૪૯।।

ધાતુ જાયે ધનુર ધાયે, થાયે સનેપાતજી ।।
ઉદર ક્ષુદ્ર રોગ અતિશે, નથી કે'વાતી વાતજી ।।૫૦।।

નાકે નાકસુર અતિ, આંખ્યે રોગ અપારજી ।।
મસ્તક રોગ કહું કપાળી, કે'તાં ના'વે પારજી ।।૫૧।।

કુંભ કમળો કમળી કહિયે, કાળજ્ય માંયથી કાપેજી ।।
ઔદરી ને ઊર્ધ્વ-વાયુ, આફરો દુઃખ આપેજી ।।૫૨।।

ઘેન ઘણું ને ઘાંટો ઝાલ્યો, ચાલ્યો શ્વાસ એકદંડજી ।।
છાતીબંધ છપે નહિ છાનું, પીડા તેની પંડજી ।।૫૩।।

દમ ભ્રમવા વિસફટક, ઉદર દરદ ઉપદંશજી ।।
મેદ ને પરમેદ પેખો, કરે કાયાનો ભ્રંશજી ।।૫૪।।

રક્ત-પિત્તને રજો આદિ, તાવ તાવલી આવેજી ।।
તાવ તરિયો એકાંતરિયો, તાઢો ઊનો કાવેજી ।।૫૫।।

પડીપડીને પાસાં સડિયાં, પડિયાં ભાઠાં ભારેજી ।।
તૃષ્ણા મદનો રોગ ન મટ્યો, પીયો થયો ત્યારેજી ।।૫૬।।

ગંડુશ ને ગાલ-પચોળાં, કાને પડી ધાકજી ।।
મંદાગ્નિ અજીરણ માનો, આષ્ટીલ અપાકજી ।।૫૭।।

વાળા દુઃખના માળા કહિયે, ચઢ્યો કૃમિનો ગોટોજી ।।
આમવાયુ ગ્લાનિ ગણિયે, મરડો રોગ મોટોજી ।।૫૮।।

એવાં એવાં દુઃખ અનંત, પડિયાં કાયા કેડેજી ।।

બાળ જોબન વૃદ્ધપણામાં, પૂરણ પાપે પીડેજી ॥૫૯॥
કાયા કંપે અતિ અજંપે, આંખ્યો પડિયો ઊંડીજી ॥
નાક નમ્યું કટિ કોટ નમી, થઈ છે ગતિ ભૂંડીજી ॥૬૦॥
ઝામર વાયે ઝાંઝાં મુઝાં, આંખ્યો આવી ઊઠીજી ॥
ફૂલડિયા ને ફુવા પડિયા, બેઉ આંખ્યો ફૂટીજી ॥૬૧॥
ઉપરસસે શ્વાસ ન બેસે, હૈયે હાલકલોલજી ॥
એ આદિ દૈ અનંત વ્યાધિ, આવી છે અતોલજી ॥૬૨॥
એમ આધિ વ્યાધિ આવ્યાં, પેરેપેરે પીડેજી ॥
કહી ન શકે રહી ન શકે, કરકું ખાધું કીડેજી ॥૬૩॥
શ્વાસ ન માયે સુખ ન થાયે, કંઠે ચઢિયું જાળુંજી ॥
અન્ન ને પાણી તજ્યું ત્યારે, ભૂખે ઊઠે ઝાળુંજી ॥૬૪॥
એ આદિ અનંત વ્યાધિમાં, પાપી બહુ પીડાયજી ॥
કહે નિષ્કુળાનંદ નિશ્ચય, જમ વિન જીવ ન જાયજી ॥૬૫॥
સુખ સર્વે સ્વપ્ના સમ થયાં, દુઃખ દરિયા ઉલટ્યાજી ॥
પાપી પર હવે શું થાશે, જે શ્રીહરિ ન રટ્યાજી ॥૬૬॥

## કડવું - ૫

**પૂર્વછાયો :**

શું થાશે હવે સાંભળો, જે આવ્યાં દુઃખ અનેક ॥
અતિ વેદના વીંછી તણી,[1] રોમ રોમ માંય વિશેક ॥ ૧ ॥
ત્યારે જાણ થયું જમરાજને, કિંકર[2] મેલ્યા કોટ ॥
એહ પાપીને પીડતાં, લઈ આવજ્યો ચડી ચોટ ॥ ૨ ॥

**૧.**વીંછી કરડ્યા હોય તેવી **૨.**યમદુતોને

**ચોપાઈ :**

આપી આગન્યા થયું નગારું, હુવો હુકમ ઊઠ્યા હજારું ॥
સંગ લઈ નેજા ને નિશાણ, જમરૂપે દીસે છે જોરાણ ॥૩॥
અતિ કાળા ને બોલે છે ક્રૂર, નયણાં દીસે ઉગમતો સૂર ॥
ક્રોધે ભર્યા અતિ વિકરાળ, તે તો સજ્જ થયા તતકાળ ॥૪॥
ધર્યાં રૂપ ભયાનક ભૂંડા, અતિ લોચન દીસે છે ઊંડા ॥
દીસે નાસિકા ગુફા સમાન, કીધા કપાટ જેવડા કાન ॥૫॥
ફાડ્યાં મુખ ફાટ્યો જાણ્યું આભ, તેમાં રાક્ષસિયો બે બે વાંભ[1] ॥
અતિ દાંત દેખાડે છે બા'ર, જોતા જીભા ન પામિયે પાર ॥૬॥
તીખા ત્રાક[2] સરીખા છે રોમ,પિંડ પહોંચ્યાં પૃથ્વી ને વ્યોમ ॥
પિંડ એવાં ને અવળાં મુખ, જેને જોતામાં જાય છે સુખ ॥૭॥
ખરમુખા[3] ને લાંબા છે કાન, અતિ દીસે છે વરવે[4] વાન[4] ॥
કેનાં શ્વાનના જેવા છે મુખ, ધર્યા તન દેવા અતિ દુઃખ ॥૮॥
કેના પગ ફણા બે છે પૂંઠ્યે, ગર્જે મેઘ સમ ઘોર ઊઠે ॥
કેનાં સિંહના સરીખાં છે મુખ, વ્યાઘ્રમુખા દિયે અતિ દુઃખ ॥૯॥
ગજમુખા ઘોડામુખા ઘણા, નોળ નારમુખા બિયામણા ॥
ઝરખ ઝૂડ મઘર મુખા કહિયે, ભૂખ્યા લોહી ને માંસના લહિયે ॥૧૦॥
પાડામુખા વિઝુમુખા વળી, અજગરમુખા લિયે છે ગળી ॥
ગર્જ્યે ગીધમુખા કૈ ગણાય, કવા ઘુડ મુખા છે ઘણાય ॥૧૧॥
શિયાળ વ્યાળમુખા ભૂખ્યા ભમે, તે તો પાપી પ્રાણી દેખી દમે ॥
મે'શ શાહી થકી પણ કાળા, શૂળ સરખા છે અંગે મવાળા ॥૧૨॥
રાતા દાંત રુધિરના ભર્યા, બહુ લાંબા તે બા'ર નીસર્યા ॥

**૧.**૧ વાંભ = ૬ ફૂટ જેટલું માપ **૨.**લાંબી સોય **૩.**ગધેડા જેવા મોઢાવાળા **૪.**કદરૂપા

કેશ અવળા ને દીસે છે કાળા, ફેરે લોચન નીસરે જ્વાળા ॥૧૩॥
કૈક શીશ વિના ધડ ધ્રોડે, કૈક નિજદંતે તન તોડે ॥
કેના મુખ સુવરના જેવાં, કર્યા રૂપ ભયાનક એવાં ॥૧૪॥
કોય ગોંદમાં મુખ દેખાડે, ધર્યાં તન એકવીશ તાડે ॥
કર આંગળી લાંબા છે નોર, દીસે વજ્રથકી તે કઠોર ॥૧૫॥
તેણે ટાળે છે પાપીનું ઠામ, નથી પડતું આયુધનું કામ ॥
ઢીકા ધોલ ને ગડદા ઘણા, મેલે માથામાં ન રહે મણા ॥૧૬॥
હાથે લીધાં છે બહુ હથિયાર, થયા કિંકર સહુ તૈયાર ॥
લઈ ગદા ગૃજ્ય ખેલ સાથે, મુદગર મોગરિયો છે હાથે ॥૧૭॥
પરશુ ત્રિશૂળને તરવાર, ધર્યા ધોકા છરા ને કટાર ॥
ચક્ર ચિપિયા ચાપ ને બાણ, કાળપાશ ને કુંતડા પાણ ॥૧૮॥
સુયા સાંણસિયો સૂડી સૂળી, એથી પીડા થાયે અણતુળી ॥
મોટા ભાલા હાથમાં મૂસળ, પેખી પાપી ન માને કુશળ ॥૧૯॥
આરા પનારા હાથે હથોડા, મારે માથામાં લોઢાના જોડા ॥
એવાં આયુધ અતિ અપાર, તેનો કે'તાં તે ન આવે પાર ॥૨૦॥
ચડ્યા ઊંટ ખરે તે અપાર, થયા ઝરખ પાડે અસવાર ॥
રીંછ ભીંછ ભૂંડણાં ને રોઝ, થઈ ત્યાર ચાલી જમફોજ ॥૨૧॥
કૈક ચડ્યા ને કૈક પાળા, કૈક બોડિયા કૈક શિંગાળા ॥
કૈક પ્રૌઢ પરવત જેવા, આવે પાપીને તેડવા એવા ॥૨૨॥
કૈક રૂઠા રિસાળા છે અંગે, કટ્ટા કાંણિયા ચાલ્યા છે સંગે ॥
કાળિયો ને કૈ'યે દકાળિયો, અકાળિયો અચિરકાળિયો ॥૨૩॥
લટપટિયો ને ઝટપટિયો, અટપટિયો ને કુટપટિયો ॥
બળબળતો ને કળકળતો, વળવળતો ને ગળગળતો ॥૨૪॥

હડહડતો ને ફડફડતો, કડકડતો ને ભડભડતો ॥
એવાં જાણજ્યો જમનાં નામ, જેને મળે તેનું ટાળે ઠામ ॥૨૫॥
મરડિયો ને કૈ'યે ઠરડિયો, ઘસરડિયો ને કરડિયો ॥
કાણિયો ને કૈ'યે જોબાણિયો, તાણિયો ને વળી હેરાણિયો ॥૨૬॥
જટો જમ ને કટો જો કહિયે, ઝટો ને વળી ઝપટો લહિયે ॥
ત્રાડિયો ફાડિયો તીખા ઘણા, રાડિયો હાડિયો બિયામણા ॥૨૭॥
દંતિયો અંતિયો બે આકરા, હંતિયો દુર્મતિયો ખરા ॥
ત્રાંશિયો ફાંશિયો તીખાઆગ, માંસિયો કાંસિયો કાળા નાગ ॥૨૮॥
કહિયે કર્મિયો ને અધર્મિયો, વિકર્મિયો વળી કુકર્મિયો ॥
ઝેરિયો વેરિયો નમે'રિયો, મહાકોપનો ભર્યો કેરિયો ॥૨૯॥
એક અડબંગો હુડધંગો, કહિયે કુઢંગો ને શિરભંગો ॥
રોળિયો ને ડોળિયો રિસાળા, ત્રિશુળિયો બોળિયો બે કાળા ॥૩૦॥
એવાં નામ જાણો જમતણાં, લખું કેટલાં છે અતિ ઘણાં ॥
જેવાં નામ રૂપ પણ એવાં, તેનાં પ્રાક્રમ પણ જાણો તેવાં ॥૩૧॥
હોઠ લાંબા દાંત મુખબા'રા, પેટ જાણિયે પાટ પટારા ॥
મોટા ગોળા જેવડા બે ગાલ, ખરડ્યા રુધિરે દીસે બેહાલ ॥૩૨॥
ફાટ્યાં મુખ ને ફરશિયો હાથે, ઘણા ઘૂંચાણા મવાળા માથે ॥
વાંકા કાંધ ને વસમા ઘણા, ભૂંડા ભયંકાર બિયામણા ॥૩૩॥
એવા ચૌદ ક્રોડ જમ જેહ, થઈ ભેળા નિરદયી તેહ ॥
ચાલ્યા કિંકર સરવે સજી, જેમ મેઘ આવે ઘોર ગરજી ॥૩૪॥
ધાયા કિંકર કુટુંબ લઈ, જેમ ઊલટે સમુદ્ર સઈ ॥
કરે હોહો કતોહલ ભારી, જેમ ગર્જે વારિધિએ વારિ ॥૩૫॥
માર્ય માર્ય કરતાં તે આવ્યા, સંગે સેન સઘળું તે લાવ્યા ॥

એમ આવી ઘેર્યો પાપી પ્રાણી, મારો મારો કહે મુખવાણી ॥૩૬॥
દઈ દંડ ને કાઢજ્યો બા'ર, રખે કરતા વેળ્ય લગાર ॥
રુંધી દ્વાર દિયો બહુ દુઃખ, પામે પીડા પ્રભુનો વિમુખ ॥૩૭॥
ત્યારે બેઠા આવી કાનદ્વારે, કીધું બંધ સુણવાનું ત્યારે ॥
કહે છે કાનમાં સહુ પોકારી, સગા સંબંધી ને સુત નારી ॥૩૮॥
નાખી નોધારાં અમને આજ, મૂવો કટાણે કર્યું અકાજ ॥
એમ કહે છે સુત નારી આવી, સાંત્યું[1] સંઘર્યું[2] જાજ્યે બતાવી ॥૩૯॥
પણ ક્યાંથી સુણે એહ સમે, યમદૂત દુઃખ દઈ દમે ॥
વળી આંખ્યે બેઠા છે અપાર, ટાળી ઓળખાણ તેહવાર ॥૪૦॥
ઝાલી જીહ્વા ન બોલાય વાણી, રોક્યો કંઠ ન ઊતરે પાણી ॥
કીધાં બંધ દશે એમ દ્વાર, પછી દિયે છે દંડ અપાર ॥૪૧॥
કેનેક દોય ને કેનેક ચાર, કેનેક અષ્ટ કેનેક હજાર ॥
અતિપાપી હોય પાપવંત, તેને આવે તેડવા અનંત ॥૪૨॥
દિયે દંડ નાવે દિલ દયા, પામે દુઃખ ન જાય મુખ કહ્યાં ॥
તોય ન કર્યો એમ વિચાર, જે મેં ખોયો એળ્યે અવતાર ॥૪૩॥
મૂકી ન્યાય મેં કીધો અન્યાય, પીડ્યાં રાંકને વાંક વિનાય ॥
સાચા સદગુરુ સંત ન સેવ્યા, સેવ્યા તે નીસર્યા મુજ જેવા ॥૪૪॥
જેના પંચ વિષયે હર્યા પ્રાણ, ધન ત્રિયા તણા જે વેચાણ ॥
ફાંશિયા[3] ને ફોગટિયા[4] ફેલી, ચાલે ધર્મ મર્યાદાને મેલી ॥૪૫॥
તેને જાણ્યા મેં સદગુરુ સંત, તેનું લાગ્યું આ પાપ અત્યંત ॥
ભૂલ્યો ભોળાયે એને ભરોંસે, હવે સુખ થાવા સઈ આશે ॥૪૬॥
આજ કેણે કીધી નહિ સા'ય, તેની ખોટ્ય ન સમજ્યો કાંય ॥

**૧.**છૂપાવેલું **૨.**ભેગું કરેલું **૩.**ઠગ; કપટી **૪.**નકામા; મફતિયા

હવે શિયો કરે એ ઉપાય, પૂર આવ્યે ન પાળ બંધાય ॥૪૭॥
ખોટા ગુરુનાં ખાસડાં ખાઈ, ચાલ્યો જીવ જમપુરી માંઈ ॥
સાચી વાત છે શાસ્ત્ર પુરાણે, ખોટી નહિ થાય અંતને ટાણે ॥૪૮॥
કહ્યું બાળ યુવા વૃદ્ધ આદે, પણ રહેશો મા એવે વાયદે ॥
નથી મરણ તણો નિરધાર, બાળ જોબન મરે અપાર ॥૪૯॥
સઉ પડ્યાં છે કાળને પાશ, ત્યારે વૃદ્ધનો શિયો વિશ્વાસ ॥
આજ કાલ્યમાં જવું છે ઊઠી, ઈયાં રહ્યાની વાત છે જૂઠી ॥૫૦॥
એક જન્મે ને એક મરે છે, એમ અહોનિશ કાળ કરે છે ॥
નથી રહેતું કોઈ નિરધાર, ચાલ્યો જાય છે સહુ સંસાર ॥૫૧॥
કોઈ ચેતી શકો તો ચેતવું, સુણી શ્રવણે સંકટ એવું ॥
ચેતવું ચિત્તે ચાનક લાવી, હાંહાં કરતાં વાત નડે આવી ॥૫૨॥
જમ આવીને ઝાલશે ગળે, ત્યારે કોણ કેનું તેહ પળે ॥
જેને માથે છે જમની ફોજ, તેને શિયાં સુખ સઈ મોજ ॥૫૩॥
મોટાનું વેર માથે છે મોટું, હરિ ન ભજે ન થાય ખોટું ॥
મટે વેર તો પામિયે સુખ, ફરી આવે નહિ એહ દુઃખ ॥૫૪॥
જેણે કરી જાય જમ સાથે, એવું ન કરીએ નિજ હાથે ॥
જેણે કરી મટે જમફંદ, કરિયે એવું કે નિષ્કુળાનંદ ॥૫૫॥

## કડવું - ૬

**પૂર્વછાયો :**

પછી પાપી જીવને, ઘેરી રહ્યા હતા ઘટમાંય ॥
કાયામાંથી કાઢવા, કર્યો યમકિંકરે ઉપાય ॥૧॥
સઉ કિંકર થઈ સાબદા, વીંટી વળ્યા તે વાર ॥

ક્રોધ કરી કઠણ અતિ, દિયે મૂઢમતિને માર ॥૨॥
જોઈ ભૂંડાઈ[1] જીવની, નથી આવતી યમને મે'ર ॥
રૂંધ્યો ભૂંડી રીતશું, પીડવા બહુ પે'ર ॥૩॥
જન્મ ધરી જે જે કર્યાં, પાપી જીવે જે પાપ ॥
તે તે સંભારી સરવે, કર્યો યમદૂતે સંતાપ ॥૪॥

**રાગ : ધન્યાશ્રી** **'જન્મ્યા ત્યાંથી જરૂર જાણો'** એ ઢાળ.

બાળ જોબનમાં જે જે કર્યાં'તાં, વૃદ્ધપણામાં વળીજી ॥
કર્યાં કરાવ્યાં પાપ જે પોતે, તે આવ્યાં છે મળીજી ॥૫॥
સારી ઉમરમાં સુખને અર્થે, કર્મ વિકર્મ જે કીધુંજી ॥
સર્વે મળીને અઘ તે આવ્યું, અંત્યે દુઃખ જ દીધુંજી ॥૬॥
કર્યાં કર્મ કાળાં કંઈ, કુળ કુટુંબને કાજેજી ॥
ભવ આખાની ભૂંડાઈ લીધી, લોકડિયાંની લાજેજી ॥૭॥
કઠણ વેળાએ કામ ન આવી, પડી પોતાને માથેજી ॥
પાપમાં પાંતી[2] કેણે ન લીધી, જે કર્યા'તાં નિજ હાથેજી ॥૮॥
બેખબરને ખબર તેની, પડી નહિ લગારજી ॥
ભૂંડે હાલે ભોંયે સુવાર્યો, તોયે ના'વ્યો વિચારજી ॥૯॥
ત્યાર પછી જે પાસળ હતાં, જમનાં જૂથ અપારજી ॥
સર્વે આવી અંગે વળગ્યાં, કે'તાં ન આવે પારજી ॥૧૦॥
ઘેરી લીધો ઘાંઘો[3] કીધો, દીધો બહુ મારજી ॥
અચાનક આવી વીંટ્યો, ગાફલ નર ગમારજી ॥૧૧॥
મારો મારો શું વિચારો, ખૂની આવ્યો હાથજી ॥
દયા રખે આણો દલમાં, એમ બોલે જમ સાથજી ॥૧૨॥

**૧.**ખરાબ પાપકર્મો **૨.**ભાગીદારી **૩.**ગાભરો-અકળાયેલો

કઠણ વાણી બોલે તાણી, આણી વચન વાંકાંજી ॥
કાનપડિયા થયા ઉજડિયા, ફૂટી પડિયા ફાંકાંજી ॥૧૩॥
કોયક ક્રૂર બોલે મુખથી, જાણ્યું ગર્જ્યો મેઘજી ॥
પડી અંગ જાયે ને થયું અંધારું, તાંણી કરમાં તેગજી[1] ॥૧૪॥
કૈક આંખ્ય દેખાડે એવી, જેવી પડતી વીજજી ॥
કરડે દાંત ને થાય કડાકા, તીખા લાગે તેજજી ॥૧૫॥
કાઢી જીભ દેખાડે ડરાવે, સામુ જોયું ન જાયજી ॥
રોક્યાં દ્વાર[2] દશે જમે જ્યારે, ભાગી કેમ જવાયજી ॥૧૬॥
આકુળ વ્યાકુળ થઈ આકળો, દિયે અંગમાં દોટુંજી ॥
જીયાં જુવે ત્યાં જમને દેખે, પામે મહાદુઃખ મોટુંજી ॥૧૭॥
ઘણે વાઘે વાનર ઘેર્યો, કરે જેમ કિલકારજી ॥
હાકા-બાકા ચડ્યો હિલોળે, કરે બહુ પોકારજી ॥૧૮॥
દુઃખનો દરિયો સભર ભરિયો, પડિયો તેમાં પ્રાણીજી ॥
પેટ ભરી જે પાપ કર્યાં'તાં, જમદુઃખ જૂઠાં જાણીજી ॥૧૯॥
તે તો સર્વે સાચું થયું, ગયું સુખ સમૂળુંજી ॥
હાં હાં કરતાં જનમ હાર્યો, આવ્યું દુઃખ અણતોળ્યુંજી ॥૨૦॥
જમને દૂતે ઝાલ્યો ગળે, તેણે ડચકાં ભરેજી ॥
મે'ર ન આવે મારે ઘણું, કાઢો કાઢો કરેજી ॥૨૧॥
રગ[3] મારગ રોકી તે વારે, બંધ પવન લઈ કીધોજી ॥
સૂક્ષ્મ રૂપ ધરી શોધીને, પળમાં પકડી લીધોજી ॥૨૨॥
મારી મુદગર ગાઢા ગરજી, બાંધ્યો બેઉ હાથેજી ॥
પાયે ઝંજિરા[4] સાંકળ સારી, મારી લીધો સાથેજી ॥૨૩॥

**૧.**તલવાર **૨.**ઇન્દ્રિયોની ક્રિયા **૩.**નાડીઓ **૪.**બેડી

**કડવું : ૬** **યમદંડ**

મૂષો[૧] જેમ માર્જારે[૨] ઝાલ્યો, મછલી ઝાલી બકેજી[૩] ॥
તેતરને જેમ બાજે ઝાલ્યો, એમ ઝાલ્યો અચાનકેજી ॥૨૪॥

મનોરથ રહ્યા મનમાં, અધુરા આદરિયાજી ॥
જમને દૂતે લીધો જોરે, રહ્યા મનસૂબા ધરિયાજી ॥૨૫॥

બહુ બફોયો[૪] અતિ અસોયો, કીધો ભૂંડે હાલેજી ॥
કાયામાંથી કાઢ્યા સારુ, એવાં દુઃખ આલેજી ॥૨૬॥

પૂઠ્ય દ્વારેથી કાઢ્યો પછી, અંગથી અળગો કીધોજી ॥
જીવ કાયાને થયો જુવારો,[૫] મારી મો'રે લીધોજી ॥૨૭॥

જેમ દડે પડે બહુ ડાંગુ,[૬] ચોંકે ચારે કોરજી ॥
એમ મારતા મહાપાપીને, ચાલ્યા જમરા ઘોરજી[૭] ॥૨૮॥

જમપુરીમાં જઈ પોં'ચાડ્યો, માનો મુહૂર્ત માંઈજી ॥
પાપ પુણ્ય પૂછી પ્રાણીનાં, વળતા લાવ્યા આંઈજી ॥૨૯॥

કર્મ વિકર્મ કર્યાં જે સારુ, તેનું[૮] જોવા હેતજી ॥
દ્વાદશ દિન સુધી દેખવા, પાપી થયો પ્રેતજી ॥૩૦॥

પ્રેતના દેહને પામી હરામી, દેખે છે દુર્મતિજી ॥
કમાણી તો કામ ન આવી, થઈ છે ભૂંડી ગતિજી ॥૩૧॥

ત્યાર પછી જે તન પડ્યું'તું, દીઠું ખાલી જોતાંજી ॥
કુટુંબ મળી કુતોહલ[૯] કીધો, રહે નહિ છાનાં રોતાંજી ॥૩૨॥

માત તાત ભાઈ ને ભગિની, રુવે સુત ને નારીજી ॥
ઊઠે દાઝ્ય એને અંતરમાં, સ્વારથ આપ સંભારીજી ॥૩૩॥

કુળ કુટુંબ કૂડું કૂડું,[૧૦] રુવે માને ન્યા'લજી ॥
ઘર ખેતર શેઢા સીમે, મોટું મટ્યું સાલજી[૧૧] ॥૩૪॥

**૧.**ઉંદર **૨.**બિલાડીએ **૩.**બગલાએ **૪.**મુંઝાણો **૫.**જુદાપણું **૬.**લાકડીઓ **૭.**ક્રૂર; ઘાતકી **૮.**સગાં-સ્નેહીઓનું **૯.**શોક-રોકકળ **૧૦.**ખોટું **૧૧.**દુઃખ

ઘરની નારી ઘર સંભારી, રુવે આહું જામજી ॥
ગોલાની પેઠે આ ઘરનું, કોણ કરશે કામજી ॥૩૫॥

સંસારનું સુખડું સર્વે, જોતાં કરી ગયો ઝેરજી ॥
ઓઢ્યા પે'ર્યાનું ઊતરિયું,[૧] કરિયે કઈ પેરજી ॥૩૬॥

લટ ત્રટ ત્રોડી કંકણ ફોડી, જોડી[૨] આજ વિખંડીજી[૩] ॥
એવાતણ[૪] ઊતરિયું મારું, હું સુવાગણય[૫] રંડીજી ॥૩૭॥

ભૂ પર[૬] લોટે હૈયું કૂટે, છૂટે કેશે નારીજી ॥
રહી ભૂખ અંતરમાં મોટી, ભોગ તણી તે ભારીજી ॥૩૮॥

કાગારોળ[૭] કાને સુણી, આવી બીજી બાઈયુંજી ॥
વિવાહથી વા'લેરું[૮] લાગે, પારકું ત્રધાયુંજી[૯] ॥૩૯॥

ઘેરઘેરથી ઘેરે વળીને, મળી મંડળી બાંધીજી ॥
ગાણા સરખું રોણું રુવે, સર્વે રાગ જ સાંધીજી ॥૪૦॥

ચલતી ચાલ્ય ચોકારો[૧૦] લઈને, ત્રોડે સરખું તાનજી ॥
લડાવી લટકાં શું કરે, રોયા માંઈ ગાનજી ॥૪૧॥

એક નારી કહે છે એને, જમનાં તેડાં નો'યજી ॥
બીજી કહે મ બોલ્ય બાઈ, હોયે હોયે હોયજી ॥૪૨॥

કૂટી પીટી કાઢ્યો બા'રો, ઠોકી ઠાલે હાથેજી ॥
પાપ પુણ્ય જે કીધાં પ્રાણી, તે તો ચાલ્યાં સાથેજી ॥૪૩॥

લઈ કાષ્ઠ લગાડી દીધો, કાં તો ભૂમાં દાટ્યોજી ॥
જોજ્યો રે જે પાસળ હો તે, સરવાળે શું ખાટ્યોજી ॥૪૪॥

ગામ ગરાસ ઘર હવેલી, પડ્યાં રહ્યાં પછવાડેજી ॥
માલ ખજીના[૧૧] ખાવા જાણ્યું, નો'તું કોઈ દા'ડેજી ॥૪૫॥

**૧.**ગયું **૨.**પતિ-પત્નીની જોડ **૩.**જુદી પડી ગઈ **૪.**સુહાગપણું **૫.**સધવા **૬.**પૃથ્વી પર **૭.**રડારોળ **૮.**વહાલું **૯.**મરણ **૧૦.**છાજિયા; છાતી કૂટી **૧૧.**ધન; લક્ષ્મી

બાળી ઝાળી ટાળી કાયા, સૌ કોઈ આવ્યાં ઘેરજી ॥
ઉતારીને મેલ્યો મનથી, કોઈ ન પૂછે પેરજી[1] ॥૪૬॥
ઠાલો આવ્યો ને ભૂલો ગયો, વાયો[2] ને વગૂતોજી[3] ॥
જોજ્યો રે કમાણી કીધી, જમને ગાડે જૂતોજી ॥૪૭॥
બાર દિવસ એ બેઠાં જોયું, જે જે કીધું કેડેજી ॥
લાળ મવાળે થૂંકે બળખે, મુખ ભરાણું સેડેજી ॥૪૮॥
ઘર ચૌટા મસાણમાંહી, દિન દ્વાદશ રહ્યોજી ॥
તર્ત તિયાંથી દન તેરમેં, જમની સાથે ગયોજી ॥૪૯॥
ચડીચોટે[4] લીધો દોટે, જમને દૂતે જોરેજી ॥
ત્યારે પાડે રાડ્યો કાળી, બહુ દુઃખે બકોરેજી ॥૫૦॥
કાયર રોદન કરે કુબુદ્ધિ, કોઈ ન સુણે કાનેજી ॥
સગાં સંબંધી સૌનો ટળિયો, પડિયો જમને પાનેજી ॥૫૧॥
કિંકર કરે પડિયો પાપી, કરે કોણ સહાયજી ॥
નિષ્કુળાનંદ કે' નાથ ભજ્યા વિના, નહિ અવર ઉપાયજી ॥૫૨॥

**પૂર્વછાયો :**

ઉપાય નથી આ જીવને, પ્રભુ ભજ્યા વિના કોઈ પેર ॥
જન્મ મર્ણનું જોખમ માથેથી, મટે નહિ જમવેર[5] ॥૫૩॥
ઘડિયે ઘડિયે ઘટે આવરદા, આયુષ્ય ઓછું થાય ॥
એહ દુઃખને મટાડવા, કરવો સહુને ઉપાય ॥૫૪॥
એવું દુઃખ જે તે આવવા, વળી નથી કાંયે વાર ॥
નથી ઉધારો એહનો, તન મૂકતાં છે તૈયાર ॥૫૫॥
મળ્યું સુખ જાશે મટી, આવશે ઊલટી દુઃખ ॥

**૧.**ખબર **૨.**નફટ; નાગો **૩.**નિંદાને પાત્ર **૪.**સપાટાબંધ-એકદમ **૫.**યમનું દુઃખ; નરક

માટે ગાફલતા મેલીને, શ્રીહરિ સમરવા મુખ ॥૫૬॥
જાવું જોઈશે જમપુરીએ, જીવ જાણી લેજ્યો જરૂર ॥
નિમિષ નિમિષે નિકટ આવે, દેખી લે નથી એહ દૂર ॥૫૭॥

## કડવું - ૭

**પૂર્વછાયો :**

આવું સાંભળી શ્રવણે, રખે ઉર વિચારતા એમ ॥
જીવ વસ્તુતાએ જડે નહિ,[1] તો દુઃખ ભોગવશે કેમ ॥ ૧ ॥
વળી કોઈ કે'શો જીવ ઝીણો, વ્યોમથી અતિ વિશેષ ॥
અછેદ્ય અભેદ્ય અખંડ એહ, બળે સડે સૂકે નહિ લેશ ॥ ૨ ॥
વળી કોઈક એમ કહેશો, કહ્યો જીવ તે બ્રહ્મસ્વરૂપ ॥
કર્મ માયા કલ્પિત છે, કહ્યો આતમા એક અનુપ ॥ ૩ ॥
એમ જણ જણ પ્રત્યે જૂજવું, જો પરઠી કરશો પ્રમાણ ॥
તેહ ઉપર કહું સાંભળો, તમે સર્વે જન સુજાણ ॥ ૪ ॥
વિવિધ ભાતે વર્ણવી, કહુ જીવની સર્વે વાત ॥
શાસ્ત્ર સહુએ સત્ય કહ્યો, જીવ જૂઠો નહિ કોઈ ભાત ॥ ૫ ॥
જીવ જોતાં જો નવ જડે, તો સાધન સર્વે વ્યર્થ છે ॥
વંધ્યાસુતને વખાણે વગોવે, એમાં શિયો કહો અર્થ છે ? ॥ ૬ ॥
શૂન્યસુમનની[2] સ્રજ[3] સારુ, અતિ આગ્રહ કોણ કરે ॥
શશશૃંગની[4] શિબિકાયે,[5] બેઠે ન બેઠે શું સરે ? ॥ ૭ ॥
જપ તપ તીરથ જોગ જજ્ઞ, દાન પુણ્ય વ્રતવિધિ મળી ॥
કેને અરથે કરવું, પામનારો[6] ન મળે વળી ॥ ૮ ॥

**૧.**છે જ નહીં **૨.**આકાશના ફૂલની **૩.**માળા **૪.**સસલાના શિંગડાની **૫.**પાલખીમાં **૬.**જીવ

પુણ્ય પાપ પર પોતાનાં, સમજ્યામાં શું સાર છે ? ॥
ન્યાયે અન્યાયે ન કરવું, એ પણ જૂઠો નિરધાર છે ॥૯॥
એમ આગમ અસત્ય થયાં, વળી વક્તા ન સમજ્યા વાત ॥
એ તો મત છે મૂરખનો, જીવ સાચો છે સાક્ષાત ॥૧૦॥
વેદાંતી વણસમજ્યે કહે, બ્રહ્મ[1] હતો તે જીવ થયો ॥
એ પણ મોટો બાધ[2] આવ્યો, તે પણ મર્મ નવ લહ્યો ॥૧૧॥
અછેદ્ય અભેદ્ય અખંડ એહ, અક્ષર બ્રહ્મ કે'વાય છે ॥
તેમાંથી આ જીવ ક્ષર્યો,[3] એ કહેવાનો કાંઈ ન્યાય છે ? ॥૧૨॥
વળી ભળશે જીવ જ્યારે બ્રહ્મમાં, ત્યારે કોઈક દિન ક્ષરશે ખરો ॥
ક્ષરણ સ્વભાવ બ્રહ્મમાં ખચીત,[4] ત્યારે હર્ષ શોક શાને કરો ॥૧૩॥
વળી ઉચ્ચ નીચમાં અવતર્યો, જ્યાં સુખ નહિ દુઃખ અતિ ॥
ખર સૂકર શ્વાન સૃજવા,[5] એવી કેમ આવી મતિ ॥૧૪॥
સુખ તજીને દુઃખ લેવું, એવું અજ્ઞાની પણ ઈચ્છે નહિ ॥
એ પણ વાત અસત્ય છે, જીવ સત્ય છે માનો સહિ ॥૧૫॥
વળી પરસ્પર પંચભૂતને, નથી વૈરબુદ્ધિ વપુધારીને ॥
આત્મા આત્મા એક છે, ત્યારે નાખે છે કેમ કેને મારીને ॥૧૬॥
અરિ મિત્ર તો અસત્ય છે, જ્યારે આત્મા તો છે એક ॥
એ તો વાણીનો વિલાસ છે, કહું હવે તેનો વિવેક ॥૧૭॥
જેમ નર આકાશમાં, અતિ ઊંચો કરે પ્રવેશ ॥
તેને આકાર અવનિ તણા,[6] નજરે ન આવે લેશ ॥૧૮॥
પણ અવનિ પર એ છે ખરા, નથી અસત્ય આકાર એક ॥
નોખા નોખા નજરે, આવે છે એહ અનેક ॥૧૯॥

**૧.**અક્ષરબ્રહ્મ **૨.**દોષ; વિરોધ **૩.**છૂટો પડ્યો **૪.**ચોક્કસ **૫.**એ રૂપે પેદા થવા **૬.**પૃથ્વી ઉપરના

તેમ નિરવિકલ્પ સમાધિમાં, નથી આવતાં નજરે જોય ॥
પણ જીવ ઈશ્વર માયા વળી, એ સાચાં છે સહુ કોય ॥૨૦॥

માયા ઈશ્વર સત્ય છે, જાણો સત્ય છે જીવ જેહ ॥
અછેદ્ય અભેદ્ય અજનમા,[૧] નિત્ય નિરંશ કે'વાય તેહ ॥૨૧॥

તેને ત્રણ શરીર ત્રણ અવસ્થા, અને ત્રણ ધરે અભિમાન[૨] ॥
ત્રણ ગ્રંથિયે ગૂંથિયો, તેહ જાણો જીવ નિદાન ॥૨૨॥

હરખ શોકને તે ભોગવે, વાસનાએ જુક્ત એ જીવ ॥
જન્મમરણ સુખદુઃખમાં, રહે સંસૃતિ માંય સદૈવ ॥૨૩॥

શબ્દ સ્પર્શ રૂપ રસ ગંધ, મન બુદ્ધિ ચિત્ત અહંકાર ॥
એહ શરીર નવ તત્ત્વનું, જાણો જીવનું નિરધાર ॥૨૪॥

સ્વપ્નમાં જે જાય આવે, મૂરતિ માન શરીર ॥
સુખ-દુઃખને તે ભોગવે, મને માનજ્યો મહાધીર ॥૨૫॥

જેમ વહનિ વ્યાપે લોહમાં, જુદા પણ જણાયે નહિ ॥
તેમ જીવ અવસ્થા શરીરમાં, તદાત્મક[૩] રહ્યો થહિ ॥૨૬॥

ઘણ એરણયને વચ્ચે આવી, લોહ જેમ ઘડાય છે ॥
તેમ જીવ શરીર સંબંધે, માનો માર બહુ ખાય છે ॥૨૭॥

અનેક તન આવ્યાં ગયાં, વળી જશે આવશે અનેક ॥
દેહી[૪] નહિ દેહ વિના, એમ સમજી લેજ્યો વિવેક ॥૨૮॥

જેમ ભોયંગ અંગથી ઊતરે, કાંચળિયો કહું કોટ ॥
તોય અહિ તને આવે નહિ, જોને ખોળ્ય ઉતારતાં ખોટ ॥૨૯॥

એમ જીવને જાણજ્યો, જો તજે તન અનંત ॥
તોટો[૫] તોય આવે નહિ, મને માનજ્યો બુદ્ધિવંત ॥૩૦॥

**૧.**જન્મ રહિત **૨.**ત્રણ પ્રકારનો અહંકાર **૩.**એકમેક **૪.**જીવાત્મા **૫.**ન્યૂનતા

એવી રીતે આગમમાં, જોઈ કહ્યો જીવ અખંડ ॥
તેને ઝાલી જાય છે, દિયે છે દુષ્કર[1] દંડ ॥૩૧॥

આ તન તજતે અંગુષ્ઠમાત્ર, થાય ત્રણ તત્ત્વનું તન ॥
આકાશ વાયુ ને અગનિ, તેનું રૂપ બંધાય છે જન ॥૩૨॥

પછી તેને પંડ દેતાં, વળી વીતે છે દશ દન ॥
તેણે કરીને થાય છે, એક-મૂંઢા[2] હાથનું તન ॥૩૩॥

પછી દિન અગિયારમે, ષટ ઊર્મિ વ્યાપે શરીર ॥
દ્વાદશ દિન સુધી રહીને, ચાલે તેરમે દિન અચીર ॥૩૪॥

સગાં સંબંધી સર્વે મેલી, ચાલ્યો એકીલો આપ ॥
સંગ ન ચાલી સંપત્તિ, ચાલ્યાં ભેળાં પુણ્ય ને પાપ ॥૩૫॥

આદર્યું તે અધવચ રહ્યું, થયું વચમાં વિવા'નું બારમું ॥
મનસૂબો મનમાં રહ્યો, થયું ચાલવાનું કારમું[3] ॥૩૬॥

હાથ ઠાલે ને ભૂંડે હાલે, જીવ ચાલ્યો જમપુર મારગે ॥
અણતોળ્યાં દુઃખ આવિયાં, કહી કહી કહિયે ક્યાં લગે ॥૩૭॥

મનુષ્યલોકથી છ્યાસી સહસ્ર, જોજન ત્રણસો ત્રણ[4] ॥
દક્ષિણ દેશમાં સંયમિની પુરી,[5] વારિ વસુધા વચ્ચે ધરણ[6] ॥૩૮॥

તિયાં જાવાનું થયું જીવને, ભેળું ભલું ભૂંડું ભાતું લહિ ॥
ખાવા લીધી સંગે ખરચી, જેમાં સુખનો લવલેશ નહિ ॥૩૯॥

વાટ વસમી વિકટ વળી, જિયાં ઓળખાણ નહિ આપણી ॥
પ્યાસ ભૂખનું કોણ પૂછે, દિયે માર બહુ સહુ ઘણી ॥૪૦॥

એહ મારગમાં જે ગામ છે, તેનાં તે કહું હવે નામ ॥
સોળ પુર છે દંડનાં, અને બીજાં તે અનેક ગામ ॥૪૧॥

**૧.**આકરો **૨.**પોંચા રહિત-ઠૂંઠા હાથ જેવડું **૩.**આઘાત લગાડે તેવું અચાનક **૪.**૮૬ હજાર ૩૦૩ યોજન દૂર **૫.**યમપુરી **૬.**સમુદ્ર તથા પૃથ્વી વચ્ચેનો ભાગ

પ્રથમ યમપુર નામ છે, પુર સૌરી બીજું જાણ ॥
વરિંદ્રપુર ત્રીજું કહિયે, ગાંધર્વ ચોથું વખાણ ॥૪૨॥

શૈલાગમ પુર પાંચમું, ક્રૂર પુર જાણો એ ષષ્ઠ ॥
ક્રૌંચ પુર એ સપ્તમું, વિચિત્ર પુર એ અષ્ટ ॥૪૩॥

નવમું પુર બાહ્વાપદ, દશમું દુઃખદ જે નામ ॥
નાનાક્રંદ દશ એક છે, સુતપ્ત દ્વાદશ ઠામ ॥૪૪॥

રૌદ્રપુર એ તેરમું, પયોવર્ષણ દશ ને ચાર ॥
શીતાઢ્યપુર એ પન્નરમું, બહુ બહુભીતિ ષોડશ વિચાર ॥૪૫॥

એ સોળ પુર છે દંડનાં, એક એક થકી કઠોર ॥
મંદભાગી એ મારગે ચાલ્યો, જેણે કીધાં કર્મ અતિ ઘોર ॥૪૬॥

હવે જે જે દુઃખ ભોગવશે, સહેશે શરીરે માર ॥
શ્રવણ દઈ સૌ સાંભળો, કહું કરી વિસ્તાર ॥૪૭॥

પાછો ન ફર્યો પાપ કરતાં, કર્યાં અઘ અતિ અગણિત ॥
તે જીવ ચાલ્યો જમપુરીએ, ભૂખ પ્યાસે ભૂંડી રીત ॥૪૮॥

જમદૂતે જોરે ઝાલીને, નાખી કંઠમાં કાળપાશ[1] ॥
આયુધ ઉગામે મારવા, બહુ બહુ દેખાડે ત્રાસ ॥૪૯॥

ઊંધે તે માથે તાણિયો, તેણે પ્રાણી કરે છે પોકાર ॥
અઘવંતની એ સમે, કહો કરે કોણ વા'ર ॥૫૦॥

કરતાં બહુ કુકર્મને, પાછું વાળી પેખ્યું નહિ ॥
ભલું ભૂંડું પડશે ભોગવવું, એવું આંખ્યે તો દેખ્યું નહિ ॥૫૧॥

અંધ ધંધે[2] આયુષ્ય ખોઈ, કરી કમાણી જો પાપની ॥
અભાગીને એ મારગે, સર્વે થઈ છે સંતાપની[3] ॥૫૨॥

**૧.**યમનો ફાંસો-ભયંકર હથિયાર **૨.**વિચાર્યા વિના-આડેધડ **૩.**દુઃખ દેનારી

જેહ અર્થે આ મનુષ્ય દેહ, તેહ કારજ કીધું નહિ ॥
અવળાં આચરણ આચર્યો, તેહ ફળ લેતાં ફજેતી થહિ ॥૫૩॥
અલ્પ સુખને આશરી, કરી ઘણી ઘણી ઘાત ॥
એવો પાપી પ્રાણિયો, તે ચાલિયો જમ સંઘાત ॥૫૪॥
પૂરણ દુઃખમાં જૈ પડ્યો, જેનો કે'તાં ન આવે પાર ॥
નિષ્કુળાનંદ નિશ્ચય કહે, સત્ય માનજ્યો નરનાર ॥૫૫॥

## કડવું - ૮

**પૂર્વછાયો :**

જંજીર બંધે બાંધિયો, મારીને લીધો મો'ર ॥
ડગલે ડગલે દુઃખું ઘણું, નહિ લેવાં સુખ કોઈ ઠોર[1] ॥૧॥
બસેં ને સડતાળીશ જોજન,[2] જમ ચલાવે છે નીત[3] ॥
જેવાં જેનાં કર્મ છે, તેવી તે દંડની રીત ॥૨॥
મર્મસ્થળે મારે ઘણું, તેણે પાપી કરે પોકાર ॥
પુણ્ય હીણા પ્રાણી તણી, એ સમે કરે કોણ સાર ॥૩॥
શોધી સંધ્ય[4] શરીરની, તિયાં માર દિયે મનગમતી ॥
દંડ દેવાની રીતને જાણે છે જમદૂત અતિ ॥૪॥
તાળવે[5] કપાળે કોણિયે, ગોઠણે માર દિયે ઘણી ॥
છાતી નખ છેદે તેની, થાય પીડા અતિ તે તણી ॥૫॥
નાશી ભાગી નવ શકે, પડિયો જમને હાથ ॥
કષ્ટ સહેવાય કેટલું, અતિ પામે પીડા અનાથ ॥૬॥
જેમ નર વાનરને, બળે[6] ગળે બાંધે છે બંદ[7] ॥

**૧.**સ્થળ **૨.**૯૮૮ ગાઉ = ૨૯૬૪ કિ.મી. **૩.**રોજ **૪.**સાંધા **૫.**ખોપરી પર **૬.**પરાણે **૭.**ફાંસો

INDEX



તેમ જાયે ક્યાં જીવ પાપી, પડિયો જમને ફંદ ॥૭॥
જેને દીઠે દુઃખ ઊપજે, વળી સ્પર્શે જાય પ્રાણ ॥
વજ્ર જેવી વાણી વદે, એવા ભૂંડા જમરાણ ॥૮॥

**ચોપાઈ :**

તેને સાથે ચાલિયો અનાથ રે, ઘણું ઘણું ઘસતો હાથ રે ॥
કરે ઓરતો[1] મનમાં બહુ રે, મારો મારો કરે જમ સહુ રે ॥૯॥
પડે માથે મુદગર માર રે, કરે હાય હાય ત્યાં પોકાર રે ॥
દઈ દઈ પાપનાં એંધાણ રે, દિયે દુઃખ ઘણું જમરાણ રે ॥૧૦॥
જેહ સમે કર્યાં પાપ જેવાં રે, કહે એંધાણ સહિત એવાં રે ॥
ત્યારે સાંભરે સર્વે વાત રે, એમ જાય જમને સંઘાત રે ॥૧૧॥
ચાલતાં ચાલતાં પો'ર ચાર રે, પ્રાણી પામે છે પીડા અપાર રે ॥
હારી થાકી થયો છે હેરાણ રે, અતિ પીડાને પામ્યો છે પ્રાણ રે ॥૧૨॥
પડી રાત્ય આવ્યું તિયાં ગામ રે, જાણે જીવ કરીશ આરામ રે ॥
ત્યાં તો આવે છે ગામનાં વાસી રે, ખાય માંસ રુધિરનાં પ્યાસી રે ॥૧૩॥
હાથે કાતાં[2] છરા ને કુઠાર રે, કાપી પાપીનો કરે આહાર રે ॥
ખાઈખાઈ ધરાય જમ જ્યારે રે, બહુ વખાણ કરે છે ત્યારે રે ॥૧૪॥
અમે ખાધું માંસ બહુ તણું રે, પણ સૌથી સ્વાદુ તારું ઘણું રે ॥
ખારું ખાટું તીખું તમતમું રે, જમતો તું બહુ મનગમ્યું રે ॥૧૫॥
ગળ્યું ચીકણું તળેલ તાવ્યું[3] રે, વઘાર્યું ધુંગાર્યું મનભાવ્યું રે ॥
શુદ્ધાશુદ્ધ ખાધા ખટ રસ રે, તેણે કરી તારું માંસ સરસ રે ॥૧૬॥
એમ કહી કાપી કાપી ખાય રે, તેને દુઃખે કરે હાય હાય રે ॥
કરી પોકાર પડે અચેત[4] રે, નથી ખમાતો માર મેં નિત્ય રે ॥૧૭॥

૧.પશ્ચાતાપ ૨.ધારદાર-મોટા ૩.ગરમ કરેલું ૪.બેભાન થઈને

ત્યારે કિંકર[૧] કહે સુણ્ય પ્રાણી રે, તેં આ વાટને કેમ ન જાણી રે ॥
યાં તો કોઈ કોઈનું જ નથી રે, અમે કહિયે તુંને શું કથી રે ॥૧૮॥

એમ કહીને આપે છે માર રે, તેને દુઃખે કરે છે પોકાર રે ॥
પછી સાંભરે પાપ પોતાનાં રે, જે કાંઈ કર્યાં છે પ્રગટ છાનાં રે ॥૧૯॥

કહે છે મનુષ્ય દેહને પામી રે, મારી શુભ મતિ સર્વે વામી રે ॥
પાળ્યો નહિ મેં પવિત્ર ધર્મ રે, કર્યાં વિકળ થઈ વિકર્મ રે ॥૨૦॥

મૂરખાઈ મૂકી સદાચાર રે, મેં તો કાંઈ ન કર્યો વિચાર રે ॥
બા'ર ભીતર અપવિત્ર રહ્યો રે, સત્ય પુરુષનો ગુણ ન ગ્રહ્યો રે ॥૨૧॥

અન્ન ધન જે આયુષ્ય મારું રે, ખોયું સત્ય માર્ગથી મેં બા'રું રે ॥
ભજ્યા નહિ ભાવે ભગવંત રે, સેવ્યા નહિ સાચા સદ્‌ગુરુ સંત રે ॥૨૨॥

આવી એવી મુજને કુબુદ્ધિ રે, ભૂલ્યો જન્મથી મરણ સુધી રે ॥
આજ કોણ કરે મારી સા'ય રે, એમ કહી કરે હાય હાય રે ॥૨૩॥

ત્યારે કિંકર કહે છે પ્રાણી રે, તેં આ વાતને નહોતી શું જાણી રે ॥
જાવું જો'શે જમપુરી માંય રે, જિયાં નથી સગાં કોઈ સા'ય રે ॥૨૪॥

નહિ મળે ત્યાં ઉછી-ઉધારું[૨] રે, નહિ કરે કોઈ દંડમાં વારુ[૩] રે ॥
યાં તો કર્મ કર્યું જેણે જેવું રે, ભોગવવું પડે છે જો તેવું રે ॥૨૫॥

જે જે ભેળું લાવ્યો તું ભાતું રે, તેનું વાંચી દેખાડિયે ખાતું રે ॥
પોષ્યો અન્યાયે અસત્ય દેહ રે, કર્યો અસત્ય સગાંશું નેહ રે ॥૨૬॥

તે તો રહ્યાં છે તિયાંનાં તિયાં રે, કોણ સગું થાય તારું ઈયાં રે ॥
સત્ય પુરુષ ન સેવ્યા કદાપિ રે, માટે આ વાટે આવ્યો છું પાપી રે ॥૨૭॥

કરતો પાપ ન ડરતો લગાર રે, ચાલ્યો મન ગમતે ગમાર રે ॥
નો'તી બીક શંકા મનમાંય રે, કરતો પાપ આપ ઈચ્છાય રે ॥૨૮॥

**૧.**યમદૂત **૨.**બીજાનું પુણ્ય ઉછીનું તથા ઉધાર **૩.**રક્ષણ; માફ

તેં તો જમપુરીને ન જાણી રે, તેમ સુણીને બીક ન આણી રે ॥
જો તું અમથી બી'ત[૧] અભાગી રે, તો તું પાપબુદ્ધિ દેત ત્યાગી રે ॥૨૯॥

માટે અમને ન ગણ્યા ગમાર રે, એમ કહી દિયે બહુ માર રે ॥
દિયે માર અપાર તે સહે રે, વળી મુખે કિંકર એમ કહે રે ॥૩૦॥

થયા ભૂખ્યા ને તરસ્યા ભારે રે, આપ્ય ખાવા ને પીવા આ વારે રે ॥
તે તો જોઈશે અમારે જરૂર રે, લાગી ભૂખ ને જાવું છે દૂર રે ॥૩૧॥

આપ્ય ખાવા નહિ તો તુંને ખાશું રે, ત્યારે મૂકશું સૌ જ્યારે ધરાશું રે ॥
પછી કેડે દીધું હોય કાંય રે, ભાગ ત્રણ વહેંચે છે ત્યાંય રે ॥૩૨॥

એક ભાગ જમદૂત લિયે રે, બીજો પ્રેતના ગણને દિયે રે ॥
ત્રીજો ભાગ તે પોતે જમે રે, એમ દિન અઢાર નિગમે રે ॥૩૩॥

દ્વાદશ મો'રના એહ અઢાર રે, મળી માસ થાય નિરધાર રે ॥
રાત દિવસ ચાલે દડીદોટે[૨] રે, ચડ્યો જમના દૂતની ચોટે રે ॥૩૪॥

ભૂખપ્યાસે પીડાણો છે અતિ રે, મહાદુઃખે મૂંઝાણી છે મતિ રે ॥
થયો બફોયો[૩] ફોમ[૪] ન રહી રે, નિત્ય માર શકે કેમ સહી રે ॥૩૫॥

ત્રાહી તોભા કરી ત્રિશ દન રે, અતિ કષ્ટે કર્યા ઉલ્લંઘન રે ॥
તૈયે આવ્યું યમપુર જેહ રે, તિયાં પહોંચ્યો છે પ્રાણિયો એહ રે ॥૩૬॥

તેમાં પ્રેત વસે છે જો ઘણા રે, બહુ ભયંકર બિયામણા રે ॥
તિયાં પુષ્પભદ્રા નદી તટ રે, એક અતિ વિસ્તારે છે વટ રે ॥૩૭॥

તિયાં બેઠાં છે પ્રેતનાં બાળ રે, દેખી જીવ આવે તતકાળ રે ॥
કાપી કાપી કલેવર ખાય રે, વળગ્યાં અંગે અળગાં ન થાય રે ॥૩૮॥

કાઢી લઈયે એનું કલેજુ રે, પછી મારે તીર કરી વેજું[૫] રે ॥
દિયે દુઃખ દયા નહિ દલ રે, પામે દુઃખ સુખ નહિ પલ રે ॥૩૯॥

---

**૧.**ડરત **૨.**અતિ ઝડપથી **૩.**ગભરાઈ ગયેલો **૪.**ડંફાસ **૫.**નિશાન

તને તપે છે તાપ વિષમ રે, પ્રલયકાળના સૂરજ સમ રે ॥
જીવે જોઈ એ વટનું વૃખ[1] રે, છાંયે બેસવા કર્યો'તો હરખ રે ॥૪૦॥
ત્યાં તો પ્રેત બાળ બીજાં મળી રે, ખાવા લાગ્યાં છે પાપીને વળી રે ॥
ત્યાંથી આવ્યો પુરદ્વારે પ્રાણી રે, ઊઠ્યા લાગ[2] લેવા દરવાણી રે ॥૪૧॥
લીધું માંસ પીધું છે રુધિર રે, તેને દુઃખે રુવે છે અધીર રે ॥
પછી જાય છે જમપુર માંય રે, લિયે લાગ ભાગ માગી ત્યાંય રે ॥૪૨॥
લીધું માંસ રુધિર પીવાને રે, રાજા પ્રધાન વજીર દીવાને રે ॥
કહે લઈ જાઓ જમ આંયથી રે, ઉતાવળો આ પુર માંયથી રે ॥૪૩॥
આપી લાગ ને નીસર્યો બા'ર રે, ઉત્તરદ્વારેથી દક્ષિણ દ્વાર રે ॥
મેલ્યું શહેર એક સોળમાં રે, એમ રાત દી જાય રોળમાં[3] રે ॥૪૪॥
કંપે કાળજ દેખી દૂતને રે, અતિ થરથર ધ્રૂજે છે તને રે ॥
કેમ આવશે આ દુઃખ અંત રે, એમ કરે ઓરતો અત્યંત રે ॥૪૫॥
તેને જોઈને જમના દૂત રે, દુઃખ દિયે છે એને અદ્‌ભુત રે ॥
મો'રે કરે છે કિંકર મારી રે, જીવ ભોગવે છે દુઃખ ભારી રે ॥૪૬॥
નિત્યે આવે છે જમનાં ગામ રે, તિયાં નથી સુખ લેવા ઠામ રે ॥
સાંજ પડે ને થાય સવાર રે, દિયે નાનાં મોટાં સહુ માર રે ॥૪૭॥
નરનારીને ન મળે મે'ર રે, જાણે ગોળનું ગાડું આવ્યું ઘેર રે ॥
ખાય ધરાય થાય રળિયાત રે, વળી કરે પરસ્પર વાત રે ॥૪૮॥
આનું માંસ લાગે છે મીઠું રે, આવું બીજા કોયનું ન દીઠું રે ॥
ઘણે દને મળ્યું આજ ગળ્યું રે, આજ દિન મો'ર આવું ન મળ્યું રે ॥૪૯॥
એમ પામે છે દુઃખ અપાર રે, કષ્ટ પામે પાપ કરનાર રે ॥
પામે દુઃખ જાય નહિ સહ્યું રે, સત્ય નિષ્કુળાનંદે એ કહ્યું રે ॥૫૦॥

**૧.**વૃક્ષ **૨.**કર; ટેક્સ **૩.**હેરાનગતિમાં; મહાદુઃખમાં

# કડવું - ૯

**પૂર્વછાયો :**

મારે કરી આવે મૂરછા, પડે પ્રાણી પૃથવી મોઝાર ॥
સંકટમાં સંબંધી સંભારી, પાપી કરે પોકાર ॥ ૧ ॥
કિયાં ગયાં મારાં કુટુંબી, કિયાં ગઈ મૃગાનેણી નાર ॥
કિયાં ગયા ભાઈ ભગિની, કિયાં ગયો પુત્ર પરિવાર ॥ ૨ ॥
કિયાં ગયું ધામ ધરતી, કિયાં ગયાં અન્ન ધન માલ ॥
આ સમે કામ કોયે ન આવે, મારા જોઈ આવા હાલ ॥ ૩ ॥
એમ કહી કહી કર ઘસે, રુવે ભૂખ્યો તરશ્યો તેહ ॥
માથે ભય જમરાણનો, તેણે થરથર ધ્રૂજે દેહ ॥ ૪ ॥
જેને અર્થે અતિ ઘણો, કરતો અધર્મ આઠું જામ ॥
તે તો ત્યાંનાં ત્યાં રહ્યાં, મારે કોઈ ન આવ્યાં કામ ॥ ૫ ॥
માત તાત ભાઈ ભગિની, સુત કલત્રને[1] કાજ ॥
કર્યા કર્મ વિકર્મ કંઈ, તે ભોગવવાં પડ્યાં આજ ॥ ૬ ॥
એને અર્થે આયુષ્ય ખોઈ, જોઈ નહિ વિચારી વાત ॥
સંબંધીના સુખ કારણે, કર્યાં કપટ દગા ઘાત ॥ ૭ ॥
નીચ માણસની સંગત્યે, કર્યાં અઘ અમોઘ[2] અપાર ॥
કુશળ રહેવાનું ક્યાં થકી, ખરી ખાવા રહી માર ॥ ૮ ॥

**ચોપાઈ :**

તેને કિંકર કહે છે ભાઈ, એને સંભારે શું થાય આંઈ ॥
કર્યાં કર્મ તેં ધર્મને ત્યાગી, મેલી સુખ દુઃખ લીધું માગી ॥ ૯ ॥

**૧.**પત્નીને **૨.**જેનું અવશ્ય ફળ ભોગવવું પડે તેવા

આવ્યું સર્વે મળી તારે સાથે, જે જે કર્યું છે તેં તારે હાથે ॥
તે તો વે'વું[1] પડશે આ વાટે, કોઈ ભોગવે નહિ કેને સાટે ॥૧૦॥

તું જાણતો નહોતો મન તારે, જાવું થાશે આ મારગે મારે ॥
તિયાં ખરચી ખાવાને કાજ, સજ્યો એવો તેં કેમ સમાજ ॥૧૧॥

હસી હસી કીધાં જે પાપ, રોઈ રોઈ ભોગવો તે આપ ॥
એમ કહીને આપે છે માર, તેણે પ્રાણી કરે છે પોકાર ॥૧૨॥

દુઃખ દરિયા સમ ઊલટ્યાં, સુખશાંતિ તો સરવે મટ્યાં ॥
કરે કિંકર બહુ કંકાસ, નાખી કોટ માંહી કાળપાસ ॥૧૩॥

દિયે ફાંસી ફડફડે પ્રાણી, બોલી ન શકે મુખથી વાણી ॥
થંભી[2] આંખ્ય રહે તિયાં થીજી, એમ માર દિયે જમ ખીજી ॥૧૪॥

એમ કરતાં દોઢ માસ થાય, ત્યારે સૌરીપુરે પ્રાણી જાય ॥
તેનો રાજા છે નામે સૌવરી, ગમે તેવું રૂપ લિયે ધરી ॥૧૫॥

મહાવક્રને અતિ અટારો,[3] દેખી પ્રાણીને આવે કંપારો ॥
ભૂંડું મુખ અતિ ભયકાર, ખાય માંસ લોહીનો પીનાર ॥૧૬॥

એની વાણી શ્રવણે સાંભળતાં, બંધ છૂટી જાય જો વળતાં ॥
થાય પેશાબ ને પેટ છૂટે, તીખી નજરે મારવા તૂટે ॥૧૭॥

કહે લાગ અમારો તું આપી, પુર બા'ર તું નીસર પાપી ॥
લાગ લેશું દેશું ત્યારે જાવા, ખૂબ લેશું તું પાસેથી ખાવા ॥૧૮॥

પછી શ્રાદ્ધ ત્રણ પક્ષ તણું, આપ્યું હોય કેડે થોડું ઘણું ॥
કરે તેના પછી ત્રણ ભાગ, આપે તેમાંથી તેહને લાગ ॥૧૯॥

બીજા બહુ આવી ભરે બચકાં, તેણે કરી દિયે છે ડચકાં ॥
મુવો મુવો ગયો જાણ્યું શ્વાસ, ન રહી ઊગરવાની આશ ॥૨૦॥

**૧.**ઉપાડવું; વેઠવું **૨.**સ્થિર થઈ ગયેલી **૩.**આકરો; દુઃખ દેનારો

INDEX



એવો અચેત થયો અપાર, નિત્ય નવો ન સે'વાય માર ॥
બેશુદ્ધ માંય બોલી ન શકે, એમ કાઢે છે એ પુર થકે ॥૨૧॥
પછી ત્યાંથી ચાલે નિરધાર, દક્ષિણ દ્વારેથી નીસરે બા'ર ॥
સંગે કિંકર કરે સંતાપ, તપે ઉપર અત્યંત તાપ ॥૨૨॥
વાટે આવે છે વિકટ વન, તેને કાંટે કરી ફાટે તન ॥
અસિપત્ર વન[1] એનું નામ, તેણે વીંટ્યું છે વરિંદ્ર ગામ ॥૨૩॥
તિયાં જમના દૂત પરાણે, એહ કાંટા પર નાખીને તાણે ॥
આંકડિયાળા ને અતિ અણી, તેણે ત્વચા ફાટે તનતણી ॥૨૪॥
તેમાં નીસરે રુધિર ધારુ, દેખી આવે ત્યાં પંખી હજારું ॥
લોહ ચાંચવાળા પંખી લાખું, તે તો તોડી ખાય તન આખું ॥૨૫॥
સંગે કિંકર તે ખાય કાપી, તેની પીડામાં પીડાય પાપી ॥
ભેળા ચાલનારનું એ ભાતું, પામે કષ્ટ કહ્યું નથી જાતું ॥૨૬॥
એને કાપી ખાય જમ સાથ, પાછો સાજો કરે ફેરી હાથ[2] ॥
એમ ન કરે જો જમરાણ, તો ન પોં'ચે પંડ નિરવાણ ॥૨૭॥
એમ ભોગવે છે દુઃખ ભારી, પડી જાય છે પૃથવીએ હારી ॥
એમ હમેશ થાય હેરાણ, પેરે પેરે પીડે જમરાણ ॥૨૮॥
બીજે માસે આવે છે એ શે'ર, જેના રાજા પ્રજાને નહિ મે'ર ॥
સો સો શ્વાન સામટાં લઈ સંગે, વળગાડે છે પ્રાણીને અંગે ॥૨૯॥
ફાડી ખાય છે પાપીનું તન, તેને દુઃખે કરે છે રૂદન ॥
તેને કહે છે જમના કિંકર, પાપી નો'તો તુંને કેનો ડર ॥૩૦॥
કર્યું પાપ પેટ ભરી પૂરું, કોઈ રીતે રાખ્યું નહિ અધૂરું ॥
એમ કહી દિયે ફટકાર, વળી આપે છે બહુ બહુ માર ॥૩૧॥

૧.તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાંવાળાં વૃક્ષોનું જંગલ ૨.ચમત્કારી હાથ ફેરવીને

લઈ લાગ ને કાઢે છે બા'ર, દૂત લઈ ચાલે છે તે વાર ॥
તે તો દૂત સદા રહે સાથે, જેણે બાંધી લીધો છે બે હાથે ॥૩૨॥

કહે દૂત ભૂખ્યા થયા બહુ, આપ્ય ખાવા તો ખાઈએ સહુ ॥
ત્યારે જીવ કહે ક્યાં થકી દિયું, આપ્યું હોય તો આ વાટ લીયું ॥૩૩॥

નથી જમાડ્યા મેં વિપ્ર જન, નથી આપ્યું મેં સંતને અન્ન ॥
સારું ખાધું મેં ખૂણે સંતાઈ, હવે ક્યાંથી મળે અન્ન આંઈ ॥૩૪॥

પછી જમદૂત તેને જોઈ, ખાય માંસ ને પીવે છે લોઈ ॥
ખાઈ ધરાઈ ચકચૂર થઈ, બહુ ચલાવે છે માર દઈ ॥૩૫॥

ચાલતાં ચાલતાં દિનરાત, પામે દુઃખ ન કે'વાય વાત ॥
સંગે કિંકર તે કાળા કેર, જેને નહિ દયા મન મે'ર ॥૩૬॥

આળ્યે આળ્યે[1] ઉગામે આયુધ, બહુ ધ્રૂજી થાય છે બેશુદ્ધ ॥
ત્યારે જીવ કહે જમદૂત, શાને ઠાલું કરો તમે તૂત ॥૩૭॥

કે દી પાપ કર્યું'તું મેં આવું, જેણે કરી નિત્ય માર ખાવું ॥
ત્યારે જમદૂત કહે જીવ જાણે, કહિયે પાપ કર્યાં જે જે ટાણે ॥૩૮॥

હતા પાસળે પંચ દેવતા, તે તો સરવે આવીને કહેતા ॥
તેની લખી રાખી છે એંધાણી, શીદ કે'વરાવે છે તું પ્રાણી ॥૩૯॥

તારા પાપને પ્રમાણે પાપી, નથી શકતા દંડ અમે આપી ॥
બહુ રીસ ચઢે છે તું પર, પણ મારી મારી થાક્યા કર ॥૪૦॥

એમ કહીને ઝાલ્યો છે ગળે, મારી કૂટીને કર્યો આગળે ॥
એમ ચલાવે છે ચોંપે[2] કરી, પડે લડથડે બહુ મારે કરી ॥૪૧॥

એમ કરતાં અઢી માસ થાય, ત્યારે ગાંધર્વપુરમાં જાય ॥
તેના દરવાણીને લાગ દઈ, પછી જાય રાજા પાસે લઈ ॥૪૨॥

**૧.**ટીખળ-ટીખળમાં; હાંસી-મશ્કરીમાં પણ **૨.**ઉતાવળે

મન ગમતો દઈ રાજા દંડ, પછી કાપે છે પાપીનું પંડ ॥
રાજા ને રાજાના શૂરવીર, ખાય માંસ ને પિયે રુધિર ॥૪૩॥
તેમાં નાવે કેને મને મે'ર, એવું અતિ નિર્દય એ શે'ર ॥
તેનો લાગભાગ સર્વે આપી, વળી પંથસર[1] થાય પાપી ॥૪૪॥
સંગે કિંકર બહુ સંતાપે, નિત્ય પ્રત્યે નવાં દુઃખ આપે ॥
અતિ ચલાવે છે ઉતાવળો, આપી માર ને કરે આકળો ॥૪૫॥
ચાલી ચાલી ત્રણ માસ જાવે, ત્યારે શૈલાગમ પુર આવે ॥
તિયાં થાય છે પાણાની ઝડી, પડે પાપી ઉપર તડાતડી ॥૪૬॥
તેણે ભાંગે છે હાડ મુંડ[2] હૈયું, પામે દુઃખ તે ન જાય કૈયું ॥
અંગોઅંગ ભાંગી ભૂકો થાય, કરે કોણ એ કષ્ટમાં સા'ય ॥૪૭॥
આપ્યું હોય છત્ર ઘર છાંય, તો થાય એ દુઃખ માંહી સા'ય ॥
વળી કેડે શ્રાદ્ધ કીધું હોય, ખાઈ ચાલે છે મારગે સોય ॥૪૮॥
થાય ચોથો માસ પૂરો જ્યારે, ક્રૂરપુરે પોં'ચે પ્રાણી ત્યારે ॥
ક્રૂરપુરનાં કષ્ટ કઠણ, લિયે લોહી માંસ એક મણ ॥૪૯॥
તેમાં ઓછું ન લિયે લગાર, આપ્યા વિના ન જવાય બા'ર ॥
શ્રાદ્ધ કરી આપ્યું હોય અન્ન, ભાવે જમાડ્યા હોય બ્રહ્મન ॥૫૦॥
તેહ પુણ્ય તણા ત્રણ ભાગ, કરી આપે છે જૂજવા લાગ ॥
કેડે રહે તેહ પોતે ખાઈ, પછી ચાલે છે ત્યાં થકી ભાઈ ॥૫૧॥
ચાલી ચાલી થાય ચકચૂર, તૈયે પ્રાણી પોં'ચે ક્રૌચપુર ॥
તિયાં દંડ દિયે છે અપાર, જિયાં જાય તિયાં મારે માર ॥૫૨॥
માગે ખાવા પીવા લોહી માંસ, તળે તનને કરી તપાસ ॥
મારો મારો ખાઓ સહુ મળી, લાવો અજગર જાય એને ગળી ॥૫૩॥

૧.રસ્તે ચાલતો ૨.માથું

એમ કહે માંહોમાંહી સહુ, તેણે કરી પ્રાણી કંપે બહુ ॥
અતિ અતિશે વસમું લાગે, જે જે આવે તે ખાવાને માગે ॥૫૪॥
તે તો આપ્યું હોઈ કાંઈ વાંસે, ખાવા દેવાનું એટલું પાસે ॥
એવી વિપત્તિ છે એહ વાટે, કહે નિષ્કુળાનંદ તે માટે ॥૫૫॥

## કડવું - ૧૦

**પૂર્વછાયો :**

સુણો કથા સહુ શુભમતિ, જીવ નહિ નર ને નાર ॥
જે જેવાં કર્તવ્ય કરે, તે ભોગવે આવે પાર ॥૧॥
એમ દુઃખ ભોગવતાં, સાડા પાંચ માસ થાય ॥
વિચિત્ર નામે પુર છે, તેમાં તે પ્રાણી જાય ॥૨॥
વિચિત્ર પેરે વળી વળી, પૂછે પુરના રહેનાર ॥
મનુષ્ય દેહ પામી હરામી, તુંને નર ફટકાર ॥૩॥
દેવ ઈચ્છે જે દેહને, તે પામ્યો હતો તું પાપિયા ॥
એહ દેહે ધર્મ ઉથાપી, અધર્મ અતિશે થાપિયા ॥૪॥
ન્યાય મૂકી અન્યાય કીધો, ચાલ્યો મહા અઘ મારગે ॥
દુર્મતિ અતિ અંધ થઈ, દીઠું નહિ કાઈ દગે ॥૫॥
હદ્ય મેલીને હાલિયો, મૂકી મર્યાદ મહારાજની ॥
પરલોકનાં સુખ પરહરી, કરી ખરચી દુઃખ સમાજની ॥૬॥
ખોટચ મોટી ખાધી ખરી, કહીએ તુંને ક્યાં લગે ॥
મોટા દુઃખ માંહી પડ્યો, આવ્યો જોઈએ આ મારગે ॥૭॥
લાગ આપી લજ્જાવોણા, નીસર પુરથી બા'ર ॥
આજ પછી અભાગિયા, આવું કરીશ મા કોઈ વાર ॥૮॥

**ચોપાઈ :**

લઈ લાગ લોહી માંસ તણો, કરે છે અતિ હેરાન ઘણો ॥
જિયાં તિયાંથી ઊઠે છે ખાવા, ખાઈ ધરાઈ પછી દીધો જાવા ॥૯॥
કાઢ્યો બા'રે પડે શિર માર, જેમ લોહને ઘડે લુહાર ॥
આવી મૂરછા પડિયો ભોમ, થયો બેશુદ્ધ ન રહી ફોમ ॥૧૦॥
પછી ઘસરડી ઘાંઘો કરી, ઉઠાડીને આપે માર ફરી ॥
લડથડે ને પડતો જાય, નિત્ય માર કેટલો ખમાય ॥૧૧॥
મારી કૂટીને મો'રે જ કીધો, જેમ ચોર મારવાને લીધો ॥
ઘડી એકમાં હીંડાડે[1] ઘણું, નહિ પ્રમાણ ચાલવા તણું ॥૧૨॥
એમ દુઃખે વીતે ષટ માસ, આવે બહ્વાપદપુર પાસ ॥
તેને પાદર છે વૈતરણી,[2] દુઃખદાયી તે ન જાય વરણી ॥૧૩॥
શત જોજનમાં પરિવાહ,[3] પરુ પાચે પૂરણ નહિ થાહ ॥
તેમાં સર્પ વીંછી જંતુ ઘણા, સર્વે આહારી લોહી માંસ તણા ॥૧૪॥
વળી ઉપર ઊડે માંસાહારી, લોહ ચાંચવાળાં પંખી ભારી ॥
ભયંકાર ત્યાં ભમરા વળે, તપે વેળું[4] તેમાં પગ બળે ॥૧૫॥
તપે સૂરજ ઉપર તીખો, જાણે પ્રલયના કાળ સરીખો ॥
એવો દેખી સર્વે સામાન, જીવ કરે ત્રાહિ ત્રાહિ માન ॥૧૬॥
ત્યારે કહે છે ઉતારનાર, ગાય આપી હોય તો સંભાર ॥
આવે ગાય તો ઉતારે સુખે, નહિ તો ઊતરીશ ઘણે દુઃખે ॥૧૭॥
તે તો ક્યાંથી આપી હોય આણે, પછી તેમાં તાણે છે પરાણે ॥
બૂડે મુંડ ને નીસરે બા'ર, વળગે અંગમાં જંતુ અપાર ॥૧૮॥
માથે લોહ ચાંચે ભયાનક, આવી પડે પંખી અચાનક ॥

**૧.**ચલાવે **૨.**આ નામની નદી **૩.**પ્રવાહ **૪.**રેતી

ભાંગી ભેચો[1] માથાનો લિયે છે, એવી ચોટ એ પંખી દિયે છે ॥૧૯॥
કૈક લિયે કાન નાક તોડી, કૈક નાખે છે આંખ્યોને ફોડી ॥
એમ તન ખાય કાપી કાપી, તિયાં દુઃખ પામે બહુ પાપી ॥૨૦॥
જળ સમળ[2] ટાઢું છે અતિ, તેમાં કરાવે છે એને ગતિ ॥
તાઢચે ધ્રૂજી થાય તન શૂન્ય,[3] માટે તે સારુ કરવું પુણ્ય ॥૨૧॥
સહિ દુઃખ ચાલે સાત માસ, ત્યારે આવે દુઃખદ પુર પાસ ॥
તેનું દુઃખ જાયે નહિ કહ્યું, તે તો સર્વે એ પ્રાણિએ સહ્યું ॥૨૨॥
મોટા મોટા વાઘ વરુ વ્યાળ, તે તો લાવ્યા તિયાં તત્કાળ ॥
લાવી વળગાડ્યા એને શરીર, ખાય માંસને પિયે રુધિર ॥૨૩॥
મોટા દાંતને ફાડેલ મુખ, ખાય તન તોડી દિયે દુઃખ ॥
તિયાં પ્રાણીઓ પાડે પોકાર, ભા'યો કોય કરો મારી વા'ર ॥૨૪॥
નથી ખમાતું નિત્યનું દુઃખ, કહો કેમ પામું હવે સુખ ॥
ત્યારે કિંકર કહે છે તે'વાર, મા કર્ય સુખ લાલચ્ય લગાર ॥૨૫॥
પાપ કરતાં પાછું નવ જોયું, ખોટા સુખમાં જીવિત ખોયું ॥
હવે સુખની લાલચ ત્યાગી, કર્યાં કર્મ ભોગવ્ય અભાગી ॥૨૬॥
એમ દુઃખ દઈ જો અપાર, પછી કાઢે છે પુરથી બા'ર ॥
ત્યાંથી નાનાક્રંદ પુર કા'વે, તે તો આઠ માસ વીતે આવે ॥૨૭॥
તેના દંડ છે જૂજવી જાતે, જીવ ભોગવે છે બહુ ભાતે ॥
કાપે તન તળી તળી ખાય, વળી મુખે કહે છે વાહવાય ॥૨૮॥
આવું માંસ કોઈનું ન દીઠું, જમ કે'છે લાગે છે જો મીઠું ॥
માંસ પાપીનું ક્યાં થકી મળે, એમ વખાણ્યું જમ સઘળે ॥૨૯॥
એમ જીવને દુઃખ દિયે છે, લાગ લોહી માંસનો લિયે છે ॥

**૧.**માંસનો લોચો **૨.**ડોળું **૩.**થીજી જાય; અચેત

INDEX



નાના પ્રકારના દંડ દઈ, જમકિંકર ચાલે છે લઈ ॥૩૦॥
તેનો તેજ માર્ગ કહેવાય, સુકૃતિને[૧] સુખરૂપ થાય ॥
દાન પુણ્ય પાળ્યો સતધર્મ, કર્યાં હોય અહિંસાદિ કર્મ ॥૩૧॥
તેને એ વાટમાં નહિ દુઃખ, દુઃખ પામે પ્રભુના વિમુખ ॥
એમ જમપુરીની વાટ જાણો, કહી છે પુરાણે તે પ્રમાણો ॥૩૨॥
પછી નવ માસે નિરધાર, પોં'ચે સુતપ્ત શહેર મોઝાર ॥
સુતપ્તમાં તપાવીને લોઢું, બાળે હાથ પગ અંગ મોઢું ॥૩૩॥
એમ સર્વે અંગ એનાં બાળે, પુણ્ય વિના શાંતિ કોણ વાળે ॥
છત્ર વસ્ત્ર જોડા પાણી ઠામ, પંખા ચંદન ઘર વિશ્રામ ॥૩૪॥
ચંદ્રવા[૨] આદિ આપે જો દાન, તેણે સુખ પામે એ નિદાન ॥
તે તો ન આપ્યું ને ન અપાવ્યું, માટે એ દુઃખ સૌ ભોગવાવ્યું ॥૩૫॥
દઈ દુઃખ કાઢ્યો પુર બા'ર, માથે પડે છે મુદગર માર ॥
ત્યાંથી દશમે માસે જરૂર, આવે છે એ પ્રાણી રૌદ્રપુર ॥૩૬॥
તે તો અતિશય ભયંકાર, આવી જાચે[૩] છે ત્યાંના રહેનાર ॥
આપ્ય અમને ખાવું કાંઈ ખાવા, તો તુંને અમે આપિયે જાવા ॥૩૭॥
ક્યાંથી આપે આપ્યું નહિ કેડે, ભૂખ્યા દૂત પછી આવી પીડે ॥
ખાઈ ધરાઈને કાઢે બા'ર, નથી વાટમાં સુખ લગાર ॥૩૮॥
સેવ્યા હોય ખોટા ગુરુ જેવા, જમ રૂપ ધરી આવે એવા ॥
દેખે દૂરથી આવતા એને, જીવ જોઈ રાજી થાય તેને ॥૩૯॥
જમદૂતને કહે છે પ્રાણી, આવ્યા વા'રે ગુરુ ગુરવાણી[૪] ॥
જોને ભેળી છે ભેખની ઝુંડી,[૫] કરશે તમારી ગતિ જો ભૂંડી ॥૪૦॥
એમ મનમાં આનંદ આણી, અતિ પ્રફુલ્લિત થાય પ્રાણી ॥

૧.પુણ્યશાળીને ૨.મંડપ ઉપર બાંધવાનું ચોરસ કપડું ૩.માગે ૪.ગુરુપત્ની ૫.મંડળી

જાણે હમણાં મુકાવશે મુને, ત્યાં તો આવી ખાય છે વપુને ॥૪૧॥
તેને દુઃખે દુઃખી જીવ થાય, કહે ભરમાણો હું ભેખમાંય ॥
ત્યારે જમગુરુ કહે છે પ્રાણી, અસદ્‌ગુરુની એંધાણી ન જાણી ॥૪૨॥
આખા વિશ્વનાં રાખ્યાંતાં ફેલ, વળી વ્યભિચારી ને વટલેલ ॥
કરતા ખોટો પ્રભુનો આકાર, નિંદતા ધર્મ નીમ સદાચાર ॥૪૩॥
હતાં એવાં પ્રસિદ્ધ એંધાણ, તેની ન પડી તુંને ઓળખાણ ॥
ખોયો જન્મ તેં ખોટાને સંગે, એમ કહી ચલાવે છે મગે ॥૪૪॥
એમ વીતે માસ અગિયાર, આવે પ્રયોવૃષણ મોઝાર ॥
તિયાં જીવને આવતો જોઈ, થાય રાજી જમ સહુ કોઈ ॥૪૫॥
ભલે આવ્યો તું ભાંગવા ભૂખ, તુંને જોઈ ચળવળે છે મુખ ॥
જાણું હમણાં જાયે તુંને ચાવી, પણ ખાશું તુંને નવરાવી ॥૪૬॥
તિયાં તાઢાં જળ હિમસરખાં, તેનો વરસાવે છે માથે વરષા ॥
તેણે ભીંજી ધ્રૂજે જીવ વળી, ઊડે તાઢ આપી હોય કામળી ॥૪૭॥
પછી ત્યાંથી ચલાવે છે મગે, માસ સાડા અગિયાર લગે ॥
દેખે છે દૂરથી શહેર સારું, પણ માંહી છે જમ હજારું ॥૪૮॥
જોઈ રહ્યા છે જીવની વાટ, ખાવા માંસ પીવા લોહી માટ ॥
આવે છે સહુ ઊઠીને સામા, કે'છે અમે તારા કાકા મામા ॥૪૯॥
અવળે મારગે ચલાવ્યો તુંને, તે તો ખાવા સારુ આ સહુને ॥
આપ્ય ખાવા જાવા દૈયે જાણ, એમ કહે છે સહુ જમરાણ ॥૫૦॥
પછી અંગે ચોળી મરચું મરી, મીઠું ભૂંશી ખાય ખાંતે કરી ॥
એનું નામ શીતાઢ્ય નગર, વ્યાપે શીત ધ્રૂજે થરથર ॥૫૧॥
ગોદડાં ગાદલાં સજ્યા સોય, ઓછાડ ઓશિશાં આપ્યાં હોય ॥
તેણે સુખ પામે એહ પ્રાણી, માટે દાન દેવું એવું જાણી ॥૫૨॥

INDEX



તે જો નાપ્યું હોય નિજ હાથે, ત્યારે સંભારે છે સગાં સાથે ॥
તે તો ક્યાંથી આપે એહ કેડ્યે, પછી રુવે પ્રાણી એહ પીડ્યે ॥૫૩॥
ત્યાંથી જમદૂત દઈ માર, ચલાવે છે પ્રાણીને અપાર ॥
બહુ દુઃખે વીતે માસ બાર, આવે બહુભીતિ પુર તે વાર ॥૫૪॥
તિયાં જમના દંડને જોઈ, ભય પામી પ્રાણી દિયે રોઈ ॥
કહે છે આ રાતાં ઝાડ છે શાનાં, નથી કેશું કેસર ચંપાનાં ॥૫૫॥
ઊંચાં નીચાં ઊડે છે પવને, જાણું હમણાં અડશે ગગને ॥
તેને જમકિંકર એમ કહે છે, નથી ઝાડ એ લોહી ઊડે છે ॥૫૬॥
તું જેવાનો કરે છે તપાસ, માર્યે લોહી ઊડે છે આકાશ ॥
તે સાંભળી જીવ ફડકે છે, કંપે કાળજ છાતી થડકે છે ॥૫૭॥
એવા પ્રેતના પ્રહાર સાંભળી, તેવા માને છે પોતાને વળી ॥
કહે કિયાં જાઉં કેમ કરું, આ મારથી હું કેમ ઊગરું ॥૫૮॥
ન કર્યું દાન પુણ્ય સંતસેવા, સેવ્યા તે જમકિંકર જેવા ॥
આપી પાપીએ અવળી મતિ, કરાવી આ મારગમાં ગતિ ॥૫૯॥
કર્યું મોટા કસાઈનું કામ, મોકલ્યો મુને જમને ધામ ॥
એમ શોચે પ્રાણી સુણો સહુ, કહે નિષ્કુળાનંદ શું કહું ॥૬૦॥

## કડવું - ૧૧

**પૂર્વછાયો :**

સંકટ કહ્યાં સોળે શહેરનાં, સંક્ષેપે કરી મેં મુખ ॥
પણ લખ્યાથી છે લાખઘણું, ભાઈ દંડતણું ત્યાં દુઃખ ॥ ૧ ॥
સાચા સદ્‌ગુરુ સંતનો, અંગે લાગ્યો નહિ ઉપદેશ ॥

પાપે પૂરણ પાપિયો, લિયે સુખ ક્યાંથી લવલેશ ॥ ૨ ॥
એમ જમદૂતે જોરે કરી, પંથ કરાવિયો બહુપેર ॥
વર્ષ વીત્યું એક વાટમાં, ત્યારે પોં'ચ્યો સંયમિની શહેર ॥ ૩ ॥
શોભા સંયમિની શહેરની, વળી અતિ ઘણી છે અનુપ ॥
તેહ જ પાપી પ્રાણીને, દેખતાં થાયે દુઃખરૂપ ॥ ૪ ॥

**ચોપાઈ :**

પુણ્યવાન હોય કોઈ પ્રાણી, દેખે સંયમિની શોભાખાણી ॥
તેહ પુર તણું પરિમાણ, કહું સુણજો સહુ સુજાણ ॥ ૫ ॥
શત જોજન લંબાઈ લૈયે, પહોળી પણ સો જોજન કૈ'યે ॥
કિલ્લો કનકનો તિયાં રાજે, શોભે ચાર સુંદર દરવાજે ॥ ૬ ॥
એક સોનાનો બીજો રૂપાનો, ત્રીજો દ્વાર તાંબાનો છે માનો ॥
ચોથો લોઢાનો દરવાજો લૈયે, દ્વાર ચાર એ પુરીનાં કૈ'યે ॥ ૭ ॥
તિયાં જેનાં જેવાં કર્મ હોય, તેવે દ્વારે જાય જીવ સોય ॥
ઉત્તર દ્વાર અનુપમ અતિ, તિયાં પુણ્યવાન કરે ગતિ ॥ ૮ ॥
જિયાં રાજમાર્ગ ચૌટા શેરી, બહુ શોભાયે શોભે ઘણેરી ॥
મેડી મો'લ હવેલિયો શોભે, જોઈ પુષ્પ ઝાડ મન લોભે ॥ ૯ ॥
મીઠી વાણીએ કરે પંખી રવ, શોભે ભૂમિ ત્યાં બહુ વૈભવ ॥
ધ્વજા પતાકા ત્યાં બહુ પેર, તે તો બાંધ્યાં ઘણાં ઘેરોઘેર ॥૧૦॥
રાજ દુર્ગદ્વાર સ્ફટિક મણિ, કનક કમાડે શોભે છે ઘણી ॥
વળી બ્રહ્માના પુત્ર જે બાર, શ્રવણ દેવતા બેઠા છે દ્વાર ॥૧૧॥
પિતૃગણ જે અગ્નિષ્વાત્તાદિ, તેના ગોત્રપુરુષ સત્યવાદી ॥
તેણે આપી આશિષો જે ઈયાં, તેને ભાવે લઈ વસ્યા તિયાં ॥૧૨॥
તિયાં પુણ્યવાળો જીવ જાય, દેખે વિષ્ણુસમ ધર્મરાય ॥

હવે કહું અધર્મીની રીત, દેખે એ પુરી મહા ભયભીત ॥૧૩॥
એને લઈ આવે લોહ દ્વાર, મારે કરે કાયર પોકાર ॥
ભર્યો લોહ ગોખરુએ મારગ, તેહ ઉપર મંડાવે પગ ॥૧૪॥
મોટા શ્વાન સર્પ સિંહ ઘણા, મળે સામા એવા બિયામણા ॥
ગીધ ગર્જ્ય કવા ચીલ ચાર, કરે ઉલૂ શબ્દ ભયંકાર ॥૧૫॥
એવા શબ્દ સાંભળતાં કાને, ચાલ્યો જાય છે પાસે રાજાને ॥
રાજદ્વારે લોઢાનાં કમાડ, અતિ તીખા ખીલા અંગફાડ ॥૧૬॥
તેમાં તાણી જાય જમ જોરે, ફાટે તન ત્યાં પ્રાણી બકોરે ॥
પછી આવે છે રાજાને પાસ, દેખી રૂપ પામે પ્રાણી ત્રાસ ॥૧૭॥
રોષે ભર્યા અતિશે રિસાળ, દેખે ધર્મને મહા વિકરાળ ॥
સામું જોયું પણ નવ જાય, જોઈ જીવ કરે ત્રાય ત્રાય ॥૧૮॥
લીધો લોહતણો દંડ હાથે, જાણ્યું કોપી રહ્યા પાપી માથે ॥
અતિ આંખ્યો દેખે ભરી રીસે, લાંબા દાંત મુખબાર દીસે ॥૧૯॥
મોટી દાઢી લોઢા જેવું દેહ, દેખે પાપી રૂપ એવું તેહ ॥
એવા સૂર્યસુત ધર્મરાય, તેને પૂછ્યું દૂતે લાગી પાય ॥૨૦॥
અમે આવ્યા પ્રાણી એક લઈ, તેની આપો છો આગન્યા સઈ ॥
ત્યારે રાયે તે કરી વિચાર, પૂછ્યું ચિત્રગુપ્તને તે વાર ॥૨૧॥
કહો આ પ્રાણીનાં પુણ્ય પાપ, જોઈ ખાતું ને દિયો જબાપ ॥
ત્યારે પ્રધાન કે'છે સુણો રાય, એનાં પાપ કહ્યાં નવ જાય ॥૨૨॥
કો'તો સંક્ષેપે સૂચવું સ્વામી, એણે કર્યું જે નરતન પામી ॥
સુણ્યું શ્રવણે વિષયી ગાન, હરિકથામાં ન દીધા કાન ॥૨૩॥
રસિકપ્રિયા રસમંજરી, એવાં બહુ સાંભળ્યાં ભાવ ભરી ॥
નયણે નીરખી નારીનું રૂપ, કર્યાં નેત્ર તેમાં તદરૂપ ॥૨૪॥

**કડવું : ૧૧** **યમદંડ**

કર્યો ત્વચાએ નારીનો સ્પર્શ, ગાયા જિહ્‌વાએ નારીના જશ ॥
નાસે[1] નિત્ય કુવાસના[2] લેતો, મુખે શ્રીકૃષ્ણ ભૂલ્યે ન કહેતો ॥૨૫॥
કરે પૂરણ વિકર્મ કર્યાં, પગે પગલાં પાપમાં ભર્યાં ॥
જે જે વડ્યે થાય શુભ કર્મ, તે તે વડ્યે કર્યું છે અધર્મ ॥૨૬॥
એવું સુણી બોલ્યા ધર્મરાય, સુણ્ય પાપી તેં કર્યો અન્યાય ॥
કર્યા ગુણ ન જાણ્યા તેં કેમ, કાં રે કૃતઘ્ની તું થયો એમ ॥૨૭॥
જેણે ઉદરમાં કરી સાર, આપ્યો મનુષ્યનો અવતાર ॥
માગે દેવ મનુષ્યનો દેહ, પામ્યો અભાગિયા તન તેહ ॥૨૮॥
ભરતખંડ જંબુદ્વીપ માંય, રહે પ્રગટ શ્રીહરિ જ્યાંય ॥
એવી ભૂમિમાં નરતન પામી, જ્યારે થયો તું લૂણહરામી ॥૨૯॥
કરી આવ્યો તું અતિ અનર્થ, બક્ષુ[3] ગુન્હા અમે નહિ સમર્થ ॥
બોલ્યા રાય કરી અતિ કોપ, પાપી કરી તે આગન્યા લોપ ॥૩૦॥
શેષ ગણેશ શશી સૂરજ, ઈશ અમરેશ વળી અજ ॥
તે તો ન લોપે આગન્યા લેશ, તેથી પણ તું થયો સરેશ[4] ॥૩૧॥
જે તેં ન ગણ્યા હુકમી હરિને, આવ્યો એવું તું કામ કરીને ॥
નથી જોયા જેવું તારું મુખ, જા જા પરો પ્રભુના વિમુખ ॥૩૨॥
લઈ જાઓ કિંકર યાંથી બાર, દિયો દંડ પ્રચંડ અપાર ॥
એવું સુણ્યું કિંકર સઘળે, ચાલ્યા જીવને ઝાલીને ગળે ॥૩૩॥
કર્યો માર અખાડામાં ઊભો, જાણી અતિશે પાપી અશુભો ॥
પછી અનેક આયુધ લાવ્યા, તર્ત અગનિમાંયે તપાવ્યાં ॥૩૪॥
તેણે બાળે છે પાપીનું તન, જેણે લોપ્યાં હરિનાં વચન ॥
દઈ દઈ પાપનાં એંધાણ, કિંકર કરે છે બહુ હેરાણ ॥૩૫॥

**૧.**નાકથી **૨.**અપવિત્ર ગંધ **૩.**માફ કરવા **૪.**સારો-સમર્થ

પછી તન તળે તેલ માંય, તેને દુઃખે કરે હાય હાય ॥
હાથ હથેળીમાં ખીલા ખોડે, પગ ઘૂંટીએ ઘણેશું તોડે ॥૩૬॥
આંખ્યમાં ગજ[1] ઘાલે લોઢાના, ભૂંડા હાલ કરે છે મોંઢાના ॥
તોડે જીભ સાંણસિયે તાણી, જે કોય બોલ્યો તો અસત્ય વાણી ॥૩૭॥
બાળે કાન સીસાં ઊનાં ઘાલી, જેને વિષયવાત લાગી વાલી ॥
પછી દંડનો બીજો ઉપાય, કરે છે વિચારી મન માંય ॥૩૮॥
કરે લોહ તણી નર નાર, તેનું તન તપાવે અપાર ॥
પછી કિંકર કહે વ્યભિચારો,[2] ભરો બાથ શું મને વિચારો ॥૩૯॥
જેણે બાથ ભરી એક વાર, તેની ભરાવે વાર હજાર ॥
પરપુરુષ ને પરનારી, પામે વિષયસુખે દુઃખ ભારી ॥૪૦॥
એમ દુઃખ દિયે છે અનંત, કહેતાં મુખે નાવે તેનો અંત ॥
શ્યું થયું હજી શ્યું થાશે, જીવ નરકના કુંડમાં જાશે ॥૪૧॥
ત્યાં તો તપાશી તપાશી પાપ, કરશે જમના દૂત સંતાપ ॥
રતીરતી તણું લેખું લેશે, તે પ્રમાણે તેવો દંડ દેશે ॥૪૨॥
પળપળનાં પાપ સંભારી, કા'સે[3] કિંકર તે મારીમારી ॥
થાકી જાશે જમદૂત જ્યારે, પછી પૂછશે પાપીને ત્યારે ॥૪૩॥
ભાઈ અમે કાયા[4] તુ ન કાયો, ભલો માર અપાર તેં ખાયો ॥
એમ કહી વિચારે છે જમ, હવે કરિયે કોઈક ઉદ્યમ ॥૪૪॥
થોડે મારે દુઃખ ઘણું થાય, એવો ગોતી કાઢિયે ઉપાય ॥
તૈયેં બોલ્યો એક જૂનો જમ, સર્વે મારની મુને છે ગમ ॥૪૫॥
તાળુ[5] લલાટે તાડન કરો, મુખ આંખ્યમાં મરચાં ભરો ॥
લમણામાં મારો લોહ લાંઠ્યે, એમ ભાંગો અંગ ગાંઠો ગાંઠ્યે ॥૪૬॥

૧.લોઢાનો સળિયો ૨.હે વ્યભિચારીઓ ! ૩.કંટાળે ૪.થાક્યા ૫.માથામાં

ગળુ દબાવો ને ઘડીવાર, તેણે પામશે દુઃખ અપાર ॥
છાતીમાંય મારો મોટા ઘણ, ભાંગી કચરી નાખો વૃષણ ॥૪૭॥
કોણી કાંડાં ગોઠણમાં ઘાવ, એહ કહ્યા મરમના દાવ ॥
દૂંટી ઘૂંટી નળી વળી વાઢો, નખ વીશ વળી તાણી કાઢો ॥૪૮॥
એમ દિયો દાવ ગોતી દુઃખ, તો હમણાં એ કા'સે વિમુખ ॥
પછી તેમ જ કિંકરે કીધું, થોડે મારે દુઃખ બહુ દીધું ॥૪૯॥
ત્યારે કઠણ પ્રાણીને પડ્યું, કર્યાં કર્મ તણું ફળ જડ્યું ॥
જેવો ઈયાં[1] માલ્યો[2] મગરુર,[3] તેવો તિયાં મારી કર્યો ચૂર[4] ॥૫૦॥
માટે સહુ વિચારજ્યો વાત, પોતે પોતાની કરશો મા ઘાત ॥
સહુ સારું પોતાનું કરજ્યો, સુણી જમના દંડને ડરજ્યો ॥૫૧॥
ખરું છે એ ખોટું નહિ થાય, પછી વિચારશો મનમાંય ॥
કહે નિષ્કુળાનંદ શું કથી, પ્રભુ ભજ્યા વિના સુખ નથી ॥૫૨॥

## કડવું - ૧૨

**પૂર્વછાયો :**

પછી પ્રાણી પોકારીને, કહે સુણો ધર્મ નિદાન ॥
અધર્મ આવો કાં કરો, કાંરે કોયે ન સાંભળો કાન ॥૧॥
જે દીથી તન મેં ત્યાગિયું, તે દીથી મારો જ માર ॥
અંગોઅંગ ભાંગી ગયાં, તોય હજી ન આવ્યો પાર ॥૨॥
ધર્મ નામ શીદ ધારિયું, જ્યારે દયા નહિ દિલમાંય ॥
મુજ જેવા કંગાલ પર, નથી કરુણા જો કાંય ॥૩॥
મેં જાણ્યું મન માહરે, ગુન્હા બક્ષશે ધર્મરાય ॥

**૧.**આ લોકમાં **૨.**મન માન્યું જીવ્યો **૩.**ઘમંડમાં **૪.**લોથપોથ-દુઃખી

ત્યાં તો સામું કોપ કરી, મુને નાખ્યો મહાદુઃખ માંય ॥૪॥
એવું સુણી રાય બોલિયા, તું સાંભળ્ય પાપી વાત ॥
જમદંડને તેં જૂઠા જાણી, ઘણી ઘણી કરતો ઘાત ॥૫॥
કહ્યું શાસ્ત્ર સંતે મળી, સુણી તે ન માન્યું મન ॥
આજ મનાવે છે અમને, જેને છે હરિનું વચન ॥૬॥
સાચા સંતથી સુણ્યું નહિ, સત્યશાસ્ત્રનું તે સાર ॥
નિજ દોષ નથી દેખતો, કરે છે બીજાને ગુનેગાર ॥૭॥
હવે લઈ જાઓ જમદૂત એને, આપું છું આગન્યા એહ ॥
અઠ્ઠાવીશ જે નરક છે, હવે ભોગવે મર તેહ ॥૮॥
એમ રાયે આજ્ઞા કરી, તે ધરી જમદૂતે ચિત્ત ॥
કઠણ છે કૂપ નરકના, મહા ભયંકાર ભયભીત ॥૯॥
તે જુક્તે કરી કહું જૂજવાં, કહુ નરકનાં જે નામ ॥
જેહ પાપે પડે નરકમાં, પાપી પુરુષ ને વામ ॥૧૦॥
પંચમસ્કંધે પરીક્ષિત પ્રત્યે, શુકે કહ્યાં નરક સોય ॥
વિધવિધે તે વર્ણવું, તમે સાંભળજ્યો સહુ કોય ॥૧૧॥
તામિસ્ત્ર અંધતામિસ્ત્ર, રૌરવ મહારૌરવ જે ॥
કુંભીપાક ને કાળસૂત્ર, અસિપત્રવન દુઃખદવ જે ॥૧૨॥
સૂકરમુખ અંધકૂપ કહિયે, કૃમિભોજન ને સંદશ ॥
તપ્તસૂર્મિ વજ્રકંટક, શાલ્મલી જાણો ત્રયોદશ ॥૧૩॥
વૈતરણી પુયોદ પ્રાણરોધ, વૈશાસન નરક દુઃખ વળી ॥
લાલાભક્ષ સારમેયાદન, અવિચિ અયઃપાન મળી ॥૧૪॥
એકવીશ નરક એ કહ્યાં, ક્ષારકર્દમ રક્ષોગણ ભોજન ॥
શૂલપ્રોત દંદશૂક, વળી અવટરોધન ॥૧૫॥

પર્યાવર્તન સૂચિમુખ, એ સર્વે દુઃખના સ્થળ છે ॥
નરક અઠ્ઠાવીશ નામ કહ્યાં, એ પાપીને પાપનું ફળ છે ॥૧૬॥
જેણે જેવાં કર્મ કર્યા, તેહને તેહવો દંડ ॥
પાપી જીવને પીડવા, કરિયા અઠ્ઠાવીશ કુંડ ॥૧૭॥
જેવે પાપે એ જીવ પડે, નરકમાં નર નાર ॥
શ્રવણ દઈ હવે સાંભળો, કહુ નરક તે નિરધાર ॥૧૮॥
પરધન પરદારા પાપી, હરે પરના વળી બાળ ॥
એહ પાપે એહ જીવને, નાખે તામિસ્રમાં તતકાળ ॥૧૯॥
અતિ ભયાનક ભૂંડો ઊંડો, જેમાં જંતુ અતિ અંધાર ॥
જમદૂતે ગળે બળે બાંધી, નાખ્યો તેહની મોઝાર ॥૨૦॥
ખાવું પીવું ન દેવું કે'વું, હવે જોજ્યે પાપી તારા હાલ ॥
એમ કહીને તાડે પછાડે, પાડે રાડોરાડ્ય કંગાલ ॥૨૧॥
કહે કિયાં જાઉં કેમ કરું, કેમ પામીશ દુઃખનો પાર ॥
પીડા માંહી પ્રાણિયો, કરે કાયર સાદે પોકાર ॥૨૨॥
પછી કંઈક કલપે[1] કાઢિયો, એહ નરકથી બા'ર ॥
પાપ તપાશીને પાપીનાં, નાખે અંધતામિસ્ર મોઝાર ॥૨૩॥
કપટ વિકટ કરતો ભરતો, પાપી પાપમાં પગ ॥
ભોળા પુરુષને છળી વળી, લેતો ધન ત્રિયા તેનું ઠગ ॥૨૪॥
એહ પાપે નાખિયો, તેહ અંધતામિસ્ર માંઈ ॥
યમદૂતના મારથી, જેની મતિ ગઈ છે મુઝાઈ ॥૨૫॥
મહા અંધારું જેમાં મોટા, જંતુ અતિશે અનંત ॥
રોમેરોમે તન તોડી ખાય, તેનો ન આવે અંત ॥૨૬॥

**૧.**એક કલ્પ = બ્રહ્માનો એક દિવસ = આપણા ૮ અબજ ૬૪ કરોડ વર્ષ

થડ થકી જેમ કાપતાં, વળી ઢળી પડે તરુ જેમ ॥
તેમ પડે એ પ્રાણિયો, પૃથવી ઉપર એમ ॥૨૭॥
નિરાધાર નિરાશ થઈ, બોલી ન શકે મુખ ॥
નિત્ય ઊઠી નવા નવું, કેટલુંક ખમાય દુઃખ ॥૨૮॥
મે'ર ન આવે મારતાં, યમને નિરદયા જોર ॥
તેને હાથ પડ્યો પાપિયો, પાડે બહુ દુઃખે બકોર ॥૨૯॥
પૂરણ દુઃખ દઈ લઈ, કાઢિયો કોઈક કાળ ॥
કર્મ તપાશી તેહનાં, નાખ્યો રૌરવે તતકાળ ॥૩૦॥
અધર્મે ઈયાં ધન મેળી, પોષ્યું નિજકુળ નિજદેહ ॥
આપ સ્વારથ સારુ મારી, જાત્ય જંતુની જેહ ॥૩૧॥
પછી નિજકુળ નિજદેહને, તજી જાયે જમપુરે જંત ॥
તેહ પડે રૌરવમાં, જેમાં દુઃખનો નહિ અંત ॥૩૨॥
વિકટ વ્યાળે[૧] ભર્યો ભયાનક, તેમાં જમદૂતે કરી જોર ॥
નાખ્યો પરાણે એ નરકમાં, ભૂખે દુઃખે પાડે બકોર ॥૩૩॥
રાત દિવસ દુઃખી રહે, નહિ સુખનો લવલેશ ॥
જાય ઘડી જુગ જેવડી, હેરાણ ગતિ છે હંમેશ ॥૩૪॥
કંઈક કાળે બા'ર કાઢે, જમદૂત તે એહ જન ॥
પાપી પડે મહારૌરવે, જેમાં જંતુઓ તોડે તન ॥૩૫॥
આ લોકમાં અભાગિયે, માર્યા હતા જીવને જેમ ॥
તે જીવ મરી રુરુ[૨] થઈ, મારે છે અધર્મીને એમ ॥૩૬॥
જીહ્વા સ્વાદે જીવનાં, મારીને ખાતો તો માંસ ॥
એમ જ ખાધું એહનું, તેમ જ કરીને તપાસ ॥૩૭॥

**૧.**ભયંકર સર્પોથી **૨.**ભયંકર હિંસક જનાવર

અલ્પ પાપ અણું જેટલું, વળી કર્યું હોય કોઈ સ્થળ ॥
તે તે સંભારી સરવે, દિયે દુ:ખ તેહ પળ ॥૩૮॥

એવી રીત રુરુ તણી, રાય રંકનો એક ન્યાય ॥
અધિક ન્યૂન એને નહિ, એમ જાણજ્યો મનમાંય ॥૩૯॥

રુરુનામે ક્રવ્યાદ[1] કે'યે, તે માંસ તોડી તોડી ખાય ॥
જે જીવે નિજદેહ સારુ, કર્યા અસત્ય ઉપાય ॥૪૦॥

એમ દુ:ખને ભોગવી જ્યારે, નીસરે નરકથી બા'ર ॥
પાપી પડે કુંભીપાકમાં, જિયાં દુ:ખનો નહિ પાર ॥૪૧॥

પશુ પંખી જીવતાં, રાંધીને ખાતો'તો માંસ ॥
તેને તેલમાં રાંધિયો, કર્યો તેમ જ તનનો નાશ ॥૪૨॥

દીધાં દુ:ખ બહુ જીવને, મે'ર મનમાં ના'વી વળી ॥
તે પાપે પડ્યો નરકમાં, કરી કમાણી આવી મળી ॥૪૩॥

ઉગ્ર સ્વભાવી અભાગિયો, જેને નહિ કરુણા લેશ ॥
કોઈ ન કરે કર્મ એવાં, તેવાં કરે છે અહોનિશ ॥૪૪॥

આપ સ્વારથે અનર્થનો,[2] કરતાં ન કરે વિચાર ॥
જુલમ[3] સર્વે જક્તનાં, રાખ્યા હૃદયા મોઝાર ॥૪૫॥

પ્રપંચનું[4] નવ પૂછવું, કહિયે કપટનો વળી કોટ ॥
એહ આદિ અઘે ભર્યો, કોઈ વાતની નહિ ખોટ ॥૪૬॥

તેહ પાપે પાપી કરે, કુંભીપાકમાં પ્રવેશ ॥
જમદૂત દુ:ખ દે ઘણું, જિયાં સુખનો નહિ લેશ ॥૪૭॥

દુ:ખના દરિયા ઊલટ્યાં, વળી મેલી દીધી મરજાદ ॥
આવ્યાં મળી અઘ આપણાં, કરે કિયાં તે ફરિયાદ ॥૪૮॥

૧.રાક્ષસ ૨.અધર્મનો ૩.અત્યાચાર ૪.દંભ-દગાનું

હદ્ય[1] મેલીને હાલિયો, બાંધી વૃષભ[2] સાથે વેર ॥
એવા અધર્મીને જોઈને, કહો કેને આવે મે'ર ॥૪૯॥
એવી રીત નરકની કહી, પંચમસ્કંધ માંય જેહ ॥
તેમની તેમ મેં લખી, કહે નિષ્કુળાનંદ એહ ॥૫૦॥

## કડવું - ૧૩

**પૂર્વછાયો :**

હરિજનદ્રોહી વિપ્રવિરોધી, ગુરુદેવનો ગુનેગાર ॥
એવો જે અભાગિયો, તે પડ્યો નરક મોઝાર ॥૧॥
જે જેવાં કર્મ કરે, ભાઈ તેને જ તેવો દંડ ॥
પછી પાપ તપાસી નાખિયો, કાળસૂત્ર નરકને કુંડ ॥૨॥
પિતા વિપ્ર વેદ દ્રોહી, પશુ વેંધી કરે જે પાપ ॥
તેહ પાપે કાળસૂત્રમાં, પાપી પામે છે સંતાપ ॥૩॥
તે કુંડ ઊંડો ભૂંડો ઘણો, એને ઉપમા કેની દઈયે ॥
પાપી પ્રાણીને પીડવા, સર્વે દુઃખનો સિંધુ કહિયે ॥૪॥
દશ હજાર જોજન ફરતો, તાંબાવરણો છે તેહ ॥
ઉપર હેઠે અગ્નિ અર્કે,[3] અતિશય તપાવ્યો એહ ॥૫॥

**ચોપાઈ :**

ભૂખ પ્યાસ પીડે ત્યાં અપાર, બળે દેહ અંતર ને બા'ર ॥
માર્યા પશુ શરીરના વાળ, તેને લેખે કિંકર તતકાળ ॥૬॥
એટલાં હજાર વર્ષ સુધી, મારે છે એ નરકમાં રુંધી ॥
સુવે બેસે લોટે ઊભો થાય, ધોડે પડે ગોટિકલાં[4] ખાય ॥૭॥

૧.ધર્મ મર્યાદા ૨.ધર્મ ૩.સૂર્ય વડે ૪.ગલોટિયા

તડફડે ફડફડે ઘણું, આવ્યું પાપ કરેલ આપણું ॥
લીધો ઘેરી વેરી વશ થયો, મારો મારો કહે દુઃખ દિયો ॥૮॥
શું વિચારી રહ્યા છો મનમાં, કરો પ્રહાર અતિ એના તનમાં ॥
પછી તેમ જ દિયે છે દુઃખ, પામે પીડા પ્રભુનો વિમુખ ॥૯॥
એવી રીતે વીતે કંઈ દન, પછી નાંખ્યો અસિપત્ર વન ॥
અસિ જેવી બેઉ કોરે ધાર, એવાં તાડના પત્ર અપાર ॥૧૦॥
નિજધર્મ વેદે કહ્યો જેહ, આપત્કાળ વિના તજે તેહ ॥
પરનો જે પાખંડ મારગ, ભરે અવશે[1] તે માંહી પગ ॥૧૧॥
નિચધર્મ માંહી બાંધી નેહ, તેમાં વટલાવે નિજદેહ ॥
કરે અશુભ આહાર અભાગી, કુળધર્મ પોતાનો ત્યાગી ॥૧૨॥
એહ પાપે અસિપત્ર વને, પડે પ્રાણી સહે દુઃખ તને ॥
ઘોડે ઘાયે કપાય છે પંડ, દિયે દૂત ઉપરથી દંડ ॥૧૩॥
તેણે કરી કરે હાય હાય, મુવો મુવો આવી મૂરછાય ॥
ફળ પાખંડ ધર્મનું એહ, ભોગવી નર નીસરે તેહ ॥૧૪॥
એવા નરકના કુંડના દુઃખ, તે તો કહ્યાં જાય કેમ મુખ ॥
કે'તાં કે'તાં નાવે જેનો અંત, એવાં અહોનિશ દુઃખ અત્યંત ॥૧૫॥
વળી આલોક માંહી અભાગી, કરે અન્યાય ન્યાયને ત્યાગી ॥
રાજા રાજાના ચાકર જેહ, લૂંટે વણ વાંકે લોક તેહ ॥૧૬॥
દિયે સંત વિપ્ર શિર દંડ, લૂંટે ઘર ગામ શે'ર ખંડ ॥
વણ વાંકે કરે અનરત્ય,[2] પછી નૃપ ને નૃપના ભૃત્ય[3] ॥૧૭॥
પડે સૂકરમુખ તે ઘડી, પીલે જેમ ચીચુંમાં શેલડી ॥
એમ પીલે છે પાપીનું તન, તેણે કરે કાયર રોદન ॥૧૮॥

૧.પરાધીનતા ન હોય તોપણ પોતાની ઈચ્છાથી ૨.ખોટું-અનીતિ ૩.સેવકો

વણ વાંકે રૈયતને રુંધી, લીધો દંડ મારી મૂવા સુધી ॥
ના'વી મે'ર તેની મનમાંય, પરપીડાને ન જાણી કાંય ॥૧૯॥
અતિ દુષ્ટ દયા નહિ લેશ, એવા પૃથવી પર નરેશ ॥
એવા રાજા ને રાજાના ભૃત્ય, પડે સૂકરમુખે પામી મૃત્ય ॥૨૦॥
સહે દુઃખ કાળ કંઈ જાય, ત્યારે એ દુઃખમાંથી મુકાય ॥
સૂકરમુખનું દુર્ઘટ દુઃખ, તે ભોગવે હરિના વિમુખ ॥૨૧॥
કર્યું નરસું નિઃશંક થઈ, એવા પ્રાણીની એ ગતિ કઈ ॥
વળી આ લોકમાં જે વિમુખ, દિયે અલપ જીવને દુઃખ ॥૨૨॥
ચાંચડ માંકડ જૂ જૂવા જેહ, બગા માંખી કીડી આદિ તેહ ॥
પશુ પંખી વ્યાળાદિક વળી, એવા માર્યા જંતુ બહુ મળી ॥૨૩॥
એહ પાપે પડે અંધકૂપ, જેમાં અતિ તમ દુઃખરૂપ ॥
વળી ઝેરવાળા જંતુ બહુ, આવી વળગે અંગમાં સહુ ॥૨૪॥
નાવે નિદ્રા નહિ સુખ ઘડી, ધોડે અકળાયે જાય પડી ॥
શ્વાસ વિના જણાય શરીર, ચાલે આંખ્યમાં ચોધારાં નીર ॥૨૫॥
હાય મુવો મુવો કહે મુખ, ભાઈઓ નથી ખમાતું આ દુઃખ ॥
એમ ભોગવે દુઃખ અપાર, કૈક કલ્પ વીતે કાઢે બા'ર ॥૨૬॥
પછી કર્યાં કર્મ તેહ વડે, પાપી કૃમિભોજનમાં પડે ॥
જેણે ખાધું નહિ વેં'ચી અન્ન, વળી ન કર્યા પંચ જગન ॥૨૭॥
નાપ્યું અતિથિને અન્ન કાંઈ, ખાધું એકલા ખૂણે સંતાઈ ॥
એ પાપે નાખે જમ પરાણે, કૃમિભોજન નરકની ખાણે ॥૨૮॥
શત સહસ્ર જોજન જેમાં જંત, ભર્યા કૃમિયા જેમાં અત્યંત ॥
તેમાં નાખી કીટ ખવરાવે, દઈ માર મુખે ચવરાવે ॥૨૯॥
કહે પાપ કરતો તું પ્રાણી, જમના દંડને જૂઠા જાણી ॥

તે તો સાચાં થયાં પુણ્ય પાપ, હવે સુખે ભોગવ્ય તું આપ ॥૩૦॥
સુખ સરવે ગયું છે મટી, આવ્યું એકલું દુઃખ ઊલટી ॥
રાત દિવસ રોતાં ને રોતાં, દિન જાશે બહુ દુઃખ ડોતાં[1] ॥૩૧॥
એમ દઈ દૂત દુઃખ ભારે, કૈક વર્ષ વીતે કાઢે બા'રે ॥
ત્યાંથી નાખે સંદશ મોઝાર, જેમાં દુઃખ તણો નહિ પાર ॥૩૨॥
જેહ પાપે પડે એમાં જીવ, તેહ વાત કહુ તતખેવ ॥
નરે ન કર્યાનાં કામ કીધાં, જેને તેને દુઃખ બહુ દીધાં ॥૩૩॥
જેણે આ લોકે વિપ્રનાં ધન, ચોર્યા સુવર્ણાદિક રતન ॥
વળી વણ પડ્યે આપતકાળ, ચોરે હેમ બીજાનું ચંડાળ ॥૩૪॥
જેનું તેનું લેવું ઝડીઝોટી, ખરો તસ્કર નજર ખોટી ॥
પાપી પોતાના સુખને કાજ, કરે દગા બહુ દગાબાજ ॥૩૫॥
તેને નાખે છે સંદશ નરકે, જેના દંડ દુઃખે પ્રાણી થરકે[2] ॥
લાવે લોહસાણસિયો તાતી,[3] તેણે તોડે ત્વચા કર છાતી ॥૩૬॥
કાઢે તન તણી રગો તાણી, રખે ચોરતા જૂઠું એ જાણી ॥
સર્વે ઋષિ મુનિનો એ મત, તે તો કે દી ન થાય અસત ॥૩૭॥
મોટા મોટા ગયા એમ કથી, ખરાખરી છે ખોટી એ નથી ॥
એમ ભોગવી દુઃખ વિકર્મી, ત્યાંથી કાઢી નાખે તપ્તસૂર્મી ॥૩૮॥
જે પાપે એ નરકમાં પડે, કર્યાં કર્મ તે કેમ ન નડે ॥
કામવશ થઈને કુકર્મી, કરે અનર્થ નર અધર્મી ॥૩૯॥
આ લોકે અગમ્ય[4] એવી દાર,[5] પાપી તેશું કરે વ્યભિચાર ॥
અથવા અગમ્ય એવો પુરુષ, કરે નારી સંગ કામવશ ॥૪૦॥
તેહ પુરુષ અને તેહ નાર, પામે નરકમાં દુઃખ અપાર ॥

**૧.**ભોગવતા **૨.**ધ્રૂજે; ડરે **૩.**ગરમાગરમ **૪.**નિષેધ કરેલ **૫.**સ્ત્રી

તિયાં ત્રિયા કરે લોઢા તણી, અતિ તપાવે છે તેહ ઘણી ॥૪૧॥
તેશું બથ લેવારે બહુ વાર, એકવારની વાર હજાર ॥
તેમ લોઢાનો પુરુષ તપાવી, બથ ભરાવે નારીને લાવી ॥૪૨॥
નારી નીરખે ચિંતવે ને સ્પરશે, તે નર મરી જન્મ જ્યાં ધરશે ॥
તિયાં પામશે તેહનું ફળ, ખરો ખ્વાર થાશે નર ખળ ॥૪૩॥
જેણે જોઈ નયણે પરનારી, થઈ કામાતુર ભૂર[1] ભારી ॥
તે નર જન્મોજન્મ આંધળો, થાય જાય જન્મ સઘળો ॥૪૪॥
વળી જે જન ચિંતવે નારી, વિષયસુખ ન મેલે વિસારી ॥
તે નર ક્ષયરોગમાં ખવાય, એવું ચિંતવ્યાનું ફળ થાય ॥૪૫॥
જે નર સ્પર્શે પરનારી અંગ, થાય કોઢિયો તેને પ્રસંગ ॥
એમ જન્મોજન્મ દુઃખ પામી, ખોશે આવરદાને હરામી ॥૪૬॥
એ પ્રમાણે યોષિતાનું[2] જાણો, મળે ફળ સમ[3] પરમાણો ॥
ભાંગી મર્યાદ મહાપ્રભુ કેરી, તેને ક્યાંથી મળે સુખ ફેરી[4] ॥૪૭॥
ભેળાં લીધાં છે પૂરણ ભાતાં, તે તો ખૂટશે નહિ ખાતાંખાતાં ॥
કરી આવ્યો છે પૂરી કમાણી, જમપુરનું દુઃખ જૂઠું જાણી ॥૪૮॥
એમ નરનારી થાય હેરાણ, જેના વિષય સાથે બાંધ્યા પ્રાણ ॥
એમ દુઃખ પામે દોય આપ, જેણે કર્યાં છે પૂરણ પાપ ॥૪૯॥
તેની વાત કહી બહુ વિધ, છે જો એમ પુરાણે પ્રસિદ્ધ ॥
કહી નિષ્કુળાનંદે એ કથી, સત્ય માનજ્યો જૂઠી એ નથી ॥૫૦॥

## કડવું - ૧૪

**પૂર્વછાયો :**

એહ નરકથી નીસર્યો, બહુ વરસ રહી બા'ર ॥

૧.બુદ્ધિહીન ૨.સ્ત્રીનું ૩.પુરુષ જેટલું જ ૪.ફરીવાર

ત્યાર પછી દુ:ખ પામશે, તે કહું કરી વિસ્તાર ॥૧॥
વજ્રકંટક શાલ્મલી, નામે નરક નિદાન ॥
જેહ પાપે પાપી પડે, કહું સૌ સુણો દઈ કાન ॥૨॥
પાપી પરત્રિય પશુ આદિ, કરે કામવશ પ્રસંગ ॥
એહ પાપે પરલોકમાં, પામે તે દુ:ખ અભંગ ॥૩॥
સ્પર્શના જો સુખ સારુ, કર્યો ધર્મનો તે લોપ ॥
તેની ઉપર દૂત જમના, કરે છે અતિશય કોપ ॥૪॥
સમું[1] કહેતાં વસમું,[2] સમજતો નર સોય ॥
વજ્રકંટકે વસિયો, જ્યાં સા'ય ન કરે કોય ॥૫॥
વજ્ર સરીખે કાંટે કહિયે, શાલ્મલીનાં ઝાડ ॥
તેહ ઉપર નાખી તાણે, પાડે ત્યાં રાડોરાડ ॥૬॥
દેતાં દંડ જમદૂત હારે, ત્યારે જ આવે અંત ॥
ચાલતો વહીવટ વિપત્તિનો, સત્ય માનજ્યો બુદ્ધિવંત ॥૭॥
એમ પ્રાણી ભોગવે, નિત્ય પ્રત્યે દુ:ખ અનંત ॥
ત્યાંથી પડે વૈતરણીએ, ભાઈ કહું તેનું વરતંત ॥૮॥

**ચોપાઈ :**

આલોકે નૃપ નૃપના જન રે, સતકુળમાં થયા ઉત્પન્ન રે ॥
પણ ધર્મ મર્યાદાને ભાંગી રે, વર્તે અધર્મે નર અભાગી રે ॥૯॥
એવા રાજા ને રાજાના ભૃત્ય રે, પડે વૈતરણીએ પામી મૃત્ય રે ॥
જેમાં વિષ્ટા મૂત્ર પરુ લોઈ રે, કેશ નખ અસ્થિ મેદ સોઈ રે ॥૧૦॥
માંસ ત્વચાએ[3] ભરી વૈતરણી રે, દુ:ખદાય કૈ'યે શું વરણી રે ॥
નરક ખાઈરૂપ છે એ નદી રે, જેમાં જળ જંતુ રહ્યા મદી[4] રે ॥૧૧॥

૧.સવળું; હિતકારી ૨.ઊંધું; અહિતકારી ૩.ચામડી; ચરબી-મેદથી ૪.વૈરી

જિયાં તિયાંથી તોડીને ખાય રે, તેને દુઃખે કરે હાયહાય રે ॥
કર્યાં કર્મ સંભારે છે આપ રે, કે'છે ક્યાંથી કર્યાં આવાં પાપ રે ॥૧૨॥

પામે પીડા પ્રાણ ન નીસરે રે, હાય મુવોમુવો એમ કરે રે ॥
એમ રાજા રાજાના પદાતિ[૧] રે, પામે પાપે દુઃખ દિન રાતિ રે ॥૧૩॥

એવી વૈતરણી મહાવિકટ રે, જેમાં દુઃખ અતિ દુરઘટ રે ॥
સહ્યું ન જાય શરીરે સોય રે, તમે સાંભળજ્યો સહુ કોય રે ॥૧૪॥

વળી કહુ કુંડની રીત રે, જેમાં દુઃખ અતિ અગણિત રે ॥
નર્ક નર્ક પ્રત્યે દુઃખ નોખાં રે, એક એક થકી અતિ ઓખાં[૨] રે ॥૧૫॥

જેણે જેવાં કર્યાં હોય પાપ રે, તેવો તે પ્રાણી પામે સંતાપ રે ॥
કર્યું કર્મ પોતાનું તે સે'વું રે, જેણે જેવું કર્યું હોય તેવું રે ॥૧૬॥

વળી આ લોકે શૂદ્રીના સંગી રે, શૌચાચાર નિયમ ઉલ્લંઘી રે ॥
નર પશુ પેઠે લજ્જા ત્યાગી રે, મનવશ વર્તે છે અભાગી રે ॥૧૭॥

તે તો મરી પરલોકે જાય રે, પડે પુયોદ નરકની માંય રે ॥
પરુ મૂત્ર વિષ્ટા લીંટ લાળ રે, તેનો ભર્યો સમુદ્ર કરાળ[૩] રે ॥૧૮॥

તેમાં પડે પિયે ખાય તેહ રે, નર વૃષલીપતિ[૪] થયા જેહ રે ॥
એમ વિચારી વિકળ ન થાવું રે, પડશે જરૂર જમપુર જાવું રે ॥૧૯॥

તિયાં રંગીલાપણું નહિ રહે રે, સત્ય ધર્મવાળા સહુ કહે રે ॥
મરડ ઠરડ મટાડશે મારી રે, કરજ્યો કર્મ વિચારી નરનારી રે ॥૨૦॥

વળી પાપીના પાપ પ્રમાણે રે, નાખે પ્રાણરોધ નરક ખાણે રે ॥
પ્રાણરોધમાં પડે છે પાપી રે, સુણો વાત સહુ કાન આપી રે ॥૨૧॥

આ લોકે બ્રાહ્મણાદિક કૈ'યે રે, ખરા ખર સરીખા તે લૈયે રે ॥
મારે મૃગને કરે અકાજ રે, જેની સત્યશાસ્ત્રે પાડી નાજ રે ॥૨૨॥

૧.રાજકીય પુરુષો ૨.ખરાબ ૩.બિહામણો ૪.પતિત સ્ત્રીનો સંગ કરનાર/બ્રહ્મચર્ય ભ્રષ્ટ ત્યાગી

તેહ મરી જમપુર જાય રે, પડે પ્રાણરોધ નરક માંય રે ॥
તેનું કિંકર કરી નિશાણ રે, રોમરોમ વેંધે મારી બાણ રે ॥૨૩॥

છેદી નાખે છે પાપીની છાતી રે, પામે પીડા કહી નથી જાતી રે ॥
જોઈ જોઈ શરીરના હાલ રે, પછી રુવે કૃપણ[1] કંગાલ રે ॥૨૪॥

વળી આ લોકે પુરુષ દંભે રે, દંભમય જગન આરંભે રે ॥
મારે પશુ એ જગન માંય રે, તે મરી વૈશાસન જાય રે ॥૨૫॥

ઝાલે જમદૂત ગળે જોરે રે, મારે પશુ પેઠે તે બકોરે રે ॥
પાડે કાળીરાજ્ય તે કુકર્મી રે, જે કોઈ ઈયાં થયા'તા અધર્મી રે ॥૨૬॥

થોડા સુખ સારુ દુઃખ મોટું રે, બાંધી લીધી ભેળી પાપ પોટું[2] રે ॥
તે તો ભોગવે આવશે પાર રે, સહુ નિશ્ચે જાણો નિરધાર રે ॥૨૭॥

વળી પોતાના પાપ પ્રતાપે રે, પડે લાલાભક્ષ માંય આપે રે ॥
લાલાભક્ષનું દુઃખ અપાર રે, કહું કાંઈક તે નિરધાર રે ॥૨૮॥

આ લોકે ત્રણે વર્ણના પુરુષ રે, આપે પાપી થઈ કામવશ રે ॥
પોતાના વર્ણની જે નાર રે, પાપી તેશું કરે વ્યભિચાર રે ॥૨૯॥

તેહ પાપે જમદૂત ત્યાંઈ રે, નાખે છે વીર્યની નદી માંઈ રે ॥
મારી મુદગર મસ્તક માંય રે, પાપી જીવને વીર્ય ત્યાં પાય રે ॥૩૦॥

આવે ઊબકા અતિ ઓકારી[3] રે, તોય પીવરાવે મારી મારી રે ॥
દિયે દંડ એમ દિનરાત રે, પામે પીડા પ્રાણી બહુ ભાત રે ॥૩૧॥

વળી આપ પાપે પાપી જન રે, પડે છે તે સારમેયાદન રે ॥
સારમેયાદનનું જે દુઃખ રે, તે તો કહ્યું જાય નહિ મુખ રે ॥૩૨॥

જેહ પાપે પડે એહ માંઈ રે, તેહ સાંભળજ્યો કહું ભાઈ રે ॥
કરે ચોરી મૂકે વળી આગ્ય રે, બાળે ગામ પુર વન જાગ્ય રે ॥૩૩॥

---

**૧.**બિચારો; દીન **૨.**પોટલાં **૩.**ઊલટી થાય

દિયે ઝેર લૂંટે ગામ સાર્થ[૧] રે, એવો કરે છે પાપી અનર્થ રે ॥
એવા કુકર્મના કરનાર રે, હોય રાજા કે રાજાના ચાકર રે ॥૩૪॥
તે મરી જમપુરીમાં જાય રે, તેને જમના દૂત તોડી ખાય રે ॥
શ્વાન સાતસો ને વીશ વળી રે, ચૂંથી ખાય છે પાપીને મળી રે ॥૩૫॥
વજ્જસરીખી છે જેની દાઢ્યો રે, તોડે તન પાડે તેણે રાઢ્યો રે ॥
કોણ મુકાવે મહાદુઃખમાંથી રે, જેણે સાચી વાત માની નથી રે ॥૩૬॥
હોય સાચી વાતના કે'નારા રે, તે તો એને લાગ્યા નહિ સારા રે ॥
વળી પાપીનો કરી તપાસ રે, નાખે અવિચી નરકમાં તાસ[૨] રે ॥૩૭॥
અવિચીનું દુઃખ છે અલેખે રે, તે તો ભોગવશે રાઈ રેખે રે ॥
તેમાં કરશે નહિ કાંઈ માપ રે, દેશે દુઃખ જોઈ જેવા પાપ રે ॥૩૮॥
જેહ પૂરે જૂઠી સાખ્ય જન રે, બોલે અસત્ય લેતાં દેતાં ધન રે ॥
આપી દાન ને બોલે અસત્ય રે, એવી પાપમય જેની મત્ય રે ॥૩૯॥
પછી એને અવિચીથી નાખે રે, પાપીને કોણ પડતો રાખે રે ॥
અવિચી નામે પર્વત જાણો રે, એવો નરક પ્રૌઢ પ્રમાણો રે ॥૪૦॥
તેમાં ઊંચા પગ નીચું શીશ રે, એમ નાખે કિંકર કરી રીશ રે ॥
શત જોજન ઊંચો છે એહ રે, તેને માથેથી નાખે છે તેહ રે ॥૪૧॥
દીસે તરંગ નહિ જળ જેમાં રે, ભર્યા એકરસ પાણા તેમાં રે ॥
થાય તલતલ કટકા તન રે, તોય મરે નહિ પાપી જન રે ॥૪૨॥
એમ અસત્યના બોલનાર રે, સહે દુઃખ અપરમપાર રે ॥
વળી વિપ્ર વિપ્રની જે ઘરુણી[૩] રે, કરે પ્રમાદે પાન વારુણી[૪] રે ॥૪૩॥
વળી વિપ્ર વિના વર્ણ અન્ય રે, કરે વ્રતદિને સુરાપાન રે ॥

**૧.**ધન-સંપત્તિ સહિત **૨.**તેને **૩.**પત્ની; ગૃહિણી **૪.**એક પ્રકારનો દારુ

ક્ષત્રી વૈશ્યાદિ પ્રમાદે વળી રે, જે પિયે છે સોમવલી મળી રે ॥૪૪॥
તે પાપે એ જીવ નિદાન રે, પડે નરક નામે અયઃપાન રે ॥
જ્યારે વિપ્ર આદિ ત્રણે વર્ણ રે, જાય જમપુરી પામી મર્ણ રે ॥૪૫॥
તેની જમદૂત છાતી દબાવી રે, પાય લોહરસ[1] તેને લાવી રે ॥
તેહ દુઃખે કરે હાય હાય રે, ભૂખ પ્યાસે કરી પ્રાણ જાય રે ॥૪૬॥
વળી ઈયાં અધમ નર છોટો રે, માને કરી માને છે હું મોટો રે ॥
જે કોઈ જન્મ તપ વિદ્યા વર્ણે રે, મોટા આશ્રમ ચાર આચર્ણે[2] રે ॥૪૭॥
તેની ગણતી નહિ કહું કાંઈ રે, એવો અભિમાની મનમાંઈ રે ॥
સૌથી જાણે પોતાને સરસ રે, બીજાને તો જાણે છે નરસ રે ॥૪૮॥
તેનું કરે અપમાન અતિ રે, તે કરે ક્ષારકર્દમે ગતિ રે ॥
હેઠું માથું ને ઊંચા છે પગ રે, નાવે થાહ[3] પડ્યો તેમાં ઠગ રે ॥૪૯॥
એવાં જમપુરીનાં જે દુઃખરે, પામે પ્રાણી પ્રભુથી વિમુખ રે ॥
સાચા સંતની શીખ ન માની રે, થયો અસંત સંગે અભિમાની રે ॥૫૦॥
એવી અભાગી નરની રીત રે, ખોટા માંય છે ખરી પ્રતીત રે ॥
જેવું જૂઠું અંતરમાં પેસે રે, તેવું સાચામાં મન ન બેસે રે ॥૫૧॥
કહો કેમ થાય એહ સુખી રે, સાચી વાત ન માને મનમુખી રે ॥
જે જીવના પરમ સનેહી રે, જાણ્યા શત્રુ સરીખા તેહી રે ॥૫૨॥
તેહ પાપે પડે નરક માંય રે, ન મળે ઉપાય એનો હવે કાંય રે ॥
હોય સમજુ તો સમજે સમું રે, લાગે અણસમજુને વસમું રે ॥૫૩॥
વાત હેતની છે રાખો હૈયે રે, વારેવારે કેટલુંક કૈયે રે ॥
કહે નિષ્કુળાનંદ કેટલું રે, આવું સુણી ચેતો તો છે ભલું રે ॥૫૪॥

---

**૧.**અતિ ગરમ લોખંડનો રસ **૨.**નિયમો પાળવાથી **૩.**અંત; તાગ

# કડવું - ૧૫

**પૂર્વછાયો :**

વળી અભાગી જીવને, સૂઝે જ અવળાં કામ ॥
અઘમગમાં[1] ચાલતાં, ક્યાંથી સુખને વિશ્રામ ॥ ૧ ॥
ડોડા ભૂંડા ખાધાં ખરા, ઘાંખે કરી ઘંતૂરાતણા ॥
ચડ્યો કેફ તેનો ચિત્તને, કહો કાંઈ રહે મણા ? ॥ ૨ ॥
સુણો સહું આ લોકમાં, કરે નરનારી મળી પાપ ॥
કાળી ભૈરવ દેવ તામસી, જે જે નર પશુ મારી આપ ॥ ૩ ॥
માંસ ખાઈ પશુ મનુષ્યનું, થાય નર નારી પ્રસન્ન ॥
તેહ જાય જમપુરીએ, પડે રક્ષોગણ ભોજન ॥ ૪ ॥
માર્યા નર પશુ અવતરી, ત્યાં રાક્ષસના ગણ થાય ॥
જેમ ખાધું'તું માંસ એહનું, તેમ તેનું એહ જ ખાય ॥ ૫ ॥
જેમ એ નરનારીએ, કર્યું હતું નૃત્ય ને ગાન ॥
તેમનું તેમ રાક્ષસ કરે, ખાઈ માંસ કરી લોહીપાન ॥ ૬ ॥

**ચોપાઈ :**

વળી આ લોકમાં અપરાધી રે, કરે પાપ ન કરે પારાધી[2] રે ॥
આવે શરણ જીવવાને જન રે, આણી અતિ વિશ્વાસ મન રે ॥ ૭ ॥
એવા વન ગામના જીવ જેહ રે, આવે જીવવા આશરે તેહ રે ॥
તેને શૂળ કે સૂત્રની[3] ફાંસી રે, તેણે કરીને માર્યા વિશ્વાસી રે ॥ ૮ ॥
પછી મરી જમપુર જાય રે, તેને જમદૂત પ્રોવીને ખાય રે ॥
આપે દુઃખ નાપે અન્નપાણી રે, આવે મૂરછા બંધાય વાણી રે ॥ ૯ ॥
પડે પૃથવી ઉપર આપ રે, ત્યારે સંભારે પોતાનાં પાપ રે ॥

---

**૧.**પાપમાર્ગે **૨.**શિકારી પણ ન કરે તેવા **૩.**દોરી કે દોરડાની

**કડવું : ૧૫** **યમદંડ**

ભાયો[1] ક્યાંથી કર્મ આવાં કીધાં રે, ક્યાંથી જેને તેને દુઃખ દીધાં રે ॥૧૦॥
એમ કહી પોકારે છે પ્રેત રે, પછી પડે ભૂમિએ અચેત રે ॥
પડ્યો જાણી આવે પંખી ઝટ રે, લોહ ચાંચવાળાં કંક[2] બટ[2] રે ॥૧૧॥
તે તો તોડી તોડી તન ખાય રે, પાપી પીડાય પ્રાણ ન જાય રે ॥
એમ બહુ ભાતે દુઃખ ભોગવે રે, નોખા કષ્ટ કુંડ નવાનવે રે ॥૧૨॥
નાવે અંત અત્યંત દુઃખનો રે, નહિ લવલેશ ત્યાં સુખનો રે ॥
વળી આ લોકે નર જે તીખા રે, સ્વભાવ છે સર્પના સરીખા રે ॥૧૩॥
જેને તેને દિયે બહુ દુઃખ રે, જેથી ન હોય કોઈને સુખ રે ॥
પછી મરી જમપુર જાય રે, પડે દંદશૂક નરક માંય રે ॥૧૪॥
સુણો ભાઈ એ નરકની વાત રે, મુખ જંતુનાં પાંચ વા સાત રે ॥
અતિ કરડકણાં કરાળ રે, જાણું પાપી પ્રાણી તણો કાળ રે ॥૧૫॥
ખાઉં ખાઉં ખાઉં એમ કરે રે, વણ વપુએ વડચકાં[3] ભરે રે ॥
તીખી દાઢો દીસે દુઃખદાઈ રે, એવા જંતુ એ નરકની માંઈ રે ॥૧૬॥
ઉગ્ર સ્વભાવવાળાને એહ રે, તર્ત ગળી જાય જંતુ તેહ રે ॥
પામે પીડા અતિ તિયાં ભારી રે, માટે કરવાં કર્મ વિચારી રે ॥૧૭॥
વળી આ લોકમાં જે અભાગી રે, દિયે પરને દુઃખ દયા ત્યાગી રે ॥
ખાડા કોઠલા ગુફા અંધારી રે, બીલ[4] ભોમ જેમાં તમ ભારી રે ॥૧૮॥
ઘર દર માંહી જીવ રૂંધી રે, મૂકે આગ્ય ધૂમ ત્યાં કુબુદ્ધિ રે ॥
પછી તે પાપી પરલોક પામી રે, પડે અવટરોધને હરામી રે ॥૧૯॥
ઝેર સહિત અગ્નિ ધૂમાડે રે, રોકી એવે સ્થળે રોળ પાડે રે ॥
ઈયાં જીવે કર્યાં પાપ જેમ રે, દિયે દંડ ત્યાં તેમનો તેમ રે ॥૨૦॥
નથી અધિક ઓછું કરતા રે, રહે છે પ્રભુના ડરથી ડરતા રે ॥

---

**૧.**હે ભાઈઓ ! **૨.**જળચર હિંસક પક્ષી **૩.**ડંખ/બટકા **૪.**બખોલ

નથી ડરતો એ નર અભાગી રે, દુઃખ લિયે છે મુખથી જો માગી રે ॥૨૧॥
વળી આ લોકે અભાગી નર રે, બાંધી બેઠા છે આશ્રમ ઘર રે ॥
આવે આંગણે અતિથિ રાજ રે,અભ્યાગત અન્ન જળ કાજ રે ॥૨૨॥
તેશું ક્રોધ કરી તતકાળ રે, કરે કરડી દષ્ટિ કરાળ રે ॥
અન્ન જળ જરાય ન આપે રે, સામું ક્રોધ કરીને સંતાપે રે ॥૨૩॥
પછી જ્યારે પામે પાપી મૃત્ય રે, પડે નરકે નામ પર્યાવ્રત રે ॥
તિયાં વજ્ર જેવાં ચાંચવાળાં રે, ગીધ કંક બટ જે રિસાળાં રે ॥૨૪॥
ઝાલી બળે મારી ચાંચો પાંખો રે, કાઢી લિયે છે પાપીની આંખ્યો રે ॥
ડોળા કાઢી લિયે દિયે માર રે, તેણે ચાલે છે રુધિરધાર રે ॥૨૫॥
તેણે ભીંજાય મુખ શરીર રે, એવે દુઃખે રહે કેમ ધીર રે ॥
એમ દિયે છે દંડ અપાર રે, સહે એવા પાપ કરનાર રે ॥૨૬॥
સારું સુંદર નરતન પામી રે, કર્યાં પાપ રાખી નહિ ખામી રે ॥
આવ્યા સમૂહ તેના સામટા રે, જેમ આવે ઘન ચડી ઘટા રે ॥૨૭॥
વળી આલોકે કરી અનર્થ રે, બહુ પાપે કરી મેળ્યું ગર્થ[૧] રે ॥
પામે ધન વાધે અભિમાન રે, જાણે નહિ કોય મુજ સમાન રે ॥૨૮॥
ધનમદે બોલે વાંકાં વેણ રે, થયો દુર્બળને દુઃખદેણ રે ॥
ધન ખરચતાં ખરખરો ઘણો રે, રાખે ભય રાજા ચોર તણો રે ॥૨૯॥
મેળ્યું ધન જક્ષના[૨] સમાન રે, નાખ્યું તેમાંથી કોડી દાન રે ॥
અભ્યાગત વિપ્ર ને કલોઈ[૩] રે, તેને અર્થે નાવ્યો દામ કોઈ રે ॥૩૦॥
મેળ્યું ધન કેવળ કરી પાપ રે, તે ન ખરચ્યું ન ખાધું આપ રે ॥
પછી ધન તન તજી તેહ રે, જાય જમપુરીમાંહી એહ રે ॥૩૧॥
તેને નાખે સૂચિમુખ નરકે રે, પામે દુઃખ પાપી બહુ બરકે[૪] રે ॥

૧.ધન-સંપત્તિ ૨.યક્ષ-કુબેરની ૩.ભાણેજ-બહેન કે દીકરીના સંતાન ૪.રાડો પાડે

જમદૂત દરજીની પેઠ્યે રે, એનું તન સીવી બહુ ગંઠ્યે રે ॥૩૨॥
ચીરી ચામડી સોએ સીવે છે રે, મુવા સરીખો થઈ જીવે છે રે ॥
સર્વે લોભનો લાભ દેખાડી રે, એક સીવે બીજો નાખે ફાડી રે ॥૩૩॥
એમ બહુવિધિ આપે છે દુઃખ રે, તેહ ન કહેવાય ભાઈ મુખ રે ॥
સુણી સર્વે પુરાણે અશેષ રે, કહ્યાં નરક એમ અઠ્ઠાવીશ રે ॥૩૪॥
એહ વિના બીજા છે અપાર રે, સોએ સો ને હજારે હજાર રે ॥
પાપી જીવને પીડવા કાજે રે, ધર્મરાયને રાખ્યા મહારાજે રે ॥૩૫॥
જેણે જેવી કરી છે કમાણી રે, તેને ભોગવાવે તેવી જાણી રે ॥
સંયમિનીને દક્ષિણ દ્વાર રે, નરક અગણિત છે અપાર રે ॥૩૬॥
જેણે જેવાં કર્યાં હોય પાપ રે, તેવે નરક પડે પ્રાણી આપ રે ॥
પડે સર્વે નરકે અધર્મી રે, હોય નર વા નારી વિકર્મી રે ॥૩૭॥
નથી વાત જૂઠી એહ જાણો રે, સર્વે સાચી પુરાણે પ્રમાણો રે ॥
તેને અર્થે કરે છે ઉપાય રે, દાન પુણ્ય વ્રત કહેવાય રે ॥૩૮॥
એહ દુઃખને ટાળવા કાજ રે, કરે ઉપાય રંક ને રાજ રે ॥
પણ પાપીનો સંગ નડે છે રે, તેણે કરી નરકમાં પડે છે રે ॥૩૯॥
ખોટી દિશના દેખાડનાર રે, છે આ જગમાંઈ અપાર રે ॥
તેના સંગને નથી તજતા રે, શુદ્ધ થઈ નથી હરિ ભજતા રે ॥૪૦॥
આપ પાપે કરી નરક એહ રે, ભોગવે છે અનુક્રમે તેહ રે ॥
તેમ ધર્મ અનુક્રમે જીવ રે, જાય સ્વર્ગાદિ લોકે સદૈવ રે ॥૪૧॥
કેટલાક નરકેથી નીસરે રે, કેટલાક નરક માંય ગરે રે ॥
એમ કૈક સ્વર્ગથી પડે છે રે, કૈક સ્વર્ગાદિ લોકે ચડે છે રે ॥૪૨॥
એમ કરતાં વધે પુણ્ય પાપ રે, તેણે ફરે ચોરાશીમાં આપ રે ॥

INDEX


એમ રચી રહ્યો છે અખાડો રે, પ્રભુ ભજ્યા વિના છે પવાડો[1] રે ॥૪૩॥
ભજો હરિ તજી બીજી વાત રે, તો ટળે માથેથી જમઘાત રે ॥
પ્રભુ ભજ્યા વિના એનો પાર રે, નથી આવતો જાણો નિરધાર રે ॥૪૪॥
સાચા સંતનો સંગ કરીને રે, ભજો ભાવે કરીને હરિને રે ॥
જો કોઈ ઈચ્છો એ ટાળવા દુઃખ રે, રહો શ્રીહરિને સનમુખ રે ॥૪૫॥
જે એ દુઃખ કહ્યાં કથી કથી રે, તે તો હરિજન પર નથી રે ॥
માટે હરિજન સહુ થાઓ રે, શીદ જમપુરીમાંહી જાઓ રે ॥૪૬॥
મો'રે મોટા મોટા જો વિચારી રે, થયા ભક્ત પ્રભુજીના ભારી રે ॥
રાજ સાજ સુખ ને સંપત્તિ રે, તજી ભજ્યા પ્રભુ પ્રાણપતિ રે ॥૪૭॥
તે તો એ દુઃખ ટાળવા કાજ રે, મેલ્યો સર્વ સુખનો સમાજ રે ॥
સુખ મૂકીને દુઃખને લેવું રે, તે તો ન ગમે કોઈને એવું રે ॥૪૮॥
પણ જમપુરીનાં દુઃખ જાણી રે, ખરી પ્રતીત મનમાં આણી રે ॥
તૈયે મેલી દીધો એ મારગ રે, પછી સુખમારગે ભર્યા પગ રે ॥૪૯॥
માટે સહુને જોવું તપાસી રે, નથી આગળ ખેલ[2] ને હાંસી રે ॥
કહે નિષ્કુળાનંદ નિરધાર રે, કરવો સહુને એનો વિચાર રે ॥૫૦॥

## કડવું - ૧૬

**પૂર્વછાયો :**

હવે સુણો સહુ શુભમતિ, કહુ કથા સુંદર સાર ॥
પ્રગટ પ્રભુ ભજ્યા વિના, પામે પ્રાણી દુઃખ અપાર ॥ ૧ ॥
સહે દુઃખ સોળે શહેરનાં, ભોગવે નરક અગણિત ॥
પછી ચાલે ચોરાશિયે, સુણો સહુ કહું તેની રીત ॥ ૨ ॥

**૧.**ભવાડો-ફજેતી **૨.**છોકરાની રમત-સામાન્ય વાત

ચોરાશી રાશિ દુઃખની, છે અતિ અતોલ અમાપ ॥
જેમાં જીવ જૂજવા, પામે છે પરિતાપ ॥૩॥
જેને માથે એહ દુઃખ છે, તે નથી સુખી લગાર ॥
કોણ ડાહ્યાં ભોળાં કહિયે, કોણ ગુણવંત ને ગમાર[1] ॥૪॥
કોણ રંક રાજા કહિયે, કોણ શ્રીમંત ને શાહુકાર ॥
જેને માથે જન્મ મરણ છે, તે તો સર્વે એક જ હાર ॥૫॥
કોણ જોગી જતિ કહિયે, કોણ ત્યાગી તપસી તેહ ॥
ચોરાસીનું નવ ચૂકિયું,[2] તો અમથો કલેશ એહ ॥૬॥
હાર્યો જીત્યો કોણ જાણિયે, કોણ સતી ને શૂરવીર ॥
દાતા દીન કેને કહિયે, જેને એહ દુઃખ છે શિર ॥૭॥
જેહ કષ્ટ કહેવાય નહિ, જિહ્વાએથી જરૂર ॥
ચવું[3] ચારે ખાણ્યનાં, ભારે દુઃખ ભરપૂર ॥૮॥
અંડજ ઉદ્‌ભિજ સ્વેદજ જરાયુજ, ખરી એ ચારે ખાણ ॥
એકવીશ લાખ એક એકમાં, તેહ પિંડ ધરે પરિમાણ ॥૯॥
કિયાંક સુખી કિયાંક દુઃખી, તન સહે ત્રિવિધ તાપ ॥
શરીરધારી સુખી નહિ, સદા રહે શિર સંતાપ ॥૧૦॥

**ચોપાઈ :**

શુભાશુભ કર્મ અનુસાર, પામે જીવ બહુ અવતાર ॥
લખ ચોરાશી ખાણો છે ચાર, ધરે તેમાં જૂજવા અવતાર ॥૧૧॥
અંડજ ખાણ્યનાં જે અવતાર, તેના કહેતાં તે ન આવે પાર ॥
સુખ થોડું ને દુઃખ અત્યંત, એવાં ધરવાં તન અનંત ॥૧૨॥
જળજંતુ અંડજ કહેવાય, તેના દુઃખનો થાહ ન થાય ॥

**૧.**મૂર્ખ **૨.**લખચોરાશી ન ટળી **૩.**વર્ણવું

મત્સ્ય કચ્છ કચલા કાતરણી, બીજી બહુ જાતી ન જાય વરણી ॥૧૩॥
કીડી મકોડી કોળાં ગરોળાં, માખી મણિધર ટીડડાં બો'ળાં ॥
ભમર તમર આદિ ભણિયે, એ પણ અંડજમાંય ગણિયે ॥૧૪॥
એહ આદિ જે જંતુ અપાર, મરે ઘરે ત્યાં લે અવતાર ॥
સુખ નહિ નહિ દુઃખ સરું, નિત્યે કષ્ટ પામે તિયાં નરું ॥૧૫॥
શીત ઉષ્ણ વળી તનત્રાસ, હર્ષ શોક સહે ભૂખ પ્યાસ ॥
આપથી સબળો દુઃખ આપે, પોતે પણ નિર્બળને સંતાપે ॥૧૬॥
એમ સુખ દુઃખ સહેતાં અપાર, જાય જન્મ લાખ અગિયાર ॥
ત્યારે જળ જંતુ જન્મ ટળે, સત્ય કહ્યું છે સંત સઘળે ॥૧૭॥
વળી કર્મ અનુસારે એહ, પ્રાણી પામે છે પંખીના દેહ ॥
સહે ત્રણ કાળના તે દુઃખ, પળ એક પામે નહિ સુખ ॥૧૮॥
સહે અમોઘ મેઘની ધાર, શીત ઉષ્ણનું દુઃખ અપાર ॥
ભૂખ પ્યાસમાં પીડાય બહુ, હર્ષ શોકમાં આતુર સહુ ॥૧૯॥
એમ દશ લાખ ઘરે દેહ, ત્યારે અંડજથી મુકાય એહ ॥
અગિયાર દશ એહ કહ્યાં, મળી એકવીશ લાખ થયા ॥૨૦॥
એક અંડજ ખાણ્યનાં જાણો, સત્ય વાત સહુ પરમાણો ॥
ઉદ્ભિજમાં ઘરે અવતાર, કહું સાંભળો તે નિરધાર ॥૨૧॥
ખરાં ખાંણ્ય ચારેનાં જે દુઃખ, પામે પ્રભુથી છે જે વિમુખ ॥
પ્રાણી આપ પાપ પ્રતાપે, પામે સ્થાવરનાં દેહ આપે ॥૨૨॥
ઝાડ પા'ડમાં ઘરે શરીર, કૈક કલ્પ લગી રહે સ્થિર ॥
બળે સળે કુઠારે કપાય, સિંચ્યાં વિના સમૂળાં સુકાય ॥૨૩॥
શીત ઉષ્ણ સુખ દુઃખ સહે, આવે જાય નહિ સ્થિર રહે ॥
વન વેલી ગુચ્છ ગિરિ તૃણ, થાય અગ્નિથી અચિર મરણ ॥૨૪॥

એમ એકવીશ લાખ વાર, પામે ઉદ્ભિજમાં અવતાર ॥
એમ લેતાં જન્મ પૂરા થાય, ત્યારે સ્થાવર દેહથી મુકાય ॥૨૫॥
પછી સ્વેદજ ખાણ્યે શરીર, ધરે અભાગી જીવ અચિર ॥
કર્યાં કર્મ થઈ તેને વશ, ધરે તન કૃમિ કીટ અવશ ॥૨૬॥
ચાંચડ માંકડ જૂજૂવા સવા, ગિંગોડી ઈતડીને કંથવા ॥
મોલો મચ્છર ઘનાં માટલિયાં, એળ્યો શાળ્યો પુરાદિ મામલિયાં ॥૨૭॥
એહ દેહમાંહી નહિ સુખ, પામે પીડા પ્રભુના વિમુખ ॥
મુવા પછી શું નરકે જાય, એ તો જીવતાં છે નરકમાંય ॥૨૮॥
એમ સહેતાં સુખ દુઃખ શીશ, વીતે જન્મ લાખ એકવીશ ॥
ત્યાં સુધી રહે દુઃખી અપાર, પછી સ્વેદજથી કાઢે બા'ર ॥૨૯॥
વળી જરાયુજ ખાણ્યમાં જેહ, જીવ ધરે છે જૂજવાં દેહ ॥
નિજ કર્મ બંધે બંધાણો, ધરે પશુના જન્મને જાણો ॥૩૦॥
સુખ નહિ ને સંકટ ઘણો, કહ્યો ન જાય મુખથી તે તણો ॥
પડે પરવશ ને પરહાથ, બળે[1] ગળે બાંધી ઘાલે નાથ[2] ॥૩૧॥
જોડે છોડે વાળે તેમ વળે, મગાવે લગાવે પાય સઘળે ॥
આપે ખાવા પીવાને તો ખાય, નૈ'તો બાંધ્યા બાંધ્યા તે સુકાય ॥૩૨॥
પરભયથી ભાગતા ફરે, પાણી ન પિયે ચારો નવ ચરે ॥
કૈક ખીલે રહ્યાં છે બંધાઈ, અહોનિશ કીચવિચ્ચ માંઈ[3] ॥૩૩॥
એમ નાનાં મોટાં પશુ પ્રાણી, સહે દુઃખ ભૂખ લિયો જાણી ॥
સત્તર લાખ વાર તન ધારે, છૂટે પશુના જન્મથી ત્યારે ॥૩૪॥
એહ દુઃખ જરાયુજનાં કહ્યાં, કહું બીજાં જે કહેવાનાં રહ્યાં ॥
ચારે ખાણ્યનાં દુઃખ કહું ચવી, જે જે જીવ આવ્યો છે ભોગવી ॥૩૫॥

**૧.**પરાણે **૨.**નિયંત્રણ માટે નાકમાં ઘાલેલી દોરી **૩.**કીચડની વચમાં

પછી કર્મ અનુસારે એહ, પામે ચૌદ લાખ મનુષ્યના દેહ ॥
તેમાં પણ અષ્ટ પ્રકાર, સુણો સહુ કહુ નિરધાર ॥૩૬॥

કપિ નોળ ખિસકોલા કહિયે, રીંછ ને જળમાણસાં[૧] લહિયે ॥
એકલટંગાં ઘૂડમુખાં ગણું, અષ્ટમું તન તે મનુષ્યતણું ॥૩૭॥

તેમાં પણ છે બહુ પ્રકાર, સર્વે સરખા નહિ અવતાર ॥
ભાઉ ભીલ કસાઈ કલાર,[૨] પારાધી ફાંસિયા[૩] મચ્છીમાર ॥૩૮॥

મહામ્લેચ્છ[૪] નીચના જે દેહ, અતિ પાપમય તન તેહ ॥
એહ માંયલું આવે એક તન, તેણે ન થાય મોક્ષનું જતન ॥૩૯॥

કપિ આદિ કહ્યાં તન સાત, તેમાં તો નહિ મોક્ષની વાત ॥
અષ્ટમું દેહ મનુષ્યનું કા’વે, તેહ પણ જો પાપીનું આવે ॥૪૦॥

ન સરે અર્થ ન થાય કલ્યાણ, પાછી ચોરાશી ને ચાર ખાણ ॥
અથવા આવે જો ઉત્તમ તન, મળે કુસંગ તો મૂળગા દન[૫] ॥૪૧॥

દેશ કાળ ક્રિયા ધ્યાન જેહ, શાસ્ત્ર દીક્ષા મંત્ર સંગ તેહ ॥
એહ અવળાં હોય જો અષ્ટ, આપે આ લોકે પરલોકે કષ્ટ ॥૪૨॥

હોય સવળાં તો સરે કામ, પ્રાણી પામે શ્રીહરિનું ધામ ॥
એહ સવળાં તે સતસંગ, એહ અવળાં તે કહિયે કુસંગ ॥૪૩॥

સતસંગે કરી સરે કાજ, કુસંગે કરી નરક સમાજ ॥
જે જે દુઃખ થયાં થાશે અંગે, હમણાં દુઃખી તે પણ કુસંગે ॥૪૪॥

જે જે દુઃખ કહ્યાં સર્વે કથી, તે તો સૌ પામે છે કુસંગથી ॥
કુસંગ છે કારણ દુઃખનું, સતસંગ છે કારણ સુખનું ॥૪૫॥

કુસંગનો સંગ સહુ ત્યાગી, સર્વે હરિને ભજો સુભાગી ॥
કુસંગ તો કરશો મા કોઈ, જમપુરીનાં દુઃખને જોઈ ॥૪૬॥

---

**૧.**જળબિલાડી **૨.**દારૂ બનાવનાર **૩.**ફાંસી દેનાર-જલ્લાદ **૪.**અતિ અધમ; નીચ-નાસ્તિક
**૫.**એના એ દુઃખના દિવસો

કુસંગના ડરથી તો ડરવું, તો મટે જનમવું ને મરવું ॥
જન્મમરણનાં દુઃખ છે જેહ, તે તો કહી સુણાવ્યાં મેં તેહ ॥૪૭॥
તેહ સાંભળ્યું સૌએ સંકટ, વેઠ્યું જાય નહિ છે વિકટ ॥
તે સમામાં વીતે છે પ્રાણીને, તે તો મનમાં રહે છે જાણીને ॥૪૮॥
કહેવા જેવો નથી એહ સમો, ગમે તેવાં દુઃખ આવી દમો[1] ॥
તે તો જાણે છે પોતાનો જીવ, કાં જાણે છે પરમ હેતુ પીવ[2] ॥૪૯॥
એહ સમો છે અતિ આકરો, ખમ્યો ન જાય છે ખરાખરો ॥
એહ દુઃખ ટાળવા ઉપાય, કરવો સમજી સહુને સદાય ॥૫૦॥
તજી કુસંગ સત્સંગ કરિયે, તો ફરી ભવફેરા ન ફરિયે ॥
કહિયે વારે વારે શું કેટલું, કરવું સહુને પોતાનું ભલું ॥૫૧॥
સહુ જને આ કથા સાંભળી, કરવો સત્સંગ સર્વેને મળી ॥
કહે નિષ્કુળાનંદ નિરધાર, કહ્યું સર્વે વાતનું આ સાર ॥૫૨॥

## કડવું - ૧૭

**પૂર્વછાયો :**

વિવિધ ભાતે વર્ણવી, કહ્યાં કષ્ટ જીવનાં જેહ ॥
તેહ સાંભળતાં શ્રવણે, સહુના તે કંપે દેહ ॥ ૧ ॥
અલ્પ આયુષ્યમાં એવડી, પીડા પામે છે પ્રાણી અપાર ॥
એહ દુઃખની આગળે, સુખ સ્વપ્ના જેવો સંસાર ॥ ૨ ॥
મનુષ્ય દેહને મૂકતાં, દુઃખ તરત છે એ તૈયાર ॥
તેનો ઉપાય અભાગિયા, કાં રે કરો નહિ નરનાર ॥ ૩ ॥
માથે નગારાં મોતનાં, વાજે છે બહુ વિધ ॥

**૧.**કષ્ટ આપે **૨.**પરમ હિતકારી પ્રભુ

INDEX



પળે પળે રીત પલટે, પેખી જુવોને પ્રસિદ્ધ ॥૪॥
બાળ જુવાપણ બે ગયાં, વૃદ્ધપણ વણસતું[1] જાય ॥
આજ કાલ્યમાં ઊઠી ચાલવું, સહુ વિચારો મનમાંય ॥૫॥
યાંથી અચાનક ચાલતાં, સઈ[2] વસ્તુ આવશે સાથ ॥
વણ સમજ્યે વિપત્તિની, શીદ ભરી રહ્યા છો બાથ ॥૬॥
સાચો સમાગમ શોધીને, ટાળો માથેથી એ ત્રાસ ॥
નરસે[3] સંગે નહિ મટે, મરણ ને ગર્ભવાસ ॥૭॥
મેં કહ્યું આ જીવને, કુસંગ છે દુઃખરૂપ ॥
કુસંગ કહિયે જેહને, કહુ તેહનું હવે સ્વરૂપ ॥૮॥

**ચોપાઈ :**

મોટો કુસંગ તે નિજદેહ, જેમાં જીવે બાંધ્યો છે સનેહ ॥
એહ અર્થે કરતાં અનર્થ, જીવ ખુવે છે જનમ વ્યર્થ ॥૯॥
કૂડ કપટ દગા ને ઘાત, થાય દેહ સારુ સર્વે વાત ॥
છળ ચોરી હિંસા કરી હણે,[4] આપ સ્વારથે પાપ ન ગણે ॥૧૦॥
એવું પાપ નથી જગ માંય, જે કોઈ શરીર સારુ ન થાય ॥
જ્યારે પિંડસુખ સામું પેખે,[5] ત્યારે દોષમાત્રને ન દેખે ॥૧૧॥
પરત્રિય પરધન લેવું, તનસુખ સારુ કરે એવું ॥
દેહ સાથે સનેહ છે જેને, નહિ ધર્મ નિયમ લાજ તેને ॥૧૨॥
દેહઅભિમાની નરનારી, થાય એથી અનરથ ભારી ॥
જેણે દેહમાંહી સુખ માન્યાં, કરે પાપ કૈ પ્રગટ છાનાં ॥૧૩॥
પોતાના પિંડના સુખ સારુ, કરે પાપ હજારે હજારુ ॥
જેણે કરી જમપુર જવાય, તેનો ન કરે વિચાર કાંય ॥૧૪॥

**૧.**બગડતું **૨.**કઈ **૩.**ખરાબ માણસના **૪.**માટે **૫.**જુએ

ન ખાધા સરીખું તેહ ખાય, ન પીધા સરીખું પીયે પાય ॥
તે તો દેહના સુખને અર્થ, થાય અતિ ઘણા તે અનર્થ ॥૧૫॥
જે અનર્થે જમપુરી જવાય, માટે મોટો કુસંગ એ કહેવાય ॥
તેહ સારુ તજવો સનેહ, જાણી કુસંગરૂપ આ દેહ ॥૧૬॥
દેહ માન્યે માને માઈબાપ, દેહ માન્યે માને પર[૧] આપ[૨] ॥
દેહ માન્યે માને ભગિની ભ્રાત, દેહ માન્યે માને નાત જાત ॥૧૭॥
દેહ માન્યે માને ગૃહ મેરી,[૩] દેહ માન્યે માને વા'લાં વેરી ॥
દેહ માન્યે માને મારું તારું, દેહ માન્યે મમત હજારું ॥૧૮॥
દેહ સારુ શુભાશુભ થાય, તેનો દોષ દેખે નહિ કાંય ॥
અંધધંધ થઈ કરે પાપ, તે તો દેહ સારુ સહુ આપ ॥૧૯॥
સર્વે નરકે જાવાનો સામાન, કરે જેને દેહ અભિમાન ॥
માટે મોટો કુસંગ આ દેહ, તેશું તજવો જોયે સનેહ ॥૨૦॥
તેહ વિના કુસંગ છે અન્ય, કહું તે પણ સાંભળો જન ॥
કુસંગ તે ક્રવ્યાદની પેર,[૪] સદા વાવરે[૫] પ્રભુશું વેર ॥૨૧॥
હરિ ને હરિના અવતાર, પાપી તેને ઘસારો દેનાર ॥
શ્રીકૃષ્ણ જે ગોલોકપતિ, જનસુખદાયક મૂરતિ ॥૨૨॥
ધરે જુગોજુગમાં અવતાર, કૈક જીવનો કરવા ઉદ્ધાર ॥
વરાહાદિક વપુને ધારી, રહે ભૂભાર હરવા મુરારિ ॥૨૩॥
દઈ દરશ પરશનું દાન, હરે કૈક જીવનું અજ્ઞાન ॥
તેને તજીને અભાગી જન, કરે અન્ય દેવનું ભજન ॥૨૪॥
કાળી ભૈરવ ભૂત ને વીર, પાપી માને પાવલિયા[૬] પીર ॥
તેને બલિદાન દેવા બહુપેર, મારી જીવને કરે ઝમેર[૭] ॥૨૫॥

૧.પારકું ૨.પોતાનું ૩.સ્ત્રી ૪.રાક્ષસની જેમ ૫.વધારે ૬.રાવળ કે પાળિયા ૭.ત્રાસ

એવા પાપીની પ્રતીતિ આવે, તોય પણ જમપુરીમાં જાવે ॥
જેણે મનુષ્યદેહ આવી આપી, તેનો પાડ માને નહિ પાપી ॥૨૬॥
કોઈક કર્મ કરી પ્રધાન, માને મોક્ષે જાવાનું હેવાન[1] ॥
કર્મે કરી સરવે થાય છે, એમ કર્મના ગુણ ગાય છે ॥૨૭॥
પરમેશ્વરનો બેઠા પાડી કાળ, નાસ્તિક એવા નર છે ચંડાળ ॥
એનો સંગ તે કુસંગ કહેવાય, તેને સંગે જમપુર જવાય ॥૨૮॥
કોઈક અદ્વૈતની ઓટચ લઈ, કરે કુકર્મ બેશર્મ થઈ ॥
મેલી શરણ શ્રીકૃષ્ણ તણું, કરે મન જેમ માને આપણું ॥૨૯॥
એક બ્રહ્મ કહી ભ્રમાવે લોક, કહે કર્મ ધર્મ સર્વે ફોક[2] ॥
કરે પાપ પુણ્ય થકી પાડે, તેમા નિર્દોષપણું દેખાડે ॥૩૦॥
એવા નર જે હોય અભાગી, જાણી કુસંગ મૂકવા ત્યાગી ॥
એનો સંગ ન દેવો લાગવા, એ છે જમપુરીના આગવા[3] ॥૩૧॥
કળિ માંય છે કુસંગ ઘણું, સુણો જન આચરણ તેહતણું ॥
સત્ય શાસ્ત્ર મર્યાદને મેલી, મન મતે વરતે છે ફેલી ॥૩૨॥
પાપી તજી નિજ કુળધર્મ, વિષય સારુ કરે છે વિકર્મ ॥
વળી પેટ ભરવા પાખંડી, કરે અધર્મ ધર્મને છંડી ॥૩૩॥
થઈ અભાગી નર ચંડાળ, કરે કરાવે જાતિવિટાળ[4] ॥
કોઈક નિજ માતા સુતા સંગ, કરે ભગિની સાથે વ્રતભંગ ॥૩૪॥
એવા પંથ કળિમાં છે બહુ, તેમાં માની બેઠા મોક્ષ સહુ ॥
તે તો સત્યશાસ્ત્ર જૂઠાં થાશે, ત્યારે એમાં કલ્યાણ કે'વાશે ॥૩૫॥
માટે એવો સંગ તે કુસંગ, તેનો ન દેવો લાગવા રંગ ॥
હોય પૂર્વ જનમનાં પાપ, મળે એવો સંગ તે પ્રતાપ ॥૩૬॥

**૧.**મૂરખ **૨.**નકામા; મિથ્યા **૩.**મુખ્ય મહેમાન; પહેલા જાનારા **૪.**વટલાવવાપણું

મળે વાઘ નાગ વિષ ખારું,[1] પણ કુસંગ થકી સૌ સારું ॥
એથી એક જનમ જાય જાણ્ય, કુસંગથી કોટી કોટી હાણ્ય ॥૩૭॥
માટે કુસંગ કેણે ન કરવો, પાપરૂપ જાણી પરહરવો ॥
એવા કુસંગને સંગે રહ્યા, તે તો લખ ચોરાશીમાં ગયા ॥૩૮॥
વિધ વિધ સહ્યા જમદંડ, વળી ધરશે ચૌ[2] ખાણ્યમાં પંડ ॥
વર્ષા શીત સેહશે તને તાપ, તે તો કુસંગને પ્રતાપ ॥૩૯॥
ફરશે ભરશે ચારે એ ખાણ્ય, ધરશે સ્થાવર જંગમ તન જાણ્ય ॥
મહાકુસંગની ખોટ્ય મોટી, જેણે જન્મ લેવા કોટિ કોટિ ॥૪૦॥
તેહ સારુ તે જોવું તપાસી, નથી આગળ ખેલ ને હાંસી ॥
ત્યાં તો સરે સાચાથી જો કાજ, નહિ રહે કપટીની લાજ ॥૪૧॥
દેહપાળક[3] ઈન્દ્રિના દાસ, તેનો રાખવો નહિ વિશ્વાસ ॥
એને સંગે ખોટ્ય નવ ખાયે, સાચા સંત હોય તિયાં જાયે ॥૪૨॥
પશુ પેઠે ન રહેવું બંધાઈ, સત્ય અસત્ય ઓળખવું ભાઈ ॥
એહ કહી કુસંગની રીત, તેશું કે દી ન કરવી પ્રીત ॥૪૩॥
માત તાત ભગિની જે ભાઈ, સુત દારા કુળ સગાં સાઈ ॥
હરિ ભજતાં પાડે જે ભંગ, તે તો કહિયે સર્વે કુસંગ ॥૪૪॥
દેવ ગુરુ અધ્યારુ[4] પ્રવેણ,[5] અન્નદાતા મિત્ર સુખદેણ ॥
એહ હરિ ભજતાં જો વારે, સમજી શત્રુ તજી દેવા ત્યારે ॥૪૫॥
મતિયાં પંથિયાં પરપંચી, બેઠા અભક્ત ભાગશી રચી ॥
પીરા કબીરા પ્રભુના દ્રોહી, એહ આદ્યે એવાં બીજા કોહી ॥૪૬॥
તેનો રાખવો નહિ વિશ્વાસ, જેથી ટળી જાયે હરિદાસ ॥
પૃથ્વીપતિ પ્રધાન પટેલ, તે પણ હોય કુસંગે ભરેલ ॥૪૭॥

**૧.**ખારીબલા **૨.**ચાર **૩.**દેહાભિમાની **૪.**શિક્ષક **૫.**હોંશિયાર માણસ

દઈ ડારો ને દબાવી રાખે, હરિ ભજતાં વિઘન નાખે ॥
તેનો દેશ ગામ તજી દેવું, જાણી અસુર મનમાં એવું ॥૪૮॥
જેમ તેમ કરવો નિભાવ, પણ એનો કરવો અભાવ ॥
એવો કુસંગ ક્યાં લગી કહું, કે'તાં કે'તાં તે પાર ન લહુ ॥૪૯॥
એવાં કહ્યાં કુસંગ ઠેકાણાં, રહ્યાં ઘણાં ને થોડાં લખાણાં ॥
જમપુરે લૈ જાવા જમાન, એહ સહુ રહે છે સાવધાન ॥૫૦॥
માટે સચેત રહેવું સદાય, નહિ તો પોં'ચાડે જમપુરી માંય ॥
હરિભક્તિમાં પડાવે ભંગ, કહે નિષ્કુળાનંદ એ કુસંગ ॥૫૧॥

## કડવું - ૧૮

**પૂર્વછાયો :**

સદમતિ સહુ સાંભળો, મેં કહ્યું કુસંગનું રૂપ ॥
અસત્ય નથી એમાં અણુ, છે તેમ જ તે તદરૂપ ॥ ૧ ॥
વિષ વ્યાળ વેરી થકી, કહો સુખ પામે કુણ ॥
અનેક જુગ વીત્યા વીતશે, તોય તેમાં તેના તે ગુણ ॥ ૨ ॥
તેમ કૃતઘની નરથી, પ્રાણી પામે દુઃખ અપાર ॥
તેનું આશ્ચર્ય નહિ કશું, નિશ્ચય જાણો નિરધાર ॥ ૩ ॥
વળી કહ્યું મેં સતસંગથી, મટી જાય છે મહાદુઃખ ॥
કહુ રૂપ હવે તેહનું, જેથી જીવને થાય છે સુખ ॥ ૪ ॥

**ચોપાઈ :**

સુણો સર્વે હવે નર નાર, કહું સત્સંગનું રૂપ સાર ॥
અતિ મહિમા જેનો છે અપાર, કહેતાં કોઈ પામે નહિ પાર ॥ ૫ ॥
શેષ મહેશ ને સરસ્વતી, ગુણ ગાય જેના ગણપતિ ॥

વળી શ્રીહરિ શ્રીમુખે કરી, ગાય સંતના જશ શ્રીહરિ ॥ ૬ ॥
શોધી જોતાં સંતની સમાન, નથી ત્રિલોકે વસ્તુ નિદાન ॥
કલ્પતરુ કામધેનુ જેહ, શુદ્ધ પારસ ચિંતામણિ તેહ ॥ ૭ ॥
નવ નિધિ સિદ્ધિ સર્વે મળી, એહ આદિ સમૃદ્ધિ સઘળી ॥
શોધી જોતાં એ સર્વેનું સાર, સુખ અલ્પ ને દુઃખ અપાર ॥ ૮ ॥
તે તો સંત સમ તોલ નાવે, જેના જશ નિગમ નિત્ય ગાવે ॥
એવા સંત સહુના સુખકારી, જેના હૃદામાં રહ્યા મુરારી ॥ ૯ ॥
શુભ ગુણના સદન સંત, તેનો મહિમા મોટો છે અત્યંત ॥
પરમારથી પુણ્ય પવિત્ર, નહિ શત્રુતા સહુના મિત્ર ॥૧૦॥
કહિયે દિલના દયાળુ એને, ક્ષમા કરવાનો સ્વભાવ જેને ॥
સર્વે જીવના છે હિતકારી, શીત ઉષ્ણ સહે દુઃખ ભારી ॥૧૧॥
કેના ગુણમાં અવગુણ ન ગોતે, શાંત સ્વભાવવાળા છે પોતે ॥
નથી શત્રુ જેને જગમાંય, વળી વર્તે છે વણ ઈરષાય ॥૧૨॥
નથી કેને ઉપર જેને વેર, માને રહિત મને અતિ મે'ર ॥
મત્સર નહિ સહુનું સહેવું, ઘટે બીજાને તેમ માન દેવું ॥૧૩॥
સત્યરૂપ સૌને લાગે પ્યારી, એવી વાણી બોલે છે વિચારી ॥
કામ ક્રોધ લોભ મોહ જીતી, નથી કોય મદપર પ્રીતિ ॥૧૪॥
વળી દેહમાંહી અહંબુદ્ધિ, પદારથ જે દેહના સંબંધી ॥
તેમાંથી અહંમમતનો ત્યાગ, સ્વધર્મમાં દૃઢ અનુરાગ ॥૧૫॥
દંભે રહિત દયાના ભંડાર, સદા પવિત્ર ભીતર ને બા'ર ॥
વળી દેહ ઈન્દ્રિયો દમનાર, સરલ સ્વભાવ અતિ ઉદાર ॥૧૬॥
જીતી છે ઈન્દ્રિયો સર્વે જાણો, વળી પ્રમાદ રહિત પ્રમાણો ॥
સુખ દુઃખ માન અપમાન, હર્ષ શોક લાભ વળી જ્યાન ॥૧૭॥

તેણે કરી પરાભવ પામી, ધીરજતામાં ન આવે ખામી ॥
કર્મ ઈન્દ્રિયોનું ચપળપણું, ટાળ્યું છે જ્ઞાન ઈન્દ્રિયોતણું ॥૧૮॥
નિજધર્મ અનુસારે આવે, તેણે કરીને દેહ નિભાવે ॥
તે વિના અધિક પદારથ, ન સંગ્રહે જાણી અનરથ ॥૧૯॥
વળી બીજાને બોધ કરવા, અતિ ચતુર અજ્ઞાન હરવા ॥
માને પોતાને આતમારૂપ, તેમાં નિષ્ઠા અતિશે અનૂપ ॥૨૦॥
યથા યોગ્ય જીવની ઉપર, કરે ઉપકાર બહુ પેર ॥
કોય પ્રકારનો ભય નથી, નથી ડરતા કોઈના ડરથી ॥૨૧॥
અપેક્ષા પદારથ કોઈની, નથી ઈચ્છા સુખદ સોયની ॥
દ્યૂતાદિક વ્યસને રહિત, સદા વર્તે છે શ્રદ્ધા સહિત ॥૨૨॥
અતિ ઉદાર સ્વભાવે યુક્ત, તપ કરવા નિષ્ઠા એવા મુક્ત ॥
ન કરે કોઈ પ્રકારનું પાપ, ત્યાગે વાત ગ્રામ્યકથા[1] આપ ॥૨૩॥
પંચ વિષયની આસક્તિ ટળી, આસ્તિક મતિવાળા છે વળી ॥
સત્યાસત્યના વિવેક યુક્તે, મદ્ય માંસાદિ કે દી ન ભુક્તે ॥૨૪॥
સતશાસ્ત્ર સુણવા વ્યસન, દઢ વ્રત ધાર્યા જેણે મન ॥
ચાડી ચોરી કેદિયે ન કરે, હેરુપણું[2] પરું પરહરે ॥૨૫॥
છાની વાત કોઈની જો હોય, બીજા આગળ ન કહે સોય ॥
જીતી નિદ્રાને જીત્યો આહાર, એવા સંત સદાય ઉદાર ॥૨૬॥
જેવું મળે પદારથ જ્યારે, સદા સંતોષ રહે છે ત્યારે ॥
નિજધર્મ વિષે બુદ્ધિ ઠેરી,[3] હિંસા રહિત વૃત્તિ જેહ કેરી ॥૨૭॥
પદારથની તૃષ્ણાને ટાળી, થાય પોતાને સુખદુઃખ વળી ॥
તેમ પારકું સુખદુઃખ જાણે, પોતાને થાય તે પરમાણે ॥૨૮॥

**૧.**જગત સંબંધી વાતો **૨.**જાસૂસી **૩.**સ્થિર કરી

સતશાસ્ત્ર પાડે જેની નાજ, તે ન થાય આવે અતિ લાજ ॥
ન કરે પોતે પોતાનાં વખાણ, ન કરે બીજાની નિંદા સુજાણ ॥૨૯॥
સત્યશાસ્ત્રે કહ્યા નિષ્કામ, બ્રહ્મચર્ય વ્રતધારી નામ ॥
અષ્ટ પ્રકારે પાળે છે એહ, જથારથ જાણી લિયો તેહ ॥૩૦॥
યમ નિયમ જુક્ત છે એ જન, જેણે જીત્યાં છે સર્વે આસન ॥
પ્રાણવાયુને જીત્યો છે જેણે, પ્રીત શ્રીહરિમાંય છે તેણે ॥૩૧॥
શ્રીહરિનાં જે ચરણ કમળ, તેનો દૃઢ આશ્રય અચળ ॥
શ્રીકૃષ્ણની ભક્તિપરાયણ, સદા રહે છે દિવસ રયણ[1] ॥૩૨॥
કરે કૃષ્ણ અર્થે ક્રિયા સર્વ, તજી માન મોટાઈ ને ગર્વ ॥
શ્રીકૃષ્ણ અવતાર ચરિત્ર, હરખે સુણે શ્રવણે પવિત્ર ॥૩૩॥
અવતારચરિત્રનું ગાન, કરે કીર્તનને તે નિદાન ॥
કૃષ્ણમૂર્તિનું કરે છે ધ્યાન, તે પરાયણ છે જેનું તાન ॥૩૪॥
હરિભક્તિ વિના કોઈ કાળ, નથી ખોતા[2] એવા છે દયાળ ॥
નિત્ય નારાયણને ભજે છે, અન્ય વાસના સર્વે તજે છે ॥૩૫॥
**એવાં લક્ષણે યુક્ત જે સંત, સત્પુરુષ કે'વાય મહંત ॥**
**એહ આદિ શુભ ગુણ જેહ, હોય સાચા સંતમાંહી તેહ ॥૩૬॥**
**એવા સદગુણે જે સંપન્ન, તેને કહિયે સાચા સંતજન ॥**
**એવા સાચા સંત હોય તિયાં, હોય પ્રગટ શ્રીહરિ જિયાં ॥૩૭॥**
હરિ હોય તિયાં હરિજન, સતસંગની રીત પાવન ॥
કાં તો મળે હરિ ધરી તન, કાં તો મળે તેના મળ્યા જન ॥૩૮॥
સતસંગ એ ઉભય[3] કહિયે, તેહ વિના કલ્યાણ ન લહિયે ॥
કહી રીત એ સતસંગ તણી, જથારથ જાતી નથી ભણી[4] ॥૩૯॥

**૧.**રાત **૨.**ગુમાવતા **૩.**તે બે (પ્રગટ હરિ કાં તેના સંત) **૪.**વર્ણવી

સંત સદા નિર્ભય નિશ્ચિંત, જેને પ્રગટ પ્રભુશું પ્રીત ॥
સાક્ષાત હરિના સુખ માંય, રહ્યા અચળ પર્વતપ્રાય ॥૪૦॥
હરિ અમલમાં[1] હરે ફરે, કોટિ જીવનાં કલ્યાણ કરે ॥
કૃષ્ણચરણમાં માન્યું ચિત્ત, બીજે રહી નહિ જેની પ્રીત ॥૪૧॥
શ્યામસુખમાં રહ્યા સમાઈ, તેણે મગન ઘણું મનમાંઈ ॥
અનુભવે અમલમાં બોલે, જાણે પિંડ બ્રહ્માંડ તૃણતોલે ॥૪૨॥
સુખ સંસારી જે જે કે'વાય, તેને સ્વપ્ને પણ ન ચહાય ॥
નર નિર્જરનાં[2] સુખ જે છે, ઈશ અજનાં સુખને ન ઈચ્છે ॥૪૩॥
એક રાધિકાપતિ શ્રીકૃષ્ણ, તેને પામીને રહ્યા છે પ્રષ્ણ[3] ॥
એવા સંત સુખિયા છે સરે,[4] મળે જેને તેનાં કાજ કરે ॥૪૪॥
એહ સતસંગ સુણો ભાઈ, તે હોય જુગો જુગની માંઈ ॥
એહ મળે ટળે જમત્રાસ, પાછો આવે નહિ ગર્ભવાસ ॥૪૫॥
મળે એવો સમાગમ જ્યારે, જીવ નિર્ભય થાય છે ત્યારે ॥
સુખી થાવા સંતસમાગમ, નિશ્ચે કહે છે એમ નિગમ ॥૪૬॥
**એવા હોય સાચા જિયાં સંત, તિયાં હોય પોતે ભગવંત ॥**
**તેહ વિના ન હોય એવી રીત, સર્વે લોક થકી જે પુનિત ॥૪૭॥**
**એમ સમજી સમાગમ કરિયે, તો જન્મ મરણથી તરિયે ॥**
**મટે માથેથી જમનો માર, આવે સર્વે દુઃખનો તે પાર ॥૪૮॥**
**એહ વિના નથી જો ઉપાય, જેણે જન્મમરણ દુઃખ જાય ॥**
**સાર માંહી વાત એ છે સાર, તે તો કહી દેખાડી કઈ વાર ॥૪૯॥**
**કહે નિષ્કુળાનંદ એમ સત્ય, કહી સતસંગની વિગત્ય ॥**
**સુખી થાવા જીવને એ ઠામ,[5] તેહ વિના નથી વિશ્રામ ॥૫૦॥**

**૧.**કેફમાં **૨.**દેવોના **૩.**પ્રસન્ન **૪.**સર્વશ્રેષ્ઠ **૫.**ઠેકાણું

INDEX



## કડવું - ૧૯

**પૂર્વછાયો :**

કુસંગ ને સતસંગનું, કહ્યું રૂડી રીતે કરી રૂપ ॥
સર્વે જન હવે સાંભળો, કહું એક વાત અનુપ ॥૧॥
જે સુણી આ જીવને, ઊઘડે અંતરની આંખ્ય ॥
સતસંગ સમજી કરે, તજે કુસંગ કરવા ઘાંખ ॥૨॥
જેમ સર્વે સંત તણી, એકરે'ણી ને એક રીત ॥
તેમ હરિની હોય નહિ, કહું તેહ સુણો દઈ ચિત્ત ॥૩॥
જીવના કલ્યાણ કારણે, ધરે જૂજવી જાતના તન ॥
જિયાં જેવું કામ પડે, તિયાં તેવા થાય ભગવન ॥૪॥

**ચોપાઈ :**

હવે સાંભળો સહુ સુજાણ રે, કહું વાત શાસ્ત્ર પ્રમાણ રે ॥
જેથી પ્રભુપણું પ્રિછાય રે, પ્રભુ પ્રગટમાં સંશય ન થાય રે ॥૫॥
દશ ચોવીશ આદિ અનંત રે, ધરે તન ઉદ્ધારવા સંત રે ॥
મત્સ્ય કચ્છ ને વરાહ નામ રે, નૃસિંહ વામન પરશુરામ રે ॥૬॥
રામ કૃષ્ણ બુદ્ધ ને કલકી રે, એહ આદિ જે તન અલૌકી રે ॥
મત્સ્ય કચ્છ વારિમાં વિચર્યા રે, વરાહ નૃસિંહ વનમાં ફર્યા રે ॥૭॥
વામન પરશુરામ કહું વર્ણી રે, રામ કૃષ્ણની અલૌકિક કર્ણી રે ॥
બુદ્ધ શુદ્ધબોધના દાતાર રે, કલ્કી ભૂમિહરણ ભાર રે ॥૮॥
ક્રિયા એકએકની ન મળે રે, એમ લખ્યું પુરાણ સઘળે રે ॥
પણ કરવું જીવોનું કલ્યાણ રે, ધર્મ થાપી પાપી લેવા પ્રાણ રે ॥૯॥
જુગોજુગ પ્રગટે પાપી રે, કરે અધર્મ ધર્મ ઉથાપી રે ॥

દ્વિજ રાજ વળી વેષ ધારી રે, જેને કહ્યે વર્તે વર્ણ ચારી રે ॥૧૦॥
એમાં આવી રહે છે અધર્મ રે, તેહ કરાવે સૌને કુકર્મ રે ॥
સંત ભક્ત તપસી ને ત્યાગી રે, પીડે રંક ઋષિને અભાગી રે ॥૧૧॥
સતશાસ્ત્ર શ્રવણે ન સુણે રે, ખોટાં શાસ્ત્ર વાંચે બેસી ખુણે રે ॥
જેમાં મદ્ય માંસ વ્યભિચાર રે, જાતિવિટાળ ને અનાચાર રે ॥૧૨॥
એવાં શાસ્ત્ર સહુને સુણાવે રે, પાપીને તેની પ્રતીત આવે રે ॥
પછી મનને ગમે તે વરતે રે, બિયે નહિ અશુભ આચરતે રે ॥૧૩॥
બાંધી મહાપ્રભુએ મરજાદ રે, તેને ભાખે[1] કુકર્મી ક્રવ્યાદ રે ॥
તેને દેખી ન શકે દયાળ રે, આવે એને અર્થે તત્કાળ રે ॥૧૪॥
ધર્મરક્ષા કરવાને કાજ રે, જુગોજુગ પ્રગટે મહારાજ રે ॥
તેમાં હરિજનનાં દુઃખ હરે રે, જેવું ઘટે તેવું તન ધરે રે ॥૧૫॥
તાતપર્ય એ સર્વેનું એક રે, કહ્યું વિચારી કરી વિવેક રે ॥
જેમ સાધુ સાધુતાયે અતિ રે, તેમ કૃષ્ણ કલ્યાણમૂરતિ[2] રે ॥૧૬॥
પણ એથી ન હોય અકાજ[3] રે, છે એ કલ્યાણમૂર્તિ મહારાજ રે ॥
જોને કામ ભાવે ભજી ગોપી રે, કુળ વેદ મર્યાદાને લોપી રે ॥૧૭॥
ભયે ભજીયા કંસ ભૂપાળ રે, ક્રોધભાવે ભજ્યા શિશુપાળ રે ॥
સ્નેહે વસુદેવ ને દેવકી રે, દુષ્ટભાવે કરી ભજી બકી[4] રે ॥૧૮॥
સખાભાવે પાંડવ પ્રમાણ રે, દાસભાવે ઉદ્ધવ સુજાણ રે ॥
એહઆદિ સુખી થયા બહુ રે, પ્રગટ પ્રભુને સ્પરશી સહુ રે ॥૧૯॥
માનો ન ફરે એહ એંધાણ[5] રે, પ્રભુ મળ્યે કોટિ કલ્યાણ રે ॥
વળી અજીત એવું આ મન રે, તેને જીતવે એ ભગવન રે ॥૨૦॥
એહ એંધાણે લેવા ઓળખી રે, પણ ક્રિયા તો ન હોય સરખી રે ॥

---

**૧.**તોડે **૨.**મોક્ષસ્વરૂપ દિવ્યમૂર્તિ **૩.**સહિત **૪.**પૂતના **૫.**લક્ષણ

એહ મર્મ મેં કહ્યો અનુપ રે, સત્ય એમ છે એનું સ્વરૂપ રે ॥૨૧॥
કૃપાસિંધુ જે કૃષ્ણ મુરારિ રે, તે તો અવતારના અવતારી રે ॥
જે જે અવતાર કહ્યા મેં કથી રે, તે તો સર્વે શ્રીકૃષ્ણ માંયથી રે ॥૨૨॥
સર્વેનું છે શ્રીકૃષ્ણ કારણ રે, ભવભયહારી ભક્તતારણ રે ॥
આપ ઈચ્છાએ પ્રગટે મહારાજ રે, નિજજનની રક્ષાને કાજ રે ॥૨૩॥
જ્યારે કરવું હોય જેવું કામ રે, તન તેવું ધરે ઘનશ્યામ રે ॥
પણ સહુનું કારણ કૃષ્ણ રે, તેનું દુર્લભ સર્વને દષ્ણ[1] રે ॥૨૪॥
તે તો સ્વયં પ્રભુ શ્રીહરિદેવ રે, તેનો જાણ્યો છે વિરલે[2] ભેવ[3] રે ॥
જે કોઈ મન વાણીને અગમરે, તે તો થયા છે સહુને સુગમ રે ॥૨૫॥
**કરવા કોટિ જીવનાં કલ્યાણ રે, આજ આપે પ્રગટ પ્રમાણ રે ॥**
**દેવા દર્શ સ્પર્શ અભયદાન રે, ઢળ્યા અઢળક ભગવાન રે ॥૨૬॥**
**તેને આવી મળે જન જેહ રે, જમદંડથી મુકાય તેહ રે ॥**
**ટળે સર્વે સંકટ ત્યારે રે, મળે સંત કે શ્રીહરિ જ્યારે રે ॥૨૭॥**
સુખકારી દુઃખહારી દોય રે, સાચા સંત કે શ્રીકૃષ્ણ સોય રે ॥
જેને કહું છું શ્રીકૃષ્ણ અમે રે, તે જ શ્રીહરિ સમજો તમે રે ॥૨૮॥
એહ સર્વે સુખનું છે ધામ રે, સુખદાયી શ્રીઘનશ્યામ રે ॥
જન ઈચ્છે સુખી થાવા જેહ રે, અચળ એક ઠેકાણું છે એહ રે ॥૨૯॥
**તેહ વિના નથી સુખ થાવા રે, જન્મ મરણ મહાદુઃખ જાવા રે ॥**
**કાં તો તે પ્રભુ કાં તેના જન રે, સુખી થાવા ઠામ માનો મન રે ॥૩૦॥**
નથી એહ વિના બીજો ઉપાય રે, સત્ય માની લેજ્યો મનમાંય રે ॥
જેહ સમે જેનું હોય રાજ રે, તેહ સમે સરે તેથી કાજ રે ॥૩૧॥
માટે આ સમે એહ ભગવન રે, નિશ્ચે માની લેજ્યો સહુજન રે ॥

**૧.**દર્શન **૨.**કોઈક જ્ઞાનીપુરુષે **૩.**મર્મ

તે મળ્યા છે જેને મહારાજ રે, તેનાં સર્યાં છે સર્વે કાજ રે ॥૩૨॥
નથી રહ્યું તેને કાંય કરવું રે, જન્મ મરણ ભવફેરા ફરવું રે ॥
છેલ્લો જન્મ છે આ જાણી લેજ્યો રે, એમ જાણી આનંદમાં રે'જ્યો રે ॥૩૩॥
જ્યારે આવશે આ તન અંત રે, તેનું સહુ જાણો છો વરતંત રે ॥
નિશ્ચય આવે છે તેડવા નાથ રે, નિજસંત સખા લઈ સાથ રે ॥૩૪॥
અશ્વ રથ વહેલ્ય વિમાન રે, ગજ ગરૂડ ગાડિયો નિદાન રે ॥
આવે એક બે ત્રણ દિન આગે રે, દેઈ દર્શન ને દુઃખ ભાંગે રે ॥૩૫॥
તેને આવી કહે એમ નાથ રે, તુંને તેડી જાશું અમ સાથ રે ॥
થાજ્યે સાબદો કહી સહુને રે, કહેજ્યે આવ્યાં છે તેડવા મુને રે ॥૩૬॥
કરજ્યે વાયદો વિશ્વાસ લાવી રે, તેડી જાશું તે સમે અમે આવી રે ॥
નહિ પડે તેમાં ફેર કાંઈ રે, નિર્ભય રે'જ્યે તું મનમાંઈ રે ॥૩૭॥
એમ આગેથી કહે અવિનાશ રે, તેણે મન મગન રહે દાસ રે ॥
તેહ સમે તેડવાને આવે રે, સંગે સાજ અલૌકિક લાવે રે ॥૩૮॥
સર્વે સુખમય તે સમાજ રે, એમ આવે તેડવા મહારાજ રે ॥
વળી તે વિના બીજી છે રીત રે, સહુ સાંભળજો દઈ ચિત્ત રે ॥૩૯॥
જ્યારે ત્યાગવું હોય તનને રે, ત્યારે મો'રે જણાય જનને રે ॥
પછી બીજા જનને એમ કહે રે, મારો દેહ હવે નહિ રહે રે ॥૪૦॥
આજ થકી પાંચ દશ દન રે, વીશ ત્રીશમાં ત્યાગીશ તન રે ॥
જેને આવવું હોય મારે સંગે રે, તેને તેડી જાઉં હું ઉમંગે રે ॥૪૧॥
કરવું હોય જો સાબિત કેને રે, હરિધામમાં પોં'ચાડું તેને રે ॥
જે ધામમાં સદાય છે સુખ રે, નથી કોઈ વાતનું જિયાં દુઃખ રે ॥૪૨॥
તે ધામ ગોલોક કે'વાય રે, જેને મોટામોટા મને ચા'ય રે ॥
તેહ મધ્યે કરી રહો વાસ રે, જિયાં કાળ માયાનો નહિ ત્રાસ રે ॥૪૩॥

એવી હિંમત સોત હરિજન રે, એમ કહીને ત્યાગે છે તન રે ॥
એવી રીત સત્સંગ માંય રે, તેહ વિના બીજે નથી ક્યાંય રે ॥૪૪॥

**એહ મોટા પ્રતાપને માનો રે, નથી એ પ્રતાપ કાંઈ છાનો રે ॥**
**સર્વે ધામ તણા જેહ ધામી રે, તે આવ્યા છે સહજાનંદ સ્વામી રે ॥૪૫॥**

આવી શક્કો બેસાર્યો નવલ રે, અતિ અનુપમ જે અવલ રે ॥
સર્વે જીવ તણા સુખ કાજે રે, રૂડી રીત ચલાવી મહારાજ રે ॥૪૬॥

સુણી હરિજન રે'જ્યો મગન રે, મને માની લેજ્યો ધન્યધન્ય રે ॥
કહ્યાં જમપુરીનાં જે દુઃખ રે, તેના ભોગવનારા વિમુખ રે ॥૪૭॥

જેણે પ્રગટ પ્રભુને ત્યાગી રે, બીજી વાતે વળગ્યા અભાગી રે ॥
તે તો જમપુરીમાંઈ જાશે રે, તિયાં મનગમતો માર ખાશે રે ॥૪૮॥

કહી વિસ્તારી સરવે વાત રે, સુખ દુઃખ કહ્યાં સાક્ષાત રે ॥
નથી કે'વા કેડ્યે કાંઈ રાખ્યું રે, ભલી રીતે એ સર્વે ભાખ્યું રે ॥૪૯॥

જેવું કહ્યું'તું મહારાજે મુને રે, તેવું કહી સમજાવ્યું સહુને રે ॥
એહ મોટો થયો ઉપકાર રે, સુણી તરશે સહુ નરનાર રે ॥૫૦॥

પાપી બી'શે કરતાં તે પાપ રે, સુણી આ ગ્રંથ શ્રવણે આપ રે ॥
માટે રૂડું થયું જાણો જન રે, સુણી સહુ થાશે પાવન રે ॥૫૧॥

કહ્યું સર્વે સૂચવી સહુને રે, જેવું હરિએ ઉપજાવ્યું મુને રે ॥
આ જે જમદંડ ગ્રંથ ગાશે રે, સુણી જમદંડથી મુકાશે રે ॥૫૨॥

દેશે સાંભળી વિપ્રને દાન રે, અન્ન ધન વસ્ત્રાદિ સન્માન રે ॥
તે તો સુખી થાશે નરનાર રે, વળી સહજે તરસે સંસાર રે ॥૫૩॥

કહી સુખદુઃખની મેં વિધિ રે, જેવી મહારાજે આજ્ઞા કીધી રે ॥
કહ્યું મેં તો મતિ પ્રમાણે રે, જથાર્થ તો મહાપ્રભુ જાણે રે ॥૫૪॥

ઓછું અધિકું કહ્યું હોય કાંઈ રે, તે તો નાવ્યું હોય જાણ્યામાંઈ રે ॥

કહે નિષ્કુળાનંદ વિચારી રે, સહુ જન લેજ્યો હૈયે ધારી રે ॥૫૫॥

## કડવું - ૨૦

**પૂર્વછાયો :**

જૂજવી રીતે જીવને, કહ્યાં જમપુરીનાં દુઃખ ॥
હરિજન મગન રહેજ્યો, એ તો ભોગવશે વિમુખ ॥ ૧ ॥
પ્રભુ વિમુખ પ્રાણિયો, જો કરે કોટિ ઉપાય ॥
દુઃખ માથેથી મટે નહિ, જરૂર જમપુર જાય ॥ ૨ ॥
ભૂલી દિશ ભગવાનની, અને લીધી બીજી વાટ્ય[1] ॥
તેમાં જેટલું ચોંપે ચાલશે, તેટલી ખોટ્ય નહિ ખાટ્ય[2] ॥ ૩ ॥
સમર્થના શરણ વિના, કુશળ ક્યાં થકી હોય ॥
આપબળે નવ ઊગરે, જેમ સિંધુ તરવો સોય ॥ ૪ ॥
જે જન્મ મરણ જીવને, દુઃખનો ભર્યો દરિયાવ ॥
લે'રી[3] પેઠે[3] લય ઉત્પત્તિ, ઊપજે સહજ સ્વભાવ ॥ ૫ ॥
જનમ મરણ જ્યાં લગી, ત્યાં લગી જમનું જોર ॥
જમ આવે તિયાં જાણજ્યો, કહ્યાં દુઃખ જે કેડામો'ર[4] ॥ ૬ ॥
જેને માથે છે મરવું, તોય ન ડરવું નિરધાર ॥
તેહ જ મૂરખ મંદમતિ, અતિ ગાફલ કહિયે ગમાર ॥ ૭ ॥
શું થયું શિયાણો થયે, શું થયું થયો ચતુર ॥
ડાહ્યા સમજુએ શું થયું, જો હરિ ન રાખ્યા ઉર ॥ ૮ ॥
પ્રભુ વિમુખ નર પરાક્રમે, જો હોય જગ જાણિત ॥
અનેક ગુણને આશરે, પણ જમપુરે જાવા રીત ॥ ૯ ॥

**૧.**પાપકર્મનો માર્ગ **૨.**ફાયદો **૩.**સમુદ્રના તરંગોની જેમ **૪.**પહેલા તથા પછી

જમ આવે જેને તેડવા, કહુ તેના તનની રીત ॥
અચેત મરે અસાધ્યમાં, જેને પ્રભુ સાથે નહિ પ્રીત ॥૧૦॥

**ચોપાઈ :**

જેને આવે લેવા જમરાણ રે, તેનાં ઓળખાવું હું એંધાણ રે ॥
જમ જોરે કાઢે એનો પ્રાણી રે, સર્વે નાડી અનાડીની તાણી રે ॥૧૧॥
ત્યારે સજડ થાય શરીર રે, લોહલાઠ્ય સરખું અચીર રે ॥
જેમ ન વળે સૂકું લક્કડ રે, એમ અંગ થાય છે અક્કડ રે ॥૧૨॥
તે તો જમદૂત જોરે કરી રે, લિયે પાપી તણા પ્રાણ હરી રે ॥
પછી હાથ પગ જેમ હોય રે, વાળ્યા વળે નહિ વળી સોય રે ॥૧૩॥
આંખ્ય મુખ ફાટ્યું રહી જાય રે, પાછું બીડતાં તે ન બીડાય રે ॥
નાડી તણાઈ સરવે ત્રૂટે રે, ગુદા શિષ્નુ તણા બંધ છુટે રે ॥૧૪॥
થાય મળ મૂત્ર ને મગન રે, તેણે ખરડ્યે બગડે તન રે ॥
હાયવોય કરતો તે મરે રે, થઈ વ્યાકુળ વલખાં કરે રે ॥૧૫॥
સુત દારા મારાં શું કરશે રે, મુજ વિના દુઃખી થઈ મરશે રે ॥
એમ આળપંપાળમાં મરે રે, જેના જમ જોરે પ્રાણ હરે રે ॥૧૬॥
આવે જમ તેડવા જેને રે, થાય જેમ કહ્યું તેમ તેને રે ॥
વળી હોય કોઈ વાસનાવાન રે, નાવે જમને હાથ નિદાન રે ॥૧૭॥
તર્ત ભૂત પ્રેત તન ધરે રે, તે પણ નરકથી નરસું સરે રે ॥
નદી કૂવા વાવ્ય તળાવે રે, તિયાં જળ પીવાને જો જાવે રે ॥૧૮॥
ન દિયે પીવા વરુણની ચોકી રે, મરે પ્યાસે રાખ્યા ઘાટ રોકી રે ॥
પછી અશુદ્ધ જળને ગોતે રે, તેહ વિના ન પીવાય ભૂતે રે ॥૧૯॥
પિયે ગુદા ધોયાનું પાણી રે, અતિશય અશુદ્ધ એ જાણી રે ॥
કાં તો લિંગ ભગ ધોયું તોય રે, ભૂત પ્રેતને પીવાનું સોય રે ॥૨૦॥

નરકથકી નરસું છે જેમાં રે, જાણી જમ મૂકી દિયે તેમાં રે ॥
એમ હરિ વિમુખને દુઃખ રે, જિયાં જાય તિયાં નહિ સુખ રે ॥૨૧॥

એમ ભૂત પ્રેત નર નાગ રે, પ્રભુ વિમુખનાં ભૂંડાં ભાગ્ય રે ॥
કાં તો અતિપાપી તન પામી રે, કરે પાપ રાખે નહિ ખામી રે ॥૨૨॥

ભાવું ભીલ કસાઈ કલાર રે, પારાધી ફાંસિયા મચ્છીમાર રે ॥
મહામ્લેચ્છ છે પાપનું મૂળ રે, મારે જીવ અહોનિશ અતુળ રે ॥૨૩॥

તે તો મરી જમપુર જાય રે, પછી સદા રહે નરકમાંય રે ॥
કોઈ કાળે ન નીસરે બા'ર રે, જેણે કર્યાં છે પાપ અપાર રે ॥૨૪॥

આવે અભાગ્યે મનુષ્યનો વારો રે, નાવે જીવતો ગર્ભથી બા'રો રે ॥
કાં તો ગળી જાય ગર્ભમાંય રે, કાં તો સંકટમાં સ્રવી જાય રે ॥૨૫॥

કાં તો કાઢે ઉદરથી કાપી રે, નાવે ગર્ભથી જીવતો પાપી રે ॥
એમ જન્મોજન્મ વેરેવેરે રે, ખુવે મનુષ્ય આયુષ્ય એ પેરે રે ॥૨૬॥

પણ મનુષ્ય દેહનું જે સુખ રે, પામે નહિ પ્રભુના વિમુખ રે ॥
એવી અતિ અધર્મની રીત રે, કહું બીજી સુણો દઈ ચિત્ત રે ॥૨૭॥

નાના મોટા હોય નામધારી રે, જેની નવ ખંડે નામના ભારી રે ॥
મર આ જગે હોય જાણીત રે, પણ સર્વે તણી એક રીત રે ॥૨૮॥

વિદ્યા ગુણ પેચ પરાક્રમ રે, નો'ય બીજો કોઈ એહ સમ રે ॥
સર્વ વાતનું કહી દેખાડે રે, પણ જમ આગે એક પાડે રે ॥૨૯॥

એમ સાંભળ્યું શાસ્ત્ર સઘળે રે, એવે ગુણે જમત્રાસ ન ટળે રે ॥
હરિ વિના મૃત્યુને ન તરે રે, સાચી વાત માનજ્યો એ સરે રે ॥૩૦॥

કોઈ પઢે સર્વે પુરાણ રે, કા'વે સર્વે લોકમાં સુજાણ રે ॥
કરી વાતે ડોલાવે બ્રહ્મંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૧॥

કોઈ કરે જગનને જાગ રે, આપે સર્વે અમરને ભાગ રે ॥

હોમે નર પશુ કરી પંડ રે, પણ ટળે નહિ જમ દંડ રે ॥૩૨॥
કોઈ પર્વતપરથી પડે રે, જ્યારે એવે વેગે મન ચડે રે ॥
મળે સુત વિત્ત રાજ્ય રંડ[1] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૩॥
કોઈ ફરે તીરથ સઘળે રે, રહે નિત્ય નવે વળી સ્થળે રે ॥
જઈ જળમાં પખાળે પંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૪॥
કોઈ કરે વ્રત ઉપવાસ રે, જાય ઉત્તરે થઈ ઉદાસ રે ॥
જઈ ગાળે હિમાળામાં હંડ[2] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૫॥
કોઈ ચારે કોરે અગ્નિ બાળી રે, બેસે વચ્ચમાં આસન વાળી રે ॥
માથે તપાવે જો માર્તંડ[3] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૬॥
કોઈ અષ્ટાંગયોગને સાધે રે, એક આત્મારૂપ આરાધે રે ॥
રોકે પ્રાણ અપાન પ્રચંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૭॥
કોઈ ભણે વેદાંત અનુપ રે, જાણે જીવેશ્વરમાયાનું રૂપ રે ॥
જે તે સામો રોપે જઈ ઝંડ[4] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૮॥
કોઈ વદે છે વ્યાકરણવાણ રે, સુણી સહુ કરે પ્રમાણ રે ॥
બોલે મુખથી શુદ્ધ અખંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૩૯॥
કોઈ કવિ થઈ કાવ્ય જોડે રે, કોઈ કરે જ્ઞાન ગપોડે[5] રે ॥
જાણું ભેદી જાશે આ બ્રહ્મંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૦॥
કોઈ સઉથી થઈ ઉદાસી રે, લિયે કરવત જઈ કાશી રે ॥
મરે જળે બૂડી ભરી ભંડ[6] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૧॥
કોઈ સતી પતિ કેડે થાય રે, કોઈ જીવતાં ભૂમાં સમાય રે ॥
એમ પરાણે કરે પ્રાણ છંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૨॥
કોઈ ત્યાગી થઈ વસે વન રે, ફરે નગન ન ખાય અન્ન રે ॥

**૧.**સ્ત્રી **૨.**હાડ (દેહ) **૩.**સૂર્ય **૪.**શાસ્ત્રાર્થ કરવાનો ઝંડો-ધ્વજ **૫.**ગપોટા-જ્ઞાનની મોટી મોટી વાતો **૬.**મોટું વાસણ

સહે શીત ઉષ્ણ પીડા પંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૩॥
કોઈ સા'ય[૧] કરે સિદ્ધિ અષ્ટ રે, પામે નિધિ કરી બહુ કષ્ટ રે ॥
જાય ઈચ્છે તે લોકમાં ઊંડ[૨] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૪॥
કોઈ જંત્ર મંત્રને વખાણે રે, બહુ નાટક ચેટક જાણે રે ॥
જાણે બહુ પ્રપંચ પાખંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૫॥
કોઈ આપે સર્વસ્વ દાન રે, વાધે કીર્તિ કર્ણ સમાન રે ॥
પડે ખબર સરવે ખંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૬॥
કોઈ શૂરા પૂરા સંગ્રામે રે, વડા વેરીથી હાર ન પામે રે ॥
કરે શત્રુ સેનાને વિખંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૭॥
સ્વર્ગ મૃત્યુ પાતાળમાં જશે[૩] રે, વ્યાપી રહ્યો સહુથી સરસ રે ॥
હોય નર નારી વા ષંડ[૪] રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૮॥
એવી રીત કિયાં લગી કહું રે, કે'તાં કે'તાં તે પાર ન લહુ રે ॥
અંતે પડે તે નરકને કુંડ રે, પણ ટળે નહિ જમદંડ રે ॥૪૯॥
એમ કહે છે સર્વે પુરાણ રે, સુણી સમજી લેજ્યો સુજાણ રે ॥
નથી મુખની વાત મેં લખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખી રે ॥૫૦॥
જો આપ બળે સિંધુ તરાય રે, નાવ શોધવા તો શીદ જાય રે ॥
હોય પોત[૫] પાર થાય સુખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખી રે ॥૫૧॥
જેમ અર્ક વિના અંધારું રે, કરે ટાળવા ઉપાય હજારું રે ॥
ઉલેચતાં તમ થાય દુઃખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખી રે ॥૫૨॥
સર સરિતા સાગર સોય રે, ઘન વિના સૂક્યાં સહુ કોય રે ॥
એહ એંધાણ લેવું ઓળખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખી રે ॥૫૩॥
એમ સો વાતની વાત એક રે, સમજુ હોય તે સમજો વિવેક રે ॥

**૧.**સિદ્ધ-વશ **૨.**ઊડીને **૩.**કીર્તિ વડે **૪.**નપુંસક **૫.**વહાણ

મમતે ન થાવું મનમુખી રે, નો'ય કલ્યાણ પ્રભુજી પખી રે ॥૫૪॥
યમદંડ નામે છે આ ગ્રંથ રે, તેમાં ચરણે ચરણે એ અર્થ રે ॥
લેવું પ્રકટ પ્રભુનું શરણ રે, ત્યારે ટળે જન્મ ને મરણ રે ॥૫૫॥
જન્મ મરણ તિયાં જમ જાણો રે, જમ આવે એ દુઃખ પ્રમાણો રે ॥
જાણો દુઃખ ટળી સુખ થાવું રે, ત્યારે પ્રગટ પ્રભુ પાસે જાવું રે ॥૫૬॥
કહ્યો છેલ્લો મેં એહ ઉપાય રે, હોય હરિ જુગો જુગ માંય રે ॥
તેને મળ્યે ટળે મહાદુઃખ રે, થાય શાંતિ પામે જીવ સુખ રે ॥૫૭॥
આદ્યે અંતે મધ્યે એહ વાત રે, સહુ સમજી લ્યો સાક્ષાત રે ॥
પ્રભુ મળ્યા વિના છે પાંપળાં[1] રે, તજો તેને જાણીને ટાંપળાં[2] રે ॥૫૮॥
**કરો પ્રગટ પ્રભુ સાથે પ્રીતિ રે, તો જાઓ જગમાંહી જીતી રે ॥**
**નથી કઠણ વાત એ કાંઈ રે, સહુ સમજો એવી સુખદાઈ રે ॥૫૯॥**
સાચા ખોટામાં સરખો શ્રમ રે, શીદ નથી જાણતા એ મર્મ રે ॥
જેમ દિશ મુવાડે[3] મારગે રે, ચાલે સાંજથી સવાર લગે રે ॥૬૦॥
જેમ જેમ ચોંપેશું ચલાય રે, તેમ તેમ છેટું થાતું જાય રે ॥
તેમ પ્રભુજીને પૂઠ્ય દઈ[4] રે, જીવ કરે છે ભગતિ કઈ રે ॥૬૧॥
તે તો નથી આવતી જો અર્થ રે, ઠાલો જન્મ ખુવે છે વ્યર્થ રે ॥
વણ સમજ્યે વેઠે છે દુઃખ રે, જે કોઈ હરિ થકી છે વિમુખ રે ॥૬૨॥
મટી વિમુખ સન્મુખ થાઓ રે, જાણી જોઈ કાં જમપુર જાઓ રે ॥
પોતે પોતાનું કરવું કાજ રે, સ્મરી શ્રીઘનશ્યામ મહારાજ રે ॥૬૩॥
**અચળ એક આશરો એહ રે, એહ વાતમાં નથી સંદેહ રે ॥**
**તેહ વિના ન હોય ભવપાર રે, કહે નિષ્કુળાનંદ નિરધાર રે ॥૬૪॥**

**૧.**ખોટા ફાંફા **૨.**નકામા **૩.**દિશા ફરી ગયા પછી **૪.**વિમુખ થઈ

## પદ- રાગ : ધોળ

**પામ્યા પામ્યા રે ભવજળપાર, શ્રીહરિ સંત મળી.**
**વામ્યાં વામ્યાં રે દુઃખ અપાર, શ્રીહરિ૦ ॥ ૧ ॥**
નામ્યાં નામ્યાં રે શીશ પ્રભુ પાય ,શ્રીહરિ૦
જામ્યાં જામ્યાં રે સુખ ઉરમાંય, શ્રીહરિ૦ ॥ ૨ ॥
સર્યાં સર્યાં રે સર્વે કાજ, શ્રીહરિ૦
ભર્યાં ભર્યાં રે અભરે[1] આજ, શ્રીહરિ૦ ॥ ૩ ॥
ઠર્યાં ઠર્યાં રે પામી સુખઠામ, શ્રીહરિ૦
કર્યાં કર્યાં રે પૂરણકામ, શ્રીહરિ૦ ॥ ૪ ॥
ભાગ્યો ભાગ્યો રે ભવનો ભય, શ્રીહરિ૦
જાગો જાગો રે થઈ જિતજય, શ્રીહરિ૦ ॥ ૫ ॥
ત્યાગો ત્યાગો રે મનની તાણ, શ્રીહરિ૦
માગો માગો રે પદ નિરવાણ,[2] શ્રીહરિ૦ ॥ ૬ ॥
લીધો લીધો રે પૂરણ લાવ, શ્રીહરિ૦
દીધો દીધો રે જમશિર પાવ,[3] શ્રીહરિ૦ ॥ ૭ ॥
કીધો કીધો રે જન્મ સફળ શ્રીહરિ૦
પીધો પીધો રે રસ અમળ[4] શ્રીહરિ૦ ॥ ૮ ॥
થઈ થઈ રે જગમાંય જીત, શ્રીહરિ૦
ગઈ ગઈ રે અન્યની પ્રતીત, શ્રીહરિ૦ ॥ ૯ ॥
રહી રહી રે લાખેણી[5] લાજ, શ્રીહરિ૦
સઈ સઈ રે વાત કહું આજ, શ્રીહરિ૦ ॥૧૦॥
આવ્યો આવ્યો રે આજ આનંદ, શ્રીહરિ૦
ફાવ્યો ફાવ્યો રે ફેરો ફાટ્યા[6] ફંદ, શ્રીહરિ૦ ॥૧૧॥

---

**૧.**છલોછલ **૨.**મોક્ષ **૩.**પગ **૪.**દિવ્ય આનંદ **૫.**ઉત્તમ **૬.**ટળ્યા

ભાવ્યો ભાવ્યો રે સાચો સત્સંગ, શ્રીહરિ૦
નાવ્યો નાવ્યો રે અભાવ અંગ, શ્રીહરિ૦ ॥૧૨॥
હર્યો હર્યો રે સર્વે સંતાપ, શ્રીહરિ૦
તર્યો તર્યો રે ભવજળ આપ, શ્રીહરિ૦ ॥૧૩॥
કર્યો કર્યો રે સર્વેનો ત્યાગ, શ્રીહરિ૦
ઠર્યો ઠર્યો રે ઉર વૈરાગ શ્રીહરિ૦ ॥૧૪॥
જોયું જોયું રે જગમાં જરૂર, શ્રીહરિ૦
ખોયું ખોયું રે દુઃખડું દૂર, શ્રીહરિ૦ ॥૧૫॥
મોહ્યું મોહ્યું રે મન જોઈ નાથ, શ્રીહરિ૦
પ્રોયું પ્રોયું રે ચિત્ત એહ સાથ, શ્રીહરિ૦ ॥૧૬॥
દીધું દીધું રે દર્શન દાન, શ્રીહરિ૦
કીધું કીધું રે અમૃતપાન, શ્રીહરિ૦ ॥૧૭॥
લીધું લીધું રે સુખ અપાર, શ્રીહરિ૦
સીધ્યું[1] સીધ્યું રે કારજ આ વાર, શ્રીહરિ૦ ॥૧૮॥
લાગ્યો લાગ્યો રે એ સંગે રંગ, શ્રીહરિ૦
ભાગ્યો ભાગ્યો અન્યથી ઉમંગ, શ્રીહરિ૦ ॥૧૯॥
વાગ્યો વાગ્યો રે જીતનો ડંક, શ્રીહરિ૦
ત્યાગો ત્યાગો રે જૂઠી જગશંક, શ્રીહરિ૦ ॥૨૦॥
લીધી લીધી રે શ્યામળે મારી સાર, શ્રીહરિ૦
કીધી કીધી રે વાલે મારી વા'ર, શ્રીહરિ૦ ॥૨૧॥
દીધી દીધી રે મોજ અનુપ, શ્રીહરિ૦
સીધી સીધી રે વાત સુખરૂપ, શ્રીહરિ૦ ॥૨૨॥
મળી મળી રે મહાસુખ મોજ, શ્રીહરિ૦
દળી દળી રે જમદૂત ફોજ, શ્રીહરિ૦ ॥૨૩॥

**૧.**સિદ્ધ થયું

ટળી ટળી રે સર્વે ત્રાસ, શ્રીહરિ૦
બળી બળી રે અન્ય બીજી આશ, શ્રીહરિ૦ ॥૨૪॥
વળી વળી રે રંગડાની રેલ્ય, શ્રીહરિ૦
ફળી ફળી રે સુફળ વેલ્ય, શ્રીહરિ૦ ॥૨૫॥
ઢળી ઢળી રે ઢળી ગયો ઢાળ, શ્રીહરિ૦
પળી પળી રે ગયાં પંપાળ, શ્રીહરિ૦ ॥૨૬॥
ટળ્યો ટળ્યો રે જમનો ત્રાસ, શ્રીહરિ૦
પળ્યો પળ્યો રે પરો ગર્ભવાસ, શ્રીહરિ૦ ॥૨૭॥
મળ્યો મળ્યો રે સાચો સતસંગ, શ્રીહરિ૦
વળ્યો વળ્યો રે દિન રહ્યો રંગ, શ્રીહરિ૦ ॥૨૮॥
હુવો હુવો રે જય જયકાર, શ્રીહરિ૦
જુવો જુવો રે સુખ અપાર, શ્રીહરિ૦ ॥૨૯॥
સુવો સુવો રે સુખની સજ્જાય, શ્રીહરિ૦
દુવો દુવો રે કામદુઘાય, શ્રીહરિ૦ ॥૩૦॥
આજ આજ રે વરત્યો આનંદ, શ્રીહરિ૦
કાજ કાજ રે સર્યાં ફાટ્યો ફંદ, શ્રીહરિ૦ ॥૩૧॥
લાજ લાજ રે રહી મારી આજ, શ્રીહરિ૦
નાજ નાજ રે ન કરું અકાજ, શ્રીહરિ૦ ॥૩૨॥
રહે રહે રે સુખ અપાર, શ્રીહરિ૦
વહે વહે રે કોણ ભવભાર, શ્રીહરિ૦ ॥૩૩॥
સહે સહે રે કોણ દુ:ખદ્વંદ, શ્રીહરિ૦
કહે કહે રે નિષ્કુળાનંદ, શ્રીહરિ સંત મળી ॥૩૪॥

**સોરઠો :** અગિયારસો ચૌ અગિયાર ચર્ણ, ગણી ચોકસ કર્યાં
યમદંડનો વિસ્તાર, કહ્યો એટલામાંયે કથી ॥૩૫॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતો યમદંડઃ સમાપ્તઃ ।***

# વૃત્તિવિવાહ

## :: ભૂમિકા ::

સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં જીવના રાગાત્મકભાવનો સદુપયોગ દર્શાવ્યો છે.

અનાદિથી આ જીવને કોઈને પરણવાનો શોખ છે. પૂ.સ્વામી કહે છે—પરણવા જેવા પુરુષ એક પુરુષોત્તમનારાયણ જ છે, બીજા બધા જ અબળા છે; તેને પરણવાથી કશું જ મળવાનું નથી, વળી અંતે રંડાપો તો ખરો જ; માટે પ્રભુને જ પોતાનો સાચો પતિ માની તેની સાથે પૂર્ણ પ્રેમ કરી લેવો જોઈએ.

આપણી ચૈતન્યવૃત્તિરૂપી કન્યાના શ્રીહરિ સાથે વિવાહ કરાવવાની આ ગ્રંથમાં અદ્‌ભુત સાયકોલોજી બતાવી છે. લગ્ન કરતી વખતે જે-જે વસ્તુ તથા વિધિઓનો ઉપયોગ હોય છે તે તમામને પૂ.સ્વામીએ આધ્યાત્મિકરૂપમાં ઘટાવી દીધું છે.

આ ગ્રંથમાં કુલ ૨૦ પદ છે. તેના રાગ-ઢાળ પણ અતિ પ્રસિદ્ધ લગ્નગીત જેવા જ છે. સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી જેવા વૈરાગ્યમૂર્તિ સંતે જીવના ભલાને માટે આવા ગ્રંથો બનાવી અનહદ ઉપકાર કર્યો છે.

**વિવા’ વરણવ્યો પદ છંદ વીશમાં રે,**
**કહ્યું સંક્ષેપે સર્વેનું રૂપ રે... અલોકી૦**
**વર નર તો એક નારાયણ છે રે,**
**બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે... અલોકી૦** (૮)

આ ગ્રંથની કુલ ૧૨૦ કડીઓ છે. ગ્રંથ રચનાનો સમય તથા સ્થાન ઉપલબ્ધ નથી.

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



**શ્રીનિષ્કુળાનંદસ્વામી રચિત કાવ્ય સંગ્રહે**

# વૃત્તિવિવાહ

## પદ-૧

**(રાગ : ધોળ) 'કુંદનપુર વિવા' રચ્યો'** - એ ઢાળ.

લાગું પાયે પરબ્રહ્મને, સોયે સદ્ગુરુ શ્યામ ॥
સંતવેષે શ્રીહરિ, એક રૂપ ને ત્રય[1] નામ ॥ ૧ ॥
મંગળ ઈચ્છે જો મનમાં, તો સોંપે શરણે શીશ ॥
અખંડ સુખને પામવા, ગાઉં ગુણ હરિના હમિશ ॥ ૨ ॥
વિવા'તે નામે વધામણું, માંહી વર કન્યાની વાત ॥
વૃત્તિ તે નામ વનિતા, વર શ્રીહરિ સાક્ષાત ॥ ૩ ॥
વરે વર્યાની ઈચ્છા કરી, સોંપ્યું શ્રીફળ બૃહદવૈરાગ્ય[2] ॥

**૧.**સદ્ગુરુ, શ્યામ અને શ્રીહરિ **૨.**તીવ્ર વૈરાગ્ય

ઓઢી છે અવલ[1] ઘાટડી,[2] મારા સ્વામી તણો જે સુવાગ[3] ॥ ૪ ॥
સ્વાગણ થઈ છે સુંદરી, પામી અખંડ એવાતણ[4] ॥
આવો સખી સરવે મળી, ગાઈએ ગોવિંદજીના ગુણ ॥ ૫ ॥
ધન્ય ધન્ય જન્મ માહેરો, થયું સગપણ શ્યામને સાથ ॥
ઈચ્છા તે વર મુજને મળ્યો, નિષ્કુળાનંદનો નાથ ॥ ૬ ॥

## પદ-૨

**(રાગ : ધોળ) 'સજનીને સુપના અંતર લાધું રે'-** એ ઢાળ.

ઈચ્છ્યા અલબેલો વર મળિયા રે,
ભય તો ભવસાગરના ટળિયા રે;
અતિ એક અમૂલ્ય ઘાટડી રે,
તે તો અમને અલબેલે જો ઓઢાડી રે. ॥ ૧ ॥
ઘાટડી તો ઘણી મૂલી કે'વાય રે,
તે તો અબળા વિના ન ઓઢાય રે;
ઘાટડી તો શુકદેવે શોભાડી રે,
ઓઢીને ઋષભદેવે દેખાડી રે. ॥ ૨ ॥
ઘાટડી તો ઓઢી છે પ્રહલાદે રે,
ઓઢી બીજે અનેક જને આદે[5] રે;
ઘાટડી તો ઓઢી છે ગોપીચંદે રે,
ઘાટડી તો ઓઢી છે શાહા બાજન્દે રે. ॥ ૩ ॥
ઘાટડી તો ભરથરીને ઘણી ભાવી રે,
ઘાટડી તો કદરજે શોભાવી રે;
કંઈક તો વણ ઓઢચે ફરે ફૂલ્યા રે,

**૧.**અનુપમ **૨.**વરપક્ષ તરફથી મળતી મંગળ ચુંદડી **૩.**પોશાક **૪.**સૌભાગ્ય **૫.**પહેલા

નિષ્કુળાનંદ કહે તે તો ભૂલ્યા રે. ॥૪॥

## પદ-૩

(રાગ : ધોળ) **'લાગી રે લાગી લગની રૂપાળા આ લાલની રે'**- એ ઢાળ.

શોભે છે સારી શ્યામ સલુણા વરની ચુંદડી રે,
ચુંદડી રંગે દીસે છે રૂપાળી રે.. શોભે૦ ॥૧॥
ચુંદડી રંગે તે મોહ્યા મોટા મુનિ રે,
દેખી અંક[૧] અલૌકી અનુપ રે.. શોભે૦ ॥૨॥
ચુંદડી ભવ બ્રહ્માને ભાવી ઘણું રે,
ચુંદડી સરાયે સુર નર ભૂપ રે.. શોભે૦ ॥૩॥
ચુંદડી નયણા ભરીને નીરખી નારદે રે,
સનકાદિકે કર્યો સતકાર રે.. શોભે૦ ॥૪॥
ચુંદડી વલ્લભ[૨] ઘણી છે વ્યાસને રે,
વાલમિકે વખાણી વારમવાર રે.. શોભે૦ ॥૫॥
ચુંદડી શેષ વખાણે શારદા રે,
નવ પામે તે પોતનો[૩] પાર રે.. શોભે૦ ॥૬॥
**ચુંદડી અંતર પ્રીતે જે ઓઢશે રે,**
**તેને સ્વપને નહિ ગમે સંસાર રે.. શોભે૦** ॥૭॥
ચુંદડી સારી સોયામણી રે,
કર્યાં અનેક જનના જો કાજ રે.. શોભે૦ ॥૮॥
મળ્યા નિષ્કુળાનંદનો નાથજી રે,
દયા કરીને આપી અમને આજ રે.શોભે૦ ॥૯॥

**૧.**ભાત; ડિઝાઈન **૨.**વહાલી **૩.**વૈરાગ્યરૂપી ચુંદડીના પ્રભાવનો

## પદ-૪

(રાગ : ધોળ) 'વર લાડીલો આવ્યા તોરણે'- એ ઢાળ.

ધન્ય ધન્ય દિન રળિયામણો, ધન્ય અવસર આજ રે;
લગન લાડીલી મોકલે, વે'લા આવો મહારાજ રે. ॥૧॥
વા'લાજી વિલંબ ન કિજિયે રે, દિજે દરશન દાન રે;
ભૂધર તમને ભેટતાં, વળે[૧] અમારા વાન રે. ॥૨॥
મન રે ઈચ્છે છે મળવા, નયણા જોવાને નાથ રે;
શ્રવણ ઈચ્છે છે સુણવા, વા'લા મુખની વાત રે. ॥૩॥
સર્વે અંગે સ્વામી તમને, સ્પરશી પાવન કરું રે;
પિયુજી વેલેરા પધારજો, આવો અંક[૨] જ ભરું રે. ॥૪॥
અવગુણ મારા અનેક છે, રખે તે સામું જોતા રે;
અધમઉદ્ધારણ બિરુદ છે, રખે તે તમે ખોતા રે. ॥૫॥
બિરુદ સામુ જોઈ શ્યામળા, કરજ્યો અમારાં કાજ રે;
શું કહીને સંભળાવીએ, સર્વે જાણો મહારાજ રે. ॥૬॥
થોડે લખ્યે ઘણું જાણજ્યો, દયા કરજો દયાળુ રે;
જેમ જાણો તેમ જાણજ્યો, છૈયે તમારા પાળુ[૩] રે. ॥૭॥
છોડતાં છેક છૂટો નહિ, તે કેમ છાંડો મહારાજ રે;
નિષ્કુળાનંદના નાથજી, બાંય ગ્રહ્યાની લાજ રે. ॥૮॥

## પદ-૫

(રાગ : ધોળ) 'પીઠી ચોળો પીઠી ચોળો પિતરાણી રે'- એ ઢાળ.

શુદ્ધ વિચારથી સાબદા થાઓ રે,
ચલી[૪] ચાલીને ચિદાકાશમાં[૫] જાઓ રે;

---

**૧.**બદલે **૨.**બાથ **૩.**શરણાગત; પાળિતા **૪.**ચાલ **૫.**અક્ષરધામમાં

જિયાં રે વસે છે જદુપતિ નાથ રે,
કે'જ્યો જઈ વિનતિ જોડી બેઉ હાથ રે. ॥૧॥
વે'લા પધારે હો વિશ્વાધાર રે,
વાટ કોઈ જુવે છે વિરહવતી નાર રે;
સર્વે સખાને તે તેડજ્યો સાથ રે,
ઓપે[1] આંગણિયું અમારું હો નાથ રે. ॥૨॥
મારાં કુટુંબી બો'ળા છે બહુ રે,
હાંસી જો કરવા આવશે સહુ રે;
તે તો તમ થકી પામશે હાર રે,
લવલવ કરતાં રહેશે નરનાર રે. ॥૩॥
એક અમે તમે અંક જ ભરશું રે,
મનના મનોરથ પૂરા કરશું રે;
સુખનો સમાજ સંગે લાવજ્યો રે,
નિષ્કુળાનંદના સ્વામી આવજ્યો રે. ॥૪॥

## પદ-૬

(રાગ : ધોળ) **'મારી સાર લેજ્યો અવિનાશી રે'**- એ ઢાળ.

જઈ કહી વિનતિ વિચારે રે,
સુણી સર્વે સુંદરવર તે વારે રે;
કીધું છે કાંઈ જાદવકુળમાં જાણ રે,
વાજે છે અનહદ[2] નાદ નિશાણ[3] રે. ॥૧॥
માનિની તે મળીને મંગળ ગાય રે,
ઉછરંગ[4] આનંદ અંગે ન માય રે;

**૧.**શોભે **૨.**અત્યન્ત અથવા અનાહત = દિવ્ય **૩.**નગારું **૪.**ઉમંગ

આવી સર્વે મળ્યો સખાનો જો સાથ રે,
આજ્ઞા તેને આપે અનાથનો નાથ રે. ॥ ૨ ॥
સજ્જ સર્વે થાઓ તે સખા સહિત રે,
જાવું છે જાનમાં કરવી છે જિત રે;
કોઈ જો મ આવશો કાયર કાચા રે,
દુઃખિયા દુર્બળ વળજ્યો પાછા રે. ॥ ૩ ॥
બુઢા ને બાળક રહેજ્યો બેસી રે,
દુર્મતિ દેખીને કરશે હાંસી રે;
જન બીજા અનેક મળીને જોશે રે,
દુરમતિ વણ વાંકે વગોશે રે. ॥ ૪ ॥
આપણ સહુ આનંદ માંહી રહેજ્યો રે,
વચન તે કોઈને કટુ[૧] મ કે'જ્યો રે;
આવજ્યો અજિત સર્વે અંગે રે,
નિષ્કુળાનંદના સ્વામીને સંગે રે. ॥ ૫ ॥

## પદ-૭

**(રાગ : ધોળ) 'મારી સાર લેજ્યો અવિનાશી રે'**- એ ઢાળ.

સુણી સજ્જ થયો વૈરાગ, જેને તન મન ધનનો છે ત્યાગ ॥
આવ્યો સંતોષ મહા શૂરવીર, જેથી ધરે મુનિવર ધીર ॥ ૧ ॥
આવ્યો શીલ[૨] મહા જો સુભટ,[૩] જેથી પળાય કામના કોટ[૪] ॥
સજ્જ થઈ ક્ષમા અડીખંભ,[૫] જેથી ક્રોધ ન કરે આરંભ ॥ ૨ ॥
દયા દીસે છે દલની દયાળ, સર્વે જીવતણી પ્રતિપાળ ॥
ભક્તિ અદીનતા ધરી ધીર, માંહી જ્ઞાન વિજ્ઞાન ગંભીર ॥ ૩ ॥

**૧.**કડવું **૨.**બ્રહ્મચર્ય **૩.**મહા યોદ્ધો **૪.**નિયમરૂપી કિલ્લા **૫.**મજબૂત

સમદૃષ્ટિ સદા સુખકારી, એક આત્મા રહે ભાવ ધારી ॥
શુભ ગુણ વિવેક વિચાર, એવાં કે'તાં તે ના'વે પાર ॥૪॥
એક એક થકી છે અનુપ, સર્વે સંતને છે સુખરૂપ ॥
સર્વે મળીને શોભે છે જાન, માંહી વર દીસે કોડીલો કાન ॥૫॥
પછી આવ્યા છે પુરને પાસ, દેખી દુર્મતિ પામ્યા છે ત્રાસ ॥
એક કહે છે બુઢાને બાર, વર આવ્યા છે પુર મોઝાર ॥૬॥
ત્યારે કુબુદ્ધિ કરે છે વિચાર, નાસી નીસરો પુરની બાર ॥
હરિએ આવી કર્યો છે મુકામ, સર્વે ટાળ્યા અવિદ્યાના ઠામ ॥૭॥
હાર્યો અહંકાર થઈ છે હાર, ત્યારે વરે સજ્યો શણગાર ॥
વર સુંદરવર વનમાળી, કહે નિષ્કુળાનંદ નિહાળી ॥૮॥

## પદ-૮

(રાગ : ઘોળ) **'દીવા કેરી સગ્ય પુન્યમ કેરો ચંદ વિ'વા કેરી વ્રધ કે વર આવી મળ્યા રે'**- એ ઢાળ.

વર નિરગુણ રે થયા સગુણ રૂપ, ઓપે છે અનુપ ભૂપોશિર ભૂપ,
જોઈ જન રૂપ કે નીરખે નાથને રે;
વર દીસે છે દિલના દયાળ,દીન પ્રતિપાળ ભૂપના ભૂપાળ,
કાળશિર કાળ સુખદાયી સાથમે રે. ॥૧॥
વરે પે'ર્યો છે સુંદર સુરવાળ, ઝગે[1] જામાચાળ કંઠે મોતીમાળ,
દીસે છે વિશાળ કે ભલેરા[2] ભાવની રે;
વરે પેર્યો છે જામો જરકશી, કમર લઈ કસી મુખે રહ્યા હસી,
જનમન વસી કે મૂરતિ માવની રે. ॥૨॥
વરને કરે શોભે વેઢ વીંટી, પોંચી પે'રી દીઠી કડે જોત્ય[3] કોટી,
લીધી શોભા લૂંટી કે લોક ત્રણની રે;

**૧.**ઝળકે; ચમકે **૨.**રૂડા **૩.**પ્રકાશની કિરણો

સોના સાંકળાં શોભે સુચંગ,[1] બાંયે બાજુબંધ કુંડળ ઉતંગ,[2]
અતિ શોભા અંગ કે અશરણશરણની રે. ॥ ૩ ॥
વરને શિરપર સોનેરી પાગ, શું કહે શેષનાગ કે'વા નહિ લાગ,
અમારા જો ભાગ્ય કે હેતે મળ્યા હરિ રે;
કેશર તિલક ભાલને વચ્ચ, પાઘડીને પેચ શોભે શિરપેચ,
લાગી છે લાલચ કે કલંગી કેવી ધરી રે. ॥ ૪ ॥
નખશિખ શોભા તે કહી ન જાય, કવિ કંઈ ગાય તે થાપ[3] ન થાય,
મોટો છે મહિમાંય કે અકળ એ નાથ છે રે;
વરે કરમાં લીધી લાલ છડી, પાયે જો મોજડી મોતીએ તે જડી,
વર ઘોડે ચડી કે સંગે સખા સાથ છે રે. ॥ ૫ ॥
પરમહંસ બ્રહ્મરસના ભોગી, સંગે સાંખ્યયોગી અંતરે અરોગી,[4]
જે સંત સંયોગી કે સંગે સહજાનંદને રે;
નિષ્કુળાનંદના સ્વામીને જોઈ, મન રહ્યું મોઈ હૈયે સુખ હોઈ,
ભવદુઃખ ખોઈ કે પામ્યા આનંદને રે. ॥ ૬ ॥

## પદ-૯

(રાગ : ધોળ) 'પીઠી ચોળો પીઠી ચોળો પિતરાણી રે'- એ ઢાળ.

સુંદર વર તોરણે પધાર્યા રે,
જનમન નવલા નેહ વધાર્યા રે;
વાજિંત્ર વાજે છે બહુવિધ રે,
પિયુ મારો પધારિયા પ્રસિદ્ધ રે. ॥ ૧ ॥
પોંખણું લઈને આવે પનોતી[5] રે,
વર પોંખી વળી વધાવે છે મોતી રે;

**૧.**સુંદર **૨.**શ્રેષ્ઠ **૩.**માપ **૪.**દોષ રહિત **૫.**કુંવારી કન્યા

સાપટિયાં[1] સુખ દુઃખના ભાંગ્યાં રે,
પિંડલિયા[2] તે પાપ પુન્યના ત્યાગ્યા રે. ॥ ૨ ॥
અંતરપટ[3] પરુ[4] લઈ લીધું રે,
દયા કરી દયાળે દર્શન દીધું રે;
પછી પિયુ પ્રેમે પધાર્યા છે પાટે રે,
મહાસુખ મુજને આપવા માટે રે. ॥ ૩ ॥
ધન્ય ધન્ય અવસર આવ્યો છે આજ રે,
મે'ર ઘણી કરી પધાર્યા મહારાજ રે;
અમ ઉપર આજ અઢળ હરિ ઢળિયા રે,
નિષ્કુળાનંદનો સ્વામીજી મળિયા રે. ॥ ૪ ॥

**પદ-૧૦**

માયરે બેઠા છે દેવ મોરાર રે,
સુંદરીએ સજ્યો છે શણગાર રે;
પહેર્યા છે આનંદના અણવટ[5] રે,
અજિત અડગ ને અમટ[6] રે. ॥ ૧ ॥
ઝાંઝર પ્રેમનાં નેમનાં કા'વે રે,
ઉતરી ઉર હરિ એક ભાવે રે;
માળા માદળિયા સાંકળી હાર રે,
શમ દમ આદિ વિવેક વિચાર રે. ॥ ૨ ॥
પે'ર્યો છે અખંડ વરનો ચૂડો રે,
સુંદરી સુંદર વર પામી રૂડો રે;

**૧.**કોડિયાં **૨.**પોંખ્યા પછી ચારેય દિશામાં ફેંકવામાં આવતા અન્નના પિંડા-ગોળા **૩.**અંતરાયરૂપી વસ્ત્ર **૪.**દૂર; એકબાજુ **૫.**પગની આંગળિયોમાં પહેરવાનું ઘૂંગરીવાળું ઘરેણું **૬.**અવિનાશી

## વૃત્તિવિવાહ

નાકે તે પે'ર્યા નિર્મળા મોતી રે,
સજ્જ થઈ પિયુને મળવા પનોતી રે. ॥૩॥
ચાંદલિયો અવિચળ વરનો ચોડ્યો રે,
સંશય તે સર્વે અવર બીજો તોડ્યો રે;
મેલ્યો છે નિઃશંકનો શિરમોડ[૧] રે,
દેખી વાલો રાજી થયા રણછોડ રે. ॥૪॥
ઘાટડી વૈરાગ્યની ઘણી સારી રે,
સખી[૨] એવે શણગારે શણગારી રે;
પધરાવ્યા પછી પિયુને પાસ રે,
ટાળી છે લોકલાજ તનત્રાસ રે. ॥૫॥
બની છે સુંદર સરખી જોડી રે,
બાંધી છે ગાંઠ્ય[૩] ન છૂટે છોડી રે;
વર કંઠે આરોપી વરમાળ રે,
પ્રભુ અમે દીન તમે પ્રતિપાળ રે. ॥૬॥
તન મન સોંપ્યું છે હરિ તમને રે,
તમ સંગે શોભા આવી છે અમને રે;
ત્યારે હરિએ હેતે કરી સાયો[૪] હાથ રે,
સખી તારે થશે જો સનાથ રે. ॥૭॥
નિઃશંક નિર્ભય થઈ સર્વે અંગે રે,
સુંદર શ્યામળિયા વર સંગે રે;
સુંદરી સર્વે અંગે સુખ પામી રે,
મળિયા છે નિષ્કુળાનંદનો સ્વામી રે. ॥૮॥

**૧.**લગ્ન વખતે કન્યાને માથે રાખવામાં આવતો મોડિયો **૨.**પરણવા તૈયાર થયેલી કન્યા **૩.**છેડાછેડીની-નિષ્ઠા અને સમર્પણની **૪.**પકડ્યો

## પદ-૧૧

(રાગ : ધોળ) 'મારી સાર લેજ્યો અવિનાશી રે'- એ ઢાળ.

ચોરી[1] સ્તંભ રચ્યા તિયાં ચાર રે, રહે વ્રતમાને નર નાર રે ॥
પિયુ સ્પરશી પ્રદક્ષિણા કરે રે, તે તો ભવમાં તે ફેરા ન ફરે રે ॥ ૧ ॥

ધન્ય સખી સુંદર વર પરણે રે, તન મન સોંપી હરિશરણે રે ॥
કામ ક્રોધના જવ તલ બાળ્યા રે, સંશય શોક સર્વે તિયાં ટાળ્યા રે ॥ ૨ ॥

પિયુ પરણીને પાવન થયાં રે, સુખ મુખે ન જાય તે કહ્યાં રે ॥
હરિહાથે જમ્યા જે કંસાર રે, તેને સ્વપને ન ગમે સંસાર રે ॥ ૩ ॥

ફેરા ફરીને આજ ઊતર્યા રે, સર્વે કાજ અમારાં તે સર્યા રે ॥
પ્રેમ નેમ ને ભક્તિ ભાવે રે, સખી ચાર મળીને વધાવે રે ॥ ૪ ॥

વર વધાવી વારણે[2] જાય રે, નાથ નીરખતા તૃપ્ત ન થાય રે ॥
નાથ નીરખીને લોભ્યા છે નેણ રે, મુખ જોઈ મન થયાં મેણ[3] રે ॥ ૫ ॥

મુખ જોઈ મેલ્યું નવ જાય રે, રહેજ્યો અખંડ અંતર માંય રે ॥
વા'લા વા'લપ્ય આવે છે હૈયે રે, જાણું અંગે આલિંગન લૈયે રે ॥ ૬ ॥

પૂરું મનોરથ મારા મનના રે, ખંગ[4] વાળું હું ખોયલા[5] દનના રે ॥
સખી પૂરણ પુણ્યે હું પામી રે, વર નિષ્કુળાનંદનો સ્વામી રે ॥ ૭ ॥

## પદ-૧૨

(રાગ : ધોળ) 'લાગી રે લાગી લગની રૂપાળા આ લાલની રે'- એ ઢાળ.

છબીલા વાલા છોડો દેવાધિદેવ દોરડો રે,
દીસે દોરડીયે દશ ગાંઠ રે.. છબીલા૦ ॥ ૧ ॥
ગાંઠ અનેક જનમની આવરી રે,

૧.લગ્નમંડપના ૨.આકર્ષાય ૩.શાંત ૪.બદલો ૫.અત્યાર સુધીમાં ગુમાવેલા

## વૃત્તિવિવાહ

તેને લાગશે લગારેક વાર રે.. છબીલા૦ ॥ ૨ ॥
કળે કળે કરીને છોડજ્યો રે,
નહિ તો તૂટી જાશે નિરધાર રે.. છબીલા૦ ॥ ૩ ॥
અહં દેહ અભિમાન દોરડો રે,
મહાવિકટ છે વિપરીત રે.. છબીલા૦ ॥ ૪ ॥
તમે તોડવાને તો તૈયાર છો રે,
કાંઈ રાખજ્યો છોડવાની રીત રે.. છબીલા૦ ॥ ૫ ॥
પડી ગાંઠ્ય ઘૂંચાઈ ઘણા દિનની રે,
માંહી અનેક રહ્યા છે ઉત્થાન[૧] રે.. છબીલા૦ ॥ ૬ ॥
નથી કાળીનાગ જે નાથશો રે,
નથી દાવાનળ જે કરો પાન રે.. છબીલા૦ ॥ ૭ ॥
વા'લા આકળે[૨] અરથ સરે નહિ રે,
ધરી ધીરજ કરો વિચાર રે.. છબીલા૦ ॥ ૮ ॥
વા'લા ગાંઠ્ય છોડ્યે તમે છૂટશો રે,
આંટી કાઢી જોઈશે આણી વાર રે.. છબીલા૦ ॥ ૯ ॥
તે તો તમારે હાથે હરિ છૂટશે રે,
એમાં નથી અમારો કાંઈ દોષ રે.. છબીલા૦ ॥૧૦॥
દયા કરીને છોડજ્યો દોરડો રે,
રખે રાંક જાણી કરો રોષ રે.. છબીલા૦ ॥૧૧॥
તમે અનેક જુગતિ આદરી રે,
વિધ્યે વિધ્યે કરો છો વિચાર રે.. છબીલા૦ ॥૧૨॥
સ્વામી નિષ્કુળાનંદના સમર્થ છો રે,
જો છોડો તો સઈ[૩] છે વાર રે.. છબીલા૦ ॥૧૩॥

**૧.**ઘાટ-સંકલ્પો; દોષો **૨.**અકળાવાથી **૩.**શું તથા કેટલી ?

## પદ-૧૩

**(રાગ : ધોળ) 'એવા ધામને પામવા કાજ અવસર અમૂલ્ય આવ્યો'-** એ ઢાળ.

અહો આજ અમારા હો ભાગ્ય, અમર વર વરિયા રે;
વર સુંદર શ્યામ સુજાણ, નીરખીને નયણાં ઠરિયાં રે. ॥૧॥
વર નિરગુણ ને નિર્લેપ, સગુણ થયા સ્વામી રે;
વર અખંડ ને અવિનાશ, અકળ અંતરજામી રે. ॥૨॥
વર અતોલ ને રે અમાપ, થાય ન થાપ રતિ રે;
વર હરિ[1] હર અજના આધાર, પ્રકૃતિ પુરુષના પતિ[2] રે. ॥૩॥
વર પંડ્યે બ્રહ્માંડને પાર, અકળ ન જાય કળ્યા રે;
નેતિ નેતિ કહે જેને વેદ, તે તો આજ અઢળ ઢળ્યા રે. ॥૪॥
વર ગુરુવા[3] ગુણને પાર, તે તો કેમ જાય કહ્યા રે;
વર અજર છે જો અજિત, પ્રીતે પ્રગટ થયા રે. ॥૫॥
વાલે ધર્યું મનુષ્ય શરીર, જનહેત કારણે રે;
જેને દરશે સ્પરશે પાપ જાય, વારી જાઉં વારણે રે. ॥૬॥
મારા પુણ્યતણો નહિ પાર, ભેટ્યા આજ ભાવે હરિ રે;
મળ્યા નિષ્કુળાનંદનો નાથ, મને સનાથ કરી રે. ॥૭॥

## પદ-૧૪

**(રાગ : ધોળ) 'આવ્યા આવ્યા દાદાને પરણાવા નાથ રે'-** એ ઢાળ.

ત્યારે બોલી સખીની સાહેલી રે, મુખની મરજાદ પરી[4] મેલી રે;
મારે કે'વું છે કાંઈ કેણ રે, બોલીશ વાંકા વસમાં વેણ રે. ॥૧॥
આ જો આશ્ચર્ય સરખી વાત રે, દીસે નાનડીઓ[5] ઘણી ઘાત રે;
એને જગમાં કોઈ ન જાણે રે, એ તો પોતે પોતાને વખાણે રે. ॥૨॥

---

**૧.**વિષ્ણુ **૨.**ઉપરી-સ્વામી **૩.**અતિ મહાન **૪.**દૂર **૫.**નાની-નાની

એ તો આજ કાલ્યનો નહિ કાળો રે, જાણું છું જાત્ય નંદજીનો લાલો રે;
શીખ્યો કામણ ટૂમણ કાંઈ રે, મંત્ર મોરલીમાં નિત્ય ગાઈ રે. ॥ ૩ ॥

એ તો ફોગટ ફૂલ્યો ફરે રે, એ તો અબળા તણા મન હરે રે;
એ તો ઘરનો[1] છે ધુતારો રે, એને કોણ કહે છે સારો રે. ॥ ૪ ॥

સહુ કોઈ રહ્યું છે સામું જોઈ રે, મુખપર કહી નથી શકતું કોઈ રે;
કામણ મોરલીમાં કાંઈ કર્યું રે, તેણે અબળાનું મન હર્યું રે. ॥ ૫ ॥

તેણે લાગ્યો હરિજીશું હેડો[2] રે, વળી તેનો કા'ન ન મૂકે કેડો રે;
ગોપી ભૂલી ઘરનાં કાજ રે, મેલી લોક કુટુંબની લાજ રે. ॥ ૬ ॥

આપ ઈચ્છાએ હરિવર વરી રે, હવે બેઠી ઠેકાણે ઠરી રે;
એને મનમાન્યો વર મળ્યો રે, હશે હેત તે પ્રીતે પળ્યો[3] રે. ॥ ૭ ॥

એમાં અમારું શિયું[4] ગયું રે, ભલે સુખ જો સખીને થયું રે;
એને અભાવ થયો છે અમારો રે, નિષ્કુળાનંદનો સ્વામી એને સારો રે. ॥ ૮ ॥

## પદ-૧૫

(રાગ : ધોળ) **'મારી અવિચળ ચૂંકને રાખજો'**- એ ઢાળ.

એવું સુણીને બોલી છે સુંદરી, સખી સાંભળ તો કહું વાત,
હો બેની એમ ન કહ્યે એહને
વળી વિચાર વિના જે બોલવું, તે તો જીવ જણાવે જાત્ય.[5]હો૦ ॥ ૧ ॥

સખી બોલીને કેમ બગાડીએ, બોલ્યું અણબોલ્યું કેમ થાય.હો૦ ॥
જે કોઈ વચન નીસરે મુખથી, તે તો પાછું કેમ સમાય.હો૦ ॥ ૨ ॥

તું ન જાણીશ નંદજીનો લાડીલો, એ છે અખિલ ભુવનનો આધાર.હો૦ ॥
સખી શેષ મહેશ ને શારદા, એનો કોઈ ન પામે પાર.હો૦ ॥ ૩ ॥

એનો બ્રહ્મા તે ભેદ જાણે નહિ, વળી વેદ ન પામે પાર.હો૦ ॥

**૧.**પહેલેથી જ **૨.**અતિશય પ્રેમ **૩.**રાજી થઈને મળ્યો **૪.**શું ? **૫.**પોતાનું જીવપણું-અજ્ઞાનતા

સખી અનેક જનને ઉદ્ધારવા આવી, લીધો છે આ અવતાર.હો૦ ॥ ૪ ॥
**તમે જાણો છો એમ તો એ નથી, એ છે પંચવિષયને પાર.હો૦ ॥**
**જેને વચને તે વિકાર વામીએ,[૧] તેને કેમ વળગે વિકાર.હો૦ ॥ ૫ ॥**
**એ તો ચૈતન્ય ઘનમય[૨] મૂરતિ, એને સ્પરશે નહિ પંચભૂત.હો૦ ॥**
**એનું પૂરણકામ જો નામ છે, વળી કા'વે અખંડ અચ્યુત.હો૦ ॥ ૬ ॥**
દીન જાણી દયાળે દયા કરી, થયા નિર્ગુણ સગુણ સ્વરૂપ.હો૦ ॥
એ છે કોટી કલ્યાણની મૂરતિ, એ છે કોટી કૃપાનું રૂપ.હો૦ ॥ ૭ ॥
હાથ જોડીને હરિ આગળે, રહિયે દીન આધીન એમ.હો૦ ॥
સખી નિષ્કુળાનંદના નાથને, કટું વચન જો કૈ'યે કેમ.હો૦ ॥ ૮ ॥

## પદ-૧૬

(રાગ : ધોળ) **'કંકુ છાંટી કંકોતરી મોકલી,'**- એ ઢાળ..

મારા બોલ્યા સામું જોઈ શ્યામ રે, રોષ રખે ધરતા તે રામ રે;
કોઈ નવ સરે જો કામ કે, આવીને આ ભવમાં રે; ॥ ૧ ॥
મોટા મન ધરજ્યો ધીર રે, ગુણવંત ગુણના ગંભીર રે;
ઊનું ટાઢું થાય થોડું નીર કે, તવાઈને[૩] તવ્યમાં[૪] રે. ॥ ૨ ॥
અમારા છે અવગુણિયા અનેક રે, હરિ હૈયે આણશો મા એક રે;
અધમ ઉદ્ધારણ જે ટેક કે, પાળજ્યો તે પ્રીતશું રે; ॥ ૩ ॥
વડાને નવ લાગે વિકાર રે, જેની મતિ અપરમપાર રે;
નવ થાય કેણે નિરધાર કે, આદેશ અજિતશું રે. ॥ ૪ ॥
વજ્રને જેમ વીંધ્યું નવ જાય રે, વેંધતલ[૫] સામું વીંધાય રે;
અનેક જો કરીએ ઉપાય કે, નિશ્ચે નિષ્ફળ છે રે; ॥ ૫ ॥
શશી જેમ શીતળ આપ રે, તેને તન લાગે નહિ તાપ રે;

**૧.**વિકાર રહિત થઈએ **૨.**કેવળ જ્ઞાનની જ **૩.**ગરમ થઈને **૪.**વાસણમાં **૫.**વીંધનાર

સ્પરશે નહિ પુણ્ય ને પાપ કે, નાથ નિરમળ છે રે. ॥ ૬ ॥
દીસો છો કાંઈ દિલના દયાળ રે, દીનબંધુ દીનપ્રતિપાળ રે;
નટવર નંદ ગોવાળ કે, નીરખી નયણાં ઠર્યા રે; ॥ ૭ ॥
નિષ્કુળાનંદના સ્વામી રે, અલબેલા અંતરજામી રે;
તમને નીરખી સુખ પામી કે, સર્વે કારજ સર્યા રે. ॥ ૮ ॥

## પદ-૧૭

(રાગ : ધોળ) **'મારી અવિચળ ચૂંકને રાખજો'**- એ ઢાળ.

જીરે સજજ થાઓને સુંદરી,
મૂકી પરી આવ્યાની રે આશ કે, સુંદર સુંદરી. ॥
જીરે પ્રીત તજો રે પ્યારની,[૧] ચાલો ચાલો પિયુજીને પાસ કે; સુંદર૦ ॥ ૧ ॥
જીરે પંનર નવને[૨] પરહરી, તજો પંચ વિષયની રે પ્રીત કે; સુંદર૦ ॥
જીરે અલ્પ સુખ આ સંસારનાં, તેની પશુ કરે પ્રતીત કે; સુંદર૦ ॥ ૨ ॥
જીરે ભર્યો ભવ[૩] ભંડાર[૪] કલેશનો, અંધઅંધ કે'વાય જે કૂપ કે; સુંદર૦ ॥
જીરે જડ દુઃખ મિથ્યાને મેલી કરી, રહો સત ચિત આનંદ રૂપ કે; સુંદર૦ ॥ ૩ ॥
જીરે મોટાં ભાગ્ય કરી માનજ્યે, પામી અખંડ વર અવિનાશ કે; સુંદર૦ ॥
જીરે નિષ્કુળાનંદના નાથનાં, રહ્યે ચરણ કમળનાં જો દાસ કે; સુંદર૦ ॥ ૪ ॥

## પદ-૧૮

(રાગ : ધોળ) **'ગોપીનાથ આવો મારે આંગણે'**- એ ઢાળ.

સખી આજ આનંદ વધામણા,
મારે હૈડે રે સખી હરખ ન માય કે.....ટેક૦
દીન દયાળે દયા કરી,
બળવંતે રે મારી ગ્રહી છે રે બાંયે કે.. આજ૦ ॥ ૧ ॥

**૧.**પીયરની **૨.**૧૫+૯=૨૪ તત્ત્વમાં રહેલી અહં-મમતાને **૩.**આ સંસાર **૪.**કોઠાર; ખજાનો

સખી નેહ[1] જણાવ્યો નયણમાં,
જાણી વાલપ્ય રે સુણી મુખનાં વેણ કે.. આજ૦ ॥ ૨ ॥
સખી કરુણા રસમય મૂરતિ,
નાથ નીરખી રે કાંઈ ઠરિયા છે નેણ કે.. આજ૦ ॥ ૩ ॥
સખી છબી[2] છબીલાની જોઈને,
મન મોહ્યું રે જોઈ વાલાનું મુખ કે.. આજ૦ ॥ ૪ ॥
ચિત્ત ચોરી લીધું લાલ લટકે,
વણ દીઠે રે નવ થાય જો સુખ કે.. આજ૦ ॥ ૫ ॥
સખી નટવર કુંવર નીરખી,
ઘણું હરખી રે મારા હૈડા માંય કે.. આજ૦ ॥ ૬ ॥
સખી પૂરણ પુણ્યે તે પામીએ,
ભાગ્ય મોટા રે મુખ કહ્યાં ન જાય કે.. આજ૦ ॥ ૭ ॥
સખી ધન્ય ધન્ય અવસર આજનો,
આજ પ્રગટ્યો રે અતિ નવો આનંદ કે.. આજ૦ ॥ ૮ ॥
મારું જીવિત[3] સફળ કરી જાણિયું,
રાજી થયા રે સ્વામી સહજાનંદ કે.. આજ૦ ॥ ૯ ॥
મુને વિસારી નહિ મારે વાલમે,
સહજાનંદે રે મારી કરી છે સાર[4] કે.. આજ૦ ॥૧૦॥
સખી નિષ્કુળાનંદના નાથને,
જાઉં વારણે રે હું તો વારમવાર કે.. આજ૦ ॥૧૧॥

## પદ-૧૯

(રાગ : ધોળ) **'લાગી રે લાગી લગની રૂપાળા આ લાલની રે'**- એ ઢાળ.

જેનાં પુણ્ય હશે તે એ વર પામશે રે,
તે તો વામશે તનડાના તાપ રે; અખંડ વર એક છે રે.

**૧.**સ્નેહ **૨.**મુખાકૃતિ-શોભા **૩.**જીવન **૪.**માવજત-સંભાળ

મનવાંછિત મહાસુખ માણશે રે,
વળી જાણશે જે પિયુના પ્રતાપ રે.. અખંડ૦ ॥૧॥
સખી વરીએ તો અમર એ વરને રે,
જેનું એવાતણ અખંડ અભંગ રે.. અખંડ૦ ॥૨॥
સખી સુખ અલ્પ આ સંસારનાં રે,
તેનો સમજુ ન કરે કે દી સંગ રે.. અખંડ૦ ॥૩॥
સખી મૂર્ખ મનુષ્યની મંડળી રે,
તે તો સંસારનાં સુખ સરાય[1] રે.. અખંડ૦ ॥૪॥
સખી વિવેકી રહે છે તેથી વેગળા રે,
તેનો સ્વપનામાં સંગ ન ચા'ય રે.. અખંડ૦ ॥૫॥
સખી સનકાદિકે શુકે શું કર્યું રે,
દત્ત ભરત રહ્યા છે જેથી દૂર રે.. અખંડ૦ ॥૬॥
સખી નિષ્કુળાનંદના સ્વામી વિના રે,
બીજું અન્ય ભજે[2] જાણો ભૂર[3] રે.. અખંડ૦ ॥૭॥

## પદ-૨૦

(રાગ : ધોળ) **'લાગી રે લાગી લગની રૂપાળા આ લાલની રે'**- એ ઢાળ.

અહો ધન્ય ધન્ય ભાગ્ય આ ભૂમિના રે,
અહો ધન્ય ધન્ય વૃક્ષ વેલી વન રે; અલોકી રીત આજની રે.
અહો ધન્ય ધન્ય સર સરિતા સિંધુ રે,
સ્પરશી હરિપદ થયાં છે પાવન રે.. અલોકી૦ ॥૧॥
અહો ધન્ય ધન્ય ખગ મૃગ જાતને રે,
જેનો આરે સમામાં અવતાર રે.. અલોકી૦ ॥૨॥
અહો ધન્ય ધન્ય અશ્વ તે એહને રે,

**૧.**વખાણે **૨.**ઈચ્છે-માણે **૩.**મહામૂર્ખ

## વૃત્તિવિવાહ

જેને ઉપર છે હરિ અસવાર રે.. અલોકી૦ ॥૩॥
અહો ધન્ય ધન્ય સતસંગી સંતને રે,
જે કોઈ સદાય રહે છે હરિ સાથ રે.. અલોકી૦ ॥૪॥
જેને અરસ પરસ રહે એકતા રે,
હરિ હેતે જમે છે જેને હાથ રે.. અલોકી૦ ॥૫॥
અહો ધન્ય ધન્ય સુર નર નાગને રે,
જે કોઈ વસિયા આ બ્રહ્માંડે વાસ રે.. અલોકી૦ ॥૬॥
તે તો અંતરે ઈચ્છે છે તન ધારવા રે,
થાવા ચરણકમળના દાસ રે.. અલોકી૦ ॥૭॥
તે તો કોણ જાણે જે કેમે હશે રે,
તેનો મર્મ જાણે છે મહારાજ રે.. અલોકી૦ ॥૮॥
શમ દમ આદિ જે આગે કહ્યા રે,
તે તો તન ધરી રહ્યા આજ રે.. અલોકી૦ ॥૯॥
સર્વે સમાજ સહિત પધારિયા રે,
સંતજનને તે આપવા સુખ રે.. અલોકી૦ ॥૧૦॥
અહો ધન્ય ધન્ય સર્વે એ જનને રે,
મોટાં ભાગ્ય ન જાય કહ્યાં મુખ રે.. અલોકી૦ ॥૧૧॥
કહ્યું નથી જાતું રે સુખ મુખથી રે,
જેવું આપ્યું છે અલબેલે આજ રે.. અલોકી૦ ॥૧૨॥
મારા અંતરમાં બેસીને બોલિયા રે,
હતું કે'વાનું[૧] જેટલું કાજ[૨] રે.. અલોકી૦ ॥૧૩॥
વિવા' વરણવ્યો પદ છંદ વિશમાં રે,
કહ્યું સંક્ષેપે સર્વેનું રૂપ રે.. અલોકી૦ ॥૧૪॥

---

**૧.**જીવોનાં કલ્યાણ માટે કહેવા-જણાવવા જેવું **૨.**કાર્ય

વર નર તો એક નારાયણ છે રે,
બીજા સર્વે છે સખીને સ્વરૂપ રે.. અલોકી૦ ॥૧૫॥
એવું નિશ્ચે જાણી રે જન સર્વેને રે,
રે'વું સખી[1] સ્વરૂપે સર્વે અંગ રે.. અલોકી૦ ॥૧૬॥
વર નિષ્કુળાનંદનો નાથ છે રે,
રાખો હેત પ્રીત સ્વામીને સંગ રે.. અલોકી૦ ॥૧૭॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતઃ વૃત્તિવિવાહઃ સંપૂર્ણઃ ।***

# વૃત્તિવિવાહઃ સમાપ્તઃ

**૧.**અબળા-સંપૂર્ણ આધીન

# શિક્ષાપત્રીભાષા

## :: ભૂમિકા ::

આપણા ઈષ્ટદેવ શ્રીહરિએ ચારેય પુરુષાર્થને આપનારી મૂળ "શિક્ષાપત્રી" સંસ્કૃતભાષામાં લખી છે. તેનો અર્થ સમજવામાં તથા તેને કંઠસ્થ કરવામાં સરલતા રહે તે માટે સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામીએ આ ગ્રંથમાં તેનો ગુજરાતીભાષામાં અનુવાદ કર્યો છે. આ ગ્રંથની કુલ ૨૬૦ ચોપાઈ છે.

*મંગળકારી મૂરતિ, શ્રીસહજાનંદ સુખધામ ।*
*ભક્તિધર્મસુત ભાવશું, રહ્યા અંતરમાં ઘનશ્યામ ॥* (૧)

*સહજાનંદ ગુરુએ એ વિધિ રે, શિક્ષાપત્રી અનુપમ કીધી રે ।*
*પત્રી ગીર્વાણ એ કહેવાતી રે, તે પર ભાષા કરી ગુજરાતી રે ॥* (૨૫૯)

॥ श्रीस्वामिनारायणो विजयतेतराम् ॥



श्रीनिष्कुळानंदस्वामी रचित काव्य संग्रहे

# શિક્ષાપત્રીભાષા

**દોહા :**

મંગળકારી મૂરતિ, શ્રીસહજાનંદ સુખધામ ॥
ભક્તિધર્મસુત ભાવશું, રહ્યા અંતરમાં ઘનશ્યામ ॥ ૧ ॥
એવા ઈષ્ટ એહ માહેરા, તેના ઈષ્ટ તે શ્રીકૃષ્ણ ॥
જેને વામ[૧] રાધા ઉર રમા,[૨] વૃન્દાવનરમણ મન પ્રસન્ન ॥ ૨ ॥
એવા ઈષ્ટને ઉર ધરી, બોલ્યા તે સહજાનંદ ॥
મુજ આશ્રિત ત્યાગી ગૃહી, સુણો નર ત્રિય વૃન્દ[૩] ॥ ૩ ॥
શિક્ષાપત્રી સુંદર અતિ, તમે સાંભળજ્યો મુજ જન ॥
લખું વસી વરતાલમાં, આ છે છેલાં વચન ॥ ૪ ॥

---

**૧.**ડાબા પડખે **૨.**લક્ષ્મીજી **૩.**સમુદાય

**ચોપાઈ :**

બહુ બહુ કરી મેં વાત રે, તે સાંભળી તમે સાક્ષાત રે ॥
હવે છેલ્લી વાત છે આ મારી રે, તમે સહુ લેજ્યો હૈયે ધારી રે ॥ ૫ ॥

દેશ પ્રદેશમાં જે રહેનાર રે, મારાં આશ્રિત જે નરનાર રે ॥
તમ પ્રત્યે શિખામણ મારી રે, સુખદાયક છે અતિ સારી રે ॥ ૬ ॥

ધર્મપુત્ર પવિત્ર બે ભાઈ રે, મારા વીર[૧] જન સુખદાઈ રે ॥
મોટા ભાઈ છે રામપ્રતાપ રે, નાનાભાઈ ઈચ્છારામ આપ રે ॥ ૭ ॥

તેના પુત્ર બે ગુણ ગંભીર રે, અવધપ્રસાદ ને રઘુવીર રે ॥
તેને દત્તપુત્ર[૨] કરી સ્થાપ્યા[૩] રે, મંદિર દેશ વહેંચીને આપ્યા રે ॥ ૮ ॥

કર્યા સાધુ સતસંગી અમે રે, તેના આચાર્ય છોજી તમે રે ॥
હવે સાંભળો મુજ આશ્રિત રે, મારાં વચનમાં દઈ ચિત્ત રે ॥ ૯ ॥

વર્ણી મુકુંદ આદિ સમસ્ત રે, ભટ્ટ મયારામ આદિ ગૃહસ્થ રે ॥
સધવા વિધવા નારી સુભાગી રે, સુણો મુક્તાનંદ આદિ ત્યાગી રે ॥૧૦॥

એવા સતસંગી મુનિરાજ રે, તમારી ધર્મરક્ષાને કાજ રે ॥
શાસ્ત્રપ્રમાણ જનસુખ કરણ રે, જેમાં શ્રીનારાયણ સ્મરણ રે ॥૧૧॥

એવાં આશિષનાં જે વચન રે, સહુ અંતરે ધારજ્યો જન રે ॥
શિક્ષાપત્રી લખ્યાનું કારણ રે, કરજ્યો એકાગ્ર મને ધારણ રે ॥૧૨॥

સર્વ જીવને છે સુખકારી રે, એવી શિક્ષાની[૪] પત્રી અમારી રે ॥
શ્રીમદ્‌ભાગવતાદિ જે ગ્રંથ રે, સતશાસ્ત્ર કહ્યાં મોક્ષપંથ રે ॥૧૩॥

તેણે પ્રતિપાદન કર્યા જેહ રે, સર્વ જીવ હિતકારી તેહ રે ॥
એવા અહિંસાદિ સદાચાર રે, પાળે પળાવે જે નરનાર રે ॥૧૪॥

તે આ લોક પરલોક માંય રે, મોટા સુખને પામે સદાય રે ॥

**૧.**ભાઈ **૨.**પોતાના પુત્ર તરીકે સ્વીકારેલ બીજાનો પુત્ર **૩.**આચાર્યપદે બેસાર્યા **૪.**હિતકારી ઉપદેશની

સદાચાર ઉલ્લંઘી જે વર્તે રે, મેલી મર્યાદ મનને મતે રે ॥૧૫॥
તે તો કુબુદ્ધિવાળા કહેવાય રે, લોક પરલોકે તે દુઃખી થાય રે ॥
માટે મારા શિષ્ય સહુ પ્રીતે રે, વર્તો આ શિક્ષાપત્રીની રીતે રે ॥૧૬॥
હવે વર્ત્યાની રીત છે જેહ રે, સર્વે સત્સંગી સુણજ્યો તેહ રે ॥
નાનાં મોટાં જેહ જીવ પ્રાણી રે, તેને મારવા નહિ ક્યારે જાણી રે ॥૧૭॥
ચાંચડ માંકડ જૂ જંતુ લહિ રે, તેની હિંસા તે કરવી નહિ રે ॥
દેવપિતૃયજ્ઞ કર્મ સારુ રે, મૃગ મીન શશ[૧] ને બાકરું[૨] રે ॥૧૮॥
એહ આદિ ન મારવા પ્રાણી રે, અહિંસાદિ ધર્મ મોટો જાણી રે ॥
એમ સચ્છાસ્ત્રમાંહી કહે છે રે, મારી પણ શિક્ષા તમને એ છે રે ॥૧૯॥
દામ[૩] વામ[૪] મળે માલ મહી[૫] રે, તોય મનુષ્ય મારવો નહીં રે ॥
તેમ તીર્થમાં જઈ કોઈ જન રે, આત્મઘાત ન કરો કોઈ દન રે ॥૨૦॥
ક્રોધ કરી ન તજવું તન રે, એહ માનો શિક્ષાનાં વચન રે ॥
અયુક્ત[૬] કર્મ થાય જો કાંઈ રે, તોયે મરવું નહિ મૂંઝાઈ રે ॥૨૧॥
વિષ ફાંસી કૂવે પડી તન રે, નહિ મરવું ભેરવજપે[૭] જન રે ॥
યજ્ઞશેષ[૮] પ્રસાદી જે માંસ રે, તે ન ખાવું કે દી મારા દાસ રે ॥૨૨॥
મદ્ય કીધું વિધ અગિયાર રે, સુરા તે પણ ત્રણ પ્રકાર રે ॥
દેવ નૈવદ્યનું ભલે હોય રે, મારા જનોએ ન લેવું તોય રે ॥૨૩॥
આપોઆપથી[૯] આચરણ અયોગ્ય રે, થઈ જાય કોઈ કર્મ ભોગ રે ॥
તોય શસ્ત્રાદિકે કરી તન રે, આપોઆપનું ન કરવું છેદન રે ॥૨૪॥
ક્રોધે કરી ન કરવો દાસ રે, નિજ પરના પિંડનો નાશ રે ॥
સુણો સર્વ શિષ્ય વાત મારી રે, ધર્મ સારુયે ન કરો ચોરી રે ॥૨૫॥
કાષ્ઠ આદિક ફળ ફૂલ પાતી[૧૦] રે, જે કોઈ વસ્તુ હોય ધણિયાતી રે ॥

**૧.**સસલા **૨.**બકરા **૩.**ધન **૪.**સ્ત્રી **૫.**જમીન **૬.**શાસ્ત્ર કે લોક વિરુદ્ધ **૭.**પર્વત ઉપરથી પડીને **૮.**યજ્ઞમાં વધેલી **૯.**પોતાથી જ **૧૦.**પાંદડું

તે તો ધણી આપે તો જ લેવી રે, અમારી તો આજ્ઞા છે એવી રે ॥૨૬॥
વળી મારા આશ્રિત નરનાર રે, તેણે કરવો નહિ વ્યભિચાર રે ॥
દ્યુતાદિક વ્યસનને મેલી રે, ત્યાગો કેફ થાવું નહિ ફેલી રે ॥૨૭॥
ગાંજા ભાંગ્ય મફર માજમને રે, ચડે કેફ તે તજો કહું તમને રે ॥
જેનાં અન્ન જળે[1] હોય વટાળ[2] રે, તે ન ખાવું પીવું કોઈ કાળ રે ॥૨૮॥
હરિપ્રસાદી ને ચરણામૃત રે, જાતિ વટાળે તજવું તર્ત રે ॥
જગન્નાથપુરીને માંહિ રે, હરિપ્રસાદનો દોષ નહિ રે ॥૨૯॥
આપ સ્વાર્થને સિદ્ધ કરવા રે, ખોટાં કલંક કોઈને ન ધરવાં રે ॥
જેમ ન નાખવી જૂઠી આળ રે, તેમ ન દેવી કોઈને ગાળ રે ॥૩૦॥
દેવ તીર્થ સતી સંત જાણો રે, વિપ્ર વેદવચન પ્રમાણો રે ॥
તેની નિંદા કેદિયે ન કરવી રે, કોઈ કરે તો કાને ન ધરવી રે ॥૩૧॥
જગમાં જે દેવતા આગળે રે, પૂજે માંસ મદિરા ને જળે રે ॥
વળી પશુહિંસા થતી હોય રે, તેની પ્રસાદી ન લેશો કોય રે ॥૩૨॥
વાટે જતાં શિવાલય આવે રે, બીજા દેવનાં સ્થાનક કહાવે રે ॥
તેને નમસ્કાર કરી જન રે, કરવું આદર સહિત દર્શન રે ॥૩૩॥
પોતાનો જે વર્ણ આશ્રમ રે, તેનો તજવો નહિ કે દી ધર્મ રે ॥
પરધર્મમાં પગ ન ભરવો રે, પાખંડી[3] કલ્પિત[4] પરહરવો[5] રે ॥૩૪॥
કૃષ્ણભક્તિ જે પોતાનો ધર્મ રે, તેમાં મોળા પાડે જે બેશર્મ રે ॥
તેનાં મુખથી હરિકથા જ્ઞાન રે, કે દી ન સાંભળો દઈ કાન રે ॥૩૫॥
એહ સાંભળ્યામાં નહિ સારું રે, માટે કરું છું તમને વારું[6] રે ॥
જેણે હોય નિજ પારકો નાશ રે, એવું સત્ય ન બોલીએ દાસ રે ॥૩૬॥
કૃતઘ્નીનો સંગ નવ કીજે રે, કેની લાંચ ભાડ્ય[7] નવ લીજે રે ॥

**૧.**જેનું અન્ન તથા જળ ખાવા-પીવાથી **૨.**વટલાવવાપણું **૩.**ઢોંગીનો ધર્મ **૪.**ઉપજાવી કાઢેલ ધર્મ **૫.**ત્યાગ કરવો **૬.**મનાઈ **૭.**વ્યભિચારની કમાણી; વેશ્યાઓની દલાલી

પાપી પાખંડી વ્યસની ચોર રે, પરત્રિયલંપટ જે નિઠોર[1] રે ॥૩૭॥
વળી ધુતારા એ ષટ ખળ[2] રે, તેનો ન કરો સંગ કોઈ પળ રે ॥
ભક્તિ જ્ઞાન તણી ઓથ લઈ રે, ત્રિય ધન રસ વશ રહ્યા થઈ રે ॥૩૮॥
એને અર્થે પાપ કરનારા રે, તેનો સંગ તજો શિષ્ય મારા રે ॥
કૃષ્ણ કૃષ્ણ અવતાર કહીએ રે, તેનું ખંડન કરે જે યુક્તિએ રે ॥૩૯॥
એવાં શાસ્ત્ર ન સુણવા કાને રે, હોય નાસ્તિક તે એને માને રે ॥
ઘૃત દૂધ પાણી ગળી પીવું રે, ઝીણાં જંતુ જળે ન ન્હાવું રે ॥૪૦॥
મદ્ય માંસ જે ઔષધે ભળે રે, તે ન ખાવું પીવું કોઈ પળે રે ॥
આપે ઔષધ વૈદ અજાણ્યો રે, તે ન લેવું સમજીને સુજાણો રે ॥૪૧॥
મળ મૂત્ર ત્યાગ કર્યા સારુ રે, કર્યું લોકશાસ્ત્રે જ્યાં વારુ રે ॥
તે તો જીર્ણ દેવાલય જાણો રે, નદી તળાવ તટ પ્રમાણો રે ॥૪૨॥
વાવ્યું ક્ષેત્ર વાટી વૃક્ષ છાંય રે, ફૂલબાગ બગીચાદિ માંય રે ॥
ત્યાં મળમૂત્ર ત્યાગ ન કરીએ રે, થૂંકવું નહિ મનમાં ડરીએ રે ॥૪૩॥
ચોર માર્ગે ન આવીએ જયે[3] રે, જો સદા કુશળને ચાહિયે રે ॥
જે ધણિયાતી જાયગા હોય રે, પૂછ્યા વિના ન ઉતરો કોય રે ॥૪૪॥
જ્ઞાન વારતા નારીવદન રે, મારા જન ન સુણો કોઈ દન રે ॥
નારી નૃપ નૃપજન આદે રે, તેશું બોલવું નહિ વિવાદે રે ॥૪૫॥
ગુરુ વળી જે મોટા મનુષ્ય રે, લોકે માન્યા એવા જે પુરુષ રે ॥
શસ્ત્રધારી વળી વિદ્યાવાન રે, એનું કરવું નહિ અપમાન રે ॥૪૬॥
કરવું કાર્ય કરીને વિચાર રે, ધર્મ કાર્યમાં કરવી ન વાર રે ॥
ભણી વિદ્યા ભણાવવી વળી રે, કરવો સંત સમાગમ મળી રે ॥૪૭॥
દેવ ગુરુ નરેશની પાસ રે, ઠાલે[4] હાથે જવું નહિ દાસ રે ॥

**૧.**નિષ્ઠુર; દુષ્ટ **૨.**એ છ પ્રકારના નીચ પુરુષો **૩.**જઈએ **૪.**ખાલી

વિશ્વાસઘાત તજી તે દેવો રે, પોતે પોતાનો યશ ન કે'વો રે ॥૪૮॥
ઝીણું પાખું વસ્ત્ર જે કુઢંગ[1] રે, તે ન પે'રવું દેખાય જેણે અંગ રે ॥
ધર્મ રહિત હરિની ભક્તિ રે, તે કે દી ન કરવી સુમતિ રે ॥૪૯॥
મૂર્ખ મનુષ્યની નિંદા સાંભળી રે, કૃષ્ણસેવા ન તજવી વળી રે ॥
સર્વે વચન એ સંભારી રાખો રે, માંહો માંહી પ્રેમભાવ ભાખો રે ॥૫૦॥

**દોહા :**

ઉત્સવ અથવા નિત્ય પ્રતિ, આવે કૃષ્ણ મંદિર નરનાર ॥
પરસ્પર અડવું નહિ, મારા જનને નિરધાર ॥૫૧॥
મંદિરમાંથી નીસરી, રહેવું પોતે પોતાની રીત ॥
વળી કહું એક વારતા, સહુ સાંભળો દઈ ચિત્ત ॥૫૨॥
ધર્મવંશી ગુરુ થકી, શ્રીકૃષ્ણની દીક્ષા લહી ॥
દ્વિજ ક્ષત્રિય વૈશ્ય ત્રણેની, રીત દેખાડું હું કહી ॥૫૩॥
કંઠે તુલસી માળા બેવડી, લલાટ હૃદય બે હાથ ॥
ઊર્ધ્વપુંડ્ર[2] તિલક કરીને, સદા રહેવું સનાથ[3] ॥૫૪॥

**ચોપાઈ :**

સુંદર તિલક ગોપીચંદને રે, કરવું અમારા આશ્રિત જને રે ॥
અથવા હોય હરિની પ્રસાદિ રે, કુંકુમ કેસર ચંદન આદિ રે ॥૫૫॥
સુંદર તિલક કરવું તેનું રે, મધ્યે બિંદુ[4] પણ કરવું એનું રે ॥
કાં તો કરો ચાંદલો કુંકુમે રે, એમ કરો તિલક જન તમે રે ॥૫૬॥
તે કુંકુમ પ્રસાદી કરેલ રે, રાધાલક્ષ્મીજીનું ધરેલ રે ॥
વળી પોતાના ધર્મમાં રહ્યા રે, શૂદ્ર શ્રીકૃષ્ણના ભક્ત થયા રે ॥૫૭॥
એવા સતશૂદ્ર જે સઘળા રે, કંઠે રાખો તુલસીની માળા રે ॥

**૧.**ખરાબ લાગે તેવું **૨.**ઊભી રેખાવાળું **૩.**સ્વામિનારાયણ ભગવાનના થઈને **૪.**ચાંદલો

ઊર્ધ્વપુંડ્ર તિલક કરો એવું રે, પ્રથમ ત્રિવર્ણને કહ્યું તેવું રે ।।૫૮।।
તેથી ઊતરતા જાતે જન રે, રાખો માળા કાષ્ઠ જે ચંદન રે ।।
બાંધો બેવડી કંઠમાં સારી રે, હરિપ્રસાદીની સુખકારી રે ।।૫૯।।
કેવળ ચાંદલો કરવો લલાટ રે, તિલક કરવા મૂકવો ઘાટ રે ।।
દ્વિજ આદિ સુણો સહુ ચિત્તે રે, રાખવું ત્રિપુંડ્ર[૧] રુદ્રાક્ષ પ્રીતે રે ।।૬૦।।
નિજ કુળતણી રીત હોય રે, મારા આશ્રિત ન તજો કોય રે ।।
નારાયણ[૨] અને શિવજી એક રે, એમ સમજવો સૌને વિવેક રે ।।૬૧।।
હરિ[૨] હર[૩] બે બ્રહ્મસ્વરૂપ રે, તેનાં કહ્યાં છે વેદમાં રૂપ રે ।।
કહ્યો શાસ્ત્રમાંહી આપદ્ધર્મ[૪] રે, તેને સાંભળી સમજવો મર્મ રે ।।૬૨।।
થોડાં દુઃખમાંહી પણ એને રે, કહું મુખ્ય ન કરવો કેને રે ।।
અર્ક ઉદય પે'લા સહુ જાગી રે, હરિ સમરો સહુ સુભાગી રે ।।૬૩।।
હરિકૃષ્ણ કૃષ્ણ મુખે ગાવું રે, પછી દેહક્રિયા કરવા જાવું રે ।।
દાતણ કરવું બેસી એક સ્થળે રે, પછી નહાવું નિર્મળ જળે રે ।।૬૪।।
ધોયાં વસ્ત્ર સુંદર બે સાથે રે, એક પહેરો ઓઢો એક માથે રે ।।
શુદ્ધ આસન ને શુદ્ધ જાગ રે, બેસવું જોઈ મોકળે માગ રે ।।૬૫।।
પૂર્વ કે ઉત્તર મુખે રે, બેસી કરવું આચમન સુખે રે ।।
પુરુષમાત્ર તણી એહ રીત રે, કરો તિલક ચાંદલા સહીત રે ।।૬૬।।
સુવાસિની નારી સુણી લીજે રે, કુંકુમ ચાંદલો કપાળે કીજે રે ।।
ચાંદલો અથવા જે તિલક રે, વિધવાને ન કરવું એક રે ।।૬૭।।
કરો સત્સંગી માનસી સેવ[૫] રે, ચંદન પુષ્પે પૂજો કૃષ્ણદેવ રે ।।
પછી ચિત્રની મૂરતિ સારી રે, રાધાકૃષ્ણ તણી સુખકારી રે ।।૬૮।।
તેનું આદરે દર્શન કરી રે, કરવો નમસ્કાર ભાવ ભરી રે ।।

**૧.**આડી ત્રણ રેખાવાળું તિલક **૨.**વિષ્ણુ **૩.**શંકર **૪.**આપત્તિમાં પાળવાનો ધર્મ **૫.**પૂજા

જપો આપણી શક્તિ પ્રમાણ રે, અષ્ટાક્ષર મંત્ર સુજાણ રે ॥૬૯॥

કૃષ્ણમંત્ર જપી નરનાર રે, પછી કરવો પોતાનો વ્યવહાર રે ॥
આત્મનિવેદી જે મારા જન રે, રાજા અંબરીષ જેવા પાવન રે ॥૭૦॥

પ્રથમ કહ્યું અનુક્રમે જેવું રે, કરો માનસીપૂજા લગી તેવું રે ॥
પછી કૃષ્ણની પ્રતિમા જેહ રે, હોય ધાતુ પાષાણની તેહ રે ॥૭૧॥

અથવા શાળગ્રામ સુખકારી રે, તેને પૂજવા પ્રેમ વધારી રે ॥
નિત્ય જોઈ દેશ કાળ જેવો રે, શક્તિ પ્રમાણે પૂજાપો લેવો રે ॥૭૨॥

ચંદન પુષ્પ ફળ જળ આદિ રે, પૂજો પ્રભુને તજી ઉપાધિ રે ॥
પછી કૃષ્ણમંત્ર અષ્ટાક્ષર રે, તેને જપવો આનંદભર રે ॥૭૩॥

પછી કૃષ્ણસ્તોત્ર પાઠ કરવા રે, કાં તો ગ્રંથ વાંચી વિચારવા રે ॥
જે ભણ્યા ન હોય ગીર્વાણ[૧] રે, તે જપો હરિનામ સુજાણ રે ॥૭૪॥

કરી હરિનું નૈવેદ્ય[૨] નિત્ય રે, લેવી પ્રસાદી તે જન પ્રીત્ય રે ॥
આત્મનિવેદીએ સદાકાળ રે, પ્રીતે સેવવા કૃષ્ણ દયાળ રે ॥૭૫॥

માયિક ગુણ રહિત શ્રીકૃષ્ણ રે, તેના સંબંધી એવા તમે જન રે ॥
આત્મનિવેદી ભક્ત જે તમે રે, ક્રિયાસહિત નિર્ગુણ જાણું અમે રે ॥૭૬॥

મળે જળ ફળાદિ જમ્યા જેવું રે, કૃષ્ણપ્રસાદી વિના ન લેવું રે ॥
આવે અંગે રોગ વૃદ્ધપણું રે, આપત્કાળતણું દુઃખ ઘણું રે ॥૭૭॥

તેમાં ન શકો મૂરતિ સેવી રે, ત્યારે બીજા તે ભક્તને દેવી રે ॥
એમ સમજી સર્વે સુજાણ રે, વર્તો પોતાની પહોંચ પ્રમાણ રે ॥૭૮॥

કૃષ્ણમૂર્તિ આચાર્યે જે આપી રે, અથવા તેણે હસ્તે કરી સ્થાપી રે ॥
કરો એ બે સ્વરૂપની સેવા રે, બીજે નમસ્કાર કરી લેવા રે ॥૭૯॥

સંધ્યાકાળે સહુ જન મળી રે, જવું હરિમંદિરમાં વળી રે ॥

**૧.**સંસ્કૃત ભાષા **૨.**ભગવાનને અર્પણ-થાળ

ઉચ્ચ સ્વરે કરો ત્યાં કીર્તન રે, હેતે હરિના નામનું ભજન રે ॥૮૦॥

કથા વાર્તા ત્યાં કૃષ્ણની નિત્ય રે, કહેવી સુણવી આદર સહિત રે ॥
તાલ મૃંદગે કૃષ્ણકીર્તન રે, ગાવાં જન ઉત્સવને દન રે ॥૮૧॥

મારા જન કહ્યું જે મેં આગે રે, એવી રીતે રાખો અનુરાગે[1] રે ॥
ભાષા ગીર્વાણના ગ્રંથો દાસ રે, કરો બુદ્ધિ પ્રમાણે અભ્યાસ રે ॥૮૨॥

જે જનથી થાય કામ જેવું રે, તેને કામ બતાવવું તેવું રે ॥
તેપણ પ્રથમ વિચારી લેવું રે, પછી કામ કરવા સોંપી દેવું રે ॥૮૩॥

જે જે જનના જે હોય દાસ રે, તેની રખાવવી બરદાસ[2] રે ॥
અન્ન વસ્ત્ર શક્તિ પ્રમાણ રે, આપી સુખી રાખવા સુજાણ રે ॥૮૪॥

જેવા ગુણવાળો જન જેહ રે, તેવે વચને બોલાવવો તેહ રે ॥
દેશ કાળ અનુસારે એને રે, અયોગ્ય રીતે ન બોલાવવો તેને રે ॥૮૫॥

ગુરુ ભૂપ વૃદ્ધ ત્યાગી હોય રે, વિદ્યાવાન તપસ્વી એ છોય રે ॥
એને આવતાં આદર કીજે રે, ઊઠી મીઠું બોલી માન દીજે રે ॥૮૬॥

ગુરુદેવ સભા જ્યાં ભૂપતિ રે, ત્યાં બેસવું મર્યાદાએ અતિ રે ॥
પગ પર પગ ન ચઢાવવો રે, પગ પટે[3] કરી ન બાંધવો રે ॥૮૭॥

નિજ આચાર્યને અનુસરવું રે, તેની સાથે વિવાદ ન કરવું રે ॥
સર્વ પોતાની શક્તિ પ્રમાણ રે, પૂજવા અન્ન ધન વસ્ત્રે સુજાણ રે ॥૮૮॥

આચાર્યને આવતા સાંભળી રે, જવું સન્મુખ ઉતાવળું વળી રે ॥
ચાલે આપણા ગામથી જ્યારે રે, જવું વળાવવા ગામ બા'રે રે ॥૮૯॥

બહુ ફળવાળું હોય કર્મ રે, પણ ન હોય જો તેમાં ધર્મ રે ॥
એવું કર્મ તેને તજી દેવું રે, ધર્મ રાખતાં સુખને લેવું રે ॥૯૦॥

માટે ફળલોભે કરી જન રે, ધર્મ ત્યાગવો નહિ કોઈ દન રે ॥

**૧.**પ્રેમથી; શ્રદ્ધાથી **૨.**દેખભાળ; સંભાળ **૩.**વસ્ત્ર વડે

પૂર્વે મોટા ઋષિ મુનિમાંઈ રે, થયો હોય અધર્મ જો કાંઈ રે ॥૯૧॥
તે અધર્મની ઓટ્ય ન લહીએ રે, તેણે ધર્મ કર્યો તે ગ્રહીએ રે ॥
છાની વાત જો કોઈની હોય રે, તેની છતી[1] કરશો મા કોઈ રે ॥૯૨॥
જગમાંહી હોય જીવ જેવો રે, તેને તેવો સનમાન દેવો રે ॥
સર્વમાં સમદૃષ્ટિ ન આરોપવી રે, મોટાની મર્યાદા ન લોપવી રે ॥૯૩॥
નિ'મ અધિક ચોમાસામાં ધારી રે, સમરો શ્રીકૃષ્ણ દેવ મોરારી રે ॥
શક્તિ ન હોય તો એક માસ રે, રાખો નિયમ શ્રાવણમાં દાસ રે ॥૯૪॥
નિયમ અધિક તે સુણી લઈએ રે, કૃષ્ણકથા સાંભળી કહીએ રે ॥
કીર્તન મહાપૂજા કરીએ રે, જપી મંત્ર ને સ્તોત્ર ઉચ્ચરીએ રે ॥૯૫॥
પ્રેમે કરી પ્રદક્ષિણા દીજે રે, તેમ સાષ્ટાંગ દંડવત કીજે રે ॥
એહ આઠ નિયમમાંથી એક રે, રાખો જન હૃદય ધારી ટેક[2] રે ॥૯૬॥
સર્વ એકાદશી સુખકારી રે, કરવું વ્રત પ્રીતે નરનારી રે ॥
કૃષ્ણ જન્મદિન શિવરાતે રે, કરો ઉપવાસ ઉત્સવ ખાંતે[3] રે ॥૯૭॥
કરી વ્રત સૂવું નહિ દિવસ રે, સૂવે તો વ્રત પામે તર્ત નાશ રે ॥
ભાંગે વ્રત કરે નારીસંગ રે, તેમ દિવસે સૂતે વ્રતભંગ રે ॥૯૮॥
વૈષ્ણવરાજ વલ્લભાચારજ રે, તેના સુત વિઠ્ઠલજી મહારાજ રે ॥
વ્રત ઉત્સવ કહ્યાં એણે જેમ રે, તમે કરજ્યો જન સહુ તેમ રે ॥૯૯॥
વ્રત ઉત્સવ કરવાં એવાં રે, એની રીતે કરો કૃષ્ણસેવા રે ॥
તીર્થ દ્વારિકા આદિ સુજાણ રે, કરવાં વિધિએ શક્તિ પ્રમાણ રે ॥૧૦૦॥
પોતપોતા તણી શક્તિ ભર[4] રે, રાખો દયા દીનની ઉપર રે ॥
વળી વિષ્ણુ શિવ પાર્વતી રે, સૂર્યદેવ તથા ગણપતિ રે ॥૧૦૧॥
એહ પંચદેવ પ્રમાણ રે, પૂજો મારા આશ્રિત સુજાણ રે ॥

**૧.**જાહેર **૨.**પ્રતિજ્ઞા-નિયમ **૩.**ઉત્સાહથી **૪.**પ્રમાણે

ઉપદ્રવ આવે કોઈ અંગે રે, ભૂત પ્રેત આદિ પ્રસંગે રે ॥૧૦૨॥
તેને ઇચ્છો જો ટાળવા આપ રે, કરો નારાયણકવચ જાપ રે ॥
કાં તો હનુમાન મંત્ર જપ જપીજે રે, ક્ષુદ્રદેવ મંત્ર ન પ્રતીજે[1] રે ॥૧૦૩॥
થાય શશી સૂર્ય ગ્રહણ જ્યારે રે, ક્રિયા તજી દેવી સર્વ ત્યારે રે ॥
થઈ શુદ્ધ સહુ જન આપ રે, કરો શ્રીકૃષ્ણમંત્રનો જાપ રે ॥૧૦૪॥
મટે ગ્રહણ ત્યારે જઈ ન્હાવું રે, વસ્ત્રે સહિત નાહી શુદ્ધ થાવું રે ॥
ગૃહસ્થે દાન દેવું શક્તિ જેવી રે, ત્યાગીએ સુખ લેવું કૃષ્ણ સેવી[2] રે ॥૧૦૫॥
ચારે વર્ણના મનુષ્ય જે કા’વે રે, જન્મ મરણ સૂતક તેને આવે રે ॥
તે તો સંબંધી સહુનું પાળો રે, શાસ્ત્રમર્યાદા કોઈ મા ટાળો રે ॥૧૦૬॥
શમ દમ ક્ષમાદિ સુંદર રે, રહો સંતોષી સહુ વિપ્રવર રે ॥
ક્ષત્રિય વર્ણે રહેવું અતિ ધીર રે, કામ પડ્યે થવું શૂરવીર રે ॥૧૦૭॥
ગાયો ધન વેપાર ખેતી વ્યાજ રે, વર્તો વૈશ્ય કરી એવું કાજ રે ॥
વિપ્ર આદિ ત્રણ વર્ણ એવા રે, વર્તો શૂદ્ર કરી તેની સેવા રે ॥૧૦૮॥
ગર્ભાધાન આદિ સંસ્કાર રે, નિત્યકર્મ શ્રાદ્ધ નિરધાર રે ॥
પોતાના ગૃહ્યસૂત્ર[3] પ્રમાણ રે, કરો દ્વિજ જન તે સુજાણ રે ॥૧૦૯॥
જેવો અવસર ને જેવું ધન રે, કરવું શક્તિ પ્રમાણે એ જન રે ॥
જાણે અજાણે કરીને આપ રે, થાય નાનું મોટું કોઈ પાપ રે ॥૧૧૦॥

**દોહા :**

તેનો દોષ નિવારીએ, પોતાની શક્તિ પ્રમાણ ॥
ત્યાર પછીની વારતા, કહું સુણો સર્વ સુજાણ ॥૧૧૧॥

વ્યાસસૂત્ર વેદ વળી, શ્રીમદ્‌ભાગવત સુખરૂપ ॥
વિષ્ણુસહસ્રનામ ભારતે,[4] શ્રી ભગવદ્‌ગીતા જે અનુપ ॥૧૧૨॥

**૧.**તેમાં પ્રતીતિ ન રાખવી **૨.**પ્રભુની પૂજા કરીને **૩.**ગૃહસ્થ બ્રાહ્મણના કર્મને સમજાવતો પ્રાચીન ગ્રંથ **૪.**મહાભારતમાં રહેલ

વિદુરનીતિ ને સ્કંદપુરાણે, વૈષ્ણવખંડમાં સાર ॥
વાસુદેવમાહાત્મ્ય કહ્યું, અતિ સુંદર જ્ઞાન ઉદાર ॥૧૧૩॥
યાજ્ઞવલ્કય ઋષિ સ્મૃતિ, ધર્મશાસ્ત્રમાંહી જેહ ॥
સચ્છાસ્ત્ર આઠ એ કહ્યાં, અમારે ઈષ્ટ છે અતિ એહ ॥૧૧૪॥

**ચોપાઈ :**

મારા શિષ્ય સુણો દઈ ચિત્ત રે, તમે ઈચ્છો તમારું જો હિત રે ॥
સત્શાસ્ત્ર આઠ એ અનુપ રે, સહુએ સાંભળવા સુખરૂપ રે ॥૧૧૫॥
મારા આશ્રિત વિપ્ર એને ભણી રે, કરો કથા તે શાસ્ત્રતણી રે ॥
એ આઠમાં કહ્યો જે સદાચાર રે, દોષનિવારણ[1] ને વ્યવહાર રે ॥૧૧૬॥
એનો નિર્ણય કરવા હિત રે, મિતાક્ષરા ટીકાએ સહિત રે ॥
એવી યાજ્ઞવલ્ક્યની જે સ્મૃતિ રે, તેનું ગ્રહણ કરો મહામતિ રે ॥૧૧૭॥
વળી શ્રીમદ્ભાગવત મધ્ય રે, દશમ પંચમ જે બે સ્કંધ રે ॥
કૃષ્ણમાહાત્મ્ય જાણવા એને રે, સહુથી અધિક માનવા તેને રે ॥૧૧૮॥
દશમ પંચમ જે દુઃખહરણ રે, યાજ્ઞવલ્ક્યસ્મૃતિ એ ત્રણ રે ॥
એ છે શાસ્ત્ર ભક્તિ યોગ ધર્મ રે, તેનો કરી સમજાવું મર્મ રે ॥૧૧૯॥
દશમસ્કંધ ભક્તિશાસ્ત્ર કહિયે રે, પંચમસ્કંધ યોગશાસ્ત્ર લહીએ રે ॥
યાજ્ઞવલ્ક્યની સ્મૃતિ છે જેહ રે, ધર્મશાસ્ત્ર એ જાણજો તેહ રે ॥૧૨૦॥
શારીરકસૂત્ર[2] સુણો દાસ રે, જેનું કર્યું રામાનુજે ભાષ્ય રે ॥
વળી ભગવદ્ગીતા જે પુનિત રે, રામાનુજના ભાષ્ય સહિત રે ॥૧૨૧॥
એ બે શાસ્ત્ર જાણવાં સારાં રે, અધ્યાત્મશાસ્ત્ર છે એ અમારાં રે ॥
સતશાસ્ત્ર એ સર્વ અનુપ રે, તેમાં વચન જે છે સુખરૂપ રે ॥૧૨૨॥
કૃષ્ણસ્વરૂપ ને ધર્મ વળી રે, ભક્તિ વૈરાગ્ય એ ચાર મળી રે ॥

**૧.**ભૂલનું પ્રાયશ્ચિત **૨.**ઉપનિષદોનો સિદ્ધાંત સમજાવવા વ્યાસ ભગવાને બનાવેલો બ્રહ્મસૂત્ર ગ્રંથ

એની મોટ્યપ કહી છે જેહ રે, સહુ કરતાં મુખ્ય માનો તેહ રે ॥૧૨૩॥
કૃષ્ણભક્તિ કરો ધર્મે સહિત રે, એ છે શાસ્ત્રનું સાર પુનિત રે ॥
શ્રુતિ સ્મૃતિએ કહ્યો સદાચાર રે, તે તો ધર્મ જાણો નિરધાર રે ॥૧૨૪॥
માહાત્મ્યજ્ઞાન સહિત હેત અતિ રે, એનું નામ જાણવી ભક્તિ રે ॥
કૃષ્ણ વિના બીજું જેને આગ્ય[1] રે, એનું નામ જાણજો વૈરાગ્ય રે ॥૧૨૫॥
જીવ માયા ઈશ્વરનું રૂપ રે, શુદ્ધ[2] જાણો એ જ્ઞાન અનુપ રે ॥
હૃદયે વસ્યો સૂક્ષ્મ અણુ જેવો રે, જ્ઞાતા[3] ચૈતન્યરૂપ છે એવો રે ॥૧૨૬॥
જ્ઞાનશક્તિએ કરી નિજદેહ રે, નખશિખા વ્યાપ્યો છે તેહ રે ॥
અજર અમર ને ન ભેદાય રે, ઈત્યાદિ ગુણે જીવ કે'વાય રે ॥૧૨૭॥
ત્રિગુણાત્મક તમરૂપ જાણો રે, પ્રભુની શક્તિ માયા પ્રમાણો રે ॥
જીવ દેહ ને દેહના સંબંધી રે, જેણે અહંમમતે રાખ્યા બંધી રે ॥૧૨૮॥
એહ જાણજો માયાનું રૂપ રે, હવે કહું ઈશ્વરનું[4] સ્વરૂપ રે ॥
જેમ હૃદયમાં જીવ રહ્યા રે, તેમ જીવમાં ઈશ્વર રહ્યા રે ॥૧૨૯॥
અંતર્યામી સ્વતંત્ર આધાર રે, જીવના કર્મફળ દેનાર રે ॥
તેને ઈશ્વર શ્રીકૃષ્ણ પ્રમાણો રે, પરબ્રહ્મ પુરુષોત્તમ જાણો રે ॥૧૩૦॥
તે શ્રીકૃષ્ણ છે આપણા ઈષ્ટ રે, સદા ઉપાસના યોગ્ય અભીષ્ટ[5] રે ॥
સુંદર મૂરતિ અતિ સારી રે, સર્વે અવતારના અવતારી રે ॥૧૩૧॥
જ્યારે રાધા સહિત એ રહે રે, ત્યારે રાધાકૃષ્ણ એને કહે રે ॥
રુક્મિણી સહિત સોહાવે[6] રે, ત્યારે લક્ષ્મીનારાયણ કા'વે રે ॥૧૩૨॥
જ્યારે અર્જુન સહિત રહે શ્યામ રે, ત્યારે નરનારાયણ નામ રે ॥
જ્યારે રહે બળભદ્રાદિ સંગે રે, નામ કે'વાય તે તે પ્રસંગે રે ॥૧૩૩॥
**ક્યારેક રાધા આદિક હરિજન રે, ડાબે પડખે હોય પાવન રે ॥**

**૧.**અગ્નિ સમાન દુઃખરૂપ **૨.**સારી તથા સાચી રીતે **૩.**પોતાને તથા બીજાને જાણનારો **૪.**સર્વનિયંતા પરબ્રહ્મનું **૫.**અતિ માનિતા **૬.**શોભે

**ક્યારેક રાધાદિ શ્રીકૃષ્ણ માંઈ રે, અતિ સ્નેહે રહે છે સમાઈ રે ॥૧૩૪॥**
**ત્યારે કૃષ્ણ કે'વાય છે એક રે, એમ સમજી લેવો વિવેક રે ॥**
**માટે કૃષ્ણના સ્વરૂપ માંય રે, ભેદ સમજવો નહિ સદાય રે ॥૧૩૫॥**
ચાર ભુજ અષ્ટ ભુજ જેહ રે, સહસ્રાદિ ભુજ કા'વે તેહ રે ॥
તે તો દ્વિભુજમૂર્તિ જે શ્રીકૃષ્ણ રે, તેહની ઈચ્છાએ જાણજો જન રે ॥૧૩૬॥
એવા કૃષ્ણદેવ જે મુરારી રે, તેની ભક્તિ સદા સુખકારી રે ॥
પૃથ્વીમાં રહ્યા જે મનુષ્ય રે, તે સર્વેએ કરવી અવશ્ય રે ॥૧૩૭॥
**ભક્તિથી બીજું કલ્યાણકારી રે, નથી સાધન લેવું વિચારી રે ॥**
**વિદ્યાવાન ગુણીજન[1] જેહ રે, તેના ગુણનું શુભ ફળ એહ રે ॥૧૩૮॥**
**કરવી કૃષ્ણની ભક્તિ અભંગ રે, નિત્યે રાખવો સંતનો સંગ રે ॥**
**ન હોય સત્સંગ ન હોય ભક્તિ રે, એવો પંડિત તોય અધોગતિ રે ॥૧૩૯॥**
કૃષ્ણ ને કૃષ્ણઅવતાર રે, અથવા કૃષ્ણપ્રતિમા સાર રે ॥
ધ્યાન કરવા યોગ્ય છે એહ રે, ધરો ધ્યાન કરી તેમાં સ્નેહ રે ॥૧૪૦॥
તે વિના મનુષ્યાદિ દેવતા રે, કૃષ્ણભક્ત હોય બ્રહ્મવેત્તા[2] રે ॥
તોય ન કરવું તેનું ધ્યાન રે, એમ સમજવું બુદ્ધિવાન રે ॥૧૪૧॥
**સ્થૂળ સૂક્ષ્મ કારણ દેહ રે, તેથી પર નિજ આત્મા જેહ રે ॥**
**તેમાં બ્રહ્મભાવ આણી અતિ રે, કરો અહર્નિશ કૃષ્ણ ભક્તિ રે ॥૧૪૨॥**
દશમસ્કંધ ભાગવત માંય રે, તેનું કરો શ્રવણ સદાય રે ॥
કાં તો વર્ષો વર્ષ વાર એક રે, સાંભળો સહુ સહિત વિવેક રે ॥૧૪૩॥
પંડિતે વાંચવો નિત્યે પ્યારે[3] રે, નહિ તો વર્ષમાં એકવારે રે ॥
વાંચો સાંભળો પૂરણ પ્રીતે રે, મારા આશ્રિત આદર સહિતે રે ॥૧૪૪॥
દશમનો પાઠ શુભ સ્થળે રે, કરવો નિજ સામર્થી બળે રે ॥

**૧.**અનેક ગુણ યુક્ત **૨.**બ્રહ્મસ્વરૂપે વર્તનારા **૩.**હેતથી

## શિક્ષાપત્રીભાષા

વિષ્ણુસહસ્રનામ આદિ જપીજે[1] રે, અથવા જપ કરાવી ફળ લીજે રે ॥૧૪૫॥

મનુષ્ય દેવથી આપત્તિ આવે રે, અથવા રોગાદિ પીડા કહાવે રે ॥

તેમાં પર પોતાનું રક્ષણ રે, શક્તિ ભર કરો તતક્ષણ રે ॥૧૪૬॥

એમાં જતન થાય તે કીજે રે, પણ વર્તો નહિ રીત બીજે રે ॥

એક આચાર બીજો વ્યવહાર રે, ત્રીજો પાપ ટાળવા વિચાર[2] રે ॥૧૪૭॥

તે તો દેશ કાળ વય[3] દેખી રે, સામર્થી દ્રવ્ય જાતિને પેખી[4] રે ॥

એટલાને જાણી અનુસરવું રે, જેને જેમ ઘટે તેમ કરવું રે ॥૧૪૮॥

મત અમારો વિશિષ્ટાદ્વૈત રે, ધામ ગોલોક પ્યારું પુનિત રે ॥

કૃષ્ણ સેવો બ્રહ્મરૂપ થઈ રે, મુક્તિ એ જ માની બીજી નઈ રે ॥૧૪૯॥

પ્રથમ ધર્મ કહ્યા અમે જેહ રે, સહુ જનને સાધારણ તેહ રે ॥

મારા આશ્રિત ત્યાગી ને ગૃહસ્થ રે, બાઈ ભાઈ સત્સંગી સમસ્ત રે ॥૧૫૦॥

કહ્યા ધર્મ સહુના સામાન્ય રે, પાળો સરખા થઈ સાવધાન રે ॥

હવે વિશેષધર્મ છે જેહ રે, કહું જુદા જુદા કરી તેહ રે ॥૧૫૧॥

ધર્મવંશી આચાર્ય પુનિતા રે, તેની પત્નીઓ બન્ને પતિવ્રતા રે ॥

તેના ધર્મ કહું છું વિશેષ રે, અથ ઈતિ પર્યંત અશેષ રે ॥૧૫૨॥

મોટા નાના બે ભાઈ અમારા રે, તેના સુત સુંદર બેઉ સારા રે ॥

અવધપ્રસાદ ને રઘુવીર રે, તમે સાંભળો બેઉ સુધીર રે ॥૧૫૩॥

નિજ સંબંધ વિના બાઈયો તેને રે, મંત્ર ઉપદેશ ન દેવો કેને રે ॥

વળી ન અડવું કોઈ દન રે, તેશું બોલવું નહિ વદન રે ॥૧૫૪॥

કોઈ ઉપર ન રહેવું ક્રૂર રે, ન રાખવી થાપણ જરૂર રે ॥

કોઈના વ્યવહારમાં જમાન રે, ન થવું સાંભળો બુદ્ધિવાન રે ॥૧૫૫॥

પડે આપત્કાળ જો તમારે રે, ભિક્ષા માગી ખાવું તે વારે રે ॥

**૧.**જપ કરવો **૨.**પ્રાયશ્ચિતનો નિર્ણય **૩.**ઉંમર **૪.**ધ્યાનમાં રાખી

એમ આપત્કાળ ઊતરવું રે, પણ કોઈનું કરજ ન કરવું રે ॥૧૫૬॥
શિષ્યે આપ્યું ધર્મ અર્થ અન્ન રે, તેને વેચવું નહિ કોઈ દન રે ॥
થાય જીર્ણ તો દેઈ નવું લેવું રે, તે તો અન્ન વેચ્યું નવ કે'વું રે ॥૧૫૭॥
ભાદ્ર સુદિ તિથિ ચતુરથી રે, તે દી ગણપતિ પૂજો પ્રેમથી રે ॥
આસો વદિ ચૌદશ આવે રે, તે દી પૂજો હનુમાન ભાવે રે ॥૧૫૮॥
વળી સત્સંગી મારા આશ્રિત રે, તેના ધર્મ રખાવવા હિત રે ॥
તેના ગુરુપદે સ્થાપ્યા બેહુને રે, આપો કૃષ્ણની દીક્ષા તેહુને રે ॥૧૫૯॥
તે મારા આશ્રિત જે કે'વાય રે, રાખો આપ આપણા ધર્મમાંય રે ॥
માનો સંતને કરી શું ઉલ્લાસ રે, કરો સતશાસ્ત્રનો અભ્યાસ રે ॥૧૬૦॥

**દોહા :**

મોટા મંદિર કરી મેં સ્થાપ્યા, લક્ષ્મીનારાયણ આદિ દેવ ॥
તેહ કૃષ્ણસ્વરૂપની, યથાવિધિયે કરજ્યો સેવ ॥૧૬૧॥
કૃષ્ણમંદિર માંહી આવે, ભૂખ્યો જો કોઈ જન ॥
આપી સનમાન આદરે, દેવું શક્તિ પ્રમાણે અન્ન ॥૧૬૨॥
વિદ્યાર્થી સારુ વિદ્યાશાળા, કરી રાખો પંડિત દ્વિજ સાર ॥
સદ્વિદ્યા ભૂમિપર વિસ્તરે, એ છે પુણ્ય અતિ અપાર ॥૧૬૩॥
અવધપ્રસાદ રઘુવીરની, પત્નીઓ તે ગુણનિધાન ॥
નિજપતિની આજ્ઞા થકી, કહે કૃષ્ણમંત્ર ત્રિય કાન ॥૧૬૪॥

**ચોપાઈ :**

એમ વર્તે એહ અહોનિશ રે, નરને ન કરવો ઉપદેશ રે ॥
સમીપ સંબંધી વિના નર સંગ રે, કે દી ન બોલો ન અડો અંગ રે ॥૧૬૫॥
નહિ દેખાડવું વદન રે, એવી રીતે રહો નિશદન રે ॥
અવધપ્રસાદ ને રઘુવીર રે, તેની પત્નીઓ પરમ સુધીર રે ॥૧૬૬॥

કહ્યા વિશેષ ધર્મ એમ રહેજ્યો રે, મારી આજ્ઞા માની એહ લેજ્યો રે ।।
ગૃહસ્થ નર અમારા આશ્રિત રે, સુણો વિશેષ ધર્મની રીત રે ।।૧૬૭।।
સમીપ સંબંધ વિના જે વિધવા રે, નથી આજ્ઞા તેને અડવા રે ।।
માતા સુતા ભગિની યુવાન રે, તેને સંગે ન રહેવું બુદ્ધિમાન રે ।।૧૬૮।।
આપત્કાળ વિના એકાંત રે, ન રે'વું નરને એ સંઘાત રે ।।
તેમ પોતાની નારીનું દાન રે, ન કરવું કોઈને નિદાન રે ।।૧૬૯।।
વળી જે નારીનો કોઈ રીત રે, હોય નૃપશું વ્યવહાર નિત્ય રે ।।
તે નારીનો પ્રસંગ ન કરિયે રે, સર્વ પ્રકારે મનમાંહી ડરિયે રે ।।૧૭૦।।
આવે અતિથિ કોઈ આંગણે રે, પૂજો અન્નાદિ કે શક્તિ પ્રમાણે રે ।।
દેવકર્મ હોમાદિક જેહ રે, પિતૃકર્મ શ્રાદ્ધાદિક તેહ રે ।।૧૭૧।।
શક્તિ પ્રમાણે વિધિ સહિતે રે, જેમ ઘટે તેમ કરો પ્રીતે રે ।।
વળી માત પિતા ગુરુ હોય રે, અથવા રોગાતુર જન કોય રે ।।૧૭૨।।
તેની સેવા સદાય સુજાણ રે, કરો પોતાની શક્તિ પ્રમાણ રે ।।
નિજ વર્ણાશ્રમ ઘટિત[૧] સોઈ રે, કરો ઉદ્યમ આપશક્તિ જોઈ રે ।।૧૭૩।।
ખેડુ ગાય ધણવાળા હોય રે, રખે બળદ સમારતા[૨] કોય રે ।।
સામર્થીને સમય જોઈ લેવું રે, નર પશુનું[૩] ખર્ચ હોય જેવું રે ।।૧૭૪।।
તે પ્રમાણે અન્ન ધન ચારો રે, મારા જન સંગ્રહ કરો સારો રે ।।
રાખો એટલાં પશુ આંગણે રે, પાળી શકો સુખે જળ તૃણે રે ।।૧૭૫।।
ગાય બળદ ઘોડા આદિ પ્રાણી રે, ઝાઝાં રાખી દુઃખી ન કરો જાણી રે ।।
પુત્ર મિત્રાદિ સાથે વ્યવહાર રે, ધરા ધનનો કરો જે વ્યાપાર રે ।।૧૭૬।।
સાક્ષી સહિત લખાવી તે લીજે રે, એમ સમજીને વ્યવહાર કીજે રે ।।
પોતાના અને પારકા વિવાહના રે, પરઠ્યા[૪] હોય જે દામ દેવાના રે ।।૧૭૭।।

૧.યોગ્ય ૨.વૃષણ ઉચ્છેદન કરતા ૩.ઘરના સભ્યો તથા પશુનું ૪.નક્કી કર્યા

કરો લેખ સાક્ષીએ સહીત રે, કેવળ વાતની[1] નહિ પ્રતીત[2] રે ॥
પોતાની ઉપજ પ્રમાણ રે, કરવું ખરચ સહુએ સુજાણ રે ॥૧૭૮॥

થોડી ઉપજે ખરચ બહુ રે, જે કરે તે દુઃખી થાય સહુ રે ॥
ઉત્પન્ન ને ખરચ થાય જેહ રે, શુદ્ધ અક્ષરે લખવું નિત્ય તેહ રે ॥૧૭૯॥

ધન ધાન્યાદિક જે કમાઈ રે, પોતાની વૃત્તિ[3] ઉદ્યમ માંઈ રે ॥
તેમાંથી દશમો ભાગ કાઢવો રે, તે શ્રીકૃષ્ણને અર્પણ કરવો રે ॥૧૮૦॥

હોય દુર્બળ દાસ જો કોય રે, આપે ભાગ તે વિશમો સોય રે ॥
એકાદશી આદિ વ્રત જેહ રે, જેને શાસ્ત્રપ્રમાણ છે તેહ રે ॥૧૮૧॥

તેને ઊજવવા[4] શક્તિ પ્રમાણે રે, જેમ કહ્યું છે શાસ્ત્ર પુરાણે રે ॥
એને ઊજવ્યાનું ફળ અતિ રે, થાય મનવાંછિત પ્રાપતિ રે ॥૧૮૨॥

શ્રાવણ માસમાં શિવપૂજન રે, બીલીપત્રાદિકે કરો જન રે ॥
કરવું પોતે અતિ ઉલ્લાસે રે, નહિ તો કરાવવું કોઈ પાસે રે ॥૧૮૩॥

આચાર્ય ને શ્રીકૃષ્ણ મંદિરથી રે, ન લેવું કરજ[5] કહ્યું કથી રે ॥
આચાર્ય ને કૃષ્ણભુવન[6] રે, ત્યાંથી વસ્ત્ર ઘરેણાં વાસન[7] રે ॥૧૮૪॥

એ આદિ પોતાના કામ સારુ રે, ન માગવું એ વચન અમારું રે ॥
શ્રીકૃષ્ણ ગુરુ સાધુની પાસ રે, જ્યારે જાઓ દર્શને દાસ રે ॥૧૮૫॥

ત્યારે કોઈનું અન્ન ન ખાવું રે, એહ રીતે દર્શને જાવું રે ॥
હરિ ગુરુ સંતને સદન[8] રે, ત્યાં ન લેવું જે પારકું અન્ન રે ॥૧૮૬॥

હરે પુણ્યને પારકું અન્ન રે, માટે ગાંઠનું[9] ખાવું ત્યાં જન રે ॥
મજૂરની મજૂરી નિદાન રે, દેવા કહ્યું હોય ધન ધાન્ય રે ॥૧૮૭॥

કહ્યા પ્રમાણે આપવું પૂરું રે, આપિયે નહિ કેને અધૂરું રે ॥

**૧.**ફક્ત મોઢાની બોલીની **૨.**વિશ્વાસ **૩.**આજીવિકા **૪.**વ્રત સમાપ્તિની પૂજાવિધિ-ઊજવણું કરવું **૫.**ઋણ; દેવું **૬.**મંદિર **૭.**વાસણ **૮.**આવાસ સ્થાન **૯.**પોતાનું

આપ્યું કરજ ને વંશ આપણો રે, તેમ ત્રીજું કન્યાદાન ગણો રે ॥૧૮૮॥
તેને પંચમાં[1] કરવું પ્રસિદ્ધ રે, છાનું રાખવું નહિ કોઈ વિધ રે ॥
દુષ્ટસંગે વ્યવહાર નવ કીજે રે, મારા દાસ સહુ સુણી લીજે રે ॥૧૮૯॥
હોય પોતાને રહેવાનું સ્થળ રે, ત્યાં આવે કઠણ કોઈ પળ રે ॥
શત્રુ રાજાથી ઉપદ્રવ થાય રે, લાજ ધન કાં તો પ્રાણ જાય રે ॥૧૯૦॥
એવા ગામ ગરાસને ત્યાગી રે, બીજા દેશમાં રહેવું સુભાગી રે ॥
તજી તર્ત જવું બીજે દેશ રે, સુખે હરિ ભજવા હમેશ રે ॥૧૯૧॥
ધનવાન સુણો દઈ ચિત્ત રે, ધર્માર્થ ધન વાવર્યાની રીત રે ॥
હિંસા રહિત વિષ્ણુસંબંધી રે, કરો યજ્ઞ યાગ[2] રૂડી વિધિ રે ॥૧૯૨॥
વળી તીર્થ કે દ્વાદશી આદિ રે, હોય પર્વણી[3] દિન ઈત્યાદિ રે ॥
તેમાં જમાડો બ્રાહ્મણ સંત રે, એમ પુણ્ય કરો બુદ્ધિવંત રે ॥૧૯૩॥
વળી ધનવાન જન સર્વ રે, કરો કૃષ્ણમંદિરે ઉત્સવ રે ॥
કાં તો સુપાત્ર બ્રાહ્મણ જોઈ રે, આપો બહુવિધિ દાન સોઈ રે ॥૧૯૪॥
મારાં આશ્રિત રાજા સુજાણ રે, વર્તો ધર્મશાસ્ત્ર પ્રમાણ રે ॥
નિજપુત્રસમ પ્રજા પાળો રે, સ્થાપો ધર્મ ધરામાં પાપ ટાળો રે ॥૧૯૫॥
વળી રાજા ને અંગ રાજ્યનાં રે, સાત છે સમજવા કાજનાં રે ॥
ચાર ઉપાય છ ગુણ જેહ રે, જાણવા યથાર્થપણે તેહ રે ॥૧૯૬॥
ચાર[4] મૂક્યાનાં જે કોઈ સ્થાન રે, તેને જાણવાં જોઈ નિદાન રે ॥
વળી વ્યવહારના જાણનાર રે, જોઈએ સભાસદ[5] નિરધાર રે ॥૧૯૭॥
જોવું મનુષ્ય દંડવા જેવું રે, જાણો મનુષ્ય ન દંડાય એવું રે ॥
એહ સર્વ લક્ષણે જાણવું રે, યથાર્થપણે પ્રમાણવું[6] રે ॥૧૯૮॥

**૧.**પાંચ સારા માણસોમાં **૨.**હોમ-હવન વગેરે **૩.**પર્વ-તહેવાર **૪.**ગુપ્તચર **૫.**સભાનો સભ્ય; મંત્રી **૬.**નક્કી કરવું

## શિક્ષાપત્રીભાષા

એ છે સર્વ રાજાઓની રીત રે, રાખો રાજા જે મારા આશ્રિત રે ॥
રહો સુવાસિની નારી સૌ પ્રીતે રે, નિજ વિશેષધર્મની રીતે રે ॥૧૯૯॥
જાણી પતિ ઈશ્વર સમાન રે, તેનું કરવું નહિ અપમાન રે ॥
અંધ રોગી દરિદ્ર હોય અતિ રે, હોય નપુંસક નિજપતિ રે ॥૨૦૦॥
તેને ઈશ્વર જાણી સેવવું રે, કે દી કઠણ વચન ન કે'વું રે ॥
બીજો પુરુષ રૂપાળો યુવાન રે, સારા ગુણવાળો ને સુજાણ રે ॥૨૦૧॥
તેનો પ્રસંગ સહજ સ્વભાવે રે, ન કરે પતિવ્રતા જે કા'વે રે ॥
પરપુરુષને ન દેખાડો રે, ઉર નાભિ સાથળ સંતાડો રે ॥૨૦૨॥
ઓઢ્યા વિના ઉઘાડું ન રહેવું રે, ભાંડ ભવાઈ નહિ જોવા જવું રે ॥
નિર્લજ્જ નારીનો સંગ ન કરીએ રે, નીચ નારીના સંગથી ડરીએ રે ॥૨૦૩॥
સ્વૈરિણી કામિની ને પુંશ્ચલી રે, તેનો સંગ ન કરવો વળી રે ॥
નિજપતિ જાય પરદેશ રે, વસ્ત્ર ઘરેણાં ન ધરવો વેશ રે ॥૨૦૪॥
પરઘેર જઈ ન બેસવું રે, વિનોદ વિલાસે[1] ન હસવું રે ॥
સુણો વિશેષધર્મ વિધવા રે, પતિભાવે કૃષ્ણને સેવવા રે ॥૨૦૫॥
પિતા પુત્રાદિ સગાં સુમતિ રે, એની આજ્ઞામાં રહેવું અતિ રે ॥
કે દી ન રહેવું પોતાને વશ્ય[2] રે, એમ વર્તવું અહોનિશ રે ॥૨૦૬॥
વળી સંબંધી વિના જે પુરુષ રે, તેનો ન કરવો કે દી સ્પર્શ રે ॥
હોય પોતે અંગે યુવાવતી[3] રે, વળી યુવાન પુરુષ સંગતી રે ॥૨૦૭॥
અવશ્ય કાર્ય વિના તેહશું રે, ન બોલવું બીજા[4] નર નેહશું રે ॥
ખોળે ધાવતો બાળક નાનો રે, તેને અડ્યાનો દોષ ન માનો રે ॥૨૦૮॥
જેવો પશુનો સ્પર્શ પ્રમાણો રે, તેવો નાના બાળકનો જાણો રે ॥
અવશ્ય કાર્યમાં વૃદ્ધ નર સાથ રે, નથી દોષ બોલ્યે અડે હાથ રે ॥૨૦૯॥

---

**૧.**ઠઠ્ઠા-મશ્કરી કરીને **૨.**સ્વતંત્રપણે **૩.**યુવાન અવસ્થાવાળી **૪.**સમીપ સંબંધ વિનાના

નિકટ[૧] સંબંધી વિના નર પાસ રે, ન કરવો વિદ્યાનો અભ્યાસ રે ॥
વ્રત ઉપવાસ કરી નિજ તન રે, કરવું વારમવાર દમન રે ॥૨૧૦॥

**દોહા :**

ધન જો તનનિર્વાહથી,[૨] હોય અધિક પોતાની પાસ ॥
શક્તિ પ્રમાણે વાવરો, ધર્મમાં કરી ઉલ્લાસ ॥૨૧૧॥

એહ વચન માની વિધવા, વળી આહાર કરવો એકવાર ॥
સદાય સૂવું ભૂમિયે, કરી મનમાંહી વિચાર ॥૨૧૨॥

મૈથુન યુક્ત શશ મૃગાદિ, જોવા નહિ પ્રાણીજન ॥
સંન્યાસિની વૈરાગિની સુવાસિની, તેનો વેષ ન ધરવો તન ॥૨૧૩॥

જેવો ન હોય નિજ કુળમાં, વળી દેશમાં પણ વેશ ॥
તેવો ન ધરવો વેશ વિધવા, માની મારો ઉપદેશ ॥૨૧૪॥

**ચોપાઈ :**

ગર્ભઘાતકી પાતકી[૩] નારી રે, તેનો સ્પર્શ ન કરવો વિચારી રે ॥
નર રસ શૃંગારની વાણી રે, ન કહેવી ન સુણવી સયાણી[૪] રે ॥૨૧૫॥

હોય વિધવા યુવાન તન રે, હોય નર નિજ સંબંધી જોબન[૫] રે ॥
આપત્તિ વિના એકાંત સ્થળ રે, ન રહેવું વિધવાએ કોઈ પળ રે ॥૨૧૬॥

આપત્કાળમાં દોષ ન જાણો રે, એમ વિધવા સહુ પ્રમાણો રે ॥
હોળી ખેલ ખૂબી[૬] નહિ કરો રે, અંગે આભૂષણ નહિ ધરો રે ॥૨૧૭॥

ઝીણાં જરિયાની જે વસન રે, વિધવાએ ન પહેરવાં તન રે ॥
સધવા વિધવા સુણી લેવું રે, વસ્ત્ર પહેર્યા વિના ન ન્હાવું રે ॥૨૧૮॥

ન સંતાડો નિજ રજ[૭] કોઈ રે, ધરે ગર્ભશંકા જન જોઈ રે ॥

---

**૧.**નજીકના **૨.**પોતાના શરીરને ટકાવવા માટેની જરૂરિયાત કરતા **૩.**પાપ કરનારી
**૪.**સમજુ સ્ત્રીએ **૫.**યુવાન **૬.**રંગોત્સવની ક્રીડા-મજા **૭.**ઋતુધર્મ-રજસ્વલાપણું

સધવા વિધવા રજસ્વળા રે, સુણો રીત સર્વે અબળા રે ॥૨૧૯॥
ન કરો મનુષ્ય ને વસ્ત્રનો સ્પર્શ રે, રહો અણઅડે ત્રણ દિવસ રે ॥
ચોથે દિવસ નાહી શુદ્ધ થઈ રે, વર્તો સહુ સહુની રીત માંઈ રે ॥૨૨૦॥
નારી નર આશ્રિત અમારા રે, કહ્યા વિશેષધર્મ તમારા રે ॥
કહું આચાર્ય ને તેની પત્ની રે, એમ જાણજો રીત આપની રે ॥૨૨૧॥
કાં જે ગૃહસ્થ છો માટે તમે રે, રહેજ્યો એમ જેમ કહ્યું અમે રે ॥
હવે મારા આશ્રિત બ્રહ્મચારી રે, ધર્મ વિશેષ રીત તમારી રે ॥૨૨૨॥
તજો નારીને અષ્ટ પ્રકારે રે, ન અડો ન બોલો એશું ક્યારે રે ॥
જાણી નારી ન જોવી ન કળવી[1] રે, એની વાત ન કહેવી સાંભળવી રે ॥૨૨૩॥
જે સ્થળે નારીનો પગફેર રે, વર્ણી ન જાવું ત્યાં કોઈ વેર[2] રે ॥
દેવ પ્રતિમા વિના પૂતળી રે, ચિત્ર કાષ્ઠ પાષાણાદિની વળી રે ॥૨૨૪॥
સ્પર્શ દર્શને તેને પરહરવી રે, નારી પ્રતિમા વર્ણીએ ન કરવી રે ॥
નારી પહેરેલ વસ્ત્ર ન છોવું[3] રે, મૈથુનયુક્ત પ્રાણીને ન જોવું રે ॥૨૨૫॥
નારી વેષધારી નર હોય રે, તેને ન જુવો ન અડો કોય રે ॥
નારીને સંભળાવવા જાણી રે, કથા કીર્તન ન કહેવી વાણી રે ॥૨૨૬॥
થાય બ્રહ્મચર્ય વ્રતનો પાત રે, એવી ગુરુની પણ ન માનો વાત રે ॥
રહેવું વર્ણીએ ધીરજવાન રે, રાખો સંતોષ ને નિરમાન રે ॥૨૨૭॥
નારી આવે સમીપ કોઈ જોર[4] રે, કરી તિરસ્કાર કરવી દૂર રે ॥
કોઈ એવો આપત્કાળ આવે રે, ત્રિયના વા પોતાના પ્રાણ જાવે રે ॥૨૨૮॥
ત્યારે અડે બોલે જો ઊગરો રે, થાય જીવની રક્ષા એમ કરો રે ॥
વળી તેલ મર્દન[5] ન કરવું રે, વર્ણીને આયુધ ન ધરવું રે ॥૨૨૯॥
ન ધરવો ભયંકર વેશ રે, જિહ્વા ઈન્દ્રિય જીતવી હંમેશ રે ॥

**૧.**ઓળખવી **૨.**સમયે **૩.**સ્પર્શવું **૪.**પરાણે **૫.**ચોળવું; માલિશ

## શિક્ષાપત્રીભાષા

જો દ્વિજ ઘરે પીરસે નારી રે, ત્યાં ન જમવું જઈ બ્રહ્મચારી રે ।।૨૩૦।।
જ્યાં પુરુષ હોય પીરસનાર રે, ત્યાં ભિક્ષા લેવી બ્રહ્મચાર રે ।।
વેદ શાસ્ત્ર ભણવાં અભ્યાસે રે, ગુરુસેવા કરવી ઉલ્લાસે રે ।।૨૩૧।।
વળી નારી ને નારીના યાર[1] રે, તેશું રાખવો નહિ વ્યવહાર રે ।।
ચર્મવારિ[2] વિપ્રને ન પીવું રે, લસણ ડુંગળી તે તજી દેવું રે ।।૨૩૨।।
સંધ્યા સ્નાન ગાયત્રી જપિયે રે, પ્રીતિ સહિત વિષ્ણુને પૂજિયે રે ।।
વૈશ્વદેવ[3] કર્યા વિના જન રે, વિપ્ર વર્ણીને ન લેવું અન્ન રે ।।૨૩૩।।
એવી રીતે નૈષ્ઠિક બ્રહ્મચારી રે, રહો વિશેષધર્મને ધારી રે ।।
હવે સાધુના જે વિશેષધર્મ રે, એનો કહી સમજાવું મર્મ રે ।।૨૩૪।।
મારા આશ્રિત સંત સુજાણ રે, રહો નૈષ્ઠિકવર્ણી પ્રમાણ[4] રે ।।
નારી નારીના સંગીને તજી રે, અંતઃશત્રુ જીતો હરિ ભજી રે ।।૨૩૫।।
**સર્વ ઈન્દ્રિયનું કારણ એક રે, જિહ્વા જીતવી કરી વિવેક રે** ।।
**ધન ન રાખો ને ન રખાવો રે, એમ રહો તો અમને ભાવો[5] રે** ।।૨૩૬।।
ન રાખવી કોઈની થાપણ રે, ન મેલવી ધીરજતા પણ રે ।।
જે જગા રહેતા હો તમે જન રે, નારી નાવે ત્યાં કોઈ દન રે ।।૨૩૭।।
સંગ વિના ન ચાલવું રાત રે, આપત્કાળ તણી નહિ વાત રે ।।
એકાએક[6] ન ચાલવું સંત રે, આપત્ પડ્યા વિના બુદ્ધિવંત રે ।।૨૩૮।।
વસ્ત્ર બહુમૂલાં વિચિત્ર ભાત રે, કસુંબી દુશાલ બહુ જાત રે ।।
આવે અણઈચ્છ્યાં તોય ન લેવું રે, લેવું તો તર્ત વિપ્રને દેવું રે ।।૨૩૯।।
ભિક્ષા કે સભા વિના સંત રે, કેને ઘેર ન જવું બુદ્ધિવંત રે ।।
હરિની ભક્તિ નવધા અવલ રે, તે કર્યા વિના ન ખોઈયે પલ રે ।।૨૪૦।।
રાંધેલ અન્ન પીરસે નર રે, નારી માત્ર ન આવે નજર રે ।।

**૧.**સ્ત્રૈણ પુરુષ **૨.**ચામડાના સ્પર્શવાળું પાણી **૩.**જમતાં પહેલા વિશ્વદેવોને નૈવેદ્ય આપવાનો વિધિ **૪.**પ્રમાણે; એની જેમ **૫.**ગમશો **૬.**જોડ વિના

એવું ગૃહસ્થતણું ઘર હોય રે, ત્યાં જવું સંત સહુ કોય રે ॥૨૪૧॥
નહિ તો માગી લેવું કાચું અન્ન રે, કરો પાક હાથે મારા જન રે ॥
કરી હરિને નૈવેદ્ય જમો રે, હરિભક્તિમાં દિન નિગમો રે ॥૨૪૨॥
મોરે ઋષભસુત જે ભરત રે, ભૂમે જડવિપ્ર જે સુવ્રત રે ॥
જેવી રીત્યે એ વરત્યા વળી રે, તેમ વર્તો સંત મારા મળી રે ॥૨૪૩॥
મારા આશ્રિત વર્ણી જે સંત રે, ત્યાગો વ્યસનાદિક અત્યંત રે ॥
ભાંગ્ય તાંબુલ તમાલ જેહ રે, ત્યાગો અફીણ આદિક તેહ રે ॥૨૪૪॥
સુણો બ્રહ્મચારી સંત જન રે, ક્યારે ન ખાવું દૂષિત અન્ન રે ॥
ગર્ભાધાન આદિક સંસ્કાર રે, તેનું અન્ન ન જમો નિર્ધાર રે ॥૨૪૫॥
એકાદશ દ્વાદશનું અન્ન રે, પ્રેતશ્રાદ્ધ કહે સહુ જન રે ॥
તે ન ખાવું વર્ણી સંત કોયે રે, આપત વિના દિવસે ન સૂયે રે ॥૨૪૬॥
ગ્રામ્યવાર્તા કે દી ન કરીએ રે, કોઈ કરે તો કાને ન ધરીએ રે ॥
ત્યાગીએ વણરોગે ન સૂવું માંચે[1] રે, સાધુ આગળ વર્તો મન સાચે રે ॥૨૪૭॥
વળી મારે કોય ગાળ ભાંખે રે, કોય કુમતિ અપવાદ નાંખે રે ॥
તે તો ત્યાગીએ સર્વે સહીજે રે, તેનું સારું થાય તેમ કીજે રે ॥૨૪૮॥
દૂતકર્મ[2] કેનું ન કરિયે રે, હેરુ[3] ચાડીયાપણું પરહરિયે રે ॥
નિજદેહમાં અહંતા ન ધારો રે, કુટુંબ નિમિત્ત મમત વિસારો રે ॥૨૪૯॥
એમ સંક્ષેપે સર્વના ધર્મ રે, કહ્યા ત્યાગી ગૃહસ્થના પર્મ રે ॥
ઈચ્છો ધર્મ સુણવા વિસ્તારે રે, તો છે સંપ્રદાય ગ્રંથે અમારે રે ॥૨૫૦॥
સત્શાસ્ત્ર સહુનું આ છે સાર રે, બુદ્ધિમાંહી મેં કરી વિચાર રે ॥
પછી શિક્ષાપત્રી લખી સારી રે, મનવાંછિત ફળ દેનારી રે ॥૨૫૧॥
રહો એ રીતે સહુ મારા જન રે, મનગમતું ન કરો કોઈ દન રે ॥

**૧.**ખાટલે **૨.**સંદેશો કે ખબર પહોંચાડવાનું કામ **૩.**જાસૂસી કાર્ય; ગુપ્તચરનું કામ

એમ રહો પુરુષ ને વામ રે, પામો ધર્મ અર્થ મોક્ષ કામ રે ॥૨૫૨॥

ચારે પુરુષાર્થની થાય સિદ્ધિ રે, ત્યાગી ગૃહસ્થ રહો એહ વિધિ[1] રે ॥
એમ ન રહે જે નરનાર રે, તે તો અમારા સંપ્રદાય બા'ર[2] રે ॥૨૫૩॥

એમ સમજી મારા આશ્રિત રે, કરો શિક્ષાપત્રી પાઠ નિત્ય રે ॥
ભણ્યા ન હો તો ભાવે સુણજો રે, વાંચનાર ન હોય તો પૂજજો રે ॥૨૫૪॥

મારી વાણી તે મારું સ્વરૂપ રે, માનો આદરે સહુ અનુપ રે ॥
દૈવી સંપત્તિવાળા[3] જે નર રે, તેને દેજો આ પત્રી સુંદર રે ॥૨૫૫॥

આસુરી સંપત્તિવાળા જે જન રે, તેને દેવી નહીં કોઈ દન રે ॥
સંવત અઢાર વર્ષ બ્યાસી રે, મહા સુદિ પંચમી સુખરાશી રે ॥૨૫૬॥

તે દી પત્રી લખી પ્રમાણ રે, જેથી થાય સહુનું કલ્યાણ રે ॥
આશ્રિતની પીડા ટાળનાર રે, ધર્મ સહિત ભક્તિ પાળનાર રે ॥૨૫૭॥

નિજભક્તવાંછિત સુખદેણ રે, એવા શ્રીકૃષ્ણ કમળનેણ રે ॥
કરો સર્વે અમારાં તે કાજ રે, મંગળમૂરતિ શ્રીમહારાજ રે ॥૨૫૮॥

સહજાનંદ ગુરુએ એ વિધિ રે, શિક્ષાપત્રી અનુપમ કીધી રે ॥
પત્રી ગીર્વાણ એ કહેવાતી રે, તે પર ભાષા કરી ગુજરાતી રે ॥૨૫૯॥

પત્રી ચોપાઈ બસેં ને સાઠ રે, કહે રહે સુણે કરે પાઠ રે ॥
તેહ પામે અખંડ આનંદ રે, ઘણું શું કહે નિષ્કુળાનંદ રે ॥૨૬૦॥

***ઈતિ શ્રીનિષ્કુળાનંદમુનિ વિરચિતા શિક્ષાપત્રીભાષા સંપૂર્ણા ।***

# શિક્ષાપત્રીભાષા સમાપ્તા

૧.એ પ્રમાણે ૨.વિમુખ ૩.સદ્‌ગુણોવાળા

*શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા*

# સત્સંગ સાહિત્ય તથા કેસેટ પ્રકાશન

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયમાં ગૌરવસમા અને સંતના સર્વે ગુણ સંપન્ન એવા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી અ.મુક્તરાજ શ્રીગોપાળાનંદ સ્વામીની સંતપરંપરાના એક વિરલ સંત છે. ભગવાન ભજવા અને ભજાવવા એ જ તેમની મુખ્ય પ્રવૃત્તિ છે. પૂ.સ્વામીશ્રી એક સુપ્રસિદ્ધ કથાકાર, મધુર ગાયક અને કવિ છે. તેમણે આજ સુધીમાં લાખો જીવોને ભગવત્સન્મુખ કર્યા છે.

સંપ્રદાયના મોટા ભાગના ગ્રંથો ઉપર તેમણે સિદ્ધાંતલક્ષી કથાઓ કરી છે. તેમની આ વર્તનસભર વાણીથી આજ સુધીમાં સેંકડો સંતો બન્યા છે. અનેક એકાંતિક ભક્તો તૈયાર થયા છે. અને દેશ-વિદેશમાં વસતા લાખો લોકોને સત્સંગનું પોષણ મળ્યું છે. એટલું જ નહિ, પરંતુ તે કથાઓની Audio-Vedio CD, MP3 અને DVD દ્વારા દેશ-વિદેશમાં લાખો લોકો ઘરે બેઠા મોક્ષમાર્ગનું બળ મેળવી રહ્યાં છે.

આ ઉપરાંત સંપ્રદાયના અનેક મોક્ષોપયોગી સદ્ગ્રંથોનું પણ પ્રકાશન કરવામાં આવ્યું છે. જે હરિભક્તોના લાભાર્થે અત્યંત સસ્તા દરે આપવામાં આવે છે. આ કેસેટો અને પુસ્તકો આપણા જીવનમાં મોક્ષમાર્ગના ભોમિયા અને રક્ષણહારનું અચૂક કાર્ય કરે છે. કુટુંબમાં સંપ, સંસ્કાર અને સુખનું પ્રદાન કરે છે. માટે તેને અવશ્ય વસાવવા અને ઉપયોગમાં લેવા જોઈએ.

દર માસની પાંચમી તારીખે ‘સત્સંગ સેવક’ મેગેઝીન અને ૨૦ મી તારીખે ‘સહજાનંદ પ્રદીપ’ નામના પત્ર દ્વારા હજારો ભક્તજનોને ઘેર બેઠા ખૂબ સુંદર વાંચન સાહિત્ય વડે આધ્યાત્મિકમાર્ગનું પોષણ આપવામાં આવી રહ્યું છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ દ્વારા પૂજાપેટી અત્યંત સસ્તા દરે આપવામાં આવી રહી છે.

ભક્તોજનોને સરળતાથી કેસેટ સાંભળી શકાય તે માટે જુદા-જુદા શહેરમાં કેસેટ લાઈબ્રેરી પણ ખોલવામાં આવેલ છે.

# પ.પૂ. સદ્. શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ) દ્વારા થયેલ કથા-વાર્તાની વિગત તથા પુસ્તક પ્રકાશન

## કેસેટમાં ઉપલબ્ધ સાંપ્રદાયિક ગ્રંથોની કથાઓ

૧. શ્રીમત્ સત્સંગિજીવન
૨. હરિલીલામૃત (સંપૂર્ણ)
૩. ભક્તચિંતામણિ (સંપૂર્ણ)
૪. શ્રીમદ્ ભાગવત (દશમ સ્કંધ)
૫. ઘનશ્યામલીલામૃત
૬. શિક્ષાપત્રી ભાષ્ય
૭. નિષ્કુળાનંદ કાવ્ય (નિષ્કુળાનંદસ્વામી રચિત તમામ ગ્રંથો સંપૂર્ણ)

## શિબિરના પ્રસંગે થયેલ કથાઓ

૧. સવારની સભા
૨. ભ.ચિં.મધ્યમ મંગલાચરણ
૩. સવારનું ચિંતન
૪. બદ્ધથી મુક્ત
૫. શોભા શી કહું રે રૂડી
૬. ભગવદ્ગુણો

## પુસ્તક પ્રકાશન

૧. વચનામૃત
૨. શ્રીહરિલીલામૃત
૩. ભક્તચિંતામણિ
૪. નિષ્કુળાનંદ કાવ્ય
૫. ગોપાળાનંદસ્વામીની વાતો
૬. ગુણાતીતાનંદસ્વામીની વાતો
૭. પુરુષોત્તમપ્રકાશ વિવેચન
૮. જ્ઞાનદીપ ભાગ : ૧,૨,૩,૪
૯. શિક્ષાપત્રી
૧૦. કીર્તનમાળા
૧૧. હરિસ્મૃતિ
૧૨. અખંડવૃત્તિ
૧૩. હરિરસામૃત
૧૪. મનગંજન
૧૫. નિત્યનિયમ
૧૬. કીર્તનસાર

## અન્ય પ્રસંગોની કથાઓ

- ભાલદેશની લીલા
- મોક્ષના સાધનો
- પંચરત્ન
- ભક્તાખ્યાન
- અનેક કીર્તનો ઉપર વિવેચનોની કથા
- અનેક કીર્તનોની CD, MP3
- અનેક પ્રસંગોની CD, VCD, MP3, DVD

શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા ચાલતી

# વિવિધ કલ્યાણકારી સેવા-પ્રવૃત્તિ

જેમણે સ્વામિનારાયણ સંપ્રદાયની કથા-વાર્તા દ્વારા પુષ્ટિ કરી છે એવા પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની પુનિત પ્રેરણાથી આ બંને મંદિરો દ્વારા અનેક જીવોના ભલા માટે વિવિધ સેવા-પ્રવૃત્તિ ચાલી રહી છે. ભક્તજનો તેનાથી લાભાન્વિત થઈ શકે તેવા શુભ આશયથી તેનો આંશિક પરિચય અહીં પ્રસ્તુત કરેલ છે.

■ **બાલ-યુવા સંસ્કાર પ્રવૃત્તિ...**

આજના ફેશન-વ્યસનના વિષમ વાતાવરણમાં બાળકો તથા યુવકો ધર્મમય અને સંસ્કારમય રહે તેની તાતી જરૂર છે. તે માટે પૂ.સ્વામીની પ્રેરણાથી દેશભરમાં ૫૦૦ ઉપરાંત બાળ-યુવા મંડળો ચાલી રહ્યાં છે. જેમાં બાળ-યુવા પેઢીને વિકૃતિથી બચવા અને સંસ્કૃતિને વળગી રહેવા માટેની કેળવણી અપાય રહી છે. વળી, દર વર્ષે બે વખત બાળ-યુવા શિબિરો પણ ગોઠવવામાં આવે છે.

■ **આધ્યાત્મિક આયોજનો...**

સર્વોપરી શ્રીહરિ મુમુક્ષુઓને મુક્ત બનાવી અક્ષરધામમાં લઈ જવા માટે જ આ પૃથ્વી ઉપર પધાર્યા હતા. એ જ હેતુને ધ્યાનમાં રાખી પૂ.સ્વામી અનેકવિધ આધ્યાત્મિક આયોજનો કરે છે. જેનો લાભ લઈ આજ સુધીમાં લાખો લોકો સત્સંગનું મહાસુખ માણતા થયા છે. અને માયાના દુ:ખરૂપી દાવાનળથી બચી શક્યા છે.

- **સત્સંગ શિબિર :** છેલ્લા સોળ વર્ષથી દિવાળીની રજામાં અનેક ભક્તોને આ શિબિરના માધ્યમે સામાન્ય નિયમ-ધર્મથી લઈ અનાદિમુક્ત બનવા સુધીના પ્રેક્ટિકલ અનુભવ મળી રહ્યા છે. એટલે આ શિબિર મુમુક્ષુઓને માટે એક અનુપમ અવસર છે.

- **કથા-પારાયણો તથા ઉત્સવ-સમૈયા :** સ્થાનિક મંદિરોમાં તથા અન્યત્ર અવાર-નવાર કથા પારાયણોનાં આયોજનો કરવામાં આવે છે. તથા નાના મોટા ઉત્સવો દ્વારા અનેક જીવોને સત્સંગનું પોષણ આપવામાં આવે છે.

- **સત્સંગ વિચરણ :** સ.ગુ.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામીની સાધુતા તથા સારધાર ઉપદેશવાણી દ્વારા તેમના મંડળમાં ૮૦ ઉપરાંત ત્યાગીઓ સંપ્રદાયની સેવામાં શ્રીહરિના ચરણે સમર્પિત થયા છે. પૂ.સ્વામીની પ્રેરણાથી આ સંતો-પાર્ષદો ગામડે-ગામડે જઈ હજારો હરિભક્તોને ઘેર બેઠા સત્સંગનું પોષણ આપે છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞાને દઢ કરાવે છે. સત્સંગ પિપાસુ ભક્તજનો સ્ત્રી-ધનના ત્યાગી સંતોના શ્રીમુખથી કથા-કીર્તન સાંભળી પુરુષોત્તમને પામવાનું બળ મેળવી ધન્ય બને છે.

- **સાંપ્રદાયિક તથા સામાજિક સેવા...**

પૂ.સ્વામીની પ્રેરણાથી આજ સુધીમાં દસ જેટલા નૂતન મંદિરોનું નિર્માણ થયું છે તથા અનેક જગ્યાએ મૂર્તિ, સિંહાસન કે આર્થિક યોગદાન ઉપરોક્ત બંને મંદિરો કે હરિભક્તો દ્વારા આપવામાં આવે છે. તદુપરાંત મફત મેડિકલ કેમ્પ, ગરીબોને અન્ન-વસ્ત્ર સહાય, દુષ્કાળ તથા ભૂકંપ જેવી આપત્તિમાં કેટલકેમ્પ, ફૂડ પેકેટ અને પુનર્વસન જેવી વિવિધ સેવાઓ કરવામાં આવે છે.



સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની સાથે
જેઓ ત્રીસ વર્ષ જેટલો લાંબો કાળ રહ્યા છે.
તથા જેમણે જેવા છે તેવા શ્રીહરિજીને જાણી-માણી લીધા છે.
અને
પોતે અનુભવેલા સર્વોપરી શ્રીહરિની સર્વને
ઓળખાણ કરાવવા, શ્રીજીની જ આજ્ઞાથી સંપ્રદાયમાં
સાહિત્ય સર્જનના શ્રીગણેશ કરનાર
એટલે
૫૦૦ પરમહંસો પૈકી વૈરાગ્યમૂર્તિ
**સ.ગુ.શ્રીનિષ્કુળાનંદસ્વામી.**
તેઓએ લખેલા બાવીશ ગ્રંથોનો રસથાળ એટલે
**“શ્રીનિષ્કુળાનંદકાવ્ય”.**
નાનાથી માંડીને મોટા વિદ્વાન કે મુક્તપુરુષો સુધી
સર્વનું પોષણ કરનાર, આ અલૌકિક સાહિત્ય છે.
આનું સેવન કરનાર અવશ્ય અલૌકિક બને છે, બને છે અને
બને જ છે.

**- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ)**